



स्वामी
विवेकानंद
ग्रंथ बीजो
भाग ५,६








सस्तुं साहित्य
वर्धक कार्यालय

स्वामी विवेकानंद

[illegible]



सस्तुं साहित्य वर्धक कार्यालय

अमदावाद अने मुंबई





स्वामी विवेकानंद

एमना सदुपदेश--ग्रंथ २ जो

(भाग ४-५)

અનુવાદકો:-શ્રીયુત નર્મદાશંકર બાલાશંકર પંડ્યા-સુરત.
તથા શ્રીયુત નટવરલાલ ગીરધરલાલ શાહ-સીનાર.

सस्तुं साहित्य वर्धक कार्यालय तरफथी
સંપાદક અને પ્રકાશક: ભિક્ષુ-અખંડાનંદ
સ્થળ: અમદાવાદ અને મુંબઇ

આવૃત્તિ બીજી, પ્રત ૪૩૦૦, વિ. સં. ૧૯૮૦, કુલ પ્રત-૮૮૦૦
મૂલ્ય-મુંબઇ તથા અમદાવાદમાં રૂ. સવાબે
અન્યત્ર રૂ. અઢી. માર્ગવ્યય જૂદું.

અમદાવાદ—" સસ્તું સાહિત્ય મુદ્રણાલય " માં
ભિક્ષુ: અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત

સ્વામી વિવેકાનંદના સર્વ ભાગ

સ્વામી વિવેકાનંદજીના સદુપદેશોને લગતા શરૂના પાંચ ભાગની બીજી આવૃત્તિ આ બંને ગ્રંથોરૂપે પ્રસિદ્ધ થવા ઉપરાંત બાકીના છઠ્ઠાથી દશમા સુધીના ભાગો પણ આ સંસ્થામાંથી તૈયાર મળી શકે છે. તેની વિગત નીચે પ્રમાણેઃ-

સ્વામી વિવેકાનંદના સદુપદેશ-ભાગ ૬ ઠ્ઠો તથા ૭ મો. રૉયલ ૧૬ પેજી પૃષ્ઠ ૪૨૦, મૂલ્ય રૂ. ૧) આમાં સ્વામીજીના અનેક ઓજસ્વી પત્રો ઉપરાંત તેઓનાં અનેક મનુષ્યો સાથેનાં સંભાષણો, મુલાકાતો તથા સંવાદોના રૂપમાં અનેક બોધપ્રદ વિષયો સમાયલા છે. જેમકેઃ-બાળકમાં જન્મથી ખોડ કોના પાપથી આવે છે ? મૃત્યુ પછીની દશા. બાળલગ્ન નિષેધ. દુષ્કાળોનો ગહન સવાલ. સ્વાત્માર્પણ કરનારા કાર્યકર્તાઓ. દરેક જણ વિવેકાનંદ થઈ શકે. અખંડ બ્રહ્મચર્ય એજ બળની ચાવી. પૂર્વ જન્મોનું જ્ઞાન. ગુરૂકુલની પ્રાચીન પ્રથા. રાષ્ટ્રીય શિક્ષણની અગત્ય. સત્યકામની વાર્તા. ત્યાગીઓના હાથ તળેનું શિક્ષણ. પાઠ્ય પુસ્તકો કેવી રીતે તૈયાર કરવાં ? જાપાનની મહત્તાનું રહસ્ય. અધિકારીવાદના અનર્થો. વગેરે વગેરે.

સ્વામી વિવેકાનંદના સદુપદેશ-ભાગ ૮ મો. રૉયલ ૧૬ પેજી પૃષ્ઠ ૫૮૦ મૂલ્ય ૨) કેટલાક વિષયોઃ-પૂર્વ અને પશ્ચિમ. ભક્તિયોગ. ભક્તિ અને મૂર્તિપૂજા. વૈદિક ધર્મના આદર્શો. થિયોસોફી વિષે વિચારો. જડભરતની વાર્તા જગતના મહાન્ આચાર્યો.

ભાગ ૯-મો-સ્વામીશ્રી વિવેકાનંદજીનું સંપૂર્ણ જીવનચરિત્ર-રૉયલ ૧૬ પેજી પૃષ્ઠ ૭૪૦, મૂલ્ય ૨, પાકું પૂંઠું રૂ. ૨ા. અનેક ગ્રંથોને આધારે લખાયલા આ ચરિત્રમાં સ્વામીજીના જીવનની તમામ જાણવા જેવી બાબતો સમાઇ જાય છે. કેટલીક બાબતોનાં નામઃ-કુલવૃત્તાન્ત. બાલ્યાવસ્થા અને વિદ્યાર્થી અવસ્થા. આવી પડેલી વિપત્તિઓ. જાગૃત થયેલી સત્યની જીજ્ઞાસા. શ્રીરામકૃષ્ણ પરમહંસ સાથે સમાગમ. સાધક દશા. નિર્વિકલ્પ સમાધિ. હિમાલયમાં અને દેશના જુદા જુદા ભાગોમાં પ્રવાસી સાધુ તરીકેનું જીવન. અમેરિકાનો પ્રવાસ અને મુશ્કેલીઓ. સર્વ ધર્મપરિષદ્‌ના સર્વોપરિ ધર્મવક્તા અને વેદાન્તના અદ્‌ભુત ઉપદેશક. બેલૂર મઠ અને રામકૃષ્ણ મિશનની સ્થાપના. ભગિની નિવેદિતા વગેરે સાથેની ચર્ચાઓ. મરકી, દુષ્કાળ વગેરે પ્રસંગોમાં તેમની સેવાઓ. અનાથાશ્રમો, સેવાશ્રમો વગેરેની સ્થાપના. ફરીથી અમેરિકા જવું. બેલૂર મઠમાં જીવન. મહાસમાધિ. ઉપસંહાર.

સ્વામી વિવેકાનંદ ભાગ ૧૦ મો-રાજયોગ-રૉયલ ૧૬પેજી પૃષ્ઠ ૩૦૦ મૂલ્ય ૧, પાકુ પૂંઠું ૧ા. આમાં સ્વામીજીનાં રાજયોગ ઉપરનાં આઠ મહત્ત્વપૂર્ણ ભાષણો ઉપરાંત રાજયોગનાં તમામ મૂળ સૂત્ર તેના અર્થ તેમજ વિવેચન સાથે આપેલાં છે. યોગશાસ્ત્રને લગતાં અનેક રહસ્ય તથા ખુલાસાઓ આમાં આવી જાય છે.

ભાગ ૧૧-૧૨-૧૩-આ ભાગો વિ૦ માળાદ્વારા નીકળશે તેમ તેમ ખબર અપાશે.

નવી આવૃત્તિ ચાલુ ૧૯૮૦ માંજ બહાર પડશે.

શ્રીરામકૃષ્ણ કથામૃત-બંને ભાગ

બંને ભાગ. ભેગા કદ ૫।।×૮, પૃષ્ઠ શુમારે ૯૦૦. મૂલ્ય રૂ ૨।।.

સ્વામીશ્રી વિવેકાનંદજીના જગપ્રસિદ્ધ ગુરૂદેવ શ્રીરામકૃષ્ણ પરમહંસ જેવા અદ્‌ભુત પુરુષની જુદા જુદા જીજ્ઞાસુઓ તથા વિદ્વાનો સાથેની અતિસરળ અને બોધપ્રદ વાતચીતો, તે દરમીયાન અપાયલાં સચોટ દ્રષ્ટાંતો, તથા વખતોવખત તેમને થઇ આવેલી ભાવ-સમાધિઓનું આબેહુબ વર્ણન આ ગ્રંથમાં છે. પોતાની સહી પણ ન કરી જાણવા છતાં જીવનમુક્ત દશાને પ્રાપ્ત થએલા અદ્‌ભુત મહાત્માની વાતચીતોમાં જે અમૃત અને અસર રહેલાં છે, તે વાંચવાથીજ સમજાય તેમ છે. આમાંના થોડાક વિષયોનાં નામઃ–પુસ્તકો વિના પણ જ્ઞાન થઇ શકે ? જ્ઞાની કોણ ને અજ્ઞાની કોણ ? પ્રતિમા-પૂજન કેવી ભાવનાથી કરવું જોઇયે ? શું કરીએ તો ઇશ્વરમાં ચિત્ત પરોવાય ? વિષયી લોકો નિંદા મશ્કરી કરે ત્યારે શું કરવું ? દુષ્ટ લોક ઇજા કરવા આવે તો શું કરવું ? ચાર પ્રકારના જીવ. સંસારીમાટે મુક્તિનો ઉપાય. શ્રદ્ધાનું માહાત્મ્ય. સત્સંગનું વ્યસન. ત્રિગુણાત્મક પ્રકૃતિ પ્રમાણે ત્રિગુણાત્મક ભક્તિ. શરીરત્યાગ કે આત્મહત્યા ? ગુરુ કોણ ? સવિકલ્પ અને નિર્વિકલ્પ સમાધિ. નિષ્કામ કર્મ અને કર્મત્યાગ. ભગવદ્ સેવા અને કુટુંબસેવા. ત્રણ જાતના આચાર્ય. પાત્રાપાત્રનો વિચાર. ખ્રિસ્તીધર્મ અને પાપનો સિદ્ધાંત. જ્ઞાનોન્માદ અને જીવનમુક્તિ. અમલદારી અને અહંકાર. યોગ અને ભોગ. ત્યાગની પરાકાષ્ટા અને સાચો સંન્યાસ. અનંતનું દર્શન. રામાનુજ અને વિશિષ્ટાદ્વૈત. ઇશ્વરપ્રાપ્તિ અને દુનિયાદારી. કાચો અહંકાર અને પાકો અહંકાર. સાચી ભક્તિ અને દેખાડવાની ભક્તિ. ખરો દરિદ્રી કોણ. હરિશ્ચંદ્રની કથા અને ભાવસમાધિ. ગુરુકૃપા અને અભયદાન. સંસારનું રામબાણ ઔષધ. ગુરુપણું અને નીચતા. ગૌરાંગનું દર્શન. જયમલનું ચરિત્ર. જનક ને શુકદેવ. પ્રારબ્ધ અને વામાચાર. જટિલ છોકરાની વાત. અનાહત શબ્દ. સિદ્ધિ અને અહંકાર. નાટકશાળામાં સમાધિ. શ્રીગૌરાંગનો પ્રેમોન્માદ. સર્વપર પ્રેમ શી રીતે રાખવો ? માતાના પ્રેમની વાતો. સાધકે સ્ત્રી પ્રતિ કેમ વર્તવું ? દેવી ચૌધુરાણીની વાત. ઇશ્વરપ્રાપ્તિ એજ ચાતુરી. પૈસાનો, ઐશ્વર્યનો અને સિદ્ધિનો ઉપયોગ. કર્મબંધનનું અમોઘ ઔષધ. ખરો વૈષ્ણવ કોણ ? પ્રભુને જાણો એટલે બધું જણાઇ રહેશે. જુવાનીમાંજ ત્યાગવૈરાગ્યની જરૂર. સંસારી અને પ્રભુપ્રેમી વચ્ચેનો ભેદ. ઠાકોરસેવામાં પણ કુથલી ? સાધના અને સાક્ષાત્કાર વિષે અતિ ગુહ્ય વાતચીત. ઇશ્વરને ઓળખ્યા પછીજ સંસારમાં પ્રવેશ કરો. ઇશ્વરી આનંદ અને સંસારસુખ વચ્ચેનો તફાવત.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય–અમદાવાદ અને મુંબઇ.

પ્રકાશકના બે બોલ

" વિવિધ ગ્રંથમાળા " દ્વારા અગાઉ જુદા જુદા પ્રસિદ્ધ થયેલા સ્વામી વિવેકાનંદના સદુપદેશોના ૧ થી ૫ સુધીના ભાગોની બીજી આવૃત્તિ બે મોટા ગ્રંથોના આકારમાં આજે એક સાથે પ્રસિદ્ધ થાય છે. આ તે પૈકીનો બીજો ગ્રંથ છે. એ પછીના છઠ્ઠાથી દશમા સુધીના ભાગો પણ તૈયાર હોઇને તેની વિગત આગલા પૃષ્ઠ પર અપાઇ છે. આ ઉપરાંત જે થોડાક ભાગો પ્રસિદ્ધ થવા બાકી છે, તે પણ યથાસંયોગ વિ૦ માળાદ્વારા નીકળશેજ.

આ ગ્રંથમાં પોણા ભાગનો અનુવાદ શ્રીયુત નર્મદાશંકર પંડયાના હાથનો હોઇને માત્ર છેવટના ચોથા ભાગનોજ અનુવાદ શ્રીયુત નટવરલાલ ગીરધરલાલ શાહના હાથનોછે.

આ બીજા ગ્રંથનું કદ, મૂલ્ય વગેરે સર્વ પહેલા ગ્રંથપ્રમાણેજ હોવાથી મૂલ્યાદિની ગણના આ ગ્રંથમાં અપાઇ નથી.

સં. ૧૯૮૦. પોષમાસ.

અનુક્રમણિકા


વિષય	પૃષ્ઠ

શુદ્ધિપત્ર

છાપતાં કાનોમાત્રાની વધઘટ થવાથી આવેલી ભૂલો વાંચનાર પોતે પણ સુધારી લે તેમ હોવાથી તેવી ભૂલો આમાં અપાઇ નથી. જેમકે કર્મનું કમ, બૌદ્ધનું બાદ્ધ વગેરે વગેરે

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૦	૩	ધામિક	ધાર્મિક
૫૩	૧૮	આચારવિ–ચારનો	આચાર–વિચારનો
૬૩	૨૫	અજાણ્યા	અજાણ્યો
૭૫	છેલ્લી	ધર્મશા–	ધર્મશાસ્ત્ર
૭૮	૧૦	પારેખવાના	પારેવાના
૧૨૬	૭	અથવાહ જારો	અથવા હજારો
૧૪૫	૨૫	ભામિક	ભૌમિક
૧૮૧	૨૬	અશિષ્ટ	આશિષ્ટ
"	"	યુવાન	ઉત્સાહી
૧૯૦	૪	માર	મારા
૨૪૭	૧૨	તો પણ	તે પણ
૨૭૦	૨૨	પ્રાયસ	પ્રયાસ
૨૭૨	૧૭	પ્તિય	પ્રિય
૨૮૨	૮	બતાવાં	બતાવતાં
૩૦૮	૩૩	ર્યાદિત	મર્યાદિત
૩૧૦	૧૩	જાનેક	અનેક
૩૨૬	૧૩	પણું	પણું
૩૨૮	૧૨	અટલે	એટલે
૩૩૧	૫	જોઇઓ	જોઇએ
૩૪૮	૨૫	કર્યો	કર્યાં
૩૫૨	૧૭	ઉપપર	ઉપર
૩૫૩	૬	હોવાને	હોવાને લીધે
૩૫૫	૮	મતંમતરો	મતમતાંતરો
૩૫૬	૩	કૂતથા તરાના	તથા કૂતરાના
૩૫૬	૧૦	આપીને આ ગ્રંથસમાપ્ત કરવામાં આવે છે	આપ્યો છે.
૩૫૬	૨૯	બ્રહ્મા	બ્રહ્મ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૬૮	૨૬	પક્ષે આ	પક્ષે
૩૭૩	૩૧	વિષયય પરની	વિષય પરની
૩૭૬	૧૦	પડય	પડયા
૩૮૪	૨૯	દાળાવળ	દાવાનળ
૩૮૫	છેલ્લી	જન્માં	જન્મમાં
૩૯૦	૧૯	અવાજ	અવાજે
૩૯૨	૭	દાખલ દેશમાં	દેશમાં દાખલ
૩૯૬	૬	મમય	સમય
૩૯૯	૨૯	અતૃસ્ય	અદૃસ્ય
૪૦૧	૨૫	વીટાતો	વીટતો
૪૦૨	૩૦	વસ્ય	વૈશ્ય
૪૧૧	૫	દરેક	દરેકે
૪૧૮	૧૫	મહારાટ્ર	મહારાષ્ટ્ર
૪૨૩	૧૨	વીરપુ	વીરપુત્ર
૪૨૩	૧૭	જીવન જ	જીવન એજ
૪૨૩	૨૧	ગારીપતિ	ગૌરીપતિ
૪૪૨	૩	ભાવનઓજ	ભાવનાઓજ
૪૪૨	૧૫	નિવૃત્તિમ	નિવૃત્તિમાં
૪૫૪	૨	સાથી	સૌથી
૪૯૬	૬	જેશી	જેવી
૪૯૬	૧૧	મરાવર	મારામનપર
૫૧૮	૨૩	વિચારાજ	વિચારોજ
૫૨૫	૨૨	કહેલું	કહેવું
૫૨૬	૨૨	આમત્શુદ્ધિ	આત્મશુદ્ધિ
૫૪૭	૭	દાસીનતા	ઉદાસીનતા
૫૬૩	૪	પણ પોત	પણ
૫૬૮	૨	વચન વચન	વચન
૫૭૬	૬	શારીક	શારીરિક
૫૭૬	૭	સૂક્ષમ	સૂક્ષ્મ
૫૮૬	૧૭	એને	અને
૫૮૯	૩૦	તેજ	તેજ ક્ષણે
૫૯૧	૨૪	ખાત્તમાટે	ખત્તામાટે



स्वामी विवेकानंद

एमना सदुपदेश

ग्रंथ २ जो

वेदान्तनुं महान कार्य

પ્રિય આત્મબંધુઓ !

ભગવાન ગીતાકાર કહે છે કે, "માત્ર એક અલ્પ ધર્મ–કર્મનું પાલન કરવામાં આવે, તોપણ તેનું મહાન ફળ પ્રાપ્ત થાય છે.*" એ વાક્યમાં પ્રત્યક્ષ પ્રમાણની કંઇ પણ આવશ્યકતા હોય તો, હું સ્પષ્ટ કહું છું કે, મારા સ્વલ્પ જીવનમાં પદે પદે હું એ મહાન વાક્યની સત્યતાનો જાતિ–અનુભવ કરતો આવ્યો છું. સજ્જનો ! ધર્મસેવાનું મેં જે કંઇ કાર્ય કર્યું છે તે અત્યંત સાધારણ છે; પરંતુ એટલા થોડા ઘણા કાર્યમાટે પણ હું કોલંબોના કિનારાપર ઉતર્યો ત્યારથી આજે અહીં સુધીના મારા પ્રવાસમાં હું જે જે સ્થાને ગયો છું, ત્યાં સર્વત્ર મને જે પ્રેમ, દયાભાવ અને ઉત્સાહપૂર્વક માન આપવામાં આવે છે તેની ધારણા અથવા કલ્પના સ્વપ્નમાં પણ નહોતી; છતાં મારે એમ પણ કહેવું જોઇએ કે તમારૂં સર્વ ધર્મપ્રાણ સજ્જનોનું એ ઉદાર વર્તન, આપણા પરાપૂર્વના અતિથિધર્મને, આપણી જાતિના ધર્મભાવને અને આપણી જાતિગત ઉદાર હૃદયવૃત્તિને સંપૂર્ણ રીતે ઉપયુક્તજ છે; કારણકે આપણી હિંદુ જાતિની જીવનશક્તિ, આપણા જીવનનો મુખ્ય

* "स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्" શ્રીમદ્ ભગવદ્ગીતા.

સિદ્ધાંત, આપણી પ્રજાનો સ્વયં આત્મા અને તેનો મૂલ મંત્ર એ એક 'ધર્મ'જ છે; માટે ધર્મસેવાનો ભારતમાં આટલો સત્કાર થાય તે સ્વાભાવિકજ છે.

* * * * * *

ધાર્મિક આદર્શમાંજ પ્રજાની જીવનશક્તિ રહેલી છે કે રાજનૈતિક આદર્શોમાં, એ વિષયને ચર્ચવાનો અત્ર અવકાશ નથી; પણ આપણે એટલું તો સ્પષ્ટ સમજી શકીએ છીએ કે ભલામાટે કે બૂરામાટે, પણ આપણી જીવનશક્તિનું કેન્દ્ર તો એક માત્ર આપણો 'ધર્મ'જ છે. એ કેન્દ્ર સ્વાભાવિક અને પ્રકૃતિસિદ્ધ છે. તેને તમે ફેરવી શકો તેમ નથી અથવા તેને વિલુપ્ત કરી તેનું સ્થાન બીજી કોઇ વસ્તુને આપી શકો તેમ નથી. વિશાળ વિકાસ પામેલા એક મોટા વૃક્ષને એક સ્થાનેથી ઉખેડી-ખસેડી તરતજ બીજે સ્થાને તમે વાવી શકો તેમ નથી. વાવવાનો યત્ન કરશો તોપણ તેને મૂળિયાં બાઝી શકશે નહિ. ભારતના વાતાવરણમાં આજે હજારો વર્ષ થયાં ધાર્મિક આદર્શોની તેજસ્વી ધ્વજાઓ ફરકયા કરે છે. અગણિત શતાબ્દી-પર્યંત સતેજભાવે ધર્મના દિવ્ય આદર્શોથી ભારતનું આકાશ છવાઇ રહ્યું છે, આપણે બધા ભારતવાસી જનોએ એ બધા ધાર્મિક આદર્શો વચ્ચેજ જન્મ ગ્રહણ કર્યો છે, અને તેમાંજ વિકાસ પામી પોષણ મેળવીને આપણા જીવનમાં આગળ વધીએ છીએ; અને તે એટલે સુધી કે આપણી આસપાસના એ બધા ધાર્મિક આદર્શોનો રંગ આપણા રક્તમાં પ્રવિષ્ટ થઇને આપણી શિરા અને ધમનીઓમાં વહેતા શોણિતના પ્રત્યેક બિન્દુ સાથે એકરૂપ થઇ શરીરની નસેનસમાં ફેલાઇ જાય છે અને ગાઢ સંબંધને યોગે આપણી જીંદગીનું જીવનતત્ત્વ બની રહે છે. ધર્મના આવા પ્રબલ એકાત્મભાવને એટલીજ પ્રબળ શક્તિનો પ્રત્યાઘાત જગાડયા વિના શું તમે તેનો ત્યાગ કરી શકશો? એ ધાર્મિક જલપ્રવાહની મહાન સરિતાએ પોતાના વેગવાન ધસારાથી આર્યભૂમિના હૃદયપટપર હજારો વર્ષના વહેવા સાથે જે મોટી ખાડી પાડેલી છે, તેને પૂરેપૂરી ભર્યા વિના શું તમે તમારી પ્રાચીન ભાવનાનો ત્યાગ કરી શકશો? પતિતપાવની ગંગાજી પોતાનો પ્રવાહ ઉલટાવીને પાછી હઠતી પોતાના હિમમય આદિ સ્થાનમાં ઠલવાઇને જુદી દિશામાં નવો પ્રવાહ ધારણ કરે એવી શું તમારી ઇચ્છા છે? છતાં એવું પણ કદાચ બની શકે; પરંતુ આપણો ધર્મપ્રાણ દેશ ધાર્મિક જીવનનો પોતાનો ખાસ પ્રવાહ બદલાવીને રાજ-નૈતિક અથવા એવીજ બીજી કોઇ નવીન કાર્યશ્રેણીના પ્રવાહમાં કદિ પણ દાખલ થઇ શકે તેમ નથી. જે દિશામાં સર્વથી થોડી અડચણ હોય તેજ દિશામાં પ્રાણિ-માત્રની પ્રવૃત્તિ થાય છે. કુદરતના એ નિયમને અલ્પ અવરોધમાં ગતિ કરનારો નિયમ કહે છે.

એ નિયમ અનુસાર આપણી સ્વાભાવિક ઉન્નતિની ગતિ ધર્મના માર્ગમાંજ વળી શકે તેમ છે, કેમકે એ માર્ગમાં આપણને અડચણ કે અવરોધ બહુજ થોડો

આવી શકે તેમ છે; એ ધર્મમાર્ગનું અનુસરણ કરવામાંજ ભારતનું જીવન છે, તેમાંજ ભારતની ઉન્નતિ છે, અને એજ માત્ર ભારતના શાશ્વત કલ્યાણનો રાજ-માર્ગ છે. બીજા દેશોમાં અને બીજી બધી પ્રજાઓમાં જીવનની બીજી અનેક જરૂ-રિયાતોમાંની ધર્મ પણ એક સામાન્ય જરૂરિયાત મનાય છે. અહીં હું એક સામાન્ય દૃષ્ટાંતવડે એ કથન વધારે સ્પષ્ટ કરવા માગું છું. એ ઉદાહરણ ઠેકાણે ઠેકાણે આપવાની મને ટેવ પડી ગઇ છે. કલ્પના કરો કે એક શ્રીમાન અમીરની પત્નીના સુસજ્જિત દીવાનખાનામાં વિવિધ વસ્તુઓનું એક નાનું સરખું પ્રદર્શન ભરેલું છે. ઠાઠમાઠમાં કંઇ પણ ન્યૂનતા નથી. આજકાલના જમાનાની એ એક રૂઢિજ બની ગઇ છે કે પ્રત્યેક ગૃહમાં જાપાનની બનાવટનો એકાદ સુંદર કળશ પણ હોવોજ જોઇએ! માટે એ કળશ પણ ત્યાં લાવી રાખવોજ જોઇએ! નહિ રાખ-વામાં આવે તો તે ઘણું ખરાબ દેખાય! અમીરની પત્નીનું એ સુંદર ભુવન શોભા વગરનું બની જાય! માટે એ કળશ તો ગમે તેટલી કિંમત ખર્ચીને પણ ખરીદી લાવીને ગોઠવવોજ જોઇએ! એવીજ રીતે વિદેશી સાહેબો અને તેમની બીબી સાહેબાઓને પોતાના જીવનભુવનમાં અનેક કાર્યોરૂપી ફર્નીચર ગોઠવવાનાં છે! અને એ જીવનમંદિરની સુંદરતા પરિપૂર્ણ કરવામાટે એકાદ જૂનો પુરાણો ધર્મનો કકડો પણ બીજા બધા ધંધાઓની સાથેજ ગોઠવી દેવાની જરૂર છે! એટલામાટેજ— જગતમાં સારૂં દેખાડવા પૂરતાજ ધર્મનો શેઠ સાહેબ અને શેઠાણી સાહેબાને ઉપર ઉપરથી આદર કરવો પડે છે! પરંતુ સંક્ષેપમાં કહીએ તો પાશ્ચાત્ય પ્રજાનું આ જગતમાં પરમ લક્ષ્ય—પરમ પ્રાપ્તવ્ય માત્ર રાજનીતિ અને તેની સાથે થોડી સરખી સામાજિક સુધારણામાંજ સમાઇ રહ્યું છે! ઈશ્વર તથા ધર્મ તો તેમને સંસારનાં સુખસાધનોરૂપ મુખ્ય વસ્તુ મેળવવામાં મદદગાર વસ્તુઓજ છે! તેમનો ઈશ્વર તેમને માટે આ જગતને સ્વચ્છ બનાવી તેને સુખસાધનથી ભરી દેનારૂં એક વિચિત્ર પ્રાણીજ છે! તેમની દૃષ્ટિમાં દેખીતી રીતે ઈશ્વરનું આટલુંજ મૂલ્ય હોય એમ જણાય છે!

લગભગ છેલ્લાં એક બે સૈકાં થયાં, કેટલાક અજ્ઞાન છતાં પોતાને પંડિત માનનારા મનુષ્યોને મોઢેથી હિન્દુધર્મ વિરૂદ્ધ જે જે આક્ષેપો લાવવામાં આવે છે, તેમાંના મુખ્ય એ છે કે આપણો ધર્મ સાંસારિક સુખ તેમજ સારી સ્થિતિ મેળવવામાટે જોઇએ તેટલો અનુકૂળ નથી. એ ધર્મના સિદ્ધાંતોને અનુસરવાથી મનુષ્યો અજ્ઞાન રહે છે. તેઓ કાંચન અને કીર્તિ મેળવી શકતા નથી. એ ધર્મ આપણને બીજી પ્રજાઓ ઉપર લૂંટ ચલાવવાનું અને બીજાનો માલ ગેરકાયદે લૂંટવી લેવાનું શિખવતો નથી. વળી તે ધર્મ બળવાન મનુષ્યોને નિર્બળ, ગરીબ તેમજ લાચાર મનુષ્યોપર ત્રાસ વર્તાવી તેમના લોહીનું પાન કરાવવા જેટલો સાહ-

સિક પશુઓ જેવો જુસ્સો ઉત્પન્ન કરી શકતો નથી. તેઓ આપણા ધર્મને નિર્બળ ગરીબ ગાય જેવો કહીને તેની નિંદા કરે છે એ વાત ખરી છે.આપણો ધર્મ ઉપર બતાવ્યું તેમ કોઇ પણ કાર્ય કરી શકતો નથી, તેમજ એવું કાર્ય કરવાની સલાહ પણ આપતો નથી. આપણા સાત્ત્વિક અને સમદર્શી ધર્મમાં એવો ઉપદેશ બિલકુલ નથી, કે જેના પગ પડવાથી ધરતી ધ્રૂજી ઉઠે અને ભયંકર સેનાઓવડે બીજી જાતિઓને લૂંટી તેમના વિનાશનું કાર્ય સહજમાં કરી શકાય ! એ ધર્મ પિષ્ટપેષણ શિખવતો નથી. શરીરની માંસ-પેશીઓને મજબૂત બનાવતો નથી. સંસારના સુખ-વૈભવને પારણે ઝૂલાવતો નથી, અને અભિમાનથી ફાટીને ફૂલાઇ જવાનું પણ કહેતો નથી. એવા નબળા ધર્મમાં છેજ શું ? આવા વિચારથી તેઓ આપણા ધર્મની કિંમત છેકજ ઉતારી પાડે છે; પરન્તુ તેમને સ્વપ્નમાં પણ ખ્યાલ નથી કે તેમની પોતાનીજ યુક્તિવડે આપણા ધર્મની શ્રેષ્ઠતા સિદ્ધ થાય છે. તેમની પોતાનીજ દલીલોથી તેમનાં હાથ મોં બંધ છે. બંધુઓ ! આપણો ધર્મ આ સંસારને પકડીનેજ બેસી નથી રહ્યો અને એ મિથ્યા સંસારના ક્ષણિક સુખ-વૈભવમાં રચીપચી નથી રહ્યો, માટેજ તે સર્વોત્તમ છે. વાસ્તવિક રીતે આપણો ધર્મજ એક માત્ર સત્ય ધર્મ છે; કેમકે મેં કહ્યું તેમ આ ચાર દિવસની ચાંદની જેવા તુચ્છ વિષયસુખથી ભરેલા જગતની વિલાસિતામાંજ આપણા ધર્મનો ઉદ્ધાર હેતુ, આપણું પરમ લક્ષ અથવા આપણું પરમ પ્રાપ્તવ્ય સમાઇ રહ્યું નથી. આપણા બ્રહ્માંડવ્યાપી સનાતનધર્મની વિશાળ દૃષ્ટિ થોડા માઇલ લાંબી પહોળી આ પૃથ્વીની સીમામાંજ સમાપ્ત નથી થતી; પરન્તુ આપણો વિશાળ ધર્મ આ ક્ષુદ્ર જગતની પરિસીમાથી બહાર અતિ દૂર દૂરના જ્યોતિર્મય પ્રદેશમાં પોતાની બ્રહ્માંડભેદી તીવ્ર દૃષ્ટિ નાખી રહ્યો છે. જે જ્યોતિના સામ્રાજ્યમાં આપણા ધર્મનું પરમ લક્ષ સમાયું છે ત્યાં વિષયવાસનાની તો છાયા પણ નથી. ક્ષણિક સુખભોગ નથી. ત્યાં દેશ, કાળ કે સ્થિતિનાં બંધન નથી. સંસારનો કોલાહલ અને ગડબડાધ્યાય નથી. એ જ્યોતિર્મય પ્રદેશમાં પહોંચ્યા પછી સંસારના સુખ-દુઃખની છાયા પણ સ્પર્શ કરી શકતી નથી. આ નાશવંત જગતનું ચિન્હમાત્ર પણ ત્યાં રહેતું નથી. એક માત્ર ગૌરવયુક્ત, સ્વચ્છ અને પારદર્શક દિવ્યતારૂપે આત્મસત્તાજ ત્યાં છવાઇ રહેલી છે. તેની તુલનામાં આ અનંત જણાતું બ્રહ્માંડ પણ એક બિન્દુતુલ્ય બની રહે છે. આપણોજ ધર્મ સત્ય ધર્મ છે; કારણ કે તે આપણને દિવ્ય આત્મશક્તિનો માર્ગ શિખવી સ્પષ્ટ સમજાવે છે કે, '**ब्रह्म सत्यं जगन्मिथ्या**' એક બ્રહ્મ-પરમાત્માજ સત્ય છે; આ સકળ સંસાર મિથ્યા, નાશવંત અને સતત સરી પડનારો છે. વળી તે ઉપદેશ આપે છે કે તમારૂં કંચન પણ ખરૂં જોતાં માત્ર ધૂળ અને દેખાળાજ છે. તમે ગમે તેટલી શારીરિક શક્તિ મેળવો પણ તે બધી

ક્ષણિક અને પરિમિત છે; તે એટલે સુધી કે જીંદગી પણ દુઃખરૂપ અથવા એક પ્રકારના વિકારરૂપજ છે. માત્ર આત્મા અને તેની આધ્યાત્મિક સત્તાજ સત્ય સુખરૂપ છે. આવા દિવ્ય–ઉદાર ઉપદેશને લીધેજ આપણો ધર્મ સર્વોત્તમ છે. તત્ત્વજ્ઞાનની સાથે આપણને ' ત્યાગ 'નો મહામંત્ર શિખવે છે. અનેક યુગ અને અનેક સૈકાનાં એકત્ર કરેલાં જ્ઞાન અને વિદ્વત્તાથી દઢતાપૂર્વક સ્થાયી રહીને, આપણા મહાજ્ઞાની પ્રાચીન પૂર્વજોની તુલનામાં જે જાતિઓ માત્ર બે દિવસનાં બાળક જેવીજ છે, તે સર્વ જાતિ અને પ્રજાઓને દઢ સ્વરે તેમજ સ્પષ્ટ શબ્દોમાં સંભળાવે છે કે, "બાળકો! તમે વિષયવાસનાના કીડા છો, ઇન્દ્રિયોના ગુલામ છો; પરંતુ એ ઈંદ્રિયોનો સુખભોગ સર્વથા નાશવંત અને ક્ષણિક છે, તથા તેમના ઉપભોગનું પરિણામ વિનાશજ છે! આ સંસારમાં આપણે બે દિવસનાજ મહેમાન છીએ. ધર્મ–કર્મને બદલે મિથ્યા મોજ–મજા અને વિલાસમાં ગાળેલું આયુષ્ય પરિણામે આપણો સર્વનાશ કરે છે. એવા ક્ષણિક સુખને માટે અનંતકાલ સુધી પશ્ચાત્તાપ ભોગવવો પડે છે, અને સમય ચૂક્યા પછી આ દેવદુર્લભ માનવદેહ પુનઃ મળવો મુશ્કિલ છે; માટે ધર્મની અચલ શાંતિ સ્વીકારી સ્વસ્થ થાઓ. ઈંદ્રિયસુખની દુષ્ટ વાસનાનો પરિત્યાગ કરો. મિથ્યા મોહમાયાના મહાલયરૂપ આ સંસારનો પણ ત્યાગ કરો, અને આધ્યાત્મિક ચિંતનમાં તમારૂં જીવન તલ્લીન બનાવી દો. એજ ધર્મનો યથાર્થ માર્ગ છે. એજ ધર્મનો ખરેખરો ભાવ છે." ત્યાગજ આપણા પરમલક્ષ્યરૂપ મુક્તિનું મુખ્ય સોપાન છે. વિષયોપભોગ કંઇ મુક્તિનું અથવા નિત્ય સુખનું સાધન નથી. એપરથી સિદ્ધ થાય છે કે આપણો ધર્મજ આ જગતમાં એક માત્ર સત્યધર્મ છે. એ એક અતિ અદ્ભુત અને આશ્ચર્યકારક સત્ય છે કે આ સંસારની વિચિત્ર રંગભૂમિ ઉપર એક પછી એક ઉતરી આવતી અનેક મહાન પ્રજાઓ સતેજભાવે પોતપોતાનો પાઠ થોડી પળ સુધી ભજવીને પળમાં પાછી હતી નહોતી થઇ ગઇ છે! સમયના અનંત મહાસાગરપર તેમાંની કોઇ પણ પ્રજાનો આછો ધ્વનિપ્રતિધ્વનિ પણ હવે સાંભળી શકાતો નથી! તેમના પ્રભાવનું એક ચિન્હ અથવા તેમનું નામ નિશાન પણ બાકી રહ્યું નથી! મહાકાલની કરાલ ઘંટીમાં દળાઇને તે બધી પ્રાચીન ભવ્ય પ્રજાઓ ચૂર્ણ–વિચૂર્ણ બની ગઇ છે! ત્યારે ત્યાગવીર, સહનશીલ, વિનમ્ર હિંદુસમાજ હજારો વર્ષનાં પ્રબલ તોફાનોને ઝીલતા આત્મબળના પાયાપર જેવાને તેવાજ સ્વરૂપમાં આજપર્યંત વિદ્યમાન છે! રોમ, ગ્રીસ અને ઇજીપ્તની મહાપ્રજાઓ, બે ચાર દિવસ જોર–શોરથી ગગનને ગજાવી, કાલના અજસ્ર પ્રવાહમાં એક સામટી ઘસડાઇ ગઇ! ત્યારે આપણી ગરીબડી પ્રજા કાકભુશુંડની પેઠે પોતાનાં બલવાન હૃદયપર તોફાની યુગોના ઝપાટા ઝીલતી જેવી ને તેવી–જાગતી આ જગતની સામે ઉભેલી છે! આપણી પ્રાચીન જાતિને

જાણે પરમાત્માએ શાશ્વત જીવન આપ્યું હોય, જાણે અમરજ બનાવી હોય, એવી રીતે તે અખંડ ઉભેલી છે ! એ સર્વ હિંદુજાતિના હિંદુધર્મનોજ પ્રભાવ છે.

આજકાલ પાશ્ચાત્ય તેમજ અન્યાન્ય સુધરેલી પ્રજાઓ કહે છે કે,-" આ જગતમાં સર્વત્ર શ્રેષ્ઠતા મેળવવાનો જે મહાવિગ્રહ મચી રહ્યો છે, તેમાં સર્વથી વિશેષ લાયક હશે તેજ પૃથ્વીપટપર ચિરકાલ ટકી રહેશે." આવી નવીન વિચાર-પદ્ધતિ અને મતવાદો ઉપજાવી તેઓ માની લે છે કે શરીરનું બળ જેટલું વિશેષ, તેટલો અધિક સમય તેઓ ટકી રહેશે ! જો એ સત્ય હોય તો પ્રાચીન કાલની જે મહાન લડાયક પ્રજાઓએ યુદ્ધ-વિગ્રહમાં બીજી પ્રજાઓનો પરાભવ કરી તેમને દબાવીને પોતાની ગૌરવપતાકા ગગનમાં ફરકાવી હતી, અને તેમ કરીને પોતાના રાક્ષસી શરીરબળની જગતને એ વખતે પ્રતીતિ આપી હતી, તે સર્વ પ્રજાઓ પોતાનો મહિમા વિસ્તારીને આજસુધી આ મહીતલપર અચલભાવે ટકીજ રહી હોત; પરન્તુ તેમનું કંઇ નિશાન પણ જણાતું નથી. આપણી આ દુર્બલ, ગરીબ, સહનશીલ હિન્દુપ્રજા, જેણે આજસુધીમાં પોતાના સહસ્ત્રાવધિ વર્ષોના તેજસ્વી જીવન-પ્રભાવ વખતે પણ જગતની બીજી કોઇ પણ પ્રજા ઉપર જીત મેળવી નથી, કે વિદેશમાં જઇને પોતાના શરીરબળની કશી પણ પ્રતીતિ આપી નથી, તેમજ પર-દેશમાં પ્રયાણ કરી કોઇ પણ પ્રજા સાથે વિગ્રહ કર્યો નથી. જો તેમ કર્યું હોત તો તેનો વિનાશજ થયો હોત; પરન્તુ શરીરબળ ન બતાવ્યા છતાંયે આપણે ત્રીશ કરોડની મહાન સંખ્યામાં આજસુધી જીવતા-જાગતા બેઠા છીએ, એ શું આશ્ચર્ય નથી ? શું માત્ર-શરીરબલ ઉપરજ પ્રત્યેક પ્રજાના ચિરજીવનનો આધાર છે ? વિલાયતનો એક પ્રસંગ મને યાદ આવે છે. હું જ્યારે ઇંગ્લાંડમાં હતો ત્યારે એક ઇંગ્રેજ યુવતીએ મને કહ્યું હતું કે-" હિન્દુઓએ શું કર્યું છે ? પૂર્વે તેમનો પ્રબલ પ્રભાવ હતો ત્યારે પણ શું તેમણે બીજી કોઇ પરદેશી પ્રજા ઉપર વિજય મેળવ્યો હતો ? "પાશ્ચાત્ય પ્રજાને મતે સ્થૂલ શક્તિ બતાવવામાંજ કોઇ પણ પ્રજાનું પ્રાબલ્ય અને પ્રભાવ સમાઇ રહ્યાં છે. તેઓ બિચારા શું જાણે કે એવાં અનંત સ્થૂલ સામર્થ્યને આત્મ-શક્તિની એક અલ્પેચ્છા માત્ર એક શ્વાસે ગળી જાય તેમ છે. બીજી પ્રજા પર વિજય મેળવ્યા વિના ચિરજીવન ભોગવવાનું સાક્ષાત્ ઉદાહરણ આપણી પ્રજા છે. આપણું અસ્તિત્વ આપણી ધર્મશક્તિનું પ્રત્યક્ષ પ્રમાણ છે. તેમનો ભ્રમમૂલક જડ-વાદ છેકજ નાપાયાદાર છે; અને માત્ર શરીરબળમાંજ સઘળું સમાઇ નથી જતું તેની આપણે એ ઉપરથી સહજ કલ્પના કરી શકીએ તેમ છે. બીજી પ્રજા પર આપણે વિજય નથી મેળવ્યો એથી આપણી સઘળી શક્તિનો ક્ષય નથી થયો એમ કંઇ માનવાનું નથી. આપણી શાન્ત, પરવશ, સહનશીલ જાતિ વિરોધ-વિગ્રહને માટે અગ્રેસર નથી થતી, એથી તેના પ્રચંડ શરીરપર અશુદ્ધ જડતાએ અધિ-

કાર જમાવ્યો છે, એવું કહેનારા મિથ્યાવાદી છે. માત્ર એટલુંજ નહિ પણ જ્યારે યોગ્ય સમય આવે છે અને જગતને તેની જરૂર જણાય છે, ત્યારે એ દિવ્ય જીવનશક્તિ ભારતના મર્મસ્થાનમાંથી બહાર નીકળીને મોટી રેલની પેઠે પ્રબળ પ્રવાહમાં વહેવા લાગે છે; અને શુષ્ક બની ગએલા સમગ્ર જગતને આધ્યાત્મિક હૃદયરસથી નવડાવી તેની નિષ્ઠુરતાને પીગળાવી રસમય તથા આર્દ્ર બનાવી દે છે. અતિ પ્રાચીન કાળથીજ આર્યપ્રજાએ સમગ્ર જગતને મનુષ્યજીવનનું રહસ્ય સમજાવવા આમન્ત્રણ કર્યું છે. પાશ્ચાત્ય પ્રજા તો એજ યત્ન કરે છે કે સર્વથી અધિક ધનસંપત્તિ મનુષ્ય કેવી રીતે મેળવી શકે ? ઐહિક ધન–સંપત્તિજ તેમના જીવનનું મહાન લક્ષ્ય છે, તે કેમ વધારે મેળવવું એજ તેમનું જીવનસૂત્ર છે; ત્યારે હિન્દુજાતિ એવોજ યત્ન કરી રહી છે કે કેટલા અલ્પ સાધન ઉપર મનુષ્ય રહી શકે ? કેવી રીતે વધારેમાં વધારે ત્યાગ થઇ શકે, એજ તેમનું જીવનસૂત્ર છે. પૂર્વ અને પશ્ચિમની બન્ને પ્રજાઓમાં વ્યાપી રહેલો આ વિરોધ અને મતભેદ હજી પણ કેટલાંક શતકસુધી ચાલ્યાજ કરશે; પરન્તુ ઇતિહાસમાં કંઇ પણ સત્ય હોય, વર્તમાન સ્થિતિનાં ચિન્હો અને લક્ષણો ઉપરથી ભવિષ્યનું અનુમાન કરવાની પદ્ધતિમાં કંઇ પણ સત્ય હોય તો ભવિષ્યમાં જણાશે કે, જે પ્રજા થોડાંમાં થોડાં સાધનથી પોતાનો નિર્વાહ કરી શકે છે, અને પોતાની વાસનાઓ તેમજ ઇચ્છાઓ ઉપર અંકુશ રાખી આત્મસંયમ પાળવાનો યત્ન કરે છે, તેજ આખરે જીવન-સંગ્રામમાં વિજય મેળવશે. જેઓ વિષયસુખ,મોજ–મજા અને ઈંદ્રિયોના વિલાસમાંજ સદા રચીપચી રહ્યા છે, અને મૃગજળ જેવાં ભાસમાત્ર ક્ષણિક સંસારનાં મિથ્યા સુખોની પાછળ મોહાંધ બનીને દોડાદોડી કરી રહ્યા છે, તેઓ ગમે તેવા બળવાન, તેજસ્વી અને સાહસિક જણાતા હશે તોપણ પરિણામે નષ્ટ થશે.

મનુષ્યના જીવનમાં તેમજ પ્રજાઓના જીવનમાં પણ કેટલીક વાર એવા પ્રસંગો આવે છે કે જ્યારે સમગ્ર જગત ઉપર કંટાળો ઉપજે છે, સાંસારિક સ્થિતિ ઉપર ધિક્કાર છૂટે છે, તેમજ કોઇ વખત તો એ અભાવ અને વૈરાગ્ય ભયંકર રીતે પ્રબલ થઇ પડે છે. સંસાર તરફનો એવો વિરાગભાવ પાશ્ચાત્ય જગત ઉપર ભરતીનાં મોજાંની પેઠે પોતાની પ્રબળ છોળો ઉછાળવા લાગ્યો હોય એમ જણાય છે. એ પ્રજામાં પણ થોડા મહાન પુરૂષો અને દૂરદર્શી વિચારકો ઉત્પન્ન થયા છે, અને તેઓ પણ સમજવા લાગ્યા છે કે આ સંસારમાં કાંચન અને કામિનીના મૃગજલની પાછળ સરતના ઘોડાની પેઠે દિનરાત દોડાદોડી કરવાથી કંઇપણ દહાડો વળે તેમ નથી, આત્માની તીવ્ર આધ્યાત્મિક તૃષાને ક્ષણિક જગતનાં જડ સાધનો-વડે પરિતૃપ્ત કરી શકાય તેમ નથી; કેમકે અસાર સંસારનાં સઘળાં સાધનો પણ છેકજ સારહીન, મિથ્યા અને મૃગજળ જેવાં માત્ર ભાસરૂપ છે, એથી કદિ પણ

આત્માને તૃપ્તિ મળવાની નથી. તેમાંનાં ઘણાં સુશિક્ષિત અને સંસ્કારી સ્ત્રી પુરૂષો પોતાના સમાજની વ્યાપારી સુધારણાની સ્પર્ધા, પ્રાણતોડ ઝઘડા અને ક્રૂર પશુભાવ જેવા દુર્ગુણોથી ત્રાસી ભયભીત બની રહ્યાં છે; અને એ સ્વાર્થદગ્ધ, શુષ્ક વ્યવહાર કરતાં કોઇ બીજી ઉન્નત, ઉદાર અને સાત્વિક વસ્તુ પ્રાપ્ત કરવાની આશાથી આતુર બની રહ્યાં છે. ત્યાં એક એવો વર્ગ પણ છે કે જે રાજનૈતિક અને સામાજિક પરિવર્તનનેજ યૂરોપની સઘળી ખરાબી અને અશુભ ભાવનાના રામબાણ ઉપાયરૂપે સમજી તેમનેજ વળગી રહે છે; પરન્તુ મહાન વિચારક પુરૂષોના હૃદયમાં તો કંઇક બીજાજ આદર્શો વિકાસ પામવા લાગ્યા છે. તેઓ સમજી શકયા છે કે ગમે તેટલું રાજનૈતિક અથવા સામાજિક પરિવર્તન કરવામાં આવે, તોપણ એથી માનવજીવનનાં દુઃખો અને વિઘ્નોનું કદિ પણ નિવારણ થઇ શકે તેમ નથી. માત્ર હૃદયને ઉદાર બનાવી આધ્યાત્મિક ઉન્નતિ સાધવાથીજ આ ક્લેશાગાર સંસારના અપાર દુઃખ–પરિવારનો સર્વથા નિસ્તાર થઇ જશે. એ સિવાય સાંસારિક દુઃખોને દૂર કરવાનો બીજો કોઇ ઉપાયજ નથી. ગમે તેટલું બળ અજમાવવાથી, રાજકીય સત્તાનો ઉપયોગ કરવાથી અને સખ્તમાં સખ્ત કાયદાઓનાં બંધારણથી કોઇ પણ પ્રજાની સ્થિતિનું પરિવર્તન કરી શકાશે નહિ; પણ આધ્યાત્મિક શિક્ષણ અને નૈતિક કેળવણીના પ્રભાવથીજ પ્રજાની નિકૃષ્ટ પ્રવૃત્તિ અને અધોગામી ગતિનું પરિવર્તન કરી તેમને સન્માર્ગમાં વાળી શકાય છે. પાશ્ચાત્ય વિદ્વાનોમાં આવી સમજણ આવવા લાગી છે, એથીજ તેમાંનો મોટો ભાગ નવીન વિચારો અને દર્શનશાસ્ત્રોને માટે બહુ આતુર બની રહ્યો છે. આજસુધી તેઓ જે ધર્મને માનતા આવ્યા છે તે ખ્રિસ્તીધર્મ કેટલીક બાબતોમાં સુન્દર હોવા છતાં તે બરાબર સમજી શકાતો નથી; અને તેનો જેટલો મર્મ સમજાયો છે તે સંતોષકારક જણાતો નથી; તેમાં ઘણે ઠેકાણે અપૂર્ણતા અને અસંબદ્ધપણું જણાય છે. આવી પરિસ્થિતિમાં મારા જાતિપરિચયથી મેં જોયું છે કે પશ્ચિમના કેટલાક વિચારવાન મનુષ્યો આપણાં પ્રાચીન દર્શનશાસ્ત્રોમાં, વિશેષ કરીને વેદાન્તના સિદ્ધાંતોમાં આજસુધી તેઓ જે અમૂલ્ય વસ્તુને શોધતા હતા અને જે આધ્યાત્મિક ખાનપાનની ક્ષુધા–તૃષાથી તેઓ પીડાઇ રહ્યા હતા, એજ જ્ઞાનપ્રચાર અને વિચારપ્રવાહ વહેતો તેમને મળી આવ્યો છે. ઉદાર વેદાન્તસિદ્ધાંતોથી તેમના હૃદય અને આત્માની સંપૂર્ણ પરિતૃપ્તિ થાય એમાં કંઇ આશ્ચર્ય નથી.

આ જગતમાં જેટલા ધર્મો છે તેમાંના પ્રત્યેક ધર્મ અથવા સંપ્રદાયની શ્રેષ્ઠતા સિદ્ધ કરવા માટે તેમના અનુયાયીઓ તરફથી જે વિવિધ પ્રકારની યુક્તિઓ લડાવવામાં આવે છે, અને પોતાનો આશ્ચર્યકારક દાવો તેઓ આગળ ધરે છે, તેમાંની અનેક વાતો ઠામ ઠામ મારા સાંભળવામાં આવી છે. થોડાજ સમય અગાઉ મારા

એક વિદ્વાન મિત્ર બેરોજે ખ્રિસ્તીધર્મને સમગ્ર જગતના સામાન્ય ધર્મ તરીકે પ્રચલિત કરવાનો અને તેનેજ સર્વથી ઉત્તમ સમજવાનો દાવો આગળ ધર્યો હતો: એ તમે સાંભળ્યું અથવા વાચ્યું હશે ! હવે અહીં સમગ્ર વિશ્વનો વાસ્તવિક રીતે કયો સામાન્ય ધર્મ થઇ શકે તેમ છે, એ બાબતનો થોડો વિચાર કરીએ. મારો અભિપ્રાય છે કે જો કોઇ પણ ધર્મ જગતની સઘળી પ્રજાઓને માટે સંપૂર્ણ યોગ્યતાવાળો અને સર્વાંશે હિતકર હોય, તો તે એક માત્ર આર્યોનો વેદાન્તધર્મજ છે. આ સામાન્ય ધર્મના સર્વવ્યાપી સિંહાસન ઉપર પૃથ્વીના બીજા કોઇ અનુદાર અને સંકીર્ણ મત–પન્થને પગ મૂકવાનો અધિકારજ નથી. મારી આ ધારણાનાં હું તમને કેટલાંક કારણો કહી બતાવું છું. આપણા ધર્મ સિવાય જગતના બીજા બધા મુખ્ય ધર્મો પોતાના મુખ્ય ધર્મપ્રવર્તક અથવા વિશેષ ધર્મસ્થાપકોના જીવન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. એવા ધર્મોના સિદ્ધાંતો, શિક્ષણ, અનુષ્ઠાન, પદ્ધતિ, આચાર–વિચાર અને તેમનું નૈતિક ધોરણ પણ તે તે ધર્મના સંસ્થાપક વ્યક્તિવિશેષ મહાપુરૂષના જીવન સાથે અચ્છેદ્ય સંબંધ ધરાવે છે. એ ધર્મસ્થાપકનું વાક્ય હોય તોજ તે પ્રમાણરૂપ ગણાય છે, સત્ય ગણાય છે; અને લોકોમાં તેનો પ્રભાવ પડે છે. એ સ્થાપકના વચનમાંજ ઇશ્વરીવાણી અથવા માંત્રિક શક્તિ જેટલી મહત્તા તેના અનુયાયીઓ માને છે. વિશેષ આશ્ચર્યકારક તો એ છે કે તે ધર્મોના પ્રવર્તક અથવા સંસ્થાપકના જીવનવૃત્ત અને ઐતિહાસિક પ્રમાણો ઉપરજ તે ધર્મનાં સઘળાં સિદ્ધાંતસૂત્રો આધાર રાખે છે. સ્થાપકના જીવનના પ્રસંગો અને તેનાં વચનોજ તે ધર્મના મુખ્ય પાયારૂપ છે. એ સ્થાપકના જીવનવૃત્તનો કોઇ ઐતિહાસિક ભાગ અથવા કોઇ પ્રસંગ જો મિથ્યા ઠરે તો એ ધર્મની ભવ્ય ઇમારત છેક તેના મૂળમાંથી તૂટી પડે એમ હોય છે ! ધર્મના કહેવાતા એવા સ્થાપકોના સંબંધમાં આજકાલ ચાલી રહેલા ઇતિહાસ–સંશોધન અને વિજ્ઞાન–વિકાસને પરિણામે ઘણા પ્રસંગો અસંભવિત અથવા મિથ્યા જણાયા છે ! આપણે જાણીએ છીએ કે તેમના અદ્‌ભુત મનાતા જીવનની લગભગ અર્ધી ઘટનાઓને તો કલ્પિત સમજીને લોકો તેમાં બિલ્કુલ વિશ્વાસ કરતા નથી; અને બાકી રહેલા અર્ધા ભાગ ઉપર તેઓ વિશેષ શકની નજરે જુએ છે. એથી પરિણામે તેમનાં કહેવાતાં ઐતિહાસિક પ્રમાણોની ભવ્ય શૃંખલાનું સંપૂર્ણ ઉચ્છેદન થઇ જાય છે, અને તેમના પુનરુદ્ધારનો કશો સંભવ રહેતો નથી; અર્થાત્ લોકોમાં દૃઢ વિશ્વાસ સ્થાપિત કરવા જેવું બળ એ સંપ્રદાયોને કદિ પણ પ્રાપ્ત થતું નથી. એથીજ અનેક સુધરેલા દેશોમાં અશ્રદ્ધા, જડવાદ અને નાસ્તિકતા ઉત્તરોત્તર વધતાં જાય છે. માત્ર એક ભારતના વેદાન્તધર્મ સિવાયના જગતના મહાન સંપ્રદાયોમાંનો પ્રત્યેક મત આવી જ રીતે સ્થાપક અથવા તો પ્રચારકના ઐતિહાસિક જીવન ઉપરજ ચાલુ થયો

છે. આપણો ધર્મ કોઇ પણ વ્યક્તિના વિચાર કે જીવન સાથે સંબંધ ન રાખતાં પ્રકૃતિનાં મહાન સત્યો અને આત્માના દિવ્ય સિદ્ધાંતો ઉપરજ રચાયો છે. કોઇ સ્ત્રી કે પુરૂષ વેદના પ્રણેતા હોવાનો દાવો કરી શકે તેમ નથી. અનાદિ અનંત વેદો કોઇ પણ વ્યક્તિના વિચારો અથવા વચનો નથી; પરન્તુ તેઓ જીવાત્મા-પરમાત્માનું સ્વરૂપ દર્શાવનારા સનાતન તત્ત્વસિદ્ધાંતોના અતૂટ વજ્રમય તારોથીજ ગુંથાએલા છે. એ નિયમો અને એ સિદ્ધાંતો અનાદિ સૃષ્ટિની સાથે અનાદિ કાળથી પ્રચલિત છે. ઋષિઓ તો માત્ર તેમના દ્રષ્ટા એટલે તેમને શોધીને અને તેનો સાક્ષાત્કાર કરીને માનવસમાજને એ મહાન સિદ્ધાંતોનું લ્હાણું પીરસનારા છે. વૈદિક ગ્રંથોમાં ઠેકાણે ઠેકાણે એ ઋષિગણનાં નામોનો ઉલ્લેખ આવે છે; પરન્તુ તે ફક્ત નામ માત્રજ. તેઓ કોણ હતા ? શું કરતા ? વગેરે તેમના જીવનનો કશો પણ પ્રસંગ આપણે જાણતા નથી. અનેક સ્થળે તેમના પિતા અથવા પરિવારનું નામ પણ આપણા જાણવામાં આવતું નથી; તેમજ તેમના જન્મનાં સમય અને સ્થળ પણ જાણવામાં આવતાં નથી. વાસ્તવિક રીતે એ કર્તવ્યપરાયણ ઉદાર ઋષિઓને પોતાના નામ-ઠામની પરવા પણ ક્યાં હતી ? પોતાના ગુણાનુવાદ ગવરાવવાની કે પૃથ્વીમાં પૂજાવાની તેમની વાસના નહોતી. તેઓ તો માત્ર સત્ય સિદ્ધાંતોના પ્રચારક હતા; એટલુંજ નહિ પણ પોતાના જીવનમાં અને વર્તનમાં પણ એજ સિદ્ધાંતોનું સર્વથા પાલન કરી જગતને પોતાનું દૃષ્ટાંત બતાવી પવિત્ર આદર્શ જીવન ગાળી ગયા છે.

વળી એ પણ વિચારવા જેવું છે કે આપણા ધર્મમાં ઇશ્વરની ભાવનાને સાકાર તેમજ નિરાકાર બન્ને રૂપે સ્વીકારવામાં આવી છે, તેમ આપણા ધર્મનાં અંગ પ્રત્યંગો પણ છેકજ નિર્ગુણ અને ત્રિકાલાબાધિત સત્ સિદ્ધાંતોના સાહિત્યમાંથીજ યોજવામાં આવ્યાં છે; અર્થાત્ કોઇપણ વ્યક્તિવિશેષના જીવન કે વચન ઉપર આપણા ઉદાર સનાતન ધર્મનો લેશ પણ આધાર નથી. છતાં પણ એજ ધર્મક્ષેત્રમાં અનંત અવતારો અને મહાપુરૂષોનું યોગ્ય સ્થાન નજરે પડે છે. એ મહાત્મા અને દિવ્ય પુરૂષોનું અદ્ભુત લીલાક્ષેત્ર એજ સનાતન ધર્મ છે; કેમકે આપણા ધર્મમાં જેટલા અવતારો, મહાપુરૂષો, ઋષિ-મુનિઓ અને સિદ્ધાંત-સ્થાપકો દૃષ્ટિગોચર થાય છે એટલા બીજા કયા ધર્મમાં મળી શકે તેમ છે ? એટલુંજ નહિ, પણ વર્તમાન સમયમાં તેમજ અગોચર રહેલા ભવિષ્યના ગર્ભમાં પણ એવા કેટલા બધા મહાપુરૂષો અને અવતારોને સ્થાન મળવાનું છે તેની કંઇ ગણનાજ થઇ શકે તેમ નથી. ઉદાર વિચારનો કેવો વિશાળ ધર્મ ! જે કોઇ મહાત્મા આ મહીતલમાં પ્રકટ થઇને વેદ-વેદાન્તના પવિત્ર સિદ્ધાંતોને સ્પષ્ટ સમજાવી શકે, તેનાં ઉંડાં રહસ્યોને ઉકેલી શકે અને તેના દિવ્ય પ્રકાશનો પોતાના વર્તન તેમજ પ્રજાના

જીવનમાં વિકાસ કરી શકે, તે સર્વનો ભારતના મહાપુરૂષોમાં સમાવેશ થાય છે. સ્વયં શ્રીકૃષ્ણના મુખથી નિર્ગત થએલી ભગવદ્દગીતારૂપી વેદવાણીમાં તેમજ શ્રીકૃષ્ણ-ચરિતામૃતરૂપ ભાગવતમાં સ્પષ્ટ દર્શાવ્યું છે કે, "અવતારો અસંખ્ય છે.*" આ રીતે વર્તમાન કે ભવિષ્યમાં જેટલા અવતાર અને મહાપુરૂષોની તમને આવશ્યકતા જણાય, તે સર્વને માટે ભારતના સનાતન ધર્મમાં સંપૂર્ણ સ્થાન છે. એજ હેતુથી ભારતના ધાર્મિક ઇતિહાસમાં જે અવતારો અને મહાપુરૂષોનાં વૃત્તાંત આપેલાં છે, તેમાંનો કોઇ પ્રસંગ ઇતિહાસના પ્રમાણથી સિદ્ધ ન થઇ શકે તોપણ આપણા ધર્મને એક બિન્દુમાત્ર પણ આઘાત લાગી શકે તેમ નથી. તેના ગૌરવની લેશ પણ હાનિ કે ન્યૂનતા થાય તેમ નથી. એ તો પહેલાંના જેવોજ અચળ અને દઢ રહેશે; કારણ કે તેનું બંધારણ માત્ર તત્ત્વસિદ્ધાંતો ઉપરજ થયું છે, અમુક વ્યકિત કે દેહધારી મનુષ્યો ઉપર નથી થયું. જગતની સર્વ પ્રજાને એક અમુકજ વ્યકિતના વિચાર અને વચનને અનુસરવાની બળાત્કારે ફરજ પાડવી અથવા કોઇ અમુક શરીરધારીને માનવાનો સર્વ લોકોને આદેશ કરવો તે વ્યર્થ છે. એવા પ્રયત્નોનું કશું પણ સારૂં ફળ આવતું નથી. વાસ્તવિક રીતે જોતાં બધાની બુદ્ધિમાં ઉતરી શકે એવા વિશ્વવ્યાપી શાશ્વત સિદ્ધાંતો અને સત્યોને સ્વીકારવાનું અને સર્વ મનુષ્યો ઉપર તેમનો પ્રભાવ પાડવાનું કાર્ય અતિ કઠિન અને અસાધ્ય જેવું છે; ત્યારે વ્યકિતવિશેષના વિચાર કે વચનોની તો વાતજ શી કરવી? કદાચ ભવિષ્યમાં એવો શુભ દિવસ આવે કે જ્યારે માનવજાતિના મોટા ભાગને એકજ પ્રકારના ધાર્મિક વિચારો સ્વીકારવાનો સંભવ જણાય તો તેનો કંઇક આધાર સત્ય સિદ્ધાંતોના બલ ઉપર રહે છે; પરન્તુ અમુક વ્યકિત કે મનુષ્યોના જીવન અથવા વચનના પાયા ઉપર લોકોનો એકમત કદિ પણ બની શકે તેમ નથી, છતાં પણ મેં તમને ઉપર કહ્યું તે પ્રમાણે અમુક અવતાર કે મહાત્માના પ્રભાવ તેમજ પ્રમાણનો આપણા ધર્મમાં સંપૂર્ણ રીતે સ્વીકાર કરી શકાય તેમ છે.

ઇષ્ટનિષ્ઠારૂપ જે અપૂર્વ મત આપણા ભારતવર્ષમાં પ્રચલિત છે, તેને યોગે એ બધા અવતારોમાંથી ઇચ્છાનુસાર આદર્શ પસંદ કરવાની તમને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી છે. જે કોઈ અવતાર કે મહાપુરૂષના ઉપર તમને ભાવ હોય તેને તમારા આદર્શ અને ઉપાસ્ય દેવરૂપે ગ્રહણ કરવામાં કશો બાધ નથી. વળી જે ઇષ્ટ દેવતા અથવા અવતારને તમારી માન્યતા અનુસાર તમે શ્રેષ્ઠ સમજતા હો તેને સર્વ મહાત્મા અને સર્વ અવતારો કરતાં સર્વોત્તમ સમજીને તમે તેની પૂજાઉપાસના કરો તેમાં કોઇને કશી આપત્તિ નથી; પરન્તુ ધર્મના મુખ્ય આધારરૂપ જે સનાતન તત્ત્વસિદ્ધાંતો વેદમાં દર્શાવેલા છે, તેનેજ તમારે દઢતાથી

* "अवतारा ह्यसंख्येयाः" ભાગવત.

વળગી રહેવું જોઇએ, તેનેજ તમારા ધર્મના પાયારૂપ સમજી સંપૂર્ણ ભાવપૂર્વક સ્વીકારવા જોઇએ. અહીં એક આશ્ચર્યકારક સત્ય એ દૃષ્ટિગોચર થાય છે કે આપણા અવતારોનું સામર્થ્ય-તેમનું જીવન જેટલે અંશે વૈદિક સિદ્ધાંતોના ઉદાહરણરૂપે બની રહેલું હોય, તેટલેજ અંશે આપણે પ્રમાણરૂપ માનીએ છીએ. શ્રીકૃષ્ણ ભગવાનનું ગૌરવ એજ હેતુથી સર્વથી વિશેષ છે; કેમકે તેઓ આપણા સનાતન ધર્મના સર્વોત્તમ ઉપદેશક અને સાત્વિક સત્ય સિદ્ધાંતોનો વિશ્વમાં પ્રચાર કરનારા, પોતાના દિવ્ય જીવનના પ્રત્યેક અંશમાં એ સિદ્ધાંતોનો સાક્ષાત્કાર કરાવનારા અને ભારતમાં પ્રકટ થએલા વેદાન્તસિદ્ધાંતો ઉપર અતિ મનોરમ્ય અને સુંદર વ્યાખ્યા કરનારા હતા.

સમગ્ર જગતનું ધ્યાન ખેંચે એવો વેદાન્તનો બીજો પ્રબળ દાવો એ છે કે, જગતના બધા ધર્મગ્રન્થોમાં વૈદિક ધર્મગ્રન્થોજ માત્ર એવા છે કે, તેના યથાર્થ શિક્ષણ અને ઉત્તમ ઉપદેશની તેમજ એ ધર્મવિચારો અને તત્ત્વસિદ્ધાંતોની, આજની શાસ્ત્રીય શોધો તેમજ વિજ્ઞાનના વિકાસથી બાહ્ય પ્રકૃતિના ગુણસ્વભાવરૂપે જે જે પરિણામો પ્રાપ્ત થયાં છે, તેની સાથે સંપૂર્ણ સમાનતા જોવામાં આવે છે. શાસ્ત્રીય નવીન શોધો તેમજ વિજ્ઞાનના નવીન નિયમરૂપે જે જે પ્રાકૃતિક સિદ્ધાંતો સભ્ય જગતના જાણવામાં આવતા જાય છે, તે બધા વૈદિક ધર્મના સિદ્ધાંતોને બરાબર બંધબેસતા થઇ પડે છે. હજારો વર્ષ પૂર્વેના ઋષિ-મુનિઓના સિદ્ધાંતો અને છેક ગઇ કાલે મળી આવેલાં વૈજ્ઞાનિક સત્યો વચ્ચે કશો પણ વિરોધ કે તફાવત નથી. દૂર દૂરના અતિ પ્રાચીન કાલમાં બે જુદી જુદી જાતિઓ એકજ પ્રકારની આકૃતિ, એકજ રક્તસંબંધ, એકજ પ્રકારના વિચારો અને લાગણી સહિત જુદે જુદે માર્ગે મહાન તત્ત્વોની શોધને માટે આગળ વધી હતી. એ બે જાતિમાંની એક આપણી પ્રાચીન હિન્દુજાતિ અને બીજી ગ્રીકજાતિ હતી. પ્રાચીન હિન્દુહૃદય આન્તરિક જગતના નિયમો તેમજ સિદ્ધાંતોનું પૃથક્કરણ કરતું પોતાના કાર્યમાં આગળ વધ્યું, ત્યારે પ્રાચીન ગ્રીકહૃદય દૂર દૂરના પરમ લક્ષની શોધમાટે બાહ્ય જગત અને તેના નિયમોનું પૃથક્કરણ કરવા લાગ્યું. તેમના એ પૃથક્કરણના ઇતિહાસની જુદી જુદી અવસ્થાઓનો અભ્યાસ કરવામાં આવે તો એ બન્ને ભિન્ન ભિન્ન પ્રકારની વિચારપ્રણાલિનો એ પરમ લક્ષમાટે એકજ પ્રકારનો પ્રતિધ્વનિ શ્રવણગોચર થાય છે. એ ઉપરાંત અર્વાચીન વિજ્ઞાન અને રસાયનવિદ્યાની જે જે નવી શોધો થાય છે, અને તેને લીધે જે નવા નિયમો અને સિદ્ધાંતો બંધાય છે, તે બધા આજથી હજારો વર્ષ પૂર્વે વૈદિક યુગમાં બંધાએલા સિદ્ધાંતોનીજ પ્રતિછાયારૂપ જણાય છે. માત્ર વિજ્ઞાનાદિ આધુનિક શાસ્ત્રોમાં એ સિદ્ધાંતોને આધિભૌતિક શક્તિરૂપે સમજાવવામાં આવે છે, ત્યારે વેદાન્ત એ સર્વના અધિષ્ઠાનરૂપે એક માત્ર

આધ્યાત્મિક શક્તિનેજ કારણરૂપે દર્શાવે છે. એ પરથી સ્પષ્ટ સમજાય છે કે આધુનિક જડવાદના શાસ્ત્રીય સિદ્ધાંતો માત્ર આર્યો અથવા સ્પષ્ટ કહીએ તો વેદાન્તી જનોજ પોતાના ધાર્મિક વિચારો સાથે સંગતિ તથા સમાનતાવાળા સિદ્ધાંતો તરીકે સ્વીકારી શકે છે. વળી એ પણ સ્પષ્ટ દેખાય છે કે વર્તમાન જડવાદ પોતે શોધી કહાડેલા સિદ્ધાંતોનો લેશમાત્ર પણ ત્યાગ કર્યા વિના વેદાન્તના સત્ય સિદ્ધાંતોને ગ્રહણ કરે, તો આધ્યાત્મિક ક્ષેત્રમાં કશી પણ તાણુતોડ કર્યાવિના અનાયાસે તે પ્રવેશ કરી શકે તેમ છે; તે મને સ્પષ્ટ દેખાયા વગર રહેતું નથી.

આધુનિક પાશ્ચાત્ય પ્રજાના હૃદય ઉપર આ પ્રકારે સત્ય વિચારનો અર્થાત્ વેદાન્તના અદ્‌ભુત યુક્તિપૂર્ણ વિચારોનો આ બીજો એક મજબૂત દાવો છે. પાશ્ચાત્ય દેશના અનેક પ્રતિષ્ઠિત અને પ્રમાણરૂપ ગણાતા વિજ્ઞાનવાદી પુરૂષોએ મને પોતાને જણાવ્યું છે કે વેદાન્તના સિદ્ધાંતો આ તર્કપ્રધાન યુગમાં પણ અપૂર્વ વિજ્ઞાનની કસોટીથી સિદ્ધ થઇ શકે તેવા અને યુક્તિ તેમજ વિચારવાદને આશ્ચર્યકારક રીતે અનુકૂળ રહેનારા છે! તેમાંના એક મહાન વિદ્વાન વિજ્ઞાનવાદી સાથે મારો ગાઢ પરિચય છે. એ પુરૂષ પોતાની વૈજ્ઞાનિક પ્રવૃત્તિમાં અને કામકાજની ધમાલમાં એટલો બધો મચી રહેલો છે કે, તેને પોતાની પ્રયોગશાળામાંથી બહાર નીકળવાનો અથવા શાન્તિથી ભોજન લેવાનો પણ અવકાશ મળતો નથી. છતાં પણ તે ભાવ અને ઉત્સાહપૂર્વક કલાકના કલાકોસુધી મારાં વેદાન્તનાં વ્યાખ્યાનો બરાબર લક્ષથી સાંભળવાને હમેશ નિયમસર હાજર થતો. તેની એટલી બધી આતુરતાનું કારણ પૂછતાં તેણે જણાવ્યું કે, "વેદાન્તના સિદ્ધાંતો વિજ્ઞાન અને શાસ્ત્રીય શોધ–ખોળની સાથે એટલા બધા મળતા આવે છે કે, વર્તમાન યુગના અભાવને અને અપૂર્ણતાને પણ એ વિચારો સુન્દર રીતે પૂર્ણ કરી દે છે! હાલનું વિજ્ઞાન અને શાસ્ત્રીય શોધો તો એ વેદાન્ત–વિચાર આગળ અપૂર્ણજ જણાય છે. આધુનિક વિજ્ઞાન ક્રમે ક્રમે જે નવા સિદ્ધાંતો સ્થાપન કરતું જાય છે, તે બધાની સાથે વેદાન્તની એટલી બધી સમાનતા છે કે મારૂં હૃદય તેના પ્રભાવ તરફ મંત્રમુગ્ધ બનીને પ્રબળ વેગે આકર્ષાયા વગર રહેતું નથી."

ધાર્મિક અને વૈજ્ઞાનિક વિચારોની તુલના કરી જોવાથી વિજ્ઞાનની દૃષ્ટિએ જે મુખ્ય બે સિદ્ધાંતો મને પ્રાપ્ત થયા છે, તેના તરફ આપનું લક્ષ ખેંચવાની મારી ઇચ્છા છે. તેમાંનો પ્રથમ સિદ્ધાંત એ છે કે, જગતના સઘળા ધર્મોમાં એકસરખાંજ સત્યો સમાએલાં છે. દેશ, કાળ, સ્થિતિને ભેદે ઉપજેલા માત્ર બાહ્યાચારના કિંચિત્ ફેરફાર સિવાય બધા ધર્મોમાં એકજ પ્રકારના ભાવ અને એકજ પ્રકારનાં સત્યોનો ઉપદેશ આપવામાં આવ્યો છે. બીજો સિદ્ધાંત એ સમજાયો છે કે બહારની દૃષ્ટિએ જગતની સઘળી વસ્તુ જુદી જુદી જણાય છે; પરંતુ ધર્મ તેમજ વિજ્ઞાનની દૃષ્ટિએ

તો એ બધી એકજ વસ્તુના વિકાસરૂપજ છે. બાબિલોનિયન તેમજ યાહુદી લોકોના ધાર્મિક ઇતિહાસનું અવલોકન કરવાથી એક મહત્ત્વનો ધાર્મિક ચમત્કાર નજરે પડે છે. એ ઇતિહાસમાં આપણે સ્પષ્ટ જોઇએ છીએ કે, એ પ્રજાઓમાંથી અનેક જુદી જુદી શાખાઓ તેમજ પેટાભાગો ઉત્પન્ન થયા હતા. તેમાંની દરેક શાખા અથવા વિભાગને ખાસ પોતાનો જુદો ઇશ્વર છે, તેમજ એ જુદી જુદી નાની શાખારૂપ જાતિઓના નાના નાના દેવતાઓ છે;પરન્તુ એ દેવતાઓનાં નામ ઘણી ખરી શાખાઓમાં સામાન્ય અથવા એકસરખાંજ મળી આવે છે. બાબિલોનિયન જાતિના સઘળા દેવતાઓનું સામાન્ય નામ 'બાલ' છે, અને તે બધા 'બાલો' માં 'બાલમૅરોડૅક' દેવતા મુખ્ય છે. કાળક્રમે એ બધી શાખાઓ અને પેટાજાતિઓમાંની એકાદ શાખા બહુજ બળવાન થઇને બીજી શાખાઓ ઉપર વિજય મેળવી પોતે જીતેલી બધી જાતિઓને પોતાના વર્ગમાં મેળવી દે છે, અને તેનું સ્વાભાવિક પરિણામ એ આવે છે કે, વિજય મેળવનારી જાતિનો મુખ્ય દેવતા એવી એકઠી મળેલી બધી શાખાઓ અને પેટાજાતિઓના દેવતાઓનું શિરસ્થાન પ્રાપ્ત કરે છે; અને તે બધી જુદી જુદી શાખાઓના જુદા જુદા 'બાલ' દેવતાઓ વિજેતા જાતિના મુખ્ય દેવતા કરતાં ઉતરતા દરજ્જાના ગણાય છે. સેમેટિક જાતિ જેને પોતાના એકેશ્વરવાદના ગૌરવરૂપ દેવતા માને છે તેની ઉત્પત્તિ પણ આવી રીતેજ થઇ છે. અનેક દેવતાઓની માન્યતામાંથી તેમનો એકેશ્વરવાદ ઉદ્ભવ પામ્યો છે. એવીજ રીતે યાહુદી જાતિના અનેક દેવતાઓનું સામાન્ય નામ 'મોલૉક' છે. એ યાહુદીઓની ઇઝરાયેલના નામથી ઓળખાતી એક શાખાના દેવતાનું નામ 'મોલૉક યહોવાહ' અથવા 'મોલૉક યાવા' છે. એ ઇઝરાયેલ જાતિએ વખત જતાં બળવાન બની યાહુદી જાતિની અનેક શાખાઓ ઉપર વિજય મેળવ્યો હતો. જીતાએલી યાહુદી જાતિઓના મોલૉક દેવતાનો તેમણે પ્રાયઃ નાશ કર્યો હતો; અને પોતાના 'મોલૉક યાવા' ને બીજા બધા મોલૉક દેવતાઓ કરતાં શ્રેષ્ઠ અને મુખ્ય મોલૉક તરીકે જાહેર કર્યો હતો. આ પ્રકારની ધાર્મિક જીત મેળવવામાટે ધર્મને નામે શરૂ થએલા યુદ્ધમાં માનવજાતિનું કેટલું બધું લોહી વૃથા વહેવડાવવામાં આવ્યું છે, કેટલો બધો જુલમ અને ત્રાસ ગુજારવામાં આવ્યો છે, અને ભયંકર પશુઓના જેવી બધી ક્રૂરતા અને નિર્દયતાથી પોતાની જાતિ પ્રત્યે વર્તવામાં આવ્યું છે, એ બધું તમારામાંના ઘણા શ્રોતાઓ સારી રીતે જાણે છે. ત્યારપછીના સમયમાં બાબિલોનિયાની પ્રજા જ્યારે બળવાન થઇ ત્યારે એ મોલૉક યહોવાની શ્રેષ્ઠતાનો લોપ કરવામાટે તેણે અનેક યત્નો કર્યા હતા; પરન્તુ એ પ્રયત્નોમાં બાબિલોનિયનો સફળ નિવડયા નહોતા.

મને લાગે છે કે પ્રાચીન કાળે ધર્મક્ષેત્રમાં પોતાની મહત્તા અને પોતાના

દેવતાઓની શ્રેષ્ઠતા સિદ્ધ કરવાના પ્રયત્નો ભારતના સીમાંત પ્રદેશોમાં પણ અનેક જુદી જુદી જાતિઓએ કર્યા હોવા જોઇએ; તેમજ આર્યપ્રજાની જુદી જુદી શાખા અને પેટાજાતિઓ વચ્ચે પોતપોતાની જાતિના ખાસ દેવતાઓની મહત્તા સ્થાપન કરવામાટે પરસ્પર વિરોધ અને કલહ પણ થયો હોવો જોઇએ; પરન્તુ ભારતનો ઇતિહાસ યાહુદીઓના ઇતિહાસ કરતાં જુદેજ પ્રકારે લખાવાને નિર્માણ થયો હતો, ભારતના ઇતિહાસનું ભાવી રક્તપાતથી કલંકિત ન થતાં બધાને આદર કરનારૂં, સાત્વિક અને સમભાવવાળું થવાનું હતું. ભારતના ભાગ્યવિધાતાએ જાણે બીજા દેશો અને પ્રજાઓ કરતાં એને ખાસ ઉદાર ધર્મક્ષેત્ર તેમજ પરધર્મ પ્રત્યે દ્વેષરહિત અને સહનશીલ બનાવવાનો સંકલ્પ કર્યો હોય તેમ આધ્યાત્મિક વિચારોનું ધર્મસાધનાપ્રધાન, વિરોધ-વિસંવાદ વગરનું પવિત્ર તીર્થક્ષેત્ર બનાવ્યું છે. એજ કારણથી જુદી જુદી જાતિ અને તેમના દેવતાઓને માટે થતાં યુદ્ધ-વિગ્રહો અને કલહ-કંકાસ અહીં લાંબો વખત ટકી શકયા નહિ. એજ હેતુથી ઇતિહાસના પ્રદેશથી બહાર આવેલા દૂર દૂરના પ્રાચીન યુગમાં કે જ્યાં અન્ય દેશોની કિંવદન્તી અથવા દંતકથાઓ પણ દૃષ્ટિપાત કરી શકતી નથી, એવા મહાપુરાતન સમયમાં એક ઉદાર ઋષિમહાત્માનો જન્મ થયો. તેમણે ભારતના સમગ્ર ધાર્મિક જગતને વેદવાણીના દિવ્ય ઘંટાનાદથી જાહેર કર્યું કે, "**एकं सद्विप्रा बहुधा वदन्ति ।** સત્ય એકજ છે. પરમાત્મશક્તિ એકજ છે. બધા ધર્મના ભિન્ન ભિન્ન જણાતા સિદ્ધાંતો પરસ્પર સમાનભાવવાળા છે અને તેમનામાં કશો પણ ભેદ કે વિરોધ-વાંધો નથી. સ્થિતિભેદે વિદ્વાન પુરૂષો એકજ સત્યને જુદે જુદે રૂપે અને જુદા જુદા શબ્દોમાં વર્ણવે છે; પરંતુ એવી રીતે શબ્દો કે વર્ણનશૈલી જુદી હોવાથી કંઇ સત્યમાં અનેકપણું, ભેદબુદ્ધિ કે વિરોધ ઉદ્ભવી શકતો નથી." આ સિદ્ધાંત સર્વ ઉદાર અને સભ્ય સિદ્ધાંતોનો શિરોમણિ છે, અને તે ભારતનાં સાત્વિક, પવિત્ર તેમજ ઉદાર હૃદયનો પ્રબળ પૂરાવો રજુ કરે છે. આવી ચિરસ્મરણીય પવિત્ર દેવવાણીનો ધ્વનિ વેદધર્મ સિવાય બીજે કોઇ સ્થાને સાંભળી શકાતો નથી. એવું ભવ્ય સત્ય બીજા કોઇ પણ દેશ કે ધર્મમાં આજસુધી શોધાએલું જણાતું નથી. આપણી હિન્દુજાતિને માટે તો એ મહાન સત્યજ આપણા પ્રજાકીય જીવનનો મૂળ પાયો છે; કેમકે ભારતની પ્રજાના અનેક યુગમાં વ્યાપી રહેલા આજ સુધીના દીર્ઘ જીવનમાં અને એક પછી એક બદલાતા સૈકાઓના વાતાવરણમાં એજ મહાન વિચારોનું ગુંજન-વિજયઘોષ સંભળાયા કરે છે. "**एकं सद्विप्रा बहुधा वदान्ति ।**" અખિલ વિશ્વમાં વાસ્તવિક સત્ય વસ્તુ એકજ છે. વિપ્રો, સાધુપુરૂષો તેને વિવિધભાવે અને વિવિધરૂપે વર્ણવે છે. એ મહામંત્ર ઉપર જણાવ્યું તે પ્રમાણે અનેક સૈકાંઓમાં ઉત્તરોત્તર વિકાસ પામીને, આપણા વ્યાવ-

હારિક જીવનમાં પણ પૂર્ણ રીતે પરિસ્ફુટ થઇને, આપણી પ્રજાના સમગ્ર અસ્તિત્વને પોતાના ઉદાર દિવ્યભાવથી ઓતપ્રોત કરી રહ્યો છે. એ મહાન વિચાર આપણી નસોમાં વહેતા લોહીની સાથે એકરૂપ થઇ ગયો છે; અને આપણા તન મન તેમજ આત્મા સાથે અભિન્ન બની રહ્યો છે. આપણે એ સર્વોત્તમ સત્યને અમૂલ્ય આત્મધન સમજીને ગ્રહણ કર્યું છે, આપણે આપણી નસેનસમાં તેને આદરથી સ્થાન આપ્યું છે, અને આપણું હૃદય તથા આપણો આત્મા તેને સમર્પણ કર્યાં છે. એ દિવ્ય સત્ય ઉપર આપણા પ્રાણાત્મા કરતાં પણ આપણો અધિક પ્રેમ છે; અને આપણે સમજતા આવ્યા છીએ કે મહાન સત્યજ આપણા અનંત આત્માનો દિવ્ય પ્રકાશ છે. એજ સત્યને પ્રભાવે આપણો પવિત્ર દેશ પરધર્મો તરફ ઉદારતા અને સમભાવથી વર્તીને ધાર્મિક સહિષ્ણુતાની ગૌરવભૂમિ બની રહ્યો છે. માત્ર ભારત દેશમાંજ વિદેશી લોકોના ભેદભાવ અને વિરોધ વધારનારા ધર્મો આપણા પોતાના શાન્ત ધર્મનું ઉન્મૂલન કરવાના હેતુથી પ્રવેશ કરે છે, અને પોતાને માટે દેવળો, મસજીદો અને ગિરજા બાંધવાની સાનુકૂળતા મેળવે છે ! અનિષ્ટ કરનારનો પણ આટલો આદર બીજા કયા દેશમાં અને બીજી કયી પ્રજામાં તમે બતાવી શકશો ? બંધુઓ ! સમગ્ર જગત આપણી પાસેથી ધર્મ અને તત્ત્વવિદ્યાના જે દિવ્ય સિદ્ધાંતો શિખવાને માટે આતુરતાથી રાહ જોઇ રહ્યું છે, તેમાંનો આ એક મોટામાં મોટો અને પવિત્રમાં પવિત્ર સર્વોત્તમ સિદ્ધાંત છે.

આપણા દેશની બહાર આવેલા વિશાળ જગતમાં કહેવાતાં સભ્યતા અને સમભાવ વચ્ચે પણ પરધર્મ પ્રત્યે અસહિષ્ણુતા તથા દ્વેષ કેટલાં બધાં વ્યાપી રહ્યાં છે, તેનો આપણને સ્વપ્નમાં પણ ખ્યાલ નથી. ભયંકર ધાર્મિક દ્વેષ, પરધર્મ પ્રત્યે વૈરબુદ્ધિ અને પરધર્મી પ્રત્યેના વ્યાપી રહેલા ભારે તિરસ્કારને યોગે એક એવી દયાજનક સ્થિતિમાં હું આવી પડયો હતો કે, મારાં હાડકાં પરદેશના કિનારા ઉપર રઝળતાં મૂકીને મારે એ વિષયની ફરિયાદ કરવા પ્રભુ પાસે પ્રયાણ કરવું પડશે એવું મને જણાયું ! આહાહા ! ધર્મદ્વેષને લીધે પોતાના માનવબન્ધુઓને તરફડાવી મારવા અને તેમનો હેતપૂર્વક ઘાત કરવો, એ તો તેમને મન કંઇજ નથી ! જો આજે કદાચ તેઓને હાથે એવું કાર્ય થતાં થતાં રહી ગયું હશે, તો આવતી કાલે જે બહારથી ચળકતા સુધારાની તેઓ છાતી ફુલાવીને બડાઇ ગાઇ રહ્યા છે, તે પાશ્ચાત્ય સુધારાના પ્રભાવમાં એવું ઘોર કૃત્ય તેમને હાથે જરૂર થશે ! પોતે સ્વીકારેલા ધર્મની વિરૂદ્ધ એ દેશોમાં એક શબ્દ પણ ઉચ્ચારવાનું સાહસ કરવું એ ઘણું ભયભરેલું છે. એવું સાહસ કરનારને સમાજથી બહિષ્કૃત કરી બની શકે એટલો તેને ત્રાસ આપવામાં આવે છે. અહીં આપણા ગરીબ દેશમાંજ આપણા અતિ પ્રાચીન વર્ણાશ્રમધર્મ અને જાતિભેદની વિરૂદ્ધ તેઓ તડાતડ માર્મિક ટીકા-

ભરેલા કઠોર આક્ષેપો કરી શકે છે; આપણા આચારવિચારની સહજમાં ફાવે તેવી નિંદા કરી શકે છે; અને આપણી આંખો સામે આપણા ધર્મ અને દેવનો પેટ ભરીને ઉપહાસ કરી શકે છે; પરંતુ જો તમે પાશ્ચાત્ય દેશોમાં જાઓ અને જેવી રીતે હું ત્યાં રહ્યો હતો તેવી રીતે રહો, તો તરતજ તમને જણાશે કે ત્યાંના મોટા મોટા ગણાતા અધ્યાપકો પણ નિર્માલ્ય અને બીકણ હૃદયના છે. ધાર્મિક વિષયોમાં તેમને જે સત્યો પોતાના ધર્મથી જુદાં જણાય છે, તે સંપૂર્ણ સમજવા છતાં પણ જાહેર પ્રજાના વિરોધના ભયથી એક શબ્દ પણ બોલવાનું બળ કે સાહસ તેમનામાં નથી.

એજ કારણથી ભેદબુદ્ધિ અને પરસ્પર વિરોધવડે કંટાળી ગએલું જગત, વિશ્વ-વ્યાપી સહિષ્ણુતા અર્થાત્ સર્વની પ્રત્યે સમભાવ દર્શાવવાનો મહાન સિદ્ધાંત આપણી પાસેથી શિખવાને આતુર બની રહ્યું છે. એ ઉદાર વિચાર—એ દિવ્ય સત્ય આધુનિક સુધારાને માટે ઘણુંજ હિતકારક, નવું જીવન આપનાર અમૃતરૂપ થઇ પડશે; એટલુંજ નહિ પણ જો એ અમૃતવાણીનો થોડાજ સમયમાં બધે પ્રચાર નહિ થાય તો જગતની કોઇ પણ સભ્યતા કે સુધારો પૃથ્વીપર લાંબો વખત ટકી શકશે નહિ. મિથ્યા ધર્માભિમાન, ધર્મને નામે ભયંકર રક્તપાત તેમજ પર-ધર્મનાં મૂળ ખોદવાની પશુતા જ્યાંસુધી દૂર નહિ થાય, અને ભારતના ઉદાર વિચારો જ્યાંસુધી પોતાનો સંપૂર્ણ અધિકાર નહિ જમાવે, ત્યાંસુધી જગતનો કોઇ પણ સુધારો આગળ વધી શકે તેમ નથી. જ્યાંસુધી આપણે સર્વ એકજ પરમ પિતાનાં સન્તાનો પરસ્પર પ્રેમભાવ, અનુકમ્પા, અભેદભાવ અને હૃદયની લાગણીથી રહેતાં નહિ શિખીએ, ત્યાંસુધી કોઇ પણ સુધારો આ પૃથ્વીના ગંદા કાદવમાંથી પોતાનું મસ્તક ઉંચું કરી શકે તેમ નથી. એવા પ્રકારની ઉદારતાનું પ્રથમ સોપાન બીજાના ધાર્મિક સિદ્ધાંત અને મંતવ્યો તરફ ઉદારતા, ક્ષમા અને પ્રેમદ્રષ્ટિથી જોવાનું છે; એટલુંજ નહિ પરન્તુ એથી પણ આગળ વધીને આપણે હૃદયપૂર્વક તેમને સહાય પણ કરવી જોઇએ. ધર્મભેદને લીધે તેઓ કંઇ આપણા બંધુ મટી જતા નથી, ત્યારે શા માટે તેમને બંધુભાવે સહાય ન કરવી ? બંધુઓ ! પૃથ્વીની સપાટી ઉપર માત્ર એક હિન્દુસ્તાનમાંજ હિન્દુજાતિએ મુસલમાનોને માટે મસજીદો અને ખ્રિસ્તીઓને માટે દેવળ બાંધી આપ્યાં છે અને હજી પણ બાંધી આપે છે. સમગ્ર જગતમાં આવાજ વિચારો પ્રવર્તવા જોઇએ. સઘળી પ્રજાનાં આવાંજ હૃદય થવાં જોઇએ.

તિરસ્કાર અથવા દ્વેષથી કોઇ પણ જાતિ દીર્ઘ જીવન ભોગવી શકતી નથી; માત્ર પવિત્ર પ્રેમ અને સેવાધર્મના બળવડેજ દીર્ઘાયુષ મેળવી શકાય છે, અધિ-કાર વિસ્તારી શકાય છે અને વિજયપતાકા ફરકાવી શકાય છે. પશુભાવ અથવા

વિ. ૨

શરીરબળ કદિ પણ વિજય મેળવીને લાંબો વખત ટકી શકતાં નથી; માત્ર ક્ષમા, ઉદારતા અને હૃદયની વિશુદ્ધ કોમળતાજ આ ભયંકર સંસારસંગ્રામમાં અદ્વિતીય વિજય મેળવી દરેક જાતિને ચિરકાલ ટકાવી રાખે છે. આપણો બીજો સર્વોત્તમ વિચાર કે જેની આજકાલ જગતને બહુ જરૂર છે, તેમાં પણ યુરોપના વિચારવાન મનુષ્યોને અને તેની સાથે જગતની સઘળી પ્રજાઓને જે મહાન સત્યની જરૂર છે, તે આધ્યાત્મિક એકતા અથવા વેદાન્તમાં દર્શાવેલી અભેદ ભાવના અર્થાત્ સમગ્ર વિશ્વના એકાત્મકભાવનો સનાતન મહાન સિદ્ધાંત છે. કદાચ એ ઉદાર વિચારની જગતના ઉંચા વર્ગ કરતાં હલકા વર્ગને વિશેષ જરૂર છે. સુશિક્ષિત વિદ્વાન અને પંડિતવર્ગ કરતાં સામાન્ય પ્રજાને વિશેષ આવશ્યકતા છે. કેળવાએલા અને સાક્ષરો કરતાં નિરક્ષર સાદા લોકોને વિશેષ અગત્ય છે. દૃઢ અને બલવાન કરતાં નિર્બળ તેમજ અશક્ત મનુષ્યોને વિશેષ ઉપયોગી છે; કેમકે એ ઉદાર સિદ્ધાંત શ્રીમાન્ અને બલવાન કરતાં દીન, દુઃખી અને બલહીન મનુષ્યોને વિશેષ ઉપકારક છે. મદ્રાસ વિશ્વવિદ્યાલયના વિદ્વાન્ પુરૂષો ! આપને તો એ વાત વિદિતજ છે; માટે વિસ્તારથી સમજાવવાનું પ્રયોજન નથી કે યુરોપની અર્વાચીન વિજ્ઞાન તેમજ રસાયનવિદ્યા વગેરેની નવી શોધ–ખોળના પ્રભાવે, જડતત્ત્વોના સ્થૂલ પ્રયોગોદ્વારા પાશ્ચાત્યજગત હાલ સમગ્ર વિશ્વની અખંડ એકતાનું પ્રતિપાદન કરી રહ્યું છે. તેઓએ નવી શોધોથી સિદ્ધ કરી બતાવ્યું છે કે સ્થૂલ દૃષ્ટિએ જડતત્ત્વના ઇશારે તમે, અમે, સૂર્ય, ગ્રહ, નક્ષત્રો અને આ જગતનાં સર્વ પ્રાણી પદાર્થો એકજ છે. બાહ્ય દૃષ્ટિથી જોતાં ભિન્ન જણાય છે; પરન્તુ જડ તત્ત્વોના એક અનંત મહાસમુદ્રમાં એ બધાં નાનાંમોટાં મોજાંરૂપે ઉદય થાય છે અને લય પામે છે. ઉદિત સ્થિતિમાં તે ભિન્ન ભિન્ન દેખાય છે, પરન્તુ આદિ અને અંતે એકજ જડ તત્ત્વના અભેદમાં તે બધાંના ભેદભાવનો લય થઇ જાય છે. આ જમાનાની તેમની નવી નવી શોધો આવી ભૌતિક એકતાને પ્રકાશમાં લાવવાનો યત્ન કરી રહી છે, ત્યારે આજથી હજારો યુગ પૂર્વે ભારતના મનોવિજ્ઞાન તેમજ આધ્યાત્મિક શાસ્ત્રોએ પશ્ચિમના વિજ્ઞાન કરતાં પણ ઘણા તેજસ્વીરૂપે સપ્રમાણ સિદ્ધ કરી બતાવ્યું છે કે, જગતનાં બધાં પ્રાણી–પદાર્થો અને સ્થૂલ શરીરોની સાથે મનુષ્યોનાં મન પણ માયાના મહાસાગરમાં ઉત્પન્ન થતાં નાનાં નાનાં મોજાંરૂપે એકજ વસ્તુનાં અંગ–પ્રત્યંગ છે. માત્ર અધિકારભેદે તેમનાં નામજ જુદાં જુદાં છે; પરન્તુ સમષ્ટિરૂપે સકલ બ્રહ્માંડ એકજ પ્રકૃતિનું પરિણામ છે. ત્યાંથી આગળ વધતાં વેદાન્તના સૂક્ષ્મ સિદ્ધાંતોમાં સુંદર અને સ્પષ્ટ રીતે સમજાવ્યું છે કે, આ સમગ્ર જગતના એકજ વિરાટ્ દૃશ્ય સ્વરૂપની અભેદ ભાવનાની પાછળ પરમજ્યોતિરૂપ આત્મા અનંત ક્ષેત્રમાં, અનંત કાલને હસ્તામલકવત્ ધારણ કરીને એક સરખો વિલસી

રહ્યો છે. સમગ્ર બ્રહ્માંડમાં સર્વત્ર એ એકજ આત્મા અધિષ્ઠાનરૂપે સર્વકાલ વિરાજે છે. સઘળું દૃશ્ય–અદૃશ્ય વિશ્વ એનુંજ કાર્ય છે. એની સત્તાજ માત્ર સર્વનું જીવન છે, અને તેના અસ્તિત્વમાંજ આ જડ–ચેતન સર્વનું અસ્તિત્વ પ્રતીત થાય છે. સમગ્ર બ્રહ્માંડના મૂળમાં આ પ્રકારની જે વાસ્તવિક એકતા રહેલી છે, એવો અભેદનો આશ્ચર્યકારક સિદ્ધાંત સાંભળતાંજ ઘણા વિદેશી લોકો એકાએક ભડકી જાય છે. આપણા દેશમાં પણ લોકો ભય પામે છે. એ મહાન સિદ્ધાંતનું નામજ વેદાન્તનો અદ્વૈતવાદ છે. જ્ઞાનની ખીલવણીનો પ્રયાસ આજના સભ્ય જગતમાં આટલો બધો વધવા છતાં આ તર્કપ્રધાન યુગમાં પણ એ દિવ્ય સિદ્ધાંતને સ્વીકારનારા કરતાં ધિક્કારનારાની સંખ્યા વિશેષ છે. વેદાન્ત–સિદ્ધાંતોનો વિરોધ કરનારની સંખ્યા આ જગતમાં કંઇ નાની સૂની નથી. અદ્વૈતવાદને માટે જગતમાં આટલો આટલો વિરોધ હોવા છતાં પણ હું તમને નિડરતાથી કહું છું કે, નવું જીવન આપનારો અને મનુષ્ય માત્રને અમરપદ પ્રાપ્ત કરાવનારો અદ્વૈતવાદનો એ મહાન સિદ્ધાંતજ આધુનિક જગતને ઘણો જરૂરનો છે. કોઇપણ વસ્તુની જગતને જો ખરેખરી જરૂર હોય તો તે એ મહાસિદ્ધાંતનીજ છે. કોટિ કોહીનૂરોવડે પણ એ સિદ્ધાંતરત્નનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. માત્ર વિદેશીને અથવા પાશ્ચાત્ય પ્રજાઓનેજ તે ઉપયોગી છે એમ નહિ, પરંતુ આદિ જનની આપણી પુનીત ભારતભૂમિને પણ ખાસ એ સિદ્ધાંતનીજ અત્યારે વિશેષ જરૂર છે; કેમકે એ પ્રબલ સિદ્ધાંતના પ્રભાવેજ દીન, હીન અને દરિદ્રી ભારતવાસીઓને અવનતિની દુર્ગંધમય ખાણુમાંથી બહાર કહાડી ઉન્નતિના દિવ્ય શિખરપર આરૂઢ કરી શકાય તેમ છે. આપણા વ્યવહારમાં,વર્તનમાં અને સઘળાં કાર્યોમાં અદ્વૈતવાદના એ દિવ્ય એકાત્મવાદનો આદર્શ જ્યાંસુધી જાગ્રત નહિ થાય, જ્યાંસુધી તેની અસરકારક શક્તિ આપણી સર્વ પ્રવૃત્તિમાં પ્રવિષ્ટ થઇને આપણી રગેરગમાં નવીન ચેતન અને નવીન વિદ્યુત્પ્રવાહનો ઝરો નહિ રેલાવે,ત્યાંસુધી આપણી પતિત ભારતભૂમિનો કદિપણ પુનરુદ્ધાર થવાનો નથી.

યુક્તિ અને તર્કપ્રધાન પાશ્ચાત્ય જાતિ પોતાનાં સઘળાં તત્ત્વદર્શન અને નૈતિક શાસ્ત્રોની શોધ કરવા લાગી છે, તર્ક અને યુક્તિની કસોટીમાં પોતાના સિદ્ધાંતોનું સુવર્ણ કેટલા ટચનું છે તેની બારિકીથી તજવીજ કરવા લાગી છે; પરન્તુ તમે તો સારી રીતે જાણો છો કે કોઇ પણ એક વ્યક્તિની સંમતિ અથવા બુદ્ધિના આધારપર જગતના નૈતિક સિદ્ધાંતોનું બંધારણ બાંધી શકાય તેમ નથી. એ મનુષ્ય ગમે તેવો દિવ્ય અથવા મહાન હોય તોપણ જ્યારે તે દેશ અને કાળથી પરિમિત છે, આગલે દિવસે જન્મ ગ્રહણ કરી વળતેજ દિવસે મૃત્યુના મુખમાં જઇ પડે છે, ત્યારે તેના અલ્પ જીવનના અલ્પ અનુભવને યોગે તે જે કંઇ સિદ્ધાંતો બાંધે તેને, તેમજ તેનાં સઘળાં વચન અને અનુમોદનને, અનંત જગતની અનંત

પ્રજાના દાર્શનિક સિદ્ધાંતો તેમજ નૈતિક સિદ્ધાંતોના પ્રમાણરૂપ માની લેવા, તેના જેવી બીજી કોઇ ભૂલ નથી. માત્ર એજ આધાર ઉપર દર્શન અને નીતિના સિદ્ધાંતોનું ધોરણ બાંધવામાં આવે, તો જગતના મહાન વિચારકો અને બુદ્ધિશાળી પુરૂષો કદિ પણ એવા પરિમિત વિચારોને વાસ્તવિક સત્યરૂપે ગ્રહણ કરી શકશે નહિ. બુદ્ધિશાળી પંડિતો તો એવા વ્યક્તિગત અનુમોદન કરતાં કંઇક વિશેષ આધારભૂત પ્રમાણોનેજ નૈતિક અને આધ્યાત્મિક નિયમો તેમજ વિચારોના બંધારણમાં વિશેષ મહત્ત્વ આપે છે. નૈતિક નિયમોના પ્રમાણરૂપે એવા બુદ્ધિશાળી પુરૂષો બુદ્ધિગ્રાહ્ય સિદ્ધાંતોનીજ વિશેષ અપેક્ષા રાખે છે; અને એકજ અદ્વિતીય, અનંત આત્માની સત્યજ્યોતિ વિના બીજે કયે સ્થળે સનાતન સત્યનાં દિવ્ય પ્રમાણો મળી શકે તેમ છે? એ મહાન સત્ય-એ અનંત આત્મજ્યોતિ તમારામાં, મારામાં અને આ સકળ સંસારમાં, વ્યક્ત તેમજ અવ્યક્તમાં, હૃદય તેમજ આત્મામાં, સમગ્ર બ્રહ્માંડમાં એકસરખી પ્રકાશી રહી છે. આત્માનો અનાદિ અનંત ભેદભાવજ સઘળા નૈતિક સિદ્ધાંતોનું સાક્ષાત્ અને શાશ્વત પ્રમાણ છે. એ અભેદભાવ સ્પષ્ટ સમજાવે છે કે તમે અને અમે માત્ર ભાઇઓજ નથી, પરન્તુ અભિન્ન એક આત્મરૂપજ છીએ. માનવજાતિને સ્વતંત્ર કરવાના પ્રાણતોડ પ્રયત્ન કરતા પ્રત્યેક સાહિત્ય સેવકના મુખમાંથી સર્વત્ર બંધુભાવ વિસ્તારવાનો ઉપદેશ તો આપણને ઠામ ઠામ મળે છે; નાનાં બાળકો પણ ભ્રાતૃભાવની બહુએ વાતો કરે છે; પરન્તુ વેદાંતનો એકાત્મભાવ કે જે એમ કહે છે કે આપણે બધા એકજ છીએ, જે કંઇ ભેદ જણાય તે માત્ર ભ્રમરૂપ છે; જ્ઞાનચક્ષુ ઉઘડતાં પ્રાણી, પદાર્થ અને સર્વ જગત પોતાના આત્મારૂપે અનુભવાય છે; એવો વિશ્વવિજયી સર્વશ્રેષ્ઠ સિદ્ધાંત તો માત્ર ભારતનાજ દર્શનશાસ્ત્રમાં ઝળહળી રહ્યો છે! સામાજિક કે વ્યાવહારિક, ઐહિક કે પારલૌકિક સર્વ પ્રકારની નીતિ અને સર્વોત્તમ ધર્મવિજ્ઞાનનો મજબૂત મૂળ પાયો એ સિદ્ધાંતશિરોમણી અભેદવાદજ છે. આપણા દેશના સામાજિક અત્યાચારથી દુષ્ટ વહેમ અને રૂઢિના પગ નીચે ચગદાતા સામાન્ય લોકોને એ દિવ્ય સિદ્ધાંત જેટલો ઉપયોગી અને ઉપકારક છે, તેટલોજ યૂરોપની સુધરેલી પ્રજાને પણ તે આવશ્યક અને ઉપકારક છે.

વાસ્તવિક રીતે જોતાં ઇંગ્લાંડ, જર્મની, ફ્રાન્સ અને અમેરિકામાં આજકાલ જે જે રાજનૈતિક અને સામાજિક ઉન્નતિના ઉપાયો યોજવામાં આવે છે, તે સર્વ પ્રયત્નોમાં અદ્વૈતવાદનો એ મહાન સિદ્ધાંતજ અવ્યક્તભાવે તેના મૂળ પાયારૂપે સ્વીકારાતો જાય છે. મારા મિત્રો! તમે લક્ષપૂર્વક જુઓ તો તમને જણાશે કે સાહિત્યક્ષેત્રમાં પણ સમગ્ર માનવજાતિને સ્વતંત્ર બનાવવાના વિચારવાળા સઘળા પાશ્ચાત્ય મહાપુરુષોનાં વચન તેમજ લેખનમાં, ઠામ ઠામ તમને વેદાંતની અભેદ-

ભાવનાના ઉચ્ચ આદર્શો પ્રકટ થતા જણાશે. ઘણાં ઉદાહરણોમાં લખનારા પોતે પોતાની પ્રેરણાનું મૂળ ક્યાં છે તે જાણી શકતા નથી, અનેક પ્રસંગોમાં લેખકો એવું સમજાવવાનો યત્ન કરતા જણાય છે કે તેઓ પોતેજ એવા ઉદાર વિચારોના શોધક અને પ્રતિપાદક છે; ત્યારે કેટલાક એવા સજ્જન, સાહસિક, મજબૂત મનના અને કૃતજ્ઞ પુરૂષો પણ મળી આવે છે કે જેઓ ભારતના વેદાન્તદર્શનનેજ પોતાના ઉદાર અભેદવાદના કારણરૂપે સ્વીકારી હિન્દના અદ્વૈતવાદ પ્રત્યે પોતાની ઉપકાર-વૃત્તિ જાહેર કરે છે.

બન્ધુઓ ! હું જ્યારે અમેરિકામાં હતો ત્યારે મારી સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી કે અદ્વૈતવાદનો હું સર્વત્ર બહુ વધારે પડતો પ્રચાર કરૂં છું, અને દ્વૈતભાવ કે ભક્તિમાર્ગનો હું ભાગ્યેજ ઉલ્લેખ કરૂં છું. તેમની આ ફરિયાદ ખરી છે. દ્વૈતભાવની પ્રેમલક્ષણા ભક્તિ, પ્રભુપ્રેમની પવિત્ર લીલા, અંતરના ઉંડાણમાંથી કરેલી ઉપાસના અને ભક્તિદર્શનની મહત્તા હું પૂરેપૂરી સમજું છું. ભક્તિમાર્ગ-દ્વારા પરમાત્માની જે ઉછળતા ભાવથી પ્રેમપૂજા કરવામાં આવે છે તેનો પ્રભાવ અતિ વિશાળ છે. દ્વૈતવાદીની પવિત્ર ભક્તિ પણ ઉછળતા આનંદ, સાત્વિક સુખ અને આન્તરિક આશીર્વાદોનું નિધાન છે. અલૌકિક પ્રેમનો મહિમા અપાર છે. તેનું ગગનવ્યાપી ગૌરવ મારાથી જરા પણ અજાણ્યું નથી, અર્થાત્ તેનું મહત્ત્વ અને તેની ઉપયોગિતા મને સર્વાંશે વિદિત છે; છતાં પણ પ્રિય બન્ધુઓ ! મારે સ્પષ્ટ કહેવું જોઇએ કે, આત્માનો અખંડાનંદ ભોગવતી વખતે ઘરના ખૂણામાં ભરાઇને રુદન કરવાનો આ સમય નથી, પ્રભુપ્રેમની વિરહવેદનાથી રડીને ઝુર્યા કરવાના દિવસો હવે જતા રહ્યા છે. આપણે ઘણો લાંબો સમય રુદન કર્યું છે. રાત્રિના સ્વામીસેવા પછી દિવસના પ્રકાશમાં પતિનાં વ્યવહાર–કાર્ય પણ સંભાળ-વાની એટલીજ જરૂર છે. દિવસનો જ્ઞાનભાનુ પ્રકાશ્યો છે. ગગનમંડળમાંથી પ્રચંડ સૂર્યપ્રકાશનો ઉદય થયો છે. એવે વખતે હૃદયના કોમલભાવથી રડીને ઘરના ખૂણામાં ભરાઇ બેસવું એ યોગ્ય નથી. ભક્તિનો કોમલ પ્રેમભાવ સેવતાં સેવતાં અને પ્રભુના વિરહમાં શેકાતાં શેકાતાં આપણે રૂની પૂણી જેવા પોચા બની ગયા છીએ. આપણો જુસ્સો, આપણી શક્તિ, આપણું ચેતન અને આપણો પ્રભાવ પ્રેમના વિરહમાં પીગળીને પાણીનું રૂપ ધારણ કરી ક્રમે ક્રમે વરાળ બનીને આપણું સકળ સામર્થ્ય અદ્રશ્ય થઇ ગયું છે. એવી કોમળતાને લીધેજ આપણે મુડદાં જેવા જડ અને નિષ્ક્રિય બની ગયા છીએ. સિંહરાશિનો ત્યાગ કરી આપણે તુલા અને કન્યારાશિ બનતા જઇએ છીએ. હવે જાગ્રત થઇને એ કોમળતા ઉપર લોખંડી કર્તવ્યનું કઠોર પાણી ચડાવો; કેમકે આ જમાનામાં આપણા દીન દેશને વજ્રના જેવા મજબૂત અને ગજવેલના તાર જેવા સખ્ત જ્ઞાનતંતુ-

ઓની જરૂર છે. કોઇથી પણ ન દબાય એવી પ્રબલ અને અસામાન્ય ઇચ્છાશક્તિની આપણા દેશને હાલ ઘણી જરૂર છે. આ વિશ્વના ગુપ્ત ભેદો તેમજ રહસ્યોને વિંધીને, જગતનું મર્મસ્થાન ભેદી આરપાર નીકળી જઇને પોતાનું કર્તવ્ય સફલ કરી શકે, તેમજ સાતમે પાતાળ ઉતરીને, સમુદ્રના તળીઆમાં પેસીને, ગગનની ટોચપર ચડીને અથવા મૃત્યુની સાથે હસતે ચહેરે હાથ મેળવીને પણ પોતાની કાર્યસિદ્ધિ કરી શકે, પોતાની પરમ પ્રાપ્તવ્ય વસ્તુને સહજમાં સાધ્ય કરી શકે, એવા અજેય સંકલ્પબળની આપણા દેશને ખાસ જરૂર છે. સર્વોત્તમ અનંતશક્તિ આપણને બીજે કોઇ ઠેકાણે મળી શકે તેમ નથી. વેદાન્તનો અદ્વૈતવાદજ તેનો ખરો ભંડાર છે. સર્વ પ્રાણિપદાર્થના અભેદભાવનો દિવ્ય આદર્શજ આપણા હૃદયમાં અતુલ શક્તિ ઉત્પન્ન કરી શકે છે, તેનો વિકાસ કરી શકે છે, અને તેને મેરૂના જેવી અચળ તથા મજબૂત બનાવી શકે છે. એ બ્રહ્માંડવ્યાપી અભેદભાવ વેદાન્તના અદ્વૈતવાદ સિવાય બીજે કયાં મળી શકે તેમ છે?

બન્ધુઓ! સંકલ્પબળ મેળવો. આત્મશક્તિની ઉપાસના કરો. આત્મનિષ્ઠા, આત્મશ્રદ્ધા દૃઢ કરો; પોતાની શક્તિમાં જેમ જેમ વિશ્વાસ વધતો જશે તેમ તેમ ઉન્નતિ તમારાં ચરણ ધોતી આવશે. મહાન પદ મેળવવાની, ઉન્નતિને શિખરે ચડવાની એજ માત્ર એક ચાવી છે. ભારતવાસી બન્ધુઓ! જો તમને તમારાં ધર્મશાસ્ત્રોમાં વર્ણવેલા તેત્રીસ કરોડ દેવતાઓમાં વિશ્વાસ હોય; વિધર્મી વિદેશી લોકોએ જે વિદેશી દેવતાઓની આ દેશમાં આમદાની કરી છે, તેમના ઉપર પણ તમને શ્રદ્ધા હોય; જલ, વૃક્ષ, કાષ્ઠ અને પાષાણમાં વસતા મૌનધારી દેવતાઓમાં પણ તમને નિષ્ઠા હોય; પરંતુ એ બધે વિશ્વાસ હોવા છતાંયે જો સર્વથી શ્રેષ્ઠ શક્તિમાન એવો તમારો જે આત્મા તેનામાં જો તમારો સંપૂર્ણ વિશ્વાસ ન હોય, તો નક્કી માનજો કે મુક્તિમાર્ગનાં બારણાં તમારે માટે સદા બંધજ રહેશે. મોક્ષ કે સ્વતંત્રતાના તમે કદિ પણ અધિકારી બની શકશો નહિ અને તમારી આત્મશ્રદ્ધાહીન સ્થિતિનું ભાવી પરિણામ વિનાશમાંજ આવશે. બન્ધુઓ! જો મોક્ષદ્વાર ખોલવાની અને ઉદ્ધાર પામવાની ઇચ્છા હોયતો પ્રથમ તમારા પોતાનામાં વિશ્વાસ રાખો. એ વિશ્વાસના વજ્ર પાયા ઉપર પગ ટેકવી, તમારા પોતાના બલ પર ઉભા રહેતાં શીખો અને તન, મન તેમજ આત્માથી બલવાન થાઓ. તમારી નસેનસમાં પ્રબળ આત્મશક્તિનો પ્રવાહ રેલાવો. અત્યારે ખાસ તેનીજ આપણને જરૂર છે. આપણે ત્રીશ કોટિ ભારતસંતાન સહસ્રાવધિ વર્ષો થયાં નિશ્ચેષ્ટ અને નિર્વીર્ય બનીને ભૂમિપર આળોટીએ છીએ, અને એ સહસ્ર વર્ષોમાં એક મુઠ્ઠીભર વિદેશી જનો આપણા દેહને પદદલિત કરી ગયા તેનું કારણ માત્ર એટલુંજ છે કે એ બલવાન વિદેશી જનોને પોતાની આત્મશક્તિમાં સંપૂર્ણ વિશ્વાસ હતો. એથીજ આપણે

અધઃપતન થયું છે. પાશ્ચાત્ય દેશોમાંથી હું શું શીખી આવ્યો છું ? ખ્રિસ્તીધર્મ મનુષ્યજાતિને મહાપાપી, પતિત અને સર્વદા પશ્ચાત્તાપને માટેજ યોગ્ય હોય એમ જણાવે છે; છતાં એ ઉપરચોટિયાં પોકળ વચનોની પાછળ પશ્ચિમની બળવાન પ્રજાના હૃદયમાં મેં શું જોયું ? યૂરોપ અને અમેરિકાની પ્રજાના સર્વ મનુષ્યોને પોતાની શક્તિપર અડગ વિશ્વાસ રાખતાં મેં જોયા. ઇંગ્રેજનો એક નાનો છોકરો પણ તમને નિડરતાથી કહેશે કે–"હું ઇંગ્રેજ બચ્ચો છું, હું જે કંઇ ચાહું તે કરી શકું તેમ છું." એવીજ રીતે યૂરોપની અને અમેરિકાની આબાલવૃદ્ધ પ્રજા દૃઢ આત્મવિશ્વાસી છે. શું આપણા દેશના છોકરા એવાંજ નિડર વચનો કહી શકશે ? આપણામાંથી કોઇ પણ મનુષ્ય એવો દૃઢ આત્મવિશ્વાસ બતાવી શકે તેમ છે ? ના, જરા પણ નહિ. છોકરા તો શું પણ છોકરાના બાપદાદાના હૃદયમાં પણ એવું આત્મબળ નથી. આપણે નિર્માલ્ય બની ગયા છીએ; એટલા માટેજ વેદાન્તના અદ્વૈત વિચારોનો જોર–શોરથી પ્રચાર કરીને દુર્બલ માનવજાતિના હૃદયને જાગ્રત કરવાની અને તેમના અજરામર આત્માનો મહિમા તેમની આંખ સામે પ્રકટ કરવાની હાલ ખાસ જરૂર છે. મારી માન્યતા પ્રમાણે પ્રબલ અભેદભાવના વિચારો દૃઢ થયા વિના ભારતનો કદિ પણ ઉદ્ધાર થવાનો નથી; એટલામાટેજ હું વેદાન્તનો પ્રચાર કરૂં છું; એટલા માટેજ હું અદ્વૈતનો ઉપદેશ આપું છું; અને લક્ષ્યમાં રાખજો કે શંકરના અદ્વૈત મતની દૃષ્ટિથી નહિ, પણ આત્મશક્તિનો સામાન્યભાવે સાક્ષાત્કાર કરાવવાની ઇચ્છાથીજ અને સમગ્ર જગત તેને ગ્રહણ કરી શકે એ હેતુથીજ હું તેનો પ્રચાર કરૂં છું. અદ્વૈતવાદનો પ્રચાર એવી સમાધાનકારક રીતે થઇ શકે એમ છે કે, જેથી દ્વૈતવાદી તેમજ વિશિષ્ટવાદીને કશી પણ હાનિ ન પહોંચી શકે; અને સઘળા મત-મતાંતરોની પરસ્પર સમતા સારી રીતે જળવાઇ રહે. ભારતમાં એવો કોઇ પણ સંપ્રદાય નથી કે જે ઇશ્વરની સર્વવ્યાપકતાને માનતો ન હોય. પરમાત્મા ઘટઘટમાં વ્યાપી રહ્યા છે, તેમનીજ ઇશ્વરીશક્તિ સર્વ પ્રાણી–પદાર્થની ગતિ–સ્થિતિના કારણરૂપ છે, અને તે સર્વમાં ઇશ્વરનો નિવાસ છે,એવો હિન્દના પ્રાયઃ સઘળા સંપ્રદાયોનો અભિપ્રાય છે; તેમાં પણ જેટલા વેદાન્તી સંપ્રદાયો છે, તે સઘળા એકમતે સ્વીકાર કરે છે કે આત્મા તો પ્રથમથીજ પરમપવિત્ર, અતુલ શક્તિવાન અને પરિપૂર્ણ છે. કોઇ કોઇ સંપ્રદાયનો એવો અભિપ્રાય છે,કે જીવાત્માની એ સ્વાભાવિક પૂર્ણતા અમુક વખતે સંકુચિત થઇ જાય છે અને અમુક વખતે પાછી સંપૂર્ણ વિકાસને પામે છે. આટલો મતભેદ હોવા છતાં વેદને પ્રમાણ માનનારા સઘળા સંપ્રદાયો એટલું તો નિશ્ચયપૂર્વક માને છે કે સકળ શક્તિઓની પૂર્ણતા આત્મામાંજ રહેલી છે. વેદાન્તના અદ્વૈતવાદ અનુસાર તેનો કદિ પણ સંકોચ તેમ વિકાસ પણ થતો નથી; પરન્તુ તેની શક્તિનો ક્રમાનુસાર આવિર્ભાવ અને તિરોભાવ

થયા કરે છે. અજ્ઞાનના આવરણના યોગે અમુક સમય સુધી તેની સંપૂર્ણ શક્તિ અવ્યક્ત અને અપ્રકાશિત થાય છે. આ બન્ને ભિન્ન ભિન્ન અભિપ્રાયોની તુલના કરી જોવાથી જણાય છે કે પરિણામની દૃષ્ટિએ તો તે બન્ને મત લગભગ એકસમાન છે; અર્થાત્ દ્વૈતવાદ કે અદ્વૈતવાદમાં વિશેષ તફાવત જણાતો નથી. કદાચ એક સંપ્રદાયના સિદ્ધાંતો કંઇક વિશેષ વિચારયુક્ત અને યુક્તિસંગત જણાશે; પરન્તુ પરિણામની દૃષ્ટિએ તેના વ્યાવહારિક હાનિ-લાભમાં બન્નેની પ્રાયઃ સમાનતાજ છે. એ મહાન સત્ય તેમજ કેન્દ્રરૂપ ઉદાર સિદ્ધાંતની જગતને આજે બહુ મોટી જરૂર છે;તેમાં પણ વિશેષ કરીને આપણી આ પુનીત માતૃભૂમિમાં આધુનિક સમયમાં તો તેની અનિવાર્ય આવશ્યકતા છે;મારા સન્મિત્રો ! તમને કેટલુંક કઠોર અને તીવ્ર સત્ય સંભળાવવાની પણ મારી ઇચ્છા છે.વર્તમાનપત્રોમાં હું અનેક વાર વાંચું છું કે જ્યારે આપણા ગરીબ દેશવાસીમાંથી કોઇની સાથે અમુક યૂરોપિયનને અયોગ્ય વ્યવહાર જાહેરમાં આવે છે, અથવા કોઇ મગરૂર પાશ્ચાત્ય વ્યક્તિને હાથે આપણા કોઇ ગરીબ દેશવાસીનો વિના કારણે ઘાત થયેલો જણાય છે, ત્યારે આપણા લોકો સમગ્ર દેશમાં ધાંધલ મચાવી મૂકે છે. એવા પ્રસંગ જ્યારે હું વાંચું છું ત્યારે હું દુઃખી થાઉં છું, પણ બીજીજ પળે મારા અંતઃકરણમાં પાછો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે એવા કુટિલ વ્યવહાર અને ત્રાસની જવાબદારી કોને શિર છે ? એક વેદાન્તી તરીકે એ પ્રશ્નની જવાબદારી હું પોતે મારા માથાપર મૂકું છું. હિન્દુધર્મનો આન્તરિક સ્વભાવ વસ્તુમાત્રને આધ્યાત્મિક દૃષ્ટિથી જોવાનો છે, એથી હું એ પ્રશ્ન મને પોતાનેજ પૂછું છું કે, નિર્દોષની હત્યા તેમજ કુટિલ વ્યવહારને માટે વિશેષ દોષપાત્ર કોણ છે ? તરતજ મારા અંતરાત્મામાંથી જવાબ મળે છે કેઃ- “એવા બનાવના' નિમિત્ત કારણરૂપે યૂરોપિયન દોષપાત્ર નથી. આપણી સાથે કરવામાં આવતા અસદ્વ્યવહારને માટે તેઓ બિલ્કુલ જવાબદાર નથી. આપણી ભયંકર અધોગતિ, આપણી વિવિધ આપત્તિ અને આપણા વિષમ વિનિપાતને માટે આપણે આપણે ને આપણેજ દોષપાત્ર છીએ. ” આપણા મધ્યકાલીન મદમસ્ત પૂર્વજો, પોતાની સત્તાના મદનેલીધે અંધ થએલા એ પૂર્વ પુરૂષો આપણા દેશના સામાન્ય જનસમાજને પોતાના ચરણતલ નીચે ચગદીને આજસુધી તેમની સાથે એવો કુટિલ વ્યવહાર કરતા આવ્યા છે કે, ગરીબ અને સામાન્ય પ્રજાવર્ગ છેકજ અસહાય નિરાધાર હાલતમાં આવી પડયો; અને ચોમેર ચાલી રહેલા તુમુલ તોફાનમાં અસહ્ય ત્રાસ વેઠતા આપણા દીન દેશીઓનું એવું પ્રબલ પેષણ થવા લાગ્યું કે તેઓ પોતે મનુષ્ય પ્રાણી છે, એવું પણ ભૂલી ગયા ! અનેક શતકોસુધી તેઓ બિચારા વનમાંથી લાકડાં કાપી લાવવાનું અને કૂવામાંથી પાણી ખેંચવાનું કામજ કરતા રહ્યા છે. ઉન્નત વ્યવહાર અને જીવનનું તેમણે કદિ સ્વપ્ન પણ ભોગવ્યું

નથી. તેઓ જન્મથીજ દાસાનુદાસ કે અધમ ગુલામ હોય અને પાણી ભરવા કે લાકડાં કાપવાનેજ જન્મ્યા હોય, એવી માન્યતાની તેમનાપર શિરજોરીથી ફરજ પાડવામાં આવે છે. આધુનિક કેળવણીને માટે આપણે અભિમાનથી ગમે તેટલા ફુલાઇ જતા હોઇએ, પરન્તુ ઉચ્ચ શિક્ષણને પ્રતાપે હૃદયની જે ઉદારતા થવી જોઇએ તેનો આપણામાં એક પણ અંશ નથી. શુદ્રાતિશુદ્ર ગણાતા અસ્પર્શ્ય જાતિના આપણાજ દેશવાસી ગરીબ બંધુઓને માટે જ્યારે કોઇ પણ દિશામાં દયા, મમતા અને લાગણીના એ શબ્દ સાંભળવામાં આવે છે, ત્યારે તરતજ આપણા ધર્મઢોંગી મહાપુરૂષોને તિરસ્કારથી પાછા હઠતા જોઇ મારૂં હૃદય ચીરાઇ જાય છે. એ હલકી જાતિના મનુષ્યોને ઉન્નતિના માર્ગમાં આગળ વધારી ઉદ્ધાર કરવાના આપણા કર્તવ્યમાંથી–તેમને નિષ્કારણ ચરણતલ નીચે ચગદાઇ જતી સ્થિતિમાંથી બચાવી લઇ તેમનું કલ્યાણ કરવાના ઉદાર કર્તવ્યમાંથી, જે ભારતવાસીઓ પાછા હઠે છે, તેઓજ આપણા ઉપર ચાલેલા વિદેશી અત્યાચારને માટે દોષિત છે; એટલુંજ નહિ પણ વિશેષમાં મને એમ પણ લાગે છે કે પશુવૃત્તિવાળા જે રાક્ષસી વિચારો-વડે વંશપરંપરાની શ્રેષ્ઠતાનો દાવો ધરવામાં આવે છે, અને એ પક્ષપાતી દુષ્ટ દાવાથી ઈશ્વરનાંજ સંતાનો અને ખાસ પોતાનાજ દેશબંધુઓને છેક હલકા ગણી તેમની છાયાથી પણ દૂર રહેવામાં આવે છે, એ મહાપાપનેજ પ્રતાપે બાહ્ય દેશો-માંથી પશુવૃત્તિ અને ત્રાસજનક અત્યાચારોના પ્રવાહ આવે છે. અમેરિકામાં જે મહાન ધાર્મિક પરિષદ્ ભરાઇ હતી ત્યાં વિવિધ ધર્મ અને વિવિધ જાતિના પ્રતિ-નિધિઓમાં આફ્રિકાની નીગ્રો જાતિનો એક યુવક મારી નજરે પડયો; અને આશ્ચ-ર્યની વાત તો એ છે કે આફ્રિકાના એ કાળા નીગ્રોએ એ મહાસભામાં એક સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. એ ચંચલ અને ઉત્સાહી યુવકમાટે મને કુતૂહલ ઉત્પન્ન થયું અને તેના વિષે કંઇક વિશેષ જાણવાની જિજ્ઞાસા પ્રદીપ્ત થઇ. વચ્ચે વચ્ચે થોડો સમય મેં તેની સાથે વાતચિત કરી; પરન્તુ તેના જીવનવૃત્ત સંબંધી એક બ્રહ્માક્ષર પણ મારા જાણવામાં આવ્યો નહિ. એ પ્રસંગને કેટલોક સમય વીતી ગયા પછી જ્યારે હું ઈંગ્લાંડમાં હતો ત્યારે કેટલાક અમેરિકાવાસી સદ્ગૃહ-સ્થોની સાથે મને મેળાપ થયો. તેમણે એ નીગ્રો યુવકના સંબંધમાં મને આ પ્રમાણે હકીકત જણાવી:–"એ ચંચલ નીગ્રો યુવકનું કુટુંબ મધ્ય આફ્રિકામાં રહેતું હતું. એનો પિતા નીગ્રો જાતિના એક ટોળા ઉપર સરદારી ભોગવતો હતો. દૈવવ-શાત્ એક બીજા બલવાન નીગ્રો સરદાર સાથે તેના પિતાને વિરોધ થયો. બન્ને વચ્ચે અમુક સમય સુધી વૈર અને દ્વેષવડે પ્રકટેલા ક્રોધાગ્નિને પરિણામે યુવકનો પિતા દુશ્મનના કાવા–દાવાનો ભોગ થઇ પડયો. રાક્ષસવૃત્તિના બલવાન નીગ્રો સરદારે તેના પિતાની સાથે, તેની માતાનું પણ ખૂન કર્યું; અને એ દુષ્ટોના

હાથમાં ભોગ થઇ પડેલાં દંપતીને એ દુષ્ટો કાપી રાંધીને ખાઇ ગયા. તેમના એકના એક છોકરાને પણ પકડી રાંધીને તેની મીજબાનીઓ ઉડાવવાની ગોઠવણ ચાલતી હતી; પરન્તુ પ્રભુકૃપાએ છોકરો તેમના હાથમાંથી નાશી છૂટયો અને અનેક વિષમ વિપત્તિઓ વેઠતો સેંકડો કોશના સખ્ત પ્રવાસનું ભયંકર સંકટ સહન કરતો કરતો, ઠામ ઠામ લપાતો-છૂપાતો સમુદ્રકિનારે આવી પહોંચ્યો. ત્યાં પ્રભુ-કૃપાથી અમેરિકાની એક આગબોટ ઉપર તેને ઉંચકી લેવામાં આવ્યો. એજ આગ-બોટમાં તેને અમેરિકાસુધી લાવવામાં આવ્યો હતો." મનુષ્યાહારી નીચ જાતિમાંથી ઉત્પન્ન થએલા એજ યુવકે અમેરિકાની ધર્મસભાની રંગભૂમિ ઉપર સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. આવા પ્રસંગો જોયા પછી તમારી વંશપરંપરાની શ્રેષ્ઠતામાટે અને તમે પોતે પોતાને હાથે ધારણ કરી લીધેલી મહત્તાને માટે મારે શું વિચારવું ? જો વંશપરંપરાની ને જન્મથી માની લીધેલી શ્રેષ્ઠતાને યોગે એક ચંડાલ અથવા પેરિયા કરતાં વેદાધ્યયન કરવામાં બ્રાહ્મણોનો અધિકાર વિશેષ હોય, તો એ બ્રાહ્મ-ણોના શિક્ષણમાટે રાતી પાઇ પણ ખર્ચવી તે મહાપાપ છે; અને તેને બદલે પ્રભુના જ્ઞાન અને પ્રકાશથી વંચિત રહેલા, અતિ શૂદ્ર અને અધમ લાચાર લોકોને શિક્ષણ આપવામાં તથા તેમના પ્રત્યેક અપવિત્ર ઝુંપડાને પ્રભુના પ્રકાશથી પવિત્ર કરવામાં મહાન પુણ્ય સમાએલું છે. જો દાન આપવુંજ હોય તો દીન અને દુઃખી-નેજ આપો; કેમકે તેમને તમારા દાનની ખાસ જરૂર છે. તેઓ તમારા દાનનો ઉત્તમ ઉપયોગ કરી શકશે અને તેમના આશીર્વાદથી તમારૂં પરમ કલ્યાણ થશે. બ્રાહ્મણ જન્મથીજ વેદનો અધિકારી હોવાથી અને માતાના ગર્ભમાંથીજ બુદ્ધિ-શકિત સાથે લાવેલો હોવાથી, તમારી સહાય કે તમારા દાન વગરજ પોતાના સ્વાભા-વિક શકિતપ્રભાવે યથેચ્છ શિક્ષણ લઇ શકશે. હલકી જાતિમાં જન્મ પામનારા જન્મ-થીજ એવા બુદ્ધિશાળી ન હોય તથા ઉત્તમ અધિકાર લઇને જન્મ્યા ન હોય, તેથી તો તેમનેજ શિક્ષણ અને શિક્ષકની વિશેષ આવશ્યકતા છે. એ બન્ને સાધન તેમને વિશેષભાવે હૃદયપૂર્વક પૂરાં પાડો. મારી સમજણ પ્રમાણે એજ યોગ્ય વિચાર અને ન્યાય છે. આપણા દેશના હલકી જાતિના ગરીબ અને દુઃખી લોકો, પક્ષપાત અને ત્રાસ નીચે ચગદાતાં આપણી ભારતમાતાનાં દીન સંતાનો, તેમને યોગ્ય શિક્ષણ આપી, સંપૂર્ણ સહાય કરી, તેમનું યથાર્થ સ્વરૂપ સમજાવી તેમનો ઉદ્ધાર કરવામાં જે પુણ્ય સમાએલું છે, તેની સાથે જગતના બીજા કોઇ પણ પુણ્યને સરખાવી શકાય તેમ નથી. બંધુઓ ! જન્મના કે જાતિના, ધર્મ કે દેશના કશા પણ મતભેદ-વિના, નિર્બલ કે સબલ, શ્રીમાન તેમજ ગરીબ, પ્રત્યેક સ્ત્રી, પુરૂષ કે બાલકને ખુલ્લા હૃદયથી સંભળાવો ને શિખવો કે, સબળ તેમજ નિર્બળની પાછળ, ઉંચ તેમજ નીચની પાછળ, અમીર તેમજ ફકીરની પાછળ, મનુષ્યમાત્રની પાછળ, તેના

સ્થૂલ શરીરના પડદા પાછળ એજ સર્વવ્યાપી અનંત આત્મા વિલસી રહ્યો છે; અને એ આત્માને પ્રભાવે પ્રાણીમાત્રને શ્રેષ્ઠ અને મહાન થવાનો સંપૂર્ણ અધિકાર છે. પ્રભુપદની પૂર્ણતાને પામવાનો પ્રાણીમાત્રને એક સરખો હક્ક છે. આત્મશક્તિ અને ચેતનસત્તાનો વારસો નિષ્પક્ષપાત પરમાત્મા તરફથી સર્વને એકસરખોજ મળેલો છે. એ નિષ્પક્ષપાત આદર્શને અંતરમાં ઉતારી પ્રત્યેક આત્માને નિષ્પક્ષપાત બુદ્ધિવડે ઉદ્‌ઘોષ કરી મહાન વેદમંત્ર સંભળાવો કે:–" **उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत** । ઉઠો, જાગ્રત થાઓ અને પરમ પ્રાપ્તવ્યની પ્રાપ્તિ થાય ત્યાંસુધી ઉત્સાહથી આગળ વધો." જડ નિદ્રાને લાત મારી દૂર કરો. પ્રમાદના યોગમાં પુરૂષાર્થ બલથી ઉપાડો અને દીનતા તેમજ દુર્બલતાની જાદુઈ નિદ્રામાંથી જાગી ઉઠો. તમારી અનંત શકિત તરફ નજર કરો. વાસ્તવિક રીતે કોઇ પણ નિર્બળ અથવા નિર્માલ્ય નથી. પ્રત્યેક વ્યકિતના અંતરાત્મામાં સર્વોત્તમ, સર્વવ્યાપી અનંત આત્મશકિત સ્વાભાવિક રીતેજ ભરપૂર રહેલી છે; માટે નિદ્રાને ખંખેરી ઉત્સાહભેર જાગ્રત થાઓ. તમારા સ્વરૂપનો નિશ્ચય કરો. તમારી પોતાની પ્રબલ શકિતની અજમાયશ કરો અને તમારા હૃદયમાં વિરાજતા પરમાત્માને પ્રકટ કરો. પાછા હઠીને, દીનતા બતાવીને, ભીરૂ બનીને તમારી પોતાની આત્મશકિતનું વિસ્મરણ ન કરો. આપણી પ્રજામાં બહુ લાંબા સમય થયાં પ્રબલ પ્રમાદ, અનંત આલસ્ય, નિષ્ક્રિય જડતા, અપાર દુર્બલતા, દીનતા અને પ્રબળ મોહવિકાર પોતાનો અધિકાર જમાવી રહ્યાં છે. આધુનિક હિન્દુ બંધુઓ ! તમારા ઉપર ફેલાએલી મોહજાલને કાપી નાખો. જડ પ્રમાદની મોહક મંત્રશકિતએ તમારા હાથ–પગમાં અશકિતની જે લોખંડી બેડીઓ નાખેલી છે તેને કર્તવ્યના વજ્રથી છિન્ન ભિન્ન કરી નાખો; અને આ સંસારમાં પૂર્ણ સ્વતંત્ર–મુકત બનીને સનાતન ધર્મના દિવ્ય માર્ગમાં આગળ વધો. તમારાં સર્વ બંધનોને દૂર કરવાનો ઉપાય તમારાં પોતાનાં પવિત્ર શાસ્ત્રોમાંજ છે. પ્રથમ તમે પોતે આત્મવિશ્વાસપૂર્વક આત્મસ્વરૂપ પ્રાપ્ત કરો; અને પછી વ્યાવહારિક આત્મજ્ઞાની બનીને હિન્દુ જનસમાજને સર્વશકિતપૂર્ણ આત્મસ્વરૂપ તેમજ આત્મસ્વભાવનો ઉપદેશ આપો. એ આત્મશકિત કેવી રીતે જાગ્રત થાય છે તેની દિવ્યજ્યોતિનાં દર્શન કરાવવામાટે પ્રબલ નિદ્રાના ઘોર ઘેનમાં ઘેરાએલા દેશવાસીઓને જાગ્રત કરો. વેદાન્તના ડંકા વગાડી તેમની કુંભકર્ણના જેવી ઘોર નિદ્રાનો ભંગ કરો. જ્યારે જાગ્રતિ આવશે અને પ્રમાદની નિદ્રામાં પ્રસુપ્ત થએલો દેશનો આત્મા પ્રબુદ્ધ બનીને પોતાના સ્વરૂપનો પ્રભાવ સંપૂર્ણ સમજી શકશે, ત્યારેજ પૂર્વનું ગૌરવ પાછું પ્રાપ્ત થશે; ત્યારેજ સર્વ પ્રકારની મહાશક્તિઓ પોતાની મેળે પાછી આવશે; અને ત્યારેજ મહીતલમાં આ ભારતવર્ષ પોતાનો મહિમાધ્વજ પુનઃ ફરકાવશે. સાધુતા અને સાત્વિકતા, પવિત્રતા અને

ઉદારતા, તેમજ જે કંઇ સાત્ત્વિક સુખરૂપ સર્વનું કલ્યાણસાધક છે, તે પોતાની મેળેજ સમગ્ર બ્રહ્માંડમાંથી એકઠું થઇને તમારી આત્મશક્તિના કેન્દ્રસ્થાનમાં અનાયાસે હાજર થશે. તમારી જે જે ઉચ્ચ ભાવના છે, તે સર્વ સફલ થશે; તમારી સઘળી માગણીઓ તમને પોતાની મેળે મળી રહેશે. ઉપનિષદ્‌ના સર્વોત્તમ સારરૂપ શ્રીકૃષ્ણની ઉપદેશવાણી ગીતાજીમાં પણ સત્ત્વ અને સારરૂપ આ બે શ્લોકો પ્રબળ જુસ્સાથી સર્વોત્તમ પદપરથી ધસી આવતા મને જણાય છે. એ શ્લોકો કેવા બલપ્રદ અને કેવા સાહસિક ઉદારભાવને જગાડનારા છે, તેનો તમે પોતેજ વિચાર કરી લો. સાંભળોઃ—

" **समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।**
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ॥
समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥ "

અર્થાત્ " સર્વ નાશવંત પ્રાણી–પદાર્થોમાં, જે મનુષ્ય અવિનાશી પરમેશ્વરને સમભાવે વ્યાપી રહેલા જુએ છે, તેજ યથાર્થ જોઇ શકે છે; કારણ કે સર્વત્ર–સર્વ જડ ચૈતન્યમય બ્રહ્માંડમાં–ઈશ્વરને સમાનભાવે વ્યાપી રહેલા જોઇને આત્માદ્વારા તે આત્માની હિંસા કરતો નથી, અને એવી અહિંસાયુક્ત સમાન વૃત્તિથી તે અનાયાસે પરમ ગતિને પામે છે, અંતિમ લક્ષની સહજમાં પ્રાપ્તિ કરી શકે છે. "

આ ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે વેદાન્તદ્વારા આ દેશમાં તેમજ અન્યત્ર વિશાળ રીતે લોકહિત તેમજ જનસેવા સાધી શકાય છે. આ લોક તેમજ પરલોકની સદ્‌ગતિ સહજમાં મેળવી શકાય છે. માનવજાતિનું આ જગતમાં હિત કરવાનો વેદાન્ત જેવો બીજો કોઇ પ્રબળ માર્ગ નથી. આ દેશમાં તેમજ બીજા સર્વ દેશોમાં માનવજાતિના ત્રિવિધ તાપ દૂર કરવામાટે અને તેમનો ઉત્તરોત્તર ઉત્કર્ષ કરવામાટે, સર્વશક્તિમાન પરમાત્માની સર્વત્ર એકસરખી રીતે વ્યાપી રહેલી આત્મસત્તાના અદ્‌ભુત સિદ્ધાંતયોગે પ્રાણિમાત્રના કલ્યાણનો વેદાન્તધર્મ સર્વત્ર વિસ્તારવો જોઇએ. જ્યાં જ્યાં દુષ્ટતા અથવા અનિષ્ટ નજરે પડે, જ્યાં જ્યાં અજ્ઞાનનો અંધકાર ફેલાએલો હોય, તેમજ જ્યાં જ્યાં દુઃખ, દરિદ્રતા અને દીનતા વ્યાપી રહ્યાં હોય, ત્યાં ત્યાં એ બધી દુર્દશા માત્ર ભેદબુદ્ધિ, પરસ્પરના અભાવ, વિરોધ અને કુસંપને લીધેજ થએલી હોય છે, એવું આપણાં શાસ્ત્રોમાં સ્પષ્ટ કહેલું છે; અને મારા જાતિ અનુભવથીજ આપણા એ સિદ્ધાંતને પરિપૂર્ણ પુષ્ટિ મળી છે. બીજી તરફ સર્વત્ર સમાનભાવ અને અભેદબુદ્ધિ રાખવાથી તેમજ ભિન્ન ભિન્ન જણાતા આ સકલ પ્રાણી–પદાર્થોમાં વાસ્તવિક એકજ પરમસત્તા વ્યાપી રહી છે, એવો દૃઢ વિશ્વાસ ધારણ કરવાથી ત્રણે પ્રકારના તાપ–સંતાપ નષ્ટ થાય છે. દુઃખ,

દીનતા અને દારિદ્ર દૂર થાય છે, અને સર્વ પ્રકારનાં સર્વના પરમ કલ્યાણનાં દ્વાર ઉઘડી જાય છે. વેદાન્તનો આજ ઉંચામાં ઉંચો આદર્શ છે. વેદાન્તભાવનાનું આજ સર્વોત્તમ ફલ છે.

બન્ધુઓ! માત્ર ધાર્મિક શ્રદ્ધા કે વિશ્વાસથી ઉંચો આદર્શ ધારણ કરવો એ એક સામાન્ય વાત છે, પણ પોતાના હમેશના ચાલુ જીવનની ઝીણી-મોટી પ્રત્યેક બાબતોમાં એજ ઉચ્ચ આદર્શ અનુસાર વર્તન કરવું; મનસા, વાચા, કર્મણા, નિજત આદર્શના ઉચ્ચતમ શિખરપર ચડવાનો નિયમિત પુરૂષાર્થ કરવો એજ ઘણી મહત્ત્વની વાત છે. પ્રતિભા અથવા કલ્પનાના યોગે એકાદ ઉંચો આદર્શ આંકી બતાવવો એજ સારી વાત છે. એવી પ્રતિભા ખરેખર પ્રશંસાપાત્ર છે. આપણી પ્રજા એવા ઉંચા આદર્શો આજે હજારો વર્ષથી આંકતી આવી છે; પરન્તુ તેમની દિવ્ય ચેતનાને પોતાના જીવન અને વર્તનમાં નસે નસમાં વહેતી કરી આરંભેલા ઉચ્ચ આદર્શોને પહોંચી વળવાના વ્યાવહારિક પ્રયત્નો ક્યાં છે? પોતાના કર્તવ્યોમાં એજ આદર્શોને ખડા કરવાનો દઢતાપૂર્વક ઉપાય કોણ કરે છે?

અહીં સ્વાભાવિક રીતે ગુંચવણ ભરેલો એક કઠિન પ્રશ્ન ઉપસ્થિત થાય છે. એ પ્રશ્ન આપણા દેશમાં હજારો વર્ષથી ચર્ચાતો સામાજિક સુધારો અને જ્ઞાતિ-વ્યવસ્થાનો છે. હું તમને અહીં સ્પષ્ટ કહું છું કે હું એ પ્રકારનો સામાજિક સુધારક નથી, તેમ જ્ઞાતિબંધનનો વિરોધી પણ નથી. તમારી જ્ઞાતિઓના ઝગડા સાથે અથવા તમારા કહેવાતા સામાજિક સુધારાના પ્રયત્નો સાથે મારે વિશેષ સંબંધ નથી. જે જ્ઞાતિ અથવા જે વર્ણસ્થિતિમાં તમારી ઇચ્છા હોય તેમાં સુખેથી રહો, કોઇ તમને પ્રતિબંધ કરતું નથી; પણ એથી બીજી જ્ઞાતિ કે બીજા મનુષ્યોનો તિરસ્કાર કરવાનું તમને શું કારણ છે? તમારી જ્ઞાતિ, તમારો ધર્મ, તમારો મત અને તમારૂં સ્વાભિમાન જેમ તમને પ્રિય છે, તેમજ દરેક મનુષ્યને પોતપોતાનું મંતવ્ય અને સામાજિક બંધારણ પ્રિય હોય છે. તમારા દૃષ્ટિબિંદુથી જેમ તમે પોતાની પરિસ્થિતિ ઘડો છો, તેમજ દરેક પ્રાણી પોતાના દૃષ્ટિબિંદુથી પોતાનું જગત રચે છે. તમારૂં તમારે માટે સારૂં છે, મારૂં મારે માટે સારૂં છે અને બીજાનું બીજાને માટે સારૂં છે. મારૂં સારૂં અને તમારૂં નઠારૂં એમ કહેવાનો મને શો હક્ક છે? મિથ્યાભિમાનથી દૂર રહો, અભાવ અને ધિક્કારથી પણ દૂર રહો; કારણ કે ધિક્કારથી ધિક્કારજ મળશે અને પ્રેમથી પ્રેમ મળશે. સમગ્ર જગતમાં હું માત્ર પ્રેમ અને અભેદભાવનોજ પ્રચાર કરૂં છું. પ્રેમનો પ્રચાર એજ મારો મહદ્ધર્મ છે. મારા ઉપદેશ અને ધર્મશિક્ષણનો પાયો આત્માની વિશ્વવ્યાપકતા, સમભાવ અને અભેદભાવના મહાન વેદાન્તસિદ્ધાન્તોના આધારપરજ રચાયો છે. લગભગ સોએક વર્ષ થયાં આપણા દેશ ઉપર કપોલકલ્પિત, તેમ કોઇ ઠેકાણે શાસ્ત્રીય સામાજિક સુધા-

રણાનાં વિવિધ સ્વરૂપોની ભરતી ચઢવા માંડી છે. ઠામ ઠામ નવા નવા રૂપમાં સામાજિક સુધારાની દરખાસ્તો રજુ થાય છે, અને અનુકૂલ-પ્રતિકૂલ સંયોગોમાં વિકાસ કે સંકોચ પામતી જાય છે. આજના એ સુધારકોનો કંઇ પણ દોષ કાઢવાનું મારે કંઇ અંગત કારણ નથી. મારી માન્યતા પ્રમાણે તેમાંના ઘણા શુદ્ધ હૃદયથી કામ કરનારા, દેશની દાઝ ધરાવનારા અને પોતે હાથે ધરેલા કાર્યને સારી રીતે સમજનારા છે, અને અમુક અંશે તેમના હેતુ અને ઉદ્દેશો પ્રશંસાપાત્ર પણ છે; પરન્તુ એ સો વર્ષ દરમિઆન સામાજિક સુધારાને નામે જે અગણિત યત્નો થયા છે અને થાય છે, તેનું કંઇ સ્થાયી, ઉપકારક અને મૂલ્યવાન પરિણામ સમગ્ર દેશના કોઇ પણ ભાગમાં આજસુધી પ્રકટયું હોય એમ જણાતું નથી; તેમ એવા પ્રયત્નોને જન-સમાજ વધાવી લેવાને તત્પર હોય એમ પણ જણાતું નથી. જાહેર અથવા સાંપ્રદાયિક રંગભૂમિઉપર ખુલ્લી હવામાં અથવા કોઇ સંસ્થાના મંદિરમાં ઠામ ઠામ હજારો સભાઓ ભરાય છે; જોરશોરથી જાહેર ભાષણોના ધ્વનિ કર્ણપટપર અથડાય છે કે નવું જણાતું વિદેશી બધું સારૂં, સંગ્રહવા લાયક અને હૈયાનો હાર કરી રાખવા જેવું છે; પરંતુ મારે સખેદ કહેવું પડે છે કે આપણી આજની ઘણી ખરી સુધારક ચળવળો વિચાર વગરના તારતમ્યહીન પાશ્ચાત્ય અનુકરણમાંજ સમાઇ રહી છે. આપણા દેશ, કાળ અને સ્થિતિને ઘણી રીતે લાગુ ન પડે તેવી પાશ્ચાત્ય કાર્યપદ્ધતિ અને આચાર-વિચારોને આંધળી આંખે સ્વીકારીને આપણા પ્રજાવર્ગમાં પ્રચલિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે; પરન્તુ ભારતમાં એવા અવિચારી આચાર-વિચારના પ્રયત્નો કદિ પણ સ્થાયી રૂપ ધારણ કરી શકશે નહિ. દૂરદર્શિતાથી દેશ-કાળ-સ્થિતિ તપાસી, હિતાહિત પરિણામનો પૂર્ણ વિચાર કરીને, આપણા ગરીબ દેશ અને આપણી સારી સ્થિતિને બંધબેસતા આવે એવાજ સુધારા અને રિવાજો જ્યાંસુધી હાથ ધરવામાં નહિ આવે, ત્યાંસુધી આપણાં બધાં આધુનિક સામાજિક આંદોલનો વંધ્યત્વ સ્થિતિમાંજ રહેશે. એનું સારૂં કે સ્થાયી પરિણામ આવે એવી આશા રાખવી એ મૃગજળ જેવું છે. બીજી વાત એ લક્ષમાં રાખવાની છે કે પ્રજાવર્ગને ઉતારી પાડી તિરસ્કાર અને નિષેધથી સુધારાના હવાઈ મહેલને સ્થાયી કરવાનો ખ્યાલ કરવો તે સર્વથા પણ વ્યર્થ છે. ત્રીશ કરોડ જનસંખ્યાના આપણા વિશાળ હિંદવાસીઓમાં અનેક દોષો આજે દીર્ઘ સમયથી ઘર ઘાલી બેઠા છે, તે આપણે જાણીએ છીએ; પરન્તુ દોષો અથવા ન્યૂનતા જગતની કયી પ્રજા અને કયી જાતિમાં નથી? કયો જનસમુદાય સર્વ વાતે સંપૂર્ણ અને સર્વજ્ઞ છે? મારા સ્વદેશી બન્ધુઓ! આધુનિક જગત સાથેના મારા દીર્ઘ પરિચય ઉપરથી હું નિઃસંકોચ રીતે કહી શકું છું કે, જગતના વિવિધ દેશોમાં વસતી વિવિધ પ્રજા અને જાતિઓ સાથે આપણી હિંદુપ્રજાની તુલના કરી જોતાં

મને સંપૂર્ણ ખાતરી થઇ છે કે ઉચ્ચ પ્રકારની નીતિ, પવિત્રતા, સરલતા અને દિવ્યતાનું દર્શન જેટલે અંશે આપણી જાતિમાં થઇ શકે છે, તેમજ માનવજાતિને સર્વાંશે સુખી બનાવવાના ઉપર્યુક્ત હેતુ અને યોજનાઓપૂર્વક જે સંસ્થાઓ અને પ્રથાઓ આપણા દેશમાં પ્રચલિત છે, તે સર્વથા સર્વોત્તમ છે. ખરૂં પૂછો તો મને કોઇ પણ પ્રકારના સુધારા કે સંશોધનની કશી પણ આવશ્યકતા જણાતી નથી. આજના કહેવાતા સુધારાનું નામ સાંભળતાં પણ મને કમકમાટી છૂટે છે! મારો આદર્શ આપણી પોતાની પ્રથાઓને પ્રજાકીય દૃષ્ટિથી નિર્મલ, પરિપૂર્ણ તેમજ વિકસિત બનાવી દેશ–કાલના કુસંસર્ગથી તેમનામાં જે મલિનતા પેઠી હોય તેનું માત્ર સંમાર્જન કરી, પ્રાચીન ઉજ્જવલ સ્વરૂપમાં તેનો પુનરુદ્ધાર કરવાનોજ છે. આપણા દેશના પ્રાચીન ઇતિહાસ તરફ દૃષ્ટિપાત કરતાં અનાયાસે જોઇ શકાય છે કે માનવજાતિના વિકાસ અને સુધારાને માટે સ્વાર્થરહિત ઉદાર વિચારપૂર્વક જેટલો પરિશ્રમ આપણા દેશે કરેલો છે, તેટલો જગતના બીજા કોઇ પણ દેશ તરફથી થયો નથી. ધર્મશાસ્ત્રોના અને પ્રાચીન ઇતિહાસના સૂક્ષ્મ અવલોકનને યોગે એ વિષયમાં મારી સંપૂર્ણ ખાતરી થઇ ચૂકેલી છે; એથીજ મારા દેશની પ્રથા અને મારી પ્રજાના રીતિરિવાજોમાટે મારી પાસે અભાવ અથવા તિરસ્કારનો શબ્દ નથી. બહુ વધારે કહું તો એટલુંજ તમને કહેવા જેવું છે કે આજસુધી તમે ઘણું સારૂં કાર્ય કરેલું છે; પરન્તુ એથી પણ વધારે સારૂં કરવાનો યત્ન આદરો. દૂર દૂરના ભૂતકાળમાં ભારતભૂમિએ ઘણાં મહાન કાર્યો સિદ્ધ કરી પોતાનો શ્રેષ્ઠ પારમાર્થિક પાઠ ભજવી બતાવ્યો છે; અને ભાવીના ગર્ભમાં એથી પણ ઉત્તમ કાર્યોને માટે સંપૂર્ણ અવકાશ છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આ કર્મ-ભૂમિ ભારતમાં રહીને આપણે સુસ્ત બનીને કદિ પણ સ્થિર કે નિષ્ક્રિય રહી શકીએ તેમ નથી. ધર્માન્ધ જૂના વિચારના હિંદુવર્ગ ઉપર ઉપહાસપૂર્વક કરવામાં આવતા આક્ષેપોનાં મહાભારત જેવડાં પુસ્તકો રચાય છે; અને બિચારી અધઃ-પતિત હિંદુજાતિનો ઉદ્ધાર કરવાને આજનો સુધારક ભારતના વાતાવરણને ધમ-ધમાવી રહ્યો છે; છતાં પણ શોચનીય વાત એજ છે કે તેનું કંઇ શાશ્વત વ્યાવ-હારિક સારૂં પરિણામ જણાતું નથી. આ પ્રમાણે પાણીપર કરેલા લીસોટાની પેઠે સુધારાના પ્રબલ પ્રયત્નો છેકજ વ્યર્થ નીવડે છે તેનું કારણ શું ? દોષનું મૂળ ક્યાં રહેલું છે ? જરા દીર્ઘ વિચાર કરી જોઇએ. તો તેનું કારણ આપણને સહજ મળી શકે તેમ છે. એ કારણ હિંદુપ્રજાના ચાલુ રિવાજો અથવા પ્રાચીન વિચારોપ્રતિ તિરસ્કાર અથવા અભાવ દર્શાવવાથી ઉત્પન્ન થાય છે. મેં તમને પૂર્વે કહ્યું તે પ્રમાણે એક પ્રજા તરીકે, એક દેશના એકત્ર સમુદાય તરીકે ઐતિહાસિક દૃષ્ટિથી આપણા સ્વભાવ તેમજ વર્તનની ચોક્કસ મર્યાદા બાંધવાની પ્રથમ જરૂર છે. હું

કબૂલ કરું છું કે બીજી પ્રજાઓ પાસેથી આપણે ઘણી ચીજો લેવાની છે; હિંદની સરભૂમિથી બહારના પ્રદેશમાં પણ આપણા ભાવી બંધારણમાટે જે જે ઉપકારક અને ઉપયુક્ત આચાર-વિચાર તેમજ પ્રથાઓ આપણને હિતાવહ જણાય, તે ગ્રહણ કરવાની પણ આપણને જરૂર છે; પરન્તુ તેથી એમ નથી ઠરતું કે આપણું જૂનું તે બધું સડેલું અને ફેંકી દેવા જેવું છે. આપણી આંખે જે ક્ષણે આપણે કર્મ-હીન, નિષ્ક્રિય અથવા પ્રમાદની જડતાવાળા થઇશું, તેજ ક્ષણે આપણો સર્વનાશ થવાનો છે. ભાવીની અવ્યક્ત સપાટી ઉપર આપણે માટે માત્ર બેજ માર્ગો નિર્માણ થએલા જણાય છે. પહેલો માર્ગ સાત્વિક પુરૂષાર્થદ્વારા આગળ વધવાનો અને બીજો માર્ગ કર્મહીન દશાદ્વારા વિનાશની અંધારી ખીણમાં વિલુપ્ત થવાનો. વિકાસ અથવા સંકોચ, પ્રગતિ અથવા અધોગતિ, એવાં સાપેક્ષ ગુણસ્વભાવવાળાં દ્વન્દ્વો આપણી દૃષ્ટિ સામે ખડાં છે. જે માર્ગ પસંદ કરવો હોય તેની જવાબદારી આપણે પોતાને શિર છે. આપણા પુનીત પૂર્વજોએ ભૂતકાલના વિશાળ અંતરાયમાં અનેક મહાન કાર્યો કરેલાં છે; પરન્તુ આપણે તેમનાથી પણ વિશેષ વિકાસવાળી ચેતન-મય દિવ્ય જીવનદશામાં આગળ વધી આપણા પિતૃઓએ પ્રાપ્ત કરેલી મહત્તાને પણ કૂદાવી વિશેષ આગળ વધવાનું છે. બન્ધુઓ! આપણે પાછા હઠીને અધઃ-પાતના તિમિરાવૃત ગર્તમાં આંખો મીંચીને કેવી રીતે પડી શકીએ? કદી પણ નહિ. એમ કદી બનવાનુંજ નથી. પાછા હડવું એ તો આપણી પ્રજાને માટે ક્ષય અને વિનાશમાંજ લઇ જનારૂં છે; માટે દૃઢતાથી આગળ વધો, અને મહાન પરાક્રમો-દ્વારા ભારતનો ગૌરવધ્વજ ગગનમંડળમાં ફરકાવો. મારે તમને ખાસ એજ કહે-વાનું છે. હું કોઇ ક્ષણિક સામાજિક સુધારાનો પ્રચારક અથવા ઉપદેશક નથી. આપણી સમાજના દોષો હું જોઇ શકતો નથી એટલે તેમનું નિવારણ કરવાના ઉપાયો ક્યાંથી સૂચવી શકું? હું તો તમને માત્ર એટલીજ સૂચના કરૂં છું કે તમારા શાશ્વત વૈદિકમાર્ગમાં-તમારા નિઃસ્વાર્થ આચાર-વિચારોની સાર્થકતામાં આગળ વધીને, માનવજાતિની પ્રગતિને માટે જે ઉત્તમ વ્યાવહારિક યોજનાઓ તમારા પ્રબલ પૂર્વજોએ શોધેલી છે તેને પરિપૂર્ણ કરો. એ યોજનાઓ તમારા બહુશ્રુત અને દીર્ઘદર્શી પૂર્વજોએ સર્વોત્તમ વ્યવસ્થા અને નિયમપૂર્વક ઘડેલી છે. તેનામાં એક પણ ખીલી વધારે ઠોકવાની કે તેના પાયામાંથી એક પણ કાંકરી ખેંચી કાઢવાની બીલકુલ જરૂર નથી. એવો યત્ન કરવા જતાં લાભને સ્થાને હાનિ થવાનોજ વધારે સંભવ છે. માત્ર તેની દિવાલોને લૂણો લાગેલો હોય, તો તેને વ્યાવહારિક વેદાન્તના સિદ્ધાન્તોથી સ્વચ્છ બનાવીને તેનો પુનરુદ્ધાર કરવાનો છે. હું તમને મનુષ્યના મહત્ત્વ અને તેના આંતરિક દિવ્ય સ્વભાવને કેળવીને વેદાન્તના ઉચ્ચ આદર્શનો આ જીવનમાંજ સાક્ષાત્કાર કરવાને માટે પ્રયત્નશીલ રહેવાનું કહું

છું. જો મારી પાસે વિશેષ વખત હોત તો આપણે હવે જે જે કરવાનું છે, અર્થાત્ આપણું ભવિષ્યનું જે કંઇ કર્તવ્ય છે તે સર્વ, આપણા પ્રાચીન ત્રિકાલ-દર્શી સ્મૃતિકારો અને નિયમપ્રવર્તકોએ આજથી હજારો વર્ષ પૂર્વે, જ્યારે પાશ્ચાત્ય સુધારાનું નામ–નિશાન પણ ન હતું, ત્યારે કેવા સ્પષ્ટ અક્ષરે આંકી બતાવેલું છે, તે વિસ્તારપૂર્વક અહીં દર્શાવી શકત. વિશેષ આશ્ચર્યકારક તો એ છે કે આપણા રાષ્ટ્રીય બંધારણમાં તેમજ આપણી સામાજિક સંસ્થાઓમાં ગત સહસ્રાવધિ વર્ષ દરમિયાન જે જે ફેરફારો થયા છે, થાય છે અને ભવિષ્યમાં થવાના છે, તે સર્વનું જાણે સંપૂર્ણ જ્ઞાનજ ન હોય, એવી રીતે ત્રિકાલની પરિસ્થિતિ તેમજ તેના અવલંબનમાટેના ઉપાયોની આપણા દિવ્ય ઋષિઓ આગળથીજ સવિસ્તર સૂચનાઓ આપી ગયા છે. તેઓમાં પણ જ્ઞાતિબંધનની લોહશૃંખલાને છિન્ન–વિચ્છિન્ન કરનારા ઘણા હતા; પરન્તુ તેઓ આજના સુધારકો માફક લેભાગુ ન હતા. એ દૂરદર્શી પૂર્વજોના જ્ઞાતિબંધન વિચ્છિન્ન કરનારા ઉપાયો તેમણે એવી રીતે દર્શાવ્યા ન હતા કે એક શહેરના બધા મનુષ્યોએ સાથે બેસીને ગોમાંસનું ભોજન અને શેમ્પેનનું મદિરાપાન કરવું; અથવા સમગ્ર દેશમાં જેટલા મૂર્ખ, ગાંડા અને ગધેડાઓ હોય તે સર્વને તેમની ઇચ્છામાં આવે તેની સાથે, સ્વચ્છંદી વૃત્તિપૂર્વક સ્વચ્છંદી સ્થળે પરણાવી, લાકડે માંકડાં વળગાડી, સમગ્ર દેશને એક ગાંડાની ઇસ્પિતાલના જેવો બનાવી દેવો ! તેમની એવી પણ માન્યતા ન હતી કે દેશનો ઉદ્ધાર, દેશની વિધવાઓને બજારમાંથી ધણીઓ શોધી આપીને તેમને સધવા બનાવવામાંજ સમાઇ રહ્યો છે ! આજના સુધારક જેવી તેમની એ પ્રકારની એક પણ માન્યતા ન હતી; અને એ પ્રકારે આબાદ થતી ઉન્નતિશીલ પ્રજા હજુ સુધી તો મેં કોઇ જોઇ નથી. ભવિષ્યમાં જોવાનો પ્રસંગ આવશે કે કેમ તે હરિ જાણે !

આપણી ભારતભૂમિમાં આપણા પૂર્વજોના આદર્શરૂપ બ્રાહ્મણ હતા. આપણા સર્વ શાસ્ત્રગ્રંથોમાં એ આદર્શરૂપ બ્રાહ્મણનું ઉજ્જવલ ચરિત્ર ભવ્યતાપૂર્વક આંકવામાં આવ્યું છે. યુરોપમાં કાર્ડિનલની સંજ્ઞાથી ઓળખાતા સર્વોત્તમ ધર્માચાર્યો પણ પોતાના પૂર્વજો ઉચ્ચ કુલના હતા, એવું પૂરવાર કરવાને હજારો સુવર્ણમુદ્રાનો ખર્ચ કરે છે; અને પોતાના પૂર્વજ તરીકે, પર્વતની ટેકરીપર રહેનારા અને સમય આવ્યે રસ્તે જનારા નિર્દોષ મુસાફરોને ભયંકર રીતે ઘેરી લઇ નિર્દયતાથી લૂંટી લેનારા, ઘોર અત્યાચારી પુરુષોની શોધ ન કરે ત્યાંસુધી અવિરત પ્રાણતોડ મહેનત કરી રહ્યા છે ! ઉત્તમ કુલ અને ખાનદાનીની બક્ષિસ કરનારા પૂર્વજોનો આવો ધંધો હતો; અને માનવન્તા કાર્ડિનલ સાહેબ એવાજ કોઇ ખાનદાન પુરૂષો પોતાના પૂર્વજ તરીકે પૂરવાર ન કરે ત્યાંસુધી સંતોષ પામી જંપીને બેસી શકતા નથી; ત્યારે બીજા હાથપર ભારતભૂમિના મહાન રાજકુમારો પણ પોતાના વંશની ઉત્પત્તિ

કોઇ કૌપીનધારી અરણ્યવાસી, ફલમૂલ આહારી, વેદપાઠી, પ્રાચીન ઋષિ અથવા સંતપુરુષના વંશમાંથી સિદ્ધ કરવામાં ગૌરવ સમજે છે; અને તેને માટેજ યત્ન કરી રહ્યા છે. હિન્દના રાજા–મહારાજા પણ પોતાના એવા પૂર્વજને માટે ગૌરવ ધારણ કરે છે. તમારા પૂર્વજો કોઇ ઋષિના વંશજો છે, એવું પૂરવાર થાય ત્યારેજ તમે ખાનદાન અથવા ઉચ્ચ કુળના ગણાઓ છો. ભારતમાં ઉચ્ચ કુળની ગણના એ સિવાય બીજી રીતની નથી થતી; એથી આપણી કુલીનતા અને ઉચ્ચ ખાનદાનીનો આદર્શ બીજા દેશ કે પ્રજાઓના આદર્શથી તદ્દન જુદીજ પ્રકારનો છે. આપણો આદર્શ પુરુષ આધ્યાત્મિક જ્ઞાનથી વિભૂષિત મહાત્યાગી બ્રહ્મવેત્તા બ્રાહ્મણ છે. બ્રાહ્મણને આદર્શ કહેવામાં કયો ભાવ અથવા અર્થ સમજાય છે, તે તમે જાણો છો? મારી માન્યતા પ્રમાણે આદર્શરૂપ બ્રાહ્મણત્વ એજ છે કે જેને આ તુચ્છ જગત અથવા તેની સાથે કશો સંબંધ નથી. જગતની ત્યાગભાવના અતિપ્રબલ હોઇને યથાર્થજ્ઞાન, ડહાપણ તેમજ પરમપવિત્ર ઉદારબુદ્ધિ જ્યાં વિશાળભાવે વસી રહ્યાં હોય ત્યાંજ ખરૂં બ્રાહ્મણપણું છે. હિન્દુજાતિનો એજ ખરો આદર્શ છે. આપણાં શાસ્ત્રોમાં દર્શાવેલું છે કે બ્રાહ્મણવર્ગને માટે કોઇ નિયમજ નથી. કાયદાનું ધારા–ધોરણ તેને બાંધી શકતું નથી. રાજાઓનો પણ તેમનાપર અધિકાર ચાલતો નથી. એ પવિત્ર બ્રાહ્મણના શરીરને હાથ અડકાડવા પણ કોઇ સમર્થ નથી, એ શું તમે સાંભળ્યું નથી? એ મિથ્યા કે પક્ષપાતની વાત નથી; પરન્તુ તે સંપૂર્ણ સત્ય છે. સ્વાર્થી અને જ્ઞાનહીન મૂર્ખાઓ એ વાત જેવી રીતે સમજાવે છે તે પ્રકારે એ સિદ્ધાન્તની વ્યાખ્યા સમજવી ન જોઇએ; પરન્તુ તેજસ્વી વેદોક્ત વેદાન્તભાવથી તેનો ખરો અર્થ સમજવાનો યત્ન કરો. જેમણે સ્વાર્થવૃત્તિનો મૂળમાંથી ઉચ્છેદ કરી નાખ્યો છે, અને જેમનું ઉદાર અને પવિત્ર જીવન માત્ર જ્ઞાન, ડહાપણ અને પ્રેમ પ્રાપ્ત કરવામાં તેમજ તેનો પ્રચાર કરવામાં રોકાએલું છે, એવા સતસ્વભાવવાળા, ધર્મપરાયણ, નીતિમાન, ભલા, પવિત્ર અને પરોપકારી બ્રાહ્મણ સ્ત્રી–પુરુષોથી જે દેશ વસાએલો છે, તે સાત્વિક દેશમાં કઠોર કાયદા કે ધારા–ધોરણની કશી પણ જરૂર ન હોય તેમાં શું આશ્ચર્ય છે? આવા નિર્દોષ અને પવિત્ર મનુષ્યોના ઉપર સૈન્ય કે સિપાહીઓના અધિકારનું શું પ્રયોજન છે? એવા પવિત્ર પુરુષો ઉપર બીજા કોઇએ પોતાની સત્તા શામાટે ચલાવવી જોઇએ? કોઇ પણ પ્રકારના રાજ્યતંત્રને અથવા બીજી કોઇ સત્તાને તેઓ શા માટે આધીન રહે? કેમકે તેઓ પરોપકારી છે, ભલા છે, સાધુચરિત્ર મહાપુરૂષો છે. તેઓ ઇશ્વરના અંશરૂપ છે. આવા પવિત્ર બ્રાહ્મણોજ આપણા આદર્શ પુરૂષો છે. આપણે ધર્મશાસ્ત્રોમાં વાંચીએ છીએ કે સત્ત્વપ્રધાન સત્યયુગમાં ભારતભૂમિમાં માત્ર એકજ જાતિ હતી; અને તે બ્રાહ્મણજાતિ હતી. મહાભારતમાં વ્યાસ ભગવાન લખે છે કે,

પ્રારંભમાં આ બધી પૃથ્વી બ્રાહ્મણોથીજ વસેલી હતી. પછી ક્રમે ક્રમે જેમની અધોગતિ થઇ, અધર્મમાં પ્રવૃત્તિ થવા લાગી તેમ તેમ તેમાંથી જુદી જાતિઓ ઉત્પન્ન થઇ. સ્વકર્માનુસાર તેઓ એ જાતિઓમાં વહેંચાઇ ગયા; અને યુગનું ફરતું ચક્ર જ્યારે પાછું ઉપર આવીને સત્યયુગનો ઉદય થશે ત્યારે તેઓ બધા પુનરુદ્ધાર પામીને બ્રાહ્મણપદની પુનઃ પ્રાપ્તિ કરશે. આ સમયે યુગચક્ર ફરવા લાગ્યું છે, યુગનું પરિવર્તન થાય છે, સત્યયુગના અભ્યુદયની નિશાનીઓ સ્પષ્ટ દેખાવા લાગી છે. એ સત્ય પ્રસંગ તરફ હું તમારૂં ધ્યાન ખેંચું છું. કુલીનતા અને સદ્વ્યવહારમાં જેઓ ઉંચે ચડેલા છે તેમને નીચા ઉતારી પાડવાથી, સાંસારિક તુચ્છ સુખોને માટે ઉત્તમ વર્ણાશ્રમધર્મની મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી જ્ઞાતિભેદના સવાલનું કદિ પણ નિરાકરણ થવાનું નથી. એ નિરાકરણ તો આપણામાંની પ્રત્યેક વ્યક્તિ પવિત્ર વેદાન્તધર્મનું યથાર્થ પાલન કરશે, ધાર્મિક અને આધ્યાત્મિક જીવનને દૃઢતાથી વળગી રહેશે અને જ્યારે ખરેખરા આદર્શ બ્રાહ્મણ થવાના પ્રયત્નમાં સરળતા મેળવશે ત્યારેજ થવાનું છે. તમે ભલે આર્ય હો કે અનાર્ય હો, ઋષિ, બ્રાહ્મણ અથવા અન્ય કોઇ વર્ણ હો કે અતિ નીચ અંત્યજ જાતિ હો; પરન્તુ બધા ભારતવાસીઓ ઉપર તમારા પૂર્વજોએ એક કાયદો લાગુ પાડેલો છે. તે કાયદાની મુખ્ય આજ્ઞા એ છે કે, શાન્ત બેસી ન રહેતાં તમારે બધાએ પ્રગતિના પ્રદેશમાં આગળ વધવું જોઇએ. ઉત્તરોત્તર તમારી ઉન્નતિ કરવી જોઇએ. સર્વથી ઉચ્ચ કુળમાં જન્મ લેનારથી આરંભીને નીચમાં નીચ પારિયા અથવા ચાંડાલ પર્યંત આ દેશમાં રહેનારા પ્રત્યેક મનુષ્યને એજ આદેશ મળેલો છે કે, તેમણે સર્વેએ સદા આદર્શ બ્રાહ્મણ થવાનો યત્ન કરવો. વેદાન્તધર્મનો આ વિચાર માત્ર આપણા દેશનેજ નહિ પણ આખા જગતને લાગુ પડે છે. આપણી જ્ઞાતિવ્યવસ્થાનો આવો ઉચ્ચ આદર્શ છે; અને તેનો અર્થ સમગ્ર માનવજાતિને ક્રમે ક્રમે પરમ ધાર્મિક આદર્શ બ્રાહ્મણસ્વરૂપ બનાવવાનો છે, કે જે બ્રાહ્મણ સ્વાભાવિક રીતેજ સહનશીલ, ક્ષમાશીલ, શાન્ત, દૃઢ, પવિત્ર, કર્તવ્યપરાયણ, પરમ ઉપાસક, વિચારશીલ અને સર્વશુભેચ્છક ઉદાર વિચારવાળો હોય. આ પ્રકારના આદર્શને ધારણ કરવાથીજ માનવજાતિ ઈશ્વરત્વ મેળવી શકે તેમ છે.

એ ઉદ્દેશને વ્યાવહારિક રીતે સફળ કરવાનો માર્ગ કયો છે? એ બધા ઉચ્ચ ગુણો કયે પ્રકારે વ્યવહારમાં મૂકી શકાય? તેને માટે મારે તમારૂં ફરીથી લક્ષ ખેંચવું જોઇએ કે નિન્દા કરવાથી, ધિક્કાર વર્ષાવવાથી, શાપ આપવાથી કે ગાલિપ્રદાન કરવાથી કદિ પણ કોઇ સુધરી શકતું નથી. દુર્ભાવની અસર દુર્ભાવજ પેદા કરે છે; સદ્‌ભાવ કદિ ઉત્પન્ન કરી શકતો નથી. નિન્દા અને તિરસ્કારથી સુધારવાના પ્રયત્નો અનેક વર્ષો પર્યંત કરવામાં આવ્યા છે; પરન્તુ તેનું કદિ પણ સારૂં

પરિણામ પ્રાપ્ત થયું નથી. માત્ર પ્રેમ, લાગણી અને સહાનુભૂતિથીજ સારૂં ફળ પ્રાપ્ત કરી શકાય છે. એ એક સૂક્ષ્મ વિચારભરેલો મહાન વિષય છે; અને દિવસે દિવસે તેના સંબંધમાં મને જે જે વિચારો ઉદ્‌ભવે છે, તેમજ જે જે યુક્તિ અને યોજનાઓ મારા મગજમાં ઘડાય છે, તેને સ્પષ્ટ રીતે સવિસ્તર સમજાવવામાટે મારે અનેક વ્યાખ્યાનો આપવાની આવશ્યક્તા છે. થોડા અને એકજ વ્યાખ્યાનમાં એ વિશાળ વિષયનો સમાવેશ થઇ શકે તેમ નથી. પ્રિય હિન્દુ બન્ધુઓ! તમને આ સત્યનું ફરીથી સ્મરણ કરાવી હું મારૂં વ્યાખ્યાન સમાપ્ત કરૂં છું. સનાતન કાળની સામે ટકી રહેલા હિન્દુઓ! માત્ર તમારી પ્રજાકીય નૌકાજ સેંકડો શતાબ્દિ થયાં, આ ભવસાગરમાં બહુ ઉપયોગી કાર્ય બજાવતી પોતાનો વિશાળ ધર્મનો શઢ પસારીને સંસારસાગરની સપાટીપર તરતી રહી છે. આજે તેના તળિયામાં એકાદ ગાબડું પડયું છે. એ છિદ્રમાંથી થોડું ખારૂં પાણી આવતું હશે, જમાનાના આત્મરક્ષણથી વખતે તે જીર્ણ પણ બની ગઇ હશે. છતાં તેને દરિયામાં ડૂબાવી ન દેતાં તેનો પુનરુદ્ધાર કરવાની જરૂર છે. જો એમજ બન્યું હોય તો ભારતમાતાના પ્રત્યેક સંતાનની એજ મુખ્ય ફરજ છે કે, સુપુત્રને છાજે એવી રીતે તેણે ભારતનૌકામાં પડેલાં છિદ્રો તન, મન, ધન સમર્પણ કરીને પૂરી દેવાં જોઇએ; અને એ દિવ્ય નૌકાનો યથેચ્છ જીર્ણોદ્ધાર કરવો જોઇએ. નહિ તો વિશેષ પાણી ભરાતાં એ નૌકા જળશાયી થશે; અને તેની સાથે સમગ્ર હિન્દુજાતિનું નામ–નિશાન પણ રસાતલમાં ડૂબી જશે! મારા સ્વદેશવાસી બન્ધુઓને આ મહાન ભય અને વિપત્તિની વાત સ્પષ્ટ જણાવી દેવાની જરૂર છે. પ્રત્યેક ભારતવાસીને જાગ્રત કરવાની અને આપણી પ્રજાકીય નૌકાના જીર્ણોદ્ધારના પવિત્ર કાર્યમાં તેમની મદદ મેળવવાની ખાસ જરૂર છે. ભારતના એક પ્રાન્તમાંથી બીજા પ્રાન્તસુધી ઠામ ઠામ ફરીને, સર્વત્ર મારા દેશવાસીઓને મારો અવાજ ફાટી જાય ત્યાંસુધી મોટેથી પોકાર ઉઠાવીને, તેમને જાગ્રત થવાનો, પોતાની અવસ્થાનો વિચાર કરવાનો અને પોતાના કર્તવ્યને હાથ ધરવાનો મહામંત્ર હું સંભળાવીશ. અજ્ઞાનવશ સ્થિતિમાં કદાચ તેઓ મારૂં કથન નહિ સાંભળે તોપણ હું તેમનો તિરસ્કાર નહિ કરૂં, તેમને શાપ અથવા ગાલિપ્રદાન નહિ કરૂં. કદિ પણ તેમ નહિ કરૂં; કેમકે તેથી કશું સુધરવાનું નથી. આપણી પ્રજાએ ભૂતકાળમાં મહાન પરાક્રમો સંપાદન કર્યાં છે, એ સંતોષ કંઈ નાનો સૂનો નથી; અને ભવિષ્યમાં એથી પણ મહાન અને ઉજ્જવલ પરાક્રમો આપણે ન કરી શકીએ તો આપણે બધા એક સાથે સર્વ બન્ધુઓને છાતીએ લગાડીને આપણી પ્રજારૂપ નૌકાની સાથે સંતોષપૂર્વક, શાન્તિથી ડૂબીને મરી જઇશું! મૃત્યુ પણ આપણી એકતાને, આપણી પરસ્પર પ્રેમવૃત્તિને નષ્ટ કરી શકતું નથી! એ પણ આપણું એક આશ્વાસન છે. બન્ધુઓ! સ્વદેશહિતૈષી

બ્રાઓ ! જે પ્રજાએ પ્રાચીન કાળે આપણે માટે આવાં મહાન કાર્યો અને પરાક્રમો બજાવેલાં છે, તેના પર હૃદયથી પ્રેમ રાખો. પવિત્ર પ્રેમપીયૂષથી એ પ્રજાના પુનીત પાદનું પ્રક્ષાલન કરો. પ્રિય બન્ધુઓ ! જેમ જેમ હું બીજી પ્રજાઓ સાથે આપણી પ્રજાની ઉદારવૃત્તિની તુલના કરૂં છું તેમ તેમ તમારા પ્રત્યે મારો પ્રેમ વિશેષ અને વિશેષ ઉભરાતો જાય છે. વહાલા બન્ધુઓ ! અનાદિકાળથી તમે કેવા શુદ્ધ, શાન્ત, સત્સ્વભાવ અને ભલા છો ! હજારો વર્ષથી તમારા ઉપર અત્યાચારનું વર્ષણ થતું રહ્યું છે; અને આ મોહમાયાથી ભરેલા જડ જગતની એજ ભીષણ પ્રહેલિકા છે. અસ્તુઃ તમે તે જરા પણ લક્ષમાં લેતા નહિ. અધ્યાત્મવાદ આખરે જગત ઉપર જય મેળવશે; અને એ સમય આવે ત્યાં સુધી આવો, આપણે કર્તવ્યપરાયણ રહીએ. પ્રિય બન્ધુઓ ! આપણા જીર્ણ દીન દેશને ગાળો દેતા નહિ.અનેક યુગના કાર્યથી કંટાળી ખરાબ દેશ–કાળથી અસ્વસ્થ બનેલી અને ઘસાઇને જીર્ણ થઇ ગએલી આપણી પરમ પવિત્ર માતૃભૂમિને, પ્રાચીન સંસ્થા તેમજ પ્રથાઓને શ્રાપ આપતા નહિ; ગાલિપ્રદાન કરતા નહિ; તિરસ્કાર કે નિન્દા કરતા નહિ. અતિ વિચારશૂન્ય અને વહેમભરેલી પ્રથા કે રૂઢિને પણ તમે ધિક્કારી કહાડશો નહિ; કારણ કે તેણે પણ ભૂતકાળમાં તમારી પ્રજાની સારી સેવા બજાવેલી હશે, કંઇ નહિ ને કંઇ કલ્યાણ કરેલું હશે. હૃદયપટપર હમેશાં લખી રાખજો કે આપણી સર્વ સામાજિક પ્રથા અને આચારવિ–ચારનો ઉદ્દેશ જેવો પવિત્ર મહાન અને ઉદાર છે,તેવો સમગ્ર જગતની બીજી કોઇ પણ પ્રજામાં નજરે પડતો નથી.જગતના પ્રાયઃ પ્રત્યેક દેશમાં મેં જ્ઞાતિભેદ અને વર્ણભેદનું અવલોકન કર્યું છે;પરન્તુ આપણા દેશની જ્ઞાતિવ્યવસ્થાની યોજના તેમજ તેના હેતુ જેવા ઉદાર અને ગૌરવયુક્ત છે, તેવા બીજા કોઇ દેશમાં દૃષ્ટિગોચર થતા નથી.આ પૃથ્વીમાં જાતિભેદ અનિવાર્ય છે, જાતિભેદ વગર કોઇ પણ પ્રજા રહી શકતી નથી, અને જ્યારે એમજ છે ત્યારે પૈસાને પૂજનારી જાતિ કરતાં પવિત્રતા, ઉચ્ચ સંસ્કાર, આત્મત્યાગ અને ઉદાર પરોપકારવૃત્તિના સિદ્ધાંત ઉપર સ્થપાએલા જાતિભેદને હું વધારે પસંદ કરૂં છું. માટેજ તમને વિનવું છું કે, બન્ધુઓ ! તિરસ્કાર દર્શાવતા નહિ, નિન્દા વર્ષાવતા નહિ. તમારા હોઠ બન્ધ કરો; અને વિશાળ હૃદયદ્વાર ખુલ્લાં મૂકી દો. ઉદાર વૃત્તિથી કર્તવ્યપરાયણ થઇને તમારામાંના પ્રત્યેક મનુષ્યે એમજ સમજી રાખવાનું છે કે, આ દેશના તેમજ સમગ્ર જગતના ઉદ્ધારનો બોજો તમારા એકલાના ખભા ઉપર છે. એમ સમજી દિનરાત અખંડ કર્તવ્યસાધન કરતા રહો. જગતના પ્રત્યેક દ્વારપર વેદાન્તનું દિવ્ય જીવન અને વેદાન્તનો ઉજ્જવલ પ્રકાશ પહોંચાડો.મનુષ્ય માત્રના અંતરાત્મામાં જે ગુપ્ત દિવ્યશક્તિ રહેલી છે તેને એ પ્રકારે જાગ્રત કરો અને પૃથ્વીપર તમારી આત્મસત્તા પ્રસારો. એ કાર્યમાં તમને ગમે તેટલી સફળતા કે યશ

મળે; પરન્તુ એટલો સંતોષ તો જરૂર તમને પ્રાપ્ત થશે કે, એક મહાન ઉદ્દેશને સફળ કરવામાટેજ તમે જીવન સમર્પણ કર્યું છે, યથાસાધ્ય પુરુષાર્થ કીધો છે, અને મૃત્યુ સ્વીકાર્યું છે. આ મહાન ઉદ્દેશની સફલતામાંજ સમગ્ર માનવજાતિનો ઉદ્ધાર અને પરલોકની દષ્ટિએ મોક્ષનો સમાવેશ થાય છે. કટિબદ્ધ થઇને એજ પવિત્ર ઉદ્દેશને સિદ્ધ કરવામાટે તમારા જીવનની પ્રત્યેક અમૂલ્ય પળ સમર્પણ કરો, અને જગતની સમગ્ર માનવજાતિના આલોક પરલોકને સુધારો. તથાસ્તુ ! ॐ शान्तिः शान्तिः शान्तिः ।

मद्रास

'કુંભકોણમ'થી મદ્રાસ જવાને માર્ગે સ્વામીજીએ પોતાના અનુયાયીઓ સાથે પ્રયાણ કર્યું. પૂર્વની પેઠેજ રસ્તે આવતાં પ્રાય: સઘળાં સ્ટેશનોપર સ્વામીજીના સન્માનાર્થ વિશાળ જનસંખ્યા એકત્ર થઇને આદરપુર્વક સત્કાર કરતી હતી. તેમાં પણ 'માયાવરમ્'ના સ્ટેશનપર જનસમુદાય ઘણી મોટી સંખ્યામાં એકત્રિત થયો હતો. હૃદયના પ્રેમ અને પુજ્યભાવપૂર્વક સ્વામીજીને સ્ટેશનના પ્લેટફોર્મપર ઉતારી એક સુંદર માનપત્ર આપવામાં આવ્યું હતું. તેનો ઉત્તર સ્વામીજીએ સંક્ષેપમાં આપ્યો હતો, અને વિશેષમાં કહ્યું હતું કે પરમાત્મા અવકાશ આપશે તો બીજે કોઇ અવસરે હું માયાવરમ્ આવવાનો યત્ન કરીશ.

ત્યાર પછી પુષ્પના હારતોરા અર્પણ કર્યા પછી સ્વામીજીને વિજયધ્વનિથી વિદાય કરવામાં આવ્યા. વિજય અને આનંદના મહાધ્વની સાથે અગ્નિરથ પણ જાણે એ આનંદમાં યોગ આપતો હોય, તેવી રીતે હર્ષચિત્કારપૂર્વક આગળ ચાલ્યો. માયાવરમ્ સ્ટેશનથી સ્વામીજી સીધા મદ્રાસ આવી પહોંચ્યા. ટ્રેન સ્ટેશને આવી પહોંચતાં સ્વામીજીના સન્માનમાટે જાણે કોઇ મહાન ઉત્સવ હોય તેમ સહસ્રાવધિ લોકોની સંખ્યા આનંદકોલાહલથી વાતાવરણને ભરી દેતી સ્ટેશનની રંગભૂમિપર જામી ગઇ હતી. સ્વામીજી ગાડીપરથી ઉતર્યા કે તરત પ્રચંડ હર્ષનાદ અને કરતલધ્વનિથી તેમને વધાવી લેવામાં આવ્યા. ત્યાર પછી તેમને ગાડીમાં બેસાડી એ વિશાળ જનસમુદાય તેમની સાથે સાથે ચાલવા લાગ્યો. રસ્તામાં ઠામ ઠામ સ્વામીજીના સત્કારમાટે મોટાં તોરણો લટકાવવામાં આવ્યાં હતાં, અને સનાતન આર્યધર્મની વિજયપતાકા ફરફરતી હતી. ગાડી થોડે આઘે ગયા પછી તેના ઘોડાને છોડી નાખવામાં આવ્યા, અને શ્રદ્ધાળુ તેમજ ઉત્સાહી લોકો ચોમેરથી સ્વામીજીની ગાડીને વળગીને છેક 'કારણાન્ કેસલ' નામક વિશાળ મકાન પર્યંત તેને ખેંચી

લાવ્યા, જ્યાં સ્વામીજીના ઉતારામાટેની ગોઠવણ કરવામાં આવી હતી.

જે દિવસે સ્વામીજી મદ્રાસ પહોંચ્યા તેને વગતે દિવસે રવિવારની સાંજે મદ્રાસના લોકોની સ્વામીજીને સન્માન આપનારી સભા મહાન સમારોહપૂર્વક એકત્રિત થઈ હતી, અને સ્વામીજીને એ સભામાં શ્રદ્ધાપૂર્વક માનપત્ર વાંચી સંભળાવવામાં આવ્યું હતું. એ માનપત્રનો અનુવાદ હવે પછી આપવામાં આવે છે.

મદ્રાસનું માનપત્ર

પૂજ્યપાદ સ્વામીજી !

પાશ્ચાત્ય પ્રદેશોમાં ધર્મપ્રચારનું પવિત્ર કાર્ય કરી સ્વદેશની પવિત્ર ભૂમિમાં પધારતી વખતે અમે સર્વ મદ્રાસવાસી જનો, સમધર્માવલંબી હિંદુજનો તરફથી આપનું હૃદયપૂર્વક સ્વાગત કરીએ છીએ. રીતરિવાજ પ્રમાણે અભિનંદન કરવું જોઇએ એમ સમજીને માત્ર ઉપરચોટિયા ભાવથી કે દેખાદેખીથી અમે આપનો સત્કાર કરતા નથી; પરન્તુ આપ ભારતના ઉચ્ચ ધાર્મિક આદર્શોને જગજાહેર કરીને મહાન સત્યના પવિત્ર ઉદ્દેશને ચરિતાર્થ કરવામાં સફલ થયા છો, અને તેમ કરીને માનવજાતિની આપે જે મહાન સેવા બજાવી છે, તેને માટે અમારી આંતરિક કૃતજ્ઞતાની ઉંડી લાગણી બતાવવાના હેતુથીજ અમે એકત્ર થયા છીએ. અમેરિકાના 'ચિકાગો' શહેરમાં મહાન ધાર્મિક પરિષદ્ એકત્ર થવાની હતી ત્યારે કેટલાક આપણા ભારતવાસી બંધુઓને પ્રબલ ઉત્કંઠા થઇ કે આપણા પ્રાચીન, ઉદાર અને પવિત્ર સનાતન ધર્મના મહાન સિદ્ધાન્તો અમેરિકાની સભ્ય પ્રજા સમક્ષ તેમજ એ પ્રજાદ્વારા વિશાળ પાશ્ચાત્ય જગત સમક્ષ સુયોગ્ય રીતે રજુ કરવાની અને વિસ્તારપૂર્વક સમજાવવાની ખાસ આવશ્યકતા છે, એજ પ્રસંગે આપના પ્રથમ પરિચયનો અમને યોગ મળ્યો; અને વિવિધ પ્રજાઓના આજ સુધીના વિશાળ ઇતિહાસમાં જે સત્ય અનેક સમય સિદ્ધ થઇ ચૂક્યું છે તે સત્ય અર્થાત્ "આવશ્યક યોગ્ય સમય આવતાં મહાપુરુષ ઉત્પન્ન થાય છે," તેનું અમને પ્રત્યક્ષ પ્રમાણ મળ્યું. જ્યારે હિંદુધર્મના પ્રતિનિધિ તરીકે એ ધાર્મિક મહાસભામાં હાજર થવાનું આપે સાહસ વહોર્યું, ત્યારે અમારામાંના ઘણાખરાઓને તરતજ જણાયું હતું, કે જે દિવ્ય શક્તિની આપને ઇશ્વર તરફથી બક્ષિસ મળેલી છે, તેને યોગે હિંદુધર્મનું ગૌરવ જરૂર આપ જગજાહેર કરી શકશો અને અમેરિકાની ચિરસ્મરણીય ધર્મ–મહાસભામાં સનાતન હિંદુધર્મનું પ્રતિનિધિત્વ આપ નિઃસંદેહ દીપાવી શકશો.

હિંદુધર્મના સનાતન સિદ્ધાન્તોને સરલ, સ્પષ્ટ, ઉજ્જવલ તેમજ પરિપૂર્ણ સત્તાત્મકભાવે રજુ કરીને આપે એ ધાર્મિક મહાસભામાં અતિ અપૂર્વ અસર ઉત્પન્ન કરી છે; તેમજ પુરૂષો અને સ્ત્રીઓની એક મોટી સંખ્યાને એ વિદેશી ભૂમિમાં પણ સ્પષ્ટ રીતે સમજાવી આપ્યું છે કે ભારતની આધ્યાત્મિકતાના અનંત ઝરા-માંથી નવું જીવન પ્રેરનારાં, ચિરસ્થાયી પ્રેમ અને જીવનના પ્રવાહનાં જે અનેક ઝરણાં વહી રહ્યાં છે, તેના પુનીત જલનું પાન કરવાથી તેમના ગોળાર્ધપર માનવ-જાતિની જેટલી ઉત્ક્રાંતિ થઇ છે તેના કરતાં અતિ વિશાલ, અતિ પવિત્ર અને સોળે કળાપૂર્ણ ઉન્નતિ સહજ સાધી શકાય તેમ છે. વિશ્વના સમગ્ર ધર્મોમાં જે અન્ત-ર્હિત એકવાકયતા અને સમાનતા રહેલી છે, તેને ખાસ પ્રકટ કરનારો ઉદાર આર્ય સિદ્ધાન્ત જગતના સઘળા મુખ્ય મુખ્ય ધર્મોના પ્રતિનિધિઓની સમક્ષ રજુ કરી, તેના સર્વશ્રેષ્ઠ તારતમ્ય પ્રત્યે એ સર્વ પ્રતિનિધિઓનું લક્ષ ખેંચવામાટે અમે આપના અત્યંત આભારી છીએ. સત્યાગ્રહી, સભ્ય અને વાસ્તવિક રીતે જ્ઞાન-ભૂષિત મનુષ્યો કદિ પણ એવો દુરાગ્રહ નથી દર્શાવતા કે, પવિત્રતા, ઉદારતા અને સત્યતા માત્ર કોઇ એક અમુકજ જાતિ, મંડળ, મન્તવ્ય, સમ્પ્રદાય કે ધાર્મિક સંસ્થામાંજ સમાઇ રહ્યા છે. એવા જ્ઞાની પુરુષો એમ પણ નથી માનતા કે અમુક એકજ મત અથવા એકજ ફિલસુફી આ જગતમાં ચિરસ્થાયી રહેશે, અને જગ-તના બીજા બધા મતસંપ્રદાયો, દર્શનશાસ્ત્રો તેમજ ફિલસુફીઓ સર્વથા વિલુપ્ત થશે. તમારી પોતાની આશ્વાસનદાયિની ભાષામાં ભગવદ્‌ગીતાની હાર્દિક મધુર એક-તાનો જે સંપૂર્ણ વિકાસ દૃષ્ટિગોચર થાય છે, તદનુસાર સમગ્ર ધાર્મિક જગત માત્ર પ્રભુપ્રાપ્તિનો એક અનન્ત પ્રવાસજ છે, અને તે પ્રવાસનો મહાન હેતુ વિવિધ પુરુષો અને સ્ત્રીઓની વિવિધ સ્થિતિ–ગતિદ્વારા એકજ પરમ ધ્યેયરૂપ અંતિમ સ્થાને પહોંચવાનો છે. માત્ર એ એકજ મહાન પવિત્ર હેતુને પરિપૂર્ણ કરીને તમે બેસી રહ્યા હોત તોપણ તમારા સમધર્માવલંબી હિંદુ બન્ધુઓ તમારા સત્કાર્યની અમૂલ્ય કિંમત સમજી હર્ષ પામત; પરન્તુ તમારૂં ઉદાર હૃદય માત્ર એટલુંજ કર્તવ્ય પૂર્ણ કરીને સંતોષ ન પકડતાં, પાશ્ચાત્ય દેશોમાં ધર્મોત્સાહથી આગળ વધ્યું છે. પાશ્ચાત્ય જગતને આપે આધ્યાત્મિક શાંતિનો દિવ્ય સંદેશો પહોંચાડી ભારતના સનાતન ધર્મના સાત્વિક સિદ્ધાન્તોનો સમગ્ર માનવજાતિને પરિચય કરાવ્યો છે; તેમજ તેને નિત્યજ્ઞાન અને શાન્તિના સુખરૂપ મન્ત્રો પહોંચાડયા છે. ભારતનો વેદાન્તધર્મ તર્ક તેમજ યુક્તિની સામે વિશેષભાવે સમાધાન કરી શકે છે તેનું ઉચ્ચ પ્રમાણ આપવાનો આપે વિશેષ યત્ન કર્યો છે; તેને માટે આપને અમે હૃદય-પૂર્વક ધન્યવાદ આપીએ છીએ. એથી પણ વિશેષ મહત્ત્વનું કાર્ય એ છે કે આપણા ધર્મ અને દર્શનશાસ્ત્રના વિચારો સમગ્ર જગતમાં ફેલાવવામાટે જુદે જુદે સ્થળે

શાખાઓ સ્થાપીને, એ મહાન સંસ્થા સ્થાપન કરવાનું મહાભારત કાર્ય ઉઠાવવાનો આપે સંકલ્પ કર્યો છે. જે મહાન કલ્યાણકર સાહસમાં આપે પોતાની સમગ્ર શક્તિ સમર્પણ કરવાનો સંકલ્પ કર્યો છે, તે કાર્ય આપણા પ્રાચીન પૂર્વજોના કાર્યને અનુસરવા જેવું, અને જે વિશાળ ધર્મના તમે મુખ્ય પ્રતિનિધિ છો તેને સર્વથા યોગ્ય છે; અને જે મહાન ગુરૂદેવે તમારા જીવનને દિવ્ય પ્રેરણા આપેલી છે, તેમને માટે પણ શોભારૂપ છે. એ સર્વોત્તમ મંગલ કાર્યમાં આપની સાથે જોડાવાની ઈશ્વર અમને યોગ્યતા અને શકિત આપે એવી શ્રદ્ધાપૂર્વક અમે આશા રાખીએ છીએ. અમે છેવટે સર્વશકિતમાન અને દયામય પરમાત્માની હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ છીએ કે, જગદીશ્વર આપને દીર્ઘ આયુષ્ય અને સંપૂર્ણ શકિત પ્રદાન કરીને, આપના ધર્મસેવાના પવિત્ર કાર્યને સ્થાપિત કરવા-માટે સિદ્ધિ, ગૌરવ અને સફલતાના મુકુટથી વિભૂષિત કરે. તથાસ્તુ.

એ માનપત્ર પછી *ખેતડીના મહારાજા શ્રીમાન્ અજિતસિંહજી તરફથી તેમના પ્રાઇવેટ સેક્રેટરીએ અત્યંત ભકિતભાવ અને આભારપૂર્ણ બીજું માનપત્ર વાંચી સંભળાવ્યું હતું.

માનપત્રો વંચાઇ રહ્યા પછી સ્વામીજી એ ભવ્ય ખંડમાંથી ઉઠીને પાછળ તૈયાર રાખવામાં આવેલી એક ગાડીના કોચબોક્સ ઉપર ચડયા. ઓછામાં ઓછાં દશ હજાર માણસો એ ગાડીની આસપાસ એકત્ર થયાં હતાં. એ બધાં મનુષ્યો સ્વામીજીનું વ્યાખ્યાન બરાબર સાંભળી શકતાં નહિ હોવાથી સ્વામીજીની ગાડીની આસપાસ ધક્કમધક્કા કરી રહ્યાં હતાં જેથી ધોરણસર સભાનો કાર્યક્રમ ચલાવી શકાય એમ નહિ હોવાથી સ્વામીજીએ ઉપરના માનપત્રોનો સંક્ષેપમાં ઉત્તર આપીને પોતાના વિચારો વિસ્તારથી દર્શાવવાનું અન્ય સમયપર રાખ્યું હતું. જે સંક્ષેપ ઉત્તર એ પ્રસંગે આપવામાં આવ્યો હતો તેનો સારાંશ હવે પછી આપવામાં આવે છે.

---

* ખેતડી, રાજપુતાનામાં જયપુરથી આશરે ૮૦ માઈલને અંતરે આવેલું છે. ત્યાંના રાજા શ્રીમન્નરેશ અજિતસિંહજી, સ્વામીજી અમેરિકા ગયા તે સમય અગાઉજ તેમના શિષ્ય થયા હતા. સ્વામીજી મદ્રાસમાં પધાર્યા છે, એવા સમાચાર મળતાંજ ખેતડીનરેશે પોતાના પ્રાઈવેટ સેક્રેટરી મુન્શી જગમોહનલાલને સ્વામીજીના ખાસ સત્કાર નિમિત્તે ઉક્ત માનપત્રસહિત મદ્રાસ મોકલ્યા હતા.

मद्रासना मानपत्रनो संक्षेपमां उत्तर

મદ્રાસવાસી માયાળુ મહોદયગણ !

એક કહેવત છે કે, "આદર્યાં અધૂરાં રહે, હરિ કરે સો હોય." આજના માનપત્રનું તેમજ તેના પ્રત્યુત્તરનું કાર્ય ઇંગ્રેજી પદ્ધતિથી ચલાવવાની પ્રથમ ધારણા હતી; પરન્તુ ઇશ્વિરને એ ધારણા નામંજુર હતી. જેથી પ્રબલ ઇશ્વિરીવિદ્યાનુસાર આજનું કાર્ય જુદીજ રીતે સંપાદન થાય છે. ગીતાના પ્રસંગની પેઠે રથ ઉપર ચડીને આમતેમ વિખરાએલા શ્રોતાજનો આગળ મારૂં કથન સંભળાવવાનો યોગ મળ્યો છે; આવી જુદીજ રીતે ભાષણ આપવાનો પ્રસંગ મળવામાટે હું ઇશ્વિરનો આભાર માનું છું. આ પ્રકારવડે વાણીને વિશેષ ઉત્તેજન અને જોર મળે છે; અને મારે તમને જે કહેવાનું છે, તે હું વિશેષ જુસ્સાથી અને વિશેષ ઉત્સાહથી કહી સંભળાવું છું. મારો અવાજ આ વિશાળ જનસમુદાયમાં સર્વને કાને પહોંચી શકશે કે કેમ, તે હું જાણતો નથી; છતાં મારાથી બનશે તેટલો યત્ન કરવામાં હું કશી કસર નહિ રાખું. આવી અતિ વિશાળ સભાને ખુલ્લી જગ્યામાં વ્યાખ્યાન સંભળાવવાનો મને આ પહેલોજ પ્રસંગ પ્રાપ્ત થાય છે. શરૂઆતમાં મારે ઉપકારના ભારથી નમેલા હૃદયપૂર્વક કહેવું જોઇએ કે, કોલમ્બોથી આરંભીને છેક આજ સુધી મારાપ્રત્યે જે આશ્ચર્યકારક દયા અને પ્રેમ દર્શાવવામાં આવ્યાં છે, અને જે અપૂર્વ ઉત્સાહભર્યા આનન્દથી અને હૃદયના ભાવથી મારૂં સર્વત્ર સ્વાગત કરવામાં આવે છે, તેટલા બધા સન્માન અને સત્કારની મને સ્વપ્ને પણ આશા નહોતી. મેં અનેક સ્થળે જણાવેલા સત્યની એથી વિશેષ પુષ્ટિ થાય છે. એ સત્ય અનુસાર પ્રત્યેક જાતિનું જીવનતત્ત્વ ખાસ અમુક વિશેષ આદર્શના ઉપર આધાર રાખે છે. પ્રત્યેક પ્રજા અથવા જાતિને માટે તેણે પોતે નક્કી કરેલો તેનો પોતાનો અમુક આદર્શ અને તે આદર્શને પ્રાપ્ત કરવાનો માર્ગ હોય છે; અને તેજ માર્ગે પોતાના ખાસ આદર્શને લક્ષમાં રાખી પ્રત્યેક પ્રજા પ્રગતિ કરે છે. ભારતવાસીઓનો ખાસ આદર્શ અને માર્ગ તેમના પોતાના ધર્મમાંજ સમાએલો છે; કેમકે ધર્મજ ભારતનું જીવન છે. જગતના બીજા દેશોમાં ધર્મ પણ બીજાં અનેક કાર્યોના જેવું એકાદ સામાન્ય કાર્યજ ગણાય છે. દાખલા તરીકે ઇંગ્લાંડમાં ધર્મ તેમની પ્રજાની રાજનીતિનો એક સામાન્ય વિભાગજ મનાય છે. અંગ્રેજી ધર્મસંસ્થા ઇગ્લાંડના રાજકર્તાઓના અધિકારમાં છે, જેથી પોતાના દેશની રાજ્યસત્તાએ સ્વીકારેલી ધર્મ-સંસ્થા તરીકે ત્યાંના બધા લોકો તેનું પાલન પોષણ કરે છે અને તેને સહાય કરે છે. પ્રત્યેક ગૃહસ્થ તેમજ સન્નારી એ ધર્મસંસ્થામાં સામીલ થવાંજ જોઇએ, એવી સામાન્યતઃ આશા રાખવામાં આવે છે; કેમકે એ પણ એક સભ્યતા અને

ગૃહસ્થાઇનું લક્ષણ ગણાય છે. બીજા દેશોમાં પણ તેમની ધર્મભાવના જુદા જુદા પ્રજાપ્રિય આદર્શોને આધીન હોય છે. દરેક પ્રજામાં અમુક પ્રબલ શક્તિનું દર્શન થાય છે. કોઇ પ્રજામાં રાજનીતિરૂપે, કોઇ પ્રજામાં બુદ્ધિશક્તિરૂપે, કોઇમાં વિદ્યા-ચર્ચારૂપે, કોઇમાં વિજ્ઞાન અથવા શાસ્ત્રની ઉન્નતિરૂપે, કોઇમાં યુદ્ધનીતિરૂપે અને કોઇમાં વ્યાપારનીતિરૂપે. એ રીતે પ્રત્યેક પ્રજાની શક્તિ વિકાસ પામે છે. એવો જે ખાસ આદર્શ પ્રત્યેક પ્રજાના મુખ્ય આધારરૂપ હોય છે, તેમાંજ એ પ્રજાનું જીવન અને પ્રાણ સમાઇ રહે છે, અને તે આદર્શમાંજ એ પ્રજાના હૃદયનો થડકાટ સાંભળવામાં આવે છે. એવી ભિન્ન આદર્શવાળી પ્રજાને માટે ધર્મ તો માત્ર ગૌણ આભૂષણ અને અનેક બાહ્ય સાધનોમાંના એકાદ સામાન્ય સાધનરૂપજ ગણાય છે; પરન્તુ અહીં ભારતમાં તો માત્ર ધર્મજ પ્રજાના હૃદયનું ખાસ મર્મ-સ્થાન છે. ધર્મજ ભારતનો આત્મા અને પ્રાણ છે. અહીંની પ્રજાનો ભવ્ય પ્રાસાદ ધર્મના મુખ્ય અને પ્રબળ પાયાઉપરજ ઉભો કરવામાં આવેલો છે. અહીં રાજ-નીતિ, વિવિધ શકિત અને વિદ્યા–બુદ્ધિની ચર્ચા ગૌણ તેમજ ધર્મના કરતાં ઉત-રતી પંક્તિની ગણાય છે; કેમકે ભારતનું એક માત્ર કાર્ય, ભારતનો સર્વથી મહાન વિચાર અને ભારતનૌકાનું પ્રાણાધારરૂપ સુકાન માત્ર ધર્મજ છે. * *

* * * * * * * *

માત્ર એક ધર્મ અને આધ્યાત્મિકતાજ તેના જીવનનું મુખ્ય અવલંબન છે. તેના આધાર ઉપરજ ભારતવર્ષ આજસુધી જીવતું રહ્યું છે; અને ઉન્નતિ તેમજ આબાદી પામ્યું છે. ભવિષ્યમાં પણ તેનીજ સહાયતાવડે ભારત પોતાનું જીવન ધારણ કરી શકશે.

જગતની બધી પ્રજાઓ પોતપોતાના આદર્શો અથવા પ્રશ્નોનું નિરાકરણ કરવામાટે દિનરાત મથી રહી છે. ભારતવર્ષ તેમાંના એક પ્રશ્નની પાછળ મથી રહ્યો છે, અને જગતની બીજી બધી પ્રજાઓ બીજા પક્ષ અને બીજા પ્રશ્નનું નિરાકરણ કરે છે. એ બન્નેમાંથી કોનો વિજય થશે ? કયી જાતિ દીર્ઘ જીવન ભોગવશે ? એવું કયું તત્ત્વ અથવા કાર્ય છે કે જેને યોગે એક પ્રજા ચિરકાલ જીવી શકે ? આ સંસારના જીવનસંગ્રામમાં પ્રેમનો જય થશે કે તિરસ્કારનો ? સદ્‌ભાવ વધારે ટકી રહેશે કે અસદ્‌ભાવ ? ભોગવિલાસનો જય થશે કે ત્યાગનો ? જડ તત્ત્વ વધારે જીવન ભોગવશે કે ચૈતન્ય ? જે સમયનો ઇતિહાસ પણ નથી મળી શકતો એવા દૂર દૂરના ભૂતકાળમાં આપણા પવિત્ર પૂર્વજોએ એ બાબતો સંબંધી જે જે સિદ્ધાંતો બાંધ્યા છે તેમાંજ આપણો સંપૂર્ણ વિશ્વાસ છે. પ્રાચીન દંતકથાઓ પણ જે ભૂતકાળના પ્રગાઢ અંધકારને ભેદી શકતી નથી, તેવા અતિ પ્રાચીન સમયે આપણા ગૌરવભૂષિત પૂર્વજોએ જીવનનાં મહાન પ્રશ્નને હાથ ધર્યો હતો અને તેનો ઉકેલ

આણ્યો હતો. પોતાની માન્યતા તેમજ સિદ્ધાંતોને સમગ્ર જગત આગળ પૂરવાર કરી આપી તેના સંબંધમાં કોઇને કાંઇ પણ શંકા હોય તો તેનું નિવારણ કરવાનો તેમણે અખંડ દાવો ધર્યો હતો. પોતાના સત્ય સિદ્ધાંતોને કંઇ પણ અંશે અસત્ય માનતા હોય તેમને પોતાના સંશયનું નિવારણ કરવાને માટે તેમણે સમગ્ર જગતને આમંત્રણ પાઠવ્યાં હતાં. તેમની સત્યતા ઉપર એ સમયે કોઇ કશો પણ આરોપ મૂકી શક્યું ન હતું. આપણા પૂર્વજોનો એ સિદ્ધાંત ત્યાગ, પ્રેમ, દાન, પરહિતમાં સર્વસ્વ સમર્પણ અને સંપૂર્ણ નિર્ભયતામાં સમાએલો છે. કોઇ પણ પ્રજાને એજ સદ્દગુણો લાંબો સમય ટકાવી રાખે તેમ છે. સર્વત્ર વિજય મેળવવાની એજ સદ્દ-ગુણોમાં શક્તિ છે. તુચ્છ વિષયસુખોનો અને ઇંદ્રિયોના ભોગવિલાસની વાસનાનો સર્વથા ત્યાગ કરનારી પ્રજાજ ચિરસ્થાયી અથવા દીર્ઘજીવી થઇ શકે છે. માનવ-જાતિનો ઇતિહાસ તેની પુષ્ટિનાં અનેક દ્રષ્ટાંત આપણી આંખ સામે રજુ કરે છે. દરેક સૈકામાં ઇતિહાસ સાક્ષી પૂરે છે કે, અનેક નવી નવી જાતિઓ ઉત્પન્ન થઇને ચોમાસાના પતંગીઆની પેઠે ક્ષણભર પોતાનો પ્રભાવ બતાવી પાછી વિનાશ પામી છે. શૂન્યમય સ્થિતિમાંથી તેઓ ઉત્પન્ન થએલી હોય છે, થોડા દિવસમાં તેઓ પાપમય ક્રીડા કરે છે, અને ક્ષણમાં પાછી પીગળીને શૂન્યમાં મળી જાય છે. માત્ર આ મહાન અલૌકિક બલવાળી હિન્દુપ્રજાજ અનેક તુમુલ તોફાનો, પ્રબલ આપત્તિ અને ભય, તેમજ જુદી જુદી કરૂણાજનક સ્થિતિ કે જેવી સ્થિતિ આ જગતમાં બીજી કોઇ પણ પ્રજાને ભોગવવી નહિ પડી હોય, તેમાં સપડાવા છતાં દારૂણ વિદેશી ઝંઝાવાતને સહન કરતી આજસુધી સજીવન અડગ ઉભેલી છે; કારણ કે એ પ્રજાએ ત્યાગનો મહામંત્ર સ્વીકાર્યો છે, આત્મત્યાગના ઉજ્જવલ પક્ષનું અવલંબન કર્યું છે. નકકી માનજો કે આત્મત્યાગ વિના કદિ ધર્મનું રક્ષણ કરી શકાતું નથી.

યૂરોપ જીવનના પ્રશ્નનો બીજી દિશામાં નિવેડો કરવા ચાહે છે. સારા-માઠા કોઇ પણ ઉપાયવડે મનુષ્ય કેટલા બધા પદાર્થો અને બળ પ્રાપ્ત કરી શકે, એજ તેની પ્રવૃત્તિનો હેતુ છે. યૂરોપનો મંત્ર આત્મત્યાગ નથી; પણ તેનો પોતાની ઉન્નતિનો મૂળ મંત્ર હરિફાઇ, ચડસાચડસી, દ્વેષ અને દયા કે લાગણી વગરની શુષ્ક સ્પર્ધાજ છે. આપણું ઉન્નતિનું ધોરણ વર્ણાશ્રમધર્મદ્વારાજ છે, જેને યોગે દ્વેષ ભરેલી હરિફાઇ અથવા ઇર્ષ્યા અનાયાસે દૂર થાય છે. સર્વ બંડખોર શક્તિઓને એ ધર્મ અંકુ-શમાં રાખે છે, નિર્દયતાનો નાશ કરે છે, અને પોતાની ઉદાર, સરલ તેમજ અસં-દિગ્ધ પદ્ધતિદ્વારા મનુષ્યના રહસ્યમય જીવનમાં જીવાત્માના ઉન્નતિમાર્ગને સરલ, સુખરૂપ તેમજ શાન્તિમય બનાવી દે છે.

આવી રીતે પ્રખર ભાષામાં સ્વામીજીનું વ્યાખ્યાન ચાલતું હતું, પણ આસપાસ એકઠી મળેલી હજારો લોકોની ભીડમાં એટલો બધો કોલાહલ અને ગડબડ મચી

રહ્યાં હતાં કે ભાષણ બરાબર સંભળાઇ શકાતું નહોતું, એથી તેમણે છેવટના નીચે મુજબના શબ્દો કહીને પોતાના વ્યાખ્યાનની સમાપ્તિ કરી.

પ્રિય મિત્રો ! તમારો અદ્ભુત ઉત્સાહ અને ઉછળતો આનંદ જોઇને મારૂં હૃદય અતિ પ્રસન્ન થાય છે. આજનો સમારોહ ઘણોજ અસાધારણ અને અદ્ભુત જણાય છે. એવો પ્રબલ ઉત્સાહજ આપણી નસોના લોહીને ગરમ બનાવી કર્તવ્યમાર્ગમાં પ્રેરશે. માત્ર એ ઉત્સાહને ચિરસ્થાયી કરવાની જરૂર છે. યત્નપૂર્વક તેને હમેશાં જાળવી રાખો. એ પ્રબલપ્રેમ અને ઉત્સાહના અગ્નિને કદિ પણ બૂઝાઇ જવા દેતા નહિ. આપણી પુણ્ય ભારતભૂમિમાં આપણે અનેક મહાન કાર્યો કરવાનાં છે. એ કાર્યો સિદ્ધ કરવામાટે તમારી સહાયતા, લાગણી અને આવાજ ઉત્સાહથી ભરેલી સહાનુભૂતિની જરૂર છે. આવા ઉત્સાહ અને કોલાહલમાં શાન્તિથી સભાનું કાર્ય ચાલવું સંભવિત નથી, માટે મારૂં બોલવું પૂરૂં કરતી વખતે હું ફરીથી તમારી દયાભરેલી લાગણીમાટે તેમજ તમારા ઉત્સાહભરેલા સ્વાગત માટે અંતઃકરણપુર્વક તમારો આભાર માનું છું. બીજે શાન્ત સમય મળશે ત્યારે આપણે ભવિષ્યના કાર્યમાટે વિસ્તારથી વિચાર કરીશું, અને ઉપયોગી વિચારોનો પરસ્પર વિનિમય કરીશું. મારા પરમ મિત્રો ! આજને માટે તો હું તમારી વિદાય લઉં છું. * * * * * *

मारा युद्धनी व्यूहरचना

(મદ્રાસના વિક્ટોરીઆ હૉલમાં અપાએલું વ્યાખ્યાન.)

ગયે પ્રસંગે લોકોની અત્યંત ભીડ થવાથી મારૂં કથન હું પૂર્ણ કરી શકયો નહોતો, તેથી આજે પ્રારંભમાંજ હું મદ્રાસનિવાસી બંધુઓનો તેમણે મારા પ્રત્યે બતાવેલી દયા, મમતા અને પ્રીતિને માટે હૃદયપૂર્વક આભાર માનું છું. માનપત્રોમાં મારે માટે જે સુંદર વિશેષણો વાપરવામાં આવ્યાં છે તેને માટે આપ સર્વનો કયા શબ્દોમાં આભાર માનવો, તેની હું કલ્પના કરી શકતો નથી. પ્રભુ મને એ બધાં ઉદાર, સુંદર અને દયાભરેલાં વિશેષણોને યોગ્ય થવાનું અને સમગ્ર જીવન સ્વધર્મ તેમજ સ્વદેશની સેવા કરવાનું સામર્થ્ય આપે.

ભદ્ર મહાશયો !

મારામાં અનેક દોષો હોવા છતાં હું ધારૂં છું કે મારામાં કંઇક નિડરતાનો અને સાહસનો ગુણ છે. પશ્ચિમને મારે ભારતનો સંદેશો પહોંચાડવાનો હતો. ઈશ્વર તરફથી મને એ કાર્ય સોંપવામાં આવ્યું હતુ. મેં નિડરતાથી એ સંદેશો અમેરિકા અને ઇંગ્લાંડના લોકોને સંભળાવ્યો છે. આજનો વિષય શરૂ કર્યા પહેલાં હું

તમને બધાને એવીજ નિડરતા અને સાહસથી થોડા શબ્દો કહેવા માગું છું. કેટલોક સમય થયાં મારી પ્રવૃત્તિમાં વિઘ્ન નાખવાના કેટલાક પ્રયત્નો થાય છે. મારી આસ-પાસ એવી તજવીજો થતી જણાય છે કે જેથી હું આગળ વધી ન શકું. જો તેમનાથી બને તો તેઓ એકદમ મને પીલી કચરીને મારી હયાતીજ નાબુદ કરી નાખે ! પરન્તુ પ્રભુની કૃપાથી એ બધી પેરવીઓ નિષ્ફળ નિવડી છે. એવા પાપી પ્રયત્નો ઘણે ભાગે વિફળજ જાય છે. લગભગ છેલ્લાં ત્રણ વર્ષ થયાં મારા વિષે કેટલીક ગેરસમજ ફેલાએલી છે; પરંતુ હું દૂર વિદેશમાં હતો ત્યાં સુધી શાંતિ ધારણ કરીને મૂંગોજ રહ્યો હતો, જાણે હું જાણતોજ ન હોઉં તેમ એક શબ્દ પણ એ બાબતમાં આજ સુધી બોલ્યો નથી; પણ હવે મારી માતૃભૂમિના ખોળામાં આવી પહોંચ્યા પછી સ્વદેશની સપાટીપર ઉભો રહીને, એ બાબતમાં મારા તરફથી ખુલાસાના થોડા શબ્દો કહેવાની મને જરૂર જણાય છે. મારા એ શબ્દોનું શું પરિણામ આવશે, એથી તમારા મનમાં મારા માટે શા વિચારો ઉત્પન્ન થશે, તમારા હૃદયપર એ શબ્દોની શી અસર થશે, તેની મને કશી પણ ચિંતા નથી. એવી ચિંતા કે ભીતિ રાખે તે સંન્યાસીજ નથી. ચાર વર્ષ અગાઉ હાથમાં દંડ-કમંડલ લઇને સંન્યાસીના વેશે મેં તમારા શહેરમાં પહેલવહેલો પ્રવેશ કર્યો હતો. હજી પણ હું તેજ સંન્યાસી છું, અને વિશાળ દુનિયા મારી સામે ખુલ્લી છે. વિશેષ પ્રસ્તાવવિના હવે હું મારૂં કથન શરૂ કરૂં છું.

પહેલાં તો મારે "થિયૉસોફિકલ સોસાઇટી" ના સંબંધમાં થોડા શબ્દો કહેવાના છે. તે સંસ્થા તરફથી આજસુધી ભારતના ક્ષેત્રમાં કંઇક સારૂં કામ થયું છે, અને તેને માટે એ સંસ્થાનો અને વિશેષ કરીને મીસીસ બીસેંટનો ઘણો આભાર થયો છે. મીસીસ બીસેંટ સંબંધી હું જે કંઇ અલ્પ-સ્વલ્પ જાણું છું તેપરથી હું માનું છું કે એ પરોપકારી બાઇ આપણા પવિત્ર દેશની નિષ્કામ શુભચિન્તક છે, અને તે દેશની ઉન્નતિ કરવાને પોતાનાથી બની શકે તેટલો પોતાની શક્તિનો ઉપયોગ કરે છે. તેના એ પુણ્યપ્રયત્નમાટે હિંદનો પ્રત્યેક સુપુત્ર તેનો અત્યંત આભારી છે, અને પ્રભુ તેનાપર તેમજ તેના સંબંધીઓપર શુભાશીર્વાદ વરસાવો; પરંતુ આ એક વાત છે, અને થિયૉસોફીકલ સોસાઇટીમાં જોડાવું એ તેનાથી છેક જુદીજ વાત છે. સદ્‌ભાવ, શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ, પ્રશંસા એ એક વસ્તુ છે; અને બીજાનું મંતવ્ય કશો પણ વિચાર, તર્ક કે ચર્ચાવિના આંખો મીંચીને મૂંગે મોંએ કબુલ કરી લેવું એ બીજી વસ્તુ છે. આજકાલ ચારેમેર એવી વાત ફેલાવવામાં આવી છે કે અમેરિકા અને ઇંગ્લાંડમાં હું જે કંઇ કાર્ય સંપાદન કરી શકયો છું, તેમાં મને એ સંસ્થા તરફથી મુખ્ય મદદ કરવામાં આવી છે! હું તમને સ્પષ્ટ જણાવું છું કે એ વાતમાં એક શબ્દ પણ સત્ય નથી. એ બધા

કપોલકલ્પિત ગપાટાજ છે. મતભેદ હોવા છતાં આપણે સહાનુભૂતિ દર્શાવવાના, પરસ્પર સારી લાગણી ધરાવવાના અને સહાય કરવાના ઉદાર વિચારો સંબંધી આ જગતમાં લાંબાં લાંબાં ભાષણો સાંભળીએ છીએ એ ઘણી સારી વાત છે; પરંતુ અનુભવમાં આપણે શું જોઇએ છીએ ? જ્યાંસુધી એક મનુષ્ય બીજા મનુષ્યના બધા વિચારોને માની તેનો મતાનુયાયી બની રહે છે, ત્યાંસુધીજ તેના તરફ બીજા મનુષ્યની સહાનુભૂતિ કે લાગણી રહે છે. એ મનુષ્યે પોતાનો જરાપણ મતભેદ બતાવ્યો કે થઇ ચૂક્યું ! એ સહાનુભૂતિ તરતજ પાંખો ફફડાવીને ઉડી જાય છે ! લાગણી લાકડાપર લટકી રહે છે ! પ્રેમ અને ભ્રાતૃભાવ એકાએક અદૃશ્ય થઇ જાય છે !

કેટલાક મનુષ્યો એવા હોય છે કે જેમને પોતપોતાના ધારી રાખેલા ક્ષેત્રમાં પોતાનો સ્વાર્થ સાધવાનો હોય છે. કોઇપણ દેશમાં એવા લોકોના સ્વાર્થને કોઇ પણ પ્રકારની અડચણ આવે છે, ત્યારે તેમનાં અંતઃકરણો બળવા લાગે છે. તેમનાં ઇર્ષ્યા અને દ્વેષભાવ એટલાં બધાં વધી પડે છે કે શું કરવું કે શું ન કરવું તે તેઓ જાણી શકતા નથી ! ગરીબ હિંદુઓ જ્યારે પોતાને હાથેજ પોતાનું ઘર સ્વચ્છ કરવા લાગ્યા છે, ત્યારે તેમાં ખ્રિસ્તી પાદરીઓની શી હાનિ થાય છે, તે કંઇ સમજી શકાતું નથી. તેમનાથી બીજી જાતિના આત્મસુધારણાના પ્રયત્નો પણ સહી શકાતા નથી. હિંદુઓ પોતાની જાતિના સુધારામાટે ખરા અંતઃકરણથી પ્રયત્ન કરવા લાગ્યા છે, તેમાં બ્રહ્મોસમાજ અથવા બીજી કોઇ પણ સુધારાસમાજનું શું બગડે છે ? તેઓ શામાટે હિંદુસુધારકોનો વિરોધ કરે છે ? તેઓ શામાટે આવી હિતકારક હીલચાલના કટ્ટા શત્રુઓ બની જાય છે ? હું પૂછું છું કે આવી દુશ્મનાવટ શામાટે ? તેમનો દ્વેષ, તેમની ઇર્ષ્યા અને તેમનો તિરસ્કાર એટલું બધું પ્રબળ રૂપ ધરી બેઠાં છે કે તેનું કારણ પૂછવાનો અથવા તે બાબત કશો પ્રશ્ન કરવાનો યત્ન પણ વ્યર્થજ નિવડે છે. આજથી ચાર વર્ષ અગાઉ જ્યારે મારા જેવો એક અજાણ્યા, નિર્ધન, અસહાય, મિત્ર વગરનો તેમજ અહીંથી કોઇ સદ્‌ગૃહસ્થના પરિચય પત્ર વગરનો એકલો અટુલો ગરીબ સંન્યાસી, વિશાળ જળસિંધુની-સાત સમુદ્ર અને સીત્તેર નદીઓની પેલીપાર આવેલા દૂરદૂરના અમેરિકા દેશ તરફ જવાને તૈયાર થયો હતો; જે વિશાળ દેશમાં મારો કોઇ પરિચિત કે મિત્ર નહોતો, તે દેશમાં વસનારા પાતાળવાસી લોકોને પ્રભુનો પવિત્ર સંદેશો પહોંચાડવાને અહીંથી પ્રયાણ કરતો હતો, એ વખતે એકવાર હું આ દેશની થિયૉસોફીકલ સોસાઇટીની એક શાખાના અગ્રેસરને મળવા ગયો હતો. એ વખતે સ્વાભાવિક રીતેજ મેં ધાર્યું હતું કે તે અગ્રેસર હિંદનો હિતચિંતક અને અમેરિકાનો રહેવાસી હોવાથી જરૂર ત્યાંના કોઇ સદ્‌ગૃહસ્થ ઉપર મને એકાદ પરિચયપત્ર

અથવા ભલામણપત્ર લખી આપશો, તો અજાણ્યા પ્રદેશમાં એ પત્ર મને ઘણો મદદરૂપ થઇ પડશે. હું જ્યારે મળવા ગયો ત્યારે તેમણે મને પૂછ્યું કે:-"તમે અમારી સંસ્થામાં સભાસદ તરીકે દાખલ થશો ?"

મેં ઉત્તર આપ્યો:-"ના, હું કેવી રીતે તમારી સોસાઇટીમાં દાખલ થઇ શકું ? સોસાઇટીના સિદ્ધાંતોમાં અને મારા સિદ્ધાંતોમાં કેટલોક મતભેદ છે, એથી હું લાચાર છું.". મારા આ શબ્દો સાંભળીને તરતજ તેમણે મને જણાવ્યું કે:-"હું દિલગીર છું. હું તમારામાટે કંઇ પણ કરી શકું તેમ નથી !" થિયૉસોફિકલ સોસાઇટી તરફથી જો મને કંઇ પણ સહાય કરવામાં આવી હોય તો તે આટલીજ હતી. શું આ રીતનું વર્તન તે મને માર્ગ આપ્યો કહેવાય ? જો કોઇ થિયૉસોફિસ્ટ બંધુ આ સભામાં હાજર હોય તો હું તેને આગ્રહથી પૂછું છું કે, શું આ મદદ આપી કે માર્ગ કરી આપ્યો કહેવાય ? અસ્તુ. તમે બધા જાણો છો તેમ અહીં મદ્રાસના કેટલાક મિત્રોની મદદવડે હું અમેરિકા પહોંચ્યો હતો. એ મિત્રોમાંના ઘણાખરા તો અહીં હાજર છે, માત્ર તેમાંનો એક મુખ્ય મિત્ર અહીં દેખાતો નથી. તે મિત્ર શ્રી. જસ્ટીસ સુબ્રામણ્ય આયર છે. એ સદ્‌ગૃહસ્થ મારા મુખ્ય સહાયક હતા. તેમના અનંત ઉપકારના બોજા તળે હું સદાય દબાએલો છું. તેઓ આ સભામાં અત્યારે હાજર નથી. એ મહાપુરૂષના પ્રત્યે અહીં હું મારી સંપૂર્ણ કૃતજ્ઞતા પ્રકટ કરૂં છું. એ સત્પુરૂષના હૃદયમાં દિવ્ય પ્રતિભાનો પ્રકાશ હમેશાં ઝળહળી રહેલો જણાય છે. મારા આજસુધીના જીવનમાં, મેં તેમના જેવા સાચા ને વિશ્વાસપાત્ર મિત્રો બહુજ થોડા જોએલા છે. તેઓ ઉદારચિત્ત, નિખાલસ, નિઃસ્વાર્થી અને હૃદયના સાચા મિત્ર છે. ગરીબ ભારતમાતાના તેઓ એક ખરેખરા સુપુત્ર છે. એમની તથા મદ્રાસના બીજા કેટલાક મિત્રોની મદદથી હું અમેરિકા જઇ પહોંચ્યો. એ વખતે મારી પાસે બહુજ થોડા પૈસા બચ્યા હતા. અમેરિકાની મહાન ધર્મપરિષદ્ ભરાવાને હજુ કેટલાક મહિનાની વાર હતી. એ દરમિયાન મારા પૈસા, અમેરિકા જેવા ધનિક અને ખર્ચાળ દેશમાં કેટલો વખત નભી શકે ? ખર્ચનું પ્રમાણ ત્યાં આપણા દેશથી ઘણું વિશેષ છે. શિયાળો નજીક આવી પહોંચ્યો, અને મારી પાસે તો માત્ર ઉનાળામાં ઉપયોગી થાય એવાં થોડાં પાતળાં વસ્ત્રોજ હતાં. એક દિવસ ઠંડીથી મારો હાથ એકાએક અકડાઇ ગયો ! શિયાળાની સહન ન કરી શકાય એવી કડકડતી ઠંડીમાં, અપરિચિત લોકોથી વસેલા પરદેશમાં પૈસા વિના શું કરવું ? હું એ વખતે લાચાર થયો. હવે શું કરવું તે મને સમજાયું નહિ. હું ભિક્ષા માગવા જાઉં તો તરતજ મને પકડીને જેલમાં મોકલી દેવામાં આવે ! મારા ખીસામાં હવે માત્ર છેલ્લા થોડાજ ડૉલર રહેલા હતા. મેં એ વખતે મારા મદ્રાસના મિત્રોપર મદદને માટે

તાર કર્યો. આ હકીકત થિયૉસોફિકલ સોસાઇટીના મેંબરોના જાણવામાં આવી. તેમાંનો એક સભાસદ પોતાના એ વખતના એક પત્રમાં લખે છે કેઃ–" હવે એ સેતાનનું મોત નજીક આવેલું જણાય છે. પ્રભુ આપણું રક્ષણ કરો !"

કેવી સરસ લાગણી ? શું આ રીતેજ મને રસ્તો કરી આપવામાં આવ્યો હતો કે ? જો એ સંસ્થા તરફથી મને મારા પ્રવાસ સમયે કશી પણ સહાનુભૂતિ મળી હોય તો તે આ પ્રકારનીજ હતી !

આ બધી હકીકત બહાર પાડવાની મારી બીલકૂલ ઇચ્છા નહોતી, પરંતુ જ્યારે મને મદદ કરવાની મોટી મોટી વાતો અને સોસાઇટીએ બતાવેલી સહાનુભૂતિના મહાધ્વનિ ઠામ ઠામ પડી રહ્યા છે, ત્યારે એ બધામાં કેટલું સત્યાસત્ય છે, તે સ્પષ્ટ રીતે દર્શાવવા ને જાણવામાટે મારા જે દેશવાસી બંધુઓ આતુર છે, તેમની તૃપ્તિને માટે મારે દિલગીરી સાથે નિરુપાયે જણાવવું પડે છે. ત્રણ વર્ષના લાંબા સમયસુધી મેં મારા મોંને એ વિષયને માટે તાળું મારી રાખ્યું હતું. કોઇનો પણ અપકાર પ્રકટ કરવામાં મૌનનેજ મેં મારો મુદ્રાલેખ બનાવી રાખ્યો છે, પણ આજે આ હકીકત મારા નિયમને કૂદીને અચાનક બહાર નીકળી આવી છે ! થિયૉસોફિકલ સોસાઇટીની સાથે મારો હિસાબ એટલેથીજ પતી જતો નથી. ચિકાગોની મહાન ધર્મ પરિષદના સભામંડપમાં કેટલાક થિયૉસોફિસ્ટ બંધુઓ મારી નજરે પડયા. તેમની સાથે વાતચિત કરવાની અને મળવાહળવાની મને ઇચ્છા થઈ. હું તેમની પાસે ગયો, પણ એ વખતે તેમના ચ્હેરાઉપર મારા પ્રત્યેનો જે પ્રત્યક્ષ તિરસ્કાર સ્પષ્ટ દેખાઇ આવતો, એ બાબતનું મને પૂરેપૂરૂં સ્મરણ છે. જાણે તેઓ મૂંગે મોંએ મારી અવજ્ઞા કરીને કહેતા હોય કેઃ–" આ દેવતાઓના દરબારમાં તમારા જેવા ક્ષુદ્ર કીડાઓનું શું કામ છે ? " આવી રીતની ઉદારતાથીજ થિયૉસોફિકલ સોસાઇટીએ મને ત્યાં માર્ગ કરી આપ્યો હતો ! ત્યારપછી એ મહાન ધર્મસભામાં મારૂં નામ અને કામ આગળ આવ્યાં અને મારે માટે ઠેકઠેકાણે કીર્તિવાદ સંભળાવા લાગ્યો, ત્યારથીજ મારે માટે પ્રબળ પ્રયાસ શરૂ થયા ! પ્રચંડ કામ આરંભાયું ! હું જે જે ગામમાં, જે જે સ્થળે જતો, ત્યાં ત્યાં થિયૉસોફિસ્ટો મને દબાવી દેવાને પોતાનાથી બને તેટલા પ્રયત્નો કરતા. ત્યાંના બધા થિયૉસોફિસ્ટ ભાઇઓને મારાં ભાષણો સાંભળવાની ખાનગી રીતે મનાઇ કરવામાં આવી હતી; કેમકે મારાં ભાષણો સાંભળીને કદાચ તેમનાં મન બદલાઇ જાય અને થિયૉસોફિકલ સોસાઇટી તરફની તેમની લાગણી વિનાશ પામે તો ! તેમને તેમજ ખ્રિસ્તી પાદરીઓને એવો બહુ ભય હતો.

સોસાઇટીના એસૉટેરિક (ગુપ્ત) વિભાગનો એવોજ મત છે કે જે જે સભાસદો એ ગુપ્તમંડળમાં દાખલ થાય તેમને માત્ર કુતહુમી અને મોરિયા જેવા મહા-

તમાઓ તરફથીજ શિક્ષણ મળવું જોઇએ. બીજા પાસેથી તેમનાથી શિક્ષણ લઇ શકાયજ નહિ ! એ બન્ને મહાત્મા કેવા છે અને તેઓ કયાં નિવાસ કરે છે એતો પ્રભુ જાણે ! પણ તેમની અદૃશ્ય રહેલી શક્તિ તેમના દૃશ્ય પ્રતિનિધિઓ મી. જજ્જ અને મિસીસ બીસેન્ટના શરીરમાં પ્રવેશ કરીને પોતાના શ્રદ્ધાળુ શિષ્યોને શિક્ષણ આપવાનું કામ કરતી ! આ ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે જે કોઇ મનુષ્ય એ ગુપ્તમંડળમાં દાખલ થાય તેણે પોતાની સ્વતંત્ર વિચારશક્તિનો સર્વથા ત્યાગ કરી, સોસાઇટીને સંપૂર્ણ ભાવે પોતાનું આત્મસમર્પણ કરવું પડે છે. અવશ્ય મારાથી આવું કોઇ કાળે થઇ શકે તેમ નહોતું. ક્ષુદ્ર અને ક્ષણિક સાંસારિક સુખ-સગવડને ખાતર પોતાની સ્વતંત્ર આત્મશક્તિ અને વિચારશક્તિ વેચી દેવાનું મારાથી કદિ પણ બની શકે તેમ નહોતું. જે મનુષ્ય એવી રીતે પોતાની આત્મ-સત્તા પારકા હાથમાં વેચવાને તૈયાર થાય છે, તેને હું હિંદુ પણ કહી શકું તેમ નથી.

ત્યારપછી થિયૉસોફિકલ સોસાઇટીના પોતાના મંડળમાંજ ગડબડ ચાલુ થઇ. મી. જજ્જ અને મિસીસ બિસેંટ વચ્ચે વાંધો પડયો. છેવટે બન્ને છૂટાં પડયાં ! સ્વ. મી. જજ્જને માટે મને ઘણું માન હતું. તેઓ એક ગુણવાન, સરલ, નિષ્ક-પટી અને શ્રદ્ધાપાત્ર સદ્‌ગૃહસ્થ હતા. મારા મત પ્રમાણે થિયૉસોફિકલ સોસાઇટીના તે સર્વથી ઉત્તમ પ્રતિનિધિ હતા. જ્યારે મી. જજ્જ અને મિસીસ બિસેંટ બન્ને જણાં એવોજ દાવો કરે છે કે, તેમના પોતપોતાના મહાત્મા ખરા છે; ત્યારે તેમની વચ્ચે કેવી રીતનો વાંધો ઉઠયો છે, અને શી ગડબડ ચાલે છે, તેની ચર્ચા કરવાનું આ સ્થળે મને વાજબી નથી જણાતું. તેઓ બન્ને પોતપોતાના મહાત્માનો ઉપ-દેશ સત્ય હોવાનો દાવો કરે છે ! વળી વિશેષ આશ્ચર્ય તો એજ છે કે તેમનો બન્નેનો દાવો અને વાંધો એકજ મહાત્માને લઇને ચાલે છે ! એકજ મહાત્માનાં એ બન્ને ઉપાસક છે, એ મહાત્માની આજ્ઞા પ્રમાણેજ તેઓ બન્ને કાર્ય કરે છે; ત્યારે એ બન્નેને જુદી જુદી શિક્ષા આપી, તેમને લડાવી મારવાનું એ મહાત્માને શું કારણ હશે તે તો પ્રભુ જાણે ! પરમાત્માજ સત્ય હકીકત જાણે છે. બન્ને પક્ષનાં ત્રાજવાં એકસરખાંજ નજરે પડે ત્યારે એ બાબતનો ન્યાય ચૂકા-વવાની પ્રભુ સિવાય બીજા કોઇની સત્તા નથી.

અહીં થિયૉસોફિકલ સોસાઇટીની સાથેનો મારો સંબંધ પૂરો થાય છે. મારી અમેરિકા અને ઇગ્લાંડની મુસાફરીમાં તેમણે મને જો કોઇ પ્રકારની મદદ કરી હોય અથવા મારા કાર્યનો માર્ગ તેમણે સરલ બનાવી દીધો હોય, તો તે આવીજ રીતે છે ! થિયૉસોફિસ્ટો, મારી વિરૂદ્ધ પોકાર કરનારા ખ્રિસ્તી પાદરીઓની સાથે મારા માર્ગને વધારે કઠિન બનાવવામાટેજ મળી ગયા. એ બન્ને પક્ષ મારી વિરૂદ્ધ એકત્ર થયા ! જગતમાં એવું કોઇ પણ હડહડતું જુઠાણું નહિ હોય કે જે ત્યાંના

પાદરીઓએ મારી વિરૂદ્ધ ઉભું કરવામાં બાકી રાખ્યું હોય ! વિદેશમાં હું એક ગરીબ, મિત્ર વગરનો, અસહાય સાધુ આવી પડેલો હોવા છતાં, મારી ખોટી ખોટી નિંદા કરવામાં, મારે માટે ખોટા ચારિત્રદોષ ઘડી કહાડીને ચારેમેર ફેલાવવામાં અને ગામે ગામ તેમજ ઠામ ઠામ વગોવવામાં તેમણે કશી પણ કચાશ રાખી નથી ! દરેક ઘરમાંથી મને હાંકી કહાડવામાં આવે અને મારી મિત્રતા શોધવા આવનારો મનુષ્યગણ મારો શત્રુ થાય, તેનેમાટે પોતાનાથી બન્યા તેટલા યત્નો તેમણે કરી જોયા ! મને ભૂખમરો વેઠીને, ટાંટીયા ઘસીને મરી જવાનો વખત આવે, એવું કરવાની તેમણે પુષ્કળ મહેનત ઉઠાવી ! મને વિશેષ દુઃખ અને દિલગીરી તો એટલામાટેજ થાય છે કે મારી સાથેની આ બધી નિષ્કારણ શત્રુતા ઉભી કરવામાં મારા એક સ્વદેશી બંધુએ પણ સારો ભાગ લીધો હતો ! એ ગૃહસ્થ હિંદુસ્તાનની એક સુધારક સભાનો જાણીતો અગ્રેસર છે. એ જ્યાં જ્યાં સમય મળે ત્યાં ત્યાં હમેશાં લોકોને કહેતો ફરે છે કેઃ—"ઇસુખ્રિસ્ત હિંદમાં આવી પહોંચ્યો છે." "તેનો અવતાર થયો છે." શું આવી ગપાષ્ટક વાતોથી ભારત છેતરાઇ જશે ? શું એવો ખોટો ઢંઢેરો પીટવાથી ઇસુખ્રિસ્ત હિંદુસ્તાનમાં આવશે ? હું તો જાણું છું કે એમ કરવાથી એ આવતો હશે તોપણ પાછોજ ચાલ્યો જશે ! હિન્દુસ્તાનને સુધારવાની શું આ ખરી રીત છે ? એ ગૃહસ્થને હું મારી બાળવયથી ઓળખું છું. તે મારા ખાસ મિત્રોમાંનો એક હતો, એથી જ્યારે મેં તેને દૂરના અમેરિકાના પ્રદેશમાં પહેલવહેલો જોયો ત્યારે મને ઘણો આનંદ થયો; કેમકે દીર્ઘ સમય થયાં હું મારા કોઇ પણ દેશબંધુને મળી શકયો નહોતો. મને સ્વર્ગના જેટલો આનંદ થયો, પરંતુ તેમના તરફથી તો મારૂં ઊલટી રીતેજ સન્માન કરવામાં આવ્યું. તે જેવી રીતે મારી સાથે વર્ત્યો તેવી રીતે દુશ્મનની સાથે પણ કોઇ કદિ નહિ વર્તે ! જે દિવસે અમેરિકાની ધર્મસભાએ મારૂં ભાષણ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું, મારે માટે આનંદના અવાજથી ચિકાગોનું વાતાવરણ ગાજી ઉઠ્યું, જે સમયથી હું એ પરદેશી ક્ષેત્રમાં એકાએક લોકપ્રિય બની ગયો, તેજ દિવસ અને તેજ ઘડીથી ઉપર જણાવેલા મારા જૂના મિત્રની આંખમાં હું કણાની પેઠે ખૂંચવા લાગ્યો ! મારી સાથેની તેની રીતભાત એકાએક બદલાઇ ગઇ. ત્યારથી તે અનેક કાવાદાવા કરીને છૂપી રીતે મારી પીઠ પાછળ મને નુકસાન પહોંચાડવાનો પોતાનાથી બને તેટલો પરિશ્રમ કરવા લાગ્યો ! મને પોતાના રસ્તાના કાંટારૂપ ગણીને મૂળમાંથી ઉખેડી નાખવાના તેણે ઘણાએ પ્રયત્નો કર્યા ! શું આવી રીતેજ ઇસુખ્રિસ્ત હિંદુસ્તાનમાં આવશે કે ? એક સાથે વીસ વર્ષ સુધી ખ્રિસ્તના ચરણકમલમાં બેસીને તેણે છેવટ આજ શિક્ષણ મેળવ્યું હતું કે ? આપણા દેશમાં કેટલાક મહાન સુધારકો ઢંઢેરો પીટાવે છે કે, ખ્રિસ્તીધર્મ હિંદુસ્તાનની પ્રજાનો

ઉદ્ધાર કરશે. શું હિંદુપ્રજાનો ઉદ્ધાર કરવાની આ રીતિ છે ? ઉપર જણાવ્યો તે મનુષ્ય જો તેમના ઉદ્ધારકોનો આદર્શ પુરુષ હોય તો મને તેમના પુરુષાર્થનું પરિણામ કંઇ વધારે આશાભર્યું જણાતું નથી !

અહીં એક બીજી વાતનો ખુલાસો કરવાની મને જરૂર જણાય છે. એજ પ્રકારની સમાજસુધારક સંસ્થાના એક વાજીંત્રમાં થોડા સમય પહેલાં મારે માટે એક લેખ છપાવવામાં આવ્યો છે.તેમાં મારા વાંચવામાં આવ્યું છે કે,હું શૂદ્ર છું, અને શૂદ્રને સંન્યાસ લેવાનો શું અધિકાર છે ? એવી મને ચેલેંજ કરેલીછે. તેમની એ ચેલેંજના ઉત્તરમાં હું માત્ર એટલુંજ જણાવું છું કે, જો તમે તમારાં શાસ્ત્ર અને પુરાણો ઉપર શ્રદ્ધા રાખતા હો, જો તમારા ધર્મગ્રંથોને તમે ખરા માનતા હો તો મારી તેમજ મારા સંન્યાસની યોગ્યતાનો વિચાર મારા વંશપરથી કરી જુઓ. મેં એવા મહાપુરુષના વંશમાં જન્મ લીધેલો છે કે જેનાં ચરણકમલપર “**यमाय धर्मराजाय चित्रगुप्ताय वै नमः ॥**” એ મંત્રના ઉચ્ચારણપૂર્વક પ્રત્યેક બ્રાહ્મણ પુષ્પો ચડાવે છે. એ મહાપુરુષના મહાપવિત્ર ક્ષત્રિયોના વંશમાં મેં જન્મ લીધેલો છે. હિન્દુસ્તાનના એ કહેવાતા સુધારકોએ ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ કે મારી જાતિએ આજસુધી અનેક રીતે ભારતવર્ષની તન, મન, ધનથી સેવાઓ ઉઠાવી છે, એટલુંજ નહિ પણ તેણે અનેક સૈકાં સુધી અર્ધા હિંદુસ્તાન ઉપર સંપૂર્ણ સત્તાથી રાજ્યાધિકાર ચલાવેલો છે. જો એ જ્ઞાતિને ગણત્રીમાંથી બહારજ કાઢી નાખવામાં આવે તો પછી આજના સુધરેલા વર્ગમાંથી કેટલો ભાગ બાકી રહે ? માત્ર એક બંગાળાનુંજ દૃષ્ટાંત લો. બંગભૂમિને એજ જ્ઞાતિએ સર્વશ્રેષ્ઠ ફિલસુફો અને દાર્શનિક પંડિતો પૂરા પાડયા છે. મહાન કવિ, ઇતિહાસવેત્તા, તત્ત્વવિદ્, ધર્મોપદેશક અને જ્ઞાનવીર પુરુષો એ જ્ઞાતિએજ પૂરા પાડયા છે. હાલના મોટામાં મોટા રસાયનશાસ્ત્રી અને વિજ્ઞાનવાદી પુરૂષ પણ એ ક્ષત્રિય લોહીમાંથીજ ઉત્પન્ન થયા છે. મારાપર ટીકાનું અસ્ત્ર ચલાવનારા નિંદાપ્રિય વિરોધીઓને આપણા પોતાના ઇતિહાસનાં થોડાં પાનાં ઉથલાવી જોવાની તેમજ આપણા ત્રણ વર્ણનો ઇતિહાસ જાણીને બ્રાહ્મણ, ક્ષત્રિય, તેમજ વૈશ્યને સંન્યાસી થવાનો એક સરખોજ હક્ક છે તે જાણવાની ખાસ જરૂર હતી. આ સર્વ વાતો પ્રસંગ નીકળતાં માત્ર શ્રોતાઓની જિજ્ઞાસાને શાંત કરવાનેજ મેં સહજ જણાવેલી છે. મને તેઓએ શૂદ્ર કહ્યો હોય તોપણ મારા હૃદયને કશું દુઃખ થવાનું નથી. મારા પૂર્વજોએ દરિદ્ર અને ગરીબ લોકોપર જે જુલ્મ અને ત્રાસ વર્તાવ્યો છે, તેનો એથી થોડો ઘણો બદલો વળ્યો ગણાશે. જો હું સર્વથી અધમ જાતિનો એક નીચ ચંડાળ હોત તો ઊલટું એથી મને વિશેષ આનંદ થવાનો હતો, કેમકે જે મહાપુરૂષનો હું શિષ્ય છું તે એક સર્વશ્રેષ્ઠ બ્રાહ્મણ કુળમાં જન્મેલા હોવા છતાં તેમણે એક

નીચ જાતિના ચંડાળનું ઘર સાફ કરવાની પોતાની પ્રબળ ઇચ્છા દર્શાવી હતી; પરંતુ તે માણસે વચ્ચે પડીને તેમને એવું કાર્ય કરવા ન દીધું. તે એવું અધમ કાર્ય એક મહાત્માને કેવી રીતે કરવા દે ? બ્રાહ્મણ અને તે પણ સંન્યાસી આવીને તેનું સંડાસ સાફ કરે તે કદિ પણ તે સહન કરી શકે ? આમ હોવાથી તેઓ (શ્રી રામકૃષ્ણ પરમહંસ) અંધારી મધ્યરાત્રિએ ચુપચૂપ તેનું જાજરૂ સાફ કરતા અને પોતાના લાંબા હાથથી ગંદું સ્થાન ઘસી ઘસીને સાફ કરતા ! તેઓ અનેક દિવસ સુધી આ પ્રમાણે કરતા રહ્યા; કેમકે એથી પોતાનું અધમ દેહાભિમાન નષ્ટ થઇને તેઓ સર્વના દાસ, સકલ સૃષ્ટિના સેવક બની શકશે એવી તેમની માન્યતા હતી. એ મહાપુરુષનાં શ્રીચરણો મેં મસ્તકપર ધારણ કર્યાં છે. તેઓજ અમારા જીવનના આદર્શ છે. હું પણ એજ આદર્શ પુરૂષનું યાવજ્જીવન અનુકરણ કરીશ. ખરો હિંદુ પોતાનો ઉદ્ધાર, પોતાની ઉન્નતિ, કેવી રીતે કરે છે ? સકળ જગતનો સેવક બનીનેજ હિંદુ પોતાની ઉન્નતિ કરવાનો યત્ન આદરે છે. એજ પ્રકારે હિંદુઓએ પોતાની સમગ્ર પ્રજાવર્ગનો ઉદ્ધાર કરવો જોઇએ. તેમાં વિદેશી ભાવની સહાયતા લેવાથી કશો ઉદ્ધાર થવાનો નથી. વીસ વર્ષની પાશ્ચાત્ય સભ્યતા અને કેળવણીને યોગે કેવું ઉજ્જવલ ચરિત્ર ઘડાય છે, તેનું દૃષ્ટાન્ત મેં એક મિત્રના વર્તનમાં બરાબર જોયું છે. જેનું કંઇક વર્ણન હું આગળ કરી ગયો છું એ સુશિક્ષિત સદ્‌ગૃહસ્થે પોતાના વીસ વર્ષના એક જૂના મિત્રને દૂરદૂરના અજાણ્યા વિધર્મી પ્રદેશમાં ભૂખમરાનો ભોગ બનાવવાની ઇચ્છાથી યત્નો કર્યા છે; કારણ કે એ મિત્ર એ પ્રદેશમાં લોકપ્રિય થયો હતો ! કારણ માત્ર એટલુંજ હતું કે એ મિત્ર પોતાના પૈસા કમાવાના માર્ગમાં તેની આડે આવી પડયો હતો !

આપણા સુધારક ભાઇઓમાંથી એવા મનુષ્ય બતાવો કે જે નીચ ચંડાળના ઘરના જાજરૂને સાફ કરવાને તૈયાર હોય ? જો કોઈ તૈયાર થાય તો તરત હું તેના ચરણમાં બેસીને, તેની ચરણરજ શિરપર સ્થાપી તેમનો ઉપદેશ ગ્રહણ કરીશ. **હજારો મણ મોટી મોટી વાતોને બદલે એક પાશેર જેટલું પણ પ્રત્યક્ષ કામ કરી બતાવે તોજ કંઇક કર્યું કહેવાય.** આ તો ફોકટનું મોંમાંથી થુંકજ ઉરાડવામાં આવે છે, એથી શું લાભ ?

હવે હું મદ્રાસના સુધારકવર્ગ સંબંધી કંઇક કહેવા માગું છું. તેઓએ મારા તરફ ઘણી દયા અને મમતા બતાવી છે. તેમણે મને ઘણાં મિષ્ટ વચનો કહ્યાં છે, અને પ્રથમથીજ સ્પષ્ટ રીતે મારૂં ધ્યાન ખેંચ્યું છે કે, બંગાળાના સુધારકોમાં અને તેઓમાં ઘણો તફાવત છે, એ મતમાં હું તેમની સાથે મારા જાતિ અનુભવ પછી ખુલ્લા દિલથી એકમત થાઉં છું. મેં અનેક વાર તમને કહ્યું છે કે મદ્રાસ હાલ ઘણી સારી અવસ્થામાં છે. બંગાળામાં આજકાલ આઘાત અને પ્રત્યાઘાતની જેવી

ઝેરી રમત ચાલી રહી છે, તેવી અહીં નથી. અહીં તો સર્વ વિષયોમાં ધીમે પણ દૃઢતાથી સ્વાભાવિક પ્રગતિજ ચાલી રહી છે. અહીં તેનો સર્વત્ર વિકાસજ ચાલુ છે. કોઇ સ્થળે તેનો પ્રત્યાઘાત અથવા વિરોધ જણાતો નથી. બંગાળામાં ઘણી બાબતોનો અમુક અંશે સ્પર્ધાભર્યો પુનરૂદ્ધાર થાય છે; અહીં મદ્રાસમાં એવી કોઈ પ્રકારની ચડસાચડસી નથી, પણ સ્વાભાવિક સાત્ત્વિક વિકાસક્રમજ છે. અહીં સર્વ વિષયમાં ધીરા નિશ્ચિત ભાવે ઉન્નતિ થતી રહી છે; આ પ્રમાણે અહીંના સુધારકો સૂચવે છે, તેવા એ બે જાતિઓ વચ્ચેના તફાવતને હું સર્વાંશે સંમત થાઉં છું; તેમ છતાં મારે કહેવું જોઇએ કે તેમનામાં એક પ્રકારનો તફાવત રહેલો છે તે તેઓના જાણવામાં નથી. અહીંની કેટલીક સુધારક સંસ્થાઓ મને ભય બતાવીને પોતાની સાથે જોડી દેવાની ધારણા રાખે છે, ઘણી તરફથી એવો યત્ન પણ થાય છે, એને માટે મને ઘણું આશ્ચર્ય લાગે છે ! જે મનુષ્યે પોતાની જીંદગીનાં ચૌદ વર્ષ સુધી ભૂખમરાની સાથે લડત ચલાવી છે, જે માણસને આજ સુધીની જીંદગીમાં આવતી કાલે શું અને કયાં ખાવાનું મળશે અથવા કયાં સૂઇ રહેવું પડશે, તેનું કદિ પણ ઠેકાણું રહ્યું નથી, છતાં જેને કંઇ પણ ભય નથી ઉપજ્યો, તેને એવી સામાન્ય વાતોથી ભય દેખાડવો તદ્દન વ્યર્થ છે ! એવી રીતે એ લોકોનું કાર્ય કદિ પણ સરશે નહિ. જે માણસ થર્મામીટરનાં શૂન્યની પેલી બાજુએ ત્રીસ ડીગ્રી પારો નીચે ઉતરી જતો એવા હિમથી પણ અધિક ઠંડા પ્રદેશોમાં, કપડાં-લત્તાં વગર, આવતી કાલે ખાવાનું મળશે કે નહિ તેની ફીકરવિના નિડરતાથી પડી રહી શકયો છે, તેને હિંદુસ્તાનમાં આવો ભય બતાવવો તે નકામુંજ છે. હું તેમને પ્રથમથીજ કહી રાખું છું કે, મારામાં એક પ્રકારની અમુક દૃઢતા છે. થોડોઘણો અનુભવ પણ આજસુધીમાં મેં મેળવ્યો છે અને મારે સમગ્ર જગતને જે દિવ્ય સંદેશો પહોંચાડવાનો છે તે હું નિડરતાથી તેમજ ભવિષ્યની કશી પણ ચિંતાવિના નિશ્ચયપૂર્વક પહોંચાડીશ. સુધારકોને હું સૂચવું છું કે હું તમારા બધા કરતાં પણ મોટો સુધારક છું; છતાં મારામાં ને તમારામાં એક જાતનો ભેદ છે; તમે માત્ર નાના નાના ટુકડાઓનેજ સુધારવા માગો છો, હું છેક મૂળથી તે શાખા સુધીના સમગ્ર દેશને સુધારવા માગું છું. તમારી પ્રણાલી ભાંગી-ફોડી બધાનું મિશ્રણ બનાવી દેવાની છે, મારી પદ્ધતિ કશા પણ વિનાશ વિના સુદૃઢ બંધારણ કરવાની છે. હું સુધારામાં શ્રદ્ધા ધરાવતો નથી, હું માત્ર વિકાસના ક્રમનેજ માનું છું. હું પરમાત્માની ગાદીપર ચડીને જનસમાજને એવું કહેવાની ધૃષ્ટતા નથી કરતો કેઃ-"તમારે બસ,આ દિશામાંજ વળવું અને બીજી દિશામાં પગ પણ ન મૂકવો."હું તો માત્ર'રામચન્દ્રજી'ના સમુદ્રપર સેતુ બાંધવાના મહત્કાર્યમાં પેલી ખિસકોલીઓએ જે પ્રમાણે પોતાનાથી ઉપડે તેટલી અંજલિભર રેતી સેતુઉપર મૂકીને રઘુકુલ-

તિલકને સહાય કરવાનું પોતાનું કાર્ય સફળ થયું માન્યું હતું, તેનીજ પેઠે યથાશક્તિ એક અંજલિ અર્પણ કરીને સંતોષ માનવા ચાહું છું. આવી મારી સ્થિતિ છે. આ આશ્ચર્યકારક રાષ્ટ્રીયક્ષેત્ર યુગો થયાં ચાલ્યાજ કરે છે, અને આ વિસ્મયકારક વિચારોની નદી આપણી આંખ સામે જમાના થયાં ધોધબંધ વહી રહી છે.

ત્યારે દૃઢતાથી કોણ એમ કહેવાની હિમ્મત ધરી શકે તેમ છે કે તેનું પરિણામ સારૂં નિવડશે કે માઠું ? અથવા કોણ જાણે છે કે તેની ગતિને કેવી રીતે નિયમિત કરી શકાય ? હજારો પ્રસંગો અને ઘટનાઓ તેની ચોમેર ઘેરાય છે, તેઓ સર્વ તેના વેગને ખાસ ધક્કો મારતાં જાય છે, તેમના વેગથી કોઇ વાર એ નદીની ગતિ મંદ તો કોઇવાર વિશેષ વેગવતી થાય છે; પણ એ ગતિને નિયમિત કરવાનું, સાહસ કોણ કરી શકે તેમ છે ? ભગવતી ગીતાજી કહે છે તેમ આપણો ધર્મ તો ફળ તરફ નજર કર્યા વિના ફક્ત કર્મ કરવાનો છે. પ્રજાત્વના અગ્નિને પ્રજ્વલિત રાખવામાટે આવશ્યક ઇન્ધન પૂરાં પાડતા રહો. તેનો સંકોચ–વિકાસ તો તેની સ્વતંત્ર પ્રકૃતિ પ્રમાણેજ થયા કરશે. તેમાં કોઇનું ડહાપણ કે બળ કામ નહિ લાગે. કોઇની પણ સત્તા નથી કે તેને અમુક પ્રકારે વિકાસ કરવાનો કે અમુક માર્ગે જવાનો ઉપદેશ અથવા આદેશ આપી શકે.

આપણી જાતિમાં, આપણા પ્રજાવર્ગમાં અનેક દોષો છે; પણ તે કંઇ માત્ર આપણી જાતિમાંજ નથી. દુનિયામાંની બીજી બધી જાતિયોમાં પણ તેમના પોત-પોતાના અનેક દોષો રહેલા છે. આપણા દેશની ધરતી, ઠેકઠેકાણે દુઃખી વિધવા-ઓનાં અશ્રુઓથી ભીંજાએલી છે. પશ્ચિમમાં અનેક સ્થળે અવિવાહિતા અભાગી કુમારિકાઓના નિશ્વાસથી વાતાવરણ વિષરૂપ બની રહ્યું છે ! અહીં દરિદ્રતા અને ગરીબાઇથી આપણા લોકોનું જીવન જર્જરિત અને તેજોહીન બની રહ્યું છે, ત્યારે ત્યાં મોજ–શોખ અને વિલાસની અતિમાત્રાવડે દુઃખ–શોકમાં ડૂબી ગએલો પ્રજાનો મોટો ભાગ જીવિત છતાં મૃતવત્ બની ગયો છે ! અહીં ગરીબ લાચાર મનુષ્યો ખાવાનું નહિ મળવાથી નિરૂપાયે આપઘાત કરે છે, ત્યારે ત્યાં ખોરાક અને ભોગ-વિલાસની હદબહાર વિશેષતા હોવાથી કેટલાક લોકોને આપઘાત કરવો પડે છે ! આવી રીતે દોષ અને દુર્ગુણો આ દુનિયામાં સર્વત્ર વ્યાપી રહ્યા છે. આ દોષો આસુરી સંપત્તિ છે. એ જગતના મહા વ્યાધિરૂપ છે અને એ વ્યાધિ સંધિવાયુ જેવો છે. ઉપલક ઉપચારોવડે તેને પગમાંથી દૂર કરવામાં આવશે તો તરતજ તે માથામાં પોતાની ગાદી જમાવશે અને ત્યાંથી હાંકી કહાડવામાં આવતાં શરીરના કોઇ બીજાજ ભાગનો આશ્રય લેશે, પણ તેનો સમૂલો ધ્વંસ તો એવી રીતે કદિ પણ નહિ થઇ શકે ! એ દોષ અને અનિષ્ટમાંથી મુક્ત થવું હોય તો તેનો મૂળમાં-થીજ નાશ કરવો જોઇએ. દોષનિવારણનો એજ સર્વોત્તમ ઉપાય છે. આપણી

આધ્યાત્મિક વિદ્યા અને આપણાં દર્શનશાસ્ત્રો આપણને શીખવે છે કે, ગુણ અને દોષ, દૈવી અને આસુરી સંપત્તિ બન્ને પ્રત્યેક સ્થાને સાથેજ રહે છે. એકજ શીક્કાની બે જુદી જુદી બાજુઓની પેઠે દરેક પદાર્થમાં ગુણ અને દોષ સાથેજ રહેલા હોય છે. જો તમારામાં તેમાંની એક વસ્તુ હોય તો તેની સાથે બીજી વસ્તુ પણ હોવીજ જોઇએ. જ્યાં ગુણ છે ત્યાં દોષ, અને દોષ છે ત્યાં ગુણની હયાતી દિવસ અને રાત્રિના ક્રમ જેવીજ અનિવાર્ય છે. સમુદ્રમાં એક સ્થાને ઉત્પન્ન થતાં મોજાં, બીજે સ્થાને જળમાં જરૂર એટલો ખાડો પાડીનેજ ઉત્પન્ન થાય છે. ખાવામાટે રોટલીનો ટુકડો પણ કોઇ નહિ ને કોઇની પાસેથી આપણે ઝૂંટાવી લઇએ છીએ ! કેટલાંક જંતુઓ અને જીવોનો વિનાશ કર્યાવિના આપણે એક શ્વાસ પણ લઇ શકતા નથી ! આવું આપણું જીવન છે ! આ કાંઇ મોઢાની વાતો નથી, પણ એ પ્રકૃતિનો એક અચલ નિયમજ છે; આ એક દાર્શનિક સિદ્ધાંત છે.

એટલામાટે આપણે સમજી રાખવું જોઇએ કે આ જીવન અને સમાજનો મહાન વ્યાધિ કંઇ બહારના પ્રયત્નોથી દૂર કરી શકાય એવો નથી. તેને દૂર કરવા માટે તો આપણા પોતાના મન ઉપરજ વિશેષ પ્રયોગ કરવાની જરૂર છે. આપણે મોઢેથી ગમે તેવી મોટી વાતો કરીએ, પણ આ વિશ્વવ્યાપી દોષનું નિવારણ બહારના પ્રયત્નથી, વ્યવહારથી અથવા શારીરિક પુરૂષાર્થથી કદી પણ થવાનું નથી. શિક્ષણ અને અભ્યાસદ્વારા માનસિક ક્ષેત્રને સુધારવાનો યત્ન કરવાથીજ એ દોષો દૂર થાય તેમ છે, એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. સમાજના દોષો દૂર કરવા માટે ખાસ આ પ્રકારેજ કાર્ય કરવાની વાત લક્ષમાં રાખીને આપણે શાન્ત, ધીર અને ઠંડા સ્વભાવના થવું જોઇએ. ઉતાવળા તેમજ ધાંધલીઆ બની જવાથી, અથવા અણઘટતી દોડાદોડીમાં ઉંધું-ચત્તું કરી બેસવાથી કશો દહાડો વળવાનો નથી. સાહસ કરવાથી કંઇ પણ સારૂં પરિણામ આવવાનું નથી.×

* * * * *

એથીજ હું આવી નિષેધ કરનારી મંડળીઓમાં કદી પણ દાખલ થઇ શકતો નથી. શામાટે નિષેધ કરો છો ? શામાટે ભાંગફોડ કરો છો ? દરેક મંડળ અને દરેક જાતિમાં દોષ તો રહેલા છે. આજનો નવો ઉછરતો દરેક બાળક રંગભૂમિપર ઉભો

× ગુલામી ધંધો બંધ પડાવવામાટે અમેરિકામાં યુદ્ધ થઇ તે ધંધો બંધ પડયા પછી સ્વતંત્ર બનેલા ગુલામોની સ્થિતિ ખરાબ થઈ પડવાનું વર્ણન આ બાબતના દાખલા તરીકે સ્વામીજીએ અહીં આપ્યું છે; પરંતુ બુકર ટી. વૉશિંગ્ટન જેવાના પ્રયાસથી એ જાતિની સ્થિતિમાં પાછળથી જે સુધારો થયો છે તે જોતાં એ દૃષ્ટાંત બંધબેસતું નહિ લાગવાથી તે આમાંથી પડતું મૂકી માત્ર તેમનો મૂળ વિચારજ આપવામાં આવ્યો છે.

મંત્રી સ૦ સા૦

રહીને હિન્દુજાતિમાં ફેલાઇ રહેલા ભયંકર દોષો અને દુરાચારો ઉપર અસરકારક ભાષણ આપી શકે છે ! દરેક અશિક્ષિત પરદેશી પણ પૃથ્વીના ગોળાનો પ્રવાસ કરતો જ્યારે હિન્દની ભૂમિપર આવી પહોંચે છે ત્યારે આગગાડીમાં બેઠો બેઠો, જરા વધુ વિચારથી તરતજ અદૃશ્ય થાય એવા બહારના દેખાવો અને માની લીધેલા ભારતના ભયરૂપ ખરાબ રિવાજો ઉપર વિદ્વત્તાભરેલું છડીદાર ભાષણ આપવા મંડી પડે છે. તેની બધી વાતો આપણે આંખો મીંચીને માની લઇએ છીએ અને એ વિદેશી ગુરૂદેવના પાઠ પ્રમાણે જુસ્સાથી અને ઉશ્કેરણીથી આપણા સામાજીક દોષોનું નિવારણ કરવામાટે મહાભારત દોડાદોડી કરી મૂકીએ છીએ. ! હું કબૂલ કરૂં છું કે આપણા કેટલાક રીતિ–રિવાજો દોષરૂપ છે. **દોષ તો સર્વ કોઇ દર્શાવી શકે છે, પરન્તુ મુશ્કેલીમાંથી મહેનત લઇને જે માર્ગ કરી આપે તેજ માનવજાતિનો ખરો મિત્ર છે.** પેલા ડૂબતા છોકરાના દૃષ્ટાંતમાં જણાવ્યા પ્રમાણે જે વખતે કાંઠાપર ચડી આવેલો જ્ઞાની પુરૂષ એ છોકરાને ડૂબી જતો જોઇને લાંબું ઉપદેશનું ભાષણ આપવા લાગે છે, ત્યારે તે છોકરો એકદમ બૂમ પાડી ઉઠે છે કે, “ સાહેબ, પહેલાં મને પાણીમાંથી ડૂબતો બહાર કાઢો; પછી હું તમારૂં ગમે તેટલું ભાષણ સાંભળીશ. ” એ છોકરાની પેઠે આપણા દેશના લોકો પણ ચારેમેર બૂમો પાડે છે કે, “ અમે ભાષણો બહુએ સાંભળ્યાં, સભા અને મંડળીઓ બહુએ જોઇ, છાપાંઓ ને ચર્ચાઓ બહુએ વાંચી, વર્તમાનપત્રો પણ બહુએ નીકળ્યાં પણ એથી શું દળદર ફીટયું ? અમારો હાથ ઝાલી તારીને અમને બહાર ખેંચી લાવે એવા મનુષ્ય કયાં છે ? માત્ર મોઢાની વાતોથી નહિ પણ હૃદયથી અમને ચ્હાતો હોય એવો પુરૂષ કયાં છે ? અમારા દુઃખમાં દુઃખ સમજનારો અમારાં આંસુ લુંછીને અમારામાટે લાગણી ધરાવનારો પુરૂષ કયાં છે ? અમારે ખાસ એવાની જરૂર છે. આ સ્થળેજ સર્વ સામાજિક સુધારકોની સાથે અમારે સંપૂર્ણ મતભેદ છે. લગભગ એકસો વર્ષ થયાં આ સુધારકોની હીલચાલ શરૂ થઇ છે, પરન્તુ એ આન્દોલનથી શું સારૂં ફળ બહાર આવ્યું ? નિંદા અને દ્વેષવાળું પરસ્પર વૈર–વિરોધ વધારનારૂં થોડુંક સાહિત્ય વધારવા ઉપરાંત તેમણે બીજું શું ભલું કર્યું છે ? ઇશ્વરેચ્છાથી એવું ન બન્યું હોત તો વધારે સારૂં હતું. તેઓએ જૂના વિચારવાળાની ઘણી સખ્ત ને કઠોર ટીકા કરી છે. તેમની નિંદાનું તીવ્ર વિષ ઘુંટયું છે, અને સઘળા દોષોનો ટોપલો તેમનેજ માથે નાખી છૂટે મોંએ તેમને ગાળો દીધી છે ! છેવટે એજ પરિણામ આવ્યું છે કે જૂના વિચારના માણસોએ પણ ‘ શઠં પ્રતિ શાઠ્યં ’ કરવાના ન્યાયે તેમની પદ્ધતિનું અનુકરણ કરી વ્યાજ સુદ્ધાં બદલો વાળી આપ્યો છે. એ ઝગડાને યોગે દરેક દેશી ભાષામાં કેટલુંક એવું હલકું સાહિત્ય ફેલાયું છે કે આપણી સમગ્ર જાતિને તે શરમરૂપ છે. શું આનું નામજ

સુધારો ? શું આવા ઉપાયોવડેજ પોતાની પ્રજાને ઉન્નતિની ટોચપર ચડાવી મહિમાન્વિત કરવી છે કે ? કહો આ કોનો દોષ છે ?

બીજી પણ એક વિશેષ અગત્યની બાબત વિચારવાની છે. અહીં હિન્દુસ્તાનમાં પરાપૂર્વથી આપણા ઉપર રાજાઓનો અમલ ચાલે છે. રાજાઓએજ આપણા કાયદા અને નિયમો ઘડયા છે. એ પ્રાચીન રાજાઓ બધા ચાલ્યા ગયા છે, અને તેમાંનો કોઇ આગળ વધીને રસ્તો બતાવનાર નથી. આપણી હાલની નામદાર સરકાર એ પુરાણા કાયદા અને નિયમોમાં હાથ ઘાલવાનું સાહસ કરી શકતી નથી. સરકારને પ્રજાવર્ગની મતિ–ગતિ તપાસીને તેના અભિપ્રાયની સાથે રહીને પોતાનો રસ્તો કરવાનો છે. જાહેર પ્રજાને માટે હાલ ઉભા થએલા ગંભીર પ્રશ્નોનું નિરાકરણ થઇ શકે, એવો મજબૂત, નિર્દોષ અને જનસમાજને માટે કલ્યાણ કરનાર દૃઢ મત ઉભો કરવાનું કાર્ય કંઇ સહેલું નથી, તેમ એ થોડા વખતમાં સિદ્ધ થાય એવું પણ નથી. એ તો પ્રબલ પરિશ્રમનું અને ઘણા લાંબા સમયનું કામ છે. લોકમતની એવી સંપૂર્ણ પરિપકવતા થાય ત્યાંસુધી આપણે રાહ જોવી જોઇએ. એટલી રાહ જોવાનું બળ અને ધીરજ આપણા આજના સુધારકોમાં નથી. એથી તેનું પરિણામ ઠામ ઠામ વિપરીત આવેલું જણાય છે. ઉપરથી સમાજસુધારાનો સમગ્ર સવાલ ત્યાંજ આવીને ઉભો રહે છે કે ખરા સુધારાને ચાહનાર મનુષ્યો કયાં છે ? પહેલાં તો તેમનેજ તૈયાર કરવા જોઇએ. જ્યાંસુધી થોડી સંખ્યાનાં માણસોનેજ અમુક રીત–રિવાજ દોષરૂપ લાગે છે અને પ્રજાનો મોટો ભાગ એ દોષને બરાબર જોઇ શકતો નથી, ત્યાંસુધી પ્રજાવર્ગ એક પગલું પણ આગળ વધવાનો નથી. સઘળી પ્રજાની દૃષ્ટિએ એ દોષ કેમ નથી પડતો અને સમગ્ર હિન્દુ જાતિ સુધારાના ક્ષેત્રમાં આગળ કેમ નથી વધતી ? પહેલાં તો સમગ્ર પ્રજાને યોગ્ય શિક્ષણ આપો અને ઉદાર કેળવણીથી તેમનાં હૃદય સંસ્કારી કરો. તમે જેને દોષ કે ગુણ તરીકે સમજો છો તે તેને પણ સ્પષ્ટ સમજાવો. વ્યવસ્થિત વ્યવહાર ચલાવનારી મોટી સંખ્યાની એક સંસ્થા ઉભી કરો. પ્રજાના હૃદયમાંથી એની મેળેજ સુધારણાનો અવાજ ઉઠવા દો; એટલે પછી કાયદા, નિયમ અને સુધારો પોતાની મેળેજ આગળ વધશે. પ્રથમ તો જે નવી શક્તિથી મંજુર થયા પછીજ આચાર–વિચાર અથવા નિયમોનો પ્રચાર થાય છે તે શક્તિનેજ પ્રકટ કરો અને ખિલવો. સ્મૃતિઓને બાંધનારા રાજાઓ અને તે સમયની પ્રજા બંને ચાલ્યાં ગયાં છે. તેમની જગ્યાએ નવી શક્તિ અને નવા અનુમોદનવડે ધારેલી નવી વ્યવસ્થા ચલાવી શકાય એવી નવી શક્તિ કયાં છે ? પહેલાં તો એવી લોકશક્તિનોજ સંચય કરો. સામાજિક સુધારો વ્યવહારિક રીતે ચાલુ કરવામાટેનું પહેલું પગલું અને પહેલી ફરજ તો લોકોને સંગીન કેળવણી આપીને સંસ્કારી કરવાનું છે. કેળવણી લઇને

લોકો યોગ્ય સંસ્કારી ન થાય ત્યાંસુધી તમારા નવા વિચારો અને સુધારાને યોગ્ય સમયની રાહ જોયા વિના છૂટકોજ નથી.

ગયા શતકમાં જે જે સુધારાની હીલચાલો કરવામાં આવી છે તેમાંનો મોટો ભાગ માત્ર બહારના ઠાઠમાઠ અને આડંબર પૂરતોજ છે. તેમાંનો દરેક સુધારો માત્ર પહેલા બે વર્ણ (બ્રાહ્મણ તથા ક્ષત્રિય)નેજ સ્પર્શ કરે છે. બીજા વર્ણો સાથે તેને કશો સંબંધ નથી!

વિધવા-વિવાહનો સવાલ ભારતની સેંકડે સીત્તેર સ્ત્રીઓને જરાયે ઉપયોગનો નથી. જે જે જાતિઓમાં વિધવાવિવાહનો પ્રતિબંધ નથી તેમનો એ પ્રશ્નની ચર્ચામાં કંઇ સ્વાર્થ નથી; અને એવા સઘળા પ્રશ્નો માત્ર ઉચ્ચવર્ણના સુશિક્ષિત હિન્દુ-વર્ગમાંજ ચર્ચાય છે. વિદેશી લોકોની નજરમાં પોતાને સુંદર દેખાડવા માટે બને તેટલા પ્રયત્નો કરવામાં આવે છે, પણ કંઇ એ સુધારો નથી. વાસ્તવિક સુધારો કરવામાટે તો વસ્તુના છેક મૂળસુધી પ્રવેશ કરવો જોઇએ. સુધારો કરવો હોય તે બાબતમાં પાયાસુધી ઉંડા ઉતરીનેજ સુધારાનો સંગીન રસ તેમાં સિંચવો જોઇએ. તેનેજ હું વિચારપૂર્વક કરેલો ખરો સુધારો કહું છું. જે જે દોષ અથવા દુરાચાર દૃષ્ટિએ પડે તેના ઉંડા મૂળમાં અગ્નિ મૂકો.છેક ઉપર સુધી સઘળા દુરાચારોને બાળી નાખવા દો; અને તેજ ઠેકાણે એક અખંડ હિન્દુપ્રજાની સંગીન રચના કરો.

આ સવાલ કંઇ નાનો-સૂનો નથી. હિન્દની પ્રજા જેમ વિશાળ અને વિવિધ મતભેદવાળી છે તેમજ તેના પ્રમાણમાં આ કાર્ય પણ ઘણું વિશાળ અને મોટું છે. ધ્યાનમાં રાખજો કે આ સમસ્યા આપણા દેશના મહાપુરૂષોના જાણવામાં કેટલાએ સૈકાંઓ થયાં છે. આજકાલ બૌદ્ધધર્મ અને અજ્ઞેયવાદ સંબંધે ચર્ચા કરવી એ બાબત ખાસ કરીને આ દક્ષિણના પ્રદેશમાં એક શોખની વસ્તુ થઇ પડી છે; પરન્તુ તેઓ સ્વપ્ને પણ જાણતા નથી કે હાલ આપણી જે આટલી બધી અધો-ગતિ થઈ છે, તે બૌદ્ધધર્મજ આપણે માટે વારસારૂપે રાખી ગયો છે!

બૌદ્ધધર્મે હિન્દુસ્તાનમાં પોતાનો પ્રચાર કરીને પરિણામે આપણને અવનતિના ભાગી બનાવ્યા છે. જે લોકોએ કદી પણ બૌદ્ધધર્મની ચડતી અને પડતીનો યથા-સ્થિત ઇતિહાસ જાણ્યો નથી અથવા જેમણે એ ધર્મનો પૂરેપૂરો અભ્યાસ કર્યો નથી એવા લેખકોના હાથે લખાએલાં પુસ્તકોમાં વાંચ્યું છે કે ગૌતમબુદ્ધની આશ્ચર્ય-કારક નીતિશિક્ષા અને તેના અસાધારણ ચારિત્ર્યભાવથીજ બૌદ્ધધર્મ એટલો બધો વિસ્તાર પામી શકયો હતો. મહાત્મા બુદ્ધમાટે મને સંપૂર્ણ માન અને પૂજ્યભાવ છે છતાં પણ મારા શબ્દો લક્ષ દઇને સાંભળો.

બૌદ્ધધર્મનો વિસ્તાર, એ મહાન ઉપદેશકની પોતાની ચારિત્ર્યમહત્તાથી અથવા તેના ઉદાર સિદ્ધાંતોથી જેટલો ફેલાયો હતો તેના કરતાં જે ભવ્ય મંદિરો તે ધર્મશા-

વાળાઓએ બાંધ્યાં હતાં, જે સુંદર અનેક પ્રતિમાઓની તેમણે પ્રતિષ્ઠા કરી હતી, તેમજ જે આડંબરભરેલી ભવ્ય ક્રિયાઓ એ વખતે અજ્ઞાન પ્રજાવર્ગની આંખ સામે કરવામાં આવતી હતી, તેના ઠાઠમાઠના પ્રતાપે તે વિશેષ વિસ્તાર પામ્યો હતો. એ વખતની પ્રજાના ઘરમાં અગ્નિને આહુતિ આપવાની જે નાની યજ્ઞવેદીઓ હતી, તેઓ આ ભવ્ય અને બાહ્યાડંબરવાળાં મહાન મંદિરો તેમજ ઠાઠમાઠવાળી ક્રિયાઓની સામે પોતાનો પ્રભાવ ટકાવી શકી નહિ. છેવટે એ બધી બૌદ્ધ ક્રિયાઓ બીભત્સાકાર ધારણ કરીને છેકજ અધમ બની ગઇ હતી. એ મંદિરો અને ક્રિયાઓએ છેવટ એવું ભ્રષ્ટરૂપ ધારણ કર્યું હતું કે તે સંબંધે આપની સમક્ષ લજ્જા મૂકીને બોલવું મને યોગ્ય જણાતું નથી. જે લોકો એ સંબંધમાં કંઇ વિશેષ જાણવા ઇચ્છતા હોય તેમણે હિન્દના આ દક્ષિણ દેશમાં ઠેકઠેકાણે જે ભવ્ય બૌદ્ધમંદિરો આવેલાં છે તેમાંની કોતરેલી મૂર્તિઓ અને તેના જેવીજ નીતિ-રીતિ આ ભારતવર્ષને વારસામાં મળેલી છે !

'ત્યાર પછી ધર્મક્ષેત્રના મહાન સુધારક ભગવાન શંકરાચાર્ય અને તેના અનુયાયી વર્ગનો ઉદય થયો. તેમના સમયથી તે આજસુધી સેંકડો વર્ષ થયાં હિંદની પ્રજાને વેદાન્તધર્મની પવિત્ર અને નિર્મળ કક્ષામાં લાવવાનો પ્રયત્ન ચાલ્યા કરે છે. એ સુધારકો હિન્દુજાતિમાં જે જે દોષ અને ખામીઓ હતી, તે સારી રીતે જાણતા હતા છતાં પણ ધિક્કાર કે નિંદાથી તેનો નિષેધ ન કરતાં ક્રમે ક્રમે તેમનું વલણ બદલાવીનેજ તેમને સુધારાના પક્ષમાં લાવવાની શરૂઆત કરી હતી. તેમણે કદિ પણ ધિક્કારથી એમ નથી કહ્યું કે, જે કંઇ તમે માનો છો તે બધુંજ ભૂલભરેલું છે, અને એ બધું તમારે ફેંકી દેવું પડશે. એવા તિરસ્કારથી કદિ પણ સુધારો થઇ શકે નહિ. આજે મેં એક લખાણ વાંચ્યું તેમાં મારા મિત્ર ડૉકટર બેરોજ જણાવે છે કે, ત્રણસો વર્ષના પ્રયાસ પછી ખ્રિસ્તીધર્મે રોમ અને ગ્રીકધર્મના પ્રભાવને દૂર કર્યો છે; પરન્તુ જેમણે યૂરોપમાં જઇને ગ્રીસ અને રોમને પોતાની આંખે જોયાં છે તેઓ કદિ પણ એ વચનો કહી અથવા સ્વીકારી શકે તેમ નથી. રોમ અને ગ્રીક ધર્મનો પ્રભાવ હજુ પણ એટલો બધો છે કે પ્રોટેસ્ટંટ અર્થાત્ નવા ખ્રિસ્તધર્મને માનનારા દેશોમાં પણ જૂના દેવતાઓ નવા આકારો અને નવી ફૅશનમાં માત્ર નવાં નામોજ ધારણ કરીને આજ સુધી વિદ્યમાન રહેલા છે. લોકો માત્ર તેમનાં નામજ બદલાવે છે. પ્રાચીન દેવીઓની મૂર્તિઓને માતા મેરીનું અને દેવની મૂર્તિઓને સાધુ મહાત્માનાં નવાં નામો આપવામાં આવે છે. માત્ર અનુષ્ઠાનની પદ્ધતિ અને ક્રિયાઓજ બદલાવીને નવા ધર્મ પ્રમાણે કરવામાં આવે છે. 'પૉન્ટીફેક્સ મેક્સીમસ' નો જુનો ઇલ્કાબ પણ એવીજ રીતે કાયમનો કાયમ છે. ત્રણસો વર્ષના પ્રયાસ પછી પણ ખ્રિસ્તીધર્મમાંથી દેવ-દેવીઓને માન-

વાની ગ્રીક અને રામની છાયાની પ્રાચીનતા હજી સુધી દૂર થઇ નથી. મારૂં કહેવાનું એજ છે કે મહાન સુધારા-ફેરફારો એકાએક નથી કરી શકાતા. જૂના સંસ્કારો મટીને પ્રજાવર્ગના હૃદય ઉપર નવા સુધારાની સ્પષ્ટ છાપ લાગે ત્યારેજ નવા સુધારાનો વિકાસ થાય છે. ભગવાન શંકરાચાર્ય એ બધું જાણતા હતા. રામાનુજાચાર્ય પણ જાણતા હતા. નવા પવિત્ર વિચારક્ષેત્રના ઉંચામાં ઉંચા આદર્શ સુધી સામાન્ય પ્રજાવર્ગને અને તે સમયના ધર્મને લઇ જવાનો માત્ર એ એકજ માર્ગ તેમના હાથમાં હતો. જો તેઓએ બીજી કોઇ પદ્ધતિથી લોકોને પોતાના મતમાં લાવવાનો યત્ન કર્યો હોત અર્થાત્ જો તેમણે ચાલુ આચાર-વિચાર અને ધર્મ-કર્મને એક સાથે ઊલટાવી દેવાનો પ્રયત્ન કર્યો હોત તો એક તરફથી લોકોમાં અપ્રિય થઇ પડીને તેમનો યત્ન નિષ્ફળ જાત અને બીજી તરફ તેમને પોતાને નિંદ્ય કપટાચાર ધારણ કરવો પડત. ધર્મનો મુખ્ય સિદ્ધાંત અનુક્રમે પ્રાપ્ત થતી ઉત્ક્રાંતિને સ્વીકારવાનો છે. મનુષ્યના અનુભવમાં આવતી વિવિધ દશાઓ અને ધર્મની શ્રેણીઓમાં થઇનેજ તેનો આત્મા ઉન્નતિના શિખરપર ચડી શકે છે, માટે એ વચલાં પગથીઆં અને શ્રેણીઓ, એ વિવિધ દિશાઓ અને અનુભવો, આત્માના ઉન્નતિક્રમમાં એક સરખાં સહાયકારક અને આવશ્યક છે. એ સર્વનો નિષેધ કોણ કરી શકે તેમ છે ?

મૂર્તિપૂજા ખરાબ અને દોષરૂપ છે, એવી વાર્તા આજકાલ જ્યાં ત્યાં ચાલેલી છે, અને કેટલાએકો શંકા કે પ્રશ્ન વિના એ વાતનો સ્વીકાર કરે છે. મારા વિચારો પણ એક વાર એવાજ હતા; પણ પાછળથીં ભૂલભરેલા વિચારોનો દંડ મારે એક મહાપુરૂષના ચરણમાં બેસીને પૂરેપૂરો ભરી દેવો પડ્યો હતો. જે મહાપુરૂષે મૂર્તિ-ઓદ્વારાજ દરેક વિષયનો સાક્ષાત્કાર કર્યો હતો, તેમની પાસેથીજ મારે વિનીત ભાવે યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું પડ્યું હતું. એ મહાત્મા પરમહંસ રામકૃષ્ણ દેવ હતા. જો મૂર્તિપૂજાના ક્રમદ્વારા મહાત્મા રામકૃષ્ણ પરમહંસ જેવા મહાપુરૂષો ઉત્પન્ન થઇ શકતા હોય તો પછી તમારે શું પસંદ કરવું જોઇએ ? સુધારકોનો સૂકો ધર્મ કે સાક્ષાત્કારના પરિણામવાળી મૂર્તિપૂજા ? હું મારા આ પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર માગું છું, હું કહું છું કે જો તમે મૂર્તિપૂજાદ્વારા પરમહંસ રામકૃષ્ણ દેવ જેવા મહાત્મા ઉત્પન્ન કરી શકતા હો તો હજારો મૂર્તિઓ તમારા મંદિરમાં પધરાવો અને તેમની શ્રદ્ધાપૂર્વક સેવા-પૂજા કરો. સિદ્ધિદાતા પરમાત્મા તમારૂં કાર્ય સત્વર સફળ કરો. આવા ઉદારચરિત મહાપુરૂષો હરકોઇ ઉપાયે આજની તમારી નિર્માલ્ય પ્રજામાં ઉત્પન્ન કરો. મૂર્તિપૂજા આટલું આટલું કરી શકે છે છતાં નિર્દોષ દેવમૂર્તિઓને માટે ગાળો દેવામાં આવે છે ? કેટલાંક શતક પૂર્વે યાહુદી વંશમાંથી કુમારી માતાને પેટે યાહુદી લોહીથી ઉત્પન્ન થએલા

પુરૂષે મૂર્તિપૂજાનો નિષેધ કરીને તેને એટલાજમાટે ખોટી કહેલી જણાય છે કે તેણે માત્ર એક પોતાની મૂર્તિ સિવાય બીજી મૂર્તિઓને પૂજાવાનો નિષેધ કર્યો હતો; પરંતુ પોતાનીજ પ્રતિમા પૂજાવવાનું શું પ્રયોજન ? એ યાહુદીપુત્રે કહ્યું હતું કે, ઇશ્વરને જો કોઇ સુંદર અને ભાવપ્રકાશક મૂર્તિદ્વારા અથવા બીજા કોઇ સંજ્ઞા-દર્શક આકારમાં દર્શાવવામાં આવે તો તે ઘણું ખરાબ કાર્ય છે, એ મોટું પાપ છે; પરન્તુ જો તેને એક પેટીના આકારમાં પ્રદર્શિત કરીને તે પેટીની બન્ને બાજુએ દેવદૂતો બેસાડી તેના ઉપર એક ઝઝુમી રહેલા વાદળની છાયા બતાવીને ઇશ્વરીભાવ પ્રકાશિત કરવામાં આવે તો એવી મૂર્તિ પવિત્રમાં પવિત્ર છે ! વળી તે કહે છે કે, ઇશ્વરની મૂર્તિ એક પારેખવાના રૂપમાં બતાવી હોય તો તે પવિત્ર છે; પરંતુ જો તે એક પવિત્ર ગાયના રૂપમાં બતાવવામાં આવે તો તે સખ્ત નિષેધ કરવા જેવી છે ! 'બાવા દુનિયા આમજ ચાલે છે' દુનિયાના આવા રંગ-ઢંગ જોઇને એક અંગ્રેજ કવિ કહે છે કે, "આપણે મનુષ્યો કેવા મૂર્ખ છીએ ?" બીજાનીજ આંખોવડે જોવું એ કેટલું બધું વિચિત્ર છે ? માનવજાતિના વિકાસમાર્ગમાં અને તેની ઉન્નતિમાં આડે આવનારો અંતરાય એજ છે. ઈર્ષ્યા અને દ્વેષ, કંકાસ અને ક્લેશ તેમજ ભેદ અને ધિક્કારનો મૂળ પાયો એજ છે. જે ઉગતી મૂછવાળા જુવાન બાળકોએ મદ્રાસની ભાગોળ બહાર હજી પગ પણ નથી મૂક્યો, તેઓ સહસ્રાવધિ સંસ્કારો અને દંત-કથાઓથી ઘડાયેલા હિન્દના ત્રીસ કરોડ માણસને સુધારાનો ધર્મ શીખવવા જાય છે ! મુઠ્ઠીભર બીનઅનુભવી છોકરાઓ ભારતના વિશાળ હૃદયપર પોતાનો અધિકાર ચલાવવા નીકળ્યા છે ! શું તમને શરમ નથી આવતી ! પાછા ફરો આવા મહાદોષમાંથી, અને બીજાઓને કેળવવા પહેલાં તમારી જાતનેજ કેળવો. શ્રદ્ધાહીન છોકરાઓ ! તમે માત્ર કાગળઉપર થોડી લીટીઓ ઘસડી જાણો છો અને કોઇ મૂર્ખ પાસે છપાવરાવીને તેને પ્રસિદ્ધ કરી શકો છો, તે ઉપરથીજ તમે માની લીધું કે તમે આખી દુનિયાના શિક્ષક છો ? શું એપરથીજ તમે માની લો છો કે તમેજ સમગ્ર હિન્દનો જાહેર મત ધરાવનારા છો ?

મદ્રાસના સમાજ–સુધારકોના ઉપર મને ઘણો પ્રેમ છે અને તેમને માટે મને માન પણ છે, એટલામાટે મેં તેમને એ કડવાં વચનો કહ્યાં છે. તેમ ઉદારહૃદય અને સ્વદેશપ્રેમને માટે, ગરીબો અને દીન દુ:ખીઓ તરફની તેમની લાગણીને માટે હું તેમને મારા ખરા અંતઃકરણથી ચાહું છું; અને તેથીજ શુદ્ધ બન્ધુપ્રેમવડે હું તેમને કહું છુ કે તમારા સુધારાની પદ્ધતિ સાચી નથી. સેંકડો વર્ષસુધી તેનો પ્રયોગ અજમાવવામાં આવ્યો છે અને તે છેક નિષ્ફળ નિવડી છે, માટેજ તમને કહું છું કે આપણે કોઇ નવી પદ્ધાત પરિણામના દઢ વિચાર-પૂર્વક અજમાવવી જોઇએ. ભારતમાં શું કોઇ પણ વખત સુધારકોની ખોટ હતી ?

શું તમે હિન્દનો ઇતિહાસ વાંચ્યો છે ? રામાનુજ કોણ હતા ? નાનક કોણ હતા ? શંકરાચાર્ય કોણ હતા ? ચૈતન્ય કોણ હતા ? કબીર કોણ હતા ? દાદુ કોણ હતા ? એક પછી એક ક્રમવાર ભારતવર્ષમાં ચળકતા ઉજ્જવલ નક્ષત્ર જેવા એ સઘળા મહાન ધર્મોપદેશકો પ્રકટ થઇને, આ પુરાણપ્રસિદ્ધ ભારત દેશમાં જે દિવ્ય પ્રકાશ વેરી ગયા છે તેનો ઇતિહાસ તમે જાણો છો ? શું ભગવાન રામાનુજના હૃદયમાં અંત્યજ વગેરે અધમ જણાતી જાતિઓને માટે લાગણી નહોતી ? શું અધમમાં અધમ ચંડાળને પણ પોતાની જાતિમાં દાખલ કરવાનો તેમણે યત્ન નહોતો કર્યો ? શું તેમણે મુસલમાનોને પણ પોતાના સંપ્રદાયમાં દાખલ કરવાનો યત્ન નથી કર્યો ? એવીજ રીતે મહાત્મા નાનકે પણ હિન્દુ અને મુસલમાનો પ્રત્યે સમભાવના દર્શાવીને, તેમના સંપ–સમાધાન વચ્ચે ઐક્યની નવી પરિસ્થિતિ ઉપજાવવાનો ભગીરથ પ્રયત્ન નહોતો કર્યો ? એ સઘળા મહાત્માઓ પોતાના વખતમાં યત્ન કરી ગયા છે, અને તેમનું મહાન કાર્ય હજુપણ ચાલુજ છે. તેમના અને આજના સુધારકો વચ્ચે એજ તફાવત છે કે તેમનાં મગજ શાન્ત ધીર અને ગંભીર હતાં. તેમનાં ભેજાં આજના સુધારકો જેવાં વાહીયાત–ઉશ્કેરાએલાં–વિચારોનાં કબ્રસ્તાન નહોતાં. સુધારકોના હોઠમાં આભૂષણરૂપે ગાળ અને શાપ રમી રહ્યાં છે, તેને બદલે તેમના હોઠમાંથી મધુર વચનો અને આશીર્વાદો ફૂલડાંરૂપે ઝરતા હતા.

તેઓ કોઇનો નિષેધ કરતા નહોતા, નિન્દા કરતા નહોતા, કોઇને ગાળો દઇને ઉતારી પાડતા નહોતા. તેઓ લોકોને કહેતા કે, "દરેક જાતિ અને દરેક કોમનો વિકાસ થવોજ જોઇએ." તેમણે કહ્યું કે, "હિન્દુભાઇઓ, તમે જે કર્યું છે તે સારૂંજ કર્યું છે, પણ આજથી આપણે એથી વિશેષ સારૂં કરીએ." તેમણે કહ્યું કે, "તમે આજસુધી ઘણું સારૂં વર્તન બતાવ્યું છે; પણ આવો, આપણે એથી વધારે ભલા થઇએ, આજથી આપણે એથી પણ વધારે સારાં કાર્યો કરીએ." તેમણે કદિપણ એમ નથી કહ્યું કે, "આટલા દિવસસુધી તમે ખરાબ હતા અને હવે અમેજ તમને સારા કરીએ." આજના અને પ્રાચીન સુધારકોમાં આટલો મોટો તફાવત છે. આપણે આપણા સ્વભાવ અને પ્રકૃતિ અનુસારજ ઉન્નતિ કરવી જોઇએ. વિદેશી મંડળીઓ જેવી રીતે શિરજોરીથી પોતાના સુધારા અને પોતાની ધર્મ-પદ્ધતિઓ આપણા ઉપર ઠસાવવાનો યત્ન કરે છે તેમનું આપણે પણ અનુસરણ કરવું એ હાનિકારક, વ્યર્થ અને અસંભવિત છે. આપણે ચોળાઇ–ચૂંથાઇ કે ધાતુની પેઠે ભંગાઇ–કુટાઇને બીજી પ્રજા નથી બની જતા તેને માટે આપણે ઇશ્વરનો મોટો આભાર માનવો જોઇએ. બીજી પ્રજા કે જાતિની સંસ્થાઓની હું કંઇ નિંદા કરતો નથી. તેમને પોતાને માટે તે બહુ સારી છે, પણ આપણા માટે નહિ. તેમને માટે જે અમૃતરૂપ હોય તેજ દેશ, કાળ, હવા અને પ્રકૃતિભેદે

આપણે માટે અનેક વખત ઝેરરૂપ થઇ પડે છે. આપણે પ્રથમ તો એજ પાઠ શિખવાનો છે કે વિવિધ વિજ્ઞાન અને શાસ્ત્રો, વિવિધ સંસ્થાઓ અને સંસ્કારો, તેમજ વિવિધ દંતકથાઓમાં ઘડાઇને એ પ્રજાઓની વર્તમાનપદ્ધતિ તૈયાર થઇ છે; ત્યારે આપણે આપણી દંતકથાઓ, આપણા સંસ્કારો, આપણા શાસ્ત્રીય સિદ્ધાંતો અને હજારો વર્ષનાં આપણાં કર્મોને લીધે આધુનિક સ્થિતિમાં આપણે ઘડાયા છીએ. માટે સ્થિતિના આપણા કુદરતી વલણ અને કુદરતી પ્રવાહમાંજ આપણે આગળ વધવું જોઇએ. આપણાં તપોવનો અને લતાકુંજો, આપણો આધ્યાત્મિક-વાદ અને આપણો વેદાન્ત, એજ આપણી પ્રગતિનો ખરો માર્ગ છે. આપણે તેનુંજ અનુસરણ કરીશું.

મારી પ્રણાલી કેવી છે ? મારી પદ્ધતિ પ્રાચીન મહાન આચાર્યોના માર્ગનું અનુસરણ કરવાની છે. મેં તેમનાં કાર્યોનો ઉંડો અભ્યાસ કર્યો છે, અને તેઓ કેવી પ્રણાલીથી કામ કરતા તથા કેવો કાર્યક્રમ તેમણે અખત્યાર કર્યો હતો તે હું ઇશ્વરકૃપાથી બરાબર શોધી શકયો છું. તેઓ સમાજના મહાન સ્થાપક હતા. જીવન, પવિત્રતા અને શક્તિનો લોકોમાં વિશેષભાવે સંચાર કરતા હતા. તેઓએ ઘણાં અદ્‌ભુત કાર્યો કર્યાં હતાં, અને તેવીજ રીતે આપણે પણ ઘણાં અદ્‌ભુત કાર્યો કરવાં પડશે. એ વખતની અને આ વખતની પરિસ્થિતિમાં કેટલોક ખાસ તફાવત હોવાથી આપણા હાલના કાર્યક્રમમાં કંઇક પરિવર્તન કરવું પડશે; એ સિવાય વિશેષ તફાવત નથી.

હું જોઉં છું કે પ્રત્યેક વ્યક્તિની પેઠે પ્રત્યેક પ્રજા અથવા જાતિનો પણ કંઇક અમુક ઉદ્દેશ હોય છે. એ ખાસ ઉદ્દેશજ એ પ્રજાના જીવનનું કેન્દ્ર હોય છે, અને તે કેન્દ્ર તે પ્રજાના જીવનરૂપ સંગીતના મુખ્ય સૂર જેવું હોય છે. એ મુખ્ય સૂરમાંજ તે પ્રજાના બીજા બધા સૂરો મળી જઇને એક થઇ જાય છે, અને એકતાનો અદ્‌ભુત રસ પ્રવાહિત કરે છે. ઇંગ્લાંડ જેવા દેશોની પ્રજામાં રાજનૈતિક શક્તિજ તેનું મુખ્ય જીવનતત્ત્વ છે. બીજી પ્રજામાં કળા-વિદ્યાજ મુખ્ય પ્રાણરૂપે વહે છે. એવી રીતે જુદી જુદી પ્રજાઓનું જુદું જુદું કેન્દ્ર હોય છે. હિન્દુસ્તાનમાં પ્રજાજીવનનું કેન્દ્ર 'ધર્મ' છે. 'ધાર્મિક જીવન' જ તેના જીવનરૂપી મહા-સંગીતનો મુખ્ય સૂર છે. કોઇ પણ પ્રજા સૈકાંઓસુધી જે કેન્દ્ર અને જે જીવન-તત્ત્વમાંથી પોતાનું જીવન પસાર કરતી આવી છે, તે કેન્દ્રને દૂર કરવાનો જો તે પ્રયત્ન કરે તો એ પ્રજાનો વિનાશજ થાય. તમે પણ જો તમારા કેન્દ્રરૂપ ધર્મને દૂર ફેંકી દો અને બીજીજ કોઇ વસ્તુને તમારા કેન્દ્રરૂપે તેમજ જીવનના તત્ત્વરૂપે સ્વીકારો તો આ દુનિયાની સપાટીપરથી તમારૂં પણ નામ-નિશાન નાબૂદ થશે. આ ભાવી વિનાશને અટકાવવામાટે તમારે જેટલો બની શકે તેટલો પ્રયાસ કરીને

તમારા ધર્મરૂપ જીવનતત્ત્વદ્વારાજ સઘળું કાર્ય કરવું જોઇએ. એ ધર્મનેજ તમારાં સઘળાં કર્મોના કેન્દ્રરૂપ બનાવી રાખવો જોઇએ. તમારા શરીરની સઘળી સ્નાયુ-તંત્રીઓ તમારા ધર્મરૂપ મેરૂદંડની સાથે દઢ સંબંધથી બાંધીને ધાર્મિક જીવનનો સૂર ગજાવી મૂકો, ત્યારેજ તમારા જીવનની ખરી દિશા તમને પ્રાપ્ત થઇ છે એમ સમજવું.

સામાજિક જીવન ઉપર ધર્મની પણ વ્યાવહારિક અસર થાય છે, એમ દર્શાવ્યા વિના હું અમેરિકામાં ધર્મના વિષય ઉપર વ્યાખ્યાન આપી શકીશ નહિ, એવું મેં ત્યાં સ્પષ્ટ જોઇ લીધું હતું. તેવીજ રીતે જે મહાન આશ્ચર્યકારક રાજદ્વારી ફેરફારો વેદાંતના પ્રભાવવડે થઇ શકે છે, તે કહી બતાવ્યા વિના ધર્મના વિષય ઉપર ઇંગ્લાંડમાં પણ ભાષણ આપવું અસંભવિત જણાયું હતું. એજ પ્રમાણે ભારતમાં જો સામાજિક સુધારાનો ઉપદેશ કરવો હોય, તો એ સુધારાદ્વારા કેવું નવીન આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરી શકાય છે, એ બતાવી આપવાની ખાસ જરૂર છે. રાજનૈતિક વિચારોનો ઉપદેશ આપવો હોય તોપણ તેમાં દર્શાવવું જોઇએ કે પ્રજા જે એકજ મહાન વસ્તુની ચાહના રાખે છે, તે આધ્યાત્મિક ઉન્નતિને માટે કેવા સહાયક અને ઉપકારક એ વિચારો થઇ પડશે. પ્રત્યેક મનુષ્ય પોતાનો માર્ગ પોતેજ પસંદ કરે છે, એવીજ રીતે પ્રત્યેક પ્રજા અથવા જાતિ પણ પોતાનો માર્ગ પોતે સ્વતંત્ર રીતેજ પસંદ કરી લે છે. આપણે અનેક યુગ પૂર્વે આપણી પસંદગી કરી લીધી છે. હવે આપણે તદનુસાર આપણા જીવનનો કાર્યક્રમ ચલાવવો જોઇએ. આપણી એ પસંદગી કંઇ કહાડી નાખવા જેવી નથી. જડને બદલે ચેતનનો વિચાર કરવાની, અને મનુષ્યને બદલે ઈશ્વરનો વિચાર કરવાની પસંદગી શું ખરાબ કહી શકાય ? પરલોકમાં દઢ વિશ્વાસ, આ લોકના ક્ષણિક સુખવૈભવપર સંપૂર્ણ તિરસ્કાર, આત્મત્યાગની દઢ અને જ્વલંત ભાવના અને સર્વશક્તિમાન પરમાત્મા અને અજરામર આત્મામાં સંપૂર્ણ શ્રદ્ધા, એ બધા મહદ્ ગુણો પરાપૂર્વથી તમારામાં વિદ્યમાન છે. એ મહદ્ભાવોનો કોણ ત્યાગ કરી શકે તેમ છે ? તમે થોડો સમય જડવાદી થઇને, થોડા મહિનાસુધી અમારા હૃદયને ધક્કો લગાડવાનો યત્ન કરી શકો; પરંતુ તમારી વાસ્તવિક પ્રકૃતિ કેવી તે હું બરાબર જાણું છું. તમારો ખરા ભાવથી હાથ ઝાલવામાં આવે કે તરતજ તમે પાછા પરમ આસ્તિક અને ઈશ્વરવાદી બની જાઓ તેમ છો; કેમકે આસ્તિકતા એજ તમારો જાતિ–સ્વભાવ છે. એ તમારો જન્મગત સંસ્કાર, એ તમારો માંસ-મજ્જાગત સ્વભાવ તમે કેમ બદલી શકશો ? તમે ધર્મપ્રાણ પ્રજાના પ્રજાજન છો, એ નિર્વિવાદ છે.

એજ કારણથી જો હિન્દુસ્તાનમાં કોઇ પણ સુધારો કરવો હોય તો પહેલ-

વહેલાં ધર્મનોજ વિશેષભાવે પ્રચાર કરવાની જરૂર છે. સામાજિક વા રાજનૈતિક વિચારોનું આ દેશમાં પૂર રેલાવવું હોય તો પ્રથમ આધ્યાત્મિક વિચારોના અમૃતમાં આ દેશની ભૂમિને સારી રીતે ભીંજાવી દેવી જોઇએ. પ્રથમજ આ કાર્ય કરવાની ખાસ જરૂર છે.

જે પ્રથમ કાર્ય આપણું લક્ષ ખેંચે છે તે એ કે આપણાં ઉપનિષદોમાં, આપણાં પુરાણોમાં, તેમજ આપણા બીજા શાસ્ત્રગ્રંથોમાં જે મહાન આશ્ચર્યકારક સત્યો ભરેલાં છે, તે બધાંને નાનામોટા વિવિધ ગ્રંથોમાંથી, સંત–મહંતના મઠ–મંદિરોમાંથી, વન–પ્રદેશોમાંથી, વિવિધ મત–સંપ્રદાયના આચાર્યો તેમજ અગ્રેસરોના સંગ્રહોમાંથી બહાર કાઢીને તેમનો આ સમગ્ર ભારતભૂમિમાં વિસ્તાર કરી દેવો જોઇએ. પ્રત્યેક ગામમાં, પ્રત્યેક ઘરમાં અને પ્રત્યેક મનુષ્યના હૃદયમાં તેનો પ્રચાર કરવો જોઇએ, કે જેથી એ મહાન સત્યો પ્રચંડ અગ્નિની પેઠે સમગ્ર દેશમાં વિસ્તાર પામીને પૂર્વથી પશ્ચિમ તેમજ ઉત્તરથી દક્ષિણ ચારે દિશામાં, વેગથી ફેલાઇ જાય. ભારતવાસી પ્રત્યેક મનુષ્યે એ સત્યોને લક્ષપૂર્વક જાણવાં જોઇએ. કહ્યું છે કે–પ્રથમ તેનું 'શ્રવણ' કરવું. પછી તેનું 'મનન' અને ત્યારપછી તેનાપર સંપૂર્ણ વિચારપૂર્વક 'નિદિધ્યાસન' કરવું જોઇએ. લોકોએ પ્રથમ એ શાસ્ત્રવાક્યો અને સત્યો લક્ષ્યપૂર્વક સાંભળવાં. જે કોઇ મનુષ્ય પોતાનાં શાસ્ત્રનાં એ મહાન સત્યો લોકોને સંભળાવવામાં સહાય કરે છે, તેઓ આજે એવું પવિત્ર અને શુભ કર્મ કરે છે કે જેના કરતાં સારૂં બીજું કોઇ પણ કર્મ આ જગતમાં હોઇજ ન શકે. આપણા વ્યાસજી કહે છે કે,* આ કલિયુગમાં મનુષ્યને માત્ર એકજ કર્મ કરવાનું છે. બલિ આપીને યજ્ઞ કરવાથી અથવા કઠોર તપસ્યા કરવાથી આ યુગમાં કંઇ ફળ મળે તેમ નથી. કર્મમાં માત્ર એકજ રહ્યું છે અને તે કર્મ 'દાન' છે; અને એ+ સર્વ દાનોમાં પણ ધર્મનું દાન, આધ્યાત્મિક જીવન અને આધ્યાત્મિક જ્ઞાનનું દાન સર્વથી ઉત્તમ છે. ત્યાર પછી તેનાથી ઉતરતું વિદ્યાદાન, ત્રીજું પ્રાણદાન અને ચોથું અન્નદાન છે. આ અપૂર્વ દાનશીલ પુરાણપ્રસિદ્ધ હિંદુજાતિના તરફ જરા નજર કરો. આ દરિદ્ર, દીન દેશના લોકો કેટલા પ્રમાણમાં, કેવા પ્રેમથી દાન કરે છે, તેના ઉપર જરા લક્ષ્ય કરો. આ પુરાતન દેશમાં લોકોનું એવા ઉત્તમ પ્રકારે આતિથ્ય થાય છે કે કોઇ પણ મનુષ્ય હિંદના ઉત્તર છેડાથી તે છેક દક્ષિણ છેડા સુધી, કશાં પણ સાધન વિના સુખપૂર્વક પરિભ્રમણ કરી શકે છે. દરેક

* આ શ્લોક સ્વામીજીએ ભૂલમાં વ્યાસજીનો કહ્યો છે, પણ તે મનુસંહિતાનો છે.

" तपः परं कृते युगे त्रेतायां ज्ञानमुच्यते ।
द्वापरे यज्ञमेवाहुः दानमेकं कलौ युगे ॥" ८६–१–मनु.

+ " सर्वेषामेव दानानां ब्रह्मदानं विशिष्यते ॥" मनु.

સ્થાને ઉત્તમમાં ઉત્તમ પદાર્થોવડે તેનું આતિથ્ય કરવામાં આવે છે. જાણે તે એક મિત્ર અથવા નજકનો સંબંધી હોય, એવી રીતેજ દરેક મનુષ્ય તેની સાથે વર્તે છે. આવો ભારતનો આદર-સત્કાર છે. વળી એજ દેશના દાનમાટે એટલુંજ કહેવું બસ થશે કે, કોઇ પણ ઠેકાણે રોટલીનો ટુકડો હોય ત્યાંસુધી આ દેશમાં કોઇ પણ ભિખારી ભૂખે મરતો નથી.

આ ઉદારતા અને દાનની ભૂમિમાં આપણે આધ્યાત્મિક જ્ઞાનદાનનું પહેલવહેલું કાર્યજ હાથ ધરવું જોઇએ. એ જ્ઞાનવિસ્તારનું કાર્ય ભારતની ચતુ:સીમામાંજ પૂરી ન રાખતાં તેનો સમગ્ર જગતમાં પ્રચાર કરવો જોઇએ. ભારતની આ એક જૂની પ્રથા છે. હિન્દુસ્તાન જ્ઞાનદાનનું પવિત્ર કાર્ય આજે યુગો થયાં કરતુંજ આવ્યું છે. જેઓ તમને કહે કે ભારતના વિચારો કદિપણ હિન્દની બહાર ગયા નથી, અથવા કોઈ તમને કહે કે પરદેશી ભૂમિપર ધર્મોપચાર કરનારો પહેલવહેલો સંન્યાસી હુંજ છું, તે બધા પોતાની જાતિનો ઇતિહાસ નથી જાણતા એમ સમજવું. એ આશ્ચર્યવ્યાપાર અનેકવાર વારંવાર બન્યો છે. જ્યારે જ્યારે જગતને જરૂર પડી છે ત્યારે ત્યારે અધ્યાત્મવિદ્યાનો એ અનંત પ્રવાહ પૂર વેગથી દૂરદૂરના દેશોમાં રેલાયો છે; અને તેણે સમગ્ર જગતનું અધ્યાત્મ-જલથી સિંચન કર્યું છે. રાજકીય જ્ઞાનનું દાન અને રાજનીતિનો પ્રચાર રણશીંગાના અવાજ અને લશ્કરી કૂચથી કરી શકાય છે, અને લૌકિક અથવા સામાજિક જ્ઞાનનું દાન તલવાર અને દારૂગોળાવડે વિસ્તારી શકાય છે; પરન્તુ આધ્યાત્મિક જ્ઞાનનું દાન તો જેમ ઝાકળ કશો પણ અવાજ કર્યા વિના ગુલાબનાં પુષ્પોને ખીલવે છે એવીજ રીતે મૂંગે મોંએ કરી શકાય છે. ભારતભૂમિએ જ્ઞાનનો ઉપહાર સમગ્ર જગતને ચરણે વારંવાર ધર્યો છે. જ્યારે કોઇ પ્રબલ દિગ્વિજય કરનારી મહાન જાતિ જાગ્રત થઇને જગતની જુદી જુદી જાતિઓને અને પ્રજાને તલવારના જોરથી એક સાથે જોડી દે છે અને માનવસમાજના રસ્તા વિશાળ કરી પરસ્પરનો વ્યવહાર સુગમ કરી દે છે; એજ વખતે ભારતભૂમિએ ઉભા થઇને જગતની ઉન્નતિના પાત્રમાં આધ્યાત્મિક શક્તિનો પોતાનો હિસ્સો મૂંગે મોંએ સમર્પણ કર્યો છે. આવા બનાવ બુદ્ધના જન્મ અગાઉ અનેક યુગપૂર્વે બનેલા છે; અને તેનાં સ્મરણાવશેષ ચિન્હો આજસુધી ચીન, એશિયામાઇનોર અને મલયદ્વીપકલ્પના મધ્ય ભાગમાં કાયમ છે. ગ્રીક લોકોનો મહાન દિગ્વિજયી પુરૂષ અલેકઝાંડર જે વખતે ઉત્પન્ન થયો હતો અને જે વખતે લોકોની જાણમાં આવેલા દુનિયાના ચારે ખૂણાને તેણે એક સાથે જોડી દીધા હતા, તે વખતે પણ હિન્દુસ્તાનનો અધ્યાત્મવાદ મોખરે આવીને સમગ્ર જગતમાં વ્યાપી રહ્યો હતો. પશ્ચિમના ગર્વસ્વરૂપ તેનો આજનો સુધારો પણ એ વખતનાજ ભારતના મહાપ્રવાહનું બાકી રહેલું

ચિન્હ છે. હાલ બીજો એવોજ સુયોગ આપણે માટે આવી પહોંચ્યો છે. ઈંગ્લાંડની મહાશક્તિએ જગતની સર્વ પ્રજાઓને એકતાની સાંકળમાં બાંધી લીધી છે. આવો બનાવ આગળ કદિ બન્યો નહોતો. ઈંગ્લિશ પ્રજાના બીજી પ્રજાસાથે વ્યવહાર કરવાના રસ્તા અને જળમાર્ગો જગતના એક છેડાથી બીજા છેડાસુધી વિસ્તાર પામી ચૂક્યા છે. ઈંગ્લિશ બુદ્ધિ-શકિતના પ્રભાવે આધુનિક પ્રજાઓ વચ્ચે એવી કડીઓ જડાઇ ગયેલી છે કે જેવી આગળના જમાનામાં કદિ પણ જડાઇ નહોતી. આજકાલ વ્યાપારનાં જેવાં મુખ્ય મથકો ખોલવામાં આવ્યાં છે તેવાં માનવજાતિના ઇતિહાસમાં આગળ કદિ પણ ખોલવામાં આવ્યાં નથી. એજ વખતે ભારતવર્ષ આવા સારા યોગનો લાભ લઇને જાણતાં અથવા અજાણતાં પોતાના આધ્યાત્મિક જ્ઞાનનું સમગ્ર જગતને દાન કરવા લાગ્યું છે. એ અધ્યાત્મજ્ઞાનના પ્રબળ પ્રવાહો આજના વિશાળ રસ્તા અને જળમાર્ગોદ્વારા ધસી જઇને જગતના ખૂણે ખૂણામાં પહોંચી જશે.

ભારતનો ધર્મધ્વજ લઇને હું અમેરિકા ગયો તે કંઇ મારૂં કામ નહોતું, તેમ તે કાર્ય કાંઇ મારી કે તમારી ઇચ્છાથી સિદ્ધ થયું નથી; પરંતુ ભારતના ભાગ્યની દોરી જેના હાથમાં છે તે ભગવાનેજ અને ત્યાં મોકલ્યો; અને મારા જેવા સેંકડો મનુષ્યોને જગતની સઘળી પ્રજાઓમાં પોતાનો દિવ્ય સંદેશો સંભળાવવાને એજ પરમાત્મા મોકલશે. જગતની કોઇ પણ શક્તિ તેમનો અટકાવ કરી શકશે નહિ. આ પ્રમાણે વિદેશમાં પણ ધર્મપ્રચારનું મહાન કાર્ય કરવાનું છે. તમારા ધર્મનો મર્મ સમજાવવાને અને ધર્મપ્રચાર કરવાને તમારે બહારના દેશોમાં જવું જોઇએ અને જગતની પ્રત્યેક પ્રજાને ઉપદેશ આપી પ્રભુનો ધર્મ-સંદેશ સંભળાવવો જોઇએ. ધર્મપ્રચારનું એજ પહેલું કાર્ય છે.

ધર્મપ્રચારની સાથેજ સામાન્ય વ્યાવહારિક વિદ્યા, સમાજનીતિ, રાજનીતિ, વગેરે અન્ય જે જે વિદ્યાઓની જરૂર છે તે સર્વ પોતાની મેળેજ આવશે; પરન્તુ જો ધર્મને વિદાય આપીને તમે વ્યાવહારિક વિદ્યા વિસ્તારવાનો યત્ન કરશો તો તમને હું સ્પષ્ટ કહી સંભળાવું છું કે, હિન્દુસ્તાનમાં તો એ તમારો પ્રયત્ન વ્યર્થજ જશે. માત્ર લોકોના હૃદયપરજ પ્રભાવ પાડીને (અર્થાત્ બુદ્ધિમાં ઠસાવ્યા વિના) કદિપણ તેમનું અંતઃકરણ જીતી શકાશે નહિ. મહાન બૌદ્ધધર્મ પણ એજ કારણથી પોતાનો પ્રભાવ આ દેશમાં સ્થાયિરૂપે જમાવી શક્યો નથી; અને તેનો પુરૂષાર્થ માત્ર આધ્યાત્મિક જ્ઞાનની ખામીને લીધેજ સર્વથા નિષ્ફળ નીવડયો છે.

મારા મિત્રો ! એ પરથી મેં એવી યોજના કરી છે કે આપણા દેશમાં આપણા યુવકોને ધર્મોપદેશકનું કાર્ય શિખવવામાટે ઠેકઠેકાણે શિક્ષણ-મંદિરો સ્થાપવાં; અને તેમાં તૈયાર થયેલા ઉપદેશકોને દેશવિદેશમાં બધે આપણાં પ્રાચીન

શાસ્ત્રોનાં સત્યનો પ્રચાર કરવા મોકલવા. પરંતુ એવા મનુષ્યો ક્યાં છે? બીજું બધું તો પોતાની મેળે તૈયાર થશે; પરંતુ મજબૂત, વીર્યવાન્, તેજસ્વી, વિશ્વાસપાત્ર અને શ્રદ્ધાવાન્ મનુષ્યોની પહેલાં તો જરૂર છે. જો આવા એકસો મનુષ્યો તૈયાર થાય તો આખા જગતની વિચારક્રાન્તિ કરવી એ તો સહજ વાત છે. બીજી બધી વસ્તુઓ કરતાં ઇચ્છાશક્તિનો પ્રભાવ વિશેષ છે. એ શક્ત સીધી ઇશ્વર પાસેથીજ મનુષ્યોને મળે છે. પવિત્ર અને દૃઢ ઇચ્છાશક્તિજ બ્રહ્માંડમાં સર્વનો જય કરી શકે છે. શું તમને એ બાબતમાં વિશ્વાસ નથી? તમારા પોતાના શાસ્ત્રમાં બતાવેલો ઇચ્છાશકિતનો પ્રભાવ જુઓ. તમારા ધર્મનાં મહાન સત્યો જગતને સંભળાવો. તમારી અધ્યાત્મવિદ્યાનું જગતને પ્રદાન કરો. જગત તમારાં દાનની રાહ જુએ છે. તમારી ઇચ્છાશક્તિનો ત્યાંજ તમને પ્રભાવ જણાશે.

અનેક સૈકાં થયાં મનુષ્યજાતિને પોતાની હીનતા અને દીનતાના પાઠ શિખવવામાં આવ્યા છે. તેમને અધઃપતનની પદ્ધતિનુંજ જ્ઞાન આપવામાં આવ્યું છે. તેમને કહેવામાં આવ્યું છે કે તેઓ કંઇજ નથી, તેમની શક્તિ, તેમનાં સાધન અને તેમનું જીવન બહુ અલ્પ છે. આખા જગતની માનવ પ્રજાને આજસુધી એવુંજ કહેવામાં આવ્યું છે કે તમે મનુષ્યોજ નથી. સૈકાંઓ થયાં તેમને એવોજ ભય બતાવવામાં આવ્યો છે; અને તેને પ્રતાપે તેઓ ખરેખરાં પશુજ બની ગયાં છે. તેઓને કદિ પણ આત્મા સંબંધી વાત સંભળાતી નથી. હવે તેને તમે આત્મતત્ત્વ સમજાવો. આત્માની મહાન વાત સમજાવો. તેમને શિખવો કે હલકામાં હલકા મનુષ્યમાં એજ આત્મા રહ્યો છે કે જે કદિ મરતો નથી તેમ જન્મ પણ ધારણ કરતો નથી. એ આત્માને તલવાર કાપી શકતી નથી, અગ્નિ બાળી શકતો નથી અને હવા સૂકાવી શકતી નથી. એ આત્મા અવિનાશી, અનાદિ, અનંત, અજરામર, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સર્વશક્તિમાન અને સર્વવ્યાપક છે.

તેમને તેમના પોતાનામાં શ્રદ્ધા રાખતાં શિખવો. તમારામાં અને એક ઇંગ્રેજમાં શું ફેર છે તે જાણો છો? ઇંગ્રેજોમાં આત્મવિશ્વાસ છે અને તમારામાં તે નથી. તેને દૃઢ વિશ્વાસ છે કે તેણે ઇંગ્લિશજાતિમાં જન્મ લીધો છે, એટલે જે કંઇ ઇચ્છામાં આવે તે સર્વ કરી શકે છે. આવો દૃઢ વિશ્વાસ, આવું પ્રબળ આત્મબળ તેની અંદર ઇશ્વરને જાગ્રત કરે છે; તેની શક્તિનો બહાર પ્રકાશ કરે છે અને એ ઇશ્વરી આત્મીય શક્તિવડે પ્રત્યેક ઇંગ્રેજ બચ્ચો જે ચાહે છે તે કરી શકે છે. તમને એવુંજ કહેવામાં અને શિખવવામાં આવ્યું છે કે તમે કંઈ નથી; તમારાથી કંઇ બની શકે તેમ નથી. એ શિક્ષણને પ્રતાપે તમારો આત્મવિશ્વાસ નાશ પામે છે; અને દિવસે દિવસે તમે નિઃસત્વ અને નિર્માલ્ય બનતા જાઓ છો. આપણને મુખ્ય આવશ્યકતા બળનીજ છે, માટે તમારા આત્મામાં વિશ્વાસ રાખો. તમારી પોતાની

શક્તિમાં શ્રદ્ધા રાખો. આપણે છેક નિર્બળ થયા છીએ તેથીજ વિદેશની ગુપ્ત વિદ્યાઓ, છુપી શક્તિઓ અને રહસ્યવિદ્યા જેવી લૂલી–લંગડી ચીજો આપણા દેશમાં ઘુસવા લાગી છે. એ બધી વિદ્યાઓમાં સત્ય સમાએલું હશે, પણ એટલું તો ચોક્કસ છે કે તેમણેજ આપણો લગભગ નાશ કર્યો છે.તમારી ઇચ્છાશક્તિના તાર ચડાવો. તમારી નસોને મજબૂત કરો. આ રસાકસીના જમાનામાં વજ્ર જેવા અવયવો અને ગજવેલ જેવા સ્નાયુ બનાવવાની જરૂર છે. ઘરના ખૂણામાં ભરાઇને આપણે ઘણા સમયસુધી રડયા કીધું. હવે વિશેષ રડવાની જરૂર નથી. આંખો લુછીને તમારા પગપર ઉભા થાઓ;વજ્ર જેવા મજબૂત સાચા મનુષ્યો બનો. **આપણને અત્યારે એવા ધર્મની જરૂર છે કે જે ખરેખરા મનુષ્ય બનાવી શકે.** આપણને એવા મત અને પદ્ધતિની જરૂર છે કે જેને યોગે આપણે મજબૂત મનના મનુષ્ય થઇએ. જે કેળવણીવડે ખરા મનુષ્ય તૈયાર થઇ શકે એવી સર્વાંગસુંદર કેળવણીની આપણને જરૂર છે. જે શિક્ષણ તમને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે નબળા બનાવે એને ઝેર જેવી સમજીને તજી દો. તેનામાં જીવજ નથી માટે તે સત્ય પણ ન હોઇ શકે. સત્ય હમ્મેશ બલપ્રદ હોય છે. મનુષ્યને તે મજબૂત બનાવે છે. સત્ય તે પવિત્રતા છે. સત્ય તે જ્ઞાનસમૂહ છે. સત્ય અવશ્ય મનુષ્યને બલવાન કરે છે.હૃદયના અંધકારને દૂર કરે છે.મનુષ્યને વીર્યવાન્ અને તેજસ્વી બનાવે છે. આજની બધી વિદેશી ગુપ્તવિદ્યાઓ–તેમનામાં કંઇક સત્યનો કણ હોય તોપણ–મનુષ્યનાં મનને નબળાં અને બાયલાં બનાવનારી છે. મારા શબ્દોમાં વિશ્વાસ રાખો. મેં જીંદગીસુધી એ વાતનો અનુભવ કર્યો છે; અને હું એજ નિશ્ચય ઉપર આવ્યો છું કે તે અવશ્ય મનુષ્યને નિર્બળ બનાવે છે. મેં ભારતના સર્વ પ્રદેશોમાં ભ્રમણ કર્યું છે; આ દેશની લગભગ બધી ગુફાઓ અને હિમાલયમાં પણ રહ્યો છું. જેમણે પોતાની આખી જીંદગી ત્યાંજ ગાળી છે એવા લોકોને હું ઓળખું છું; અને એ પરથી હું કહું છું કે એ બધી ગુપ્તવિદ્યાઓ તો ઠીકજ છે. હું મારી જાતિ અને પ્રજાને ચાહું છું. હું તમારો અધઃપાત મારી આંખે જોઇ શકું તેમ નથી, હમણાં તમે જેટલા નિર્બળ થયા છો તેથી તમારી વિશેષ નિર્બળ સ્થિતિ મારાથી સહી શકાય તેમ નથી; માટે તમારા હિતની અને સત્યની રક્ષાની ખાતર તથા મારી જાતિની વિશેષ અવનતિ ન થાય તેને માટે હું પોકાર કરીને કહું છું કે, બસ કરો, સબુર કરો; આ બધી બાયલા બનાવનારી મર્મિક ગુપ્ત વિદ્યાઓને છોડી દો અને મજબૂત થાઓ. મારી જાતિનો અને મારા બંધુઓનો અધઃપાત અટકાવવાને હું એ વાત પોકાર કરીને કહી સંભળાવું છું. બંધુઓ ! જો ખરૂં બળ મેળવવું હોય તો તમારાં પ્રાચીન ઉપનિષદોનો આશ્રય લો. જે ઉપનિષદ્‌માં પ્રોજ્વલ શક્તિ અને જ્ઞાનવર્ધક તત્ત્વવિદ્યાનો ખજાનો રહ્યો છે, તે અખૂટ ધન·

સંપત્તિ પ્રાપ્ત કરીને આ બધી ભેદભરેલી નિર્બળ બનાવનારી ગુપ્તવિદ્યાઓને બહાર કહાડો. તેને બદલે આ અધ્યાત્મવિદ્યાને ગ્રહણ કરો. જગતનાં સર્વથી મહાન સત્યો સર્વથી સાદાં અને સ્પષ્ટ હોય છે. ઉપનિષદ્‌નાં મહાન સત્યો તમારી આંખ સામેજ છે, તમારી પાસેજ છે, તેનો સ્વીકાર કરો. તમારા વર્તનમાં અને તમારા સર્વ કાર્યમાં એ સત્યને ઉતારો. એથી તમારા ભારતનો ઉદ્ધાર તમે જોતજોતામાં કરી શકશો.

હવે એક વાત કહીને મારૂં વક્તવ્ય પૂરૂં કરીશ. લોકો સ્વદેશભક્તિની વાતો કરે છે, મને સ્વદેશભક્તિમાં વિશ્વાસ છે અને સ્વદેશાભિમાન સંબંધે મેં ખાસ આદર્શ ધારી રાખ્યો છે. સ્વદેશનું હિત કરવામાટે ત્રણ ચીજોની ખાસ જરૂર છે. તેમાં પહેલી જરૂર લાગણીની છે. સ્વદેશના કલ્યાણમાટે તમારા હૃદયમાં લાગણી રાખો. બુદ્ધિ અથવા વિચારશક્તિનો શું ધર્મ છે ? તે થોડાંક પગલાં આગળ ચાલે છે અને પછી અટકી જાય છે; પરન્તુ હૃદયના દ્વારમાંથી ઈશ્વરી-શક્તિની જે વિશુદ્ધ પ્રેમમય પ્રેરણા આવે છે તે, ન ઉઘડે એવા વજ્ર જેવા દર-વાજાને પણ ખોલી નાખે છે. આ વિશ્વના બધા ભેદ પ્રેમની ચાવીવડે ખોલી શકાય છે. વિશુદ્ધ પ્રેમવડે અસંભવિત સંભવિત બની જાય છે; અને દઢ સંકલ્પ-દ્વારા હરેક ઇચ્છા પૂરી પાડી શકાય છે, માટે હે ભાવી સુધારકો ! હે ભાવી સ્વદેશ-ભક્તો ! હૃદયવાન થાઓ. ખરી લાગણી ને ખરી દાઝ રાખતાં શીખો. માતૃ-ભૂમિના ચરણમાં હૃદયનો શુદ્ધ પ્રેમ સમર્પણ કરો. તમને લાગણી થાય છે ? પૂજ્ય દેવતાઓ અને પ્રાચીન ઋષિઓનાં કરોડો સંતાનો આજે પશુ જેવાં બની અધમ જીવન ગાળે છે, તે જોઇને તમારા હૃદયમાં લાગણી થાય છે ? માતૃભૂમિનાં કરોડો પ્રિય સંતાનો આજે ભૂખે મરે છે અને જમાના થયાં કરોડો ભૂખે મરતાં આવ્યાં છે એ જોઇને તમારૂં દિલ દાઝે છે ? કાળાં વાદળાંના જેવો ગાઢ અજ્ઞાનાંધકાર આ દેશપર ફરી વળ્યો છે તે જોઇને તમારા દિલમાં કંઇ લાગણી થાય છે ? એ દયાજનક દેખાવ તમને અસ્થિર બનાવે છે ? એ વિચારથી નિદ્રાનો ત્યાગ કરીને તમે કદિ પણ જાગ્રત થયા છો ? એ વિચાર તમારા લોહીની સાથે મળીને તમારી નસ અને નાડીઓમાં વહેવા લાગ્યો છે ? તમારા હૃદયના ધબકારામાં કોઇ વખત દેશની ખરી લાગણીનો થડકાટ થયો છે ? એ વિચારે તમને કદિ પણ ગાંડા બનાવી દીધા છે ? દુર્દશાના વિચારે તમારા હૃદયમાં ઘર કરીને કદિ પણ તમારૂં બીજું બધું ભૂલાવી દીધું છે ? એ વિચારમાં મસ્ત થઇને તમારાં નામ, કામ, ધામ, સ્ત્રી, પુત્ર, માલ, મિલ્કત અને છેવટે તમારાં શરીર અને જગતનું ભાન પણ કદિ તમે ભૂલી ગયા છો ? તમને કદિ પણ એવો અનુભવ થયો છે ? સ્વદે-શભક્ત થવાનું એ તો માત્ર પહેલુંજ પગથીયું છે. હું કંઇ અમેરિકાની મહા-

સભામાં ભાગ લેવાને નહોતો ગયો, પણ આ દુઃખી દેશની લાગણીનું ભૂત મારા શરીર અને આત્મામાં ભરાઇ બેઠું હતું તેની કંઇક તૃપ્તિ કરવાને માટેજ હું દૂરના વિદેશમાં ગયો હતો. મેં બાર વર્ષસુધી આખા હિન્દુસ્તાનમાં મુસાફરી કરી; પરન્તુ મારા દેશબન્ધુઓની સેવા ઉઠાવવાનો મને અહીં કોઇ પણ માર્ગ નહિ મળવાથી, વિદેશની ભૂમિમાં મારા દેશને માટે કંઇક કરવા સારૂ હું અમેરિકા ગયો હતો. તમારામાંના ઘણાખરા મનુષ્યો જેઓ એ વખતે મને ઓળખતા હતા તેઓ આ વાત જાણે છે. અહીં મારા રકત-માંસ સ્વરૂપ દેશબન્ધુઓ દરરોજ દુર્દશામાં ડૂબતા જાય છે તેમની કોણે સંભાળ લીધી? સ્વદેશની લાગણીનું આ મારૂં પહેલું પગથીઉં હતું.

સમજો કે તમને દેશને માટે લાગણી છે અને દેશની દુર્દશા જોઇને તમારૂં દિલ દાઝે છે; પરન્તુ એ દુર્દશાને દૂર કરવાનો તમે શું ઉપાય નક્કી કર્યો છે? માત્ર મોઢાંની લૂખી વાતોમાંજ શકિતનો ફોકટ ક્ષય ન કરતાં કોઇ વ્યાવહારિક માર્ગ તમે શોધી શકયા છો? ઉપહાસ, નિન્દા અથવા ગાળોથી તેમનો નિષેધ ન કરતાં તેમને કોઇ પણ પ્રકારની મદદ કરવાનો તેમજ તેમનાં દુઃખી અને આળાં હૃદયો ઉપર મીઠું છાંટવાને બદલે, મીઠાં વચનોનો ઠંડો મલમપટો લગાડવાનો અને તેમને અજ્ઞાનની મૃતદશાના ખાડામાંથી સંજીવની માત્રાવડે બહાર ખેંચી કહાડવાનો તમે કોઇ પણ ઉપાય શોધ્યો છે? દેશસેવાને માટે એટલુંજ બસ નથી. પહાડના જેવી ઉંચી અને કઠોર અડચણોને વટાવી જવાની શકિત તમે મેળવી છે? આખી દુનિયા હાથમાં ખુલ્લી તલવાર લઇને તમારી સામે ઉભી રહે તોપણ તમને જે ન્યાયપુરઃસર સત્ય લાગતું હોય તે કરવાની તમારામાં હિંમત છે? તમારી સ્ત્રી અને તમારાં છોકરાં તમારાથી વિરૂદ્ધ થઇ જાય, તમારી લક્ષ્મી ચાલી જાય, તમારૂં નામ ભૂંસાઇ જાય અને સઘળી સંપત્તિ ઘસડાઇને અદૃશ્ય થઇ જાય છતાં પણ તમે તમારા નિશ્ચયને વળગી રહો તેમ છો? એ બધું સહન કરીને પણ તમે તમારા નિશ્ચયનું પાલન કરવા, તમારા ધ્યેયસુધી દૃઢ પગલે આગળ વધી શકો તેમ છો? રાજર્ષિ ભર્તૃહરિ કહે છે તેમ નીતિ-નિપુણ પુરૂષો નિન્દા કરો કે સ્તુતિ કરો, લક્ષ્મીદેવી સ્વેચ્છાનુસાર આવો અથવા ચાલી જાઓ, મૃત્યુ આજેજ થાઓ કે યુગો પછી થાઓ; પરન્તુ ધીર વીર પુરૂષો ન્યાયના ખરા માર્ગમાંથી એક પગલું પણ પાછા હઠતા નથી. તમે એવી અચલ દૃઢતા ધારણ કરી છે? તમારામાં જો એ ત્રણ ચીજો હશે તો તમારામાંનો દરેક મનુષ્ય અદ્‌ભુત અને અલૌકિક કાર્યો કરી શકશે. વર્તમાનપત્રોમાં લેખો લખવાની તમારે કશી જરૂર નથી. ભાષણો આપતા ભટકવાની તમારે કશી પણ જરૂર નથી. તમારો ચ્હેરોજ અપૂર્વ તેજથી લખલખી રહેશે. એ વખતે તમે

કોઈ પર્વતની નિર્જન ગુહામાં રહેશો તોપણ તમારા વિચારો મોટા ખડકો અને ટેકરીઓને ભેદીને બહાર આવશે, સેંકડો વર્ષસુધી તે સૂક્ષ્મશરીર ધારણ કરીને સમગ્ર જગતમાં ઘૂમ્યા કરશે; અને છેવટ એક દિવસ કોઈપણ પ્રબળ મસ્તકમાં પ્રવેશ કરીને પોતાની ચિરવાસના સફળ કરશે ત્યારેજ તેઓ સફલાર્થ થઈને વિરામ પામશે. વિચારનું, ખરી લાગણીનું અને પવિત્ર હેતુનું હમેશાં એવું અસાધારણ બળ હોય છે.

હું તમને ઘણો વખત થયાં ખોટી કરૂં છું એવો મને ભય લાગે છે, પણ હવે એકજ વાત કહીને મારૂં કથન પૂરૂં કરૂં છું. હે મારા સ્વદેશી બંધુઓ ! હે મારા મિત્રો ! હે મારાં બાળકો ! આપણી પ્રજારૂપ નૌકા સંસારનાં ઘેરાં પાણીની પેલી પાર કોટિ મનુષ્યોને લઈ જાય છે. અનેક સૈકાં થયાં આ જળમાં તે વહાણ ફર્યા કરે છે; અને એજ વહાણની મદદથી કરોડો આત્માઓ આ પાણીની પેલી પાર આવેલા પરમ સુખમય શાન્તિધામમાં પહોંચી ગયા છે. આજે કદાચ તમારા પોતાનાજ દોષથી એ નૌકાને થોડું ઘણું નુકસાન લાગીને તેમાં એક ગાબડું પડયું છે, તેને માટે શું તમે એને શાપ આપશો ? જગતના બીજા બધા પદાર્થો કરતાં જે વસ્તુ આપણા વિશેષ ઉપયોગમાં આવી છે અને જેણે હજારો વર્ષ સુધી આપણી સેવા બજાવી છે, તેને ઉભા થઈને ગાળો કે શાપ આપવાં તે શું વ્યાજબી કહેવાય ? આ નૌકામાં—આ આપણા હિન્દુ સમાજમાં છિદ્ર પડયાં હોય તો ચાલો આપણે બધા જઈને તે છિદ્રો પૂરી દઈએ; કેમકે આપણે સર્વ તેનાંજ સંતાનો છીએ; એ છિદ્રો આપણે આનંદપૂર્વક હૃદયના ગરમ રક્તથી પૂરી દેવાં જોઈએ, એમ છતાંયે જો પૂરી ન શકાય તો એ છિદ્રવાળા જીવન કરતાં આપણે માટે મૃત્યુજ બહુ સારૂં છે. આપણે આપણાં મગજો કાઢીને એ છિદ્રોમાં તેની ફાચર મારીને પૂરી દઈશું; પરન્તુ કદિપણ તેની નિંદા કે નિષેધ કરીશું નહિ. આપણા સમાજને—આપણી હિન્દુજાતિને એક પણ સખત શબ્દ કહેશો નહિ. ભૂતકાળની તેની ભવ્યતામાટે હું તેને હૃદયથી ચાહું છું. હું તમને બધાને પણ એટલાજ ચાહું છું; કેમકે તમે દેવ અને ઋષિનાં સંતાનો છો. તમને હું હૃદયથી ચાહું છું ત્યારે શાપ તો કયેજ મુખે આપી શકું ? તમારે માટે મારી પાસે બિલકુલ શાપ નથી. મારા હૃદયના સર્વ આશીર્વાદ તમને સફળ થાઓ. પ્રિય બાળકો ! મારી સર્વ યોજનાઓ તમને કહી સંભળાવવાનેજ હું તમારી પાસે આવ્યો છું. જો તમે તેને પ્રેમથી સાંભળતા હો તો હું તમારી સાથે કામ કરવા તૈયાર છું; છતાં જો તમે તેને બિલકુલ નહિ સાંભળો અને મને પણ આ હિન્દુ-સ્તાનમાંથી લાત મારી બહાર કહાડી મૂકશો, તોપણ હું પાછો તમારે આંગણે આવીશ અને તમને કહીશ કે, ભાઈઓ ! આપણે સર્વ ડૂબીએ છીએ. હું તમારી

સર્વની વચ્ચે આવ્યો છું; અને આપણે જો ડૂબવાનાજ હોઇએ તો ચાલો આપણે બધા એક સાથેજ ડૂબી જઇએ. શાપ કે નિંદાને આપણા હોઠ સુધી કદિ પણ આવવા ન દેશો; કોઇને પણ કટુ શબ્દ ન સંભળાવશો. ઇતિ ॐ शान्तिः ।

भारतीय जीवनमां वेदान्तनो उपयोग

આપણી જાતિ અને આપણા ધર્મને ઓળખાવવામાટે ‘ હિંદુ ’ શબ્દનો વ્યવહાર બહુ સામાન્ય થઇ પડયો છે. વેદાન્તવાદનો હું શું અર્થ સમજાવવા માગું છું, તે તમારી સમક્ષ કહેતી વખતે એ હિન્દુ શબ્દના સંબંધમાં મારે કંઇક ખુલાસો કરવાનો છે. પ્રાચીન પારસી લોકો સિન્ધુ નદીને હિન્દુ કહેતા હતા. સંસ્કૃત ભાષામાં જ્યાં જ્યાં ‘ સ ’ નો ઉપયોગ કરવામાં આવ્યો છે, ત્યાં ત્યાં પ્રાચીન ફારસી ભાષામાં ‘ હ ’ વાપરવામાં આવ્યો છે; એ પ્રમાણે સિન્ધુનો ‘હિન્દુ’ શબ્દ થયો છે. તમે સઘળા જાણો છો તેમ ગ્રીક લોકો હનો સરલતાથી ઉચ્ચાર કરી શકતા નથી, એથી તેઓ જ્યારે પહેલવહેલા ભારતમાં આવ્યા ત્યારે તેમણે એ શબ્દમાંથી હ બિલકુલ ઉરાડી દીધો, એથી હિન્દીને બદલે આપણું નામ ઇન્ડીયન થયું. હવે સિન્ધુ નદીની આ તરફ રહેનારા લોકોને હિન્દુ કહેવામાં આવતા હોય અથવા પ્રાચીનકાળમાં તેનો કંઇ બીજો અર્થ થતો હોય, પરંતુ તેનો તેવો અર્થ આ જમાનામાં રહ્યો નથી; કેમકે સિન્ધુ નદીને આ કિનારે હાલમાં જે લોકો રહે છે તેઓ હવે એકજ ધર્મને માનનારા નથી. એ પંચમેળ પ્રજામાં હવે હિન્દુ લોકો ઉપરાંત મુસલમાન, પારસી, ખ્રિસ્તી, બૌદ્ધ, જૈન વગેરે અનેક જાતિના લોકો રહે છે. હિન્દુ શબ્દનો વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ કરતાં સિન્ધુ નદીના આ બાજુમાં રહેનારા એ બધા લોકોને હિન્દુજ કહેવા જોઇએ, પણ એ શબ્દનો ધર્મ સાથે જે સંબંધ રહ્યો છે તેનો વિચાર કરતાં તેમને બધાને હિન્દુ કહેવા તે યોગ્ય નથી, કેમકે આપણો ધર્મ ઘણા ધર્મોના સંગ્રહસ્થાન જેવો, વિવિધ વિચારો, ક્રિયાઓ, ચિન્હો અને અનુષ્ઠાનોની એક સાથે મળેલી નિશ્ચિત ધર્મપ્રણાલી અને દૃઢ બંધારણ વગરની એક મહાન મંડળીના નામ વગરના ધર્મરૂપ થઇ પડયો છે. આપણી બધી જાતિઓ જો કોઇ સ્થળે એકમત થતી હોય તો તે એજ છે કે આપણાં શાસ્ત્રોમાં અને આપણા વેદોમાં આપણો એક સરખો વિશ્વાસ છે. એ એક નિશ્ચિત વાત છે કે વેદનું સ્વતઃપ્રમાણ જે માણસ સર્વોત્તમ પ્રમાણરૂપે નથી માનતો તેને હિન્દુ નામ ધારણ કરવાનો અધિકાર નથી.

એ સઘળા વેદ મુખ્ય બે ભાગમાં વહેંચાયલા છે. એ બે ભાગ તે કર્મકાંડ અને જ્ઞાનકાંડ છે. કર્મકાંડમાં વિવિધ પ્રકારના યાગ, યજ્ઞ અને કેટલીક ક્રિયાઓ

તેમજ અનુષ્ઠાનો સમાયલાં છે. એ ક્રિયા અને યજ્ઞોમાંનો મોટો ભાગ આજકાલ વ્યવહારમાં આવતો નથી. જ્ઞાનકાંડમાં વેદોના આધ્યાત્મિક જ્ઞાનનો સમાવેશ થાય છે. એ વેદોનું અધ્યાત્મજ્ઞાન, ઉપનિષદ્ અથવા વેદાન્તના નામથી ઓળખાય છે; અને આજ સુધીના આપણા બધા ધર્મશિક્ષકો, તત્ત્વજ્ઞાનીઓ, આચાર્યો તેમજ ધાર્મિક લેખકો ગમે તો તે દ્વૈતવાદી વિશિષ્ટાદ્વૈતવાદી કે કેવલાદ્વૈતવાદી હોય, પણ તે બધાને વેદનો એ ભાગ સર્વોત્તમ પ્રમાણરૂપે સ્વીકારવો પડયો છે. હિન્દુસ્તાનનાં સર્વ દર્શનો અથવા સઘળા સંપ્રદાયોમાંના દરેકને પોતાની સત્યતાનાં પ્રમાણ ઉપનિષદ્માંથી આપવાં પડે છે; અર્થાત્ અધ્યાત્મવિદ્યાની સઘળી શાખાઓ તેમજ હિન્દુસમાજના સઘળા સંપ્રદાયોનો મૂળ પાયો એ વેદ અને ઉપનિષદોના પ્રમાણ ઉપર રચાયો છે. કોઇ પણ સંપ્રદાય અથવા કોઇ પણ દર્શન જો વેદ કે ઉપનિષદ્માંથી પોતાનાં પ્રમાણો ન બતાવી શકે તો તેને અપ્રમાણ અથવા નાસ્તિક ગણવામાં આવે છે. શિષ્ટાચારથી તે વિરૂદ્ધ ગણાય છે. એથીજ ભારતવાસી પ્રત્યેક હિન્દુને અથવા તેના ધર્મને કોઇ ખાસ સામાન્ય નામથી ઓળખાવવો હોય તો તેને વેદાન્તી અથવા વૈદિક એજ નામ આપી શકાય તેમ છે. વેદાન્તધર્મ અથવા વેદાન્ત એ શબ્દોનો હું જયાં જયાં ઉપયોગ કરૂં છું ત્યાં એજ અર્થને લક્ષમાં રાખીને કરૂં છું.

આ વિષય હું જરા વિશેષ સ્પષ્ટ કરવા માગું છું. આજ કાલ ઘણા લોકો વેદાન્તદર્શનની અદ્વૈત શાખાનેજ વેદાન્ત કહે છે; અને વેદાન્ત શબ્દમાંજ માત્ર અદ્વૈતવાદનોજ સમાવેશ થતો હોય એમ માને છે. આપણે બધા જાણીએ છીએ કે ઉપનિષદ્ ઉપરથી આધ્યાત્મિક દર્શનની જે અનેક શાખાઓ ઉત્પન્ન થઈ છે, તેમાંની અદ્વૈતવાદ પણ માત્ર એક શાખાજ છે. વિશિષ્ટાદ્વૈતને માનનારાઓ પણ અદ્વૈતવાદીઓના જેટલુંજ ઉપનિષદ્ પ્રત્યે માન ધરાવે છે, અને વેદાન્તના પ્રમાણનો દાવો તેઓ પણ અદ્વૈતવાદીઓના જેવોજ ધરાવે છે. એજ પ્રમાણે દ્વૈતવાદીઓ પણ વેદ અને ઉપનિષદો પ્રત્યે એટલોજ પૂજ્યભાવ ધરાવીને પોતાના સિદ્ધાંતમાં પ્રમાણરૂપે તેમનેજ બતાવે છે. આ પ્રમાણે હિન્દુસ્તાનનો દરેક હિન્દુસંપ્રદાય વેદ અને વેદાન્તને માનતો હોવા છતાં પણ 'વેદાન્તી' શબ્દ જાણે માત્ર અદ્વૈતવાદીનોજ પર્યાય હોય તેવી રીતે લોકોમાં તેનો વ્યવહાર થાય છે. તેનું પણ ખાસ કારણ છે. જો કે વેદ આપણું મુખ્ય શાસ્ત્ર છે, તથાપિ ત્યાર પછીનાં લખાયેલાં સ્મૃતિ, પુરાણ વગેરે જે જે ધર્મશાસ્ત્રો વેદના સિદ્ધાંતોનેજ વિસ્તારપૂર્વક સમજાવવામાટે અને વિવિધ દૃષ્ટાંતોથી તેમને સિદ્ધ કરવામાટે તૈયાર થયાં છે, તે પણ પ્રમાણરૂપ છે; પરન્તુ તેમનાં પ્રમાણો વેદના જેટલાં પ્રમાણભૂત નથી ગણાતાં. ધર્મશાસ્ત્રનો એક એવો નિયમ છે કે

જ્યાં શ્રુતિની સાથે સ્મૃતિ અથવા પુરાણુનો કંઇ પણ વિરોધ જોવામાં આવે ત્યાં શ્રુતિની આજ્ઞાને મુખ્ય ગણવામાં આવે છે; અને સ્મૃતિ અથવા પુરાણવાક્યને ગૌણ માનવામાં આવે છે. હવે આપણે જોઇ શકીએ છીએ કે અદ્વૈતકેસરી ભગવાન શંકરાચાર્ય અને તેમના અનુયાયીઓ, પોતાના સિદ્ધાંત અને પોતાની વ્યાખ્યામાં મુખ્ય ભાગે વેદ અને ઉપનિષદ્‌નાંજ પ્રમાણ આપે છે. જે વિષયનો શ્રુતિ કે ઉપનિષદ્‌માં ઉલ્લેખ નજ કરેલો હોય તેની વ્યાખ્યા કરવાની હોય, ત્યારેજ નિરૂપાયે કોઇ સ્થળે સ્મૃતિવાક્યનાં પ્રમાણ તેમણે દર્શાવ્યાં છે. બીજી બાજુએ અધ્યાત્મવિદ્યાની બીજી જે જે શાખાઓ છે, તેમાં સ્મૃતિનાં પ્રમાણોનોજ વિશેષ અને શ્રુતિનાં પ્રમાણોનો ઓછો આશ્રય લેવામાં આવ્યો છે. જેમ જેમ આપણે આગળ વધીએ છીએ તેમ તેમ દ્વૈતવાદી સંપ્રદાયોના સિદ્ધાંતો અને વ્યાખ્યાનોમાં સ્મૃતિનાં એટલાં બધાં પ્રમાણો નજરે પડે છે કે, એક વેદાનુયાયી વેદાન્તવાદની શાખામાં આપણે આશા રાખીએ તેના કરતાં ઘણો મોટો ભાગ સ્મૃતિ–પુરાણોમાંનો મળી આવે છે. હું ધારૂં છું કે એ બીજી શાખાઓએ પુરાણ અને સ્મૃતિનાં પ્રમાણોને એટલું બધું મહત્ત્વ આપ્યું હોવાથી અને અદ્વૈતવાદીઓએ માત્ર વેદનાં પ્રમાણોને મહત્ત્વ આપ્યું હોવાથીજ અદ્વૈતવાદીઓ વેદાન્તી કહેવાય છે.

ગમે તેમ હોય પણ મેં પૂર્વે કહ્યું છે તેમ જ્યાં જ્યાં વેદાન્ત શબ્દનો ઉપયોગ કરવામાં આવે ત્યાં હિન્દુધર્મના સઘળા મત–સંપ્રદાયોનો તેમાં સમાવેશ થાય છે; અને તેના સિદ્ધાંતો વેદપ્રણીત હોવાથી તથા એ વેદો એ બધાના મત પ્રમાણે આપણાં સર્વથી પ્રાચીન ધર્મશાસ્ત્રો હોવાથી એ સિદ્ધાંતોને પણ મહત્ત્વ મળે છે. આજના વિદ્વાનોના મત ગમે તેવા હોય; પરન્તુ હિન્દુઓ કદિ પણ કબૂલ નહિ કરે કે વેદનો અમુક ભાગ અમુક વખતે લખાયો હતો અને તેના બીજા ભાગો ત્યારપછી જુદે જુદે વખતે લખાયા હતા. હિન્દવાસીઓનો આજ સુધી દૃઢ વિશ્વાસ છે કે બધા વેદ એક વખતે એક સાથેજ ઉત્પન્ન થયા છે. હું એથી પણ આગળ વધીને કહું છું કે તેઓ નિશ્ચયથી માને છે કે તેમને કદિ પણ લખીને તૈયાર કરવામાં આવ્યા નથી; પરન્તુ પરમાત્માના મનમાં તે સર્વ અનાદિકાળથી વિદ્યમાન હતા. અસ્તુ.

મારો કહેવાનો હેતુ એ છે કે જ્યાં જ્યાં વેદાન્ત શબ્દનો ઉપયોગ થાય ત્યાં તેનો વિશાળ અર્થજ ગ્રહણ કરવો જોઇએ; અર્થાત્ દ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ અને અદ્વૈતવાદ જેવાં બધાં વૈદિક દર્શનોનો તેમાં સમાવેશ થઇ જાય છે. કદાચ આપણે બૌદ્ધ ધર્મ તેમજ જૈનધર્મનો પણ કેટલોક ભાગ એ વેદાન્તના અંગમાં ગ્રહણ કરી શકીએ, કેમકે માત્ર શબ્દભેદ સિવાય સિદ્ધાંતોની જ્યાં જેટલે અંશે સમાનતા છે, ત્યાં તેટલે અંશે યથાર્થ વેદાન્ત રહેલું છે. આપણા વેદાન્તીઓનાં હૃદય એટલાં

ઉદાર હોય છે; પરંતુ એ ધર્મના લોકો વેદની છાયામાં નહિ આવે. બારીક પૃથક્કરણ કરવાથી તમને જણાશે કે બૌદ્ધધર્મમાં તત્ત્વો વેદ અને ઉપનિષદોના સિદ્ધાંતોમાંથીજ ગ્રહણ કરવામાં આવ્યાં છે. એ ધર્મનાં જેટલો સારભાગ દૃષ્ટિગોચર થાય છે તે બધો વૈદિક સિદ્ધાંતનોજ અનુવાદ છે; અને તે એટલે સુધી કે આ જગતમાં બૌદ્ધધર્મના જે મહાન નૈતિક સિદ્ધાંતો મનાય છે, તે બધા શબ્દે શબ્દ ઉપનિષદ્‌માંથી મળી આવે છે. એજ પ્રમાણે જૈનધર્મના જે સારા સારા સિદ્ધાંતો છે તેમનું મૂળ પણ ઉપનિષદ્ અને વેદમાં મળી આવે છે. માત્ર તેમની વિચિત્ર કલ્પનાઓ અને અસંભવિત વિચારસૃષ્ટિજ તેમની પોતાની છે. એજ ઉપનિષદોમાં ત્યાર પછીના ક્રમેક્રમે વિકાસ પામતા ભારતના સઘળા ધાર્મિક વિચારોનાં બીજ આપણને મળી આવે છે. ઘણીવાર એવો મિથ્યા આક્ષેપ કરવામાં આવે છે કે ઉપનિષદ્ માત્ર જ્ઞાનકાંડ છે અને ભક્તિનો આદર્શ કોઇ પણ ઠેકાણે દૃષ્ટિએ પડતો નથી; પરંતુ ઉપનિષદોનો જેમણે સારી રીતે અભ્યાસ કર્યો છે તેઓ જાણે છે કે એ તેમનું કથન બિલકુલ મિથ્યા છે. ખરી રીતે જોતાં પ્રત્યેક ઉપનિષદ્‌માં જોઇએ તેટલી ભક્તિ ભરેલી છે; પરન્તુ તેને માટે લક્ષપૂર્વક યથાર્થ અભ્યાસવડે ઉપનિષદોમાં તપાસ કરવી જોઈએ. બીજા કેટલાક વિચારો કે જે પાછળના સમયમાં સ્મૃતિ અને પુરાણગ્રંથોમાં પૂરેપૂરા વિકાસ પામ્યા છે, તેમાંના કેટલાક ઉપનિષદોમાં બીજરૂપ છે. ઉપનિષદ્‌માંજ તેમની ચિત્રરેખાઓ અને તેમનું અસ્થિ–પિંજર રહેલાં હતાં અને છે. એ રેખાઓમાં સ્મૃતિ અને પુરાણોએ રંગ પૂર્યો છે અને એમ કરી સંપૂર્ણ ચિત્ર તૈયાર કરવામાં આવ્યું છે, એમાં સંશય નથી. હિન્દુસ્તાનનો સંપૂર્ણ વિકાસ પામેલો કોઇ પણ આદર્શ એવો નથી કે જેનું મૂળ ઉપનિષદોમાં ન હોય. ઉપનિષદ્‌ના યથાર્થ જ્ઞાન વગરના કેટલાક મનુષ્યોએ ભક્તિને આ દેશમાં આવેલી જણાવવાના હાસ્યપ્રદ પ્રયત્નો કર્યા છે; પરંતુ એમ નથી. ભક્તિના જેટલા સિદ્ધાંતો આવશ્યક હોય તે બધા તમને ઉપનિષદ્‌માંથી મળી શકશે. ઉપનિષદ્ તો શું પરન્તુ સંહિતામાંથી પણ તમને તેનાં અનેક પ્રમાણો મળી આવશે. ઉપાસના, પ્રેમ, પૂજા વગેરે સર્વ ભક્તિમાર્ગના સિદ્ધાંતો વેદ અને ઉપનિષદ્‌માં સ્થળે સ્થળે મળી આવે છે. માત્ર એ સર્વથી પ્રાચીન ગ્રન્થોમાં ભકિતનો આદર્શ વધારે ઉંચો નજરે પડે છે. સંહિતાભાગમાં સ્થળે સ્થળે ભયરૂપ ધર્મનાં ચિન્હો નજરે પડે છે. એ ભાગમાં ઉપાસક ભક્ત વરૂણ દેવતા અથવા બીજા કોઇ દેવતાની સામે ભયથી કમ્પાયમાન થયેલો દેખાય છે અને ઠેકઠેકાણે પોતાના પાપના વિચારોથી તેના હૃદયને બહુજ વેદના થતી જણાય છે; પરન્તુ ઉપનિષદ્‌માં એ વાતના વર્ણનને સ્થાન નથી મળ્યું. ઉપનિષદ્‌નો ધર્મ, તે પરિપૂર્ણ પ્રેમનો અને ઉચ્ચતમ જ્ઞાનનો ધર્મ છે.

એ ઉપનિષદો કે જે આપણાં શાસ્ત્રો છે, તેમને જુદી જુદી રીતે સમજાવવામાં આવ્યાં છે. મેં તમને પહેલાં કહ્યું તેમ વેદોમાં અને તેની પછીના પૌરાણિક ગ્રંથોમાં જ્યાં પણ મતભેદ કે વિરોધ જણાય, ત્યાં વેદના પ્રમાણનેજ સ્વીકારી પુરાણનાં પ્રમાણોને છોડી દેવામાં આવે છે; પરન્તુ આપણા વ્યવહારમાં તો આપણે જોઇએ છીએ કે આપણે સેંકડે નવ્વાણું ટકા પૌરાણિક અને માત્ર દશ ટકાજ વૈદિક છીએ. એ દશ ટકા પણ વૈદિક હોઇશું કે નહિ તે પણ સદેહાત્મક છે. અનેક શાસ્ત્રવિરૂદ્ધ રીતરિવાજો આપણામાં અત્યારે ચાલુ છે. કેટલેક ઠેકાણે તો એવા ધાર્મિક વિચારો ચાલી રહ્યા છે કે જેમનું હિન્દુશાસ્ત્રમાં કંઇ પણ પ્રમાણ મળી શકતું નથી. કેટલાક એવા મૂળવગરના રીતિરિવાજ અને આચારો આપણા જનમંડળમાં ફેલાઈ રહ્યા છે કે જેનું વેદમાં, સ્મૃતિમાં કે પુરાણોમાં કશું મળી શકતું નથી. એવા વિચિત્ર રિવાજો અમુક દેશાચાર અથવા લોકાચારરૂપેજ ચાલતા જણાય છે, છતાં એ પ્રદેશમાં રહેનાર અજ્ઞાન મનુષ્યો એમજ ધારે છે કે જો એવા એવા સામાન્ય દેશાચર અથવા લોકાચાર થાય, તો તેમનો ધર્મ પણ નષ્ટ થશે અને પછી તે હિન્દુ રહેશે નહિ. તેમના મનમાં વેદાન્તધર્મ અને આ નાના નાના દેશાચાર અથવા રીતિરિવાજો અભેદ્ય રીતે પરસ્પર મળી ગયાં હોય છે. શાસ્ત્ર વાંચતી વખતે પણ તે જે અમુક કાર્ય કરતો હોય છે તે શાસ્ત્રસંમત નથી એમ સમજવાનું મુશ્કેલ થઈ પડે છે, તેમજ એવા ધર્મવિરૂદ્ધ આચારવિચારનો ત્યાગ કરવાથી તેને કશું પણ નુકશાન ન થતાં ઉલટો તેના ઉચ્ચ મનુષ્યત્વમાં ઉમેરો થશે એ વાત તેના ધ્યાનમાં ઉતરતી નથી. એક બીજી પણ મુશ્કેલી એમાં રહી છે. આપણાં શાસ્ત્રો અસંખ્ય અને વિશાળ છે. આપણે પતંજલિ મુનિના મહાભાષ્યમાં વાંચીએ છીએ કે ફક્ત એક સામવેદનીજ હજાર શાખાઓ હતી. બીજા વેદોની પણ હજારો શાખાઓ હતી. પણ એ બધી શાખાઓ આજ ક્યાં છે ? તેનું શું થયું એ કોઇ જાણતું નથી. પ્રત્યેક વેદના સંબંધમાં એમજ બન્યું છે. એ વિશાળ ગ્રંથોનો મુખ્ય ભાગ લોપ થઇને માત્ર નાનો સરખો ભાગજ આપણી પાસે રહ્યો છે.તેની પ્રત્યેક શાખાના રક્ષણનો ભાર એક એક ઋષિ-કુટુંબને સોંપવામાં આવ્યો હતો. એ ઋષિ-કુટુંબોમાંનો ઘણો ભાગ કાલક્રમે વિદેશી લોકોના આક્રમણ વખતે તેમના જુલ્મથી અથવા એવાજ કોઇ પણ પ્રકારે લુપ્ત થયો છે; અને તેમની સાથે તેમણે વેદની જે જે શાખાઓ સાચવી રાખવાનો ભાર પોતાને માથે લીધો હતો તે બધી શાખાઓ પણ લુપ્ત થઇ છે.

આ બાબત આપણે ખાસ લક્ષમાં રાખવાની છે; કેમકે જે મનુષ્યો કોઇ નવીન વિષયનો પ્રચાર કરવા માગે છે અથવા તો કોઇ વેદવિરોધી બાબતને ટેકો

આપવા માગે છે, તેમના હાથમાં એ એક મુખ્ય આધારરૂપ થઇ પડે છે.

ભારતમાં જ્યારે જ્યારે વેદશાસ્ત્ર તેમજ રૂઢિ અથવા દેશાચાર વચ્ચે વિરોધી ચર્ચા ઉભી થાય છે, ત્યારે એ રૂઢિ અથવા દેશાચાર વૈદિક પુરુષો શાસ્ત્રવિરૂદ્ધ જણાવે છે અને તે વખતે તેના જવાબમાં એવી તકરાર લાવવામાં આવે છે કે એ આચાર અથવા રૂઢિ વેદવિહિતજ છે, પણ વેદની જે શાખામાં તેનાં પ્રમાણો દર્શાવેલાં હતાં તે શાખા હાલ નાશ પામી છે. લોકાચાર અને લોકરૂઢિનું રક્ષણ કરવાનો આવો એક રિવાજજ પડી ગયો છે. શાસ્ત્રની આ વિવિધ ટીકાઓ અને જુદી જુદી વ્યાખ્યાઓનાં વિશાળ કોકડાં એવાં ગુંચવાઇ ગયાં છે કે તે બધાંમાંથી દોષોને શોધી કહાડવાનું કામ મુસ્કેલ થઇ ગયું છે. આ વિવિધ ભાગ અને વિભાગોને એકજ પાયો હોવો જોઇએ, આ નાનાં નાનાં ઘર એક સાથે બાજુ બાજુમાંજ ઉભાં કરવામાં આવ્યાં હોવાં જોઇએ; તેમનો એકજ સામાન્ય પાયો અને એકજ સામાન્ય આદર્શ હોવો જોઇએ. આપણે જેને આપણો ધર્મ કહીએ છીએ, તે હિન્દુ-ધર્મના અનેક જુદા જુદા મત–સંપ્રદાયોની ન ભેદી શકાય એવી વિશાળ જાળને ધારણ કરનારી સમાન ભૂમિરૂપ હોવો જોઇએ. એકતા અથવા સમાનતાના મહદ્‌ગુણ વગર તે બધા એકસાથે એકજ ઠેકાણે રહી ન શકે. જો એ બધા મત–સંપ્રદાયનો એકજ મૂળાધાર ન હોત તો, હિંદુધર્મ આટલો લાંબો વખત ટકી શકત નહિ; આટલી બધી આફતો સહન કરી શકત પણ નહિ.

આપણા ભાષ્યકારોના કાર્ય તરફ નજર કરતાં વળી બીજી મુસ્કેલી ઉભી થાય છે. અદ્વૈતવાદી ભાષ્યકાર જ્યારે પોતાના સિદ્ધાંતને પુષ્ટ કરનારાં શ્રુતિનાં પ્રમાણો ઉપર ટીકા કરે છે, ત્યારે તેમના અર્થને જાળવી રાખે છે; પરંતુ દ્વૈતવાદી ભાષ્યકાર જ્યારે દ્વૈતવાદને પુષ્ટ કરનારાં શ્રુતિપ્રમાણોઉપર વ્યાખ્યા કરે છે ત્યારે એ પ્રમાણને ચોળીને ચુંથી નાખે છે, તેના અર્થને ઉલટપાલટ કરી તેમાંથી અતિ વિચિત્ર અર્થ ઉપજાવી કાઢે છે. કોઈ વખત ભાષ્યકાર પોતાના મતની ખેંચતાણમાં 'અજ' શબ્દનો અર્થ ' જન્મરહિત ' ને બદલે ' બકરો' કરે છે ! એવી રીતે મતોમત અર્થ કરવામાટે અજા એટલે "જન્મ વગરની" તેને બદલે અજાનો અર્થ બકરી બનાવી દે છે ! આવી ખરાબ રીતે દ્વૈતમતવાદી ભાષ્યકારોએ શ્રુતિ અને વેદવચનોની સ્વછંદી કપોલકલ્પિત વ્યાખ્યાઓ કરેલી છે ! દ્વૈતવાદને સિદ્ધ કરનાર પ્રત્યેક શ્રુતિપ્રમાણ ખરા રૂપ અને અર્થમાં જાળવી રાખવામાં આવ્યું છે; અને જે જે વેદપ્રમાણો પોતાના મતથી વિરૂદ્ધ એટલે અદ્વૈતવાદનાં પ્રતિપાદક હોય તે બધાંને પોતાની મરજી માફક ચુંથી નાખવામાં આવ્યાં છે ! વેદનું સંસ્કૃત એટલું બધું પ્રાચીન અને વિવિધ અર્થવાળું છે, તથા સંસ્કૃત શબ્દશાસ્ત્ર એટલું બધું સંપૂર્ણ અને ભવ્ય છે કે તેમાંના ફક્ત એકજ શબ્દના અર્થ સંબંધે વર્ષોસુધી વાદ-

વિવાદ ચલાવી શકાય તેમ છે. જો કોઈ પંડિત ધારે તો કોઇ પણ માણસના અર્થહીન પ્રલાપને શાસ્ત્રનાં પ્રમાણો, વ્યાકરણના નિયમો, તેમજ તર્ક, યુકિત અને વાદવિવાદ બળવડે શુદ્ધ સંસ્કૃતરૂપે સિદ્ધ કરી શકે છે. આપણાં પ્રાચીન ઉપનિષદોને યથાર્થ રીતે સમજવામાં એજ કારણથી ઘણી મુશ્કેલી નડે છે. દૈવકૃપાથી મને એક એવા મનુષ્યના સત્સંગનો સુયોગ પ્રાપ્ત થયો છે કે જે મનુષ્ય એક તરફથી ચુસ્ત દ્વૈતવાદી અને બીજી તરફથી દઢ અદ્વૈતવાદી હતા. જેઓ એક તરફથી પરમ ભકત અને બીજી તરફથી પરમ જ્ઞાની હતા. એ મનુષ્યના સહવાસ અને શિક્ષણના પ્રતાપે આપણા ઉપનિષદ્ અને શાસ્ત્રોનો પ્રાચીન તથા પ્રમાણરૂપ ભાગ હું સ્વતંત્ર રીતે સમજીને શીખી શકયો છું. ઉપર દર્શાવ્યા પ્રમાણે ભાષ્યકારોનાં ભ્રમરૂપ લખાણોને આંખો મીંચીને ગ્રહણ કરવા કરતાં એ સ્વતંત્ર શિક્ષણ મને ઘણું લાભકારી થયું છે. મારા અભિપ્રાય પ્રમાણે તેમજ મેં કરેલી શોધો ઉપરથી હું એવા નિશ્ચય ઉપર આવ્યો છું કે, આપણા પ્રાચીન ધર્મસાહિત્યનો ઉપનિષદ્, સંહિતા વગેરે જે મૂળ ભાગ છે, તેમાં પરસ્પર કશો પણ વિરોધ નથી. એથી તેનાં મૂળ પ્રમાણોને ચોળીચુંથીને તેમની વિકૃત વ્યાખ્યા કરવાનો અથવા તેના અર્થોમાં ફેરફાર કરવાની કશી જરૂર નથી. વેદનો વાકયસમૂહ અતિ સુંદર અદ્‌ભુત, હૃદયસ્પર્શી અને પરસ્પર વિરોધી હોવાને બદલે અપૂર્વ સમાનતાવાળો છે. એક વિચાર જાણે બીજા વિચાર તરફ દોરી જનાર પગથીઉં હોય નહિ, એવી રીતે તેના બધા વિચારો સાંકળની કડીઓ પેઠે પરસ્પર સંબંધવાળા છે. તેમાં મને જે એક મુખ્ય સત્ય મળી આવ્યું છે તે એ છે કે, બધાં ઉપનિષદ્‌ના વિચારો પવિત્ર દ્વૈતપ્રભાવથી એટલે કે ભકિત–ઉપાસના વગેરે ભાવનાઓથી શરૂ થાય છે; અને છેવટે આગળ વધતે વધતે અદ્વૈતવિચારોના ભવ્ય પ્રવાહમાં સમાપ્ત થાય છે.

એટલાજ માટે એ મહાપુરૂષના જીવન–પ્રકાશમાં હું જોઇ શકું છું કે દ્વૈતવાદી તેમજ અદ્વૈતવાદીને પરસ્પર વિવાદ કે ઝગડો કરવાની કશી જરૂર નથી. પતિતપાવની શ્રુતિ–ભગવતીના ક્ષેત્રમાં દરેકને માટે સ્થાન છે.

પ્રજા–જીવનના વિશાળ ક્ષેત્રમાં તેમાંના દરેકને માટે ખાસ વિશેષ સ્થાન છે. દ્વૈતવાદી દીર્ઘાયુ થાઓ, કારણ કે પ્રજાના ધાર્મિક જીવનમાં તે પણ અદ્વૈતવાદીના જેટલોજ આવશ્યક છે. એ બન્ને વાદ સાપેક્ષ છે. એક સિવાય બીજો રહીજ શકે નહિ.તેઓ એકબીજાની પૂર્ણતારૂપ છે.તેમાંનો એક ભવ્ય ઇમારતરૂપ છે,ત્યારે બીજોતેના શિખરરૂપ છે.રાષ્ટ્રીય ધર્મવૃક્ષનું એક મૂળ છે અને બીજો તેનું ફળછે.તેમનો પરસ્પર આવો નિકટ સંબંધ છે.એટલામાટે મૂળ વાકયોને મચડીને ઉપનિષદ્‌ના વિચારોનો અનર્થ કરવો તે મને ઘણું હાસ્યાસ્પદ લાગે છે. પ્રથમ તો મને ઉપનિષદ્‌ની ભાષાજ અપૂર્વ અને આશ્ચર્યકારક લાગે છે. સર્વોત્તમ તત્ત્વજ્ઞાન અને દર્શનશાસ્ત્ર તરીકેનું તેમનું ગૌરવ

બાજુએ રાખતાં, માનવજાતિના મુક્તિમાર્ગદર્શક ધર્મવિજ્ઞાન તરીકેનો તેનો અદ્ભુત પ્રભાવ બાજુએ રાખતાં છતાં પણ એ ઉપનિષદ્‌ના સાહિત્યમાં એક પ્રકારની અપૂર્વ સુંદરતાનું જે ચિત્ર જોવામાં આવે છે, તેવું આ જગતના બીજા કોઈ પણ સાહિત્યમાં કોઈ પણ સ્થાને નજરે પડતું નથી. એ ઉપનિષદોના પરમ સુંદર અને હૃદયહારક સાહિત્યમાંજ આપણને મનુષ્યના પ્રબળ મનનું વિશેષત્વ અને તેમાં પણ ખાસ કરીને અંતર્દષ્ટિવાળા ઉદાર હૃદયના હિન્દુમતનો વિશેષ પરિચય મળી આવે છે.

જગતની બીજી બધી જાતિના ધાર્મિક સાહિત્યમાં એક પ્રકારની સુંદરતાનાં ચિત્રો મળી આવે છે; પરન્તુ એક પણ અપવાદ વિના તેઓ બધાં માત્ર બાહ્ય પ્રકૃતિ એટલે સ્થૂલ શરીરના અવયવોનેજ આદર્શરૂપે માનવાનો યત્ન કરતાં જણાય છે. દાખલા તરીકે મિલ્ટન, ડેન્ટી, હોમર અથવા બીજા કોઈ પાશ્ચાત્ય કવિનું સાહિત્ય જુઓ. તેમની કૃતિમાં આશ્ચર્યકારક સુંદરતાવાળા ઉલ્લેખો સ્થળે સ્થળે મળી આવે છે; પરન્તુ તે બધામાં ઈંદ્રિયગોચર સ્થૂલ ભાવોનુંજ ચિત્ર દૃષ્ટિએ પડે છે. બાહ્ય પ્રકૃતિનો વિશાળ ભાવ અને દેશ-કાળનો અનન્ત ભાવજ વિશેષ કરીને તેમાં વર્ણવવામાં આવ્યો છે. વેદોના સંહિતાવિભાગમાં પણ એવોજ યત્ન આપણી દૃષ્ટિએ પડે છે. ઋગ્વેદના એવાજ આશ્ચર્યકારક સુંદર મંત્રો તમે સાંભળ્યા અથવા વાંચ્યા હશે. એ સુંદર ઋચાઓમાં અપૂર્વ સૃષ્ટિસૌંદર્ય આંકેલું છે; દેશ-કાળની અનંતતા અને સુંદરતાની પરમ અવધિને ઉંચામાં ઉંચી ભાષાથી તેમાં વર્ણવેલી છે; પરન્તુ તેઓને થોડાજ સમયમાં જણાયું કે, જે અદૃશ્ય અને અનંત તત્ત્વ એ સર્વની પાછળ રહેલું છે, તેને એવી રીતે બહારનાં ચિત્રો આંકવાથી પહોંચી શકાય તેમ નથી; અને દેશ-કાળ, સૌંદર્ય અને બાહ્ય પ્રકૃતિની અનંતતાના જે ભાવો તેમના હૃદયમાં રમી રહ્યા હતા, તેમજ જે મહાન વિચારો વાણીદ્વારા બહાર આવવાને માટે ઉછાળા માર્યા કરતા હતા, તે ભાવોને તેમની વાણી હજી પ્રકાશ કરી શકતી નથી; એથી તેઓએ વિશ્વના ગૂઢ રહસ્યનો પ્રકાશ કરવા માટે બીજોજ માર્ગ સ્વીકાર્યો. એ માર્ગ તે સુંદર ઉપનિષદ્‌નો માર્ગ છે. એ વખતે ઉપનિષદ્‌ની ભાષાએ નવી મૂર્તિ અને નવાં રૂપ ધારણ કર્યાં. એ ભાષા એક પ્રકારની નેતિવાદવાળી, સ્થળે સ્થળે અસ્પષ્ટ, અર્ધસ્ફુટ, કોઈ કોઈવાર ઈંદ્રિયોના પ્રદેશથી ઉપર લઈ જનારી, જે વસ્તુને તમે ગ્રહણ કે ધારણ કરી શકતા નથી એવી, અપૂર્વ અનિર્વચનીય વસ્તુ તરફ તમારૂં ધ્યાન ખેંચનારી, બુદ્ધિ અથવા અનુભવમાં નહિ ઉતરી શકે એવી તે વસ્તુના અસ્તિત્વ સંબંધે તમને સંપૂર્ણ ખાત્રી કરાવનારી અને અદ્ભુત ભાવથી ભરેલી છે. જગતમાં એવો શ્લોક અથવા રચના ક્યાં મળી શકશે કે જેને હું કહી બતાવું છું તે શ્લોકની સાથે સરખાવી શકાય?

"न तत्र सूर्यो भाति न चन्द्रतारकम् ।
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ॥"

कठोपनिषद्

"ત્યાં સૂર્યકિરણો પ્રકાશ પાડી શકતાં નથી, ચન્દ્ર અથવા તારા એ સ્થાનને પ્રકાશી શકતા નથી, વિદ્યુલ્લતાના ચમકાર ત્યાં પ્રકાશ પાથરી શકતા નથી; ત્યારે આ સામાન્ય અગ્નિની તો વાતજ શી ?"

જગતમાં બીજે કયે સ્થળે સમગ્ર પૃથ્વીની સંપૂર્ણ ફિલસુફીવાળાં આવાં દર્શનશાસ્ત્રો અને ઉંચામાં ઉંચી આત્મદશાનું આવું સંપૂર્ણ શબ્દચિત્ર તમે જોઇ શકશો ? હિન્દુજાતિના સઘળા દીર્ઘકાલીન વિચારોનો, માનવજાતિનાં મુક્તિ પ્રાપ્ત કરવાનાં સઘળાં સ્વપ્નોનો અને જગતની સઘળી આધ્યાત્મિક ઉંચી કલ્પનાઓનો આવો સુંદર સારાંશ, ઉપનિષદ્ના કરતાં વધારે અદ્ભુત અને રસાત્મક ભાષામાં, અથવા જે અલંકારોનાં સુંદર રૂપકોમાં એ ભાવનાને ઘટાવવામાં આવી છે એના કરતાં વધારે સરસ અલંકારોમાં, તમે આ જગતમાં બીજે કયાં જોઇ શકો તેમ છો ? સાંભળો:—

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति ॥
समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः ।
जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः ॥
यदा पश्यः पश्यते रुक्मवर्णं कर्त्तारमीशं पुरुषं ब्रह्मयोनिम् ।
तदा विद्वान् पुण्यपापे विधूय निरञ्जनः परमं साम्यमुपैति ॥

मुण्डकोपनिषद्

કહે છે કે:—"એકજ વૃક્ષ ઉપર સુંદર પાંખોવાળાં બે પક્ષીઓ બેઠાં છે. બન્ને પરસ્પર સરખા ભાવવાળાં છે. તેમનામાંથી એક પક્ષી એ વૃક્ષનાં ફળ ખાય છે. બીજું પક્ષી સ્થિરભાવે-મૌન ધારણ કરીને તે ફળ ખાધા વગરજ બેસી રહ્યું છે. નીચેની શાખાપર બેઠેલું પક્ષી કોઇ વખત મીઠાં અને કોઇવખત કડવાં ફળ ખાય છે અને તેથી કોઇવાર તે સુખી અને કોઇવાર દુઃખી થાય છે; પરંતુ ઉંચી ડાળપર બેઠેલું પક્ષી સ્થિર-ગંભીરભાવે બેઠું છે, તે મીઠાં કે કડવા કોઇ પણ ફળને અડતું નથી અને સુખ કે દુઃખની કશી દરકાર કરતું નથી; અર્થાત્ તે સુખ દુઃખથી રહિત છે, તે પોતાનાજ મહિમામાં નિમગ્ન થઇને બેઠું છે. આ એક રૂપક છે. આત્મા અને પરમાત્માનું ચિત્ર છે. મનુષ્યનો જીવાત્મા પુણ્ય-

પાપરૂપ મીઠાં અને કડવાં ફળ ચાખે છે. તે કંચન અને કામિની આદિ ઇન્દ્રિય-પરિપોષક પાર્થિવ પદાર્થોની પાછળ દોડે છે. આ અસાર સંસારનાં મિથ્યા સુખોની પાછળ તે વિનાશને માર્ગે પોતાનું જીવન વૃથા ગુમાવતો, દુઃખી થતો, મરતો ગાંડાની પેઠે ધસે છે!" કેવું અલૌકિક ભાવના-ચિત્ર! કેવું સુંદર, મનોરમ્ય રૂપક!! બીજે એક સ્થળે ઉપનિષદ્‌માં શરીરને રથની અને કાબુમાં ન રાખી શકાય એવી ઇંદ્રિયોને-ઉન્મત્ત અશ્વોની, મનને લગામની, બુદ્ધિને સારથિની અને જીવાત્માને રથી એટલે કે રથમાં બેસનારની ઉપમા આપેલી છે. મનુષ્યની કારકીર્દિ જીંદગીનાં મિથ્યા સુખોની પાછળ દોડાદોડી કરવામાંજ સમાયલી છે, બાલ્યાવસ્થાથીજ તે અનેક પ્રકારના પદાર્થોનાં સોનેરી સ્વપ્ન જુએ છે, પાછળથી તેની ખાત્રી થાય છે કે એ બધાં સ્વપ્ન ખોટાંજ હતાં; ખાલી ભ્રમણાજ હતી. વૃદ્ધાવસ્થામાં એ પોતાનાં પાછલાં કર્મોનું અવલોકન કરે છે; પરન્તુ જગતની આ વિશાળ જાળમાંથી કેવી રીતે મુક્ત થવું તેનો કંઇ ઉપાય જાણી શકતો નથી. મનુષ્યોનું જીવન આવું છે. મિથ્યા સ્વપ્નરાજ્યજ તેમના ભાગ્યમાં નિર્માણ થયું છે. મૃગજળના જેવાં માત્ર મિથ્યા સુખોની પાછળ ભટકી મરવાનેજ તેઓ સર્જાયા છે. તેમ છતાં દરેક મનુષ્યની જીંદગીમાં કેટલીક એવી અમૂલ્ય સોનેરી ક્ષણો ચમકાર કરી રહે છે, ઉંડા શોકના સમયમાં તેમજ કોઇવાર ગાઢ આનંદના સમયમાં પણ એવી સુભાગી ઘડીયો મળી આવે છે, કે જે વખતે આત્મસૂર્યના પ્રકાશને ઢાંકી રાખનારી વાદળી દૂર સરી જાય છે. એ વખતે આપણી મર્યાદિત પરિસ્થિતિને જોવાને પલવારને માટે આ સર્વ દશ્ય જગતની પાર રહેલી દિવ્ય આત્મજ્યોતિ ઘડીભર મનુષ્યની દૃષ્ટિએ પડે છે. દૂર દૂર, આ ઇંદ્રિયોની મર્યાદિત સત્તાની પેલી પાર, આ જગતના મિથ્યા પદાર્થોની પેલીપાર, તેના ક્ષણિક સુખ દુઃખની પેલીપાર, એથી પણ દૂર, કુદરતના પ્રદેશની પણ પેલીપાર, આ લોક અથવા પરલોકના જે જે ભોગવિલાસ અને સુખ-વૈભવની આપણે કલ્પના કરીએ છીએ તે સર્વની પેલીપાર, ધનૈષણા, લોકૈષણા, પુત્રૈષણા અને બીજી કોઇ પણ એષણાની પેલીપાર બહુ દૂર દૂરના અગમ્ય અગોચર આત્મપ્રદેશમાંથી એ જ્યોતિનો ચમકાર થાય છે. એ વખતે મનુષ્ય એ દિવ્ય જ્યોતિના દર્શનથી ક્ષણવાર દિગ્મૂઢ બની જાય છે; અને એજ વખતે તે એકજ વૃક્ષની શાખાપર બેઠેલા બીજા શાન્ત અને ભવ્ય તે પક્ષીને ઝાડનાં મીઠાં કે કટુ ફળોનો સ્પર્શ પણ કર્યા વિના આત્મતૃપ્તિસહિત પોતાના મહિમામાં અને આત્મસંતોષમાં તલ્લીન બની બેઠેલું જુએ છે. શ્રીમતી ગીતાજી કહે છે તેમઃ—

"यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥"

અર્થાત્ જેને પોતાના આત્મામાંજ રતિ છે, આત્મામાંજ તૃપ્તિ છે, આત્મા સિવાય બીજી કોઇ ચીજને જે ઇચ્છતો નથી અને પોતાના આત્મામાંજ જેને સંપૂર્ણું સંતોષ પ્રાપ્ત થયો છે, તેનું કોઇ પણ કાર્ય આ સંસારમાં બાકી રહ્યું નથી એમ સમજવું.

પરમ પ્રાપ્તવ્ય પામી ચૂકયા પછી તેને શું કરવાનું બાકી રહ્યું ? આ નાશવંત સંસારનાં નાશવંત કાર્યોની તે શા માટે વેદ કરે ? આ પ્રમાણે મનુષ્ય પોતાના જીવનની સદ્‌ભાગી ક્ષણોમાં એ પરમ જ્યોતિનાં દર્શન કરે છે. એવા અસીમ મહિમાવાન્ ઉપરની ડાળપર બેઠેલા ભવ્ય પક્ષીને તે ક્ષણભર જુએ છે અને જોઇને મુગ્ધ બની જાય છે; પરંતુ પળવાર પછી વળી પાછો તે બધું ભૂલી જાય છે, અને સંસાર–વૃક્ષનાં મીઠાં અને કડવાં ફળ પાછો તે ખાવા લાગે છે ! ત્યારે શું એ વિરલ દર્શનનું તેને કંઇ પણ સ્મરણ રહેતું નથી ? કદાચ થોડા સમય પછી ફરીથી પણ તેને તે પરમજ્યોતિનાં દર્શન થાય છે; અને આ સંસાર વૃક્ષની નીચલી ડાળપર જ્યારે તેની પીઠપર ફટકા ઉપર ફટકા પડે છે, ત્યારે એ નીચેની ડાળપર બેઠેલું પક્ષી ઉપરના ભવ્ય પક્ષીની નજીક અને નજીક જાય છે. તેનાં સદ્‌ભાગ્યે જો એ વખતે સંસારના તીવ્ર આઘાત એક પછી એક તેને લાગતા રહે તો તે પોતાના સાથી, પ્રાણસ્વરૂપ, પરમમિત્ર, શ્રેષ્ઠ સખારૂપ બીજા ભવ્ય પક્ષીની નજીક અને નજીક જતો જાય છે; અને તેમ કરતાં કરતાં તે જ્યારે એ ભવ્ય પક્ષીની વધુ સમીપ આવી પહોંચે છે, ત્યારે તરત તેને જણાય છે કે તે પક્ષીની દિવ્ય જ્યોતિ તેની પોતાની પાંખોની ચોતરફ પણ પ્રસરવા લાગે છે. એથી પણ જ્યારે તે વધુ ને વધુ નજીક આવતો જાય છે ત્યારે અચાનક તેનું પોતાનું રૂપાન્તર થવા લાગે છે. હજુ વધારે નજીક આવતાં તે પોતાને પીગળી જતો જુએ છે. છેવટ તેનું એ જૂનું રૂપ તદ્દન અદૃશ્ય થઇ જાય છે; અને તેને નિશ્ચય થાય છે કે એ જૂના રૂપમાં તેનું વાસ્તવિક અસ્તિત્વજ નહોતું. ખરી રીતે તે રૂપમાં તે પોતે હતુંજ નહિ, પણ એતો માત્ર આમતેમ હાલતા અસ્થિર પાંદડાંઓમાં બેઠેલા આ શાન્ત અને ભવ્ય પક્ષીનું પ્રતિબિંબજ માત્ર હતું, એ ઉપરના પક્ષીનીજ એ બધી ચમત્કારિક લીલા હતી, એ તેનોજ મહિમા હતો. તેને હવે નિશ્ચય થાય છે કે સત્ય રીતે જોતાં હું એ દિવ્ય પક્ષીનુંજ સ્વરૂપ છું. તેને અનુભવ થાય છે કે તે પોતે પણ ઉપરના પક્ષીનોજ અંશ છે. એ વખતે તે પૂર્ણ નિર્ભય બની જાય છે, પરમ સંતોષ પામે છે અને ધીર તથા શાન્ત બની જાય છે.

આ ચમત્કારિક રૂપકવડે ઉપનિષદ્ દ્વૈતભાવથી શરૂઆત કરી તમને અદ્વૈતભાવના ઉચ્ચતમ શિખરપર લઇ જાય છે.

ઉપનિષદ્‌નાં આવાં અગણિત ચમત્કારિક દૃષ્ટાંતો આપી શકાય તેમ છે; પરન્તુ એ સર્વોત્તમ ગ્રન્થોનાં ભવ્ય અને સુંદર કવિત્વ, અપૂર્વ ભાવદર્શક ચિત્રો

અને ઉદાત્ત ભાવનાઓના એવા સેંકડો દાખલા ટાંકી બતાવવાનો આ ભાષણમાં જોઈએ તેટલો સમય નથી. આમ છતાં પણ તેના સંબંધમાં હું મારો એક વિચાર જણાવીશ. ઉપનિષદ્‌ની ભાષા, ભાવના અને વિચારો સર્વ સરલ, સચોટ અને આપણા ઉપર જાણે તલવારની ધાર પડતી હોય અથવા હથોડીના એક પછી એક સખત ફટકા લાગતા હોય એવી રીતે જોરથી તત્કાલ અસર કરનારા છે. કોઈ પણ ઠેકાણે અસ્પષ્ટતા કે ક્લિષ્ટતા નથી. તેના સ્પષ્ટ ઝળકી ઉઠતા અર્થમાં કશી પણ ભૂલ થવાનો સંભવ નથી. તેના સંગીતનો પ્રત્યેક સૂર દૃઢ અને હૃદયભેદક છે; દરેક હૃદયને તે સંપૂર્ણ અસર કરે છે. તેમાં એક પણ ઠેકાણે અસંબદ્ધ પ્રલાપ કે પ્રમત્ત શબ્દો નથી. તેમાં એવો કોઈ જટિલ વાક્યપ્રયોગ નથી કે જેની અંદર આપણું મગજ ગુંચવાઈ જાય. અધઃપતન અથવા પડતીનું એક પણ ચિન્હ એમાં નથી. હૃદયહાર રૂપક અને અલંકારની તાણુતોડ પણ તેમાં નથી. વિશેષણ ઉપર વિશેષણનો અમર્યાદિત ઢગલો ખડકીને મૂળ અર્થને વિશેષ અસ્પષ્ટ બનાવવાનો હેતુ પણ નથી. ન સમજી શકાય એવી ક્લિષ્ટતા કરીને મનુષ્યનું મગજ અર્થ સમજતાં સમજતાં ચક્કર ખાઈ જાય અને સાહિત્યની ભૂલભૂલામણીની ગુંચવણી-માંથી બહાર નીકળવાનો રસ્તો પણ ન મળે, એવો ગડબડાધ્યાય ઉપનિષદોમાં કોઈ પણ સ્થળે જણાતો નથી. એ સમગ્ર વેદવિભાગને હિન્દુઓ અપૌરુષેય અર્થાત્ ઈશ્વરપ્રણીત માને છે. કદાચ તે સાહિત્ય મનુષ્યપ્રણીત હોય તોપણ તે એક એવી માનવજાતિનું ઉત્પન્ન કરેલું હોવું જોઈએ કે, જે જાતિએ એ વખત સુધીમાં પોતાના પ્રજાના વીર્ય અને પ્રભાવનું એક બિન્દુ પણ ગુમાવ્યું નહોતું. તેના એકેક પાનામાં આપણે અપૂર્વ તેજ, વીર્ય અને પ્રભાવની વાતો વાંચી શકીએ છીએ.

બળવાન થાઓ, તેજસ્વી થાઓ, દુર્બળતા દૂર ફેંકી દો.**અતુલ બળ અને આત્મશકિત એ તમારા પૂર્વજોનોજ વારસો છે.** ઉપનિષદ્‌ના પ્રત્યેક પાનામાંથી એજ અવાજ સંભળાય છે. હમેશાં સ્મરણમાં નોંધી રાખવા જેવી આ એક મહાન વસ્તુ છે. મારા જીવનમાં મને જો મોટામાં મોટું શિક્ષણ મળ્યું હોય તો તે એજ છે. આત્મશકિતનો ભવ્ય પાઠ હું આજ સુધી શિખતો આવ્યો છું. ઉપ-નિષદ્ પગલે પગલે કહે છે કેઃ—"હે મનુષ્યો, બળ મેળવો. તમારા આત્મબળને વધારો. દુર્બળ અને નિર્માલ્ય ન બનો." મનુષ્ય દીનતાથી પૂછે છે કેઃ—"શું માનવજાતિમાં દુર્બળતા નથી ?" ઉપનિષદ્ સ્પષ્ટ ઉત્તર આપે છે કે—તે છે, પણ વિશેષ દુર્બળતા વડે શું મનુષ્યમાં રહેલી દુબળતા દૂર કરી શકાશે ? દુર્બળતાની વાતો કર્યાથી બળ કયાંથી મળશે ? શું તમે કાદવવડે કાદવને ધોઈ શકશો ? શું પાપવડે પાપ દૂર થઈ શકશે ? એજ પ્રમાણે આપણે જો "બહુ દુર્બળ છીએ" એવા દુર્બ-ળતાનાજ વિચારો કર્યા કરીશું તો તેથી શું દુર્બળતા દૂર થઈ શકશે ? માટે નમ-

ળાપણાના વિચારો છોડીને હે મનુષ્યો ! તમે હૃદયબળ મેળવો, શક્તિવાન થાઓ, બળવાન બનો, દુર્બળતાની ગાદી ઉપરથી ઉઠીને ઉભા થાઓ અને વીર્યવાન તથા મજબૂત બનો. જગતના તમામ સાહિત્યમાંના માત્ર એ એકજ તેજસ્વી સાહિત્યરૂપી ઉપનિષદોમાંથીજ તમને 'અભી' શબ્દ વારંવાર મળી આવશે. 'અભી' એટલે ભયરહિત. આ શબ્દનો ઉપનિષદમાં વારંવાર ઉપયોગ કરવામાં આવ્યો છે. જગતના બીજા કોઇ પણ શાસ્ત્રમાં ઇશ્વર અથવા મનુષ્યપ્રત્યે આવું 'અભી' વિશેષણ લગાડવામાં આવ્યું જણાતું નથી. માટે ઉપનિષદ્નો ઉપદેશ ગ્રહણ કરી તમે પણ 'અભી'–ભયરહિત–નિડર બની જાઓ.

આ વખતે મારી અંતર્દષ્ટિ સામે દૂરના ભૂતકાલમાંથી ગ્રીસના મહાન શહેનશાહ એલેકઝાંડરનું ભવ્ય ચિત્ર ખડું થાય છે. મને જાણે દેખાય છે કે એ મહા પ્રતાપી મહારાજા સિંધુ નદીને કિનારે ઉભો રહીને એક પત્થરપર બેઠેલા વસ્ત્રરહિત અરણ્યવાસી હિન્દુ સંન્યાસીની સાથે વાત કરતો ઉભો છે ! સંન્યાસીની અપૂર્વ બુદ્ધિશકિત અને તેનું વિશાળ ડહાપણ જોઇને આશ્ચર્ય પામી તે તેને પૈસા અને પદવીની લાલચ બતાવી પોતાની સાથે ગ્રીસ દેશ ચાલવાને માટે યત્ન કરી રહ્યો છે ! સંન્યાસી તેની પૈસા અને પ્રલોભનની વાતો સાંભળીને હસી પડયો ! એલેકઝાંડર જેમ જેમ તેને વધારે લલચાવવા લાગ્યો તેમ તેમ તે વધારે ને વધારે હસવા લાગ્યો ! શહેનશાહની સાથે ગ્રીસ જવાની તે ચોકખી ના કહે છે ! એથી એલેકઝાંડર રોષે ભરાઇને પોતાની શહેનશાહ તરીકેની રાજસત્તા બતાવી ક્રોધિત સ્વરે બોલી ઉઠયો કે–" જો તમે મારી સાથે નહિ ચાલો તો હું તમને મારી નાખીશ." એ સાંભળીને સંન્યાસી ખડખડાટ હસીને નિર્ભયતાથી કહે છે કેઃ– "શહેનશાહ, તમે આવા મોટા માણસ થઇને જૂઠું શા માટે બોલો છો ?" એલેકઝાંડર તે સાંભળીને વિસ્મિત થયો. સંન્યાસીએ કહ્યુંઃ–" તમે જેવું જૂઠું અત્યારે બોલ્યા છો એવું હડહડતું જૂઠું તમારી જીંદગીમાં કદિ પણ બોલ્યા નહિ હો. મને કોણ મારી શકે તેમ છે ? નાશવંત જડ જગતનો તું એક શહેનશાહ શું મને મારી શકશે ? ના, ના, તેમ કદિ પણ બની શકશે નહિ. ઓ શરીરોના શહેનશાહ ! મને કોઈ પણ મારી શકે તેમ નથી. હું તો આત્મા છું, ચૈતન્યસ્વરૂપ છું, અજર, અમર અને અક્ષય છું. હું અનન્ત, સર્વવ્યાપી અને સર્વજ્ઞ છું. મારો કદિ જન્મ થયો નથી અને મૃત્યુ પણ થવાનું નથી. મને–વિશ્વવ્યાપી આત્માને તારા જેવું એક નાનકડું બાળક કેમ કરીને મારી શકશે ?"

બંધુઓ ! એજ ખરૂં તેજ છે, એજ જ્ઞાનનો ખરો પ્રભાવ છે અને એજ આત્માની શક્તિ અને સત્તા છે. એ વચનોમાં ઉપનિષદ્ના જ્ઞાનનું વીર્ય વેગસહિત વહી રહ્યું છે. હે મિત્રો ! જેમ જેમ હું એ ઉપનિષદો વધારે ને વધારે વાંચતો

જાઉં છું, તેમ તેમ મને તમારે માટે વિશેષ ને વિશેષ રડવું આવે છે. તમારી નિર્બળતામાટે, તમારી નિર્માલ્યતામાટે, તમારી દીનતા અને દરિદ્રતામાટે મને નિરંતર રડવું આવે છે. એ રડવું એટલાજમાટે આવે છે કે ઉપનિષદ્‌માં વર્ણવેલી એ આત્મશક્તિનો વ્યાવહારિક ઉપયોગ કરવાની મને વિશેષ જરૂર જણાય છે. ઉપનિષદ્‌માં બળ–વીર્યનો વ્યાવહારિક ઉપયોગજ ભરેલો છે. બળ, વીરતા અને નિડર પ્રભાવ, તેનીજ આપણને અત્યારે વિશેષ જરૂર છે. એ મહાશક્તિનું આપણને કોણ દાન કરશે ? એ આત્મબળ આપણને કોણ આપી શકશે ? આપણને દુર્બળ કરનારી આ જગતમાં હજારો બાબતો છે, વાર્તાઓ પણ આપણે ઘણી વાંચી સાંભળી છે, આપણાં પુરાણોમાં એટલી બધી વાર્તાઓ ભરેલી છે કે, જગતની લાયબ્રેરીઓનો પોણો ભાગ એ વાર્તાઓથી ભરાઇ જાય તેમ છે ! એક જાતિ અથવા પ્રજાને નિર્બળ બનાવનારી આ જગતમાં જેટલી બાબતો છે, તે બધીજ બાબતો આપણને છેલ્લાં હજાર વર્ષમાં આવી મળી છે !

એ લાંબા સમય દરમિયાન આપણા પ્રજા–જીવનના પ્રવાહનો માત્ર આ એકજ હેતુ બની રહેલો જણાય છે કે, આપણે પોતાને વધારે ને વધારે નિર્બળ કેમ બનાવી શકીએ ? અને તે પણ એટલે સુધી કે છેવટે આપણે માટીના ક્ષુદ્ર કીડાજ બની ગયા છીએ ! જેની ઇચ્છામાં આવે તે આપણા ઉપર પગ દઇને ચાલ્યા ગયા છે; અને તેની સાથે આપણે તેજ પગને પરમ આશ્રયરૂપ સમજીને વળગી રહ્યા છીએ ! એથીજ આપણે જરા પણ આગળ વધી શકતા નથી. હે બંધુઓ ! મારો ને તમારો એક લોહીનો સંબંધ છે; મારાં જીવન અને મરણ, તમારાં જીવન અને મરણની સાથે નિર્માણ થઇ ચૂકયાં છે; માટેજ તમને ઉપર જણાવેલાં બધાં કારણો લક્ષમાં રાખીને હું કહું છું કે, આપણને બળનીજ ખાસ જરૂર છે. શરીરનું બળ, મનનું બળ, હૃદયનું બળ અને આત્માનું બળ આપણે મેળવવાનું છે. આપણાં ઉપનિષદો એ સર્વ પ્રકારના બળની મોટી ખાણ છે. ઉપનિષદોમાં એટલી બધી શક્તિ ભરેલી છે કે તે સમગ્ર જગતને બળવાન અને તેજસ્વી બનાવી શકે તેમ છે. તેમનાવડે જગતની સઘળી પ્રજાઓને તેજસ્વી, બળવાન, સ્ફૂર્તિવાળી, પુનરુજ્જીવિત અને વીર્યશાળી કરી શકાય તેમ છે. દરેક જાતિ, દરેક પ્રજા, દરેક ધર્મ અને દરેક કોમના દુર્બળ, દુઃખી અને પદદલિત સર્વ લોકોને એ ઉપનિષદો પોતાના ભેરીનાદથી કહે છે કેઃ–" તમારા પગપર ઉભા થાઓ ! દુર્બળતાને દૂર ફેંકી દો અને સ્વતંત્ર થાઓ ! સ્વતંત્રતા–શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને એવી સર્વ પ્રકારની સ્વતંત્રતાજ ઉપનિષદ્‌નો મુદ્રાલેખ છે. **સ્વતંત્રતા ઉપનિષદ્‌નો મૂળમંત્ર છે** ! જગતનાં બધાં શાસ્ત્રોમાં એ એકજ એવું શાસ્ત્ર છે કે જે સંસારમાં ઉદ્ધાર પામવાની વાતો નથી સંભળાવતું; પરન્તુ સ્વતં-

ત્રતાનાજ મંત્રો સંભળાવે છે. પ્રકૃતિનાં-કુદરતનાં બંધનોમાંથી મુક્ત થાઓ; અને સર્વ પ્રકારની દુર્બળતામાંથી મુક્ત થાઓ. ”

ઉપનિષદો તમને બતાવી દે છે કેઃ-“ એ મુક્તિ, એ સ્વતંત્રતા સ્વભાવથીજ તમારામાં વિદ્યમાન છે, બહારથી મેળવવી પડે તેમ નથી. ” બીજાં શાસ્ત્રો કરતાં ઉપનિષદમાં આ વિશેષતા છે. હું દ્વૈતવાદીને સંબોધીને કહું છું કેઃ-“ તમે દ્વૈતવાદી છો તેની કંઇ ફિકર નહિ, પણ તમારે એટલું તો જરૂર કબૂલ કરવું પડશે કે આત્મા પોતાના સ્વભાવથીજ સંપૂર્ણ છે અને માત્ર પોતાનાં કેટલાંક કાર્યોવડેજ તે સંકુચિત બન્યો છે. આધુનિક ઉત્ક્રાંતિવાદને માનનારા વિકાસવાદીઓ જેને ક્રમવિકાસ અને ક્રમસંકોચ કહે છે, તેનેજ દ્વૈતવાદ-પ્રચારક રામાનુજાચાર્યની ફિલસુફીમાં સંકોચ-મત અને વિકાસ-મત કહેલા છે. આત્મા પોતાની પૂર્ણતામાંથી પાછો હઠે છે, પદભ્રષ્ટ થઇને સંકોચ પામે છે; અને તેની સઘળી શક્તિઓ સંકુચિત થઇને અવ્યક્તભાવ ધારણ કરે છે. તે પાછો સત્કર્મ અને સદ્વિચારવડે ફરીથી વિકાસ પામે છે અને પોતાના સ્વાભાવિક પરિપૂર્ણ સ્વરૂપને પ્રકાશે છે. અદ્વૈતવાદીની સાથે તેમનો એટલોજ મતભેદ છે કે, અદ્વૈતવાદીઓ પ્રકૃતિના સંકોચ વિકાસને અર્થાત્ પરિણામને સ્વીકારે છે, પણ આત્માનો સંકોચ વિકાસ થાય છે, અથવા આત્મા પરિણામી છે એવું માનતા નથી. કલ્પના કરો કે અહીં આપણી વચ્ચે એક મોટો પડદો છે અને તે પડદામાં એક નાનું સરખું છિદ્ર છે. હું એ પડદાની પાછળ ઉભો રહીને પેલા નાના સરખા છિદ્રમાંથી તમારી મોટી સભાને જોનારો માણસ છું. એ નાના છિદ્રમાંથી હું ઘણા થોડા માણસોના ચ્હેરા જોઇ શકું છું. હવે કલ્પના કરો કે તે છિદ્ર મોટું થતું જાય છે; અને જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ હું તમારામાંના વિશેષને જોઇ શકું છું. તે વધારે મોટું થાય છે ત્યારે હું સમગ્ર સભાને જોઇ શકું છું. છેવટે એ પડદો અને એ છિદ્ર બન્ને એક થઇ જાય છે. એ છિદ્ર વધી વધીને છેક પડદાની કોર સુધી પહોંચી જાય છે ત્યારે મારી અને તમારી વચ્ચે કશો પણ પડદો કે અંતરાય રહેશે નહિ. આપણે પરસ્પર એક બીજાને ખુલ્લી રીતે જોઇ શકીએ છીએ, પણ તેથી કરીને મારા કે તમારામાં કશો ફેરફાર થયો નથી. જે કંઇ ફેરફાર થયો છે તે માત્ર પડદામાંજ થયો છે. તમે તો પ્રથમ હતા તેવા અને તેટલાજ છેવટે પણ રહ્યા છો. મારી દૃષ્ટિએ થોડા કે વધારે દેખાતા હતા તે માત્ર આડે રહેલા પડદાને લીધેજ. એ પડદામાં ફેરફાર થયો છે, તેજ માત્ર આપણી વચ્ચેથી દૂર થયો છે. હું અને તમે તો જેવા હતા તેવાજ રહ્યા છીએ. ઉત્ક્રાંતિવાદ કે વિકાસના સંબંધમાં અદ્વૈતવાદીનો મત આ પ્રકારનો છે. પ્રકૃતિનું પરિણામ બહારના જગતમાં અને સ્વરૂપનું જ્ઞાન આત્મામાં થાય છે, પણ આત્મામાં એથી કરીને કોઈ પ્રકારે

સંકોચ કે વિકાસ થઇ શકતો નથી; કેમકે તે અવિકારી, અપરિણામી, એક અને અનન્ત છે. એ આત્મા માયાના પડદાથી જાણે ઢંકાઇ રહ્યા જેવો હતો, તે માયાનો પડદો ક્રમે ક્રમે પાતળો અને ક્ષીણ બનતો જાય છે તેમ તેમ તેનો (આત્માનો) સ્વાભાવિક મહિમા પ્રકાશિત થતો જાય છે; અને તેને અંતઃકરણભાવે પોતાના મૂળ ખરા સ્વરૂપનું જ્ઞાન થતું જાય છે.

આ મહાન સિદ્ધાંત ભારત પાસેથી શીખવાને સમગ્ર જગત રાહ જુએ છે. તે ગમે તેવી મોટી મોટી વાતો કરે, ગમે તેવી પોતાની બડાઇ ગાય, પણ જેમ જેમ દિવસો જતા જશે તેમ તેમ જગતના બધા લોકો સમજશે કે, ભારતના એ મહા સિદ્ધાંતનો સ્વીકાર કર્યા વિના કોઇ પણ સમાજ કે જાતિ ધરાતલપર ટકી શકશે નહિ. દરેક બાબતમાં કેવું પ્રબળ પરિવર્તન ચાલી રહ્યું છે તે તમે શું જોઇ શકતા નથી ? દરેક ચીજને જ્યાંસુધી તે સારી છે એવું પૂરવાર ન થાય ત્યાંસુધી, તે ખરાબજ છે એવું માની લેવાનો પૂર્વે લોકોમાં સામાન્ય રિવાજ પડી ગયો હતો તે શું તમે જાણતા નથી ? કેળવણીમાં, ગુન્હેગારોને શિક્ષા કરવામાં, ગાંડા માણસોની સારવાર કરવામાં અને રોગોની સામાન્ય ચિકિત્સા કરવામાં પણ પહેલાં લોકોનો એજ મત હતો; અને હમણાંનો શું નિયમ છે ? આધુનિક નિયમ કહે છે કે શરીર સ્વાભાવિક રીતે તંદુરસ્તજ હોય છે, તે પોતાના સ્વભાવથી–પોતાના કુદરતી ક્રમથીજ દર્દને દૂર કરે છે. રોગને દૂર કરીને દવાઓ કંઇ નવું તત્ત્વ આપી શકતી નથી, પણ શરીરની સ્વાભાવિક શક્તિને શરીરમાં સારાં તત્ત્વોને સંગ્રહી રાખવાના કામમાં મદદ કરે છે, આધુનિક નિયમો અને આધુનિક કાયદા ગુન્હેગારોને માટે શું કહે છે ? તેઓ પ્રથમથીજ માને છે કે ગુન્હેગાર ગમે તેવો નીચ અને અપરાધી હોય, પરન્તુ તેનામાં જે મનુષ્યભાવ અથવા ઈશ્વરનો અંશ રહેલો છે, તે કદિપણ નાશ પામતો કે બદલાઇ જતો નથી; માટે ગમે તેવા ગુન્હેગારની સાથે પણ આપણે સદ્‌વ્યવહાર કરવો જોઇએ. એવીજ રીતે જગતની બધી ચીજો અને બધા વિચારો ક્રમે ક્રમે બદલાવા લાગ્યા છે. કેદખાનાંને દયા અને સદ્‌ભાવથી વિભૂષિત કરવામાં આવ્યાં છે. પહેલાંના અંધારા ત્રાસરૂપ કારાગારને બદલે ગુન્હેગારોને સુધારનારી ઉદ્યોગશાળાઓ, સંશોધનશાળાઓ અને પશ્ચાત્તાપમંદિરો સ્થપાવા લાગ્યાં છે. દરેક બાબતમાં હાલ એવુંજ થવા લાગ્યું છે. આવી રીતે જાણ્યે અજાણ્યે પણ મનુષ્યના દૈવી અંશનો વિચાર જગતના વિવિધ દેશોમાં ભિન્ન ભિન્નરૂપે પ્રકટ થવા લાગ્યો છે. જગતની પ્રજાઓને તમારા પ્રાચીન પુસ્તકોની એ ઉદાર વ્યાખ્યા સ્વીકારવીજ પડશે. મનુષ્યનો પરસ્પર વ્યવહાર અને રીતભાત તદ્દન બદલાઇ જશે. બધાને એકસરખા ઈશ્વરભાવથી જોવાનો વખત આવી પહોંચશે; અને મનુષ્યજાતિની દુર્બળતા દર્શાવનારા જૂના જમાનાના

વિચારોને વિદાય થવું પડશે. આ સૈકામાંજ એ સાંકડા વિચારોનાં મૂળ ઉખડી જશે. અત્યારે લોકો ભલે અમારી ટીકા કરે, કે અમને ગાળો દે. આ જગતમાં પાપ નથી એવો ભયંકર પૈશાચિક વિચાર ફેલાવનાર તરીકે દુનિયાના એકથી બીજા છેડાસુધી મારી સખત ખબર લેવામાં આવી છે. મારી નિન્દા કરવામાં તેમણે કંઇ બાકી રાખી નથી. બહુ સારી વાત છે કે એજ મનુષ્યોના વંશમાં જન્મ લેનારી તેમની ભાવી પ્રજા, મેં ધર્મ અને સદ્‌ગુણનો પ્રચાર કર્યો છે પણ પાપ કે અધર્મનો નહિ, એમ સમજી મને આશીર્વાદ આપશે. હું સદ્‌ગુણ અને સાત્વિકતાનો શિક્ષક છું; તામસિકતા અને પાપનો પ્રચારક નથી. પ્રકાશ અને સદ્‌ભાવનાં પ્રચારક તરીકેજ હું મારૂં પોતાનું ગૌરવ સમજું છું.

આપણા ઉપનિષદ્‌ના ઉપદેશોમાંથી જે બીજો મહાન વિચાર ગ્રહણ કરવાને જગત તૈયાર થઇ રહ્યું છે, તે આ બ્રહ્માંડની અખંડ એકતાનો છે. ભેદભાવ અને પાર્થક્યના જૂના જમાનાના વિચારો હવે સત્વર અદૃશ્ય થવા માંડયા છે, વિદ્યુત્ અને બાષ્પ જગતના જુદા જુદા ભાગોને એકઠા કરી એક બીજાના સંબંધમાં લાવે છે; અને તેના પરિણામ તરીકે આપણે હિન્દુઓ પણ જગતનું સૂક્ષ્મ અવલોકન કરતાં શીખ્યા છીએ. પહેલાંની પેઠે હવે આપણે એમ નથી કહેતા કે, આપણા દેશ સિવાયની બીજી બધી ભૂમિમાં માત્ર ભૂત, પ્રેત, રાક્ષસ અને પિશાચજ રહે છે! તેમજ યૂરોપ-અમેરિકાના ખ્રિસ્તી દેશોની પ્રજા પણ હવે એવું કહી શકતી નથી કે, હિન્દુસ્તાનમાં માત્ર માણસખાઉ જંગલીઓજ રહે છે! આપણો દેશ છોડીને જ્યારે આપણે વિદેશમાં જઇએ છીએ ત્યારે આપણે જોઇ શકીએ છીએ કે ત્યાં પણ આપણા માનવબંધુ પોતાનો હાથ લંબાવીને આપણને સહાય કરે છે; અને મ્હોડેથી મધુર વચનો ઉચ્ચારી આશીર્વાદ આપી આપણો ઉત્સાહ વધારે છે. કોઇ કોઇ વખત એ વિદેશી માનવબન્ધુઓ આપણા સ્વદેશજાત બન્ધુઓ કરતાં પણ સારા જણાય છે. વળી એ વિદેશવાસી જનો જ્યારે આપણા દેશમાં આવે છે ત્યારે તેઓ પણ અહીં એવોજ ભ્રાતૃભાવ, ઉત્સાહ, આદર-સત્કાર અને આશીર્વાદ આપણે આંગણે મેળવે છે. આપણાં ઉપનિષદો કહે છે કે, "અજ્ઞાનજ સર્વ દુઃખોનું કારણ છે;" અને આપણા જીવનની દરેક આધ્યાત્મિક અથવા સામાજિક સ્થિતિમાં જ્યારે એ સિદ્ધાંતનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે તેની સંપૂર્ણ સત્યતા સહજ સિદ્ધ થાય છે. અજ્ઞાનને લીધેજ આપણે એક બીજાને ઓળખી કે પ્રેમ કરી શકતા નથી. જેવા આપણે એક બીજાને ઓળખતાં શીખીએ છીએ કે તરતજ આપણા વચ્ચે પરસ્પર પ્રેમ પ્રકટી ઉઠે છે. સ્વાભાવિક રીતે તે પ્રકટવોજ જોઇએ. કેમકે આધ્યાત્મિક દૃષ્ટિએ શું આપણે બધા એક નથી? આ પ્રમાણે સમગ્ર બ્રહ્માંડનો એકત્વભાવ પોતાની મેળેજ વિસ્તાર પામતો જાય છે. રાજનીતિ અને સમાજનીતિના

ક્ષેત્રમાં પણ આજથી વીસ વર્ષ પૂર્વે દરેક પ્રજાના પ્રશ્નો પોતપોતાના ક્ષેત્રમાંજ સમાઇ રહ્યા હતા; પરંતુ હવે તેમનો માત્ર તેટલાજ ક્ષેત્રમાં સમાસ થઇ શકતો નથી. એ પ્રશ્નોનું નિરાકરણ કરવામાટે બીજી પ્રજાના અભિપ્રાયોને પણ પોતાની સાથે જોડવાની હવે જરૂર જણાવા લાગી છે; અને તેથી એ સામાજિક અને રાજનૈતિક વિચારો પણ વિશાળ રૂપ અને પ્રમાણ ધારણ કરતા જાય છે. પ્રજાસમૂહના વિશાળ ક્ષેત્રમાં, અનેક જનોના વિચારરૂપ વિશાળ પ્રકાશમાં હવે એ ગહન પ્રશ્નોની સારી રીતે મીમાંસા કરી શકાય છે. વિવિધ પ્રજાઓનું એકત્ર બંધારણ, તેમનો પરસ્પર સંબંધ, તેમજ મિશ્ર ધારા-ધોરણ ઇત્યાદિ અનેકને તોડીને એક કરવાની, એટલે કે જગતની બધી પ્રજાના વિચારોને સાથે જોડી દેવાની બૂમ આજે ચારેમેર સંભળાઇ રહી છે. ચાલુ જમાનાની મુખ્ય ઇચ્છા અને તેનો મૂળ મંત્ર એજ છે. સર્વ પ્રજાઓમાં એકત્વભાવ ધીમે ધીમે કેવો વિસ્તાર પામતો જાય છે તેનું એ પ્રત્યક્ષ અને પ્રબળ પ્રમાણ છે. રસાયનશાસ્ત્ર અને વિજ્ઞાનમાં પણ જડતત્ત્વ સંબંધે એવાજ વિશાળ વિચારો લોકોમાં ફેલાતા જાય છે. જેમ જેમ શાસ્ત્ર, વિજ્ઞાન અને સુધારો આગળ વધે છે, તેમ તેમ જ્ઞાનના દિવ્ય પ્રકાશવડે એકતાનો સર્વવ્યાપી ભાવ આગળ ફેલાતો જાય છે. વિજ્ઞાનના વિકાસથી આજે તમે બધી જડ વસ્તુઓને એક અખંડ વસ્તુરૂપે અથવા જડ તત્ત્વોના એક મહાન સમુદ્રરૂપે વર્ણન કરો છો. તમે, હું, સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીના આ બધા પ્રાણિ-પદાર્થો એ મહાન જડ તત્ત્વના સમુદ્રમાં જુદા જુદા તરંગ અને આવર્ત્તરૂપે એક સાથે રહેલા છે; માત્ર એ સર્વને જુદાં જુદાં નામોજ આપવામાં આવેલાં છે, એ સિવાય એમાં પરસ્પર કોઇ જાતનો ભેદ નથી. માનસિક દૃષ્ટિથી નિરીક્ષણ કરતાં આ બધું જગત વિચારોના એક વિશાળ સાગર જેવું જણાય છે, અને તમે, હું તથા બીજા સર્વ એ સમુદ્રના નાના મોટા તરંગો જેવા છીએ; પરન્તુ આત્મદૃષ્ટિથી જોતાં આ સમગ્ર જગત એકજ આત્મારૂપ, અવિકારી અને અચલ જણાય છે. સર્વત્ર શાશ્વત, અચ્છેદ્ય, અભેદ્ય, અવિકારી અને અપરિણામી સત્તારૂપ આત્માજ વ્યાપી રહેલો દેખાય છે. આ જમાનાની બીજી જે આવશ્યકતા જણાય છે તે નીતિની છે. એ નીતિ પણ આપણા પ્રાચીન ગ્રંથોમાં યથેષ્ટ ભાવે મળી આવે છે. નીતિશાસ્ત્રના મુખ્ય સિદ્ધાંતો અને તેમનું સ્પષ્ટીકરણ આજના જગતને આવશ્યક જણાય છે, એ પણ તેમને આપણાં શાસ્ત્રોમાંથી સંતોષકારક રીતે મળી શકશે.

અત્યારે આપણને હિંદુસ્તાનમાં કયી વસ્તુની જરૂર છે ? પરદેશીઓને એ વસ્તુની જરૂર છે, તેના કરતાં આપણને તેની વીસગણી જરૂર છે એમ સમજવું; કારણ કે આપણે ઉપનિષદ્દની ગમે તેવી મહત્તા ગાઇએ, આપણા પૂર્વજો મહાન ઋષિ-મહર્ષિ હતા એમ ગમે તેટલું ગૌરવ ધરાવીએ; પરન્તુ દુનિયાની અનેક

જાતિઓ સાથે સરખાવી જોતાં આપણે આજે અત્યંત નિર્વીર્ય, નિર્માલ્ય અને કંગાલ છીએ; એવું મારે સ્પષ્ટ કહેવું પડશે. પ્રથમ તો આપણી શારીરિક નબળાઇજ આપણને મોટી અડચણરૂપ છે. એ શારીરિક નબળાઇજ આપણાં દુઃખોનું એક તૃતીયાંશ કારણ છે. એ નબળાઇને લીધેજ આપણે આળસુ બની ગયા છીએ; કામ કરી શકતા નથી; સંયમ જાળવી શકતા નથી; એકબીજાની સાથે એકત્ર થઇ શકતા નથી; પરસ્પર એક બીજાને ચ્હાતા નથી અને અધમ સ્વાર્થી બની ગયા છીએ. આપણા બે ત્રણ માણસો પણ પરસ્પર દ્વેષ કે ઈર્ષ્યા રાખ્યા વિના હળીમળીને રહી શકતા નથી. આવી દુઃખરૂપ સ્થિતિમાં આપણે આવી પડયા છીએ. કશા પણ ઢંગધડા કે બંધારણની આશા વગરના, અસ્તવ્યસ્ત પશુઓનાં ટોળાં જેવા અને છેકજ આપમતલબી બની ગયા છીએ. કપાળમાં ઉભું તિલક કરવું જોઇએ કે આડું કરવું જોઇએ ? ત્રિપુંડ્ર ખરૂં છે કે ઊર્ધ્વપુંડ્ર ખરૂં છે ? એવા તુચ્છ અને નજીવા વિષયોમાટે સેંકડો વર્ષથી સમય, પૈસો અને જીંદગીને બરબાદ કરી આપણે લડયા કર્યું છે. જમતી વખતે અમુકની નજર પડશે તો મારો ખોરાક અભડાઈ જશે, એવા એવા વિષયો ઉપર આપણે મહાભારત જેવડાં પુસ્તકો લખીને શાહી, કાગળ અને સમયનું સત્યાનાશ વાળ્યું છે. છેલ્લાં કેટલાંએક સૈકાં થયાં આપણે આવાંજ મહાભારત (!) પરાક્રમો કરતા આવ્યા છીએ. જે પ્રજાની સઘળી મગજશક્તિ આવા આશ્ચર્યકારક સુંદર પ્રશ્નોમાં અને આવી મહાભારત શોધખોળમાંજ સંપૂર્ણ રોકાઇ રહી છે, તે દીન-હીન પ્રજા પાસેથી બીજી કયી ઉંચી વસ્તુની આશા રાખી શકાય ? આ બધાં પરાક્રમોને માટે, આપણે પોતાને માટે તેમજ આપણી તુચ્છ જીંદગીને માટે શું આપણને શરમ નથી ઉપજતી ? હા, ઘણી વખત આપણને શરમ ઉપજે છે, આપણે આ બધી બાબતોને નાલાયક, તુચ્છ અને ત્યજી દેવા જેવી જાણીએ છીએ; પરંતુ દુર્ભાગ્યે તેનો ત્યાગ કરી શકતા નથી. આપણે ઘણી સારી સારી વાતોના વખતોવખત વિચાર કરીએ છીએ, પણ તે માત્ર વિચારજ. કમનસીબે જે ધારીએ છીએ તે કદિ પણ કરી શકતા નથી. પોપટની પેઠે વિચારો કરવાની આપણને ટેવજ પડી ગઇ છે-સ્વભાવજ થઈ ગયો છે. આપણે એ વિચારોને કદિ આચારમાં મૂકતાજ નથી. વાતો મોટી મોટી કરીએ છીએ, પણ કામ જરા પણ કરી શકતા નથી ! આનું શું કારણ છે ? આ બધી અસ્વસ્થતા થવાનું કારણ માત્ર શારીરિક નબળાઈજ છે. દુર્બળ ખાલી મગજ કંઇ પણ કરી શકે તેમ નથી. આપણે તેને મજબૂત બનાવવું જોઇએ. પહેલાં આપણા યુવકોને બળવાન બનાવવા જોઇએ. ધર્મ પાછળથી આવશે. મારા જુવાન મિત્રો ! તનથી, મનથી, અને આત્માથી બળવાન થાઓ. મારી તમને એજ શિખામણ છે. દુર્બળ અને નિર્વીર્ય શરીરવડે ગીતાનો અભ્યાસ

કરવા કરતાં તો ફુટબોલની રમતથી તમે સ્વર્ગની વિશેષ નજીક જઇ શકશો. આ શબ્દો ઘણા સાહસભરેલા છે, પણ હું તમને હૃદયથી ચાહતો હોઉં તો મારે એમજ કહેવું જોઇએ. જોડો કયાં ખૂંચે છે અને દુઃખકારક થઇ પડે છે તે હું જાણું છું; મેં કંઇક અનુભવ લીધો છે; અને તે ઉપરથી પણ હું એજ વાત કહું છું કે તમારૂં શરીર મજબૂત હશે તોજ તમે ગીતાને સારી રીતે સમજી શકશો. તમારા શરીરની માંસપેશીઓ મજબૂત અને બળવાન હશે તોજ ગીતાનાં તત્વો તમારા મગજમાં ઠરી શકશે. તમારા શરીરનું લોહી તાજું, મજબૂત અને વધારે તેજસ્વી હશે તોજ કૃષ્ણ ભગવાનનું અતુલ બળ અને તેમની પ્રબળ પ્રતિભા તમે વધારે સારી રીતે સમજી શકશો. જ્યારે તમારૂં શરીર તમારા પોતાના પગપર દૃઢતાથી ઉભું રહી શકશે અને જ્યારે તમે તમને પોતાને બરાબર ઓળખી શકશો, ત્યારેજ આત્માનો મહિમા અને ઉપનિષદ્દનું જ્ઞાન સારી રીતે તમારા સમજવામાં આવશે. આ પ્રમાણે વેદાન્તના સિદ્ધાંતોને આપણાં વ્યાવહારિક કાર્યોમાં લગાડવા જોઇએ; અને આપણા જીવનવ્યવહારમાં તેમનો ઉપયોગ કરવો જોઇએ.

લોકો ઘણી વખત મારાં અદ્વૈતવાદપરનાં ભાષણો સાંભળીને કંટાળી જાય છે. અદ્વૈતવાદ, દ્વૈતવાદ કે બીજા કોઇ પણ વાદનો આ દુનિયામાં પ્રચાર કરવાનો મારો હેતુ નથી. જે ખાસ વાદની આપણને હાલ જરૂર છે તે આપણા આત્માની પ્રબળ શક્તિ, તેનું અનન્ત બળ, તેની શાશ્વત પવિત્રતા અને તેની પરિપૂર્ણતાનો પૂરેપૂરો વિચાર કરી, તેને આચારમાં મૂકવાની છે. જો મને એકાદ બાળક હોત તો જન્મથીજ હું તેને કહેવાનો આરંભ કરત કેઃ–**त्वमसि निरंजनः** તું નિરંજન એટલે કે વિકારરહિત–પરમપવિત્ર છે.

આપણા પુરાણગ્રંથોમાંનું રાણી મદાલસાનું સુંદર ઉપાખ્યાન તમે વાંચ્યું હશે. એ જ્ઞાનવતી રાણીને જ્યારે સંતાન પ્રાપ્ત થતું ત્યારે તે પોતાને હાથેજ બાળકને પારણામાં મૂકી તેને ઝુલાવતી ઝુલાવતી વેદાન્તનું કેવું મધુર હાલરડું ગાઇ સંભળાવતી હતી કે,*–॥ **शुद्धोऽसि बुद्धोऽसि निरंजनोऽसि, संसार-**

* રાણી છતાં પણ પોતાનાં બાળકોને કયાં આમ સ્વહસ્તે ઝુલાવવાં તથા જન્મભરમાટે પરમ હિતાવહ થઈ પડે એવી ભાવનાઓથી ભરપૂર હાલરડાં ગાવાં; અને કયાં હાલનાં સુધરેલાં ટચાક શેઠ–શેઠાણીઓ તથા રાજા–રાણીઓની હલકટ દાસ–દાસીઓને બાળકો ઝુલાવવા, ધવરાવવા, રમાડવા અને ફરવા લઇ જવામાટે સોંપી દેવાની મહામૂર્ખતાભરી નીતિ! ફળમાં હલકી અને બીભત્સ ભાવનાઓ, સંસ્કારો, શબ્દો તથા પરિણામે તેવાજ આચારો વિના તે બાળકોને બીજું શું મળે? મંદવાડમાં અને મરવા સમયે એજ બાળકો એવાજ નોકરો પાસે પાણી ટોવરાવી તેવુંજ ટચાકપણું ભજવી બતાવે છે, ત્યારે પછી ગાળો ને શાપ આપી ભલે તેમને નરકમાં મોકલે ને તેમના પહેલાં તેમને માટે જગ્યા તૈયાર કરવા સારૂ તે માબાપ પોતે પણ ત્યાંજ સિધાવી જાય (!) પણ એથી કાંઇ બગાડેલું સુધરતું નથી. **મંત્રી–સ. સા.**

मायापरिवर्जितोऽसि ॥ અર્થાત્ તું પરમ પવિત્ર છે. તું નિષ્પાપ, નિષ્કલંક, બળવાન આત્મા છે, તું મહાન આત્મા છે. આ ઉપાખ્યાનમાં—આ સુંદર દૃષ્ટાંતમાં ઘણો અર્થ સમાયેલો છે; તેમાં મહાન સત્ય રહેલું છે. 'તમે મહાન છો' એવી ભાવના કરો તો તમે જરૂર મહાન થશો. મેં આખા જગતમાં પ્રવાસ કરીને શું અનુભવ મેળવ્યો, એ એક પ્રશ્ન છે. પાશ્ચાત્ય લોકો 'અમે પાપી છીએ' એવું બોલ્યા કરે છે ખરા, પણ જો બધા યૂરોપવાસી મનથી પણ એવું સમજતા હોય કે તેઓ ખરેખર પાપીજ છે, તો પછી આપણા દેશના હાલના અંત્યજવર્ગ કરતાં તેઓ જરા પણ સારા થઇ શકે નહિ. ઈશ્વરની કૃપાથી માત્ર તેઓ મ્હોડેથીજ કહે છે કે 'અમે પાપી છીએ' પણ હૃદયથી તો તેઓ એ વાત જરાએ માનતા નથી. હૃદયથી તો તેઓ એમજ માને છે કે દુનિયાના તે સરદાર છે. મનથી તો તે એમજ માને છે કે તે પોતે મહાન છે, આ જગતમાં જે કંઈ ધારે તે કરી શકે છે; અને પોતાની ઈચ્છા હોય તો તે સૂર્ય કે ચન્દ્રલોકમાં પણ જઇ શકે છે. તેમના હૃદયમાં દૃઢ વિશ્વાસ છે કે તેઓ પોતે ઇચ્છાનુસાર કાર્ય કરી શકે છે. એ આત્મ-વિશ્વાસ, એ દૃઢ સંકલ્પ, એ પોતાની અચલ માન્યતાને લીધેજ તેઓ (જગતના પદાર્થો અને વિદ્યાઓની બાબતમાં) ખરેખરા મહાન થયા છે. જો તેઓ પોતાના ધર્મગુરૂ પાદરીના વચનમાં શ્રદ્ધા રાખીને દૃઢ વિશ્વાસથી એવુંજ માનતા હોત કે તેઓ તુચ્છ અને પાપી છે, અને અનન્તકાળસુધી ભયંકર નરકાગ્નિમાં બળવું પડશે, તો આજે આપણે તેમને જોઇએ છીએ એવા મહાન તેઓ કદિ થઇ શકત નહિ. એવીજ રીતે દરેક પ્રજાના હૃદયમાં જે દિવ્ય શકિત, જે ઈશ્વરી સામર્થ્ય રહેલું છે, તે કદિ પણ દૂર થતું નથી. તે પોતેજ તેના સ્વતઃપ્રમાણરૂપ બને છે. ભલે ગમે તેટલા પાદરી, પુરોહિતો કે વહેમો તેમના આત્મશક્તિના ભાનને ભૂલા-વવાના યત્ન કરે, પરંતુ તેમનો એ આત્મવિશ્વાસ દૂર નથી થયો; અને એથીજ તે પ્રજાઓ વિજયી, બલવાન તથા સફલમનોરથ બની શકી છે. આપણે ગમે તેવા મહાન ગ્રંથો ધરાવવા છતાં અને મહર્ષિઓ તથા આર્યોનાં સંતાન હોવા છતાં, એ આત્મવિશ્વાસ ગુમાવ્યો છે, આપણી આત્મશ્રદ્ધા ઉડી ગઇ છે. તમે મારી વાત ખરી માનો છો? તમને મારાં વચનોમાં વિશ્વાસ છે? તો હું તમને કહું છું તે સાંભળો. આપણે ઈંગ્રેજ સ્ત્રીપુરૂષો કરતાં ઘણોજ ઓછો આત્મવિશ્વાસ રાખીએ છીએ, તેમના આત્મવિશ્વાસનો એક હજારમો ભાગ પણ આપણામાં નથી. આ સ્પષ્ટ શબ્દો છે. આ સાચી વાત છે. એ મારે તમને કહેવીજ જોઇએ; કારણ કે સત્ય કહીને તમારી આંખો ઉઘાડયા સિવાય બીજો ઉપાયજ નથી. શું તમે જોઇ શકતા નથી કે ઈંગ્રેજ પુરૂષો અને સ્ત્રીઓ પણ જ્યારે આપણા ધર્મનું તત્ત્વ અને તેના ઉચ્ચ આદર્શ કંઇક અંશે પણ જાણી શકે છે, જ્યારે તેનો મહિમા

થોડો ઘણો પણ તેમના ધ્યાનમાં ઉતરે છે, કે તુરતજ તેઓ તેની પાછળ ગાંડાં બની જાય છે; તે એટલે સુધી કે તેઓ રાજકર્ત્રી પ્રજા હોવા છતાં, આપણા ઉપર અધિકાર ચલાવવામાટે સર્જાયા હોવા છતાં પણ, અનેક કષ્ટ વેઠીને, તેમના પોતાના સ્વદેશી ભાઇઓની હાંસી, મશ્કરી સહન કરીને પણ આપણા ધર્મનો પ્રચાર કરવા સારૂ અને આપણા પોતાના ધર્મનું મહત્ત્વ આપણને સમજાવવા સારૂ આટલે દૂર હિન્દુસ્તાન સુધી આવે છે! તમારામાંના કેટલાક માણસો એમ કરી શકે તેમ છે? ધર્મપ્રચારને માટે તમે શું કરો છો? તમે શા માટે કંઇ નથી કરી શકતા? શું તમે નથી જાણતા તેથી નથી કરી શકતા? ના એમ કંઇજ નથી. તેઓના કરતાં તમારા પોતાના ધર્મ સંબંધી તમને વધારે સારૂં જ્ઞાન છે; એથીજ તમે તેમના જેટલું કરી શકતા નથી! તમારામાટે જેટલા જ્ઞાન અને ડહાપણની જરૂર છે તેના કરતાં તમે વધારે જ્ઞાની અને ડાહ્યા છો, એથીજ મુશ્કેલી ઉભી થઇ છે! આ બધી આપત્તિ, મુશ્કેલી અને અધોગતિનું કારણ એજ છે કે તમારૂં લોહી બગડીને પાણી જેવું થઇ ગયું છે. તમારૂં મગજ બળહીન અને અસ્થિર બની ગયું છે. તમારાં શરીર નિર્માલ્ય અને નબળાં થઇ ગયાં છે. એ જીર્ણ-શીર્ણ શરીરોને તમારે બદલવાં જોઇએ. તેજસ્વી, બળવાન, કાર્યપરાયણ નવાં શરીરો ધારણ કરો. શારીરિક નબળાઇ તે શાપ છે, મહા પાપ છે, પડતીનું એ એક મહત્ત્વનું કારણ છે. આજે સો સો વર્ષ થયાં સુધારાની, ઉંચા આદર્શોની, તીવ્ર કર્ત્તવ્યની, સમાજ અને ધર્મના ઉદ્ધારની અને એવી અનેક સારી સારી વાતો મ્હોડેથી બકો છો, પણ જ્યારે એ વાતોને કામમાં લગાડવાનો વખત આવે છે, જ્યારે એ બધા ઉંચા વિચારોનો વ્યવહાર અને આચારમાં ઉપયોગ કરવાનો પ્રસંગ આવે છે, ત્યારે તો તમારો બિલકુલ પત્તોજ મળતો નથી! ક્રમે ક્રમે સમગ્ર જગત તમારા કામકાજથી કંટાળી ગયું અને સુધારાનું નામ પણ વગોવાઇને આખી દુનિયામાં ઉપહાસને પાત્ર ઠર્યું, તેનું શું કારણ છે? શું તમે તે નથી જાણતા? તમે કેમ નહિ જાણો! તમે તો મહા જ્ઞાની છો! ભાઇ એ સઘળાં અનિષ્ટનું મૂળ તમારી પોતાની નબળાઇ છે. એ બધાં દુઃખોનું કારણ એજ છે કે તમે નિર્બળ છો, નિર્બળ છો, નિર્બળ છો. તમારૂં શરીર નિર્બળ છે, તમારૂં મન નિર્બળ છે, તમારૂં હૃદય દુર્બળ છે, તમને તમારો પોતાનો વિશ્વાસ નથી, આત્મવિશ્વાસનું અમૂલ્ય ધન તમે ગુમાવી બેઠા છો. મારા બંધુઓ! સૈકાં ઉપર સૈકાં વીતી ગયાં. જ્ઞાતિભેદો, રાજાઓ અને વિદેશીઓના બરાબર એક હજાર વર્ષના કચરી નાખનારા જુલમથી અને તમારા પોતાના માણસોના અત્યાચારથી તમારી બધી શક્તિ હરાઇ ગઇ છે. તમારૂં બધું બળ હણાઇ ગયું છે.બન્ધુઓ! એ વિચ્છેદ અને અત્યાચારથી તમારો મેરૂદંડ તૂટી ગયો છે; અને પગ નીચે કચડાતા કીડા જેવા તમે ભગ્નદેહ બની

ગયા છો. બધું બળ ગુમાવી બેઠા છો અને પરમ દુઃખી બની રહ્યા છો. એ દુઃખ-દર્દને દૂર કરનારી દવા 'શરીરબળ' છે. તમને તે બળનીજ મુખ્ય જરૂર છે. પણ અત્યારે તમને એ બળ કોણ આપશે ? તપાસો, વિચાર કરો. એટલું તો ચોક્કસ છે કે આપણને મોટામાં મોટી જરૂર તો એ બળની છે; માટે તનબળ, મનોબળ, આત્મબળ એ બધાં બળનો સંચય કરો.

હું તમને દૃઢતાથી કહું છું કે બળ પ્રાપ્ત કરવાનો પહેલો ઉપાય એજ છે કે આપણાં ઉપનિષદ્‌માં આપણે દૃઢ વિશ્વાસ રાખવો જોઇએ. આપણે દૃઢ નિશ્ચયથી સમજવું જોઇએ કે "હું અમર આત્મા છું, તલવારની તીવ્ર ધાર મને છેદી શકે તેમ નથી, હથિયાર મને ભેદી શકે તેમ નથી, અગ્નિ મને બાળી શકે તેમ નથી અને વાયુ મને સૂકાવી શકે તેમ નથી; કેમકે હું સર્વશક્તિમાન સર્વજ્ઞ આત્મા છું." આ ઉત્તેજક, આશાપ્રદ, ઉદ્ધાર કરનારાં વિરલ વાકયોનું સર્વદા ઉચ્ચારણ કરતા રહો. અમે નિર્બળ છીએ, તુચ્છ છીએ, એવું કદિ કહેતા નહિ. જે કંઇ ધારીએ તે દરેક કામ અમારાથી થઇ શકે તેમ છે, અમે શું નથી કરી શકતા ? અમારાથી બધું થઇ શકે તેમ છે; કેમકે આપણી સર્વની પાસે પ્રબળ શક્તિ અને મહિમાવાન આત્મા છે. એ આત્મામાં સંપૂર્ણ વિશ્વાસ રાખો; ઋષિકુમાર નચિકેતાના જેવો પ્રબલ આત્મવિશ્વાસ રાખો. તેના પિતા યજ્ઞ કરતા હતા તે સમયે પ્રબલ આત્મવિશ્વાસે નચિકેતાના હૃદયમાં પ્રવેશ કર્યો. હું ઇચ્છું છું કે તમારામાંના દરેકના હૃદયમાં એવો દૃઢ આત્મવિશ્વાસ જાગ્રત થાઓ. તમારામાંનો દરેક રાક્ષસી બળ પ્રાપ્ત કરીને, વીરમદથી ઉન્મત્ત થઇને પ્રબલ બુદ્ધિબળથી આંગળીને ઇસારે આ જગત ચલાવનારો નિવડો. અનંત બળવાન ઈશ્વરતુલ્ય મહાપુરૂષ તમે થાઓ; અને સર્વ પ્રકારની દુર્બળતાને દૂર હઠાવીને દુનિયામાં ભારતીય આત્મજ્ઞાનના ડંકા વગડાવો. હું તમને બધાને એવાજ પ્રતાપી, બળવાન અને પરાક્રમી બનેલા જોવા ઇચ્છું છું. ઉપનિષદ્‌માંથી તમે એવુંજ બળ મેળવી શકશો. ×બધી શક્તિ અને બધાં સામર્થ્યોનો તેઓ એક અખૂટ ભંડાર છે. એજ ઉપનિષદ્‌માંથી ઉપર જણાવ્યો તેવો આત્મવિશ્વાસ તમે પ્રાપ્ત કરી શકશો. સર્વ સામર્થ્ય ઉપનિષદ્‌માં ભર્યું છે.

× સર્વ મુખ્ય મુખ્ય ઉપનિષદો દૂરથી વંચાય તેવા મોટા અક્ષરે અને સીધા, સાદા તથા ખેંચતાણ કે લંબાણ વિનાના અર્થ સાથે પ્રસિદ્ધ કરવા લાંબા સમયથી વિચાર છે; પણ પંડિતાઇનાં પુંછડાં ઘુસાડી કઠિનાઇમાં કાર્યગૌરવ માનનારા ભાષાંતરકર્તાઓને બદલે ચકલાંની પેઠે ચાવી તૈયાર કરીને બાળ (નવા અભ્યાસી) જીવોને પચી જાય તેવું સાદું ભાષાંતર તૈયાર કરી શકનાર કોઇ યોગ્ય વિદ્વાન હજુ સુધી સહેજે નહિ નીકળી આવવાથી તથા તે ખાતે પ્રયાસથી શોધ કરવા અવકાશ નહિ મળવાથી તે કાર્ય હજી થઇ આવ્યું નથી. ઈશ્વર હવે તેવી અનુકૂળતા સત્વર આપે એજ પ્રાર્થના.

મંત્રી-સ. સા.

ભાઇઓ ! પણ લોકો એમજ માને છે કે એ તો માત્ર સંન્યાસીઓને માટેજ છે ! સંસાર ત્યાગ કર્યા વિના અને વનવાસ લીધા વિના ઉપનિષદ્‌ને અડકાયજ નહિ ! પરંતુ શંકરાચાર્ય મહાન દયાળુ હતા; તેમણે કહ્યું છે કે;–" ગૃહસ્થાશ્રમી પણ ઉપનિષદ્‌નું અધ્યયન કરી શકે છે; ઉપાનષદ્‌નો અભ્યાસ તેમને પણ લાભકારક થશે અને એથી તેમનું કંઇ અનિષ્ટ થવાનું નથી." શંકરાચાર્યે આમ કહ્યું છે છતાં પણ લોકોમાં હજી એવાજ વિચારો જામી રહ્યા છે કે ઉપનિષદ્‌માં માત્ર સંન્યાસીઓની, ત્યાગી પુરૂષોની, વનવાસી જીવનનીજ વાતો છે. મેં આગળ એક વખત કહ્યું હતું તે પ્રમાણે આપણા વેદોની ખરેખરી પ્રમાણરૂપ ટીકા–આજ સુધીમાં માત્ર એકજ વખત થયેલી છે. વેદોના સ્વયંપ્રકાશક ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માએ વેદોની બરાબરની યથાર્થ ટીકાસ્વરૂપ અમૃતવાહિની શ્રીમતી ભગવદ્‌ગીતા કરી છે, તેની ઉપર બીજાં કોઇ ટીકાટિપ્પણ ચાલી શકે તેમ નથી. એ ગીતાના ઉપદેશમાં દરેક મનુષ્યને વેદાન્તનું યથાર્થ જ્ઞાન સંબોધવામાં આવ્યું છે. તમે ગમે તે કાર્ય કરતા હો પણ વેદાન્તનું જ્ઞાન તમારે માટે પરમ આવશ્યક છે. વેદાન્તનાં એ સઘળાં મહાન તત્ત્વો અને મહાન સત્યો વનમાં અથવા ગિરિગુહાઓમાં ભરાઇ રહેવાને માટે સર્જાયાં નથી પણ ન્યાયમંદિરમાં, રાજમંદિરમાં, ધર્મસભામાં, ભજનમંદિરમાં, ગરીબની ઝુંપડીમાં, મચ્છીમારના ઘરમાં અને વિદ્યાર્થીના અભ્યાસગૃહમાં, સર્વત્ર વેદાન્તના સિદ્ધાંતોની ચર્ચા થવી જોઇએ; અને વ્યવહારમાં તેને ઉપયોગી બનાવવા જોઇએ. પ્રત્યેક નર–નારી, પ્રત્યેક બાલક–બાલિકા ગમે તે કાર્ય કરતાં હોય, ગમે તેવી તેમની સ્થિતિ હોય, ગમે તેવો તેમનો ઉદ્યોગ-ધંધો હોય અને ગમે ત્યાં તેઓ રહેતાં હોય; ત્યાં સર્વત્ર વેદાન્તનો પ્રભાવ જમાવી દેવાની ખાસ જરૂર છે. એ વિષયમાં ભય રાખવાનું કંઇ પણ કારણ નથી. ઉપનિષદ્‌ના આદર્શોને મચ્છીમાર અને એવાજ હલકા લોકો કેવી રીતે પોતાના કાર્યમાં ઉપયોગી કરી શકશે, તેના વિશાળ માર્ગો બતાવવામાં આવ્યા છે. એ માર્ગો પણ અનંત છે; ધર્મ અતિ વિશાળ અને અનંત છે; કોઇ તેના ઉપર પગ મૂકીને ચાલી શકે તેમ નથી. તમે જે કંઇ હૃદયપૂર્વક કરો છો તે તમારે માટે ઉત્તમ અને લાભકારક છે. એક નાનામાં નાનું કાર્ય પણ જો હૃદયપૂર્વક યથાર્થ રીતે કરવામાં આવે તો તેનું અદ્‌ભુત ફળ પ્રાપ્ત થાય છે; માટે જેનાથી જેટલું બને તેટલું દરેક મનુષ્યે કરવું જોઇએ. જો મચ્છીમાર પણ પોતાને આત્મારૂપે ઓળખી શકશે તો તે એક સારો મચ્છીમાર થઇ શકશે. જો એક વિદ્યાર્થી વિચારી શકશે કે તે પોતેજ આત્મા છે, તો તે એક સારો વિદ્યાર્થી બની શકશે. જો કોઇ ધારાશાસ્ત્રી કે વકીલ સમજશે કે તે આત્મા છે, તો તે એક સારો વકીલ થઇ શકશે. એવીજ રીતે બધાનું સમજી લેવું. આનું પરિણામ એ આવશે કે જ્ઞાતિસંસ્થાઓની વ્યવસ્થા સદાને માટે જળ-

વાઇ રહેશે. જનસમાજનો એ સ્વભાવજ છે કે નાનાં નાનાં મંડળમાં વહેંચાઇ જવું. ત્યારે એ બધામાંથી જતું શું રહેશે ? માત્ર માની લીધેલા અયોગ્ય હક્ક અને અધિકારોજ. જ્ઞાતિસંસ્થા એ એક પ્રાકૃતિક નિયમ છે. સામાજિક જીવનમાં હું એક પ્રકારનું કર્તવ્ય કરી શકું છું અને તમે બીજા પ્રકારનું કરી શકો છો; તમે દેશ ઉપર રાજ્ય ચલાવી શકો છો અને હું જૂના જોડા સીવવાનુંજ કામ કરી શકું છું; પરંતુ એથી કંઇ તમે મારા કરતાં મોટા છો તેમ નથી. શું તમે જોડા સીવવાનું મારૂં કામ કરી શકો તેમ છો ? ત્યારે શું મારાથી તમારી પેઠે રાજ્ય ચલાવી શકાય તેમ છે ? હું જોડા સીવવામાં કાર્યદક્ષ છું; તમે વેદપાઠમાં દક્ષ છો; એથી કંઇ તમે અમારા માથાપર પગ દઇને ચાલી શકો તેમ નથી; એથી કંઇ તમે ખૂન કરો તોપણ તમારી પ્રશંસા કરવામાં આવે અને અમે જો એક સફરજનની ચોરી કરીએ તો તેને માટે અમને ફાંસીને લાકડે લટકાવવામાં આવે, એવું બની શકે તેમ નથી. એથી કલ્પિત અધિકારજ માત્ર ટળી જશે. આપણા જીવનનું રહસ્ય બરાબર સમજવાનો અને તેનો સંકેત પાર ઉતરવાનો એજ એક માત્ર સ્વાભાવિક ઉપાય છે. લોકો પોતાનાં જુદાં જુદાં મંડળ જરૂર સ્થાપશે; અને પોતપોતાની અનુકૂળતા પ્રમાણે તેમના જુદા જુદા જથ્થા બંધાઇ જશે. તેમને અટકાવવાનો અથવા દૂર કરવાનો તમારી પાસે કંઇજ ઉપાય નથી; તમે જ્યાં જ્યાં જશો, ત્યાં ત્યાં કોઇ ને કોઇ રૂપે, જાતિવિભાગ તો કાયમજ જણાશે ! પણ જાતિવિભાગ છે, એમ કહેવાથી કંઇ તેનો એવો અર્થ નથી થતો કે અયોગ્ય મનઃકલ્પિત અધિકાર પણ કાયમજ રાખવા ! ના, તેમનો તો મૂળમાંથીજ ઉચ્છેદ કરવો પડશે. જો તમે મચ્છીમારને બરાબર વેદાંતસિદ્ધાંતોનું શિક્ષણ આપશો તો, તે કહેશે કેઃ—" તમે જેવા મનુષ્ય છો, તેવોજ હું પણ મનુષ્ય છું; હું એક મચ્છીમાર છું અને તમે એક તત્ત્વવિચારક છો; જેવા તમારામાં છે, તેવાજ ઈશ્વર મારામાં પણ છે. " આ પ્રમાણે અધિકારની સમાનતા જાગ્રત થશે. આપણને એની પણ ખાસ જરૂર છે. કોઇ પણ વર્ણને, જાતિને કે મનુષ્યને ખાસ અધિકાર શા માટે હોવો જોઇએ ? ઈશ્વરની દૃષ્ટિએ, મનુષ્યની દૃષ્ટિએ તેમજ આત્માની દૃષ્ટિએ બધાનો અધિકાર સમાનજ છે. બધાને એકસરખાજ સંયોગો મળશે; પ્રત્યેક મનુષ્યને પોતાની ઉન્નતિ કરવાની એકસરખીજ સગવડ મળશે.

દરેક મનુષ્યને એવું શિક્ષણ આપો કે પરમાત્માની દિવ્ય શક્તિ તેમના અંતરમાંજ છે; એથી પ્રત્યેક મનુષ્ય પોતાના મોક્ષનો માર્ગ પોતેજ મેળવી લેશે. એ વિકાસનું પ્રથમ પગલું સ્વતંત્રતા છે. જો તમારામાંનો કોઇ મનુષ્ય સાહસપૂર્વક કહે કેઃ—"હું અમુક સ્ત્રી અથવા બાળકને મુક્તિ અપાવી શકીશ" તો તે કથન ખોટું છે. હજારોવાર ખોટું છે. મને વારંવાર પૂછવામાં આવે છે કે વિધવાના પ્રશ્નસંબંધી તેમજ

સમગ્ર નારીજાતિની ઉન્નતિ કરવાના ઉપાયો સંબંધી તમારા શું વિચાર છે? હું એ બધા પ્રશ્નોનો અહીં છેલ્લો ઉત્તર આપું છું કે, ભાઇઓ, હું શું એક વિધવા છું કે મને તમે આવો અર્થવગરનો પ્રશ્ન પૂછો છો? શું હું એક સ્ત્રી છું કે સ્ત્રીજાતિની ઉન્નતિવિષેનો પ્રશ્ન વારંવાર મને પૂછો છો? સ્ત્રીજાતિના સવાલોનો નિવેડો લાવનારા તમે કોણ? પ્રત્યેક વિધવા અને પ્રત્યેક નારીના વ્યવહાર ઉપર અધિકાર ભોગવવા નીકળેલા તમે શું તેમના ભાગ્યવિધાતા ભગવાન છો? તમારા હાથ દૂર રાખો. પોતાના પ્રશ્નોનો નીવેડો તેઓ પોતેજ કરી લેશે. કેવી આપત્તિ, ઓ સ્વેચ્છાચારી સત્તાધીશો! તમે શું એમ ધારો છો કે સર્વને માટે તમે સઘળું કરી શકો તેમ છો? જાઓ દૂર થાઓ. ઈશ્વરની મહાશક્તિ–જગન્નિયંતાની પ્રબળ ઇચ્છા સર્વની સંભાળ લે છે. પોતાને સર્વજ્ઞ માની લેનારા તમે કોણ? તમારી શી તાકાત? ઓ નાસ્તિક પુરુષો! મીયાંની સામે મીંદડી બાંધનારા તમે, ઈશ્વરના ઉપર પણ તમારો અધિકાર છે એવું કયા સાહસથી વિચારી શકો છો? પ્રત્યેક આત્મા ઈશ્વરનોજ આત્મા છે; પરમાત્મસ્વરૂપજ છે, એ શું તમે નથી જાણતા? તમારૂં પોતાનું કર્મ સંભાળો. કર્મોનો એક ભારી બોજો તમારા માથાપર લટકે છે તેને પ્રથમ પાર ઉતારો; પછીજ કાજી બનીને આખા ગામની ચિન્તા કરવા જાઓ. પગ નીચે બળે છે અને લંકા ઓલવવા ન દોડો! બીજાના કામમાં માથું ન મારો. તમારાં એવાં દોઢ ચતુરાઇનાં કાર્યોમાટે પ્રજા ભલે તમને ઝાડની ટોચે ચડાવે, તમારી સમાજ અથવા જ્ઞાતિ ભલે તમને તાળીયોથી વધાવીને આકાશ ગજાવી દે અને અક્કલવિહોણા બગુચકો ભલે તમારાં વખાણનાં બણગાં ફૂંક્યા કરે; પણ સકળ જગતને ચલાવનારો ઈશ્વર કંઇ ઉંઘી ગયો નથી! તે જરૂર તમને પકડશે અને આ લોકમાં અથવા પરલોકમાં તમારાં કર્મોનો બદલો; તમારા સાહસની શિક્ષા બરાબર આપશે; તેના મજબૂત હાથમાંથી તમે છૂટી શકનાર નથી!

પ્રત્યેક સ્ત્રીપુરુષ અને પ્રાણીમાત્રને ઈશ્વરરૂપે જુઓ. તમે કોઇનો ઉદ્ધાર કરી શકો તેમ નથી. તમે કોઇને સહાય કરી શકો તેમ નથી. તમે માત્ર સેવાજ કરી શકો તેમ છો. પરમાત્માનાં પ્રિય સંતાનોની એ સંતાનરૂપે સ્વયં પરમાત્માની, તમારા સૌભાગ્યમાં સર્જ્યું હોય તો સ્નેહથી સેવા કરો. પરમાત્માના અનુગ્રહવડે તમે તેના કોઇ પણ સંતાનની જો સારી રીતે સેવા કરી શકશો, તો તમારૂં જીવન સફળ થશે અને તે પરમાત્માનો આશીર્વાદ મળશે કે, જેમની પ્રબળ ઇચ્છાવડેજ આ જગતનો સઘળો વ્યવહાર ચાલે છે.તમારા પોતાને માટે બહુ મોટા મોટા વિચારો રાખો નહિ. છે તેના કરતાં તમારી પોતાની અધિક કિમ્મત સમજો નહિ. સેવા કરવાનો એ અધિકાર બીજા કોઇને ન મળ્યો અને તમને મળ્યો તેને માટે તમને પોતાને ભાગ્યશાળી સમજો. એ સેવા પ્રભુની પૂજા સમજીને કરો. હું ગરીબ

દુઃખી લોકોમાં ઇશ્વરને જોઇ શકું; અને તેમની પાસે જઇ પ્રભુની પૂજારૂપે જે કંઇ સેવા કરૂં તે મારા પોતાનાજ મોક્ષને માટે છે; એ મારા પોતાનાજ લાભનું કામ છે; એથી હું કોઇનાપર ઉપકાર નથી કરતો કે કોઇનો ઉદ્ધાર કરતો નથી; ઉલટાં ગરીબ અને દુઃખી મનુષ્યોજ આપણા પોતાના ઉદ્ધારના સાધનરૂપ છે. આપણે રોગી, દુઃખી, ગાંડા, કોઢીયા અથવા પાપીનું રૂપ ધારીને પધારેલા પ્રભુની પૂજા કરીએ છીએ. બીજાના ઉપર અધિકાર ચલાવીને તમે તેમનું કલ્યાણ કરી શકો છો, એવી ખોટી ધારણા છોડી દો. તમે એક રોપાના સંબંધમાં જેટલું કરી શકો છો તેટલુંજ મનુષ્યના સંબંધમાં થઇ શકે તેમ છે. જેવી રીતે અંકુર પામતા બીજને તેના સંપૂર્ણ વિકાસને માટે જે જે સાહિત્યોની જરૂર છે તે પૂરાં પાડવાથી, અર્થાત્ જળ, મૃત્તિકા, વાયુ વગેરે તેની જરૂરની ચીજો પૂરી પાડવાથી એ બીજમાં રહેલું વૃક્ષ પોતાની પ્રકૃતિ અને નિયમાનુસાર વિકાસ પામીને પોતાની જરૂર જેટલી ચીજો ગ્રહણ કરીને કુદરતી રીતેજ વધવા લાગે છે; એવીજ રીતે તમે માનવરૂપી રોપાઓની સેવા કરી તેમને સાધનો પૂરાં પાડી બીજાનું કલ્યાણ કરી શકો છો; તેમને જે કંઇ જોઇએ તે પોતાની મેળેજ તેઓ લેશે; પોષણ પામીને કુદરતી રીતેજ તેઓ પોતાની પ્રકૃતિ અનુસાર વધવા લાગશે. **તેમની સેવા એજ તમારી ખરી પ્રભુપૂજા છે.**

જગતમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવો. પ્રકાશ તમારામાં લાવો અને બીજાઓમાં પ્રચાર કરો. પ્રત્યેક મનુષ્યને પ્રકાશ આપો. એ જ્ઞાનપ્રકાશ પૂરૂં પાડવાનું કાર્ય જ્યાંસુધી તેઓ બધા પ્રભુને પ્રાપ્ત નથી કરી શકયા ત્યાં સુધી પરિપૂર્ણ નથી થયું એમજ સમજવું. **દીન-દરિદ્ર લોકોની પાસે પ્રકાશ લાવો અને ધનવાન લોકોની પાસે એથી પણ વિશેષ પ્રકાશ લાવો. ગરીબ કરતાં ધનવાનને જ્ઞાનના પ્રકાશની વિશેષ જરૂર છે; કારણકે તેમનાં હૃદયમાં વિશેષ અંધકાર હોય છે. અશિક્ષિત અજ્ઞાન મનુષ્યોને જ્ઞાનરૂપી પ્રકાશનાં લ્હાણાં આપો અને સુશિક્ષિત વિદ્વાન ગણાતા મનુષ્યોને માટે એથી પણ વિશેષ પ્રકાશ આપો; કારણ કે આજકાલના ભણેલા લોકોમાં વિદ્યા અને જ્ઞાનનું મિથ્યાભિમાન બહુ ભયંકરરૂપ ધારણ કરી બેઠું છે. આ પ્રમાણે જગતના સર્વ મનુષ્યોની સમીપ પ્રકાશ પહોંચાડો એટલે બાકીનું કામ પ્રભુ પોતેજ કરી લેશે.** સ્વયં પ્રભુ કહી ગયા છે કેઃ—

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।

અર્થાત્ તમારો અધિકાર માત્ર કર્મ કરવામાંજ સમાયેલો છે, તેનાં ફળ ઉપર તમારો અધિકાર નથી. તમે એવી રીતે કર્મ નહિ કરતા કે જેથી તેનાં ફળ તમારેજ ભોગવવાં પડે. તેમ છતાં કર્મત્યાગ કરીને તમે કદિ પણ કર્મહીન સ્થિતિમાં રહેશો નહિ.

જે પરમાત્માએ અનેક યુગપૂર્વે આપણા પૂજ્ય પૂર્વજોને આવા ભવ્ય અને મહાન વિચારો શીખવ્યા છે, તેઓજ તેમના પોતાના આદેશને આપણા કાર્યમાં, આપણા જીવનમાં અને આપણા વ્યવહારના ઉપયોગમાં લાવીને તેમનું યથાર્થ પાલન કરવાનું બળ આપો; અને તેમના પોતાના શુભ કાર્યમાં તેમની પરમશકિત આપણી સહાયક થાઓ. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

ભરતખંડના મહાપુરુષો

ભરતખંડના મહાપુરુષોનો ઉલ્લેખ કરવા જતાં મારી કલ્પના આગળ અત્યંત પ્રાચીનકાળનો એક એવો ઇતિહાસ ખડો થાય છે કે, જે સમયના કોઈ પણ પ્રસંગનો ઉલ્લેખ ઇતિહાસમાં છેજ નહિ અને જેના ઉપર છવાયલા ગાઢ અંધકારનો પડદો દૂર કરવામાટે દંતકથાઓ ફોગટ ફાંફાં મારી રહી છે. ભરતખંડે અસંખ્ય મહાપુરુષો ઉત્પન્ન કર્યા છે. વાસ્તવિક રીતે હિંદુપ્રજાએ હજારો વર્ષો થયાં અનેક મહાપુરુષોની ઉત્પત્તિ સિવાય બીજું કાંઇજ કર્યું નથી. આવી વસ્તુસ્થિતિ હોવાથી ભરતખંડમાં થઇ ગએલા સર્વોત્તમ મહાપુરુષો અને ધર્મરાજ્યમાં યુગાંતર કરનાર આચાર્યોનાં જીવનચરિત્રોનો મેં જેટલે અંશે અભ્યાસ કર્યો છે, તે હું આજે તમારી સમક્ષ મૂકીશ. પ્રથમ આપણાં શાસ્ત્રોવિષે કેટલુંક સમજી લેવાની આવશ્યક્તા છે. આપણાં શાસ્ત્રોમાં સત્યના બે જુદા જુદા આદર્શોનો ઉપદેશ કરવામાં આવ્યો છેઃ–

એક આદર્શ સનાતન સત્યનો છે, કે જેનું નિરૂપણ વેદમાં કરેલું છે; અને બીજો પહેલાંના કરતાં કેટલેક દરજ્જે ઓછો પ્રમાણભૂત મનાતો પુરાણ, સ્મૃતિ ઇત્યાદિનો ઉપદેશ છે, કે જે દેશકાળની જુદી જુદી પરિસ્થિતિને માટે વિશેષ ઉપયોગી છે; અને તેનો અધિકાર તેવે પ્રસંગે સર્વોપરિ મનાય છે. જીવાત્મા અને પરમાત્માના સ્વરૂપ સંબંધનો વિષય શ્રુતિ અથવા વેદમાં ચર્ચાયલો છે. બીજા પ્રકારનું સત્ય મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કયસ્મૃતિ, એવા સ્મૃતિગ્રંથોમાં તેમજ પુરાણ, તંત્ર વગેરે શાસ્ત્રીય પુસ્તકોમાં સંગૃહીત કરેલું છે. સ્મૃતિ, પુરાણ, તંત્ર એ સર્વને શ્રુતિનો આધાર રાખવો પડે છે; તેઓ શ્રુતિને અધીન છે; કારણ કે જ્યારે કોઇવાર સ્મૃતિ ઇત્યાદિનો સિદ્ધાંત શ્રુતિના સિદ્ધાંતથી વિરૂદ્ધ જાય ત્યારે શ્રુતિનુંજ પ્રમાણ મનાવું જોઇએ એવું શાસ્ત્રનું વિધાન છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે મનુષ્યના જીવનનો ઉચ્ચતમ આદર્શ તથા તેને પ્રાપ્ત કરવાનાં સાધનની રૂપરેખા સંપૂર્ણ રીતે શ્રુતિ એટલે વેદમાં આપેલ છે;

અને તેને વિસ્તારથી સમજાવવાનું તથા સામાન્ય વર્ગને પણ સમજ પડે એવા સ્વરૂપમાં ઉતારવાનું કામ સ્મૃતિ, પુરાણુ વગેરેનું છે. સાધારણ રીતે શ્રુતિ સત્યના આદર્શનું માત્ર નિદર્શનજ કરાવે છે. મનુષ્યનું અંતિમ લક્ષ્ય શું હોવું જોઇએ અને તેના જ્ઞાનની પરિસીમા ક્યાંસુધી પહોંચે છે એનું સામાન્ય નિરૂપણ શ્રુતિદ્વારા કરવામાં આવ્યું છે. ધાર્મિક જીવન સંબંધે શ્રુતિ જે ઉપદેશ આપે છે એથી વધારે આપી શકાય એમ છેજ નહિ અને આપવા જેવું અવશિષ્ટ રહેતું પણ નથી. જીવાત્માના સંપૂર્ણ વિકાસમાટે જે જે ઉપદેશની જરૂર છે તે સર્વ શ્રુતિમાં સંપૂર્ણરૂપે જોવામાં આવે છે. માત્ર જુદા જુદા સમય અને સંજોગોમાં કેવા કેવા પ્રકારનું વિધાન કરવું જોઇએ એવું જે જ્ઞાન શ્રુતિમાં નથી તે સ્મૃતિમાં છે.

શ્રુતિની એક ખાસ મહત્તા એ છે કે તેમાં અનેક મહર્ષિઓએ જુદાં જુદાં સત્યોનો સંગ્રહ કરેલો છે. એમાંના ઘણાખરા પુરુષો હતા, તોપણ કેટલીક સ્ત્રીઓનાં નામ પણ જોવામાં આવે છે. તેમનાં પોતાનાં જીવનચરિત્ર કે જન્મકાળવિષે તો આપણે ઘણુંજ થોડું જ્ઞાન ધરાવીએ છીએ; પણ તેમના સર્વોત્કૃષ્ટ વિચારો અથવા તો ગંભીર મનનના પરિણામે તેમણે જે સત્યોનું દર્શન કર્યું હતું, તે સત્યો આપણા દેશના ધર્મસાહિત્યના ભંડારરૂપી વેદમાં લખાઇને સચવાઇ રહ્યાં છે. સ્મૃતિકારો વિષે આપણને વધારે માહિતી ઉપલબ્ધ થએલી છે. એ પુરુષો અત્યંત વિશાળ બુદ્ધિવાળા, અદ્‌ભુત શક્તિસંપન્ન, ઉન્નત ચારિત્ર્યવાન અને આખા જગતને હલમલાવી નાખવાનું સામર્થ્ય ધરાવનાર મહાત્માઓ હતા. તેમનું ચારિત્ર્ય એવું ઉન્નત હતું કે જેની આગળ તેમના પોતાના ઉપદેશો પણ ઝાંખા પડી જાય છે.

આપણા ધર્મની એક ખાસ વિશેષતા કે જેને આપણે બરાબર સમજી લેવી જોઇએ તે એ છે કે, એમાં ઇશ્વરને નિર્ગુણ માનેલો છે, તેની સાથે તે સગુણ છે એવું પણ પ્રતિપાદન કરેલું છે. આપણાં શાસ્ત્રોમાં વ્યક્તિગત સંબંધરહિત, અનંત, સનાતન તત્ત્વસમૂહની સાથે અસંખ્ય અવતારી પુરુષોએ આપેલા ઉપદેશો પણ ગૂંથેલા છે; પરંતુ શ્રુતિ જે આપણા ધર્મનું મૂળ છે તેમાં તો માત્ર સનાતન તત્ત્વનોજ ઉપદેશ છે. મહાન અવતારી પુરુષો, આચાર્યો તેમજ મહાપુરુષો સંબંધી માહિતી જોઇતી હોય તો પુરાણ અને સ્મૃતિની સહાય લેવી પડે છે. તેની સાથે બીજી એક બાબત લક્ષમાં રાખવા જેવી છે કે આપણા ધર્મ સિવાયના જગતના તમામ ધર્મો, કોઇ ને કોઇ ધર્મપ્રવર્તક મહાપુરુષ અથવા એવા મહાપુરુષોના સમૂહ સાથે અવિચ્છિન્ન રીતે સંકળાયલા છે. એ સઘળા ધર્મોની ઇમારત અમુક વ્યક્તિ ઉપર આધાર રાખે છે. તેઓને સ્થાપનાર કોઇ એક વ્યક્તિજ હોય છે. તેની રચના તેના સ્થાપનાર વ્યક્તિના ચારિત્ર્ય અને તેના મનના વલણ અનુસાર થએલી છે. ખ્રિસ્તીધર્મ જીસસ ક્રાઇસ્ટઉપર, મુસલમાન ધર્મ મહમદ-

ઉપર, બૌદ્ધધર્મ બુદ્ધઉપર, જૈનધર્મ જિનગણોઉપર એમ આપણા શુદ્ધ સનાતનધર્મ સિવાયનો દરેક ધર્મ કોઇ ને કોઇ વ્યક્તિના જીવનઉપર આધાર રાખે છે. આથી કરીને એ ધર્મસંસ્થાપકોના ઐતિહાસિકપણા વિષે વિદ્વાનોમાં પુષ્કળ વાદવિવાદ ચાલે એ સ્વાભાવિક છે. હવે જો એ પ્રાચીનકાળમાં થઇ ગએલા મહાપુરુષો અથવા ધર્મસંસ્થાપકોના અસ્તિત્વને ઇતિહાસનું સબળ પ્રમાણ પ્રાપ્ત ન થાય, તો જે ધર્મની ઇમારત તેના સ્થાપનારના વ્યક્તિત્વ ઉપરજ આધાર રાખે છે, તે કડડભૂસ કરીને જમીનદોસ્ત થઇ જાય એમાં આશ્ચર્ય નથી. માત્ર આપણોજ ધર્મ કોઇ અમુક વ્યક્તિના જીવનઉપર આધાર રાખતો નથી, પણ સનાતન તત્ત્વસમૂહ ઉપરજ પ્રતિષ્ઠિત થએલો છે; અને તેથી કરીને આપણા ધર્મને ઐતિહાસિક આઘાતનો ભય છેજ નહિ. આપણા ધર્મનાં સત્યો અમુક મહાપુરુષે અથવા અમુક અવતારી પુરુષે પ્રકટ કર્યાં છે; માટેજ તે આપણને સર્વને માન્ય હોવાં જોઇએ એમ છેજ નહિ. શ્રીકૃષ્ણનાં વચનવડે વેદને આધાર મળતો નથી પણ શ્રીકૃષ્ણે જે સત્યો પ્રકટ કર્યાં છે, તે વેદનું અનુસરણ કરે છે માટેજ તે માન્ય ગણાય છે. શ્રીકૃષ્ણનું શ્રેષ્ઠત્વ એટલાજ માટે છે કે વેદના સિદ્ધાંતોને તેમણે સર્વોત્તમ રીતે સમજાવ્યા છે. બીજા અવતારી પુરુષો અને મહાપુરુષોમાટે પણ એજ નિયમ સમજવો. આપણે પ્રથમજ વિચારી ગયા છીએ કે જીવાત્માના સંપૂર્ણ વિકાસમાટે તથા તેની મુક્તિને માટે જે જ્ઞાન જરૂરનું છે તે સર્વ વેદમાંથી મળી આવે છે. જીવાત્માની મુક્તિની બાબતમાં હવે બીજું નવીન સત્ય શોધવાનુ રહ્યુંજ નથી. સત્ય જ્ઞાનના પરમ લક્ષ્ય સ્વરૂપ અદ્વૈતતત્ત્વથી આગળ જવાનું કદિ પણ બની શકે એમજ નથી. મનુષ્યના તત્ત્વચિંતનનું છેલ્લામાં છેલ્લું પરિણામ જીવ અને બ્રહ્મની એકતા છે. મનુષ્યની બુદ્ધિ એ સત્ય કરતાં વધારે આગળ જઇ શકે એમ છેજ નહિ. હજારો વર્ષો થયાં વેદદ્વારા એ પૂર્ણ એકતા જાહેર થઇ ચૂકી છે. કોઇ પણ તત્ત્વચિંતકને એથી આગળ જવાનો અવકાશજ નથી. જે દિવસે '**तत्त्वमासि**'નો સિદ્ધાંત પ્રકટ થયો તેજ દિવસે આધ્યાત્મિક જ્ઞાનની પૂર્ણતા થઇ ગઇ. એ '**तत्त्वमासि**'નું સૂત્ર વેદની અંદરનુ છે. ત્યાર પછી તો માત્ર લોકોને જુદે જુદે સમયે, જુદી જુદી પરિસ્થિતિમાં, દેશકાળને અનુસરીને ઉપદેશ આપવાનું તથા પ્રાચીન સનાતનધર્મના માર્ગ તરફ જનસમૂહને વારંવાર દોરવાનુંજ કામ બાકી રહ્યું હતું. એ કાર્ય બજાવવાને માટે દરેક યુગમાં જુદા જુદા મહાપુરુષો અને આચાર્યો પ્રકટ થતા આવ્યા છે. ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે ઘણીજ સ્પષ્ટ ભાષામાં અવતારતત્ત્વને પ્રકટ કર્યું છે. એટલી સ્પષ્ટતાપૂર્વક બીજા કોઇ પણ ધર્મગ્રંથમાં એવિષે ઉલ્લેખ કરેલો જોવામાં આવતો નથી.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ॥

अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ भगवद्गीता ॥

" જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ અને અધર્મનો અભ્યુદય થાય છે, ત્યારે ત્યારે હું અધર્મનો નાશ કરવામાટે અને ધર્મની સંસ્થાપના કરવામાટે અવતાર ધારણ કરૂં છું. "

હિંદુધર્મની ભાવના આવા પ્રકારની છે.

હવે આ ઉપરથી શું ફલિત થાય છે ? એક બાજુએ આપણા ધર્મની ભવ્ય ઇમારત મુખ્યત્વે કરીને સનાતન તત્ત્વના પાયાઉપર સ્થાપિત થએલી જોવામાં આવે છે. એ તત્ત્વો પૂર્ણપણે સ્વતઃપ્રમાણિત છે, તેઓ કોઇ પણ વિશિષ્ટ પુરુષના અસ્તિત્વઉપર કે કોઇ પણ પ્રકારના કેવળ બુદ્ધિવાદઉપર આધાર રાખતાં નથી. તેમની યથાર્થતા બુદ્ધિવાદવડે સ્થાપિત કરવાની જરૂર નથી. તેઓ ખરૂં જોતાં તર્કથી અતીત છે. ગમે તેવા મહાન ઋષિ કે મહિમાવાન અવતાર અમુક વચન ઉચ્ચારી ગયા છે, માટેજ તે ગ્રાહ્ય છે; એવી યુક્તિ કે શ્રદ્ધા ઉપર આપણા ધર્મની રચના થએલી નથી. આપણે એટલે સુધી બેધડકપણે કહી શકીએ છીએ કે અન્ય દેશોનાં દર્શનશાસ્ત્રો કરતાં ભારતીય દર્શનશાસ્ત્ર–વેદાંત; પોતાની એક ખાસ વિશિષ્ટતાને લીધે સમગ્ર વિશ્વના ધર્મ તરીકે મનાવાને યોગ્ય છે. વેદાંતજ આખા જગતમાં સાર્વભૌમિક ધર્મ તરીકે મનાવા લાગ્યું છે, એમ પણ આપણે નિશ્ચિંતપણે કહી શકીએ છીએ; કારણ કે વેદાંત કોઇ પણ વિશિષ્ટ વ્યક્તિને પ્રમાણ માનીને ઉપદેશ આપતું નથી, પણ માત્ર સનાતન તત્ત્વસમૂહનુંજ દર્શન કરાવે છે. કોઇ પણ વ્યક્તિ સાથે અવિચ્છિન્નપણે સંકળાયલો ધર્મ જગતમાં સમગ્ર માનવજાતિના ધર્મનું સ્થાન લેવા યોગ્ય નથી. આપણા પોતાના દેશમાંજ આપણે જોઇશું તો કેટલાએ મહાન આત્માઓ થઇ ગએલા માલુમ પડશે, પણ તેઓ આખા દેશમાં સર્વને પૂજ્ય નથી. એક નાના સરખા શહેરમાં પણ એવા અનેક જુદી જુદી પ્રતિના ભવ્ય આત્માઓ આપણા જોવામાં આવશે, પણ એકજ વ્યક્તિને બધા ગામના લોકો પોતાના આદર્શ તરીકે માનતા નથી. જો એમજ હોય તો એકજ વ્યક્તિ, પછી તે બુદ્ધ, મહમદ, જીસસ ક્રાઇસ્ટ અથવા ગમે તે હો, પણ તે આખા જગતને માટે એક માત્ર આદર્શરૂપ શી રીતે મનાઇ શકે ? અથવા એકજ માણસના શબ્દપ્રમાણવડે સમગ્ર નીતિશાસ્ત્ર, આધ્યાત્મિક તત્ત્વ અથવા ધર્મના સિદ્ધાંતોને સત્ય તરીકે આપણે કેવી રીતે સ્વીકારી શકીએ ? વેદાંતધર્મને માટે એવા કોઇ વિશિષ્ટ વ્યક્તિના શબ્દપ્રમાણ તરીકે માની લેવાની બિલકુલ જરૂર નથી. માનવજાતિની સનાતન પ્રકૃતિ એજ તેનો પાયો છે. માનવજાતિના સનાતન આધ્યાત્મિક એકત્વરૂપી પાયાઉપર તેના નીતિશાસ્ત્રની રચના થએલી છે. એ એકતાને પ્રયત્નવડે સિદ્ધ કરવાની કે ઉપજાવી કહાડવાની જરૂર નથી. એ તો અસલ-

થીજ અનુભવાતી આવી છે. બીજી બાજુએ નજર કરીશું તો માલુમ પડશે કે આપણા દેશના ઋષિમુનિઓ છેક પ્રાચીનકાળથી જોતા આવ્યા છે કે, જગતમાં મનુષ્યોના મોટા ભાગને કોઇ ને કોઇ વિશિષ્ટ વ્યક્તિ ઉપર અવલંબન કર્યા વગર ચાલતું નથી. કોઇ ને કોઇ રીતે લોકો એકાદ મનુષ્યને ઈશ્વર તરીકે માની લે છે. જે બુદ્ધ ભગવાને સગુણ ઈશ્વરની વિરુદ્ધ અથવા અવતારપૂજાની વિરુદ્ધ ઉપદેશ કર્યો હતો, તેજ બુદ્ધના અવસાનને પૂરાં પચાસ વર્ષ પણ ન થયાં એટલામાં તો તેના પોતાનાજ શિષ્યોએ તેનીજ ઈશ્વર તરીકે સ્થાપના કરી દીધી! ઈશ્વરને એક વ્યક્તિ તરીકે માની લેવાની આવશ્યકતા તો આપણને સ્વીકારવીજ પડે છે; કેમકે મનુષ્યજાતિનો સ્વભાવજ એવો છે કે પરમેશ્વરના અવ્યકત સ્વરૂપનો તે સાક્ષાત્કાર કરી શકતો નથી. ઈશ્વરના સ્વરૂપ સંબંધે પોતપોતાને ફાવે તેમ વૃથા કલ્પના કરવા દઇએ (અને ધણાખરાની બાબતમાં તો તેમના કલ્પનાશકિત એવી કલુષિત હોય છે કે તેમનો કાલ્પનિક ઈશ્વર ઉપાસનાને યોગ્ય હોતોજ નથી), તે કરતાં તો આ પૃથ્વીઉપર ઈશ્વરની જીવંત પ્રતિમાઓ કે જે સમયે સમયે આપણી વચ્ચે આવિર્ભૂત થઇને આપણી સાથેજ વસે છે તેમની ઉપાસના કરવી એજ વધારે ઇષ્ટ છે; કારણ કે કોઇપણ પ્રકારના કાલ્પનિક ઈશ્વર અથવા પદાર્થ કરતાં, એટલે કે આપણે ઈશ્વર સંબંધે ઉંચામાં ઉંચો તર્ક કરી શકીએ તે કરતાં પણ આ મહાપુરુષો વધારે પૂજનીય છે. ઈશ્વર સંબંધે આપણે ગમે તેટલો ઉંચામાં ઉંચો આદર્શ કલ્પીએ તે કરતાં પણ શ્રીકૃષ્ણ અનેકગણા ઉચ્ચ છે. આપણી કલ્પના-વડે રચાતા ઉંચામાં ઉંચા આદર્શ કરતાં પણ બુદ્ધભગવાન વધારે શ્રેષ્ઠ અને જીવંત આદર્શરૂપ છે. આજ કારણને લીધે કોઇપણ પ્રકારના કાલ્પનિક દેવતાઓને બદલે માનવજાતિ આવા મહાપુરુષોની છેક પ્રાચીનકાળથી પૂજા કરતી આવી છે. આપણા દેશના મહર્ષિઓને આ વાતની ખબર હતી, તેથી તેમણે ભરતખંડના તમામ લોકોને આવા મહાપુરુષો અથવા અવતારી પુરુષોની પૂજા કરવાની પૂરતી છૂટ આપી છે; એટલુંજ નહિ પણ જેમને આપણે બધા પૂર્ણ પુરુષોત્તમ, નારાયણના અવતાર તરીકે માનીએ છીએ તે પોતેજ કહે છે કેઃ—

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छत्वं मम तेजोंऽशसंभवम् ॥ ભગવદ્‌ગીતા.

" મનુષ્યજાતિમાં જ્યાં જ્યાં અદ્‌ભુત આધ્યાત્મિક શકિતનો પ્રકાશ જોવામાં આવે ત્યાં ત્યાં હુંજ છું એમ સમજવું. મારાદ્વારાજ એ શક્તિનું પ્રાકટ્ય થયેલું છે. "

આથી હિન્દુઓને માટે સર્વ દેશના સર્વ અવતારી પુરુષોની ઉપાસના કરવાનો માર્ગ સદાએ ખુલ્લોજ છે. હિન્દુને કોઇપણ દેશના, કોઇપણ ધર્મના સાધુમહાત્માનું પૂજન કરવાની છૂટ છે. આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ કે કેટલાક લોકો કોઇ કોઇ

વાર ખ્રિસ્તીઓના દેવળમાં જઇને ઉપાસના કરે છે અને મુસલમાન પીર અથવા ઓલીઆઓની દરગાહોમાં જઇને તો ઘણાએ લોકો એ પરધર્મી સાધુઓ તરફ પૂજ્યભાવ બતાવે છે. એ વર્તણુક ઘણી ઉદાર અને પ્રશંસનીય છે; કેમકે આપણે શા માટે ઉદાર ન થવું જોઇએ ? શા માટે આપણે અન્ય દેશના મહાત્માઓનું સન્માન ન કરવું જોઇએ ? આપણે હમણાંજ જોઇ ગયા છીએ કે આપણો ધર્મ સાર્વભૌમિક છે. એ એટલો ઉદાર છે, એટલો તો વિશાળ છે કે સર્વ પ્રકારના પવિત્ર આદર્શોને આદરપૂર્વક ગ્રહણ કરે છે. જગતમાં જે જે ધર્મના આદર્શો પ્રચલિત થયા છે તે સર્વને આજ ક્ષણે પોતામાં સ્થાન આપવામાટે આપણો ધર્મ તૈયાર છે. ભવિષ્યમાં પણ જે જે આદર્શો પ્રકટ થવાના છે તે સર્વને માટે આપણે ધીરજથી રાહ જોઇએ છીએ. તેમનો પણ આપણે સ્વીકાર કરીશું. વેદાંતધર્મ તેના અનંત, અમર્યાદિત બાહુ પ્રસારીને ઉભો છે. જગતમાં જે જે ધર્મ પ્રકટ થયા છે અને થશે તે સર્વને આલિંગન દેવા તે તૈયાર છે.

મહાત્મા અથવા અવતારી પુરુષોને માટે આપણા ધર્મનો શો મત છે તેનું અહીં સુધી આપણે કાંઇક દિગ્દર્શન કર્યું. હવે એ પ્રથમ કોટિના મહાપુરુષો કરતાં કાંઇક ઉતરતી પંક્તિના મહાત્માઓ પણ જગતમાં હોય છે તેમના વિષે કંઇક વિચારીશું. વેદમાં ઋષિ શબ્દનો ઉલ્લેખ વારંવાર કરવામાં આવ્યો છે અને એ શબ્દ હાલમાં તો છેક સામાન્ય થઇ પડ્યો છે. ઋષિનું વાક્ય શા માટે પ્રમાણ મનાય છે, એનું તાત્પર્ય આપણે સમજી લેવું જોઇએ. ઋષિ શબ્દનો અર્થ મંત્રનો દૃષ્ટા, એટલે જેણે કોઇપણ તત્ત્વનો સાક્ષાત્કાર કર્યો હોય એવો થાય છે. પ્રાચીન-કાળથી એકનો એક પ્રશ્ન હજારો વખત પૂછાતો આવ્યો છે કે ધર્મતત્ત્વના વાસ્તવિકપણાનું પ્રમાણ શું છે ? બાહ્ય ઇન્દ્રિયોવડે ધર્મની સત્યતા પ્રમાણિત થઇ શકતીજ નથી, એવો ઉત્તર પ્રાચીનકાળથી ઋષિગણો આપતા આવ્યા છે.

“ **यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।** ” (તૈત્તિરીય ઉપનિષદ્) મનવડે તેને (ઈશ્વરને) ન પામવાથી નિષ્ફળ થઇને વાણી પાછી આવે છે. “ **न तत्र चक्षुर्गच्छति न वाग् गच्छति नो मनः ।** (કેન ઉપનિષદ્) ત્યાં નેત્રો જઇ શકતાં નથી, વાણી જઇ શકતી નથી અને મન પણ પહોંચી શકતું નથી. ”

સેંકડો યુગો થયાં ઋષિગણો આનો આજ ઉત્તર આપતા આવ્યા છે. આપણા આત્માનું અસ્તિત્વ, ઈશ્વરનું અસ્તિત્વ, અનંત જીવન, મનુષ્ય જીવનનું અંતિમ લક્ષ્ય એવા એવા પ્રશ્નોનો ઉત્તર આપણને બાહ્યજગતના અવલોકનથી કદિ પણ સંતોષકારક રીતે મળશે નહિ. આપણું મન જે હમેશાં બદલાતુંજ રહે છે, જેનો પ્રવાહ હમેશ ચાલુ હોવાથી જે કદિ સ્થિરતા ધારણ કરતુંજ નથી, જેના ક્ષણે ક્ષણે હજારો વિભાગ થઇ જવાથી જે હમેશાં મર્યાદિત રહે છે તે મન અનંત,

અપરિવર્તનીય, અખંડ, અવિભાજ્ય સનાતન વસ્તુને કેવી રીતે જાણી શકે ? તેના સ્વરૂપની ધારણા શી રીતે કરી શકે ? જ્યારે જ્યારે મનુષ્યો ચૈતન્યહીન જડસૃષ્ટિના અવલોકનદ્વારા ઉપર કહેલા મહાન પ્રશ્નોનો ઉત્તર મેળવવા ફોગટ ફાંફાં મારે છે, ત્યારે તેનું પરિણામ કેવું શોચનીય આવે છે તેનો સાક્ષી જગતનો ઇતિહાસ છે. ત્યારે હવે પ્રશ્ન એ થાય છે કે વેદોક્ત જ્ઞાન પ્રાપ્ત થાયજ શી રીતે ? ઉત્તર એ છે કે જાતે ઋષિની અવસ્થાએ પહોંચ્યા વગર એ જ્ઞાન થઇ શકે નહિ. ઋષિઓએ પ્રાપ્ત કરેલું જ્ઞાન ઋષિ થઇએ તોજ મળે. આપણી બાહ્ય ઇન્દ્રિયોની સહાયથી આ જ્ઞાન મળી શકે એમ નથી. પણ ઇન્દ્રિયજન્ય જ્ઞાન એજ શું મનુષ્યજીવનનું અંતિમ લક્ષ્ય છે ? એજ આપણું પ્રાપ્તવ્ય અને સર્વસ્વ છે એમ કહેવાની કોની તાકાત છે ? આપણા જેવા સામાન્ય મનુષ્યોના જીવનમાં પણ કોઇ કોઇ મોટા વિલક્ષણ પ્રસંગો ઉભા થાય છે. કોઇ વાર આપણા પરમ પ્રિય સ્વજનને આપણી સમક્ષ મરણ પામતો જોઇએ છીએ અથવા બીજી કોઇ જાતનો આઘાત આપણા હૃદયને થાય છે; તેમજ કોઇ વખત અત્યંત આનંદનો અવસર ઉપસ્થિત થાય છે ત્યારે આપણું મન અત્યંત શાંત બની જાય છે અને પોતાના ખરા સ્વરૂપનું તેને ક્ષણિક દર્શન થાય છે. જે પ્રદેશમાં વાણી અને મન જઇ શકતાં નથી તે ઠેકાણે આપણે ક્ષણવાર પહોંચી જઇએ છીએ અને ત્યાં અનંતનો કાંઇક આભાસ થાય છે. કાંઇક અપૂર્વ વસ્તુની ઝાંખી થતી હોય એમ લાગે છે. આપણા સામાન્ય જીવનમાં કોઇ કોઇ વાર આપણને આવો અનુભવ થાય છે. તે વેળા અલબત્ત આપણે ઋષિની અવસ્થા કેટલેક અંશે પ્રાપ્ત કરીએ છીએ. ત્યારપછી સતત અભ્યાસવડે એ અવસ્થા પ્રગૌઢ,સ્થાયી અને સંપૂર્ણ થાય એવો પ્રયાસ કરવાનું માત્ર બાકી રહે છે. આત્મા ઇન્દ્રિયોવડે બંધાયલો અથવા મર્યાદિત થએલો નથી, એ સત્ય હજારો વર્ષ થયાં પ્રાપ્ત થયેલું છે. આત્મા, મન અને બુદ્ધિવડે પણ બંધાયેલો નથી; જ્ઞાનવડે પણ મર્યાદિત થયેલો નથી. આપણે એટલું જાણી લેવું જોઇએ કે જ્ઞાન એ આત્મારૂપી અનંત શૃંખલાની એક નાનકડી કડી છે. જ્ઞાન એ આત્મા નથી, પણ આત્માનો અંશ માત્ર છે. ઋષિઓ જ્ઞાનની પણ અગમ્ય પ્રદેશમાં નિડરપણે વિચરણ કરીને આત્માનુસંધાન કરતા હતા. જ્ઞાનની સીમા પાંચ ઇન્દ્રિયવડે મર્યાદિત થયેલી છે. આધ્યાત્મિક વિષયનાં સત્યોની પ્રાપ્તિ કરવામાટે આપણે ઇન્દ્રિયોના પ્રદેશથી કોઇક વધારે આગળના પ્રદેશમાં દાખલ થવું જોઇએ. હજી પણ એવા પુરુષો છે કે જેઓ પંચેન્દ્રિયની સીમાની પેલી મેરના પ્રદેશમાં જવાની શક્તિ ધરાવે છે, તેઓ ઋષિ કહેવાય છે. તેઓ આધ્યાત્મિક સત્યોનો સાક્ષાત્કાર કરી શકે છે. મારી સામે મૂકેલા આ ટેબલના અસ્તિત્વનું પ્રમાણ મને કોઇ પૂછે તો કહું કે હું ટેબ-

લને પ્રત્યક્ષ જોઉં છું. તેમ વેદવિહિત સત્યોનું પ્રમાણ પણ પ્રત્યક્ષ અનુભવ એજ છે. એ જ્ઞાનની યથાર્થતા અનુમાન અથવા તર્કના પૂરાવા ઉપર આધાર રાખતી નથી. આ ટેબલના અસ્તિત્વમાટે મારે અનુમાન કે તર્ક કરવાની જરૂર પડતી નથી, પણ માત્ર પ્રત્યક્ષ અનુભવવડે હું ટેબલનું અસ્તિત્વ જાણું છું, તેમ એ આધ્યાત્મિક સત્યોનો પ્રત્યક્ષ અનુભવ આત્મા જ્ઞાનાતીત અવસ્થામાંજ કરી શકે છે. એ ઋષિત્વની અવસ્થા પ્રાપ્ત કરવામાં દેશ, કાલ, લિંગ જાતિ કશાનો પ્રતિબંધ નથી. વાત્સ્યાયન મુકતકંઠે કહે છે કે આ ઋષિત્વ ઉપર ઋષિઓનાં સંતાનો, આર્યો, અનાર્યો, મ્લેચ્છો, મનુષ્યમાત્ર સામાન્ય હક્ક ધરાવે છે. ઋષિત્વ સર્વની સામાન્ય મિલકત છે.

વેદમાં જે ઋષિઓનું વર્ણન કરેલું છે તેમણે આવા પ્રકારની સ્થિતિ પ્રાપ્ત કરેલી હતી. આપણા હિંદુધર્મનું અંતિમ લક્ષ્યબિંદુ એ અવસ્થાએ પહોંચવાનું છે. એ આદર્શ આપણે કદિ પણ ભૂલી જવો જોઇએ નહિ. હું એટલે સુધી ઇચ્છા રાખું છું કે જગતની અન્ય પ્રજાઓ પણ આ ઉચ્ચ આદર્શને પોતાની દૃષ્ટિ-સમીપ રાખે; અને તેમ થશે તોજ ધર્મના મતભેદથી ઉત્પન્ન થતી તકરારો અને વિસંવાદો શાંત થઇ જશે. શાસ્ત્રોનાં વાચનથી ધર્મનાં સત્યોનો સાક્ષાત્કાર થતો નથી; તેમજ જુદા જુદા મતમતાંતરોવડે, વ્યાખ્યાનોવડે, તર્કવડે કે બુદ્ધિવાદવડે પણ થઇ શકતો નથી.ધર્મનાં સત્યોનો કેવળ અનુભવવડેજ સાક્ષાત્કાર કરવો જોઇએ. ઋષિ બનીને ઋષિની દૃષ્ટિથીજ તેમનું દર્શન કરવું જોઇએ. બંધુઓ ! જ્યાંસુધી તમે પ્રત્યેક જણ ઋષિ ન બનો, જ્યાંસુધી તમે આધ્યાત્મિક સત્યનો સાક્ષાત્કાર ન કરી શકો, ત્યાંસુધી તમારા ધાર્મિક જીવનની શરૂઆતજ નથી થઇ એમ નિશ્ચય-પૂર્વક માની લેજો. જ્યાંસુધી ઉપર કહી તેવી જ્ઞાનાતીત અવસ્થાનાં દ્વાર તમારે માટે ખુલ્લાં ન થઇ જાય ત્યાંસુધી ધર્મ એટલે કેવળ બકબકાટજ સમજવો. એવી સ્થિતિ ન થાય ત્યાંસુધી આપણે તેની પ્રાપ્તિને માટે તૈયારી કરીએ છીએ અથવા બીજાને મોંએ સાંભળેલાં તત્ત્વો ઉપર મિથ્યા વાદવિવાદજ મચાવીએ છીએ એમ માનવું. એક પ્રસંગે બુદ્ધભગવાને કેટલાક બ્રાહ્મણ પંડિતોની સાથે વાદવિવાદ કરતાં જે કહ્યું હતું તે આપણી બાબતમાં પણ બરાબર એજ લાગુ પડે છે. તે પંડિતો બુદ્ધભગવાનની પાસે જઇને બ્રહ્મના સ્વરૂપવિષે પ્રશ્ન પૂછવા લાગ્યા. "બુદ્ધે તેમને પૂછ્યું:–"તમે બ્રહ્મનું દર્શન કર્યું છે ?" પંડિતો કહે:–"ના." તમારા બાપે દર્શન કર્યું હતું ? તેના બાપે દર્શન કર્યું હતું ?" પંડિતો કહે:– "અમારા બાપે કે અમારા દાદાએ કે અમારા કોઇ પૂર્વજે બ્રહ્મનું દર્શન કર્યું નથી." ત્યારે બુદ્ધ ભગવાન કહે:–" ભાઇઓ ! તમારા કોઇ પૂર્વજે અથવા તમે પોતે જેનું દર્શન કર્યું નથી તેને વિષે ચર્ચા કરીને એકબીજાને પરાસ્ત કરવાનો મિથ્યા

પ્રયત્ન શા માટે કરો છો ?" આખું જગત આવાજ પ્રકારની જૂઠી ભાંજગડ કરી રહ્યું છે. વેદાંત આપણને ઉપદેશ આપે છે કેઃ-

"નાયમાત્મા પ્રવચનેન લભ્યો
ન મેધયા ન બહુના શ્રુતેન" । કઠોપનિષદ્.

"એકલાં ભાષણોવડે આત્માની પ્રાપ્તિ થતી નથી, તેમજ અત્યંત તીક્ષ્ણ બુદ્ધિવડે અથવા કેવળ શ્રુતિ એટલે વેદના અભ્યાસવડે પણ આત્માની પ્રાપ્તિ થતી નથી, એમ વેદ પોતેજ સ્પષ્ટપણે કહે છે."

આપણે જગતની તમામ પ્રજાઓને વેદના શબ્દોમાં કહેવાને તૈયાર છીએ કે તમારા વિવાદો, ચર્ચાઓ, ભાષણો ફોગટ છે. જે ઈશ્વર સંબંધી જ્ઞાનનો પ્રચાર કરવા તમે પ્રવૃત્ત થયા છો તે ઈશ્વરનું દર્શન તમને પોતાને થયું છે ? જો તેમ થયુંજ ન હોય તો તમારો ધર્મપ્રચાર એ મિથ્યા આડંબર છે. તમે શું કહેવા માગો છો તેનો અર્થ તમે પોતેજ સમજતા નથી. જો તમે ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો હોત તો તમે વિવાદ કરવા તત્પર થાતજ નહિ. તમારા ચહેરા ઉપર કાંઈ અલૌકિકજ તેજ ચળકતું હોત. પ્રાચીનકાળમાં એક ઋષિએ પોતાના પુત્રને બ્રહ્મજ્ઞાન મેળવવામાટે ગુરુને ઘેર મોકલ્યો. જ્યારે તે પાછો આવ્યો ત્યારે તેને પિતાએ પૂછ્યુંઃ-"તું શું શીખી આવ્યો ?" પુત્રે જવાબ દીધોઃ-"હું નાના પ્રકારની વિદ્યા શીખ્યો છું." ઋષિએ કહ્યુંઃ-"ત્યારે તો તું કાંઈજ શીખ્યો નથી, માટે ફરીને ગુરૂને ઘેર જઈને વિદ્યા પ્રાપ્ત કર." તે બીજીવાર ગુરુ પાસે ગયો અને કેટલેક કાળે પાછો આવ્યો ત્યારે તેના પિતાએ ફરીથી એનો એજ સવાલ પૂછ્યો. પુત્રે જવાબમાં પોતે જે જે વિદ્યા ભણી આવ્યો હતો તે કહી સંભળાવી. એ સાંભળીને તેને ત્રીજી વાર ગુરુને ઘેર મોકલવામાં આવ્યો. હવે જ્યારે તે પાછો આવ્યો ત્યારે તેના ચહેરા ઉપર બ્રહ્મતેજ ઝળકી રહ્યું હતું. પિતાએ પ્રસન્ન થઈને કહ્યુંઃ-'પુત્ર ! આજ તારી કાંતિ બ્રહ્મજ્ઞાનીના જેવી તેજસ્વી દેખાય છે.' એજ પ્રમાણે તમે પણ જ્યારે ઈશ્વરનો સાક્ષાત્કાર કરશો ત્યારે તમારી કાંતિમાં, સ્વરમાં અને સમગ્ર આકૃતિમાં પરિવર્તન થઈ જશે; અને તમારૂં અસ્તિત્વ માનવજાતિને માટે કલ્યાણપ્રદ ગણાશે. એકવાર ઋષિત્વ પ્રાપ્ત કર્યું એટલે તમારૂં સામર્થ્ય એટલું બધું વધી જશે કે તમારો કોઈથી પ્રતિરોધ થઈ શકશે નહિ. એજ ઋષિત્વ આપણા ધર્મનો ઉચ્ચતમ આદર્શ છે. બાકી તો વ્યાખ્યાનો, પ્રવચનો, તર્ક, વાદવિવાદ, દર્શનશાસ્ત્ર, દ્વૈતવાદ અને અદ્વૈતવાદ, અરે ! વેદ સુદ્ધાં એ ઋષિત્વ પ્રાપ્ત કરવાનાં ગૌણ સાધન માત્રજ છે. એ બધાંની આથી વધારે કિંમત આંકી શકાતી નથી. ઋષિત્વની પ્રાપ્તિ એજ મુખ્ય વસ્તુ છે. 'વેદ, વ્યાકરણ, જ્યોતિષ વગેરે સર્વ વિષયો ગૌણ છે; જે જ્ઞાનવડે આપણે તે અપરિણામી પદાર્થનો સાક્ષાત્કાર કરી

શકીએ તેજ જ્ઞાન સત્ય છે; બાકીનું સર્વ મિથ્યા છે.' જેમણે આત્મસાક્ષાત્કાર કર્યો છે તેજ વૈદિક અર્થ પ્રમાણે ખરા ઋષિ છે. ઋષિ શબ્દવડે આપણને એક પ્રકારની વિશિષ્ટ અવસ્થાએ પહોંચેલ વ્યક્તિનું ભાન થાય છે. સાચા હિંદુ તરીકે આપણે દરેકે આપણા જીવનમાં વહેલામોડા એ ઋષિત્વની પ્રાપ્તિ કરવીજ જોઇએ. તેમ થયાથીજ આપણાં શાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે આપણે મુક્ત થઇ શકીશું. અમુક મતમતાંતરમાં શ્રદ્ધા રાખ્યાથી, અથવાહ જારો મંદિરોનાં દર્શન કર્યાથી કે દુનિયામાં જેટલી નદીઓ છે તેમાં સ્નાન કર્યાથી મુક્ત થવાશે નહિ, એવો હિન્દુ ધર્મનો સિદ્ધાંત છે. * માત્ર ઋષિત્વ પ્રાપ્ત કર્યાથી, મંત્રના દૃષ્ટા થવાથીજ મુક્ત થવાય છે.

વેદના પછીના યુગનું અવલોકન કરતાં આપણને જણાશે કે સમગ્ર જગતને હલમલાવી નાખવાને સમર્થ મહાપુરુષો, અવતારી પુરુષો એ યુગમાં જન્મ્યા હતા. એવા અવતાર અનેક થઇ ગયા છે. શ્રીમદ્ ભાગવતના મત પ્રમાણે અવતાર અસંખ્ય છે. તે બધામાંથી રામ અને કૃષ્ણ હિંદુસ્તાનમાં વિશેષભાવે પૂજાય છે. મહર્ષિ વાલ્મીકિએ પ્રાચીન વીરયુગના પૂર્ણ આદર્શરૂપ, સત્યપરાયણતા અને સમગ્ર નીતિતત્ત્વની સાકાર મૂર્તિસ્વરૂપ, આદર્શ પુત્ર, આદર્શ પતિ, આદર્શ પિતા, સર્વશ્રેષ્ઠ આદર્શ રાજ્યકર્તા રામચંદ્રનું ચરિત્ર આલેખીને આપણી સમક્ષ રજુ કર્યું છે. જે ભાષામાં એ મહાકવિએ રામચંદ્રજીના ચરિત્રનું વર્ણન કર્યું છે તેના કરતાં વધારે શુદ્ધ, મધુર અને સરલ ભાષા કોઇ પણ દેશના સાહિત્યમાં જડતી નથી; અને સીતા ! સીતાના ચારિત્ર્યનું વર્ણન કેવી રીતે થઇ શકે ? તમે આખા જગતનું તમામ પ્રાચીન સાહિત્ય શોધી વળો, તોપણ હું તમને હિંમતપૂર્વક કહી શકીશ કે સીતા જેવું બીજું સ્ત્રીપાત્ર શોધવામાટે જગતના ભવિષ્યનું સાહિત્ય ઉથામી જોતાંયે તમે તેવું પાત્ર શોધી શકશો કે કેમ એ સવાલ છે. સીતાનું ચારિત્ર્ય અસાધારણ છે. એવું ચિત્ર તો જગતમાં એકજવાર ચીતરાયું છે. ફરી કદિ કોઇએ ચીતર્યું નથી અને કોઇ ચીતરી શકશે પણ નહિ. કદાચ રામ જેવા પુરુષો અનેક થઇ ગયા હોય, પણ સીતા જેવી નારી તો અદ્વિતીયજ છે. ભરતખંડની સ્ત્રીઓએ સીતાનો આદર્શ પોતાની સન્મુખ રાખીને તેના જેવા થવાનો યત્ન કરવો જોઇએ. સ્ત્રીચારિત્ર્ય સંબંધે ભરતખંડની પ્રજાએ જે આદર્શ ઘડ્યો છે તે આદર્શ સીતામાં સર્વાંશે ઉતર્યો છે અને ભરતખંડની અથવા કોઇ પણ દેશની ઉત્તમ સ્ત્રીઓનાં ચારિત્ર્ય સીતાના ચારિત્ર્યમાં સમાઇ જાય એવી સીતા અલૌકિક છે. આજ હજારો

* જિજ્ઞાસુની અવસ્થાએ પહોંચેલા મનુષ્યને માટેજ આ કથન સમજવાનું છે. જેઓ માત્ર સ્થૂલ પદાર્થો અને તે પાછળના ભ્રમણથી વધુ કાંઇ સમજતા નથી તેમને માટે તો એ તીર્થયાત્રા વગેરેજ ઉન્નત જીવન તરફ ડોકીયું કરવાના પ્રાથમિક દ્વારરૂપ છે.

મંત્રી.

વર્ષ થયાં આ દેશનાં નાનાંમોટાં સર્વ માણસો સીતાનું પૂજન કરતાં આવ્યાં છે. અપૂર્વ મહિમાવાન સીતા, પવિત્રતા કરતાં પણ વધારે પવિત્ર, સહિષ્ણુતાની જીવંત મૂર્તિ સીતા અનંતકાળસુધી ભરતખંડનાં સ્ત્રીપુરુષોને હાથે પૂજાયાજ કરશે. જેણે લેશમાત્ર પણ થાકયા વિના અત્યંત દુઃખમય જીવન વ્યતીત કર્યું, તે પરમ સાધ્વી, પરમ વિશુદ્ધ ચારિત્ર્યવતી, આદર્શપત્ની સીતા એકલી મનુષ્યજાતિને માટેજ નહિ, પણ દેવતાઓમાટે પણ આદર્શરૂપ ગણાશે અને આપણા દેશમાં પૂજનીય દેવતા તરીકે અનંતકાળપર્યંત પૂજાતીજ રહેશે. આપણે બધા તેના ચરિત્રને સારી રીતે જાણીએ છીએ એટલે વિશેષ વર્ણન કરવાની જરૂર નથી. આપણાં સઘળાં પુરાણો નષ્ટ થઇ જાય, વેદ સુદ્ધાં તમામ શાસ્ત્રોનો નાશ થઇ જાય, આપણી સંસ્કૃત ભાષાનું નામ હમેશને માટે જગતમાંથી ભૂંસાઇ જાય; તોપણ હું કહું છું તે ધ્યાન રાખીને સાંભળજો કે જ્યાંસુધી આપણા દેશમાં ગ્રામ્ય ભાષા બોલનારા અજ્ઞાન પાંચજ હિન્દુઓ જીવતા રહેશે, ત્યાંસુધી સીતાની કથા તો થવાનીજ. સીતા આપણા દેશનાં સ્ત્રીપુરુષોની નાડીએનાડીમાં અને રગેરગમાં સંચરી ગઇ છે. પ્રત્યેક હિંદુ સ્ત્રીપુરુષના રુધિરમાં સીતાનું રક્ત ઉછાળા મારે છે; આપણે સઘળા સીતાનાં સંતાન છીએ. આપણી સ્ત્રીઓને હાલના નવા જમાનાનો રંગ ચડાવવાનો પ્રયત્ન થાય છે, પણ જો એ પ્રયત્નથી એટલે આધુનિક કેળવણીથી તેમને સીતાના ચરિત્રના આદર્શમાંથી ભ્રષ્ટ કરવામાં આવશે, તો જરૂર માનજો કે એ કેળવણી અને એ શ્રમ બરબાદ જશે. એનાં દૃષ્ટાંત આપણે દરરોજ જોઇએ છીએ. **ભરતખંડની સ્ત્રીઓ માત્ર સીતાને પગલે ચાલીનેજ પોતાની ઉન્નતિ સાધે એજ ઇષ્ટ છે. હિંદુસ્તાનની સ્ત્રીજાતિની ઉન્નતિનો આ એકજ માર્ગ છે.**

હવે હું એક એવા મહાપુરુષવિષે કહેવા માગું છું કે જેમનું આખા દેશમાં અનેકરૂપે પૂજન થાય છે; જે સ્ત્રી, પુરુષ બાળક, વૃદ્ધ, સર્વના; પરમ પ્રિય આરાધ્ય દેવતા છે. હું એવા મહાપુરુષવિષે કહેવા માગું છું કે જેમને ભાગવતના પ્રણેતા માત્ર ઇશ્વરાવતાર કહીનેજ સંતોષ પામતા નથી, પણ કહે છે કેઃ—

एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम् ।

" બીજા અવતાર તો ભગવાનના અંશ–કલાસ્વરૂપ છે પણ કૃષ્ણ તો સ્વયં ભગવાનજ છે. " એવા ભગવાન શ્રીકૃષ્ણવિષે હું કાંઇક કહેવાનો વિચાર રાખું છું.

જ્યારે આપણે શ્રી કૃષ્ણના વિવિધ ભાવયુક્ત ચારિત્ર્યનું અવલોકન કરીએ છીએ ત્યારે આપણને સહજ જણાય છે કે, એમને માટે આવાં વિશેષણો વપરાય એમાં જરા પણ આશ્ચર્ય નથી. તે એકી વખતે અપૂર્વ સંન્યાસી અને અદ્‌ભુત ગૃહસ્થ હતા. તેમનામાં રજોગુણની ક્રિયાશકિતનો અસાધારણ વિકાસ થએલો હતો, છતાં તેમનું જીવન અપૂર્વ સાત્ત્વિક ત્યાગની ભાવનાથી ભરપૂર હતું. ભગવદ્-

ગીતાનો અભ્યાસ કર્યા વગર શ્રીકૃષ્ણના ચારિત્ર્યનું રહસ્ય કદિપણ સમજી શકાયજ નહિ. કારણ કે ગીતામાં તેમણે જે ઉપદેશ આપ્યો છે તેના તે જીવંત મૂર્તિસ્વરૂપ હતા. આ નિયમ દરેક અવતારને લાગુ પડે છે. જે સત્યનો પ્રચાર કરવાના હેતુથી અમુક અવતાર થયો હોય તે સત્ય તે અવતારના ચારિત્ર્યમાં સાકારરૂપે માલૂમ પડે છે. ગીતાના પ્રચારક શ્રીકૃષ્ણ પોતાના આખા જીવનમાં ગીતાનાં સત્યોનો મૂર્તિરૂપ દેખાતા હતા. તે અનાસક્તિના એક મહાન દૃષ્ટાંતરૂપ હતા. તે પોતાના રાજ્યનો પરિત્યાગ કરે છે અને તેને માટે મનમાં જરા પણ તૃષ્ણા રાખતા નથી. શ્રીકૃષ્ણ–ભરતખંડના તમામ રાજાઓના મુકુટમણિ, જેના એક શબ્દમાત્રથી રાજાધિરાજો સિંહાસન ઉપરથી પદભ્રષ્ટ થઇ જતા તે પોતે રાજા થવાની જરાએ પરવા કરતા નથી. તે બાળપણમાં જેવા સરલભાવથી ગોપીઓ સાથે રમતા હતા તેવોજ સરલભાવ તેમના જીવનની અન્ય અવસ્થાઓમાં પણ જોવામાં આવે છે.

તેમના જીવનનો જે ચિરસ્મરણીય પ્રસંગ અત્યારે મને યાદ આવે છે તે ઘણોજ દુર્બોધ્ય છે; અને જ્યાંસુધી મનુષ્ય પૂર્ણ બ્રહ્મચર્યવાન અને પવિત્ર ન થયો હોય ત્યાંસુધી એ અદ્‌ભુત પ્રસંગનું રહસ્ય સમજવાને તેણે માથું મારવું નહિ એજ બેહેતર છે. એ પ્રસંગ પ્રેમના અત્યંત અદ્‌ભુત વિકાસનો પ્રસંગ; જે વૃન્દાવનની મધુર લીલાના વર્ણનમાં એક સુંદર રૂપકના આકારમાં વર્ણવાયો છે, તેનું રહસ્ય સમજવાનો અધિકાર તેનેજ પ્રાપ્ત થઇ શકે, કે જે પ્રેમમદિરાના પાનથી એકાએક પ્રેમોન્મત્ત બની ગયો હોય. એવા મનુષ્ય સિવાય એ વિષયમાં હાથ ઘાલવાનો બીજા કોઇનો અધિકાર નથી. ગોપાંગનાઓની પ્રેમજનિત વિરહવેદનાનો ભાવ સમજવાને કોણ શક્તિવાન છે? જે પ્રેમ, પ્રેમના સર્વોત્તમ આદર્શસ્વરૂપ છે, જે પ્રેમ (પ્રેમમૂર્તિ સિવાય) બીજા કશાની આશા–અપેક્ષા રાખતો નથી, જે પ્રેમને સ્વર્ગની પણ પરવા નથી, જે પ્રેમને આ લોક પરલોકની કોઇ પણ વસ્તુની લેશમાત્ર સ્પૃહા નથી! બંધુઓ! જો નિર્ગુણ અને સગુણ ઈશ્વર સંબંધી વિસંવાદનું કોઇ રીતે સમાધાન થઇ શકતું હોય તો તે ગોપીઓના પ્રેમદ્વારાજ થઇ શકે એમ છે. આપણે સારી પેઠે જાણીએ છીએ કે સગુણ ઈશ્વર કરતાં નિર્ગુણ ઈશ્વર સંબંધી વધારે ઉંચો આદર્શ કલ્પવાને મનુષ્ય અસમર્થ છે. વળી આપણે એમ પણ જાણીએ છીએ કે દાર્શનિક દૃષ્ટિથી જોતાં આખું જગત જેનો પ્રકાશ માત્ર છે એવા અખંડ, પરિપૂર્ણ અને વિશ્વવ્યાપી પરબ્રહ્મને નિર્ગુણ માનવો એજ મત વધારે સ્વાભાવિક છે. બીજી બાજુએ આપણા હૃદયનું વલણ સાકાર ઈશ્વર તરફ સહેજે થાય છે. આપણા હૃદયને ઈશ્વરનું એવું સ્વરૂપ પ્રિય લાગે છે કે જેને આપણે સ્પર્શ કરી શકીએ અને જેના ચરણમાં ઢળી પડીને આપણા હૃદયના ઉમળકાનો ઉભરો ઠાલવી નાખીએ. આથી ઈશ્વરનું સગુણ સ્વરૂપ એ મનુષ્યની

શક્તિ જોતાં તેણે ઘડેલો ઉંચામાં ઉંચો આદર્શ છે; પણ આ આદર્શ બુદ્ધિવાદ આગળ ટકી શકતો નથી. એજ જૂનામાં જૂનો મહાપ્રશ્ન, કે જે બ્રહ્મસૂત્રોમાં ચર્ચાયો છે, જે દ્રૌપદીએ વનવાસસમયે યુધિષ્ઠિર સાથેના વિવાદપ્રસંગે તેને પૂછયો હતો, કે જો ઈશ્વર સગુણ, સંપૂર્ણ દયામય અને સર્વશક્તિમાન્ હોય તો આ નરક જેવો દુઃખમય સંસાર શા માટે આપણી નજરે પડે? શા માટે તેણે આવી સૃષ્ટિ ઉત્પન્નજ કરી? તેને તો અત્યંત પક્ષપાતી કહેવો જોઇએ, આ પ્રશ્નનું કોઇ પણ રીતે સંતોષકારક નિરાકરણ થઇ શકતું નથી. જો એવું કોઇપણ ઠેકાણે નિરાકરણ થએલું હોય તો તે માત્ર ગોપીઓના પ્રેમવિષે શાસ્ત્રમાં જે કહેલું છે તેમાંજ જોવામાં આવશે. ગોપીઓ કૃષ્ણને કોઇ પણ વિશેષણ લગાડવાનું પસંદજ કરતી નહિ. કૃષ્ણ સર્વશક્તિમાન્ છે, સૃષ્ટિનો રચનાર છે, એ બધું જાણવાની તેમને દરકારજ ન હતી. કૃષ્ણ અનંત પ્રેમમય છે એટલુંજ જ્ઞાન તેમને માટે પૂરતું હતું; એટલુંજ તેઓ સમજતી હતી. ગોપીઓ કૃષ્ણને હમેશાં વૃન્દાવનમાં ગોપ-જીવન ગાળનાર કૃષ્ણ તરીકેજ ઓળખતી હતી. રાજાધિરાજ શ્રીકૃષ્ણ, અસંખ્ય યોદ્ધાના સમૂહના નેતા શ્રીકૃષ્ણ, ગોપીઓને મન માત્ર એક ગોપાલબાલકજ હતા.

न धनं न जनं न सुंदरीं कवितां वा जगदीश कामये।
मम जन्मनि जन्मनीश्वरे भवताद्भक्तिरहैतुकी त्वयि॥

"હે જગદીશ! હું ધન, સ્વજન, કવિતા અથવા સુંદર સ્ત્રી એમાંનું કાંઇ માગતો નથી; માત્ર જન્મે જન્મે તમારા તરફ મારી અહૈતુકી–નિષ્કામ ભક્તિ રહે એટલુંજ માગું છું." ધર્મના ઇતિહાસમાં આ ભાવનાએ એક નવીન પ્રકરણ ઉઘાડયું છે. અહૈતુકી ભક્તિ–પ્રેમનીજ ખાતર પ્રેમ, કોઇપણ જાતના બદલાની ઇચ્છા વગરનો નિર્મળ પ્રેમ, નિષ્કામ કર્મ એ ઉપદેશ ભગવાન્ શ્રીકૃષ્ણદ્વારા આખા જગતને સૌથી પહેલીજ વાર મળ્યો. માનવજાતિના ઇતિહાસમાં કર્મભૂમિ ભરત-ખંડના ક્ષેત્ર ઉપર સર્વશ્રેષ્ઠ અવતાર શ્રીકૃષ્ણના મુખમાંથી આ ઉપદેશ સૌથી પહે-લીજવાર પ્રકટ થયો. ભયોત્પાદક નિષેધાત્મક ધર્મ એટલે અમુક પ્રકારનાં ધર્મા-ચરણ નહિ કરો તો નરકની યાતના ભોગવવી પડશે, તેમજ સકામ ધર્મ એટલે અમુક કર્મ કર્યાથી સ્વર્ગસુખની પ્રાપ્તિ થશે, એ માન્યતાઓનો અધિકાર હમેશને માટે નષ્ટ થયો અને મનુષ્યના હૃદયમાં નરકની ભીતિ તથા સ્વર્ગભોગની વાસનાને ઠેકાણે અહૈતુકી ભક્તિ અને નિષ્કામ કર્મ, એ બે ઉંચામાં ઉંચા આદર્શની સ્થાપના થઇ.

એ નિર્મળ પ્રેમનો મહિમા હું કયી ભાષામાં વર્ણવું? હું તો તમને આટલુંજ કહી શકું છું કે ગોપીઓનો પ્રેમ એ બહુજ દુર્લભ પદાર્થ છે; એનું રહસ્ય સમજવું એ બહુજ મુશ્કેલ છે. શ્રીકૃષ્ણના જીવનના આ અપૂર્વ પ્રસંગનું અદ્ભુત

રહસ્ય સમજવાને અશક્ત હોય એવા મૂર્ખ આપણામાં પણ ઘણા છે. હું ફરીથી કહું છું કે આપણાજ લોકોમાં એવા અપવિત્ર હૃદયના અને મૂર્ખ મનુષ્યો છે, કે જેઓ ગોપીઓના પ્રેમનું નામ સાંભળતાંજ તેને અત્યંત અપવિત્ર વ્યવહાર સમજીને રખેને પોતે અભડાઇ જાય એવા ભયથી તેનાથી દૂરના દૂર રહે છે. એવા લોકોને હું એટલુંજ કહેવા ઇચ્છું છું કે પહેલાં તમે તમારા હૃદયને પવિત્ર કરો, તમારા હૃદયમાંથી કામવાસનાને નિર્મૂળ કરી નાખો; અને એટલું પણ બરાબર સ્મરણમાં રાખો કે જેણે આ ગોપીઓના અદ્‌ભુત પ્રેમનું વર્ણન કર્યું છે, તે બીજા કોઇજ નહિ પણ આજન્મશુદ્ધ વ્યાસપુત્ર શુકદેવ છે. જે ઇતિહાસકાર ગોપીઓની અદ્‌ભુત પ્રેમભાવનાને ઇતિહાસના પટ ઉપર નોંધે છે તે મહાયોગી, મહાભક્ત, જન્મથીજ વૈરાગ્યવાન્ મહાત્મા શુકદેવ છે. જ્યાંસુધી તમારા હૃદયમાં સ્વાર્થપરાયણતા વાસ કરી રહી છે, ત્યાંસુધી ઇશ્વરપ્રેમ તમારે માટે દુષ્પ્રાપ્ય પદાર્થ છે. તમે જેને ઇશ્વરભક્તિ કહો છો તે તો માત્ર ભક્તિનો વ્યાપારી વ્યવહાર છે. 'હે ઇશ્વર! હું તને કાંઇક આપું છું; તેના બદલામાં તું મને અમુક પદાર્થ આપ.' તમારી પ્રાર્થનામાં તમે એવુંજ કાંઇક બોલો છો; અને તમારો ઇશ્વર તમને કહે છે કે 'જો તમે અમુક પ્રકારનાં આચરણ નહિ કરો, તો યાદ રાખજો કે તમારા મરણ પછી હું તમારી ખબર લઇશ. તમને કદાચ અનંતકાળપર્યંત ભડભડ બળતા અગ્નિમાં શેકી નાખીશ.' જ્યાંસુધી મગજમાં આવા પ્રકારના ખ્યાલનું ભૂસું ભરેલું હોય, ત્યાંસુધી ગોપીઓની પ્રેમજનિત વિરહવેદના અને ઉન્માદાવસ્થા શી રીતે સમજી શકાય?

"सुरतवर्धनं शोकनाशनं स्वरितवेणुना सुष्ठु चुम्बितम् ।
इतररागविस्मारणं नृणां वितर वीर नस्तेऽधरामृतम् ॥"

श्रीमद्‌भागवत

"હે પ્રાણવલ્લભ! એકવાર-બસ એકવાર તારા અધરામૃતનું પાન કરાવ, તારા અધરામૃતનું પાન એકજ વાર જેમણે કર્યું છે, તેમની અધરામૃતની તૃષા વધતીજ જાય છે, તેમના સર્વ સંતાપનો નાશ થયો છે, તેઓને બીજા સર્વ પ્રિય વિષયોનું વિસ્મરણ થયું છે. માત્ર તુંજ-તું એકલોજ અમારી પ્રીતિનો વિષય છે."

અહાહા! એકવાર ધનપ્રાપ્તિનો, યશ વધારવાનો મિથ્યા લોભ મૂકી દો; એકવાર આ ક્ષણભંગુર સંસાર ઉપરની તમારી આસક્તિનાં બંધન તોડી નાખો; એમ કરશો તોજ તમે ગોપીના પ્રેમનો અર્થ સમજી શકશો. ગોપીનો પ્રેમ એ એવી વિશુદ્ધ ભાવના છે કે તમામ પાર્થિવ પદાર્થોનો, અને વાસનાઓનો સમૂળો ત્યાગ કર્યા વગર તેને સમજવાનો પ્રયત્ન કરવો ફોગટ છે. જ્યાંસુધી અંતઃકરણ સંપૂર્ણ રીતે પવિત્ર ન થયું હોય, ત્યાંસુધી એ પ્રેમનું રહસ્ય ઉકેલવાનો પ્રયત્ન

મિથ્યા છે. અંતઃકરણમાં કામવાસના, ધનલોભ અને યશની આકાંક્ષાનાં ઝરણાં ફૂટયાંજ કરતાં હોય છતાં ગોપીના પ્રેમની પરીક્ષા અને પૃથક્કરણ કરવા બેસવું, એ કેટલી ધૃષ્ટતા ! ગોપીનો પ્રેમ જગતને શીખવવો એજ કૃષ્ણાવતારનો મુખ્ય ઉદ્દેશ હતો. ગોપીનો પ્રેમ એ એવો સ્વર્ગીય અને પરમ પવિત્ર આદર્શ છે કે, વેદાન્ત અને દર્શનશાસ્ત્રના શિરોમણિતુલ્ય ગીતાજેવો ગ્રંથ પણ એ પ્રેમની આગળ કાંઇ હિસાબમાં નથી. ગીતાનો ઉપદેશ સાધકને ધીરે ધીરે લક્ષ્યબિંદુ તરફ પ્રયાણ કરવાને પ્રેરે છે; પણ આ ગોપીનો પ્રેમ પ્રભુપ્રીતિના આસ્વાદનથી થએલી ઉન્માદાવસ્થા, ગાઢ પ્રેમોન્મત્તતા, જ્યાં ગુરુ અને શિષ્ય, શાસ્ત્ર અને ઉપદેશ, ઇશ્વર અને સ્વર્ગ, સૌ એકાકાર, તન્મય થઇ જાય છે; જ્યાં ભયમૂલક ધર્મનું ચિન્હસરખું પણ નથી; જ્યાં માત્ર એક પ્રેમોન્મત્તતા સિવાય બીજું કાંઇજ નજરે પડતું નથી, ત્યાં સંસારની પૂર્ણ વિસ્મૃતિ થઇ જાય છે. પ્રેમોન્મત્ત ભકત આખા સંસારમાં એક કૃષ્ણ સિવાય બીજો કોઇ પદાર્થ જોઇજ શકતો નથી. તેને સર્વ પ્રાણીમાં, સર્વ પદાર્થમાં કૃષ્ણનુંજ દર્શન થાય છે. તેની પોતાની કાંતિ પણ કૃષ્ણતુલ્ય દેખાય છે. તેનો આત્મા પણ કૃષ્ણના રંગથી રંગાઇ ગયો છે. મહાનુભાવ શ્રીકૃષ્ણનો આવો અદ્‌ભુત મહિમા છે !

શ્રીકૃષ્ણના જીવનની નાની નાની બાબતો લઇને તે વિષે ચર્ચા કરવામાં ખાલી વખતની બરબાદી કરતા નહિ. તેમના જીવનનો જે મુખ્ય અંશ છે તેનુંજ અવલંબન કરો. શ્રીકૃષ્ણના જીવનચરિત્રમાં અલબત્ત ઐતિહાસિક દોષ છે, અનેક ક્ષેપક છે, એ બધું ભલે રહ્યું, તેની સાથે આપણે લેવા દેવા નથી; પણ સમાજમાં જેને લીધે અપૂર્વ ભાવનો ઉદય થયો તેને અલબત્ત ઐતિહાસિક આધાર હોવો જોઇએ. બીજા કોઈ પણ પયગંબર અથવા મહાપુરુષના જીવનનું તથા તેના ઉપદેશોનું અવલોકન કરી જુઓ. તમને તરતજ જણાશે કે તેમણે જે ઉપદેશ આપ્યા છે, તે તેમની પહેલાંના મહાપુરુષોનાં વચનના પ્રતિધ્વનિજ છે; અથવા તેમના સમયમાં દેશમાં જે જે વિચારો અને ભાવનાઓ પ્રચલિત થએલાં હતાં તેમનો તેમણે વિશેષરૂપે પદ્ધતિસર પ્રચાર કર્યો છે. તે એટલે સુધી કે એ મહાપુરુષો ખરેખર થઈ ગયા છે કે કપોલકલ્પિત છે તે વિષે પણ ઘણા વિદ્વાનોને સંદેહ પડે છે. પણ નિષ્કામ કર્મ, વિશુદ્ધ પ્રેમતત્ત્વ, અહૈતુકી ભકિત, એ આદર્શો શ્રીકૃષ્ણના અગાઉના સમયમાં કદિ કોઇએ પ્રકટાવ્યા હતા એમ સાબિત કરવાને કોઇ તૈયાર છે ? જો એ આદર્શો શ્રીકૃષ્ણદ્વારાજ સૌથી પહેલીવાર જગતમાં જાહેર થયા હોય, તો તેને પ્રગટાવનાર પુરુષ હોવોજ જોઇએ એમાં શો સંદેહ ? આ આદર્શો શ્રીકૃષ્ણે બીજા કોઇ મહાપુરુષના ઉપદેશમાંથી પ્રાપ્ત કર્યા છે અને એ તેમના પોતાના તદ્દન અપૂર્વ ભાવો નથી એમ સાબિત- થઇ શકતું નથી; કારણ કે શ્રીકૃષ્ણના પ્રાકટ્ય પહેલાં નિષ્કામ

પ્રેમ અને નિષ્કામ કર્મની ભાવનાઓ દેશમાં પ્રચલિત થઇ હોય એમ તે સમયના ઇતિહાસ ઉપરથી માલૂમ પડતું નથી; ભગવાન્ શ્રીકૃષ્ણ એ ભાવનાઓના સૌથી પહેલા પ્રચારક હતા. તેમના અનુયાયી વેદવ્યાસે એ ભાવનાઓને સાધારણ જનસમાજમાં વહેતી મૂકી. માનવ ભાષામાં આવો સર્વોત્તમ આદર્શ કદિ લખાયો નથી. વ્યાસના રચેલા ગ્રંથ (ભાગવત) માં ગોપીજનવલ્લભ–વૃન્દાવનનો ગોપબાલ–એ કરતાં વધારે ઉંચી ભાવના હોઇ શકેજ નહિ. જ્યારે આપણા હૃદયમાં ગોપીના પ્રેમનો ઉન્માદ પ્રકટ થાય, જ્યારે આપણે ભાગ્યશાળી ગોપીઓના હૃદયનો ભાવ સમજી શકીએ, ત્યારે પ્રેમ એ શી વસ્તુ છે તે આપણે જાણી શકીએ. જ્યારે આખું જગત્ આપણા દૃષ્ટિમાર્ગમાંથી વિલુપ્ત થઇ જાય, જ્યારે આપણા હૃદયમાં બીજી કોઇ પણ વાસનાનું બીજ સરખું પણ ન રહે, જ્યારે આપણી ચિત્તશુદ્ધિ સંપૂર્ણ થાય, જ્યારે આપણે માટે બીજું કાંઇ પણ પ્રાપ્તવ્ય કર્તવ્ય ન રહે, જ્યારે સત્યાનુસંધાન કરવાની પણ ઇચ્છા રહેવા ન પામે, ત્યારેજ આપણા હૃદયમાં એ પ્રેમોન્માદનો ઉદય થશે; ત્યારેજ આપણે ગોપીની અહેતુકી, પૂર્ણ નિષ્કામ પ્રેમભક્તિનું સ્વરૂપ સમજવાને અધિકારી થઇશું. એજ આપણું લક્ષ્યબિન્દુ છે. એ ગોપીનો પ્રેમ મળ્યો એટલે સર્વસ્વ મળ્યું એમજ સમજી લેજો.

હવે આપણે એક પગથીઉં નીચા ઉતરીને ગીતાના પ્રચારક શ્રીકૃષ્ણ સંબંધે આલોચના કરીએ. ભરતખંડમાં હમણાં એક એવા પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવતી જણાય છે કે, જેને ગાડીને ઘોડો જોડતી વખતે ઘોડાના મોં આગળ ગાડી જોડનારની મૂર્ખતાસાથે સરખાવી શકાય. આપણામાંના ઘણા માણસો એવો અભિપ્રાય ધરાવે છે કે શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે જે પ્રેમલીલા કરી હતી તે કેટલેક અંશે ભેદભરેલી અને અશ્લીલ પણ છે ! સાહેબ લોકોને એ પસંદ નથી ! અમુક ડૉક્ટર એ ગોપીના પ્રેમને માટે સારો મત ધરાવતો નથી ! બસ, ત્યારે હવે ઉપાય શો ? સાહેબ લોકોને અને મહાનુભાવ યૂરોપિયન પંડિતોને પસંદ નથી, ત્યારે આપણે પણ શ્રીકૃષ્ણનું અને ગોપીઓનું શું કામ છે ? યૂરોપિયન લોકોના અનુમોદન વગર કૃષ્ણ રહીજ કેમ શકે ? મહાભારતમાં એકાદ બે નજીવા પ્રસંગો સિવાય ગોપીઓનો ઉલ્લેખજ નથી; માત્ર દ્રૌપદીએ કરેલા સ્તવનમાં અને શિશુપાલે મરણ વખતે કરેલા ઉદ્‌ગારમાં વૃન્દાવનનો ઇસારોજ કરવામાં આવ્યો છે. બસ, એ તો ક્ષેપકજ હોવાં જોઇએ ! સાહેબ લોકોને પસંદ નથી ત્યારે આપણને પણ તેમનું પ્રયોજન શું ? ગોપીઓની કથા અને ખુદ શ્રીકૃષ્ણની કથા પણ ક્ષેપક છે ! આવું બોલનારા માણસો, વાણિજ્યવૃત્તિમાં તરબોળ થએલા જીવડાઓ, જેમનો ધર્મનો આદર્શ પણ વાણિજ્યવૃત્તિથી ભરપૂર છે, જેઓ અહીં અમુક સત્કર્મ કરીને તેના બદલામાં સ્વર્ગમાં જવાની આશા રાખે છે; તેઓ આ નિષ્કામ પ્રેમતત્ત્વને કેવી રીતે ઓળખી

શું ? જેઓ મારવાડીની માફક અમુક શુભ કર્મને માટે તેનો ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે બદલો લેવાની આશા રાખે છે, તેમના બુદ્ધિપ્રદેશમાં બિચારી પ્રેમઘેલી, ભોળી ગોપાંગનાઓને શી રીતે સ્થાન મળે ? ગીતાના અવલોકનથી આપણને જણાશે કે ગીતાના જેવો વેદની ટીકારૂપ ગ્રંથ બીજો લખાયો નથી અને લખી શકાય એમ પણ નથી.

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनंदनः ।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥

આ વચન અક્ષરે અક્ષર સત્ય છે. શ્રુતિ અને ઉપનિષદોના અર્થ અત્યંત દુર્બોધ્ય છે; તેમનું તાત્પર્ય સમજવું બહુ મુશ્કેલ છે; કારણ કે અનેક ભાષ્યકારોએ પોતપોતાના મતનું પ્રતિપાદન કરવામાટે પોતાને ફાવે તેવા અર્થ મારી મચડીને બેસાડ્યા છે. આથી કરીને ભગવાન્ પોતે જે શ્રુતિના પ્રેરનાર છે, તેમણે જાતે અવતાર ધારણ કરીને, ગીતાના પ્રચારક બનીને શ્રુતિનું તાત્પર્ય સ્પષ્ટ ભાષામાં સમજાવ્યું. જે પદ્ધતિએ શ્રીકૃષ્ણ ભગવાને શ્રુતિના રહસ્યનું સ્પષ્ટીકરણ કર્યું, તે પદ્ધતિ ભરતખંડને તેમજ આખા જગતને બીજા કોઇ પણ પદાર્થ કરતાં વધારે જરૂરની છે. એમના પછીના જમાનામાં અનેક ભાષ્યકારોએ શ્રુતિ ઉપર તેમજ ગીતા ઉપર ભાષ્યો લખ્યાં છે; પણ આશ્ચર્ય અને ખેદની વાત એ છે કે એ ભાષ્યકારો શ્રુતિ ઉપર અને ખુદ ગીતાભાષ્ય લખતી વખતે પણ ભગવાનના વાક્યનું રહસ્ય સમજી શક્યા નથી; કારણ કે આપણે જોઇએ છીએ કે ગીતામાં એક વાત કહેલી છે, ત્યારે આધુનિક ભાષ્યકારો કાંઇ બીજીજ વાતનું પીંજણ કરે છે. એક અદ્વૈતવાદી ભાષ્યકાર ઉપનિષદ્ ઉપર ટીકા લખવા તૈયાર થાય છે. હવે ઉપનિષદોમાં દ્વૈતવાદાત્મક અનેક વાક્યો છે, તે બધાંને મારી મચડીને પોતાના અદ્વૈતવાદ સાથે તેમનો મેળ બેસાડે છે અને એમ કરતાં ઉપનિષદ્‌નું ખરૂં રહસ્ય મારર્યું જાય છે. વળી બીજો કોઇ દ્વૈતવાદી ભાષ્યકાર ઉભો થાય છે અને તે અદ્વૈતાવાદાત્મક વાક્યોને ગમે તેમ કરી મારી મચડીને દ્વૈતવાદ સાથેજ ઘટાવી દે છે; પરંતુ ગીતામાં શ્રુતિના તાત્પર્યને ઉપર કહેવામાં આવ્યું તેમ વિકૃત કરવાનો લેશ માત્ર પણ યત્ન કર્યો નથી. ભગવાન્ પોતેજ કહે છે કે "એ સર્વ જુદા જુદા સિદ્ધાન્તો સત્ય છે. આત્મા ધીરે ધીરે સ્થૂલમાંથી સૂક્ષ્મ અને સૂક્ષ્મમાંથી વધારે સૂક્ષ્મમાર્ગે આરોહણ કરતો જાય છે. એમ કરતાં આખરે જીવાત્માને પરમ લક્ષ્ય અનંતપૂર્ણ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે." ગીતામાં એવી પદ્ધતિથી વેદનું તાત્પર્ય સમજાવ્યું છે કે કર્મકાંડ જેવા વિષયને પણ ગીતામાં સ્થાન મળ્યું છે; અને સાથે એમ પણ બતાવવામાં આવ્યું છે કે કર્મકાંડવડે પ્રત્યક્ષ મુક્તિ પ્રાપ્ત થતી નથી; તોપણ મુક્તિના માર્ગ તરફ આગળ વધવામાં કર્મ પરોક્ષ રીતે સાધન થઇ પડે છે એ વાત સત્ય છે. મૂર્તિપૂજન, નાના પ્રકારની યજ્ઞયાગાદિક ક્રિયાઓ, વ્રતો, અનુષ્ઠાનો, એ સર્વ ઉચિત અને

ઉપયોગી છે; પરંતુ જો તે માત્ર એકજ મુખ્ય બાબત ઉપર લક્ષ રાખીને કરવામાં આવે તોજ; અને તે બાબત તે " ચિત્તની શુદ્ધિ " છે. જો હૃદય શુદ્ધિ અને સરલ થયું હોય તોજ ઉપાસના યથાર્થ રીતે કરી શકાય અને તોજ તે આપણને અંતિમ લક્ષ્યસુધી લઈ જાય. એ દૃષ્ટિબિંદુથી ભિન્ન ભિન્ન પ્રકારની ઉપાસના કરવાની પદ્ધતિઓ જરૂરની છે; કારણ કે તેમ ન હોત તો તેમની ઉત્પત્તિજ કેમ થઇ શકત ? નાના પ્રકારના ધર્મો અને મતમતાંતરો દાંભિક અને દુષ્ટ માણસોએ લોકો પાસેથી દ્રવ્ય નીચોવી લેવાના ઉદ્દેશથીજ પ્રચલિત કરેલા છે એવું હાલ કેટલાક માણસો માને છે, પરંતુ તેમ નથી. તેઓએ કરેલા આરોપ ઉપરચોટિયા દૃષ્ટિએ ગમે તેટલા સત્ય અને સંગીન જણાય; તોપણ સત્ય હકીકત તો એજ છે કે, ધર્મની અથવા સંપ્રદાયની સ્થાપના કોઇ પણ મનુષ્યે નવીન રચના કરવાના ઇરાદાથી કરેલીજ નથી. મનુષ્યજાતિની સ્વાભાવિક જરૂરીઆતને સંતોષવાને માટે કુદરતી રીતેજ જુદા જુદા ધર્મ અથવા સંપ્રદાયનું બંધારણ થએલું છે. જુદી જુદી શ્રેણીનાં, જુદા જુદા અધિકારવાળાં મનુષ્યોની ધર્મપિપાસા તૃપ્ત કરવાને અર્થે નાના પ્રકારના સંપ્રદાયો ઉભા થએલા હોવાથી તેમની વિરુદ્ધ લડત ચલાવવાથી સારૂં ફળ આવનાર નથી. જે દિવસે એ સંપ્રદાયોની જરૂરીઆત નહિ રહે તેજ દિવસે જરૂરીઆતને અભાવે તે આપોઆપ સૂકાં પાંદડાંની માફક ખરી પડશે; પણ જ્યાંસુધી તેમનું થોડું પણ પ્રયોજન રહેશે, ત્યાંસુધી તમે ગમે તેટલા પ્રબળ આઘાત કરો, ગમે તેટલી કડક ટીકા કરો, લડત ચલાવો તોપણ તે રહેશેજ રહેશે. તમે બંદુકો અને શસ્ત્રોનો ઉપયોગ કરીને જગતમાં લોહીની નદીઓ વહેવડાવો, પણ જ્યાંસુધી મૂર્તિપૂજન મનુષ્યના ધર્મજીવનની એકાદ પણ જરૂરીઆત પૂરી પાડશે, ત્યાંસુધી તમે કદિ પણ મૂર્તિપૂજનનો બહિષ્કાર કરાવવામાં વિજય મેળવશો નહિ. ઉપાસના કરવાની જુદા જુદા પ્રકારની પદ્ધતિઓ એ ધર્મમાર્ગની જુદી જુદી નીસરણીઓ છે, અને તેથી તે રહેવીજ જોઇએ એમ આપણે શ્રીકૃષ્ણના ઉપદેશવડે જાણી શકીએ છીએ.

ભગવાન્ શ્રીકૃષ્ણના અંતર્ધાન થયા પછીના યુગમાં ભરતખંડના ઇતિહાસનો એક શોચનીય અધ્યાય શરૂ થાય છે. ભગવદ્ગીતામાંજ નાના પ્રકારના સંપ્રદાય વચ્ચે મચી રહેલા તુમુલ યુદ્ધના કોલાહલનો ધ્વનિ દૂરથી આપણા કાનને અથડાતો લાગે છે; અને તેથીજ સમાધાનમંત્રના મહાન્ અને અદ્ભુત ઉપદેશક શ્રીકૃષ્ણ જાણે વચ્ચે પડીને વિરોધનું ઉપશમન કરવા શાંતિમંત્ર ન ભણતા હોય તેમ કહે છે કેઃ—

मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव । **भगवद्गीता**

" જેમ સૂત્રવડે મણિ ગૂંથાએલા હોય તેમ આ સર્વ મારામાં ઓતપ્રોતપણે રહેલું છે. "

અલબત્ત, આપણને સાંપ્રદાયિક ઝગડાનો દૂરથી આવતો કોલાહલ તેજ ઘડીથી સંભળાવા લાગે છે. કદાચ ભગવાનના ઉપદેશના પ્રભાવને લીધે થોડા સમયસુધી એ વિરોધ નરમ પડી ગયો હશે અને ભરતખંડના સમાજમાં શાંતિ અને સમાધાનનું સામ્રાજ્ય પ્રવર્ત્યું હશે, પણ એ થોડા સમયને માટેજ. વિરોધનાં બીજ ભરતખંડના ક્ષેત્રમાં વવાયલાં હતાં; તેનો એક રૂપે નહિ તો બીજે રૂપે પણ અંકુર ફૂટ્યા વગર નજ રહ્યો. ખાસ ધર્મના મતભેદને લીધે નહિ તો જ્ઞાતિભેદને લીધે પણ કલહ ઉત્પન્ન થયો. આપણા સમાજનાં બે બળવાન્ અંગ–બ્રાહ્મણ અને ક્ષત્રિયવર્ગ–વચ્ચે કલહ મંડાયો; અને એક હજાર વર્ષસુધી જે પ્રબળ તરંગ આખા ભરતખંડ ઉપર સચરાચર વ્યાપી ગયો, તેની ઉંચામાં ઉંચી ટોચ ઉપર આપણને એક અલૌકિક મહિમાશાલી મૂર્તિનું દર્શન થાય છે. તે ભવ્ય મૂર્તિ કોણ ? ગૌતમબુદ્ધ અથવા શાક્યમુનિ. તમને સર્વને એ મહાપુરુષના ઉપદેશ તથા એમની ધર્મપ્રચાર કરવાની પદ્ધતિ વિદિત છે. આપણે એમનું ઈશ્વરના અવતાર તરીકે, સર્વશ્રેષ્ઠ નીતિતત્ત્વના પ્રચારક તરીકે, નિડર ધર્મોપદેશક તરીકે અને સર્વોત્તમ કર્મયોગી તરીકે પૂજન કરીએ છીએ. જાણે ભગવાન્ શ્રીકૃષ્ણ પોતે પોતાના શિષ્ય થઇને, પોતાનાંજ ઉપદેશેલાં નીતિસૂત્રોને વ્યાવહારિક સ્વરૂપ આપવાને બીજીવાર પ્રકટ ન થયા હોય ! જે મહાવાણીએ ભગવદ્ગીતાનો ઉપદેશ કર્યો તેજ વાણી પુનઃ સંભળાઇ અને જગતને ઉદ્બોધવા લાગી કેઃ—

स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ।

" આ ધર્મનું સાધારણ–અતિ અલ્પ અનુષ્ઠાન કર્યાથી પણ મહા ભયમાંથી રક્ષણ થાય છે. "

स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ।

" સ્ત્રીઓ, વૈશ્યો અને શૂદ્રો પણ પરમ ગતિને પામી શકે છે. "

શ્રીકૃષ્ણની મેઘગંભીર અને આશાપ્રદ મહિમાવંત વાણી સર્વનાં બંધન, સર્વની બેડીઓને તોડી નાખે છે; સર્વને પરમપદને પામવાનો સમાન અધિકાર છે એવી મંગલ ઘોષણા કરે છે. તે કહે છે કેઃ—

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः ॥

" જેનું મન સામ્યભાવમાં સ્થિર થયેલું છે, તેણે આ ક્ષણેજ સંસારનો જય કર્યો છે. બ્રહ્મ સમભાવરૂપ અને દોષરહિત હોવાથી તે બ્રહ્મમાં સ્થાન પ્રાપ્ત કરે છે. "

समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥

" પરમેશ્વરને સર્વત્ર સમભાવે રહેલા માનીને જે આત્માવડે આત્માની હિંસા કરતો નથી તે પરમ ગતિને પામે છે. "

ગીતાના આ ઉપદેશનું જીવંત ઉદાહરણ આપવાને માટે, તેના એક અંશને પણ વ્યાવહારિક સ્વરૂપમાં ઉતારવામાટે, એ ઉપદેશ આપનાર પોતેજ અન્ય રૂપ ધારણ કરીને બીજીવાર મર્ત્યલોકમાં પ્રકટ થયા; અને તે બીજા કોઇજ નહિ, પણ દુ:ખી દુર્બલ જીવોને ઉપદેશામૃતવડે સાંત્વન અને ધૈર્ય આપનાર, સાધારણ જનસમાજના હૃદયનાં ઉંડાણમાં પોતાનો સંદેશો પહોંચે તેટલામાટે દેવભાષા–સંસ્કૃત ભાષાનો ત્યાગ કરીને સામાન્ય લોકોની પ્રાકૃત ભાષામાં ઉપદેશ આપનાર, રાજ્યસિંહાસનના રાજસિક ઐશ્વર્યનો ત્યાગ કરીને દરિદ્ર, પતિત અને કંગાલ લોકોની સાથે વાસ કરનાર, બીજા રામચંદ્રની માફક અસ્પૃશ્ય ચંડાલને પ્રેમથી છાતી સરસો ચાંપનાર, દયા અને પ્રેમના મહાસાગરરૂપ શાકયમુનિ પોતેજ હતા.

તમને એ મહાપુરુષનું ચરિત્ર અને તેમનું અદ્‌ભુત ધર્મપ્રચારનું કાર્ય સારી રીતે વિદિત છે; પણ એ પ્રચાર કાર્યમાં એક મોટો દોષ હતો અને તે આજસુધી આપણને નડતો આવ્યો છે. ભગવાન્ બુદ્ધના પોતાના ચારિત્ર્યમાં લેશ માત્ર દોષ હતો નહિ, તેમનું ચારિત્ર્ય પરમ વિશુદ્ધ અને મહિમાવાન્ હતું, પણ દુર્ભાગ્યની વાત એ હતી કે બૌદ્ધધર્મના પ્રચારને પરિણામે જે નાના પ્રકારની અસંસ્કૃત–અશિક્ષિત જાતિઓ આર્યજનસમૂહમાં પ્રવેશ કરવા પામી, તેમનાથી બુદ્ધ ભગવાન્‌ના ઉચ્ચ આદર્શ સારી રીતે ધારણ કરી શકાયા નહિ. થોડા વખતસુધી તો એવાં ચિહ્ન દૃષ્ટિએ પડવા લાગ્યાં કે, એ અસંસ્કૃત મનુષ્યો કેટલેક અંશે સંસ્કૃતિ પ્રાપ્ત કરી શક્યા છે, પણ એકાદ સૈકો વીત્યો ન વીત્યો એટલામાં તો તેમના પૂર્વજો જેઓ સર્પ અને ભૂતપ્રેતાદિ ભયંકર પદાર્થોની પૂજા કરતા હતા, તેમની ઉપાસના પુન: ચાલુ થવા લાગી; અને એ રીતે આખો દેશ કુસંસ્કારપૂર્ણ વિધાનોથી ભરપૂર થઇ અત્યંત દુર્દશા અને અવનતિ તરફ ઢળવા લાગ્યો. શરૂઆતમાં બૌદ્ધધર્મના અનુયાયીઓ પ્રાણિહિંસા તરફ અત્યંત તિરસ્કાર બતાવીને વૈદિક યજ્ઞો કે જેમાં પ્રાણીઓનું બલિદાન આપવામાં આવતું, તેની વિરુદ્ધ લડત ચલાવતા હતા. બૌદ્ધધર્મનો ઉદય થયો તે જમાનામાં પ્રત્યેક હિંદુ કુટુંબોમાં એવા પ્રકારના યજ્ઞો કરવામાં આવતા હતા. પ્રત્યેક ઘરમાં યજ્ઞને માટે અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવતો, પણ યજ્ઞયાગાદિક સંબંધે આના કરતાં વિશેષ આડંબર કરવામાં આવતો નહિ. બૌદ્ધધર્મના પ્રચાર પછી આ યજ્ઞોનાં અનુષ્ઠાન બંધ થઇ ગયાં; પણ તેમને ઠેકાણે મોટાં ભવ્ય વિશાળ મંદિરો, આડંબરપ્રિય પુરોહિતો, વિલાસપૂર્ણ ઉપાસનાઓ વગેરે જે હાલ આપણે ભરતખંડમાં જોઇએ છીએ તે સર્વની ઉત્પત્તિ થવા લાગી. કેટલાક પંડિતો કે જેમની પાસેથી આપણે વિશેષ સત્ય હકીકત મેળવવાની આશા રાખી શકીએ,

તેમનાજ ગ્રંથોમાં જ્યારે હું જોઉં છું કે ગૌતમબુદ્ધે મૂર્તિપૂજનનું ખંડન કર્યું; ત્યારે મને હસવું આવે છે. બૌદ્ધધર્મવડેજ બ્રાહ્મણધર્મ અને મૂર્તિપૂજનની ઉત્પત્તિ થએલી છે એ વાતની તેમને ખબરજ નથી. એએક વર્ષની વાતપર એક રશિયન વિદ્વાને એક પુસ્તક પ્રકટ કર્યું હતું, તેમાં જીસસ ક્રાઇસ્ટના જીવન સંબંધે અદ્ભુત હકીકત શોધી કહાડવાનો ગ્રંથકારે દાવો કર્યો હતો. એ પુસ્તકમાં એવી હકીકત આપેલી છે કે, જીસસ ક્રાઇસ્ટ ધર્મસંબંધી ઉપદેશ ગ્રહણ કરવા માટે જગન્નાથના મંદિરમાં બ્રાહ્મણ પંડિતો પાસે ગયો હતો. બ્રાહ્મણ પંડિતોની સાંપ્રદાયિકતા અને મૂર્તિપૂજા જોઇને તેને અત્યંત કંટાળો ઉપજ્યો અને તેથી ખિન્ન થઇને તે જ્ઞાન પ્રાપ્ત કરવામાટે ટિબેટના *લામાઓ પાસે ગયો અને તેમના ઉપદેશવડે સિદ્ધિ પ્રાપ્ત કરીને સ્વદેશ પાછો ફર્યો હતો. જેમને ભરતખંડના ઇતિહાસનું લેશમાત્ર પણ જ્ઞાન છે, તેમને ઉપર લખેલું તમામ વૃત્તાંત હડહડતું જુઠાણું છે એમ જણાયા વગર રહેશે નહિ; કેમકે જગન્નાથનું મંદિર એ અસલમાં હિંદુમંદિર તરીકે હતુંજ નહિ. તે એક પ્રાચીન બૌદ્ધમંદિર હતું અને માત્ર અર્વાચીનકાળથીજ તે હિંદુમંદિર બનાવા લાગ્યું છે. આપણે એ મંદિરને તેમજ બીજાં અનેક બૌદ્ધમંદિરોને હિંદુમંદિરનું સ્વરૂપ આપેલું છે, અને આવા ફેરફાર આપણે હજી પણ કરવા પડશે. જગન્નાથના મંદિરનો આવો ઇતિહાસ છે, અને જીસસ ક્રાઇસ્ટના સમયમાં ત્યાં એક પણ બ્રાહ્મણ હતો નહિ; છતાં તે પુરાતન ઇતિહાસશોધક રશિયન પંડિત કહે છે કે, ક્રાઇસ્ટ જગન્નાથના મંદિરમાં બ્રાહ્મણો પાસે ઉપદેશ લેવા ગયો હતો! ભવ્ય મંદિરો, ઠાઠમાઠ ભરેલી ઉપાસનાઓ અને આડંબરપૂર્ણ પુરોહિતોને લીધે બૌદ્ધધર્મની પ્રાણીમાત્ર પ્રત્યે દયા છતાં, તેનું અપૂર્વ નીતિતત્ત્વ છતાં, આત્માના અસ્તિત્વ અને નાસ્તિત્વવિષે દધિમાંથી ઘી કહાડવા જેવાં તર્કશાસ્ત્રો છતાં, એ ધર્મની ભવ્ય ઇમારત ભાગીને કકડે કકડા થઇ ગઈ અને તેના જે અવશેષ હાલ રહેલા છે તે અત્યંત કમકમાટી ઉપજાવે એવા છે. બૌદ્ધધર્મની અવનતિ થયા પછી જે કમકમાટી ઉપજાવે એવા બનાવોની શરૂઆત થઇ, તેનું વર્ણન કરવાનો અત્યારે સમય પણ નથી અને મારી ઇચ્છા પણ નથી. ભયંકરમાં ભયંકર અને બીભત્સમાં બીભત્સ અનુષ્ઠાનો અને ક્રિયાઓ, મનુષ્યને હાથે કદિપણ નહિ લખાએલા અથવા મનુષ્યની બુદ્ધિવડે કદિપણ નહિ યોજાએલા એવા અત્યંત ભયાનક અને બીભત્સ ગ્રંથો, એ અવનતિએ પહોંચેલા બૌદ્ધધર્મની પેદાશ હતી.

પરંતુ આવી અવસ્થાએ પહોંચવા છતાં ભરતખંડની જીવનશક્તિ તદ્દન નષ્ટ થઇ ન હતી અને ભવિષ્યમાં પણ કદિ નષ્ટ થશે નહિ. એવા સંજોગોમાં ભરતખંડમાં પુનઃ ચેતન જગાવવાને ઈશ્વરનો આવિર્ભાવ બીજીવાર થયો. જે ભગવાને

* બૌદ્ધધર્મના પુરોહિતો.

આપણને કોલ આપેલો છે કે, જ્યારે જ્યારે ધર્મમાં સડો પેસશે ત્યારે હું પ્રકટ થઈશ. તેજ ભગવાન્ આખરે પ્રકટ થયા. આ વખતે ઈશ્વરાવતાર દક્ષિણ ભારતમાં થયો અને જે તેજસ્વી બ્રાહ્મણકુમારવિષે એમ કહેવાય છે કે, તેમણે સોળ વર્ષની વયની અંદર પોતાના તમામ ધર્મગ્રંથો તથા ભાષ્યો સંપૂર્ણ કર્યાં, તે અદ્‌ભુત પ્રતિભાશાળી ભગવાન્ શંકરાચાર્ય પ્રકટ થયા. એ સોળ વર્ષના બ્રાહ્મણ-કુમારના લેખથી તેમજ તેની અદ્‌ભુત શક્તિથી તમામ સુધરેલી પ્રજાઓ મુગ્ધ થઇ જાય છે. તેણે દૃઢ સંકલ્પ કર્યો કે આખા ભરતખંડને ધર્મના પ્રાચીન વિશુદ્ધ માર્ગ તરફ કોઇપણ રીતે પુનઃ વાળવો જોઈએ; એ કાર્ય કેટલું કઠિન અને વિશાળ હતું તેનો ખ્યાલ તમે કરી જુઓ. તે સમયની ભરતખંડની અવસ્થાનો કાંઇક ચિતાર મેં તમારી આગળ હમણાંજ રજુ કર્યો છે. જે જે ભયંકર રિવાજોમાં સુધારણા કરવાને તમે તૈયાર થયા છો તે તમામ રિવાજો આજ જમાનામાંથી ઉત્પન્ન થઇને ચાલ્યા આવે છે. તાતાર અને બલુચી જેવી ભયાનક અનાર્ય જાતિઓ બૌદ્ધ બનીને આપણા સમાજમાં ભળી ગઇ. તેઓ પોતાની સાથે પોતાના અસલ પ્રજાગત આચારવિચાર લેતા આવ્યા, અને આ સંગતિદોષથી આપણા પ્રજાજીવનમાં પણ કેટલાક અત્યંત ભયાનક, બીભત્સ અને પાશવ આચાર દાખલ થઈ ગયા, તેમજ કાળે કરીને તે વસ્તુતઃ આપણાજ છે એવી ભ્રાંતિ થઈ ગઇ. બૌદ્ધધર્મથી ઉત્પન્ન થએલી આ ભયંકર વિપત્તિએ શંકરાચાર્યના જમાનામાં અત્યંત ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું; અને ત્યારથી અત્યારસુધી આખા ભરત-ખંડમાં અવનત બૌદ્ધધર્મ ઉપર વેદાંતનો વિજય થતો આવ્યો છે. હજી પણ એ સંગ્રામ ચાલુ છે. સૈકાંનાં સૈકાં વીતી ગયાં પણ આ યુદ્ધનો હજી અંત આવ્યો નથી. મહાન્ તત્ત્વજ્ઞ શંકરાચાર્યે પ્રકટ થઇને જોયું કે, બૌદ્ધધર્મ અને વેદાંતનાં મૂળતત્ત્વોમાં મહત્ત્વનો તફાવત નથી. તોપણ બુદ્ધભગવાનના શિષ્યો અને ત્યાર-પછીની શિષ્યપરંપરા પોતાના આચાર્યના ઉપદેશનું તાત્પર્ય સમજી શક્યા ન હતા, પોતે દુર્ગતિને પામ્યા હતા અને આત્મા તથા ઈશ્વરના અસ્તિત્વનો અસ્વી-કાર કરીને હડહડતા નાસ્તિક બની ગયા હતા. શંકરાચાર્યે આ બાબત સિદ્ધ કરી બતાવી અને સઘળા બૌદ્ધમાર્ગીઓ પ્રાચીન ધર્મનું પાલન કરવા લાગ્યા. પણ અફસોસ ! ઉપર કહ્યાં તેવાં અનુષ્ઠાનો અને ઉપાસનાઓ કરવાની તેમને સેંકડો વર્ષ થયાં કુટેવ પડી ગઇ હતી. હવે શું કરવું એ એક મહાન્ પ્રશ્ન થઇ પડ્યો.

આવા બારીક સંજોગો વચ્ચે રામાનુજનો જન્મ થયો. રામાનુજ ઘણા ઉદાર અને સહૃદય પુરુષ હતા. પતિત મનુષ્યોનું દુઃખ જોઇને તેમનું હૃદય દ્રવતું હતું. તેમનું દુઃખ રામાનુજના અંતરના મર્મ ભાગ ઉપર આઘાત કરવા લાગ્યું. કાળે કરીને જે નવાં નવાં અયોગ્ય અનુષ્ઠાનો અને ઉપાસનાવિધિઓ સમાજમાં

રૂઢ થઇ ગયાં હતાં તેમને રામાનુજે બની શક્યાં તેટલાં શુદ્ધ કર્યાં; અને નવી નવી અનુષ્ઠાનપદ્ધતિઓ તથા ઉપાસનાપ્રણાલીની રચના કરીને જે વર્ગના લોકોને તેમની જરૂર હતી તેમને એ સર્વ બાબતોનો ઉપદેશ આપ્યો. તેની સાથે તેમણે બ્રાહ્મણથી ચંડાલ જાતિ સુધીના તમામ લોકોને માટે ઉંચામાં ઉંચી આધ્યાત્મિક ઉપાસનાનાં દ્વાર મોકળાં કરી આપ્યાં. આ પ્રમાણે રામાનુજે આરંભેલા કાર્યનો પ્રદેશ વધારે ને વધારે વિસ્તૃત થવા લાગ્યો. દક્ષિણ ભારતમાંથી બહાર નીકળીને તેના ઉપદેશના તરંગ ઉત્તર હિંદુસ્તાનના લોકોનાં હૃદયને પણ સ્પર્શ કરવા લાગ્યા. તે દેશમાં જન્મેલા કેટલાક આચાર્યો રામાનુજનો ઉદ્દેશ હૃદયમાં ધારણ કરીને એવાજ પ્રકારનું કાર્ય પોતપોતાના પ્રાંતોમાં કરવા લાગ્યા. એ પછી મુસલમાન રાજાઓના સમયમાં એટલે કે રામાનુજના અવસાનને ઘણાં વર્ષ થઇ ગયા પછી મધ્ય યુગમાં થઇ ગએલા ભરતખંડના તમામ આચાર્યોમાં શ્રીચૈતન્ય અથવા ગૌરાંગ પ્રભુ સર્વોત્તમ સ્થાન ભોગવે છે. રામાનુજના સમય પછી ધર્મપ્રચાર કરવાની પદ્ધતિમાં એક વિશેષ તત્ત્વ એ જોવામાં આવે છે કે, ધર્મનાં દ્વાર તમામ શ્રેણીના લોકોને માટે એકસરખી રીતે ખુલ્લાં મૂકવામાં આવ્યાં છે. સાધારણ જનસમાજને છૂટે હાથે ધર્મનો ઉપદેશ કરવાનો ઉદ્દેશ, જેમ શંકરાચાર્યની અગાઉ થઇ ગયેલા આચાર્યોએ સાચવ્યો હતો, તેમ રામાનુજની પછીના આચાર્યોએ પણ તેજ મૂળ ઉદ્દેશનું પાલન કર્યું છે. શંકરાચાર્યની ઉપર સંકુચિતપણાનો કે સાંપ્રદાયિકપણાનો મિથ્યા આરોપ શા માટે મૂકવો જોઇએ તે હું સમજી શકતો નથી. એમણે રચેલા ગ્રંથોમાં કોઇપણ પ્રકારનું સંકુચિતપણું મારા જોવામાં આવતું નથી. જેમ ભગવાન્ બુદ્ધના ઉપદેશોને તેમના શિષ્યોએ વગર સમજ્યે વિકૃત કરી નાખ્યા, તેવીજ રીતે શંકરાચાર્ય ઉપર પણ જે સંકુચિતપણાનું દોષારોપણ થાય છે, તેમાં ઘણું કરીને તેમનો દોષ નથી; પણ તેમના શિષ્યો, જે ગુરુનો ઉપદેશ યથાર્થ રીતે સમજી શક્યા નહિ તેમનોજ દોષ છે.

હું હવે ભગવાન્ શ્રીચૈતન્ય સંબંધી કાંઇક વિવેચન કરીને આજનું વ્યાખ્યાન પૂરું કરીશ. તે ગોપીઓના પ્રેમોન્મત્ત મહાભાવના જીવંત આદર્શ હતા. ચૈતન્ય ભગવાન્ બ્રાહ્મણ કુળમાં, પાંડિત્યને માટે પ્રસિદ્ધ એવા પિતાના પુત્ર હતા. તેઓ પણ શંકરાચાર્યની માફક ચૌદ વર્ષની નાની વયે ન્યાયશાસ્ત્રના આચાર્ય થયા હતા અને તર્કયુદ્ધમાં હિંદુસ્તાનના મોટા મોટા દિગ્વિજયી પંડિતોને પરાસ્ત કરી નાખતા હતા; કારણ કે તીક્ષ્ણ બુદ્ધિના પ્રભાવથી વાગ્યુદ્ધમાં જય મેળવીને સર્વશ્રેષ્ઠ પંડિતની પદવી પ્રાપ્ત કરવી એજ જીવનનો ઉંચામાં ઉંચો આદર્શ છે, એવા સંસ્કાર તેમના મગજપર નાનપણથી ઠસાવવામાં આવ્યા હતા. એક સાધુપુરુષની કૃપાથી એમની જીવનપ્રણાલીમાં એકદમ પરિવર્તન થઇ ગયું. વાદવિવાદ, તર્કયુદ્ધ,

ન્યાયશાસ્ત્રનું આચાર્યપણું, એ બધાંનો એકદમ તેમણે ત્યાગ કર્યો. તેમના હૃદયમાંથી ઉછળતા ભકિતના તરંગોવડે આખો બંગદેશ ભકિતરસમાં ડૂબી ગયો અને લાખો મનુષ્યોનાં હૃદયને શાંતિ મળી. તેનો પ્રેમપ્રવાહ નિઃસીમ હતો. સાધુ અને પતિત, હિન્દુ અને મુસલમાન, પવિત્ર અને અપવિત્ર, સર્વ કોમનાં, અને સર્વ શ્રેણીનાં મનુષ્યો, અરે વેશ્યાઓ સુદ્ધાં તેના પ્રેમામૃતનાં ભાગીદાર થયાં. તેની કૃપાની છાયા સર્વના ઉપર સરખી ફેલાએલી હતી, અને જોકે તેમણે પ્રવર્તાવેલા સંપ્રદાયમાં હાલ ભયંકર સડો પેઠેલો જોવામાં આવે છે–(કાળક્રમે કયા ધર્મમાં–કયા સંપ્રદાયમાં સડો નથી પેઠો ?) તોપણ આજદિનસુધી દરિદ્ર પામર જ્ઞાતિભ્રષ્ટ પતિત જનો, જેને કોઈપણ સમાજ કે સંપ્રદાય પોતાનામાં સંઘરતાં નથી, તેવા ત્રિતાપદગ્ધ આત્માને ચૈતન્ય ભગવાનનો સંપ્રદાય આશ્રય અને સાંત્વન આપતો આવ્યો છે. આમ છતાં સત્યની ખાતર મને કહેવાની ફરજ પડે છે કે, જેટલા સંપ્રદાયો શુદ્ધ તત્ત્વજ્ઞાનના પાયાપર રચાએલા છે તેમનામાં અદ્‌ભુત ઉદારભાવ જોવામાં આવે છે. કોઇપણ શંકરમતાવલંબી વ્યકિત એમ નહિ કહી શકે કે ભરતખંડમાં પ્રચલિત થએલા જુદા જુદા સંપ્રદાયો વચ્ચે વાસ્તવિક મતભેદ છે. આ પ્રમાણે જો કે તેમણે બુદ્ધિવાદમાં અભેદનો સ્વીકાર કર્યો હતો; પરંતુ જ્ઞાતિબંધનની બાબતમાં તેઓ જૂની સંકુચિત ભાવનાનો ત્યાગ કરી શકયા ન હતા. એથી ઊલટું વૈષ્ણવ આચાર્યો જ્ઞાતિભેદની બાબતમાં ઘણી ઉદારતા બતાવે છે. તેઓ કોઇપણ જાતિના મનુષ્યને વૈષ્ણવ સંપ્રદાયમાં દાખલ કરતાં સંકોચાતા નથી. આમ છતાં તેમના ધર્મતત્ત્વમાં પણ એક પ્રકારની વિલક્ષણ સંકુચિત વૃત્તિ જોવામાં આવે છે.

શંકરાચાર્યમાં બુદ્ધિનો અદ્‌ભુત વિકાસ અને રામાનુજમાં હૃદયની અદ્‌ભુત ઉદારતા આપણા જોવામાં આવે છે. હવે ભરતખંડને શંકરાચાર્યની અદ્‌ભુત બુદ્ધિ અને રામાનુજની વિશાળ નિઃસીમ ઉદારતાનું એકસામટું સંમેલન જેમાં થએલું હોય, એવી એક વ્યકિતની આ જમાનામાં જરૂર હતી. હિંદુસ્તાનની પ્રજા એક એવા મહાપુરુષની રાહ જોતી હતી કે જે દરેક સંપ્રદાયમાં એક આત્માનું, એક ઈશ્વરની શકિતનું દર્શન કરે, જે પ્રાણીમાત્રમાં ઈશ્વરને વિદ્યમાન્ રહેલો અનુભવે, જેનું ઉદાર હૃદય ભરતખંડનાં અને ભરતખંડની બહારના દેશોનાં દરિદ્ર, દુર્બળ અને પતિત મનુષ્યોને માટે દ્રવીભૂત થાય, જેની વિશાળ બુદ્ધિ તત્ત્વજ્ઞાનના કૂટમાં કૂટ પ્રશ્નનું નિરાકરણ કરી શકે, જે ભરતખંડના અને અન્ય પ્રજાઓના તમામ પરસ્પર વિરુદ્ધ સંપ્રદાયોની એકતા, અને સત્યતા સિદ્ધ કરીને પોતાની સમન્વય કરવાની અદ્‌ભુત શકિતવડે તીક્ષ્ણ બુદ્ધિનો વૈભવ, અને હૃદયની ઉચ્ચ ભાવનાયુકત સાર્વભૌમિક ધર્મનું દર્શન કરાવી શકે.

ઉપર જણાવ્યા જેવો એક મહાપુરુષ ભરતખંડમાં થોડાંજ વર્ષ ઉપર જન્મ્યો

હતો અને અનેક વર્ષસુધી તેનાં ચરણ સમીપ બેસીને તેમનો ઉપદેશ સાંભળવાને હું ભાગ્યશાળી થયો હતો. એવા મહાપુરુષના જન્મને માટે જ્યારે યોગ્ય સમય આવ્યો, જ્યારે જનસમાજને તેની ખરેખરી જરૂર જણાઇ ત્યારે તેણે દર્શન આપ્યું. આશ્ચર્યની વાત એ હતી કે તેનો જન્મ અને તેના જીવનનું કાર્યક્ષેત્ર એક એવા નગરની પાસે હતું કે, જે નગરનો શિક્ષિત વર્ગ પાશ્ચાત્ય ભાવનાઓથી ઉન્મત્ત બની ગયો હતો, અને જે નગર હિંદુસ્તાનનાં બીજાં સ્થાનો કરતાં વિશેષપણે યૂરોપિયનશાહી બની ગયું હતું. એ મહાપુરુષમાં પુસ્તકીયા જ્ઞાન લેશમાત્ર પણ ન હતું. જે મહા બુદ્ધિશાળી છતાં પોતાનું નામ પણ પૂરૂં લખી શકતા ન હતા અને તેમ છતાં પણ જેમના કથનને યુનિવર્સિટીના સર્વોત્તમ, તીક્ષ્ણતમ બુદ્ધિસંપન્ન ગ્રેજ્યુએટો એક અવાજે સ્વીકારતા હતા. એ મહાપુરુષની મેધાશક્તિ આગળ આપણે બધા નાના બાળક જેવા છીએ. તે એક વિલક્ષણપુરુષ હતા. તેમનો ઇતિહાસ ઘણો લાંબો છે, તે કહેવા જેટલો અવકાશ પણ મને આ સમયે નથી, માત્ર આપણા ભરતખંડના સર્વ મહાપુરુષોના પૂર્ણપ્રકાશ સ્વરૂપ, યુગાચાર્ય એ મહાત્મા *શ્રીરામકૃષ્ણ પરમહંસના નામનોજ ઉલ્લેખ કરીને આજે હું વિરામ લઇશ. એમના ઉપદેશ ચાલુ જમાનામાટે અત્યંત ઉપકારક છે એમ હું માનું છું. એ મહાપુરુષની અંદર પરમાત્માની વિભૂતિનો પ્રકાશ હતો એ નિશ્ચયપૂર્વક માનજો. એક ગરીબ બ્રાહ્મણનો પુત્ર કે જેનો જન્મ બંગાળામાં કાઇક દૂરના અપ્રસિદ્ધ ગામડામાં થયો હતો, તેને આજે યૂરોપ અને અમેરિકાનાં હજારો શિક્ષિત સ્ત્રીપુરુષો દેવતુલ્ય માનીને વંદન કરે છે, અને હજી પણ તેના ઉપાસકોની સંખ્યા અનેકગણી વધતી જાય છે. ઇશ્વરની ઇચ્છાનો ભેદ સમજવા કોણ સમર્થ છે? હે બંધુઓ! જો તમે આ મહાપુરુષના જીવનમાં ઇશ્વરના ઉદ્દેશ અને પ્રેરણાનું દર્શન ન કરી શકો, તો મારે કહેવું પડશે કે તમે અંધ છો—જન્માંધ છો. ફરી કોઇ વખત પ્રસંગ આવશે તો હું તેને વિષે તમને વિશેષ હકીકત કહીશ. હાલ તો વ્યાખ્યાન સંપૂર્ણ કરતા પહેલાં એટલુંજ જણાવું છું કે, જો હું મારા આખા જીવનમાં એક પણ સત્ય પ્રકટ કરી શક્યો હોઉં તો તે સત્ય હું તેમની પાસેથી શીખ્યો છું; મારાં વ્યાખ્યાનોમાં જે કાંઇ અસત્ય, ભ્રમાત્મક માનવજાતિને અનુપકારક બાબતો આવી ગઈ હોય તે સર્વ મારીજ છે અને તેને માટે સંપૂર્ણ રીતે હુંજ જવાબદાર છું.

* શ્રીરામકૃષ્ણ પરમહંસના અદ્દભુત ઉપદેશ અને કથામૃત આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયાં છે.

आपणुं हालनुं कर्तव्य

(આ વ્યાખ્યાન સ્વામી વિવેકાનંદજીએ ટ્રિપ્લિકેન શહેરની સાહિત્યસભા સમક્ષ આપ્યું હતું. સ્વામીજી અમેરિકા ગયા તે પહેલાં આ સભાસદો સાથે તેમનું ઓળખાણ થયું હતું. તેમની સાથે સ્વામીજીએ જુદા જુદા અનેક વિષયો ઉપર ચર્ચા કરી હતી. એ ઉપરથી મદ્રાસના લોકો સ્વામીજીની અદ્‌ભુત શક્તિ જાણી શક્યા અને પરિણામે એ લોકોનાજ પ્રયાસથી ચિકાગોની ધર્મમહાપરિષદ્‌માં હિન્દુધર્મના પ્રતિનિધિ તરીકે તેઓને મોકલવામાં આવ્યા. આ સર્વ સંજોગોને ધ્યાનમાં લેતાં આ વ્યાખ્યાન વિશેષ મનન કરવાયોગ્ય છે.)

જગત્ જેમ જેમ પ્રગતિ કરતું જાય છે તેમ તેમ જીવનના મહાપ્રશ્નો વિશેષ ગંભીર અને વિકટ થતા જાય છે. છેક પ્રાચીનકાળમાં સમગ્ર જગતની એકતા અને અખંડતારૂપ વેદાંતનું મહાન્ સત્ય, જ્યારથી શોધી કહાડવામાં આવ્યું ત્યારથી ઉન્નતિનો મૂલમંત્ર અને તેનું ખરેખરૂં તત્ત્વ જાહેર થઇ ચૂક્યાં હતાં. આખા જગતને પોતાની સાથે લીધા વગર એક પરમાણુ પણ એકલું આગળ વધી શકતું નથી. આખા જગત્‌ને પોતાની જોડે ઉન્નતિના માર્ગમાં વાળ્યા વગર કોઇ પણ દિશામાં કોઇ પણ પ્રકારની ઉન્નતિ સાધી શકાતીજ નથી; અને જીવનને લગતા કોઇ પણ મહાપ્રશ્નનો નિર્ણય મર્યાદિત રીતે એકાદ પ્રજા કે જાતિના હિત તરફ દૃષ્ટિ રાખીનેજ થઈ શકતો નથી; એ સત્ય હવે દિવસે દિવસે વધારે સ્પષ્ટપણે સમજાતું જાય છે. પ્રત્યેક ભાવના અથવા આકાંક્ષા વધારે ને વધારે ઉદાર અને પ્રશસ્ત થતાં થતાં આખરે સમગ્ર માનવજાતિના—અરે ! પ્રાણિમાત્રના—આખા જગત્‌ના હિત અને ઉન્નતિનો તેમાં સમાવેશ કરી શકાય એવાં સાર્વભૌમિક કરવાની જરૂર છે. આપણો દેશ પ્રાચીનકાળમાં શામાટે ઉચ્ચ સ્થાન ભોગવતો હતો અને હાલમાં કેટલાંક શતકો થયાં શા કારણથી તે સ્થાન ગુમાવી બેઠો છે, તેનું કારણ ઉપર કહેલા જગત્‌ના મહાનિયમવડે સમજાશે. અનુસંધાન કરતાં જણાશે કે આપણી અવનતિ થવાનાં કારણમાં આપણી સંકુચિત દૃષ્ટિ અને કાર્યક્ષેત્રની સાંકડી મર્યાદા, એ બે મુખ્ય છે.

જગત્‌માં બે વિલક્ષણ પ્રજાઓ ઉત્પન્ન થઇ છે. તે બેઉની ઉત્પત્તિ એક મૂળ પ્રજામાંથી થએલી છતાં બેઉ જુદા જુદા દેશોમાં અને જુદા જુદા સંજોગોમાં વસવાથી તેમણે બેઉએ જીવનના મહાપ્રશ્નનો નિર્ણય જુદી જુદી રીતે કર્યો. મનુષ્યજીવનના તત્ત્વદર્શનને લગતા મહાપ્રશ્નોનો ઉત્તર મેળવવામાટે જે બે પ્રાચીન પ્રજાઓ મથન કરી રહી હતી, તેમાંની એક આપણી આર્યપ્રજા અને બીજી ગ્રીકપ્રજા હતી. હિમદલરૂપી શ્વેત મુકુટથી સોહામણો અને ભવ્ય દેખાતો હિમાલય

પર્વત જેની ઉત્તર દિશાએ આવેલો છે, જેની ખીણોમાં નિર્મળ જળથી ભરેલી અને સમુદ્ર જેવી વિશાળ નદીઓ વહે છે, જેનાં સનાતન અરણ્યો તે દેશના વતનીને જગતની સીમાનું ભાન કરાવે છે, એવા હિંદુસ્તાનમાં વસતી આર્યપ્રજાની દૃષ્ટિ સ્વાભાવિક રીતે અંતર્મુખ થઇ. આર્યપ્રજા મૂળથીજ અંતર્મુખ તો હતીજ. તેમાં ચારે દિશાએ જ્યાં જુએ ત્યાં નાના પ્રકારનાં ભાવોદ્દીપક દૃશ્યો આવેલાં હોવાથી, એ પ્રજાની સૂક્ષ્મભાવગ્રાહી બુદ્ધિ સ્વાભાવિક રીતે બહાર ન જતાં અંતરમાં વળી અને દેહની અંદર રહેલા દેહસ્થ સનાતન તત્ત્વનું શોધન કરવામાં રોકાઇ. પોતાના મનનું પૃથક્કરણ કરવું એજ આર્યપ્રજાનો મુખ્ય વિષય થઇ પડયો.

આ બાજુએ ગ્રીકપ્રજા જગતના એક એવા પ્રદેશમાં જઇને વસી કે જેનાં કુદરતી દૃશ્યોમાં ગાંભીર્ય કરતાં સૌન્દર્યનું તત્ત્વ વિશેષ હતું. આર્કિપેલેગો સમુદ્રમાં આવેલા રળિયામણા ટાપુઓનો સમૂહ, ચારે દિશાએ પ્રકૃતિની સાદી પણ રમણીય રચના; આવા સંજોગોને લીધે ગ્રીકપ્રજાની બુદ્ધિ બહિર્મુખ બની, અને તેથી તે બાહ્ય જગતનું પૃથક્કરણ કરવામાં પ્રવૃત્ત થઇ ગઇ. આનું પરિણામ આપણે જોઇએ છીએ કે * ભરતખંડમાં નાના પ્રકારનાં પૃથક્કરણાત્મક વિજ્ઞાનની રચના થઈ અને ગ્રીકપ્રજાએ એકીકરણાત્મક શાસ્ત્રો ઉત્પન્ન કર્યાં.

આર્યપ્રજાની બુદ્ધિ પોતાના વિશિષ્ટ વિષયમાં આગળ ને આગળ પ્રગતિ કરતી ગઇ અને તેના શ્રમનું પરિણામ ઘણુંજ અદ્દભુત નીવડયું. હજી પણ ન્યાયશાસ્ત્રના વિષયમાં હિંદુ પંડિતોનું મગજ અદ્દભુત કામ કરે છે. હિંદુસ્તાનના વિદ્વાનો જે અસાધારણ મેધાશકિત ધરાવે છે તેવી શકિત જગતની બીજી પ્રજાઓ ભાગ્યેજ ધરાવી શકશે. આપણે જોઇએ છીએ કે બુદ્ધિની સ્પર્ધામાં હિંદુસ્તાનના વિદ્યાર્થીઓ યૂરોપ, અમેરિકા અને જાપાનની યુનિવર્સિટીઓમાં ઘણીવાર દિગ્વિજય કરી આવે છે. હિંદુપ્રજાનાં રચેલાં ન્યાયશાસ્ત્રની ઝીણવટ અને સૂક્ષ્મ પૃથક્કરણશકિત જોઈ ભલભલા યૂરોપિયન પંડિતોનાં મગજ ચક્કરાઇ જાય છે; પરંતુ મુસલમાનોએ ભરતખંડ જિતી લીધો ત્યાર પહેલાં આશરે એકાદ બે શતકથી ભારતીય પ્રજાનું પ્રજાબળ ક્ષીણ થવા લાગ્યું હતું. એ અરસામાં આપણા લોકો ઉપર કહ્યું તેમ માનસિક શકિતનો અત્યંત દુરુપયોગ કરવા લાગ્યા હતા. આથી કરીને એ શકિતની આપોઆપ અવનતિ થવા લાગી. પરિણામ એ આવ્યું કે ભારતીય સંસ્કૃતિનાં

* મનુષ્યના મનમાં ચાલતા વ્યાપારનું પૃથક્કરણ અને વર્ગીકરણ કરતાં કરતાં આર્યપ્રજાએ વેદાંત અને ન્યાયશાસ્ત્ર ઉત્પન્ન કર્યાં, અને મનુષ્યના બંધારણનું શોધન કરતાં કરતાં “ **तत्त्वमसि** ” નો મહાન્ સિદ્ધાંત પ્રાપ્ત કર્યો. ગ્રીકપ્રજાએ બહારના જગત્‌ની સુંદરતાનું અવલોકન કરીને શિલ્પશાસ્ત્ર, જે આખા જગત્‌માં શ્રેષ્ઠ મનાય છે, તેને પૂર્ણ કળાએ પહોંચાડ્યું. ભારતીય પ્રજાની મોટી ફતેહ વેદાંત છે, ત્યારે ગ્રીકપ્રજાની મહાન્ ફતેહ ત્યાંની પાષાણનિર્મિત ભવ્ય મૂર્તિઓ છે. ભા. ક.

એકેએક અંગ જેવાં કે શિલ્પ, સંગીત, વિજ્ઞાન, એ તમામની પડતીનાં ચિન્હ દેખાવા લાગ્યાં. શિલ્પકળામાં અસલની ઉદાર ભાવનાઓ અદ્દશ્ય થઇ ગઈ. ભાવનાની ઉત્કૃષ્ટતા અને અંગપ્રત્યંગની સમતા સચવાઇ નહિ. બધા વિષયોમાં હદબહાર અલંકારનો શોખ દાખલ થઇ ગયો. સમસ્ત પ્રજાની ઉત્સર્ગ શક્તિનો નાશ થયો. સંગીતમાં પણ પ્રાચીન સંસ્કૃત સંગીતની હૃદયને ડોલાવી નાખે એવી ગંભીરતા રહી નહિ. અસલ પ્રત્યેક સૂર સ્વતંત્રપણે પોતપોતાના યોગ્ય સ્થાનમાં રહીને અપૂર્વ સંવાદમય એકતાનતા ઉત્પન્ન કરતો હતો, તેજ શાસ્ત્રીય સંગીત ભ્રષ્ટ થઈ ગયું અને દરેક સૂરનું સ્વતંત્રપણું જતું રહ્યું. આપણી આધુનિક ગાયનકળામાં અનેક સૂરનો ખીચડો થઇ ગયો છે. કેટલાક મિશ્રસૂરની કશા નિયમ વગરની ગૂંથણી થઇ ગઈ છે. આ આપણા સંગીતશાસ્ત્રની અધોગતિની નિશાનીઓ છે. આપણી ભાવનાઓ, આપણા આદર્શો, આપણું તે જમાનાનું અને ત્યાર પછીના સમયનું સાહિત્ય વગેરે વિષયોનું પૃથક્કરણ કરીને જોઇશું, તો તેમાં પણ એનો એજ બહારના કૃત્રિમ અલંકારોનો શોખ અને ઉત્સર્ગશક્તિનો પૂર્ણ અભાવ નજરે પડશે. આપણી પ્રજાનું ખાસ કાર્યક્ષેત્ર જે ધર્મ અને ધર્મવિષયક તત્ત્વજ્ઞાન છે, તેમાં પણ ભયંકર અધોગતિ થએલી જણાશે. જે પ્રજા આજે સેંકડો વર્ષો થયાં ડાબે હાથે પાણી પીવું જોઇએ કે જમણે હાથે પીવું જોઇએ, એ અત્યંત ગંભીર (!) અને ઉપયોગી (!) સવાલનો નિવેડો લાવવામાટે શાસ્ત્રાર્થ કરવામાંજ રોકાઇ રહી છે, તે પ્રજા પાસેથી બીજી શી આશા રાખી શકાય ? જે દેશના સર્વશ્રેષ્ઠ પંડિતો સેંકડો વર્ષો થયાં સ્પર્શાસ્પર્શનો અને પ્રાયશ્ચિત્તનો નિર્ણય કરવામાંજ પોતાની બુદ્ધિનો અને જ્ઞાનનો ઉપયોગ કરતા આવ્યા છે, શું ખવાય અને શું ન ખવાય એનો નિર્ણય કરવામાટેજ તર્કયુદ્ધો મચાવી રહ્યા છે, તે પ્રજા અવનતિના નીચામાં નીચા પગથીએ પહોંચી જાય એમાં આશ્ચર્ય શું ? વેદાંતનાં ગંભીર તત્ત્વચિંતન, આખા જગતના તત્ત્વદર્શનમાં સર્વશ્રેષ્ઠ મનાતા ઈશ્વર અને આત્મા સંબંધી મહાન્, પ્રોજ્જ્વલ સિદ્ધાંતો નષ્ટપ્રાય થઇ જઇને, ઘોર અરણ્યમાં નિવાસ કરતા ગણ્યા ગાંઠ્યા સાધુસંન્યાસીઓની પાસેજ તે સચવાઇ રહ્યા, અને બાકીનો આખો દેશ શું ખવાય અને શું ન ખવાય, કોને અડકાય અને કોને ન અડકાય એ મહત્ત્વના (!) પ્રશ્નોના નિરાકરણમાંજ વળુંધાઇ ગયો ! મુસલમાનોએ હિંદુસ્તાન જિતી લીધો તેથી પણ અલબત્ત થોડો ઘણો તો લાભ થયોજ; કારણ કે જગતની અધમમાં અધમ વ્યક્તિ પણ ઉંચામાં ઉંચા મનુષ્યને કાંઇ ને કાંઇ શીખવી શકે એમ છે. આટલું છતાં પણ મુસલમાન વિજેતાઓ આપણી પ્રજામાં ચેતનનો સંચાર કરી શકયા ન હતા.

ત્યાર પછી આપણા સારા કે માઠા નશીબે દેશમાં અંગ્રેજી અમલની શરૂઆત થઇ. અલબત્ત, વિદેશી પ્રજાનો વિજય કોઇ પણ પ્રજા ચાહતી નથી; કેમકે તે સર્વાંશે

શુભફળદાયક હોતો નથી. આમ છતાં ગમે તેવા અશુભ બનાવોમાંથી પણ કોઇ કોઇવાર શુભ પરિણામ નીકળી આવે છે. અંગ્રેજ પ્રજાએ ભરતખંડ જિત્યો, તેમાંથી એક મહત્ત્વનું શુભ ફળ નીપજ્યું છે. ઇંગ્લંડ અને આખો યૂરોપખંડ પોતાની સંસ્કૃતિને માટે ગ્રીસદેશનો ઋણી છે. યૂરોપિયન પ્રજાઓના તમામ આદર્શો ગ્રીક સંસ્કૃતિના માત્ર પ્રતિધ્વનિ છે. ત્યાંના દરેક ઘરમાં, ગૃહશૃંગારનાં સાહિત્યમાં પણ ગ્રીકસંસ્કૃતિની છાપ સ્પષ્ટપણે જોવામાં આવે છે. એ ગ્રીકસંસ્કૃતિ અને પ્રાચીન આર્યસંસ્કૃતિનું જે શુભ મિલન ભરતખંડની ભૂમિ ઉપર હાલ થવા પામ્યું છે, તે અંગ્રેજી અમલનું એક શુભ પરિણામ છે. આ પ્રમાણે ધીરે ધીરે કોલાહલ કર્યા વગર ભારતીય પ્રજામાં પરિવર્તન થવાનો યુગ મંડાયો છે, અને આપણે ચારે બાજુએ જે ઉદાર, ચેતનપ્રદ પુનરુત્થાનનાં આંદોલન આખા દેશમાં ફરી વળતાં જોઇએ છીએ, તે એ ભિન્ન સંસ્કૃતિના આદર્શોના સંમેલનનુંજ પરિણામ છે. આપણી માનવજીવનવિષેની ભાવનાઓ દિવસે દિવસે વધારે ઉદાર અને પ્રશસ્ત થવા લાગી છે. આપણે ઉદારતા, સહૃદયતા અને સહાનુભૂતિથી માનવજીવનના મહા પ્રશ્નો તરફ નજર કરતાં શીખ્યા છીએ. જો કે આ નવા યુગના આરંભમાં આપણે એક પ્રકારના ભ્રમમાં પડયા હતા, અને આપણા આદર્શોને કેટલેક અંશે સંકુચિત કરવા તરફ વલણ બતાવ્યું હતું, તોપણ હમણાં હમણાં આપણે આપણી ભૂલ જોઇ શકયા છીએ; અને હવે સ્વીકારવા માંડયા છીએ કે જે વિશાળ ભાવનાઓ અને સહૃદયતાભરેલા ઉદાર વિચારો દેશમાં બધે ફેલાવા લાગ્યા છે, તે આપણાજ પ્રાચીનશાસ્ત્રોના ઉપદેશના સ્વાભાવિક પરિણામરૂપ છે. આપણા શાણા પૂર્વજોએ છેક પ્રાચીનકાળમાં જે સત્યો શોધી કહાડયાં હતાં, તેજ સત્યોને જો બરાબર વ્યવહારમાં ઉતારવામાં આવે તો આપણે ઉદાર અને મોટા મનના થયા વગર રહીએજ નહિ. સાંકડી ગલીમાંથી બહાર આવીને સર્વ પ્રજાઓના આદર્શ સાથે હાથ મેળવવો તથા એક બીજાના વિચાર અને ભાવનાઓની આપ લે કરીને વિશેષ ઉદાર થવું; અને અંતે સાર્વભામિક ભાવ ધારણ કરવો, એજ આપણાં તમામ શાસ્ત્રના ઉપદેશનો મુખ્ય ઉદ્દેશ છે; પણ આપણે એ ઉપદેશથી વિમુખ થતા આવ્યા, આપણા સાંકડા વિચારોને વધારે ને વધારે સાંકડા કરતા ગયા અને તેનું પરિણામ એ આવ્યું કે, આપણું જીવન નિર્માલ્ય અને શુષ્ક થઇ ગયું.

આપણી ઉન્નતિના માર્ગમાં થોડાક અંતરાય છે. તેમાં સૌથી મુખ્ય અંતરાય 'આપણેજ સર્વ પ્રજાઓમાં શ્રેષ્ઠ છીએ' એવું આપણું મિથ્યાભિમાન છે. ભરતખંડ પ્રતિ મારા અંતઃકરણમાં સાચો પ્રેમ છે; સ્વદેશના કલ્યાણ માટે શ્રમ લેવાને હું સદાએ તત્પર છું; હિંદમાતા પ્રત્યે હું અત્યંત ભક્તિભાવ રાખું છું; આપણા પૂર્વજોમાં મને પુષ્કળ શ્રદ્ધા અને સન્માન છે; તોપણ દુનિયાની અન્ય પ્રજાઓ પાસેથી આપણે હજી ઘણું શીખવાનું છે;

ભાવનાનો હું કદિપણ ત્યાગ કરી શકતો નથી. આપણે ઉપદેશ ગ્રહણ કરવામાટે તમામ પ્રજાઓના ચરણમાં નમ્રતાપૂર્વક બેસવું જોઇએ. સર્વ પ્રજાઓ આપણને કાંઇ ને કાંઇ નવું શીખવી શકે એમ છે, એ વાતનું તમે કદિપણ વિસ્મરણ કરતા નહિ. આપણા શ્રેષ્ઠ સ્મૃતિકાર મનુભગવાન્ કહે છે કેઃ—

" श्रद्दधानो शुभां विद्यामाददीतावरादपि ।
अंत्यादपि परो धर्मः स्त्रीरत्नं दुष्कुलादपि ॥

"શ્રદ્ધાવાન્ થઇને નીચ જાતિ પાસેથી પણ હિતકર વિદ્યા ગ્રહણ કરવી, ચંડાલ પાસેથી પણ શ્રેષ્ઠ ધર્મ શીખી લેવો વગેરે " જો આમજ છે તો આપણે મનુભગવાનના સાચા પુત્રો તરીકે તેમની આજ્ઞાનું જરૂર પાલન કરવું જોઇએ. જો કોઇ વ્યક્તિ આપણને કાંઇ નવું શીખવી શકે એમ હોય તેની પાસેથી ઐહિક અથવા પારમાર્થિક વિષયનું શિક્ષણ લેવાને હમેશાં તૈયાર રહેવું જોઇએ.

વળી આ વાતનું પણ વિસ્મરણ ન થવું જોઇએ કે આપણે પણ જગતને કાંઇક શીખવવાને બંધાયલા છીએ. ઇતર દેશો સાથે આપણે કોઇ જાતનો સંબંધ રાખવાની જરૂર નથી, એવી સંકુચિત ભાવનાનો ત્યાગ કરવાનો સમય હવે આવી પહોંચ્યો છે. આપણે ભૂતકાળમાં એકવાર એવા સંકુચિત વિચારને સેવ્યો હતો; અને તેની સખત શિક્ષા તરીકે આપણે લગભગ એક હજાર વર્ષ થયાં ગુલામગિરીમાં સડીએ છીએ. આપણે બીજી પ્રજાઓની સાથે આપણી તુલના કરવામાટે વિદેશ ગયા નહિ, આપણે જગતના પ્રવાહની ગતિને ધ્યાનમાં રાખીને વર્તતાં શીખ્યા નહિ, એજ ભરતખંડની પ્રજાની બુદ્ધિમાં પેઠેલા સડાનું મુખ્ય કારણ છે. આપણી એ ભૂલને માટે કુદરતે આપણને સખત શિક્ષા કરેલી છે; રખેને એવી ભૂલ આપણે બીજીવાર કરીએ ! હિંદુઓને પરદેશ જવાની જરૂર નથી એ વિચાર છોકરવાદી અને અહંકારભરેલો છે. એવા અભિપ્રાયોને તમારા પગ તળે છૂંદી નાખો. તમે જેમ જેમ હિંદુસ્તાનમાંથી બહાર નીકળીને અન્ય પ્રજાઓમાં ભ્રમણ કરશો તેમ તેમ તમે તમારૂં પોતાનું અને તમારા દેશનું કલ્યાણ સાધી શકશો. જો એવું વર્તન તમે સેંકડો વર્ષ અગાઉ રાખ્યું હોત તો તમારી આવી દુર્દશા ન થઇ હોત, અને તમારો દેશ પરતંત્ર નજ બન્યો હોત. ચેતનનું મોટામાં મોટું સ્પષ્ટ ચિન્હ વિસ્તાર છે. જો તમારે જીવતા રહેવું હોય તો તમારા જીવનનો વિસ્તાર કરો; તમારા છીછરા કૂવામાંથી, તમારી સાંકડી ગલીમાંથી બહાર નીકળો. જે પળે તમારો વિસ્તાર બંધ થશે તેજ પળે તમારૂં મૃત્યુ થયું સમજજો. સાવધાન થાઓ ! વિપત્તિ તમારી નજર આગળ છે. હું યૂરોપ અને અમેરિકા જઇ આવ્યો તેનો તમે સહૃદયભાવે ઉલ્લેખ કર્યો છે. મારે ત્યાં જવાનું થયું, એ વિસ્તૃતિની અર્થાત્ પ્રજાજીવનની ફરીથી થતી ચેતનાવસ્થાની પહેલી નિશાની છે. એ નવજીવનની અસર આપણી પ્રજાના થરેથરમાં પહોંચવા લાગી છે અને

તેનાજ બળવડે હું દૂરના દેશોમાં નિક્ષિપ્ત થયો અને હજી બીજા હજારો થશે. હું જે કહું છું તે ધ્યાનથી સાંભળજો. જો આ પ્રજાનું અસ્તિત્વ ટકી રહેવાનું હશે તો હું કહું છું તે પ્રમાણે જરૂર થવાનુંજ. આ વિસ્તૃતિ આપણી પ્રજાના નવજીવનનું સૌથી મુખ્ય લક્ષણ છે અને માનવજાતિના સમગ્ર જ્ઞાનભંડારમાં આપણે જે હિસ્સો આપવાનો છે, સમગ્ર જગતનું ઉન્નતિ મંદિર ચણવામાં આપણે જે સહાય આપવાની છે, તે પણ એ વિસ્તૃતિની સાથે અન્ય દેશોમાં જવા પામશે.

આ બનાવ કાંઇ તદ્દન નવીનજ નથી. તમારામાંના જેઓ એમ માનતા હશે કે ભરતખંડની પ્રજા તો અનાદિકાળથી પોતાના દેશની હદમાંજ ભરાઇ બેઠી છે, તેઓ મોટી ભૂલ કરે છે. તેમણે પોતાનાં પ્રાચીન શાસ્ત્રોનો અભ્યાસ કર્યો નથી; તેમણે પોતાનો પ્રજાસંબંધી ઇતિહાસ કદિ વાંચ્યો નથી. જો કોઇ પણ પ્રજાને પોતાનું અસ્તિત્વ સાચવી રાખવું હોય તો તેણે જગતને કાંઇક આપવુંજ જોઇશે. પ્રાણનું સ્વાર્પણ કરશો તોજ પ્રાણનું રક્ષણ કરી શકશો. જો તમે કાંઇ પ્રાપ્ત કરો તો તેના બદલામાં તમારે સર્વને કાંઇને કાંઇ આપવુંજ જોઇએ. આટલાં હજારો વર્ષ થયાં આપણે હજી ટકી રહ્યા છીએ એ વાતની ના પાડી શકાય એમ છેજ નહિ. શા કારણથી આપણે હજી પૃથ્વીપર જીવતા છીએ એ પ્રશ્નનો યથાર્થ ઉત્તર મેળવવો હોય, તો મૂર્ખ માણસો ગમે તેમ કહે, પણ એટલું કબૂલ કરવુંજ પડશે કે આપણે પરાપૂર્વથી જગતને કાંઇ ને કાંઇ આપતાજ આવ્યા છીએ.

ભરતખંડે જગતને જે અર્પણ કર્યું છે તે ધર્મ, તત્ત્વજ્ઞાન, પ્રજ્ઞા અને આધ્યાત્મિક જીવનની ભાવના છે. ધર્મનો પ્રચાર કરવામાટે, ધર્મપ્રચારનો માર્ગ મોકળો કરવામાટે સૈન્યની જરૂર હોતી નથી. પ્રજ્ઞા અને તત્ત્વજ્ઞાન મનુષ્યરક્તના પ્રવાહ ઉપર થઇને વહેતાં નથી; રુધિરથી ખરડાયલાં શબના ઢગલાઓ ઉપર થઇને કુચ કરતાં નથી; જુલમ અને ત્રાસ વર્તાવીને આગળ વધતાં નથી; પણ શાંતિ અને પ્રેમની પાંખ ઉપર આરૂઢ થઇને શાંતભાવે જ્યાં જવું હોય ત્યાં જાય છે. હમેશ એ પ્રમાણેજ બનતું આવ્યું છે. એટલું તો સ્પષ્ટ જણાઇ આવે છે કે ભરતખંડની પ્રજાએ અલબત્ત જગતને કાંઇ ને કાંઇ અર્પણ તો કર્યું છેજ. લંડનમાં મને એક યુવાન અંગ્રેજ સ્ત્રીએ સવાલ પૂછ્યો હતો કે, 'તમે હિન્દુઓએ શું કર્યું છે? તમે કોઇ પણ પ્રજા ઉપર જય મેળવ્યો નથી.' અંગ્રેજ લોકોનો સ્વભાવ જોતાં—એક વીર, સાહસિક, ક્ષાત્ર ગુણવાળી અંગ્રેજ મહિલાનું આ કથન સત્ય છે. તેમના વિચાર પ્રમાણે એક પ્રજા બીજી પ્રજાને જીતી લે તેમાંજ તેનું ગૌરવ સમાયલું છે. તેમના દૃષ્ટિબિન્દુથી તેમની એવી માન્યતા કદાચ સાચી હશે; પરંતુ આપણા દૃષ્ટિબિન્દુથી જોતાં તો તે તદ્દન વિપરીતજ છે. જ્યારે હું મારા મનને પૂછું છું કે ભરતખંડની શ્રેષ્ઠતાનું કારણ શું છે, તો મને એકજ ઉત્તર મળે છે કે 'આપણે કોઇ પણ પ્રજાને શસ્ત્રયુદ્ધમાં પરાજિત કરી નથી એજ છે.'

એમાંજ આપણું ગૌરવ સમાયલું છે. ' આપણો ધર્મ બીજાઓનો પરાજય કરવાને તૈયાર થતો નથી ' એવા ઉદ્દગાર તમે ઘણીવાર સાંભળતા હશો. હું અત્યંત ખેદ સાથે જણાવું છું કે, જે માણસો પાસેથી આપણે વધારે ઉદાર વિચારની આશા રાખીએ છીએ, તેમને મોંએથી પણ એવાજ ઉદ્દગાર મારા સાંભળવામાં આવ્યા છે. મને તો એમજ સમજાય છે કે આપણો ધર્મ અન્ય ધર્મો કરતાં સત્યની વધારે નજદીક હોવાનું કારણ એજ છે કે, આપણો ધર્મ પરધર્મ ઉપર વિજય મેળવવામાટે કદિ પણ તત્પર થયો નથી; આપણા ધર્મે કદિ પણ મનુષ્યના લોહીની નદીઓ વહેવડાવી નથી; તે હમેશ આશીર્વચન અને શાંતિમંત્રનોજ ઉચ્ચાર કરતો આવ્યો છે. સર્વ ધર્મના અનુયાયીઓની સાથે તે પ્રેમ અને સહાનુભૂતિપૂર્વક હસ્તમિલન કરતો આવ્યો છે. પરમસહિષ્ણુતા અને સહાનુભૂતિની ભાવનાને માત્ર આપણાજ દેશમાં વ્યાવહારિક સ્વરૂપ આપવામાં આવ્યું છે. બીજા દેશોમાં એ ભાવના માત્ર મોંએ બોલવામાં અને શાસ્ત્રનાં થોથાંમાંજ બાંધી રાખવામાં આવી છે. આ એકલોજ દેશ છે કે જ્યાં હિન્દુઓ મુસલમાનોમાટે મસ્જિદો અને * ખ્રિસ્તીઓમાટે દેવળો બાંધે છે. તો હે બંધુઓ ! તમે સારી પેઠે સમજી શક્યા હશો કે આપણે આપણા આદર્શો જગતને અનેકવાર પહોંચાડયા છે; પણ તે લેશ માત્ર પણ કોલાહલ મચાવ્યા વગર, શાંતિથી અને ગુપ્તપણેજ. ભરતખંડની પ્રજાની એજ કાર્યપદ્ધતિ છે. ભારતીય તત્ત્વચિંતનનું મુખ્ય લક્ષણજ શાંતિ અને નિરભિમાનપણું છે. એ શાંતિની પાછળ જે પ્રબળ શક્તિ કામ કરી રહી છે તેને કોઇપણ બળવાચક નામ લાગુ પાડી શકાતું નથી. એજ ભારતીય તત્ત્વજ્ઞાનની નિઃશબ્દ છતાં અતિ આકર્ષકશક્તિ છે. જ્યારે કોઇપણ વિદેશી વ્યક્તિ આપણા દેશના સાહિત્યનો અભ્યાસ કરવા તત્પર થાય છે,ત્યારે શરૂઆતમાં તો તેને અત્યંત કંટાળો ઉપજે છે; કારણ કે આપણા સાહિત્યમાં યૂરોપિયન સાહિત્યની માફક દિલને ઉશ્કેરે એવી વસ્તુસંકલના અને તીવ્ર ગતિ નથી. યૂરોપનાં કરુણરસપ્રધાન નાટકોની સાથે આપણા દેશનાં કરૂણરસપ્રધાન નાટકોની તુલના કરી જુઓ. પાશ્ચાત્ય નાટકો લાગણી ઉશ્કેરે એવા પ્રસંગોથી ભરપૂર છે. તે ક્ષણભર આપણા હૃદયમાં ભાવનું ઉદ્દીપન કરે છે, પણ વાચન પૂરું થયા પછી તરતજ તેનો પ્રત્યાઘાત થવા માંડે છે અને થએલી તમામ અસર આપણા મગજમાંથી ઉડી જાય છે; જ્યારે ભરતખંડનાં કરુણરસપ્રધાન નાટકો મેસ્મેરિઝમની માફક ધીરે ધીરે, નિઃસ્તબ્ધપણે, હૃદયમાં ખળભળાટ મચાવ્યા વગર, શાંતપણે ઉંડી અસર કરે છે; અને એકવાર તેમને વાંચવાનો આરંભ કર્યો કે તેની પ્રબળ અસર વાંચનાર ઉપર થવા માંડે છે, અને પછી વાંચનાર તે અસરમાંથી

* વિલાયતમાં કૅથોલિક લોકો પ્રોટેસ્ટંટ મતના પ્રચારના ખર્ચમાં એક પાઇપણ આપવાની ના પાડે છે; ત્યારે હિંદુસ્તાનની સરકારી તીજોરીમાંથી ખ્રિસ્તીધર્મ શિખવતી શાળાઓને માટે ગ્રાંટ અને ખ્રિસ્તી બિશપોના ભારે પગાર પણ અપાય છે.!

છૂટી શકતો નથી. આપણા સાહિત્યના રસની વાંચનારને જીવનપર્યંત લગની લાગી જાય છે. જેમણે આપણા દેશના સાહિત્યને હાથમાં લેવાની હિંમત ચલાવી છે, તેમણે આ મોહનીનું બળ અનુભવ્યું છે અને તેની સાથે જિંદગીસુધી પ્રેમબંધનમાં બંધાઇ ગયા છે.

જેમ ઝાકળનું ટીપું નિઃશબ્દભાવે, અદૃશ્ય રીતે અને લેશ માત્ર પણ અવાજ કર્યા વગર સુંદર ગુલાબના પુષ્પની કલિને વિકસિત કરે છે; તેમ આખા જગતના તત્ત્વદર્શનના સમૂહ ઉપર ભારતીય તત્ત્વદર્શને ગુપ્ત અને સ્થાયી અસર કરેલી છે. શાંત, અજ્ઞાતભાવે પણ પોતાના અજેય બળવડે તેણે સમગ્ર જગતના વિચારસમૂહમાં મહાન્ પરિવર્તન કરી નાખ્યું છે. આ મહાન્ ફેરફાર તેણે ક્યારે અને શી રીતે કર્યો, તેની થોડાનેજ ખબર છે. મારી સાથે વાતચીતના પ્રસંગમાં મને કોઇએ એકવાર કહ્યું હતું કે 'હિંદુસ્તાનના કોઇપણ પ્રાચીન ગ્રંથકારનું નામ શોધી કહાડતાં કેટલી મહેનત પડે છે ?' આ સાંભળીને મેં જવાબ આપ્યો કે 'એજ શુદ્ધ ભારતીય ભાવના છે.' ભરતખંડના પ્રાચીન વિદ્વાનો હાલના વિદ્વાનોના જેવા ન હતા; તેઓ બીજા ગ્રંથકારોના નેવું ટકા વિચારો ચોરી લઇને તેમાં પોતાના દશ ટકા વિચારો ઉમેરી નવું સ્વતંત્ર પુસ્તક રચવાનો દાવો કરતા ન હતા; અને પ્રસ્તાવનામાં પોતાના વાચકોને જાહેર કરતા ન હતા કે 'આ વિચારો અમારા પોતાના છે અને તેમને માટે અમે એકલાજ જવાબદાર છીએ.'

જે મહાન્ ઋષિગણો અને તત્ત્વચિંતકો માનવજાતિના હૃદયપટ ઉપર તત્ત્વદર્શનની છાપ પાડી ગયા છે; તેઓ પોતાના ગ્રંથને અથવા વિચારોને જગત્ સમક્ષ ધરીનેજ સંતોષ પામ્યા હતા. ગ્રંથ સાથે નામ જોડવામાટે પણ તેઓ નારાજ હતા. તેઓ જનસમાજને પોતાના જ્ઞાનરાશિનો ઉપહાર આપીને અપ્રસિદ્ધપણે જગતમાંથી ચાલ્યા ગયા છે. આપણા દર્શનકારોના તથા પુરાણોના પ્રણેતાઓનાં પૂરાં નામની કોને ખબર છે ? એ ગ્રંથો વ્યાસ અથવા કપિલ વગેરેની કૃતિ હશે એટલુંજ માત્ર આપણે જાણીએ છીએ. એ મહર્ષિઓ શ્રીકૃષ્ણના સાચા પુત્રો હતા. તેમણે ગીતાના કર્મફલના ત્યાગનો ઉપદેશ યથાર્થ રીતે પાળ્યો છે. '**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन**' એ ભગવાન્ શ્રીકૃષ્ણનો આદેશ તેમણે પોતાના જીવનમાં પૂરેપૂરો ઉતાર્યો હતો.

ગૃહસ્થો ! ભરતખંડે એ પ્રમાણે આખા જગતને પોતાનો શુભ સંદેશો પહોંચાડ્યો છે. આવાં કાર્યો સફલ થવાને માટે એક ખાસ અનુકૂળતાની જરૂર હોય છે. કોઇપણ નિર્માણ કરેલા વ્યાપારના માર્ગ વગર વ્યાપારના પદાર્થો એક દેશમાંથી બીજા દેશમાં જઇ શકતા નથી. એક પ્રજાની ભાવનાઓ પણ એવા કોઇ નિર્મિત રાજમાર્ગ વગર એક દેશમાંથી બીજા દેશમાં જઇ શકતી નથી. એક પ્રજાના વિચારો બીજી પ્રજાને પહોંચાડવામાટે વિચારના વ્યાપારમાર્ગની પણ આવશ્યકતા હોય છે. જ્યારે જ્યારે જગતના ઇતિહાસમાં કોઇ પરાક્રમશાળી પ્રજા ઉત્પન્ન થઇને જગતની જુદી જુદી પ્રજાઓને એક સાંકળથી જોડી દે છે,

ત્યારે એ રસ્તે થઇને ભારતીય તત્ત્વદર્શનનો પ્રવાહ વહવા માંડે છે, અને પ્રત્યેક પ્રજાની નાડીએ નાડીમાં સંચરી જાય છે. બૌદ્ધધર્મના ઉદય પહેલાંના જમાનામાં પણ ભરતખંડનું તત્ત્વજ્ઞાન આખા જગત્‌માં ફરી વળ્યું હતું, એવાં પ્રમાણ દિવસે દિવસે વધારે ને વધારે મળતાં જાય છે. વેદાંતધર્મ બૌદ્ધધર્મના ઉદય પહેલાં ચીન, ઇરાન અને ગ્રીસની નજીકના દ્વીપસમૂહમાં પ્રવેશ કરી ચૂકયો હતો. બીજીવાર જ્યારે ગ્રીસ દેશની મહાન્ શક્તિએ પૂર્વની દુનિયાના જુદા જુદા દેશોને સંયુકત કરી દીધા, ત્યારે પણ ભરતખંડના તત્ત્વજ્ઞાનનો પ્રવાહ વહેતો થયો; અને ખ્રિસ્તીધર્મ જે પોતે ઉત્પન્ન કરેલી સંસ્કૃતિનો ગર્વ રાખે છે, તેની અંદર ભરતખંડના વિચારોનાં છૂટાં છવાયાં તત્ત્વોના સંગ્રહ ઉપરાંત બીજું કશું નવીન નથી. આપણે તે મહાન્ આર્યધર્મના અનુયાયી છીએ, કે બૌદ્ધધર્મ પણ પોતાનાં સઘળાં મહત્ત્વ છતાં જે ધર્મના વિદ્રોહી સંતાનરૂપ છે; અને ખ્રિસ્તીધર્મ પણ જે ધર્મની એક ઢંગધડા વગરની નકલરૂપજ છે. વળી પાછું ત્રીજીવાર પણ કાળચક્ર ફર્યું છે, ફરીથી પાછો તેવોજ સમય ઉપસ્થિત થયો છે. ઇંગ્લૅન્ડની અજય્ય શકિતવડે જગતના જુદા જુદા દેશો ફરીથી સંધાયા છે. રોમન લોકોએ રચેલા વ્યાપારમાર્ગની માફક ઇંગ્લૅન્ડના વ્યાપાર-માર્ગ કેવળ જમીન ઉપરનાજ નથી; પરંતુ એક સમુદ્રથી બીજા સમુદ્ર સુધી પથરાઇ ગયા છે. જગત્‌નો દરેક વિભાગ એક બીજા સાથે સંકળાઇ ગયો છે અને વિજળી એક નવાજ પ્રકારના દૂતનું કાર્ય અદ્‌ભુત રીતે બજાવવા લાગી છે.આવા અનુકૂળ પ્રસંગોની મદદ મળતાં ઉંઘેલો ભરતખંડ પુનઃ જાગ્રત થયો છે અને જગતની ઉન્નતિ અને સંસ્કૃતિના ભંડારમાં પોતાનો હિસ્સો આપવાને તૈયાર થયો છે. એનાજ પરિણામે, ખુદ કુદરતેજ પોતાનું બળ વાપરીને મને ઇંગ્લૅન્ડ અને અમેરિકામાં ધર્મનો પ્રચાર કરવાને મોકલી દીધો. આપણે દરેક જણે આશાવંત થવું જોઇએ કે હવે આપણી શકિત બતાવવાનો સમય ફરીને આવી પહોંચ્યો છે. બધી બાજુએ શુભ ચિન્હો નજરે પડે છે. હવે ભરતખંડનાં તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક ભાવનાઓને માટે જગત્‌માં દિગ્વિજય કરવાનો પ્રસંગ આવી લાગ્યો છે. માનવજીવનને લગતો જે મહા પ્રશ્ન આપણી સમક્ષ રજુ થયો છે તે હવે દિવસે દિવસે વધારે પ્રશસ્ત બનતો જાય છે. આપણે આપણા દેશમાં જાગ્રતિ લાવીનેજ બેસી રહેવાનું નથી. એ તો સાધારણ બાબત છે. હું ઘણોજ કલ્પનાપ્રિય મનુષ્ય છું. હું એવી આશા રાખું છું કે હિન્દુ પ્રજા આખા જગત્‌માં વિજય કરશે, આખા જગતના ધર્મરાજ્યમાં તે દિગ્વિજય કરશે એવું ચિત્ર મારી કલ્પનામાં ખડું થાય છે.

જગત્‌માં અનેકાનેક દિગ્વિજયી પ્રજાઓ ઉત્પન્ન થઇ છે. આપણે પણ સર્વાંશે મહાન્ વિજયી પ્રજા છીએ. આપણા દિગ્વિજયની કથા ભારત સમ્રાટ્ અશોકે ધર્મ અને આધ્યાત્મિકતાના દિગ્વિજયરૂપે વર્ણવી છે. ફરીથી આપણો દેશ જગતને જિતી લે એ મારા જીવનનું એક મહાન્ સ્વપ્ન છે. હું આશા રાખું છું કે જે કોઇ આજનું મારું વ્યાખ્યાન સાંભળે છે, તેમાંનો દરેક દરેક જણ આવાજ પ્રકારની કલ્પના જાગ્રત કરશે; અને જ્યાંસુધી એ કલ્પ-

નાસૃષ્ટિ વ્યાવહારિક રૂપમાં પરિણામ ન પામે ત્યાંસુધી જંપીને બેસશે નહિ. લોકો તમને શિખામણ દેવા તૈયાર થશે કે પહેલાં તમે તમારૂં પોતાનું ઘર સંભાળો અને પછીજ અન્ય પ્રજાઓને જિતવા જાઓ; પણ હું તમને સ્પષ્ટ ભાષામાં કહું છું કે તમે બીજાઓને માટે પરિશ્રમ ઉઠાવશો તોજ તમારૂં કાર્ય સર્વોત્તમ થયું ગણાશે. જો તમે અન્ય પ્રજાઓનું કાર્ય કરશો, સમુદ્રના પાર જઇને વિદેશી ભાષાઓદ્વારા તમારા તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરશો, તોજ તમે તમારૂં પોતાનું કાર્ય પણ સર્વોત્તમ રીતે બજાવી શકશો. આજની સભાથી પણ એજ વાત સાબિત થાય છે કે, આપણા તત્ત્વજ્ઞાનનો અન્ય પ્રજાઓમાં પ્રચાર કરવાનો માત્ર પ્રયત્ન કર્યાથી પણ આપણા દેશનું કાય કેટલું સરળ થઇ જાય છે. જો મેં મારૂં કાર્યક્ષેત્ર ભરતખંડમાજ બાંધી રાખ્યું હોત તો મારા ઇંગ્લૅન્ડ અને અમેરિકા જવાથી જે અસર આ દેશમાં થએલી છે, તેના ચોથા ભાગની પણ ન થઇ હોત. આજ આપણો આદર્શ હોવો જોઇએ અને દરેક જણે તે ગ્રહણ કરવા તૈયાર થવું જોઇએ. ભરતખંડ આખા જગતને જિતી લે, એ આદર્શમાં જરા પણ ન્યૂનતા કરવાની નથી. એ મહેચ્છામાટે આપણે બધાએ તૈયાર થવું જોઇએ; તેને માટે પ્રાણાન્તસુધી અવિરત પરિશ્રમ ઉઠાવવો જોઇએ. ભલે, પરદેશી પ્રજાઓ અત્ર આવીને પોતાનાં સૈન્યવડે આખા ભરતખંડને વ્યાપ્ત કરી દે તેની કાંઇ ચિન્તા નહિ. ભારતનાં સંતાનો ! જાગ્રત થાઓ ! તમારો દિગ્વિજય બીજાજ પ્રકારના રણક્ષેત્રમાં છે. તમારી આધ્યાત્મિકતાવડે જગતના દેશે દેશ જિતી વળો. **તિરસ્કારવડે તિરસ્કારનો પરાભવ નહિ થાય પણ પ્રેમવડેજ વૈરનો પરાજય કરી શકાશે**, એ મહાન્ સત્ય આપણાજ દેશમાંથી સૌથી પહેલીવાર વિઘોષિત થએલુ છે. જડવાદ અને તેની સાથે આવનારાં અનેક દુઃખોનો જડવાદવડે નિસ્તાર નહિ થાય. જ્યારે એક પ્રજાનું સૈન્ય બીજી પ્રજાના સૈન્યને પોતાના બાહુબળવડે પરાજિત કરવાનો યત્ન કરે છે, ત્યારે માનવજાતિ કેવળ ફાડી ખાનારાં પશુની અવસ્થાએજ ઉતરી જાય છે; અને તે જાતિમાં ધીમે ધીમે નરપશુઓની સંખ્યા વધતી જાય છે. આપણી આધ્યાત્મિકતા જરૂર પશ્ચિમના દેશોને જિતી લેશે. ધીમે ધીમે હવે તેઓ પણ સમજવા લાગ્યા છે કે તેમની પ્રજાના અસ્તિત્વમાટે તેમને આધ્યાત્મિક ભાવનાઓની ઘણીજ જરૂર છે. આધ્યાત્મિકતાના પ્રવાહની તેઓ રાહ જોઇ રહ્યા છે. માત્ર અન્ય દેશોમાં જઇને ઋષિમુનિઓએ સંચિત કરેલા તત્ત્વજ્ઞાનના સંદેશા પહોંચાડવાને તૈયાર હોય, એવા વીર પુરુષોનોજ ટોટો છે ! આ કલ્યાણકારક સંદેશો જગતને ખૂણે ખૂણે જઇને પહોંચાડવાને માટે દરેક પ્રકારના સ્વાર્થનું બલિદાન આપનારા પુરુષોજ ક્યાં છે ? સત્યના પ્રચારના કાર્યમાં સહાયભૂત થવાને વીર હૃદયના પુરુષોનીજ જરૂર છે. પરદેશમાં જઇને વેદાંતનાં મહાન્ સત્યોનો પ્રચાર કરે એવા મહાનુભાવ કર્મવીરોનીજ આવશ્યકતા છે. જગતને આ વિષયનીજ અત્યારે અત્યંત જરૂર છે; તેના વગર જગત્ વિનાશ તરફ ઘસ્યું જાય છે. આખું પાશ્ચાત્ય જગત્ એક એવા જ્વાલામુખીના શિખર ઉપર બેઠેલું છે કે, તે મોટા ધડાકાની સાથે

આવતીજ કાલે ફાટી જાય અને એ પ્રજાઓના ચૂરેચૂરા થઇ જાય.÷ તેઓ આખા જગતને શોધી વળેલ છે, પણ શાંતિ પ્રાપ્ત કરવાનો ઉપાય તેમને હાથ લાગ્યો નથી. એમણે વિલાસ અને વૈભવનો પ્યાલો ઠસ ઠસાવીને પીધો છે, પણ તેથી તેમને તૃપ્તિ થઇ નથી. ભારતીય આધ્યાત્મિક ભાવનાઓ પાશ્ચાત્ય પ્રજાઓમાં છેક ઉંડાણ સુધી લઈ જવાનો આજે સમય આવી પહોંચ્યો છે; તેટલામાટે હે મદ્રાસવાસી યુવકો ! મારા શબ્દો બરાબર સ્મરણમાં રાખવાને ભાર મૂકીને કહું છું. આપણે પરદેશ જવું જ પડશે; આપણી આધ્યાત્મિકતા અને તત્ત્વદર્શનરૂપી શસ્ત્રોવડેજ આપણે આખા જગતને જિતી લેવું પડશે. એ સિવાય બીજો માર્ગજ નથી. જો આપણે આ આધ્યાત્મિક સંગ્રામમાં જોડાવા તૈયાર નહિ થઇશું તો આપણો વિનાશ જરૂર થવાનો. જો આપણે આપણા પ્રજાજીવનને પુનઃ સતેજ કરવું હોય, જો તેને જીવંત અને બળવાન્ રાખવું હોય તો તેને માટે એકજ ઉપાય છે કે, આપણા આધ્યાત્મિક તત્ત્વદર્શનવડે આખા જગતને જિતી લેવું.

બીજી બાજુએ જોતાં આપણે એ બાબતનું પણ વિસ્મરણ ન કરવું જોઇએ કે જ્યારે હું આપણી આધ્યાત્મિક ભાવનાઓવડે જગતને જિતવાની વાત તમને કહું છું, ત્યારે હું માત્ર આપણી આધ્યાત્મિકતા એટલે કે આપણા જીવનપ્રદ તત્ત્વજ્ઞાનનોજ પ્રચાર કરવાનું કહું છું. સૈકાના સૈકા થયાં આપણે હજારો પ્રકારના જે કુસંસ્કાર અને વહેમોને આપણા હૃદયમાં સ્થાન આપતા આવ્યા છીએ, તે ઝેરી કચરાનો પ્રચાર કરવાનું નથીજ કહેતો. એ ઝેરી છોડવાઓને તો આપણા દેશમાંથી પણ નિર્મૂળ કરી નાખવાના છે કે જેથી કરીને તેઓ હમેશને માટે ચીમળાઇને મરી જાય. એ વહેમજ આપણી પ્રજાની અવનતિનું મુખ્ય કારણ છે અને તેમણેજ આપણી પ્રજાની બુદ્ધિને નિર્માલ્ય બનાવી દીધી છે. તેમનાથી અત્યંત સાવધાન રહેવાની આપણને જરૂર છે; કારણકે ધર્મને નામે પ્રચલિત થએલા ક્ષુદ્ર કુસંસ્કારો અને વહેમોને શરણ થવાથી આપણી બુદ્ધિને અને વિચારશકિતને એક પ્રકારનું ઝેર ચડી જાય છે; મગજશકિત ઉંચા પ્રકારના ગંભીર વિચારોને ઉત્પન્ન કરવાને માટે નાલાયક બની જાય છે. ઉત્સર્ગશકિત (સ્વાર્થત્યાગની ભાવના) નો નાશ થાય છે અને સ્વતંત્રપણે વિચાર કરવાની શકિત ક્ષીણ થવાથી આખી પ્રજા નિર્માલ્ય થઇ જાય છે. આપણી દૃષ્ટિસન્મુખ આપણા દેશમાં બે પ્રકારનાં ભયકારક કારણો ઉભાં થયાં છે. એક બાજુએ હડહડતો ભયંકર જડવાદ છે, અને બીજી બાજુએ તેના પ્રત્યાઘાત જેવા જૂના સડેલા વહેમ છે. એ બેઉથી આપણે ઘણાજ સાવધાન રહેવાનું છે. પાશ્ચાત્ય જ્ઞાનરૂપી મદિરાના પાનથી ઉન્મત્ત થએલા કેટલાક લોકો એમ માની બેઠા છે કે, અમેજ બધું જાણીએ છીએ અથવા અમે જે માનીએ છીએ તેજ સત્ય છે. તેઓ પ્રાચીન આર્ય ઋષિમુનિઓ-

÷ આ ભવિષ્યવાણી આધુનિક યૂરોપીઅન વિગ્રહે સાચી પાડી છે. ઈતિહાસના દરેક અભ્યાસકને ખબર હતી કે જડવાદપર રચાએલી યૂરોપીઅન સંસ્કૃતિનું આવું ભયંકર પરિણામ આવવુંજ જોઈએ. ભાષાંતર કર્તા

નો તિરસ્કારની સાથે ઉપહાસ કરે છે. તેઓની દૃષ્ટિએ હિન્દુઓના તમામ તત્ત્વવિચારો નકામા કચરા જેવા છે; હિન્દુ પ્રજાનું તત્ત્વજ્ઞાન નાના બાળકની લવરી જેવું છે; અને હિંદુ પ્રજાનો ધર્મ મૂર્ખ, પામર લોકોના વહેમનો સમુદાય છે. બીજી બાજુએ આપણા કેળવાએલા વર્ગમાં કેટલાક એવા પણ દોઢડાહ્યા માણસો છે કે, જેઓ બીજા ભદ્રંભદ્ર જેવા હોઇને ઉપર કહ્યા તેવા નાસ્તિકોથી તદ્દન સામે પાટલે બેસનારા છે. તેઓ તમામ પ્રકારના બનાવોને શુભ અથવા અશુભ શુકન તરીકે માની લે છે; અને બીજાઓને તેનું રહસ્ય સમજાવવા પ્રયત્ન કરે છે. તેઓ પોતાના ગામમાં પ્રચલિત થએલા દરેક વહેમી રિવાજ ઉપર આધ્યાત્મિક ભાષ્ય કરવામાં ઘણા કુશળ રહે છે.જે જે હલકા પ્રકારની પૂજાવિધિઓ, ગ્રામ્ય દેવતાઓ, બાધાઓ અને માનતાઓ આપણા લોકોમાં પ્રચલિત છે, તે સર્વનું આજ સુધી કોઇના જાણવામાં ન હતું એવું આધ્યાત્મિક રહસ્ય ઉપજાવી કહાડીને લોકોના વહેમ અને અજ્ઞાનને વિશેષ દૃઢ બનાવવાને તેઓ યત્ન કર્યા કરે છે. એવા દોઢડાહ્યાઓથી તમે બહુજ સાવધાન રહેજો. તમે દરેક જણ મૂર્ખ, પામર અને વહેમી હો તે કરતાં હડહડતા ભયંકર નાસ્તિક હો તે હું વધારે પસંદ કરૂં છું; કારણ કે ખરા નાસ્તિકમાં વિચારશકિત અને જીવન હોય છે, તેથી ભવિષ્યમાં તે સુધરશે એવી આશા રાખી શકાય છે; તેનામાં ચેતન અને સ્વતંત્રતાનો જુસ્સો રહેલો છે.જો વહેમ અને અજ્ઞાન તમારા મગજમાં દાખલ થઇ ગયાં તો તમારી બુદ્ધિ નિર્માલ્ય થઇ જશે અને જીવન કટાઇ જઇને તદ્દન નિર્જીવ બની જશે, માટે એ બેઉથી દૂર રહેજો. આપણને નિડરપણે સ્વતંત્ર વિચાર બાંધે એવા વીર પુરુષોની જરૂર છે. તાજું અને ઉછાળા મારતું રુધિર, મજબૂત જ્ઞાનતંતુઓ અને લોખંડ જેવા દૃઢ સ્નાયુઓવાળા મર્દોનો જરૂર છે. નિર્વીર્ય અને દુર્બળ, ઢીલાઢબ અને પોચાપચ, મુર્દાલ મનુષ્યોની આપણને કશીએ જરૂર નથી. એવા માણસોથી દૂરજ રહેજો. કોઇપણ ગુપ્તપણાનો કે તેવા ગુપ્ત અધિકારી મંડળનો ત્યાગજ કરજો. ધર્મની બાબતમાં ગુપ્તપણું અને અધિકારી મંડળ હોતુંજ નથી. જ્યાં એવું જુઓ ત્યાં કાંઇ ગોટાળો હોવોજ જોઇએ. પ્રાચીન ઋષિઓએ કોઇવાર ધર્મનો પ્રચાર કરવામાટે ગુપ્ત અને અધિકારી મંડળો સ્થાપ્યાં હતાં ? વેદાંતમાં, વેદમાં, પુરાણમાં, સંહિતામાં કોઇ ઠેકાણે ગુપ્ત જેવું કાંઇ જોવામાં આવે છે ? ઋષિઓએ જાતે શોધી કહાડેલાં મહાન્ સત્યોનો આખા જગત્માં પ્રચાર કરવામાટે કોઇ પણ જાતની હાથચાલાકી અને ચમત્કાર ત્યાં નમસ્કાર, એવી પદ્ધતિ કદિ ગ્રહણ કરી હતી ? ગુપ્તપણું, ચમત્કાર, સિદ્ધિ એ સર્વ વહેમ, નબળાઇ અને ઠગાઇ છે. તે હમેશ અવનતિ અને વિનાશનાંજ ચિન્હ છે, માટે એવા લોકોથી પણ સંભાળતા રહેજો. આત્મબળથી બળવાન્ થાઓ અને તમારા પોતાનાજ પગ ઉપર ઉભા રહેતાં શીખો. જગત્માં ઘણાએ અદ્‌ભુત બનાવો બને છે. કુદરતના નિયમોનું આપણને જે થોડું જ્ઞાન છે તેને હિસાબે એવા બનાવોને આપણે અગમ્ય અથવા આધિલૌતિક એવું નામ આપીએ તે ઠીક છે, પણ તેમાં ગુપ્ત જેવું તો કશું છેજ નહિ. "ધર્મનાં સત્યો

અત્યંત ગૂઢ છે અથવા હિમાલયના બરફથી ઢંકાએલાં શિખરો ઉપર અધિવેશન કરતા કોઇ ગુપ્ત મંડળના એકલાના અધિકારનો વિષય છે.'' આવી ઠગાઇભરેલી હકીકત આ દેશમાં કદિ જાહેર કરવામાં આવીજ ન હતી. હું હિમાલય ઉપર ભ્રમણ કરી આવ્યો છું; તમે ગયા નથી. તમારા દેશથી તે સેંકડો માઇલ દૂર છે. હું સંન્યાસી છું-છેલ્લાં ચૌદ વર્ષથી પગે ચાલીને ચારે દિશાએ ભ્રમણ કરૂં છું. હું ખાત્રીપૂર્વક કહું છું કે આવા પ્રકારનાં ગુપ્ત મંડળો કોઇ ઠેકાણે છેજ નહિ. એવા વહેમ અને અજ્ઞાનની પાછળ ફાંફાં મારતા નહિ. એના કરતાં તો પૂરેપૂરા નાસ્તિક થવામાં તમારૂં અને તમારા દેશનું વિશેષ કલ્યાણ છે; કારણ કે નાસ્તિક હશો તોપણ તમારામાં એક પ્રકારનું મનોબળ અને ચેતન તો રહેશેજ, પણ વહેમી થવાથી તો તમે છેકજ નિર્માલ્ય, નિર્જીવ અને પામર થઇ જશો. બુદ્ધિવાન્ માણસો આવા વહેમોની પાછળ વખતની બરબાદી કરે, એ વહેમમાં ગુપ્ત રહસ્ય છે એમ સમજાવવાને રૂપક અને અલંકારો ગોઠવી કહાડે, અને જૂનામાં જૂના અને સડેલામાં સડેલા રિવાજો અને વહેમોમાં ગંભીર રહસ્ય સમાએલું છે એવું સાબિત કરવામાં પોતાની અક્કલનો ઉપયોગ કરે એ આખી માનવજાતિને માથે મોટું કલંક છે. બહાદૂર થાઓ, બળવાન્ થાઓ; જે અસત્ય છે તેને કોઇ પણ રીતે પાટીઆં બેસાડીને ટેકો આપવાનો મિથ્યા ડોળ ન કરો. સત્ય છે કે આપણા જનસમાજમાં અનેક પ્રકારના વહેમ જડ ઘાલીને બેઠા છે અને આપણા શરીરમાં અનેક ચાંદાં અને ડાઘાઓ છે. તે સર્વને એકદમ કહાડી નાખો; ઉખાડીને ફેંકી દો; એ બધાંને નિર્મૂળ કરી નાખો. એવા વહેમનો નાશ કર્યાથી આપણા ધર્મના ખરા સ્વરૂપને લેશ માત્ર પણ ક્ષતિ પહોંચવાની નથી; આપણી આધ્યાત્મિકતા અને આપણા પ્રજાજીવનને એથી જરાએ આઘાત થવાનો નથી. ઊલટાં આથી તેઓ વિશુદ્ધ અને બળવાન્ થશે. આપણા ધર્મનાં મૂળતત્ત્વ તેવાં ને તેવાંજ રહેશે; એટલું જ નહિ પણ મલિનતાનો કાટ નીકળી જવાથી વધારે પ્રોજ્જ્વલ અને ભવ્ય બનશે.તેમનેજ દઢતાથી વળગી રહેજો.

જગતનો દરેક ધર્મ પોતાને માટે સાર્વભૌમિકતાનો દાવો કરે છે, એ તમે ઘણીવાર સાંભળ્યું હશે. હું તમને શરૂઆતથીજ કહી દઉં છું કે કોઇ પણ ધર્મ કોઇપણ જમાનામાં આખા જગતના સાર્વભૌમ ધર્મ તરીકે મનાશેજ નહિ. આમ છતાં જો કોઇ ધર્મ એવા પ્રકારની યોગ્યતા ધરાવતો હોય તો તે આપણોજ ધર્મ છે; બીજા કોઇ પણ ધર્મમાં એવી યોગ્યતા નથી;* કારણ કે આપણા ધર્મ સિવાય બાકીના તમામ ધર્મ કોઇ ને કોઈ મહાપુરુષ અથવા મહાપુરુષો ઉપર આધાર રાખે છે. આપણા ધર્મ સિવાયના તમામ ધર્મ કોઇ ઐતિહાસિક પુરુષ તરીકે મનાતા મહાપુરુષના જીવન સાથે અવિચ્છિન્નપણે સંકળાએલા છે. એ બધા ધર્મના અનુયાયીઓ એમજ સમજે છે કે આ ઐતિહાસિકપણાવડે આપણા

* આ મુદ્દાના વિશેષ વિવેચન માટે 'ભરતખંડના મહાપુરુષો ' એ નામનું વ્યાખ્યાન જોવું. ભા૦ ક૦

ધર્મના પાયા મજબૂત બન્યા છે, પણ ખરૂં જોતાં એજ તેમની મોટામાં મોટી નિર્બળતા છે. જો એમાંના કોઇ પણ ધર્મના મૂળ પ્રવર્તકનું ઐતિહાસિકપણું સાબિત ન થઇ શકે, તો તેનાપર ચણેલી ધર્મની ઇમારત એકદમ તૂટી પડે એમાં સંદેહ નથી. એ બધા મહાપુરુષો અથવા ધર્મપ્રવર્તકોના જીવનના અર્ધોઅર્ધ બનાવો તો આજ દિનસુધી જુઠા ઠરી ચૂક્યા છે; અને બાકીના અર્ધા ભાગ ઉપર વિદ્વાનો સંદેહભરી નજરથી જુએ છે. આથી કરીને જે સત્યોનો એક માત્ર આધાર અમુક મહાપુરુષના મુખમાંથી તે નીકળ્યાં હતાં એટલોજ છે; તે બધાં હવે નિરાધાર થવાથી હવામાં ઉડી જવા લાગ્યાં છે. આપણા દેશમાં પણ સંખ્યાબંધ મહાપુરુષો થઇ ગયા છે; પરંતુ આપણા ધર્મનાં સત્યો કાંઇ માત્ર એ મહાપુરુષોનાં વચન ઉપરજ આધાર રાખતાં નથી. શ્રીકૃષ્ણની મહત્તા શ્રીકૃષ્ણ તરીકે નથી, પણ વેદના સર્વશ્રેષ્ઠ ઉપદેશક તરીકે છે. જો તેમ નહિ હોત તો જેમ બુદ્ધ ભગવાનનું નામ હિંદુસ્તાનના લોકોની સ્મૃતિમાંથી લગભગ વિલુપ્ત થઈ ગયું છે, તેમ કૃષ્ણનું નામ પણ વિલુપ્તજ થઇ ગયું હોત. આપણે પરાપૂર્વથીજ અમુક મહાપુરુષના અનુયાયી નથી. પણ અમુક આધ્યાત્મિક સિદ્ધાંતોના ઉપાસક છીએ. આપણા મહાત્માઓ અને અવતારી પુરૂષો એ સિદ્ધાંતોનાં સાક્ષાત્ મૂર્તસ્વરૂપ છે. જ્યાંસુધી ભારતવર્ષમાં આ સિદ્ધાંતો સચવાઇ રહ્યા છે ત્યાંસુધી એક નહિ પણ હજારો મહાપુરુષો ઉત્પન્ન થયાજ કરશે. જ્યાંસુધી આ સિદ્ધાંતોના સ્વરૂપમાં વિકાર નથી થયો ત્યાંસુધી એક નહિ પણ હજારો ગૌતમ બુદ્ધો ઉત્પન્ન થવાની આશા રહે છે, પણ જો એ સિદ્ધાંતોનોજ લોપ થયો, જો એમનુંજ વિસ્મરણ થયું અને જો આપણું પ્રજાજીવન ઉપર કહ્યા તેવા કોઇ એક ઐતિહાસિક પુરુષનેજ વળગી રહ્યું, તો જરૂર માનજો કે ધર્મની અવનતિ થયા વગર રહેવાની નથી. એવા ધર્મને માથે મોટાં સંકટો આવ્યા વગર રહેશેજ નહિ. માત્ર આપણોજ ધર્મ એવા ભયમાંથી મુક્ત છે; અને તેનું કારણ એજ છે કે, તેનો આધાર કોઇ મહાપુરુષ કે મહાપુરુષો ઉપર નથી પણ માત્ર સનાતન સત્યો ઉપર છે. બીજી બાજુએ આપણા ધર્મમાં એક નહિ પણ લાખો મહાપુરુષોને માટે અવકાશ છે. નવા અવતારી પુરુષ અથવા નવા મહાપુરુષને માટે આપણા ધર્મમાં સ્થાન છે, પણ તેઓ ધર્મનાં સનાતન સત્યોના જીવંત ઉદાહરણરૂપ નીવડે તોજ. આ બાબત તમે કદિ ભૂલી જશો નહિ. આપણા ધર્મના મૂળ સિદ્ધાંતો હજી સુધી સલામત અને અવિકૃત અવસ્થામાં સચવાએલા છે. માત્ર કાળે કરીને તેમના ઉપર ધૂળ ન ચડી જાય અથવા કાટનાં પડ ન ચડી જાય, તેને માટેજ આપણે જીવનભર પ્રયત્ન કરવાનો છે. આશ્ચર્યની વાત તો એ છે કે આપણી પ્રજાજીવનની ભયંકર અધોગતિ થઇ છે, છતાં પણ હજી વેદાંતનાં મૂળતત્ત્વોમાં મલિનતા પ્રવેશ કરવા પામી નથી. અત્યંત દુષ્ટ માણસો પણ તેમને દૂષિત કરવાની ધૃષ્ટતા કરતા નથી. આપણાં શાસ્ત્રો આખી દુનિયામાં સૌથી ઉત્તમપણે સચવાએલાં છે. બીજી પ્રજાઓનાં શાસ્ત્રો સાથે સરખાવતાં આપણાં વેદાંતશાસ્ત્રોમાં ક્ષેપક ભાગ, મૂળ તાત્પર્યની વિકૃતિ અથવા અર્થનો

અનર્થ નથી થયો એમ કહીએ તો ચાલે. પ્રાચીનકાળમાં હતાં તેવાં ને તેવાંજ હજી પણ તે જીવાત્માને તેના લક્ષ્યબિંદુતરફ-પરમ આદર્શ તરફ પ્રેરવાને સમર્થ છે.

અનેક ભાષ્યકારોએ તેમના ઉપર ભાષ્યો લખ્યાં છે. અનેક આચાર્યોએ તેમનો દેશમાં પ્રચાર કર્યો છે. તેમને આધારે અનેક ધર્મ અને સંપ્રદાયોની સ્થાપના થઇ છે. તમે એ પણ જોઇ શકશો કે વેદાંતમાં એવા કેટલાક અંશ છે કે જે પ્રથમ દૃષ્ટિએ પરસ્પર વિરોધી દેખાય છે.કેટલાક શ્લોક સંપૂર્ણ રીતે દ્વૈતવાદાત્મક છે. કેટલાક શ્લોક સંપૂર્ણ રીતે અદ્વૈતવાદાત્મક છે. દ્વૈતવાદી ભાષ્યકારો દ્વૈતવાદ સિવાય બીજું કાંઇ સમજીજ શકયા નહિ: તેથી તેમણે અદ્વૈતવાદાત્મક શ્લોકોનો કચ્ચરઘાણ કહાડી નાખ્યો. દ્વૈતવાદી ધર્માચાર્યો અને પુરોહિતોએ પોતાનો દ્વૈતવાદ સિદ્ધ કરવાને અદ્વૈતવાદાત્મક શ્લોકોનો અર્થ મચડી નાખ્યો. અદ્વૈતવાદી ભાષ્યકારોએ પણ અદ્વૈતવાદાત્મક શ્લોકોનું તેવીજ રીતે ખૂન કર્યું; પરંતુ આ પ્રમાણે થયું તેમાં કાંઇ વેદનો પોતાનો દોષ નથી. સમગ્ર વેદમાં માત્ર દ્વૈતવાદનીજ વાત લખેલી છે એમ સિદ્ધ કરવાને યત્ન કરવો એ મૂર્ખાઈ નહિ તો બીજું શું ? તેવીજ રીતે સમગ્ર વેદમાં અદ્વૈતવાદના સિદ્ધાંતો સિવાય બીજા કોઇપણ મતને આધાર મળતો નથી એમ સિદ્ધ કરવાને યત્ન કરવો એ પણ મૂર્ખાઇજ છે. વેદમાં દ્વૈત અને અદ્વૈત બન્ને છે. આપણે નવા જમાનાના વધારે ઉદાર વિચારોની સહાયથી આ વાત વધારે સારી રીતે સમજી શકીએ છીએ. આ તમામ જુદા જુદા સિદ્ધાંત અને મતદ્વારા અંતે મુખ્ય સિદ્ધાંત એજ નીકળે છે કે, જુદી જુદી શ્રેણીનાં મનુષ્યોની ક્રમશઃ ઉન્નતિ થવી જોઇએ અને તેટલાજ હેતુથી વેદ એવો ઉપદેશ આપે છે. સમગ્ર માનવજાતિના કલ્યાણ તરફ દૃષ્ટિ રાખીને ઉચામાં ઉચા લક્ષ્યબિંદુસુધી પહોંચવાને વેદમાં જુદી જુદી સીડીઓ બતાવી છે; એથી કરીને તેઓ એકબીજાથી વિરુદ્ધ છે એમ ફલિત થતું નથી. બાળક જેવાં અજ્ઞાન મનુષ્યોને ભોળવવાને માટે વેદમાં ઉપલકીઆ દૃષ્ટિથી પરસ્પર વિરુદ્ધ દેખાતા સિદ્ધાંતો લખ્યા નથી.

જુદા જુદા સિદ્ધાંતોની પણ જરૂર છે. તેમની નાના બાળકને તેમજ પુખ્ત ઉંમરના મનુષ્યને-એઉને સરખી જરૂર છે. જ્યાંસુધી આપણને દેહ છે, જ્યાંસુધી દેહને આત્મા માની લેવાની ભ્રાંતિ થાય છે, જ્યાં સુધી આપણે પંચેન્દ્રિયવડે બંધાઇ રહેલા છીએ અને જ્યાંસુધી આપણે બહારની સૃષ્ટિને જોઇ શકીએ છીએ, ત્યાંસુધીજ ઈશ્વરને એક વ્યક્તિ તરીકે અથવા સગુણ માનવાની આપણને જરૂર પડે છે. ઉપર કહી ગયા તે બાબતોનું જ્ઞાન આપણને જ્યાંસુધી રહે ત્યાંસુધી શ્રી રામાનુજાચાર્યના સિદ્ધાંત પ્રમાણે ઈશ્વર, જીવ અને જગત્, એ ત્રણેનો સ્વીકાર આપણે કરવોજ પડશે. એ ત્રણમાંના એકનો પણ સ્વીકાર કર્યો એટલે બાકીનાં બેનો સ્વીકાર પણ તમારે કરવોજ પડશે. એ સિવાય બીજો રસ્તોજ નથી; માટે જ્યાંસુધી આપણે બાહ્ય જગતને જોઇ શકીએ છીએ ત્યાંસુધી ઈશ્વર અને જીવાત્માનો અસ્વીકાર કરવો એ ગાંડપણુજ કહેવાય.

આમ છતાં મહાત્માઓના જીવનમાં કોઇ કોઇવાર એવા અવસર પણ આવી પડે

છે કે, જ્યારે જીવાત્મા પોતાનાં બધી જાતનાં બંધનોને ઓળંગી જઇને, પ્રકૃતિના પ્રદેશમાંથી બહાર નીકળીને સર્વાતીત પ્રદેશમાં ચાલ્યો જાય છે; જે પ્રદેશને માટે શ્રુતિ કહે છે કેઃ–यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह। न तत्र चक्षुर्गच्छति नवाग्गच्छति नो मनः। नाहं मन्ये सुवेदेति नो न वेदेति वेद च॥ (મનની સાથે વાણી પણ જેને ન પહોંચી શકવાથી પાછી ફરે છે; ત્યાં ચક્ષુ જઇ શકતાં નથી; વાણી જઇ શકતી નથી; અને મન પણ જઈ શકતું નથી. હું તેને જાણતો નથી એમ ન સમજવું; હું તેને જાણું છું એમ પણ ન સમજવું.)

જ્યારે એવી અવસ્થા થાય છે ત્યારે જીવાત્મા પોતાનાં તમામ બંધનોમાંથી મુક્ત થાય છે. માત્ર ત્યારેજ તેના હૃદયમાં અદ્વૈતવાદનું મૂળતત્ત્વ–હું અને આ સમગ્ર જગત એકજ છીએ; હું અને બ્રહ્મ એકજ છીએ–એ ભાવનાનો ઉદય થાય છે.

આ સિદ્ધાંત કેવળ જ્ઞાન અને તર્કવડેજ સમજાય છે એમ પણ નથી. પ્રેમવડે પણ એનો સાક્ષાત્કાર થઈ શકે છે. તમે શ્રીમદ્ ભાગવતમાં વાંચ્યું હશે કે જ્યારે રાસક્રીડાની વચમાં ગોપીઓની નજર આગળથી શ્રીકૃષ્ણ અંતર્ધાન થઇ ગયા, ત્યારે તેઓ કૃષ્ણ-વિરહથી આક્રંદ કરવા લાગી. અંતે તેમની ભાવનાએ તેમના મન ઉપર એવી પ્રબળ અસર કરી દીધી કે, તેમને પોતાના દેહનું સંપૂર્ણ વિસ્મરણ થઇ ગયું. દરેક ગોપી પોતાને શ્રીકૃષ્ણ માનવા લાગી અને તેના જેવાં વસ્ત્ર પહેરીને તેની લીલાનું અનુકરણ કરવા પ્રવૃત્ત થઇ. ઇરાનના એક સુફીવિષે પણ એક કવિતામાં એજ ભાવનું લખાણ છેઃ–
"હું માશુકને ઘેર ગયો પણ દરવાજો બંધ હતો, મેં બારણું ખખડાવ્યું ત્યારે અંદરથી કોઇએ પૂછ્યું કે 'કોણ છે?' મેં કહ્યુંઃ–'એતો હું.' બારણું ઉઘડયું નહિ અને હું પાછો ગયો. હું બીજીવાર ગયો ત્યારે તેનો તેજ અવાજ અંદરથી આવ્યો કે 'કોણ છે?' મેં મારૂં નામ કહ્યું, તોપણ માશુકે દ્વાર ન ઉઘાડયું. હું ત્રીજી વાર ત્યાં ગયો અને કહ્યુ કે, અયે માશુક! હું તારૂં સ્વરૂપ છું, હું તેજ તું અને તુ તેજ હું! આ જવાબ સાંભળતાંજ માશુકે દરવાજો ઉઘાડયો."

માટે આપણે ધ્યાનમાં રાખવું જોઇએ કે જીવાત્માની ઉન્નતિના માર્ગમાં ઘણા તબક્કાઓ છે, અને તેથીજ જુદા જુદા માનસિક અને આધ્યાત્મિક વિકાસવાળા મનુષ્યો જગતમાં જોવામાં આવે છે. આ વાત ધ્યાનમાં રાખીને આપણે કદિ શાસ્ત્રના જૂઠા વિવાદમાં પડવું નહિ. ભાષ્યકારો કે જેમના તરફ આપણે માનની નજરથી જોવું જોઇએ તેઓ ભલે તેવા વિવાદ કરી ગયા હોય, પણ આપણે તેમ કરવાની જરૂર નથી, કારણ કે જ્ઞાનને સીમા નથી. પ્રાચીનકાળમાં જ્ઞાન ઉપર કોઇનો ઇજારો ન હતો અને વર્તમાનકાળમાં પણ કોઇનો નથી. પ્રાચીનકાળમાં ઋષિમુનિઓ થઇ ગયા છે તેમ વર્તમાન કાળમાં પણ તેવા અનેક ઋષિઓ ઉત્પન્ન થવાનાજ. જો પ્રાચીન યુગમાં વ્યાસ, વાલ્મીકિ અને શંકરાચાર્ય થઇ ગયા. તો તમારામાંથી પણ કોઈ કેમ આ જમાનાનો શંકરાચાર્ય ન થઇ શકે? આપણા ધર્મની બીજી

એક બાબત સ્મરણમાં રાખવા જેવી છે. બીજા દરેક ધર્મનાં શાસ્ત્રોમાં પ્રેરિત પુરુષોનાં વચનજ પ્રમાણભૂત માન્યાં છે. ઈશ્વરની પ્રેરણા અથવા ઈશ્વરનો આદેશ પ્રાપ્ત કરે એવા અધિકારવાળા મહાત્માઓ કોઈકજ હોય છે અને "તેમના દ્વારાજ ઈશ્વર જ્ઞાનનો પ્રચાર કરે છે; અને તેટલામાટે આપણે પણ તેઓનાં વચનોમાં શ્રદ્ધા રાખવી જોઈએ" એવું ફરમાન આપણને કરવામાં આવે છે. બાઈબલ કહે છે કે નાઝરેથના રહીશ જીસસના હૃદયમાંજ માત્ર સત્યનો પ્રકાશ થયો છે, અને તેટલામાટે આપણે એ બધું માનવુંજ જોઈએ. જ્યારે આપણાં શાસ્ત્રો કહે છે કે મંત્રદ્રષ્ટા ઋષિઓના હૃદયમાં સત્યનો પ્રકાશ થયો છે-એક કે બે જણના હૃદયમાં નહિ પણ સેંકડોનાં હૃદયમાં તે થયો છે-અને ભવિષ્યમાં પણ થયા કરશે. મંત્રદ્રષ્ટાનો અર્થ તત્ત્વજ્ઞાનનો, સત્યનો સાક્ષાત્કાર કરનાર થાય છે—નહિ કે માત્ર વાચાળ, વેદીઆ, પુસ્તકીઆ પંડિતો અને શાસ્ત્રના કેવળ શબ્દનેજ જાણનારા. **नायमात्मा प्रवचनेन लभ्यो । न मेधया न बहुना श्रुतेन ॥** એટલે વ્યાખ્યાનોવડે અથવા કેવળ બુદ્ધિવડે અથવા વેદનું અધ્યયન કર્યાથીજ આત્માની પ્રાપ્તિ થતી નથી.

આ સિદ્ધાંત ખુદ વેદનો છે. દુનિયાના કયા શાસ્ત્રમાં આમ સ્પષ્ટપણે, બેધડકપણે કહેલું જોવામાં આવે છે, કે વેદનું એટલે ધર્મશાસ્ત્રનું માત્ર અધ્યયન કર્યાથીજ આત્મસાક્ષાત્કાર થઈ શકતો નથી? તમારા હૃદયનાં દ્વાર ખુલ્લાં મૂકો, ખરા અંતઃકરણથી આત્માનું અનુસંધાન કરો તોજ આત્માના સ્વરૂપનું દર્શન તમે કરી શકશો. ધર્મ એટલે મંદિરે મંદિરે ભટકવું, અમુક જાતનાં તિલક છાપાં કપાળપર લગાવવાં અથવા અમુક પ્રકારનાં વસ્ત્ર ધારણ કરવાં એમ નહિ. એ તો બધી બહારની ઉપર ઉપરની ટાપટીપ છે. ભલેને તમે શરીરને ચંદનકેસરથી રંગીને કાબરચિત્રા વાઘ જેવા બની જાઓ, પણ જ્યાંસુધી તમારા હૃદયના પડદા ખુલ્યા ન હોય ત્યાંસુધી તમે ઈશ્વરના દર્શનની આશા રાખો એ ફોગટજ છે. જો ભકિતનો રંગ હૃદય ઉપર એકવાર ચડી ગયો હોય તો પછી બહારના રંગની કશી જરૂર નથી. ધર્મનાં તત્ત્વોનો સાક્ષાત્કાર કરો, જીવનને તદનુસાર બનાવો તોજ કાર્યસિદ્ધિ થશે. બહારની ક્રિયાઓ જેટલે અંશે ભક્તિ અને વૈરાગ્યના ઉદ્દીપન માટે જરૂરની છે, તેટલે સુધી ભલે તેમને રહેવા દેશો તો નુકસાન નથી; પણ યાદ રાખજો કે વગર વિચાર્યે એ બધી બહારની ક્રિયાઓ કર્યા કરવાથી લાંબી મુદતે શુષ્ક અને અર્થવગરની થઈ જાય છે અને આત્માની પ્રગતિમાં સહાયભૂત થવાને બદલે ઊલટી અંતરાયરૂપ થઈ પડે છે. કાળે કરીને "એ બહારની ક્રિયાઓ એજ સત્ય ધર્મ છે" એવી ભ્રાંતિ દૃઢ થઈ જાય છે. પછી મંદિરમાં જઈને દર્શન કરી આવવાં અથવા બ્રાહ્મણોને અમુક દાન કરવું, એજ આધ્યાત્મિકતા અને એજ ધાર્મિક જીવન છે એમ મનાઈ જાય છે. આ ભાવના ઘણીજ ભયંકર અને અનિષ્ટકારક હોવાથી તેનો એકદમ ઉચ્છેદ કરવો જોઈએ. આપણાં શાસ્ત્રો વારંવાર પુકારે છે કે ઇન્દ્રિયજન્ય બાહ્ય જ્ઞાનવડે ધર્મની પ્રાપ્તિ થતી નથી. જેનાવડે તે અનાદિ અને અક્ષર પરબ્રહ્મનો **સાક્ષાત્કાર થાય તેનું નામ જ ધર્મ; અને તે ધર્મ અમુક વ્યકિતમાટે નહિ પણ મનુષ્ય-**

માત્રને માટે જરૂરનો છે. જેણે એ અતીન્દ્રિય સત્યોનો સાક્ષાત્કાર કર્યો છે, જેણે આત્માના સ્વરૂપનું દર્શન કર્યું છે, જેણે એ પરમાત્માનો અપરોક્ષ અનુભવ કર્યો છે, જે પ્રાણીમાત્રમાં ઇશ્વરનું દર્શન કરે છે તેણે ઋષિત્વની પ્રાપ્તિ કરી છે. હજારો વર્ષ પર જેમણે આ અવસ્થા પ્રાપ્ત કરી હતી તેઓ પણ ઋષિજ હતા અને હજારો વર્ષ પછી પણ જેઓ એવી અવસ્થા પ્રાપ્ત કરશે તેઓ ઋષિજ કહેવાશે. જ્યાંસુધી તમે ઋષિની અવસ્થાએ ન પહોંચો ત્યાંસુધી તમે ખરૂં ધાર્મિક જીવન ધારણ કર્યું એમ કહેવાયજ નહિ. હાલ તમે જે કાંઇ કર્મ કરો છો અથવા વિચાર કરો છો, તે તો માત્ર એ ધાર્મિક જીવનની પ્રાપ્તિને માટે થતી તૈયારીજ કહી શકાય. યોગ્ય સમયેજ તમારા હૃદયમાં ધર્મનો સત્ય પ્રકાશ ઉદય થશે. હાલ તો તમે માત્ર માનસિક વ્યાયામ અને ઇન્દ્રિયસંયમના અભ્યાસ ઉપરાંત વધારે કશું કરતા નથી.

આપણાં શાસ્ત્રોમાં સ્પષ્ટપણે કહેલું છે કે જેને મુક્તિની અભિલાષા હોય તેણે ઋષિ થવું જોઇશે, મંત્રદ્રષ્ટા થવું જોઇશે અને ઇશ્વરનો સાક્ષાત્કાર કરવોજ જોઇશે. આપણાં શાસ્ત્રો પ્રમાણે મુક્તિ શબ્દનો અર્થ એજ થાય છે. શાસ્ત્રોનો જ્યારે આવોજ સિદ્ધાંત છે, તો પછી શાસ્ત્રનું રહસ્ય સમજી લેવું, તેમાંથી આપણી પ્રગતિને માટે જરૂરની સૂચના તારવી કહાડવી અને તેને જીવનમાં ઉતારવી તથા સત્યનો અપરોક્ષ અનુભવ કરી લેવો એ કાંઇ બહુ કઠિન નથી. જે કરવાનું છે તે એજ છે. તેની સાથે પ્રાચીન મહર્ષિઓ જે મહાન્ કાર્ય કરી ગયા છે, તેને માટે આપણે તેમના પ્રતિ માનભરી દૃષ્ટિથી જોવું જોઈએ. અલબત્ત, તેઓ મહાપુરુષો હતા તે ખરૂં; પરંતુ આપણે તેમનાથી પણ વિશેષ મહાન્ થવાની આકાંક્ષા રાખવી જોઇએ. તેઓ પ્રાચીનકાળમાં મહાન્ કાર્ય કરી ગયા છે, પણ આપણા દ્વારા તેમના કરતાં પણ વિશેષ મહાન્ કાર્યો થશે. ભરતખંડમાં સેંકડો મહર્ષિઓ થઇ ગયા છે પણ ભવિષ્યમાં બીજા લાખો કાં નહિ થાય ? જરૂર થશેજ. આ વાતમાં તમે જેમ જલદી વિશ્વાસ રાખશો તેમ ભરતખંડનું અને જગતનું વિશેષ કલ્યાણ થશે. તમે જેવા થવાની શ્રદ્ધા રાખશો તેવાજ થશો. તમે એમ માનશો કે અમને ભય છેજ નહિ તો તમને ભય સ્પર્શ પણ નહિ કરી શકે. તમે નિશ્ચયપૂર્વક માનો કે અમે પણ મહર્ષિઓ છીએ તો તમે તત્કાળ તેમની અવસ્થા પ્રાપ્ત કરશો. તમને કશો અંતરાય નડવાનો નથી: કારણકે જુદા જુદા સંપ્રદાયોની માન્યતાઓમાં પરસ્પર વિરુદ્ધ તત્ત્વો છે, તોપણ એ બધામાં એક સામાન્ય સિદ્ધાંત એવો જોવામાં આવે છે કે જીવાત્માની અંદર અનંત ઐશ્વર્ય, સામર્થ્ય અને પવિત્રતા સ્વભાવથીજ રહેલાં છે. રામાનુજના મત પ્રમાણે આત્મા વખતો વખત વિકાસ અને સંકોચ પામતો હોય અને શંકરાચાર્યના મત પ્રમાણે એ સંકોચ અને વિકાસ બેઉ કેવળ ભ્રમ હોય તોપણ ભલે એ ભેદ રહેવા દો; અને બેઉ એકમતે જે વાતનો સ્વીકાર કરે છે કે વ્યક્તપણે યા અવ્યક્તપણે પણ આત્માની અંદર સામર્થ્ય ભરેલું છેજ, તે વાતને માનો. આ વાત તમે જેટલી શીઘ્રતાપૂર્વક સ્વીકારશો તેટલું તમારૂં કલ્યાણ નજીક આવતું જશે.

તમારામાં સર્વ પ્રકારની શકિત રહેલી છે. " તમે હરકોઇ કાર્ય કરવાને સમર્થ છો " એમ તમે અવશ્ય માનજો. જો નહિ માનો તો શકિતહીન થઇ જશો. આજકાલ ઘણાં માણસો માને છે કે આપણે અર્ધા દિવાના જેવા છીએ; પરંતુ એવી વાતો ઉપર જરા પણ લક્ષ ન આપતા. બસ નિશ્ચયપૂર્વક એમજ માની લેજો કે અમે સ્વાશ્રયથી હરકોઇ કામ કરવાને શક્તિવાન્ છીએ. તમારામાં સર્વ પ્રકારની શકિત છે. ઊઠો, ઉભા થાઓ અને તમારામાં ગુપ્ત રહેલી અનંત વિભૂતિને પ્રકટ કરો !

भरतखंडनुं भविष्य

(આ વ્યાખ્યાન સ્વામીજીએ મદ્રાસમાં એક વિશાળ મંડપમાં આપ્યું હતું. તે વખતે લગભગ ચાર હજાર માણસો એકત્ર થયાં હતાં.)

ભરતખંડ એ એક એવો પ્રાચીન દેશ છે કે તત્ત્વજ્ઞાને બીજા કોઇપણ દેશમાં જતાં પહેલાં જ્યાં પોતાનો નિવાસ કર્યો હતો; જેની આધ્યાત્મિકતાનો પ્રવાહ જડસૃષ્ટિમાં વહેતી સમુદ્ર જેવી વિશાળ નદીઓના પ્રવાહ જેવો છે; જ્યાં બરફથી ઢંકાયલાં અને એક એકથી ઉંચા જઇને અંતે આકાશને સ્પર્શ કરીને જાણે સ્વર્ગનાં રહસ્યનું અવલોકન કરી રહ્યાં હોય એવાં હિમાલય પર્વતનાં શિખરો આવી રહ્યાં છે; જે દેશની ભૂમિ ઋષિમુનિઓના ચરણસ્પર્શથી પવિત્ર થયેલી છે; જ્યાં મનુષ્યનું મન પોતાના સ્વરૂપનું અનુસંધાન કરવા સૌથી પહેલુંજ પ્રવૃત્ત થયું હતું અને જ્યાં અદશ્ય સૃષ્ટિનાં રહસ્યો ઉકેલવાનો પ્રયત્ન સૌથી પહેલીજ વાર કરવામાં આવ્યો હતો; તેજ આ ભરતભૂમિ છે. એજ દેશમાં જીવાત્માનું અમરપણું સૌથી પ્રથમ સિદ્ધ કરવામાં આવ્યું હતું; એજ દેશમાં અંતર્યામી ઈશ્વરનું અસ્તિત્વ, અને જગત્ તથા મનુષ્યમાં ઓતપ્રોતપણે રહેલી ઈશ્વરીય શક્તિની સૌથી પહેલી વાર શોધ થઇ હતી; અને એજ દેશમાં ધર્મ તથા તત્ત્વજ્ઞાનના સર્વોત્કૃષ્ટ આદર્શોનો સૌથી પહેલીજ વાર ઉદ્‌ભવ થયો હતો. આ તેજ ભરતભૂમિ છે કે જેના ધર્મ અને તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમુદ્રનાં મોજાંની માફક અનેક વાર આખા જગત ઉપર ફરી વળ્યા હતા; અને જ્યાંથી હજી પણ એકવાર આધ્યાત્મિકતાનો બળવાન પ્રવાહ ઉત્પન્ન થઇને જગતની ચેતનહીન થએલી અન્ય પ્રજાઓમાં ચેતનનો સંચાર કરશે. આ તેજ ભરતભૂમિ છે કે જે સેંકડો વર્ષના જુલમ, સેંકડો પરદેશી પ્રજાઓના હુમલા અને અનેક સામાજિક વિપ્લવો થયા છતાં એ સર્વ આઘાતની સામે ટકી રહીને હજી પણ તેવી ને તેવીજ આપણી સમક્ષ ઉભી છે. પોતાની અવિનાશી, અખૂટ ચેતનશક્તિના પ્રતાપવડે આજસુધી ખડકના કરતાં વિશેષ દૃઢતાથી તે ઉભી રહી છે. ભરતભૂમિનું જીવન આત્માના જેવુંજ અમર અને

અનાદ્યનંત છે. આપણે સર્વ એક એવી મહાન્ ભારત માતાનાં સંતાન છીએ.

ભારતનાં સંતાનો ! હું આજે તમને કેટલીક વ્યવહારોપયોગી બાબતો કહેવા ધારૂં છું; એમ કરવા પહેલાં તમને ભારતના પ્રાચીન ગૌરવનું સ્મરણ કરાવવામાં મારો હેતુ તમને સત્ય કર્તવ્ય તરફ પ્રેરવાનોજ છે. મને ઘણીવાર કહેવામાં આવે છે કે પ્રાચીન ગૌરવનું સ્મરણ કરવાથી દિવસે દિવસે આપણે શક્તિહીન બનતા જઇએ છીએ, તેમ કરવાથી કાંઇ ફાયદો નથી; આપણે તો ભવિષ્ય તરફ લક્ષ રાખીને કાર્ય કરવા મંડી જવું જોઇએ. કેટલેક અંશે આ કથન સત્ય છે, પણ તે સાથે એ પણ યાદ રાખવું જોઇએ કે ભૂતકાળમાંથીજ ભવિષ્યકાળ જન્મે છે; માટે બને ત્યાં સુધી પ્રાચીનકાળના ઇતિહાસ તરફ નજર નાખતાજ રહેજો. તમારી પાછળ જે અમૃતનાં ભરેલાં અનંત ઝરણાંઓ વહન કરી રહ્યાં છે, તેના જળનું તૃપ્તિ પર્યંત પાન કરજો અને ત્યાર પછી તમારી સામેનાં ભવિષ્યકાળ ઉપર દૃષ્ટિ રાખીને આગળ વધજો. પ્રાચીનકાળમાં ભરતખંડ ગૌરવના જે ઉંચા શિખરે પહોંચ્યો હતો તેના કરતાં પણ વધારે ઉંચે શિખરે તેને વિશેષ યશસ્વી, વિશેષ દેદીપ્યમાન અને વિશેષ મહિમાવાન્ બનાવવાને યત્ન કરજો. આપણા પૂર્વજો મહાપુરુષો હતા એ આપણે પ્રથમથીજ જાણી લેવું જોઇએ. આપણી પ્રજાના બંધારણનાં કયાં કયાં મૂળતત્ત્વો છે, કોનું રુધિર આપણી નાડીઓમાં વહન કરી રહ્યું છે તે આપણે પ્રથમથી જાણવુંજ જોઇએ. જે રુધિર આપણને આપણા પૂર્વજો પાસેથી પ્રાપ્ત થયું છે અને જેણે પ્રાચીનકાળમાં મહાન્ કાર્યો બજાવ્યાં છે તેના ઉપર આપણને શ્રદ્ધા હોવી જોઇએ. એ શ્રદ્ધાના બળવડે, તેના પ્રાચીનકાળના ગૌરવના જ્વલંત આદર્શની પ્રેરક શક્તિવડે એથી પણ વધારે શ્રેષ્ઠ નવીન ભારતની આપણે ઉત્પત્તિ કરવી જોઇએ. હા, વચમાં વચમાં અનેકવાર અવનતિ અને નિર્બળતાના જમાના આવી ગયા છે, પણ હું તેમને બહુ અગત્યના સમજતો નથી. આપણે બધા એ વાત સારી પેઠે જાણીએ છીએ કે એવા જમાનાની પણ જરૂર હોય છે. એક મહાન વૃક્ષ સુંદર, સુપક્વ ફળને ઉત્પન્ન કરે છે—તે ફળ જમીનપર ખરી પડે છે અને સડી જાય છે, પણ તે સડેલા ફળના બીજમાંથી નવીન અંકુર ફૂટીને બીજું વધારે મહાન્ વૃક્ષ પેદા થાય છે. આવાજ કારણને લીધે જે અવનતિના જમાનામાંથી આપણે પસાર થઇ ગયા તે આપણાં હિત અને અભિવૃદ્ધિને માટે ખાસ જરૂરનો હતો. એ અવનતિમાંથીજ ભરતખંડનો ભવિષ્યનો ઉત્કર્ષ જન્મ પામશે. અત્યારેજ તેના અંકુર મારી નજરે પડે છે; તેનાં નવપલ્લવની પાંદડીઓ ઉગવા લાગી છે અને એ મહાન, વિશાળ 'ऊर्ध्वमूल' વૃક્ષનો ઉદ્ભવ થવા લાગ્યો છે—હું આજે તેજ બાબત વિષે તમને કાંઇક કહેવા ઇચ્છું છું.

બીજા દેશોના અગત્યના પ્રશ્નો કરતાં આ દેશને લગતા પ્રશ્નો વિશેષ ગંભીર અને ગૂંચવણભરેલા છે. જાતિ, ધર્મ, ભાષા અને રાજ્યપદ્ધતિ, એ બધામાંથી કોઇ

પણ પ્રજાની ગૂથણી થાય છે. જગતની બીજી પ્રજાઓ જે તત્ત્વોની બનેલી છે, તેમનો સરવાળો ભારતીય પ્રજાના બંધારણનાં તત્ત્વો કરતાં અનેકગણો ઓછો છે. આપણી પ્રજામાં આર્ય, દ્રવિડ, તાતાર, તુર્ક, મોગલ, યૂરોપિયન એવી એવી અનેક જાતિઓનું રુધિર ભળી ગએલું છે. જાણે આખા જગતની પ્રજાઓનું આપણી પ્રજામાં મિશ્રણ ન થઇ ગયું હોય એવી સ્થિતિ છે. અહીંઆં નાના પ્રકારની ભાષાઓનો અપૂર્વ સમાવેશ થઇ ગયો છે; નાના પ્રકારના સાંસારિક રીતરિવાજો જોવામાં આવે છે. યૂરોપ અને એશિયાની પ્રજાઓના રીતરિવાજ વચ્ચે જેટલો પ્રભેદ છે, તેથી પણ વિશેષ પ્રભેદ હિંદુસ્તાનની અન્યાન્ય જાતિઓમાં નજરે પડે છે. આ સર્વ પ્રભેદ છતાં આપણા દેશની પ્રજાની એકતા કરનાર સાંકળ, પરંપરાથી ચાલી આવતી પવિત્ર ભાવનાઓ અને ધર્મ છે. ધર્મની સામાન્ય ભૂમિકા ઉપર ભરતખંડમાં વસતી અનેક જાતિઓનું સંમિલન થાય છે. એજ ભૂમિકા ઉપર આપણે પ્રજાજીવનની ઇમારત ચણવાની છે. યૂરોપિયન પ્રજાના ઐક્યનો મૂળ પાયો સામાન્ય રાજનૈતિક ભાવનાઓ છે. એશિયાની પ્રજાઓમાં ધર્મ સિવાય ઐક્યનું બીજું સાધન છેજ નહિ; માટેજ ભરતખંડના ભવિષ્યના ઉત્કર્ષને માટે ધર્મના ઐક્યની અનિવાર્ય અને પરમ આવશ્યકતા છે. હિમાલયથી લંકાસુધીની અને આસામથી હિંદુકુશ સુધીની તમામ જાતિઓએ એકજ ધર્મનો સ્વીકાર કરવો પડશે. 'એક ધર્મ' એ વાક્યનો ઉપયોગ હું કેવા અર્થમાં કરતો હોઇશ? ખ્રિસ્તી, મુસલમાન અને બૌદ્ધધર્મના અનુયાયીઓ 'એક ધર્મ' નો જે ખ્યાલ બાંધે છે તે મારે માન્ય નથી. આપણે બધા જાણીએ છીએ કે આપણા દેશમાં પ્રચલિત થએલા સંપ્રદાયોમાં ઘણી જાતનો મતભેદ છે, તેમનું લક્ષ્યબિંદુ ભિન્ન છે, છતાં પણ એવા કેટલાક સિદ્ધાંતો છે કે જે સર્વ ધર્મની સામાન્ય ભૂમિકાતુલ્ય છે. એ સામાન્ય ભૂમિકા ઉપર દરેક સંપ્રદાયની રચના થએલી છે. માત્ર એ સામાન્ય સિદ્ધાંતોનો સ્વીકાર કર્યા પછી આપણો ધર્મ દરેક સંપ્રદાયને અને વ્યક્તિમાત્રને પોતાની મરજી મુજબ આદર્શો ઘડવાની, સ્વતંત્રપણે વિચાર કરવાની અને કાર્ય કરવાની પૂરતી છૂટ આપે છે. આપણામાંના જે જે માણસો વિચાર કરી શકે છે, તેઓ આ બાબત સારી પેઠે સમજી શકે છે. આપણે હવે એટલુંજ ઇચ્છવાનું છે કે, આપણા ધર્મમાં સર્વને ઉપલબ્ધ થઇ શકે એવાં જે જીવનપ્રદ સામાન્ય તત્ત્વો છે, તેનો દેશનાં તમામ સ્ત્રીપુરુષોમાં પ્રચાર થાય અને જે કોઇ જેટલે અંશે એ સત્યો સમજી શકે તેટલે અંશે તેમને વ્યવહારમાં મૂકવા પ્રયત્ન કરે. એજ માત્ર આપણું પ્રથમ કર્તવ્ય છે. આપણે જોઇ શકીએ છીએ કે એશિયામાં અને ખાસ કરીને ભરતખંડમાં જાતિ, ભાષા અને અનેક સાંસારિક બાબતોના પ્રભેદ ધર્મની એકતા કરવાની પ્રબળ શક્તિ આગળ ટકી શકતા નથી. આપણે વળી એ પણ જાણીએ છીએ કે ભારતીય પ્રજાના મત પ્રમાણે આધ્યાત્મિકતા કરતાં જગતમાં કોઇ શ્રેષ્ઠ

ભાવના છેજ નહિ. એજ ભરતખંડની પ્રજાના જીવનનો મૂળ મંત્ર છે. ભરતખંડના ઉત્કર્ષ કરનારને માટે કાર્ય કરવાની એજ દિશા છે; કેમકે એજ દિશામાં કાર્ય કરવાથી ઓછામાં ઓછા પરિશ્રમે વધારેમાં વધારે સારૂં પરિણામ લાવી શકાય એમ છે.

ધર્મનો આદર્શ એ સર્વથી શ્રેષ્ઠ આદર્શ છે એ વાત સત્ય છે; એટલુંજ નહિ પણ ભરતખંડની પરિસ્થિતિ જોતાં એ દિશાએજ કાર્ય થઇ શકે એમ છે. પ્રથમ ધર્મનો પાયો મજબૂત કર્યા વગર બીજી કોઈપણ દિશાએ કરેલી પ્રવૃત્તિનું પરિણામ અનિષ્ટ થયા વગર રહેશેજ નહિ; માટે ભરતખંડના ઉત્કર્ષની ઇમારતનો પાયો, ભરતખંડની વિભિન્ન જાતિઓને એકત્ર કરવારૂપ પૂલનું પહેલું પાટીયું, જમાના ને જમાના થયાં ટકી રહેલા ભરતખંડરૂપી પર્વત ઉપર કોતરવાની નિસરણીનું પહેલું પગથીયું, ભરતખંડના તમામ ધર્મ અને સંપ્રદાયોની એકતા કરવાનું છે. આપણે બરાબર મનમાં ઠસાવી દેવું જોઇએ કે દ્વૈતવાદી, અદ્વૈતવાદી, વિશિષ્ટાદ્વૈતવાદી, શૈવ, વૈષ્ણવ વગેરે જુદા જુદા સંપ્રદાયના હિન્દુઓમાં સામાન્ય મૂળતત્ત્વો રહેલાં છે, અને આપણા પોતાના તથા આપણી સમસ્ત પ્રજાના કલ્યાણને માટે નાની નાની બાબતો વિષે કલહ, વિસંવાદ અને ભેદબુદ્ધિનો ત્યાગ કરવાનો સમય હવે આવી પહોંચ્યો છે. અવશ્ય માનજો કે એ કલહો ભૂલનુંજ પરિણામ છે. આપણાં શાસ્ત્રોમાં તેની સખત મના કરેલી છે; આપણા પૂર્વજોએ તેમ કરવાની લેશમાત્ર પણ સંમતિ આપી નથી. જેમના વંશજો હોવાનો આપણે દાવો કરીએ છીએ, જેમનું શોણિત આપણી નાડીઓમાં ઉછળે છે, તે મહાપુરુષો આપણને નાની નાની વાતમાટે કલહ કરતા જોઈ અત્યંત ધૃણાની નજરથી આપણા તરફ જુએ છે.

એકવાર આવા પ્રકારના કલહનો ત્યાગ કરો, એકવાર ધર્મનું ઐક્ય સિદ્ધ કરો અને જુઓ કે બીજી બાબતોમાં તમારો ઉત્કર્ષ થાય છે કે નહિ. જો તમારા શરીરમાં તાજું અને શુદ્ધ રુધિર વહેતું હશે તો કોઈ પણ જાતના રોગ ઉત્પન્ન કરનાર જંતુઓ તમને ઉપદ્રવ કરી શકશે નહિ. ધર્મ એજ આપણા જીવનને ટકાવનારૂં રુધિર છે. જો તે તાજું, શુદ્ધ, બળવાન્, અને જીવનતત્ત્વોથી ભરપૂર હશે તો તો દરેક બાબતમાં આપણી ઉન્નતિ થયા વગર રહેશે નહિ. જો ધર્મરૂપી રુધિર શુદ્ધ હશે તો રાજનૈતિક, સાંસારિક અને આર્થિક બાબતોની ખામીઓ—અરે ! આપણા દેશનું ભયંકર દારિદ્ર પણ નષ્ટ થઈ જશે; કારણ કે રોગોત્પાદક જંતુઓથી એકવાર શરીરને મુક્ત કરશો, તો કોઈ પણ પ્રકારની બહારની આપત્તિ તમને પીડા કરી શકશે નહિ. આધુનિક વૈદકશાસ્ત્રનું એક દૃષ્ટાંત લઇએ. વૈદકશાસ્ત્ર કહે છે કે વ્યાધિની ઉત્પત્તિ થવાને માટે બે કારણોની જરૂર છે; બહારના ઝેરી જંતુ અને શરીરની ચોક્કસ પ્રકારની હાલત. જ્યાંસુધી ઝેરી જંતુઓને શરીરમાં સ્થાન ન મળે, જ્યાંસુધી શરીરમાં રહેલી જીવનશક્તિ ક્ષીણ ન થઇ હોય, જ્યાંસુધી જંતુઓ શરીરમાં

પ્રવેશ કર્યા પછી વૃદ્ધિ પામે એવી શરીરની સ્થિતિ ન હોય, ત્યાંસુધી જગતમાં એવો એક પણ ઝેરી જંતુ નથી કે જે રોગની ઉત્પત્તિ કરી શકે. ખરૂં જોતાં આપણા શરીરમાં લાખો જંતુઓ દરરોજ પ્રવેશ કરે છે, પણ શરીરમાં રહેલી જીવનશક્તિવડે તેમનો તત્કાળ નાશ થઈ જાય છે અને આપણને તેમના અસ્તિત્વની પણ ખબર પડતી નથી. જ્યારે શરીર દુર્બળ થાય છે ત્યારેજ એ જંતુઓ રોગ પેદા કરી શકે છે. પ્રજાજીવનને પણ આ વૈજ્ઞાનિક નિયમ લાગુ પડે છે. જે પ્રજાનું શરીર ક્ષીણ થાય છે તે પ્રજાની રાજનૈતિક, સામાજિક, આર્થિક, કેળવણીવિષયક, સર્વ પ્રકારની બાબતોમાં જંતુઓ પ્રવેશ કરે છે અને વ્યાધિ ઉત્પન્ન કરે છે. આવી અવસ્થાએ પહોંચ્યા પછી વ્યાધિના પ્રતિકાર માટે રોગનું મૂળ કારણ શોધી કહાડવું જોઈએ અને લોહીમાં ઉત્પન્ન થએલી મલિનતાને દૂર કરવી જોઈએ. આપણું કર્તવ્ય એટલું જ છે કે લોકોમાં શક્તિનો—જીવનનો સંચાર કરવો, લોહીની શુદ્ધિ કરવી અને પ્રજાના અંગને સતેજ કરવું; કે જેથી કરીને બહારથી દાખલ થતાં વિષમય જંતુઓની સામે થઈને તેમનો પ્રતિરોધ કરી શકાય. આપણે હમણાંજ જોઈ ગયા છીએ કે આપણો ધર્મ એજ આપણું બળ અને પરમ ચેતન છે અને પ્રજાજીવનનો મુખ્ય આધાર છે.

આ માન્યતા સત્ય છે કે અસત્ય છે તેનું વિવેચન કરવાનો અત્યારે મારો વિચાર નથી. તેમ ધાર્મિક ભાવનામાં આ પ્રમાણે નવીન ચેતન આપવાથી લાંબી મુદતે પ્રજાજીવનને મુખ્ય લાભ હોય યા ન હોય; પરંતુ ખરી વાત એ છે કે ધર્મ એજ આપણા પ્રજાજીવનનો મુખ્ય પાયો છે. આપણે કદિપણ એનો ત્યાગ કરી શકવાના નથી. એ સદાને માટે આપણા પ્રજાજીવનના મૂળ આધારરૂપ રહેશે. ધર્મમાં તમને કદાચ મારા જેટલી શ્રદ્ધા હોય કે ન હોય તોપણ તમારે તેનો આધાર તો લેવોજ પડશે. તમે ધર્મની સાથે સદાને માટે અવિચ્છિન્નપણે સંકળાયલા છો અને જે પળે તમે તેનો આશ્રય છોડી દેશો તેજ પળે તમે વિનાશના મુખમાં ધસી જશો. ધર્મ એજ આપણી પ્રજાનું જીવન છે અને તેથી તેને કોઈપણ રીતે સુદૃઢ કરવોજ પડશે. તમે યત્નપૂર્વક તમારા ધર્મની રક્ષા કરી છે, તેથીજ તમે સેંકડો વર્ષના જુલમ છતાં પણ આજસુધી ટકી રહ્યા છો. તમારા પૂર્વજોએ અનેક પ્રકારના અત્યાચાર સહન કર્યા; મૃત્યુ પણ પસંદ કર્યું; પરંતુ તેમણે હરેક ઉપાયે ધર્મનું સંરક્ષણ કર્યું. એક પછી એક ઘણાં દેવાલયો જમીનદોસ્ત થઈ ગયાં; વિદેશી, વિધર્મી પ્રજાએ તમારા પૂર્વજો ઉપર અનેક પ્રકારના જુલમનો વરસાદ વરસાવ્યો, પણ એ જુલમની ભરતીનાં મોજાં જે પળે ઉતરી ગયાં તેજ પળે, તેજ સ્થળે નવાં મંદિરોનાં શિખર આકાશને ચૂમવા લાગ્યાં. દક્ષિણ ભારતનાં કેટલાંક પ્રાચીન મંદિરોનો અને ગુજરાતના સોમનાથના મંદિરનો ઇતિહાસ જોતાં તમને આપણી પ્રજાના ઇતિહાસનું જેટલું ઉંડું જ્ઞાન મળશે, આપણી પ્રજાના ઇતિહાસમાં જેવો ગંભીર અભિનિવેશ

થશે, તેટલો ઇતિહાસનાં થોથાં ઉથામ્યાથી નહિ થાય. ઉપર્યુક્ત મંદિરો ઉપર ફરી ફરીને હુમલા થયા, અનેકવાર તેમના ટુકડે ટુકડા થઈ ગયા અને અનેકવાર તેઓ પાછાં ફરી ફરીને ઉભાં થયાં; તેમનાં રવડતાં અસ્થિ નવજીવન પ્રાપ્ત કરીને પાછાં અચલપણે આજે પણ તમારી સમક્ષ વિદ્યમાન છે, એ વાત બરાબર લક્ષમાં રાખજો.

આપણી પ્રજાની ભાવના અને પ્રજાજીવનનો પ્રવાહ તમને અહીંઆંજ દૃષ્ટિગોચર થશે. તેનું અનુસરણ કરશો એટલે મહાન્ સ્થાન પ્રાપ્ત થશે; તેને છોડી દેશો એટલે હમેશને માટે નષ્ટ થઇ જશો. જે પળે તમે એ પ્રજાજીવનના પ્રવાહથી દૂર ગયા તેજ પળે તમારો સંપૂર્ણ વિનાશ થયો જાણજો. આ ઉપરથી એમ કહેવાનો મારો આશય નથી કે બીજી બાબતો જરૂરની નથી. રાજનૈતિક અને સામાજિક સુધારણા કરવાની જરૂર નથી એમ કહેવાનો મારો ઉદ્દેશ નથી. હું એટલુંજ કહેવા માગું છું કે એ સર્વ વિષયો ગૌણ છે અને ધર્મજ મુખ્ય છે; એનું કદિપણ વિસ્મરણ કરતા નહિ. ભારતવાસીઓને મન ધર્મ સૌથી પહેલો અને પછી બીજું બધું; માટેજ એ ધાર્મિક ભાવનાને વિશેષપણે જાગ્રત કરવી જોઇએ. હવે સવાલ એ ઉપસ્થિત થાય છે કે એને કેવી રીતે જાગ્રત કરવી ? હું તમારી આગળ મેં ઘડી રાખેલી કાર્યપ્રણાલી રજુ કરું છું. મેં અમેરિકા જવામાટે મદ્રાસ છોડયું ત્યાર પહેલાં ઘણા વખતથી એ યોજના મારા મનમાં ઘડાઇ ચૂકી હતી અને હું અમેરિકા ગયો તેનું પણ મુખ્ય કારણ એજ હતું. મને ધર્મમહાસભામાં બેસવાની ઝાઝી દરકાર ન હતી. માત્ર મારા વિચારને પ્રકટ કરવાની સારી તકજ હું શોધતો હતો–અને તે મને ધર્મમહાસભાના અધિવેશનથી પ્રાપ્ત થઇ.

મારા મનમાં જે જે વિચારો પોષ્યા હતા, તેમને મારે જગત્માં રમતા કરવા હતા. ધર્મનાં જે અમૂલ્ય રત્નો આપણા શાસ્ત્રભંડારમાં સચવાઇ રહ્યાં હતાં, જે અમુક માણસોનાજ કબજામાં હતાં, જે ખરૂં કહીએ તો અરણ્યોમાં અને સંન્યાસીઓના આશ્રમોમાં દટાઇ રહ્યાં હતાં, તેમને મારે જગજાહેર કરવાં હતાં. એ શાસ્ત્રનિબદ્ધ તત્ત્વજ્ઞાનરૂપી રત્નો જેમના કબજામાં ગુપ્તપણે રાખવામાં આવ્યાં, તેમની પાસેથી લઇને પ્રકટ કરવાનો મારો ઇરાદો હતો; એટલુંજ નહિ પણ એથી પણ વધારે દુર્ભેદ્ય પેટીરૂપ જે ભાષામાં એ સત્યો સચવાઈ રહ્યાં હતાં, તે સંસ્કૃત ભાષાનાં યુગના યુગ થયાં જામેલાં આવરણો ભેદીને મારે એ મહા મૂલ્યવાન્ રત્નોને મનુષ્યમાત્રની સામાન્ય મિલ્કત બનાવવી હતી. ટુંકામાં મારે તેમને લોકપ્રિય અને લોકોપયોગી કરવાં હતાં. સંસ્કૃત ભાષા–જેને માટે અલબત્ત હું ઘણો મગરૂર છું–તે અઘરી હોવાથી આ વિચારોના પ્રચારને માટે મોટા અંતરાયરૂપ નીવડી છે. જ્યાંસુધી આપણી સમસ્ત પ્રજા ઉત્તમ રીતે સંસ્કૃત ભાષા જાણતી થાય ત્યાંસુધી એ અંતરાય દૂર થવાનોજ નથી. હિંદુસ્તાનમાં વસતો દરેક માણસ સંસ્કૃત જાણતો હોય યા ન જાણતો હોય, તોપણ

તે ધર્મના સિદ્ધાંતો સારી રીતે સમજી શકે તેટલામાટે સંસ્કૃત ભાષામાંથી એ સર્વ સિદ્ધાંતોને બહાર ક્હાડવાનો મારો નિશ્ચય હતો. મેં મારી આખી જિંદગી સંસ્કૃતના અભ્યાસ પાછળ ગાળી છે, છતાં હજી પણ કોઇ પણ નવું સંસ્કૃત પુસ્તક મારે માટે નવુંજ છે. એ ઉપરથી સંસ્કૃત ભાષા કેટલી અઘરી છે તેનો તમને ખ્યાલ આવશે; અને જેમને સંસ્કૃત ભાષા ભણવાનો કદિ અવકાશજ મળ્યો નથી, તેમને માટે આ બાબત કેટલી મુશ્કેલ છે તે તમે સહેલાઇથી સમજી શકશો. એટલામાટે લોકોની પ્રચલિત ભાષાદ્વારાજ ધર્મનો ઉપદેશ આપવાની પૂરેપૂરી આવશ્યકતા છે. તેની સાથેસાથે સંસ્કૃત ભાષાનો અભ્યાસ ચાલુ રહેવોજ જોઇએ; કારણ કે સંસ્કૃત ભાષાના ઉચ્ચારથી પણ આપણી પ્રજામાં એક પ્રકારના ગૌરવનો અને શક્તિનો સંચાર થાય છે. ભગવાન્ રામાનુજ, કબીર અને ચૈતન્યે ભરતખંડની નીચ જાતિના ઉદ્ધારમાટે જે પ્રયત્ન કર્યા હતા, તેમના પ્રયાસનું ફળ તેમની હયાતીમાંજ જણાઇ આવ્યું હતું; તોપણ પાછળથી તેમના કાર્યનું આવું ખેદકારક પરિણામ શાથી આવ્યું ? તેનું પણ કારણ તો અવશ્ય હોવુંજ જોઇએ. આચાર્યોના અવસાનને એક સૈકો પણ પૂરો વીત્યો ન હતો એટલામાંજ તેમણે આરંભેલું કાર્ય શાથી અટકી પડયું ? તેનું કારણ એજ છે કે તેમણે પતિત જાતિઓનો ઉદ્ધાર કર્યો, તેઓ ઉન્નતિને શિખરે પહોંચે એવી તેમની ઇચ્છા પણ હતી; માત્ર તેમણે સામાન્ય લોકવર્ગમાં સંસ્કૃત ભાષાના જ્ઞાનનો પ્રચાર કરવાનો યત્ન કર્યો ન હતો. બુદ્ધભગવાને પણ સામાન્ય લોકોને સંસ્કૃત શીખવવાનું બંધ કરીને એક મોટામાં મોટી ભૂલ કરી હતી. તેમને જલદીથી, તરતજ શુભ પરિણામ લાવવાની ઉમેદ હતી, તેથી તેમણે લોકોમાં વપરાતી પાલિ ભાષામાં ઉપદેશ આપ્યો અને સંસ્કૃત ગ્રંથોનો તેજ ભાષામાં અનુવાદ કરાવ્યો. અલબત્ત, આ યોજના ઘણીજ ફતેહમંદ નીવડી. તેમણે લોકોની ચાલુ ભાષામાં ઉપદેશ આપ્યો; લોકોએ તેમનો ઉપદેશ સહેલાઇથી ગ્રહણ કર્યો; એ બધું ખરૂં છે; પ્રાકૃત ભાષાથી વિચારો જલદી ચારે દિશાએ ફેલાય છે, પણ તેની સાથે સંસ્કૃત ભાષાનો અભ્યાસ ચાલુ રાખવો જોઇતો હતો. જ્ઞાનનો ફેલાવો થયો ખરો, પણ તેનાવડે ગૌરવ અને સંસ્કૃતિ ઉત્પન્ન થયાં નહિ. બહારના આઘાતોની સામે ટક્કર ઝીલવામાટે એકલું જ્ઞાન બસ નથી, પણ જ્ઞાન જીવનમાં ઉતરી જઇને સંસ્કૃતિ ઉત્પન્ન કરે, ત્યારેજ અનેક પ્રકારના વિપ્લવેની સામે ટકી શકાય છે. તમે જગતને નાના પ્રકારનું જ્ઞાન આપો તેથી તેનું વિશેષ કલ્યાણ થશે નહિ. એ જ્ઞાન રગેરગમાં સંચરી જાય અને સંસ્કૃતિ ઉત્પન્ન કરે ત્યારેજ સ્થાયી લાભની આશા રાખી શકાય. હાલમાં એવી અનેક પ્રજાઓ છે કે જેમને ઘણી બાબતોનું જ્ઞાન છે, પણ તેથી શું થયું ? સંસ્કૃતિ વગર તેઓ વાઘ અથવા જંગલી મનુષ્ય જેવી ભયંકર છે; કારણ કે તેમને જ્ઞાન છે છતાં પણ તેઓ કેળવાઈ નથી અથવા સારા સંસ્કાર પામી નથી. તેમનું જ્ઞાન તેમના સુધારાની માફક માત્ર ઉપર ઉપરનું

છે, અંદરનું નથી. જરાક છેડીએ એટલે તેમની અંદરની પાશવ પ્રકૃતિ બહાર નીકળી આવે છે. આવા બનાવ વારંવાર જગતના ઇતિહાસમાં બનતા જોવામાં આવે છે. આ ભારે વિપત્તિનું મૂળ છે, માટે તમને તેનાથી સાવધાન રહેવાની સૂચના કરૂં છું. સામાન્ય લોકોને તેમની સ્વભાષામાં જ્ઞાન આપો. તેમને નવા નવા વિચાર આપો. આથી તેમના જ્ઞાનમાં વધારો થશે, પણ તેની સાથે તેઓનું જ્ઞાન પરિપકવ થઇને તેમની સંસ્કૃતિમાં વધારો થાય તેવો પ્રયત્ન પણ કરજો. જ્યાંસુધી તમે તેમ કરી ન શકો ત્યાંસુધી જનસમાજની ચિરસ્થાયી ઉન્નતિની આશા રાખવી વ્યર્થ છે. એમ કર્યાથી તો એક નવીન જ્ઞાતિની ઉત્પત્તિ થશે. તે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરીને બીજી બધી જ્ઞાતિઓ ઉપર અધિકાર ભોગવતી થશે, માટે જેઓ ઉતરતી જ્ઞાતિના છે તેમને ફરીથી કહું છું કે, તમારો ઉત્કર્ષ કરવો હોય તો સંસ્કૃત શીખો, એ ભાષાનો અભ્યાસ બને એટલો વધારો અને લોકોમાં તેનો વધારે ફેલાવો કરો. ઉંચી જ્ઞાતિના લોકોની સામે લખાણ લખીને અને ભાષણો આપીને દ્વંદ્વ યુદ્ધો મચાવ્યાથી તમને કોઈ-પણ પ્રકારનો ફાયદો નથી. એમ કર્યાથી તો અશાંતિની જ્વાળા બમણા વેગથી વધી જશે અને હાલ જેટલી નાના પ્રકારની જ્ઞાતિઓમાં આપણી પ્રજા વિભક્ત થઈ ગઇ છે, તેના કરતાં પણ વધારે જ્ઞાતિઓ ઉત્પન્ન થશે અને આપણે વધારે વિભક્ત અને નિર્બળ થઈ જઇશું. જ્ઞાતિભેદને કહાડી નાખવાનો અને સમભાવ તથા ઐક્ય પ્રસ-રાવવાનો એકજ ઉપાય છે કે, જે કેળવણી અને સંસ્કૃતિ ઉચ્ચ વર્ણના લોકોએ લીધી છે, જે તેમના બળનું અને ગૌરવનું મૂળ કારણ છે તે તમે પ્રાપ્ત કરો. એમ કરશો તો તમે જેવા થવા માગો છો તેવા થઈ શકશો.

હવે આ બાબતના સંબંધમાં એક બીજા પ્રશ્નવિષે ચર્ચા કરવાનો મારો ઇરાદો છે. એ પ્રશ્ન મદ્રાસના લોકો સાથે વધારે સંબંધ ધરાવે છે. એક એવો મત વિદ્વા-નોમાં પ્રચલિત થએલો છે કે દક્ષિણ હિંદુસ્તાનમાં એક દ્રવિડ જાતિ વસતી હતી. તે ઉત્તર હિંદુસ્તાનમાં વસતી આર્ય જાતિથી તદ્દન જુદાજ પ્રકારની હતી; અને જે બ્રાહ્મણો દક્ષિણ હિંદુસ્તાનમાં વસે છે તેઓજ માત્ર ઉત્તર હિંદમાં વસતા બ્રાહ્મણોના વંશજો છે; અને દક્ષિણના બાકીના બધા માણસો આર્ય નથી પણ કોઈ બીજીજ જાતિમાંથી ઉત્પન્ન થએલા છે. હે પુરાતન ઇતિહાસના શોધકો ! ભાષાશાસ્ત્રીઓ ! મને ક્ષમા કરજો, પણ મારે કહેવું પડશે કે તમારો સિદ્ધાંત તદ્દન પાયા વગરનો છે. તમારા તરફથી માત્ર એકજ દલીલ કરવામાં આવે છે કે, ઉત્તર હિંદુસ્તાન અને દક્ષિણ હિંદુ-સ્તાનમાં બોલાતી ભાષાઓ વચ્ચે ઘણો ફરક છે. મને પોતાને તો બીજો કશો તફા-વત લાગતો નથી. આ સભામાં સેંકડો ઉત્તર હિંદુસ્તાનના લોકો છે; હવે હું અત્રે બેઠેલા મારા યૂરોપિયન મિત્રોને વિનતિ કરૂં છું કે એમાંથી કયા ઉત્તરના છે અને કયા દક્ષિણના છે તે બતાવો જોઇએ. એ બેઉ વચ્ચે કયી જાતનો તફાવત છે તે હું

સમજી શકતો નથી. માત્ર જરાક ભાષામાં તફાવત છે એજ કેની ? મેં હમણાં જે ભાષાશાસ્ત્રીઓનો અભિપ્રાય તમને કહ્યો તેઓ એમ જણાવે છે કે; જયારે દક્ષિણ હિંદુસ્તાનમાં વસતા બ્રાહ્મણો પ્રથમ ઉત્તરના પ્રદેશોમાંથી દક્ષિણમાં આવ્યા ત્યારે સંસ્કૃત ભાષા બોલતા હતા. અહીં આવ્યા પછી દ્રાવિડી ભાષા બોલવાનો અભ્યાસ પડી જવાથી ધીમે ધીમે સંસ્કૃત ભાષા ભૂલી ગયા. હવે જો બ્રાહ્મણોની બાબતમાં આ પ્રમાણેજ બન્યું હોય તો અન્ય વર્ણના સંબંધમાં શા માટે તેમ ન બનવું જોઇએ ? બીજા બધા વર્ણના લોકો અસલ ઉત્તર હિંદુસ્તાનમાંજ વસતા હતા, અને તેઓ પણ દક્ષિણમાં આવ્યા પછી ક્રમે કરીને સંસ્કૃત ભાષા ભૂલી ગયા હોય એમ શા માટે ન માની શકાય ? જે દલીલવડે દક્ષિણના બ્રાહ્મણો સિવાયના બીજા બધા લોકોને અનાર્ય ઠરાવાય છે, તેજ દલીલવડે તેઓ આર્ય છે એમ પણ સાબિત થઈ શકે છે. આ બધી અહંકારમૂલક માન્યતાઓ છે. તેમાં લેશમાત્ર ડહાપણ નથી; માટે તમે તેમાં કદિ વિશ્વાસ રાખતા નહિ. કદાચ દક્ષિણ હિંદુસ્તાનમાં દ્રવિડ જાતિ વસતી પણ હોય અને ક્રમે કરીને તેનો લોપ પણ થઈ ગયો હોત અને તેમાંના કેટલાક બાકી રહેલા લોકો પર્વતોમાં અથવા જંગલોમાં વસતા હોય ! એમ પણ બની શકે કે તેમની ભાષા કાયમ રહી હોય અને સંસ્કૃતને ઠેકાણે વપરાવા લાગી હોય, તોપણ એટલું તો સત્ય છે કે દક્ષિણ હિંદુસ્તાનના તમામ લોકો આર્ય જાતિના છે અને અસલ ઉત્તર હિંદુસ્તાનમાંથીજ ઉતરી આવેલા છે. આખા હિંદુસ્તાનના બધા લોકો આર્ય જાતિના છે—બીજી પ્રજા આપણા દેશમાં છેજ નહિ.

વળી એક બીજો મત એવો છે કે, "ભરતખંડના શૂદ્રો અનાર્ય જાતિના છે, તેઓ આર્ય લોકોના ગુલામો હતા." પાશ્ચાત્ય પંડિતો કહે છે કે ઇતિહાસમાં પ્રસંગોનું પુનરાવર્તન થયા કરે છે. અમેરિકનો, અંગ્રેજો, વલંદાઓ અને પોર્ટુગીઝો ગરીબ બિચારા આફ્રિકાનિવાસીઓને પકડીને ગુલામ બનાવતા હતા, અને જીવતાંસુધી તેમની પાસે સખત મજુરી કરાવતા હતા. એ આફ્રિકાના ગુલામો અને યૂરોપિયનોથી જે મિશ્ર પ્રજા ઉત્પન્ન થઇ હતી તેને પણ ગુલામ તરીકેજ ગણતા હતા. આ ઘાતકી વ્યવહાર લાંબા વખતસુધી ચાલુ રહ્યો હતો. આ બનાવ જોયાથી ડોઢડાહ્યા ઇતિહાસકારોની કલ્પના ભૂતકાળના ઇતિહાસમાં હજારો વર્ષની છલંગ મારે છે. અને એવું માની લે છે કે જે બનાવ અમેરિકામાં થોડા સૈકા પહેલાં બન્યો હતો, તેવોજ બનાવ હિંદુસ્તાનમાં પણ બનેલો હોવો જોઇએ. પુરાતન ઇતિહાસવેત્તાઓ એવી કલ્પના કરે છે કે પ્રાચીનકાળમાં આખો ભરતખંડ કાળાં નેત્રવાળા અનાર્ય લોકોથી ભરપૂર હતો, અને ત્યારપછી ગૌરવર્ણના આર્ય લોકો આવીને હિંદુસ્તાનમાં વસવા લાગ્યા. એ આર્યો કયા દેશમાંથી ચાલ્યા આવ્યા તે તો ઇશ્વર જાણે ! કેટલાક કહે છે કે તેઓ ટિબેટથી આવ્યા હતા. બીજા કેટલાક કહે છે કે તેઓ મધ્ય એશિયામાંથી આવ્યા

હતા. કેટલાક સ્વદેશવત્સલ અગ્રેજો કહે છે કે આર્ય લોકો સોનેરી વાળવાળા હતા. વળી બીજા કેટલાક પોતપોતાના મત પ્રમાણે એમ પણ કહે છે કે તેઓ કાળા વાળવાળા હતા. બસ જો લેખકના પોતાના વાળ કાળા હોય તો આર્ય લોકોના વાળ પણ કાળાજ હોવા જોઇએ! વળી હમણાં હમણાં એક એવો મત નીકળ્યો છે કે આર્ય લોકો અસલ સ્વિટ્ઝરલૅંડનાં સરોવરોની આસપાસના પ્રદેશમાં વસતા હતા. જો એ બધા આર્યો અને આ સિદ્ધાંતો, બેઉ એ સરોવરોમાંજ ડૂબી ગયા હોત તો મને ખેદ થાત નહિ! વળી આર્ય લોકો ઉત્તર ધ્રુવની આસપાસના મુલકમાં વસતા હતા એવું માનનારા વિદ્વાનો પણ છે. આર્યો અને તેમનાં નિવાસસ્થાનો ઉપર શો જુલમ! હવે આ જુદા જુદા મતની સત્યતાવિષે જો આપણાં શાસ્ત્રોનો અભિપ્રાય જોઇએ તો તેમાં આવું કશું છેજ નહિ. એક શબ્દ પણ એવો જડતો નથી કે જેથી આર્ય પ્રજા હિંદુસ્તાનથી બહારના મુલકમાંથી આવીને અત્ર વસી છે, એ મતને આધાર મળે. જૂના વખતમાં ભરતખંડની અંદર અફઘાનીસ્તાનનો પણ સમાવેશ થતો હતો એ પણ સાથે સાથે યાદ રાખવું. શૂદ્રો અનાર્ય પ્રજાના વંશજો છે અને તેઓની સંખ્યા ઘણી મોટી હતી એ વાત તદ્દન પાયાવગરની અને નહિ માની શકાય એવી છે. તે સમયમાં મુઠ્ઠીભર આર્ય લોકો લાખો અનાર્યોને હરાવે અને તેમને પોતાના ગુલામ બનાવી દે એ વાત બિલકુલ અસંભવિત છે. આટલા બધા ગુલામો ભેગા થઇને આર્ય લોકોની પાંચ મિનિટમાં 'ચટણી' જ કરી નાખત. આ બાબતનો એકજ ખુલાસો મહાભારતમાંથી મળી આવે છે. તેમાં લખ્યું છે કે સત્યયુગના પ્રારંભમાં માત્ર એક બ્રાહ્મણોનીજ જ્ઞાતિ હતી. ત્યારપછી જુદા જુદા વ્યવસાયને લીધે ધીમે ધીમે આર્ય પ્રજા અનેક જ્ઞાતિઓમાં વિભક્ત થઇ ગઇ. જ્ઞાતિભેદના સંબધમાં આ એકલોજ સત્ય અને વ્યાજબી ખુલાસો છે. હવે ભવિષ્યના સત્યયુગમાં અનેક જુદી જુદી જ્ઞાતિઓ એકત્ર થઇને મૂળ સ્થિતિએ આવી જશે. આથી કરીને ભરતખંડના જ્ઞાતિભેદના મહા પ્રશ્નનો નિર્ણય આજ પ્રમાણે થઇ શકે કે ઉચ્ચ વર્ણના લોકોને અવનત ન કરતાં, બ્રાહ્મણ જાતિનો ઉચ્છેદ ન કરતાં નીચી જાતિઓનો ઉત્કર્ષ કરીને તેમને બ્રાહ્મણોની કોટિએ ચડાવી દેવી.

બ્રાહ્મણત્વની પ્રાપ્તિ એજ માનવ જાતિનો પરમ આદર્શ છે, એવું ભરતખંડમાં મનાતું આવ્યું છે. શંકરાચાર્યે પોતાના ગીતાભાષ્યની ભૂમિકામાં આ વિચાર બહુજ સુંદર રીતે પ્રદર્શિત કર્યો છે. શ્રીકૃષ્ણના અવતાર ધારણ કરવાના પ્રયોજનવિષે ચર્ચા કરતાં તે લખે છે કે, તેઓ બ્રાહ્મણત્વનું રક્ષણ કરવાનેજ પ્રકટ થયા હતા. એજ તેમના અવતારનો મહાન્ ઉદ્દેશ હતો. બ્રાહ્મણો, બ્રહ્મજ્ઞ પુરુષો અર્થાત્ જે આદર્શ સિદ્ધપુરુષો છે તેમની અત્યંત આવશ્યકતા છે. તેમનો ઉચ્છેદ કરવો ઇષ્ટ નથી. આધુનિક જ્ઞાતિભેદમાં અનેક પ્રકારની ખામીઓ છે તે હું સારી રીતે જાણું છું, તોપણ

મારે બ્રાહ્મણોને માટે કહેવું પડે છે કે, બીજી જ્ઞાતિઓ કરતાં તેઓમાં હજી પણ બ્રાહ્મણત્વનો વિશેષ અંશ છે; તેમનામાંથી બ્રાહ્મણત્વવાળા પુરુષો સૌથી વધારે ઉત્પન્ન થયા છે. આ વાત તદ્દન સત્ય છે અને બીજી જ્ઞાતિઓએ બ્રાહ્મણોને તેમના આ ગુણ માટે યશ અને સન્માન આપવાં જોઇએ. તેમનામાં જે દોષ છે તે તો આપણે નિડરપણે જાહેર કરવાજ જોઇએ, પણ તેની સાથે જે સન્માનને, જે ગૌરવને તેઓ પાત્ર છે તે પણ તેમને આપવાંજ જોઇએ. 'દરેક જણને જે ઘટિત છે તે આપતા રહો' એ પ્રાચીન અંગ્રેજી કહેવત યાદ રાખજો. માટે હે બન્ધુઓ! જ્ઞાતિઓમાં અંદર અંદર કલહ અને વિદ્વેષ ઉત્પન્ન કરવાનું પ્રયોજન નથી. એથી કયું શુભ પરિણામ લાવવાની તમે આશા રાખો છો? એથી તો આપણે વધારે વિભક્ત અને નિર્બળ થઇ જઇશું; આપણી અવનતિ વધારે ભયંકર સ્વરૂપ ધારણ કરશે. એકહથ્થા અધિકારના, જોહુકમીના દિવસ હવે વીતી ગયા છે. ભરતખંડની ભૂમિ ઉપરથી તે દિવસો સદાને માટે ચાલ્યા ગયા છે. અંગ્રેજી અમલનું એ એક અત્યંત શુભ પરિણામ છે. મુસલમાનોના અમલથી પણ અમુક જાતિના એકહથ્થા અધિકારને ધોકો પહોંચ્યો હતો; મુસલમાનોના અમલથી આપણને તદ્દન ગેરલાભજ થયો હતો એમ કહી શકાય નહિ. જગત્‌માં કોઇ પણ વસ્તુ સંપૂર્ણ ખરાબ અથવા સંપૂર્ણ સારી હોઈ શકે જ નહિ. ભરતખંડની દરિદ્ર અને પતિત જાતિઓના ઉદ્ધારને માટે મુસલમાની અમલથી પણ સુયોગ પ્રાપ્ત થયો હતો. આજ કારણથી એક પંચમાંશ હિંદુઓએ મુસલમાન ધર્મ સ્વીકાર્યો હતો. કેવળ તલવારનાજ ત્રાસથી આટલા બધા હિંદુઓ મુસલમાન થયા ન હતા. મુસલમાનોએ તલવાર અને બંદુકના જોરથી બળાત્કારે આટલા બધા હિંદુઓને વટલાવીને મુસલમાન બનાવી દીધા એમ માનવું એ મોટામાં મોટી મૂર્ખાઈ છે. જો તમે સાવધાન નહિ થાઓ તો મદ્રાસ ઇલાકાની વસ્તીનો પણ એક પંચમાંશ તો શું પણ અડધો અડધ ભાગ ખ્રિસ્તી થઇ જશે. મલબાર પ્રાંતમાં મેં જે જોયું તે કરતાં વધારે મૂર્ખતા અને મિથ્યાભિમાનનું દૃષ્ટાંત આખા જગત્‌માં શોધ્યું જડે એમ નથી. જે રસ્તે થઇને ઉચ્ચ વર્ણના લોકો જતા હોય તે રસ્તા ઉપર ચાલવાનો ગરીબ બિચારા ભંગીઓને અધિકારજ નથી! પણ એજ ભંગીઓ રામલાને બદલે રૅાબર્ટ અથવા રહીમ બનીને આવે તો બસ તેનો દરજ્જો એકદમ વધી જાય છે! પછી તેની સાથે ચાલવાને અથવા તેનો સ્પર્શ કરવાને કશીજ હરકત નહિ!! આવો દેશાચાર જોતાં બધા મલબારવાસી દિવાના છે, તે અને તેમનાં ઘર દિવાનાનાં દવાખાનાં જેવાં છે એ સિવાય બીજું કયું અનુમાન બાંધી શકાય? જ્યાંસુધી તેઓ આ મૂર્ખાઇનો ત્યાગ નહિ કરે અને પોતાની રીતભાતમાં સુધારો નહિ કરે ત્યાંસુધી જગતના તમામ લોકો તેમના તરફ તિરસ્કારની નજરથી જુએ એમાં શું આશ્ચર્ય? જે પ્રજામાં આવા દૂષણભરેલા, રાક્ષસી રિવાજો પળાતા હોય તે પ્રજાએ

શરમાઇને ડૂબી મરવું જોઇએ. જે પ્રજા પોતાનાંજ સંતાનોને ભૂખે મરવા દે અને જ્યારે તેજ સંતાન અન્ય ધર્મ ગ્રહણ કરે ત્યારે તેમને સન્માન આપીને અને ખવડાવી પીવડાવીને પુષ્ટ કરે તેમને ધિક્કાર છે!

આ પ્રશ્નનો સફળતાપૂર્વક નીવેડો લાવવો હોય તો ઉચ્ચ વર્ણના લોકોને હલકા ન પાડો, તેમનો દરજ્જો નીચો ન કરો, પણ જેઓ નીચી પંક્તિના છે તેમને ઉંચે ચડાવવા યત્ન કરો. કેટલાક લોકો જેઓનું શાસ્ત્રજ્ઞાન અત્યંત અલ્પ છે અને જેઓ આપણા પૂર્વજોનો મહાન્ ઉદ્દેશ સમજવાને અસમર્થ છે, તેઓ ભલે ગમે તેમ કહે તોપણ મેં હમણાં કહ્યો તેજ ઉન્નતિનો માર્ગ આપણા શાસ્ત્રકારોએ બતાવેલો છે. એથી ઊલટું સમજાવનારા પોતેજ બિલકુલ સમજતા નથી; પણ જેમને બુદ્ધિ છે, જેમનામાં વિચારશક્તિ છે, તેઓ આપણા પૂર્વજોનો ઉદ્દેશ અને કાર્યપદ્ધતિ સારી રીતે સમજી શકે છે. તેઓ તો તટસ્થ રહીને અનંત યુગથી જે પ્રજાજીવનનો અદ્ભુત પ્રવાહ ચાલ્યો આવે છે, તેનું આદિથી અંતસુધી અવલોકન કરે છે. તેઓ પ્રાચીન અને અર્વાચીન શાસ્ત્રોમાં અસલના ઋષિઓની કાર્યપ્રણાલીનાં દરેકે દરેક પગથીઆં જોઇ શકે છે.

એ કાર્યપ્રણાલી કયી? તેને એક છેડે બ્રાહ્મણ અને બીજે છેડે ચંડાળ છે. એ ચંડાળને ધીમે ધીમે ઉન્નત કરીને આખરે બ્રાહ્મણની કોટિમાં લઈ જવો એજ તેમની કાર્યપ્રણાલી છે. તમે જોઇ શકશો કે જેમ સમય જતો ગયો તેમ તેમ નીચ જાતિને વધારે ને વધારે અધિકાર અને સ્વતંત્રતા અપાતાં ગયાં છે. એવાં પણ શાસ્ત્રો છે કે જેમાં એવી આજ્ઞા કરી છે કે "જો શૂદ્રને કાને વેદનો એક શબ્દ પણ જાય તો તેના કાનમાં સીસાનો ગરમા ગરમ રસ રેડી દેવો અને જો વેદની એક પંક્તિ પણ તેને યાદ હોય તો તેની જીભ કાપી નાખવી. વળી જો તે બ્રાહ્મણને એમ કહે કે 'અરે ઓ બ્રાહ્મણ!' તો પણ તેની જીભ કાપી નાખવી." અલબત્ત, આ પ્રાચીન આસુરી જંગલીપણું છે એમ કહેવાની જરૂરજ નથી, પણ એ સ્મૃતિકારોનો અપરાધ નથી. તેમણે તો તેમના સમયનાજ જનસમાજના અમુક વર્ગની માન્યતાઓને માત્ર નોંધી લીધી છે. પ્રાચીનકાળમાં એવા નરપિશાચો વખતો વખત ઉત્પન્ન થતા હતા. દરેક યુગમાં *દુનિયાના બધા દેશોમાં એવી આસુરી પ્રકૃતિના લોકો થઈ ગયા છે. ત્યારપછીના યુગમાં લખાયલી સ્મૃતિઓમાં જોશો તો શૂદ્રજાતિ પ્રતિ નિર્દય વ્યવહાર કેટલેક અંશે ઓછો થએલો જણાશે. દાખલા તરીકે એક ઠેકાણે લખ્યું છે કે "શૂદ્રો તરફ નિષ્ઠુર વ્યવહાર કરવો નહિ; તેમજ તેમને વેદ વગેરે શાસ્ત્રોનું અધ્યયન પણ કરાવવું નહિ." આના પછીના જમાનામાં જે સ્મૃતિઓ લખાઇ છે અને જે ખાસકરીને કલિયુગને માટેજ લખાયલી

*યૂરોપના જુદા જુદા સંપ્રદાયના ખ્રિસ્તીઓ એકબીજા ઉપર જે કેર વર્તાવતા હતા, તેનો જોટો તો જગત્ના કોઇપણ દેશના ઇતિહાસમાં મળે તેમ નથી. ભા૦ ક૦

હોવાથી વિશેષ પ્રમાણભૂત મનાય છે, તેમાં એવા ભાવાર્થનું લખાણ છે કે; " જો શૂદ્રો બ્રાહ્મણોના આચારવિચારનું અનુકરણ કરે તો તેઓ ઘણું સારૂં કામ કરે છે–તેમને એવા કામમાં ઉત્તેજન આપવું જોઇએ." આ પ્રમાણે જેમ વખત જતો જાય છે તેમ શૂદ્રોને વધારે અધિકાર પ્રાપ્ત થતા જાય છે. જુદા જુદા સમયમાં શૂદ્રો તરફના વ્યવહારમાં કેવી રીતે ફેરફાર થતા ગયા, તેનું જુદાં જુદાં શાસ્ત્રો અને ઇતિહાસદ્વારા અનુસંધાન કરીને આખી કાર્યપ્રણાલીનું વિસ્તારથી વિવેચન કરવાનો અત્યારે સમય નથી; પણ આટલું તો સ્પષ્ટ છે કે શૂદ્ર જાતિઓ ધીમે ધીમે ઉંચી ચડતી જાય છે. વળી ભરતખંડમાં હજારો જ્ઞાતિઓ છે અને તેમાંની કેટલીક બ્રાહ્મણોની પંક્તિમાં પણ ભળી ગઇ છે; કારણ કે અમુક જ્ઞાતિના બધા લોકો એમ જાહેર કરે કે અમે બ્રાહ્મણો છીએ તો તેમને કોણ અટકાવનાર છે? જ્ઞાતિબંધન ગમે એટલાં સખત છે છતાં પણ તેમાં આજ પ્રમાણે નવી નવી જ્ઞાતિઓ ઉત્પન્ન થતી આવી છે. ધારો કે દશ દશ હજાર માણસની અમુક જ્ઞાતિઓ છે. જો એ બધી જ્ઞાતિઓ સંપ કરીને જાહેર કરે કે અમે બ્રાહ્મણ છીએ તો તેમને કોઇ અટકાવે એવું નથી. મેં આવાં× અનેક ઉદાહરણ જાતે જોયાં છે. અમુક જ્ઞાતિઓ કેળવણીથી અથવા બીજા કારણથી આગળ પડતી થઈ જાય છે, અને જો તેઓ એકમત થઇને પોતાને બ્રાહ્મણ કહેવડાવે તો કોઈ તેમને ના કહી શકતું નથી. એમાં બીજી જ્ઞાતિઓને લેવાદેવા હોતું નથી; કારણ કે એમની સાથે લગ્નવ્યવહાર કે ભોજનવ્યવહાર હોતો નથી. એક જ્ઞાતિ બીજી જ્ઞાતિના કામમાં માથું મારતી નથી; એટલુંજ નહિ પણ એક જ્ઞાતિની જુદી જુદી પેટા જ્ઞાતિઓ પણ કોઈ કોઈના કામમાં વચ્ચે પડતી નથી.

શંકરાચાર્ય વગેરે શક્તિસંપન્ન યુગાચાર્યો જ્ઞાતિઓના રચનાર હતા. તેમણે જે અદ્‌ભુત કાર્ય કર્યાં છે તે હું અત્યારે તમને કહી શકતો નથી અને કહું તો તમારામાંના કેટલાકની લાગણી પણ દુખાય; પરંતુ મારા પ્રવાસ દરમ્યાન તથા બીજા અનુભવોથી મને તેમની કાર્યપ્રણાલીવિષે ઘણું જાણવાનું મળ્યું છે, અને એ વિષે સંશોધન કરતાં મને અજાયબ જેવી માહિતી મળી છે. તેમણે ઘણીવાર બલુચી લોકોની સેંકડો ટોળીઓને એક ક્ષણવારમાં ક્ષત્રિય બનાવી દીધી છે. અસંખ્ય માછીઓને એકદમ બ્રાહ્મણો બનાવી દીધા છે. અલબત્ત આ કાર્ય કરનારા મહાપુરુષો હતા. આપણે તેમના કાર્ય તરફ સન્માનની દૃષ્ટિથી જોવું જોઇએ. માટેજ હું તમને વારંવાર કહું છું કે તમે પણ તેમના જેવા ઋષિઓ, મહાપુરુષો થાઓ. એજ કાર્યસિદ્ધિનો

× ગુજરાતમાં પણ એવાં ઉદાહરણની ખોટ નથી. એવી ઘણીએ અસ્પૃશ્ય જ્ઞાતિઓ એકસંપી કરીને ઉંચી જ્ઞાતિમાં ખપી ગઇ છે એક નાતના બ્રાહ્મણો જેમની બોલી, શરીરરચના અને અટકો સુદ્ધાં દૂબળાને મળતાં છે, તેઓ પણ હાલ બ્રાહ્મણમાંજ ગણાય છે.

મહામંત્ર છે. થોડા ઘણા તો આપણે બધાને ઋષિ જેવા થવુજ પડશે. ઋષિ એટલે શું ? પવિત્ર, વિશુદ્ધ આત્મા. પ્રથમ પવિત્ર થાઓ એટલે પછી તમને અદ્‌ભુત શક્તિ પ્રાપ્ત થશે. માત્ર ‘ હું ઋષિ છું ’ એમ બોલ્યા એટલે ઋષિ થઈ જવાતું નથી; પણ એકવાર ખરેખરા ઋષિ બનો અને પછી જુઓ કે બધા તમારી આજ્ઞાને આધીન થાય છે કે નહિ ? પછી તમારા શરીરમાંથી એક અલૌકિક પ્રકાશ નીકળીને બીજાના મન ઉપર પોતાનો પ્રભાવ બેસાડશે. તેઓ તમારે અધીન થઈને તમારૂં અનુસરણ કરશે, તમારાં વચન સાંભળશે. તેઓ બીલકુલ અજાણપણે, કેટલીકવાર તેમની પોતાની મરજી વિરુદ્ધ જઇને પણ તમારા કાર્યમાં સહાયભૂત થશે. આનું નામજ ખરેખરૂં ઋષિત્વ.

મેં તમને આપણી કાર્યપ્રણાલીની રૂપરેખાજ માત્ર સમજાવી છે. મૂળ ઉદ્દેશ સાચવીને અનેક યુગસુધી કાર્ય થતું જશે તો મેં આળેખેલા ખોખામાં જુદી જુદી વિગતો ભરાતી જશે. કલહ અને વિદ્વેષનો એકદમજ ત્યાગ કરવો જોઇએ, એ બતાવવાને માટેજ મેં માત્ર સૂચન કર્યું છે. જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચે આ જમાનામાં જ્યારે હું કલહ થતા જોઉં છું ત્યારે હું ઘણોજ ખેદ પામું છું; એ અનિષ્ટકારક પ્રવૃત્તિ તો એકદમ બંધજ થવાની જરૂર છે. એથી બેઉ પક્ષને હાનિ છે અને ખાસ કરીને ઉચ્ચ વર્ણના લોકોને, બ્રાહ્મણોને વિશેષ હાનિ છે; કારણ કે એકહથ્થા અધિકારનો જમાનો હવે પૂરો થયો છે, દરેક ઉંચી જ્ઞાતિએ પોતાના મિથ્યાભિમાનની કબર પોતાને હાથેજ ખોદવી જોઇએ, અર્થાત્ પોતાનું ખોટું જાતિઅભિમાન પોતાની મેળેજ છોડી દેવું જોઇએ અને આ કાર્ય જેમ જલદી થશે તેમ તેઓને વિશેષ લાભ થશે. જેમ જેમ વધારે વિલંબ થશે તેમ તેમ મિથ્યા જાતિઅભિમાનનું વિષ પ્રજામાં વધારે ઉંડું સંચરતું જશે અને પરિણામે જે વિનાશ થવાનો છે તે વધારે ભયાનક સ્વરૂપ ધારણ કરશે. આટલામાટે ભરતખંડની બીજી જ્ઞાતિઓના ઉદ્ધારને માટે પરિશ્રમ લેવો એ બ્રાહ્મણોનું ખાસ કર્તવ્ય છે. તેઓ આ કાર્ય કરે અને જ્યાંસુધી કરતા રહે ત્યાંસુધીજ તેમને બ્રાહ્મણ કહેવડાવવાનો અધિકાર છે, અને ત્યાંસુધીજ તેઓ સન્માનને પાત્ર છે. જો તેઓ માત્ર દ્રવ્યોપાર્જન તરફ દૃષ્ટિ રાખતા હોય તો તેઓ ખરેખરા બ્રાહ્મણ છેજ નહિ. ખરેખરા બ્રાહ્મણોને એટલે કે સ્વદેશનું અને સ્વજાતિનું હિત કરવામાંજ જેઓ રોકાયા હોય તેમનેજ તમારે સહાય આપવી જોઇએ; તેઓજ તમારી સહાયને પાત્ર છે. તેમ કરશો તોજ તમે જે સ્વર્ગપ્રાપ્તિની આશા રાખો છો તે સફળ થશે; પણ ખરા બ્રાહ્મણ સિવાય બીજાને દાન આપશો,કુપાત્રે દ્રવ્યનો વ્યય કરશો તો સ્વર્ગમાં નહિ પણ એથી જુદાજ લોકમાં એટલે નરકમાં જ જવું પડશે. એવું આપણાં શાસ્ત્રોમાં સ્પષ્ટપણે કહ્યું છે; તેથી આ બાબતમાં તમારે ઘણાજ સાવધ રહેવાની જરૂર છે. જે કોઇ પણ સાંસારિક કાર્ય કરતો નથી પણ લોકહિતનાંજ કાર્ય

કરે છે તેજ સાચો બ્રાહ્મણ છે. સાંસારિક કાર્યો બ્રાહ્મણોમાટે નથી, પણ અન્ય જ્ઞાતિઓમાટે છે; માટે હું બ્રાહ્મણોને સંબોધીને કહું છું કે તમે જે કાંઇ જ્ઞાન ધરાવો છો તે અન્ય જ્ઞાતિઓને આપો, તમે જે સંસ્કૃતિ સેંકડો વર્ષથી સાચવી રહ્યા છો, તેનો આખા દેશમાં પ્રચાર કરો અને તેમ કરીને ભરતખંડની પ્રજાને ઉન્નત કરવાનો ઉગ્ર પરિશ્રમ આદરો. ખરૂં બ્રાહ્મણત્વ શામાં રહેલું છે, તેનું સ્મરણ કરવું એ બ્રાહ્મણોનું કર્તવ્ય છે. મનુ ભગવાન્ કહે છે કેઃ—

ब्राह्मणो जायमानो हि पृथिव्यामधिजायते ।
ईश्वरः सर्वभूतानां धर्मकोषस्य गुप्तये ॥

અર્થાત્ બ્રાહ્મણો સન્માન અને અનેક પ્રકારના વિશેષ અધિકારને પાત્ર છે તેનું કારણ એ છે કે તેઓ ધર્મના ભંડારના રક્ષકો છે. હવે હે બ્રાહ્મણો ! એ રત્નભંડારનાં દ્વાર ખુલ્લાં કરો અને તેમાં સંચિત કરેલાં રત્નો જગત્‌ને વહેંચી આપો. અલબત્ત, ભરતખંડના લોકોને સૌથી પ્રથમ ધર્મનો ઉપદેશ આપનાર બ્રાહ્મણોજ હતા. અન્ય જ્ઞાતિઓના પહેલાં જીવનના ગહન પ્રશ્નનું અનુસંધાન કરવામાટે પોતાના સર્વસ્વનો ત્યાગ કરનાર બ્રાહ્મણોજ હતા. બીજી જ્ઞાતિઓ કરતાં ઉન્નતિના માર્ગમાં બ્રાહ્મણો વધારે આગળ વધ્યા તેમાં તેમણે શું ગુન્હો કર્યો ? શા માટે બીજી જ્ઞાતિઓએ પણ બ્રાહ્મણોની માફક જ્ઞાન પ્રાપ્ત ન કર્યું ? શામાટે તેમણે સત્યની શોધ કરવા પાછળ બ્રાહ્મણોના જેટલો પરિશ્રમ ન લીધો ? શા માટે તેઓ આળસુ થઈને હાથ જોડીને બેસી રહ્યા અને બ્રાહ્મણોને પોતાના કરતાં આગળ વધવા દીધા ?

પણ અહીં મારે કહેવું જોઇએ કે બીજાઓથી આગળ વધીને અમુક પ્રકારના અધિકાર અને અનુકૂળતાઓ પ્રાપ્ત કરવી એ એક વાત છે, અને પોતાના સ્વાર્થને માટે તેમનો દુરુપયોગ કરવો અને ખોટી દાનતથી બીજાઓને તે અધિકાર પ્રાપ્ત કરતા અટકાવવા એ જુદીજ વાત છે. જ્યારે જ્યારે અધિકારનો દુરુપયોગ થાય છે ત્યારે ત્યારે એ અધિકાર રાક્ષસી સ્વરૂપ ધારણ કરે છે. સત્તાનો ઉપયોગ માત્ર બીજાના કલ્યાણ માટેજ કરવો જોઇએ; માટે જે જ્ઞાનભંડાર, જે સંસ્કૃતિ આજ સેંકડો વર્ષથી બ્રાહ્મણોએ ટ્રસ્ટીની માફક સાચવી રાખ્યાં છે, તે તેમણે હવે એ ભંડારના ખરા માલીક જનસમુદાયને સ્વાધીન કરી દેવાં જોઇએ. એમણે અત્યારસુધી તેમ ન કર્યું તેથીજ હિંદ ઉપર મુસલમાનોને સ્વારીઓ કરવામાટે માર્ગ ખુલ્લો થયો હતો. શરૂઆતથીજ બ્રાહ્મણોએ આ જ્ઞાનભંડાર સર્વને માટે ખુલ્લો ન મૂક્યો, તેથીજ બીજી પ્રજાઓ હિંદુસ્તાનને મરજીમાં આવે તેમ કચરતી આવી છે; તેથીજ આપણે એક હજાર વર્ષ થયાં ગુલામીની હાલત ભોગવીએ છીએ, તેથીજ આપણી પૂરેપૂરી અવનતિ થએલી છે; માટે આપણી સૌથી પહેલી ફરજ એ છે કે, જે તિજોરીઓમાં ધર્મરૂપી રત્નરાશિ આજસુધી ગુપ્તપણે પૂરી રાખવામાં આવ્યો છે તેને એકદમ ખોલી નાખવો.

એ કિંમતી રત્નો દેશમાં વસતા તમામ માણસોને વર્ણભેદ કે જાતિભેદ રાખ્યા વગર છૂટથી વહેંચી દેવાં; એ આપણી અને બ્રાહ્મણોની સૌથી પહેલી ફરજ છે. બંગ દેશમાં એક એવો જૂનો વહેમ છે કે જો સર્પ પોતે પોતાનું વિષ ચૂસી લે તો સર્પદંશ થએલા માણસનો જીવ બચે. એજ પ્રમાણે બ્રાહ્મણોએ પોતે પોતાનું વિષ ચૂસી લેવું જોઇએ.

બ્રાહ્મણ સિવાયની બીજી જ્ઞાતિના લોકોને હું કહું છું કે તમે ધીરજ રાખો; બહુ ઉતાવળા ન થાઓ. જરાક તક મળી એટલે તરત બ્રાહ્મણોને ગાળો દેવા ન મંડી પડો; કારણ કે હું તમને હમણાંજ કહી ગયો છું કે તમે તમારી પોતાની જ ભૂલનાં માઠાં ફળ ભોગવો છો. આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવાને અને સંસ્કૃત શીખવાને તમે શા માટે બેદરકાર રહ્યા? તમને કોઇએ રોક્યા હતા? આજ સુધીમાં તમે શું શું કર્યું? તમે શા માટે આજસુધી હાથ જોડીને બેસી રહ્યા છો? અને જ્યારે બીજાઓ તમારા કરતાં વધારે મગજશક્તિ, વધારે પરાક્રમ, વધારે સાહસ, વધારે ઉત્સાહ અને વધારે વ્યાવહારિક ચપળતા બતાવે, તેથી શા માટે બળી જાઓ છો? માટે વર્તમાનપત્રોમાં નાહક ચર્ચાઓ અને ઝગડાઓ મચાવીને અને તમારા પોતાનાં જ ગૃહોને મિથ્યા કલહથી કલંકિત કરીને તમારી શક્તિનો મિથ્યા વ્યય કરો નહિ; પણ જે જ્ઞાન અને સંસ્કૃતિ બ્રાહ્મણોએ પ્રાપ્ત કર્યાં છે તે તમે પણ પ્રાપ્ત કરો; જે જ્ઞાનના પ્રતાપવડે બ્રાહ્મણોએ તમારા ઉપર પોતાનો અધિકાર બેસાડ્યો તે જ્ઞાન પ્રાપ્ત કરવામાં તમારી તમામ શક્તિઓનો ઉપયોગ કરો, એટલે તમારા મનોરથ સિદ્ધ થશે. તમે પણ શામાટે સંસ્કૃત પંડિતો થતા નથી? શામાટે તમે હિંદુસ્તાનની તમામ જ્ઞાતિઓમાં સંસ્કૃત જ્ઞાનનો પ્રચાર કરવામાટે લાખો રૂપીઆ ખરચતા નથી? મોટો સવાલજ આ છે. જે પળે હું કહું છું તેમ તમે કરશો તેજ પળે તમે બ્રાહ્મણોના બરોબરીઆ થઇ શકશો. હિંદુસ્તાનમાં ઉચ્ચ પદવી અથવા અધિકાર પ્રાપ્ત કરવાની આજ ચાવી છે.

જેને સંસ્કૃતભાષાનું ઉંચા પ્રકારનું જ્ઞાન છે, તે ભરતખંડમાં સન્માનને પાત્ર થાય છે. જો તમે સંસ્કૃત શીખશો તો તમારી વિરુદ્ધ બોલવાની કોઇની પણ હિંમત ચાલશે નહિ. એજ આપણા દેશમાં શક્તિનો મહામંત્ર છે; તેનીજ સાધના કરવા મંડી જાઓ. અદ્વૈતવાદની એક પ્રાચીન ઉપમા હું અહીં લાગુ પાડીને કહું છું કે, આખું જગત્ પોતાની માયાથી મોહિત થઇ ગયું છે. દૃઢ સંકલ્પ એ સર્વથી શ્રેષ્ઠ અને અમોઘ શક્તિ છે. દૃઢ ઇચ્છાશક્તિવાળા પુરુષના શરીરમાંથી એક એવા પ્રકારનું તેજ બહાર નીકળે છે, કે જેથી કરીને તે પોતાનાજ હૃદયના ભાવ સર્વના હૃદયમાં જગાડી શકે છે. એવા પ્રબળ ઇચ્છાશકિતવાળા પુરુષો વખતો વખત દુનિયામાં પ્રકટ થાય છે. સંકલ્પનું બળ તમે અનુભવ્યું છે? જ્યારે અદ્‌ભુત શક્તિસંપન્ન પુરુષ પ્રકટ થાય છે, ત્યારે તેની પ્રતિભાના બળથી તેના વિચાર આપણા તેમજ બીજા ઘણાના હૃદયમાં પ્રવેશ કરે છે; અને આથી કરીને ઘણા માણસો સરખા વિચાર-

વાળા થાય છે અને એમ કરતાં કરતાં આખો જનસમુદાય બળવાન્ બની જાય છે. છૂટી છવાઈ વ્યક્તિના બળ કરતાં અમુક મંડળ અથવા સમાજનું બળ શા કારણથી વધારે હોય છે ? સમાજનું એકીકરણ એ કાંઈ બહારની ક્રિયા નથી. એક પ્રત્યક્ષ દૃષ્ટાંત જુઓ. શા કારણથી માત્ર ચારજ કરોડ અંગ્રેજો ત્રીશ કરોડ હિંદુઓ ઉપર અધિકાર ભોગવે છે ? એકતાજ એ શક્તિનું મૂળ છે. તમે કદાચ એમ કહેશો કે એ તો જડશક્તિનુંજ પરિણામ છે, પણ એ માન્યતા ખોટી ઠરે છે. એ જડ-શક્તિનું નહિ, પણ માનસિક અથવા આધ્યાત્મિક શક્તિનું પરિણામ છે. આ ચાર કરોડ અંગ્રેજો પોતાની તમામ સંકલ્પશક્તિનો એકજ દિશામાં એકજ કાર્યમાટે ઉપ-યોગ કરીને વિજયી નીવડે છે; અને આપણા ત્રીશ કરોડ હિંદુઓમાંથી દરેક જણ જુદી જુદી દિશામાં છૂટાછવાયા પ્રયત્ન કરીને પોતાની શક્તિનો મિથ્યા ક્ષય કરે છે; માટે જો ભરતખંડનું ઉજ્વળ ભવિષ્ય જોવાની તમને ઇચ્છા હોય, તો વિજયનો મહામંત્ર જે એકતા, શક્તિસંગ્રહ અને જુદી જુદી ઇચ્છાશક્તિઓને એકજ કેન્દ્રમાં સ્થાયી કરવાની પ્રવૃત્તિ છે, તેનું સાધન કરો. અથર્વવેદની સંહિતાનો એક અપૂર્વ મંત્ર મને આ સમયે યાદ આવે છે કેઃ—

संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानतां। देवा भागं यथा पूर्वे॥ ઇત્યાદિ.

“તમે બધા એક માર્ગે ચાલનારા, એક પ્રકારની વાણીવાળા કે મનવાળા થાઓ; કારણ કે, અસલના દેવતાઓ પણ એક મનના હતા; તેથીજ તેઓ પોતાનો હિસ્સો લેવાને સમર્થ થયા હતા.” એનું તાત્પર્ય એ છે કે જ્યારે દેવતાઓ પણ એક વિચા-રના થયા ત્યારેજ તેઓ મનુષ્યની ઉપાસનાને યોગ્ય થયા હતા. એકતા એજ હર કોઇ જનસમાજના દૃઢ બંધારણનું રહસ્ય છે; અને જ્યાંસુધી તમે ‘આ આર્ય’ અને ‘આ દ્રવિડ’; ‘આ બ્રાહ્મણ’ અને ‘આ શૂદ્ર’; એવી એવી તુચ્છ બાબતોવિષે અંદર અંદર કલહ કર્યા કરશો, ત્યાંસુધી હિંદનું ઉજ્વળ ભવિષ્ય ઘડવામાટે જે શક્તિ અને ચેતન જરૂરનાં છે તેનો સંગ્રહ કરી શકશો નહિ. સ્મરણ રાખજો કે ભરત-ખંડના ઉત્કર્ષનો આધાર માત્ર એના ઉપરજ છે. દેશના તમામ માણસોની ઇચ્છા-શક્તિના સંમિલનમાં, તેમને એક કેન્દ્રમાં સ્થિર કરવામાંજ ઉત્કર્ષની, વિજયની ચાવી સમાયલી છે. હાલનો દરેક ચીનો પોતાના મનમાં જુદા જુદા વિચાર સેવે છે, અને બધા જાપાનીઝ એકજ વિચારના છે તેનું પરિણામ શું આવ્યું તે તમે સાંભળ્યું હશે.* જગતના ઇતિહાસમાં હમેશાં આ પ્રમાણેજ બનતું આવ્યું છે. તમે ઇતિહાસ ઉપરથી જોઇ શકયા હશો કે નાની પણ સુદૃઢ પ્રજાઓ, સંખ્યામાં અધિક પણ એકતા અને સુવ્યવસ્થા વગરની પ્રજાઓ ઉપર અધિકાર ભોગવતી આવી છે; કારણ કે નાની

* આ વ્યાખ્યાન અપાયું ત્યાર પહેલાં થોડા સમયપૂર્વે જ જાપાને ચીનને સખત હાર ખવરાવીને કોરીઆ જિતી લીધો હતો.

સુદૃઢ પ્રજાઓ પોતાના વિચારની એકતા અને એકાગ્રતા સહેલાઇથી કરી શકે છે; અને તેથી કરીને તેઓ ઘણીજ સહેલાઇથી બળવાન્ અને ઉન્નત થઇ શકે છે; અને હરકોઇ પ્રજામાં મનુષ્યોની સંખ્યા જેમ વિશાળ તેમ તેને એકજ વિચારથી, એકજ ઉદ્દેશથી કાર્ય કરવું મુશ્કેલ થઇ પડે છે. તેનું બંધારણ શિથિલ અને વ્યવસ્થાવગરનું થઇ જાય છે. અનિયંત્રિત અને અવ્યવસ્થિત લોકસમુદાય કદિ પણ એકત્રપણે કાર્ય કરી શકતોજ નથી; માટે કોઇ પણ ઉપાયે આપણા અંદર અંદરના કલહ હવે એકદમ બંધજ થવા જોઇએ.

આપણા સમાજમાં એક બીજો દોષ મારી નજરે પડે છે. સન્નારીઓ! ×ક્ષમા કરજો, પણ સેંકડો વર્ષની ગુલામગિરીને પરિણામે આખો દેશ જાણે સ્ત્રીઓનોજ બનેલો હોય તેવો થઈ ગયો છે. આ દેશની અથવા કોઇ પણ અન્ય દેશની માત્ર ત્રણજ સ્ત્રીઓ ફક્ત પાંચ જ મિનિટ એકઠી બેસે તો લઢયા વગર રહેતી નથી. પાશ્ચાત્ય દેશોમાં સ્ત્રીઓની મોટી મોટી સભાઓ ભરાય છે અને સ્ત્રીઓની પદવી તથા અધિકારવિષે ભાષણો આપી આકાશ ગજાવી મૂકે છે; પણ એ વાતને પૂરા બે દિવસ નથી થતા ત્યાર પહેલાં તો તેમની અંદર અંદર કજીઓ સળગે છે અને આખરે કોઇ પુરુષ આવીને તેમના સર્વના ઉપર અધિકાર ચલાવે છે ત્યારે તેમની સભાનું કામ આગળ ચાલે છે. આખી દુનિયામાં હજી સ્ત્રીઓને પુરુષના કાબુની જરૂર છે. આપણે બધા પણ સ્ત્રીઓ જેવાજ થઇ ગયા છીએ. જો કોઇ સ્ત્રી બીજી સ્ત્રીઓને સુમાર્ગે દોરવા પ્રયત્ન કરે તો તરતજ બધી સ્ત્રીઓ ભેગી થઇને તેને તોડી પાડે છે, તેના ઉપર સખતમાં સખત આક્ષેપ કરે છે અને તે બેસી જાય ત્યારેજ જંપે છે; પણ જો પુરુષ તેમના ઉપર સખત ટીકા કરે, તેમના તરફ નિર્દય વર્તન ચલાવે, તેમને વખતોવખત કડવાં વચન સંભળાવે તો તેથી તેમને કશું અપમાન લાગતું નથી; કેમકે તેમને પુરુષોનો અધિકાર સહન કરવાનો અભ્યાસ પડી ગયો છે. આખું જગત્ જાદુ અને વશીકરણવિદ્યા જાણનાર શક્તિસંપન્ન વ્યક્તિઓ સર્વદા ધરાવે છે અને તેઓ બીજા ઉપર પોતાની શક્તિ અજમાવતીજ આવી છે; પરંતુ જો આપણા દેશમાંનો કોઇ તેવો માણસ સૌનો આગેવાન થવા તૈયાર થાય તો આપણે બધા તેને દબાવી દઇએ છીએ, પણ જો કોઇ પરદેશી આવીને આપણને લાતો મારે, તોપણ તે સહન કરતાં આપણને જરા પણ અઘરું લાગતું નથી; કેમકે આપણને એવા પ્રકારનો વ્યવહાર સહન કરવાનો અભ્યાસ પડી ગયો છે. કપાળ ઉપર દાસત્વનો, ગુલામગિરીનો દાગ ધારણ કરીને આપણે મહાન્ થવાની શી રીતે આશા રાખીએ? માટે આજને આજ એ ગુલામગિરીની નીચ ભાવનાનો પરિત્યાગ કરો.

× આ સંબોધન પુરૂષસભાજનોનેજ ઉદ્દેશીને કરાએલું જણાય છે. મુરદાંઓમાં ચૈતન્ય મૂકવા આવા પ્રયોગ થવા સ્વાભાવિક છે. સંપાદક

બીજાં પચાસ વર્ષસુધી આપણી પરમ આરાધ્ય દેવી એકલી હિન્દમાતાજ છે એવી ધારણા કરો. બીજાં બધાં દેવદેવીઓને એટલાં વર્ષસુધી વિસારે મૂકશો તો કશી હાનિ થવાની નથી. બીજા બધા દેવો હમણાં ઉંઘી ગયા છે. હાલ માત્ર જે એકજ દેવી જાગ્રત અવસ્થામાં છે તે તમારી હિન્દમાતા છે. તેના બાહુ, તેનાં ચરણ, તેના કાન આખા દેશમાં પથરાઇ ગયા છે. તેમાં તેત્રીશ કરોડ દેવતાઓનો સમાવેશ થઇ ગયો છે. તમારી સન્મુખ, તમારી ચારે બાજુએ જ્યાં જુઓ ત્યાં આ માતાનાં દર્શન થાય છે, તેને મૂકીને તમે શા માટે બીજાં દેવદેવીઓની આરાધના પાછળ ફાંફાં મારો છો? બસ, હમણાં એ બધાંને છોડી દો અને માત્ર એક વિરાટ્સ્વરૂપની ઉપાસના કરવા તત્પર થાઓ. તેની ઉપાસના કર્યાથી તમામ દેવતાઓની ઉપાસના કરવાનો અધિકાર તમે પ્રાપ્ત કરશો. આ પહેલો પાઠ શીખ્યા વગર તમે કદિ પણ આગળ વધી શકશો ખરા કે? અડધો માઇલ તો તમારાથી પેટે ચલાતું નથી અને હનુમાનની માફક મહાસાગર કૂદી જવાની હામ ભીડો છો! એ કોઇ દિવસ નહિ બને. ને યોગી થવું છે! બધાને ધ્યાનસ્થ થવું છે! એ કદિ પણ નહિ બને. આખો દિવસ સંસારની અંદર કર્મકાંડમાં, વ્યવહારમાં રચ્યા પચ્યા રહેવું અને સાંજે ઘેર આવી પલાંઠી વાળીને નાકવાટે ફૂંફાડા માર્યાથી શું વળે? યોગ તે કાંઈ રમત વાત છે? ત્રણવાર નાક ઝાલ્યું એટલે બસ યોગી થઇ ગયા?! એ ફારસ—એ ઢોંગ જવા દો. ખરી જરૂરની વસ્તુ તો ચિત્તશુદ્ધિ છે. ચિત્તશુદ્ધિ કરવી હોય તો પ્રથમ પરમેશ્વરના વિરાટ્સ્વરૂપની ઉપાસના કરો—જે વિરાટ્સ્વરૂપ તમારી નજર આગળ છે, જેને જંગલામાં કે ગુફાઓમાં શોધવા જવું પડે એમ નથી, તમારી આસપાસ ચારે બાજુએ જ્યાં જુઓ ત્યાં જેનાં દર્શન થાય છે તેની પૂજા કરો. 'પૂજા' કરતાં વધારે યોગ્ય શબ્દ બીજો છેજ નહિ. 'સેવા' 'ઉપાસના' એ શબ્દ પૂર્ણ અર્થવાહક નથી. મનુષ્ય માત્રને—પ્રાણીમાત્રને તમે ઈશ્વરની મૂર્તિઓ માનો, પણ સૌથી પ્રથમ તો તમારા સ્વદેશબંધુઓનીજ પૂજા કરજો. એમનેજ અત્યારે તો આપણા ઈષ્ટ દેવતા તરીકે માનવાની જરૂર છે. આપણે આપણાં ભયંકર કુકર્મનાં ફળ ભોગવીએ છીએ, તોપણ હજી આપણી આંખ નથી ઉઘડતી!

વિષય એટલો બધો વિસ્તૃત છે કે મારે કયાં અટકવું તેની મને સમજ પડતી નથી, તોપણ મદ્રાસમાં જે પ્રકારનું કાર્ય કરવાનો મારો વિચાર છે તેવિષે થોડાક ઈસારો કરીને હું આજનું વ્યાખ્યાન પૂર્ણ કરીશ. **આપણા દેશની આધ્યાત્મિક અને લૌકિક કેળવણીની વ્યવસ્થા આપણે આપણાજ હાથમાં લઇ લેવી જોઇએ.** મારા કહેવાનો ભાવાર્થ તમે સમજ્યા હશો. તમારે એ વિષે મનમાં સારી રીતે ખ્યાલ બાંધવા, પુષ્કળ ચર્ચા કરવી, વિચાર કરવા, મનન કરવું અને ત્યાર પછી તમારા વિચારોને, તમારી યોજનાઓને વ્યાવહારિક સ્વરૂપ આપવું. જ્યાંસુધી તમે

આ કાર્ય નહિ કરો ત્યાં સુધી તમારા દેશનો ઉદ્ધાર થવાનો નથી. જે કેળવણી હાલમાં આપણા દેશમાં અપાય છે, તેમાં થોડા ઘણા લાભ તો છેજ; પણ તેની સાથે તેનામાં કેટલાએક ભયંકર દોષો પણ છે અને એ દોષો એટલા તો ગંભીર છે કે તેનાથી બધા લાભ દબાઇ જાય છે. પ્રથમ તો એ કે જે કેળવણી મનુષ્યત્વ આપતી નથી તે પૂરેપૂરી અભાવસૂચક છે. જે કેળવણીથી અથવા સંસ્કારથી માત્ર ખંડનનું કાર્ય થતું હોય તે મૃત્યુ કરતાં પણ વિશેષ ભયાનક છે. આપણા બાળકો નિશાળોમાં અને પાઠશાળાઓમાં શું શીખે છે ? તેમના મગજ ઉપર કેવા સંસ્કાર પાડવામાં આવે છે ? તેઓ એ શીખે છે કે આપણો પિતા મૂર્ખ છે; આપણો દાદો ગાંડો છે; પ્રાચીનકાળના ઋષિમુનિઓ ઢોંગી હતા; અને આપણાં શાસ્ત્રો અસત્ય વાતોથી ભરપૂર છે. સોળ વર્ષની ઉમ્મર થતા પહેલાં તો આપણા દેશના છોકરાઓ ચેતનવગરના, અસ્થિવગરના, બીજાનું નચવ્યું નાચે એવાં પૂતળાંઓ જેવા થઇ જાય છે. આવા પ્રકારની કેળવણીનું પરિણામ એ આવ્યું છે કે અડધો સૈકો થયાં કેળવણી આપવાનું કાર્ય ચાલે છે છતાં પણ મુંબઇ, મદ્રાસ અને બંગાળા એ ત્રણમાંથી એક પણ ઇલાકામાં સ્વતંત્ર મેધાશક્તિવાળો પુરુષ ઉત્પન્ન થયો નથી; અને જે જે ઉત્સર્ગશક્તિવાળા પુરુષો થયા છે તેમણે આ દેશમાં નહિ, પણ કોઇ બીજા દેશમાંજ કેળવણી લીધેલી છે, અથવા તો પોતાનામાં ભરાઇ ગએલા કુસંસ્કારને દૂર કરવાને તેમણે કેળવણીની પ્રાચીન પદ્ધતિનું અવલંબન કર્યું છે. મગજમાં વિચારોના ઢગલે ઢગલા દાબીને ભરવા પણ એ વિચારોને જીરવાય નહિ, તો તે મગજમાં આખી જીંદગી સુધી ગરબડ ગોટાળો ઉત્પન્ન કરે એનું નામ ખરી કેળવણી નથી. આપણે તો જુદા જુદા શુભ વિચારોને એવી રીતે મગજમાં ઉતારીને આપણા પોતાના કરી લેવા જોઇએ, કે જેથી આપણું ચારિત્ર્ય અને જીવન દૃઢ થાય અને આપણે ખરા મનુષ્યત્વને પ્રાપ્ત કરીએ. જો તમે માત્ર પાંચ જ સારા વિચારોને સારી રીતે જીરવો અને તેવડે તમારા ચારિત્ર અને જીવનનું દૃઢ બંધારણ કરી શકો, તો હજારો પુસ્તકો ગોખી મારનાર કરતાં તમે વધારે સંગીન કેળવણી પામ્યા છો એમ કહેવાને લેશમાત્ર પણ હરકત નથી.

यथा खरश्चंदनभारवाही । भारस्य वेत्ता न तु चंदनस्य ॥

"ચંદનનો ભાર ઉપાડનાર ગધેડો ચંદનના ભારનેજ જાણે છે, પણ તેની સુવાસને જાણતો નથી."

કેળવણીનો અર્થ અનેક વિષયોનું જ્ઞાન એટલોજ થતો નથી. કેળવણીના સંબંધમાં આપણો આદર્શ એવો હોવો જોઇએ કે આપણા દેશની આધ્યાત્મિક તેમજ બીજી લૌકિક કેળવણી આપણાજ હાથમાં લેવી; અને બને ત્યાંસુધી રાષ્ટ્રીય ધોરણ ઉપર, રાષ્ટ્રીય પદ્ધતિથી એ કેળવણી આપવાની શરૂઆત કરવી. અલબત્ત, આ યોજના

ઘણી વિશાળ છે અને આપણા યુવકોને કેવા પ્રકારની કેળવણી આપવી એ પ્રશ્ન ઘણો ગંભીર છે. મારી યોજના ફતેહમંદ થશે કે કેમ તે હું કહી શકતો નથી, પણ કોઇ પણ ઉપાયે કાર્યની શરૂઆત તો કરવીજ જોઇએ.

હવે સવાલ એ છે કે કયા પ્રકારે કાર્ય શરૂ કરવું, દાખલા તરીકે આપણે મદ્રાસની વાત કરીએ. આપણે પ્રથમ એક મંદિર બંધાવવું જોઇએ; કારણ કે હિંદુ પ્રજાની ભાવના પ્રમાણે દરેક કાર્યનો આરંભ ધર્મથીજ થાય છે. તમે મને એમ કહેશો કે જુદા જુદા સંપ્રદાયના લોકોમાં આ નવા મંદિરમાં કયા દેવનું પૂજન કરવું એ બાબતની તકરાર ઉભી થશે, પણ મારી યોજનામાં એવી તકરારને અવકાશ નથી. આપણે જે મંદિરની વાત કરીએ છીએ તેને આપણે સર્વાંશે અસાંપ્રદાયિક બનાવીશું અને બધા સંપ્રદાયના લોકો જેને પવિત્ર માને છે તે ૐકારનીજ ત્યાં ઉપાસના કરાવીશું. જો કોઇ સંપ્રદાય ૐકારની ઉપાસના કરવાને વાંધો લે તો તેનો હિંદુપણા ઉપર લેશ માત્ર હક્ક નથી, કારણ કે દરેક સંપ્રદાયના હિંદુઓ ૐકારને તો પવિત્ર માને છેજ. ભલે દરેક જણ પોતપોતાના સંપ્રદાયની માન્યતા પ્રમાણે ૐકારનો જુદો જુદો અર્થ કરે, પણ બધા સાથે ઉપાસના કરી શકે એવા એક સામાન્ય મંદિરની બહુજ જરૂર છે. બીજાં મંદિરોમાં તમારા પોતપોતાના સંપ્રદાયના ભિન્ન ભિન્ન ઉપાસનીય દેવોની મૂર્તિઓને ભલે રહેવા દો, પણ અહીં તો તમારે ભિન્ન સંપ્રદાયના લોકો સાથે સહિષ્ણુતાપૂર્વક વર્તન રાખવું પડશે. આ મંદિરોમાં તો જુદા જુદા સંપ્રદાયોના સિદ્ધાંતોમાં જે સામાન્ય તત્ત્વ હોય તેનોજ ઉપદેશ આપવો અને જુદા જુદા લોકોને ત્યાં આવીને પોતપોતાના સિદ્ધાંત અથવા મતનો ઉપદેશ આપવાની પૂર્ણ સ્વતંત્રતા આપવી. માત્ર સરત એટલીજ કે તેમણે બીજા સંપ્રદાય ઉપર આક્ષેપ કરવો નહિ, અથવા અમારોજ મત સાચો છે એવી તકરાર કરવી નહિ. તમારે જે કાંઇ કહેવાની ઇચ્છા હોય તે સુખેથી કહેજો, જગતને તેની જરૂર છે; પણ બીજા સંપ્રદાયના લોકોવિષે તમે શો મત ધરાવો છો, તે સાંભળવાની જગતને ફુરસદ નથી. માટે એ તમારા મનમાં જ રહેવા દેજો.

બીજી બાબત એ છે કે મંદિરમાં શિક્ષકો અને ધર્મપ્રચારકોને કેળવવાની વ્યવસ્થા રાખવી, અને એવી રીતે કેળવાયલા શિક્ષકો આપણા દેશબાંધવોને ધર્મની તથા બીજા બધા પ્રકારની કેળવણી આપવાને માટે સર્વત્ર મોકલવા. આધ્યાત્મિક અને લૌકિક કેળવણી સાથે સાથેજ અપાવી જોઇએ. જેમ હમણાં આપણે ઘેર ઘેર ફરીને એકલા ધર્મનો ઉપદેશ આપવાની વાત કરીએ છીએ, તેમ લૌકિક વિષયની કેળવણી પણ દેશના બધા માણસોને મળવી જોઇએ અને તેમ કરવામાં ઝાઝી મુશ્કેલી પણ નથી. જેમ જેમ આ શિક્ષકો અને ધર્મપ્રચારકોના કાર્યને પ્રદેશ વધતો જશે તેમ તેમ તેમની સંખ્યા પણ વધતી જશે. એમ કરતાં કરતાં બીજાં શહેરોમાં પણ એવાં

મંદિરોની સ્થાપના થશે અને આખરે સમગ્ર ભરતખંડ તેમનાથી વ્યાપ્ત થઇ જશે. આ મારો કાર્યક્રમ છે.

આ યોજના તમને ઘણી વિશાળ લાગતી હશે, પણ તેને અમલમાં મૂકવાની જરૂરજ છે. તમે એમ પણ કહેશો કે એ બધા કામને માટે નાણું કયાંથી લાવવું? નાણાંની બીલકુલ જરૂર નથી. એકલા પૈસાવડે કોઇ પણ કાર્ય સફળ થતું નથી. છેલ્લાં બાર વર્ષ થયાં હું કાલે શું ખાઈશ તેનો પણ મેં કશો બંદોબસ્ત કર્યો નથી, પણ નાણું તથા જે જે પદાર્થની જરૂર પડે છે તે બધાં મને આવી મળવાંજ જોઇએ. કારણ કે પૈસો મારો નોકર છે; હું પૈસાનો નોકર નથી. નાણું અને બીજાં બધાં જોઇતાં સાધનો તમને મળશેજ. બસ, મળવાંજ જોઇએ. માત્ર સારાંશ એટલો જ છે કે **કામ કરનારા માણસો કયાં છે?**

હે મદ્રાસવાસી યુવકો! મારી આશા તમારા ઉપર છે. તમે સમગ્ર ભારતીય પ્રજાનો પોકાર કાને ધરશો? આખી પ્રજા તમારી મદદમાટે પોકાર કરી રહી છે. તમે મારા વચન ઉપર વિશ્વાસ રાખી શકતા હો તો હું તમને કહું છું કે તમારૂં ભવિષ્ય ઘણુંજ ઉજ્જવળ અને યશસ્વી છે. તમારી પોતાની શકિત ઉપર અત્યંત પ્રબળ વિશ્વાસ રાખો. હું નાનો હતો ત્યારે મારામાં ઘણીજ આત્મશ્રદ્ધા હતી અને તેજ આત્મશ્રદ્ધાના પ્રતાપથી હું આજે આ બધાં મુશ્કેલ કામ પાર ઉતારી શકયો છું. તમારે દરેકે આત્મશ્રદ્ધાનો સારી રીતે વિકાસ કરવો. તમારે નિશ્ચયપૂર્વક માની લેવું કે આત્માની અંદર અનંત શકિતનો ભંડાર છે અને તેમ કરશો તો તમે આખા ભરતખંડનો પુનરુદ્ધાર કરી શકશો. હા, પછી આપણે દુનિયાના એક એક દેશમાં ફરી વળીશું અને થોડાજ સમયમાં આપણા વિચારનું બળ, જગતની પ્રત્યેક પ્રજાનું બંધારણ ઘડવામાં જે જુદી જુદી શકિતઓ કામ કરી રહી છે, તેમના અંશરૂપ બની જશે. આપણે હિંદુસ્તાનની અને હિંદુસ્તાન બહારની પ્રત્યેક પ્રજાના જીવનમાં પ્રવેશ કરીશું, આ પરિણામ લાવવાને આપણે કાર્ય કરવાની જરૂર છે.

હવે એ કાર્યને માટે મારે થોડાક તરુણ પુરુષોની જરૂર છે. વેદમાં લખ્યું છે કે "**आशिष्ठो बलिष्ठो द्रढिष्ठो मेधावी ।**" એટલે યુવાન, બળવાન, દઢ અને તીક્ષ્ણ બુદ્ધિવાળા પુરુષોજ પરમાત્માની પ્રાપ્તિ કરશે; મારે તેવા માણસો જોઇએ છે. તમારૂં ભવિષ્ય નક્કી કરવાનો આજ ખરો સમય છે; કેમકે તમે તો યૌવનના પૂર્ણ ઉત્સાહથી ભરપૂર છો. પરાક્રમ કરવાનો સમય તમારામાં જુવાનીનું જોર ઉછાળા મારી રહ્યું હોય તેજ છે; નહિ કે તમે ઘરડા થઈ જિંદગીભરના કામના બોજાથી ઘસાઈ જાઓ ત્યારે. અત્યારે તમારામાં ઉત્સાહ છે. વીર્ય છે, ચેતન છે, કામ કરવાનો આજ અવસર છે. પ્રભુને ચરણે સુંઘાયલાં, કરમાયલાં અને કચરાયલાં પુષ્પો અર્પણ ન થાય પણ તાજાં, ખીલેલાં, સુગંધવાળાં અને કોઇએ પણ સ્પર્શ ન કર્યો હોય

એવાં પુષ્પોજ અર્પણ કરવાં જોઇએ. આખી જિંદગીસુધી નોકરી ધંધો કરી કરીને ઘસાઇ ગએલા, નિર્વીર્ય પુરુષો નહિ પણ યુવાન, બુદ્ધિવાન અને સશક્ત પુરુષોજ હિંદમાતાની સેવામાં અર્પણ થઈ શકે અને તેમનોજ તે સ્વીકાર કરશે. ઉઠો, જાગ્રત થાઓ; આયુષ્ય ઘણું ટુંકું છે. વકીલાત કરવા કરતાં કે નકામા કલહ વધારવા કરતાં વધારે મહત્ત્વનાં કામ કરવાનાં પડયાં છે. તમારી સ્વજાતિના ભલામાટે, આખી માનવજાતિની સેવામાટે તમારી જિંદગીનું બલિદાન આપવું એજ ઉદ્યમ સર્વથી શ્રેષ્ઠ છે. જિંદગીમાં શું છે ? તમે હિંદુઓ છો. તમે તમારી માતાઓના દૂધમાંથી આત્મા અમર છે એ સત્ય ગ્રહણ કરતા આવ્યા છો. દેહના નાશની સાથે આત્માનો નાશ થતો નથી એ વાત તમારે-હિંદુને મન સહજ છે. કોઇકોઇવાર કેટલાક તરુણ પુરુષો મારી પાસે આવીને નાસ્તિકતાવિષે ચર્ચા કરે છે; પરંતુ કોઈ પણ હિંદુ નાસ્તિક થઈ શકે એ હું માનતોજ નથી. ભલે તે પાશ્ચાત્ય ગ્રંથોનો અભ્યાસ કરે અને પોતાના મનથી ભલે કદાચ એમ માને કે હું જડવાદી બન્યો છું, પણ એ સ્થિતિ લાંબો વખત ટકશે નહિ. એ જડવાદના વિચાર તમારા હિંદુ લોહીમાં છેજ નહિ. તમારા બંધારણમાંજ ન હોય તેવા વિજાતીય વિચારોને તમે કદિ પણ તમારા પોતાના કરી શકશો નહિ. એવા અખતરા કદિ કરતા નહિ. હું નાનો હતો ત્યારે મેં એ અનુભવ કરી જોયો હતો, પણ લાંબો વખત ટક્યો નહિ. **આયુષ્ય ટુંકું છે; આત્મા અવિનાશી અને અનંત છે; અને મૃત્યુ થશે એ ચોક્કસ વાત છે, માટે તૈયાર થાઓ. એક ઉત્તમ આદર્શ લઇને તેમાં આખું જીવન હોમી દેવું એજ આપણો દૃઢ સંકલ્પ થાઓ.** જે ભગવાન શ્રીકૃષ્ણ “ પોતાના ભક્તોના, સાધુ પુરુષોના પરિત્રાણને માટે વારંવાર અવતીર્ણ થાય છે ” તે આપણને આશીર્વાદ આપે; અને તેની કૃપાવડે આપણા સર્વ મનોરથ સિદ્ધ થાઓ !

स्वामी विवेकानंद कलकत्तामां

મદ્રાસ છોડયા પછી સ્વામીજી કલકત્તે ગયા. સ્વાગતમંડળે કરેલા બંદોબસ્ત મુજબ એક સ્પેશ્યલ ટ્રેન ખિદરપુર સ્ટેશનથી ઉપડી છેક મળસ્કામાં શિયાલદહ સ્ટેશને આવી પહોંચી. ત્યાં સ્વામીજીનો સત્કાર કરવામાટે આશરે વીશેક હજાર માણસો એકત્ર થયાં હતાં. ટ્રેન સ્ટેશન આવી પહોંચી એટલે સ્વામીજીએ ગાડીમાં ઉભા થઇને બધા લોકોને પ્રણામ કર્યા. સ્વામીજીની પ્રતિભાયુક્ત અને ચિત્તાકર્ષક કાંતિ જોઇને કલકત્તાવાસીઓના હૃદયમાં ઉત્સાહનો જુઆળ ચડી આવ્યો અને ‘ ભગવાન રામકૃષ્ણ પરમહંસ દેવની જય ’ ‘ સ્વામી વિવેકાનંદની જય ’ એવા ધ્વનિથી આખું સ્ટેશન ગાજી

ઊઠ્યું. યુવાન છોકરાઓએ સ્વામીજીની ગાડીના ઘોડા છોડી નાખી પોતેજ ગાડી ખેંચવા માંડી. રિપનકૉલેજસુધીનો રાજમાર્ગ નાના પ્રકારનાં પત્રપુષ્પનાં રંગ બેરંગી તોરણો અને પતાકાઓથી શણગારવામાં આવ્યો હતો. રિપનકૉલેજમાં થોડો વખત થોભ્યા પછી સ્વામીજી રાય પશુપતિનાથ બસુ બહાદુરના, બાગ બજારમાં આવેલા મકાનમાં પોતાના ગુરુભાઇઓને મળ્યા. ત્યાં પશુપતિબાબુના આતિથ્યનો સ્વીકાર કરી ત્યાંથી આગળ આલમબજારમાં આવેલા મઠમાં ગયા. તેમના યૂરોપિયન શિષ્યોએ ગોપાળલાલ શીલના કાશીપુરમાં આવેલા ઉદ્યાનગૃહમાં મુકામ કર્યો. સ્વામીજી મઠમાંથી રોજ ત્યાં આવતા અને પોતાને મળવા આવનારને નાના પ્રકારના વિષય ઉપર ઉપદેશ આપતા.

એક અઠવાડીઆ પછી સ્વામીજીને અભિનંદન આપવામાટે રાજા રાધાકાંતદેવના મકાનના વિશાળ ચોગાનમાં એક ગંજાવર સભા મળી હતી. એ પ્રસંગે લગભગ પાંચ હજાર માણસો એકત્ર થયાં હતાં. રાજા વિનયકૃષ્ણદેવ બહાદૂર કે જેઓ આ સભાના પ્રમુખ હતા, તેમણે માનપત્ર વાંચી સંભળાવ્યું હતું અને તેને ચાંદીની પેટીમાં મૂકીને સ્વામીજીને અર્પણ કરવામાં આવ્યું હતું. એ માનપત્ર નીચે મુજબ હતુઃ—

શ્રીમત્ સ્વામી વિવેકાનંદજીને,

પ્રિય બંધુ!

અમે કલકત્તા શહેરના તથા તેની આસપાસનાં કેટલાંક શહેરના નાગરિકો, આપ પોતાની જન્મભૂમિમાં શુભાગમન કરો છો તે પ્રસંગે આપનું અંતઃકરણપૂર્વક સ્વાગત કરીએ છીએ; અને તેમ કરતાં આપે કરેલા કાર્ય તરફ અમે આભાર અને ગર્વભરી દૃષ્ટિથી જોઇએ છીએ; કારણ કે જગત્‌ના જુદા જુદા દેશોમાં આપે જે મહાન્ કાર્ય કર્યું છે, અને પોતાના જીવનનું જે ભવ્ય દૃષ્ટાંત જગતસમક્ષ રજુ કર્યું છે તેવડે માત્ર અમારા ધર્મનુંજ નહિ પણ આખા ભરતખંડનું અને ખાસ કરીને બંગ દેશનું ગૌરવ અત્યંત વૃદ્ધિ પામ્યું છે.

૧૮૯૩ની સાલમાં અમેરિકાના ચિકાગો નગરમાં જે 'જગત્‌નો મહાન મેળો ભરવામાં આવ્યો હતો, તેના એક વિભાગમાં ધર્મ મહાસભાનું અધિવેશન થયું હતું. તે પ્રસંગે આપે આર્યધર્મના સિદ્ધાંતોનો ઉત્તમ રીતે પરિચય કરાવ્યો હતો. આપના વ્યાખ્યાનથી આપના શ્રોતૃવર્ગમાંથી ઘણાખરાને દેવવાણીતુલ્ય ચમત્કારિક રીતે અપૂર્વ જ્ઞાન પ્રાપ્ત થયું હતું. આપે આપના ભાષણની પ્રતિભા અને માધુર્યવડે સર્વનાં મન હરણ કરી લીધાં હતાં. કેટલાક લોકોએ આપનું વ્યાખ્યાન શંકાશીલપણે શ્રવણ કર્યું હતું; વળી કેટલાકે તેના ઉપર કટુ સમાલોચના પણ કરી હતી, તોપણ આપ ઘણાખરા કેળવાયલા અમેરિકન લોકોના ધર્મવિચારમાં પરિવર્તન કરી શક્યા હતા. તેમના હૃદયમાં નવીન પ્રકાશનો ઉદય થયો હતો અને તેઓ સ્વભાવથીજ સત્યાનુરાગી અને સરળ હોવાથી આ નવીન પ્રકાશનો સંપૂર્ણ લાભ લેવાનો તેમણે દૃઢ સંકલ્પ

કર્યો હતો. આપના કાર્યક્ષેત્રની મર્યાદા વધવા લાગી. આપના ધર્મપ્રચારના કાર્યનું બીજ અંકુરિત થઇને એક મહાન્ વૃક્ષતુલ્ય થતું ગયું. અનેક શહેરોમાંથી, અનેક દેશોમાંથી આપને નિમંત્રણ મળવા લાગ્યાં; આપને નાના પ્રકારના પ્રશ્નોના ઉત્તર આપવા પડયા; નાના પ્રકારની શંકાઓનું નિવારણ કરવું પડયું; અનેક મહાન્ ગંભીર પ્રશ્નોના ઉત્તર આપવા પડયા. આપે આ મહાન્ કાર્ય અત્યંત પરિશ્રમ લઇને, કુશળતા અને સરળતાથી બજાવ્યું છે અને તેનું ફળ ચિરસ્થાયી થયું છે. આપના ઉપદેશથી અમેરિકાના પ્રજાસત્તાક રાજ્યનાં અનેક સુશિક્ષિત મંડળોમાં ઉંડી અસર થઇ છે; નવા વિચાર અને સંશોધક વૃત્તિનું ઉદ્દીપન થયું છે અને અનેક સ્થળે હિંદુઓની ધાર્મિક ભાવનાઓનું વધારે સહૃદયતાપૂર્વક અવલોકન કરવાની વૃત્તિ જાગવાથી, એ લોકોની ધર્મવિષયક ભાવનાઓમાં જબરૂં પરિવર્તન થવા પામ્યું છે. જુદા જુદા ધર્મોના જ્ઞાનવડે દરેક ધર્મનું અવલોકન અને અભ્યાસ કરવામાટે તથા આધ્યાત્મિક સત્યોનું સંશોધન કરવામાટે સ્થપાયલાં મંડળો અને પ્રતિષ્ઠિત સમાજોની વધતી જતી સંખ્યા આપે પાશ્ચાત્ય દેશોમાં કરેલા કાર્યની સાક્ષી પૂરે છે. વેદાંતદર્શનના અભ્યાસ માટે લંડન શહેરમાં સ્થપાયલા વિદ્યાલયના આપ મૂળ સ્થાપક છો એમ કહેતાં સંકોચ થતો નથી. આપે નિયમિતપણે વ્યાખ્યાનો આપ્યાં હતાં, આપના શ્રોતાઓ આપની વાણી સાંભળવાને નિયમિત રીતે હાજર થતા હતા અને આપના વિચારોનો અનેક સ્થળે સારો સત્કાર થયો હતો. સભામંદિરની બહાર પણ આપનો પ્રભાવ ઉત્તમ રીતે પડયો હતો. આપે લંડન શહેર છોડયું ત્યારે તે શહેરના વેદાંતદર્શનનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓએ આપને જે અભિનંદન આપ્યું હતું, આપના તરફ આગ્રહપૂર્વક તેમણે જે ઉંડા આભારની લાગણીઓ પ્રદર્શિત કરી હતી તે જોતાં તેઓની આપના પ્રત્યે કેવી પ્રીતિ, ભક્તિ અને શ્રદ્ધા હતાં તે અમે સારી રીતે સમજી શકીએ છીએ.

આપે વેદાંતના ઉપદેશક તરીકે જે મોટા પ્રમાણમાં વિજય મેળવ્યો છે, તેનું કારણ માત્ર આપનું આર્યધર્મનાં રહસ્યોનું ઉંડું જ્ઞાન અને અપરોક્ષ અનુભવજ નથી, કે કેવળ વાણીની છટા અથવા સમર્થ લેખનશક્તિ પણ નથી; કેમકે એમાં આપનું અપ્રતિમ ચારિત્ર્ય પણ એક મહત્ત્વના કારણરૂપ છે. આપનાં વ્યાખ્યાનો, નિબંધો અને ગ્રંથો તત્ત્વજ્ઞાન અને સાહિત્યના ભંડારનાં કીમતી રત્ન જેવાં છે અને તેથી કરીને તેમનો લોકો ઉપર પ્રભાવ પડે એમાં પણ સંદેહ નથી; પરંતુ તેના કરતાં પણ સોગણું ઉત્તમ પરિણામ આપના સરળ, નિષ્પાપ અને ત્યાગમય જીવનથી, તેમજ આપના અકૃત્રિમ વિનયથી, દૃઢ નિષ્ઠા અને તત્પરાયણતાના જ્વલંત દૃષ્ટાંતથી નીપજ્યું છે.

અમારા ધર્મનાં મહાન્ સત્યોના આચાર્યરૂપે આપે જગત્નુ જે કલ્યાણ સાધ્યું છે તેનો સ્વીકાર કરતી વખતે આપના પરમપૂજ્ય શ્રદ્ધાસ્પદ ગુરુ રામકૃષ્ણ પરમહંસની સ્વર્ગીય સ્મૃતિ પ્રત્યે સન્માન પ્રદર્શિત કરવાની અમને આવશ્યકતા લાગે છે.

આપની અમને પ્રાપ્તિ થઈ છે તે બદલ પણ અમે તેમના ઋણી છીએ. આપની અંદર જે દૈવી અગ્નિનો તણખો ગુપ્તપણે રહેલો હતો, તે તેમણે પોતાની અપૂર્વ દિવ્ય દૃષ્ટિના પ્રતાપથી ઘણા સમયથી પારખી લીધો હતો અને આપના ભવિષ્યના જીવન વિષે ભવિષ્યવાણી× પણ પ્રકટ કરી હતી. મોટા આનંદની વાત છે કે આજે એ ભવિષ્યવાણીને અમે સફળ થએલી જોઇએ છીએ ઈશ્વરની કૃપાથી આપને જે દિવ્ય દૃષ્ટિ અને અમાનુષિક શક્તિ પ્રાપ્ત થએલી હતી તેના ઉપરનાં આવરણો દૂર કરનાર તેજ મહા પુરુષ હતા. તેમણેજ પોતાના પવિત્ર સ્પર્શવડે તમારા વિચારો અને જીવનના ઉદ્દેશની દિશા પલટાવી નાખ્યાં; અને ઇન્દ્રિયાતીત પ્રદેશોનાં સત્યોનું અન્વેષણ કરતાને આપને પ્રોત્સાહિત કર્યા. એ મહાત્માએ ભરતખંડની ભવિષ્યની પ્રજાને જે કિંમતી વારસો આપ્યો છે તે આપ પોતેજ છો.

હે મહાત્મન્! આપે જે માર્ગ ગ્રહણ કર્યો છે, તે માર્ગ ઉપરથી ચલિત થયા વગર બહાદૂરીથી આગળ ને આગળ પ્રગતિ કરતાજ જજો. આપે આખું જગત્ જીતી લેવાનું છે. મૂર્ખ, નાસ્તિક અને દુરાગ્રહથીજ જાતે અંધ થએલી પ્રજાઓને હિન્દુધર્મનો ઉપદેશ આપીને એ મહાન્ ધર્મના રક્ષકનું કાર્ય કરવાનું છે. આપે જે ઉત્સાહથી આપનું કાર્ય આરંભ્યું છે, તે જોઇને અમારા હૃદયમાં આપને માટે શ્રદ્ધા અને સન્માન ઉત્પન્ન થાય છે, અને અત્યારસુધીમાં આપે જે સફળતા મેળવી છે તેની સાક્ષી જગત્‌ના અનેક દેશો પૂરે છે, પણ હજી આપને ઘણું કામ કરવાનું બાકી રહ્યું છે. અમારો દેશ—અમારો શા માટે—આપણો દેશ આપની મદદની રાહ જોઇ રહ્યો છે. ખુદ હિંદુઓનાજ સમુદાયને તેમના ધર્મનાં સત્યો આપે શીખવવાનાં છે. આ મહાન્ કાર્ય કરવાને આપ સજ્જ થાઓ. આપના સામર્થ્યમાં અને આપના જીવનવ્રતની નિષ્ઠામાં અમને પૂર્ણ શ્રદ્ધા છે. આપણા પ્રજાધર્મને કોઇ પણ પ્રકારના સાંસારિક વિજયની સ્પૃહા નથી. તેનો ઉદ્દેશ કેવળ આધ્યાત્મિક છે. જડ દૃષ્ટિથી અગોચર પણ વિચારદૃષ્ટિથી સ્પષ્ટ જોઇ શકાય એવાં સત્યો આપણા ધર્મનાં હથિયાર છે. અંતશ્ચક્ષુ ઉઘાડવાને, ઇન્દ્રિયાતીત પ્રદેશોમાં પ્રવેશ કરવાને, શાસ્ત્રોનું સમ્યક્ અવલોકન કરવાને, પરમ સત્યની સન્મુખ ઉભા રહેવાને અને મનુષ્ય તરીકે જગત્‌માં તેમનું જે યથાર્થ સ્થાન અને અંતિમ સ્થિતિ છે, તેનો સાક્ષાત્કાર કરવાને સમગ્ર જગતને અને જરૂર પડે તો હિંદુઓને પણ સંબોધન કરીને ઉપદેશ આપો. માનવજાતિને જાગ્રત કરવાને અને ઈશ્વરનો આદેશ પહોંચાડવાને આપના કરતાં વિશેષ યોગ્યતાવાળો કોઇ છેજ નહિ; અને ઈશ્વરના આદેશાનુસાર જે જીવનવ્રત આપે આદર્યું છે, તેમાં અમે પણ પૂર્ણ સહાનુભૂતિ અને ભક્તિપૂર્વક સહાયતા આપતાજ રહીશું, એવું અમે આપને

× આ ભવિષ્યવાણી આ ખાતા તરફથી પ્રકટ થએલ "રામકૃષ્ણ કથામૃત" નામના પુસ્તકમાં વિસ્તારથી આપેલી છે, તે સમયે વિવેકાનંદનું નામ નરેન્દ્ર હતું. સંપાદક

નિશ્ચયપૂર્વક જાહેર કરીએ છીએ.

અમે છીએ,

હે પ્રિય બંધુ !

આપના સ્નેહાધીન મિત્રો અને ભક્તો.

ઉપલા અભિનંદનનો સ્વામીજીએ આપેલો પ્રત્યુત્તર.

મનુષ્ય પોતાની મુક્તિને માટે જગત્ સાથેનો પોતાનો સંબંધ સમૂળગો તોડી નાખવા ઇચ્છે; તે પોતાનાં સ્વજન, સ્ત્રી, પુત્ર, બંધુ વગેરેનાં સ્નેહબંધન તોડીને સંસારથી દૂર થાય; દેહના સર્વ પ્રકારના સંબંધ અને જુના સંસ્કારનો એક સામટો ત્યાગ કરવાને યત્ન કરે; એટલે સુધી કે પોતે મનુષ્ય છે એવું પણ વિસ્મરણ થઇ જવા સારૂ જીવપર આવીને મહેનત કરે; આટલું છતાં પણ તેના અંતઃકરણના ઉંડાણમાં હમેશાં એક કોમળ રણકાર તે સાંભળે છે; તેના હૃદયનો એક તાર ઝણઝણે છે અને તેનો સૂર તે સાંભળે છે. એક અવાજ જાણે ધીમેથી તેના કાનમાં કહેતો હોય કે 'તું પૂર્વના દેશોમાં જા કે પશ્ચિમના દેશોમાં જા, પણ અંતે ઘરજ દુનિયાનો છેડો છે' એવો તેને આભાસ થાય છે. જાણે તેના હૃદયના ઉંડાણમાંથી કોઈ અવાજ આવતો હોય કે;–**जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।** એવી તેની પ્રતીતિ થાય છે. ભારતના સામ્રાજ્યના પાટનગરના નાગરિકો ! હું આજે તમારી સમક્ષ એક સંન્યાસી તરીકે ઉભો નથી, એક ધર્મપ્રચારક તરીકે ઉભો નથી, પણ હું તમારી સાથે કેટલાંક વર્ષ અગાઉ કલકત્તાના એક સામાન્ય યુવક તરીકે વાત કરતો હતો તેવીજ હાલતમાં ઉભો છું. હજી પણ મને એવી ઇચ્છા થઇ આવે છે કે, જાણે તમારી સાથે રસ્તા વચ્ચે ધૂળમાંજ બેસી જાઉં અને બાળપણની સરળતાથી તમારી આગળ મારૂં અંતઃકરણ ખુલ્લું કરૂં. હે ભાઇઓ ! તમે સંન્યાસીને માટે નહિ વપરાતા 'બન્ધુ' એવા શબ્દથી મને સંબોધન કર્યું છે, તેને માટે હું તમને મારા ખરા અંતઃકરણથી ધન્યવાદ આપું છું. અલબત્ત,હું તમારો ભાઈ છું અને તમે મારા ભાઇઓ છો. મેં ઈંગ્લૅન્ડ છોડયું એ અરસામાં મને મારા એક અગ્રેજ મિત્રે પ્રશ્ન કર્યો કે 'સ્વામીજી ! ચાર વર્ષસુધી વિલાસમય, ગૌરવાન્વિત અને શક્તિસપન્ન પાશ્ચાત્ય દેશોનો અનુભવ લીધા પછી તમને તમારો દેશ ગમશે ખરો કે ?' મેં ઉત્તર આપ્યો કે 'હું પશ્ચિમના દેશોમાં આવ્યો ત્યારપહેલાં હું મારા સ્વદેશને ચાહતો હતો; અને આજે તો ભરતભૂમિની રજની કણિકા પણ મારે મન અત્યંત પવિત્ર બની ગઇ છે, ભરતખંડની હવા પણ મને પવિત્ર લાગે છે. અત્યારે મારી ભારતભૂમિ મારે મન એક પવિત્ર તીર્થતુલ્ય છે.' આ સિવાય મને બીજો જવાબ સૂઝયો નહિ.

હે કલકત્તાવાસીઓ ! મારા ભાઇઓ ! તમે મારા પ્રત્યે જે અનુગ્રહ બતાવ્યો છે તે માટે તમારો આભાર માનવાને મારી વાણી અસમર્થ છે, અથવા તો મારે

તમારો આભાર માનવાનું પ્રયોજનજ નથી; કેમકે તમે મારા ભાઈઓ છો અને મારા તરફ તમે સાચા ભાઈ તરીકેની ફરજ બજાવી છે. અરે! આ કાર્ય એ ખરેખરા હિન્દુભાઈનુંજ કાર્ય છે; કારણ કે આવું કુટુંબબંધન, આવું સગપણ અને આવો સ્નેહ આપણી માતૃભૂમિની હદ બહારના કોઈ પણ દેશમાં જોવામાં આવતાં નથી.

ચિકાગોની ધર્મમહાસભા એક મહાન્ બનાવ હતો એ વાત ખરી છે. એ સભાના પરિચાલકોને હિંદુસ્તાનમાં અનેક શહેરોમાંથી ધન્યવાદ આપવામાં આવ્યો છે. તેઓએ આપણા તરફ એવી મમતા રાખી હતી કે તે જોતાં તેઓ ધન્યવાદને પાત્ર છે; પણ જો એ ધર્મમહાસભાનો ખરો ઇતિહાસ જાણવો હોય, તેમનો ઉંડો હેતુ સમજવો હોય તો હું તમને અત્યારે તેવિષે જે કહું છું તે સાંભળજો. એ લોકોની ઉમેદ એવી હતી કે એ સભાદ્વારા પોતાનું (ખ્રિસ્તી ધર્મનું) શ્રેષ્ઠત્વ સિદ્ધ થાય. ત્યાંના ઘણાખરા લોકોની એવી ઇચ્છા હતી કે એમ કરીને ખ્રિસ્તીધર્મની પ્રતિષ્ઠા વધારવી અને બીજા ધર્મ ખ્રિસ્તીધર્મને મુકાબલે જંગલી છે, એમ સિદ્ધ કરીને તેમનો ઉપહાસ કરાવવો, પણ પરિણામ તેમની ધારણા મુજબ ન આવતાં કાંઈક વિપરીતજ આવ્યું. ઈશ્વરનીજ ઇચ્છા એવી હતી તેથી તેમ થયા વગર રહે એમ ન હતું. તેઓમાંના ઘણાએ મારા તરફ અનુકંપાભર્યું વર્તન કર્યું હતું, પણ તે બદલ તેમને પૂરતો ધન્યવાદ મળ્યો છે. હવે વિશેષ આપવાની જરૂર નથી. ખરી હકીકત એ છે કે હું અમેરિકા ગયો તે કાંઇ એ ધર્મમહાસભાને માટેજ ગયો ન હતો. એ તો એક પંથ ને દો કાજ જેવું હતું. એ સભાદ્વારા મારે માટે કેટલાક માર્ગ મોકળા થાય એમ હતું અને મારા કાર્યને માટે કેટલાક પ્રકારની અનુકૂળતાઓ મળશે એવો સંભવ હતો; અને તેને માટે એ ધર્મમહાસભાના સભાસદોનો હું ઋણી છું; પણ વાસ્તવિક રીતે તો મારે ખરેખરો ધન્યવાદ સંયુક્ત સંસ્થાનોની મહાન્ પ્રજાને આપવાનો છે. એ મહાન્ અમેરિકન પ્રજા–સહૃદયતા અને આતિથ્યથી ભરેલી અમેરિકન પ્રજામાં ભ્રાતૃભાવની ભાવના જેટલે અંશે કેળવાઇ છે, તેટલી બીજી કાઇ પણ દેશની પ્રજામાં કેળવાઈ નથી એક અમેરિકન સાથે અમસ્તું ટ્રેનમાં પાંચ મિનિટનું ઓળખાણ થયું હોય, તોપણ તે તમારી સાથે એક મિત્ર જેવો વ્યવહાર કરે છે, તમને તે પોતાને ઘેર તેડી જઇને તમારૂં સારી રીતે આતિથ્ય કરે છે અને ખુલ્લા દિલથી તમને પોતાના મનની વાત કહે છે. એજ અમેરિકન પ્રજાનું જાતીય લક્ષણ છે અને તે આપણી અત્યંત પ્રશંસાને યોગ્ય છે. તેમણે જે સ્નેહ મારા તરફ દર્શાવ્યો છે તેનું વર્ણન મારાથી થઈ શકે એમ નથી. તેમણે મારા પ્રત્યે જે અદ્‌ભુત સ્નેહ અને દયા બતાવ્યાં છે તેનું બયાન કરવા બેસું તો વર્ષોનાં વર્ષ વીતી જાય.

પણ એકલા અમેરિકનોજ ધન્યવાદને પાત્ર નથી. આટ્લાંટિક મહાસાગરની બીજી બાજુએ વસતી અંગ્રેજ પ્રજાનો પણ હું તેટલોજ આભારી છું. જ્યારે મેં ઇંગ્લૅન્ડની

ભૂમિ ઉપર પગ મૂક્યો ત્યારે મારા અંતઃકરણમાં અંગ્રેજ પ્રજામાટે જેટલો તિરસ્કાર હતો, તેથી વધારે તિરસ્કાર સાથે ભાગ્યેજ બીજા કોઇએ એ દેશમાં પ્રવેશ કર્યો હશે, અને જે અંગ્રેજ ગૃહસ્થો આજે આ પ્લાટફૉર્મપર બેઠેલા છે તેઓ આ વાતની સાક્ષી પૂરશે; પણ જેમ જેમ હું એ લોકો સાથે વસીને વધારે ગાઢ પરિચયમાં આવતો ગયો, જેમ જેમ અંગ્રેજોના પ્રજાજીવનના યંત્રની ગતિનું અવલોકન કરતો ગયો, તેમ તેમ એ મહાન્ પ્રજાના હૃદયના ધબકારા કયાં થાય છે, તે સ્થાન હું જાણવા પામ્યો અને તેમને હું વિશેષ ચહાવા લાગ્યો. બંધુઓ ! અંગ્રેજ પ્રજાપર હું જેટલો પ્રેમ રાખું છું તેથી વધારે પ્રેમ રાખનાર આ સભામાંથી ભાગ્યેજ કોઇ નીકળી આવશે, પણ તે દેશમાં શું શું થાય છે તે તમારે પ્રથમ સારી રીતે જાણવું જોઇએ, ત્યાં કેવા કેવા બનાવો બને છે તે જાતે જોવા જોઇએ અને એ લોકોની સાથે ભળી જવું જોઇએ. આપણું એક દર્શનશાસ્ત્ર વેદાંત કહે છે કે સંસારનાં તમામ દુઃખ અને સંતાપનું મૂળ કારણ અજ્ઞાન છે. તેવી રીતે આપણા લોકો અને અંગ્રેજો વચ્ચે જે કટુતા ઉત્પન્ન થાય છે તેનું મૂળ કારણ પણ અજ્ઞાનજ છે. તેમને આપણા હૃદયની ઉકેલ નથી અને આપણને તેમના હૃદયની નથી.

દુર્ભાગ્યની વાત એ છે કે પાશ્ચાત્ય લોકોની માન્યતા પ્રમાણે આધ્યાત્મિકતા અને નીતિ પણ ઐહિક ઉન્નતિની સાથે જોડાયલાં છે; આથી કરીને જ્યારે કોઇ અંગ્રેજ અથવા બીજો યૂરોપિયન આપણા દેશમાં આવીને અહીંની કંગાલીયત અને દુર્દશા જુએ છે, ત્યારે તેઓ એકદમ એવા અનુમાનપર આવી જાય છે કે અહીંના લોકો ધર્મના વિષયમાં ઘણા પાછળ છે; અને તેમની નીતિ પણ ઘણીજ હલકા પ્રકારની છે. આ બાબતમાં તેમનો પોતાનો અનુભવ એવોજ છે અને તેમના દેશોની હકીકત જોતાં સત્ય પણ છે. યૂરોપના દેશોમાં ઠંડી ઋતુ તથા બીજા કેટલાક સંજોગોને લીધે દારિદ્ર અને અનીતિ એકજ પાત્રમાં જોવામાં આવે છે. જ્યાં જ્યાં દારિદ્ર છે ત્યાં ત્યાં પાપ અને અનીતિ પણ હોય છેજ, પણ હિંદુસ્તાનમાં એથી વિપરીત છે. હિંદુસ્તાનની બાબતમાં તો મારો અનુભવ એવો છે કે જેમ વધારે ગરીબાઇ તેમ નીતિનું ધોરણ ઉત્કૃષ્ટ જોવામાં આવે છે. **હિંદુસ્તાનના શ્રીમંત વર્ગ કરતાં ગરીબ વર્ગમાં નીતિ વધારે સારી રીતે સચવાય છે.** હિંદુસ્તાનના પ્રજાજીવનનું આ રહસ્ય સમજતાં તેઓને સમય લાગે છે અને હિંદુસ્તાનમાં લાંબો વખત રહીને વખતની બરબાદી કરવા કેટલા થોડા અંગ્રેજો ખુશી હોય છે ? આપણા લોકોના ચારિત્ર્યનું ધીરજથી, નિષ્પક્ષપાતપણે અવલોકન કરીને તેની ખુબી સમજે એવા થોડાજ અંગ્રેજો છે. આજ દેશમાં–**ફક્ત આજ દેશમાં એવી પ્રજા વસે છે કે જ્યાં દારિદ્રનો અર્થ પાપ અને અનીતિ થતો નથી;** એટલુંજ નહિ પણ ગરીબ માણસો પવિત્ર મનાય છે, ગરીબાઇ એ સાધુતાનું લક્ષણ મનાય

છે અને સંન્યાસીના કૌપીનને ઉંચામાં ઉંચું સ્થાન આપવામાં આવે છે. તેવીજ રીતે આપણે પણ એ લોકોના જનસમાજના રીતરિવાજોનું ધૈર્યથી અવલોકન કરવું જોઇએ અને ઉપર ઉપરથી જોઇને એકદમ તેઓ આવા છે, એવું ઉતાવળથી અનુમાન બાંધી ન લેવું જોઇએ. પશ્ચિમના દેશોમાં સ્ત્રીપુરુષો છૂટથી એકબીજાની સાથે હળે મળે છે, તેમાં અને ત્યાંના બીજા રીતરિવાજોમાં ખાસ રહસ્ય છે અને જો તમે તેમના જીવનનું શાંતિથી અવલોકન કરો, તો તમને તેમની ઉચ્ચતા જણાયા વગર રહેશે નહિ. મારા કથનનું એવું તાત્પર્ય નથી કે તેમના રીતરિવાજો અને ભાવનાઓને આપણા જીવનમાં દાખલ કરી દેવાં, અથવા તો અંગ્રેજોએ આપણા રિવાજોનું અનુકરણ કરવું. દરેક પ્રજાના રિવાજ સેંકડો વર્ષના ધીમા વિકાસના પરિણામરૂપ છે અને લોકોના જીવનની સાથે દઢપણે બંધાઇ ગયા છે. તાત્પર્ય એજ છે કે દરેકના રીતરિવાજમાં ઉંડો અર્થ સમાયલો છે; માટે તેમણે આપણા રિવાજોનો ઉપહાસ ન કરવો, તેમ આપણે પણ તેમના રિવાજો તરફ તિરસ્કારની દૃષ્ટિથી ન જોવું.

હવે આ સભા સમક્ષ એક બીજી બાબત રજુ કરવા ઇચ્છું છું. મારા અભિપ્રાય પ્રમાણે અમેરિકા કરતાં ઇંગ્લૅન્ડમાં ધર્મપ્રચારનું કાર્ય મારાથી વિશેષ સંતોષજનક થયું છે. મને કહેવા દો કે નિડર, દઢ મનની અને સ્થિર ચિત્તવૃત્તિવાળી અંગ્રેજ પ્રજા એવી છે કે તેમના મગજનું ઢાંકણુ બીજી પ્રજાઓ કરતાં વધારે દુર્ભેદ્ય છે. તેઓ નવીન વિચાર ગ્રહણ કરવામાં જરા ધીમા છે એ વાત ખરી; પણ જો તમે એકવાર એમના મગજમાં અમુક વિચાર ઠસાવી શકો, તો એમની અસાધારણ શક્તિ અને કાર્યકુશળતાના ગુણવડે એ વિચાર તરતજ અંકુરિત થઇને મહાન્ પરિણામ નિપજાવશે. બીજા દેશમાં તેમ બની શકતું નથી. અંગ્રેજ પ્રજામાં જે મહાન્ કાર્યકારિણી શક્તિ અને અખૂટ જીવનશક્તિ જોવામાં આવે છે તે અન્ય પ્રજામાં નથી. તેઓમાં કલ્પનાશક્તિની ન્યૂનતા છે, પણ તેમની કાર્ય કરવાની શક્તિ અગાધ છે. એ અંગ્રેજ પ્રજાની શક્તિનાં ગુપ્ત ઝરણાં ક્યાં રહેલાં છે તેનો પત્તો મળવો મુશ્કેલ છે. તેમના હૃદયમાં કેવી કલ્પનાશક્તિ અને લાગણીની તીવ્રતા છે એ વાત ઉપર ઉપરથી જોનારને સમજાય તેવી નથી. એ એક ખરેખરી વીર પ્રજા છે; અંગ્રેજો પૂરા ક્ષત્રિયો છે; પોતાના હૃદયના ભાવને ગુપ્ત રાખવાની અને કદિપણ પ્રકટ ન કરવાની તેમને પહેલેથીજ તાલિમ મળે છે. એક અંગ્રેજને અથવા અંગ્રેજ સ્ત્રીને પણ પોતાના હૃદયના ભાવ પ્રકટ કરતાં તમે ભાગ્યેજ જોશો. મેં અંગ્રેજ સ્ત્રીઓને એવાં એવાં કામ કરતી જોઇ છે કે તેવાં કામ કરતાં બહાદુરમાં બહાદૂર બંગાળી પણ પાછો હઠી જાય; પણ એ બહાદૂરી અને યોદ્ધાને છાજે એવી કઠોરતાની પાછળ અંગ્રેજોના હૃદયના ઉંડાણમાં કોમળ લાગણીઓનાં ઝરણાં વહેતાં હોય છે. જો તમે ત્યાંસુધી પહોંચી શકો, જો તમે એ ગુપ્ત ઝરણાં ફોડી શકો, જો તમે અંગ્રેજોની સાથે હળીમળીને

તેમના નિકટના પરિચયમાં આવો,તો જરૂર તેઓ તમને પોતાના મિત્ર માનશે; તમારી આગળ પોતાનું હૃદય ખોલશે અને તમારા સદાના મિત્ર અને સેવક બની રહેશે. આથી કરીને મારા સમજવા પ્રમાણે બીજા દેશો કરતાં ઇંગ્લૅન્ડમાં હું વધારે સંતોષકારક અને સંગીન કામ કરી શકયો છું, અને જો કદાચ આવતીજ કાલે મરણ પામું તોપણ મેં ઇંગ્લૅન્ડમાં કરેલું કામ ક્ષય ન પામતાં ઉત્તરોત્તર વિકાસ પામતું જશે.

ભાઇઓ ! તમે મારા હૃદયના એક બીજા તારને-ઉંડામાં ઉંડા તારને છેડયો છે. મારા ગુરુદેવ, મારા આચાર્ય, મારા જીવનના આદર્શ,મારા ઇષ્ટદેવતાતુલ્ય શ્રીરામકૃષ્ણ પરમહંસનું તમે મને સ્મરણ કરાવ્યું છે. જો મેં મન, વાણી અને કર્મથી એક પણ સત્કાર્ય કર્યું હોય, જો જગતના કોઇપણ મનુષ્યને ઉપકારક થઇ પડે એવું એકપણ વચન મારા મુખમાંથી નીકળી ગયું હોય, તો તેનો યશ મને નહિ પણ એ મહાપુરુષનેજ છે; અને જો મેં કોઇ પણ કટુ વાકય ઉચ્ચાર્યું હોય, મારા મુખમાંથી તિરસ્કારપૂર્ણ વચનો નીકળી ગયાં હોય તો તેને માટે હું એકલોજ જવાબદાર છું. મારામાં જે નિર્બળતા અને ખામીઓ છે તે સર્વ મારાં છે; મારામાં જે કાંઇ જીવનપ્રદ, બળ પ્રેરનાર અને પવિત્રતા આપનાર શકિતઓ હોય તો તે સર્વ તેમની પ્રેરણાનું અને તેમનાજ ઉપદેશનું પરિણામ છે અથવા એ સર્વમાં તે પોતેજ રહેલા છે. બંધુઓ ! હજી એ મહાપુરુષને જગત ઓળખી શકે તે દિવસ ઘણો દૂર છે. આપણે જગતના ઇતિહાસમાં સેંકડો મહાપુરુષોનાં જીવનચરિત્ર વાંચીએ છીએ. જે સ્વરૂપમાં એ જીવનચરિત્રો આપણને વાંચવા મળે છે, તે તેમના શિષ્યોએ સેંકડો વર્ષ થયાં અનેકવાર સુધારી વધારીને કરેલાં લખાણનું પરિપકવ ફળ છે. પ્રાચીનકાળના મહાત્માઓનાં જીવનચરિત્રોને તેમના લખનારાઓએ હજારો વર્ષ સુધી છોલીને, ઘસીને, બારીક ટાંકણાં મારીને આપણને મનોહર મૂર્તિના સ્વરૂપમાં આપેલાં છે; તોપણ મારો અભિપ્રાય એવો છે કે જે મહાત્માનું મેં જાતે દર્શન કર્યું હતું, જેની છાયાનો મેં આશ્રય લીધો હતો અને જેના ચરણ પાસે બેસીને હું સર્વ શીખ્યો હતો, તે રામકૃષ્ણ પરમહંસના જીવન જેવું ઉજ્જવલ અને મહિમાવાન્ જીવન બીજા કોઇનું પણ નથી.

બંધુઓ ! તમને ભગવદ્ગીતાનો સુપ્રસિદ્ધ શ્લોક યાદ હશે કેઃ—

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ अ. ४ श्लो. ७-८

એની સાથે તમારે એક બીજી બાબત પણ સ્મરણમાં રાખવાની છે. એ બાબત આજે આપણે નજરોનજર જોઇએ છીએ. ધર્મની આવી પ્રબળ ભરતીનાં મહામોજાં

ઉછળવા લાગે ત્યાર પહેલાં જનસમાજમાં જ્યાં ત્યાં ધાર્મિક ભાવનાના ક્ષુદ્ર તરંગ ઉત્પન્ન થવા લાગે છે. એવા એકાદ તરંગનું અસ્તિત્વ પણ કોઇના જાણ્યામાં આવતું નથી, તેના તરફ કોઇની દૃષ્ટિ પણ પડતી નથી, તેનો કોઇને વિચાર સરખો આવતો નથી, પણ કાળક્રમે તે મહાન રૂપ ધારણ કરે છે અને બીજા નાના નાના તરંગોનો ગ્રાસ કરીને તેમને પોતાની અંદર સમાવી દે છે. એ પ્રમાણે તે ઘણાજ વિપુલ અને બલવાન મહામોજાંનું રૂપ ધારણ કરીને આખા જનસમાજ ઉપર એવા પ્રબળ વેગથી અથડાય છે કે તેની ગતિનો અવરોધ કરવા કોઇનામાં પણ સામર્થ્ય હોતું નથી. એવો એક બનાવ હમણાં આપણા સમયમાં બની ચૂક્યો છે. જો તમને નેત્રો હોય તો તમે જોઇ શકશો. જો તમારા હૃદયનાં દ્વાર ખુલ્લાં થયાં હોય તો તમે તેને ઝીલી શકશો. જો તમારામાં સત્યશોધક વૃત્તિ જાગૃત થઇ હોય તો તમે તેનો પત્તો મેળવી શકશો. જે માણસ ચાલુ સમયનાં ચિન્હ જોઇ શકતો નથી તે ખરેખર અંધ છે. હું જે મહાપુરુષની વાત કરૂં છું તે એક ગરીબ બ્રાહ્મણનો પુત્ર હતો અને એક અપ્રસિદ્ધ દૂરના નાના ગામડામાં જન્મ્યો હતો. તેનું નામ પણ તમારામાંના ઘણાખરાએ નહિ સાંભળ્યું હોય, પણ આજે જે દેશો મૂર્તિપૂજન વિરુદ્ધ સેંકડો વર્ષ થયાં સખતમાં સખત પોકાર ઉઠાવી રહ્યા છે, તે દેશોમાં પણ તેનું વાસ્તવિક રીતે પૂજન થાય છે. એ શક્તિ કોની છે ? એ મારી નથી અને તમારી પણ નથી. જે ઇશ્વરીય અંશ આપણી સમક્ષ રામકૃષ્ણ પરમહંસરૂપે પ્રકટ થયો હતો તેનીજ એ શકિત છે; કારણ કે હું અને તમે, મહર્ષિઓ અને પેગંબરો, અવતારી પુરુષો અને સમગ્ર બ્રહ્માંડનો વિકાસ પણ થોડે અથવા ઘણે અંશે તેજ પરમ શક્તિનું ઘનીકરણ અને પ્રકટીકરણ છે. હમણાં તો આપણે એ મહાન્ શકિતના કાર્યનો માત્ર આરંભજ જોઇએ છીએ, પણ આ જમાનો પૂરો થશે તે પહેલાં તમે એ શક્તિદ્વારા થએલાં આશ્ચર્યકારક કાર્ય પ્રત્યક્ષ જોઇ શકશો. હિંદુસ્તાનના પુનરુદ્ધારમાટે યોગ્ય સમયેજ એ શકિતએ દર્શન આપ્યું છે. જે સંજીવની શક્તિ હિંદુસ્તાનની પ્રજાનું હમેશ રક્ષણ કરતીજ આવે છે, તેનું આપણને વખતોવખત વિસ્મરણ થઇ જાય છે.

દરેક પ્રજા પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવાને જુદી જુદી પદ્ધતિઓ ગ્રહણ કરે છે. કેટલીક પ્રજા રાજનીતિદ્વારા, કેટલીક સમાજસુધારણાદ્વારા એમ જુદી જુદી પ્રજાઓ અમુક વિષયને પ્રધાન માનીને પોતપોતાના ઉદ્ધારનું કાર્ય કરે છે. આપણા લોકોને માટે ધર્મને મુખ્ય વિષય ગણ્યા વગર બીજો કાર્ય કરવાનો રસ્તો છેજ નહિ. અંગ્રેજ પ્રજા ધર્મને પણ રાજનીતિની મદદથીજ સમજી શકે છે. અમેરિકન પ્રજા ઘણું કરીને સંસારસુધારણાદ્વારા ધર્મનાં સત્યો સહેલાઇથી ગ્રહણ કરી શકે છે; પણ હિંદુપ્રજા રાજનીતિ, સંસારસુધારો અને બીજા બધા વિષયો ધર્મદ્વારાજ સમજી શકે છે; કારણ કે ધર્મ એજ તેમના પ્રજાજીવનના સંગીતનો મુખ્ય સૂર છે; બીજા બધા વિષયો માત્ર

તેના પલટાજ છે. એ મુખ્ય વિષય નષ્ટપ્રાય થશે એવી ધાસ્તી રખાતી હતી. થોડા સમયપર આપણે આપણા પ્રજાજીવનના મુખ્ય ઉદ્દેશને બદલીને તેને ઠેકાણે કોઇ બીજાજ ઉદ્દેશને ગ્રહણ કરતા હોઇએ; આપણા અસ્તિત્વનો મેરૂદંડ જે આધ્યાત્મિકતા છે તેને ઠેકાણે રાજનીતિને બેસાડતા હોઇએ એવાં ચિન્હ દેખાતાં હતાં; અને જો તેમ થયુંજ હોત તો આપણો સંપૂર્ણ વિનાશ થાત. પણ હિંદુસ્તાનના પ્રારબ્ધમાં એવી દુર્દશા સરજેલી ન હતી; એથીજ કરીને જે શકિતનો હમણાં હું ઉલ્લેખ કરી ગયો છું તે પ્રકટ થઈ. આ મહાત્માને તમે ગમે તેવા રૂપમાં જુઓ તેની મને પરવા નથી, તમે તેને થોડું સન્માન આપો અથવા વધારે આપો તે વિષે મારો આગ્રહ નથી; પણ એક વાત તો હું તમને ભાર મૂકીને, નિડરપણે કહું છું કે આવી અદ્ભુત શકિત હિંદુસ્તાનમાં કેટલાક સૈકાં થયાં પ્રકટ થઇ ન હતી; અને આ શક્તિનું અવલોકન કરીને તેનું રહસ્ય સમજવાને શ્રમ લેવાની, તેનાદ્વારા હિંદુસ્તાનનું કલ્યાણ અને પુનરુજ્જીવન કેટલે અંશે સિદ્ધ થયું, તથા પરિણામે આખી માનવ જાતિને કેટલો લાભ થયો તે શોધી કહાડવાની હિંદુ તરીકે તમારી ફરજ છે. કોઇ પણ દેશની અંદર આખા જગત્માં એક સામાન્ય ધર્મ પ્રવર્તાવવાનો વિષય ચર્ચાયો અને જુદા જુદા ધર્મસંપ્રદાયો વચ્ચે ભ્રાતૃભાવ વધારવાનો વિચાર ઉત્પન્ન થયો, ત્યાર પહેલાં ઘણાં વર્ષ પૂર્વે આજ નગરીની નજીકમાં એ મહાપુરુષ વસતો હતો; જેનું સમગ્ર જીવન એક ધર્મમહાપરિષદ્ જેવું હતું અને તેમજ હોવું જોઇએ.

આપણો ઉંચામાં ઉંચો આદર્શ નિર્ગુણ બ્રહ્મજ હોવો જોઇએ એવો બોધ આપણાં શાસ્ત્રો કરે છે, પણ આપણે બધા એ નિર્ગુણ બ્રહ્મની ધારણા કરી શકતા નથી, તેથી કરીને ઘણાખરા માણસોને સગુણ બ્રહ્મનો આદર્શ રાખ્યા વગર બિલકુલ ચાલે તેમ નથી. એ પ્રમાણે કોઇ મહાન્ આદર્શ પુરુષ ઉપર સવિશેષ પ્રેમભક્તિ રાખ્યા વગર, તેના છત્ર નીચે ઉભા રહ્યા વગર કોઇ પણ પ્રજા ઉન્નત અને મહાન્ થઇ શકતી નથી, તેમજ પોતાનો વ્યવહાર પણ નિભાવી શકતી નથી. રાજનૈતિક આદર્શો અથવા એ આદર્શના મૂર્તિરૂપ પુરુષો, તેમજ સામાજિક અને વ્યાપારી આદર્શો હિંદુસ્તાનના લોકો ઉપર પોતાનો પ્રભાવ બેસાડી શકશે નહિ. આપણે તો આધ્યાત્મિક આદર્શ માગીએ છીએ. આપણે અધ્યાત્મ પ્રદેશમાં વિજય કરી આવેલા પુરુષોના વાવટા નીચે ઉત્સાહપૂર્વક એકત્ર થવા ઇચ્છીએ છીએ. આપણા આદર્શ પુરુષો પૂરેપૂરા ધર્મવીરજ હોવા જોઇએ. તેવા જે ન હોય તેમને આપણે આદર્શરૂપે માનીશું નહિ. રામકૃષ્ણ પરમહંસમાં આપણને એવાજ ધર્મવીર અને આદર્શ પુરુષનાં દર્શન થયાં હતાં. હું નિશ્ચયપૂર્વક કહું છું કે જો આપણી પ્રજાને ઉન્નત થવું હોય તો તેણે ઉત્સાહપૂર્વક એમની આસપાસ એકત્ર થવું જોઇએ. એ મહાત્માના ઉપદેશનો પ્રચાર તમે, હું કે ગમે તે કરો; પણ હું તો એ મહાન્ વ્યક્તિ

તેજ તમારી સમક્ષ રજુ કરીને એની તુલના કરવાનું કાર્ય તમને સોપું છું. તમારે એ મહાપુરુષના જીવનના આદર્શનો કેવી રીતે ઉપયોગ કરવો, તેનો વિચાર આપણી પ્રજાના કલ્યાણની ખાતર અત્યારેજ કરી લેજો. એ વિષે તમારે એક બાબત તો ખાસ સ્મરણમાં રાખવા જેવી છે; તે એ કે તમે જેટલા મહાપુરુષ જોયા હશે અથવા સ્પષ્ટ ભાષામાં કહું તો તમે જે જે મહાપુરુષોવિષે વાંચ્યું અથવા સાંભળ્યું હશે, તે સર્વમાં રામકૃષ્ણનું જીવન સૌથી વધારે પવિત્ર હતું. એટલું તો તમે સ્પષ્ટ રીતે જોઇ શકો છો કે આવી અત્યંત અલૌકિક આધ્યાત્મિક શકિતનું દર્શન કોઇ પણ મહાપુરુષની જીવનકથામાં તમને થયું નથી, તો પછી જાતે તેવા બીજા મહાપુરુષને જોવાની તો વાતજ શી ? તેના અવસાનને પૂરાં દશ વર્ષ વીત્યાં ન હતાં એટલામાં તો તેની શક્તિ આખા જગત્ ઉપર ફરી વળી એ વાત તો તમારી સમક્ષ બનેલી છે. આપણી સમસ્ત પ્રજાના કલ્યાણમાટે, આપણા ધર્મના ઉત્કર્ષ માટે એ આદર્શ તમારી સમક્ષ રજુ કરવાનું હું મારૂં કર્તવ્ય સમજું છું. મારા ઉપરથી એ મહાપુરુષથી તુલના કરતા નહિ. હું તો માત્ર તેના હલકામાં હલકા યંત્ર જેવો છું. મને જોઇને તેના ચારિત્ર્યની તુલના કરતા નહિ. એમનું ચારિત્ર્ય તો એવું ઉન્નત હતું કે હું અને તેમના બીજા શિષ્યો કરોડો અવતાર ધારણ કરીને પરિશ્રમ લઇએ, તોપણ તેના એક લક્ષાંશ ભાગનું પણ વર્ણન કરી શકીએ નહિ; માટે તમે સ્વતંત્રપણે તમારો વિચાર બાંધજો. તમારા અંતઃકરણના ઉંડાણમાં સનાતન સાક્ષિસ્વરૂપ પરમાત્મા બિરાજેલો છે; અને મારી પ્રાર્થના છે કે આપણી પ્રજાના ભલાને ખાતર, આપણા દેશના અને સમગ્ર માનવજાતિના કલ્યાણને ખાતર એ પરમહંસ રામકૃષ્ણ પોતેજ તમારાં હૃદયનાં દ્વાર ઉઘાડી નાંખે; અને આપણે આપણા તરફથી પ્રયત્ન કરીએ કે ન કરીએ, તોપણ જે મહાન્ યુગપરિવર્તન થવાની વકી છે, તેને સહાયતા આપવામાટે તે તમારામાં સત્યનિષ્ઠા અને દૃઢતા પ્રેરે. કારણ કે આપણી રુચી અથવા અરુચિને લીધે કાંઇ ઈશ્વરનું કાર્ય અટકતું નથી. તે ધારે તો ધૂળમાંથી પણ હજારો કર્મવીરો ઉત્પન્ન કરી શકે તેમ છે, માટે તેને અધીન રહીને કાર્ય કરવાની જો આપણને તક મળે તો આપણું મહાન્ સદ્ભાગ્ય સમજીને મગરૂર થવું જોઇએ.

ધીમે ધીમે આ ભાવના ચારે દિશાએ ફેલાવા લાગી છે. તમે મને હમણાંજ કહી ગયા કે આપણે હજી આખું જગત્ જિતી લેવાનું છે. ખરેખર આપણે તેમ કરવુંજ પડશે. હિંદ આખું જગત્ જિતી લેશે એ મારો આદર્શ છે અને તેમાંથી હું લેશ માત્ર ન્યૂનતા કરવા ચાહતો નથી. એ આદર્શ કદાચ તમને ઘણોજ દુષ્પ્રાપ્ય લાગતો હોય, કદાચ એ જોઇને તમે ચોંકી જતા હો પણ આદર્શ તો એજ. કાં તો આપણે આખું જગત્ જિતી લેવું અથવા પ્રાણનું બલિદાન આપવું. એ સિવાય બીજો માર્ગ છેજ નહિ. વિસ્તાર એજ જીવનનું લક્ષણ છે. આપણે આપણી સાંકડી ગલીઓમાંથી

બહાર નીકળવું જોઈએ, આપણે હૃદયનો વિસ્તાર કરવો જોઇએ. કાં તો આપણામાં જે ચેતન છે તેનું પ્રકટીકરણ કરવું અથવા ક્રમશઃ અધોગતિએ જતાં જતાં સડી જઈને મરી જવું. એ સિવાય ત્રીજો રસ્તો નથી. એમાંથી એક માર્ગ પસંદ કરો. કાં તો જીવો યા મરણ પામો.

આપણા દેશમાં અંદર અંદર જે ક્ષુદ્ર કલહ અને વિસંવાદ ચાલી રહ્યા છે, તેમને વિષે આપણે સારી રીતે જાણીએ છીએ. હું તમને નિશ્ચયપૂર્વક કહું છું કે બીજા દેશોમાં પણ એવીજ સ્થિતિ છે. બીજા દેશોની પ્રજાઓના જીવનનો મુખ્ય આધાર રાજનીતિ છે, તેથી કરીને તેઓને આત્મસંરક્ષણને માટે વિદેશી રાજનીતિનો આધાર લેવો પડે છે. જ્યારે તેઓને લાગે છે કે હવે દેશની અંદર પુષ્કળ વિસંવાદ મચી રહ્યો છે. ત્યારે પોતાના લડાયક જુસ્સાને માર્ગ આપવાને માટે તેઓ અન્ય પ્રજા સાથે યુદ્ધ કરવાનું બ્હાનું શોધી કહાડે છે, અને તેમ થતાંજ દેશની અંદર અંદરના કલહ એકદમ શાંત થઇ જાય છે. * આપણે ત્યાં પણ અંદર અંદરના કલહ છે; પરંતુ તેમને શાંત કરવાને વિદેશી રાજનીતિ જરૂરની નથી. જગતની બીજી પ્રજાઓમાં આપણાં શાસ્ત્રોનાં સત્યોનો પ્રચાર કરવો એજ રાજનીતિ આપણે હમેશ ધારણ કરવી. જેઓના મનનું વલણ રાજનૈતિક વિષયતરફ વિશેષ છે, તેમને હું પૂછું છું કે;—જે નીતિનો સ્વીકાર કર્યાથી આપણે જગતની આગળ એક અવિભક્ત પ્રજા તરીકે ઉભા રહી શકીશું, તે નીતિની યથાર્થતાવિષે તમારે કયું પ્રમાણ જોઈએ છે ? આજની સભાજ આ બાબતનું શ્રેષ્ઠ પ્રમાણ છે.

વળી આ સ્વાર્થનો વિચાર એક બાજુએ મૂકીએ તોપણ આપણી પાછળ નિષ્કામ, ઉદાર અને જીવંત દૃષ્ટાંતો રહેલાં છે. હિંદુસ્તાનની અવનતિ અને તેની દુર્દશાનું એક મુખ્ય કારણ એ છે કે, તેણે પોતાના કાર્યક્ષેત્રને ઘણુંજ સંકુચિત કરી નાખ્યું; કાલુ માછલીની માફક આપણે આપણા નાના કોટલામાં ભરાઇ બેઠા અને આપણી પાસે રહેલાં કિંમતી રત્નો; આપણાં જીવનપ્રદ સત્યો, આર્ય નહિ એવી, તરસથી પીડાતી બીજી પ્રજાઓને સાંકડા મનના થઇને આપ્યાં નહિ. આપણે સ્વદેશ બહાર ગયાજ નહિ અને બીજી પ્રજાઓ સાથે આપણી સરખામણી કરીજ નહિ. જે દિવસે રાજા-રામમોહનરાયે એ સાંકડાપણાની દિવાલને તોડી તે દિવસથીજ ભરતખંડમાં જે કાંઇ ચેતન, જે કાંઇ જાગ્રતિ જોવામાં આવે છે, તેનો આરંભ થયો. તેજ દિવસથી હિંદુ-સ્તાનના ઇતિહાસનો ક્રમ બદલાયો અને હવે તેનો વેગ દિવસે દિવસે અનેકગણો

* ચાલુ જમાનાના ઇતિહાસમાંથી આ બાબતનું દૃષ્ટાંત મળી આવશે. આધુનિક યૂરો-પીય વિગ્રહ શરૂ થયો તે પહેલાં ઇંગ્લંડમાં કેટલાક મોટા રાજનૈતિક તકરારી પ્રશ્નો ચર્ચાતા હતા; જેવા કે આયર્લાંડના સ્વરાજ્યનો, મતાધિકારિણી સ્ત્રીઓના હક્કનો વગેરે; પણ એ બધી તકરારો આ લડાઈ આગળ શાંત થઈ ગઈ છે. ભા૦ કo

વધતો જાય છે. ભૂતકાળમાં જે ઠેકાણે નાનાં નાનાં ઝરણાં વહેતાં તે ઠેકાણે હવે જળની રેલ થઇ છે અને અજય પ્રગતિને અટકાવાય એમ નથી; માટે આપણે વિદેશ જવું એ જરૂરનુંજ છે. આપવું અને લેવું એજ જીવનનો મૂલ મંત્ર છે. શું આપણે હમેશ પશ્ચિમની પ્રજાઓ પાસેથી દીનતાપૂર્વક શીખ્યાજ કરવું ? આપણા ધર્મનો ઉપદેશ પણ તેમનીજ પાસેથી આપણે ગ્રહણ કરવો ? આપણે યંત્રકળા અને એવી કેટલીક લૌકિક વિદ્યાઓ ભલે તેમની પાસેથી શીખીએ, પણ તેના બદલામાં આપણે પણ તેમને આપણો ધર્મ, આપણાં ઉંડાં આધ્યાત્મિક રહસ્યો શીખવવાં જોઇએ. જગત્ હજી સંપૂર્ણ સુધારણાની રાહ જોઇ રહ્યું છે. પોતાના પૂર્વજો પાસેથી જે આધ્યાત્મિકતા-રૂપી અમૂલ્ય રત્નો હિંદુસ્તાનની પ્રજાને વારસામાં પ્રાપ્ત થયાં છે, તે રત્નો હિંદુસ્તાનની બહાર નીકળીને જગતમાં ફેલાઇ જાય એ સમયની આખું જગત આતુર નેત્રથી રાહ જુએ છે. સેંકડો વર્ષસુધી અવનતિ અને વિપત્તિના સમયમાં પણ એ રત્નોને હિંદુ-સ્તાનની પ્રજાએ છાતી સરસાં દાબીને સાચવ્યાં છે. તે ગ્રહણ કરવાને હવે જગતને ઉત્કંઠા થઇ છે.

આપણા પૂર્વજોએ પ્રાપ્ત કરેલાં એ અપૂર્વ રત્નોને માટે ભારતની બહારના દેશોમાં કેટલી જિજ્ઞાસા—અરે ! કેટલી ઉત્કંઠા વધી ગઇ છે, તે તમે શી રીતે જાણી શકો ? આપણે તો અહીં બેઠા બેઠા વાતોજ કર્યા કરીએ છીએ, અંદર અંદર વિસંવાદ ઉભા કરીએ છીએ, જે કાંઇ પવિત્ર અને માનનીય છે તેનો ઉપહાસ અને વખતે તિરસ્કાર પણ કરીએ છીએ; અને એમ કરતાં કરતાં દરેક પવિત્ર ભાવનાનો તિરસ્કાર એ હમણાં હમણાં આપણો પ્રજાગત દોષ ગણાવા લાગ્યો છે. તમારા પૂર્વજોએ હિંદમાં સંચિત કરેલા જીવનપ્રદ અમૃતનો એક ઘુંટડો પણ ચાખવાને દેશોનાં લાખો સ્ત્રીપુરુષો કેટલા આગ્રહપૂર્વક હાથ લંબાવીને ઉભાં છે ? તેમના હૃદયની વેદના આપણે અહીં બેઠા બેઠા કેવી રીતે સમજી શકીએ ? માટેજ આપણે પરદેશ જવું જોઇએ અને આપણી આધ્યા-ત્મિકતા અને ધર્મના બદલામાં તેમની પાસેથી જે વિષય શીખી શકાય એમ હોય તે શીખી લાવવા જોઇએ. અધ્યાત્મ પ્રદેશનાં અપૂર્વ તત્ત્વોના બદલામાં આપણે તેમની પાસેથી જડ સૃષ્ટિનાં અલૌકિક રહસ્યો શીખી લેવાં જોઇએ. આપણે શિષ્યો હવે ક્યાં સુધી રહીશું ? જરા ગુરુ પણ થવું જોઇએ. સમાનતા વગર મૈત્રી થઇ શકતી નથી અને જ્યારે એક પક્ષ બધો વખત ગુરુનુંજ કામ કરે અને બીજો પક્ષ હમેશ તેના ચરણ આગળ બેસીને શીખ્યાજ કરે, તો તેમની વચ્ચે કદિ પણ સમાનતા થઇ શકે નહિ. જો અંગ્રેજ કે અમેરિકન પ્રજા સાથે સમાન થવાની તમને ઇચ્છા હોય, તો જેમ તમે તેમની પાસેથી શીખ્યા કરો છો, તેમ શીખવતા પણ રહેજો. સૈકાંના સૈકાં સુધી પહોંચે એટલું બધું હજી જગતને શીખવવાનું બાકી છે. આ મહાન્ કાર્ય થવુંજ જોઇએ. આપણું હૃદય ઉત્સાહ અને વીરત્વરૂપી અગ્નિથી ભભૂકી ઉઠવું જોઇએ. એમ

કહેવાય છે કે બંગાળીઓમાં કલ્પનાશક્તિ ઘણી તીવ્ર છે અને એ વાત મને પણ સાચી લાગે છે. આપણે બંગાળીઓ એક કલ્પનાપ્રિય પ્રજા છીએ અને લાગણીઓનો આવેશ આપણામાં ઘણો પ્રબળ છે, તે માટે આપણી મશ્કરી પણ થાય છે. પણ બંધુઓ ! હું તમને કહું છું કે એ ગુણ ઉપહાસ કરવા જેવા નથી. કારણ કે બુદ્ધિ અને તુલનાશક્તિ એ ઘણાજ સારા ગુણ છે એ વાત ખરી, પણ તેને સીમાઓ છે અને તે સીમાની પારના પ્રદેશમાં તેમનાથી જઇ શકાતું નથી. તીવ્ર લાગણીઓદ્વારાજ, પ્રબળ આવેગદ્વારાજ સત્યના પ્રકાશનું હૃદયમાં એકાએક સ્ફુરણ થાય છે. હૃદયના ભાવદ્વારાજ ઉંડામાં ઉંડા સત્યોની શોધ થઇ છે; તેથી કરીને આ મહાન કાર્ય કરવાને જો કોઇનામાં યોગ્યતા હોય તો તે તીવ્ર લાગણી અને કલ્પનાવાળા બંગાળીઓમાંજ છે.

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत । ઉઠો, જાગ્રત થાઓ અને પ્રાપ્તવ્ય પદાર્થ મળે નહિ ત્યાંસુધી અટકતા નહિ. કલકત્તાના યુવાન પુરુષો ! ઉઠો, જાગ્રત થાઓ ! સમય ઘણોજ અનુકૂળ છે. હાલમાં તમારા માર્ગ સરળ થતા જાય છે. અનેક પ્રકારની અનુકૂળતાઓ મળતી જાય છે. બહાદુર, સાહસિક અને નિડર થાઓ. માત્ર આપણાંજ શાસ્ત્રોમાં ભગવાનને **अभीः** " નિડર " એવું વિશેષણ લગાડેલું છે. આપણે પણ **अभीः** " નિડર " થઇશું એટલે કાર્યસિદ્ધિ થયા વગર રહેશેજ નહિ. ઉઠો, જાગૃત થાઓ. અત્યારે તમારો દેશ તમારા તરફથી ઉગ્ર આત્મબલિદાનની આશા રાખે છે. આ કાર્ય યુવાન પુરુષોનુંજ છે. " **युवा, आशिष्ठ, द्रढिष्ठ, बलिष्ठ मेधावी ।** " યુવાન, ઉત્સાહી, બળવાન અને બુદ્ધિમાન માણસોજ આ કાર્યને માટે યોગ્ય છે. કલકત્તામાં તેવા સેંકડો નહિ પણ હજારો તરુણ પુરુષો છે. જો તમે કહો છો તે પ્રમાણે હું કાંઇક પણ કરી શકયો હોઉં તો એટલું પણ યાદ રાખજો કે, હું કલકત્તાનો એક નાદાન, કશા હિસાબ વગરનો છોકરો હતો–તમારીજ માફક આ શહેરની શેરીઓમાં રમતો ફરતો હતો. મારા જેવો માણસ જ્યારે આટલું કાર્ય કરી શકયો ત્યારે તમારા જેવા કેટલા મહત્ત્વનાં કાર્ય કરી શકશે ? માટે ઉઠો. જાગો, આખું જગત્ તમને બોલાવી રહ્યું છે. હિંદુસ્તાનના બીજા પ્રાંતોમાં કોઇ ઠેકાણે એકલી દોલત છે, તો કોઇ ઠેકાણે એકલી બુદ્ધિ છે; પણ આપણી માતૃભૂમિ બંગદેશમાંજ ઉત્સાહ અને જુસ્સો છે. એ ઉત્સાહના અગ્નિને પ્રજ્વલિત કરો. હે કલકત્તાના યુવાન પુરુષો ! તમારા હૃદયમાં એ ઉત્સાહના અગ્નિને પ્રજ્વલિત કરીને જાગ્રત થાઓ, ગાજી ઉઠો.

આપણે નિર્ધન છીએ, આપણે અસહાય છીએ એવા કાયરતા ભરેલા વિચારોને પોષતા નહિ. કોઇ પણ દિવસ કાર્ય કરનારા માણસો નાણાંવડે ઉત્પન્ન થયા નથી, કાર્ય કરનારાઓએજ નાણું ઉત્પન્ન કર્યું છે. માણસે પોતાની શક્તિથી, ઉત્સાહથી અને આત્મશ્રદ્ધાના બળથી આખા દેશના દેશ ઉત્પન્ન કર્યા છે.

તમામ ઉપનિષદોમાં સર્વોત્તમ જે કઠોપનિષદ્ છે, તેનો તમારામાંથી જેમણે અભ્યાસ કર્યો હશે તેમને યાદ હશે કે એક રાજાએ મોટા યજ્ઞનું અનુષ્ઠાન કરાવ્યું હતું. તે પ્રસંગે આપવા જેવી વસ્તુઓનું દાન ન કરતાં તેણે ઘરડી અને નિરુપયોગી ગાયોનું દાન કરવા માંડયું. કથામાં એમ આવે છે કે તે વખતે ઉપર કહેલા રાજાના પુત્ર નચિકેતાના હૃદયમાં શ્રદ્ધાએ પ્રવેશ કર્યો. આ 'શ્રદ્ધા' શબ્દને માટે યોગ્ય અંગ્રેજી શબ્દ મળી આવતો નથી. એ અપૂર્વ શબ્દનું માહાત્મ્ય સમજાવું બહુ મુસ્કેલ છે, અને કાર્યસિદ્ધિનો મુખ્ય આધાર તેનાજ બળ ઉપર છે. નચિકેતાના હૃદયમાં તે શ્રદ્ધાનો ઉદય થતાંજ કેવું પરિણામ આવ્યું તે આપણે જરા જોઇએ. એજ પળે તેને પ્રતીતિ થઇ અને તેણે કહ્યું: "હું ઘણા કરતાં શ્રેષ્ઠ છું, થોડાથીજ ઉતરતો હોઇશ, પણ અધમ તો છુંજ નહિ. હું પણ કાંઇ કરી શકીશ." આ પ્રમાણે તેનો આત્મવિશ્વાસ અને સાહસ વધતાં ગયાં અને મૃત્યુ એ શું છે એ મહા પ્રશ્નના ચિંતનમાં તેનું ચિત્ત પરોવાયું. ખુદ યમરાજને ઘેર ગયાવગર એ પ્રશ્નનો ઉત્તર મળે એમ ન હતું, તેથી તે નિડર છોકરો યમની પાસે જવા તૈયાર થયો. એ બહાદૂર બાળક નચિકેતા ત્રણ દિવસ સુધી યમની રાહ જોતો બેઠો; અને તેણે યમની પાસેથી તત્ત્વજ્ઞાન કેવી રીતે મેળવ્યું તે તમે બધા જાણતાજ હશો. એવી આત્મશ્રદ્ધાની અત્યારે આપણને ઘણીજ જરૂર છે. મોટા દુર્ભાગ્યની વાત છે કે એ આત્મશ્રદ્ધા હમણાં ભરતખંડમાંથી લગભગ અદૃશ્યજ થઇ ગઇ છે અને તેથીજ હાલ આપણે આ હાલતમાં છીએ. એક માણસનું બીજા કરતાં વિશેષત્વ–શ્રેષ્ઠત્વ શામાં રહેલું છે? આત્મશ્રદ્ધા સિવાય બીજા કશામાં નથી. એક મનુષ્ય બીજા બધાનો નેતા થાય છે તે આત્મશ્રદ્ધાના પ્રતાપથીજ. બીજા મનુષ્યો તેની પાછળ ઘસડાય છે, તેને અધીન થાય છે તે પણ આત્મશ્રદ્ધાના અભાવથીજ. મારા સદ્ગુરુ ઘણીવાર કહેતા કે જે માણસ 'હું દુર્બળ છું' એવા વિચારને પોષે છે તે ખરેખર દુર્બળજ થઇ જાય છે. તમારા હૃદયમાં આ આત્મશ્રદ્ધાનો ઉદય થવો જોઇએ. પાશ્ચાત્ય પ્રજાઓએ જડસૃષ્ટિ ઉપર પોતાનો અધિકાર બેસાડ્યો છે અને કુદરતની શક્તિઓ પાસે દાસત્વ કરાવે છે તે પણ આત્મશ્રદ્ધાનુંજ પરિણામ છે. તેઓને પોતાના બાહુબળમાં શ્રદ્ધા છે, તમે તેટલીજ શ્રદ્ધા તમારા આત્માના બળમાં રાખો અને જુઓ કે તમે કેવાં અદ્‌ભુત કામો કરી શકો છો. અનંત, અવિનાશી આત્મા કે જેની અંદર અખૂટ શક્તિનો ભંડાર છે એવું આપણા શાસ્ત્રકારો એકે અવાજે કહી ગયા છે તેમાં દૃઢ વિશ્વાસ રાખો. એ આત્માનો કોઇ પણ ઉપાયે નાશ થઇ શકતો નથી. માત્ર તેને જાગૃત કરવાનીજ જરૂર છે. બીજા દેશોના અને હિંદુસ્તાનના તત્ત્વદર્શનમાં આજ મોટો તફાવત છે. દ્વૈતવાદી, વિશિષ્ટાદ્વૈતવાદી કે અદ્વૈતવાદી ગમે તે વાદને પોતાનો કહેનાર માણસો એટલું તો દૃઢ વિશ્વાસપૂર્વક માને છે કે, આત્માની અંદર તમામ પ્રકારની શક્તિઓ રહેલી છે. માત્ર તેમને વ્યક્ત કરવાનીજ અપેક્ષા છે, માટેજ જે વસ્તુ હાલ આપણને અત્યંત જરૂરની

છે તે કેવળ શ્રદ્ધા અથવા આત્મશ્રદ્ધા છે. એ આત્મશ્રદ્ધા પ્રાપ્ત કરવાનું મહાન કાર્ય તમારી સામે પડેલું છે. દરેક વિષયને હસી કહાડવાનો અને ગાંભીર્યનો ત્યાગ કરવાનો મોટો દોષ આપણા પ્રજાજીવનમાં હાલ કેટલોક વખત થયાં પ્રવેશ કરવા પામ્યો છે, તેનો એકદમ ત્યાગ કરજો. બહાદૂર થાઓ, શ્રદ્ધાળુ થાઓ એટલે બીજું બધું મળી રહેશે.

હું અત્યારસુધીમાં કાંઈ કરી શકયો નથી. તમારેજ બધું કરવાનું છે. જો હું આવતી કાલેજ ગુજરી જાઉં તોપણ કાર્ય પડી ભાગવાનું નથી. મને દૃઢ શ્રદ્ધા છે કે આપણા દેશના સામાન્ય વર્ગમાંથી હજારો યુવકો નીકળી આવશે. તેઓ આવાજ પ્રકારનું જીવનવ્રત લેશે અને મારી કલ્પનામાં ન આવે તેટલે સુધી મારા કાર્યને ઉન્નત અને વિસ્તૃત કરશે. મને મારા દેશમાં અને ખાસ કરીને દેશના યુવાન ઉપર પૂર્ણ શ્રદ્ધા છે. કોઈ પણ દેશના યુવાન વર્ગને માથે કદિ પણ નહિ મૂકવામાં આવેલી જવાબદારી બંગાળાના યુવાનોને શિર છે. હું લગભગ છેલ્લાં દશ વર્ષથી આખા ભરતખંડમાં ફર્યો છું અને મારો પૂર્ણ વિશ્વાસ છે કે, બંગદેશીય યુવકોદ્વારા એવી શકિત પ્રકટ થશે કે તેવડે ભરતખંડનું આધ્યાત્મિક સામ્રાજ્ય પુનઃ સ્થાપિત થશે. બંગદેશના યુવકો જેમનું રુધિર ઉત્સાહ ચેતન અને તીવ્ર લાગણીથી ભરપૂર છે તેઓમાંથી હજારો વીર પુરુષો ઉત્પન્ન થશે; અને તેઓ આપણા પૂર્વજોએ શોધેલાં સનાતન સત્યોનો પ્રચાર કરતા જગતના એક ખૂણાથી બીજા ખુણાસૂધી ઘૂમી વળશે. આ મહાન કાર્ય તમારી સન્મુખ મૂકવામાં આવ્યું છે; માટે મારું વ્યાખ્યાન સંપૂર્ણ કરતા પહેલાં હું તમને તે મહાન વાણી ફરીથી સંભળાવું છું:— **उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।** કદિ પણ તમારા હૃદયમાં ભયને સ્થાન આપતા નહિ. આખી માનવજાતિનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે જ્યારે જ્યારે શકિત પ્રકટ થઈ છે ત્યારે ત્યારે તે સાધારણ પ્રજાવર્ગમાંથીજ ઉત્પન્ન થઇ છે. જગતના તમામ પહેલા વર્ગના પ્રતિભાશાળી પુરુષો સામાન્ય લોકોમાંથીજ પ્રકટ થયા છે. ઇતિહાસમાં જેવા પ્રસંગ એકવાર બન્યા હતા તેવાજ બીજીવાર પણ બનશે. કોઇ પણ જાતની મુશ્કેલીથી પાછા હઠતા નહિ. તમે અદ્‌ભુત કાર્યો કરવા સરજાયા છો. જે ક્ષણે તમારા હૃદયમાં ભયનો સંચાર થયો તેજ ક્ષણે તમે શકિતહીન થઇ જશો. જગતમાં ભયજ વિપત્તિનું મુખ્ય કારણ છે. ભય એજ મોટામાં મોટો વહેમ છે. ભયવડેજ આપણી દુર્દશા થઇ છે. નિડરતા એક પળવારમાં મોટી મોટી મુશ્કેલીઓને ચૂર્ણ કરી નાખે છે; માટે 'ઉઠો, જાગ્રત થાઓ અને ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત કરતાંસુધી ઠરીને બેસતા નહિ.'

સદ્‌ગૃહસ્થો ! તમે મારા તરફ જે અનુગ્રહ બતાવ્યો છે તેને માટે હું ફરીથી તમારો આભાર માનું છું. મારી ઇચ્છા-પ્રબળ આંતરિક ઇચ્છા એજ છે કે જગતની અને ખાસ કરીને મારા સ્વદેશની અને સ્વદેશ બાંધવોની નજીવી પણ સેવા બજાવી શકું.

વેદાંતનું સાંગોપાંગ અવલોકન

(સ્વામીજીએ આ વ્યાખ્યાન કલકત્તાના સ્ટાર થિયેટરમાં આપ્યું હતું.)

અત્યંત પ્રાચીન યુગ કે જેનો હેવાલ લખાયલા ઇતિહાસદ્વારા અથવા દંતકથાઓના મંદ પ્રકાશદ્વારા પણ પ્રાપ્ત થતો નથી, તે સમયથી અને ત્યાર પહેલાના પણ અનંત યુગથી એક પ્રકાશ પોતાનાં કિરણ આખા જગત ઉપર એક સરખી રીતે નાખી રહ્યો છે. કોઇવાર બહારના સંજોગોમાંથી તેનો પ્રકાશ મંદ પડયો છે તો કોઇવાર અત્યંત ઉજ્જ્વલપણે ભભૂકી નીકળ્યો છે; પરંતુ કદિપણ તે સમૂળગો તો બંધ થયોજ નથી. એ પ્રકાશ માત્ર હિંદુસ્તાન ઉપરજ નહિ પરંતુ આખા જગતના વિચારસમૂહ ઉપર પોતાનાં પવિત્ર, સૌમ્ય, સ્નિગ્ધ અને દુર્લક્ષ્ય પણ સર્વ શક્તિમાન કિરણ પાથરી રહ્યો છે. પ્રભાતમાં વરસતા ઝાકળના બિન્દુની માફક શાંત અજ્ઞાતભાવે જગત્ ઉપર પડીને તેમાંની અત્યંત સુંદર ગુલાબની કલિઓને તે વિકસાવી રહ્યો છે. એ પ્રકાશ તે ઉપનિષદોના તત્વવિચારનો અથવા ભરતખંડના વેદાંતદર્શનનો છે. એનો આવિર્ભાવ ભરતખંડમાં કયારે થયો તે કોઇ કહી શકતું નથી. અનુમાનદ્વારા તેની ઉત્પત્તિનો કાળ શોધી કહાડવામાં તો નિષ્ફળતાજ મળે છે; પાશ્ચાત્ય વિદ્વાનોએ આ વિષયમાં કરેલાં અનુમાનો એટલાં તો પરસ્પર વિરુદ્ધ છે કે, તેમના અભિપ્રાયને આધારે કાળગણના કરવાનું બને એમજ નથી. આપણે હિંદુઓ તો આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી જોતા હોવાથી અમુક વ્યક્તિદ્વારા તેમની ઉત્પત્તિ થઇ છે એ માનતા જ નથી. હું નિડરપણે, વગર સંકોચે કહેવાને તૈયાર છું કે ઉપનિષદોનાં તત્ત્વવિચાર અથવા વેદાંતદર્શન મનુષ્યજાતિને પ્રાપ્ત થયેલા આધ્યાત્મિક વિચારસમૂહમાં સર્વથી પ્રાચીન અને સર્વથી શ્રેષ્ઠ છે. ભવિષ્યમાં પણ મનુષ્યની તર્કશક્તિ એનાથી આગળ જઇ શકશે નહિ; કેમકે વેદાંતના અંતિમ સિદ્ધાંતની શોધ થયા પછી આગળ વિશેષ શોધવાનું રહેતું જ નથી. એ વેદાંતના મહાસાગરમાંથી જ્ઞાનરૂપી પ્રકાશનાં મોજાં કોઇવાર પૂર્વ તરફ તો કોઇવાર પશ્ચિમ તરફ વેગભેર વહન કર્યાજ કરે છે. પ્રાચીનકાળમાં એના એક તરંગે પશ્ચિમ દિશામાં જઇને ઍથેન્સ, અલેક્ઝાંડ્રિયા અને ઍન્ટિઓકસના ગ્રીક તત્ત્વજ્ઞાનીઓના ચિંતનની દિશા પલટાવી નાખી હતી.

પ્રાચીન ગ્રીકપ્રજાનાં ચિંતન ઉપર સાંખ્યદર્શનની પ્રબળ અસર થઇ હતી એ સ્પષ્ટ રીતે માલમ પડે છે. એ સાંખ્યદર્શન તેમજ હિંદુસ્તાનમાં ઉત્પન્ન થયેલાં અન્યાન્ય દર્શનોનો આધાર કેવળ ઉપનિષદ્ અથવા વેદાંત ઉપરજ છે. હિંદુસ્તાનમાં જે પરસ્પર વિરુદ્ધ મતના અનેક સંપ્રદાયો પ્રાચીન કાળમાં હતા અને હાલમાં છે તે સર્વનું એકજ પ્રમાણ, તેમના સિદ્ધાંતનો એકમાત્ર આધાર ઉપનિષદો અથવા વેદાંતજ છે. તમે દ્વૈતવાદી હો, વિશિષ્ટાદ્વૈતવાદી હો, શુદ્ધાદ્વૈતવાદી હો અથવા કેવલાદ્વૈતવાદી

હો, ગમે તે વાદી હો પણ તમારે પ્રમાણ તરીકે, શાસ્ત્ર તરીકે, ધર્મગ્રંથ તરીકે માત્ર ઉપનિષદોનેજ માનવાં પડશે. હિંદુસ્તાનની અંદર જે ધર્મ ઉપનિષદ્‌ના પ્રમાણનો સ્વીકાર કરતો નથી, તેની સનાતન ધર્મની કોટિમાં ગણના થતી નથી. જૈનો અને બૌદ્ધોના મતને ભરતખંડ છોડવો પડ્યો, તેનું કારણ એજ હતું કે તેમણે ઉપનિષદોને પ્રમાણ ગણ્યાં ન હતાં. આથી કરીને વેદાંત ભરતખંડના તમામ સંપ્રદાયોમાં જાણ્યે અજાણ્યે પણ ઓતપ્રોત થઇ ગયું છે; અને જેને આપણે હિંદુધર્મ કહીએ છીએ તે અનંત શાખા પ્રશાખાયુક્ત મહાન્ વટવૃક્ષની રગેરગમાં વેદાંત પ્રસરી ગયું છે. આપણે માનીએ કે ન માનીએ તો પણ આપણા વિચારમાં, આપણા જીવનમાં, આપણા પ્રત્યેક શ્વાસોશ્વાસમાં વેદાંત, વેદાંત અને વેદાંતજ રમી રહ્યું છે. આપણે જીવતાં પણ વેદાંતી છીએ અને મરણ સમયે પણ વેદાંતી છીએ.

આટલામાટે હિંદુસ્તાનમાં અને હિંદુઓ સમક્ષ વેદાંતવિષે વ્યાખ્યાન કરવા ઉભા થવું એ અસંગત છે, પણ જો કોઇ વિષય વ્યાખ્યાન કરવાને યોગ્ય હોય તો તે વેદાંતજ છે; અને વિશેષ કરીને આ જમાનાને તેની અત્યંત જરૂર છે; કારણ કે હું તમને થોડા વખત ઉપરજ કહી ગયો છું, કે હિંદુસ્તાનના તમામ સંપ્રદાયો ઉપનિષદોને પ્રમાણ ગણે છે. તેમની વચ્ચે અનેક પ્રકારના દેખીતા મતભેદ જોવામાં આવે છે ખરા, પણ એમ તો ઘણી વાર પ્રાચીનકાળમાં મોટા મોટા ઋષિઓ પણ ઉપનિષદોનો પરસ્પર સમન્વય સમજી શકતા નહિ. તેઓમાં પણ અંદર અંદર મતભેદ ઉભા થતા હતા અને તેમાંથી એવા કલહ ઉત્પન્ન થતા કે જેનો મત બીજાના મતથી જુદો ન હોય તે ઋષિજ ન કહેવાય. **नासौ मुनिर्यस्य मतं न भिन्नम्।** એવી લોકમાન્યતા હતી, પણ હવે આ જમાનામાં એ વિરોધ હોવો ન જોઇએ. હાલ તો ઉપનિષદોના જુદા જુદા મંત્રોમાં જે ગૂઢ સમન્વય રહેલો છે તેનું ઉત્તમ રીતે સ્પષ્ટીકરણ કરીને તેનો દેશમાં પ્રચાર કરવાની આવશ્યકતા ઉભી થઇ છે. દ્વૈતવાદ, અદ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ અને એવા અનેક ભિન્ન ભિન્ન સંપ્રદાયોમાં જે સમન્વય છે તે જગતને સ્પષ્ટપણે સમજાવવાની જરૂર છે. એકલા ભરતખંડમાં ચાલતા ધર્મોમાં નહિ પણ આખા જગતના ભિન્ન ભિન્ન ધર્મોમાં જે સામ્ય દૃષ્ટિએ પડે છે, તે પણ સાથે સાથે સિદ્ધ કરી બતાવવાની જરૂર છે.

ઇશ્વરકૃપાથી એક મહાપુરુષના ચરણ આગળ બેસીને જ્ઞાન પ્રાપ્ત કરવાનું મારા પ્રારબ્ધમાં સરજાયું હતું. એમનું સમગ્ર જીવનજ ઉપનિષદોના સમન્વયરૂપ હતું. એમના ઉપદેશ કરતાં એમનું જીવન વિશેષરૂપે ઉપનિષદોના મૂર્તિમાન્ ભાષ્યતુલ્ય હતું. જાણે ઉપનિષદ્‌નું તત્વજ્ઞાનજ મનુષ્યરૂપ ધારણ કરીને પ્રકટ થયું હોય એવા તે મહાપુરુષ હતા. એ સમન્વયનો કાંઇક અંશ મને પ્રાપ્ત થએલો છે, પણ હું તેને તમારી સમક્ષ વ્યક્ત કરી શકીશ કે નહિ તેવિષે મને સંદેહ રહે છે; પરંતુ વેદાં-

તિક સંપ્રદાયો વચ્ચે વાસ્તવિક વિરોધ નથી, તેઓ એકબીજાના મતનું સમર્થન કરે છે, એકબીજાની અપેક્ષા રાખે છે અને અન્યોન્યની ન્યૂનતા પૂર્ણ કરે છે. માનવજાતિનું પરમ લક્ષ્ય અદ્વૈત સિદ્ધાંતની ઉંચામાં ઉંચી **તત્ત્વમસિ**ની ભાવનાએ પહોંચવાની નિસરણીનાં તેઓ એક ઉપર એક આવેલાં પગથીઆંરૂપ છે, એ સિદ્ધ કરવાનું જીવનવ્રત મેં આદર્યું છે.

એક સમય એવો પણ હતો કે જ્યારે હિંદુસ્તાનમાં કર્મકાંડનો પૂર્ણ અધિકાર જામેલો હતો. વેદના કર્મકાંડમાં અનેક ઉચ્ચ આદર્શો છે એમાં તો સંદેહ નથી હજી પણ આપણાં નિત્યનૈમિત્તિક કર્મો, પૂજાઓ એ કર્મકાંડને આધારેજ થાય છે. આટલું, છતાં પણ કર્મકાંડનો અધિકાર આપણા દેશમાંથી ઘણો સમય થયાં નષ્ટ થઇ ગયો છે. આપણાં રોજનાં જીવન વૈદિક કર્મકાંડનાં અનુશાસન પ્રમાણે ઘણાજ થોડા પ્રમાણમાં નિયંત્રિત થએલાં છે. સેંકડો વેદોક્ત વિધાનો જે પ્રાચીનકાળમાં નિત્ય કરવામાં આવતાં તેવિષે પોતાને કર્મકાંડી અને આચારનિષ્ઠ કહેવડાવનો હાલનો બ્રાહ્મણ જાણતો પણ નથી. આપણા રોજના વ્યવહારમાં પુરાણ કે *તંત્રનો અંશ અધિક પ્રમાણમાં જોવામાં આવે છે; અને જ્યાં વૈદિક મંત્રોનો ઉપયોગ થાય છે ત્યાં પણ તેમનો ક્રમ વેદાનુસાર ન થતાં ઘણે ભાગે પુરાણ અથવા તંત્રની પદ્ધતિ પ્રમાણે ગોઠવાય છે; તેથી કરીને વેદોક્ત કર્મકાંડના આપણે અનુયાયી છીએ માટે આપણે વૈદિક ધર્મ પાળીએ છીએ એ મત મને અસંગત લાગે છે; પણ આપણે બધા વૈદિક નહિ તો વેદાંતી તો છીએજ. બધા હિંદુઓને—દ્વૈતવાદી તેમજ અદ્વૈતવાદી હિંદુઓને—વેદાંતવાદી એવુંજ સામાન્ય નામ આપવું જોઇએ.

હિંદુસ્તાનમાં હાલ જે જે સંપ્રદાયો પ્રચલિત છે તેમને બે મોટા વિભાગમાં વહેંચી શકાય છે, એક દ્વૈતવાદી અને બીજા અદ્વૈતવાદી. એ બેઉની અંદર આવેલા નાના નાના સંપ્રદાયો અમુક નજીવા મતભેદને વિશેષ મહત્ત્વ આપે છે અને તેને આધારે વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત એવાં જુદાં જુદાં નામથી ઓળખાય છે, તોપણ તે બધાએ અદ્વૈતવાદીજ છે એમ કહેવાને હરકત નથી. સાધારણ રીતે વર્ગીકરણ કરતાં તો અમુક સંપ્રદાયોને દ્વૈતવાદી અને અમુકને અદ્વૈતવાદીજ કહેવા પડે છે. કેટલાક આધુનિક સંપ્રદાય નવીન છે અને કેટલાક પ્રાચીન સંપ્રદાયોને નવીનરૂપ આપીને ઉપજાવી કહાડેલા છે. દ્વૈતવાદી સંપ્રદાયોનો રામાનુજના જીવન અને તત્ત્વદર્શનમાં સમાવેશ થાય છે અને અદ્વૈતવાદી સંપ્રદાયોના પ્રતિનિધિ તરીકે શંકરાચાર્યના તત્ત્વદર્શનને ગણી શકાય છે. રામાનુજ ભરતખંડના અર્વાચીન યુગના મુખ્ય દ્વૈતવાદી દાર્શનિક છે. બીજા

* બંગાળામાં તંત્રનો અને તેથી કરીને શક્તિની ઉપાસનાનો વિશેષ પ્રચાર છે. ત્યાં શૈવ માર્ગનું પ્રાબલ્ય ઘણુંજ અલ્પ છે. ઉંચી જ્ઞાતિના લોકોનો મોટો ભાગ શાક્ત છે. બાકીના વૈષ્ણવ છે. ગુજરાતમાં તંત્રની અસર છેજ નહિ એમ કહીએ તો ચાલે. ભા૦ ક૦

દ્વૈતવાદી સંપ્રદાયોએ પરોક્ષ રીતે કે અપરોક્ષ રીતે રામાનુજના સિદ્ધાંતો માન્ય રાખ્યા છે અને તેમના બંધારણની નાની નાની બાબતોમાં પણ તેમણે તેમનાજ નિયમનું અક્ષરે અક્ષર અનુકરણ કર્યું છે. જો રામાનુજના ધર્મપ્રચારના કાર્ય સાથે હિંદુસ્તાનના બીજા દ્વૈતવાદી વૈષ્ણવ સંપ્રદાયોના કાર્યની તુલના કરશો તો તેમના ઉપદેશમાં, સાધનપદ્ધતિમાં અને સાંપ્રદાયિક નિયમોમાં અત્યંત સામ્ય જોઇને તમે ચકિત થઇ જશો. બીજા વૈષ્ણવ આચાર્યોમાં દાક્ષિણાત્ય આચાર્યશિરોમણિ મધ્વમુનિ અને તેમના અનુયાયી આપણા બંગદેશીય મહાપ્રભુ ચૈતન્ય એ બે મુખ્ય છે. ચૈતન્યે મધ્વાચાર્યનોજ મત બંગાળામાં પ્રવર્તાવ્યો હતો. દક્ષિણમાં બીજા કેટલાક નાના નાના સંપ્રદાયો છે, તેઓ ઘણા ખરા વિશિષ્ટાદ્વૈતવાદી શૈવ છે. હિંદુસ્તાનના ઘણાખરા શૈવમતના લોકો અદ્વૈતવાદી છે. માત્ર લંકા અને દક્ષિણ હિંદુસ્તાનના કેટલાક ભાગના લોકો શૈવ છતાં અદ્વૈતવાદી નથી. તેમનામાં અને વૈષ્ણવોમાં તફાવત માત્ર એટલોજ છે કે તેઓ વિષ્ણુને ઠેકાણે શિવનું સ્થાપન કરે છે. માત્ર જીવાત્માના પરિમાણ સંબંધી સિદ્ધાંત સિવાય બીજી બધી વાતે તેઓ રામાનુજના મતના અનુયાયી છે. રામાનુજના મત પ્રમાણે આત્મા અણુ જેવો એટલે અત્યંત નાનો છે. શંકરાચાર્યના અનુયાયીઓ આત્માને વિભુ એટલે સર્વવ્યાપી માને છે. અદ્વૈતવાદી સંપ્રદાયો પણ પ્રાચીનકાળમાં ઘણા હતા, પણ શંકરાચાર્યે બધાને પોતાના સંપ્રદાયમાં સમાવી દીધા એવું અનુમાન કરવાને પૂરતાં કારણ મળી આવે છે. કેટલાંક ભાષ્યોમાં અને ખાસ કરીને વિજ્ઞાનભિક્ષુ જે અદ્વૈતવાદી હતો, તોપણ જેણે શંકરાચાર્યના માયાવાદનું ખંડન કરવાનો પ્રયત્ન કર્યો હતો, તેના ભાષ્યમાં શંકરાચાર્ય ઉપર કોઈ કોઇવાર પ્રહાર થતા જોવામાં આવે છે. માયાવાદને નહિ માનનારા સંપ્રદાયો પણ હતા અને તેમાંના કેટલાક તો શંકરાચાર્યને "પ્રચ્છન્ન બૌદ્ધ"* કહેતાં પણ સંકોચાતા ન હતા. તેઓ એમ માનતા કે શંકરાચાર્યે બૌદ્ધ ધર્મના માયાવાદને વેદાંતમાં ઘુસાડી દીધો છે. એ ગમે તેમ હોય પણ હાલમાં તો બધા અદ્વૈતવાદીઓ પોતાને શંકરાચાર્યના અનુયાયી તરીકેજ ઓળખાવે છે; શંકરાચાર્ય અને તેમના અનુયાયીઓએ ઉત્તર તેમજ દક્ષિણ હિંદુસ્તાનમાં અદ્વૈતવાદનો સારો પ્રચાર કર્યો છે. તેમનો પ્રભાવ બંગાળા, કાશ્મીર અને પંજાબમાં ઝાઝો પડ્યો નથી, પણ દક્ષિણના બધા સ્માર્ત લોકો શંકરાચાર્યનાજ અનુયાયી છે; અને તેમના ધર્મપ્રચારનું કેન્દ્ર કાશીમાં હોવાથી ઉત્તર હિંદના ઘણાખરા પ્રદેશમાં તેમણે સારી પ્રતિષ્ઠા મેળવી છે.

રામાનુજ અને શંકરાચાર્ય બેઉમાંથી એકે પણ નવીન તત્ત્વની શોધ કરવાનો કદિ પણ દાવો કર્યો નથી. રામાનુજ પોતેજ સ્પષ્ટ રીતે કહે છે કે મેં બોધાયન ભાષ્યનું અનુસરણ કરીને તેને આધારેજ વેદાંતસૂત્ર ઉપર વ્યાખ્યાન લખ્યું છે.

* બહારથી વેદને માનનારા પણ છુપા વેશમાં બૌદ્ધ મતનો.

જેમકેઃ—"**भगवद्बोधायनकृतां विस्तीर्णां ब्रह्मसूत्रवृत्तिं पूर्वाचार्याः संचिक्षिपुः तन्मतानुसारेण सूत्राक्षराणि व्याख्यास्यन्ते**" એવો ઉલ્લેખ તે પોતાના ભાષ્યના આરંભમાંજ કરે છે. અર્થાત્ ભગવાન્ બોધાયને બ્રહ્મસૂત્ર ઉપર જે વિસ્તીર્ણ ભાષ્ય રચ્યું હતું તેને પૂર્વે થઇ ગએલા આચાર્યોએ સંક્ષેપમાં સમજાવ્યું છે, તેને આધારે હું સૂત્રના શબ્દોનો અર્થ કરું છું. આ પ્રમાણે રામાનુજ પોતે રચેલા શ્રીભાષ્યના આરંભમાં પ્રસ્તાવના કરે છે. બોધાયને રચેલું ભાષ્ય જોવાનો મને કદિ પ્રસંગ મળ્યો નથી. મેં મારા ભરતખંડના પ્રવાસ દરમ્યાન બધે ઠેકાણે એની શોધ કરી હતી, પણ એ ગ્રંથ હું જોવાજ પામ્યો નથી. સ્વર્ગસ્થ સ્વામી દયાનંદ સરસ્વતી વ્યાસસૂત્ર ઉપર બોધાયને કરેલા ભાષ્ય સિવાય બીજા કોઇ પણ ભાષ્યને માન્ય રાખતા નહિ; અને જ્યારે જ્યારે તક મળે ત્યારે રામાનુજ ભાષ્ય ઉપર આક્ષેપ પણ કર્યા વગર રહેતા નહિ. એમ છતાં તે પણ બોધાયનકૃત ભાષ્યની એક પણ પ્રત બતાવી શક્યા ન હતા; પણ રામાનુજ સ્પષ્ટપણે લખે છે કે મેં બોધાયન ભાષ્યના તમામ વિચાર અને ઘણેખરે ઠેકાણે તો તેના શબ્દે શબ્દ ટાંકીને મારૂં શ્રીભાષ્ય રચ્યું છે. શંકરાચાર્યે પણ એજ પદ્ધતિ ગ્રહણ કરી હતી એવી સાબિતી મળી આવે છે. તેમણે રચેલા ભાષ્યમાં કોઇ કોઇ ઠેકાણે એમની પૂર્વે થઇ ગયેલા ભાષ્યકારોના ઉલ્લેખ જોવામાં આવે છે. વળી તેમના ગુરુ અને ગુરુના ગુરુ તેમના પોતાનાજ મતના અદ્વૈતવાદી વેદાંતીઓ હતા અને અદ્વૈત સિદ્ધાંતને શંકરાચાર્યના કરતાં પણ વધારે સ્પષ્ટપણે અને નિડરપણે સ્થાપિત કરતા હતા. તે ઉપરથી સિદ્ધ થાય છે કે શંકરાચાર્યે તદ્દન નવીન મત પ્રવર્તાવ્યો ન હતો, પણ તેમણે પોતાના ભાષ્યમાં રામાનુજની માફકજ કોઇ પ્રાચીન ભાષ્યકારનો આધાર લીધો હતો; પણ કયા ભાષ્યકારનો તે નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી.

આપણે હાલ જે જે દર્શનોનાં નામ સાંભળીએ છીએ તે સર્વનો મૂળ આધાર ઉપનિષદોજ છે. જ્યારે જ્યારે તેમને શ્રુતિનું પ્રમાણ આપવાની જરૂર પડે છે, ત્યારે તેઓ હમેશાં ઉપનિષદ્માંનાજ શ્લોકનું અવતરણ લે છે. ઉપનિષદ્માંથી બીજા કેટલાક તત્ત્વજ્ઞાનના સંપ્રદાય આપણા દેશમાં ઉત્પન્ન થયા હતા, પણ જે પ્રતિષ્ઠા વ્યાસપ્રણીત વેદાંતદર્શને પ્રાપ્ત કરી હતી અને તેનો જેટલો પ્રભાવ જનસમાજમાં પડ્યો હતો, તેની તેમને કદિપણ પ્રાપ્તિ થઇ નથી. વેદાંતદર્શન પણ તેની પૂર્વે થઇ ગએલા સાંખ્યદર્શનના વિશેષ વિકાસરૂપ છે. એ સાંખ્યદર્શનના પ્રણેતા કપિલમુનિ હતા. હિંદુસ્તાન તો શું પણ આખા જગતની તમામ પ્રકારની ફિલસુફીના મૂળ પ્રણેતા કપિલમુનિજ મનાય છે. માનસશાસ્ત્ર અને તત્વજ્ઞાનના વિષયમાં **सिद्धानां कपिलो मुनिः।** (ગીતા. અ૦ ૧૦, શ્લો૦ ૨૬) કપિલના કરતાં ચડીઆતો વિદ્વાન્ ભરતખંડમાં ભાગ્યેજ જન્મ્યો હશે. જગતના તમામ દેશના તત્વજ્ઞાન ઉપર કપિલના વિચારની

ચોકખી છાપ જણાઇ આવે છે. જ્યાં જ્યાં તત્ત્વજ્ઞાનનો પ્રતિષ્ઠિત મત જોવામાં આવે છે ત્યાં ત્યાં કપિલના વિચારની અસર ખરીજ. કપિલને થઇ ગયે હજારો વર્ષ વીતી ગયાં છે, તોપણ હજી જગત્‌ના દાર્શનિક સિદ્ધાંતો ઉપર પોતાનો અપૂર્વ પ્રભાવ પાડતા પ્રતિભાશાળી, યશસ્વી કપિલમુનિ પોતાના અક્ષરદેહથી વિદ્યમાનજ છે. હિંદુસ્તાનના તમામ સંપ્રદાયો કપિલનું માનસશાસ્ત્ર અને તેના દાર્શનિક સિદ્ધાંતોને માન્ય રાખે છે. માત્ર જૂજ જૂજ બાબતમાંજ મતભેદ છે.આપણા પોતાના દેશમાં (બંગાળામાં) નૈયાયિક પંડિતો હિંદુસ્તાનના દાર્શનિક પ્રદેશ ઉપર પોતાનો પ્રભાવ વિશેષપણે બેસાડી શકયા નથી. તેઓ ન્યાયશાસ્ત્રની ઝીણી ઝીણી વ્યાખ્યાઓ, સામાન્ય, વિશેષ, જાતિ, દ્રવ્ય, ગુણ વગેરે અત્યંત કઠિન પારિભાષિક શબ્દો જેને યથાર્થ રીતે સમજતાં આખી જિંદગી નીકળી જાય, એવી એવી બાબતોનુંજ વિવેચન કરતા હતા. ન્યાયશાસ્ત્રનેજ તેમણે મુખ્ય વિષય માન્યો અને દર્શનશાસ્ત્રની ચર્ચા વેદાંતવાદીઓના હાથમાં રહેવા દીધી; તોપણ હિંદુસ્તાનના તમામ દાર્શનિક સંપ્રદાયોએ બંગાળી નૈયાયિકોનીજ પરિભાષા ગ્રહણ કરી છે. જગદીશ, ગદાધર અને શિરોમણિનાં નામ +નદીઆમાં જેટલાં પ્રસિદ્ધ છે. તેટલાંજ ભરતખંડનાં દૂરનાં શહેરોમાં પણ વિદ્વાનોને જાણીતાં થયાં છે, પણ વ્યાસપ્રણીત વેદાંતદર્શને આખા ભરતખંડમાં સ્થાયી પ્રતિષ્ઠા મેળવી છે.પ્રાચીન વૈદિક સિદ્ધાંતોને દાર્શનિક સ્વરૂપ આપ્યાથી વ્યાસસૂત્રની પ્રતિષ્ઠા હમેશને માટે સ્થાપિત થઇ ચૂકી છે.જે જે ભાષ્યકારો પાછળથી થયા તેમને પોતાના સિદ્ધાંતની ઇમારતનો પાયો વ્યાસસૂત્ર ઉપરજ રાખવો પડ્યો હતો. વેદાંતદર્શનમાં બુદ્ધિવાદને સંપૂર્ણ રૂપે શ્રુતિને આધીન રાખ્યો છે. શંકરાચાર્ય પણ લખે છે કે વ્યાસે સ્વતંત્રપણે દલીલ કરવાની દરકાર રાખીજ નથી, વ્યાસસૂત્રનો એકજ ઉદ્દેશ હતો કે વેદાંતના મંત્રોરૂપી પુષ્પોને એક સૂત્રથી ગૂંથીને તેમની માળા તૈયાર કરવી. જેટલે અંશે તે ઉપનિષદ્‌નું અનુસરણ કરે છે તેટલેજ અંશે તે પ્રમાણભૂત મનાય છે. એના કરતાં વિશેષ અધિકાર તેમને આપી શકાતો નથી.

ભરતખંડના તમામ સંપ્રદાયો વ્યાસસૂત્રને સર્વશ્રેષ્ઠ પ્રમાણ માનતા આવ્યા છે; અને જે જે નવા સંપ્રદાયો ઉભા થાય છે તેમના પ્રવર્તકોને વ્યાસસૂત્ર ઉપર પોતાના મતાનુસાર નવીન ભાષ્ય રચવું પડે છે. એ ભાષ્યકારોના સિદ્ધાંતોમાં ઘણીવાર ભયંકર મતભેદ જોવામાં આવે છે. આટલો મતભેદ છતાં પણ દરેકને પોતપોતાનો સિદ્ધાંત વ્યાસસૂત્રને આધારેજ સ્થાપિત કરવો પડે છે. પોતાને મનમાનતો અર્થ વ્યાસસૂત્રમાંથી નીચોવી કહાડવામાટે ભાષ્યકારો પોતાની બુદ્ધિના પ્રભાવથી, ભાષાજ્ઞાન અને તર્કશાસ્ત્રની કુશળતાથી મૂળ શ્લોકને મારી મચડીને એવા તો વિકૃત કરી નાખે છે કે તે જોતાં ત્રાસ છૂટે છે; છતાંપણ વ્યાસસૂત્ર મુખ્ય પ્રમાણ તરીકે પરાપૂર્વથી મનાઈ ચૂકયાં

+ સંસ્કૃતના અધ્યયનમાટે અને વિશેષે કરીને ન્યાયશાસ્ત્રમાટે એ નામાંકિત શહેર કલકત્તાની ઉત્તરે ૭૦ માઈલને છેટે આવેલું છે,તેમાં ચૈતન્યનો જન્મ થયો હતો. ભા૦ ક૦

છે. એ વ્યાસસૂત્ર ઉપર પોતાના સંપ્રદાયના સિદ્ધાંતની રચના ન કરતાં સ્વતંત્રપણે કરે, તો તે સંપ્રદાય હિંદુસ્તાનમાં સનાતનધર્મની કોટિમાં ન ગણાતાં નાસ્તિક ધર્મમાંજ ગણાઇ જાય. આવી સ્થિતિ હોવાથી દરેક સંપ્રદાયના મૂળ આચાર્યને વ્યાસસૂત્ર ઉપર નવીન ભાષ્ય રચવાની ફરજ પડી છે.

વ્યાસસૂત્રથી પ્રમાણભૂત ગ્રંથોમાં બીજો નંબર ગીતાનો છે. શંકરાચાર્યે ગીતાના ઉપદેશોનો પ્રચાર કર્યાથીજ ઉચ્ચ સ્થાન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યાં છે. આ મહાપુરુષે તેના અલ્પ પણ મહિમાવાન્ જીવનમાં જેજે મહાન્ કાર્ય કર્યાં છે, તેમાં તેમણે ગીતા ઉપર જે અત્યંત સુંદર ભાષ્ય રચ્યું છે તે સર્વોપરિ છે. સનાતન ધર્મનું અવલંબન કરનારા દરેક સંપ્રદાયના આચાર્યે શંકરાચાર્યની માફક એક એક ગીતાભાષ્ય લખ્યું છે.

ઉપનિષદોની સંખ્યા ઘણી મોટી છે. કેટલાકનો એવો અભિપ્રાય છે કે ઉપનિષદોની કુલ સંખ્યા ૧૦૮ છે. કેટલાક એથી પણ વધારે છે એમ માને છે. એમાંનાં કેટલાંક તે ખુલ્લી રીતે આધુનિકજ દેખાય છે. દાખલા તરીકે અલ્લોપનિષદ્ એમાં અલ્લાની સ્તુતિ કરેલી છે અને મહમદને રજસુલ્લા એવું નામ આપેલું છે. મને એવી ખબર મળી છે કે એ ઉપનિષદ્ અકબરના સમયમાં લખાયું હતું. એનો ઉદ્દેશ હિંદુમુસલમાન વચ્ચે ઐકય કરવાનો હતો. સંહિતામાં "અલ્લા" અથવા "ઇલ્લા" એવા કેટલાક શબ્દો છે તે ઉપરથી કોઇએ આ ઉપનિષદ્ ઉપજાવી કહાડ્યું છે. આ ઉપરથી અલ્લોપનિષદ્‌માં મહમદને રજસુલ્લા કહ્યા છે. રજસુલ્લા શબ્દ કયા અર્થમાં વાપર્યો છે તે મારા જાણ્યામાં નથી. એવીજ જાતનાં બીજાં કેટલાંક સાંપ્રદાયિક ઉપનિષદો પણ છે. તેમની રચના છેક આધુનિક સમયમાંજ થએલી છે. વેદના સંહિતા વિભાગની ભાષા એવી પ્રાચીન છે કે તેને વ્યાકરણના નિયમ લાગુ પડી શકતાજ નથી; તેથી કરીને એવાં ઉપનિષદો બનાવી કહાડવાં એ બહુજ સહેલી વાત છે. ઘણાં વર્ષ ઉપર વેદનું વ્યાકરણ શીખવાનો મેં વિચાર કર્યો હતો, અને ભારે ઊલટથી પાણિનિ અને મહાભાષ્યનો અભ્યાસ કરવા માંડ્યો; પણ થોડોઘણો અભ્યાસ કર્યા પછી મને ઘણા આશ્ચર્ય સાથે માલમ પડ્યું કે વેદના વ્યાકરણનો મોટો ભાગ સંસ્કૃત વ્યાકરણના સામાન્ય નિયમોના અપવાદનોજ બનેલો છે. બસ, વ્યાકરણમાં અમુક નિયમ અપાય છે અને તરતજ નીચે ટિપ્પણ હોય છે કે "વેદમાં આ નિયમ લાગુ પડતો નથી." આ ઉપરથી તમને માલુમ પડશે કે હરકોઈ માણસ વેદની ભાષાને મળતું કાંઇ લખી નાખે તો તે વેદ તરીકે મનાઈ જાય, એમાં સંદેહ નથી. માત્ર યાસ્કકૃત નિરુકત (वैदिक શબ્દકોષ) દ્વારાજ એ ચોરી પકડાઈ જવાનો સંભવ છે; પરંતુ એમાં પણ એકાર્થવ્યંજક અનેક શબ્દો આપેલા છે. આમ હોવાથી ગમે તેટલાં ઉપનિષદો બનાવી કહાડતાં મુશ્કેલી પડતી નથી. માત્ર થોડુંઘણું સંસ્કૃત અને ઉપર ઉપરથી વેદના જેવા લાગે એવા શબ્દો બનાવી કહાડતાં આવડવું જોઇએ. વ્યાકરણના

નિયમોનો ભંગ થવાની તો ફિકરજ નથી. રજસુલ્લા અથવા ગમે તે સુલ્લાને સહેલાઇથી ગોઠવી શકાય છે. આ પ્રમાણે ઘણાં બનાવટી ઉપનિષદો લખાયાં છે અને મેં સાંભળ્યું છે કે હજી પણ એ ઉદ્યોગ ચાલુ છે. હું નિશ્ચયપૂર્વક માનું છું કે હજીપણ હિંદુસ્તાનમાં કોઇ કોઇ ઠેકાણે જુદા જુદા સંપ્રદાયોમાં પણ એવાં ઉપનિષદોની બનાવટ થાય છે; પરંતુ એવાં કેટલાંક ઉપનિષદો છે કે જે જોતાંવારજ અસલ અને ખરેખરાં ઉપનિષદો તે હોવાં જોઇએ એમ આપણને સહજ સમજાઇ જાય છે, અને તેમના ઉપરજ શંકરાચાર્ય, રામાનુજ અને બીજા ભાષ્યકારોએ ભાષ્યો રચ્યાં છે.

હવે એ ઉપનિષદોવિષે બીજી એક બે બાબતો તમારા ધ્યાનપર લાવવા ઇચ્છું છું. ઉપનિષદો જ્ઞાનના અગાધ મહાસાગરતુલ્ય છે; અને મારા જેવો સામર્થ્યહીન પુરુષ તેમાંના તમામ વિચાર ઉપર વ્યાખ્યાન કરવા બેસે તો વરસનાં વરસ વીતી જાય. એકજ વ્યાખ્યાનમાં એવાં ગંભીર સત્યોનો સમાવેશ કરવો એ મારા જેવા માટે અસંભવિત કાર્ય છે; માટે ઉપનિષદ્‌નું અવલોકન કરતાં મેં જે વિચાર ગ્રહણ કર્યા છે તેમાંથી માત્ર એકાદ બે તમને જણાવવાની મારી ઇચ્છા છે. પ્રથમ તો ઉપનિષદો એક અપૂર્વ કાવ્યનો ભંડાર છે. વેદના સંહિતાવિભાગમાં ઘણીવાર આપણને અદ્‌ભુત કાવ્યસૌન્દર્યનો પરિચય થાય છે. દાખલા તરીકે ઋગ્વેદ સંહિતામાંના નાસદીય સૂક્તનું અવલોકન કરીએ. એની અંદર પ્રલયસમયે થતા ગંભીર અંધકારનું વર્ણન એક શ્લોકમાં આપેલું છેઃ-"**तम आसीत्तमसागूढमग्रे**" ઇત્યાદિ. અર્થાત્ "જ્યારે અંધકાર ઉપર અંધકારનું આવરણ આવેલું હતું." આ પંક્તિ વાંચતાં એમ નથી લાગતું કે એ અદ્‌ભુત ગાંભીર્યયુક્ત કાવ્ય છે. તમને વિદિત હશે કે આપણા દેશમાં તેમજ અન્ય દેશોમાં ગંભીર ભાવનાને કાવ્યમાં ઉતારવાનો યત્ન ઘણા કવિઓએ કરેલો છે. હિંદુસ્તાન સિવાયના બીજા તમામ દેશના કવિઓ જ્યારે ગંભીર ભાવને આલેખવાનો યત્ન કરે છે, ત્યારે તેમની શક્તિ હમેશ જડ પ્રકૃતિની અનંતતાના વર્ણનસુધીજ પહોંચી શકે છે—અનંત પ્રકૃતિનું બાહ્ય શરીર, અનંત જડ સૃષ્ટિ, અનંત અવકાશ—એનાથી તેઓ આગળ જઇ શકતા નથી. જ્યારે જ્યારે મિલ્ટન અથવા ડેન્ટી અથવા બીજો કોઇ પણ પ્રાચીન અથવા આધુનિક મહાન યૂરોપિયન કવિ અનંતતાનું ચિત્ર આલેખવાનો યત્ન કરે છે, ત્યારે તે કવિત્વરૂપી પાંખની મદદથી બાહ્ય પ્રદેશમાં ઘણે ઉંચેસુધી ભ્રમણ કરીને અનંત બાહ્ય પ્રકૃતિનો આભાસ કાવ્યમાં ઉતારી શકે છે. આપણા દેશમાં પણ અમુક સમયસુધી કવિઓની કલ્પનાશક્તિ માત્ર બાહ્ય સૃષ્ટિમાંજ નિબદ્ધ હતી. તમે સંહિતા જોશો તો જણાશે કે બાહ્ય પ્રકૃતિના અનંત વિસ્તારનાં એવાં અદ્‌ભુત ચિત્રો વાંચનાર સમક્ષ રજુ કરેલાં છે કે, તેની તુલનાનાં કાવ્ય અન્ય દેશના સાહિત્યમાંથી ભાગ્યેજ મળી આવશે. "**तम आसीत्तमसा गूढमग्रे**"એ પંક્તિ સ્મરણમાં રાખો અને પછી ત્રણ જુદા જુદા કવિઓએ કરેલાં અંધકારનાં વર્ણન સરખાવો. કવિ

કાલિદાસ અંધકારનું વર્ણન કરતાં લખે છે કેઃ–"સોયના અણીથી વીંધાય એવો ગાઢ અંધકાર." મિલ્ટન નરકનું વર્ણન કરતાં લખે છે કેઃ–"પ્રકાશ ન હતો પણ દૃશ્યમાન અંધકાર હતો.." પણ હવે ઋગ્વેદ સંહિતાનું વર્ણન જુઓઃ–" અંધકારના આવરણથી ઢંકાયલો અંધકાર. " આપણે ઉષ્ણ કટિબંધમાં વસનારા હોવાથી આ ભાવ સહેલાઇથી ગ્રહણ કરી શકીએ છીએ. જ્યારે ચોમાસામાં આકાશ એકાએક કાળાં વાદળાંથી છવાઇને ઘનઘોર બની જાય છે અને વાદળાંના થર ઉપર થર જામતા જાય છે, તે વખતે આ પંક્તિમાં કરેલું વર્ણન આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ. એ પ્રમાણે ગંભીર અંધકારનું વર્ણન આગળ ચાલે છે પણ આ કાવ્ય કવિતાની દૃષ્ટિએ અત્યંત મનોહર છતાં હજી બાહ્ય પ્રકૃતિના પ્રદેશથી વધારે આગળ જતું નથી. બીજા દેશમાં જેમ જડ પ્રકૃતિના પૃથક્કરણ અને અવલોકનદ્વારા માનવ જીવનનો મહાન્ પ્રશ્ન ઉકેલવાના યત્નો થયા હતા, તેમ આપણા દેશમાં પણ અમુક સમયસુધી કવિ અને તત્ત્વચિંતકની બુદ્ધિ જડ પ્રકૃતિથીજ અટકતી હતી. જેમ ગ્રીક ફિલસુફો અને આધુનિક યૂરોપિયન ફિલસુફો તથા વૈજ્ઞાનિકો માનવજીવન તથા જગતની ઉત્પત્તિને લગતા મહાન્ પ્રશ્નનો ઉત્તર બાહ્ય પ્રકૃતિમાંથી મેળવવાનો યત્ન કરે છે, તેમ શરૂઆતમાં આપણા પૂર્વજો પણ કરતા હતા; અને જેમ આધુનિક પાશ્ચાત્ય વિદ્વાનો સંતોષકારક ઉત્તર મેળવી શકતા નથી તેમ આપણા પૂર્વજો પણ મેળવી શક્યા ન હતા; પણ પાશ્ચાત્ય વિદ્વાનો એક પગલું આગળ ગયા નહિ અને જતા પણ નથી. બાહ્ય પ્રકૃતિના અવલોકનમાંથી જીવન અને મરણસંબંધી પ્રશ્નનો ઉત્તર નથી મળતો, તોપણ હજી તેઓ હતા ત્યાં ને ત્યાંજ છે. બારીકમાં બારીક યંત્રોવડે હજી પણ પરમ સત્યની પ્રાપ્તિ થશે એવી આશાએ બાહ્યસૃષ્ટિના અવલોકનમાંજ ગૂંથાઇ રહ્યા છે. આપણા પૂર્વજોને પણ તેમના જેવીજ નિષ્ફળતા મળી હતી, પણ તેમણે નિડરપણે જાહેર કર્યું કે પરમ સત્યોનાં દર્શન કરવા ઇન્દ્રિયો અસમર્થ છે. લેશમાત્ર પણ સંકોચ કે ભય લાવ્યા વગર ઉપનિષદ્ જાહેર કરે છે કેઃ–**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह । न तत्र चक्षुर्गच्छति न वाग् गच्छति ।** " જ્યાંથી મનની સાથે વાણી પાછી વળે છે; જ્યાં ચક્ષુ જઇ શકતાં નથી; જ્યાં વાણી પહોંચી શકતી નથી. " ઉપનિષદોમાં એવાજ ભાવાર્થના અનેક શ્લોક છે. તેઓ સ્પષ્ટપણે ઉદ્ઘોષ કરે છે કે સત્યની પ્રાપ્તિ ઇન્દ્રિયોવડે થઇ શકતી નથી, પણ આટલું જણાવીને આપણા પૂર્વજો અટક્યા ન હતા. જ્યારે બાહ્ય પ્રકૃતિમાંથી ઉત્તર ન મળ્યો ત્યારે તેમણે મનુષ્યની આન્તર પ્રકૃતિનું અવલોકન અને પૃથક્કરણ કરવા માંડ્યું. જે પ્રશ્નનો ઉત્તર તેમને પ્રાપ્ત કરવો હતો તે પ્રશ્ન તેમણે પોતાના અંતરાત્માને પૂછ્યો. તેમણે પોતાની વૃત્તિને અંતરમાં વાળી. તેમને ખાત્રી થઇ હતી કે જડ સૃષ્ટિમાંથી એ મહાપ્રશ્નનો ઉત્તર મેળવવાની આશા વ્યર્થ છે. તેમાંથી કોઇ પણ ઉપાયે ઉત્તર મળશે નહિ, તેથી એ ચેતનરહિત જડ

સૃષ્ટિનો ત્યાગ કરીને તેઓ જ્યોતિર્મય આત્મા તરફ વળ્યા અને ત્યાંથી ઉત્તર મળ્યો કેઃ—

तमेवैकं विजानथ आत्मानं अन्या वाचो विमुञ्चथ ।

" એકલા આત્માનેજ ઓળખો; બીજો બકવાદ જવા દો " એવું તેમણે સ્પષ્ટપણે જાહેર કર્યું. " આત્મામાંથીજ તેમના પ્રશ્નનું સમાધાન થયું; આત્માના તત્ત્વનું અવલોકન કરતાં કરતાં પરમ આત્મા, ઈશ્વર, બ્રહ્માંડનો અધિપતિ પરમેશ્વર-તેનું જ્ઞાન થયું. પરમાત્મા અને જીવાત્મા વચ્ચે કેવા પ્રકારનો સંબંધ છે, આપણું તેના તરફ શું કર્તવ્ય છે અને તેને લીધે મનુષ્યોનું એકબીજા તરફ શું કર્તવ્ય છે, એ બધા પ્રશ્નોના સંતોષકારક ઉત્તર મળી ગયા. આત્મતત્ત્વનું વર્ણન જે શ્લોકોદ્વારા કરવામાં આવ્યું છે તેના કરતાં વિશેષ ગાંભીર્યપૂર્ણ કાવ્ય જગતમાં શોધ્યું જડશે નહિ. હવે આત્માનું વર્ણન કરવાને જડસૃષ્ટિની ભાષાનો ઉપયોગ કરવાનું પ્રયોજન રહ્યું ન હતું. એટલે સુધી કે આત્માના વર્ણનમાટે નિર્દિષ્ટ ગુણવાચક શબ્દોનો પણ ત્યાગ કરવામાં આવ્યો. હવે અનંતની કલ્પના કરવામાટે ઇન્દ્રિયગમ્ય ઉદાહરણની કે ઇન્દ્રિયોની સહાયતા લેવાની જરૂર રહી નહિ. હવે બાહ્ય ઇન્દ્રિયગ્રાહ્ય, નિશ્ચેતન, મૃત, જડભાવપૂર્ણ અવકાશરૂપ અનંતનું વર્ણન કરવાનો ક્રમ બંધ થયો; અને તેને ઠેકાણે આત્માના તત્ત્વનું એવી ભાષામાં વર્ણન કરવામાં આવ્યું છે કે તે વાંચતાંજ આપણે કોઇ સૂક્ષ્મ ઇન્દ્રિયાતીત પ્રદેશમાં દાખલ થઇ જઇએ છીએ. દાખલા તરીકે ઉપનિષદ્‌નો અપૂર્વ સુંદર શ્લોક સાંભળોઃ—

न तत्र सूर्यो भाति न चंद्रतारकम्। नेमा विद्युतो भांति कुतोऽयमग्निः ॥
तमेव भांतमनुभाति सर्वम् । तस्य भासा सर्वमिदं विभाति ॥

આના કરતાં વિશેષ ગાંભીર્યપૂર્ણ કાવ્ય હોઇ શકે ખરૂં ? " ત્યાં સૂર્ય પ્રકાશ પાડી શકતો નથી; ચંદ્ર અને તારા ચળકતા નથી; ત્યાં વિજળીનું અજવાળું પડતું નથી તો મર્ત્યલોકના સામાન્ય અગ્નિની તો વાતજ શી ? તેનાજ પ્રકાશથી બધું પ્રકાશિત થાય છે; તેનુંજ તેજ સર્વને તેજસ્વી બનાવે છે. " કેવું સુંદર કાવ્ય !

આવું કાવ્ય મળી આવવું મુશ્કેલ છે. વળી કઠોપનિષદ્ કે જે એક અદ્‌ભુત ઉપનિષદ્ છે તેમાં કેવું અપૂર્વ અને સંપૂર્ણ રીતે સુંદર કાવ્ય રહેલું છે તે વિચારો. એની અંદર કેવા અલૌકિક કલાવિધાનનું આખરસુધી દર્શન કરાવ્યું છે ! તેની શરૂઆતજ કેવી ખુબીથી કરવામાં આવી છે ? નાનો બાળક નચિકેતા-તેના હૃદયમાં શ્રદ્ધા પ્રવેશ કરે છે અને તે યમરાજને ઘેર જવા તૈયાર થાય છે. એ અલૌકિક આચાર્ય યમરાજ નચિકેતાને જન્મ મૃત્યુનું રહસ્ય સમજાવે છે. નચિકેતાને શું જાણવાની ઇચ્છા હતી ? મૃત્યુનું રહસ્ય.

ઉપનિષદ્ સંબંધી બીજી એક બાબત ખાસ લક્ષમાં રાખવા જેવી એ છે કે, ઉપનિષદ્‌ના સિદ્ધાંતો અમુક વ્યક્તિ તરફથી પ્રાપ્ત થયેલા નથી. અલબત્ત, ઉપનિષદોની

અંદર અનેક આચાર્યો, અનેક વક્તાઓ અને અનેક મહાપુરુષોનાં નામ જોવામાં આવે છે, પણ તેમના કોઇના શબ્દો ઉપર ઉપનિષદોના સિદ્ધાંતના સત્યનો આધાર નથી. ઉપનિષદ્‌ના એક પણ શ્લોકમાં તેમના જીવન સંબંધે ઉલ્લેખ કર્યો નથી. એ તમામ આચાર્યો, વક્તાઓ છાયામૂર્તિની માફક રંગભૂમિના પડદા પાછળજ ઉભા રહ્યા છે. તેમના તરફ કોઈ જોતું નથી, તેમના અસ્તિત્વનો કોઇને અનુભવ થતો નથી, તેમના તરફ કોઇનું ધ્યાન સરખું ખેંચાતું નથી; પણ ખરેખરી શક્તિ તો ઉપનિષદોના અપૂર્વ મહિમામય, જ્યોતિર્મય, પ્રતિભાપૂર્ણ મંત્રોમાંજ રહેલી છે. કોઇપણ વિશિષ્ટ વ્યક્તિસાથે તેમને સંબંધ છેજ નહિ. ગમે તો વીશ યાજ્ઞવલ્કય જન્મે, જીવે અને ચાલ્યા જાય તોપણ ઉપનિષદ્‌ને તેમાં લાભ કે હાનિ નથી. ઉપનિષદ્‌ના મંત્ર તો જેમ છે તેમને તેમજ રહેવાના અને આટલું છતાં પણ તેમાં કોઇ વ્યક્તિની સામે આક્ષેપ કરવામાં નથી આવ્યો, તેમ કોઇપણ પ્રકારનો વિરોધ જોવામાં નથી આવતો. જગતમાં આજસુધીમાં જે જે અવતારી પુરુષો અથવા આચાર્યો થઇ ગયા છે; અને ભવિષ્યમાં થશે તે સર્વનો સમાવેશ કરી શકે એવાં ઉપનિષદ્ ઉદાર અને વિશાળ છે. અવતાર અને મહાપુરુષોના પૂજનવિરુદ્ધ ઉપનિષદ્‌માં એક શબ્દ પણ લખ્યો નથી. ઉલટું એવા પ્રકારના પૂજનને તે અનુમોદન આપે છે. તેની સાથે તે સંપૂર્ણરીતે વ્યક્તિગત ભાવનાથી મુક્ત છે. એ ઘણીજ અદ્‌ભુત ભાવના છે. ઉપનિષદ્‌માં કોઇ મનુષ્યની વાણી નહિ પણ સાક્ષાત્ ઇશ્વરની વાણી સંભળાય છે. એટલે દરજ્જે ઉપનિષદો વ્યક્તિગત આદર્શોથી સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે. તેની સાથે ચુસ્તમાં ચુસ્ત આધુનિક વિજ્ઞાનશાસ્ત્રીને સંતોષ આપે અને કોઇ પણ દેશનો, કોઇ પણ યુગનો તત્ત્વચિંતક, ઋષિ કે જ્ઞાની ઉપનિષદોનો આદર્શ માન્ય રાખે એવાં તે ઉદાર, વિશાળ અને પૂર્ણ રીતે વ્યક્તિનિરપેક્ષ છે.

આ ઉપનિષદોજ આપણાં ખરેખરાં શાસ્ત્રો છે. ખ્રિસ્તીઓને માટે જેમ બાઇબલ છે, મુસલમાનો માટે કુરાન છે, બૌદ્ધોને માટે ત્રિપિટકા છે, પારસીઓને માટે ઝંદ અવેસ્તા છે, તેમ હિંદુઓને માટે ઉપનિષદ્ છે. આ ફક્ત એકલાં આજ આપણાં શાસ્ત્રો છે. પુરાણ, તંત્ર અને બીજાં અનેક ધર્મપુસ્તકો, ખુદ વ્યાસસૂત્રો ઉપનિષદ્‌થી ઉતરતાં છે; તેમનો અધિકાર ગૌણ છે. સર્વોપરિ અધિકાર તો માત્ર વેદનોજ છે. મનુ વગેરે સ્મૃતિઓ, પુરાણ અને બીજાં શાસ્ત્રો જ્યાંસુધી ઉપનિષદ્ સાથે એકમત થતાં હોય ત્યાંસુધી તેમને માન્ય રાખવાં; અને તેઓ ઉપનિષદ્‌થી વિરુદ્ધ જાય તેજ પળે તેમને નિર્ભયપણે કોરે મૂકી દેવાં. આ બાબત આપણે હમેશ સ્મરણમાં રાખવાની છે; પણ દુર્ભાગ્યે હાલમાં હિંદુસ્તાનના લોકો તેને તદ્દન વિસરી ગયા છે. હાલ તો ઉપનિષદ્‌ને બદલે સાધારણ નાનાં નાનાં ગામડાંઓના લૌકિક રિવાજ, સ્ત્રીઓના આચાર અને રૂઢિઓ વિશેષ પ્રમાણભૂત મનાય છે, વેદના જેટલો અથવા વેદના કરતાં પણ તેમનો અધિકાર વિશેષ ! અને જેને હાલ “ સનાતન ધર્મ ” કહેવામાં આવે છે

તેનું પ્રાબલ્ય કેટલું બધું છે ? સાધારણ માણસોને મન પૂજા, દર્શન, બહારની પવિત્રતા, બાધાઓ, માનતાઓ, કથાઓ, યાત્રાઓ, બસ એનું નામજ "સનાતન ધર્મ" છે; અને જે એમાંનું કાંઇ ન કરે તેને હિંદુ કહેવડાવવાનો અધિકાર નથી, કેમકે તે નાસ્તિક છે. દુર્ભાગ્યે આપણા દેશમાં (બંગાળામાં) એવા માણસો જોવામાં આવે છે કે તેઓ અમુક * તંત્રનું અવલંબન કરીને લોકોને સમજાવે છે કે, આ તંત્રમાં બતાવેલા વિધાન પ્રમાણે વ્યવહાર કરવો જોઇએ; જેઓ તેમ કરે તેઓ એકલાજ સનાતન ધર્માવલંબી અને બાકીના નાસ્તિક, પતિત વગેરે. માટે તમે બરાબર સ્મરણમાં રાખજો કે આપણા ધર્મના વિષયમાં સર્વથી શ્રેષ્ઠ પ્રમાણ ઉપનિષદોનુંજ છે; ગૃહ્યસૂત્ર અને શ્રૌતસૂત્ર પણ વેદની સત્તાને અધીન છે. ઉપનિષદો એ મહર્ષિઓના, આપણા પૂર્વજોના ઉદ્‌ગાર છે અને જો તમે વાસ્તવિક રીતે હિંદુ હો તો તમારે તેમને માન્ય રાખવાં જોઇએ. ભલે તમે ઇશ્વરને માટે તમારી મરજીમાં આવે એવા વિચાર બાંધજો, પણ જો તમે વેદનું પ્રમાણ નહિ સ્વીકારો તો તમને નાસ્તિક કહેવા પડશે. ખ્રિસ્તી, બૌદ્ધ અને એવા બીજા ધર્મનાં શાસ્ત્રો અને આપણાં શાસ્ત્રો વચ્ચે એજ મોટો તફાવત છે. બાઇબલ, કુરાન વગેરે શાસ્ત્રો ખરેખરાં શાસ્ત્રોજ નથી, પણ આપણાં પુરાણ જેવાં છે; કારણ કે તેઓમાં આપણાં પુરાણની માફક મહાન્ જળપ્રલયની, રાજાઓની, રાજ્યકર્તા વંશોની અને મહાપુરુષોની કથાઓ આપેલી છે. એ કાર્ય ખરૂં જોતાં પુરાણોનુંજ છે; માટે જ્યાંસુધી બાઇબલ, કુરાન કે પુરાણ વેદની સાથે સંમત હોય ત્યાં સુધી તેઓ માન્ય છે, પણ જ્યારે તેઓ વેદના કરતાં કાંઇ જુદોજ ઉપદેશ આપતાં હોય તો તેટલી બાબતમાં તેમને માન્ય રાખી શકાય નહિ. કુરાન, બાઇબલ વગેરેમાં નીતિના ઉપદેશ છે, પણ જેટલે અંશે તેમનું વેદ સાથે ઐક્ય હોય તેટલે અંશેજ તેઓ પ્રમાણભૂત છે અને નહિ તો નહિજ. આપણી માન્યતા એવી છે કે વેદ કદિ લખાયાજ નથી. ખરૂં જોતાં તેમની ઉત્પત્તિજ નથી. મને એક પ્રસંગે એક ખ્રિસ્તી પાદરીએ કહ્યું કે અમારા બાઇબલને ઐતિહાસિકત્વનો આધાર છે, માટે તે સત્ય છે. મેં જવાબ દીધો કેઃ-" મારાં શાસ્ત્રો ઐતિહાસિક નથી તેટલા માટેજ તેઓ સત્ય છે. તમારૂં શાસ્ત્ર ઐતિહાસિક હોવાથી તેને કોઇ સમયે, કોઇ મનુષ્યે લખ્યું હોવું જોઇએ. તમારૂં શાસ્ત્ર મનુષ્યકૃત છે, પણ મારાં શાસ્ત્રો મનુષ્યકૃત નથી. તેમનામાં ઐતિહાસિકત્વનો અભાવ એજ તેમની સત્યતાનું સબળ પ્રમાણ છે." વેદ અને બીજાં આધુનિક શાસ્ત્રોનો આવા પ્રકારનો સંબંધ છે.

હવે આપણે ઉપનિષદોમાં જે જે વિષય ઉપર ઉપદેશ આપવામાં આવ્યા છે તેનું

* આપણા ગુજરાતમાં તંત્રનો પ્રચાર નથી, પણ તેને ઠેકાણે સામાન્ય લોકોમાં પુરાણોનો અને પુરાણીઓનો અધિકાર વિશેષ છે; એટલે વસ્તુસ્થિતિ તો ગુજરાત અને બંગાળામાં સરખી છે.

અવલોકન કરીએ. એની અંદર અનેક જાતના વિચારોવાળા શ્લોક છે, અમુક શ્લોક સંપૂર્ણ અંશે દ્વૈતવાદાત્મક છે. "દ્વૈતવાદ" એ શબ્દ હું કયા અર્થમાં વાપરું છું, તે હું તમને સ્પષ્ટ રીતે કહેવા ઇચ્છું છું. અમુક પ્રકારના વિચાર તો હિંદુસ્તાનના તમામ સંપ્રદાય માન્ય રાખે છે. પ્રથમ તો સંસારવાદ એટલે જીવાત્મા ફરી ફરીને જન્મ ધારણ કરે છે, એ મત તમામ હિંદુસંપ્રદાયો સ્વીકારે છે. બીજું તેમના માનસશાસ્ત્ર-વિષયક સિદ્ધાંતો એકસરખા છે. તેઓ બધા માને છે કે આ આપણું સ્થૂળશરીર છે તેની અંદર સૂક્ષ્મશરીર અથવા મન રહેલું છે. એ બધાં શરીરની અંદર જીવાત્મા રહેલો છે. પાશ્ચાત્ય માનસશાસ્ત્ર અને હિંદુસ્તાનના માનસશાસ્ત્ર વચ્ચે મોટો તફાવત એ છે કે, પાશ્ચાત્ય માનસશાસ્ત્રમાં મન અને આત્મા વચ્ચેનો તફાવતજ બતાવવામાં આવતો નથી. તેમના મત પ્રમાણે મન તેજ આત્મા છે. આપણા દેશનાં માનસશાસ્ત્રો આ બાબતમાં જુદાં પડે છે. મન અથવા જેને અંતઃકરણ પણ કહેવામાં આવે છે તે જીવાત્માનું એક યંત્રરૂપ છે. એ યંત્રવડે આ શરીર ઉપર અથવા બાહ્ય જગત ઉપર જીવ પોતાનું કાર્ય કરી શકે છે. આ સિદ્ધાંત હિંદુસ્તાનના બધા સંપ્રદાયો કબૂલ રાખે છે; અને જીવ, આત્મા અથવા જીવાત્મા એવાં જેને જુદાં જુદાં નામ આપવામાં આવે છે તે અનાદિ, અનંત, અવિનાશી છે, અને જ્યાંસુધી તે સંપૂર્ણ મુક્ત દશા પ્રાપ્ત ન કરે ત્યાંસુધી ફરી ફરીને જન્મ ધારણ કરે છે. આ બાબતમાં બધા સંપ્રદાયો એકમત થાય છે અને એ સિવાય બીજી પણ એક બાબત છે કે, જેવિષે પાશ્ચાત્ય અને ભારતીય તત્ત્વવિચારની પ્રણાલીમાં પૂરેપૂરો, એકબીજાને તદ્દન જુદાં પાડી નાખે એવો ચોકખો મતભેદ છે; તેવિષે પણ હિંદુસ્તાનના તમામ સંપ્રદાયો એકસરખો મત ધરાવે છે. આપણી માન્યતા એવી છે કે જીવાત્માની અંદર અસલથીજ સર્વ પ્રકારની શક્તિઓ રહેલી છે. આત્મબળ પ્રાપ્ત કરવાને બહારથી કોઇ શક્તિ પ્રાપ્ત કરવાની નથી, પણ જે શક્તિ આત્માની અંદર અનાદિકાળથી રહેલી છે તેનો ફક્ત વિકાસ કરવાનો છે. અંગ્રેજીમાં જે "ઇન્સ્પિરેશન" અર્થાત્ પ્રેરણા શબ્દ છે તેમાંથી એવું તાત્પર્ય નીકળે છે કે, આત્માની અંદર કાંઇક તત્ત્વ બહારથી આવીને દાખલ થાય છે. અર્થાત્ જેમને પ્રેરણા થાય છે તેમના આત્માની અંદર કોઇક બહારથી આવેલો પ્રકાશ અથવા જ્ઞાન દાખલ થાય છે; પણ આપણાં શાસ્ત્રના મત પ્રમાણે તમામ પ્રકારની શક્તિઓ, મહત્તા અને પવિત્રતા આત્માની અંદરજ રહેલાં છે; અને ઋષિઓ, મહાપુરુષો બહારથી નવું તત્ત્વ ન લાવતાં પોતાના આત્માની અંદર જે રહેલું છે તેનો માત્ર વિકાસ કરે છે. યોગીઓ કહે છે કે અણિમા, લઘિમા વગેરે અષ્ટ સિદ્ધિઓ જે તેઓ પ્રાપ્ત કરવા ઇચ્છે છે, તે ખરૂં જોતાં પ્રાપ્ત કરવાની છેજ નહિ; પણ પરાપૂર્વથી આત્મામાં રહેલીજ છે. માત્ર તેમને વ્યક્ત કરવાનુંજ કામ બાકી છે. દાખલા તરીકે પતંજલિનો મત એવો છે કે ભોંયપર ચાલતા ક્ષુદ્ર કીડાની અંદર પણ અષ્ટ

સિદ્ધિઓ રહેલી છે. અડચણ માત્ર શરીરને લીધેજ છે. એ શરીરને લીધેજ આત્મા પોતાની શક્તિઓને પ્રકટ કરી શકતો નથી. ઉત્કૃષ્ટ શરીરની પ્રાપ્તિ થતાંજ એ શક્તિઓ એકદમ પ્રકટ થઇ જશે. અત્યારે પણ તેનામાં તેમનું અસ્તિત્વ તો છેજ. તે પોતાના એક સૂત્રમાં લખે છે કેઃ—**निमित्तमप्रयोजकं प्रकृतीनां वरणभेदस्तु ततः क्षेत्रिकवत् ।** અર્થાત્ કર્મ કાંઇ પ્રકૃતિનો સ્વભાવ બદલતાં નથી, પણ તેની ઉન્નતિમાં જે અંતરાયો છે તે દૂર કરવાની ગરજ સારે છે. જેમ એક ખેડુત પોતાના ખેતરમાં પાણી વાળવાને માટે જે જમીન પોતાની ઉંચાઇને લીધે પાણી આવતું અટકાવતી હોય છે, તેને ખોદી નાખે છે એટલે પાણી એની મેળેજ પોતાના સ્વભાવ પ્રમાણે ધડધડાટ કરતું ચાલ્યું આવે છે. આના સંબંધમાં કપિલમુનિ ખેડુતનું પ્રખ્યાત ઉદાહરણ આપે છે. એક ખેડુતને પાસેના તળાવમાંથી પોતાના ખેતરમાં પાણી વાળવું છે; તળાવ પાણીથી છલાછલ ભરાયલું છે, પણ જો તળાવ અને ખેતરની વચ્ચે જે કાદવની પાળ છે તે તૂટી જાય તો ક્ષણવારમાં આખા ખેતરમાં પાણીની રેલછેલ થઇ રહે. તે પાળને ખેડુત તોડી નાખે તો પાણી પોતાના વેગવડે ખેતરમાં ચાલ્યું આવે. તેમ આત્માની અંદર અનાદિકાળથી પવિત્રતા, શક્તિઓ, સંપૂર્ણ અંશે ભરેલાં છે; માત્ર તેના ઉપર માયાનું આવરણ આવેલું હોવાથી એ શક્તિઓ પ્રકટ થઇ શકતી નથી. એ આવરણ ખસી જાય તો આત્મા પોતાની સ્વાભાવિક પવિત્રતા પ્રાપ્ત કરે અને તેની અંદર રહેલી નાના પ્રકારની શક્તિઓ જાગ્રત થાય. હવે પાશ્ચાત્ય માનસશાસ્ત્ર અને ખાસ કરીને ધર્મશાસ્ત્રો આ વાત સ્વીકારતાં નથી, એ આપણી અને તેમની વચ્ચે મોટો તફાવત છે. પાશ્ચાત્ય દેશોના લોકોમાં એવો ભયંકર મત ચાલે છે કે આપણે બધા+ જન્મથીજ પાપી છીએ. આપણે આ ભયંકર મતને માનતા નથી તેથી આપણને પણ તેઓ પાપી ધારે છે અને આપણા ઉપર ઘૃણા લાવે છે. તેઓ વિચાર નથી કરતા કે જો આપણે સ્વાભાવિક રીતેજ પાપી હોઇએ તો પછી આપણે કદિ પણ પવિત્ર થઇ શકીએજ નહિ; કેમકે મૂળ પ્રકૃતિમાં કાંઇ ફેરફાર થઇ શકેજ નહિ અને પ્રકૃતિ ફરી જાય તો તે પ્રકૃતિજ ન કહેવાય; એટલે તેઓ પોતાના મતનું પોતેજ ખંડન કરે છે. આપણા અને પશ્ચિમના દેશોમાં ચાલતા ધર્મ વચ્ચે આ જે પ્રભેદ રહેલો છે તે સ્મરણમાં રાખજો, પણ આપણા દેશમાં દ્વૈતવાદી અને અદ્વૈતવાદી બધાએ સંપ્રદાયો આ બાબતમાં તો એકમત છે.

+ ખ્રિસ્તી ધર્મશાસ્ત્ર —બાઈબલ બે વિભાગમાં વહેંચાયલું છે. જૂનો વિભાગ અને નવો વિભાગ. જૂના વિભાગનાં પ્રકરણો યાહુદી લોકોના ઓલીઆઓએ લખેલાં છે. ત્રણ ચાર હજાર વર્ષ ઉપર યાહુદીઓ મિસર દેશમાં ગુલામોની હાલત ભોગવતા હતા, તેમને મુસા નામના પેગંબરે મુક્ત કર્યા; પણ લાંબા સમયની ગુલામીને લીધે આપણે પાપી છીએ, જન્મથી ગુલામ અને પાપી છીએ એ ભાવના તેમના મગજમાં દૃઢ થઈ ગઇ હતી. તેને લીધેજ મનુષ્યમાત્ર જન્મથી પાપી છે એ માન્યતા ઉત્પન્ન થઇ છે. ભા૦ ક૦

બીજી એક બાબતમાં પણ આપણા દેશમાં ચાલતા તમામ સંપ્રદાયો એકજ મત ધરાવે છે અને તે ઈશ્વરના અસ્તિત્વ સંબંધે છે. દરેક સંપ્રદાયના ઈશ્વર સંબંધી વિચારમાં ભિન્નતા છે એ વાત ખરી, પણ ઈશ્વરના અસ્તિત્વ સંબંધી કોઈને સંદેહ નથી. જેઓ દ્વૈતવાદી છે તેઓ સગુણ ઈશ્વરને અને અદ્વૈતવાદીઓ નિર્ગુણ બ્રહ્મને માને છે. હવે "સગુણ ઈશ્વર" એ શબ્દનો અર્થ હું તમને સ્પષ્ટપણે સમજાવવા ઇચ્છું છું કે જેથી કરીને ગેરસમજ ઉભી ન થાય. "સગુણ" શબ્દનો અર્થ એવો નથી કે ઈશ્વરને શરીર છે, તે અમુક ઠેકાણે સિંહાસન ઉપર બેઠેલો છે અને ત્યાં રહ્યો રહ્યો જગત્ ઉપર રાજ્ય કરે છે. સગુણ એટલે માત્ર ગુણયુક્ત. સગુણ ઈશ્વરનું અનેક પ્રકારે વર્ણન કરવામાં આવ્યું છે. એ સગુણ ઈશ્વર જગત્‌ની સૃષ્ટિ, સ્થિતિ અને લય કરે છે, એ મત દરેક સંપ્રદાય મંજૂર રાખે છે. અદ્વૈતવાદીઓ સગુણ ઈશ્વર કરતાં જરા આગળ વધીને ઈશ્વરના એથી પણ અધિક ઉંચા પ્રકારના સ્વરૂપને માને છે. તેઓ સગુણ ઈશ્વરના કરતાં પણ વિશેષ ઉચ્ચ સ્વરૂપ જેને સગુણ-નિર્ગુણ એવું નામ આપી શકાય તે સ્વરૂપને માને છે. જેનામાં ગુણનો કેવળ અભાવ છે તેને કોઇ પણ વિશેષણ વાપરીને વર્ણવી શકાયજ કેમ ? આથી કરીને અદ્વૈત-વાદીઓ તેને સત્, ચિત્ અને આનંદ, એ ત્રણજ વિશેષણ લગાડે છે. શંકરાચાર્યે ઈશ્વરને સચ્ચિદાનંદ એ વિશેષણથી વિશિષ્ટ માન્યો છે, પણ ઉપનિષદો તો શંકરા-ચાર્યના કરતાં પણ એક પગલું આગળ જાય છે. તેમના મત પ્રમાણે ઈશ્વરને તો માત્ર "**नेति नेति**"–"તે આવો નથી, આવો નથી" એવી નિષેધાત્મક ભાષા-થીજ વર્ણવી શકાય. તે આવો છે એમ કહેવાયજ નહિ. એ મતભેદ ગમે તેટલા હોય તોપણ ઈશ્વરના અસ્તિત્વમાટે તો આપણા દેશમાં બે મત છેજ નહિ.

હવે આપણે દ્વૈતવાદીઓના સિદ્ધાંતનું સંક્ષેપમાં અવલોકન કરીએ. હું થોડા વખત ઉપર કહી ગયો છું કે હું રામાનુજને દ્વૈતવાદી સંપ્રદાયના શ્રેષ્ઠ પ્રતિનિધિ તરીકે માનું છું. ઘણાજ ખેદની વાત છે કે બંગાળાના લોકો ભરતખંડના બીજા પ્રદેશોમાં થઇ ગએલા મોટા આચાર્યોવિષે બિલકુલ જ્ઞાન ધરાવતા નથી. મુસલમાનોનું રાજ્ય ભરતખંડમાં રહ્યું તે દરમ્યાન ચૈતન્ય સિવાયના બીજા બધા ધર્મપ્રવર્તકો દક્ષિણ હિંદુસ્તાનમાંજ પેદા થયા હતા. ખરૂં જોતાં દક્ષિણ હિંદુસ્તાનના આચાર્યોનીજ બુદ્ધિ આખા હિંદુસ્તાનમાં ધર્મના વિષયપર હાલ અધિકાર ભોગવે છે; કારણ કે ચૈતન્યે પણ દક્ષિણમાં ઉત્પન્ન થએલા મધ્વાચાર્યના સિદ્ધાંતો સ્વીકાર્યા છે. રામાનુ-જના મત પ્રમાણે ત્રણ પદાર્થો નિત્ય છે–ઈશ્વર, જીવ અને જગત્. આત્મા નિત્ય અને અવિનાશી પદાર્થ છે અને અનંત કાળપર્યંત તેનું પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ કાયમ રહેશે, તેનો કદિ પણ લોપ થશે નહિ. તમારો આત્મા મારા આત્માથી અનંતકાળ પર્યંત પૃથક્ રહેશે; અને આ જગત્–પ્રકૃતિ જે આત્મા અને ઈશ્વરના જેટલીજ

સત્ય છે, મિથ્યા નથી, તે પણ અનંત કાળપર્યંત પૃથક્રૂપે રહેશે. ઈશ્વર સર્વની અંદર અંતર્યામીરૂપે રહેલો છે; અને એ દૃષ્ટિએ જીવ એ ઈશ્વરથી ભિન્ન છતાં પણ અભિન્ન છે, એવું રામાનુજ માને છે. પ્રલય વખતે જ્યારે આખું જગત્ સંકુચિત થઈ જશે ત્યારે આ જીવાત્માઓનો પણ સંકોચ થઈ જશે અને એવી અવસ્થામાં તેઓ અમુક કાળપર્યંત રહેશે. જ્યારે બીજા કલ્પનો પ્રારંભ થશે, ત્યારે જીવાત્માઓ પુનઃ પ્રકટ થશે અને પોતાનાં પૂર્વજન્મોનાં ફળ ભોગવશે; માટે જે જે કર્મોને લીધે જીવાત્માની સ્વાભાવિક પવિત્રતામાં ઘટાડો થાય તે સર્વ પાપ છે, અને જે કર્મથી જીવાત્માનો ઉત્તરોત્તર વિકાસ થતો જાય તે સર્વ પુણ્ય કર્મ છે. એ પ્રમાણે આત્મા કોઈકવાર સંકુચિત થાય છે તો કોઈવાર વિકાસ પામે છે. એમ કરતાં કરતાં અંતે ઈશ્વરકૃપાથી તે મુક્ત થઈ જાય છે; માટે જેઓ પવિત્ર સ્વભાવવાળા છે અને જેઓ ઈશ્વરની કૃપા મેળવવા ઉત્કંઠાસહિત યત્ન કરે છે, તેઓને ઈશ્વરની કૃપા મળે છે એવો રામાનુજનો સિદ્ધાંત છે.

શ્રુતિનું એક પ્રસિદ્ધ વાક્ય છે કે **आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः।** અર્થાત્ જો આહાર શુદ્ધ હોય તો સત્ત્વની એટલે કે અંતઃકરણની શુદ્ધિ થાય છે; અને તેમ થતાં સ્મૃતિ એટલે ઈશ્વરસ્મરણ (અદ્વૈતવાદીના મત પ્રમાણે પોતાની પૂર્ણતાનું સ્મરણ) અચલ અને સ્થાયી થાય છે. આપણે જાણીએ છીએ કે સાંખ્યદર્શનના મત પ્રમાણે અને ભરતખંડનાં બીજાં તમામ દર્શનના મત પ્રમાણે આપણો દેહ ત્રણ ઉપાદાનનો બનેલો છે.—સત્ત્વ, રજ અને તમ. આ ત્રણ ગુણયુક્ત પ્રકૃતિજ જગતના ઉપાદાન કારણરૂપ છે. હવે વિશુદ્ધ સત્ત્વની પ્રાપ્તિ કરવી એ વેદાંતનો મુખ્ય વિષય છે. હું તમને આગળ કહી ગયો છું કે આત્મા પોતે તો સ્વાભાવિક રીતેજ પૂર્ણ અને શુદ્ધ છે; પરંતુ તે રજ અને તમ એ પદાર્થોથી આચ્છાદિત થએલો છે. સત્ત્વગુણ અત્યંત પ્રકાશિત છે અને તેથી કરીને જેમ કાચમાં થઈને સૂર્યનાં કિરણ સહેલાઈથી પસાર થઈ શકે છે, તેમ સત્ત્વગુણમાં થઈને આત્મચૈતન્ય પ્રકટી નીકળે છે. તેથી જો રજ અને તમ પદાર્થો દબાઈ જાય અને માત્ર સત્ત્વ પદાર્થજ અવશિષ્ટ રહે તો આત્માની શક્તિ અને વિશુદ્ધિ ઝળકી નીકળીને વિશેષરૂપે પ્રકટ થઈ શકે છે; માટે આ સત્ત્વગુણની પ્રાપ્તિ બહુજ જરૂરની છે. હવે એ સત્ત્વની પ્રાપ્તિનો ઉપાય શ્રુતિમાં બતાવ્યો છે કે જો શુદ્ધ આહાર લેવામાં આવે તો સત્ત્વની શુદ્ધિ થાય. “આહાર” શબ્દનો અર્થ રામાનુજે માત્ર ખાવાના પદાર્થો એવોજ કર્યો છે અને તેના દર્શનમાં અને અન્ય દર્શનોમાં જે ભેદ છે તેને ઉત્પન્ન કરનાર “ આહાર ” શબ્દનો તેમનો એ અર્થજ છે. આ માન્યતાની અસર એકલા રામાનુજના સંપ્રદાય ઉપર થઈ છે એમ નથી, પણ આખા હિંદુસ્તાનની પ્રજા ઉપર તેની સચોટ અસર થયેલી છે, માટે એ આહારશુદ્ધિનો પૂરેપૂરો અર્થ વિચારવાની જરૂર છે; કેમકે આહારની

શુદ્ધિ એ રામાનુજના મત પ્રમાણે આપણા જીવનને લગતી મુખ્ય બાબત છે.

રામાનુજ કહે છે ખોરાક ત્રણ કારણને લીધે **અશુદ્ધ** થાય છે. **પ્રથમ જાતિદોષ.** કેટલીક વસ્તુઓ પોતાની મૂળ જાતિથીજ અશુદ્ધ હોય છે. લસણ, કાંદા વગેરે પદાર્થો સ્વભાવથીજ અશુદ્ધ હોય છે. બીજો **આશ્રયદોષ** છે. જે માણુસ પાસેથી ખાવાનો પદાર્થ પ્રાપ્ત થયો હોય તેને આશ્રય કહે છે; જેમકે દુષ્ટ માણુસના ઘરનો અથવા દુષ્ટ માણુસને હાથે રંધાયલો ખોરાક ખાધાથી આપણે અપવિત્ર થઇએ છીએ. મેં એવા અનેક મહાપુરુષ જોયા છે કે જેઓ આ ઉપદેશને આખા જીવનપર્યંત પૂર્ણ રીતે અનુસરે છે. અલબત્ત, તેમનામાં એક પ્રકારની શક્તિ હતી. ખોરાક લાવનાર અથવા તેને અડકનાર માણુસમાં કયા કયા ગુણદોષ છે તે તેઓ જાણી શકતા. મેં નજરો નજર એવા પ્રસંગો સેંકડો વાર જોયા છે. ત્રીજો દોષ **નિમિત્તદોષ** છે. ખાવાના પદાર્થોને અશુદ્ધ વસ્તુઓનો સ્પર્શ થયો હોય અથવા તેની અંદર એવી વસ્તુઓ ભળી ગઇ હોય તેથી પણ ખોરાક અશુદ્ધ થાય છે. આ બાબત ઉપર આપણે હાલમાં ધ્યાન આપવાની ખાસ જરૂર છે. ખોરાકમાં ધૂળ, મેલ, વાળ એવા અનેક પદાર્થો મળ્યા હોય તે છતાં તેવો ખોરાક લેવાની કુટેવ હાલ આપણા લોકોમાં ઘણી જોવામાં આવે છે. એ ત્રણે દોષ વગરનો પવિત્ર ખોરાક ખાધાથી મનુષ્યમાં સત્ત્વગુણની શુદ્ધિ થાય છે.

હવે જો ખરેખર આમજ હોય તો ધર્મ ઘણોજ સહેલો થઇ જાય છે. જો માત્ર પવિત્ર ખોરાક ખાધાથીજ ધર્મની પ્રાપ્તિ થતી હોય તો તો દરેક જણ સહેજે ધાર્મિક થઇ શકે. આ ત્રણ દોષથી પોતાના ખોરાકને મુક્ત ન રાખી શકે એવો નિર્બળ બુદ્ધિનો, મૂર્ખ માણસ ભાગ્યેજ હોઇ શકે; અને ખાસ કરીને એટલુંજ કર્યાથી પરમ પુરુષાર્થ સિદ્ધ થતો હોય તોપણ તેમ ન કરે એવો પામર તો કોઇ હોઇ શકેજ નહિ. હવે આ મતની સાથે શંકરાચાર્યનો મત સરખાવો. તે કહે છે કે આહાર એટલે મનની અંદર જે જે વિચારોનો સંગ્રહ થએલો છે, તેની જયારે વિચારોવડે શુદ્ધિ થાય ત્યારેજ સત્ત્વની શુદ્ધિ થઇ શકે. એકલા આહારથી નહિ. તમે અમે તે ખાઓ. જો એકલા ખોરાકથીજ સત્ત્વની શુદ્ધિ થતી હોય તો વાંદરાને આખી જિંદગીસુધી દૂધભાત ખવડાવી જુઓને ! તેના સત્ત્વની શુદ્ધિ થાય છે ? તે યોગી થઈ શકે ખરો ? એમ યોગી થવાતું હોય તો ગાય અને હરિણ પણ મહાન્ યોગી થઈ જાય. નહાવાથી સ્વર્ગપ્રાપ્તિ થઇ હોય તો માછલીઓ સૌથી પહેલીજ સ્વર્ગમાં દાખલ થઇ જાય.

હવે આ તકરારનું નિરાકરણ શી રીતે કરવું ? રામાનુજ અને શંકરાચાર્ય એઉના મત સત્ય છે, પણ અધૂરા છે. શુદ્ધ આહારની સાથે શુદ્ધ વિચાર પણ જરૂરના છે. આહાર શબ્દનો જે અર્થ શંકરાચાર્ય કરે છે તેની અગત્ય પહેલી છે; તોપણ શુદ્ધ આહારથી વિચારશુદ્ધિનું કામ સરળ થઇ પડે છે એ વાતનું પણ વિસ્મરણ ન થવું

જોઇએ. આહાર અને વિચાર વચ્ચે નિકટનો સંબંધ છે, માટે બેઉને શુદ્ધ રાખવા ઉપર લક્ષ આપવું જોઇએ; પણ દુર્ભાગ્યે હાલ આપણે શંકરાચાર્યનો ઉપદેશ ભૂલી ગયા છીએ અને માત્ર "શુદ્ધ આહાર" ઉપરજ લક્ષ આપીએ છીએ. (ખરૂં જોતાં આહારશુદ્ધિ પણ નથી સચવાતી.) એથીજ જ્યારે હું કહું છું કે આપણો ધર્મ હાલ તો રસોડામાંજ આવી ગયો છે, ત્યારે લોકો મારા ઉપર ક્રોધે ભરાય છે. હાલ કદાચ તમને મારી વાત સાચી નહિ લાગતી હોય પણ જો તમે મારી સાથે એકવાર મદ્રાસ આવો અને ત્યાંના રીતરિવાજ જુઓ તો પછી તમે મારૂં કહેવું કબૂલ કર્યા વગર રહો નહિ. બંગાળીઓમાં હજી મદ્રાસીઓના જેવી મૂર્ખાઇ દાખલ થઈ નથી. મદ્રાસમાં તો એવો રિવાજ છે કે ઉચ્ચ વર્ણના ખોરાક ઉપર કોઇની નજર સરખી પડે, તો તે ખોરાક અપવિત્ર ગણીને લોકો નાખી દે છે; અને ખોરાકની પવિત્રતામાટે આટઆટલી કાળજી રાખ્યા છતાં પણ તેઓએ ધર્મના વિષયમાં ખાસ ઉન્નતિ કરી હોય એવું જોવામાં આવતું નથી. જો અમુક ચીજ ખાવી અને અમુક ચીજ ન ખાવી અને રખેને આપણા ખોરાક ઉપર કોઇની દૃષ્ટિ પડે એટલા પૂરતી કાળજી રાખ્યાથીજ સિદ્ધ થઇ જવાતું હોય, તો મદ્રાસીઓ બધા પૂર્ણ સિદ્ધ પુરુષો થવા જોઇએ; પણ તેઓ સિદ્ધ થયા નથી એ વાત પણ સ્પષ્ટ છે. અલબત્ત, મારી સાથે કેટલાક મદ્રાસી ગૃહસ્થો બેઠેલા છે તેમને બાદ કરીને હું આ વાત કરૂં છું, તાત્પર્ય એ છે કે મદ્રાસના લોકોએ ધર્મના વિષયમાં જે પ્રગતિ કરી હોય તેનાં કારણ જુદાંજ હોવાં જોઇએ.

માટે સંપૂર્ણ અંશે સત્ત્વની શુદ્ધિ કરવામાટે આહારની તેમજ વિચારની બંનેની શુદ્ધિની જરૂર છે. વળી ઘોડાની આગળ ગાડી મૂકવાની ભૂલ આપણે કરીએ નહિ એટલે કે જે પ્રથમ કરવાનું છે તેને વિસારે મૂકીએ નહિ, તેની પણ સંભાળ રાખવાની જરૂર છે. હમણાં ખોરાક અને વર્ણાશ્રમ સંબંધે દેશમાં ઘણી ચર્ચા થાય છે અને તેમાં સૌથી વધારે કોલાહલ મચાવનાર આપણા બંગાળીઓ છે. હું તમને દરેકને પૂછું છું કે તમે "વર્ણાશ્રમ" શબ્દનો અર્થ સમજો છો ખરા? હમણાં આપણા દેશમાં ચાર વર્ણ છે ખરા? હું તો ચાર વર્ણ જોતો નથી. આપણી બંગાળી ભાષામાં એક કહેવત છે કે "માથું તો છે નહિ છતાં માથું દુઃખે છે" તેમ દેશમાં અત્યારે ચાર વર્ણનું ઠેકાણું તો છે નહિ છતાં તેને માટે ચર્ચાઓ અને તકરારો ઉભી કરો છો! હાલ માત્ર બ્રાહ્મણો અને શૂદ્રો એજ છે. જો ક્ષત્રિઓ અને વૈશ્યો હોય તો તેઓ ક્યાં છે? શા માટે બ્રાહ્મણો તેમને હિંદુધર્મના નિયમ પ્રમાણે વેદ ભણવાની અને યજ્ઞોપવીત ધારણ કરવાની આજ્ઞા કરતા નથી? હવે જો વૈશ્ય અને ક્ષત્રિઓ જે દેશમાં નજ હોય અને એકલા બ્રાહ્મણો અને શૂદ્રોજ રહેતા હોય, તો બ્રાહ્મણોએ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે તેવા દેશમાં રહેવું પણ નજ જોઇએ. શાસ્ત્રમાં એવી આજ્ઞા છે કે જે દેશમાં

એકલા શૂદ્રોજ વસતા હોય તે દેશમાં બ્રાહ્મણોએ વસવું નહિ; માટે હે બ્રાહ્મણો ! ગાંસડા પોટલાં બાંધીને તમે અહીંથી ચાલ્યા જાઓ !’ જે લોકો વિધર્મીનું અન્ન ખાય છે, * * * તેમને વિષે શાસ્ત્રમાં શું કહ્યું છે તે તમે જાણો છો? તમે છેલ્લાં હજાર વર્ષ થયાં તેમ કરતા આવ્યા છો. * * * * * * એ અપરાધનું શું પ્રાયશ્ચિત્ત છે તે તમને ખબર છે? પ્રાયશ્ચિત્ત એજ છે કે તમે જાતે ચિતા ખડકીને બળી મરો. શું તમે લોકોના ગુરૂ થવા ચાહો છો છતાં વ્યવહારમાં આવા પાખંડી થાઓ છો ? જો તમે તમારાં શાસ્ત્રોને માનતાજ હો તો ચિતા ખડકીને બળી મરો ! એક બ્રાહ્મણને મહાન્ સિકંદર ગ્રીસ લઇ ગયો હતો. પોતે વિધર્મીનું અન્ન ખાધું હતું તેથી કરીને તે બળી મુઓ હતો તેમ તમે પણ બળી મરો. તમે એક વાર તેમ કરો તો ખરા. પછી જુઓ, આખો દેશ તમારા ચરણમાં મસ્તક નમાવે છે કે નહિ. તમને પોતાને તમારાં શાસ્ત્રોમાં વિશ્વાસ તો છે નહિ અને બીજાઓ વિશ્વાસ રાખે એમ ઇચ્છો છો ! જો તમે એમ કહેતા હો કે આ જમાનાની સ્થિતિ જોતાં અમે તે બ્રાહ્મણની માફક ઉગ્ર પાયશ્ચિત્ત કરી શકીએ એમ નથી, તો તમે તમારી પોતાની નબળાઇ જાહેર કરો; અને તેજ પ્રમાણે બીજી જ્ઞાતિઓની નબળાઇને વધારે ઉદાર દિલના થઇને ક્ષમા કરો; તેઓને પણ તમારી સાથે ઉન્નત કરતા જાઓ. તેમની ઉન્નતિમાં સહાયભૂત થાઓ. તેમને પણ વેદ ભણાવો. જગતનાં અન્ય સ્થાનોમાં જેવી બીજી આર્ય પ્રજાઓ છે તેવા તમે પણ થાઓ. હે બંગાળી બ્રાહ્મણો ! હું તમને ખાસ ભાર મૂકીને કહું છું કે તમે ખરેખરા આર્ય બનો.

અધમ, મલિન વામાચારનો ત્યાગ કરો. એ તમારી સમસ્ત પ્રજાનું સત્યાનાશ કહાડી નાખે છે. તમે હિંદુસ્તાનના બીજા પ્રદેશ જોયાજ નથી. જ્યારે આપણા જનસમાજમાં રગેરગ વ્યાપી ગએલો વામાચાર જોઉં છું ત્યારે આપણી આટલી ઉંચી સંસ્કૃતિ છતાં પણ મને બંગાળા એક ભયાનક નરકતુલ્ય લાગે છે. જેઓ દિવસે આચારશુદ્ધિવિષે લાંબાં લાંબાં ભાષણો આપે છે, તેઓજ રાત્રિએ અત્યંત ભયાનક ત્રાસજનક બીભત્સ વ્યભિચાર અને મદિરાપાનમાં ચકચૂર થઇ જાય છે, અને પોતાનાં× આચરણના બચાવમાં ભયંકરમાં ભયંકર પુસ્તકોનો આધાર બતાવે છે. તેઓ કહે છે કે અમને અમુક શાસ્ત્રોમાં આવાં બીભત્સ કાર્ય કરવાની આજ્ઞા કરેલી છે. આ વાત બધા બંગાળીઓ જાણે છે. વામાચારના તંત્રો એજ બંગાળાનાં શાસ્ત્રો છે. તેઓ ઢગલાબંધ છપાય છે અને તમારાં બાળકો પવિત્ર વેદને બદલે આ ભયાનક પુસ્તકો વાંચીને પોતાના હૃદયમાં હલાહલ વિષ દાખલ કરે છે. કલકત્તાના વતનીઓ ! તમે પિતા તરીકેની તમારી ફરજ સમજો છો ? આ ભયંકર વામાચારી તંત્રોને અને તે વળી

× ગુજરાતમાં કોઇ કોઇ ઠેકાણે વામાચારીઓનાં ગુપ્ત મંડળ છે. તેઓ મદિરાપાન અને વ્યભિચાર કરીને અત્યંત મલિન અને અધમ જીવન ગાળતા હોય છે. ભા. ક.

ભાષાંતરસહિત તમારાં બાળકોના હાથમાં આપતાં તમને શરમ નથી આવતી ? તમને એમ નથી લાગતું કે આ મલિન પુસ્તકોના વાચનથી તેમનાં હૃદય અત્યંત અપવિત્ર થઇ જશે અને તેઓ એમજ સમજતાં થશે કે આજ આપણાં ખરાં શાસ્ત્રો છે. જો તમને ગ્લાનિ ઉપજતી હોય તો એ બીભત્સ પુસ્તકો તમારાં બાળકોના હાથમાંથી ઝુંટવી લો અને તેને ઠેકાણે વેદ, ગીતા અને ઉપનિષદ્ જે આપણાં ખરાં શાસ્ત્રો છે તેજ આપવા માંડો.

દ્વૈતવાદના સિદ્ધાંત પ્રમાણે જીવાત્માનું વ્યક્તિત્વ અનંત કાળપર્યંત પૃથક્ રહે છે એટલે તે જીવાત્માજ રહે છે; અને કદિ પણ બ્રહ્મની સાથે એકાકાર થઇ જતો નથી. ઇશ્વર જગતનું નિમિત્તકારણ છે, એટલે જગતનું ×ઉપાદાન તો અનાદિ કાળથી હતુંજ. અદ્વૈતવાદીઓનો મત એથી જુદો છે. તેમના મત પ્રમાણે ઇશ્વરજ જગતનું ઉપાદાન અને નિમિત્તકારણ બેઉ છે. તે જગતનો એકલો કર્તાજ નથી, પણ ઉપાદાનભૂત પોતાના શરીરમાંથીજ જગતને વ્યક્ત કરે છે. એટલે કે સૃષ્ટિની રચના થઇ નથી પણ પરબ્રહ્મમાંથી તેનું માત્ર પ્રકટીકરણજ થયું છે. આવો અદ્વૈતવાદનો સિદ્ધાંત છે. વળી કેટલાક અપરિપકવ દ્વૈતવાદી સંપ્રદાયો પણ ઉત્પન્ન થયા છે. તેઓ માને છે કે ઇશ્વરે જગતને પોતામાંથીજ ઉત્પન્ન કર્યું છે; અને તેની સાથે તેઓ એમ પણ કહે છે કે ઇશ્વર જગતથી સદાને માટે ભિન્ન છે અને દરેક પદાર્થ ચિરકાળપર્યંત ઇશ્વરની સત્તાને અધીન છે. વળી બીજા કેટલાક સંપ્રદાયોનો મત એવો છે કે ઇશ્વરે પોતે પોતાનુંજ ઉપાદાન ઉત્પન્ન કરીને જગતને પોતામાંથી વ્યક્ત કર્યું છે અને અંતે જીવાત્માઓ સાન્ત (અન્તવાળા) મટીને અનંતમાં ભળી જશે ત્યારે નિર્વાણ પ્રાપ્ત કરશે; પણ આ બધા સંપ્રદાયોનો હાલમાં લોપ થઇ ગયો છે. હાલ તો ભરતખંડમાં જે અદ્વૈતવાદ પ્રચલિત જણાય છે તે કેવળ શંકરાચાર્યનોજ છે. શંકરાચાર્યનો મત એવો છે કે ઇશ્વર પોતાની માયાને વશ થઇને જગતનું નિમિત્ત અને ઉપાદાનકારણ બને છે, પણ વાસ્તવિક રીતે જગત છેજ નહિ. ઇશ્વર જગતના રૂપમાં ફેરવાઇ ગયો પણ નથી અને જગતનું અસ્તિત્વ પણ નથી. કેવળ ઇશ્વરજ છે.

અદ્વૈતવાદ માંહેના માયાવાદનો વિષય સમજવો અને સમજાવવો એ બહુ મુશ્કેલ છે. આપણા દેશમાં ઉત્પન્ન થએલા તત્ત્વદર્શનના આ કઠણમાં કઠણ પ્રશ્નની ચર્ચા આ વ્યાખ્યાનમાં બની શકે એમ નથી. તમારામાંથી જેમણે પાશ્ચાત્ય તત્ત્વદર્શનનો અભ્યાસ કર્યો હશે તેમને *કૅન્ટના દર્શનમાં શંકરના માયાવાદનું કાંઇક સામ્ય નજરે પડશે; તોપણ જેમણે કૅન્ટના સંબંધમાં પ્રોફેસર મૅક્સમૂલરે લખેલાં ભાષ્ય વાંચ્યાં હોય તેમને હું ચેતવણી આપું છું કે, તેમાં એક બાબત ઘણીજ ભૂલ ખવરાવે એવી

× જેમકે માટી એ ઘડાનું ઉપાદાનકારણ છે. કુંભાર નિમિત્તકારણ છે.
* અઢારમા સૈકામાં થઈ ગએલો મહાન્ જર્મન ફિલોસોફર. ભા. ક.

છે. આપણા જ્ઞાનની સીમા દેશ અને કાળથી મર્યાદિત થએલી છે. એ સિદ્ધાંતનો મૂળ પ્રતિપાદક કૅન્ટ છે. એવો પ્રોફેસર મૅકસમૂલરનો મત છે; પણ +કૅન્ટની પહેલાં અનેક સૈકાં પૂર્વે થઈ ગએલા શંકરાચાર્યે દેશ, કાળ અને કારણના માયા સાથેના અભિન્ન સંબંધની શોધ કરી હતી. સુભાગ્યે મને શાંકરભાષ્યમાંથી એવા કેટલાક ફકરા જડી પણ આવ્યા અને તે મેં મારા એ પ્રોફેસર મિત્રને વાંચવામાટે મોકલાવ્યા પણ હતા. આ ઉપરથી તાત્પર્ય એ નીકળે છે કે કૅન્ટની પહેલાંના સમયમાં પણ આ સિદ્ધાંત ભરતખંડમાં પ્રચલિત થયો હતો. અદ્વૈતવાદી વેદાંતીઓનો માયાવાદ એ એક પેટાસિદ્ધાંત છે. એ મત પ્રમાણે માત્ર એકલા બ્રહ્મનુંજ અસ્તિત્વ છે અને નામ અને રૂપનો ભેદ માત્ર માયાથીજ પ્રતીત થએલો છે.

એ એકત્વ, **एकमेवाद्वितीयं ब्रह्म**જ આપણું અંતિમ લક્ષ્ય છે; અને આ બાબતમાં પણ ભારતીય અને પાશ્ચાત્ય દર્શન વચ્ચે શરૂઆતથીજ મોટો તફાવત ચાલ્યો આવે છે. હજારો વર્ષ થયાં ભરતખંડે પોતાના માયાવાદની ગર્જના આખું જગત સાંભળે એમ કીધી છે; અને છાતી ઠોકીને કહ્યું છે કે તમારામાં શક્તિ હોય તો આ સિદ્ધાંતનું ખંડન કરો. જગત્‌ની અનેક પ્રજાઓએ ખંડન કરવાનું બીડું ઝડપ્યું અને પરિણામે આપણે નજરો નજર જોઈએ છીએ કે, એ ખંડન કરવા તત્પર થનાર પ્રજાઓનાં આજે નામ નિશાન પણ નથી અને આપણે હજી જેવાને તેવા સજીવન છીએ. ભરતખંડે આખા જગત્‌સમક્ષ હિંમતપૂર્વક જાહેર કર્યું હતું કે આખું જગત્ એ એક ભ્રાંતિજ છે—માયાની ઇન્દ્રજાળ છે. તમે માટીની ઠીબમાં ખાઓ કે સુવર્ણનાં મનોહર પાત્રોમાં ખાઓ, મોટા રાજાધિરાજ બનીને ભવ્ય રાજપ્રાસાદમાં રહો કે દરિદ્ર ભિખારીની માફક પૃથ્વીનું પાથરણું અને આકાશનું આચ્છાદન કરીને સુઓ; પણ પરિણામ એકજ આવશે. જગત્ એ સ્વપ્નજ છે. પછી એ સ્વપ્ન કોઈને ઉત્તમ પ્રકારનું આવ્યું હોય કે ભયાનક આવ્યું હોય; પણ જાગી ઉઠયા પછી તો પાછું સૌ સરખુંજ છે. બધાની—રાજાની અને રંકની, સત્તાધારીની અને નિર્બળની ગતિ એકસરખીજ છે. એનું નામજ માયા. આ સિદ્ધાંત ભરતખંડનો છેક પ્રાચીન સિદ્ધાંત છે. એનું ખંડન કરવાને, એથી ઉલટો સિદ્ધાંત એટલે કે જગત્ અને જગત્‌ના ઉપભોગ સત્ય છે એ મત સિદ્ધ કરવાને અનેકાનેક પ્રજાઓએ વારાફરતી પ્રયત્ન કરી જોયા છે. તેમણે સત્તા પ્રાપ્ત કરી, ભોગવિલાસને પોતાનો મૂળ મંત્ર માન્યો, પોતાની

+ આ ઉપરથી એમ પણ ન સમજવું કે કૅન્ટે શંકરાચાર્યનું માત્ર અનુકરણજ કર્યું છે. કૅન્ટ લગભગ ત્રીશ વર્ષસુધી ગંભીર ચિંતન કરીને છેવટે આ ઠરાવપર આવ્યો હતો. એકસરખી શકિતવાળા જુદા જુદા દેશના જુદે જુદે સમયે થએલા વિદ્વાનો એકબીજાનો આધાર લીધા વગર પણ એક સિદ્ધાંતપર આવે એ સ્વાભાવિક છે. ભા. ક.

સત્તાનો યથેચ્છ ઉપભોગ કર્યો, અત્યંત ભોગવિલાસ માણ્યા અને બીજીજ પળે+ તે પ્રજાઓના ચૂરેચૂરા થઇ ગયા; જ્યારે આપણે અનંત યુગથી અક્ષત રહ્યા છીએ. આનું કારણ એ છે કે જગત્ અને જગતના પદાર્થો માયામાત્રજ છે એ ભાવના આપણી પ્રજાકીય ભાવના બની ગઈ છે.

ભારતીય અને પાશ્ચાત્ય તત્ત્વદર્શન વચ્ચે એક બીજો મોટો પ્રભેદ છે. યૂરોપખંડમાં કૅન્ટની પછીના સમયમાં હેગેલ અને *શોપનહોર નામના બે તત્ત્વજ્ઞાનીઓ જર્મનીમાં થયા હતા; તેમના જેવાજ વિચાર એકવાર પ્રાચીનકાળમાં ભરતખંડમાં પણ (ચાર્વાક વગેરે) કેટલાક તત્ત્વજ્ઞાનીઓએ પ્રચલિત કર્યા હતા; પણ સદ્ભાગ્યે એવા ઘાતક વિચારોનો અંકુર ફૂટતાંજ વિનાશ થઇ ગયો તેથી ઝેરી વૃક્ષ આપણી માતૃભૂમિ ઉપર ઉગવા પામ્યુંજ નહિ; અને તેનાં ઝેરી મૂળીઆં આપણા પ્રજાજીવનમાં કદિ દાખલ થઇ શક્યાંજ નથી. હેગેલનો સિદ્ધાંત એવો છે કે જે એક અને નિરપેક્ષ સત્તા છે, તે કેવળ અપંચીકૃત અવ્યવસ્થિત મહાભૂતના સમુદાયરૂપ છે અને જે સાકાર વ્યષ્ટિ છે તે સત્ય છે અને સમષ્ટિ કરતાં શ્રેષ્ઠ છે; એટલે કે અ-જગત્ (શૂન્ય) કરતાં જગત્ શ્રેષ્ઠ છે. મુક્તિ કરતાં સંસાર શ્રેષ્ઠ છે. આ હેગેલના તત્ત્વદર્શનનો સારાંશ છે. તે કહે છે કે જેમ જેમ આપણે સંસારમાં અધિક ને અધિક ડૂબતા જઇએ, જેમ જેમ ઐહિક જીવનને લગતી ભિન્ન ભિન્ન પ્રકારની પ્રવૃત્તિઓમાં આત્મા વિશેષ લપેટાતો જાય, તેમ તેમ આપણે ઉન્નત થતા જઇશું. પાશ્ચાત્ય પ્રજાઓ આપણને કહે છે કે જુઓ અમે કેવી ભવ્ય ઇમારતો બાંધીએ છીએ, કેવા સુઘડ રળીઆમણા રસ્તાઓ બનાવીએ છીએ ! કેવા કેવા વિષયભોગો ભોગવીએ છીએ ! હા. બરાબર છે, પણ તમારા ઐશ્વર્ય અને વિલાસની પાછળ, તમારા દરેકે દરેક ઉપભોગની પાછળ ભયંકર દુઃખ, ઈર્ષ્યા, વૈર અને તિરસ્કારની રાક્ષસી વૃત્તિઓ છૂપાઇ બેઠી છે તેનું કેમ ?

આ બાજુએ આપણા દેશના તત્ત્વજ્ઞાનીઓ પહેલેથીજ કહેતા આવ્યા છે કે વ્યક્ત થતો દરેક પદાર્થ કે જેને તમે ક્રમવિકાસ કહો છો, તે અવ્યક્તને વ્યક્ત થવાના કેવળ મિથ્યા પ્રયત્નોજ છે. તમે જે કાંઇ બાહ્ય યત્ન કરો છો તેનું નામ બીજું કાંઇજ નહિ, પણ માત્ર " તમારામાં અવ્યક્તરૂપે રહેલા પરમતત્ત્વને પ્રકટ કરવાના ખોટા

+ હિંદુ પ્રજાની સમોવડી રોમન, ગ્રીક અને મિસરની પ્રજાઓ ક્યાં છે ? હાલની યૂરોપની પ્રજાઓમાં હાલ તો આપણે નજરોનજરજ જોઈએ છીએ. ભરતખંડની ઈમારત ખડક ઉપર છે, બીજી પ્રજાઓની ઈમારત રેતી ઉપર છે. ભા. ક.

*શોપનહોર મહાન્ વેદાંતી અને ઉપનિષદ્નો ચુસ્ત અભ્યાસક હતો. " આખા વિશ્વમાં ઉપનિષદોના અભ્યાસ જેવો શ્રેય કરનાર અન્ય કોઈપણ અભ્યાસ નથી. મારા જીવનનું એ આશ્વાસન છે અને મારા મૃત્યુ સમયે પણ મને એનુંજ આશ્વાસન રહેશે. " આ ઉદ્ગાર શોપનહોરના છે; છતાં સ્વામી વિવેકાનંદ શા કારણોથી તેના ઉપર આક્ષેપ મૂકે છે તે સમજાતું નથી. ભા. ક.

અખતરાઓજ છે. તમે પોતેજ આ દશ્યમાન થતા જગત્‌ના સર્વશક્તિમાન્ ઉત્પાદક હોવા છતાં શા માટે આ જગત્‌રૂપી નાનકડા ખાબોચીઆમાં તમારા મુખનું પ્રતિબિંબ જોવામાં ફોગટ ફાંફાં મારી રહ્યા છો ? થોડો સમય તેમ કરી જોયા પછી તમને ખાત્રી થશે કે એ સર્વ પ્રયત્ન મિથ્યાજ છે. તમારૂં મૂળસ્વરૂપ એટલું વિશાળ છે કે આ નાનકડા ખાબોચીઆમાં તેનું પૂર્ણ પ્રતિબિંબ કદિપણ પડી શકનાર નથી. જગત્‌નાં એક પછી એક કરીને તમામ પ્રકારનાં સુખોને અજમાવી જુઓ; પરંતુ તેમાંનું કોઇપણ સુખ તમારા અંતરાત્માને પૂર્ણ સંતોષ આપી શકનાર નથી. જગત્‌ના તમામ પ્રકારના ઐહિક ઉપભોગ ભોગવ્યા છતાં પણ તેનાથી તમને સદાની શાંતિ થશેજ નહિ અને ઉણપની ઉણપજ રહેશે. જ્યારે એમ થશે ત્યારેજ તમે જ્યાંથી આવ્યા હતા તે દિશા તરફ અર્થાત્ તમારા મૂળસ્વરૂપ તરફ પાછા ફરવા માંડશો; અને એવું વલણ થવું એનું નામજ વૈરાગ્ય. એ વૈરાગ્યનો ઉદય થાય ત્યારેજ ખરા ધર્મની સાધનાનો પાયો નંખાયો કહેવાય. વૈરાગ્ય વગર ધર્મ અને નીતિની શરૂઆતજ શી રીતે થાય ? ત્યાગમાંજ ધર્મનો આરંભ છે અને ત્યાગમાંજ તેની પરિસમાપ્તિ છે. વેદ આજ્ઞા કરે છે કે "ત્યાગ કરો. ત્યાગ કરો" એ વિના બીજો માર્ગજ નથી. + **न प्रजया न धनेन न चेज्यया त्यागेनैकेन अमृतत्वमानशुः ।** પ્રજાવડે તેમજ યજ્ઞવડે અમૃતત્ત્વની પ્રાપ્તિ થતી નથી, પણ એકલા ત્યાગવડેજ થાય છે. આપણાં શાસ્ત્રોનો એજ પરમ આદેશ છે. અલબત્ત, અનેક મહાપુરુષો સિંહાસનપર બેઠા છતાં પણ ત્યાગમય જીવનનું દૃષ્ટાંત આપી ગયા છે; પરંતુ જનક જેવાને પણ થોડા વખતને માટે સંસાર સાથેનો સબંધ એકદમ છોડી દેવાની જરૂર પડી હતી. જનકના કરતાં વિશેષ વૈરાગ્યવાન્ કોઇ છે ખરો ? હાલમાં આપણે બધા જનકનેજ ઓથે આપણી નબળાઇ છૂપાવવા મથીએ છીએ અથવા તો પોતાને ખુદ જનકજ કહેવડાવવા માગીએ છીએ ! હા, આપણે છીએ પણ જનકજ. નાગાં, અડધાં ભૂખ્યાં અને કંગાલ એવાં અર્ધોક ડજન છોકરાંના આપણે જનક (પિતા) થઇએ છીએ ! જનક શબ્દ આપણને એજ અર્થમાં લાગુ પડી શકે એમ છે. ખરેખરા જનક રાજાના જેવા ઈશ્વરીય, પવિત્ર ગુણમાંનો તો એક પણ આપણામાં નથી. વાહ રે મારા આધુનિક જનક ! હમણાં તો એવા જનક થવાની ઇચ્છા જરા ઓછી કરીને સીધે રસ્તે ચાલવાનું રાખો તો બહુ સારૂં ! જો તમે ખરેખરો ત્યાગ કરી શકશો તોજ તમે ધર્મ પાળી શકશો. પૂર્વથી પશ્ચિમ સુધીના તમામ દેશોનાં પુસ્તકો વાંચી જાઓ, જગત્‌ની લાયબ્રેરીઓની લાયબ્રેરીઓ ઉથલાવી નાખો, મોટા મોટા પંડિત થાઓ, પણ જો તમે ત્યાગ નહિ કરી શકો તો

+ રામકૃષ્ણ પરમહંસ કહેતા કે ગીતા શબ્દને ઉલટાવી નાખીએ એટલે ભગવદ્‌ગીતાનું બધું રહસ્ય સમજાઈ જાય છે. ગીતા–ત્યાગી–ત્યાગી–ત્યાગી થા, ફળની કામનાનો ત્યાગ કરી ઈશ્વરાર્પણબુદ્ધિથી કર્મ કર એજ ગીતાનો મુખ્ય આદેશ છે. ભા. ક.

તમારૂં કાંઇ પણ વળશે નહિ. એકલા કર્મકાંડથી કશો આધ્યાત્મિક લાભ નથી; કારણ કે તેમાં ચેતન નથી, આત્મા નથી. એકલા ત્યાગવડેજ અમૃતત્વની પ્રાપ્તિ થાય છે. ત્યાગ એજ મહા શક્તિ છે. જેના હૃદયમાં એ મહાશક્તિનો આવિર્ભાવ થાય છે તે આ જગતને પણ લેખવતો નથી. **ब्रह्माण्डं गोष्पदायते ।** વૈરાગ્યવાન્ મનુષ્યને મન આખું બ્રહ્માંડ ગાયની ખરીની તળેના ખાડા જેવું છે. ત્યાગ એજ ભરતખંડે પ્રાચીનકાળથી ધારણ કરેલો વાવટો છે. જે પ્રજાઓ મરવા પડી છે તેને ભરતખંડ વૈરાગ્યની ગર્જના કરીને સાવધાન કરે છે-સર્વ પ્રકારના જુલમનું, સર્વ પ્રકારના નિર્દય વ્યવહારનું બળપૂર્વક ખંડન કરે છે. પરાપૂર્વથી ભરતખંડ આખા જગતને પોતાનો સંદેશો પહોંચાડે છે કે, હે મનુષ્યો ! સાવધાન થાઓ ! વૈરાગ્યનો માર્ગ એજ પરમ શાંતિનો માર્ગ છે. તેનું અવલંબન કરો; નહિ તો તમારો વિનાશ થશે. હે મારા હિંદુ ભાઇઓ ! એ વૈરાગ્યના ઝુંડાનો કદિ પણ ત્યાગ કરતા નહિ. આખું જગત્ જોઇ શકે તેમ તેને ઉંચો ને ઉંચોજ રાખજો. જો તમારામાં આત્મબળની ન્યૂનતા હોય અને તમે ત્યાગ ન કરી શકતા હો તોપણ એ મહાન્ આદર્શને તો કદિ નીચો ઉતારતાજ નહિ. તમે કબૂલ કરી દેજો કે અમારી એ નબળાઇ છે. અમે સંસારનો ત્યાગ કરી શકતા નથી; પણ પાખંડી, ઢોંગી મિથ્યાવાદી કદિ પણ થતા નહિ. શાસ્ત્રના અર્થને મારી મચડીને વિકૃત કરતા નહિ. તમારા પોતાના બચાવને માટે જુઠી જુઠી દલીલો કરીને, શાસ્ત્રના ખોટા ખોટા અર્થ કરી કેવળ બુદ્ધિબળથી લોકોને ઠગવાનો તથા તેમને કુમાર્ગે દોરવાનો કદિ પણ યત્ન કરતા નહિ. જે લોકો તમારા વાક્ચાતુર્યથી ઠગાય છે તેમણે પણ શાસ્ત્રનો મર્મ સમજવો જોઇતો હતો; પરંતુ તમે તો કદિએ એવું કપટ પાખંડ કરતા જ નહિ. સાફ કહી દેજો કે આટલી વાતે અમારૂં મનોબળ ઓછું છે; કારણ કે વૈરાગ્યનો આદર્શ ઘણોજ ઉંચો છે. લાખો માણસો યુદ્ધમાં માર્યા જાય અને દશ કે ફક્ત બેજ માણસો જીત મેળવી જીવતા પાછા આવે, તોપણ શું થઇ ગયું ? જેઓ માર્યા ગયા છે તેઓને પણ ધન્ય છે. તેઓ પણ કૃતકૃત્ય થઇને ગયા છે. તેમનાજ રૂધિરથી, તેમના પ્રાણના મૂલ્યથીજ વિજયની પ્રાપ્તિ થઇ છે. એક અપવાદ સિવાય તમામ વૈદિક ધર્મોની અંદર વૈરાગ્યનો આદર્શ અત્યંત આવશ્યક મનાય છે. તે અપવાદરૂપ કયો સંપ્રદાય છે ? મુંબઇ ઇલાકામાં પ્રચલિત થએલો વલ્લભાચાર્યનો સંપ્રદાય એકલોજ; પરંતુ જ્યાં એ આદર્શ નથી હોતો ત્યાં કેવાં ભયંકર પરિણામ આવે છે, એ પણ તમે ઘણાખરા સારી રીતે જાણો છોજ. +એ ત્યાગના આદર્શના રક્ષણમાટે આપણને ધર્માંધપણાની-ભયંકર હડહડતા ધર્માંધપણાની પણ હાલ જરૂર છે.

+ જેમણે મહારાજા લાઇબલ કેસ વાંચ્યો હશે તેઓ ગોસાંઇજીઓના ગોટાળા જાણે છે. હાલ એ પુસ્તક ફરીથી છપાયું છે; અંગ્રેજીમાં પણ તેનો અનુવાદ થયો છે. મુંબઇમાં શ્રી. લક્ષ્મીદાસની દુકાને મળે છે. ભા. ક.

ભસ્મના લેપનથી ભયંકર દેખાતા, જટાધારી, ઉંચા રાખેલા હાથવાળા ભયંકર બાવાઓની પણ જરૂર છે. અલબત્ત, એમાંનો ઘણોખરો અંશ કેવળ ઢોંગ અને બહારનો દેખાવજ માત્ર છે, તોપણ આપણા મનુષ્યત્વનો વિનાશ કરનાર વિલાસપરાયણતા આપણા સમાજમાં પ્રવેશ કરે અને આપણું રુધિર, માંસપર્યંત ચૂસીને આપણને ખોખાં જેવા નિર્માલ્ય બનાવી દે, આખી હિંદુ પ્રજાને કપટ અને પાખંડથી કલુષિત કરી નાખે, ધર્મને નામે હડહડતા વ્યભિચાર કરાવે તે કરતાં આવો ઢોંગ તો ઢોંગ, પણ એ વૈરાગ્યસૂચક ચિન્હો આપણી સમક્ષ વૈરાગ્યનો આદર્શ ધર્યા કરીને આપણને સાવધાન તો રાખશેજ. શરીરે હીરા મોતીના દાગીનાવાળા અને વારાંગનાનાં જેવાં પટીઆં પાડનારા મહારાજો કરતાં ભસ્મધારી, જટાધારી, તિલકધારી, માળાધારી કે ગમે તેવો મેલોઘેલો મૂર્ખ સાધુ હશે, તોપણ તે પોતાના સાધુના પોશાકથી એકવાર ખરેખરા ત્યાગી સાધુ કેવા હતા તેનું સ્મરણ તો આપણને અવશ્ય કરાવશેજ. હાલ તો આપણને ત્યાગની વિશેષ જરૂર છે. પ્રાચીનકાળમાં ત્યાગની ભાવનાએ આખા હિંદુસ્તાન ઉપર પોતાનો અધિકાર જમાવ્યો હતો અને હજી પણ તેનાજ અધિકારની પુનઃ સ્થાપના કરવી પડશે; કારણકે ભરતખંડે ઉત્પન્ન કરેલા આદર્શોમાં ત્યાગનો આદર્શ હજી પણ સર્વોત્કૃષ્ટજ છે, ભગવાન રામચંદ્ર, કૃષ્ણ, બુદ્ધ, શંકર, રામાનુજ અને રામકૃષ્ણ પરમહંસ જેવા મહાન્ ત્યાગીઓની જન્મભૂમિ, વૈરાગ્યની જનેતા, કે જ્યાં પ્રાચીન કાળથીજ કર્મકાંડનો દરજ્જો નીચો મનાતો આવ્યો છે; અને હજી પણ જે ભૂમિમાં અનેક બાળકો સર્વસ્વનો ત્યાગ કરીને જીવન્મુક્ત થતાંજ ચાલે છે તે પવિત્ર, સાત્ત્વિક, પરમ વૈરાગ્યવતી આર્યભૂમિ પોતાના આદર્શનો પરિત્યાગ કરશે ? કદિ નહિ. કદાચ પાશ્ચાત્ય ભોગવિલાસોથી ઉન્મત્ત થએલાં હજારો બલ્કે લાખો માણસો આપણા દેશમાં પેદા થયાં હશે; ઇન્દ્રિયોના અનેકવિધ ઉપભોગરૂપે પાશ્ચાત્ય પ્રજાઓએ પેદા કરેલા હલાહલ વિષનું પાન કરીને પોતાની બુદ્ધિમાં વિભ્રમ ઉત્પન્ન કરનારા પણ લાખો માણસો હશે; પરંતુ તેમને બદલે મારી માતૃભૂમિ બીજા હજારો, લાખો વીર પુત્રો પણ પ્રસવશેજ. એ પુત્રો ધર્મને માત્ર મોંએથી ચર્ચા કરવાનો વિષય ન માનતાં પરમ સત્ય પદાર્થ તરીકેજ સ્વીકારશે અને જરૂર પડતાં તેને માટે સર્વસ્વનો પણ ત્યાગ કરતાં અચકાશે નહિ.

બીજો એક આદર્શ જે આપણા દેશના તમામ સંપ્રદાયોમાં સામાન્ય મનાય છે તે હું તમારી સમક્ષ મૂકવા ઇચ્છું છું. એ વિષય અત્યંત વિશાળ છે. "ધર્મનો અપરોક્ષ અનુભવજ કરવો જોઇએ" એ આદર્શ કેવળ ભરતખંડનીજ પેદાશ છે.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।

" માત્ર મોંએ બોલવાથી કે વિવાદથી આત્માનો અનુભવ થતો નથી; તેમજ બુદ્ધિવડે અથવા ઘણાં પુસ્તકો વાંચ્યાથી પણ થતો નથી." શાસ્ત્રના અભ્યાસથી, વાદ-

વિવાદથી, ભાષણો સાંભળ્યાથી અને એવાં બીજાં ઉપર ઉપરનાં કામ કર્યાથી આત્માનો સાક્ષાત્કાર થતો નથી; પણ તેનો અપરોક્ષ અનુભવ કરવો જોઇએ. આમ નિડરપણે જાહેર કરનાર એકલાં આપણાજ દેશનાં શાસ્ત્રો છે. એ અપરોક્ષ અનુભવજન્ય જ્ઞાન ગુરૂના મારફતેજ શિષ્યને પ્રાપ્ત થાય છે. શિષ્યની અંતર્દૃષ્ટિ ઉઘડી એટલે તેની આગળ એ પરમ સત્ય જાહેર થઇ જાય છે અને તેને તેના આત્મસ્વરૂપનો સાક્ષાત્ અનુભવ થાય છે.

એક બીજી વાત પણ મને હમણાં યાદ આવે છે. બંગાળામાં કુળગુરૂનો એક વિચિત્ર રિવાજ ચાલ્યો આવે છે. "મારો પિતા તમારો ગુરૂ હતો માટે હું પણ તમારો ગુરુ થઇશ" અથવા "મારો પિતા તમારા પિતાનો ગુરુ હતો માટે હુ તમારો ગુરુ થાઉં." આવા ધોરણથી લોકો ગુરુ કરી બેસે છે. મને કહેશો કે "ગુરુ" શબ્દનો શો અર્થ છે? ચાલો, આપણે એ પ્રશ્ન શ્રુતિ ભગવતીનેજ પૂછીએ અને જોઇએ કે તે શો ઉત્તર આપે છે. શ્રુતિ કહે છે કે "જે વેદનું રહસ્ય જાણે છે તેજ ગુરુ થવાને યોગ્યછે." પુસ્તકિયા પંડિત, વ્યાકરણ કે ન્યાય ભણીને ઘટ અને પટની તર્કજાળ રચનાર કે એવા બીજાઓ જેઓ જગતમાં હાલ પંડિત તરીકે ઓળખાય છે તેઓ ગુરુ થવાને યોગ્ય નથી; પણ વેદનું રહસ્ય જેણે અનુભવવડે જાણ્યું છે તેનામાંજ ગુરુ થવાની યોગ્યતા છે. બાકીના તો

यथाखरश्चंदनभारवाही । भारस्यवेत्ता न तु चंदनस्य ॥

માત્ર ચંદનનો ભારજ વહન કરનાર અને તેની સુવાસને ન જાણનાર ગધેડા જેવાજ છે. આપણને એવા ગુરુઓની જરૂર નથી. જેને પોતાને કશો અનુભવ નથી તે આપણને શું શીખવવાના હતા? જ્યારે હું નાનો હતો ત્યારે હું ધર્મની શોધ કરવામાટે કલકત્તામાં ઠેકાણે ઠેકાણે ભટકતો હતો, અને હમેશ લાંબાં લાંબાં ભાષણ થઇ રહ્યા પછી એ વિદ્વાન્ વક્તાઓને પૂછતો કે "તમને ઈશ્વરનાં દર્શન થયાં છે?" બસ આટલા સવાલથી તો તેઓ બિચારા ઠંડાજ બની જતા! ઈશ્વરનું દર્શન! તેનો અપરોક્ષ અનુભવ! આ સવાલથી એ લોકો સ્તબ્ધજ થઈ જતા! માત્ર એકજ મહાપુરુષનો મને સમાગમ થયો કે જેમણે આ સવાલનો એવો ઉત્તર આપ્યો હતો કે મને પોતાને તો ઈશ્વરનાં દર્શન થયાં છેજ; પરંતુ ઈચ્છા હશે તો તને પણ તેનાં દર્શન કરવાનો માર્ગ બતાવી શકું છું. એ મહાપુરુષ તે બીજા કોઇજ નહિ પણ ભગવાન્ રામકૃષ્ણ પરમહંસ હતા. શાસ્ત્રના શબ્દોને મારીમચડીને ગમે તેવા અર્થ કરવામાંજ માત્ર કુશળ હોય તેઓ ગુરુપદને યોગ્ય નથી.

वाग् वैखरी शब्दझरी शास्त्रव्याख्यानकौशलम् ॥
वैदुष्यं विदुषां तद्वद्भूक्तये न तु मुक्तये ॥

" નાના પ્રકારના શાસ્ત્રના અર્થ કરવાની કુશળતા હોવી એ તો માત્ર પંડિતોના વિનોદનું સાધન છે; મુક્તિનું સાધન નથી."

જે "શ્રોત્રિય" એટલે વેદના રહસ્યને જાણનાર છે, જે "અવૃજિન" એટલે

નિષ્પાપ છે અને જે "અકામહત" એટલે તૃષ્ણા વિનાનો છે-તમને ઉપદેશ આપવા બદલ તમારી પાસે દ્રવ્યની આશા નથી રાખતો તેજ શાંત છે, તેજ સાધુ છે. જેમ વસંતઋતુ વૃક્ષોને નવાં પલ્લવો અને પુષ્પો અર્પણ કરે છે; પણ તેના બદલામાં વૃક્ષો-પાસેથી કાંઇ પણ પ્રાપ્ત કરવાની આશા નથી રાખતી: કારણ કે પરોપકાર કરવો એ તેનો પ્રકૃતિગત સ્વભાવ છે, તેમ 'परोपकाराय सतां विभूतयः' એ સૂત્રને વ્યવહારમાં મૂકનારા સાધુઓજ ગુરુ થવા યોગ્ય છે. બીજાનું કલ્યાણ કરવાનીજ જેમને કામના છે તેજ સાચા ગુરુ થઇ શકે. **तीर्णाः स्वयं भीमभवार्णवं जनाः । अहेतुनान्यानपि तारयन्तः ।** પોતે ભયાનક ભવસાગર તરી ગયા છે અને કોઇપણ પ્રકારના લાભની આશા રાખ્યા વગર બીજાઓને તારે છે તેનેજ ગુરુ માનજો; બીજાઓને નહિ; કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કે:—

अविद्यायामन्तरे वर्तमानाः स्वयंधीराः पण्डितं मन्यमानाः ।
जंघन्यमानाः परियन्ति मूढाः अन्धेनैव नीयमाना यथान्धाः ॥

"જેઓ પોતે અવિદ્યાના અંધકારમાં ડૂબી ગએલા છે પણ અહંકારવશ થઇને એમ માને છે કે અમે મોટા પંડિતો છીએ; એટલુંજ નહિ પણ એ મૂર્ખાઓ બીજાઓને માર્ગ બતાવવા જાય છે, તેઓ નાના પ્રકારના કુટિલ માર્ગમાં અથડાય છે. જાણે એક આંધળો બીજા આંધળાઓને દોરતો હોય અને તે પોતે તથા બીજા બધાએ ખાડામાં પડે, તેમ એવા ગુરુ અને તેમના શિષ્ય પાપના ખાડામાં પડે છે."

આ આપણાં શાસ્ત્રોનું વચન છે. તેની સાથે આપણા આધુનિક રિવાજને સરખાવી જુઓ. તમે વેદાંતીઓ છો. સનાતનધર્મ પાળનારા છો. હું તમને એટલુંજ કહું છું કે તમે સનાતનધર્મને વિશેષ આગ્રહથી પાળો. તમે ચુસ્ત હિંદુઓ છો પણ વધારે ચુસ્ત થાઓ. જેમ જેમ તમે ધર્મની બાબતમાં વધારે ચુસ્ત અને આગ્રહી થશો અને સનાતન ધર્મના આદેશ જેમ વધારે આગ્રહપૂર્વક પાળતા જશો તેમ તેમ વધારે બુદ્ધિમાન્, સમજણા અને વિચારવંત થશો; અને આજકાલ ચાલતા ઢોંગને તમે જેમ વળગી રહેશો તેમ વધારે ને વધારે મૂર્ખ અને વિચારશૂન્ય બનતા જશો; માટે હું તમને કહું છું કે તમે પ્રાચીન સનાતનધર્મ તરફ વળો; કારણ કે તે સમયમાં પ્રગટેલા શાસ્ત્રના આદેશ, પ્રજાજીવનનું એકેએક સ્પંદન, બળવાન્, સ્થિર અને સરળ હતાં. તેનો પ્રત્યેક સૂર ખામીવગરનો હતો. ત્યાર પછી પ્રજાજીવનની અવનતિ થવા લાગી. ધર્મ, વિજ્ઞાન, કલા વગેરે સર્વ પ્રદેશોમાં સડો પેઠો. તેમનાં મૂળ કારણો વિચારવાનો અત્યારે આપણને અવકાશ નથી, પણ જે ગ્રંથો એ અવનતિના આરંભ પછીના યુગમાં રચાયા છે, તે સર્વની અંદર પ્રજાગત વ્યાધિનાં, અવનતિનાં ચિન્હ જોવામાં આવે છે. વીર્ય અને પ્રતાપપૂર્ણ ગર્જનાને બદલે માત્ર રોદનનોજ અવાજ સાંભળીએ છીએ; માટે છેક પ્રાચીનકાળના જમાના તરફ પાછા વળો. ત્યાં બળ છે, ચેતન છે. તેજ

છે, વીર્ય છે. તે સમયનાં જીવનપ્રદ તત્ત્વો જીવનમાં ઉતારીને પુનઃ બળવાન્ થાઓ. એજ પ્રાચીન ઝરણાનું જળ ફરીથી તૃપ્તિપર્યંત પીઓ. હિંદમાં ચેતન લાવવાનો આ એકલોજ ઉપાય છે.

હું અન્ય વિષયોની ચર્ચામાં મૂળ વિષયને તો ભૂલીજ ગયો. વિષય એટલો વિસ્તીર્ણ છે કે તેથી હું માત્ર આટલુંજ કહી શકું છું કે હું બધું ભૂલી ગયો છું. ઠીક, અદ્વૈતવાદનો મત એવો છે કે આપણને વ્યક્તિત્વ છે એમ જે આપણે માની બેઠા છીએ તે કેવળ ભ્રમજ છે. આખા જગતને માટે આ પ્રશ્ન ઘણોજ મુશ્કેલ છે. તમે કોઇ પણ માણસને કહો કે તમારૂં વ્યક્તિત્વ છેજ નહિ, તો તમારૂં વચન સાંભળતાંજ તે ચમકી જશે. કારણ કે તે માને છે કે મારામાં વ્યક્તિત્વ-હુંપણું છે, પછી એ સંબંધી તેનો અભિપ્રાય ગમે તે હોય તોપણ જ્યારે એ હુંપણુંજ નષ્ટ થવા જાય ત્યારે તો તે ભયભીત થઇ જાય. પણ અદ્વૈતવાદી કહે છે કે તમારામાં ખરૂં જોતાં પૃથક્ વ્યક્તિત્વ અથવા હુંપણું એવું કાંઇ છેજ નહિ. તમારા જીવનમાં તમારૂં સેંકડો વાર પરિવર્તન થતું જાય છે. તમે એક સમયે બાળક હતા તે વખતે અમુક પ્રકારના વિચાર કરતા હતા, હાલ તમે યુવાન છો અને અમુક પ્રકારના વિચાર કરો છો. પછી તમે વૃદ્ધ થશો અને તે વખતે કોઇ જુદાજ પ્રકારના વિચાર કરશો. દરેક પદાર્થનું પરિવર્તન થતુંજ જાય છે. જો એમજ હોય તો તમારૂં વ્યક્તિત્વ કયાં રહ્યું ? એ હુંપણું-વ્યક્તિત્વ તમારા દેહમાં નથી, મનમાં નથી તેમજ વિચારમાં નથી. એ દેહ અને મનની પાર તમારો આત્મા છે અને તે આત્મા બ્રહ્મસ્વરૂપ છે એવો અદ્વૈતવાદીઓનો મત છે. અનંત બે હોઇ શકેજ નહિ. વ્યક્તિ એકજ હોઇ શકે અને તે અનંતસ્વરૂપ છે.

સત્ય હકીકત એવી છે કે આપણે બધા વિચારશીલ છીએ અને તર્ક તથા બુદ્ધિનો ઉપયોગ કરીનેજ સત્યનું અનુસંધાન કરવા ઇચ્છીએ છીએ. તર્ક એ એક પ્રકારનું વર્ગીકરણ કરવાની પદ્ધતિ છે. પદાર્થના અમુક સમુદાયને ક્રમવાર વધારેને વધારે ઉચ્ચ શ્રેણીમાં મૂકતાં મૂકતાં અંતે તેને એક એવા વર્ગમાં ગોઠવી દેવો, કે પછી તેના કરતાં વધારે વિશાળ શ્રેણી હોઇ શકેજ નહિ. દરેક સાન્ત પદાર્થને આખરે અનંતમાં પર્યવસિત કર્યા પછી આપણી તર્કશક્તિ સ્તંભી જાય છે. એક સાન્ત પદાર્થ લઇને તેનાં કારણનું અનુસંધાન કરતાં કરતાં આખરે અંતિમ પદાર્થ એટલે અનંતપર્યંત ન પહોંચીએ ત્યાંસુધી શાંતિ પ્રાપ્ત થતી નથી. એ અનંત પદાર્થ કે જેની અંદર જગતના તમામ સાન્ત પદાર્થો પર્યવસાન પામે છે તે એકલોજ વાસ્તવિક રીતે અસ્તિત્વ ધરાવે છે, એવો અદ્વૈતવાદનો સિદ્ધાંત છે. બાકીનું સર્વ માયા છે; તેમનું અસ્તિત્વજ નથી. કોઇ પણ જડ પદાર્થમાં ખરૂં અસ્તિત્વ ધરાવે એવું જે કાંઇ તત્ત્વ છે તેજ બ્રહ્મ છે. આપણે પણ બ્રહ્મ છીએ. નામ, રૂપ વગેરે જે કાંઇ ભેદ દેખાય છે તે સર્વ માયા

છે. એ નામરૂપને કોર મૂકો એટલે તમે અને હું એકજ છીએ; પણ એ "હું" શબ્દનું તાત્પર્ય તમારે બરાબર સમજી લેવું જોઇએ. સાધારણ રીતે લોકો પૂછે છે કે 'જો હું બ્રહ્મ હોઉં તો અમુક અમુક કાર્ય હું કેમ કરી શકતો નથી? પણ અહીં તેઓ "હું" શબ્દને તદ્દન જુદાજ અર્થમાં વાપરે છે. તમે જ્યાંસુધી પોતાને બદ્ધ, શરીર અથવા પરિચ્છિન્ન માનો ત્યાંસુધી તમે બ્રહ્મ અથવા આત્મસ્વરૂપ કહી શકાઓ જ નહિ; કેમકે બ્રહ્મને કોઇ પણ પ્રકારનો અભાવ નથી. તેને કોઇ પણ પ્રકારની કામના નથી. તે સંપૂર્ણ રીતે નિર્ભય અને સ્વાધીન છે. તેજ બ્રહ્મ છે અને એ બ્રહ્મરૂપે આપણે બધા એકજ છીએ.

હવે આ બાબતમાં દ્વૈતવાદ અને અદ્વૈતવાદ વચ્ચે ઘણો મોટો પ્રભેદ છે. શંકરાચાર્ય જેવા મોટા મોટા ભાષ્યકારોએ પણ પોતાના મતનું સ્થાપન કરવામાટે શાસ્ત્રના એવા અર્થ કર્યા છે કે જે મને ઘણીવાર સત્ય લાગતા નથી. રામાનુજ પણ ઘણીવાર એવા અર્થ કરે છે કે જે સ્પષ્ટપણે સમજી શકાતા નથી. આપણા દેશના પંડિતોમાં એક એવી ધૂન ભરાઇ ગઇ છે કે, આ બધા જુદા જુદા સિદ્ધાંતોમાંથી માત્ર એકજ સિદ્ધાંત સત્ય હોઈ શકે; અને બાકીના બધા અસત્ય હોવા જોઇએ. જો કે શ્રુતિમાં તો એમ જણાવ્યું છે કે **एकं सद्विप्रा बहुधा वदन्ति ।** સત્ય પદાર્થ એકજ છે, પણ વિદ્વાનો તેનું જુદે જુદે રૂપે વર્ણન કરે છે. આ સિદ્ધાંતનો આખા જગતમાં પ્રચાર કરવાનું કર્તવ્ય ભરતખંડની પ્રજાનું છે. આજ આપણા પ્રજાજીવનનો મહામંત્ર છે અને તેને વ્યવહારમાં મૂકવાથી આપણા પ્રજાજીવનને લગતા મહાન, દુર્ભેદ્ય પ્રશ્નનું નિરાકરણ થઇ જશે. ભરતખંડના ગણ્યા ગાંઠ્યા પંડિતો સિવાય બધા લોકોને આ સિદ્ધાંતનું તદ્દન વિસ્મરણ થઇ ગયું છે અહીં "પંડિત" શબ્દને હું સંપૂર્ણ રીતે ધાર્મિક અને જ્ઞાનીના અર્થમાંજ વાપરૂં છું તે ધ્યાનમાં રાખશો. આપણે આ મહાન તત્ત્વને હમેશાં ભૂલતાજ આવ્યા છીએ. તમે જોશો કે આપણા દેશના પંડિતોનો મોટો ભાગ, લગભગ સેંકડે ૯૯ ટકા જેટલા પંડિતો એમજ માની બેઠા છે કે અદ્વૈતવાદજ સત્ય છે, અથવા વિશિષ્ટાદ્વૈતવાદજ સત્ય છે, અથવા દ્વૈતવાદજ સત્ય છે; અને જો તમે કાશી જઇને ત્યાંના કોઇ પણ ઘાટ ઉપર પાંચ મિનિટ ઉભા રહેશો તો તમને મારા કથનની યથાર્થતાનો અનુભવ થશે. ત્યાં જુદા જુદા સંપ્રદાયના પંડિતો વચ્ચે કેવાં મલ્લયુદ્ધ અથવા ગોધાની સાઠમારી મચી રહે છે તે તમે નજરો નજર જોઇ શકશો. આપણા જનસમાજની તથા આપણા પંડિતોની આવી દુર્દશા છે.

આ પ્રમાણે વિભિન્ન સંપ્રદાય વચ્ચે ચાલતા દ્વંદ્વયુદ્ધની વચમાં એક મહાપુરૂષનો આવિર્ભાવ થયો ભરતખંડના જુદા જુદા સંપ્રદાયોમાં જે સમન્વય અને એકતા રહેલાં છે, તે તેમણે વ્યવહારમાં ઉતારીને પોતાના જીવનદ્વારા જગતને સમજાવ્યાં. તેમનું જીવન જુદા જુદા ધર્મોના મૂર્તિમાન સમન્વયરૂપ હતું અને તે બીજા કોઇ નહિ પણ રામ-

કૃષ્ણ પરમહંસ હતા. તેમના જીવનનું અવલોકન કર્યાથી પ્રતીતિ થાય છે કે બન્ને મત જરૂરના છે–બેઉ જ્યોતિષશાસ્ત્રના ભૂકેન્દ્રિક અને સૂર્યકેન્દ્રિક સિદ્ધાંતોના જેવા છે. બાળક જ્યારે ખગોળવિદ્યાનો અભ્યાસ શરૂ કરે છે, ત્યારે ભૂકેન્દ્રિક મત પ્રમાણે એટલે પૃથ્વી એજ જગતનું મધ્ય બિન્દુ છે, એમ કામચલાઉ સિદ્ધાંત તરીકે માની લઇને તેને શીખવવામાં આવે છે; પણ જ્યારે તે અભ્યાસમાં આગળ વધે છે અને ખગોળ-વિદ્યાની ઝીણી ઝીણી બાબતોનું તેને જ્ઞાન થતું જાય છે, ત્યારે સૂર્યકેન્દ્રિક મત પ્રમાણે એટલે સૂર્યને જગતનું મધ્યબિન્દુ માનીને તેને સમજાવવામાં આવે તોજ તે વધારે સારી રીતે સમજી શકશે. પંચેન્દ્રિયબદ્ધ જીવ સ્વાભાવિક રીતેજ દ્વૈતવાદી છે. જ્યાં સુધી આપણા જ્ઞાનની સીમા પંચેન્દ્રિયવડે બંધાયલી રહેશે, જ્યાંસુધી આપણને દેહ છે એવું લેશ પણ જ્ઞાન રહેશે, ત્યાંસુધી સગુણ ઈશ્વરનાજ આપણે અધિકારી છીએ. સગુણ ઈશ્વરથી વધારે ઉંચા પ્રકારના તત્ત્વનું આપણને દર્શન થઇ શકશે નહિ અને જગત્ સત્ય છે એમજ આપણને પ્રતીત થશે. રામાનુજ કહે છે કે "જ્યાંસુધી તમે પોતાને દેહ, મન અથવા જીવ માનશો ત્યાંસુધી તમારી દરેક જ્ઞાનક્રિયામાં જીવ, જગત્ અને એ બેઉના કારણસ્વરૂપ કોઇ અમુક તત્ત્વનું જ્ઞાન રહેવાનુંજ." પરંતુ મનુષ્યના જીવનમાં કોઇ કોઇ વાર એવા પ્રસંગ પણ ઉપસ્થિત થાય છે કે જ્યારે દેહનું જ્ઞાન પૂરેપૂરૂં લુપ્ત થઇ જાય છે, મન પણ સૂક્ષ્મ–વધારે સૂક્ષ્મ બની જઇ લગભગ અદશ્ય થઇ જાય છે; અને દેહને બંધનમાં રાખનાર ભીતિ, દુર્બલતાજનક ભાવો ઉડી જાય છે ત્યારેજ–માત્ર ત્યારેજ ઉપનિષદ્‌ના ભવ્ય ઉપદેશની યથાર્થતા સમજાય છે. એ ઉપદેશ કયો?

> इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः।
> निर्दोषं हि समं ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः॥

"જેમનું મન દરેક પદાર્થની એકતામાં સ્થિત થયું છે તેમણે સદેહે સ્વર્ગની પ્રાપ્તિ કરી લીધી છે. બ્રહ્મ દોષરહિત અને સર્વત્ર સમાન હોવાથી તેવા મનુષ્યો પણ બ્રહ્મમાંજ અવસ્થિત થાય છે."

> समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम्।
> न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम्॥

"ઈશ્વરને સર્વત્ર સમભાવે અવસ્થિત થએલો જોઇને તે આત્માદ્વારા આત્માની હિંસા કરતો નથી, એટલે તે પરમ ગતિને પામે છે."



अलमोरानां मानपत्रनो उत्तर

(સ્વામી વિવેકાનંદજી હિમાલય પ્રદેશમાં આવેલા અલમોરા શહેરમાં ગયા ત્યારે ત્યાંના વતનીઓએ તેમને હિન્દી ભાષામાં ત્રણ જુદાં જુદાં માનપત્રો આપ્યાં હતાં. તેમાં સ્વામીજીએ આર્યધર્મનો જે ઉત્કર્ષ કર્યો હતો, ભારતવાસીઓને તથા યૂરોપ અને અમેરિકાની પ્રજાને આર્યધર્મનાં ઉચ્ચ તત્ત્વોથી પરિચિત કરવાનો જે ભગીરથ પ્રયાસ કર્યો હતો તેને માટે તેમની સ્તુતિ કરી હતી. ભરતખંડનો પ્રાચીન સર્વોત્કૃષ્ટ ધર્મ જે હમણાં કેટલોક સમય થયાં અવનત થતો હતો; અને ભરતખંડની પ્રજા, તેમના પૂર્વજોએ સચિત કરેલું અમૂલ્ય રત્ન ગુમાવી બેસે એવી સ્થિતિ હતી તે વખતે બીજા શંકરાચાર્યરૂપે સ્વામીજીએ વેદાંતની ધ્વજા પુનઃ ફરકાવી, તે મહાન્ કાર્યમાટે તેમને ધન્યવાદ આપ્યો હતો અને એ શુભ કાર્યમાં તેમને વિજય પ્રાપ્ત થાઓ એવી શુભ વાંછના દર્શાવી હતી. અલમોરામાં એક મઠ સ્થાપવાનો સ્વામીજીનો વિચાર હતો; એ પગલું પણ ત્યાંના લોકોએ ઘણુંજ પસંદ કર્યું હતું અને તેમાં તેમને સફળતા મળો એવી ભાવના પ્રદર્શિત કરી હતી. એ માનપત્રનો ઉત્તર આપતાં સ્વામીજીએ નીચે પ્રમાણે ટુંકું ભાષણ આપ્યું હતું.)

હિમાલયની આ તેજ પવિત્ર ભૂમિ છે કે જ્યાં આપણા પૂર્વજોએ પોતાનાં સ્વપ્ન રચ્યાં હતાં અને જે ભૂમિમાં ભારતજનની પાર્વતીનો જન્મ થયો હતો. આ તેજ પવિત્ર પ્રદેશ છે કે જ્યાં ભરતખંડનો દરેક સત્યપિપાસુ આત્મા પોતાના આયુષ્યની આખરની પળ ગાળવાની અને પોતાના જીવનરૂપી નાટકનો છેલ્લો પ્રવેશ ભજવવાની અભિલાષા રાખે છે. આ મંગલ ભૂમિના પર્વતોનાં શિખર ઉપર, તેની ગુફાઓનાં ઊંડાણની અંદર અને તેની ધડધડાટ વહેતી સ્વચ્છ નદીઓના કિનારા ઉપર એવાં અપૂર્વ તત્ત્વદર્શનની રચના થઈ હતી કે, જેના અલ્પ અંશનો પણ વિદેશી પ્રજાઓ શ્રદ્ધા અને માનથી સત્કાર કરે છે અને જેને તત્ત્વજ્ઞાનના વિષયમાં નિષ્ણાત થએલા પંડિતો જગતના તત્ત્વદર્શનમાં અપૂર્વ સ્થાન આપે છે. આ તેજ દિવ્ય પ્રદેશ છે કે જ્યાં વસવાનાં મેં બાળપણથીજ સ્વપ્નો રચ્યાં હતાં. તમને સઘળાને વિદિત છે કે મેં અહીં નિવાસ કરવાનો અનેક વાર પ્રયત્ન કર્યો હતો; અને જો કે તે વખતે રહેવાનો યોગ્ય સમય ન હતો. મારે કેટલાંક કાર્ય કરવાની પણ જરૂર હતી અને ત્યાર પછી સંજોગોને વશ થઈ હું આ પવિત્ર પ્રદેશથી ઘણે દૂર ગયો હતો; તોપણ હજી મારા અંતઃકરણમાં પ્રબળ ઇચ્છા છે કે જ્યાં એક વાર ઋષિમુનિઓના આશ્રમો હતા, જ્યાં તત્ત્વજ્ઞાનનો જન્મ થયો હતો તે પર્વતરાજ હિમાલયના ખોળામાં હું મારા જીવનનાં છેલ્લાં વર્ષ વ્યતીત કરૂં. મિત્રો ! મેં અત્ર નિવાસ કરવાની યોજના મારા મનમાં પ્રથમથીજ ઘડી રાખેલી છે, તેમાં કદાચ મને નિષ્ફળતા પણ મળે; તોપણ હું ઇચ્છું છું કે મારૂં બાકીનું

જીવન અહીં પૂર્ણ શાંતિમાં અને અપ્રસિદ્ધપણે વ્યતીત થાય ! એ ઇચ્છા ફળીભૂત થાય યા ન થાય તોપણ મારી પ્રાર્થના છે, મારી આશા છે; અને લગભગ મને વિશ્વાસ છે કે મારા આખરના દિવસ જગતના બીજા કોઇ સ્થાનમાં ન જતાં અહીંજ પસાર થાય !

આ પવિત્ર પ્રદેશનાં બાળકો ! મેં પશ્ચિમના પ્રદેશોમાં કરેલા નજીવા કાર્યમાટે તમે મારી પ્રશંસા કરી, તેમાટે હું તમારો આભાર માનું છું; પણ આ ક્ષણે તો પશ્ચિમના અથવા પૂર્વના કોઇ પણ પ્રદેશવિષે બોલવાની ઇચ્છાજ થતી નથી. અહીં આવતાં હિમાલય પર્વતનાં એકએકથી ઉંચે આવેલાં શિખર મારી નજરે પડતાં ગયાં તેમ તેમ મારી તમામ કર્મપ્રવૃત્તિ, વર્ષોનાં વર્ષ થયાં જે વિચારો મારા મગજમાં ઉછળી રહ્યા હતા તેનું સર્વનું ઉપશમન થતું ગયું; અને કયાં કયાં કાર્ય આજસુધીમાં થયાં છે અથવા કયાં કાર્ય ભવિષ્યમાં કરવાનાં છે તેના વિચાર ન આવતાં જે સનાતન ભાવના અનંત યુગથી હિમાલય આપણને શીખવતો આવ્યો છે, જેનાં આંદોલન આ પ્રદેશના વાતાવરણમાં હજી પણ ઘૂમી રહ્યાં છે; અને જે સનાતન ભાવનાનો અસ્ફુટ ધ્વનિ અહીંના જળધોધમાં, વેગબંધ વહેતી નદીઓના વમળમાં હુ સાંભળું છું, તે ત્યાગની ભાવનાના વિચારમાંજ મારૂં મન પરોવાયું છે.

सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम् ।

પદાર્થમાત્રમાં ભય રહેલો છે. જગતમાં માત્ર એક વૈરાગ્યજ નિર્ભય છે.

ખરેખર, આ પ્રદેશ વૈરાગ્યની ભૂમિ છે. મારા મનના વિચાર વિસ્તારથી જણાવવાનો અત્યારે સમય નથી અને સુયોગ પણ નથી. માત્ર ઉપસંહાર કરતાં તમને આટલુંજ કહેવા ઇચ્છું છું કે હિમાલય પર્વત ત્યાગ અને વૈરાગ્યની સાકાર મૂર્તિરૂપે તમારી સમક્ષ ઉભો છે. એના તરફથી મળતી વૈરાગ્યની ભાવના કરતાં વધારે ઉચ્ચ ઉપદેશ આપણે માનવ જાતિને આપી શકીએ એમ છેજ નહિ. જેમ આપણા પૂર્વજો તેમની જીંદગીના છેવટના ભાગમાં આ પવિત્ર પ્રદેશ તરફ આકર્ષાતા હતા, તેજ પ્રમાણે જગતના દેશે દેશના ઉત્કૃષ્ટ કોટિના આત્માઓ પણ આ સ્થળ તરફ આકર્ષાશે. જ્યારે ધર્મના ઝગડા અને જુદા જુદા ધર્મોના સિદ્ધાંતો વચ્ચેના મતભેદ આપણા સ્મરણપટમાંથી વિલુપ્ત થઈ જશે; જ્યારે મારો ધર્મ સાચો અને તમારો ધર્મ જૂઠો એવો મિથ્યા આગ્રહ આ જગતને છોડી દેશે; જ્યારે સમગ્ર માનવ જાતિ સમજવા લાગશે કે ધર્મ એકજ અને સનાતન છે; અને મનુષ્યની અંદર રહેલા પરમાત્માનું દર્શન એજ સત્ય ધર્મ હોઇને બાકીનો મિથ્યા બકવાદ છે, એવી સાર્વત્રિક માન્યતા થઈ જશે ત્યારે પૃથ્વી ઉપરના દેશ દેશના વીર પુરૂષો આ પવિત્ર ભૂમિની યાત્રાએ આવતા થશે; જગત એ માયાનો મિથ્યા ખેલજ છે અને ઈશ્વર અને તેની ભક્તિવિના બીજો કોઇ પણ વિષય ઉપયોગી નથી, એવું સમજનારા મહાત્માઓ આ કલ્યા-

ણકારી પ્રદેશનું દર્શન કરવાને ચાલ્યા આવશે.

મિત્રો ! હિમાલયમાં એક મઠ સ્થાપવાના મારા વિચારનો તમે પ્રેમપૂર્વક ઉલ્લેખ કર્યો છે તેને માટે હુ તમારો આભારી છું. બીજા કોઇ સ્થાન કરતાં અહીંજ મઠ સ્થાપવાની અગત્ય શા માટે વિશેષ છે અને સાર્વભૌમિક ધર્મનો પ્રચાર કરવાનું મુખ્ય કેન્દ્ર શા માટે આજ જગ્યાએ સ્થપાવું જોઇએ એવિષે મેં તમને વિસ્તારથી કહ્યું છે. હિમાલય પર્વતની સાથે આપણી પ્રજાનાં અનેક સંસ્મરણો જોડાએલાં છે અને જો ભરતખંડના ધાર્મિક ઇતિહાસમાંથી હિમાલયનો અંશ બાદ કરવામા આવે તો કશું અવશિષ્ટ રહેશેજ નહિ. એજ કારણથી અહીં એક કેન્દ્ર સ્થાપવાની અગત્ય છે. માત્ર એકલું કર્મપ્રધાન કેન્દ્ર નહિ પણ જ્યાં શાંતિ, ધ્યાન અને બ્રહ્મચિંતન અધિક પ્રમાણમાં ભોગવી શકાય એવા એક કેન્દ્રની અહી ખાસ અગત્ય છે. એ સ્વપ્ન મૂર્તિમાન્ થએલું જોવાની મને આશા પણ રહે છે. મને આશા છે કે હું તમને સર્વને બીજીવાર મળીશ તે વખતે તમારી સાથે વાર્તાલાપ કરવાનો વધારે સારો યોગ પ્રાપ્ત થશે. હાલ તો તમે જે અનુગ્રહ અને પ્રેમ મારા તરફ પ્રદર્શિત કર્યો છે તેને માટે હું તમારો આભાર માનું છુ. હું એમજ માનું છું કે તમે જે પ્રેમ દર્શાવ્યો છે તે માત્ર મારા પોતાનેજ માટે નહિ, પણ મને તમારા ધર્મનો પ્રતિનિધિ માનીને તેને યોગ્ય પ્રેમ અને ભક્તિ અર્પણ કર્યાં છે. હું ઇચ્છું છું કે આ ધાર્મિક ભાવના તમારા અંતઃકરણમાં નિરંતર જાગ્રત રહે. આપણાં હૃદય હમણાં જેવાં વિશુદ્ધ છે તેવાં સદાએ રહે અને આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવા હાલ ઉત્સુક છીએ તેવા હમેશ રહીએ.

अलमोरामां आपेला बीजा व्याख्याननो सार

સ્વામીજીનો અલમોરા છોડી જવાનો સમય પાસે આવતો હતો તેવામાં ત્યાંના ભક્તોએ તેમને એક વ્યાખ્યાન આપવાને પ્રાર્થના કરી.શહેરમાં વસતા અગ્રેજોને પણ તેમનું વ્યાખ્યાન સાંભળવાની ઇચ્છા થવાથી તેમણે ઇંગ્લિશ કલબમાં ભાષણ આપવાને નિમંત્રણ કર્યું. અલમોરાની હાઇસ્કૂલમાં સ્વામીજીનું વ્યાખ્યાન હિન્દીમાં હતું અને ઇંગ્લિશ કલબમાં આપેલું વ્યાખ્યાન અંગ્રેજીમાં હતું. ઘણાને એવો સંદેહ હતો કે એમની હિંદી ભાષા સારી રીતે કેળવાયલી નહિ હોવાથી એ ભાષામાં વ્યાખ્યાન આપવાનું અનુકૂળ પડશે નહિ. સ્વામીજીએ પોતાના ભાષણની શરૂઆત ધીમેથી કરી, પણ થોડીજવારમાં તે પોતાના વિષય ઉપર ઘણીજ સ્પષ્ટ અને જ્વલંત ભાષામાં બોલવા લાગ્યા ત્યારે શ્રોતાઓનો સંદેહ ભાંગ્યો. સઘળાએ વિસ્મયપૂર્વક જોયું કે હિન્દીભાષાને સ્વામીજી એક યંત્રની માફક રમાડતા હતા. નવાં નવાં વાક્યો, નવા

નવા શબ્દપ્રયોગ તેજ પળે ઉપજાવી કહાડીને પોતાનું ભાષણ અસ્ખલિતપણે ચલાવ્યે જતા હતા. જેઓ હિન્દી ભાષાની મુશ્કેલીઓ અને ન્યૂનતા સારી રીતે જાણતા હતા. તેમના મત પ્રમાણે સ્વામીજીએ હિન્દી બોલવામાં સંપૂર્ણ વિજય મેળવ્યો હતો; એટલુંજ નહિ પણ એ અપૂર્વ હતો. તે ઉપરાંત એમના વ્યાખ્યાનથી કુશળ વિદ્વાનને હાથે હિન્દી ભાષાનો કેટલો અણુધાર્યો વિકાસ થઇ શકે એમ છે અને જુસ્સાદાર ભાષણને માટે તેને કેવી યોગ્ય બનાવી શકાય એમ છે તે પણ સિદ્ધ થઇ ગયું.

"વેદનો ઉપદેશ (શાસ્ત્રીય અને વ્યાવહારિક)"—એ વ્યાખ્યાનનો વિષય હતો. પ્રથમ આર્ય પ્રજામાં પ્રત્યેક ટોળીના "જાતીય દેવની ઉપાસનાની ઉત્પત્તિનો સંક્ષિપ્ત ઇતિહાસ કહ્યો. ત્યાર પછી આર્ય પ્રજા ભરતખંડમાં અન્ય પ્રાંતો જિતતી ગઇ તેમ તેમ આ ઉપાસનાવિધિનો પ્રચાર થતો ગયો. ઐતિહાસિક ભાગ કહ્યા પછી તેમણે વેદ સંબંધી કેટલીક હકીકત કહી વેદનું સાહિત્ય કેવા પ્રકારનું છે, વેદનો શો ઉપદેશ છે એ વિષે કેટલુંક વિવેચન કર્યા પછી સ્વામીજીએ આત્મતત્ત્વનો વિષય ઉપાડ્યો. તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની પાશ્ચાત્ય પદ્ધતિ, જે બાહ્ય જગત્‌માંથી જીવનને લગતા મહાન્ પ્રશ્નોના ઉત્તર મેળવવા મથે છે અને આ દેશની પદ્ધતિ, જે બાહ્ય જગત્‌માંથી ઉત્તર ન મળવાથી નિરાશ ન થતાં આંતરિક સૃષ્ટિમાં શોધ ચલાવી રહી છે; એ બેઉની તુલના કરીને સ્વામીજીએ કહ્યું કે આંતરિક સૃષ્ટિમાં શોધ ચલાવનાર હિન્દુ-પ્રજા પહેલી અને એકલીજ છે. એ પ્રજાની એજ વિશેષ સંપત્તિ છે. માત્ર એજ પદ્ધતિવડે અનુસંધાન કરતાં આર્ય પ્રજાએ ધર્મ અને આધ્યાત્મિકતારૂપી અમૂલ્ય રત્નો પ્રાપ્ત કર્યાં છે અને આખા જગતને એ કિંમતી ખજાનો એજ પ્રજાએ અર્પણ કર્યો છે. એ વિષય ઉપર આગળ બોલતાં જ્યારે આત્મા અને પરમાત્માનો સંબંધ, આત્માનું વાસ્તવિક સ્વરૂપ અને આત્મા તથા પરમાત્માનું અભિન્નત્વ–જે વિષય દરેક હિંદુને અત્યંત પ્રિય છે–તેના ઉપર જ્યારે સ્વામીજીએ બોલવાનું શરૂ કર્યું ત્યારે તેમણે આધ્યાત્મિક વિદ્યાના આચાર્ય તરીકેની પોતાની સંપૂર્ણ યોગ્યતાનું અને અદ્વિતીય શક્તિનું દર્શન કરાવ્યું. થોડાક સમયસુધી શ્રોતાઓને એવોજ અનુભવ થયો કે જાણે વક્તા, તેમના શબ્દો, શ્રોતૃવર્ગ અને તેમની ત્રણેની અંદર ઓતપ્રોત રૂપે રહેલો દિવ્ય આત્મા એ સર્વ એકાકાર થઇ ગયાં છે. કોઇને પણ "હું" અને "તું," "આ" અને "પેલું" એવું ભાન રહ્યું નહતું. એ આચાર્યશિરોમણિના શરીરમાંથી જે દેદીપ્યમાન બ્રહ્મતેજ નીકળતું હતું તેના પ્રભાવથી ત્યાં એકત્ર થએલી જુદી જુદી વ્યક્તિઓ મંત્રમુગ્ધ બની ગઇ અને તેમનું વ્યક્તિત્વ લુપ્ત થઇને એ બ્રહ્મતેજમાંજ ડુબી ગયું.

જેઓને સ્વામીજીનાં વ્યાખ્યાન સાંભળવાનો અનેકવાર સુયોગ પ્રાપ્ત થયો હશે તેમને આવા પ્રકારનો ઘણી વાર થયેલો અનુભવ આ ક્ષણે યાદ આવ્યા વગર રહેશે

નહિ. તે સમયે, તેમના શબ્દે શબ્દને પરીક્ષકની દૃષ્ટિથી લક્ષપૂર્વક સાંભળનાર શ્રોતાઓ સન્મુખ વ્યાખ્યાન આપનાર જાણે તે સ્વામી વિવેકાનંદ હોયજ નહિ એવું તેમનું સ્વરૂપ બદલાઈ જાય છે. સર્વની વિભિન્નતાનો, પૃથક્ વ્યક્તિત્વનો, નામરૂપનો લોપ થાય છે; અને એક પરમ ચૈતન્યજ અવશિષ્ટ રહે છે. વક્તા, શ્રોતા અને વક્તવ્ય સર્વ એકરૂપ બની જાય છે.

*સ્વામીજીનો પંજાબ અને કાશ્મીરમાં પ્રવાસ

સ્વામીજી અહીં માસ અલમોરામાં રહ્યા પછી પંજાબ અને કાશ્મીરના લોકોનાં નિમંત્રણનો સ્વીકાર કરીને તે પ્રદેશો તરફ જવા તૈયાર થયા. આ વખતે તેમણે અંગ્રેજીમાં ઘણાંજ થોડાં ભાષણ આપ્યાં હતાં, ઘણાં ખરાં ભાષણ હિન્દીમાં અપાયાં હતાં. એ સર્વ વ્યાખ્યાનોનો હેવાલ મળી શકતો નથી. પોતાને મળવામાટે આવેલા ગૃહસ્થો સાથે સ્વામીજી સારી રીતે ધર્મચર્ચા કરતા અને જ્યાં જતા ત્યાંના વિદ્યાર્થીઓને ખાસ ઉપદેશ આપવાનો પ્રયાસ કરતા. સ્વામીજીએ પંજાબ અને કાશ્મીરમાં કરેલા પ્રયાસનું વિસ્તૃત વર્ણન ભવિષ્યમાં તેમનું જીવનચરિત્ર લખનારને સહાયભૂત થઇ પડે, તેમજ તેમની તે સમયની દૈનિક પ્રવૃત્તિ જાણવાની તેમના ભક્તોની જિજ્ઞાસા તૃપ્ત થાય એ હેતુથી, સ્વામી અચ્યુતાનંદ જેઓ એકવાર આર્યસમાજના ધર્મપ્રચારક હતા અને આ પ્રવાસ દરમ્યાન સ્વામીજીની સાથેજ ફર્યા હતા, તેમણે એમની પ્રવૃત્તિનો સંક્ષિપ્ત હેવાલ પોતાની નિત્યનોંધમાં લખી રાખ્યો હતો. તેમાંથી કેટલોક ભાગ અહીં આપવામાં આવે છેઃ—

૧૦ મી ઑગસ્ટ સને ૧૮૯૭, સ્થાન બેરેલિ—પ્રિયનાથ બાબુનો બંગલો. સવારમાં બે ગૃહસ્થો સ્વામીજીને મળવા આવ્યા હતા તેમની સાથે વાતચીત કરી. પછી તેઓ આર્યસમાજનું અનાથાશ્રમ જોવા ગયા. બપોર પછી દર્શને આવનાર લોકો સાથે નાના પ્રકારના વિષય ઉપર ચર્ચા કરી. સાંજના તેમને થોડો તાવ આવ્યો હતો. શરીરમાં નબળાઇ વધારે હતી.

૧૧ મી ઑગસ્ટ, એજ સ્થાન. સવારમાં બે ગૃહસ્થોને ધર્મનો ઉપદેશ કર્યો.

* સ્વામીજીના પ્રવાસની હકીકત તારીખના ક્રમવાર આપેલી છે. તેમની પ્રકૃતિ અસ્વસ્થ છતાં ઉપદેશ આપવામાં, મળવા આવનાર લોકોસાથે ધર્મ સંબંધી વાર્તાલાપ કરવામાં તેઓ કેટલો ઉત્સાહ રાખતા, તથા શીખ, બ્રહ્મા, મુસલમાન, આર્યસમાજિસ્ટ વગેરે ભિન્ન ભિન્ન મતના મનુષ્યો સાથે કેવો સમભાવ રાખતા, તેનું દર્શન કરાવવાના હેતુથી આ લેખનો અનુવાદ કર્યો છે કદાચ આ પ્રકરણ કોઇને નિરસ લાગશે, પણ સ્વામીજીની દિનચર્યા જાણવા માટે એ બહુ અગત્યનું છે. ભા. ક.

બપોર પછી દર્શને આવનાર લોકોના સાથે ધર્મવિષયક ચર્ચા કરી, ત્યારપછી સ્વામીજીએ એક વિદ્યાર્થિમંડળની સ્થાપના કરી. સાંજ પડતા પહેલાંજ તેમને તાવ આવ્યો હતો. એજ દિવસે જમ્યા પછી સ્વામીજીએ અચ્યુતાનંદને કહ્યું હતું કે હું પાંચ છ વર્ષ જીવી શકીશ. ×

૧૨ મી ઑગસ્ટ, એજ સ્થાન. શરીર અસ્વસ્થ હતું, તોપણ સ્વામીજી પાસે એ મુન્સફ તથા બીજા કેટલાક ગૃહસ્થો આવ્યા હતા, તેમને ધર્મની ગંભીર બાબતોનો ઉપદેશ આપ્યો. જમ્યા પછી તાવ વધ્યો—અત્યંત પીડા થવા લાગી. સાંજ પડતા પહેલાં તાવ કાંઇક ઉતરી જવાથી તેમની પાસે આવેલા અનેક આબરૂદાર ગૃહસ્થોને ધર્મનાં મૂળતત્ત્વો અત્યંત જુસ્સાદાર ભાષામાં વ્યાખ્યાન કરીને સમજાવ્યાં. ત્યારપછી રાત્રિના અગીઆર વાગે સેકન્ડ ક્લાસમાં બેસીને અંબાલા જવા ઉપડી ગયા.

૧૩ મી ઑગસ્ટ, અંબાલા કેંપ. સવારના સાત વાગે ટ્રેન અંબાલા કેંપ સ્ટેશન આગળ આવી પહોંચી. કેટલાક પ્રતિષ્ઠિત બંગાળીઓ સ્વામીજીનો સત્કાર કરવા સ્ટેશનપર આવ્યા હતા. ત્યાંથી ઘોડાગાડીમાં બેસીને પોતાના મુકામમાટે નિર્માણ કરવામાં આવેલા બંગલામાં ગયા. મી. સેવિયર, જે સ્વામીજીના પ્રવાસ વખતે તેમની સાથે ઘણે ઠેકાણે ગયા હતા, તેમની સાથે તથા બીજા પ્રતિષ્ઠિત ગૃહસ્થો સાથે વાતચીત થઇ. શરીર પહેલાંના કરતાં ઠીક હતું. સ્હેજ આનંદી હતો.

૧૪ મી ઑગસ્ટ, અંબાલા કેંપ. શરીર સુન્દરતું હતું. સવારમાં લોકો સાથે ધર્મવિષયક ચર્ચા. જમ્યા પછી ક્ષીરોદ બાબુ તથા બીજા ગૃહસ્થો સાથે વિશેષ વાતચીત.

૧૫ મી ઑગસ્ટ, અંબાલા કેંપ. સવારમાં થોડીકવાર જ્ઞાનચર્ચા કર્યા પછી સ્વામીજી ફરતા ફરતા સેવિયર સાહેબને બંગલે ગયા એ દરમ્યાન કેટલાક કેળવાયલા, પ્રતિષ્ઠિત લોકો તેમને મળવા આવ્યા હતા; પણ તેઓ મુકામપર ન હોવાથી પાછા ફર્યાં હતા. સાંજના આર્યસમાજના અનુયાયીઓ સાથે ધર્મસંબંધી વાતચીત થઈ. રાત્રિએ ધર્મપ્રચારના કાર્ય સંબંધી ચર્ચા કરી. શરીર પહેલાંના કરતાં ઠીક હતું.

૧૬ મી ઑગસ્ટ, અંબાલા કેંપ. સવારમાં મળવા આવેલા લોકો સાથે ધર્મવિષયક ચર્ચા. બપોર પછી પણ તેમજ. રાત્રે મુસલમાન, બ્રહ્મો, આર્યસમાજી અને સનાતન ધર્મીઓ એવા ભિન્ન ભિન્ન મતાવલંબી લોકો તેમનાં દર્શને આવ્યા હતા. તેમની સાથે અનેક પ્રકારની જ્ઞાનચર્ચા કરી. લાહોર કૉલેજના એક પ્રોફેસર સ્વામીજી પાસે ફોનોગ્રાફ લઇને આવ્યા અને વિનતિ કરી કે, એ યંત્રમાં તમે જરા તમારૂં વ્યાખ્યાન ઉતારવા દો. સ્વામીજીએ પોતાની પ્રકૃતિ અસ્વસ્થ હતી છતાં આ માગણી કબૂલ રાખી.

૧૭ મી ઑગસ્ટ, અંબાલા કેંપ. પ્રાતઃકાળમાં આર્યસમાજીઓ સ્વામીજીને મળવા

× સ્વામીજીએ ૪ થી જુલાઇ ૧૯૦૨ માં દેહત્યાગ કર્યો હતો.

આવ્યા હતા. તેમની સાથે શાસ્ત્રની ચર્ચા કરી. આર્યસમાજીઓએ અનેક કઠિન પ્રશ્નો પૂછ્યા, તેમનો યોગ્ય ઉત્તર આપીને સ્વામીજીએ તેમને શાંત કર્યા. જમ્યા પછી શરીર ફરીથી બગડી આવ્યું. પેટમાં સખત શૂળ આવવા લાગ્યું; તોપણ સંધ્યાકાળ થયા પછી એક નાની સરખી સભા ભરવામાં આવી હતી, ત્યાં દોઢ કલાકસુધી સ્વામીજીએ હૃદયગ્રાહી ધર્મોપદેશ કર્યો હતો. રાત્રે અનાહાર રહ્યા હતા.

૧૮ મી ઑગસ્ટ, અંબાલા કૅંપ. સવારમાં થોડીક વાર ઉપદેશ કર્યો. જમ્યા પછી મળવા આવેલા લોકો સાથે વાતચીત અને શંકાસમાધાન કર્યાં. રાત્રે ત્રણ પ્રતિષ્ઠિત ગૃહસ્થો આવ્યા હતા તેમની સાથે યૂરોપ, અમેરિકા અને હિંદુસ્તાનને લગતા અનેક વિષયો ઉપર વાતચીત કરી અને સ્વદેશોન્નતિનો ખરો માર્ગ દર્શાવ્યો. શરીર ગઈ કાલ કરતાં ઠીક હતું.

૧૯ મી ઑગસ્ટ, અંબાલા કૅંપ. સવારમાં થોડીવાર ચર્ચા કરી. પછી સ્વામીજી હિન્દુ મુસલમાન સ્કૂલ જોવા ગયા. જમ્યા પછી શ્યામાચરણ મુખોપાધ્યાય તથા બીજા કેટલાક પ્રતિષ્ઠિત લોકો સાથે વાતચીત કરી. સાંજના આર્યસમાજવાળા દ્વારકાનાથ વકીલ તથા બીજા આબરૂદાર ગૃહસ્થો સાથે દેશભક્તિ, સમાજનીતિ તથા તત્ત્વજ્ઞાન સંબંધી વિશેષ ચર્ચા કરી. સ્વામીજીની વાતચીતથી દ્વારકાનાથ વકીલ ઘણા પ્રસન્ન થયા. સ્વામીજીના અંબાલામાં નિવાસ દરમ્યાન શ્યામાચરણ બાબુએ તથા તેમના મિત્રોએ ઘણો સ્નેહ બતાવ્યો હતો.

૨૦ મી ઑગસ્ટ, અંબાલા કૅંપ. સવારના નવ વાગે મેલમાં બેસીને સ્વામીજી મિસ્ટર અને મિસીસ સેવિયર સાથે અંબાલાથી અમૃતસર જવા ઉપડી ગયા. સ્ટેશન ઉપર ઘણા આબરૂદાર ગૃહસ્થો તેમનું સ્વાગત કરવા આવ્યા હતા. ચાર પાંચ કલાક બૅરિસ્ટર ટોડરમલને ઘેર આરામ લીધા પછી ધર્મશાલા નામના સ્થાનમાં ગયા. સાથે મિસ્ટર અને મિસીસ સેવિયર હતાં. પંદર દિવસ રહ્યા પછી સ્વામીજી અમૃતસર પાછા આવ્યા અને બે દિવસ રહ્યા. ત્યાં રાય મૂલરાજ વગેરે આગેવાન આર્યસમાજીઓ સાથે અનેક વિષય ઉપર વાર્તાલાપ કર્યો.

આશરે ૩૧ મી ઑગસ્ટને રોજ મેલમાં બેસીને સ્વામીજી અમૃતસરથી રાવલપિંડિ ગયા. સ્ટેશનપર ડાકટર ભક્તરામના ભાઇએ તેમને સારૂ ગાડી વગેરેનો બંદોબસ્ત કરી રાખ્યો હતો. એ લોકોએ તેમનો સારો સત્કાર કર્યો; તો પણ ત્યાં ઝાઝો વખત ન થોભતાં સ્વામીજી મિસ્ટર અને મિસીસ સેવિયર સાથે ટાંગામાં બેસી મરી પર્વત ઉપર ચાલ્યા ગયા. એમના બીજા સોબતીઓ પાછળથી એક્કામાં બેસીને ગયા. મરીમાં વકીલ હંસરાજને ઘેર મુકામ કર્યો હતો. ત્યાંના બંગાળીઓએ સ્વામીજીને પોતાને ઘેર નિમંત્ર્યા તેમને ઘેર જઇને સ્વામીજીએ ભજન ગાયાં અને તેમને થોડોક ઉપદેશ આપ્યો. મરીમાં ઘણું કરીને બીજી સપ્ટેંબરે આવ્યા હતા. ત્યાંથી સ્વામીજીએ પો-

તાના અનુસંગીઓ સાથે કાશ્મીર તરફ પ્રયાણ કર્યું. છઠ્ઠી સપ્ટેંબરે ઘણું કરીને સ્વામીજી મરીથી ઉપડી આઠમી તારીખે ટાંગામાં બેસીને બારામૂલા આવી પહોંચ્યા. ત્યાંથી હોડીમાં બેસીને તેઓ શ્રીનગર ગયા. રસ્તામાં સોબતીઓ સાથે નાના પ્રકારનો વાર્તાલાપ અને આનંદ કર્યો હતો.

૧૦મી સપ્ટેંબરે, શ્રીનગરના મુખ્ય ન્યાયાધીશ ઋષિવર મુખોપાધ્યાયને ઘેર મુકામ કર્યો હતો. તેમણે સ્વામીજીને પોતાને ઘેર અત્યંત આગ્રહપૂર્વક રાખીને ઉત્તમ રીતે પરિચર્યા કરી હતી. ત્યાં ડાકટર મિત્રની સાથે મુલાકાત થઇ. તેમણે પણ સ્વામીજી પ્રત્યે સારો સદ્ભાવ બતાવ્યો હતો. કાશ્મીરવાસી અનેક પંડિતો તેમની પાસે આવતા અને પુષ્કળ ચર્ચાઓ થતી.

૧૩ મી સપ્ટેંબરે સ્વામીજી રાજમંદિર જોવા ગયા. ત્યાં કોઇ પંજાબી અમલદારે તેમને એકાંતમાં લઇ જઇને પૂછ્યું કે તમારે રાજાને મળવાની ઇચ્છા છે ? સ્વામીજીએ હા કહી. એવામાં ડાક્ટર મિત્રે ઉપલા માળપરથી આવીને સ્વામીજીને કહ્યું કે આવતી કાલે રાજા રામસિંહ સાથે મુલાકાત થશે. ડાક્ટર સાથે અનેક વિષયો ઉપર વાતચીત કરતાં કરતાં સ્વામીજી ઘરે ઠેકાણે ફર્યા હતા.

૧૪ મી સપ્ટેંબર, શ્રીનગર, કાશ્મીર. સવારમાં નાના પ્રકારની ચર્ચા ચાલી. બપોરના બે વાગે સ્વામીજી રાજમંદિરમાં ગયા. રાજાએ તેમનો યોગ્ય સત્કાર કર્યો—સ્વામીજીને ખુરશી પર બેસાડયા અને રાજા તથા તેમના બીજા અમલદારો નીચે બેઠા. તેમની સાથે સ્વામીજીએ આશરે બેએક કલાક સુધી વાતચીત કરી અને પછી મુકામપર પાછા આવ્યા. સાંજના ફરવા નીકળ્યા હતા.

૧૫ મી સપ્ટેંબર, શ્રીનગર. સવારમાં સ્વામીજી શંકરાચાર્યનો પર્વત જોવા ગયા. ત્યાંથી મુકામપર આવીને મળવા આવેલા લોકો સાથે વાતચીત કરી. જમ્યા પછી પણ ચર્ચા ચાલુજ રહી. લોકોનાં ટોળેટોળાં આવવા લાગ્યાં. લગભગ સાંજ પડતાં સુધી ચર્ચા ચાલ્યાજ કરી. સાંજે સ્વામીજી ફરવા ગયા. પાછા આવ્યા પછી કેટલાક પંડિતો તથા બીજા મળવા આવેલા લોકો સાથે વાર્તાલાપ થયો. આજે એક પંજાબી સાધુ એમને મળવા આવ્યા હતા.

૧૬ મી સપ્ટેંબર, શ્રીનગર. સવારમાં હોડીમાં બેસીને સરોવર ઉપર ફરવા ગયા. આનંદપૂર્વક વાર્તાલાપ કરતા હતા. સાંજના પાંચ વાગે મુકામપર પાછા ફર્યા. સાંજ પડતાં પહેલાં એમને મળવા આવેલા પંજાબી અને કાશ્મીરી લોકો સાથે અંગ્રેજીમાં તથા હિન્દીમાં ધર્મવિષયક ચર્ચા અને શંકાસમાધાનનું કાર્ય શરૂ થયું. તે રાતના નવ વાગતા સુધી ચાલ્યું. રાત્રે ભજન ગવાયાં હતાં.

૧૭ મી સપ્ટેંબર, શ્રીનગર. સવારમાં દર્શને આવેલા પંજાબી ગૃહસ્થો સાથે ધર્મવિષયક ચર્ચા કરી. ત્યારપછી " હાઉસ બોટ " નો બંદોબસ્ત કરવા તેમની સાથે વકીલ

જયકૃષ્ણને ઘેર ગયા. તેમણે સ્વામીજીનો સારો સત્કાર કર્યો અને હાઉસ બોટનો બંદોબસ્ત કરી આપવાનું વચન આપ્યું; અને કહ્યું કે બીજી કાંઇ ઇચ્છા હોય તો આજ્ઞા કરો. સ્વામીજીએ કહ્યું કે એ સિવાય બીજા કશાની જરૂર નથી. પાછા આવતાં પંજાબી ગૃહસ્થો સાથે ધર્મવિષયક ચર્ચા ચાલુ રહી.

સ્વામીજી મુકામપર પાછા ફર્યા. આવ્યા ત્યારે રાજા અમરસિંહના દિવાન તેમની રાહ જોઇને બેઠા હતા. તેમની સાથે વાતચીત થવા લાગી પ્રસંગોપાત "હાઉસ બોટ" ની વાત નીકળી. દીવાને કહ્યું કે હું હમણાંજ બંદોબસ્ત કરી દઉંછું. બપોરના ગવર્નરનો સેક્રેટરી બોટ લઇને હાજર થયો તેની સાથે વાતચીત થઇ. બપોર પછી સ્વામીજી જમ્યા, જરા આરામ લીધો અને પછી વાતચીત કરવા લાગ્યા. સાંજના ધર્મવિષયક ચર્ચા અને સંગીત શરૂ થયાં. રાતના એક પ્રતિષ્ઠિત બ્રાહ્મણને ઘેર જમવાનું નિમંત્રણ હતું ત્યાં પણ પુષ્કળ શાસ્ત્રચર્ચા થઇ. ભોજન વખતે ઘણા પંડિતો અને બ્રાહ્મણો હાજર હતા. તેમણે સ્વામીજી ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને પુષ્પનો હાર પહેરાવી ઘણુંજ સન્માન આપ્યું અને પાછા ફરતી વખત મુકામસુધી વળાવવા આવ્યા.

૧૮ મી સપ્ટેંબરથી ૨૪ મી સપ્ટેંબર સુધીની રોજનિશી જોતાં સ્વામીજીની દિનચર્યામાં નવીનતા નથી. ઉપર મુજબજ પ્રવૃત્તિ ચાલુ હતી. એ દરમ્યાન તેઓ કાશ્મીરની જોવા લાયક પ્રાચીન જગ્યાઓ જેમકે અનંતનાગ, કેશરનાં ખેતર, અક્ષય બળનું ૨૦૦૦ વર્ષપર બંધાયલું પ્રાચીન દેવાલય વગેરે જોઈ આવ્યા હતા. ત્યારપછીનાં નિત્યનોંધનાં પૃષ્ઠ ખોવાઇ ગયાં છે.

૧૨ મી ઓક્ટોબરે સ્વામીજી મરી હતા અને સેવિયરના બંગલામાં મુકામ હતો.

૧૪ મી એક્ટોબર, મરી. સ્વામીજીને શહેરના લોકોએ એક સભા ભરીને માનપત્ર અર્પણ કર્યું હતું. તેનો ઉત્તર આપતાં તેમણે હિન્દીમાં એક સુંદર ભાષણ આપ્યું હતું. શ્રોતાઓનાં ચિત્ત પ્રસન્ન થયાં હતાં.

૧૭મી ઑક્ટોબર, રાવલપિંડી. સવારમાં લોકો સાથે ધર્મવિષયક ચર્ચા. ત્યારપછી ભોજનમાટે છાવણીમાં નિમાઇ બાબુને ઘેર ગયા. ત્યાં બંગાળીઓ સાથે વાર્તાલાપ કર્યો. ત્રણ વાગે મુકામપર પાછા આવ્યા. થોડીવાર આરામ લીધા પછી ભાષણ આપવામાટે સુજાનસિંહના બગીચામાં ગયા. જજરાય નારાયણદાસે દરખાસ્ત મૂકી અને વકીલ હંસરાજે અનુમોદન આપ્યાથી સુજાનસિંહ પ્રમુખપદે બેઠા. સભામાં ચારસો માણસ હાજર હતાં. પાંચ વાગે વ્યાખ્યાન શરૂ થયું તે બે કલાક ચાલ્યું. ભાષા અંગ્રેજી—વિષય હિન્દુધર્મ. સ્વામીજી વચમાં વચમાં વેદના મંત્રો બોલીને બહુજ સ્પષ્ટ ભાષામાં પોતાનો વિષય સમજાવતા હતા. કોઇકોઇ વાર આવેશમાં આવી જઇ આત્માનો અનંત મહિમા અને સર્વ શક્તિમત્તાવિષે વિવેચન કરતાં શ્રોતાઓના હૃદયમાં મહાન્ શક્તિનો અને અલૌકિક તેજનો સંચાર કરતા હતા. વળી કોઇ વાર આપણા જનસ-

માજમાં ચાલતા પાખંડવિષે સખત પણ શ્લેષાત્મક ટીકાઓ કરીને સર્વને પુષ્કળ હસાવતા હતા. સ્વામીજીના વ્યાખ્યાનથી સર્વના હૃદયમાં ભાવનું ઉદ્દીપન થયું હતું. ભાષણ પૂરૂં થયા પછી મુકામપર પાછા આવ્યા અને કેટલાક લોકોને ભજનસાધનનું રહસ્ય બતાવ્યું. રાત્રે ડાકટર ભકતરામને ઘેર નિમંત્રણ હતું. સાથે જજ, પ્રકાશાનંદ, હંસરાજ વગેરે ગયા હતા. જમ્યા પછી રાતના દશ વાગતે મુકામપર આવ્યા અને મળસ્કાના ત્રણ વાગતા સુધી પ્રકાશાનંદ સાથે ચર્ચા કરી.

૧૮ મી ઑકટોબર, રાવલપિંડી. સવારમાં રાય નારાયણદાસ અને બાબા ક્ષેમસિંહના પુત્ર સાથે વાતચીત થઇ. પ્રકાશાનંદે પણ એ ચર્ચામાં ભાગ લીધો હતો. જમ્યા પછી થોડીવાર આરામ લીધો. સૂઇ ઉઠયા પછી પોતાનું માથું ઘણું દુખે છે એ વાત તેમણે પોતાના અનુસંગીઓને જણાવી. માથાની વેદના તો ગઇ કાલની હતી, પણ તે અત્યારે ઘણીજ સખત થતી હોવાથી તેમણે એ વાત જાહેર કરી; તોપણ જે લોકો મળવા આવતા તેમની સાથે હસતે મોંએ વાતચીત કરતા હતા. કોઇને ખબર પણ પડી નહિ કે એમના શરીરને ઘણી પીડા થતી હતી. સાંજના જજ અને ક્ષેમસિંહના પુત્ર સાથે બગીમાં બેસીને ફરવા ગયા. રસ્તામાં તેમની સાથે નાના પ્રકારના વિષયો ઉપર ચર્ચા કરી. રાત્રે તેમની સાથે બેસીને જમ્યા. ત્યારપછી આર્યસમાજ અને મુસલમાન લોકોના સંબંધમાં કેટલીક શંકાઓનું સમાધાન કર્યું. અગીઆર વાગતે સૂઈ ગયા. પ્રકાશાનંદ ત્યાંસુધી સ્વામીજીની પાસે બેઠા હતા.

૧૯ મી ઑકટોબર, રાવલપિંડી. × × સાંજના કાલિકાના મંદિરમાં એક નાની સરખી સભા ભરવામાં આવી હતી. ત્યાં સ્વદેશનો ખરો ઉત્કર્ષ કેવી રીતે કરી શકાય તે વિષે સ્વામીજીએ ઘણો ઉત્તમ ઉપદેશ આપ્યો. ત્યારપછી ધર્મપ્રચારના કાર્યને માટે એક ફંડ એકઠું કરવાને સભામાં બેઠેલા ગૃહસ્થોને આગ્રહપૂર્વક જણાવ્યું, તેઓ એ કાર્યમાટે સંમત થયા.

૨૦ મી ઑકટોબર, રાવલપિંડી. સવારના નવ સુધી મિસ્ટર અને મિસીસ સેવિયર સાથે વાતચીત કરી. પછી હંસરાજને ઘેર ગયા. ત્યાં વાર્તાલાપ અને ભોજન થયાં. જમ્યા પછી પણ વાતચીત ચાલતી હતી એવામાં સ્વામીજીનો એક ગુરૂભાઇ ગાડી લઇને આવ્યો અને કહ્યું કે એક બંગાળી ગૃહસ્થ બિમાર છે અને આપનાં દર્શન કરવા અત્યંત ઉત્સુક છે. દયાળુ સ્વામીજી તેજ પળે જવા તૈયાર થયા સાથે પ્રકાશાનંદ, નિમાઇ બાબુ વગેરે હતા. ત્યાં ગયા એટલે તે બાબુએ સ્વામીજીને પાંચ પ્રશ્ન પૂછ્યા અને કહ્યું કે એ પ્રશ્નના મને સંતોષકારક જવાબ નહિ મળે તો હું નાસ્તિક થઇ જઇશ. સ્વામીજીએ એ પ્રશ્નની વિસ્તારપૂર્વક ચર્ચા કરીને તેમને બધી બાજુએથી તપાસીને એવા જવાબ આપ્યા કે તે માણસ કૃતાર્થ થઇ ગયો. ત્યાં સ્વામીજીએ * જળપાન

* બંગાળીઓ નાસ્તો કરવાને "જળપાન" કરવું કહે છે, એ લોકો પોતાને ઘેર મળવા

કર્યું. રાતના સાડા આઠ વાગે હંસરાજને ઘેર ગયા ત્યાં થોડીવાર વાતચીત કરી. જમ્યા પછી હંસરાજની ગાડીમાં બેસીને કાલિકામંદિરમાં ગયા. રાત્રિના બાર વાગે સ્ટેશન પર ગયા. આ વખતે તેમણે પહેલા વર્ગમાં મુસાફરી કરી હતી. વજીરાબાદ સ્ટેશનસુધી પોતાના સોબતીઓને સ્વામીજીએ સાથે રાખ્યા હતા. ત્યારપછી તેમણે કેટલાકને જુદે જુદે ઠેકાણે મોકલી દીધા. સ્વામીજી વજીરાબાદથી જમ્મુ તરફ જવાની ટ્રેનમાં બેઠા અને ૨૧ મી ઑક્ટોબરે બપોરે બાર વાગે જમ્મુ આવી પહોંચ્યા. એક બંગાળી અમલદાર ગાડી લાવ્યો હતો. તેમાં બેસીને તેમને માટે નિર્માણ કરવામાં આવેલા મુકામપર ગયા. જમ્મુના રાજાના અતિથિસત્કાર ખાતાના વડા અમલદારના પુત્રને સ્વામીજીની સેવામાટે નિયુક્ત કર્યો હતો. + + + આરામ લીધા પછી રાજા અમરસિંહના અમલદારો સાથે વાર્તાલાપ કર્યો. તેમની સાથે બીજા ત્રણ જણ હતા. એવામાં બીજા બે બંગાળી ગૃહસ્થો આવી પહોંચ્યા. તેમની સાથે સ્વામીજી રાજાની લાઇબ્રેરી જોવા ગયા. શરીર સારૂં નહોતું. લાઇબ્રેરી જોઇને મુકામ પર પાછા આવ્યા. સ્વામીજીની કાશ્મીરમાં એક મઠ સ્થાપવાની ઈચ્છા હતી.

૨૨ મી ઑક્ટોબર, જમ્મુ. પ્રાતઃકાળમાં મહેશ બાબુ સાથે વાર્તાલાપ કર્યો. જમ્યા પછી અગીઆર વાગે રાજાએ મોકલેલી બગીમાં બેસીને સ્વામીજી રાજાની મુલાકાતે ગયા મહારાજા પોતે, તેમના બે ભાઇઓ અને મુખ્ય મુખ્ય અમલદારો વગેરે સ્વામીજીનો સત્કાર કરવા એકત્ર થયા હતા. સ્વામીજીને એક સ્વતંત્ર આસન આપવામાં આવ્યું. શરૂઆતમાં મહારાજાએ સંન્યાસ ધર્મ વિષે પ્રશ્ન કર્યો. સ્વામીજીએ તેનો યોગ્ય ઉત્તર આપ્યો. ત્યાર પછી પ્રસંગ આવતાં તેમણે બહારના આચારની નિષ્ફળતા સિદ્ધ કરી બતાવી. સ્વામીજીએ કહ્યું કે નાના પ્રકારના વહેમમાં બંધાઇ જવાથી આપણે લગભગ સાતસો વર્ષ થયાં વિદેશી પ્રજાનું દાસત્વ ભોગવીએ છીએ. જે ખરેખરાં પાપ છે, જે સર્વ પ્રકારના અનર્થનું મૂળ છે, તે વ્યભિચાર અને એવાં બીજાં કુકર્મ કરનારને કોઇ ન્યાતિબહાર મૂકતું નથી. પાપ તો માત્ર હવે ખાવાપીવામાંજ રહ્યું છે. સમુદ્રયાત્રાની વાત નીકળતાં તેમણે કહ્યું કે રામચંદ્ર લંકા ગયા હતા અને હજી પણ વ્યાપાર કરવા માટે ઘણા લોકો બ્રહ્મદેશ, ચીન વગેરે દેશોમાં જાય છે. જો આપણે પરદેશ જઇશું નહિ તો ખરી કેળવણી પ્રાપ્ત કરીશું નહિ. પછી વિલાયત અને અમેરિકામાં ધર્મપ્રચાર કરવાની વાત નીકળી છેવટમાં ઉપસંહાર કરતાં સ્વામીજીએ કહ્યું કે સ્વદેશના કલ્યાણમાટે જો નરકમાં જવાની જરૂર પડે તો ત્યાં જવાનું પણ હું પસંદ કરૂં છું. લગભગ ત્રણ વાગે વાતચીત પૂરી થઇ. સ્વામીજીની વાતચીતથી મહારાજા પોતે તથા બીજા દરબારીઓ સંતુષ્ટ થયા. બગીમાં બેસી પોતાને મુકામે પાછા આવ્યા થોડીવાર

આવનારને એકલું પાણી પીવા આપતાજ નથી. પણ સાથે થોડુંક ખાવાનું આપે છે; તેથી કરીને જળપાન કરવું એટલે થોડુંક ખાવું અને પાણી પીવું. ભા. ક.

આરામ લીધા પછી વડા રાજકુમારને મળવા માટે બીજા રાજભવનમાં ગયા. સ્વામીજીની ગાડી દરવાજા આગળ આવી પહોંચતાંજ રાજકુમારે પ્રણામ કરીને યોગ્ય સન્માન આપ્યું, ત્યાં પણ ખૂબ વાતચીત થઇ.

૨૩ ઑક્ટોબર, જમ્મુ. સવારમાં મળવા આવેલા લોકો સાથે વાતચીત કરી. જમ્યા પછી સ્વામીજી રાજ્યના મુખ્ય અમલદાર ભાગરાયને મળવા ગયા; સાથે મહેશ બાબુ હતા. દોઢ વાગે પાછા આવ્યા. ત્યારપછી ટપાલમાં આવેલા કાગળો વાંચવા બેઠા. એવામાં શિયાલકોટના ગૃહસ્થો સ્વામીજીને ત્યાં આવવાનું નિમંત્રણ કરવામાટે ત્યાંના એક ઇજનેર તથા બીજા કેટલાક જણને લઇને આવી પહોંચ્યા. સ્વામીજીએ ઝડપથી કાગળો વાંચી લઇને તેમની સાથે વાતચીત કરી. તેઓ અઢી કલાક વાત કર્યા પછી ઘણાજ પ્રસન્ન થઇને ગયા. ત્યારપછી મહેશ બાબુ અને તેમના તાબાના બે અમલદારો આવ્યા આજે સ્વામીજીનું ભાષણ હતું. તેઓ ત્યાં જવા તૈયાર થયા. ભાષણ આપ્યા પછી મુકામપર ચાલતા આવ્યા. જમતાં સુધી બંગાળીઓ સાથે વાર્તાલાપ કર્યો.

જમ્મુના મહારાજાએ આવતી કાલે સ્વામીજીને ભાષણ આપવાની વાત કરી હતી. તેમણે એટલે સુધી કહ્યું હતું કે જ્યાંસુધી તમે જમ્મુ રહો ત્યાંસુધી એક દિવસ આરામ લઇને એકાંતરે ભાષણ આપતા રહો. સ્વામીજીને તેમણે દશ બાર દિવસ રહેવા અત્યંત આગ્રહ કર્યો હતો.

૨૪ મી ઑક્ટોબર, જમ્મુ. બીજે દિવસે સવારે સ્વામીજી નદી જોવા ગયા. ત્યાં વોટરવર્ક્સ જોયાં. મુકામપર આવ્યા પછી લોકોનું શંકાસમાધાન કર્યું. જમ્યા પછી થોડીવાર આરામ લીધો અને ભજન કર્યું. સાંજ પડયા પછી ગાડીમાં બેસીને દિવાળી જોવા ગયા; ત્યાંથી મુકામપર ન જતાં મહેશબાબુને ઘેર ગયા. ત્યાંથી ઘેર આવ્યા પછી એક બંગાળી શિક્ષક અને અચ્યુતાનંદ સાથે આર્યસમાજના કેટલાક દોષવિષે ચર્ચા કરી.

આજે પણ સ્વામીજીનું વ્યાખ્યાન હતું. ત્યાં એકત્ર થએલા પંડિતો અને બીજા ગૃહસ્થોની સાથે ધર્મવિષયક ચર્ચા કરી. હજી મહારાજા આવ્યા ન હતા તેથી તેમની રાહ જોવાતી હતી; પણ અમુક અડચણને લીધે તેઓ આવી ન શકવાથી સાડા પાંચ વાગે વ્યાખ્યાનનો આરંભ થયો. વેદથી આરંભીને પુરાણ સુધીનાં તમામ શાસ્ત્રોવિષે ચર્ચા કરીને ભક્તિ અને હાસ્યરસયુક્ત સુંદર વ્યાખ્યાન કર્યું. બે કલાક સુધી વ્યાખ્યાન ચાલ્યું. પછી લાઇબ્રેરીમાં જઇને સ્વામીજી ચાલતા મુકામપર આવ્યા.

૨૫ મી ઑક્ટોબર, જમ્મુ. સવારમાં સ્વામીજી પગે ચાલીને ફરવા ગયા હતા. ત્યાંથી પાછા આવતાં રાજાની પશુશાળા જોઇ. દર્શને આવેલા લોકોસાથે ધર્મના ગૂઢ પ્રશ્નો વિષે ચર્ચા કરી.

૨૮ મી ઑક્ટોબર, જમ્મુ. સવારમાં ફરી આવ્યા પછી મુકામપર આવીને સમા-

જનીતિ સંબંધી ગૂઢ તત્ત્વનો ઉપદેશ કર્યો. તેનો સારાંશ એ હતો કે સર્વને ઉપયોગી થઇ પડીએ એવા થવાની જરૂર છે. વંશગત અને ગુણગત જાતિભેદ ઉપર યોગ્યતા અને અધિકારનું ધોરણ રાખવાની જરૂર નથી. પછી ગુણગત અને વંશગત જાતિભેદની તુલના કરી. પહેલા કરતાં બીજાનામાં વિશેષ લાભ છે એમ બતાવ્યું. વંશગત ન્યાતો હોવાથી એક માણસ ગમે તેટલો વિદ્વાન્ અથવા ધનવાન્ થાય, તોપણ તે પોતાની ન્યાતનાં માણસોનો પરિત્યાગ કરી શકતો નથી; એથી કરીને એના ગુણ અને ધનનો લાભ આખી ન્યાતને મળવાનો સંભવ રહે છે. ગુણથી બંધાયલી ન્યાતોમાં તેમ બની શકતું નથી. પછી એકનના નીતિતત્ત્વની વાત નીકળી. માન કે યશની તરફ લક્ષ ન રાખતાં પોતાનું કાર્ય કર્યાં જવું એ મહાપુરુષનું લક્ષણ છે. મારૂં કહેવું લોકો માને યા ન માને તોપણ મને જે કર્તવ્ય જણાશે તે હું કર્યેજ જઇશ. પછી સ્વામીજીએ પોતાના બાળપણનું દૃષ્ટાંત આપ્યું. તેઓ નાનપણમાં ભંગીઆઓના મોહોલ્લામાં જઇને તેમનો ઉદ્ધાર કરવાની પ્રવૃત્તિ કરતા હતા. આ વાત ચાલતી હતી તે વખતે સ્વામીજીનાં ખાસ નિકટનાંજ માણસો બેઠાં હતાં. એવામાં લાહોરથી સેવિયરનો પત્ર આવ્યો. બીજે દિવસે અહીંથી ઉપડી જવાનો વિચાર સ્વામીજીએ મહેશ બાબુને જણાવ્યો. તેમણે બે ત્રણ દિવસ વધારે રહેવાને આગ્રહ કર્યો.

પછી ત્રીજે દિવસે સ્વામીજીએ જમ્મુ છોડયું અને શિયાલકોટ ગયા. ત્યાં તેમણે બે ભાષણ આપ્યાં હતાં. એક અંગ્રેજીમાં અને બીજું હિન્દીમાં. હિન્દી વ્યાખ્યાનનો અનુવાદ હવે પછીના પ્રકરણમાં આપવામાં આવશે.

भक्ति

(પંજાબના શિયાલકોટ શહેરમાં આપેલું વ્યાખ્યાન.)

જગતમાં જે જે ધર્મ પ્રવર્તે છે તેમની ઉપાસનાની પદ્ધતિ એક બીજાથી જુદી છે, તોપણ વાસ્તવિક રીતે તેમનામાં કશો ભેદ છેજ નહિ. કોઇ કોઇ ઠેકાણે લોકો મંદિર બંધાવે છે અને ત્યાં જઇને ઈશ્વરની ઉપાસના કરે છે. કોઇ ઠેકાણે અગ્નિની ઉપાસના થાય છે, કોઈ ઠેકાણે ઈશ્વરની મૂર્તિનું પૂજન થાય છે અને કેટલાક લોકો ઈશ્વરના અસ્તિત્વને પણ માનતા નથી.

આ પ્રમાણે તેમના સ્વરૂપમાં મતભેદ છે એ વાત સત્ય છે, તોપણ જો તમે તેઓનાં શાસ્ત્રોના અસલ શબ્દો, તેમનાં સત્ય સ્વરૂપ અને તેમના દરેક સિદ્ધાંતો નિષ્પક્ષપાતપણે તપાસો તો માલમ પડશે કે તેઓ વાસ્તવિક રીતે ભિન્ન નથી. કેટલાક ધર્મ એવા છે કે તેઓ ઈશ્વરની ઉપાસના કરવાની જરૂર જોતા નથી; એટલેસુધી કે

તેઓ ઇશ્વરનું અસ્તિત્વ પણ સ્વીકારતા નથી; પણ ઇશ્વરને ઠેકાણે પવિત્ર સાધુ મહાત્માઓને સાક્ષાત્ ઇશ્વરતુલ્ય ગણીને તેમને પૂજે છે. બૌદ્ધ ધર્મ એ ઉપર કહ્યો તેવાજ પ્રકારનો ધર્મ છે. ભક્તિ તો સર્વ ધર્મની અંદર જોવામાં આવે છે—કોઇ ધર્મમાં ઇશ્વરની તો કોઇ ધર્મમાં મહાપુરુષોની; પરંતુ ભક્તિભાવ વગરનો કોઇ ધર્મ છેજ નહિ. સર્વ ધર્મોમાં ભક્તિદ્વારા ઇશ્વરની ઉપાસના કરવામાં આવે છે. જ્ઞાન કરતાં ભક્તિ સુલભ પણ વધારે છે. જ્ઞાનપ્રાપ્તિને માટે દૃઢ, સતત અભ્યાસ, અનુકૂળ સ્થિતિ વગેરે અનેક બાબતોની જરૂર પડે છે. શરીર સંપૂર્ણ રીતે દૃઢ અને નિરોગી ન હોય તથા મન વિષયાનુરાગથી પૂરેપૂરૂં મુક્ત ન થયું હોય તો યોગાભ્યાસ થઇ શકતો નથી; પણ ભક્તિ તો ગમે તેવી અવસ્થામાં હરકોઇ માણસ સહેલાઇથી કરી શકે છે. ભક્તિ-માર્ગના આચાર્ય શાંડિલ્ય મુનિ કહે છે કે,ઇશ્વર પ્રત્યે પરમ અનુરાગનું નામ ભક્તિ છે. પ્રલ્હાદ પણ એવુંજ કહે છે. જેમ કોઇને એક દિવસ ભોજન ન મળે તો તેને અત્યંત પીડા થાય છે; અને પુત્રનું મરણ થાય તો એથી પણ વધારે તીવ્ર મનોવેદના થાય છે; તેમ જે ભગવાનનો સાચો ભક્ત છે તેનું હૃદય પણ ભગવાનના વિરહથી એજ પ્રમાણે દુઃખથી વિદીર્ણ થઇ જાય છે. ભક્તિમાં મોટો ગુણ એ રહેલો છે કે તેનાથી ચિત્તની શુદ્ધિ થઇ જાય છે. જો ઇશ્વરમાં દૃઢ ભક્તિ થઈ હોય તો કેવળ ભક્તિના પ્રભાવથીજ ચિત્ત શુદ્ધ થઇ જાય છે.

ઇશ્વરનાં નામ અસંખ્ય છે અને તે દરેક નામમાં અનંત શક્તિ ભરેલી છે. દરેક નામમાં ગંભીર તાત્પર્ય રહેલું છે. તે નામ જપવામાં સમય કે સ્થાન, પવિત્રતા કે અપવિત્રતાનો કશાનો વિચાર કરવાની જરૂર નથી. મૃત્યુ જેમ સમય કે સ્થાનનો વિચાર કર્યા વગરજ મનુષ્યને પોતાને સ્વાધીન કરી દે છે, તેમ ઇશ્વરનું નામ લેતી વખતે પણ સમય તેમજ સ્થળનો વિચાર કરવાની જરૂર નથી. ગમે તે વખતે, ગમે તે ઠેકાણે, પવિત્ર હોઇએ કે અપવિત્ર હોઈએ તોપણ ઇશ્વરનો નામોચ્ચાર કરવાની છૂટ છે.

જુદા જુદા ભક્તોએ ઇશ્વરને જુદે જુદે નામે ભજ્યો છે, પણ એ ભેદ ઉપરઉપરનોજ છે, વાસ્તવિક રીતે એમાં કશો ભેદ નથી. કેટલાક એવો દુરાગ્રહ કરે છે કે ભજનસાધન કરવાની અમારી રીતજ વધારે શ્રેયસ્કર છે, તો કેટલાક કહે છે કે અમારી પદ્ધતિ પ્રમાણે ભજનસાધન કરવાથી ટુંક સમયમાં મુક્ત થઇ શકાય છે. પણ એ સર્વનો મૂળ પાયો જોશો તો જણાશે કે ખરી રીતે એ બધામાં એકતાજ હોય છે. શૈવો શિવને બીજા બધા દેવ કરતાં વિશેષ શક્તિસંપન્ન માને છે; વૈષ્ણવો કહે છે કે એકલા વિષ્ણુજ સર્વશક્તિમાન્ છે; શાક્તો કહે છે કે દેવીજ સર્વશ્રેષ્ઠ છે; અને શિવ તથા વિષ્ણુ સુદ્ધાં દેવીના ઉપાસના કરે છે. દરેક જણનો આ દુરાગ્રહ છે, પણ જો તમારે સ્થાયી ભક્તિ પ્રાપ્ત કરવી હોય તો આવા પ્રકારના દ્વેષનો એકદમ ત્યાગજ કરજો. જે દ્વેષભાવ છોડશે તેનેજ ઇશ્વરની પ્રાપ્તિ થશે. દ્વેષભાવવડે ભક્તનો

પ્રવાહ એકદમ અટકી જાય છે. અલબત્ત સર્વ દેવો ઉપર સમભાવ રાખવો, પણ ભક્તિ તો એક ઇષ્ટ દેવનીજ કરવી. ભક્તવીર હનુમાન કહે છે કે:—

श्रीनाथे जानकीनाथे अभेद:परमात्मनि । तथापिममसर्वस्वो राम:कमललोचन:

"હું જાણું છું કે સીતાપતિ અને લક્ષ્મીપતિ વચ્ચે વાસ્તવિક રીતે કશો ભેદ છેજ નહિ; છતાં પણ કમલલોચન શ્રીરામજ મારૂં સર્વસ્વ છે." અમુક ભાવ અથવા સંસ્કાર મનુષ્યને જન્મથીજ પ્રાપ્ત થએલા હોય છે અને તે મનુષ્યમાત્રમાં ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. મનુષ્ય કોઇ દિવસ પોતાના તે સંસ્કારોનું એટલે કે પોતાની મૂળ પ્રકૃતિનું ઉલ્લંઘન કરી શકતો નથી. આખા જગત્માં એક ધર્મ પ્રવર્તાવવાનું કાર્ય અસંભવિત છે તેનું આ પણ એક કારણ છે. હું તો ઇશ્વર પાસે એમજ માગું છું કે જગત્ કદિ પણ એક ધર્મને માનતું ન થાઓ ! તેમ કરવા જતાં જગત્માં સમતા અને સંવાદને ઠેકાણે દુર્વ્યવસ્થા અને વિસંવાદ ઉભા થશે; માટે દરેક મનુષ્યને તેની પ્રકૃતિ પ્રમાણેજ ચાલવા દો. જો તેને યોગ્ય ગુરૂ મળી જશે તો તે તેના સંસ્કારની પરીક્ષા કરીને તેનો વિશેષ વિકાસ કરવાને જરૂરનો ઉપદેશ આપશે; એટલે તે પોતાની ઉન્નતિ કરી શકશે. તેને તો પોતાના ભાવનોજ વિકાસ કરવાની જરૂર છે. જે મનુષ્યને જે માર્ગે જવાની ઇચ્છા હોય તેને તે માર્ગે જવા દેવો. જો તમે તેને બીજે માર્ગે ખેંચી જશો તો તેણે જે થોડું ઘણું સાધન કર્યું હશે તે પણ ગુમાવી બેસશે; અને કર્મભ્રષ્ટ થઇ જશે. જેમ એક માણસનો ચહેરો બીજા માણસના ચહેરાને મળતો આવતો નથી, તેમ એક માણસની પ્રકૃતિનો બીજા માણસની પ્રકૃતિ સાથે પણ મેળ બેસતો નથી ત્યારે શામાટે દરેક જણને પોતપોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તન કરતાં અટકાવવો જોઇએ ? એક નદી ચોક્કસ દિશામાં વહેતી હોય છે. હવે જો તેના પ્રવાહને એજ દિશાએ ખોદેલી નહેરમાં વાળશો તો તેના પ્રવાહનો વેગ વિશેષ પ્રબળ થશે; અને જો એના પ્રવાહની દિશાથી ઉલટી બાજુએ નહેર ખોદીને તેમાં તેનું પાણી વાળીશું તો તેનો પ્રવાહ ક્ષીણ થઇ જશે અને વેગ પણ અત્યંત મંદ પડી જશે. આપણા જીવનનો હેતુ એક અત્યંત અગત્યનું કાર્ય બજાવવાનો હોવાથી જીવનના પ્રવાહને પણ તેના સંસ્કારને અનુસરતી યોગ્ય દિશામાં વાળવો જોઇએ. જે દેશમાં લોકોને એકજ ધર્મ તરફ વાળવાનો પ્રયાસ કરવામાં આવે છે, તે દેશ ધીમે ધીમે ધર્મહીનજ થઇ જાય છે. ભરતખંડમાં કદિ પણ તેવો એકમાર્ગી પ્રયાસ કરવામાં આવ્યો નથી. જુદા જુદા ધર્મ વચ્ચે કદિ કલહ ચાલતોજ નહિ; દરેક જણ પૂર્ણ સ્વતંત્રતાથી પોતપોતાના ધર્મનું અનુસરણ કરતો હતો. માટેજ અહીંઆં આજસુધી સત્ય ધર્મની ભાવના જાગ્રત રહી છે; અહીં એટલું સ્મરણમાં રાખવાનું છે કે જ્યારે એક ધર્મના લોકો એમ માની બેસે છે, કે સત્યની ચાવી અમે એકલાએજ પ્રાપ્ત કરી છે; અને બીજા જેઓ અમારૂં કથન અસત્ય માને છે તે બધા મૂર્ખ છે; ત્યારે બીજા ધર્મના

લોકો તેમને એમજ કહેશે કે તમેજ ઢોંગી છો. આવા પ્રકારનો વ્યવહાર જે દેશના લોકો એકબીજા પ્રત્યે રાખે છે ત્યાંજ ધર્મને માટે કલહ ઉત્પન્ન થાય છે.

જો ઈશ્વરની ઇચ્છા એવીજ હોય કે બધા માણુસો માત્ર એકજ ધર્મનું પાલન કરે, તો જુદા જુદા ધર્મની ઉત્પત્તિ થઇજ શા માટે ? તમે શું સર્વ શક્તિમાન્ ઈશ્વરની ઇચ્છાવિરુદ્ધ કાર્ય કરવાને સમર્થ છો ? સર્વ મનુષ્યોને એક ધર્મ તરફ વળવામાટે સેંકડોવાર પ્રયત્ન થઇ ચૂકયા છે; અને તરેહ તરેહના ઉપાયો યોજવામાં આવ્યા છે, પણ તે સઘળા ફોગટજ ગયા છે. સઘળા માણુસોને બળાત્કારે એક ધર્મ પાળતા કરવા માટે તલવારનો પણ ઉપયોગ થયો; પરંતુ ઇતિહાસ સાક્ષી પૂરે છે કે એવે પ્રસંગે એકને ઠેકાણે દશ નવા ધર્મ ઉત્પન્ન થયા હતા. આખા જગતને માટે એક ધર્મ કદિપણ ચાલી શકેજ નહિ. આઘાતપ્રત્યાઘાતની ભિન્ન શક્તિઓ જે મનુષ્યના મનમાં વિચારનો વ્યાપાર ચલાવે છે, તેના વડેજ જાતિસ્વભાવનું બંધારણ થાય છે. જો આ શક્તિઓની અસર મનુષ્યના મન ઉપર ન થતી હોય તો તેની વિચારશક્તિનો નાશ થાય છે; અને વિચારશક્તિ નષ્ટ થતાં તે પશુવત્જ બની જાય છે. કારણ કે મનુષ્ય શબ્દનો અર્થજ વિચાર કરનાર પ્રાણી થાય છે. નિષ્ચેષ્ટ મનુષ્યત્વ કોઇને પ્રિય હોતું નથી. ઇશ્વર કરે અને એવી અવસ્થા ભારતવાસીઓની ન થાય !

મનુષ્યમાં મનુષ્યત્વ જાળવી રાખવામાટે એકત્વની અંદર વિવિધતાનું સંમિલન કરવાનું પ્રયોજન છે. દરેક વિષયમાં વિવિધતા જાળવવાની બહુજ જરૂર છે; કારણ કે જ્યાંસુધી વિવિધતા છે ત્યાંસુધીજ જગતનું પણ અસ્તિત્વ છે. વિવિધતાનો અર્થ અમુક માણુસો નીચા દરજ્જાનાં અને અમુક માણસો ઉંચા દરજ્જાનાં એવો કરવાનો નથી. બધા માણસોની પદવી સમાન રહે છતાં પણ વિવિધતાને ક્ષતિ ન પહોંચે. દરેક પોતપોતાના આશ્રમ અને અધિકારને લગતાં કાર્ય ઉત્તમ રીતે બજાવે, તો સમાન હક્કના સિદ્ધાંતને ક્ષતિ ન પહોંચતાં વિવિધતા સચવાય. દરેક ધર્મમાં થોડા ઘણા સારા અને સમર્થ માણસો હોય છેજ; અને તેમને લીધેજ તેમનો ધર્મ જગતમાં પ્રતિષ્ઠા ભોગવે છે.આ પ્રમાણે જ્યારે દરેક ધર્મ એવાં ઉત્તમ પ્રકારનાં મનુષ્યો ઉત્પન્ન કરી શકે છે ત્યારે તેમનામાં ઉત્તમ તત્ત્વો હોવાંજ જોઇએ; અને તેથી કરીને કોઇપણ ધર્મ તરફ તિરસ્કાર રાખવો એ અયોગ્યજ છે.

હવે પ્રશ્ન એ થાય છે કે જે ધર્મમાં પાપાચરણને ઉત્તેજન અપાતું હોય તે ધર્મને સન્માન આપવું કે નહિ ? એના જવાબમાં ચોકખી " ના " સિવાય બીજું શું કહી શકાય ? એવા ધર્મને જેમ બને તેમ જલદીથી તિલાંજલિ આપવી જોઇએ; કેમકે એનાથી લોકોનું શ્રેય ન થતાં ઉલટું અકલ્યાણ થવાનો સંભવ છે. દરેક ધર્મનો મૂળ પાયો નીતિના ઉંચા ધોરણ ઉપર રચાવો જોઇએ અને સદાચારને વધારે અગત્યનું સ્થાન અપાવું જોઇએ. **आचारः प्रथमो धर्मः** અત્ર કહેવાની જરૂર પડે છે કે

"આચાર" શબ્દનો ખરો અર્થ બહારની તેમજ અંતરની પવિત્રતા એવો થાય છે. બહારની શુદ્ધિ જલસ્નાનથી તથા શાસ્ત્રમાં જણાવેલા બીજા કેટલાક ગોમૂત્ર વગેરે પદાર્થોના સંયોગથી થઇ શકે છે. અંતરની શુદ્ધિને માટે સત્ય વચન બોલવું જોઇએ, મદ્ય માંસ વગેરે ભ્રષ્ટ ખાનપાનનો ત્યાગ કરવો જોઇએ, અનીતિમાન કૃત્યોથી દૂર રહેવું જોઇએ અને તેની સાથે પરોપકાર પણ કરવો જોઇએ. જો કોઇ મનુષ્ય પાપાચરણ ન કરે, અસત્ય ન બોલે, મદિરાપાન કે માંસભક્ષણ ન કરે, ચોરી ન કરે અને જુગાર ન રમે, તો એમાં તે પોતાના કર્તવ્ય ઉપરાંત વિશેષ કાંઇજ કરતો નથી. એવાં કાર્ય ન કરવાં એ તો આપણી સૌની ફરજ જ છે. એથી કરીને કાંઇ આપણે પ્રશંસાને પાત્ર થતા નથી; પરંતુ એ ઉપરાંત પરોપકાર કવાની પણ જરૂર છે. જેમ આપણે પોતાના હિતને માટે પરિશ્રમ કરીએ છીએ તેમ બીજાનાં સુખને માટે, બીજાના કલ્યાણને માટે પણ આપણે પરિશ્રમ કરવો જોઇએ.

અહીં "ખોરાક" ના સંબંધમાં કાંઇક કહેવાની આવશ્યકતા જણાય છે. ખોરાકવિષેની તમામ પ્રાચીન વિધિઓનું પૂરેપૂરૂં વિસ્મરણ થઇ ગયું છે; અને આની સાથે બેસીને ખવાય અને આની સાથે બેસીને ન ખવાય એવી ઝાંખી, અસ્પષ્ટ ભાવના સિવાય બીજું કશુંજ આપણા લોકોમાં અત્યારે રહ્યું નથી. સેંકડો વર્ષપર પવિત્રતા માટે જે સુંદર અને મનન કરવા યોગ્ય નિયમોની ઇમારત ઋષિ મુનિઓએ રચી હતી, તેમનાં માત્ર ખંડેરજ હવે રહ્યાં છે. હવે પવિત્રતા માત્ર સ્પર્શાસ્પર્શના વિચારમાંજ આવી ગઇ છે. શાસ્ત્રમાં આહારના સંબંધમાં ત્રણ પ્રકારના દોષ ગણાવ્યા છે; અને તેવો આહાર લેવાનો નિષેધ કર્યો છે. (૧) જાતિદોષ—જે પદાર્થો જાતેજ અશુદ્ધ છે જેમકે લસણ, કાંદા વગેરે. એવા પદાર્થોનો આહાર કરનારને જાતિદુષ્ટ પદાર્થનો આહાર કર્યાનો દોષ લાગે છે. એવા પદાર્થો અધિક પ્રમાણમાં ખાવાથી કામ, ક્રોધ વગેરે તામસિક વૃત્તિઓ પ્રબળ થાય છે, અનીતિમાન આચરણ તરફ મનનું વલણ થાય છે અને ઈશ્વર અને મનુષ્ય બેઉની દૃષ્ટિએ નિંદાને પાત્ર એવાં કુકર્મ કરવા તરફ તે પ્રેરાય છે. (૨) નિમિત્તદોષ—એંઠવાડ, કચરો અને જીવડાં હોય એવી જગ્યાએ બેસીને જમવું અથવા મેલાં વાસણમાં જમવું એ બીજા પ્રકારનો દોષ છે; માટે જમવા બેસવાની જગ્યા ઘણીજ સ્વચ્છ અને પવિત્ર રાખવી જોઇએ. (૩) આશ્રયદોષ—અપવિત્ર માણસે સ્પર્શ કરેલા અન્નનો ત્યાગ કરવો; કારણ કે એવા અન્નનો આહાર કર્યાથી મનમાં અપવિત્ર વિચાર પેદા થાય છે અને તેટલામાટે બ્રાહ્મણ છતાં પણ જો તે અધર્મી અથવા દુરાચારી હોય તો તેના હાથનું અન્ન પણ લેવું જોઇએ નહિ.

પણ આ નિયમોનું તાત્પર્ય માર્યું ગયું છે, અને હવે તો માત્ર એટલુંજ રહ્યું છે કે બ્રાહ્મણોથી બ્રાહ્મણ સિવાય અન્ય વર્ણનું અન્ન ખવાયજ નહિ. અન્ય વર્ણનો માણસ

ગમે તેવો જ્ઞાની અને સાત્ત્વિક હોય, તોપણ તે બ્રાહ્મણ નહિ હોવાથી તેનું અડકેલું અન્ન અપવિત્ર મનાય છે. શાસ્ત્રના નિયમોના ચોકખા ઉલ્લંઘનનું દૃષ્ટાંત જોવું હોય તો મિઠાઇવાળાની દુકાને જઇને જુઓ. ચારે બાજુએ માખીઓ બમણુતી અને થાળીમાં મૂકેલી મિઠાઇ ઉપર બેઠેલી હોય છે; રસ્તાની ધૂળ ઉડી ઉડીને મિઠાઇ ઉપર તેનું પડ બાઝેલું હોય છે; અને મિઠાઇવાળાનાં કપડાં પણ એવાં અસ્વચ્છ હોય છે કે તે જોતાંજ સૂગ આવે અને અડકતાં હાથે મેલ ચોંટે. શામાટે બધાં ગ્રાહકો એકઠાં થઇને મિઠાઈવાળાને કહેતાં નથી કે જો કાચના કબાટમાં મિઠાઇ નહિ રાખે, તો અમે તારી દુકાનેથી કોઇપણ ચીજ લઇશું નહિ. આમ કરવાથી ખોરાકની ચીજો અપવિત્ર નહિ થાય અને માખી તથા ધૂળદ્વારા પ્લેગ, કૉલેરા વગેરે રોગોનાં જંતુઓનો ઉપદ્રવ થાય છે તે ઓછો થઇ જશે. અસલ વસ્તી થોડી હતી તેથી કરીને જે નિયમો અસલ ઘડાયા હતા તેમનાવડે સમાજનો વ્યવહાર ચાલતો હતો. હવે વસ્તી વધી ગઇ છે તથા બીજા અનેક પ્રકારના ફેરફાર થઇ ગયા છે; માટે બધી બાબતોમાં નવા સંજોગોને ધ્યાનમાં લઇને આપણે ઉત્કૃષ્ટ નિયમોની રચના કરવી જોઇએ; પણ આપણે તો ઉન્નતિ કરવાને બદલે ઉલટા ધીરેધીરે અવનત થતા જઇએ છીએ. મનુ ભગવાન કહે છે કે પાણીમાં થુંકવું નહિ, પણ આપણે હાલ શું કરીએ છીએ ? આપણે તો નદીમાં તરેહ તરેહના મલિન પદાર્થો નાખીએ છીએ. આટલા ઉપરથી તમને સ્પષ્ટ રીતે સમજાયું હશે કે બાહ્ય શૌચની બહુ અગત્ય છે. શાસ્ત્રકારોને તેની સારી પેઠે ખબર હતી; પણ હાલ તો શુચિ અને અશુચિના વિચારનો મૂળ ઉદ્દેશજ માર્યો જાય છે. માત્ર શબ્દોજ રહ્યા છે અને શબ્દાર્થ અથવા શબ્દના અસલી ભાવનો લોપ થઈ ગયો છે. ચોર, વ્યભિચારી, દારૂડીઆ અને જેલની યાત્રા કરી આવેલા બદમાશોને ન્યાતીલા ગણીને તેમને પોતાની સાથે જમવા બેસાડતાં અટકાવ નથી; પણ કોઇ ઉંચી ન્યાતનો માણસ જરા નીચી ન્યાતવાળા સાથે જમે તો તરતજ તેને આપણે ન્યાતિ બહાર મૂકી દઇએ છીએ; અને તેને સદાને માટે પતિત થએલોજ માનીએ છીએ. આવા પ્રકારની નીતિથી આપણા દેશનું અત્યંત અકલ્યાણ થયું છે; માટે તમારે સર્વને સ્પષ્ટપણે સમજી લેવું કે પાપીના સંસર્ગથી પાપી થવાય છે અને સાધુપુરુષના સંસર્ગથી પવિત્ર થવાય છે; અને તેટલામાટે અયોગ્ય સંગતિથી દૂર રહેવું એજ ખરેખરી બાહ્ય શુદ્ધિ છે. અંતરની શુદ્ધિ એના કરતાં પણ વિશેષ કઠિન છે. અંતરની શુદ્ધિ કરવા માટે સત્ય વચન, દરિદ્રને સહાય અને રોગી, દુઃખી મનુષ્યોની સેવાબરદાસ્ત કરવાની જરૂર છે.

શું આપણે હમેશ સત્ય બોલીએ છીએ ? લોકો પોતાના ધંધાને અર્થે ધનવાન માણસો પાસે જાય છે અને તેને પ્રસન્ન કરવાને માટે હજારો પ્રકારનાં અસત્ય વચનો બોલે છે. તેને પરમ દયાળુ, ગરીબોનો બેલી એવાં એવાં વિશેષણો આપે છે; પણ ખરી રીતે તો તે ધનવાન એવો નીચ સ્વભાવનો હોય છે, કે એક ગરીબ માણસને

ગળે છરી મૂક્તાં પણ તે ડરતો નથી. આ શું કહેવાય ? હડહડતું જૂઠું ? આવાં અસત્ય વચન બોલવાના અભ્યાસથી મન નિર્બળ અને ભ્રષ્ટ થઈ જાય છે; એટલા માટેજ શાસ્ત્રમાં કહ્યું છે કે જે માણસ બાર વર્ષસુધી પોતાના મનમાં એક પણ અપવિત્ર વિચાર આવવા ન દઈને અને સત્ય વચન બોલીને અંતઃકરણને શુદ્ધ કરે છે, તેને વાક્સિદ્ધિ પ્રાપ્ત થાય છે; એટલે તે જે બોલે તે પ્રમાણેજ ફળ થાય છે. સત્ય ભાષણમાં આવી અમોઘ શક્તિ રહેલી છે. જે માણસ અંતર અને બાહ્ય ઉભય શૌચ સિદ્ધ કરે છે તેજ ભક્તિનો અધિકારી થાય છે, પણ ભક્તિની ખૂબી એ છે કે ભક્તિ કરતાં કરતાંજ ચિત્ત ઘણે દરજ્જે શુદ્ધ થઇ જાય છે. તમે દરેક ધર્મનું અવલોકન કરી જુઓ તો જણાશે કે દરેક ધર્મમાં ભક્તિને મુખ્ય ગણેલી છે; અને બાહ્ય અને અંતરની પવિત્રતાને જરૂરની ગણી છે. જો કે યાહુદીઓ, મુસલમાનો અને ખ્રિસ્તીઓ, હિન્દુઓના જેટલી બાહ્ય શાચની અગત્ય સમજતા નથી; તોપણ તેમના ધર્મમાં પણ કોઇ ને કોઇ પ્રકારે બાહ્ય શૌચનું થોડું ઘણું પાલન થાય છેજ. આ ઉપરથી માલુમ પડશે કે બાહ્ય શૌચની જરૂર તો છેજ.

યાહુદી લોકોના ધર્મમાં મૂર્તિપૂજાનો નિષેધ છે; તોપણ તેમનું અસલ એક મંદિર હતું. તે મંદિરમાં એક પેટી રાખવામાં આવતી. તેને તેઓ "આર્ક" કહેતા. એ પેટીની અંદર મુસા પયગંબરે પ્રગટ કરેલા "દશ ઇશ્વિરાદેશ" સાચવી રાખવામાં આવતા હતા. એ પેટીની ઉપર પહોળી પાંખ કરીને બેઠેલા બે ફિરસ્તાઓની મૂર્તિઓ બેસાડેલી હતી. એ બે ફિરસ્તાઓની વચ્ચેના ભાગમાં એક વાદળાના રૂપમાં ઇશ્વરનો આવિર્ભાવ થતો હતો એવી એ લોકોની માન્યતા હતી. એ મંદિર ઘણા સમયથી નષ્ટ થઇ ગયું છે, તોપણ જે નવાં મંદિર બંધાય છે તોપણ એજ પ્રાચીન ધોરણે બંધાય છે અને અસલની માફકજ પેટીની અંદર ધર્મનાં પુસ્તકો રાખવામાં આવે છે. રોમન કૅથોલિક અને ગ્રીક સંપ્રદાયના ખ્રિસ્તીઓ અમુક પ્રકારનું મૂર્તપૂજન કરે છે. તેઓ જીસસ ક્રાઇસ્ટ અને તેની માતા મેરીની પ્રતિમાઓનું પૂજન કરે છે. પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓમાં મૂર્તિપૂજન નથી, તોપણ તેઓ ઇશ્વરને ગુણ અને ઉપાધિયુક્ત વ્યક્તિ માનીને તેની ઉપાસના કરે છે, જે મૂર્તિપૂજાનું એક રૂપાંતરજ છે. પારસી અને ઇરાનીઓમાં અગ્નિનું પૂજન કરવાનો રિવાજ છે. મુસલમાન લોકો તેમના પયગંબર નબી ૪૦ સાધુ મહાત્માઓને પૂજે છે અને નિમાજ પઢતી વખતે કાબા તરફ મોં રાખે છે. આ બધી બાબતો શું સાબિત કરે છે ? ધર્મસાધનની શરૂઆતની સ્થિતિમાં લોકોને કોઇ ને કોઇ બાહ્ય પદાર્થની સહાય લેવી પડે છે. એમ કરતાં કરતાં ચિત્ત શુદ્ધ થાય ત્યારે વધારે ને વધારે સૂક્ષ્મ બાબતો સમજવાને તેઓમાં સામર્થ્ય આવે છે.

उत्तमो ब्रह्मसद्भावो ध्यानभावस्तु मध्यमः ।
स्तुतिर्जपोऽधमो भावो बाह्यपूजाधमाधमा ॥

"સર્વત્ર બ્રહ્મનું દર્શન થાય એ સર્વોત્તમ છે; ધ્યાન મધ્યમ છે; સ્તુતિ અને જપ કનિષ્ઠ છે; અને બાહ્યપૂજા તેથી પણ કનિષ્ઠ છે." તોપણ એટલું બરાબર સ્મરણમાં રાખવું કે ચોથા દરજ્જાનું સાધન જે બાહ્યપૂજા છે, તે કરવામાં પણ પાપ તો નથીજ. જેનાથી જે થઇ શકે તે તેણે કરવું જોઇએ; અને જો તેને તેના માર્ગથી ચ્યુત કરવામાં આવશે તો તે પોતાના કલ્યાણને માટે, મનોરથની સિદ્ધિને માટે બીજા રૂપમાં પણ એનીએ બાહ્ય પૂજાજ કરશે. માટે જેઓ મૂર્તિપૂજન કરે છે તેમની નિંદા કરવી અથવા તેમના ઉપર આક્ષેપ કરવો એ અયોગ્ય છે. ઉન્નતિની જે ભૂમિકા ઉપર તેઓ અત્યારે છે તે ભૂમિકાની જરૂરીયાતને અનુસરીને તેમના મનનું વલણ મૂર્તિપૂજા તરફ થાય એ સ્વાભાવિક છે. જેઓ પોતે જ્ઞાની છે તેમણે એવા માણસોનો અધિક વિકાસ થાય અને તેઓ ઉન્નતિના માર્ગે વિશેષ પ્રગતિ કરે એવા ઉપાય યોજવા જોઇએ. તેમની પાસે દિવસે દિવસે વધારે સારાં કામ કરાવવાં જોઇએ. અમુક પ્રકારની ઉપાસના કરવાની રીત સારી છે અને અમુક અધમ અને દૂષિત છે, એવી મિથ્યા તકરાર કરવાથી કાંઇ ફળ નથી.

પરા ભક્તિ પ્રાપ્ત થયા પછી આત્મા દેહથી વિમુક્ત થઇ જાય છે; એટલે કે એવા ઉત્તમ કોટિના ભક્તનો આત્મા દેહમાં રહેલો છતાં *દેહાત્મભાવથી મુક્ત થઇને જીવન્મુક્ત અવસ્થા પ્રાપ્ત કરે છે. કેટલાક માણસો ધનપ્રાપ્તિની આશાએ, કેટલાક પુત્ર-પ્રાપ્તિની આશાએ એમ ઘણા માણસો અમુક કામનાની સિદ્ધિને અર્થે ઇશ્વરની ઉપાસના કરે છે; અને જાણે પોતે પરમ ભક્ત હોય તેવો ડોળ કરે છે; પણ તેમની ભક્તિ એ ખરી ભક્તિ નથી, અને તેઓ સાચા ભક્ત પણ નથી. જો કોઇ તેમને આવીને કહે કે ફલાણે ઠેકાણે એક બાવો આવ્યો છે તે તાંબાનું સોનું કરી આપે છે, તો તરત તેની પાસે દોડી જાય છે; છતાં તેઓ કહેવડાવે છે કે અમે મોટા ભક્ત છીએ. પુત્રની પ્રાપ્તિમાટે, ધનપ્રાપ્તિમાટે, સ્વર્ગપ્રાપ્તિને માટે અથવા નરકના ભયમાંથી બચવાને માટે, એવા કોઈ પણ હેતુથી ઇશ્વરની ઉપાસના કરી હોય તો તે ભક્તિ કહેવાયજ નહિ. નરકના ભયથી અથવા સ્વર્ગની કામનાથી કદિ પણ શુદ્ધ ભક્તિનો ઉદય થતોજ નથી. જે સાચો ભક્ત છે તે તો ઇશ્વરને એમજ કહે છે કે;-

न धनं न जनं न सुन्दरीं कवितां वा जगदीश कामये ।
मम जन्मनि जन्मनीश्वरे भवताद्भक्तिरहैतुकी त्वयि ॥

* આ સિદ્ધાંત સમજાવવા માટે રામકૃષ્ણ પરમહંસ નાળીએરનું ઉદાહરણ આપે છે. લીલા નાળીએરમાં કાચલાની સાથે કોપરૂં વળગેલું હોય છે, તેમ સાધારણ મનુષ્યનો આત્મા દેહની સાથે દૃઢ વળગેલો હોય છે, પણ રસ સૂકાઈ જતાં અંદરનું કોપરૂં કાચલાથી છૂટું પડી જાય છે અને ખડખડયા કરે છે. એવા નાળીએરને ગોટો કહે છે. કોપરૂં અંદર છતાં કાચલાથી જુદું થઇ જાય છે. જીવન્મુક્તની એવી સ્થિતિ છે. ભા. કં.

"હે જગદીશ્વર ! હું ધન, સગાં, સુંદર સ્ત્રી, વિદ્વત્તા એમાંનું કાંઇપણ ઇચ્છતો નથી. માત્ર જન્મોજન્મ તમારી અહૈતુકી ભક્તિજ માગું છું." જ્યારે ભક્ત આ અવસ્થાએ પહોંચે, જ્યારે સર્વ વસ્તુમાં ઇશ્વરનું દર્શન કરે અને ઇશ્વરમાં સર્વ વસ્તુનું દર્શન કરે, ત્યારેજ તેણે પૂર્ણ ભક્તિ કરી કહેવાય. જ્યારે તે બ્રહ્માથી ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુસુધીના તમામ પ્રાણીઓમાં ઇશ્વરના સ્વરૂપનું દર્શન કરી શકે છે, જ્યારે તેને પદાર્થમાત્રમાં ઇશ્વર સિવાય બીજું દેખાતું નથી, ત્યારેજ માત્ર તે પોતાને અત્યંત અધમ માનીને સાચા ભક્તિભાવથી ઇશ્વરની ઉપાસના કરે છે. એવી અવસ્થા થયા પછી તેને બહારની ક્રિયાઓ, તીર્થયાત્રાઓ કશાની અપેક્ષા રહેતી નથી. તેને મનુષ્ય-માત્ર ખરેખરા દેવમંદિરતુલ્ય દેખાય છે.

આપણાં શાસ્ત્રોમાં ભક્તિનાં અનેક પ્રકારનાં સ્વરૂપ વર્ણવ્યાં છે; પણ જ્યાંસુધી આપણું હૃદય ભક્તિ પ્રાપ્ત કરવાને ખરેખરૂં આકુળવ્યાકુળ ન થઇ જાય, ત્યાંસુધી આપણે ભક્તિના કોઇ પણ પ્રકારનું ખરૂં રહસ્ય સમજવાના અધિકારી થતા નથી. દાખલા તરીકે આપણે ઇશ્વરને પિતા કહીએ છીએ. તેને પિતા કહેવાનું કારણ શું ? "પિતા" શબ્દ જે અર્થમાં સામાન્ય રીતે વપરાય છે તે અર્થમાં તે કદિ પણ ઇશ્વરને લાગુ પાડી શકાય નહિ. ઇશ્વરને માતા કહેવામાં પણ એવોજ વાંધો છે; પણ આપણે એ બેઉ શબ્દનું ખરૂં તાત્પર્ય વિચારીએ તો જણાશે કે ઇશ્વરને પિતા અથવા માતા કહેવામાં પૂર્ણ યથાર્થતા રહેલી છે. એ બેઉ નામ અત્યંત પ્રેમસૂચક છે. સાચા ભક્તનું હૃદય ઇશ્વરપ્રેમથી છલાછલ ભરાયલું હોય છે તેથી તેને પિતા અથવા માતાનું સંબોધન કર્યા વગર તેનાથી રહેવાતુંજ નથી. રાસલીલામાં રાધા અને કૃષ્ણની કથાવિષે વિચાર કરો. એ કથામાં પરમ ભક્તના હૃદયના સાચા ભક્તિભાવનું વર્ણન કરેલું છે; કારણ કે સંસારમાં સ્ત્રીપુરુષના પ્રેમ કરતાં વધારે ગાઢ પ્રેમ કોઇ પણ ઠેકાણે જોવામાં આવતો નથી. જ્યાં પ્રેમ ઘણોજ વિશુદ્ધ અને ગાઢ છે ત્યાં કોઇ પણ જાતનો ભય નથી, કોઇ પણ પ્રકારની વાસના નથી તેમજ બીજા કોઇ પણ પદાર્થપર આસક્તિ રહેતી નથી. માત્ર એક અચ્છેદ્ય, અચળ બંધનથી બંધાયલાં પ્રેમીનાં યુગ્મ સનાતન ગ્રંથિથી સંલગ્ન થઇને તન્મય થઇ જાય છે. માબાપ પ્રત્યે સંતાનનો પ્રેમ તો છેજ, પણ એ પ્રેમની સાથે કાંઇક ભય પણ મિશ્રિત થએલો હોય છે; કારણ કે બાળક માતાપિતાપ્રત્યે કાંઇક ભય અને કાંઇક માનથી જુએ છે. માતા કરતાં પિતાપ્રત્યે ભય અને માનનો અંશ વિશેષ છે; પરંતુ ખરો ભક્ત તો માત્ર ઇશ્વરના પ્રેમમાંજ તલ્લીન થઇ જાય છે. ઇશ્વરે સૃષ્ટિ ઉત્પન્ન કરી હોય યા ન કરી હોય, તે આપણું સંરક્ષણ કરતો હોય યા ન કરતો હોય એ બધું જાણવાની આપણને શી જરૂર છે ? તે તો આપણો પ્રાણાધાર પ્રિયતમ, આરાધ્ય દેવતા છે; માટે હૃદયમાં લેશ પણ ભય રાખ્યા વગર ઇશ્વરને અત્યંત નિકટનો સ્વજન માનીને તેની ઉપાસના કરવી જોઇએ. જ્યારે

મનુષ્યના હૃદયમાંથી તમામ વાસનાઓ નિર્મૂળ થઇ જાય, જ્યારે તેને કોઇ પણ પદાર્થનો વિચાર ન આવે ત્યારે તે ઈશ્વરને માટે ઉન્મત્ત બની જાય છે. ત્યારેજ તે ઈશ્વર પ્રત્યે સત્ય પ્રેમ રાખી શકે છે. સંસારમાં એક પ્રેમોન્મત્ત પ્રેમી પોતાની પ્રિયા પ્રત્યે જે પ્રેમ રાખે છે, તેવોજ પ્રેમ આપણે ઈશ્વર પ્રત્યે રાખવાનો છે. મજનુ જેવા આશકનો પ્રેમ એક ખરા ભક્તના ઈશ્વરપ્રેમનું દર્શન કરાવે છે. કૃષ્ણ એટલે ઈશ્વર અને રાધા એટલે તેના પ્રેમથી ઉન્મત્ત બનેલી વૃત્તિ છે. જે જે ગ્રંથોમાં રાધાકૃષ્ણની કથા વર્ણવેલી છે તે સર્વનો તમે અભ્યાસ કરશો ત્યારેજ ઈશ્વર પ્રત્યે કેવો પ્રેમ રાખવો જોઇએ તેનો તમને ખ્યાલ આવશે. એ અપૂર્વ પ્રેમનું રહસ્ય જાણવાનો કોણ અધિકારી હોઇ શકે ? આપણામાં ઘણાં માણસો તો એવાં છે કે જેમના અંતઃકરણની અંદર અનેક પ્રકારનાં પાપ મૂળ ઘાલીને બેઠેલાં હોય છે. જે બિચારાઓ નીતિ કે પવિત્રતા એટલે શું, તેજ ખરેખરૂં જાણતા નથી તેઓથી આ અદ્ભુત પ્રેમનું માહાત્મ્ય કેવી રીતે સમજાય? તેઓ કોઇ પણ રીતે સમજી શકેજ નહિ. જ્યારે અંતઃકરણમાંથી મલિન વિચારો જતા રહે અને પવિત્રતાનો સંપૂર્ણ સંચાર થાય ત્યારે મૂર્ખ માણસ પણ શાસ્ત્રની કઠિનમાં કઠિન બાબતો સહેલાઇથી સમજી શકે છે; પણ એવા માણસો દુનિયામાં ઘણાજ વિરલ હોય છે.

ભ્રષ્ટ માણસોએ કલુષિત ન કર્યો હોય એવો એકકે ધર્મ નથી. એવા પણ દુષ્ટ માણસો છે કે જેઓ આત્મજ્ઞાનની ઓથે પાપાચરણ કરે છે; અને કહે છે કે આત્મા દેહથી જુદો છે, તેથી દેહદ્વારા વ્યભિચારાદિ પાપકર્મ થાય તેમાં આત્માને શું? આત્મા તો નિર્લેપ છે. જો ધર્મનું બરાબર પાલન કરવામાં આવે તો હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, ગમે તે ધર્મનો માણસ પવિત્રતાની મૂર્તિરૂપ બની જાય. પણ માણસ પોતાની પ્રકૃતિ અનુસારજ વર્તન કરે છે; મલિન પ્રકૃતિવાળા માણસો સ્વાભાવિક રીતેજ અશુભ કાર્ય કરવા પ્રેરાય છે એ વાત સ્વીકારવીજ પડે છે. દરેક ધર્મમાં દુષ્ટ માણસોની સંખ્યા અધિક છે, છતાં તેમાં કેટલીક એવી પણ વ્યક્તિઓ નજરે પડે છે કે જેઓ ઈશ્વરનું નામ સાંભળતાંજ ઉન્મત્ત થઇ જાય છે–ઈશ્વરનાં ગુણગાન કરતાં તેમનાં નેત્રો પ્રેમાશ્રુથી ભરાઇ જાય છે. એવા માણસોજ સાચા ભક્ત છે.

ધાર્મિક જીવનની શરૂઆતમાં માણસો ઈશ્વરનેજ પોતાનો માલિક માને છે અને પોતાને ઈશ્વરના સેવક ગણે છે. તેઓ કહે છે કે " હે પ્રભુ ! હે પિતા ! આજે હું બે પૈસા કમાયો તે માટે તમારો આભાર માનું છું. " બીજા કેટલાક કહે છે કે "હે ભગવન્ ! અમને અન્નવસ્ત્ર આપજે ! કેટલાક કહે છે કે " અમે અમુક કાર્યમાં સિદ્ધિ મેળવી, તે ખાતર તારો આભાર માનીએ છીએ. " એવી એવી ક્ષુદ્ર ભાવનાઓનો ત્યાગ કરજો, શાસ્ત્રમાં કહ્યું છે કે જગતમાં આકર્ષણ કરનાર એકજ મહાન્ શક્તિ છે. તે શક્તિને અધીન થઇને સૂર્ય ચંદ્ર વગેરે પદાર્થો ગતિમાન થાય

છે. એ આકર્ષણશક્તિનુંજ બીજું નામ ઈશ્વર છે. જગતના સારાનઠારા તમામ પદાર્થને તે પોતાની તરફ આકર્ષે છે. આપણા જીવનમાં જે શુભ અથવા અશુભ પ્રસંગો આવે છે, તે સર્વ આપણને ઈશ્વરની નજીકજ દોરતા જાય છે. એક માણસ કોઈનું ખૂન કરે છે. હવે ખૂન કરવાનો ઉદ્દેશ તેના પોતાના સ્વાર્થનેમાટે હોય અથવા બીજા કોઈના સ્વાર્થ માટે હોય, પણ એ ખૂન કરવાની વૃત્તિને પ્રેરનાર પ્રેમ છે. શુભ અને અશુભ સર્વ કાર્યમાં પ્રેરકશક્તિ પ્રેમમાંથીજ ઉદ્ભવે છે. સિંહ જ્યારે એક બકરી અથવા હરણીની હિંસા કરે છે, ત્યારે કાં તો તે પોતાના પોષણને માટે અથવા પોતાનાં ભૂખ્યાં બચ્ચાંને પોષવાને માટે એ કાર્ય કરે છે; તેથી એ કાર્ય જો કે છે તો નિર્દયતાભરેલું, તોપણ તે પ્રેમની પ્રેરણાથીજ થએલું છે.

કોઈ એવો પ્રશ્ન કરેશે કે ઈશ્વરનું સ્વરૂપ કેવું છે ? તેનો ઉત્તર એ છે કે ઈશ્વર પ્રેમસ્વરૂપ છે. તે સર્વના અપરાધની ક્ષમા આપવા હમેશ તૈયાર છે. તે અનાદિ, અનંત ઈશ્વર પ્રત્યેક વસ્તુમાં રહેલો છે. તેને પ્રાપ્ત કરવામાટે અમુક પ્રકારનીજ ઉપાસના કરવી જોઈએ, નહિ તો તેની પ્રાપ્તિ ન થાય; એવું કશું બંધન છેજ નહિ. લોકો જાણ્યે, અજાણ્યે પણ તેના તરફ પ્રગતિ કરતા જાય છે. પતિની અત્યંત પ્રેમભક્તિ રાખનાર પત્નીને ખબર નથી કે તેના પતિની અંદર જે મહાન્ આકર્ષક શક્તિરૂપે ઈશ્વર રહેલો છે, તેજ તેને તેના પતિ તરફ આકર્ષી રહ્યો છે. પ્રેમમૂર્તિ ઈશ્વરજ આપણો આરાધ્ય દેવતા છે. જ્યાંસુધી આપણે તેને સૃષ્ટિનો ઉત્પન્ન કરનાર, પાલન કરનાર માન્યા કરીએ ત્યાંસુધીજ આપણને બાહ્ય પ્રજાનું પ્રયોજન રહે છે. જ્યારે એ ભાવનાનો પરિત્યાગ કરીને તેને પ્રેમના અવતારતુલ્ય ગણીએ અને સર્વ પદાર્થમાં તેનું તેમજ તેનામાં સર્વ પદાર્થનું દર્શન કરતા થઈએ, ત્યારેજ આપણે પરાભક્તિની પ્રાપ્તિ કરી શકીએ.

केळवणीमाटे स्त्रीशिक्षिकाओनी जरुर

શિયાલકોટમાં સ્વામીજી પાસે ઘણી જાતના લોકો આવતા હતા. એક દિવસ હિમાલયના પહાડી પ્રદેશમાં વસતી બે સાધ્વીઓ તેમની પાસે આવી હતી. તેમને જોઈને સ્વામીજીને એક કન્યાશાળા સ્થાપવાની પ્રબળ ઇચ્છા થઈ. આ વિચાર તેમણે શિયાલકોટના લોકોને જણાવ્યો. તેઓએ પણ મોટી ખુશીની સાથે આ વિચારને વધાવી લીધો. આ કાર્યની વ્યવસ્થામાટે યોગ્ય પુરુષોની એક કમિટી નિમાઈ. આ સ્થળે જણાવવાની આવશ્યકતા છે કે નાનાં છોકરાછોકરીઓને પ્રાથમિક શિક્ષણ આપનાર શિક્ષિકાઓજ જોઈએ એવો સ્વામીજીનો અભિપ્રાય હતો. કોઈપણ રીતે સ્ત્રીઓ આ કાર્યમાં પ્રવૃત્ત થાય એમ જોવાને તેઓ ઘણા ઉત્સુક હતા. તેમનો અભિપ્રાય એવો હતો કે આ રીતે હિન્દુ વિધવાઓના ભરણપોષણના સવાલનો આપોઆપ નિર્ણય થઈ જશે.

स्वामी विवेकानंद लाहोरमां

નવેંબર માસની ૯ મી તારીખે સ્વામી વિવેકાનંદ પોતાના અનુસંગીઓ સાથે શિયાલકોટથી બપોરે ઉપડી સાંજના સાડાચાર વાગે લાહોર આવી પહોંચ્યા. સ્થાનિક સનાતન સભાના સભાસદોએ તેમનો સ્ટેશન ઉપર સત્કાર કર્યો. ' રાજા ધ્યાનસિંહની હવેલી ' એ નામના લાહોરના એક વિશાળ મહેલમાં તેમને ઉતારો આપ્યો. ત્યાં પહોંચ્યા પછી દર્શને આવેલા ગૃહસ્થોને સ્વામીજીએ સારી રીતે ઉપદેશ કર્યો. જમ્યા પછી ટ્રિબ્યુન પત્રના તે સમયના અધિપતિ નગેન્દ્રનાથ ગુપ્તને ઘેર જઇને રાત્રિ ત્યાં વ્યતીત કરી.

આર્યસમાજના સભાસદોએ પણ સ્વામીજીનો સત્કાર કરવામાં ન્યૂનતા રાખી ન હતી. દયાનંદ એંગ્લો વૈદિક કૉલેજના પ્રોફેસર લાલા હંસરાજ અને બીજા આર્યસમાજના આગેવાન સભાસદો હમેશ તેમની પાસે આવતા; અને નાના પ્રકારના વિષયો ઉપર ચર્ચા કરતા. આર્યસમાજિસ્ટો વેદને અને વિશેષે કરીને વેદના સંહિતાભાગનેજ પ્રમાણ માને છે; અને વળી તેમનો અભિપ્રાય એવો છે કે વેદનો એકજ રીતે અર્થ થઇ શકે. સ્વામી વિવેકાનંદનો મત એથી જુદા પ્રકારનો છે. તેઓ સંહિતા કરતાં ઉપનિષદ્વિભાગને વિશેષ પ્રમાણભૂત ગણતા અને અદ્વૈતવાદ, દ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ એમ જુદાં જુદાં દૃષ્ટિબિન્દુથી ઉપનિષદ્‌ના જુદા જુદા અર્થ થઇ શકે છે એવી તેમની માન્યતા હતી. તેઓ કહેતા કે તેમ કરવામાં કશી હાનિ નથી. ઉલટી તેનાથી આત્માની ઉન્નતિ કરવાનું કાર્ય વિશેષ સરળ થઇ જાય છે; કારણ કે એકજ અર્થ સ્વીકારીને કોઇ પણ માણસને બળાત્કારથી તે મતને અનુસરનારા અમુક મત અથવા સંપ્રદાયમાં બાંધી રાખવા કરતાં, તેને માટે (અનેક અર્થનો માર્ગ ખુલ્લો રાખીને) તેની પોતાની પ્રકૃતિને અનુકૂળ પડતા ધર્મમાર્ગદ્વારા ચાલવામાં તેને સહાયતા આપ્યાથી તેની ઉન્નતિ કદાચ ધીમેથી થાય, તોપણ તે દૃઢ અને સ્થાયી હોય છે. જો કોઈ એવી શંકા ઉઠાવે કે બે પરસ્પર વિરુદ્ધ મત એકી વખતે કેવી રીતે સાચા હોઇ શકે, તો તેનો ઉત્તર એ છે કે મનુષ્યની આધ્યાત્મિક ઉન્નતિ જેટલે દરજ્જે થઇ હોય તે જોતાં અમુક અવસ્થા હોય ત્યાંસુધી તેનું વલણ એક પ્રકારના મત તરફ રહે છે; અને વિશેષ પ્રગતિ કર્યા પછી તે જૂના મંતવ્યને મૂકીને બીજા તરફ વળે છે; માટે એ બેઉ સત્ય છે અને જરૂરના પણ છે.

આર્યસમાજનો ઇશ્વરસંબંધી આદર્શ બંગદેશના બ્રહ્મો (બ્રાહ્મ) સમાજ તથા ગુજરાતના પ્રાર્થનાસમાજના ઇશ્વરના આદર્શને બહુધા મળતો આવે છે. તેઓનો મત એવો છે કે ઇશ્વર નિરાકાર, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, દયામય, પ્રેમમય અને આનંદમય છે. તેઓ અદ્વૈતવાદીના નિર્ગુણ બ્રહ્મના આદર્શનો સ્વીકાર કરતા નથી, તેમજ

મૂર્તિપૂજકોનો આદર્શ પણ તેમના હૃદયમાં ઉતરતો નથી. આથી કરીને તેઓ અદ્વૈતવાદ તેમજ મૂર્તિપૂજનના પ્રબળ વિરોધી છે. સ્વામીજીએ સંગીન પ્રમાણપરંપરાવડે સિદ્ધ કરી બતાવ્યું કે બુદ્ધિ અને જ્ઞાનપૂર્વક વિચાર કરતાં અદ્વૈતવાદ સિવાય બીજો એક પણ સિદ્ધાંત ટકી શકતો નથી. × ત્યારપછી તેમણે બીજા પ્રશ્નના ઉત્તરમાં મૂર્તિપૂજનના બચાવમાં કહ્યું કે, નિરાકાર ઈશ્વરની અથવા સગુણ ઈશ્વરની ધારણા આપણે મન અથવા મનદ્વારા ઉત્પન્ન થએલી કલ્પનાશક્તિની સહાયવિના કરી શકતા નથી. આ પ્રમાણે જ્યારે આપણે પોતે પણ કલ્પનાશક્તિનો આશ્રય લીધા વગર નિર્ગુણ તો શું ? પણ સગુણ ઈશ્વરનો પણ ખ્યાલ બાંધી શકતા નથી, ત્યારે પછી જેઓ આપણા કરતાં ઉતરતા અધિકારવાળા છે, તેઓ ઇન્દ્રિયોની મદદથી પ્રતિમાનું દર્શન કરીને સહેલાઈથી ઈશ્વરોપાસના કરતા હોય, તેમાં શા માટે વાંધો લેવો જોઈએ ? જો તમે ઉત્તમ અધિકાર પ્રાપ્ત કર્યો હોય તો ભલે તમે તમારા પોતાના મંતવ્ય પ્રમાણે સાધન કર્યા જાઓ; પણ તમારા બીજા બંધુઓ જેઓનાં શક્તિ અને જ્ઞાન તમારાથી ઉતરતા પ્રકારનાં છે, તેમને શા માટે તેમના પોતાના અધિકાર પ્રમાણે સાધન કરતા અટકાવો છો ? તમે પોતે પણ પોતાને જેટલા જ્ઞાની ધારો છો તેટલા વાસ્તવિક રીતે નથી. તમારાથી પણ શ્રેષ્ઠ કોટિના, તમારા કરતાં પણ વધારે ઉચ્ચ ભાવનાઓને હૃદયમાં ધારણ કરી શકે એવા (અદ્વૈતવાદી) પુરુષો છે; એ પ્રમાણે નાના પ્રકારના ઉપદેશદ્વારા અનેક મનુષ્યોની ધાર્મિક ભૂલો દૂર કરવા તેમણે તનતોડ પરિશ્રમ કર્યો હતો. લગભગ સવારના બે કલાક અને સાંજે દોઢ કલાક દરરોજ ધ્યાનસિંહની હવેલીમાં દોઢસોથી બસો પંજાબી અને બંગાળી ગૃહસ્થો સાથે આ પ્રમાણે નાના પ્રકારની ચર્ચા થતી. એ ઉપરાંત નગેન્દ્ર બાબુને ઘેર જ્યાં સ્વામીજી રહેતા હતા ત્યાં પણ ઘણા લોકો આવતા હતા. એક દિવસ નગેન્દ્રબાબુને ઘેર લાલા હંસરાજ સાથે વાતચીતના પ્રસંગમાં સ્વામીજીએ નીચેના વિચાર જણાવ્યા હતા. લાલા હંસરાજ આર્યસમાજપક્ષનો વેદનો સત્ય અર્થ એકજ થઈ શકે એવી માન્યતાનો બચાવ કરતા હતા. સ્વામીજી નાના પ્રકારની દલીલોવડે સિદ્ધ કરતા હતા કે વેદના જુદા જુદા અર્થ, ભલે તે પરસ્પર વિરુદ્ધ હોય તોપણ જુદા જુદા અધિકારવાળાં માણસોને માટે સરખી રીતે કલ્યાણકારક છે. એ બધાએ મત મનુષ્યોને પ્રગતિ કરવામાં સહાયભૂત થઈ પડે છે. લાલા હંસરાજ એ મતનું ખંડન કરવાને તેની સામી દલીલ કરતા હતા. છેવટે સ્વામીજીએ કહ્યું: "

× યૂરોપના વૈજ્ઞાનિકોની પ્રબળ દલીલ આગળ અદ્વૈતવાદ સિવાય જગત્‌ના કોઈ પણ ધર્મની ફિલસુફી ટકી શકતી નથી. હેકલ્ નામના જર્મન વિદ્વાને કુશળતાપૂર્વક સિદ્ધ કરી બતાવ્યું છે કે અદ્વૈતવાદજ સત્ય છે. ફિલસુફીની કસોટી વિજ્ઞાન છે. વિજ્ઞાન આગળ જે ન ટકી શકે તે ફિલસુફી, વિદ્વાન સત્ય શોધક વર્ગના મન ઉપર અસર નહિ કરી શકે. **ભા. ક.**

"લાલાજી ! આપ આ બાબતમાં આટલો બધો આગ્રહ કરો છો તેને હું ધર્માન્ધતા કહું છું. સંપ્રદાયના બળની વૃદ્ધિ કરવામાં એવા પ્રકારની ભાવના ઘણી ઉપયોગી છે; અને શાસ્ત્રગત ધર્માન્ધતા અદ્‌ભુત રીતે અને અત્યંત શીઘ્રતાપૂર્વક ધર્મનો ફેલાવો કરે છે એ પણ હું જાણું છું. * વ્યક્તિગત ધર્માન્ધતા એટલે સમજ્યા ? અમુક પુરુષ ઈશ્વરાવતાર છે અને તેનો આશ્રય લીધાથીજ મુક્તિ થશે એવા મતનો પ્રચાર. તમે જાણતા હશો કે મારી પાસે એવા પ્રકારની શક્તિ પણ છે. અમારા ગુરુ રામકૃષ્ણ પરમહંસનું ઈશ્વરના અવતાર તરીકે સ્થાપન કરીને એ નવા અવતારનો જગતમાં પ્રચાર કરવા મારા એકલા સિવાય બીજા બધા મારા ગુરુભાઇઓ તલપી રહ્યા છે. અટકાવ કરનાર હું એકલોજ છું; કારણ કે મારો દૃઢ વિશ્વાસ છે કે મનુષ્યને તેની શ્રદ્ધા અને ધારણાશક્તિ વગેરેને અનુસરતો ઉપદેશ આપીને તેની ક્રમે ક્રમે ઉન્નતિ કરવી જોઇએ. અલબત્ત, આ રીતે તેની ઉન્નતિ અત્યંત ધીમી થશે, પણ દૃઢ અને સ્થાયી થશે. ઠીક, હું જોઉં છું, ચાર વર્ષસુધી તો સાંપ્રદાયિકતા ન રાખતાં ઉદારતાના ધોરણ ઉપર ધર્મપ્રચાર કરીશ. જો કે સારૂં ફળ આવશે એવો મારો દૃઢ વિશ્વાસ છે; તોપણ ચાર વર્ષપર્યંત શ્રમ કરતાં કશુંય ફળ નહિ નિપજે તો હું પણ ધર્માન્ધ બનીને કાર્ય કરીશ."

આ પ્રસંગે સ્વામીજીના સંબંધમાં બેએક બનાવો નોંધવા જેવા છે. જો કે તે ઘણા મહત્વના નથી, તોપણ નાના નાના બનાવોમાં મહાપુરુષોનું ખરૂં મહત્ત્વ પ્રકટ થાય છે એ વાત સુપ્રસિદ્ધ છે. સ્વામીજીના જે શિષ્યો તે સમયે એમની સાથે હતા તેમણે આ હકીકત જાહેર કરી હતી.

એક દિવસ સ્વામીજીએ તેમના કેટલાક અનુસંગીઓના સાંભળતાં અમુક વ્યક્તિની પુષ્કળ પ્રશંસા કરી. એ સાંભળીને એકે કહ્યું, " પણ સ્વામીજી ! એ આપનેમાનતો નથી ! " સ્વામીજીએ તરતજ જવાબ દીધો કે " જેટલા સારા માણસો હોય તે બધાજ મને માને એનો અર્થ શો ? " આ સાંભળીને ટીકા કરનાર શરમાઇ ગયો.

એવામાં લાહોરમાં ગ્રેટ ઇન્ડિયન સર્કસ કંપની આવી પહોંચી. એક દિવસ કાંઇક કામપ્રસંગે એ કંપનીના એક ભાગીદાર બાબુ મતિલાલ બસુ નગેન્દ્રબાબુને ઘેર આવ્યા. સ્વામીજીને તેમણે જોતાંવારને ઓળખી લીધા કે આ પુરુષ બીજો કોઇજ નહિ, પણ મારો નાનપણનો મિત્ર છે. પછી બેઉ જણ દોસ્તોની માફક ખુલ્લા દિલથી વાત કરવા લાગ્યા. નાનપણમાં બેઉ જણ એકજ અખાડામાં કસરત કરવા જતા હતા. મતિલાલબાબુ તો પોતાના નાનપણના સોબતીનું અપૂર્વ તેજ, પ્રતિભા અને

* મુસલમાન અને ખ્રિસ્તી ધર્મ ત્વરાથી જગત્‌માં ચારે દિશાએ ફેલાઇ ગયા તેનું આજ કારણ છે. ખ્રિસ્તીધર્મનું એક સૂત્ર એવું છે કે માત્ર જીસસને માનો એટલે મુક્ત થશો. " જીસસે પોતાના રુધિરથી મનુષ્યમાત્રનાં પાપ ધોઈ નાખ્યાં છે " વગેરે. ભા. કં.

પ્રતાપવાન્ મુખ જોઇને અંજાઇજ ગયા. સ્વામીજી તેમને પોતાના અંતરના સ્નેહી ગણીને તેમની સાથે પ્રેમ અને સમતાપૂર્વક વ્યવહાર કરતા ગયા. તેમ તેમ તેઓ વધારે ને વધારે સંકુચિત થવા લાગ્યા. આખરે હિંમત પકડીને તેમણે દીનતાપૂર્વક સ્વામીજીને સંબોધીને કહ્યું: " ભાઇ ! હવે તમને હું કયે નામે બોલાવું ? " સ્વામીજીએ અત્યંત સ્નેહપૂર્ણ અવાજે જવાબ દીધો. " અરે મતિ ! તું ઘેલો થયો કે શું ? હું કોણ થઇ ગયો છું ? એ તો હું તેનો તેજ *નરેન અને તું તેનો તેજ મતિ ! " સ્વામીજીના આવા શબ્દો સાંભળતાં મતિબાબુનો સંકોચ દૂર થઇ ગયો.

સ્વામીજી લાહોરમાં માત્ર ૧૦ કે ૧૧ દિવસ રહ્યા હતા. ધ્યાનસિંહની હવેલીમાં પહેલા દિવસના વ્યાખ્યાનની વ્યવસ્થા કરવામાં આવી હતી. "આપણા હાલના મહાન્ પ્રશ્નો " એ વ્યાખ્યાનનો વિષય હતો; પણ સ્વામીજીનું વ્યાખ્યાન સાંભળવામાટે ત્યાં એટલાં બધાં માણસોનો સમુદાય એકઠો થયો કે હૉલની અંદર વ્યાખ્યાન આપવાનું અસંભવિત થઇ પડ્યું. છેવટે આંગણામાં ભાષણ કરવાનું નક્કી થયું, પણ લોકોની ભીડ એટલી બધી હતી કે સ્વામીજી અત્યંત મોટા અવાજે બોલતા હતા, છતાં સભામાં શાંતિ જળવાઇ નહિ; તેથી કરીને દોઢ કલાક ભાષણ ચાલ્યા પછી સભા બરખાસ્ત કરવાની જરૂર પડી. ભાષણનો જે વિષય હતો તેનું સંપૂર્ણ વિવેચન થઇ શક્યું નહતું તેથી કરીને " હિંદુધર્મનાં સામાન્ય મૂળતત્ત્વો " એ નામથી વ્યાખ્યાન પ્રકટ કરવામાં આવ્યું. આ પુસ્તકમાં પણ આ વિષય એજ મથાળા હેઠળ આપેલો છે.

" ભક્તિ " એ વિષય ઉપર બીજું વ્યાખ્યાન મતિલાલ બાબુના સર્કસના ચોગાનમાં આપવામાં આવ્યું હતું. એ વ્યાખ્યાનનો રિપૉર્ટ ટ્રિબ્યુન પત્રમાં આવ્યો હતો. તેનો અનુવાદ અહીં આપ્યો છે.

આટલું છતાં પણ લાહોરના લોકોને સ્વામીજીનાં એ ભાષણથી સંતોષ થયો ન હતો; તેથી તેમણે ધ્યાનસિંહની હવેલીમાં ત્રીજી વાર વ્યાખ્યાન અપાવવાની વ્યવસ્થા કરી. ફરીથી પહેલાંની માફક ગડબડ ન થાય તેટલા માટે ભાષણ સાંભળવા આવવાની ટીકીટો મફત વહેંચી હતી; અને લોકોને બેસવામાટે ખુરશીઓ વગેરેનો સારો બંદોબસ્ત કર્યો હતો. લાહોરનો તમામ કેળવાયલો વર્ગ ત્યાં હાજર હતો. આ લાંબું, ગંભીર રહસ્યથી ભરપૂર વ્યાખ્યાન આશરે અઢી કલાક ચાલ્યું હતું; અને સાંભળવા આવેલા લોકો અંતસુધી એકચિત્તે ઉલટપૂર્વક શ્રવણ કરી રહ્યા હતા. કેટલાક પંડિતો (બંગાળીઓ) આ ભાષણ સાંભળ્યા પછી પોતાના મિત્રોને કહેતા હતા કે ' હા, આ ભાષણમાં તો માલ હતો ! ' એજ લાહોરમાં આપેલું સુપ્રસિદ્ધ " વેદાંત " વિષે વ્યાખ્યાન.

પછી એક દિવસ સ્વામીજીએ લાહોરના સંખ્યાબંધ તરુણ પુરુષોને એકઠા કરી

* સ્વામીજીનું અસલ નામ નરેન્દ્રનાથ દત્ત હતું. નરેન્દ્રને ટૂંકામાં નરેન કહે છે.

તેમની એક સભાની સ્થાપના કરી. સભાને જાહેરમાં ખુલ્લી મૂકવાની ક્રિયા કરતી વખતે સ્વામીજીએ એક મધુર, હૃદયંગમ વ્યાખ્યાનદ્વારા દરેક માણસ પોતાની આસપાસના લોકોનું કલ્યાણ કેવી રીતે કરી શકે તેનો માર્ગ દર્શાવ્યો. આ સભા સંપૂર્ણ રીતે અસાંપ્રદાયિક હતી. સાંજના અભ્યાસ કરી રહ્યા પછી નવરાશના વખતમાં યુવક લોકો "દરિદ્ર, કંગાલ નારાયણ" ની મૂર્તિઓ જે આપણી આસપાસ જોવામાં આવે છે તેમની સેવા કરે, ભૂખ્યાંને અન્ન મળે, રોગીઓને ઔષધ મળે, અજ્ઞાનને જ્ઞાન મળે એવાં એવાં સામાજિક સેવાનાં કાર્ય કરવાનો આ સભાનો ઉદ્દેશ હતો.

આર્યસમાજીઓ પિતૃશ્રાદ્ધ કરવાની આવશ્યકતા સ્વીકારતા નથી. આથી કરીને લાહોરની સનાતન ધર્મ સભાના સભાસદો સ્વામીજીને "શ્રાદ્ધ" વિષે એક ભાષણ આપવાની વિનંતિ કરવા લાગ્યા. અનેક જાતનાં કારણોને લીધે એ વિષય ઉપર ભાષણ આપવાની સ્વામીજીને ઇચ્છા ન હતી, પણ સનાતન ધર્મસભાના આગેવાનોના આગ્રહને વશ થઇને તેમણે બહુજ નાખુશીની સાથે ભાષણ આપવાનું કબૂલ કર્યું. એજ દિવસે બીજા કેટલાક પંજાબવાસીઓએ એવી યોજના કરી હતી કે સ્વામીજીને લઇને નગરસંકીર્તન કરવું. તેઓનો પ્રથમ એવો વિચાર હતો કે સ્વામીજીને પાલખીમાં બેસાડીને સંકીર્તન કરતા કરતા શહેરની આસપાસ ફરી આવવું. સ્વામીજીએ પાલખીમાં બેસવાની ચોકખી ના કહી, પણ સંકીર્તન કરવાના વિચારને ઉલટથી અનુમોદન આપ્યું. તેમણે પોતાના અનુસંગીઓને કહ્યું કે પંજાબવાસીઓ સામાન્ય રીતે બહુ શુષ્ક છે. તેઓમાં સંકીર્તનદ્વારા ભક્તિનો ઉદ્રેક થાય એ હેતુથી મેં સંકીર્તનમાં આવવાની ખુશી બતાવી છે. પછી તેમણે બંગાળીઓને સુંદર ધ્વજાપતાકા વગેરે તૈયાર કરવા કહ્યું, પણ થયું એમ કે સ્વામીજી પોતાના અનુસંગીઓ સાથે લાહોરના મ્યુઝીયમ આગળ થઇને ધ્યાનસિંહની હવેલી પાસે આવીને જુએ છે તો માણસો તો સંખ્યાબંધ એકત્ર થયાં હતાં, પણ સંકીર્તન કરાવનાર કીર્તનીયાની મંડળીનો અભાવ હતો. વળી એવા પણ સમાચાર મળ્યા કે આખા લાહોર નગરમાંથી માત્ર એકજ ઢોલ મળી આવ્યું; અને તે પણ ઝાઝો વખત વપરાશમાં નહિ આવવાથી પડયું પડયું ખરાબ થઇ ગયું હતું. એકજ થાપ મારતાં તેમાંથી ગાબડું પડયું. સંકીર્તન થયું નહિ એટલે પછી સ્વામીજીએ "શ્રાદ્ધ" ઉપર ભાષણ પણ ન આપ્યું. એકત્ર થએલા લોકો પાસે જઇને તેમણે કહી દીધું કે આજે ભાષણ થવાનું નથી. કેટલાક જણ આ ઉપરથી સ્વામીજીની સાથે તેમના મુકામ સુધી આવ્યા અને શ્રાદ્ધ વિષે સ્વામીજી સાથે પુષ્કળ તર્ક વિતર્ક કરવા લાગ્યા.

એક દિવસ સાંજના સ્વામીજીના માનમાં એક સંધ્યાસંમિલન કરવામાં આવ્યું હતું. ત્યાં લાહોરના પ્રતિષ્ઠિત ગૃહસ્થો સાથે સ્વામીજીનો પરિચય કરાવવામાં આવ્યો. લાહોરના ચીફ જસ્ટિસે તથા બીજા બંગાળી તેમજ પંજાબી ગૃહસ્થોએ સ્વામીજીને

પોતાને ઘેર જમવા નિમંત્ર્યા હતા. તેઓ જ્યાં જતા ત્યાં ધર્મવિષયક ચર્ચા થયા વગર રહેતીજ નહિ. એ દરમ્યાન લાહોરના ઘણા આગેવાન ગૃહસ્થો સ્વામીજી પાસે એકાંતમાં સાધન કરવાનો અભ્યાસ કરવા આવતા હતા.

લાહોરમાં શિખસંપ્રદાયની "શુદ્ધિસભા" કરીને એક સંસ્થા હતી. જે જે શિખ લોકો કોઇ પણ કારણથી મુસલમાન થઇ ગયા હોય છતાં પણ જો તેઓને પોતાની ભૂલ સમજાતી હોય, પશ્ચાત્તાપ કરતા હોય, શિખસમાજમાં ફરીથી દાખલ થવાની તેમની ઇચ્છા હોય, અને જો તેઓ સાબિત કરી શકતા હોય કે અમે ભૂલથી આ અયોગ્ય કાર્ય કર્યું છે, તો તેમને શુદ્ધ કરીને ફરીથી શિખસમાજમાં દાખલ કરવાનો આ મંડળનો ઉદ્દેશ હતો. આ સભાના અધિવેશનમાં પધારવાને સ્વામીજીને તથા તેમના અનુયંગીઓને નિમંત્રણ થયું હતું. જ્યારે સ્વામીજી ત્યાં ગયા ત્યારે એક મોટી કઢાઇમાં કડાપ્રસાદ (શીરો) તૈયાર થતો હતો. થોડીવાર પછી સભાનું કાર્ય શરૂ થયું. આજે બે જણને પ્રાયશ્ચિત્ત આપીને શુદ્ધ કરવાના હતા. એ લોકો કેવા કારણથી મુસલમાન થઇ ગયા હતા તેનો પહેલેથી છેવટસુધીનો હેવાલ સભાના પ્રમુખે કહી સંભળાવ્યો; પછી શુદ્ધ થવાની પ્રાર્થના કરવા આવેલા બેઉ જણે પશ્ચાત્તાપપૂર્વક સભાને વિનતિ કરી કે અમને ફરીથી શિખધર્મમાં દાખલ કરો. ત્યારપછી તેમની પાસે ગુરુ ગોવિંદસિંહના નામનો ઉચ્ચાર કરાવ્યો, ગ્રંથસાહેબના પવિત્ર મંત્રનો પાઠ કરાવ્યો, તેમના ઉપર પુણ્યોદક છાંટવામાં આવ્યું. આટલા સંસ્કાર થયા એટલે તેઓ "શુદ્ધ" થયા કહેવાયા. પછી સભામાં હાજર થએલા તમામ લોકોને કડાપ્રસાદ વહેંચાયો. શિખ લોકોની આવી ઉદાર વર્તણુક જોઇને સ્વામીજી ઘણા પ્રસન્ન થયા.

આ પ્રમાણે લાહોરમાં દશબાર દિવસ વ્યતીત થયા. સ્વામીજીએ આ ઠેકાણે વાદવિવાદ કરતાં વાસ્તવિક કાર્ય તરફ વિશેષ વલણ બતાવ્યું હતું.

हिंदुधर्मनां सामान्य मूळतत्त्वो

(લાહોરમાં અપાયલું વ્યાખ્યાન.)

આ તેજ પવિત્ર પ્રદેશ છે કે જે સમસ્ત આર્યાવર્તમાં સર્વથી પવિત્ર મનાય છે. આ તેજ બ્રહ્માવર્ત છે કે જેનો મનુ ભગવાન્ ઉલ્લેખ કરી ગયા છે. આ તેજ અલૌકિક ભૂમિ છે કે જ્યાં આત્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવામાટે મહર્ષિઓના હૃદયમાં પ્રબળ ઉત્કંઠા અને અનુરાગ ઉત્પન્ન થયાં હતાં, અને જે જ્ઞાન એકવાર આખા જગત્ ઉપર સિંધુના પૂરની માફક ચારે દિશાએ ફરી વળ્યું હતું. પ્રાચીન ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે. આ તેજ પ્રતાપી પ્રદેશ છે કે વેગવતી મહાન્ નદીઓની માફક જેની

ધર્મભાવના અને આધ્યાત્મિકતાના પ્રવાહ જુદે જુદે સ્થળે ઉત્પન્ન થઈ ક્રમે ક્રમે એકત્ર બનીને અત્યંત બળવાન્ સ્વરૂપ ધારણ કરીને ચારે દિશાએ ફેલાઇ, મેઘગંભીર વાણી-વડે પોતાની અપૂર્વ મહિમાપૂર્ણ શક્તિનું જગતની અન્ય પ્રજાઓને દર્શન કરાવતા હતા. આ તેજ વીરભૂમિ છે કે જેણે હિંદ ઉપર આક્રમણ કરનાર અનેક જંગલી પ્રજા-ઓના હુમલા સામે સૌથી પહેલી ટક્કર લીધી હતી.આર્યાવર્તની પવિત્ર ભૂમિ ઉપર થતા દરેક જંગલી પ્રજાઓના હુમલાની સામે પોતાની વિશાળ છાતી ધરીને ઉભી રહેનાર આજ વીરપ્રસવિની ભૂમિ છે.અનેક પ્રકારના જુલ્મ અને સંકટોના આઘાત થયા છતાં પણ હજી જેનું ગૌરવ, જેનું વીર્ય ક્ષીણ થયું નથી એવો વીર પ્રદેશ આજ છે. આજ ભૂમિ ઉપર કાંઇક અર્વાચીન સમયમાં, દયાળુ નાનકે પોતાનો અપૂર્વ વિશ્વવ્યાપી પ્રેમ પ્રકટ કર્યો હતો. અહીંઆંજ એ મહાત્માના ઉદાર હૃદયનો વિકાસ થયો હતો. અહીં-આંજ તેણે પોતાના પ્રેમાળ હાથ પ્રસારીને એકલા હિંદુઓનેજ નહિ પણ મુસલમા-નોને–આખા જગતને પ્રેમપૂર્વક આલિંગન દીધું હતું. આજ પ્રદેશમાં આપણી ભાર-તીય પ્રજાનો છેલ્લો પણ સર્વશ્રેષ્ઠ મહિમાવાન્ મહાવીર ગુરુ ગોવિંદસિંહ જન્મ્યો હતો; જેણે સ્વધર્મના રક્ષણમાટે પોતાનાં વહાલાંઓની, પોતાનાં કુમળાં પણ સિંહનાં બચ્ચાં જેવાં બાળકોના રુધિરની આહુતિ આપી હતી. જેમને માટે તેણે આવું અદ્-ભુત બલિદાન આપ્યું તેમનાથી પણ પરિત્યક્ત થવાથી, ઘવાયલા સિંહ જેવો તે ગુરુ ગોવિંદસિંહ, પોતાના દેશપ્રતિ અસંતોષનો એક પણ ઉદ્ગાર પ્રકટ કર્યા વગર દક્ષિણ તરફના પ્રદેશનો આશ્રય લઇને ત્યાંજ શાંતપણે આ જગતને છોડી ચાલતો થયો હતો.

હે પંચનદ (પંજાબ) પ્રદેશનાં બાળકો ! આ આપણા પ્રાચીન દેશમાં હું તમારી સામે આચાર્ય અથવા ઉપદેશક બનીને ઉભો નથી; કારણ કે તમને શીખવવા જેટલું જ્ઞાન મારી પાસે છેજ નહિ. હું પૂર્વ તરફના પ્રદેશમાંથી આવ્યો છું તે માત્ર મારા પશ્ચિમદેશવાસી બંધુઓસાથે હસ્તમિલન કરી આનંદપૂર્વક વાર્તાલાપ અને એકબીજાના વિચારનો વિનિમય કરવાનેજ આવ્યો છું. આપણા વચ્ચે શા શા મતભેદ છે તે તપાસવા હું આવ્યો નથી, પણ કયી ભૂમિકા ઉપર આપણું ઉભયનું મિલન થઇ શકે એમ છે, તે જાણવાનોજ મારો ઉદ્દેશ છે. કયી ભૂમિકા ઉપર ઉભા રહેવાથી આપણે સઘળા બન્ધુભાવના સૂત્રથી સંલગ્ન થઇ શકીએ, કયી ભૂમિકાનું અવલંબન કર્યાથી જે સનાતન મહાવાણી આપણને આશાપ્રદ સંદેશો આપતી આવી છે તેનો ધ્વનિ દિવસે દિવસે વિશેષ ગંભીર અને બળવાન્ થાય, તે જાણવામાટે હું તમારી પાસે આવ્યો છું. હું તમને ખંડનાત્મક– ઉચ્છેદક નીતિનું અવલંબન કરવાની સલાહ આપવા આવ્યો નથી, પણ મંડનાત્મક નીતિ ગ્રહણ કરીને તમને વાસ્તવિક કાર્ય કરવાનું સૂચન કરવા આવ્યો છું.

સમાલોચના કરવાના, દોષદર્શન કરવાના દિવસો હવે પૂરા થયા છે. હવે તો ખરે-

ખરૂં કાર્ય કરવાની આપણને વિશેષ જરૂર છે. જગતને વખતો વખત ટીકાની–કડક ટીકાની–સખત સમાલોચનાની જરૂર પડે છે, પણ તે અમુક સમયસુધીજ. ટીકાના જમાના પછી કાર્ય કરવાનો–ખંડન કર્યા પછી નવું મંડન કરવાનો જમાનો પણ આવે છે. ઉન્નતિ પ્રાપ્ત કરવાનો પ્રયાસ–મંડનકાર્ય એજ હવે આપણે અનંતકાળપર્યંત કરવાનું છે–સમાલોચના અને ખંડનનું કાર્ય નહિજ. લગભગ છેલ્લાં સો વર્ષ થયાં આપણા દેશમાં સર્વત્ર સમાલોચના અને દોષદર્શનનુંજ પૂર આવ્યું હતું. આપણા સમાજના તમામ દોષો ઉપર પ્રાશ્ચાત્ય વિજ્ઞાનનો પ્રખર પ્રકાશ પડવાને લીધે તેનાં એકેએક છિદ્ર, એકેએક ડાઘ, અને એકેએક ગલીકુંચી બીજાં બધાં સ્થાન કરતાં સાધારણ માણસની દૃષ્ટિએ વિશેષ સ્પષ્ટતાથી દેખાઇ આવે છે. સ્વાભાવિક રીતે આપણા દેશમાં સ્થળે સ્થળે મહા બુદ્ધિસંપન્ન, શ્રેષ્ટ મહિમાવાન્, સત્ય અને ન્યાયપરાયણ મહાપુરુષો ઉત્પન્ન થયા હતા. તેમના હૃદયમાં અગાધ સ્વદેશપ્રેમ હતો; અને તે કરતાં પણ વિશેષરૂપે ઈશ્વરપ્રત્યે અને ધર્મપ્રત્યે પ્રબળ અનુરાગ હતો. એ મહાપુરુષોની સ્વદેશપ્રત્યે એટલી ગાઢ ભક્તિ હતી, તેમનો સ્વદેશપ્રેમ એવો ઉત્કટ હતો, સ્વદેશની હીન દશા જોઇને તેમનું હૃદય એવું દ્રવી જતું હતું કે તેમની નજરે જે કાંઇ દૂષિત જણાયું તેના ઉપર તેમણે ટીકારૂપી હથોડાના સખ્ત પ્રહાર કરવા માંડયા હતા. ગયા જમાનાના એ મહાપુરુષોને ધન્ય છે અને તેમણે સ્વદેશનું અનેક પ્રકારે કલ્યાણ કર્યું છે; પણ આજે આપણા કાનમાં એક મહાન સંદેશ સંભળાય છે કે "બસ કરો! સમાલોચના પૂરતી થઈ ચૂકી છે. દોષદર્શન કરવામાં હવે કસર રહી નથી." હવે તો કાંઇક નવેસરથી મંડાણ કરવાનો સમય આવી પહોંચ્યો છે. હવે આપણી છૂટીછવાઇ શક્તિઓને એકત્ર કરવાનો સમય આવી લાગ્યો છે. હવે એ તમામ શક્તિઓને કેન્દ્રીભૂત કરીને એક અપૂર્વ શક્તિસમૂહની રચના કરો અને તેના બળવડે જે પ્રજાની પ્રગતિ આજે સેંકડો વર્ષ થયાં અટકી પડી છે. તેને હવે આગળ વધવાની પ્રેરણા કરો. હવે આપણાં ઘર વળાઇ ઝુડાઇને સાફસુફ થઇ ગયાં છે. હવે તેમાં વાસ પૂરવા તૈયાર થાઓ. માર્ગ મોકળો થયો છે. આર્યસંતાનો! હવે આગળ વધો!

ગૃહસ્થો! આજ સંદેશો તમને પહોંચાડવાને હું તમારી સમક્ષ ઉભો છું અને હું તમને પ્રથમથીજ જણાવી દઉં છું કે કોઇપણ મત કે સંપ્રદાય સાથે હું જોડાયલો નથી. મારી દૃષ્ટિએ તમામ ધર્મ, તમામ સંપ્રદાય મહાન્ અને મહિમાવાન્ જણાય છે, તેઓને સર્વને હું અંતઃકરણપૂર્વક ચાહું છું અને તેઓમાં જે સત્ય છે, જે ગ્રહણ કરવા યોગ્ય છે તેને શોધવામાં મેં મારૂં જીવન વ્યતીત કર્યું છે. માટે જે જે બાબતો આપણે બધા માન્ય રાખવા તૈયાર છીએ તેમને તમારી સમક્ષ રજુ કરવાનો મારો આજના કાર્યનો ઉદ્દેશ છે. જો બની શકશે તો આપણી સર્વની સંમિલનભૂમિ નક્કી કરવાનો યત્ન કરીશ; અને જો ઈશ્વરકૃપાથી તેમ થઇ શકે તો એ સામાન્ય ભૂમિકા

ઉપર ઉભા રહીને આપણા આદર્શને વ્યાવહારિક સ્વરૂપ આપવાને પ્રવૃત્ત થવામાં હવે આપણે વિલંબ કરવાની જરૂર નથી. આપણે સઘળા હિન્દુઓ છીએ. હું "હિન્દુ" શબ્દ કોઇ પણ જાતના નઠારા અર્થમાં વાપરતો નથી. જે લોકો કહે છે કે "હિન્દુ" શબ્દ અપમાન અને તિરસ્કારસૂચક છે તેમના અભિપ્રાયને હું બિલકુલ માન્ય ગણતો નથી. પ્રાચીનકાળમાં પ્રજા સિન્ધુ નદીને પેલે કિનારે રહેતી હતી તે હિન્દુ નામથી ઓળખાતી હતી. આજ હમણાં જેઓ આપણા પ્રત્યે તિરસ્કાર રાખે છે તેમણેજ એ શબ્દનો એવો ખોટો અર્થ કરીને તેની તિરસ્કારવ્યંજક ભાવના ભેળી દીધી છે. નામની પોતાની અંદર કશું વાસ્તવિક મહત્ત્વ નથી. "હિન્દુ" શબ્દને સર્વાંશે મહિમાવાન્ બનાવવો કે તેને તિરસ્કાર અને અવનતિસૂચક રહેવા દેવો એ આપણા પોતાનાજ હાથમાં છે. "હિન્દુ" શબ્દને સંપૂર્ણરીતે આધ્યાત્મિકતાનો સમાનાર્થ શબ્દ કરવો કે પછી હમેશને માટે તેને ઘૃણાસૂચક શબ્દ તરીકેજ વાપરવા દેવો, "હિન્દુ" શબ્દવડે એક પરાક્રમશાળી અને તેજસ્વી પ્રજાને ઓળખાતી કરવી કે પછી એક નિર્જીવ, ધર્મભ્રષ્ટ, વિદેશી પ્રજાઓની ઠોકરે ચડેલી, કચરાયલી, હીણાયલી પ્રજાનું ઓળખાણુ એ શબ્દથી આપવું, એ સર્વ આપણા પોતાનાજ હાથમાં છે. જો હમણાં "હિન્દુ" શબ્દદ્વારા નિર્માલ્ય ભાવનુંજ સૂચન થતું હોય તો તેથી ખિન્ન ન થતાં તમારી કૃતિવડે સાબિત કરવાને તૈયાર થાઓ કે કોઈ પણ ભાષામાં તેના કરતાં વધારે સારો, વધારે યશસ્વી શબ્દ છેજ નહિ. મારાં જીવન-સૂત્રોમાંનું મુખ્ય સૂત્ર એ છે કે મારે કદિપણ મારા પૂર્વજોનું સ્મરણ કરતાં લજવાવું નહિ. જગતનો મગરૂરમાં મગરૂર માણસોમાંનો એક હું છું, પણ મને સરળતાથી કહેવા દો કે હું મારા પોતાના કોઇ ગુણ અથવા શક્તિને માટે મગરૂર નથી; પરંતુ મારા પ્રાચીન પૂર્વજોને માટે અત્યંત મગરૂર છું. જેમ હું ભૂતકાળનો ઇતિહાસ અવલોકતો ગયો, જેમ જેમ હું મારી દૃષ્ટિ પાછળ કરતો ગયો તેમ તેમ મારા હૃદયમાં ગૌરવની ભાવના વધારે પ્રબળ થતી ગઈ. એજ ભાવનાવડે મને સંપૂર્ણ વિશ્વાસજનિત દૃઢતા અને ધૈર્ય પ્રાપ્ત થયાં છે. એજ ભાવનાએ મને પૃથ્વી ઉપરની ધૂળમાંથી ઉભો કરીને આપણા પૂર્વજોએ યોજેલા મહાન્ વિચારો અનુસાર કાર્ય કરવાને બળ અને ઉત્સાહ અર્પણ કર્યાં છે. ઓ પૂજ્ય પ્રાચીન આર્યોનાં સંતાનો! ઈશ્વરકૃપાથી તમારામાં પણ એવા સ્વમાનનો સંચાર થાઓ! તમારા રુધિરના અણુએઅણુમાં આપણા પૂર્વજોપ્રત્યે શ્રદ્ધાની ભાવના ભળી જાઓ! એ સ્વમાન, એ શ્રદ્ધા તમારા જીવનમાં ઓતપ્રોત થઇ જાઓ, અને તેદ્વારા આખા જગતનો ઉદ્ધાર થાઓ!

આપણું સર્વનું સંમિલન કઇ સામાન્ય ભૂમિકા ઉપર થઇ શકે એમ છે, આપણા પ્રજાજીવનનો સામાન્ય પાયો કયાં છે તે શોધી કહાડતાં પહેલાં આપણે એક બાબત સારી રીતે સ્મરણમાં રાખવાની જરૂર છે. જેમ પ્રત્યેક મનુષ્યને વ્યકિતત્વ

છે તેમ પ્રજાને પણ પ્રજાનું વ્યક્તિત્વ છે. જેમ એક મનુષ્ય અમુક બાબતોમાં બીજા મનુષ્યથી જૂદો પડી જાય છે, તેમ દરેક મનુષ્યમાં બીજાના કરતાં કાંઇક ચોક્કસ ખાસિયતો હોય છે, જેમ દરેક પ્રજાવચ્ચે પણ કેટલાક ચોક્કસ લક્ષણગત ભેદ હોય છેજ, જેમ દરેક મનુષ્યનું જીવન કુદરતના અમુક ઉદ્દેશની સિદ્ધિને અર્થેજ છે, જેમ તેનાં પૂર્વનાં કર્મના યોગથી કાર્યની અમુક દિશા તેને માટે નિર્માણ થયેલી હોય છે, તેમ દરેક પ્રજાને માટે પણ અમુક ઉદ્દેશ અને અમુક કાર્યપ્રણાલી કુદરતના કાર્યક્રમમાં નિર્માણ થઇ ચૂકેલાં છે. દરેક પ્રજાએ આ કાર્યક્રમપ્રમાણે અમલ કરવાનો છે, જગતને અમુક સંદેશ પહોંચાડવાનો છે અને અમુક પ્રકારના પ્રજાના જીવન-વ્રતની પૂર્ણાહુતિ કરવાની છે. માટે આપણી પ્રજાનું જીવનવ્રત શું છે, કુદરતના કાર્યક્રમમાંનું કયું કાર્ય તેને ભાગે આવેલું છે, સમસ્ત પ્રજાસંઘની પ્રગતિમાં તેને કયું સ્થાન લેવાનું છે, પ્રજાઓના સંગીતની એકતાનતામાં તેને કયો સૂર વગાડવાનો છે, તે પહેલેથીજ જાણી લેવાની જરૂર છે. આપણા દેશમાં નાનાં બાળકોને એક એવી વાત કહેવામાં આવે છે કે અમુક પ્રકારના નાગના માથાપર મણિ હોય છે, અને જ્યાંસુધી તેની પાસે તે મણિ કાયમ હોય ત્યાંસુધી કોટી ઉપાયે પણ એ નાગનો નાશ થઇ શકતો નથી. એવીજ વાતો અમુક રાક્ષસોને માટે પણ કહેવાય છે, કે તેમનો આત્મા અમુક નાનાં નાનાં પક્ષીઓની અંદર રહે છે અને જ્યાંસુધી તે પક્ષીઓ સલામત હોય ત્યાંસુધી એ રાક્ષસોને કોઇ પણ ઉપાયે હણી શકાતા નથી. તમે તેમના ટુકડેટુકડા કરી નાખો કે બીજા ગમે તે ઉપાય કરો પણ તેમને કશીજ ઇજા થશે નહિ. એવીજ રીતે પ્રજાઓનું પણ છે. અમુક પ્રજાનું જીવન એક ચોક્કસ સ્થાનમાં, એક ચોક્કસ વિષયમાં કેન્દ્રીભૂત થયેલું હોય છે, આખી પ્રજાની પ્રજાભાવના એક ચોક્કસ બાબતમાં આબદ્ધ થએલી હોય છે અને જ્યાંસુધી તે ઠેકાણે પ્રહાર કરવામાં ન આવે ત્યાંસુધી એ પ્રજાનો કોઇથી વાળ પણ વાંકો થઇ શકતો નથી. આ મહાન્ નિયમદ્વારા આખા જગત્‌ના ઇતિહાસમાં સૌથી અપૂર્વ અને અદ્‌ભુત ઐતિહાસિક વ્યાપારનું રહસ્ય સમજાઈ શકે છે. આપણી ધર્મપરાયણ ભૂમિ ઉપર થઇને જંગલી, ઝનુની પ્રજાઓની એક પછી એક અનેક છોળો પસાર થઈ જવા છતાં આપણે આજદિન સુધી ખડક જેવા અડગ ઉભા છીએ. સેંકડો વર્ષ-સુધી ભરતખંડનું આકાશ "અલ્લાહ અકબર"ની ગર્જનાથી ગાજી રહ્યું હતું, અને હિંદુમાત્રને પોતાના આયુષ્યનો ક્ષણનો પણ ભરોંસો નહતો. આ પ્રમાણે આપણી પ્રજાએ જગત્‌ની તમામ પ્રજાઓમાં સૌથી વિશેષ જુલ્મ અને પરદેશીઓનો સખ્તમાં સખ્ત અંકુશ સહન કર્યો છે, છતાં આપણે લગભગ જેવા ને તેવાજ અક્ષત રહ્યા છીએ. હજી પણ જરૂર પડે તો એવી બીજી અનેક વિપત્તિઓ સહન કરવાને આપણે તૈયાર છીએ; એટલુંજ નહિ પણ થોડા સમયથી તો આપણામાં પ્રજાચેતનની

નિશાનીઓ પણ પ્રકટ રીતે જણાવા લાગી છે. એ બતાવે છે કે આપણે આટલી વિપત્તિઓ છતાં અક્ષત રહ્યા છીએ; એટલુંજ નહિ પણ પ્રજાગૌરવને ખાતર વિદેશ જવાને પણ તૈયાર છીએ; કારણ કે વિસ્તૃતિ એજ જીવનનું લક્ષણ છે.

આપણે જોઇએ છીએ કે આપણા વિચારો, આપણી ભાવનાઓ ભરતખંડની સીમામાં આબદ્ધ થએલાં નથી. આપણને એ વાત પસંદ હોય યા ન હોય તોપણ તેઓ હવે દેશની બહાર જઇને વિદેશી પ્રજાઓનાં સાહિત્યમાં ધીરે ધીરે ગળાઇ ગળાઇને પ્રવેશ કરવા લાગ્યાં છે. અન્ય પ્રજાઓના જીવનમાં તેમને સ્થાન મળવા લાગ્યું છે અને અમુક ઠેકાણે તો ભરતખંડના તત્ત્વવિચારોને ગુરુનું, આદેશકર્તાનું સ્થાન પણ પ્રાપ્ત થયું છે. એનું એકજ કારણ છે કે જગતના કલ્યાણમાટે ભરતખંડે જે કિંમતીમાં કિંમતી વસ્તુનું દાન કર્યું છે, તે કોઇ પાર્થિવ પદાર્થ નહિ પણ મનુષ્યનું મન જે જે વિષયોમાં રોકાઈ શકે તે સર્વમાં શ્રેષ્ઠ અત્યંત મહિમાવાન્ અને પરમ ગંભીર વિષયો—ધર્મ અને તત્ત્વજ્ઞાનના વિષયો છે.

આપણા પૂર્વજોએ અનેક વિષયોનો અભ્યાસ અને સંશોધન કરવા માંડયાં હતાં. તેઓ પણ બીજી પ્રજાઓની માફક શરૂઆતમાં તો બાહ્યસૃષ્ટિનાં રહસ્યો શોધી કહાડવા પાછળ મંડયા હતા, અને આપણે જાણીએ છીએ કે એ અલૌકિક પ્રજાએ જો એ દિશામાં પ્રવૃત્તિ ચાલુ રાખી હોત; તો પોતાની અસામાન્ય બુદ્ધિના પ્રભાવથી, આજે આખા જગતની કલ્પનામાં પણ ન આવી શકે એવી આશ્ચર્યકારક શોધખોળ કરી હોત; પણ એ કરતાં વધારે ઉચ્ચ વસ્તુની પ્રાપ્તિ કરવાના હેતુથી તેમણે આ માર્ગ છોડી દીધો. વેદના મંત્રોમાં ભૌતિક વિજ્ઞાન કરતાં પણ કોઇ વિશેષ ઉચ્ચ વિષયનો પ્રતિધ્વનિ સંભાળાય છે.

" सा परा यया तदक्षरमधिगम्यते । "

" જે વિદ્યાવડે અક્ષર એટલે વિકારરહિત (બ્રહ્મ) નું જ્ઞાન થાય તેજ મોટામાં મોટી વિદ્યા છે." પરિવર્તનશીલ, અશાશ્વત પ્રકૃતિનું જ્ઞાન અને મૃત્યુ, દુઃખ અને શોકપૂર્ણ જગતનું જ્ઞાન પણ અલબત્ત મહત્વનું તો છેજ; પણ અપરિણામી, આનંદમય ઈશ્વર કે જે શાંતિ પ્રાપ્ત કરવાનું એક માત્ર સ્થાન છે, જેની પાસેથીજ અનંત જીવન અને પૂર્ણતા પ્રાપ્ત કરી શકાય છે, જેનું સામીપ્ય મેળવવાથીજ સર્વ પ્રકારના સંતાપનું ઉપશમન થઇ જાય છે, તે ઈશ્વરનું જ્ઞાનજ સર્વથી શ્રેષ્ઠ વિદ્યા છે એવો આપણા પૂર્વજોનો અભિપ્રાય હતો. જે વિજ્ઞાનવડે માત્ર અન્નવસ્ત્રનીજ પ્રાપ્તિ થાય છે, જે વિજ્ઞાનવડે જાતિભાઇઓ ઉપર જય મેળવવાનું બળ પ્રાપ્ત થાય છે, જે વિજ્ઞાનવડે જગતની અન્ય પ્રજાઓને જિતીને તેમને પોતાના પગતળે દબાવી રાખવાનું સામર્થ્ય મળે છે, અને જે વિજ્ઞાનવડે બળવાન્ વ્યક્તિ નિર્બળ ઉપર અધિકાર ચલાવી શકે છે, તે વિજ્ઞાનની જો આપણા પૂર્વજોને દરકાર હોત તો તેમણે તે

વિષયને મનમાનતો ખીલવ્યોજ હોત; પણ ઈશ્વરકૃપાથી તેઓ ખરી દિશા તરફજ વળ્યા. જે દિશા પૂર્વોક્ત દિશા કરતાં અનંતગણી શ્રેષ્ઠ, મહિમાવાન્ અને કલ્યાણકારક છે તે દિશામાંજ તેઓ એવી એકનિષ્ઠાથી પ્રગતિ કરતા ગયા કે આખરે એ વલણ આપણી પ્રજાનું લક્ષણગત વિશેષત્વ થઇ પડ્યું; હજારો વર્ષથી વંશપરંપરાએ ઉતરી આવીને આપણા રુધિરમાં આપણા સ્વભાવના બંધારણમાં ઓતપ્રોત થઇ ગયું; આપણી નાડીએનાડીમાં અને રગેરગમાં વ્યાપી ગયું; અને એમ કરતાં કરતાં આજે "ધર્મ" અને "હિન્દુ" એ બે શબ્દો સમાનાર્થસૂચક થઇ પડયા ! આજ આપણી પ્રજાનું વિશેષત્વ છે અને તેના ઉપર પ્રહાર થઇ શકે એમ નથી. હજારો અસભ્ય રાની પ્રજાઓ અસંસ્કૃત ધર્મભાવનાઓને લઇને બંદુક અને તલવારથી ત્રાસ વર્તાવતી આપણા દેશમાં આવી ગઇ, પણ કોઇનાથી આ મર્મભાગ ઉપર પ્રહાર થયો નથી, કોઇએ આપણા માથા ઉપરના "મણિ"ને સ્પર્શ કર્યો નથી. આપણા પ્રાણપંખેરૂને હણવાનું સામર્થ્ય કોઇનામાં હતુંજ નહિ. આજ આપણી પ્રજાની જીવનશક્તિ છે અને જ્યાંસુધી તે સલામત રહેશે ત્યાંસુધી જગત્માં એક પણ શક્તિ નથી કે જે તમારો વિનાશ કરી શકે. જ્યાંસુધી આપણા પૂર્વજો તરફથી વારસામાં મળેલા આ અપૂર્વ મૂલ્યવાન્ રત્નસ્વરૂપ ધર્મને આપણે સાચવી રાખીશું ત્યાંસુધી સંસારમાં થતા સર્વ પ્રકારના અત્યાચાર, જુલ્મ અને કષ્ટરૂપી અગ્નિની જ્વાલામાંથી પ્રલ્હાદની માફક આપણે એક પ્રજારૂપે અક્ષત શરીરે બહાર નીકળી શકીશું. જો કોઇ હિંદુ ધાર્મિક નહિ હોય તો હું તેને હિંદુજ માનીશ નહિ. બીજા દેશોના લોકોનું એવું લક્ષણ છે કે તે લોકો પ્રથમ રાજનૈતિક પ્રવૃત્તિ કરે છે અને તેમાંથી નિવૃત્ત થયા પછીજ જરા તરા ધર્મની અંદર ચંચુપાત કરે છે; પણ હિંદુસ્તાનમાં તો મનુષ્યજીવનનું મુખ્ય અને સૌથી પ્રથમ સાધ્ય કર્તવ્ય એ છે કે દરેક જણે ધર્મનું પાલન કરવું; અને તે પછીજ અવકાશ હોય તો બીજા વિષયોને હાથ લગાડવો. આ બાબત સ્મરણમાં રાખશો તો આપણી પ્રજાના ઉત્કર્ષને માટે ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં પણ આપણી આધ્યાત્મિક શક્તિઓને શોધી શોધીને બહાર કહાડવાની શા માટે આવશ્યકતા છે, તે તરતજ તમે સમજી શકશો. હિંદુસ્તાનની પ્રજાનું ઐક્ય કરવું હોય તો આપણે ભિન્ન ભિન્ન આધ્યાત્મિક શક્તિઓને કેન્દ્રીભૂત કરવી પડશે, જેઓના હૃદયરૂપી સિતારના તાર એકજ જાતના આધ્યાત્મિક સૂરમાં મેળવાયલા હશે, તેમનાજ સંમિલનથી ભારતીય પ્રજાનું ઐક્ય થઇ શકશે.

આપણા દેશમાં જોઇએ એટલા સંપ્રદાય છે. અત્યારે પણ તે પૂરતા છે અને ભવિષ્યમાં હજી તે ઓછા થનાર નથી. આનું કારણ આપણા ધર્મનું એક ખાસ વિશેષત્વ છે, આપણા ધર્મના મૂળ સિદ્ધાંત એવા વિશાળ અને ઉદાર છે કે પાછળથી તેમાં ગમે તેટલી ખિલવણી અને ગુંચવણભરેલી ઝીણવટ ઉત્પન્ન કરવામાં આવે, તોપણ

માથા ઉપરના આકાશ જેવા ઉદાર અને પ્રકૃતિના જેવાજ સનાતન છે, તેજ આ જુદા જુદા સંપ્રદાયરૂપેં પરિણામ પામ્યા છે. આ સંપ્રદાયો કુદરતી રીતે હમેશ રહેવાનાજ. માત્ર એમાં સંપ્રદાયિક કલહ રહેવા ન જોઇએ. સંપ્રદાય ભલે રહે પણ સંપ્રદાયિક દ્વેષ ન જોઇએ. સંપ્રદાય વિના જગત્નો વ્યવહાર ચાલતો નથી. એકજ વર્ગનાં માણસો બધા પ્રકારનાં કામ કરી શકેજ નહિ. જગત્ની અનંત શક્તિઓના સમૂહની પરિચાલના થોડા માણસોથી થઇ શકે નહિ. આથી કરીને આપણને પ્રતીત થશે કે જૂદા જૂદા સંપ્રદાયોની રચના કરીને “શ્રમવિભાગ” નામના અર્થશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે કાર્ય કરવાની આપણને જરૂર પડી હતી. આધ્યાત્મિક શક્તિઓની સુવ્યવસ્થિત પરિચાલના કરવામાટે સંપ્રદાય ભલે રહ્યા, પણ આપણાં શાસ્ત્રો એકે અવાજે જાહેર કરે છે કે ભેદ માત્ર ઉપર ઉપરનોજ છે. આટલા આટલા સાંપ્રદાયિક ભેદ છતાં એ સંપ્રદાયો એકતાના સુવર્ણસૂત્રથી ગૂંથાયલા છે. જ્યારે આમજ છે ત્યારે પછી આપણે પરસ્પર વિવાદ કરવાની જરૂર છે ખરી ? શાસ્ત્રો કહે છે કે ‘एकं सद्विप्रा बहुधा वदन्ति।’ સત્ એકજ છે, પણ ઋષિઓ તેને જૂદે જૂદે રૂપે વર્ણવે છે. આથી કરીને હિંદુસ્તાન કે જ્યાં સર્વ સંપ્રદાયનું પરાપૂર્વથી સન્માન થતું આવ્યું છે, તે ભૂમિમાં જો હમણાં સાંપ્રદાયિક કલહ ચાલતા હોય અને જૂદા જૂદા સંપ્રદાયો વચ્ચે તિરસ્કાર અને દ્વેષભાવ જોવામાં આવતા હોય તો પછી આપણે આપણા મહિમાવાન્ પૂર્વજોના વંશજો છીએ એમ કહેતાં શરમાવું જોઇએ.

હું માનું છું કે એવા કેટલાક મુખ્ય સિદ્ધાંતો છે જે આપણને સર્વને એકસરખી રીતે માન્ય છે. ભલે આપણે વૈષ્ણવ હોઇએ કે શૈવ; શાક્ત હોઇએ કે ગાણપત્ય; સનાતન ધર્માવલંબી હોઇએ કે આર્યસમાજ, પ્રાર્થનાસમાજ કે એવા કોઇ નવીન સંપ્રદાયના અનુયાયી; પરંતુ આપણે સઘળા હિંદુ છીએ, અને હિન્દુ તરીકે આપણે અમુક મુખ્ય સિદ્ધાંતોને માન્ય ગણીએ છીએ; એ વાત આપણે કોઇએ પણ ભૂલવી જોઇએ નહિ. એ સિદ્ધાંતોની વ્યાખ્યા કરવામાં, અને તેમના અર્થ કરવામાં આપણા વચ્ચે મતભેદ પડતો હશે, અને એ મતભેદ રહેવોજ જોઇએ. એ મતભેદનું પણ પ્રયોજન છે; કારણ કે આપણે કોઈ પણ વ્યક્તિ ઉપર આપણા વિચાર પરાણે ઠસાવવા ઇચ્છતા નથી. બીજા લોકો પણ પોતાનાં જીવન આપણી ભાવના મુજબ ઘડે અને શાસ્ત્રના આપણે જે અર્થ કહીએ તેજ અર્થ તેઓ પણ ગ્રહણ કરે, એવો આગ્રહ કરવો એ એક પ્રકારનું પાપ છે. જે ગૃહસ્થો અત્ર હાજર છે, તેઓ મારી સાથે પહેલી બાબતમાં તો એક મત થશે કે આપણે હિંદુઓ વેદવાક્યને ધર્મના રહસ્યના સનાતન ઉપદેશ તરીકે ગણીએ છીએ. આપણે સઘળા એકમતે સ્વીકાર કરીએ છીએ કે આ પવિત્ર સાહિત્ય અનાદિ અને અનંત છે. જેમ પ્રકૃતિને આદિ કે અંત નથી તેમ વેદને પણ નથી; અને જ્યારે આપણે એ પવિત્ર ગ્રંથની સમક્ષ

ઉભા રહીએ ત્યારે આપણા વચ્ચેના ધાર્મિક મતભેદ અને કલહ એકદમ બંધજ થઇ જવા જોઇએ. આપણે વળી એમ પણ સ્વીકારીએ છીએ કે ધાર્મિક મતભેદના નિરાકરણમાટે આપણી વરિષ્ઠમાં વરિષ્ઠ અદાલત વેદ છે. વેદ તરીકે કોને ઓળખવો એ વિષે આપણા અભિપ્રાય કદાચ મળતા આવશે નહિ. એક સંપ્રદાયના અનુયાયીઓ વેદના અમુક ભાગને બીજા બધા ભાગ કરતાં વિશેષ પવિત્ર માને છે; પણ તેથી કાંઈ હાનિ નથી, જ્યાંસુધી આપણે એકે અવાજે કબૂલ કરીએ કે વેદને માનવાની બાબતમાં આપણે સઘળા ભાઇઓ છીએ; અને આપણી પાસે હાલ જે કાંઈ પવિત્ર, મહિમાવાન્ અને ઉત્તમ વસ્તુ છે તે સર્વ આપણને તે સનાતન, પવિત્ર, અપૂર્વ ગ્રંથદ્વારા પ્રાપ્ત થયેલી છે; ત્યાંસુધી આપણી વચ્ચે ગમે તેટલા મતભેદ છતાં આપણે બધા એકજ છીએ. આ બાબતમાં જો આપણો સર્વનો દૃઢ વિશ્વાસ હોય તો હાલ માત્ર તેજ બાબતનો આખા હિંદુસ્તાનના તમામ લોકોમાં કશો પણ ભેદ રાખ્યા વગર પ્રચાર થવા દો. તમે માનો છો તે સત્યજ હોય, તો જે સર્વોપરિ સ્થાનને માટે વેદ અસલથીજ યોગ્ય છે અને તે યોગ્યતાનો આપણે સ્વીકાર પણ કરીએ છીએ તે સ્થાન વેદને સત્વરજ આપો. ત્યારે આપણે માટે પહેલી સંમિલનભૂમિકા વેદ છે.

બીજો મુદ્દો એ છે કે આપણે બધા ઇશ્વરને સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલયકર્તા માનીએ છીએ. આપણે માનીએ છીએ કે કલ્પને અંતે સમગ્ર સૃષ્ટિનો ઇશ્વરમાં લય થઇ જાય છે, અને બીજા કલ્પનો આરંભ થતાં બ્રહ્માંડમાંથી અદ્ભુત પ્રપંચરૂપ જગત્ ફરીથી પ્રકટ થાય છે. આપણા ઇશ્વર વિષેના આદર્શો જૂદા હશે એ વાત સત્ય છે. અમુક માણસો સર્વાંશે સગુણ ઇશ્વરને માને છે તો અમુક માણસો તેને તેવો માનવા છતાં મનુષ્યદેહ અને મનુષ્યભાવને ધારણ કરનાર ઇશ્વર (અવતાર)ને માનતા નથી. વળી એવા પણ કેટલાક છે કે જેઓ શુદ્ધ નિર્ગુણ ઇશ્વરનેજ માને છે. વેદમાંથી આ ત્રણે મતને આધાર મળી શકે છે. ઉપર કહ્યા તેવા મતભેદ છતાં પણ આપણે બધા ઇશ્વરને તો માનીએ છીએજ. બીજા શબ્દોમાં કહીએ તો તે અલૌકિક અનંત શક્તિમાંથીજ સર્વની ઉત્પત્તિ થઇ છે, તેના આધારથીજ સર્વ જીવે છે, અને તેની અંદરજ સર્વનો લય થનાર છે. જે મનુષ્યને આ મત કબૂલ નથી તેને હિંદુ કહી શકાય નહિ. જો આ માન્યતા આપણને સર્વને મંજૂર હોય તો તેનો પણ આખા દેશમાં પ્રચાર કરો. એમાં આપણી વચ્ચે વાસ્તવિક મતભેદ છેજ નહિ. માત્ર ગમે તે રીતે લોકો ઇશ્વરને ઓળખતા થાય એવો ઉપદેશ આપો. આપણને તેનીજ જરૂર છે. કદાચ તમારામાંના કોઇના આદર્શ બીજાના આદર્શ કરતાં વધારે ઉચ્ચ હશે, પણ આટલું તો ચોક્કસ માનજો કે કોઇનો પણ આદર્શ ખરાબ તો છેજ નહિ. એક સારો છે, બીજો તેનાથી વધારે સારો છે; ત્રીજો કદાચ તેનાથી પણ વધારે સારો હોય; પણ આપણા ધર્મના અધિકરણમાં "અસત્ય," "નઠારૂં" એવા શબ્દોજ વપરાયા નથી. માટે જે જે

મહાત્માઓ ગમે તે ધોરણથી ધર્મનો પ્રચાર કરતા હોય તેમના ઉપર ઈશ્વરની કૃપા હોજો! જેમ દેશમાં ધર્મનો, અને ઈશ્વરનો પ્રચાર વધારે તેમ દેશનું કલ્યાણ પણ વધારે. આપણાં બાળકોનાં અંતઃકરણમાં આ વાત પ્રથમ દાખલ કરીનેજ તેમને કેળવણી આપજો. ગરીબમાં ગરીબ અને નીચમાં નીચથી માંડીને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અને શ્રીમંતમાં શ્રીમંત સુધીના એકેએક માણસના હૃદયમાં ઈશ્વરના મહિમાનો સંચાર કરો.

ત્રીજો મુદ્દો જે હું આજે તમારી સમક્ષ રજુ કરવા માગું છું તે એ છે, કે "જગતની ઉત્પત્તિ અમુક હજાર વર્ષ પૂર્વે થઈ હતી અને અમુક દિવસે તેનો સમૂળો નાશ થશે." એ વાત આપણે બીજી કેટલીક* પ્રજાઓની માફક માનતા નથી; તેમજ "શૂન્યમાંથી આખા જગતની અને જીવાત્માની રચના થઈ." એ વાત પણ આપણને કબૂલ નથી. હું માનું છું કે આ બાબતમાં પણ આપણે બધા હિંદુઓ એકમત છીએ. આપણે પ્રકૃતિને અનાદિ અને અનંત માનીએ છીએ. માત્ર કલ્પના અંત વખતે સ્થૂલ જગત્ સૂક્ષ્મ અવસ્થામાં પરિણામ પામે છે અને એવી સ્થિતિમાં અમુક સમય પર્યંત રહે છે, તથા વળી પાછું તે બહાર આવીને આ અનંત દૃશ્ય સૃષ્ટિ, જેને આપણે કુદરત કહીએ છીએ તે રૂપે વ્યક્ત થાય છે. આ પ્રમાણે અનંત કાળથી—જ્યારે કાળની ગણનાનો આરંભ પણ થયો ન હતો, તે પહેલાંના સમયથી—ઉત્પત્તિ અને લય પામતા સમુદ્રના તરંગના જેવી ગતિ ચાલી આવી છે અને અનંતકાળપર્યંત ચાલુ રહેશે.

વળી આપણે બધા હિંદુઓ માનીએ છીએ કે મનુષ્ય એટલે આ સ્થૂળ જડ શરીર નહિ; તેમજ એ સ્થૂળની અંદર રહેલું સૂક્ષ્મ શરીર અર્થાત્ મન પણ નહિ; પરંતુ એ બેઉ કરતાં પણ કોઈ વધારે શ્રેષ્ઠ પદાર્થ છે; કારણ કે શરીર તેમજ મન બેઉ રૂપાંતર પામ્યા કરે છે, ત્યારે એ બેઉથી પર એવો જે આત્મા કે જેને માટે હું અંગ્રેજી શબ્દ આપી શકતો નથી; કારણ કે અંગ્રેજી ભાષામાં એ અર્થસૂચક જેટલા શબ્દો છે તે બધાજ અધૂરા છે; એ આત્મા અનાદિ, અનંત અને અવિનાશી પદાર્થ છે. મૃત્યુ જેવી તો કોઈ વસ્તુજ તેને માટે નથી. એ સિવાય આપણા અને બીજી પ્રજાઓના અભિપ્રાય વચ્ચે મોટા તફાવતનો વિષય એ છે કે આપણા મત પ્રમાણે મનુષ્યનો આત્મા ફરી ફરીને નવા દેહ ધારણ કરે છે, અને એમ કરતાં કરતાં તે આખરે એવી અવસ્થાએ પહોંચે છે કે જ્યારે તેને કોઈ પણ શરીર ધારણ

* મુસલમાનો તથા ખ્રિસ્તીઓના મત પ્રમાણે ઈ. સ. પૂર્વે ચાર પાંચ હજાર વર્ષપર જગત્ ઉત્પન્ન થયું હતું; અને કયામતને દિવસે તેનો પ્રલય થશે. તે દિવસે ઈશ્વર પાપીઓનો ઈન્સાફ કરીને તેમને અનંતકાળપર્યંત નરકમાં મોકલી દેશે આવો તેમનો સામાન્ય મત છે. ભા. ક.

કરવાનું પ્રયોજન કે ઇચ્છા રહેતી નથી. જ્યારે તે આ દશાએ પહોંચે ત્યારે તે મુક્ત થાય છે અને તેને પુનઃ જન્મ લેવો પડતો નથી. હું અત્યારે આપણાં શાસ્ત્રમાં લખેલો સંસારવિષેનો અને આત્માના નિત્યત્વવિષેનો સિદ્ધાંતજ તમારી આગળ રજુ કરૂં છું. આપણે ગમે તે સંપ્રદાયના હોઇએ તોપણ ઉપર કહેલી બાબત તો આપણે બધા સર્વાનુમતે સ્વીકારીએ છીએજ. આત્મા અને પરમાત્માના સંબંધવિષે આપણી વચ્ચે મતભેદ હશે; એક સંપ્રદાયના મત પ્રમાણે આત્મા અને પરમાત્માનો નિત્ય અભેદ છે, તો બીજા સંપ્રદાયનો મત એવો છે કે આત્મા એ પરમાત્મારૂપી અનંત અગ્નિના એક તણખા જેવોજ છે. વળી ત્રીજો મત એવો છે કે જીવાત્મા પરમાત્માથી કેવળ ભિન્ન છે અને સદાને માટે ભિન્નજ રહેશે. એ પ્રમાણે આત્મા અને પરમાત્મા સંબંધી આપણા અભિપ્રાય ગમે તેવા જૂદા હોય તો પણ "આત્મા અનંત છે, તે કદિ ઉત્પન્ન થયો નથી અને તેથી તેનો કદિ નાશ પણ થતોજ નથી. આત્મા જૂદાં જૂદાં શરીર ધારણ કરીને ધીમે ધીમે ઉન્નત થતો જાય છે અને છેવટે મનુષ્યદેહદ્વારા તે પૂર્ણત્વની પ્રાપ્તિ કરે છે." એટલાં સામાન્ય મૂળતત્ત્વો જ્યાંસુધી આપણે બધા માનતા હોઇએ ત્યાંસુધી ગમે તેટલા પેટાભેદ છતાં પણ આપણે એકજ મતના છીએ.

પાશ્ચાત્ય અને ભારતીય ભાવનાઓ વચ્ચે એક બાબતમાં સંપૂર્ણ મતભેદ છે, કે જે મતભેદવડે બેઉ પ્રજાની ભાવનાઓ પરસ્પરથી તદ્દન જૂદી અથવા વિરુદ્ધ બની જાય છે. એ પ્રશ્ન ધર્મના પ્રદેશમાં સૌથી વિશેષ અગત્યનો છે અને ભારતીય તત્ત્વજ્ઞાન એનો જે ઉત્તર આપે છે, તે અત્યંત મહિમાવાન્, ગંભીર અને અપૂર્વ છે. આધ્યાત્મિક પ્રદેશમાં આજસુધીમાં જે જે સંશોધન થયાં છે, તેમાં આ વિષયને સૌથી વધારે મહત્ત્વનું સ્થાન મળે છે. તમારામાંથી જેમણે પાશ્ચાત્ય તત્ત્વદર્શનનો અભ્યાસ કર્યો હશે તેમને ખબર હશે, કે પાશ્ચાત્ય અને પૌર્વાત્ય ભાવનાઓને એકે ઝટકે છૂટી પાડી તદ્દન નિરાળી બનાવી દેનાર શરૂઆતથીજ ઉત્પન્ન થએલો એક મહાન્ પ્રભેદ છે. આપણે શાક્ત શૈવ કે વૈષ્ણવ હોઇએ, અથવા ગમે તો બૌદ્ધ કે જૈન હોઇએ તોપણ તમામ ધર્મ અને સંપ્રદાયના હિંદુઓ આપણે એમ માનીએ છીએ કે આત્મા અસલથીજ પવિત્ર, પૂર્ણ, અનંત, ઐશ્વર્યવાન્ અને આનંદમય છે. આપણામાંના માત્ર દ્વૈતવાદીઓજ મૂળ સિદ્ધાંતને માનવા છતાં એક અલ્પ તફાવત રાખે છે. તેમના મત પ્રમાણે "આત્મા મૂળથી તો આનંદમય અને પવિત્ર છે, પણ અસત્કર્મની અસરને લીધે તે સંકુચિત થએલો છે અને ભક્તિદ્વારા ઈશ્વરનો અનુગ્રહ પ્રાપ્ત કરતાં તેનો પુનઃ વિકાસ થઇને તે પોતાના પૂર્ણત્વની પુનઃ પ્રાપ્તિ કરશે." અદ્વૈતવાદનો સિદ્ધાંત એવો છે કે ઉપર પ્રમાણે આત્માનો અમુક કાળસુધી જે સંકોચ થએલો જણાય છે એ માન્યતાજ ભ્રાંતિયુક્ત છે. આત્માનો કદિ સંકોચ થતોજ નથી અને થાય પણ નહિ. માત્ર માયાના આવરણવડેજ આપણને ભ્રાંતિ થાય

છે કે આત્મા પોતાની તમામ શક્તિઓ ગુમાવી બેઠો છે; પણ વાસ્તવિક રીતે તેમ થતું પણ નથી ને છે પણ નહિ. તેની તમામ શક્તિઓ અત્યારે અને સદા સર્વદા સંપૂર્ણ અવસ્થામાં છે.

દ્વૈત અને અદ્વૈતવાદ વચ્ચે આટલો પ્રભેદ છે તોપણ મૂળ સિદ્ધાન્ત એટલે કે આત્મા સ્વાભાવિક રીતે પૂર્ણ છે–એ વાત તો બેઉ સ્વીકારે છેજ. જો પાશ્ચાત્ય અને પૌર્વાત્ય ભાવનાઓ વચ્ચે આ બાબતમાં જે વજ્ર જેવી દુર્ભેદ્ય દિવાલ આડી આવેલી છે તેનું સમાધાન કે સંમિલન થઈ શકે તેમજ નથી. જે કાંઈ મહત્ત્વનું અથવા જે કાંઇ પવિત્ર છે તેનું અન્વેષણ કરવાને માટે પૂર્વના લોકોનો રિવાજ હૃદયની અંદર ઉંડા ઉતરીને જોવાનો છે. તેટલા માટે પ્રાર્થના અથવા ધ્યાન કરતી વખતે આપણે નેત્ર બંધ કરીએ છીએ અને ઈશ્વરને આપણા હૃદયમાં શોધવાનો યત્ન કરીએ છીએ. પશ્ચિમના લોકો તેમ ન કરતાં ઈશ્વરને જોવામાટે બહારની સૃષ્ટિ શોધી વળે છે. પાશ્ચાત્ય ધર્મશાસ્ત્રો બહારથી આવેલી પ્રેરણાની સહાયથી લખાયાં છે; જ્યારે આપણાં શાસ્ત્રો મંત્રદ્રષ્ટા–ઋષિઓના હૃદયમાંથી ઉચ્છ્વાસની પેઠે અંદરથી બહાર આવેલાં છે.

મારા મિત્રો! મારા બંધુઓ! આજ મુદ્દો આપણે બરાબર સમજી લેવો જોઇએ અને હું તમને કહું છું કે, ભવિષ્યમાં પણ લોકોના મનમાં આપણે આજ બાબત વારંવાર ઠસાવવાની છે; કારણ કે આ વાતની યથાર્થતા ઉપર મને દૃઢ વિશ્વાસ છે અને તેથીજ હું તમને વારંવાર આગ્રહપૂર્વક કહું છું કે જે માણસ 'હું પામર છું, હું દીન છું,' એવાજ વિચાર રાતદિવસ કર્યા કરશે તે એક પણ સારૂં કાર્ય કરી શકનાર નથી. જો કોઇ આખો દિવસ એવીજ ધારણા કર્યા કરે કે 'હું દુઃખી છું, નિર્બળ છું, પામર છું, નિર્માલ્ય છું,' તો ખરેખર તે તેવોજ થઇ જશે. અને જો તમે હિંમત અને શ્રદ્ધાપૂર્વક માનશો કે 'અલબત્ત, મારામાં પણ શક્તિ છે, હું કાંઇ કમ નથી' તો તમે અલ્પ સમયમાં શક્તિવાન્ થશો અને અદ્ભુત કાર્ય કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરશો. તમારામાં રહેલી અનંત શક્તિઓ જાગ્રત થઈ જશે. 'હું કશા હિસાબમાં નથી, મારામાં કાંઇ સામર્થ્ય નથી' એમજ જો તમે માની બેસશો તો પછી તમે 'હિસાબ વગરનાજ' થઇ જશો.

ઉપલા મહાન્ તત્ત્વને તમે બરાબર સમજી લેજો. યાદ રાખજો કે "આપણે સર્વ શક્તિમાન્ ઈશ્વરનાજ સંતાન છીએ, આપણે તે અનંત બ્રહ્માગ્નિનાજ અંશ–તણખા છીએ. આપણામાં સર્વ પ્રકારનું સામર્થ્ય છે. આપણે તમામ પ્રકારના ઐશ્વર્યના માલિક છીએ. આપણે 'કશા હિસાબ વગરના' થઇએજ શા માટે? આપણે તો જેવા ધારીએ તેવા થઇ શકીએ તેમ છીએ. આપણે સર્વશક્તિમાન્ છીએ. આપ-

× પાશ્ચાત્ય ધર્મશાસ્ત્રોમાં આત્માને મૂળથીજ ભ્રષ્ટ અને પાપી માનેલો છે; કેમકે એ લોકો આત્માનું અનુસંધાન કરવામાં ઉંડા ઉતર્યા નથી. ભા. ક.

ણામાં હરકોઇ કાર્ય કરવાનું સામર્થ્ય છે અને આપણે માટે કશું અસંભવિત નથી."
બંધુઓ ! એવો દૃઢ આત્મવિશ્વાસ જાગ્રત કરો. આપણા પૂર્વજોમાં એવો જ્વલંત
આત્મવિશ્વાસ હતો, એ આત્મવિશ્વાસનાજ પ્રભાવથી, એ આત્મવિશ્વાસથીજ પ્રેરાઇને
તેઓ સંસ્કૃતિના ઉંચામાં ઉંચા શિખરે પહોંચ્યા હતા. જો હમણાં આપણી અવનતિ
થઈ હોય, જો આપણામાં કોઇ પણ પ્રકારના દોષ હોય, તો હું તમને નિશ્ચયપૂર્વક
કહું છું કે જે દિવસથી આપણા દેશના લોકો એ આત્મવિશ્વાસ ગુમાવી બેઠા તેજ
દિવસથી તેમની અવનતિનો, તેમની દુર્દશાનો, તેમની નિર્માલ્યતાનો આરંભ થયો છે.
જેનામાં આત્મશ્રદ્ધા નથી તેને ઇશ્વર ઉપર પણ શ્રદ્ધા નથી. તમે શું નથી માનતા કે
અનંત, મંગલમય સૃષ્ટિકર્તા તમારા હૃદયમાં રહીને તમારાદ્વારા અનેક કાર્ય કરી રહ્યો
છે ? જો તમે માનતા હો કે એ સર્વવ્યાપી, અંતર્યામી પરમાત્મા પ્રત્યેક અણુમાં,
પ્રત્યેક પરમાણુમાં, તમારાં દેહ, મન અને આત્મામાં ઓતપ્રોત રૂપે રહેલો છે, તો
પછી તમે નિરુત્સાહી શાને માટે થાઓ છો ? હું કદાચ સમુદ્રનો એક ક્ષુદ્ર પરપોટો
હોઇશ અને તમે કદાચ તે સમુદ્રના એક પર્વત જેવડા ઉંચા તરંગતુલ્ય હશો તો-
પણ શું થયું ? મારો તેમજ તમારો બેઉનો આધાર તો તે અનંત, અગાધ મહા-
સાગરજ છે. જીવન, શક્તિ અને આધ્યાત્મિકતાના અનંત સમુદ્ર ઉપર મારો તેમ-
જ તમારો બેઉનો સરખો હક્ક છે. મારો જન્મ થયો ત્યારથીજ—મારામાં જીવન છે
એ વાતથીજ સાબીત થાય છે કે એ અનંત જીવનસાથે, એ અનંત શક્તિસાથે,
એ અનંત શિવ (કલ્યાણ) સાથે મારો તેમજ તમારો સદાનો સંબંધ છે. પછી
ભલે તમે પર્વતસમાન ઉચ્ચ અને વિશાળ હો તેથી શું થયું ? આપણી શક્તિનું,
આપણા જીવનનું મૂળ સ્વરૂપ અને સ્થાન તો એકજ છે; માટે હે બંધુઓ ! તમા-
રાં સંતાનોને જન્મથીજ આ જીવનપ્રદ, મહત્ત્વવિધાયક, ઉચ્ચ, મહાન્ તત્ત્વ શીખ-
વવાનો આરંભ કરજો. તેમને અદ્વૈતવાદજ શીખવવો એવી જરૂર નથી. તમારી
ઇચ્છા હોય તો દ્વૈતવાદ શીખવજો, અદ્વૈતવાદ શીખવજો અથવા તો ગમે તે " વાદ "
શીખવજો. આપણે પહેલેથીજ જોઈ ગયા છીએ કે આત્માના પૂર્ણત્વમાં, તેના અ-
નંત અમર્યાદિત સામર્થ્યમાં, હિંદુસ્તાનના દરેક સંપ્રદાયના લોકોને શ્રદ્ધા છે. આપણા
દેશના સર્વશ્રેષ્ઠ તત્ત્વજ્ઞ કપિલ કહે છે કે આત્માના મૂળ બંધારણમાં જો પવિત્રતા ન
હોય તો તે કદિ પણ પવિત્રતા પ્રાપ્ત કરી શકેજ નહિ. જે સ્વાભાવિકરીતે પૂર્ણ
નથી તે કદાચ પૂર્ણતા પ્રાપ્ત કરે તોપણ તે અવસ્થા સ્થાયી રહેશે નહિ. જો મનુષ્ય
સ્વભાવથીજ અપવિત્ર હોય તો તે સદાને માટે અપવિત્રજ રહેવાનો, અને કદાચ જો
પવિત્ર થાય તોપણ ફક્ત અલ્પ સમય સુધીજ તેવો રહીને પાછો સમય આવતાંજ એ
પવિત્રતા હતી ન હતી થઇ જશે, અને પૂર્વની સ્વાભાવિક અપવિત્રતાનો અધિકાર પા-
છો તેના ઉપર પ્રવર્તશેજ. આપણા દેશના તમામ તત્ત્વજ્ઞો એટલા માટેજ એકમતે

જાહેર કરે છે કે પવિત્રતા અને પૂર્ણતા એ આપણામાં પ્રકૃતિગતજ છે. આમ હોવાથી અપવિત્રતા અને અપૂર્ણતા આપણા મૂળ બંધારણમાં છેજ નહિ, એ માન્યતાને આપણે એવી તો દૃઢ બનાવવી જોઇએ કે તેનું કદિ પણ વિસ્મરણ ન થાય. પોતાના અવસાનસમયે એ મહર્ષિએ પોતે કરેલાં ઉત્કૃષ્ટ કાર્ય અને ઉત્પન્ન કરેલા ઉચ્ચ વિચારનું સ્મરણ કરતાં કરતાં જે * ઉદ્‌ગાર પ્રગટ કર્યા હતા અને ભવિષ્યની પ્રજાને માટે જે ભવ્ય દૃષ્ટાંત તેઓ મૂકતા ગયા છે, તેનું સ્મરણ કરજો. તે પોતાના દોષનું કે પોતાની નિર્બળતાનું સ્મરણ કરવાનો મનને આદેશ કરતા ન હતા. મનુષ્યમાં દોષ હોય છે, નિર્બળતા પણ હોય છે; પરંતુ હમેશ તમારૂં સત્યસ્વરૂપ સ્મરણમાં રાખજો. નિર્બળતાનો અને દોષમાત્રનો પ્રતીકાર કરવો હોય તો આ એકજ ઉપાય છે.

મને વિશ્વાસ છે, કે ઉપર કહેલી બાબતો ભરતખંડના તમામ સંપ્રદાયોને માન્ય છે, અને ભવિષ્યમાં પણ ઘણું કરીને એજ સામાન્ય ભૂમિકા ઉપર સંરક્ષક તેમજ ઉદાત્ત મતના, જૂના તેમજ નવા વિચારવાળા તમામ માણસોનો યોગ થઇ શકશે. પણ એક બાબત કે જે સર્વ કરતાં વિશેષ અગત્યની છે, તેનું આપણને વારંવાર વિસ્મરણ થઇ જાય છે એમ મારે અત્યંત ખેદ સાથે જાહેર કરવું પડે છે. તે વાત એ છે કે ભરતખંડમાં ધર્મનો અર્થ "અપરોક્ષ અનુભવ અથવા સાક્ષાત્કાર" એવો થાય છે. સત્યનો સાક્ષાત્કાર જ્યાંસુધી ન થાય ત્યાંસુધી ધર્મની સિદ્ધિ થયેલી કહી શકાયજ નહિ. અમુક વાતમાં માત્ર શ્રદ્ધા રાખો એટલે તરતજ તમારો મોક્ષ થઇ જશે, એવો ઉપદેશ કોઇને આપી શકાયજ નહિ; કેમકે આપણે એવી વાતો ખરી રીતે માની શકતાજ નથી. તમે જેવા થવાનો પ્રયત્ન કરશો તેવા થશો. હાલ તમે જે સ્થિતિમાં છો તે સ્થિતિમાં પણ તમે તમારા પોતાના પ્રાયસવડેજ આવેલા છો; માટે અમુક સિદ્ધાંત અથવા અમુક વ્યક્તિના વચન ઉપર માત્ર શ્રદ્ધા રાખ્યાથીજ તમારૂં કલ્યાણ થઇ શકનાર નથી. "અનુભૂતિ–અપરોક્ષાનુભૂતિ" એવી મહાશક્તિમયી વાણી માત્ર ભરતખંડનાજ આધ્યાત્મિક આકાશમાંથી પ્રકટ થઇ હતી; અને માત્ર આપણાંજ શાસ્ત્રોમાં વારંવાર કહ્યું છે કે "ઇશ્વરનો સાક્ષાત્કાર કરવાની આવશ્યકતા છે." આ વાણી ઘણીજ સાહસિક છે પણ એના અક્ષરે અક્ષર સત્ય છે. માત્ર શાસ્ત્રોનું પઠન કે શ્રવણ કર્યાથી અથવા તો પોપટની માફકજ અમુક સિદ્ધાંતો બોલી જવાથીજ લાભ નથી; પરંતુ તેનો ખરેખરો સાક્ષાત્કાર કરવાની જરૂર છે. વળી માત્ર બુદ્ધિવડે સિદ્ધાંતો સમજી લેવાથી પણ ફાયદો નથી. એ બધાથી લેશ પણ સાર્થક થતું નથી, માટે ધર્મનાં સત્યો આપણા જીવનમાં ઉતરી જવાં જોઇએ. આપણી પાસે ઇશ્વરના અસ્તિત્વનું સબળમાં સબળ પ્રમાણ એજ છે કે પ્રાચીન તેમજ આધુનિક કાળના આપણા અનેક મહાત્માઓએ ઇશ્વરનું સાક્ષાત્ દર્શન કર્યું છે. તર્ક કે યુક્તિ-

* ॐ क्रतो स्वर कृतं स्मर क्रतो स्मर कृतं स्मर। ઇશોપનિષદ્

વડે આત્માનું અસ્તિત્વ સાબિત થઈ શકે છે તેટલા ઉપરથીજ માત્ર આપણે આત્માનું અસ્તિત્વ માન્ય રાખીએ છીએ એમ નથી; પણ તેની સાથે આપણા દેશમાં આત્માનું પ્રત્યક્ષ દર્શન કરનાર હજારો મહાત્માઓ થઇ ગયા છે. વર્તમાન સમયમાં પણ તેવા અનેક મહાત્માઓ વિદ્યમાન છે અને ભવિષ્યમાં પણ તેવા હજારો ઉત્પન્ન થશે. એ ઉપરથીજ આત્માના અસ્તિત્વમાં આપણો દૃઢ વિશ્વાસ છે. જ્યાંસુધી મનુષ્ય ઈશ્વરનું પ્રત્યક્ષ દર્શન ન કરી શકે, જ્યાંસુધી તે પોતાના આત્માનો સાક્ષાત્કાર ન કરી શકે, ત્યાંસુધી તે મુક્તિનો અધિકારી થઇ શકતો નથી; માટે આ સિદ્ધાંત સૌથી પ્રથમ બરાબર સમજી લેજો. આપણે જેમ જેમ તેને વધારે વધારે હૃદયમાં ઉતારતા જઇશું તેમ તેમ આપણામાં સાંપ્રદાયિક ભાવના કમી થતી જશે, અને જેણે ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે, જેણે તેનું દર્શન કર્યું છે તેજ વાસ્તવિક રીતે ધાર્મિક મનુષ્ય છે.

भिद्यते हृदयग्रंथिश्छिद्यन्ते सर्वसंशयाः ॥
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ॥

"તેનીજ હૃદયગ્રન્થિ કપાઇ છે, તેનાજ સંશયમાત્ર દૂર થઇ ગયા છે, અને તેનાંજ કર્મનાં ફળ ક્ષય થઇ ગયાં છે કે જેણે તે ઈશ્વરનું દર્શન કર્યું છે—જે પાસેનો પાસે અને દૂરનો દૂર છે તેનું જેણે દર્શન કર્યું છે."

અફસોસની વાત છે કે આપણે ઘણીવાર મિથ્યા બડબડાટને આધ્યાત્મિક સત્ય તરીકે માનીએ છીએ; પાંડિત્યપૂર્ણ અને બુદ્ધિના વૈભવયુક્ત ભાષણોને ધર્મના અપરોક્ષ અનુભવ તરીકે માનીએ છીએ; અને તેથીજ આપણી વચ્ચે સાંપ્રદાયિકતા અને કલહ ઉભાં થાય છે. જો આપણે એકજવાર નિશ્ચયપૂર્વક સમજી લઇએ કે પ્રત્યક્ષ અનુભવ એજ ખરો ધર્મ છે, તો આપણે પ્રથમ આપણાજ હૃદય તરફ દૃષ્ટિ કરીએ; અને તેમ કરવાથી ધર્મનાં સત્યોના સાક્ષાત્કારથી આપણે કેટલા દૂર રહ્યા છીએ અથવા તો એ દિશાતરફ આપણે કેટલી પ્રગતિ કરી છે તે તરતજ સમજી શકીએ. આમ કરીએ તોજ આપણને સમજાશે કે આપણે પોતે પણ અંધારામાં ફાંફાં મારી રહ્યા છીએ અને બીજાંઓને પણ અંધારામાંજ ફાંફાં મારતાં કરીએ છીએ. જ્યારે આપણને એવી પ્રતીતિ થશે ત્યારેજ આપણી સાંપ્રદાયિકતા, કલહ, અને વિદ્વેષનો અંત આવશે. જે માણસ સાંપ્રદાયિક વિવાદ કરવા તૈયાર થતો હોય તેને જઇને પૂછજો કે "ભાઇ! તમને ઈશ્વરનું દર્શન થયું છે? તમે આત્માનો સાક્ષાત્કાર કર્યો છે? જો તમે એમાંનું કશું ન કર્યું હોય તો તમને ઈશ્વરના નામનો પ્રચાર કરવાનો શો અધિકાર છે? તમે પોતે તો અંધકારમાં ભટકો છોજ પરંતુ તેની સાથે બીજાઓને પણ શા માટે અંધકારમાં અથડાવી મારવાની (લડાવી મારવાની) કોશીશ કરો છો? વાહ! આંધળો આંધળાઓને દોરે અને બધાએ સાથે ખાડામાં પડે!"

માટે હું તમને ચેતવું છું કે બીજાઓમાં દોષ જોતા પહેલાં ખૂબ વિચાર કરજો. સર્વને પોતપોતાની સાધનપદ્ધતિદ્વારાજ અપરોક્ષ અનુભવ તરફ વધવા દેજો. તેઓ પોતપોતાનાં હૃદયમાં સત્યનું દર્શન કરવાને પ્રયત્ન કરતા હોય તો તેમને કરવા દેજો. જ્યારે તેમને ઉદાર અને આવરણરહિત સત્યનું દર્શન થશે, ત્યારે જે અદ્ભુત આનંદનો ભરતખંડના તમામ ઋષિઓએ સાક્ષાત્કાર કરીને એકે અવાજે સ્વીકાર કર્યો હતો તે આનંદ તેઓ પણ ભોગવી શકશે. સત્યનો પ્રત્યક્ષ અનુભવ કરનાર દરેક વ્યક્તિ એ આનંદ પ્રાપ્ત કરી શકશે. એવી સ્થિતિએ પહોંચ્યા પછી તેમના અંતઃકરણમાંથી માત્ર પ્રેમમય શબ્દોજ બહાર આવશે; કારણ કે ઈશ્વિર પ્રેમસ્વરૂપ હોવાને લીધે તેના સ્પર્શથી તેમનાં હૃદય પણ પ્રેમમય બની ગએલાં હશે. ત્યારે અને માત્ર ત્યારેજ તમામ સાંપ્રદાયિક કલહનો અંત આવશે; ત્યારેજ આપણે હિન્દુ શબ્દનું તાત્પર્ય સમજવાને યોગ્ય થઈશું અને હિંદુ નામ ધારણ કરનાર દરેક વ્યક્તિને છાતી સરસો ચાંપીને અત્યંત પ્રેમથી ચાહતાં શીખીશું. હું જે કહું છું તે ધ્યાનપૂર્વક સાંભળજો. જ્યારે 'હિંદુ' એ નામ સાંભળતાંજ તમારા આખા શરીરમાં વિદ્યુતશક્તિનો સંચાર થઈ જાય ત્યારેજ તમે સાચા હિંદુ કહેવાઓ. જ્યારે હિંદુ કહેવાતો કોઈપણ માણસ ગમે તે દેશમાં વસતો હોય, આપણી ભાષા બોલતો હોય કે બીજી ભાષા બોલતો હોય તોપણ તમને તે અત્યંત પ્રિય લાગે, તમને તમારા નજીકના સગા જેવો લાગે, ત્યારેજ તમે હિંદુ નામ ધારણ કરવાને યોગ્ય છો. જ્યારે હિંદુ કહેવાતા કોઈપણ મનુષ્યને તમે વિપત્તિથી ઘેરાયલો જુઓ અને તમારૂં હૃદય દ્રવી જાય, અને તમારો પુત્ર કે ભાઈ સંકટમાં હોય અને તમને જેવી લાગણી થાય તેવીજ લાગણી તેને માટે થાય ત્યારે અને ત્યારેજ તમે હિંદુ કહેવાઈ શકો. મારા વ્યાખ્યાનના આરંભમાં મેં જે મહાપુરુષનું સ્મરણ કર્યું હતું. તે ગુરુ ગોવિંદસિંહની માફક જો તમે પણ અન્ય હિંદુઓને માટે અનેક પ્રકારનાં સંકટ ખમવાને તૈયાર હો તોજ તમે સાચા હિંદુ ગણાઇ શકો. તે મહાન્ ગુરુ ગોવિંદસિંહે સ્વદેશના અને સ્વધર્મના શત્રુઓ સાથે યુદ્ધ કર્યું, હિંદુધર્મના રક્ષણને માટે પોતાનું રુધિર વહેવડાવ્યું, પોતાના પુત્રોના પ્રાણનું યુદ્ધમાં બલિદાન આપ્યું અને તેમને પોતાની આંખ આગળ કપાઈ જતા જોયા;—આટલું છતાં પણ જેમને માટે તેણે પોતાનું તથા પોતાનાં કુટુંબીઓનું રુધિર અર્પણ કર્યું હતું તેમણે તેને કશી સહાયતા ન આપી; એટલુંજ નહિ પણ તેનો પરિત્યાગ કર્યો અને તેને પોતાના દેશમાંથી કહાડી મૂકયો ત્યારે છેવટે તે વીરાત્મા ઘવાયલા સિંહની માફક પોતાના કાર્યક્ષેત્રમાંથી નિઃશબ્દપણે ચાલ્યો ગયો, અને દક્ષિણ તરફના પ્રદેશનો આશ્રય લઇ મૃત્યુની રાહ જોતો બેઠો. તેમ છતાં પણ જેમણે કૃતઘ્ન થઈને તેનો પરિત્યાગ કર્યો હતો તેમને તેણે લેશ પણ શાપિત કર્યા ન હતા કે તેના મુખમાંથી તેમને માટે લેશમાત્ર પણ ક્રોધનો કે અસંતોષનો ઉદ્ગાર

નીકળ્યો ન હતો ; તે ગુરુ ગોવિંદસિંહનો આદર્શ તમારે હમેશ સ્મરણમાં રાખવો. હું કહું તે ધ્યાનપૂર્વક સાંભળજો. જો તમે સ્વદેશનું હિત કરવાની ઇચ્છા રાખતા હો તો તમારે દરેકને એક એક ગુરુ ગોવિંદસિંહ થવું પડશે. તમે તમારા દેશબાંધવોમાં ભલે હજારો દોષો જુઓ તોપણ તેમના શરીરમાં હિંદુનું લોહી વહે છે, એ વાતને ખાસ લક્ષમાં રાખજો. ભલે તેઓ તમારૂં અહિત કરવાનો પ્રયત્ન કરતા હોય તોપણ તમારે તો તમારા દેશબાંધવોરૂપી જીવંતદેવતાઓનું પૂજન કરવું પડશે. ભલે તેઓ બધા તમારા પ્રતિ શાપનો વર્ષાદ વર્ષાવે તોપણ તમારે તો તેમના તરફ પ્રેમપૂર્ણ વચનોજ વાપરવાં. જો તેઓ તમને તમારા દેશમાંથી કહાડી મૂકે તો વીર કેસરી ગોવિંદસિંહની માફક સમાજથી દૂર થઇ અપ્રસિદ્ધ અવસ્થામાંજ મૃત્યુની રાહ જોતા ઉભા રહેજો. એવોજ પુરુષ હિંદુ નામને યોગ્ય છે. આપણા સમક્ષ હમેશ એવોજ આદર્શ રાખવો જોઇએ. તમારા જૂના કલહ ભૂલી જાઓ અને ચારે દિશાએ પ્રેમનો પવિત્ર પ્રવાહ વહેવડાવો.

બીજાઓ "ભારતનો ઉદ્ધાર આજ રીતે થશે. અને આ રીતે નહિ થાય" એમ ફાવે તેમ ભલે બોલે. મેં મારી આખી જીંદગી દેશોદ્ધારના કાર્યમાં–અથવા તેવું કાર્ય કરવાના પ્રયત્નમાંજ ગુજારી છે, અને તે ઉપરથીજ હું તમને કહું છું કે જ્યાંસુધી તમે ખરેખરા ધાર્મિક નહિ થાઓ ત્યાંસુધી દેશના પુનરુજ્જીવનની આશા રાખતાજ નહિ. તમારા દેશનું એકલાનુંજ નહિ પણ આખા જગતનું કલ્યાણ પણ એજ રસ્તે થઇ શકશે; કારણ કે હું તમને સ્પષ્ટપણે કહી દઉં છું કે હમણાં પાશ્ચાત્ય સંસ્કૃતિ પાયામાંથી હાલવા લાગી છે. જડવાદરૂપી રેતીના પાયા ઉપર બાંધેલી મોટી મોટી ઇમારતો એક દિવસ જરૂર જમીનદોસ્ત થઇ જનાર છે. જગતનો ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે. એક પછી એક અનેક પ્રજાઓએ જડવાદના પાયાઉપર પોતાના મહત્વની ઇમારત ચણી હતી. તેઓ જગતને જાહેર કરતી કે મનુષ્ય કેવળ જડ છે, ચેતન નથી. પાશ્ચાત્ય પ્રજાઓની ભાષામાં અમુક માણસનું મરણ નીપજ્યું છે એમ કહેવું હોય તો 'તેણે આત્માનો ત્યાગ કર્યો' એમ કહેવાય છે અને આપણે કહીએ છીએ કે 'તેણે દેહત્યાગ કર્યો.' પાશ્ચાત્યદેશીય માણસ પોતાની વાત કહેવા જતાં પ્રથમ પોતાના શરીરની વાત કરે છે અને પછી જરા જરા આત્માનો ઉલ્લેખ કરે છે. આપણે પ્રથમ આત્માનોજ વિચાર કરીએ છીએ અને ત્યાર પછી આપણને દેહ છે એમ કહીએ છીએ. આં બે વાક્યોવિષે વિચાર કર્યાથી પાશ્ચાત્ય અને પૌર્વાત્ય ચિંતન વચ્ચે કેટલો મહત્ત્વનો તફાવત છે તે સમજાઇ જશે. એજ કારણથી જે જે સંસ્કૃતિઓ દેહના ઉપભોગ ઇત્યાદિનાં સાધનોરૂપી રેતીના પાયાપર સ્થાપિત થઇ હતી, તે સર્વ થોડા દિવસજ ટકી છે અને પછી અલ્પ સમયમાંજ એક પછી એક જગતમાંથી વિલુપ્ત થઇ ગઇ છે. માત્ર જે પ્રજાઓએ ભરતખંડના ચરણ સમીપ

બેસીને તેનો ઉપદેશ ગ્રહણ કર્યો હતો તે ચીન અને જાપાનની પ્રજાઓજ અત્યારે પણ વિદ્યમાન્ છે; એટલુંજ નહિ પણ તેઓમાં હવે નવા પુનરુજ્જીવનનાં ચિન્હ પણ સ્પષ્ટ નજરે પડે છે. તેઓ × રકતબીજની માફક હજારવાર નષ્ટ થઇ જાય છતાં પણ પુનઃ પુનઃ જીવતી થઇને નવીન મહિમા પ્રકટાવે છે; પણ જડવાદના પાયાપર રચાયેલી સંસ્કૃતિ તો એકવાર નષ્ટ થઇ તે થઇજ સમજવી. એકવાર જો તેમની ઇમારત પડી ગઇ તો તેના ચૂરેચૂરાજ થઇ જવાના; માટે ધૈર્ય રાખો, ઉતાવળા ન થાઓ. આપણે માટે ઉજ્જવળ ભવિષ્ય વિધાતાએ નિર્માણ કરી રાખ્યું છે.

ઉતાવળ ન કરો; બ્હાવરા ન બની જાઓ: અને કોઇનું પણ અનુકરણ કરવા તત્પર ન થાઓ. આપણે સ્મરણમાં રાખવા જેવી એક બાબત એ છે કે બીજાનું અનુ-કરણ કરવું એ સંસ્કૃતિ અગર ઉન્નતિનું લક્ષણ નથી. હું રાજાનો પોશાક ધારણ કરીને ફરૂં તેથી શું હું રાજા થઈ જઇશ? સિંહના ચામડામાં ઢંકાયલો ગધેડો તે ગધેડોજ રહેવાનો. તે કદિ પણ સિંહ થઇ શકશે નહિ. નિર્માલ્ય, પામર મનુષ્યની માફક કરેલું અનુકરણ કદિ પણ ઉન્નતિસાધક નિવડશે નહિ. એ તો મનુષ્યના ભયંકર અ-ધઃપતનનું ચિન્હ છે. મનુષ્ય પોતાને ધિક્કારવા લાગે એટલે જાણવું કે હવે તેની અવનતિની, આખરની અવસ્થા આવી પહોંચી. જ્યારે તે પોતાના પૂર્વજોનું સ્મરણ કરતાં અથવા આ મારા પૂર્વજો હતા એમ કહેતાં શરમાયો એટલે સમજવુ કે હવે તેનું આવી બન્યું. હિંદુ પ્રજામાં કશા હિસાબનો નહિ એવો હું તમારી સમક્ષ ઉભો છું પણ મને મારી સ્વજાતિનુ અભિમાન છે. મારા પૂર્વજોમાટે હું અત્યંત મગરૂર છું. હું હિંદુ છું એમ કહેતાં મને અત્યંત ગર્વ ઉપજે છે. હું હિંદુઓનો એક તુચ્છ દાસ છું એમ સમજતાં પણ મને ઘણું અભિમાન ઉત્પન્ન થાય છે. તમે મહર્ષિ-ઓનાં સંતાન છો, તમે આખા જગતમાં સર્વથી વિશેષ મહિમાવાન્ ઋષિમુનિઓનાં સંતાન હોવાથી હું પણ તમારો એક દેશબાંધવ છું એમ સમજવામાં મને પણ અત્યંત ગર્વ ઉપજે છે; માટે તમે આત્મવિશ્વાસ પ્રાપ્ત કરો, અને તમારા પૂર્વજોથી ન લજવાતાં તેમને માટે અભિમાન રાખતાં શીખો. અનુકરણ કરતા નહિ. કદિપણ અનુકરણ કરતા નહિ. જ્યારે જ્યારે તમે બીજાના વિચાર પ્રમાણે વર્તન કરો છો ત્યારે ત્યારે તમે તમારી સ્વતંત્રતા ગુમાવો છો. આધ્યાત્મિક વિષયમાં પણ જો તમે બીજાની આજ્ઞા પ્રમાણેજ વર્તન કરશો, તો ધીમે ધીમે તમારી તમામ પ્રકારની શક્તિઓ ક્ષીણ થઈ જશે અને છેવટે તમારી વિચારશક્તિ પણ મંદ પડી જશે. તમારા પોતાનામાં જે ઐશ્વર્ય રહેલું છે તેનો તમારા પોતાનાજ પ્રયાસથી વિકાસ કરો. બીજાનામાં જે ગ્રહણ કરવા જેવું હોય તે અવસ્ય લેજો પણ આંધળું અનુકરણ તો કદીએ કરતા

× એ નામનો એક રાક્ષસ હતો જેના રૂધિરના એકએક બિન્દુમાંથી નવો રાક્ષસ ઉત્પન્ન થતો હતો. આ કથા દેવી સંબંધી પુરાણોમાં છે.

નહિ. આપણે બીજાઓ પાસેથી ઘણું શીખવાનું છે. બીજ જમીનમાં પડયા પછી તે માટી, વાયુ અને જળમાંથી જોઇએ તેટલાં પોષક તત્ત્વોનું પોતામાંજ શોષણ કરે છે; તે નાના બીજમાંથી પ્રથમ અંકુર ફૂટે છે, પછી છોડવો થાય છે અને આખરે તે મહાન્ વૃક્ષ બની જાય છે; પણ શું તે પોતાનું પોતાપણું ખોઇને માટી બની જાય છે? શું તે જળ કે વાયુ બની જાય છે? નહિ કદીજ નહિ. તે તો ઊલટું એક નાનકડા બીજમાંથી ખીલતું ખીલતું એક મોટા વૃક્ષમાં પરિણામ પામે છે. એ બીજ જેમ પોતાના બંધારણને માટે જરૂરનાં તત્ત્વો માટી, જળ અને વાયુમાંથી ખેંચીને વૃક્ષ બની જાય છે; તેમ તમે પણ બીજાઓ પાસેથી શીખવામાં એજ પદ્ધતિ ગ્રહણ કરજો. અલબત્ત, આપણે હજી બીજાઓ પાસેથી ઘણું શીખવાનું છે. જે માણસ અન્ય પાસેથી શીખવા જેવું શીખવાને તથા મેળવવા જેવું મેળવવા ઉત્સુક નથી તે બેશક જડ જેવો છે. મનુ ભગવાન્ કહે છે કેઃ—

आददीत परां विद्यां प्रयत्नादवरादपि ।
अंत्यादपि परं धर्मं स्त्रीरत्नं दुष्कुलादपि ॥

"નીચા કુળમાંથી પણ ઉત્તમ સ્ત્રી ગ્રહણ કરવી; ચંડાળ પાસેથી પણ શ્રેષ્ઠ ધર્મનું શિક્ષણ મળી શકતું હોય તો લેવું અને નીચ માણસ પાસેથી પણ સેવા કરીને શ્રેષ્ઠ વિદ્યા પ્રાપ્ત કરવી." બીજાઓમાં જે કાંઇ ગ્રહણ કરવા જેવું હોય તે લઇજ લેજો, પણ તેને તમારૂં પોતાનું કરી દેજો. તમારા જીવનમાં ઉતારીને તમારી પોતાની પ્રકૃતિ અનુસાર તેનું રૂપાંતર કરી દેજો, પણ બીજાનું આંધળું અનુકરણ કરીને તમારી સ્વતંત્રતા કદિ ગુમાવતા નહિ. ભરતખંડના પ્રજાજીવનમાંથી ચ્યુત થઇને અન્ય પ્રજાની જીવનપદ્ધતિ ગ્રહણ કરશો નહિ. બધા હિંદુસ્તાનવાસીઓ કોઇ બીજી પ્રજાની માફક પોષાક પહેરે, એમના જેવો આહાર કરે અને તેમના રીતરિવાજોનું અનુકરણ કરે તો તેથી તેમને લાભ થશે; એવા વિચારને એક પળવાર પણ તમારા હૃદયમાં સ્થાન આપતા નહિ. માત્ર થોડાંજ વર્ષ થયાં પડેલી ટેવ છોડતાં કેટલી મુશ્કેલી નડે છે તે તમે સારી પેઠે જાણો છો. તમારા રુધિરમાં કેટલા હજાર વર્ષના માનવજીવનના સંસ્કાર પડેલા છે, કેટલા હજાર વર્ષથી તમારા પ્રજાજીવનનો પ્રવાહ એક ચોક્કસ દિશામાં વહેતો આવ્યો છે તે તો ઇશ્વરનેજ માલમ છે. તમે શું એમ ધારો છો કે આ અત્યંત બળવાન્ પ્રવાહ કે જે લગભગ મહાસાગરની સમીપ સુધી આવી ચૂકયો છે તે પાછો વળીને હિમાલયના બરફ ભેગો મળી જશે? નહિ. એ કદિ બનવા જોગ નથી. જો તમે તેમ કરવાને કોશીષ કરશો તો પ્રવાહ છિન્નભિન્ન થઇ જશે—તમારા પ્રજાત્વના અંશનો નાશ થઈ જશે; માટે એ પ્રજાપ્રવાહ વધારે સરળતાથી વહે તે માટે તેનો માર્ગ મોકળો કરી આપો. આ મહાન્ નદીના પ્રવાહમાં અંતરાયરૂપી જે ખડકો આડા પડેલા છે તેમને ખસેડી નાખો, તેનો માર્ગ ખુલ્લો કરો, તેની ખાડી ખોદીને

ઉંડી કરો, એટલે તે પોતાની સ્વાભાવિક ગતિને લીધે આપોઆપજ પ્રબળ વેગથી આગળ વહેવા માંડશે, અને આપણી સમસ્ત પ્રજા ઉન્નતિ કરતી કરતી અંતે પરમ લક્ષ્યસ્થાને પહોંચી જશે.

હિંદુસ્તાનના લોકોની આધ્યાત્મિક ઉન્નતિ સિદ્ધ કરવામાટે જો યત્ન કરવો હોય તો કાર્ય કરવાની આજ દિશા છે. એ સિવાય પણુ બીજા કેટલાક અગત્યના મહાન્ પ્રશ્નો વિચારવા જેવા છે ખરા, પણ અવકાશને અભાવે તે સઘળા આજે હું તમારી સમક્ષ રજૂ કરી શકતો નથી. દાખલા તરીકે જ્ઞાતિભેદનો એક અત્યંત આશ્ચર્યજનક પ્રશ્ન છે. આ પ્રશ્નની બેઉ બાજુ તપાસવામાં મેં મારી આખી જિંદગી વ્યતીત કરી છે. મેં હિંદુસ્તાનના દરેક પ્રાંતના લોકોનું અવલોકન કરીને આ પ્રશ્ન વિષે મનન કર્યું છે. દેશના દરેકે દરેક ભાગના લોકોસાથે હું ગાઢ સંબંધમાં આવ્યો છું; પણ હું આ પ્રશ્નવિષે જેમ વધારે મનન કરૂં છું તેમ તેમ હું વધારે ગૂંચવાતો જાઉં છું. આથી કરીને તેના ઉદ્દેશ અને તાત્પર્યનો ચોકખો ખ્યાલ પણ મારા મગજમાં આવી શકતો નથી. હમણાં થોડો સમય થયાંજ એ વિષય ઉપર મારા મનમાં કાંઈક ઝાંખો પ્રકાશ પડયો છે. અને તેની મદદથી હું જ્ઞાતિભેદનો મૂળ ઉદ્દેશ કાંઈક સમજવાને શક્તિવાન્ થયો છું. બીજો મુશ્કેલી ભરેલો સવાલ ખાવાપીવાને લગતો છે. એ પણ ખરૂં જોતાં એક મોટો પ્રશ્ન છે. આપણે માનીએ છીએ તેવો એ સવાલ છેક નજીવો નથી. આ બાબત ઉપર વિચાર કરતાં છેવટે હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે ખાવા પીવાના સંબંધમાં આપણે જે આગ્રહ અને વલણ રાખીએ છીએ તે અત્યંત વિચિત્ર છે અને આપણા શાસ્ત્રની આજ્ઞાથી વિરુદ્ધ છે; અર્થાત્ આહારની જેવી જોઈએ તેવી શુદ્ધિ સચવાતી નથી તેથી પણ આપણે દુઃખનો અનુભવ કરીએ છીએ. આપણે શાસ્ત્રની આજ્ઞાનું ખરૂં તાત્પર્ય ભૂલી ગયા છીએ.

એ સિવાય બીજા પણ કેટલાક પ્રશ્નવિષે તમારૂં ધ્યાન ખેંચવાનો, તેમનું નિરાકરણ કેવી રીતે થઈ શકે તેની ચર્ચા કરવાનો, તથા તેમને વ્યાવહારિક સ્વરૂપ કેવી રીતે આપી શકાય તે દર્શાવવાનો મારો ઇરાદો છે; પણ કમનસીબે સભાને સુવ્યવસ્થિત કરતાં ઘણોજ વિલંબ થઇ ગયો અને હવે ઘણું મોડું થઇ ગયેલું હોવાથી હું તમને વધારે વખત રોકવા ઇચ્છતો નથી; માટે જ્ઞાતિભેદ તથા બીજા પ્રશ્નો વિષે મેં જે વિચાર બાંધ્યા છે તે ભવિષ્યમાં એકાદ બીજા વ્યાખ્યાનદ્વારા પ્રકટ કરીશ. મને આશા છે કે હવે પછી આપણે જ્યારે મળીએ ત્યારે સભામાં વધારે શાંતિ અને વ્યવસ્થા સચવાય તેની તમે કાળજી રાખશો.

હવે એક વાત કહીને હું મારૂં આધ્યાત્મિક વિચાર વિષેનું વ્યાખ્યાન સંપૂર્ણ કરીશ. આપણા દેશમાં ઘણા સમયથી ધર્મ ગતિવગરનો થઇ ગયો છે. તેને ફરીથી વેગયુક્ત કરવાની હાલ ઘણીજ જરૂર છે, આપણા દેશના પ્રત્યેક માણસના જીવનમાં

ધર્મનો સંચાર થયેલો જોવાની મને ઘણી આકાંક્ષા છે. પ્રાચીન કાળની માફક રાજાઓના મંદિરોમાં તેમજ ગરીબમાં ગરીબ માણસની કંગાલ ઝુંપડીમાં પણ ધર્મ દાખલ થવો જોઇએ. ધર્મ કે જેના ઉપર મનુષ્યમાત્રનો જન્મસિદ્ધ હક છે, જે સમસ્ત પ્રજાની સર્વસામાન્ય મિલકત છે, તે દરેક જણને ઘેર બેઠાં વિનામૂલ્યે વહેંચાવો જોઇએ એમ હું ઇચ્છું છું. ઇશ્વરદત્ત વાયુ જેમ દરેક જણને સુલભ છે અને તેનો ઉપયોગ દરેક જણ યથેષ્ટ રીતે વિનામૂલ્યે કરી શકે છે, તેમ ધર્મની બાબતમાં પણ થવું જોઇએ. ભરતખંડમાં આજ જાતનું કાર્ય કરવાની મારી ઇચ્છા છે; પણ તે નાના નાના સંપ્રદાયો બાંધીને અગર ક્ષુદ્ર બાબતોમાટે લોકોમાં મિથ્યા કલહ ઉભા કરીને નહિ. જે બાબતો આપણને સર્વને એક સરખી રીતે માન્ય છે તેમનોજ સર્વત્ર પ્રચાર કરો, અને જેમાં મતભેદ છે તેને બાજુએ રહેવા દો. સમય આવતાં એ મતભેદ આપોઆપજ ઓગળી જશે. હું હિંદવાસીઓને વારંવાર કહું છું કે જો તમે અનેક જમાનાના જમાનાથી અંધકારમાં રહેલા એકાદ ઓરડામાં જાઓ અને 'અંધકાર છે! અંધકાર છે!' એમ બૂમો પાડયા કરો તેથી શું એ અંધકાર દૂર થશે? પ્રકાશ લાવો એટલે અંધકાર તરતજ ચાલ્યો જશે. માણસોને સુધારવાની આજ ખરી ચાવી છે કે તેમની આગળ વધારે ઉચ્ચ બાબતો—વધારે ઉચ્ચ ભાવનાઓ ધરો. મનુષ્યસ્વભાવ ઉપર વિશ્વાસ રાખો. મનુષ્ય સ્વાભાવિક રીતેજ ઉન્નતગામી છે. મનુષ્ય અવનત થએલાં છે, નિર્માલ્ય થઇ ગએલાં છે એવી માન્યતા પહેલેથી મનમાં ઠસાવીને કાર્યક્ષેત્રમાં શા માટે પ્રવેશ કરો છો? હું મનુષ્યો ઉપર—ખરાબમાં ખરાબ મનુષ્ય ઉપર પણ વિશ્વાસ રાખ્યાથી મારા કાર્યમાં કદિપણ નિષ્ફળ થયો નથી. મનુષ્યસ્વભાવ ઉપરથી મારો વિશ્વાસ ઉઠી જાય એવો એક પણ કડવો અનુભવ મને મળ્યો નથી. હમેશ મને અંતે વિજયજ મળ્યો છે, મનુષ્ય પંડિત દેખાતો હોય અથવા છેક મૂર્ખ દેખાતો હોય પણ તેના ઉપર વિશ્વાસ રાખો. તે દેવ જેવો જણાતો હોય કે ભયંકર સેતાન જેવો લાગતો હોય તોપણ તેના ઉપર વિશ્વાસ રાખો. મેં આ પદ્ધતિ ગ્રહણ કરી છે અને શરૂઆતમાં મને આશાસૂચક ચિન્હ નજરે ન પડયાં તોપણ અંતે તો મારો વિજયજ હતો. પ્રથમ મનુષ્ય ઉપર વિશ્વાસ રાખો. તેના મૂળ સ્વરૂપને ધ્યાનમાં લઇને તેના ઉપર વિશ્વાસ રાખો. એ વિશ્વાસને હૃદયમાં ધારણ કરીને એમજ સમજવાનો પ્રયત્ન કરજો કે અમુક વ્યક્તિ અત્યારે દોષપૂર્ણ છે. તેનામાં અપૂર્ણતા છે, તે ઘણી ભૂલચૂક કરે છે, તે અત્યંત તિરસ્કારપાત્ર અને અસત્ય ધર્મવિષયક માન્યતાઓ ધરાવે છે; તોપણ નિશ્ચયપૂર્વક માનજો કે એ સર્વ દોષ તેની મૂળ પ્રકૃતિના નથી—પણ તેને હજી ઉચ્ચ આદર્શ મળ્યા નથી તેજ એ સર્વ દોષનું કારણ છે. જો કોઇ **અસત્ય તરફ જતો હોય તો તેનું ખરૂં કારણ એજ છે કે તેને હજી સત્યની પ્રાપ્તિ થઇ નથી; માટે જે કાંઇ અસત્ય હોય તેને દૂર કરવાનો ખરો ઉપાય**

એજ છે કે અસત્યને ઠેકાણે સત્યની સ્થાપના કરતા રહો. બસ એટલુંજ કરો એટલે સત્યનો અને અસત્યનો મુકાબલો તે પોતાની મેળેજ કરી લેશે. તમે માત્ર તેમને સત્ય બતાવી દો એટલે તમારૂં કાર્ય પૂર્ણ થયું સમજજો. તમે જે સત્ય તેમને બતાવશો તેની સાથે તે પોતાની મૂળ ભાવનાઓની તુલના કરી લેશે. આ વાત પૂરેપૂરી યાદ રાખજો કે જો તમે તેમને ખરેખરૂં સત્યજ અર્પણ કર્યું હશે તો જરૂર અસત્ય દૂર થશેજ; પ્રકાશ અંધકારને હાંકી કહાડશેજ અને સત્યદ્વારા તેમની અંદર રહેલો સદ્‌ભાવ પ્રકટ થશેજ. જો દેશના ધાર્મિક જીવનમાં સુધારો કરવો હોય તો આજ માર્ગ છે. આ એકલોજ ઉપાય છે. કલહ કર્યાથી; તેમ 'તમે જે કાંઇ કરો છો તે અસત્ય છે' એમ લોકોને કહેવાથી કશુંજ સારૂં પરિણામ આવશે નહિ. જે સારૂં છે, જે ઉપકારક છે તે તમે તેમની આગળ ધરો અને જુઓ કે તે સત્યને તેઓ કેવી આતુરતા પૂર્વક ગ્રહણ કરે છે. એમ કરવાથી જે અજરામર દિવ્ય તત્ત્વ મનુષ્યમાત્રમાં રહેલું છે તે જાગ્રત થશે અને જે કાંઈ સત્ય તથા મહિમામય છે તેને ઉત્કંઠાથી વધાવી લેશે.

જે આખા જગતનો સરજનહાર અને પાલક પિતા છે; જે ઈશ્વરની આપણા પૂર્વજોએ ઉપાસના કરી હતી; જેને વિષ્ણુ, શિવ, ગણપતિ, શક્તિ એવાં ગમે તે નામ લાગુ પાડી શકાય છે; જેની સગુણ અથવા નિર્ગુણરૂપે ઉપાસના કરવામાં આવે છે; જે વ્યક્ત તેમજ અવ્યક્ત છે; જેનું આપણા પૂર્વજોએ દર્શન કર્યું હતું અને જેનું **एकं सद्विप्रा बहुधा वदन्ति।** એ વાક્યદ્વારા વર્ણન કર્યું હતું; તે ઈશ્વર આપણા સર્વના હૃદયમાં તેના અનંત સામર્થ્યવાન્ પ્રેમસહિત પ્રવેશ કરે, તે આપણા ઉપર આશીર્વાદ વર્ષાવે, તે આપણને એકબીજાના હૃદયને ઓળખતા કરે, તે આપણને શુદ્ધ પ્રેમથી, સત્યને માટે અત્યંત અનુરાગસહિત એક બીજાનું શ્રેય કરવાનાં કાર્ય તરફ પ્રેરે; અને ભરતખંડની આધ્યાત્મિક ઉન્નતિના મહાન્ કાર્યમાં પોતાની અંગત કીર્તિ, અંગત સ્વાર્થ અને અંગત લાભ મેળવવાની લાલચ કદિ પણ આપણામાં પ્રવેશ ન કરે! **अस्तु!**

वेदांत

(સને ૧૮૯૭ ના નવેમ્બર માસની બારમી તારીખે લાહોરમાં આપેલું વ્યાખ્યાન.)

આપણે બે પ્રકારની સૃષ્ટિમાં રહીએ છીએ. એક બાહ્યસૃષ્ટિ અને બીજી આંતરસૃષ્ટિ. અત્યંત પ્રાચીન કાળથી મનુષ્યજાતિ આ બેઉ સૃષ્ટિના વિષયોમાં ઉન્નતિ કરતી આવી છે. પ્રથમ બાહ્યસૃષ્ટિની શોધખોળનું કાર્ય શરૂ થયું અને તેમાંથી મનુષ્યજીવનને લગતા ગંભીર પ્રશ્નોના ઉત્તર મેળવવામાટે પ્રયાસ શરૂ થયા. પોતાની ચારે

દિશાએ આવેલી પ્રકૃતિમાં જે કાંઇ દૃશ્યો નજરે પડતાં હતાં તેના અવલોકનવડે ગાંભીર્ય અને સૌન્દર્યના દર્શનની લાલસા તૃપ્ત કરવાની પ્રવૃત્તિ શરૂ થઇ. તેઓ પોતાનું તથા પોતાની અંદર રહેલા તત્ત્વનું વર્ણન કરવાને શરૂઆતમાં બાહ્ય-સૃષ્ટિની પરિભાષાનો ઉપયોગ કરતા, અને એ પ્રકારે બાહ્યસૃષ્ટિનું અન્વેષણ કરતાં કરતાં તેમણે જે ઉત્તર પ્રાપ્ત કર્યા તે ઘણાજ ભવ્ય અને ગંભીર હતા. ઈશ્વર અને તેની ઉપાસનાવિષે તથા જગતમાં રહેલા સૌન્દર્યવિષે તમણે જે આદર્શ ઘડયા હતા તે ઘણાજ અદ્‌ભુત હતા, અને તેમને ઘણીજ સુંદર અને આવેગમયી ભાષામાં તેમણે વર્ણવ્યા હતા. બાહ્યજગતના અવલોકનમાંથી જે ભાવનાઓ તેમણે ઉત્પન્ન કરી હતી તે ઘણીજ મનોહર અને ગંભીર હતી; પણ ત્યાર પછીના યુગમાં જે અન્ય સૃષ્ટિમાં તેમણે શોધ ખોળ કરવા માંડી તેનું અવલોકન કરતાં તો તેમણે પ્રથમના કરતાં પણ વિશેષ મહિમાવાન્, વિશેષ સુંદર અને અનંતગણા વિકાસશીલ આદર્શો પ્રાપ્ત કર્યા. વેદના કર્મકાંડના વિભાગમાં આપણા ધર્મસંબંધી અદ્‌ભુત બાબતોનું વિસ્તારથી વિવરણ કરેલું જોવામાં આવે છે. તેની અંદર જગતની સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય કરનાર વિધાતાના સંબંધમાં અત્યંત અલૌકિક વિચાર પ્રદર્શિત કરેલા છે, અને જે ભાષામાં બ્રહ્માંડનું વર્ણન કરેલું છે તે ભાષા ઘણે ઠેકાણે હૃદયને ડોલાવી નાખે એવી છે. તમારામાંના ઘણાને ઋગ્વેદસંહિતામાં આપેલા પ્રલયસમયના વર્ણનના અદ્‌ભુત મંત્રો યાદ હશે. તેની અંદર સૃષ્ટિના પ્રલયનું જે ગાંભીર્યપૂર્ણ વર્ણન કરેલું છે તેવું આખા જગતના સાહિત્યમાંથી પણ જડશે નહિ. આમ છતાં પણ એ માત્ર બાહ્યસૃષ્ટિના ગાંભીર્યનુંજ વર્ણન છે—જડ સૃષ્ટિનું ચિત્ર છે—તેની અંદર જડ સૃષ્ટિનાંજ તત્ત્વો વળગી રહેલાં હોઇને એની ભાષા પણ સ્થૂળ સૃષ્ટિનીજ છે. સાન્ત (અંતવાળા) જગતની ભાષાદ્વારા અનંતનું વર્ણન કરવાનો એમાં યત્ન કરેલો છે. તેની અંદર માત્ર બાહ્યસૃષ્ટિરૂપી વિરાટ્‌દેહનુંજ વર્ણન છે. એ સૃષ્ટિના મૂળમાં રહેલા ચેતનસુધી તેઓની દૃષ્ટિ પહોંચી નથી. માત્ર દિશાના અનંત વિસ્તારનુંજ વર્ણન થયું છે. ચૈતન્યમાં પ્રવેશ થયો નથી. આજ કારણને લીધે વેદનો બીજો ભાગ જે જ્ઞાનકાંડ તેમાં જુદાજ પ્રકારની પદ્ધતિનું અવલંબન થયું છે. પહેલી પદ્ધતિનું લક્ષ્ય બાહ્યપ્રકૃતિના અવલોકનદ્વારા બ્રહ્માંડના મહાન્ સત્યની પ્રાપ્તિ કરવા તરફ હતું, એટલે કે સ્થૂળ જગતમાંથી મનુષ્ય જીવનને લગતા ગંભીર મહા પ્રશ્નના સંતોષકારક ઉત્તર મેળવવાના હતા.

यस्यैते हिमवन्तो महित्वा “ આ હિમાલય પર્વત જેવો મહિમા જાહેર કરે છે. ” અલબત્ત, આ ઘણીજ સુંદર અને ઉચ્ચ ભાવના છે; પણ હિંદુસ્તાનની પ્રજાની બુદ્ધિ એટલેથીજ પર્યવસાન પામે એમ ન હતી. તેની બુદ્ધિને હવે અન્ય માર્ગ ગ્રહણ કરવાની જરૂર પડી. ભારતવાસીઓની શોધકવૃત્તિ બાહ્યસૃષ્ટિ છોડીને

આંતરસૃષ્ટિ તરફ વળી અને બાહ્યસૃષ્ટિનું અવલોકન અને પૃથક્કરણ ન કરતાં આંતર સૃષ્ટિના ચમત્કારનું અવલોકન કરવા પ્રવૃત્ત થઇ. સ્થૂળમાંથી તેણે ચૈતન્યમાં પ્રવેશ કર્યો. “ મનુષ્યની મૃત્યુ પછી શી અવસ્થા થાય છે ? ” **अस्तीत्येके नायमस्तीति चैके** “ ઇ૦ એજ પ્રશ્નો ભરતખંડમાં ચારે દિશાએથી પૂછાવા લાગ્યા. ” કેટલાક કહે છે કે મનુષ્યના મરણ પછી તેના આત્માનું અસ્તિત્વ રહે છે. કેટલાક કહે છે કે નથી રહેતું. હે યમરાજ ! એમાં સત્ય શું છે તે મને કહો, ” એવો પ્રશ્ન જે કુમાર નાચિકેતાએ યમને પૂછયો હતો તે આંતરિક સૃષ્ટિનું અન્વેષણ કરવા તત્પર થયેલી સમસ્ત ભારતીય પ્રજાનો હતો. એ વખતે પહેલાંના કરતાં તદ્દન જુદાજ પ્રકારની પદ્ધતિ ગ્રહણ કરવામાં આવી હતી એમ સ્પષ્ટ રીતે સાલમ પડે છે. બાહ્ય જગતના અવલોકનદ્વારા જે કાંઇ સત્ય પ્રાપ્ત થઈ શકે એમ હતું તે સર્વ ભરતખંડની પ્રજાએ પ્રાપ્ત કરી લીધું હતું, પણ તેથી તેને સંતોષ થયો ન હતો. હવે એથી પણ વધારે ઉંડા, ગહન સત્યોનો આવિષ્કાર કરવા પાછળ તેમની શોધકવૃત્તિ કામે લાગી હતી. પોતાની આંતરસૃષ્ટિમાં પ્રવેશ કરીને, પોતાના આત્માની અંદર નિમજ્જન કરીને તેમાંથી મનુષ્યજીવનને લગતા ગંભીર પ્રશ્નોનો શો ઉત્તર મળે છે, તે સાંભળવામાટે હવે તૈયારી થતી હતી અને આખરે ત્યાંથી છેવટનો ઉત્તર પણ તેમને મળી ચૂકયો.

વેદના જે ભાગમાં આત્મતત્ત્વનું નિરૂપણ કરેલું છે તેને ઉપનિષદ્, વેદાંત, આરણ્યક અથવા શ્રુતિ કહે છે. અહીં આપણે જોઇ શકીએ છીએ કે તમામ પ્રકારનાં ક્રિયા, કર્મનો સંપૂર્ણ લોપ થઇ ગયો છે. હવે આપણે જોઇ શકીએ છીએ કે આધ્યાત્મિક વિષયનું સ્થૂળ ભાષામાં વર્ણન કરવાની જરૂર પડતી નથી; પણ તેમને ચૈતન્યની પરિભાષાદ્વારા આલેખ્યા છે–તમામ પ્રકારની સૂક્ષ્મ બાબતોને તેમણે યોગ્ય ભાષામાંજ વર્ણવેલી છે. હવે તેની અંદર સ્થૂળ ભાવનાનું ચિન્હ સરખું પણ નજરે પડતું નથી, અને સાંસારિક સાથે મેળ બેસાડવાને માટે લેશ માત્ર વૃત્તિ પરોવવામાં આવી નથી. ઉપનિષદોના પ્રણેતા મહાબુદ્ધિસંપન્ન ઋષિઓએ અત્યંત નિડરપણે હાલના સમયમાં આપણી કલ્પનામાં પણ ન આવે એવા ધૈર્યસહિત, લેશમાત્ર સંકોચ રાખ્યા વગર માનવજાતિની સમક્ષ ઉંચામાં ઉંચાં સત્યો સ્પષ્ટભાષામાં રજુ કર્યાં, એવાં ભવ્ય અને સર્વોત્કૃષ્ટ સત્યો કદિ પણ આવિષ્કૃત થયાં નથી અને થશે પણ નહિ. હે મારા સ્વદેશબંધુઓ ! એજ સત્યો હું તમારી સમક્ષ આજે રજુ કરવાની ઇચ્છા રાખું છું.

વેદનો જ્ઞાનકાંડ પણ કાંઇ નાનો સરખો નથી; પણ મહાન્ સમુદ્ર જેવો છે. એના એક અત્યંત અલ્પ અંશને પણ હૃદયમાં ધારણ કરવાને અનેક જન્મપર્યંત પ્રયાસ કરવો પડે છે. એ કાંડ એટલે કે ઉપનિષદ્ના સંબંધમાં રામાનુજ કહે છે કે વેદાંત

એ વેદ અથવા શ્રુતિના મસ્તકતુલ્ય છે અને વેદરૂપી સમુદ્રના ઉંચામાં ઉંચા તરંગનું ઉંચામાં ઉંચું શિખર છે. એ વાત અક્ષરે અક્ષર સત્ય છે, અને હાલ ભરતખંડમાં સર્વમાન્ય શાસ્ત્ર તરીકે તેની ગણુના થાય છે તે યોગ્યજ છે. વેદના કર્મકાંડતરફ હિંદુઓ અત્યંત સદ્ભાવ રાખે છે ખરા, પણ વાસ્તવિકરીતે યુગના યુગ થયાં શ્રુતિ શબ્દનો અર્થ તો ઉપનિષદ્ અને ઉપનિષદ્જ થાય છે. આપણે જાણીએ છીએ કે મોટા મોટા તત્ત્વજ્ઞાનીઓ—વ્યાસ, પતંજલિ અને ગૌતમ તેમજ દર્શનશાસ્ત્રના પિતાસ્વરૂપ મહાત્મા કપિલમુનિને પણ જ્યારે જ્યારે પોતાના મતનું સમર્થન કરવા માટે પ્રમાણ આપવાની જરૂર પડતી ત્યારે ત્યારે ઉપનિષદ્માંથી તેઓ જોઇતાં પ્રમાણ લેતા અને બીજા કોઇપણ ગ્રંથનો આધાર લેવાની તેમને જરૂર જણાતી નહિ. આનું કારણ એજ છે કે ઉપનિષદોમાંજ સનાતન સત્યો અનંતકાળને માટે ભરી રાખેલાં છે.

કેટલાંક સત્યો એવાં પણ હોય છે કે જે અમુક દેશનેમાટે અથવા અમુક સમયને માટેજ સત્ય મનાઇ શકે છે. તેઓ અમુક યુગના ચોકકસ સંજોગોને લીધેજ સત્ય અને આદરણીય છે; પણ બીજાં કેટલાંક સત્યો એવાં છે કે તેમની રચના માનવજાતિની પ્રકૃતિના આધાર ઉપરજ થએલી છે; અને જ્યાં સુધી જગતમાં માનવજાતિનું અસ્તિત્વ રહેશે ત્યાંસુધી તેઓ પણ કાયમજ રહેશે. આવી જાતનાં સત્યોજ સર્વદેશીય અને સર્વકાલીન છે. જો કે આપણા જનસમાજમાં અનેક પ્રકારનાં પરિવર્તન થઇ ચૂકયાં છે; આપણો ખોરાક, પહેરવેશ, આપણા સાંસારિક રીતરિવાજો વગેરે ઘણેઅંશે બદલાઈ ગયાં છે; અને આપણી ઉપાસના કરવાની રીતમાં પણ મોટા મોટા ફેરફાર થઇ ગયા છે; પરંતુ શ્રુતિનાં સાર્વભૌમિક સત્યો—વેદાંતનાં અપૂર્વ તત્ત્વદર્શન—પોતાનાજ પ્રભાવવડે અચલ, અજય્ય અને અવિનાશીપણે હજીપણ તેવાં ને તેવાં વિદ્યમાન રહ્યાં છે.

ઉપનિષદ્માં જે તત્ત્વનું વિશેષપણે વિવેચન કર્યું છે તેનાં બીજ કર્મકાંડમાં પણ પહેલેથીજ વાવી મૂકાયાં હોય એમ સ્પષ્ટ જણાય છે. બ્રહ્માંડતત્ત્વ, જેને તમામ વેદધર્માનુયાયી સંપ્રદાયો માન્ય રાખે છે; તેમજ મનોવિજ્ઞાનતત્ત્વ જે ભારતીય તત્ત્વદર્શનની તમામ શાખાઓના મૂળ આધારરૂપ છે, તેમનું પણ કર્મકાંડમાં વિવરણ કરવામાં આવ્યું છે અને જગતની સમક્ષ તેમને સ્પષ્ટ ભાષામાં રજુ કરવામાં આવ્યાં છે; માટે વેદાંતના આધ્યાત્મિક પ્રકરણની ચર્ચા કરવા પહેલાં કર્મકાંડ સંબંધે તમોને કાંઇક કહેવાની મને જરૂર જણાય છે. વળી "વેદાંત" એ શબ્દ હું કયા અર્થમાં વાપરૂં છું તેનો પણ પહેલેથીજ ખુલાસો કરી દેવાની જરૂર છે. દુર્ભાગ્યની વાત એ છે કે આપણે વેદાંતના સંબંધમાં એક પ્રકારના ભ્રમમાં પડેલા છીએ. આપણે વેદાંતનો અર્થ માત્ર અદ્વૈતવાદજ કરીએ છીએ. આપણે આ વાત હમેશાં સ્મરણમાં રાખવી જોઇએ કે વેદાંતનો સાંગોપાંગ અભ્યાસ કરવામાટે ત્રણ પ્રસ્થાન એકસરખી રીતે જરૂરનાં છે.

પ્રથમ પ્રસ્થાન "શ્રુતિ" એટલે કે ઉપનિષદ્ અને બીજું પ્રસ્થાન "વ્યાસસૂત્ર" છે. આપણા દેશના દર્શનશાસ્ત્રસમૂહમાં વ્યાસસૂત્ર સર્વ કરતાં વિશેષ પ્રાધાન્ય ભોગવે છે તેનું કારણ એજ છે, કે તેઓ તેમની પૂર્વે રચાયલાં દર્શનોના સર્વસંગ્રહરૂપ, અને તેમના સર્વોત્તમ પરિપક્વ પરિણામરૂપ છે. દર્શનો વિષે લોકોમાં એવી માન્યતા છે કે તેઓ પરસ્પર વિરુદ્ધ છે, પણ વાસ્તવિક રીતે તેમ નથી. તેઓ એક બીજાના આધાર રૂપજ છે. જાણે સત્યનું અન્વેષણ કરનાર મનુષ્યને સત્યનો ક્રમવિકાસ બતાવતાં બતાવતાં આખરે વ્યાસસૂત્રમાં તેમની પરિણતિ થતી હોય એમ પ્રતિત થાય છે. એ ઉપનિષદ્ અને વ્યાસસૂત્ર કે જેની અંદર વેદાંતનાં સત્યોનું પદ્ધતિસર નિરૂપણ કરવામાં આવ્યું છે, તે બેની વચ્ચે ત્રીજા પ્રસ્થાનની જગ્યા શ્રી ભગવાન્ના મુખદ્વારા ગવાયલી, વેદાંતના ભાષ્યસ્વરૂપ ભગવદ્ગીતા ભોગવે છે. ભરતખંડના તમામ સંપ્રદાયો–દ્વૈતવાદી, અદ્વૈતવાદી, અને વિશિષ્ટાદ્વૈતવાદી–જે કોઇ પોતાને સનાતન ધર્માવલંબી કહેવરાવે છે તેમણે બધાએ એજ કારણથી ઉપનિષદ્, ગીતા, અને વ્યાસસૂત્રને પોતાનાં પ્રમાણ તરીકે માન્ય રાખ્યાં છે. આપણે જોઇએ છીએ કે શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, વલ્લભાચાર્ય, ચૈતન્ય–સારાંશમાં જે જે આચાર્યોએ નવીન સંપ્રદાયની સ્થાપના કરી છે, તેમને આ ત્રણે પ્રસ્થાનને માન્ય રાખવાં પડયાં છે અને તેમનેજ આધારે પોતપોતાના સ્વતંત્ર ભાષ્યની રચના કરવી પડી છે. આમ હોવાથી ઉપનિષદ્ને આધારભૂત ગણીને જે જે સંપ્રદાયો ઉત્પન્ન થયા છે તેમાંના માત્ર એકનેજ "વેદાંત" શબ્દ લાગુ પાડી દેવો એ અયોગ્ય છે. વેદાંતની અંદર સર્વનો સમાવેશ થઇ શકે છે. અદ્વૈતવાદીને પોતાને વેદાંતી કહેવડાવવાનો જેટલો અધિકાર છે તેટલોજ અધિકારી રામાનુજના કે મધ્વાચાર્યના અનુયાયીને પણ છે. હું તો એથી પણ આગળ વધીને કહેવાની હિંમત ચલાવું છું કે હિંદુ અને વેદાંતી સમાનાર્થ શબ્દો છે; અને જે જે હિંદુ કહેવાય છે તે સઘળાજ વેદાંતીઓ છે.

બીજી જે બાબત તરફ હું તમારૂં લક્ષ દોરવા માગું છું; તે એ છે કે આ ત્રણે મત–અદ્વૈતવાદ, દ્વૈતવાદ, અને વિશિષ્ટાદ્વૈતવાદ-સ્મરણાતીત કાળથી ભરતખંડમાં પ્રચલિત હતાજ. શંકરાચાર્યે કાંઇ અદ્વૈતવાદનો સિદ્ધાંત પોતાના મગજમાંથી નવો ઉત્પન્ન કર્યો નથી. તેમના જન્મ પહેલાં પણ યુગના યુગ થયાં એ મત ચાલ્યો આવતો હતો. શંકરાચાર્ય માત્ર એ મતના છેલ્લા પ્રતિનિધિ હતા. રામાનુજના મતને માટે પણ એવીજ હકીકત છે. રામાનુજના જન્મ પહેલાં પણ વિશિષ્ટાદ્વૈતવાદ અસ્તિત્વમાં હતો એ તેમના પોતાનાજ ભાષ્યઉપરથી સાબિત થઇ શકે છે. બીજા દ્વૈતવાદી સંપ્રદાયો પણ ઉપર કહેલા બેઉ મતની સાથેજ ભરતખંડમાં પ્રચલિત હતા અને દરેકને પોતપોતાના પ્રતિનિધિઓ હતા. મારી અલ્પ સમજમાં તો એવું આવે છે કે એ ત્રણ મત પરસ્પર વિરુદ્ધ નથી. આપણાં ષડ્દર્શનોમાં, ગંભીર તત્ત્વવિચારનો જે મહાન્

ક્રમવિકાસ થએલો આપણે જોઇએ છીએ, તેમનો ધ્વનિ આરંભમાં અત્યંત મૃદુ છે; પણ અંતે અદ્વૈત સિદ્ધાંતની મેઘગર્જનારૂપે તે પરિણામ પામે છે. એજ પ્રમાણે આ ત્રણે વાદના સંબંધમાં પણ છે. મનુષ્યનું મન એક એકથી અધિક ઉંચા આદર્શને ક્રમે ક્રમે ગ્રહણ કરતું કરતું ઉન્નતિના માર્ગમાં આગળ વધે છે, અને અંતે સર્વનું અદ્વૈતવાદની અદ્ભુત એકતામાંજ પર્યવસાન થાય છે, માટે વાસ્તવિકરીતે એ ત્રણે મત પરસ્પર વિરોધી નથી.

હકીકત આ પ્રમાણે છતાં કહેવાની જરૂર પડે છે કે ઘણાં માણસોએ તેઓને પરસ્પર વિરુદ્ધ માનવાની ભૂલ કરેલી છે. આપણે જોઇએ છીએ કે અદ્વૈતવાદી આચાર્યોને જે જે શ્લોક અદ્વૈત સિદ્ધાંતના સમર્થક જણાયા તેટલા તેમણે જેમના તેમ રહેવા દીધા છે, પણ બાકીના જે શ્લોકમાં દ્વૈતવાદ કે વિશિષ્ટાદ્વૈતવાદનો ઉપદેશ તેમના જોવામાં આવ્યો તેમને મારીમચડીને તેમનો અર્થ અદ્વૈતવાદ સાથે મેળવી દીધો છે. એજ પ્રમાણે દ્વૈતવાદી આચાર્યોએ અદ્વૈતવાદાત્મક શ્લોકના અર્થને મારીમચડીને વિકૃત કરી નાખ્યો છે. અલબત્ત, તેઓ આપણા ગુરુતુલ્ય હતા—મહાપુરુષો હતા; તોપણ કહેવાય છે કે **दोषा वाच्या गुरोरपि।** 'ગુરુમાં પણ જો દોષ હોય તો બતાવવા જોઇએ.' મારો અભિપ્રાય એવો છે કે માત્ર આજ બાબતમાં તેમણે મોટી ભૂલ કરી હતી. આપણા શાસ્ત્રના અર્થને વિકૃત કરવાની જરૂરજ નથી. ધર્મશાસ્ત્રનો અર્થ કરવામાં કોઈ પણ પ્રકારનો અસત્ય માર્ગ લેવાની જરૂરજ નથી. વ્યાકરણના દાવપેચ લગાવીને અર્થનો અનર્થ કરવાની કાંઈપણ જરૂરજ નથી. એ શ્લોકોની અંદર આપણા પોતાના વિચાર બળાત્કારે દાખલ કરવાનું પ્રયોજનજ નથી; કેમકે એવા ઉદ્દેશથી એ રચાયાજ નથી. મૂળ શ્લોકો તો ઘણાજ સરળ અને સહેલાઇથી સમજાય એવા છે અને અધિકારભેદનું રહસ્ય સમજવાથી તેમનો અર્થ ઘણીજ સહેલાઇથી ગ્રહણ કરી શકાય છે.

ઉપનિષદ્નો મુખ્ય વિષય એકજ હતો એ વાત તો સત્યજ છે. **कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति** "એવો કયો પદાર્થ છે કે જેને જાણ્યાથી બધાજ વિષયનું જ્ઞાન થઇ જાય ? વર્તમાન સમયની ભાષામાં કહીએ તો ઉપનિષદ્નો ઉદ્દેશ પરમ એકતાનો આવિષ્કાર કરવાનો છે. બહુત્વની અંદર એકત્વનું દર્શન કરવા કરતાં શ્રેષ્ઠ જ્ઞાન બીજું છેજ નહિ. તમામ પ્રકારનાં વિજ્ઞાનશાસ્ત્રની રચના આજ પાયાઉપર થએલી છે. તમામ પ્રકારનું મનુષ્યપ્રાપ્ત જ્ઞાન બહુત્વમાં એકત્વનું અનુસંધાન કરવાના ઉદ્દેશદ્વારાજ ઉત્પન્ન થયું છે. અત્યારસુધીમાં પ્રાપ્ત થયેલા લૌકિક છૂટાછવાયા અંશ કે જેમને આપણે "વિજ્ઞાન" કહીએ છીએ, તેમનું કાર્ય જો આ જગતની થોડીઘણી લીલાની અંદર એકત્વનું અનુસંધાન કરવાનું હોય, તો પછી આ અપૂર્વ વૈચિત્ર્યપૂર્ણ બ્રહ્માંડ કે જેમાં નામરૂપના હજારો પ્રકારનાભેદ છે, જ્યાં જડ-

ચૈતન્યના ભેદ છે જ્યાં પ્રત્યેક પ્રાણીની ચિત્તવૃત્તિ ભિન્ન ભિન્ન પ્રકારની છે, જ્યાં પ્રત્યેક સ્વરૂપ બીજા સ્વરૂપથી જૂદાજ પ્રકારનું છે, અને જ્યાં એક વસ્તુથી બીજી વસ્તુનું જૂદાપણું સ્પષ્ટ જણાઇ આવે છે, એવા બ્રહ્માંડની અંદર એકત્વનો આવિષ્કાર કરવાનો ઉદ્દેશ જે વિજ્ઞાનનો હોય તે કેટલું મહાન્ અને કેટલું દુર્ઘટ હોવું જોઇએ તેનો ખ્યાલ તમેજ કરી લેશો. એ સર્વ ભિન્ન ભિન્ન ભૂમિકાઓ અને ભિન્ન ભિન્ન પ્રકારના અનંત લોકવચ્ચે રહેલી એકતાને શોધી કહાડવાનું કાર્ય ઉપનિષદોએ માથે લીધું હતું. આ બાબત તમારે બરાબર સમજી રાખવાની છે.

ઉપનિષદ્ જે રીતે બ્રહ્માંડની એકતા સિદ્ધ કરે છે તેને યથાર્થરીતે સમજવાને અરુન્ધતીન્યાયનો ઉપયોગ કરવો પડે છે. અરુન્ધતીનો તારો કોઇને બતાવવો હોય તો તેની પાસેનો મોટો, પ્રકાશિત તારો બતાવીને તેની નજર સ્થિર કરાવવી પડે છે, ત્યાર પછીજ તેને આધારે અરુન્ધતીનો તારો જે ઘણોજ સૂક્ષ્મ અને ઝાંખો છે તે જોઇ શકાય છે. એજ પ્રમાણે બ્રહ્મતત્ત્વ જે અત્યંત સૂક્ષ્મ છે, તે સમજાવવાને માટે શરૂઆતમાં કેટલીક સ્થૂળ બાબતો સમજાવ્યા પછીજ ક્રમે ક્રમે વધારે ઉચ્ચ અને સૂક્ષ્મ ઉપદેશ આપી શકાય છે. મારા આ કથનની સત્યતા સિદ્ધ કરવાને માટે મારે પ્રમાણ આપવાની જરૂર નહિ હોઇને માત્ર ઉપનિષદ્ તરફજ આંગળી બતાવી દઇશ તોપણ ચાલશે; કેમકે તેના ઉપરથી તમે જાતેજ સઘળું સમજી શકશો. એમાં લગભગ દરેક અધ્યાયના આરંભમાં દ્વૈતવાદ–ઉપાસનાનો ઉપદેશ જોવામાં આવે છે. શરૂઆતમાં ઇશ્વરને જગતનો ઉત્પન્નકર્તા, પાલનકર્તા અને પ્રલયકર્તા તરીકે વર્ણવ્યો છે. તે આપણો ઉપાસ્ય દેવતા છે, આપણો શાસનકર્તા છે તથા બાહ્ય અને આન્તરપ્રકૃતિનો નિયામક છે એમ દર્શાવ્યું છે; પરંતુ તેમ છતાં પણ તેને પ્રકૃતિથી પર (બહાર) અને ભિન્ન માનેલો છે. એ પછી એક પગલું આગળ વધતાં તમે એમાં જોઇ શકશો કે જે આચાર્યે ઉપર કહેલો ઉપદેશ આપ્યો હતો તે હવે જુદાજ પ્રકારનો સિદ્ધાંત સમજાવે છે. હવે તે જણાવે છે કે ઇશ્વર પ્રકૃતિની અંદર પણ રહેલો છે; અને તે પછી છેવટે એ બંને ભાવનાઓને પણ રદ કરીને તેજ આચાર્ય આગળ વધતાં કહે છે કે કાંઇ સત્ય પદાર્થ છે તે તેજ છે. કોઇ પણ પ્રકારનો દેશ, કાળ કે વસ્તુથી ભેદ છેજ નહિ: **तत्त्वमसि श्वेतकेतो**–હે શ્વેતકેતુ ! તે તુંજ છે. જે ઇશ્વર સમગ્ર જગતની અંદર અને બહાર રહેલો છે, તેજ મનુષ્યમાં પણ આત્મારૂપે રહેલો છે, એ સિદ્ધાંત આ પ્રમાણે છેવટે પ્રકટ થાય છે. આ પ્રમાણે આ સત્યને પ્રકટ કરવામાં લેશ માત્ર સંકોચ કે ઉપેક્ષાવૃત્તિ રાખવામાં આવ્યાં નથી. આ અપૂર્વ સત્યને લોકો માન્ય રાખશે કે કેમ અથવા અન્ય મતવાળા તેની વિરુદ્ધ તકરાર ઉઠાવશે કે કેમ, તે સંબંધી લેશમાત્ર ડર કે દરકાર રાખ્યા વગર સ્પષ્ટ અને નિડર ભાષામાં જે સત્ય હતું તે જાહેર કરવામાં આવ્યું છે. આજે પણ એજ પ્રમાણે એ સત્યનો પ્રચાર કરવામાં

કશોજ ભય રાખવાની જરૂર નથી, અને મને વિશ્વાસ છે કે મારામાં બીજી ઘણી વાતની અપૂર્ણતાઓ હશે તે છતાં પણ નિડરપણે સત્યને પ્રચાર કરવાની તો મારામાં હિંમત છે.

હવે આપણા વિષયને જ્યાંથી પડતો મૂકયો છે ત્યાંથી તેનું પુનઃ અનુસંધાન કરીએ. પ્રથમ એ બાબતો સમજી લેવાની જરૂર છે; એક તો જગત્‌ની ઉત્પત્તિનો સિદ્ધાંત કે જે વેદાંતના તમામ સંપ્રદાયોને માન્ય છે, અને બીજું મનોવિજ્ઞાનતત્ત્વ કે જે દર્શનશાસ્ત્રના તમામ સંપ્રદાયના મૂળ આધારરૂપ છે. એ બે વિષયોને પ્રથમથીજ સારી રીતે સમજી લેવા જોઇએ. હવે પ્રથમ જગતસૃષ્ટિના સિદ્ધાંતનું સંક્ષેપમાં અવલોકન કરીએ. વર્તમાન સમયમાં આધુનિક વિજ્ઞાનશાસ્ત્રીઓએ કરેલાં અદ્‌ભુત સંશોધનો જોઇને જાણે અકાએક વિજળીનો આંચકો લાગ્યો હોય તેમ આપણે અચંબામાં ગરકાવ થઈ જઇએ છીએ. અને આપણા સ્વપ્નમાં પણ ન આવે એવાં અદ્‌ભુત સત્યોનો આવિષ્કાર થએલો આપણે જોઇએ છીએ; પણ એ સત્યો જેને હાલ આપણે નવી શોધખોળનાં પરિણામ માનીએ છીએ તે અનેક યુગમાં થએલાં સંશોધન માત્ર નવી આવૃત્તિ જેવાંજ છે. જે સત્યોની પ્રાપ્તિમાટે આધુનિક વિજ્ઞાન (સાયન્સ) અંધકારમાં અનેક મુશીબતો વેઠીને આગળ ને આગળ વધે છે એમ કહેવાય છે, તે સત્યો હિંદુસ્તાનના ઋષિઓએ અનેક યુગપૂર્વે શોધી કહાડયાં હતાં. આધુનિક વિજ્ઞાને થોડા વખતપરજ એક સિદ્ધાંત જાહેર કર્યો છે કે કુદરતની જુદી જુદી શક્તિઓમાં ઐકય રહેલું છે. તેમણે હમણાંજ શોધી કહાડયું છે કે ઉષ્ણતા, વિદ્યુત, ચુંબક વગેરે જુદી જુદી શક્તિઓને એક શક્તિમાં પરિણત કરી શકાય છે; અને તેથી કરીને એ શક્તિ લૌકિક ભાષામાં ભલે જુદાં જુદાં નામથી ઓળખાય તોપણ વિજ્ઞાન તો તેને એકજ નામથી ઓળખશે. હવે સંહિતા, કે જે અતિ પ્રાચીન ગ્રંથ છે, તેની અંદર શક્તિના સંબંધમાં આવીજ મતલબનું લખાણ જોવામાં આવે છે. ગુરુત્વાકર્ષણનું, ઉષ્ણતાનું, વિદ્યુતનું, ચુંબકનું કે પછી અંતઃકરણની વિચારશક્તિનું બળ–ગમે તે સ્વરૂપમાં જુઓ, પણ એ સર્વ એકજ શક્તિનાં જૂદાં જૂદાં રૂપાંતર છે અને તે શક્તિનું નામ પ્રાણ છે. પ્રાણ એટલે શું? પ્રાણ એટલે એક પ્રકારનું આંદોલન. જ્યારે સમગ્ર બ્રહ્માંડનો લય થઇ જાય છે ત્યારે આ અનંત શક્તિના ભંડારનું શું થતું હશે? તેનો શું સંપૂર્ણ લોપ થઇ જતો હશે? કદિ નહિ. ધારો કે તેનો લોપજ થઇ જતો હોય તો પછી કોને આધારે જગત્‌નો બીજી વારનો તરંગ ઉત્પન્ન થઈ શકે? ઉત્પત્તિ અને લયની તરંગાકાર ગતિ અનંતકાળથી ચાલી આવી છે–એક તરંગ ઉંચે ઉછળે છે, નીચે પડે છે–વળી ઉછળે છે, વળી નીચે પડે છે–એ પ્રમાણે અનંત યુગ થયાં ચાલ્યુંજ આવે છે. આ બ્રહ્માંડના વિકાસને આપણા શાસ્ત્રમાં સૃષ્ટિ એવું નામ આપેલું છે. અંગ્રેજી શબ્દ "ક્રિએશન" અને સૃષ્ટિ એ બંને એક અર્થ-

વાચક નથી. સંસ્કૃત પારિભાષિક શબ્દોનો અંગ્રેજી ભાષામાં જોઇએ તેવો અનુવાદ થઇ શકતોજ નથી; માટે ગમે તેમ કરીને 'સૃષ્ટિ'ને મળતા અર્થવાળો અંગ્રેજી શબ્દ હું વાપરૂં છું. 'સૃષ્ટિ'નો ખરો અર્થ 'ઉત્પત્તિ' થતો નથી પણ પ્રકટીકરણ અથવા "જે અવ્યક્ત હતું કે વ્યક્ત થાય છે," એવો થાય છે. પ્રલયસમયે આ પ્રાપંચિક જગત્ વધારેને વધારે સૂક્ષ્મ બનીને જે અવસ્થામાંથી તેની પ્રથમ ઉત્પત્તિ થઈ હતી, તે પ્રાથમિક અવસ્થામાં પરિણત થાય છે. થોડો સમય આ અવસ્થામાં શાંતપણે રહે છે અને વળી પાછું તેનું ધીમેધીમે પ્રકટીકરણ થાય છે. આપણાં શાસ્ત્રોમાં જગતની સૃષ્ટિ સંબંધી એવો ક્રમ બતાવેલો છે. હવે જે શક્તિસમૂહને આપણે પ્રાણ એવું સામાન્ય નામ આપીએ છીએ તેનું શું થાય છે? તે તેના મૂળ પ્રાણમાં પરિણત થાય છે. આવી અવસ્થામાં તે લગભગ નિશ્ચેષ્ટ અવસ્થામાં રહે છે. વેદનાં સૂક્તોમાં પણ તેના સંબંધમાં એવીજ હકીકત આપેલી છે. **'आनीदवातं'** એટલે કે ગતિ વિનાના વાયુની પેઠે આંદોલન ઉત્પન્ન ન થાય એવી સૂક્ષ્મ ગતિરૂપે તે રહે છે. આ વાક્યમાં ઉપલાજ તત્ત્વનું નિરૂપણ કરેલું છે. વેદના અનેક પારિભાષિક શબ્દોના ખરા અર્થ બેસાડવામાં ઘણીજ મુશ્કેલી નડે છે. દાખલા તરીકે 'વાત' શબ્દ લઇએ. કોઇ કોઇ ઠેકાણે એ શબ્દને 'વાયુ'ના અર્થમાં વાપર્યો છે; કોઇ ઠેકાણે તેનો અર્થ 'ગતિ' પણ થાય છે. લોકો ઘણીવાર આ બે અર્થમાં ગુંચવાડો ઉત્પન્ન કરે છે; માટે હું તમને સાવચેતી રાખવાની સૂચના કરૂં છું. હવે આપણે જેને દ્રવ્ય અથવા ઉપાદાન કહીએ છીએ તેનું શું થાય છે તે જોઇએ. દ્રવ્યમાત્રમાં શક્તિ ઓતપ્રોતરૂપે રહેલી છે. પ્રલયસમયે ભૂતમાત્ર આકાશમાં અથવા 'ઇથર'ના રૂપમાં ફેરવાઇ જાય છે. પંચ મહાભૂતમાં સૌથી પ્રથમ ઉત્પન્ન થનાર દ્રવ્ય આકાશ છે. એ આકાશ પ્રાણના આંદોલનથી ગતિમાં આવી જાય છે. તેને આકાશ કહો, ઇથર કહો કે ગમે તે કહો પણ ભૂતમાત્ર પ્રથમ આકાશનુંજ સ્વરૂપ ધારણ કરે છે. આકાશમાં જ્યારે પ્રાણની શક્તિવડે તરંગ ઉત્પન્ન થાય છે ત્યારે તેમાંથી નવી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. એમ કરતાં કરતાં આંદોલન વિશેષ ત્વરિત થતાં જાય છે અને ક્રમે ક્રમે તેમાંથી ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર વગેરેનાં સ્વરૂપ ઘડાય છે; અને તેથી એ સર્વ પદાર્થો આકાશના નાના મોટા તરંગરૂપજ છે.

અન્ય સ્થળે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે:—

यदिदं किंच जगत् सर्वं प्राण एजति निःसृतम् ।

"આ જગત્માં જે કાંઇ પદાર્થ જોવામાં આવે છે તેનું પ્રાણના આંદોલનવડેજ પ્રકટીકરણ થએલું છે." અહીં **एजति** શબ્દને ખૂબ વિચારપૂર્વક વાંચજો. **एज्** એટલે કંપવું એ ધાતુમાંથી આ શબ્દ ઉત્પન્ન થએલો છે. **निःसृतम्** એટલે પ્રકટ થએલું. **यदिदं किंच** એટલે જગત્માં જે કાંઇ છે તે સર્વ.

અહીં સુધી પ્રાપંચિક જગતની સૃષ્ટિસંબંધી સિદ્ધાંતનું આપણે દિગ્દર્શન કર્યું છે.

એનું સવિસ્તર વર્ણન આપવું હોય તો બીજી ઘણી બાબતોનો ઉલ્લેખ કરવો પડે તેમ છે. કેવી રીતે સૃષ્ટિ થાય છે, પ્રથમ આકાશની રચના થયા પછી તેમાંથી બીજા પદાર્થોનાં સ્વરૂપ કેવી રીતે ઘડાય છે, આકાશનાં આંદોલનમાંથી વાયુની ઉત્પત્તિ કેવી રીતે થાય છે એવી એવી અનેક બાબતો કહેવાની જરૂર છે. આ બધા ઉત્પત્તિક્રમમાંથી એક સામાન્ય સિદ્ધાંત એ બાંધી શકાય છે કે સૂક્ષ્મમાંથીજ ક્રમે ક્રમે વિશેષ સ્થૂળ પદાર્થો ઉત્પન્ન થાય છે. એમ કરતાં કરતાં આખરે સ્થૂળ ભૂત–બાહ્યસૃષ્ટિ ઉત્પન્ન થાય છે. આજ આપણી સ્થૂળ સૃષ્ટિ છે. એ સર્વથી બહારની અને છેલ્લી છે. તેની પાછળ વધારે સૂક્ષ્મ ઉપાદાન રહેલું છે. આ પ્રમાણે પૃથક્કરણ કરી જોતાં જણાશે કે આખા જગતના આપણે સ્થૂળ અને સૂક્ષ્મ એવા બે વિભાગ કરીએ છીએ, તે વાસ્તવિકરીતે એકજ છે, અને એકજ પરમતત્ત્વમાં જગતના પદાર્થમાત્રને પરિણત કરી શકાય છે. સર્વ શક્તિઓનો સમુદાય પ્રાણ નામની એક શક્તિમાં પરિણત થાય છે અને જડસૃષ્ટિ આકાશ નામના એક પદાર્થમાં પર્યવસાન પામે છે. હવે એ બેની અંદર પણ કોઇ પ્રકારે એકતા સિદ્ધ કરી શકાય એમ છે ? એ બેઉને કોઇ રીતે એક તત્ત્વમાં પર્યવસિત કરી શકાય એવો કોઇ ઉપાય છે ખરો ? આ બાબતમાં આપણું આધુનિક વિજ્ઞાનશાસ્ત્ર ઉત્તર આપવા અસમર્થ છે. આ પ્રશ્નનો હજી તેનાથી નિર્ણય થઇ શક્યો નથી, અને જો નિર્ણય કરવોજ હોય તો આપણા મહર્ષિઓએ અનુસરેલી પદ્ધતિપ્રમાણે આધુનિક વિજ્ઞાને જેમ ધીમે ધીમે આકાશ અને પ્રાણ એ બે મૂળતત્ત્વોનું પુનઃ સંશોધન કર્યું, તેજ પ્રમાણે મહર્ષિઓનેજ પગલે પગલે ચાલીને તેમનાજ બાંધેલા સિદ્ધાંત પર આવવું પડશે. આકાશ અને પ્રાણ એ બેઉની ઉત્પત્તિ એકજ પરમતત્ત્વમાંથી થએલી છે. તે સર્વવ્યાપી નિર્ગુણ તત્ત્વ કે જેને પુરાણમાં બ્રહ્મા–ચતુર્મુખ બ્રહ્મા એવું નામ આપેલું છે, અને મનોવિજ્ઞાનમાં જે મહત્ એવી સંજ્ઞાથી ઓળખાય છે; તેની અંદર આકાશ અને પ્રાણ બેઉનું મિલન થઇ શકે છે. તત્ત્વ–જ્ઞાનની પરિભાષામાં જેને મન કહ્યું છે તે બીજું કાંઇજ નહિ પણ મગજરૂપી જાળમાં આબદ્ધ થએલો આ મહત્નો અત્યંત અલ્પ અંશ છે, અને આખા જગતના મગજમાં આબદ્ધ થયેલા મહત્ના તમામ અંશના સરવાળાને આપણે સમષ્ટિ એવા નામથી ઓળખીએ છીએ.

હજી પણ પૃથક્કરણ સમાપ્ત થતું નથી. હજી તેને એથીએ વધારે આગળ લઇ જવાનું છે. આપણે હજી એટલાજ સિદ્ધાંતપર આવ્યા છીએ કે આપણે દરેક જણ કોઇ એક ક્ષુદ્ર બ્રહ્માંડ છીએ, અને આખું જગત મળીને એક બૃહત્ બ્રહ્માંડ થાય છે. પિંડે તે બ્રહ્માંડે, એટલે કે જે કાંઇ વ્યષ્ટિમાં છે તે સર્વ સમષ્ટિમાં પણ હોવું જોઇએ; એવું અનુમાન એ સિદ્ધાંત ઉપરથી કરીએ તો તે સપ્રમાણજ છે. હવે જો આપણે આપણા પોતાનાજ મનનું પૃથક્કરણ કરીએ અને તેની અંદર શું શું છે તે એકવાર

જાણી લઈએ, તો તેને આધારે સમષ્ટિના મનવિષે પણ સત્ય અનુમાન આપણે સહેલાઈથી બાંધી શકીએ. ત્યારે હવે મન એ શું છે ? વર્તમાન સમયમાં પાશ્ચાત્ય દેશોમાં ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રની ત્વરિત ઉન્નતિ થવાથી, અને શારીર વિજ્ઞાનશાસ્ત્રે પ્રાચીન ધર્મના એક પછી એક કિલ્લા સર કરવા માંડયા છે તેને લીધે, ત્યાંના લોકોને ઉભા રહેવાનું સ્થાન પણ મળતું નથી; કારણ કે આધુનિક શારીરવિજ્ઞાનશાસ્ત્ર પગલે પગલે સિદ્ધ કરતું જાય છે કે મન અને મગજ એ બેઉ એકજ પદાર્થ છે. આથી કરીને ત્યાંના લોકો ગુંચવણમાં પડી ગયા છે, પણ હિંદુસ્તાનની પ્રજા તો આ વાત ઘણા સમયથી જાણતી આવી છે. તેણે ઘણા સમયથી શોધી કહાડયું છે કે મન પણ વાસ્તવિકરીતે જડ પદાર્થ છે. જો કે શરીરને મુકાબલે તે ઘણે દરજ્જે સૂક્ષ્મ છે. આપણા સ્થૂળ દેહની પાછળ જે સૂક્ષ્મશરીર અથવા મન રહેલું છે તે પણ વસ્તુતઃ તો જડજ છે. તે દેહના કરતાં સૂક્ષ્મ છે ખરૂં, પરંતુ આત્મા તો તે નથીજ.

હું "આત્મા" શબ્દનો અંગ્રેજીમાં અનુવાદ કરી શકતો નથી; કેમકે અંગ્રેજીમાં જેને "સોલ" અથવા "સ્પિરિટ" કહે છે તેના અર્થમાં અને આત્માના અર્થમાં દાર્શનિકદૃષ્ટિએ જોતાં ઘણો તફાવત છે. યૂરોપની કોઈ પણ ભાષામાં "આત્મા" શબ્દના અર્થનું પ્રતિપાદન કરે એવો શબ્દજ નથી. આ અપૂર્ણતા સુધારવા માટે વર્તમાનકાળમાં જર્મન દાર્શનિકોએ "આત્મા" ને માટે "સેલ્ફ" શબ્દ યોજી કહાડયો છે; પણ એ શબ્દ જ્યાંસુધી તમામ સંપ્રદાયના પંડિતો સ્વીકારે નહિ ત્યાં-સુધી તે વાપરી શકાય નહિ. એને "સેલ્ફ" કહો કે ગમે તે કહો પણ જેને આપણે "આત્મા" કહીએ છીએ તેજ એ પદાર્થ છે. એ આત્માજ મનુષ્યના શરીરમાં રહેલો ખરેખરો મનુષ્ય છે. એ આત્માજ જડ મનને પોતાના એક યંત્ર તરીકે વાપરે છે; અથવા મનોવિજ્ઞાનની પરિભાષામાં કહીએ તો પોતાના * અંતઃકરણ તરીકે વાપરે છે; અને મન પણ કેટલાંક આભ્યંતરિક યંત્રોની સહાયતાથીજ દેહરૂપી પ્રત્યક્ષ યંત્રઉપર કાર્ય કરે છે. હવે એ મન કયી જાતનો પદાર્થ છે ? હમણાં થોડાજ સમય પૂર્વે પાશ્ચાત્ય દાર્શનિકોએ શોધ કરી છે કે વાસ્તવિકરીતે નેત્ર એ કાંઇ જોનારી ઇન્દ્રિય નથી; પણ એ નેત્રની પાછળ બીજી એક પ્રકારની ઇન્દ્રિય છે તેનાવડેજ આપણે જોઇ શકીએ છીએ. એનો જો નાશ થાય તો ભલે કોઇને ઈંદ્રની માફક એક હજાર નેત્રો હોય તોપણ તે કાંઇજ જોઇ શકશે નહિ. આપણા તત્ત્વજ્ઞાનમાં આ સિદ્ધાંતને પ્રથમથીજ સ્વતઃસિદ્ધ માની લીધો છે અને પછી આગળ વધીને જાહેર કર્યું છે કે દૃષ્ટિનો અર્થ માત્ર બાહ્યદૃષ્ટિ એવો થતોજ નથી. દર્શન કરવાનું વાસ્તવિક કાર્ય તો આભ્યંતર ઇન્દ્રિયોનું અથવા માથાની અંદર આવેલાં મસ્તિષ્ક કેન્દ્રો-

* સામાન્ય ભાષામાં વપરાતા મન, ચિત્ત, અંતઃકરણ વગેરે શબ્દો તત્ત્વજ્ઞાનની પરિભાષામાં તદ્દન જૂદાજ અર્થમાં વપરાય છે એ ખાસ ધ્યાનમાં રાખવું. ભા. ક.

નુંજ છે. તમે તેમને મરજી આવે તે નામ આપો પણ ઇન્દ્રિય શબ્દનો ખરો અર્થ નાક, કાન એવી બાહ્ય ઇન્દ્રિયો થતોજ નથી. હવે આ ઇન્દ્રિયસમૂહનો કુલ સરવાળો-તત્ત્વજ્ઞાનની પરિભાષામાં કહીએ તો તેમની સમષ્ટિ તથા મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, એ બધું મળીને અંગ્રેજીમાં જેને " માઇન્ડ " કહે છે તે પદાર્થ બને છે. જો કોઇ આધુનિક શારીરશાસ્ત્રી તમને કહે કે મગજ એજ મન છે અને તે મગજ નાના પ્રકારનાં યંત્રો અને ઇન્દ્રિયોનું બનેલું છે, તો તમે તેને સાફ સંભળાવી દેજો કે અમને એ વાત અજાણી છેજ નહિ. અમારા દેશના તત્ત્વવેત્તાઓને એ વાતની પહેલેથીજ ખબર છે. અમારા ધર્મશાસ્ત્રના તો એ મૂળાક્ષર જેવી છે. અમે મન સંબંધી એટલી બધી વાત જાણીએ છીએ કે તે નવેસરથી જાણવા જતાં તમને હજી જમાનાના જમાના વીતી જશે.

વારૂ, હવે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર, એ ચાર શબ્દોનો અર્થ જરા વિચારીએ. પ્રથમ અંતઃકરણ એટલે શું તે તપાસીએ. તે ઉપલાં ચારેનું ઉપાદાન છે અને મહત્‌નો એક અંશ છે. ઉપલાં ચારે તેની જૂદી જૂદી અવસ્થાઓનાં નામ છે. દાખલાતરીકે ઉનાળાના ખરા બપોરને વખતે એક શાંત, તરંગરહિત સપાટીવાળા સરોવરનું ચિત્ર તમારા મનમાં ઉભું કરો, અને ધારો કે કોઇએ આવીને તેમાં એક પત્થર ફેંક્યો. હવે સરોવરની સપાટી ઉપર તે વખતે શા શા ફેરફાર થશે ? પ્રથમ તો જળઉપર આઘાત થશે, એ એક પ્રકારની ક્રિયા થઇ. પછી પાણી ઉછળશે અને પત્થર ઉપર તેટલાજ બળથી પ્રતિક્રિયા કરશે, એ પ્રતિક્રિયાવડે જળમાં તરંગ ઉત્પન્ન થશે. શરૂઆતમાં તો જળ જરાકજ કંપિત થશે, પણ પછી બીજીજ પળે તરંગના રૂપમાં પોતાના તરફથી પ્રતિક્રિયા કરવા માંડશે. હવે અંતઃકરણને સરોવરને ઠેકાણે કલ્પી લ્યો, અને બાહ્ય પદાર્થોને સરોવરમાં પડેલા પત્થરની જગ્યાએ માની લ્યો. જ્યારે ઇન્દ્રિયોદ્વારા કોઈ પણ બાહ્ય પદાર્થની સાથે અંતઃકરણ સમાગમમાં આવે છે-બાહ્ય વસ્તુને અંદર લઇ જવા માટે ઇન્દ્રિયોની સહાયતા તો જોઇએજ-ત્યારે તેનામાં એક પ્રકારનું આંદોલન ઉત્પન્ન થાય છે, એનેજ સંશયાત્મક મન કહે છે. એ પછી જે એક પ્રકારની પ્રતિક્રિયા શરૂ થાય છે, એને નિશ્ચયાત્મક બુદ્ધિ કહે છે. એ બુદ્ધિને અનુસરીને જે ચિંતન કરવામાં આવે છે તેનું નામ ચિત્ત છે; અને એ બુદ્ધિની સાથેજ અહંજ્ઞાન એટલે અહંકાર અને બાહ્ય વસ્તુના જ્ઞાનનો ક્ષણમાત્રમાં એક સાથે ઉદય થાય છે. એમાં ફેરફાર એટલોજ છે કે સરોવરની ઉપર થતા આઘાત બહારથી કોઇ નિમિત્ત મળવાથીજ થાય છે; અને અંતઃકરણરૂપી સરોવરની ઉપર જે આઘાત થાય છે તે બહારથીજ તેમજ અંદરના ભાગમાંથી પણ આવે છે. મન વગેરે ઉપલી ચારે પ્રકારની જૂદી જૂદી અવસ્થાઓનું સામાન્ય નામ અંતઃકરણ છે.

અત્યારસુધીમાં તમને જે હકીકત કહેવામાં આવી તેની સાથે એક બીજી બાબત પણ તમારે સારી રીતે સમજી લેવાની છે. તેમ કર્યાથી અદ્વૈતવાદનો સિદ્ધાંત સમજવામાં તમને ઘણી સરળતા થઇ જશે. તમે બધાએ મોતી તો જોયાંજ હશે અને તે કેવી રીતે ઉત્પન્ન થાય છે તે પણ તમે જાણતાજ હશો. કાલુ માછલીના કોટલાની અંદર રેતીનો કણુ દાખલ થઇ જાય છે; તેથી કરીને માછલીના શરીરમાં ચળ ઉત્પન્ન થાય છે, અને તેની પ્રતિક્રિયા કરવામાટે તેના શરીરમાં એક પ્રકારનો રસ પેદા થાય છે, જે બહાર આવીને રેતીની આસપાસ ફરી વળે છે. એ રસ અંદરનો અંદર ઠરી જાય છે અને તેનું મોતી બંધાય છે. જેમ એ મોતી બંધાય છે તેજ પ્રમાણે આપણે આખા જગતને ઉત્પન્ન કરીએ છીએ. જેમ માછલીના શરીરમાં રેતીની નાની કણિકાવડે ચળ ઉત્પન્ન થાય છે તેમ બાહ્ય જગતમાંથી આપણા અંતઃકરણ ઉપર માત્ર એક આઘાતજ થાય છે. એ આઘાતના અસ્તિત્વનું ભાન થવામાટે આપણે અંદરથી પ્રતિક્રિયા કરવી પડે છે, અને જ્યારે આપણે પ્રતિક્રિયા કરીએ છીએ ત્યારે આપણા અંતઃકરણનો કાંઇક અંશ એ આઘાત તરફ પ્રતિક્રિયારૂપે ફેંકીએ છીએ. જ્યારે આ વાતનું આપણને પૂરેપૂરૂં જ્ઞાન થાય છે ત્યારે આપણને પ્રતીત થાય છે, કે આઘાતને પરિણામે આપણા અંતઃકરણે જે આકાર ધારણ કર્યો હોય તેજ આકારમાં આપણને આખું જગત્ દેખાય છે. જગત્ બીજું કાંઈજ નહિ પણ આપણાજ મનનું અમુક રૂપાંતર છે. આપણને જગત્‌માં જે કાંઇ પદાર્થો દેખાય છે તેનું મૂળ સ્વરૂપ કેવું હશે તે કહી શકાય નહિ. આપણે જે જોઇએ છીએ તેજ વાસ્તવિક જગત્ નથી પણ આપણા મનને ધારણ કરેલું ચોક્કસ સ્વરૂપ તેજ જગત્ છે. જે લોકો બાહ્ય જગત સત્ય છે એમ માને છે, તેમને પણ મેં હમણાં સિદ્ધાંત કહ્યો તેનો સ્વીકાર કરવો પડે છે; કારણ કે વર્તમાન સમયમાં શારીરવિજ્ઞાન અને મનોવિજ્ઞાનશાસ્ત્રમાં થતી શોધખોળોને લીધે એ વાત માન્ય રાખ્યા વગર ચાલે એમ છેજ નહિ. જો આપણે બાહ્ય જગતને क કહીએ તો આપણે જગતવિષે જે કાંઇ જાણી શકીએ છીએ, તે એકલો क નહિ પણ "क વત્તા આપણું પોતાનું મન" છે. આ જ્ઞાનની ક્રિયાની અંદર મનનો અંશ એટલો બધો વધારે છે કે તેનાથી "क" અંશ તો દબાઇજ જાય છે; અર્થાત્ 'क' અંશનું ખરૂં સ્વરૂપ તો આપણે માટે અજ્ઞાતજ રહે છે, અને તેથી બાહ્ય જગતનું કદાચ અસ્તિત્વ હોય તોપણ તેનું અસલ રૂપ કેવું છે તે આપણે જાણી શકતા નથી. આપણા અંતઃકરણદ્વારા તેનો જે આકાર ઘડાય છે–તે જે સ્વરૂપમાં પરિણુત થાય છે અથવા રૂપાંતર પામે છે, તેજ માત્ર આપણે જાણી શકીએ છીએ. અંતર્જગત્ સંબંધી પણ તેમજ છે અને એજ નિયમ આપણા આત્માના વિષયમાં પણ લાગુ પડે છે. આત્માને જાણવો હોય તોપણ તેને અંતઃકરણદ્વારાજ જાણી શકાય છે. આપણે આત્મા વિષે જે

કાંઈ જાણી શકીએ છીએ તે "આત્મા વત્તા મન" એ સિવાય બીજું કાંઈ વિશેષ છેજ નહિ; એટલે કે અંતઃકરણદ્વારા આચ્છાદિત થએલા અંતઃકરણવડે અમુક રૂપાંતર અથવા પરિણામ પામેલા આત્માનુંજ આપણને જ્ઞાન થાય છે. એ વિષે વધારે વિસ્તારથી હવે પછી વિવેચન કરીશું, પણ આટલું તો તમારે શરૂઆતથીજ સ્મરણમાં રાખવું જોઈએ.

હવે એક બીજો મુદ્દો સમજી લેવાનો છે. આ આપણો દેહ છે તે એક અખંડિત જડ પ્રવાહનું નામ છે. દરેક પળે આપણે તેમાં નવાં નવાં ઉપાદાન તત્ત્વો ઉમેરતા જઈએ છીએ, અને દરેક પળે તેમાંનાં કેટલાંક તત્ત્વો બહાર નીકળી જાય છે. જાણે તે એક અખંડ પ્રવાહવાળી નદી હોય—દરેક પળે તેના પાણીનો અમુક જથ્થો એક સ્થાનથી બીજા સ્થાન તરફ વહી જતો હોય, અને નવો જથ્થો તેમાં દાખલ થયા કરતો હોય તેજ પ્રમાણે આપણા દેહમાં પણ થાય છે. અને તેમ છતાં પણ આપણે કલ્પનાશક્તિવડે એક આખી નદીની પેઠેજ તેનો વિચાર કરીએ છીએ, અને તેનું પાણી દરેક પળે બદલાતું છતાં આપણે તેને એકની એક સ્થિર નદીની પેઠે ધાર્યા કરીએ છીએ; પણ હવે વિચાર કરો કે આપણે "નદી" એવું નામ કોને આપીએ છીએ ? દરેક પળે તેનું પાણી બદલાય છે, તેના કિનારાની આકૃતિમાં ફેરફાર થાય છે, અને તેની આસપાસની ભેખડોમાં, વૃક્ષોમાં સર્વમાં ફેરફાર થયાજ કરે છે; ત્યારે પછી નદી એટલે કયો પદાર્થ ? નદી એટલે બીજું કાંઈજ નહિ પણ ઉપર કહ્યા તે બધા પરિવર્તન (ફેરફારો)નો સમૂહ-સમષ્ટિ. મનના સંબંધમાં પણ તેમજ છે. આ મતને ક્ષણિક વિજ્ઞાનવાદ કહે છે. એ યથાર્થ રીતે સમજાવો ઘણો કઠિન છે; પણ બૌદ્ધદર્શનશાસ્ત્રોમાં તેને એવી દૃઢ અને અભેદ્ય યુક્તિદ્વારા સમર્થિત કરીને સિદ્ધ કર્યો છે કે જેથી કરીને એ મત વેદાંતના મતથી કાંઈક અંશે વિરુદ્ધ અને પ્રબળ સિદ્ધાંતરૂપે ઉભો થયો છે. એ સિદ્ધાંતનું ખંડન કરવાની જરૂરજ છે અને આપણે જોઈશું કે એ કાર્ય એકલા અદ્વૈતવાદવડેજ થઈ શકશે; બીજા કોઈ પ્રકારે થઈ શકે એમ નથી. અદ્વૈતવાદવિષે લોકોના મનમાં અનેક પ્રકારના ખોટા ખ્યાલ બંધાયલા છે અને ઘણા લોકો તો અદ્વૈતવાદનું નામ સાંભળીને પણ ભડકે છે, તે છતાં પણ અદ્વૈતવાદમાંજ જગતનું કલ્યાણ સમાયલું છે—અદ્વૈતવાદવડેજ સઘળા મહાન્ પ્રશ્નોનો વિચારપૂર્વક ઉત્તર મળી શકે એમ છે. દ્વૈતવાદ અને બીજા વાદ ઉપાસના કરવાના માર્ગ તરીકે ઠીક છે; મનને ઘણોજ સંતોષ અને શાંતિ આપે એવા છે અને તેમના દ્વારા મનને ઉન્નત કરવામાં સહાય પણ મળતી હશે; પરંતુ જો કોઈ પણ વ્યક્તિને યથાર્થ વિચારશીલ થવાની સાથે સાથેજ ધર્મપરાયણ થવું હોય તો તેને માટે તો એકલો અદ્વૈતવાદજ છે.

આપણે હમણાં જોઈ ગયા તેમ મનને આપણા દેહની પેઠે નદીતુલ્ય કલ્પી

લઈએ, કે તે એક છેડેથી નિરંતર ખાલી થતું જાય છે અને બીજે છેડે ભરાતુંજ જાય છે, ત્યારે એ નિરંતર થતા ફેરફારની અંદર એવું કયું એકત્વ છે કે જેને આપણે આત્મા કહીએ છીએ? વસ્તુસ્થિતિ એવી છે કે આપણા દેહમાં અને મનમાં પણ નિરંતર પરિવર્તન થયા કરે છે તે છતાં આપણામાં કંઈક એવું પણ છે કે જે અપરિવર્તનીય અને અવિકારી છે. વસ્તુઓ સંબંધી આપણા વિચારો અવિકારી છે. એ વાતમાં આપણો પોતાનો અનુભવજ સાક્ષી પૂરે છે. જ્યારે તેજનાં કિરણ જુદી જુદી દિશાએથી આવીને એક પડદા ઉપર, અથવા દિવાલ ઉપર અથવા તો કોઈ સ્થિર વસ્તુપર પડે છે ત્યારેજ માત્ર તેઓ એકતા ઉત્પન્ન કરી શકે છે, ત્યારેજ માત્ર તેઓ બધાં મળીને સંપૂર્ણ એકત્વ પ્રાપ્ત કરી શકે છે. હવે આપણા શરીરયંત્રની અંદર એવો કયો અવિકારી અચળ પદાર્થ છે કે જેની ઉપર જૂદા જૂદા વિચારો પડવાથી સંપૂર્ણ એકતા પ્રાપ્ત કરી શકે? અલબત્ત, મન તો હોઈ શકેજ નહિ; કારણ કે તેની અવસ્થા તો દરેક પળે બદલાતીજ જાય છે. ત્યારે તે એવો પદાર્થ હોવો જોઇએ કે જે દેહ અને મનથી જૂદોજ હોય. મનુષ્યની અંદર એવું અ-વિકારી, અપરિણામી, સર્વ અવસ્થામાં નિશ્ચળ કાંઇક હોવું જોઇએ કે જેના ઉપર આપણા વિચારોનો અને બાહ્ય પદાર્થમાત્રનો આઘાત થતાં તેઓ એક અંખડ સ્વ-રૂપને ધારણ કરે છે, એવું જે કાંઇક છે તેજ આપણો આત્મા છે, અને આપણે જોઇએ છીએ કે દરેક જડ પદાર્થ—પછી તે મનની માફક અલ્પ અંશે જડ હોય તોપણ તે પરિવર્તનશીલ તો છેજ; અને બાહ્યસૃષ્ટિ અથવા આ સ્થૂળ જડ જગત્ તે પણ આત્માને મુકાબલે અવશ્ય પરિવર્તનશીલ છે; માટે મનુષ્યની અંદર જે અવિકારી, નિશ્ચળ એવું કાંઇક રહેલું છે તે જડ પદાર્થનું બનેલું હોઇ શકેજ નહિ. એ પદાર્થ ચૈતન્યમયજ હોવો જોઇએ. તે જડ, પરિવર્તનશીલ અને વિનાશ-શીલ હોઇ શકેજ નહિ.

હવે આપણી સમક્ષ એક બીજો પ્રશ્ન ઉભો થાય છે. આ બાહ્ય જગતની રચના કોણે કરી અથવા આ જડ પદાર્થ કોના દ્વારા ઉત્પન્ન થયા, એ સવાલ ઉઠાવીને *કૌશલવાદના જૂના સવાલવિષે ચર્ચા કરવાનો મારો હેતુ નથી. હું જે પ્રશ્ન અત્ર

* ઈશ્વરનું અસ્તિત્વ સાબિત કરવામાટે જે જે યુક્તિઓ (દલીલો) વાપરવામાં આવે છે તે માહેલી આ એક છે. આ જગત્‌માં જે પદાર્થ જોવામાં આવે છે તે વિષે વિચાર કરી જોતાં તેમની રચના કરવાનો કાંઇક હેતુ માલમ પડે છે; માટે એ હેતુને ઉત્પન્ન કરનાર કાંઈક ચૈતન્ય હોવું જોઇએ. દાખલાતરીકે અક્ષરનાં બીબાંને આપણે અમસ્તાં હાથમાં ઉછાળ્યા કરીએ તો તે કાંઇ અર્થસૂચક શબ્દના આકારમાં ગોઠવાઇ જશે નહિ, અને કદાચ ગોઠવાય તોપણ ભાગ્યે એકાદ શબ્દજ; પણ વાક્યનાં વાક્ય એમ ને એમ ગોઠવાય નહિ. હવે આપણે અમુક ઠેકાણે વાક્યના આકારમાં ગોઠ-વેલાં અક્ષરનાં બીબાં જોઇએ તો અનુમાન થઈ શકે કે એમની ગોઠવણમાં કાંઇક

રજુ કરવા માગું છું તે જુદાજ પ્રકારનો છે. અત્ર સવાલ તો એજ છે કે મનુષ્યની આંતર પ્રકૃતિદ્વારાજ સત્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે. આત્માના અસ્તિત્વ સંબંધે જેવો સવાલ ઉભો થયો હતો તેવોજ આ પણ છે. આપણે સ્વતઃસિદ્ધાંત તરીકે માની લઈએ કે આત્મા મનુષ્યના દેહ અને મનથી ભિન્ન, સ્વતંત્ર અને અપરિવર્તનશીલ પદાર્થ છે; તોપણ સઘળા આત્માઓ વચ્ચે વિચાર, લાગણી અને સહાનુભૂતિ સંબંધી એકતા જોવામાં આવે છે તેનું કારણ શું? મારો આત્મા તમારા આત્મા ઉપર અસર કરી શકે છે તેનું કારણ શું? એવો કયો પદાર્થ છે કે જેદ્વારા મારો આત્મા તમારા ઉપર પોતાનું કાર્ય કરી શકે છે, અથવા મારા તેમજ તમારા આત્માને એકને સ્પર્શ કરી શકે છે? તમારા આત્માવિષે હું કાંઈક જાણી શકું છું તે કયી રીતે અને કયા પદાર્થદ્વારા? આથી કરીને એક અન્ય આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરવાની દાર્શનિક આવશ્યકતા ઉભી થાય છે; કારણ કે એવો કોઈ આત્મા હોવો જોઈએ કે જે ભિન્ન ભિન્ન આત્માઓ તથા જડ પદાર્થો ઉપર કાર્ય કરી શકે; જે જગતના અસંખ્ય આત્માઓની અંદર ઓતપ્રોતપણે રહી શકે; એક એવો મહાન્ આત્મા હોવોજ જોઈએ કે જેનાવડે બીજા બધા આત્માઓ જીવનશક્તિસંપન્ન થઈ શકે છે, એકબીજા ઉપર સ્નેહભાવ રાખે છે, એકબીજા તરફ સહાનુભૂતિ દર્શાવે છે અને જેની સહાયતા એકબીજા ઉપર કાર્ય કરી શકે છે. એવા સર્વ-વ્યાપી આત્માને આપણે પરમાત્મા કહીએ છીએ. તે આખા જગત્નો સ્વામી છે અર્થાત્ ઈશ્વર છે. હવે આત્મા જડ પદાર્થનો બનેલો નથી અને તે ચૈતન્યસ્વરૂપ છે તેથી કરીને તે જડ સૃષ્ટિના નિયમોને આધીન નથી અને, જડસૃષ્ટિના નિયમ મુજબ તેને વિષે ધારણા કરી શકાયજ નહિ; માટેજ તે અજય્ય, અસૃષ્ટ, અવિનાશી અને અવિકારી પદાર્થ છે.

> नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
> न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुतः॥
> अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च।
> नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः॥
>
> गीता–अ. २ श्लो. २३–२४.

તે શસ્ત્રોથી છેદાતો નથી, અગ્નિથી બળતો નથી; જળથી ભીંજાતો નથી અને વાયુ તેનું શોષણ કરી શકતો નથી. એવો એ આત્મા અભેદ્ય, અદાહ્ય, ભીંજાય નહિ અને શોષાય નહિ એવો, નિત્ય, સર્વવ્યાપી, નિશ્ચળ, અવિકારી અને સનાતન છે.

હેતુ છે, અને તેથી તે કોઈક મનુષ્યના મનદ્વારા ગોઠવાયલાં હોવાં જોઈએ; તેમ જગત્માં સ્થળે સ્થળે હેતુપુરઃસર ગોઠવેલા પદાર્થો છે માટે ઈશ્વર હોવો જોઈએ. આને કૌશલવાદ કહે છે. ભા. ક.

ગીતા અને વેદાંતના મત પ્રમાણે આ જીવાત્મા વિભુ છે. કપિલના મત પ્રમાણે તે સર્વવ્યાપી છે. ભરતખંડમાં બીજા કેટલાક સંપ્રદાય છે કે જેઓ જીવાત્માને અણુ જેવો માને છે; તોપણ તેમનો સિદ્ધાંત તો એવોજ છે કે આત્માનું મૂળ સ્વરૂપ તો વિભુજ છે, માત્ર વ્યક્ત અવસ્થામાંજ તે અણુ જેવો દેખાય છે.

હવે એક બીજો મુદ્દો તમારી આગળ રજુ કરું છું. કદાચ તમને તે અત્યંત વિસ્મયજનક લાગશે, પણ એ વિશેષરૂપે ભારતવર્ષીય ભાવના છે, અને જો ભરતખંડના ભિન્ન ભિન્ન સંપ્રદાય વચ્ચે કોઈ સામાન્ય ભાવના હોય તો તે આજ છે. માટે મારી પ્રાર્થના છે કે તમે એ બાબત નિઃસંદેહ સમજી લેજો. એ હું જે કાંઇ વિવેચન કરૂં તે સંપૂર્ણ લક્ષપૂર્વક સાંભળજો અને બરાબર સ્મરણમાં રાખજો; કારણ કે ભરતખંડની દરેક લક્ષણગત ભાવનાનો એ મૂળ પાયો છે. મુદ્દો આ પ્રમાણે છે. તમે અંગ્રેજ અને જર્મન પંડિતોએ પાશ્ચાત્ય દેશોમાં પ્રચલિત કરેલા ભૌતિક ઉત્ક્રાંતિવાદવિષે સાંભળ્યું હશે. એ મત એવો છે કે પ્રાણીમાત્રની શરીરરચના વાસ્તવિકરીતે એકસરખી છે. આપણે તેમનામાં જે ભેદ જોઇએ છીએ તે એકજ મૂળ પદાર્થનાં જૂદાં જૂદાં રૂપાંતરજ છે. એક અખંડ શ્રેણીનાં જૂદાં જૂદાં સ્વરૂપજ છે. ક્ષુદ્રમાં ક્ષુદ્ર કીડાથી તે ઉચામાં ઉંચી કોટિના પવિત્ર મહાત્માસુધીનાં સર્વ પ્રાણીઓ વસ્તુતઃ એકજ છે. તેઓ એક એકથી ચડીઆતાં બનતાં જાય છે અને તે અંતે પૂર્ણત્વની પ્રાપ્તિ કરે છે. આપણાં શાસ્ત્રો પણ એ ઉત્ક્રાંતિવાદ સત્ય માને છે. યોગી પતંજલિ કહે છે કે **जात्यन्तरपरिणामः प्रकृत्यापूरात् ।** અર્થાત્ એક જાતિ એક શ્રેણીમાં પરિણામ પામે છે—ઉત્ક્રાંત થાય છે. **परिणामः** એટલે એક વસ્તુનું બીજીના રૂપમાં બદલાઇ જવું તે. જેમ એક શ્રેણીનાં પ્રાણીઓ અન્ય શ્રેણીમાં પરિણત થાય છે તેમ. તોપણ આપણા ઉત્ક્રાંતિવાદમાં અને પાશ્ચાત્ય ઉત્ક્રાન્તિવાદમાં એક તફાવત છે. પતંજલિ કહે છે કે **प्रकृत्यापूरात्** એટલે પ્રકૃતિનો અંદર પ્રવેશ થવાથી. પાશ્ચાત્ય પંડિતોનો એવો અભિપ્રાય છે કે પ્રાણીઓમાં અંદર અંદરની હરિફાઈ, પ્રાકૃતિક અને જાતિવિષયક પસંદગીને લીધે એક જાતના પ્રાણીને અન્ય પ્રકારના દેહ ધારણ કરવાની જરૂર પડે છે; પણ આપણા શાસ્ત્રકારો એથી જૂદુંજ કારણ બતાવે છે. **प्रकृत्यापूरात्**–પ્રકૃતિનો અંદર પ્રવેશ થવાથી. જાત્યંતર થવાનું જે કારણ આપણા શાસ્ત્રકારોએ બતાવ્યું છે તે ઉપરથી પ્રતીત થાય છે કે તેમણે યૂરોપિયન પંડિતો કરતાં વધારે સૂક્ષ્મ પૃથક્કરણ કર્યું હોવું જોઇએ; તેમણે આ વિષે વધારે ઉંડા ઉતરીને સંશોધન કર્યું હોવું જોઇએ. 'પ્રકૃતિનો અંદર પ્રવેશ થવો એટલે શું ? આપણે માનીએ છીએ કે ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણી જેને પ્રાણિવિજ્ઞાનશાસ્ત્રમાં " એમિબા " કહેવામાં આવ્યું છે, તે ક્રમશઃ ઉત્ક્રાંત થતું થતું અંતે બુદ્ધ બની જાય છે. આ વાત આપણે સ્વીકારીએ છીએ અને તેની સાથે આપણે એમ પણ નિશ્ચયપૂર્વક માનીએ છીએ, કે કોઇ પણ યંત્રને અમુક આકૃતિમાં ગોઠવ્યા

વગર તેનાદ્વારા કાર્ય થઇ શકેજ નહિ. હવે એ યંત્રને ગમે તે આકૃતિ આપો તોપણ તેના દ્વારા જેટલી શક્તિનું પરિચાલન થઈ શકે છે તેનો સરવાળો સરખો ને સરખોજ રહે છે. જો યંત્રને એક છેડેથી શક્તિનો વિકાસ કરવા ચાહતા હો તો તેને બીજે છેડેથી તેમાં શક્તિ દાખલ થાય એવી યોજના કરવીજ જોઇએ. દાખલા તરીકે તોપના મોંમાંથી ગોળા છૂટે તે માટે તેનામાં બીજે છેડેથી દારૂ ઇત્યાદિ પદાર્થો ભરવાજ જોઇએ. * ભલે એ શક્તિ કદાચ બીજા સ્વરૂપમાં પ્રકટ થાય પણ તેનો કુલ સરવાળો તો એકનો એકજ રહેવાનો. હવે જો પરિણામને એક છેડે બુદ્ધ હોય તો ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુ ક્રમશઃ વૃદ્ધિ પામતાં પામતાં એક વાર ÷ બુદ્ધ બની જશે; તેથી જો બુદ્ધ ક્રમવિકસિત જંતુ હોય તો તે જંતુ ક્રમસંકુચિત અવ્યક્ત બુદ્ધ પણ હોવું જોઇએ. જો આ બ્રહ્માંડ અનંત શક્તિના વિકાસસ્વરૂપ હોય તો પ્રલયસમયે એ અનંત શક્તિનું કોઇ બીજા સ્વરૂપમાં અસ્તિત્વ રહેવુંજ જોઇએ એમ સ્વીકારવું પડે છે; માટે એ ઉપરથી ફલિત થાય છે કે દરેક આત્મા અનંત અને અવિનાશી છે.

આપણા પગ તળે સળવળતા ક્ષુદ્રમાં ક્ષુદ્ર કીડાથી આરંભી મોટામાં મોટા અને પવિત્રમાં પવિત્ર મહાત્માસુધીના દરેક પ્રાણીની અંદર અનંત શક્તિ, અનંત પવિત્રતા અને સર્વ પ્રકારના ગુણ અનંત પ્રમાણમાં રહેલા છે. તફાવત માત્ર એ સર્વના પ્રકટીકરણમાંજ છે. ક્ષુદ્ર કીટ એ અનંત શક્તિનો અત્યંત અલ્પ અંશ પ્રકટ કરવા લાગ્યો છે, ત્યારે આપણે તેના કરતાં કાંઇક વિશેષ પ્રમાણમાં પ્રકટ કરી શકીએ છીએ. બુદ્ધ સરખો દેવતુલ્ય મનુષ્ય આપણા કરતાં પણ અનેકગણી શક્તિ પ્રકટ કરવાને સમર્થ છે. બસ, તફાવત માત્ર આટલોજ છે, પરંતુ અનંત શક્તિ તો સર્વમાંજ રહેલી છે. પતંજલિજ કહે છે કે "ततः क्षेत्रिकवत् જેમ એક ખેડૂત પોતાના ખેતરમાં પાણી વાળતો હોય છે તેમ" પોતાના ખેતરને એક ખુણેથી પાસેના જળાશયનું પાણી વાળીને ખેતરમાં દાખલ કરે છે, પણ તેની સાથે આખું ખેતર પણ પાણીમાં ડૂબી ન જાય તેને ખાતર તેણે કાંઇક બંધ અથવા પાળ પણ રાખેલ હોય છે. જ્યારે પાણીની જરૂર પડે છે ત્યારે તે પાળને તે તોડી નાખે છે

---

* સાયન્સ નહિ જાણનારને આ દૃષ્ટાંતથી સમજાવું જરા મુશ્કેલ છે, માટે એક સાદું ઉદાહરણ આપું છું. ધારો કે એક રતલના પત્થરને જમીન પરથી ઉપાડીને ત્રીસ ફુટ ઉંચે મૂકયો; હવે જો એ પત્થર ઉપરથી પડે તો તેને ઉપર ચઢાવવામાં આપણે જેટલું બળ ખરચ્યું હતું તેટલાજ બળથી નીચે પડશે અને તેના દ્વારા જો કાર્ય કરાવવામાં આવે તો તેટલુંજ કાર્ય આપશે. જો તે એક ખીલા ઉપર પડે તો તેને જમીનમાં ઉંડો દાટી દેશે. આ પ્રમાણે શક્તિનો સરવાળો તો સરખોજ રહેવાનો. ભા૦ કે૦

÷ અત્ર "બુદ્ધ" શબ્દનો અર્થ ગૌતમ બુદ્ધજ નહિ પણ તત્ત્વસાક્ષાત્કાર પામેલો કોઈપણ મહાત્મા એવો થાય છે. ભા૦ કે૦

અથવા બંધ ખોલી નાખે છે એટલે પાણી પોતાના સ્વભાવથીજ ધડધડાટ અંદર ધસ્યું આવે છે. પાણીને અંદર દાખલ કરવાને માટે બહારના કોઈ બળનો ઉપયોગ કરવાનું પ્રયોજન હોતું નથી; કેમકે જળાશયના પાણીમાં અસલથીજ તેવી શક્તિ રહેલી છે. આવીજ રીતે આપણી દરેકની પાછળ પણ અનંત શક્તિનો ભંડાર રહેલો છે—અનંત પવિત્રતા, અનંત જીવન, અનંત આનંદના અખૂટ ભંડાર આપણી સર્વ તરફ ભરપૂર પડેલા છે. માત્ર પેલો બંધ—પેલી માટીની પાળરૂપી આપણાં મન અને શરીરજ વચમાં વિઘ્નકર્તા છે, અને તેથીજ કરીને આપણામાં રહેલી ગુપ્ત શક્તિઓને સંપૂર્ણ અંશે આપણે બહાર લાવી શકતા નથી. જેમ જેમ આપણાં શરીરનાં બંધારણ જડમાંથી સૂક્ષ્મ અને વધારે સૂક્ષ્મ તત્ત્વોવાળાં બનતાં જાય છે, તમોગુણ બદલાઈને રજોગુણ બનતો જાય છે અને રજોગુણ સત્ત્વગુણમાં પરિણામ પામે છે, તેમ તેમ ઉપર કહી તે પવિત્રતા અને શક્તિઓ આપણાદ્વારા બહાર આવતી જાય છે; અને તેમ થાય એટલા માટે આપણે આપણા આહારવિહારના સંબંધમાં બહુજ સાવધાન રહેવાની જરૂર છે.

આહારવિષે જે નિયમો શાસ્ત્રમાં ઘડાયા છે તેનો મૂળ ઉદ્દેશ આપણે ઘણું કરીને ભૂલી ગયા છીએ. દાખલાતરીકે બાળવિવાહ—આ વિષય આજના વ્યાખ્યાનને લગતો નથી, તોપણ જેમ આહારના સંબંધમાં આપણે મૂળ ઉદ્દેશને ભૂલી ગયા છીએ તેમ લગ્નના સંબંધમાં પણ આપણે ભૂલીજ ગયા છીએ. તમારી સમક્ષ બોલવાનો મને ફરી પ્રસંગ મળશે તો કદાચ હું એ વિષે વધારે વિવેચન કરીશ, પણ હાલ તો એટલુંજ કહું છું કે જે મૂળ ઉદ્દેશથી + બાળવિવાહની પ્રથા શરૂ થઈ હતી તે ઉદ્દેશ જો સચવાય, તો તે એવો ઉચ્ચ પ્રકારનો છે કે માત્ર તેના પાલનવડેજ વાસ્તવિક સંસ્કૃતિ ઉત્પન્ન થઈ શકે એમ છે. જો દરેક સ્ત્રીપુરુષને ગમે તે સ્ત્રી અથવા ગમે તે પુરુષ સાથે લગ્નસંબંધ બાંધવાની સ્વતંત્રતા આપવામાં આવે અને લગ્નસંબંધ જોડવામાં ઉદ્દેશ માત્ર વ્યક્તિગત સુખનો, પાશવ પ્રકૃતિની પરિતૃપ્તિનોજ રહેવા દેવામાં આવે, જો સમાજમાં આવાજ પ્રકારની ભાવનાઓનો સ્વચ્છંદે ફેલાવો થવા પામે તો પરિણામ જરૂર વિનાશકારકજ આવે. દુષ્ટ પ્રકૃતિનાં આસુરી સ્વભાવનાં અર્ધાં ગાંડાં બાળકોજ એથી જન્મ પામે. હાલ લગભગ દરેક દેશમાં મનુષ્યો લગ્નસંબંધદ્વારા પાશવ પ્રકૃતિનાંજ બાળકો ઉત્પન્ન કરે છે, અને તેઓ મોટાં થાય છે ત્યારે તેમને અં-

+ આ ઉપરથી એમ તો નથી સમજવાનું કે સ્વામી વિવેકાનંદ હાલમાં ચાલતા બાળલગ્નની હિમાયત કરે છે. એ વિષયે તેઓ આગળ ઉપર શું કહે છે તે ધ્યાનમાં રાખીને મોટી તુલના કરવાની છે. બીજું વ્યાખ્યાનનો વિષય પણ લગ્ન સંબંધી નથી એટલે તેમણે એ વિષયનું બધી બાજુએથી સ્પષ્ટીકરણ કર્યું નથી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે. ભા૦ ક૦

કુશમાં રાખવાને અને ગુન્હા થતા અટકાવવાને પોલિસના અમલદારોની સંખ્યામાં વધારો કરવાની જરૂર ઉભી કરે છે. હવે દર વર્ષ હજારો લાખોની સંખ્યામાં ઉત્પન્ન થતા ગુન્હેગારોરૂપી જે મોટો વ્યાધિ જનસમાજને લાગુ પડયો છે તેમનો નાશ કરવા જવાથી કાંઇ અનિષ્ટનું નિવારણ થશે નહિ. એવા ગુન્હેગારોના જન્મજ ન થાય એવો કોઈ ઉપાય હોય તો તેને કામે લગાડયાથીજ આ વિપત્તિ નિર્મૂળ થઇ શકશે, અને તે ઉપાય એજ છે કે લગ્નની ભાવનામાં સુધારણા કરવી. જ્યાંસુધી આપણે સમાજ-માં રહીએ છીએ ત્યાંસુધી આપણે આપણા લગ્નદ્વારા સમાજ ઉપર શુભ અથવા અશુભ અસર કરીએ છીએજ; માટે અમુક વ્યક્તિએ કોને પરણવું અને કોને નહિ એ સંબંધી તેને આદેશ કરવાનો સમાજને અધિકાર છે. આ આપણા દેશમાં લગ્નની જે પ્રથા પ્રચલિત થયેલી છે તેની અંદર ઉંચા પ્રકારના આશય રહેલા છે. લગ્નકું-ડળીમાં વરકન્યાની જાતિ, ગણ વગેરે લખેલાં હોય છે તેમને અનુસરીનેજ આપણા હિંદુ લોકોમાં લગ્નસંબંધ નક્કી કરવામાં આવે છે. વળી પ્રસંગોપાત કહી લઉં છું કે કામોપભોગને પરિણામે જન્મેલો પુત્ર આર્ય નથી એવો મનુ ભગવાનનો અભિ-પ્રાય છે. જે બાળકનું ગર્ભાધાન અને મરણ, વેદના વિધાનો પ્રમાણેજ થયેલાં હોય તેજ વાસ્તવિક રીતે આર્ય છે. આજકાલ ઘણાખરા દેશોમાં ખરેખરાં આર્યસંતાનની સંખ્યા બહુજ અલ્પ છે અને તેનેજ પરિણામે કલિયુગજનિત પાપ અને અનીતિ-રૂપી અનેક દોષોની ઉત્પત્તિ થયેલી જોવામાં આવે છે. ખરેખર એ બધા પ્રાચીન ઉચ્ચ આદર્શોને આપણે તદ્દન ભૂલી ગયા છીએ. એ પ્રાચીન આદર્શો મુજબ વર્તન કરવાને અનુકૂળ બાહ્ય સંજોગો પણ નથી અને આપણે પોતે ઘણે અંશે શક્તિવાન્ પણ નથી. આપણે એ પ્રાચીન આદર્શોના કેટલાક અંશને લઇને ઢંગધડા વગરનો છબરડો કરી નાખીએ છીએ. અત્યંત ખેદસહિત જણાવવું પડે છે કે પ્રાચીન સમયમાં જેવાં સાત્ત્વિક ગુણવાળાં માતાપિતા હતાં તેવાં માતાપિતા પણ હાલમાં નથી. જન-સમાજ પણ પ્રથમની માફક સુશિક્ષિત નથી, તેમ જનસમાજનો પ્રત્યેક વ્યક્તિ ઉ-પર એક બીજા પ્રત્યે અસલમાં જેવો પ્રેમ હતો તેવો પ્રેમ પણ હવે જોવામાં આ-વતો નથી; પરંતુ એ બધું ગમે તેમ હોય, આપણો વ્યવહાર ગમે તેવો દોષપૂર્ણ હોય તોપણ લગ્નના મૂળ સિદ્ધાંતમાં તો કશીજ ખામી નથી. એ સિદ્ધાંતને વ્યાવહા-રિક સ્વરૂપ આપવાની રીતમાં ખામી હોય અર્થાત્ એવી એક પદ્ધતિ નિષ્ફળ નીવડી હોય તો બીજી ગ્રહણ કરો; પરંતુ મૂળ સિદ્ધાંતને જાળવી રાખજો. તેને માર્યો જવા દેશો નહિ. ખાનપાનના સંબંધમાં પણ તેમજ બન્યું છે. ખાનપાન સંબંધી ઉદ્દેશનો જે રીતે અમલ થાય છે, તેની સાથે જે નકામી બાબતો ભળી ગઈ છે તે અલબત્ત દૂષિત છે, પણ મૂળ ઉદ્દેશ સાચો છે. એ ઉદ્દેશ સનાતન છે અને ચિરકાળપર્યંત કાયમ રહે-વોજ જોઇએ. તેને નવું સ્વરૂપ આપીને ફરીને અમલમાં મૂકો.

આત્માસંબંધી જે તત્ત્વનું હમણાં આપણે વિવેચન કર્યું તેને એક અપવાદ સિવાય ભરતખંડના તમામ સંપ્રદાયો માન્ય રાખે છે. માત્ર દ્વૈતવાદીઓ કે જેમને વિષે હવે પછી વિવેચન કરવામાં આવનાર છે, તેઓજ એથી જૂદા પડે છે. તેમનો મત એવો છે કે અયોગ્ય કર્મદ્વારા આત્મા સંકુચિત થઇ ગએલો છે, એટલે તેની તમામ શક્તિઓ તેમજ મૂળ પ્રકૃતિ સંકુચિત અવસ્થામાં છે અને સત્કર્મદ્વારા તે પુનઃ મૂળ સ્વરૂપમાં આવી જશે. અદ્વૈતવાદીનો એવો મત છે કે આત્માનો કદિ પણ સંકોચ કે વિકાસ થઇ શકતોજ નથી. તેનો હાલમાં જે સંકોચ થએલો જણાય છે તે ખરેખરો નહિ પણ કેવળ આભાસમાત્રજ છે. વસ્તુતઃ આત્મા જે અવિકારી છે તેનો સંકોચ સંભવેજ નહિ. એ બેઉ વાદ વચ્ચે આટલોજ તફાવત છે; પરંતુ દરેક જણ એટલું તો માન્ય રાખેજ છે કે આપણા આત્મામાં અસલથીજ તમામ પ્રકારની શક્તિઓ રહેલી છે; આત્માની અંદર બહારથી કશું તત્ત્વ લાવીને દાખલ કરવાનું છેજ નહિ; તેમ આકાશમાંથી કંઇક આવીને તેનામાં પ્રવેશ કરતું નથી. જે કાંઈ શક્તિઓ આત્મા પ્રકટ કરે છે અને કરશે તે સર્વ આત્માની અંદર પ્રથમથીજ રહેલી છે. સ્મરણમાં રાખજો કે આપણા વેદ પ્રેરિત નથી પણ ઉચ્છ્વસિત છે. તેઓ બહારના કોઈ પ્રદેશમાંથી આવ્યા નથી પણ પ્રત્યેક આત્મામાં રહેલા સનાતન નિયમોનું વેદદ્વારા માત્ર પ્રકટીકરણજ થએલું છે. ક્ષુદ્ર કીડીના આત્માની અંદર તેમજ ઇશ્વરની અંદર પણ વેદ એકસરખી રીતે રહેલા છે. એ કીડીનો વિકાસ થઇને તે ઋષિનો દેહ ધારણ કરે એટલે તરતજ તેની અંદરથી વેદના સનાતન નિયમો બહાર પડવા લાગશે. આ મહાન્ નિયમ તમારે સારી રીતે સમજી લેવાની જરૂર છે કે આપણામાં અસલથીજ સર્વ પ્રકારની શક્તિઓ રહેલી છે, આપણી મુક્તિનું સાધન અસલથીજ આપણી અંદર છે. કોઇ એમ માને કે હાલ આત્મા સંકુચિત અવસ્થામાં છે અથવા આત્મા માયાના આવરણથી ઢંકાયલો છે, તેથી કરીને મૂળ સિદ્ધાંતને જરા પણ ક્ષતિ પહોંચતી નથી. જે કાંઇ છે તે તમારા પોતામાંજ છે; બહારથી કશુંજ પ્રાપ્ત કરવાનું નથી. દરેકની અંદર અનંત શક્તિ, અનંત પવિત્રતા ગૂઢપણે રહેલાં છે એટલું તમારે દઢપણે માનવુંજ પડશે અને સમય આવતાં દરેકની અંદરથી તે પ્રકટી નીકળશે. બુદ્ધ અર્થાત્ આત્મજ્ઞાનીની અંદર જે શક્તિઓ છે તેની તેજ શક્તિઓ પામરમાં પામર મનુષ્યમાં પણ છે અને એક વાર તે પણ બુદ્ધત્વ પ્રાપ્ત કરશે. એજ આપણો આત્મતત્ત્વનો સિદ્ધાંત છે.

પણ હવેજ બાદ્ધ ધર્મના તત્ત્વદર્શનસાથે તુમુલ યુદ્ધનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. બાદ્ધો પણ આપણી પેઠેજ દેહનું પૃથક્કરણ કરીને કહે છે કે દેહ એ એક પ્રકારનો જડ પ્રવાહ છે, અને મનનું પૃથક્કરણ કરીને તેઓ તેને પણ એક જડ પ્રવાહ તરીકેજ માને છે. આત્માસંબંધે તેઓ કહે છે કે તેનું અસ્તિત્વ માનવાની કે તેના અસ્તિ-

ત્વ સંબંધે અનુમાન કરવાની પણ જરૂર નથી. આત્મા એક દ્રવ્ય છે. હવે એ દ્રવ્ય તથા તેને સંલગ્ન થએલા ગુણ એઉની કલ્પના કરવાની જરૂરજ શી છે? અમે તો બસ ગુણ અને એકલા ગુણનેજ માનીશું. જ્યાં એક કારણવડે સંપૂર્ણ વ્યાખ્યા થઇ શકે એમ છે ત્યાં બે કારણ માનવાં એ તદ્દન ન્યાયવિરુદ્ધ છે. આ પ્રમાણે બૌદ્ધોના વિવાદનો આરંભ થયો અને દ્રવ્યના અસ્તિત્વ સંબંધે જે જે મત રચાયા હતા તે સર્વનું ખંડન કરીને બૌદ્ધોએ તેને ન માન્યા. જેઓ એમ માનતા હતા કે દ્રવ્ય અને ગુણ બેઉનું અસ્તિત્વ છે; જેઓ એમ કહેતા હતા કે તમારો આત્મા છે અને મારો પણ આત્મા છે; વળી દરેકનો આત્મા શરીર અને મનથી ભિન્ન છે અને તે દરેક આત્માને સ્વતંત્ર વ્યક્તિત્વ છે; તેમના સિદ્ધાંત છિન્નભિન્ન થઇ ગયા. અલબત્ત અહીં સુધી તો દ્વૈતવાદ બરાબર કામ કરે છે. આપણે હમણાં જોઈ ગયા કે સ્થૂળ શરીર છે, વળી તેની પાછળ એક સૂક્ષ્મ શરીર અર્થાત્ મન છે; વળી તે સર્વનો માલિક આત્મા છે અને દરેક આત્માની અંદર ઓતપ્રોતરૂપે રહેલો પરમાત્મા છે. એ બધું ઠીક છે, પણ મુશ્કેલી તો હવેજ ઉભી થાય છે કે આ આત્મા અને પરમાત્મા બેઉ દ્રવ્ય છે અને તેમને દેહ, મનરૂપી ગુણ વળગેલા છે એમ સ્વીકારવું પડે છે. હવે હકીકત એ છે કે આજસુધી કોઇએ તે દ્રવ્ય જોયું નથી; તેમ તેને વિષે કોઇ કલ્પના પણ કરી શકતું નથી; ત્યારે નહિ જોવાય અને નહિ કલ્પી-શકાય એવા દ્રવ્યનું અસ્તિત્વ માનવાની જરૂરજ શી છે? શા માટે ક્ષણિકવિજ્ઞાન-વાદીની માફક આપણે પણ ન કહીએ કે × માનસિક તરંગો સિવાય જગત્માં બીજા કશાનું અસ્તિત્વજ નથી? દ્રવ્ય અને ગુણ સંલગ્ન થયાંજ નથી. તેઓ બે મળીને એક વસ્તુમાં પરિણત થયાંજ નથી, પણ સમુદ્રના તરંગની માફક એક બીજાની પાછળ ચાલ્યાં આવે છે; તેઓ કદિ પૂર્ણતાને પામ્યાંજ નથી અને તેમનું કદિ પણ અખંડ એકત્વ થયુંજ નથી. મનુષ્ય પણ આવા પ્રકારના તરંગની પરં-પરાસ્વરૂપજ છે. એક તરંગ ચાલ્યો જાય છે અને બીજો તરંગ આવીને તેનું સ્થાન લે છે. એ પ્રમાણે એક પછી એક તરંગો ચાલ્યાજ આવે છે. એ તરંગની નિવૃત્તિ એનુંજ નામ નિર્વાણ.

હવે તમે જોઈ શકશો કે આ દલીલની સામે આપણો દ્વૈતવાદ ચૂપ થઇ જાય છે. તેનાથી કોઇ પણ પ્રકારની સામી દલીલ કરી શકાય એમ છેજ નહિ. અહીં તો દ્વૈતવાદીનો ઈશ્વર પણ ટકી શકતો નથી. ઈશ્વર સર્વવ્યાપી છે અને છતાં પણ તે વ્યક્તિવિશેષ છે, હાથ વગર સૃષ્ટિ ઉત્પન્ન કરી શકે છે, પગ વગર સર્વત્ર ગમન કરી શકે છે અને કુંભકાર માટીનો ઘડો બનાવે છે તેમ તેણે જગત્ નિર્માણ કર્યું છે, એ

×ઇંગ્લંડમાં બર્કલિ કરીને એક તત્ત્વજ્ઞ થઈ ગયો છે તેનો પણ આવોજ અભિપ્રાય છે કે જગત્માં માનસિક તરંગોજ સિવાય કાંઇ છેજ નહિ. ભા૦ ક૦

બધા વિચાર છોકરમત જેવા છે એમ બાદ્ધો કહે છે; અને જો ઈશ્વર આવોજ હોય તો બૌદ્ધ કહેવાને તૈયાર છે કે તેવા ઈશ્વરનું અમે પૂજન તો નહિજ કરીએ પણ ઊલટા તેની સાથે યુદ્ધ કરવા પણ તત્પર છીએ. આ જગત્ દુ:ખપૂર્ણ છે અને જો ઈશ્વરેજ તે પેદા કર્યું હોય તો અમે તેમની સાથે યુદ્ધ કરીશું. વળી તમે પોતેજ જોઇ શકશો કે ઉપર કહ્યો તેવા ઈશ્વરનું અસ્તિત્વ તો ન્યાયવિરુદ્ધજ છે અને ટકી શકે એમજ નથી. જગતની અંદર રહેલી અનુપમ કારીગિરી અને તેનો હેતુ જોઇને તેનો કોઈ રચનાર હોવોજ જોઇએ એવું જેઓ અનુમાન કરે છે તેમની દલીલનું પણ સહેલાઇથી ખંડન થઇ શકે એમ છે; પણ તે કહી બતાવવાનું અત્યારે પ્રયોજન નથી, તેમ પ્રસ્તુત વિષય સાથે તેને સંબંધ પણ નથી. ક્ષણિકવિજ્ઞાનવાદીઓએ એ મતના ટુકડે ટુકડા કરી નાખ્યા અને પરિણામ એ આવ્યું કે વ્યક્તિવિશેષ ઈશ્વર ટકી શક્યો નહિ.

અદ્વૈતવાદીનો મહામંત્ર એવો છે કે કેવળ સત્યનુંજ અવલંબન કરવું અને સત્ય સિવાયનું બીજું બધું ફેંકી દેવું. **सत्यमेव जयते नानृतं, सत्येनैवपन्था विततो देवयानः।** સત્યનોજ જય છે. અસત્યનો કદિ વિજય થતોજ નથી. સત્યદ્વારાજ દેવયાનમાર્ગની પ્રાપ્તિ થાય છે. અનેક જણ એવા છે કે તેઓ સત્યના વાવટાની પાછળ રહીને કૂચ કરે છે ખરા પણ પોતાનાથી નિર્બળ વ્યક્તિને પોતાના બળથી પદદલિત કરવામાટેજ તેમ કરતા હોય છે. તમે પોતેજ ઈશ્વર સંબંધી દ્વૈતવાદાત્મક વિચારોને માનતા હોવા છતાં ગરીબ બિચારા મૂર્તિપૂજકો સાથે વાદવિવાદ કરો છો. તમે માનો છો કે અમે ઘણાજ યુક્તિવાદી છીએ અને બિલકુલ અંધશ્રદ્ધાળુ નથી. તમે તે અભણ મૂર્તિપૂજકને સહેલાઈથી પરાસ્ત કરી શકો ખરા, પણ જો તે સામો થઇને તમારા વ્યક્તિવિશેષ ઈશ્વરને મૂળમાંથી ઉડાવી દે અને તેને સંપૂર્ણ રીતે કાલ્પનિક સાબિત કરી દે તો તમે શું કરશો ? તમે કહેશો કે અમારી એવા ઈશ્વર ઉપરજ શ્રદ્ધા છે અને એવી બીજી લૂલી દલીલો ચલાવશો. તમે કદાચ તમારા પ્રતિસ્પર્ધીને નાસ્તિક કહીને વગોવશો–નિર્બળ લોકો પરાપૂર્વથીજ તેમ કરતા આવ્યા છે કે વિવાદમાં હાર થાય ત્યારે સામા પક્ષને નાસ્તિક કહેવો. જો તમારે યુક્તિવાદીજ થવું હોય તો સર્વાંશે યુક્તિવાદી થાઓ; પરંતુ એકવાર યુક્તિવાદનો અને બીજીવાર શ્રદ્ધાનો આશ્રય લેવો એ ઠીક ન કહેવાય. માટે એમ કરવા કરતાં તો તમે પોતે જેમ સ્વાધીનતા ઇચ્છો છો અને તમારી શ્રદ્ધામુજબ વર્તન કરવા ચાહો છો તેમ બીજાઓને પણ કરવા દો. તમે ઈશ્વરનું અસ્તિત્વ કેવી રીતે સિદ્ધ કરી બતાવશો ?* જેવી રીતે તમે ઈશ્વરનું અસ્તિત્વ સિદ્ધ કરશો તેજ રીતે તમારો પ્રતિસ્પર્ધી ઈશ્વર નથી એમ પૂરવાર કરી બતાવશે. તમારો ઈશ્વર, તેના ગુણ, દ્રવ્ય, સ્વરૂપ, અસંખ્ય

* મહાન્ જર્મન તત્ત્વજ્ઞાની કૅન્ટ સાબિત કરી બતાવે છે કે એકની એક જાતની દલીલથી ઈશ્વર છે અને ઈશ્વર નથી એ બેઉ બાબતો પ્રમાણિત થઇ શકે છે. ભા૦ કo

આત્મા, તે પ્રત્યેક જીવાત્માનું સ્વતંત્ર વ્યક્તિત્વ, એ બધાં સાથે તમે ઈશ્વરનું અસ્તિત્વ કેવી રીતે સાબિત કરી બતાવશો? તમારૂં વ્યક્તિત્વ ક્યાંથી આવ્યું? દેહના સંબંધમાં તમારૂં પૃથક્ વ્યક્તિત્વ છેજ નહિ. તમારા દેહમાં એવું એક પણ તત્ત્વ નથી કે જેને તમે તમારૂં પોતાનું કહી શકો. આ વાત તો આજના વિજ્ઞાનને આધારે પ્રાચીન બૌદ્ધો કરતાં પણ તમે વધારે સારી રીતે સમજી શકો છો, એટલે તમારાથી ના પડાય એમ છેજ નહિ× તમે જાણો છો કે જે સ્થૂળ તત્ત્વોનું તમારૂં શરીર અત્યારે ઘડાયલું છે તે તત્ત્વો તો એક વાર સૂર્ય ઉપર હતાં. જે આજ તમારા શરીરમાં છે તે આવતી કાલે વૃક્ષ-વેલીઓના શરીરમાં દાખલ થઈ જશે; અને ત્યારે ભાઇ-! તમારૂં વ્યક્તિત્વ ક્યાં ગયું? તમારા મનના સંબંધમાં પણ તેમજ છે. તેમાં પણ તમારૂં વ્યકિતત્વ છેજ નહિ. અત્યારે તમે અમુક વિચાર સેવો છો અને આવતી કાલે કોઇ બીજીજ જાતના વિચાર કરશો. તમે નાના બાળક હતા ત્યારે જેવા પ્રકારના વિચાર કરતા હતા તેવા અત્યારે નથી કરતા. જુવાન માણસો જેવા વિચાર કરે છે. તેવાજ વિચાર તેઓ વૃદ્ધાવસ્થામાં નથી કરતા. ત્યારે જે વ્યક્તિત્વનો તમે દાવો કરો છો તે ક્યાં છે? જ્ઞાનમાં (નિશ્ચયાત્મક બુદ્ધિમાં) જ અમારૂં વ્યક્તિત્વ છે એવી દલીલ પણ નહિ ચાલે; કેમકે જ્ઞાન (બુદ્ધિ) એજ અહંકાર-અહંભાવના છે અને તમારા અસ્તિત્વનો તો તે એક અત્યંત અલ્પ અંશમાત્ર છે. હું હમણાં તમારી સાથે વાત કરૂં છું ત્યારે પણ મારા શરીરની બધી ઇન્દ્રિયો પોતપોતાનું કાર્ય કરી રહી છે, છતાં તેની મને ખબર સરખી પડતી નથી. જો અમુક વસ્તુનું જ્ઞાન એજ તે વસ્તુના અસ્તિત્વનું પ્રમાણ હોય તો મારા શરીરની ઇન્દ્રિયોનું અસ્તિત્વ હોવુંજ ન જોઇએ; કેમકે મને તેમનું જ્ઞાન નથી. હવે તમારા વ્યકિતવિશેષ ઈશ્વરને લઇને તમે ક્યાં ઉભા રહેશો? એવા ઈશ્વરનું અસ્તિત્વ તમે કેવી રીતે પૂરવાર કરી શકશો?

વળી બૌદ્ધો ઉભા થઇને કહેશે કે તમારી માન્યતા ન્યાયવિરુદ્ધ છે, એટલુંજ નહિ પણ નીતિવિરુદ્ધ પણ છે; કારણ કે તમારી માન્યતા મનુષ્યને નિર્બળ, અને કાયર બનાવીને બહારની સહાયતાની આશા રાખતાં શીખવે છે, અને ખરૂં જોતાં તેવી સહાયતા કોઇ આપતું તો છેજ નહિ. આ આખું બ્રહ્માંડ પડયું છે અને મનુષ્યે તેને આ સ્વરૂપ આપ્યું છે. સમુદ્રો સાંધ્યા છે, ઉજ્જડ વેરાનને ફળદ્રુપ બનાવ્યાં છે. મનુષ્યે સ્વપુરુષાર્થથી ઘણું કર્યું છે અને હજી બીજું ઘણું કરવાને તે શ-

× સૂર્યની ઉષ્ણતા અને જીવનપ્રદ તત્ત્વોવડે વનસ્પતિ, અનાજ ઈ૦ થાય છે. તેવડે આપણો દેહ બંધાય છે. વળી પાછાં તેજ તત્ત્વો મળ, મેલ અને ઉચ્છ્વાસ ઈ૦ દ્વારા શરીરમાંથી બહાર નીકળી જઇ વનસ્પતિના બંધારણમાં કામ આવે છે. આપણા ઉચ્છ્વાસમાં જે કાર્બોનિક એસિડ નામનો વાયુ નીકળે છે તેમાંથી વનસ્પતિ કાર્બન શોષી લે છે અને તેવડે ઝાડનાં થડ, પાંદડાં વગેરે બને છે. ભા. ક.

કિતમાન્ છે; છતાં બહારની કોઇ કાલ્પનિક વ્યકિત-જેને કદિ કોઇએ જોઇ નથી, જેની પાસેથી કદિ કોઇને લેશમાત્ર પણ સહાયતા મળી નથી તેની આશા શા માટે રાખવી ? એવા તદ્દન કલ્પિત વ્યકિતવિશેષ ઇશ્વરને શા માટે માનવો ? શા માટે તમે જાતેજ ક્ષુદ્ર, પામર, નિર્બળ બની જાઓ છો અને મનુષ્યની ઉંચામાં ઉંચી અવસ્થા, એક ક્ષુદ્ર કૂતરાની માફક તદ્દન કાલ્પનિક વ્યક્તિની આગળ હાથ જોડીને કરગરવામાં રહી છે એમ માનો છો ? " અમે પતિત છીએ, અમે નિર્બળ છીએ, અમે પાપી છીએ, અને જગત્માં નીચામાં નીચા અને હલકામાં હલકા છીએ " એવી કાયરતાભરેલી કાકલુદીઓ અને ભાવનાઓ શા માટે તમે તમારાં અને તમારાં બાળકોનાં મગજમાં ઠસાવી દો છો ? બીજી બાજુએ બૌદ્ધો કહે છે કે તમે આ બધો જુઠ્ઠો બકવાદ કરો છો એટલુંજ નહિ, પણ તેમ કરીને તમારી ભવિષ્યની પ્રજાનું ભયંકર અકલ્યાણ કરો છો; કારણ કે યાદ રાખજો કે આખું જગત્ એક જાતનું હિપ્નોટિઝમજ છે. જેવા તમે પોતાને ધારશો તેવાજ તમે થશો. બુદ્ધ ભગવાન્નો સૌથી પહેલો આદેશ એજ છે કે " તમે તમારે માટે જેવા વિચાર સેવ્યા છે તેવા તમે થયા છો અને હમણાં જેવા વિચાર રાખશો તેવાજ તમે ભવિષ્યમાં થશો. " જો આ શબ્દોમાં સત્ય રહેલું હોય તો અમે નીચ છીએ, દમ વગરના છીએ, એક અન્ય વ્યકિત જે પૃથ્વી ઉપર નહિ પણ આકાશમાં કોઇક ઠેકાણે રહે છે તેની મદદ વગર અમે કોઇ પણ કાર્ય કરવા અસમર્થ છીએ; એવા વિચારને તમારા હૃદયમાં કદિ પણ સ્થાન આપતા નહિ. તેમ કર્યાથી પરિણામ એ આવશે કે તમે દિવસે દિવસે વધારે નિર્બળ અને પુરુષત્વહીન થતા જશો. " હે ઇશ્વર ! અમે પાપી છીએ ! અમને પવિત્ર કર ! " એવું વારે વારે બોલ્યાથી તમે આખરે તમારી પોતાની જાતને એવી બનાવી દેશો કે જેથી તમામ પ્રકારનાં પાપ તમારામાં દાખલ થઇ જશે. બૌદ્ધો કહે છે કે પ્રત્યેક સમાજમાં આપણે જે જે પાપ જોઇએ છીએ તેમાંનાં નેવું ટકા જેટલાં પાપ આ વ્યક્તિવિશેષ ઇશ્વરને માનવાથી અને તેની સામે એક કૂતરાની માફક કાકલુદી કરતાં ઉભાં રહેવાથીજ ઉત્પન્ન થયાં છે. આ આશ્ચર્યકારક મનુષ્યજીવનનો એક માત્ર ઉદ્દેશ કૂતરા જેવાજ બનવાનો હોય તો ખરેખર એ વિચાર ઘણોજ ભયંકર છે. બૌદ્ધો વૈષ્ણવોને કહે છે કે જો તમારો આદર્શ, જીવનનું એક માત્ર લક્ષ્ય અને ઉદ્દેશ તમારા ભગવાન્ના નિવાસસ્થાન વૈકુંઠમાં જઇને તેની સામે અનંતકાળપર્યંત હાથ જોડીને ઉભા રહેવામાંજ હોય, તો બહેતર છે કે તમે બધા ઝેર ખાઇને આપઘાત કરો. તેઓ આગળ વધીને એમ પણ કહે છે કે આ પરિણામ અટકાવવાને માટેજ અમે નિર્વાણ કરવાનો પ્રયાસ કરીએ છીએ. હું તમારી સમક્ષ હમણાં એક બૌદ્ધ માફક બોલું છું; અને તેમની દલીલો તમારી સમક્ષ રજુ કરૂં છું. (આ કાંઇ મારા પોતાના અભિપ્રાય નથી.) કેટલાક લોકો એમ સમજવા લાગ્યા

છે કે અદ્વૈતવાદવડે સમાજમાં અનીતિનો ફેલાવો થાય છે; માટે સામા પક્ષવાળા કેવી કેવી યુક્તિઓ તમારી સામે ગોઠવી શકે એમ છે તે હું તમને પહેલેથીજ કહું છું. આપણે તો એ બેઉ પક્ષની સામા નિડરપણે, દઢતાથી ઉભા રહેવાનું છે.

વ્યક્તિવિશેષ ઇશ્વર છે અને તેણે આ જગતની રચના કરી છે, આ વાત સાબિત કરી શકાય એમ છેજ નહિ, એ આપણે જોઇ ગયા. એવી બાલિશતા ભરેલી વાતોને આજે નાનું બાળક પણ હસી કહાડશે. કુંભાર ઘડો બનાવી શકે છે માટે ઇશ્વરે પણ જગત્ બનાવ્યું ? જો એમજ હોય તો કુંભાર પણ એક જાતનો ઇશ્વર! અને જો તમને કોઇ કહે કે ઇશ્વરને હાથપગ નથી છતાં પોતાનું કાર્ય કરી શકે છે, તો તમે તેને ગાંડાના દવાખાનામાંજ લઇ જજો. આધુનિક વિજ્ઞાનશાસ્ત્ર તમને સવાલ પૂછે છે કે જે વ્યક્તિવિશેષ ઇશ્વરને તમે માનો છો, જેને તમે જગતનો કર્તા કહો છો, જેને માટે તમે આખી જીંદગી સુધી આક્રંદ કર્યાજ કરો છો તેણે તમને લેશમાત્ર પણ સહાયતા આપી હતી ખરી? તમારામાં હિમ્મત હોય તો બોલો. તેઓ તમને દરેક પ્રકારના દાખલાદલીલોસાથે સાબિત કરી બતાવશે કે જે સહાયતા તમને ઇશ્વર પાસેથી મળી છે એમ તમે ધારો છો તે તમને તમારા પોતાના પુરુષાર્થથી પણ મળત. વળી તમે આક્રંદ કરવામાં તમારી શક્તિનો મિથ્યા વ્યય ન કર્યો હોત તો વધારે સારૂં થાત. રડવા કકળવા કરતાં તમારા પોતાના પુરુષાર્થથીજ તમારૂં કાર્ય સિદ્ધ થાત અને જે કાંઇ થયું છે તે પણ તમે પોતેજ કર્યું છે. તમારા કાલ્પનિક ઇશ્વરે કશુંજ કર્યું નથી. વળી આ અનિષ્ટની સાથે બીજું મોટું અનિષ્ટ એ સમાયલું છે કે વ્યકિતવિશેષ ઇશ્વરને માનતાં પૌરોહિત્ય (બ્રાહ્મણ, પુરોહિત અથવા ધર્મગુરુનો હદબહાર અધિકાર) અને બીજા અનેક અત્યાચાર ધર્મના પ્રદેશમાં પેસી જાય છે. જે જે દેશોમાં આવા પ્રકારની માન્યતા ચાલે છે ત્યાં ત્યાં બધે પૌરોહિત્ય અને એવા બીજા અત્યાચારનો ફેલાવો થવા પામ્યો છે. બૌદ્ધો કહે છે કે જ્યાંસુધી આવી માન્યતાને પૂરેપૂરી નિર્મૂળ કરી નાખવામાં નહિ આવે ત્યાં સુધી એ અત્યાચારની નિવૃત્તિ થશે નહિ. જ્યાંસુધી જનસમાજમાં આવા પ્રકારની માન્યતા ચાલુ રહેશે, જ્યાંસુધી લોકો કોઇ આધિભૌતિક શકિતને દીનતાપૂર્વક નમન કરતા રહેશે, ત્યાંસુધી પુરોહિતોનું પ્રાબલ્ય રહેશેજ અને તેઓ અમુક પ્રકારના ખાસ અધિકાર અને લાભ પ્રાપ્ત કરવાનો દાવો કરીને લોકોની પાસેથી બળાત્કારે સન્માન મેળવશેજ. વળી ગરીબ બિચારાં સામાન્ય મનુષ્યો પણ એથી કરીને ઇશ્વરને પોતાની પ્રાર્થના પહોંચાડવાને માટે પુરોહિતરૂપી વકીલની જરૂર સમજીને ઠગાતાજ રહેશે. તમે કદાચ ધારો તો બ્રાહ્મણોની સત્તા તોડી શકો, પણ યાદ રાખજો કે જેઓ બ્રાહ્મણોની સત્તા તોડશે તેઓજ પાછા તેમની જગ્યાએ બેસી જશે અને બ્રાહ્મણો કરતાં તેઓ વિશેષ અન્યાય અને અત્યાચાર પ્રવર્તાવશે; કારણ

કે હાલના બ્રાહ્મણોમાં તો કાંઈક સહૃદયતા અને ઉદારતા છે, પણ આ નવા બ્રાહ્મણો તો ભયંકર અત્યાચાર ચલાવશે. જ્યારે કોઈ ભિખારી એકદમ ધનવાન થઈ જાય છે ત્યારે તેના મગજમાં એવો તોર આવી જાય છે કે આખા જગતને તરણાને તોલે ગણી કહાડે છે; માટે જ્યાંસુધી વ્યક્તિવિશેષ ઈશ્વર ઉપર લોકોની શ્રદ્ધા કાયમ રહેશે ત્યાંસુધી તમારે બ્રાહ્મણો અથવા પુરોહિતો વિના ચાલવાનુંજ નથી, અને ત્યાંસુધી જનસમાજમાં કોઈ પણ રીતે નીતિના ઉચ્ચ આદર્શનો ફેલાવો થાય એ આશા પણ મિથ્યા છે. હમેશ જ્યાં પૌરોહિત્ય છે ત્યાં અત્યાચાર ખરોજ. પૌરોહિત્યની ઉત્પત્તિજ શા કારણથી થઈ? પ્રાચીન કાળમાં પુરોહિતો ન હતા. દરેક કુટુંબનો વૃદ્ધ માણસ કુટુંબના પુરોહિતનું કામ કરતો, પણ બન્યું એમ કે ઘણા સમયપૂર્વે અમુક શક્તિમાન્ પુરુષોએ સામાન્ય મનુષ્યોને પોતાની પ્રતિભાવડે અધીન કરી દીધા, અને તેમને કહ્યું કે જો તમે અમારી આજ્ઞા પ્રમાણે નહિ ચાલો તો અમે તમારો વિનાશ કરીશું. આ રીતે પુરોહિત વર્ગની ઉત્પત્તિ થઇ અને તે આજે જનસમાજમાં જડમૂળ ઘાલી બેઠો છે. **सभयं वज्रमुद्यतम्** એક માણસે હાથમાં વજ્ર ઉગામીને લોકોને કહ્યું કે જો તમે અમારૂં કહ્યું નહિ માનો તો માર્યા ગયા જાણજો.

વળી બૌદ્ધો કહે છે કે તમે અત્યારસુધી યુક્તિવાદનું અવલંબન કરતા આવ્યા છો અને કહો છો કે જે કાંઇ થયું છે તે કર્મનુંજ પરિણામ છે. તમે અસંખ્ય જીવાત્માને માનો છો અને તમારા મત પ્રમાણે એ જીવાત્માને જન્મ તેમજ મૃત્યુ નથી. બસ, આટલે સુધી તમે યુક્તિ અને ન્યાયપુરઃસર બોલો છો એમાં કાંઇ શક નથી. કારણ હોય તો કાર્ય પણ હોવુંજ જોઇએ. વર્તમાન સમયમાં જે કાંઇ બને છે તે ભૂતકાળના કર્મનું પરિણામ છે, અને વર્તમાન સમયમાં જે કર્મ થાય છે તેનું ફળ ભવિષ્યકાળમાં ઉત્પન્ન થશે. હિંદુ લોકો માને છે કે કર્મ જડ છે, ચૈતન્ય નથી; માટે કર્મનું ફળ લાવવાને કોઇક ચૈતન્યની આવશ્યકતા છે. આના જવાબમાં બૌદ્ધો કહેશે કે વૃક્ષમાંથી ફળ પ્રાપ્ત કરવાને ચૈતન્યનું પ્રયોજન છે ખરૂં કે? બીજને જમીનમાં દાટો, પાણી સિંચો એટલે આપોઆપ તેને ફળ લાગશે. એમાં કાંઇ ચૈતન્યની જરૂર પડતી નથી. તમે કહેશો કે અસલથી બીજ ઇત્યાદિમાં કાંઇક ચૈતન્ય હતું અને તેના વડેજ આ બધું કાર્ય થયું છે, પરંતુ જીવાત્માઓજ જો ચૈતન્ય છે તો બીજા ચૈતન્યનું પ્રયોજનજ શું છે? બૌદ્ધ લોકો જીવાત્માના અસ્તિત્વને માનતા નથી. પણ જૈન લોકો માને છે. તેઓ માત્ર ઈશ્વરનેજ માનતા નથી. તેઓ તમને કહેશે કે જો જીવાત્મામાંજ ચૈતન્ય હોય તોપછી ઇશ્વરને માનવાની જરૂરજ શી છે? હે દ્વૈતવાદી બંધુ! તમારો યુક્તિવાદ હવે ક્યાં ગયો? તમારા નીતિતત્ત્વનો પાયો હવે ક્યાં રહ્યો? તમે અદ્વૈતવાદ ઉપર મિથ્યા દોષારોપણ કરો છો અને કહો છો કે તેના વડે અનીતિનો પ્રચાર થાય છે; પણ તમે જરા

ભરતખંડના દ્વૈતવાદી સંપ્રદાયોનો ઇતિહાસ જોશો ? તેમણે શું શું કર્યું છે અને હજી પણ કરે છે તે તપાસશો? જો અદ્વૈતવાદીમાં વીશહજાર પાખંડીઓ જોવામાં આવશે તો દ્વૈતવાદી સંપ્રદાયોમાં પણ તેટલાજ નીકળી આવશે. ખરી વાત તો એ છે કે અદ્વૈતવાદ કરતાં દ્વૈતવાદના મંડળમાંથી વધારે દુરાચરણી મનુષ્યો જોવામાં આવશે; કારણ કે અદ્વૈતવાદને સમજવામાટે પણ કાંઇક વધારે ઉંચા પ્રકારની બુદ્ધિ અને સંસ્કૃતિની જરૂર રહે છે, અને અદ્વૈતવાદીઓ એકદમ કોઈના ડરાવ્યા ડરી જાય અને કોઇ કહે તે માની દે એવા હોતા નથી. ત્યારે હવે હિંદુઓએ કરવું શું ? બૌદ્ધોના પંજામાંથી છૂટા થવાય એમ છે ? તમે વેદનાં પ્રમાણ ટાંકો પણ બૌદ્ધો કહેશે કે અમે તમારા વેદને માનતા નથી. અમારા ત્રિપિટકમાં એવું કાંઇ લખેલું નથી. અમારા ત્રિપિટક અનાદિ અને અનંત છે. (જોકે બુદ્ધભગવાને પણ ત્રિપિટક લખ્યા નથી. તે તો માત્ર ત્રિપિટક બોલી ગયા છે, સનાતન સત્યોની પુનરાવૃત્તિજ કરી છે.) તેઓ એમ પણ કહેશે કે તમારા વેદ અસત્ય છે. બ્રાહ્મણોએ બનાવી કહાડયા છે, માટે તેમને ફેંકી દો, માત્ર અમારાજ વેદ-ત્રિપિટક સત્ય છે, ત્યારે તમે શું કરશો ?

બૌદ્ધ લોકોની યુક્તિજાલનું છેદન કરીને તેમાંથી મુક્ત થવાનો માત્ર એકજ ઉપાય છે અને તે હું તમને હમણાં કહું છું. દ્રવ્ય અને ગુણ વિભિન્ન છે અને તેઓ એક બીજા ઉપર આધાર રાખે છે, એ બૌદ્ધ લોકોની પહેલી તકરાર છે; પરંતુ વસ્તુતઃ તેમ છેજ નહિ. અદ્વૈતવાદના મત પ્રમાણે દ્રવ્ય અને ગુણ ભિન્ન નથી. તમને " **सर्प-रज्जुभ्रम** " એ પ્રાચીન દૃષ્ટાંત સ્મરણમાં હશે. તમે સર્પને જુઓ તે વખતે તમે રજ્જુને (દોરડું) જોઇ શકોજ નહિ. તે વખતે તમારી દૃષ્ટિમાંથી દોરડું તદ્દન અદૃશ્ય થઇ જાય છે. કોઇ પણ પદાર્થના દ્રવ્ય અને ગુણને પૃથક્ કરવા એ માત્ર તત્ત્વજ્ઞાનીઓના મગજમાંથી ઉત્પન્ન થએલો દાર્શનિક વ્યાપાર છે, વસ્તુતઃ તેવું કાંઈ છેજ નહિ. દ્રવ્ય અને ગુણ એવા ભિન્ન પદાર્થોનું વાસ્તવિક અસ્તિત્વજ નથી. જો તમે સાધારણ કોટિના મનુષ્ય હો તો તમે કેવળ ગુણજ જોઇ શકશો અને મૂળ વસ્તુનું સ્વરૂપ જોઈ શકશો નહિ. જો તમે ઉચ્ચ કોટિના યોગી પુરુષ હો તો તમે કેવળ અસલ દ્રવ્યજ જોઇ શકશો; પણ એકજ વખતે ગુણ અને દ્રવ્ય બેઉ કોઇથી જોઇ શકાય એમ નથી. માટે હે બૌદ્ધો ! તમે દ્રવ્ય અને ગુણને માટે જે તકરાર ઉઠાવો છો તેને પાયોજ નથી. તમારી તકરાર કેવળ ભ્રાંતિથીજ ઉત્પન્ન થએલી છે. હવે જો દ્રવ્ય, ગુણરહિત હોય તો પછી માત્ર એક દ્રવ્યનુંજ અસ્તિત્વ સિદ્ધ થઇ શકે છે. જો તમે આત્મામાંથી તમામ ગુણને છૂટા પાડી શકો અને એ સર્વ ગુણો માત્ર મનમાંજ અસ્તિત્વ ધરાવતા હોઇને તેઓ મનનાજ ગુણ હોવા છતાં આત્મામાં તેમનું મિથ્યાજ આરોપણ થએલું છે એમ સિદ્ધ કરી બતાવો; તો પછી એક કરતાં વધારે આત્મા નથી એમ પણ આપોઆપજ સાબિત થઇ જાય છે; કારણ કે ગુણના પૃથક્-

પણાથીજ એક આત્માની બીજા આત્મા કરતાં જૂદાઇ માલૂમ પડે છે. એક આત્મા બીજા આત્માથી ભિન્ન છે એ આપણે જાણીએજ શી રીતે ? કેટલાંક જૂદાં જૂદાં ચિન્હ અને જૂદા જૂદા ગુણવડેજ. હવે જ્યાં ગુણુંજ અસ્તિત્વ ન હોય ત્યાં પૃથક્-પણું સમજાયજ કેવી રીતે ? માટે એક કરતાં વધારે આત્મા છેજ નહિ. એકજ આત્મા સર્વત્ર વિદ્યમાન છે; અને તેથી તમારે પરમાત્માના અસ્તિત્વની પણ જરૂર નથી. તમારો પોતાનો આત્મા એજ પરમાત્મા છે. એક અખંડ આત્માનેજ પરમાત્મા કહો, જીવાત્મા કહો અગર ગમે તે નામ આપો, પણ તે સર્વ એકજ પદાર્થ છે. સાંખ્ય અને અન્યાન્ય દ્વૈતવાદના અનુયાયીઓ ! તમે માનો છો કે આત્મા વિભુ-સર્વવ્યાપક છે, છતાં એક કરતાં વધારે આત્મા છે એમ તમારાથી કહેવાયજ કેમ ? અનંત પદાર્થ એક સાથે બે સંભવી શકેજ નહિ. અનંત સત્તા તો માત્ર એકજ હોઇ શકે. આત્મા તો એક છે, અને જે જૂદાં જૂદાં સ્વરૂપ દેખાય છે તે તો માત્ર તેનો આવિર્ભાવજ છે.

આ યુક્તિની સામે બૌદ્ધ દાર્શનિકો નિરુત્તર થઇ જાય છે, પણ કાંઇ તેઓનો પરાભવ કરવા માત્રથીજ અદ્વૈતવાદીનું કાર્ય પૂરૂં થઇ જતું નથી. માત્ર શુષ્કમતવાદીઓની માફક પોતાના પ્રતિસ્પર્ધીઓનું ખંડન કરવાથીજ પોતાનું કાર્ય સંપૂર્ણ થયું એમ અદ્વૈતવાદીઓ માનતા નથી. અદ્વૈતવાદીઓ ખંડન કરવાનું કાર્ય પણ ત્યારેજ કરવા ઇચ્છે છે કે જ્યારે બીજા મતવાળાઓ છેક નજીક આવીને તેમના સિદ્ધાંત ઉપર આક્રમણ કરવા લાગે છે. વળી તેઓ ખંડનનું કાર્ય પણ ફક્ત તેમને ઉંચકીને દૂર ફેંકી દેવા પૂરતુંજ બજાવે છે; કેમકે તેઓનું મુખ્ય કાર્ય તો પોતાના સિદ્ધાંત દૃઢ પાયા ઉપર સ્થાપન કરવામાંજ રહેલું હોય છે. આ પ્રમાણે માની વિરુદ્ધ મતનું ખંડન કરીનેજ બેસી ન રહે અને શાસ્ત્રનાં પ્રમાણ બતાવીનેજ પોતાનો બચાવ ન કરે એવો જો કોઇ પણ વાદ હોય તો તે માત્ર અદ્વૈતવાદજ છે. તેમની દલીલ આ પ્રમાણે છેઃ–તમે કહો છો કે જગત્ એક અવિરત પ્રવાહ છે એ વાત અમે (અદ્વૈતવાદી) સ્વીકારીએ છીએ. વ્યષ્ટિ માત્ર ગતિમાન છે એ વાત પણ ખરી છે. તમે પણ ગતિમાન છો; આ ટેબલ પણ ગતિમાન છે; અને જગતના પ્રત્યેક પદાર્થ ગતિમાન હોઇને સર્વત્ર ગતિ–પરિવર્તનજ જોવામાં આવે છે. આમ હોવાથીજ આપણે એને સંસાર (**सृ**=સરવું, જવું, ખસવું) તેમજ જગત્ (**गम्**=જવું) કહીએ છીએ; પરંતુ જો સર્વત્ર માત્ર ગતિજ ગતિ રહેલી હોય અને તે વિના બીજું કશું પણ નજ હોય તો પછી જગતમાં વ્યક્તિત્વ જેવું પણ કશું રહેતુંજ નથી; કારણ કે " પરિવર્તનશીલ વ્યક્તિત્વ " હોઇ શકેજ નહિ. પરિવર્તન અને વ્યક્તિત્વ એ શબ્દોજ પરસ્પર વિરુદ્ધ છે, માટે જગત્માં જેને વ્યક્તિ કહી શકાય એવું કાંઇ રહેતુંજ નથી; કેમકે વિચાર, લાગણી, મન, શરીર, જીવ, જંતુ વગેરે સર્વમાં પળે

પળે પરિવર્તન થયાજ કરે છે. પણ ધારો કે આપણે આખા જગતને એક અખંડ સમષ્ટિ તરીકેજ ગણીએ. સમષ્ટિમાં કોઇ જાતનું પરિવર્તન કે ગતિ જોવામાં આવે છે? લેશમાત્ર પણ નહિ. અમુક પદાર્થ ગતિમાં છે એમ આપણે શી રીતે જાણી શકીએ છીએ? કોઇ મંદ ગતિવાળા અથવા સંપૂર્ણ ગતિહીન પદાર્થની સાથે મુકાબલો કરવાથીજ આપણને ગતિનું ભાન થાય છે, માટે સમષ્ટિરૂપ જગત્ ગતિહીન અને અવિકારી છે. આ પ્રમાણે હોવાથી આપણે પણ આખા જગતની સાથે અભિન્નભાવ અનુભવી શકીએ ત્યારેજ—અને માત્ર ત્યારેજ આપણું વાસ્તવિક વ્યક્તિત્વ સંભવી શકે છે. આખા જગતને આપણી સાથે લીધા વગર આપણું પૃથક્ વ્યક્તિત્વ હોઇ શકેજ નહિ. એટલા માટેજ વેદાંતીઓ (અદ્વૈતવાદી) કહે છે કે જ્યાંસુધી દ્વૈતભાવના છે ત્યાંસુધી ભયને સંપૂર્ણ દૂર કરવાનો ઉપાયજ નથી. જ્યારે આપણાથી અમુક વસ્તુ ભિન્ન છે એવું દૃષ્ટિએ પણ ન પડે, એવો અનુભવ પણ ન થાય, અને જ્યારે માત્ર એક સત્તાનોજ અનુભવ થાય ત્યારેજ ભય માત્ર દૂર થાય છે; ત્યારેજ મનુષ્ય મૃત્યુની અને સંસારની પાર જઇ શકે છે. એજ કારણથી અદ્વૈતવાદ ઉપદેશ આપે છે કે સમષ્ટિના જ્ઞાનમાંજ મનુષ્યનું વાસ્તવિક વ્યક્તિત્વ રહે છે, વ્યષ્ટિના જ્ઞાનમાં નહિજ. જ્યારે તમે તમારી જાતને આખા જગત્સ્વરૂપ માનો અને એ ભાવનાનો સાક્ષાત્કાર કરો, ત્યારેજ વાસ્તવિક અમૃતત્વની પ્રાપ્તિ થાય છે. જ્યારે તમે પોતાને સમગ્ર જગત્સ્વરૂપ અનુભવો ત્યારેજ તમે ભયરહિત અને અમૃતસ્વરૂપ થઇ શકો. જ્યારે તમે એવી અવસ્થા અનુભવશો ત્યારેજ તમને જગત્ અને બ્રહ્મ, એ બેઉનો સંપૂર્ણ અભેદ સમજાશે અને ત્યારેજ આપણી વૃત્તિને ચંદ્ર, સૂર્ય, તારા, નક્ષત્રસહિત આખું જગત્ એક 'અખંડ' વસ્તુમાં રહેલું અથવા તે વસ્તુરૂપજ હોવાની પ્રતીતિ થશે.

જે લોકો કાંઇક વધારે સારાં કર્મ કરે છે અને જરા વધારે સારી મનોવૃત્તિ પ્રાપ્ત કરે છે તેઓને મૃત્યુ પછી એજ વસ્તુમાં ઇન્દ્રાદિ દેવતાયુક્ત સ્વર્ગલોકનું દર્શન થાય છે, જેઓ એથી પણ વધારે ઉન્નત દશા પ્રાપ્ત કરે છે તેમને એજ વસ્તુમાં બ્રહ્મલોકનું દર્શન થાય છે, અને જેઓ પૂર્ણસ્થિતિએ પહોંચ્યા છે, જેઓ સર્વાંશે સિદ્ધ થયા છે તેમને પૃથ્વી, સ્વર્ગ, બ્રહ્મલોક એવા કોઇ પણ લોકનું દર્શન ન થતાં તેમની દૃષ્ટિમાંથી આખું બ્રહ્માંડ અંતર્હિત થઇ જાય છે અને તેને ઠેકાણે એક માત્ર બ્રહ્મનુંજ દર્શન થાય છે.

હવે આપણે એ બ્રહ્મને કેવી રીતે જાણી શકીએ? સંહિતામાં આપેલા અનંત દેશકાળના વર્ણનવિષે હું થોડા વખતપર તમને કહી ચૂક્યો છું; પરંતુ સંહિતામાંનું એ વર્ણન તો માત્ર બાહ્ય જગત્નાજ અનંતત્વનું હતું. હવે તો એથી ઊલટું આંતર જગતના અનંત જ્ઞાનનું એટલે કે વિચારસૃષ્ટિના અને ભાવસૃષ્ટિના અનંત-

પણાનું વર્ણન કરવાનું છે. સંહિતામાં "અનંતત્વ આવા પ્રકારનું છે" એવી અસ્તિભાવસૂચક ભાષામાં તેનું વર્ણન કરવાનો પ્રયત્ન કરેલો છે, પરંતુ હવે એવા વિષયનું વર્ણન કરવાનું છે કે જે કરવામાટે ભાષા અસમર્થ છે, અને તેમ હોવાથી "એ અનંતત્વ આવા પ્રકારનું નથી" એવી નાસ્તિભાવાત્મક ભાષામાં **नेति नेति** એવા શબ્દપ્રયોગથીજ અનંતત્વનું વર્ણન કરવાનું શરૂ થાય છે.

આ આપણી સન્મુખ આખું બ્રહ્માંડ પડયું છે. ધારો કે "તે બ્રહ્મ છે" એમ આપણે સમજીએ, પણ તેથી શું આપણે તેને જાણી શકયા! બિલકુલ નહિ. તમારે આ વિષય બરાબર સમજી લેવાની જરૂર છે. વારંવાર તમારા મનમાં આ સંદેહ ઉત્પન્ન થશે કે બ્રહ્મ તો છે પણ તેને મારે જાણવો કેવી રીતે? **विज्ञातारमरे केन विजानीयात्** "હે મૈત્રેયિ! જાણનારને કેવી રીતે જાણવો?" નેત્ર બધા પદાર્થોને જોઇ શકે છે પણ નેત્ર શું પોતાને જોઇ શકે છે? કદિ નહિ; કારણ કે જાણવાની ક્રિયા એ તો એક ઉતરતા પ્રકારની અવસ્થા છે. હે આર્યપ્રજાનાં સંતાનો! તમે આ વિષય ખાસ કરીને સ્મરણમાં રાખજો; કેમકે એજ આપણા તત્ત્વદર્શનનો મૂળ પાયો છે.

આ બાબતમાં પાશ્ચાત્ય તત્ત્વદર્શનનું સ્વરૂપ કાંઇ ઓરજ પ્રકારનું છે. તેમના તત્ત્વદર્શનનો આધાર માત્ર એજ સિદ્ધાંત ઉપર છે કે "ઇન્દ્રિયજન્ય જ્ઞાનથી વધારે ઉચ્ચજ્ઞાન સંભવેજ નહિ." આપણા વેદમાં કહ્યું છે કે વસ્તુનું જ્ઞાન એ ખુદ વસ્તુ કરતાં ઉતરતુંજ છે; કારણ કે જ્ઞાન "સીમાબદ્ધ" એટલે કે દિશા, કાળ અને કારણવડે મર્યાદિત થએલું હોય છે, નિરપેક્ષ હોતું નથી. જ્યારે અમુક પદાર્થવિષે તમે જ્ઞાન પ્રાપ્ત કરો છો ત્યારે તે જ્ઞાન તમારા મનવડે આચ્છાદિત અને મર્યાદિત થયેલું છે. મોતીની છીપમાં જે રીતથી મોતી બંધાય છે તેનું દૃષ્ટાંત મેં હમણાંજ તમને કહ્યું હતું તે ફરી યાદ કરો. જ્ઞાન મનદ્વારા કેવી રીતે આચ્છાદિત થાય છે તે તમને એ દૃષ્ટાંતવડે સમજાશે. તમે એક વસ્તુના સંસ્કાર ગ્રહણ કરો છો અને તેને તમારા સ્વાનુભવમાં ઉતારો છો, પણ તેનું આખું સ્વરૂપ તમે જાણી શકતા નથી. તમે જે કાંઇ જાણો છો તે તો માત્ર જ્ઞાનનો વિષય અને તમારૂં મન એ બેઉના સરવાળા જેટલુંજ હોય છે. આ નિયમ તમામ પ્રકારની જ્ઞાનક્રિયાના સંબંધમાં લાગુ પડે છે અને તેમ હોવાથી અનંતના જ્ઞાનના સંબંધમાં તેમ પણ લાગુ પડવોજ જોઇએ; પરંતુ જે અનંત પરમાત્મા સર્વ પ્રકારના જ્ઞાનનું ઉપાદાન કારણ છે તેને આપણે મનવડે જાણી શકાય તેટલો નાનો-મર્યાદિત કેવી રીતે કરી શકીએ? જે કેવળ સાક્ષિરૂપ છે, જેના વિના કોઇપણ પ્રકારનું જ્ઞાન સંભવેજ નહિ, જેને કોઇપણ જાતનો ગુણ નથી, અને જે આખા જગતમાં તેમજ આપણા આત્મામાં સાક્ષીરૂપે રહેલો છે, તેને આપણે મનવડે કેવી રીતે ર્યાદિત કરી

શકીએ ? કેવી રીતે જાણી શકીએ ? જે સર્વાંશે અમર્યાદિત છે તેને તે આપણે કેવી રીતે બાંધી શકીએ ?

એ અનંતને જોવામાટે આપણે કદાચ આખું પ્રાપંચિક જગત્ જોઇ વળીએ તોપણ તે સર્વ મિથ્યા ફાંફાં મારવા જેવુંજ છે. આ જીવાત્મા પોતાના મૂળ સ્વરૂપ મુખનું—સદા જ્ઞાનાનંદમય શુદ્ધાત્માનું —પ્રતિબિંબ જોવાને માટે જગત્ના તમામ પ્રાણિપદાર્થનો દર્પણ તરીકે ઉપયોગ કરે છે. એક પછી એક દરેક પદાર્થમાં તે પોતાનું પ્રતિબિંબ શોધે છે, પરંતુ તે સર્વ અપૂર્ણ લાગવાથી તે છેવટે ઉત્તમ મનુષ્ય (સાંત) તરફ નજર કરે છે. ત્યાંથી તેને સમજાય છે કે સર્વ પદાર્થો સાંત છે અને સાંતની અંદર અનંત આત્માનો પ્રકાશ કદિ પડી શકેજ નહિ. આ પ્રતીત થતાંજ આત્મા પાછે પગલે કૂચ કરવા માંડે છે અને બાહ્યસૃષ્ટિમાં આરોપેલી વૃત્તિઓને સંકેલી લે છે. ખરેખરો ત્યાગ અથવા વૈરાગ્ય આનુંજ નામ છે. ઇન્દ્રિયોના વિષયોમાંથી બહાર નીકળો, તે તરફ નજર સરખી ન કરો એજ વૈરાગ્યનો મૂળ મંત્ર છે. એજ સર્વ પ્રકારના કલ્યાણનો મૂળ મંત્ર છે; કારણ કે એ વૈરાગ્યરૂપ તપશ્ચર્યામાંથીજ સર્વોત્તમ વસ્તુ પ્રાપ્ત થઈ શકે છે. આ પ્રમાણે જેમ જેમ તમે આવ્યા હતા તે દિશામાં પાછલે પગલે કૂચ કરતા જશો તેમ તેમ જગત્ના જૂદા જૂદા પ્રકારનાં સ્વરૂપ તમારી નજર આગળ આવતાં જશે. જો તમે એ સ્વરૂપોમાં અટકી નહિ પડતાં તેમને એક પછી એક છોડતા જશો, તો આખરે તમારૂં જે મૂળ સ્વરૂપ છે તે એકલુંજ અવશિષ્ટ રહેશે, અને એનુંજ નામ મોક્ષ. તેનુંજ નામ પરમાત્મપ્રાપ્તિ.

विज्ञातारमरे केन विजानीयात् । જાણનારને શી રીતે જાણવો ? એ પ્રશ્નને હજી પણ તમારે સારી રીતે સમજી લેવાની જરૂર છે. જે જાણનાર છે તેને કદિ પણ જાણી શકાયજ નહિ; કારણ કે જો તેનું જ્ઞાન થાય તો તે જ્ઞાનનો વિષય થઇ જાય અને જ્ઞાતા મટી જાય. દર્પણમાં આપણે આપણી આંખનું પ્રતિબિંબ જોઇ શકીએ છીએ પણ તે માત્ર પ્રતિબિંબજ છે; આંખ પોતે તો નથીજ. કોઇ કહે કે જો આપણો આત્મા માત્ર સાક્ષિરૂપજ હોય તો પછી તેથી લાભ શો ? તે આપણી માફક જીવન ધારણ કરી શકતો નથી, હલનચલન કરી શકતો નથી કે જગત્ના વિવિધ સુખનો ઉપભોગ પણ કરી શકતો નથી ! પરંતુ સાક્ષિસ્વરૂપ આત્મા કેવો આનંદ ભોગવી શકે છે તેની સામાન્ય મનુષ્યોને ખબરજ હોતી નથી. તેઓ આપણને કહે છે કે " હે હિન્દુઓ ! તમે બધા સાક્ષિરૂપજ બની ગયા છો ! તમારી આવી માન્યતાને લીધેજ તમે નિષ્ક્રિય અને નિર્માલ્ય થઇ ગયા છો ! " આ આક્ષેપનો જવાબ એ છે કે ખરી મજાહ તો સાક્ષિજ ભોગવી શકે છે. કુસ્તીના ખેલમાં વિશેષ આનંદ કોણ ભોગવે છે—કુસ્તી કરનાર કે કુસ્તીના જોનાર ? જીવનમાં જેમ જેમ તમે દરેક બાબતમાં સાક્ષિસ્વરૂપ બનતા જશો તેમ તેમજ તમારો આનંદ વધતો

જશે. આજ ખરેખરો આનંદ છે. આમ કરતાં કરતાં જ્યારે તમે આખા જગતના સાક્ષિરૂપ બની જશો ત્યારેજ તમે અનંત આનંદના ભોક્તા થઇ શકશો, ત્યારેજ તમે મુક્તપુરુષ બની જશો. જે પોતાને સાક્ષિસ્વરૂપે અનુભવી ચૂકયો હોય, તેજ ખરેખરો નિષ્કામ કર્મ કરનાર થઇ શકે છે. તેજ નિન્દા અને સ્તુતિને એકસરખાં ગણીને સ્થિર ચિત્તે પોતાનું કર્તવ્ય બજાવી શકે છે. સ્વર્ગમાં જવાની કે લોકોમાં યશ પ્રાપ્ત કરવાની કામના રાખ્યા વગર માત્ર એવો મહાત્માજ ખરાં કર્મ કરી શકે છે. ખરેખરા આનંદનો ભોક્તા પણ માત્ર તેજ છે. અન્ય પુરુષ ગમે તેટલા વૈભવવાળો હોવા છતાં તેના જેવો આનંદનો ભોક્તા બની શકેજ નહિ.

અદ્વૈતવાદના નૈતિક અંશની સમાલોચના કરતાં જણાય છે કે તેના દાર્શનિક અને નૈતિક સિદ્ધાંતની વચમાં એક બીજું પણ તત્ત્વ રહેલું છે, તેને માયાવાદ કહે છે. અદ્વૈતવાદની એકેએક બાબત સારીરીતે સમજતાં વર્ષનાં વર્ષ અને સમજાવતાં પણ અનેક મહિના વીતી જાય તેમ છે. માટે હું એ બાબતોનો સામાન્ય ઉલ્લેખજ અત્યારે કરૂં છું અને આશા રાખું છું કે તે માટે તમે મને દરગુજર કરશો. આ માયાવાદનો સિદ્ધાંત પરાપૂર્વથીજ ઘણો કઠિન મનાતો આવ્યો છે. હું તમને સંક્ષેપમાંજ કહું છું કે વાસ્તવિકરીતે આ માયાવાદ કોઈ પણ પ્રકારનો વાદ અથવા મત છેજ નહિ. દેશ, કાળ અને નિમિત્ત એ ત્રણ સંયુક્ત ભાવનાઓનું એક નામ તે "માયાવાદ" છે. સમુદ્ર અને સમુદ્રના તરંગમાં જો કાંઇ ભેદ હોય તો તે માત્ર નામ અને રૂપમાંજ છે. એ નામરૂપને તરંગથી પૃથક્ સત્તા હોતી નથી. તેઓ તરંગની સાથેજ રહેલાં છે. એ તરંગ શમી જાય એટલે તેની સાથેજ તરંગની અંદર રહેલાં તેનાં નામરૂપ પણ સદાને માટે લુપ્તજ થઇ જાય; પરંતુ સમુદ્રના જળના જથ્થામાં એથી કરીને કોઇ પણ જાતની ન્યૂનતા થવા પામશે નહિ. એ નામરૂપાત્મક માયાજ તમારી અને મારી વચ્ચે, મનુષ્યો અને જીવજંતુ વચ્ચે, દેવતાઓ અને મનુષ્યો વચ્ચે પ્રભેદ ઉત્પન્ન કરે છે. વાસ્તવિકરીતે એ માયાજ આત્માને લાખો પ્રકારનાં પ્રાણીઓના નામરૂપમાં આબદ્ધ કરી રાખે છે અને તેઓ માત્ર નામરૂપવડેજ એક બીજાથી પૃથક્ દેખાય છે. જો માયાનું આવરણ કાઢી નાખો, નામરૂપને દૂર કરો, તો જે તમને અત્યારે નાના પ્રકારના ભેદ જણાય છે તે અદૃશ્ય થઇ જશે અને તમારૂં જે મૂળ સ્વરૂપ છે તેજ માત્ર અવશેષ રહેશે. આને માયાવાદ કહે છે. એ કોઇ જાતનો મતવાદ નથી પણ જગત્‌માં જે જે ઘટનાઓ દૃષ્ટિગોચર થાય છે તેનું યથાર્થ વિવરણ છે. વાસ્તવવાદીઓ (જગતને સત્ય સમજનારા) કહે છે કે આ ટેબલને અસ્તિત્વ છે. એનું તાત્પર્ય એજ કે ટેબલને તેનું પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે; તેના અસ્તિત્વનો આધાર જગત્‌ના બીજા કોઇ પદાર્થ ઉપર નથી અને જો આખા બ્રહ્માંડનો કદાપિ નાશ થઇ જાય તોપણ ટેબલ તો રહેવાનુંજ ! એક સામાન્ય જ્ઞાન-

વાળો મનુષ્ય પણ સમજી શકશે કે આમ હોવું અસંભવિતજ છે. ઈંદ્રિયગ્રાહ્ય જગત્‌ની તમામ વસ્તુઓ એક બીજા ઉપર પરસ્પર આધાર રાખે છે, અને એક બીજાની અપેક્ષા રાખે છે. આપણને વસ્તુઓનું જ્ઞાન થાય છે તેમાં પણ એક ઉપર એક ત્રણ પગથીઆં છે. દરેક વસ્તુને સ્વતંત્ર વ્યક્તિત્વ છે; અને તે એક બીજાથી પૃથક્ છે, એવું જ્ઞાન તે પ્રથમ પગથીયું છે. વસ્તુ માત્રમાં પરસ્પર સંબંધ શોધી કહાડવો તે બીજું પગથીયું; અને ત્રીજું પગથીયું એ કે વસ્તુ તો ખરૂં જોતાં એકજ છે પણ આપણે તેને અનેકરૂપે જોઇએ છીએ.

અજ્ઞાન લોકો શરૂઆતમાં ઇશ્વિરસંબંધી એવો ખ્યાલ કરે છે કે તે આ બ્રહ્માંડની બહારના કોઇક સ્થાનમાં રહે છે. સારાંશ એ કે તેમની ઇશ્વિરસંબંધી ભાવના બહુધા માનુષિક ભાવનાથી ભરેલી છે. મનુષ્ય જે જે કામ કરે છે, લગભગ તેવાંજ કામ તે ઇશ્વિર પણ કરતો હોય એવું તેઓ માને છે; ફેર માત્ર મનુષ્યને મુકાબલે ઇશ્વિરનાં કામ જરા વધારે ઉંચા પ્રકારનાં માને છે એટલોજ. ઇશ્વિરવિષેનો આ આદર્શ કેવો અપૂર્ણ અને અસંગત છે તે આપણે જોઇ ગયા છીએ. ત્યાર પછી એના કરતાં જરાક ઉચ્ચતર અવસ્થા આવે છે, ત્યારે ઇશ્વિરવિષે એવો ખ્યાલ કરવામાં આવે છે કે ઇશ્વિર એક પ્રકારની સર્વવ્યાપી શક્તિરૂપ છે. એજ સગુણ ઇશ્વિરનું વાસ્તવિક સ્વરૂપ છે. ચંડીપાઠમાં ઇશ્વિરનું આવુંજ સ્વરૂપ કલ્પેલું છે. અત્ર એટલું સ્મરણમાં રાખજો કે દૈવી અને આસુરી બે પ્રકારની પરસ્પર વિરુદ્ધ શક્તિવાળી બે સત્તાઓ– એટલે કે ઇશ્વિર અને સેતાન એમ બે શક્તિઓની કલ્પના કરવી એ તો અસંગતજ છે; કેમકે એ બંને શક્તિઓ સર્વવ્યાપી અને સર્વશક્તિમાન, અનાદિ અને અનંત હોઇ શકેજ નહિ. અસ્તિત્વ તો માત્ર એકજ ઇશ્વિરનું માનવું જોઇએ, અને જો તેમજ કરવું હોય તો શુભ અને અશુભ, કલ્યાણકારી અને વિનાશકારી સર્વ પ્રકારની શક્તિઓનું એકજ ઇશ્વિરમાં આરોપણ કરવાની હિંમત ચલાવવી જોઇએ. આ સિદ્ધાંતજ યુક્તિસંગત હોવાથી તેને ગ્રહણ કરો અને તેના ઉપરથી જે સ્વાભાવિક સિદ્ધાંત બંધાય તેને સ્વીકારવા તૈયાર થાઓ.

या देवी सर्वभूतेषु शांतिरूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥
या देवी सर्वभूतेषु शुद्धिरूपेण संस्थिता ॥
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमोनमः ॥

અર્થાત્ જે શક્તિ સર્વ ભૂતમાત્રમાં શાંતિ અને પવિત્રતારૂપે રહેલી છે તેને નમસ્કાર કરીએ છીએ. તેમ છતાં પણ આપણે તેને કેવળ શાંતિસ્વરૂપ માનીએ તો નહિ ચાલે. તેને તો સર્વ સ્વરૂપજ કહેવી જોઇએ અને તે ઉપરથી જે સિદ્ધાંત નીકળે તેજ કબૂલ રાખવો જોઇએ.

"હે ગાર્ગિ! આ જગતમાં જે કાંઈ આનંદ જોવામાં આવે છે તે સર્વ તેનોજ અંશ છે."

જે જે શક્તિ છે તે ઈશ્વરનીજ છે. તમે તેનો મરજીમાં આવે તેવો ઉપયોગ કરી લો. એ શક્તિદ્વારા ચાહે તો શુભ કર્મ કરો અને ચાહે તો અશુભ કર્મ કરો. આ તમારી સામે પ્રકાશ છે. એની મદદથી તમે તમારી કોથળીમાંથી સો રૂપીઆ કહાડીને એક ગરીબ માણસને સુખી કરી શકો; અને બીજો માણસ એજ પ્રકાશની મદદથી તમારા નામની ખોટી સહી પણ કરી શકે. પ્રકાશ તો બેઉને સરખી રીતેજ મદદ આપશે. અજ્ઞાનની આ બીજી અવસ્થા છે. એના કરતાં પણ ઉંચી એટલે આખરની એક અવસ્થા છે. તે એ છે કે ઈશ્વર પ્રકૃતિની બહાર પણ નથી અને અંદર પણ નથી; પરંતુ ઈશ્વર, પ્રકૃતિ, આત્મા અને જગત્ એ એક પર્યાય-સમાનાર્થવાચક શબ્દોજ છે. વાસ્તવિકરીતે બે પદાર્થ છેજ નહિ. કેટલાક તત્ત્વજ્ઞાનને લગતા પારિભાષિક શબ્દોને લીધે આપણે ભૂલથાપ ખાઇએ છીએ. આપણે એમજ માની બેઠા છીએ કે આપણે શરીર છીએ અને આપણામાં આત્મા છે, અને એ શરીર અને આત્મા એકત્ર થએલાં છે; પરંતુ એમ બની શકેજ કેવી રીતે? તમે તમારા પોતાની અંદર પરીક્ષા કરી જુઓ. જો તમારામાંનો કોઈ યોગી હશે તો તે પોતાને ચૈતન્ય સ્વરૂપજ દેખશે. તેની દૃષ્ટિએ શરીર તદ્દન અન્તર્હિત થઈ જશે. જો તમે સાધારણ કોટિના માણસ હશો તો તમે પોતે દેહ છો, એવી તમારી સમજણ થશે અને તમે ચૈતન્યસ્વરૂપ છો એવું જ્ઞાન તમને થઈ શકશે નહિ. મનુષ્યને દેહ છે, આત્મા છે, અને મન, બુદ્ધિ ઇ. અનેક પદાર્થો પણ મનુષ્યને છે, એવો ખોટો ખ્યાલ આપણા મનમાં પેસી ગયો છે અને તેથી આપણે એમ માનીએ છીએ કે સર્વ વસ્તુઓ મનુષ્યમાં એકીવખતે રહેલી છે; પરંતુ એક સમયે એક કરતાં વધારે વસ્તુનું અસ્તિત્વ દેખાઇ શકેજ નહિ. જ્યારે તમે જડ પદાર્થ જોતા હો તે વખતે ઈશ્વરને જોઈ શકશો નહિ. મતલબ કે તે સમયે તમે માત્ર એકલું કાર્ય અર્થાત્ પરિણામજ જોઇ શકો છો; તેના કારણને જોઇ શકતા નથી. જે પળે તમે કારણને જોઇ શકશો તેજ પળે તમારી નજર આગળથી કાર્ય અદશ્ય થઇ જશે. હવે ત્યારે એ સમયે જગત્ ક્યાં ગયું અને તેને કોણે અદશ્ય કરી નાખ્યું?

क्रिमपि सततबोधं केवलानंदरूपम् ।
निरुपममतिवेलं नित्यमुक्तं निरीहम् ॥
निरवधि गगनाभं निष्कलं निर्विकल्पं ।
हृदि कलयति विद्वान् ब्रह्म पूर्णं समाधौ ॥
प्रकृतिविकृतिशून्यं भावनातीतभावम् ।

समरसमसमानं मानसंबन्धदूरम् ॥
निगमवचनसिद्धं नित्यमस्मत्प्रसिद्धम् । हृदि०
अजरममरमस्ताभाववस्तुस्वरूपम् ।
स्तिमितसलिलराशिप्रख्यमाख्याविहीनम् ॥
शमितगुणविकारं शाश्वतं शान्तमेकम् । हृदि०

"જે જ્ઞાની છે તે સમાધિ અવસ્થામાં અનિર્વચનીય, નિત્ય બોધસ્વરૂપ, કેવલ આનંદસ્વરૂપ, ઉપમારહિત, અપાર, નિત્યમુક્ત, નિષ્ક્રિય, અસીમ, આકાશતુલ્ય, અંશહીન, અને ભેદશૂન્ય બ્રહ્મનો હૃદયમાં પૂર્ણ અનુભવ કરે છે."

"જે જ્ઞાની પુરુષ છે તે સમાધિ અવસ્થામાં પ્રકૃતિના વિકારરહિત, અચિંત્ય તત્ત્વસ્વરૂપ, સમભાવાપન્ન, નિરુપમ અપરિમેય, વેદવાક્યસિદ્ધ, અને નિરંતર હું એવા જ્ઞાનના વિષયરૂપે પ્રસિદ્ધ પૂર્ણ બ્રહ્મનો હૃદયમાં અનુભવ કરે છે."

"જ્ઞાનીપુરુષ સમાધિ અવસ્થામાં જરામૃત્યુરહિત, અભાવરહિત, વસ્તુસ્વરૂપ, સ્થિર સાગરતુલ્ય, નામરહિત, ત્રણ ગુણોના વિકારરહિત, અક્ષય શાંત અને એક એવા પૂર્ણ બ્રહ્મનો પોતાના હૃદયમાં અનુભવ કરે છે."

જ્યારે મનુષ્ય આ અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે તેની દૃષ્ટિ આગળથી જગત્ અદૃશ્ય થઈ જાય છે.

આપણે જોઈ ગયા છીએ કે આ સત્યસ્વરૂપ બ્રહ્મ અજ્ઞાત અને અજ્ઞેય છે; પરંતુ જે અર્થમાં +અજ્ઞેયવાદી લોકો લે છે તે અર્થમાં તો તે અજ્ઞાત અને અજ્ઞેય નથીજ. ઈશ્વરનું જ્ઞાન થયું એમ કહેતામાંજ આપણે તેનું મહત્વ ઓછું કરીએ છીએ; કારણ કે અસલથી તમે પોતેજ તે (બ્રહ્મ) છો. એક રીતે બ્રહ્મ આ ટેબલ નથી, પણ બીજા દૃષ્ટિબિંદુએ તે ટેબલ પણ છે. ટેબલ, ખુરશી, માણસ, પશુ વગેરેનાં નામ અને રૂપ લઈ લો એટલે જે સત્ય વસ્તુ હશે તેજ અવશિષ્ટ રહેશે. તેજ દરેક પદાર્થમાં રહેલું એવું પદાર્થમાત્રનું સત્યસ્વરૂપ છે.

त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उत वा कुमारी ।
त्वं जीर्णो दण्डेन वञ्चसि त्वं जातो भवसि विश्वतो मुखः ॥

"તું સ્ત્રી છે, તું પુરુષ છે, તું કુમાર છે, તું કુમારી છે, તું હાથમાં લાકડી લઈને ચાલનાર વૃદ્ધ પુરુષ છે, તેંજ આખા જગત્‌માં જન્મ ધારણ કર્યો છે."

માલક સબમેં તું હૈ ઔર સબ કુછ તુંહી તું,
સિવા તેરે દૂજા નહિ કુછ ના મૈં હું;

+અંગ્રેજીમાં જેને "એગ્નોસ્ટિક" કહે છે તે લોકો એટલે ઈશ્વરનું કદિ પણ જ્ઞાન થઇ શકેજ નહિ, એવો મત ધરાવનારા પુરુષો. તેઓ માત્ર ઇન્દ્રિયજન્યને, બુદ્ધિજન્ય જ્ઞાનનેજ સત્ય માને છે, અને ઈશ્વર બુદ્ધિ તથા ઈન્દ્રિયોથી પર હોવાને લીધે તેમના મત પ્રમાણે તે

તું [1]અવ્વલ તું [2]આખર તું [3]જાહિર તું [4] બાતન,
તું ચંદા તું સૂરજ તું તારે તું દરપન.
તું ચાકર તું સેવક તું [5]બંદા તું મૌલા,
તું [6]ગુલશન તું [7]ગૂંચા તું બુલબુલ તું ભમરા;
તું આશક તું માશુક તું [8]નાઝો અદા તું,
તું ઇશ્ક ઔર મ્હોબ્બત હે ઔર દિલરૂબા તું.
જો કુછ હે સો તું હે મુજે ખૂબ સૂઝા,
જીધર દેખતા હું મેં તું હે ન દૂજા;
તુંહી હે તુંહી હે તુંહી મેને બુઝા,
જો તુજકો મેં ઢૂંઢૂં તો મુજકો હું પાતા. +

તું વસ્તુમાત્રમાં રહેલો છે. હું તે તું અને તું તે હું એજ અદ્વૈતવાદનો મુખ્ય સિદ્ધાંત છે. એ સંબંધે હજી થોડુંક કહેવાનું છે. આ અદ્વૈતવાદદ્વારાજ સર્વ વસ્તુના મૂળ તત્ત્વનું રહસ્ય સમજી શકાય છે. યુક્તિવાદ અને વિજ્ઞાનના આક્રમણ સામે એકલો અદ્વૈતવાદજ અડગ રહી શકે છે. અહીંજ આખરે આપણને યુક્તિવાદનો યોગ્ય દૃઢ પાયો પ્રાપ્ત થાય છે. ભારતીય વેદાંતવાદીઓ પોતાના સિદ્ધાંતપર પહોંચવાનાં શરૂઆતનાં પગથીઆંરૂપે જે દ્વૈતવાદ વગેરે છે તેના ઉપર કોઇપણ પ્રકારનું દોષારોપણ કરતા નથી. તેઓ પોતાના સિદ્ધાંતમાં દૃઢ રહીને અન્ય સર્વ સિદ્ધાંતોની સમાલોચના કરીને તેમનું સમર્થન કરવાનોજ યત્ન કરે છે. અદ્વૈતવાદી સારી પેઠે જાણે છે કે બીજા મત પણ સત્ય છે. માત્ર અધિકારભેદે સમજવામાં અને સમજાવવામાંજ જરા ફરક છે. સત્ય તો સર્વમાં એકજ છે, પરંતુ માયાના આવરણમાં થઇને સત્યનું અવલોકન કરતાં તે વિકૃતરૂપે દેખાય છે. પરંતુ આમ છતાં પણ તે સત્ય તો છેજ. જે બ્રહ્મને અજ્ઞાન લોકો પ્રકૃતિની બહારના પ્રદેશમાં અવસ્થિત થએલો માને છે, જે બ્રહ્મને સાધારણ જ્ઞાનયુક્ત મનુષ્ય જગતમાં અંતર્યામીરૂપે જુએ છે અને જે બ્રહ્મને પૂર્ણજ્ઞાની પોતાના આત્મસ્વરૂપ અથવા જગત્સ્વરૂપ અનુભવે છે, તે બ્રહ્મ મૂળે એકજ વસ્તુ છે. એકની એક વસ્તુને જૂદા જૂદા દૃષ્ટિકોણથી જૂદા જૂદા રંગનાં કાચના ચશ્મા વડે, જૂદી જૂદી માનસિક અવસ્થાઓમાં રહીને જોતાં તે જૂદે જૂદે રૂપે દેખાય છે.

અજ્ઞેય છે; પરંતુ ઇન્દ્રિયાતીત અવસ્થામાં ઈશ્વરનું જ્ઞાન થઇ શકે છે માટે વાસ્તવિક રીતે તે અજ્ઞેય નથી. ભા૦ ક૦

(૧) પહેલો. (૨) છેલ્લો (૩) પ્રકટ (૪) ગુપ્ત (૫) નોકર (૬) બગીચો (૭) ફૂલનો ગુચ્છ (૮) હાવભાવ.

+ હરકોઈ ધર્મ પ્રમાણે એકનિષ્ઠાથી પ્રયત્ન કરનાર આખરે અદ્વૈત અવસ્થાજ અનુભવે છે, એ બતાવવાને એક મુસલમાન ઑલીયાની આ ગઝલ અત્ર ટાંકી છે. ભા૦ ક૦

વળી આ બાબત છેક આમજ નથી પણ એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં ક્રમે ક્રમે પરિણામ પામે છે. વિજ્ઞાની અને સામાન્ય જ્ઞાની વચ્ચેનો તફાવત એવો છે કે, માર્ગમાં કોઇ આશ્ચર્યકારક બનાવ જોવામાં આવે અને અજ્ઞાન માણસોને તેનું કારણ પૂછવામાં આવે, તો નેવું ટકા માણસો કહેશે કે એ કોઈ ભૂતનું કામ હોવું જોઇએ; કેમકે ભૂત, પ્રેત સિવાય બીજું કોઈ કારણ તેમના લક્ષમાંજ આવતું નથી; કારણ કે અજ્ઞાનનું લક્ષણજ એ છે કે, કાર્યની બહારજ કારણને શોધવું. ઉંચેથી એકાદ પત્થર પડે તોપણ તેઓ કહેશે કે તેને કોઇ ભૂતે ફેંક્યો હશે. વૈજ્ઞાનિક કહેશે કે ગુરુત્વાકર્ષણ નામે પ્રકૃતિનો જે એક નિયમ છે તેને આધારે એ કાર્ય થએલું છે.

વિજ્ઞાન અને ધર્મ વચ્ચે સર્વત્ર કલહ શા માટે ચાલતો હશે? જગતના ઘણા ખરા ધર્મમાં એવું બતાવેલું છે કે જગતમાં જે કાંઇ વ્યાપાર ચાલે છે તેને ચલાવનાર શક્તિ જગતથી જુદી અને બહારની છે. સૂર્યનો અધિષ્ઠાતા એક દેવ છે, તેમ ચંદ્રનો પણ એક જૂદોજ દેવ છે; જૂદા જૂદા વ્યાધિઓના નિયામક પણ જૂદા જૂદા દેવતા છે. એ પ્રમાણે લોકોમાં અનંત દેવતાઓની કલ્પના થઇ છે. જગતમાં જે જે બનાવો બને છે તે કોઇને કોઇ દેવતા અગર ભૂતદ્વારાજ થાય છે, એવી અજ્ઞાન મનુષ્યોની માન્યતા હોય છે. સારાંશ એ કે દરેક વસ્તુનું કારણ તે વસ્તુની બહારથીજ શોધવાની વૃત્તિ સાધારણ મનુષ્યોમાં હોય છે. હવે વિજ્ઞાન કહે છે કે દરેક વસ્તુનું કારણ તે વસ્તુની અંદરજ હોવું જોઇએ અને તેમાંથીજ શોધી કાઢવું જોઇએ. જેમ જેમ એ વિજ્ઞાન આગળ ને આગળ પ્રગતિ કરતું જાય છે, તેમ તેમ કુદરતના બનાવોનું કારણ ભૂત અગર દેવતાઓ નથી પણ કુદરતના પોતાના નિયમોજ છે એ વાત મનાતી જાય છે. બાહ્યસૃષ્ટિને લગતા ભ્રમ આધુનિક વિજ્ઞાને ભાંગી નાખ્યા છે; તેમ ધર્મના વિષયને લગતા ભ્રમ અદ્વૈતવાદવડે છિન્ન ભિન્ન થઇ ગયા છે. એટલામાટે અદ્વૈતવાદ બીજા તમામ ધર્મ અને દર્શનો કરતાં વિશેષ વૈજ્ઞાનિક ધર્મ છે અને તેથીજ વિજ્ઞાનનાં આક્રમણ સામે ટકી રહેવાને શક્તિવાન્ છે. અદ્વૈતવાદ કહે છે કે આ બ્રહ્માંડની રચના કરનાર ઈશ્વર બ્રહ્માંડની બહારનો નથી અથવા જગતથી બહાર રહેનાર કોઇ દૈત્યદ્વારા જગતની ઉત્પત્તિ થઇ નથી. વાસ્તવિકરીતે જગતની ઉત્પત્તિ થઇ છે એમ પણ નથી; કારણ કે તે પોતે પોતામાંથીજ પ્રકટ થયું છે; પોતાની મેળેજ તેનો પ્રકાશ થયો છે અને પાછો પોતાનામાંજ તેનો લય થઇ જશે. બ્રહ્મની એક અનંત સત્તા છે અને **तत्त्वमसि श्वेतकेतो।** "હે શ્વેતકેતુ! તે તુંજ છે." હવે તમે જોઇ શકશો કે આ એકલોજ ધર્મ ખરેખરો વૈજ્ઞાનિક ધર્મ છે. વર્તમાન સમયના અર્ધશિક્ષિત ભરતખંડમાં આજકાલ વિજ્ઞાન–વિજ્ઞાન–સાયન્સ–સાયન્સ એવો જે બકવાદ મચી રહ્યો છે; જ્યાં ત્યાં બુદ્ધિ અને યુક્તિ, એજ માત્ર પ્રમાણ છે એવું ચારે દિશાએથી સંભળાય છે; દરેક સિદ્ધાંત સ્વીકારવા પહેલાં તેની સાબિતી માગવાની, તેનું કારણ

અને યથાર્થતા તપાસવાની વૃત્તિ જાગ્રત થએલી જણાય છે; તે ઉપરથી હું એવી આશા રાખું છું કે તમારા આખા સંપ્રદાયના સંપ્રદાય અલ્પ સમયમાં અદ્વૈતવાદી બની જશે. કારણ કે માન્ય ગણાતા અમુક શાસ્ત્રોના માત્ર આધારથીજ નહિ પણ શુદ્ધ તર્ક અને યુક્તિની સહાયતાવડે પણ પોતાના સિદ્ધાંતને સ્થાપિત કરનાર એકલો અદ્વૈતવાદજ છે. અને હું તમને ભગવાન્ બુદ્ધના શબ્દો કહું છું કે " **बहुजनहिताय बहुजनसुखाय** " અનેક માણસોના કલ્યાણ અર્થે, અનેક માણસોના સુખને અર્થે તમે એ મતનો પ્રચાર કરવાને હિંમત રાખીને આગળ પડશો. જો તમે તેમ નહિ કરો તો તમારા ઉપર નૈતિક ભીરુતાનો આરોપ મૂકીશ. જો તમે તમારી નિર્બળતાનો તમારી નૈતિક ભીરુતાનો ત્યાગ ન કરી શકતા હો, જો ખરા સત્યનો જાહેરમાં સ્વીકાર કરતાં તમને ભય લાગતો હોય તો બીજાઓને પણ તેમની મરજી માફક વર્તવા દેજો. જે સ્વતંત્રતા તમે તમારે પોતાને માટે ઇચ્છો છો તે બીજાઓને પણ આપતા રહેજો. બિચારા અજ્ઞાન મૂર્તિપૂજકને તોડી પાડતા નહિ. તેને રાક્ષસ-પિશાચ કહીને વગોવતા નહિ. જેઓ તમારા મત સાથે પૂરેપૂરા એકમત થતા ન હોય તેમના મન ઉપર તમારો મત બળાત્કારે ઠસાવવાને યત્ન કરતા નહિ. યાદ રાખજો કે તમે પોતે પણ નિર્બળ છો. જો તમને પોતાને પણ સમાજનો ભય લાગતો હોય, જો તમને પણ પ્રાચીન કાળના વહેમનો ડર લાગતો હોય, તો પછી જેઓ તમારા જેવા જ્ઞાની નથી તેમને તે બાબતોનો કેટલો ડર લાગતો હશે અને તેમના ઉપર એ વહેમનાં બંધન કેટલાં દૃઢ થયેલાં હશે તેનો ખ્યાલ કરજો. આજ અદ્વૈતવાદનું દૃષ્ટિબિન્દુ છે. બીજા પ્રત્યે દયા રાખો. પરમતસહિષ્ણુતાનો ગુણ પ્રાપ્ત કરો. માત્ર વિવાદ કરવામાં કે વિચારમાં નહિ પણ અનુભવમાં આખું જગત્ જો આવતીજ કાલે અદ્વૈતવાદી બનવા તૈયાર હોય તો તો ઘણુંજ સરસ છે; પરંતુ એવો સંભવજ નથી, માટે એનાથી કાંઇક ઉતરતું પણ જે થોડું ઘણું શુભ થઇ શકે એવું હોય તે અવશ્ય સિદ્ધ કરો. અજ્ઞાન મનુષ્યોનો પ્રેમથી હાથ પકડીને તેમના સામર્થ્યાનુસાર તેમને ક્રમે ક્રમે આગળને આગળ લઇ જાઓ. એટલું નિશ્ચયપૂર્વક માનજો કે ભરતખંડમાં ધર્મનો વિકાસ ક્રમોન્નતિના મહા નિયમને અનુસરીને થયેલો છે. નિકૃષ્ટ સ્વરૂપમાંથીજ તે ધીમે ધીમે પરમ ઉન્નત, પરમ વિશુદ્ધ સ્વરૂપ ધારણ કરતો ગયો છે.

હવે અદ્વૈતવાદના નીતિતત્ત્વવિષે થોડુંક વિવેચન કરવાની આવશ્યકતા છે. આપણા દેશનો યુવાન વર્ગ હમણાં હમણાં અદ્વૈતવાદ ઉપર આક્ષેપ કરવા લાગ્યો છે, કોણ જાણે તેમના મગજમાં એ વિષ કોણે રેડ્યું હશે ? તેઓ કહે છે કે અદ્વૈતવાદ લોકોને અનીતિવાન્ થતાં શીખવે છે; કારણ કે જો આપણે બધા એક ઇશ્વરરૂપ હોઇએ તો પછી નીતિપરાયણ થવાની આપણને જરૂરજ શી છે, અને આપણાં પાપાચરણમાટે આપણને શિક્ષા પણ કોણ કરનાર છે ? ખરેખર આ દલીલ કેવળ પાશવ પ્રકૃતિવાળા

મનુષ્યના મુખમાંથીજ નીકળી શકે. જે મનુષ્ય ચાબુકના ડરથી અંકુશમાં રહે તે ખરેખર પશુજ હોવો જોઇએ. જો તમે એવી પશુની અવસ્થાએજ પહોંચી ગયા હો તો બહેતર છે તમે આત્મહત્યા કરી નાખો. ચાબુકના ડરથી અંકુશમાં રહો, શિક્ષાના ભયથી નીતિમાન રહો એવા પશુતુલ્ય મનુષ્ય થવા કરતાં આત્મહત્યા કરવી એજ વધારે સારો માર્ગ છે. શું તમે શિક્ષાના ભયથીજ નીતિવાન્ રહ્યા છો? અને એ ભય જતો રહે તો તમે પિશાચ જેવા બની જશો? જો એમજ હોય તો તમે 'મનુષ્ય' નામને યોગ્યજ નથી, તમારા ઉપર અત્યારે ને અત્યારે ગોળીબાર કરવા જોઇએ. તમારે માટે બીજો રસ્તોજ નથી. તમારે હમેશાં ચાબુક અને સોટીના ભયવડેજ સીધે રસ્તે જવું છે? ખરેખર જો તેમજ હોય તો તમારે માટે ઉદ્ધારનો અને બચવાનો એકકે ઉપાય નથી. બીજી વાત એ છે કે નીતિતત્ત્વનું ખરૂં રહસ્ય અદ્વૈતવાદવડેજ સમજાવી શકાય છે. "પરોપકાર એજ નીતિતત્ત્વનો પરમ સાર છે." એવો દરેક ધર્મ ઉપદેશ આપે છે; પણ શા કારણથી પરોપકારને એટલું મહત્ત્વ આપ્યું છે તે કોઇ કહી શકતું નથી. તેઓ કહે છે કે નિઃસ્વાર્થી થાઓ; પણ શા માટે નિઃસ્વાર્થી થવું જોઇએ? શું કોઇ અમુક દેવ અથવા પેગંબરે આજ્ઞા કરી છે તેટલાજ માટે? જો તેમજ હોય તો તેનો આદેશ મારે માનવો નથી. અમુક શાસ્ત્રમાં કહ્યું છે તે માટે? જો તેમજ હોય તો ભલે, એ શાસ્ત્રો ગમે તે કહે મને તે કબૂલ નથી. ભલેને આખી દુનિયાનાં શાસ્ત્રો પરોપકારી અને નિઃસ્વાર્થી થવાનું કહે પણ હું તેમનો આદેશ સાંભળવાને બંધાયલો નથી. દરેક જણે પોતપોતાનુંજ હિત સાધી લેવું જોઇએ. લોકો મોંએ તો શાસ્ત્રને માને છે પણ વ્યવહારમાં તો શાસ્ત્રની આજ્ઞાનું છચોક ઉલ્લંઘન કરે છે. મારે નીતિમાન થવું જોઇએ તેનું કાંઇ કારણ બતાવશો? અદ્વૈતવાદની મદદ લીધા વગર આ પ્રશ્નનું ખરૂં નિરાકરણ કોઇથી થઇ શકે એમ છેજ નહિ.

समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥

ઇશ્વરને સર્વત્ર સમભાવે અવસ્થિત થએલો માનીને જે આત્માદ્વારા આત્માની હિંસા કરતો નથી તે પરમગતિને પામે છે.

અદ્વૈતવાદ એવો ઉપદેશ આપે છે કે અન્યને ઇજા કરવા જતાં તમે તમારી જાતનેજ ઇજા કરો છો, કારણ કે જેમને તમે પારકા ગણો છે તે તમારાંજ સ્વરૂપ છે. તમે આ સિદ્ધાંત સમજો કે ન સમજો તોપણ તમે ×સર્વના હાથદ્વારા કાર્ય કરો છો; સર્વના પગદ્વારા ચાલો છો; રાજમહેલમાં વિવિધ વિલાસ ભોગવનાર બાદશાહ તમેજ છો; રસ્તામાં રખડતા કંગાલ ભિખારી પણ તમેજ છો; વિદ્વાન્ પંડિત

× सहस्रशीर्षा सहस्रबाहु ઇત્યાદિ.

પણ તમેજ છો; અને મૂર્ખ પામર પણ તમેજ છો. નિર્બળ પણ તમેજ છો અને બળવાન્ પણ તમેજ છો. આ સિદ્ધાંતને હૃદયના ઉંડાણમાં ઉતારો અને બીજાઓ તરફ સહાનુભૂતિ રાખતાં શીખો. બીજાને ઇજા કરતાં આપણે પોતાનેજ ઇજા કરીએ છીએ, બીજાનું અહિત કરતાં આપણે પોતાનુંજ અહિત કરીએ છીએ અને તેથી કરીનેજ આપણે અહિંસાવ્રત લેવું જોઇએ. આજ કારણથી હું ભૂખથી પીડાતો હોઉં તોપણ તેની પરવા કરતો નથી; હું ભૂખે મરૂં છું એમ હું કદિ માનતોજ નથી; કારણ કે હું લાખો મુખવડે આહાર કરી રહ્યો છું. મારૂં કે મારાંઓનું શું થશે એવો ક્ષુદ્ર વિચારજ હું કરતો નથી; કારણ કે આખું જગતજ "હું" અને "મારૂં" છે. હુંજ પળે પળે આખા જગત્‌નો સર્વ પ્રકારનો આનંદ ભોગવી રહ્યો છું. મારો કે જગત્‌નો વિનાશ કોઇથી થઇ શકે એમ છેજ નહિ. આજ ખરેખરૂં અમરત્વ છે. અદ્વૈતવાદમાંજ નીતતત્ત્વનો આવો યુક્તિપૂર્વક ખુલાસો મળી આવે છે. બીજા ધર્મો નીતિનો માત્ર ઉપદેશજ આપે છે, પણ શામાટે નીતિપરાયણ થવું તેનું કારણ તેઓ બતાવી શકતા નથી.

હવે અદ્વૈતવાદ અનુસાર વર્તન કરવાથી લાભ શો છે? તે વિચારીએ. તેની અંદર શક્તિ, પ્રતાપ, વીર્ય રહેલાં છે. શ્રુતિ કહે છે કે "**श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः।**" પ્રથમ આ આત્મતત્ત્વનું શ્રવણ કરો. આખા જગત્ ઉપર તમે જે હિપ્નોટિઝમ કર્યું છે, જે માયાજાળ પાથરી છે તે સંકેલી લો. નિર્બળતા ભરેલા વિચાર જગત્‌માં ફેલાવશો નહિ. મનુષ્ય નિર્બળ છે એવું મનમાં પણ લાવશો નહિ. તમે નિર્બળ છો એવું કોઇને પણ કહેતા નહિ. નક્કી યાદ રાખજો કે "નિર્બળતા" એ એક શબ્દની અંદર સઘળા પ્રકારનાં પાપનો સમાવેશ થઇ જાય છે. તમામ દુરાચારનું મૂળ નિર્બળતામાંજ છે. જગત્‌માં જે કાંઇ અનિષ્ટ છે તે નિર્બળતાને લીધેજ છે. નિર્બળતાજ મનુષ્ય પાસે અઘટિત કાર્ય કરાવે છે, અને તેને લીધેજ મનુષ્ય સ્વાર્થપરાયણ થાય છે, તથા બીજાને નુકશાન કરે છે. એ દોષને લીધેજ મનુષ્ય તેના ખરા સ્વરૂપમાં પ્રકાશી શકતો નથી, માટે આપણે પોતે કોણ છીએ, આપણું સત્યસ્વરૂપ શું છે, એ આપણે દરેકે જાણવું જોઇએ. રાત્રિદિવસ આપણે આપણા સત્યસ્વરૂપનુંજ ચિંતન કરવું જોઇએ. માતાના દૂધમાંથીજ **सोऽहम्** શબ્દની તેજોમય વાણીનું પાન કરવું જોઇએ. **सोऽहम् सोऽहम्** એનુંજ નિરંતર ચિંતન અને રટણ થવું જોઇએ. પછી તેનું મનન કરવું જોઇએ. એ મનનદ્વારા, અને એ વિચારદ્વારા જગત્‌માં કદિપણ થયાં ન હોય એવાં અદ્‌ભુત કાર્ય તમે કરી શકશો.

આ અદ્વૈતવાદને વ્યવહારમાં કેવી રીતે ઉતારવો? કેટલાએક કહે છે કે એને વ્યવહારમાં પરિણત કરી શકાયજ નહિ; જડસૃષ્ટિમાં એની શક્તિનો પ્રકાશ કદિ થયોજ નથી. કેટલેક અંશે આ વાત સત્ય છે કારણ કે વેદમાં શું કહ્યું છે તે સાંભળોઃ—

ओमित्येकाक्षरं ब्रह्म ओमित्येकाक्षरं परम् ।
ओमित्येकाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ।

"ૐ એ મહામંત્ર છે. ૐ એ આપણી શ્રેષ્ઠ સંપત્તિ છે. જે ૐનું રહસ્ય જાણે છે તેને સર્વ ઇપ્સિત વસ્તુઓ પ્રાપ્ત થાય છે."

માટે પ્રથમ તમે ૐકારનું રહસ્ય જાણી લો—તમે પોતેજ એ ૐકારરૂપ છો તે બરાબર સમજી લો. **तत्त्वमसि**—"તે તુંજ છે" એ મહાવાક્યનો ભાવાર્થ હૃદયમાં ઉતારો અને ત્યારેજ તમને જે કોઈ પદાર્થની ઈચ્છા હશે તે તમે પ્રાપ્ત કરી શકશો. જો તમારે આ જડસૃષ્ટિમાં ઉચ્ચ પદ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો આજથી દૃઢ ભાવના કરો કે તમે ઉચ્ચ છોજ. આથી તમને જેની ઇચ્છા હશે તે પદાર્થ તમારી સન્મુખ આવીને ઉભો રહેશે. માત્ર તમારે પૂર્ણ આત્મશ્રદ્ધાથી તે પદાર્થને આકર્ષવો જોઇએ. વિશ્વાસપૂર્વક માનજો કે તમારામાં અનંત સામર્થ્ય છે, અનંત ઐશ્વર્ય છે. હું એક સમુદ્રનો ક્ષુદ્ર પરપોટો હોઉં અને તમે કદાચ પર્વત જેવા ઉંચા અને વિશાળ તરંગરાજ હો, પણ તેથી શું થયું? યાદ રાખજો કે આપણો બેઉનો આધાર અનંત મહાસાગર ઉપરજ છે. આપણા સામર્થ્યનો, આપણા પ્રતાપનો મૂળ ભંડાર તો તે અનંત ઈશ્વરજ છે. આપણે બેઉ આપણી મરજીમાં આવે તેટલું સામર્થ્ય એ મહાન્ ભંડારથી પ્રાપ્ત કરીને શક્તિવાન્ થઇ શકીએ છીએ. પ્રથમ તમારા પોતાનામાં અને પછીજ બીજી બધી વસ્તુઓમાં વિશ્વાસ રાખો, એજ અદ્વૈતવાદનું રહસ્ય છે. તમે જગત્નો ઇતિહાસ જોશો તો જણાશે કે જે જે પ્રજાએ પોતાના સામર્થ્યમાં વિશ્વાસ રાખ્યો છે, તે સઘળી બળવાન્ અને પ્રતિષ્ઠાવાન્ થઈ છે. તમે દરેક પ્રજાનો ઇતિહાસ જોશો તો માલૂમ પડશે કે દરેક પ્રજામાંથી પણ જે જે વ્યક્તિઓ આત્મશ્રદ્ધાવાન હતી, તે સર્વને સમાજમાં શ્રેષ્ઠ પદવી અને અધિકાર પ્રાપ્ત થયાં છે. એક યુવાન અંગ્રેજ આપણા દેશમાં કારકુની કરવા આવ્યો હતો, અને નાણાંની તંગીને લીધે અથવા બીજા કોઇ કારણને લીધે તેણે બે વાર પોતાના માથા તરફ પિસ્તોલ તાકી હતી, પણ જ્યારે પિસ્તોલ ખાલી ગઈ, આત્મહત્યા થઇ શકી નહિ, ત્યારે તેના હૃદયમાં અત્યંત પ્રબળ શ્રદ્ધા ઉત્પન્ન થઇ કે હું કાંઇક મહત્ત્વનું કાર્ય કરવા જન્મ્યો છું. એ માણસ તે હિંદમાં બ્રિટિશ સામ્રાજ્યનો સ્થાપનાર લૉર્ડ ક્લાઇવ હતો. જો તેણે પાદરીઓનો ઉપદેશ માન્યો હોત અને ક્ષુદ્રકીડાની માફક 'હે ભગવન્! હું દુર્બળ છું. હે ભગવન્! હું પામર છું!' એવું કલ્પાંત કર્યું હોત તો તેના શા હાલ થયા હોત? કદાચ તેણે ગાંડાની ઇસ્પિતાલમાં જીંદગી પૂરી કરી હોત. તમે પણ ખોટા ઉપદેશ સાંભળીને થોડાઘણા ગાંડા થયા છો. મેં જગતના દેશેદેશમાં જોયું છે કે દીનતાના નિર્બળતાજનક કુશિક્ષણથી અત્યંત અશુભજ પરિણામ આવ્યું છે, અને એથી કરીને મનુષ્યજાતિ નિર્બળ અને નિર્વીર્ય થઇ જશે એવાં ચિહ્ન દેખાય છે.

આપણાં બાળકો ઉપર પણ એવાજ સંસ્કાર પડે છે અને તેથી તેઓપણ અર્ધાં ગાંડાં જેવાં નીવડે તો એમાં શું આશ્ચર્ય ?

આ અદ્વૈતવાદનું વ્યાવહારિક સ્વરૂપ છે. માટે તમને ફરીથી આગ્રહપૂર્વક કહું છું કે દૃઢ આત્મશ્રદ્ધા પ્રાપ્ત કરો. જો તમારે ઐહિક સંપત્તિની ઇચ્છા હોય તો એ દિશામાં પણ અદ્વૈતવાદનો ઉપયોગ કરો; લક્ષ્મી તમારી આગળ હાથ જોડીને ઉભી રહેશે. જો તમારે બુદ્ધિવાન્ થવું હોય તો બુદ્ધિના પ્રદેશમાં પણ અદ્વૈતવાદનો ઉપયોગ કરો અને તમે જરૂર મહાબુદ્ધિસંપન્ન થઈ શકશો. જો તમને મુક્તિની કામના હોય તો આધ્યાત્મિકપ્રદેશમાં એજ સિદ્ધાંતનો ઉપયોગ કરો એટલે તમે મુક્ત થશો; ઈશ્વરરૂપ બની જશો અને પરમાનંદસ્વરૂપ નિર્વાણની પ્રાપ્તિ કરી શકશો. પણ અદ્વૈતવાદીઓએ જો ભૂલ કરી હોય તો એજ છે કે તેમણે માત્ર તેનો આધ્યાત્મિક દિશામાંજ ઉપયોગ કર્યો, અને બીજા કોઇ વિષયમાં તેને કામે લગાડયો નહિ. હવે એ ભૂલ સુધારવાનો અને અદ્વૈતવાદને સંપૂર્ણ રીતે વ્યવહારોપયોગી બનાવવાનો સમય આવી પહોંચ્યો છે. હવે એ રહસ્યને ગુપ્ત રાખશો તે નહિ ચાલે. હવે એ મહાન્ શક્તિ હિમાલયવાસી મહાત્માઓપાસે અને અરણ્યવાસી તપસ્વીઓ પાસેજ સચવાઇ રહેલી ન જોઇએ. હવે તો દરેક જણના રોજના જીવનમાં અદ્વૈતવાદનો ઉપયોગ કરવાનો સમય આવી લાગ્યો છે. રાજાના મહેલમાં, સાધુસંન્યાસીની ગુફામાં, દરિદ્રમાં દરિદ્ર માણસની ઝુંપડીમાં-સર્વત્ર અદ્વૈતવાદની ચેતનપ્રદ, સંજીવક ભાવનાઓનો પ્રચાર કરો. રાજા અને રંક, પંડિત અને મૂર્ખ, રસ્તામાં રખડતા કંગાલ ભિખારીને પણ તેનો ઉપયોગ કરવા દો. અદ્વૈતવાદનો જીવનના એકેએક કાર્યમાં, દેશના એકેએક ભાગમાં પ્રવેશ કરાવો. એ ચેતનમય પ્રસાદથી આખી પ્રજાને-આખા જગતને બળવાન્ બનાવી દો. ગીતામાં કહ્યું છે કે **स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ।** "આ ધર્મનું અલ્પ અંશે પણ પાલન કર્યાથી મહાન ભયમાંથી મુક્ત થવાય છે," માટે તમે શૂદ્ર હો, સ્ત્રી જાતિ હો, ગમે તે હો તેનો લેશ માત્ર વિચાર કરતા નહિ; કારણ કે શ્રીકૃષ્ણનું વચન છે કે થોડુંક પણ ધર્મનું પાલન કર્યાથી મહત્ કલ્યાણની પ્રાપ્તિ થાય છે. માટે હે આર્યસંતાનો ! આળસુની માફક હાથ જોડીને બેસી ન રહો. ઉઠો, જાગ્રત થાઓ અને પ્રાપ્તવ્ય સ્થાનને પહોંચતાં સુધી વિરામ લેવાનો વિચારજ ન કરતા. આ અદ્વૈતવાદને વ્યાવહારિક સ્વરૂપ આપવાનો, તેને જીવનને લગતા એકએક કાર્યમાં લાગુ પાડવાનો સમય આવી પહોંચ્યો છે. એનો ચારે દિશાએ પ્રચાર કરો અને સ્વર્ગથી મૃત્યુલોક પર્યંત ફેલાવી દો, એવીજ હવે ઈશ્વરની આજ્ઞા છે. આપણા પૂર્વજો આપણને આદેશ કરે છે કે આ મહાન્ સત્યસમૂહનો સર્વત્ર પ્રચાર કરો. તેને મનુષ્યમાત્રની સામાન્ય સંપત્તિ બનાવો.. તમારા પ્રાચીન શાસ્ત્રના ઉપદેશો આખા જગતમાં સચરાચર વ્યાપ્ત થાય; આખું જગત્ વેદાંતની ભાવનાથી

રસબસ બની જાય; એ પવિત્ર આદર્શ સમાજના થરેથરમાં સંચરી જાય, માણસ માત્રની તે સામાન્ય મિલ્કત બની જાય, મનુષ્યજીવનમાં તે ઓતપ્રોત થઇને તેની નાડીએનાડીમાં અને રુધિરના એકેએક બિન્દુમાં તેની (વેદાંતની) અપૂર્વ ચેતનપ્રદ શક્તિનો સંચાર થાય ત્યાંસુધી તમારા પૂર્વજોના ઉપદેશની મેઘગંભીર ગર્જના જગતના દેશદેશમાં ગજવો.

કદાચ તમે સાંભળીને આશ્ચર્ય પામશો પણ હું તમને કહું છું કે આપણા કરતાં અમેરિકન પ્રજાએ પોતાના કર્મક્ષેત્રમાં વેદાંતનો વિશેષ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. જાણ્યે અજાણ્યે પણ તેમણે વેદાંતનો જુસ્સો જીવનમાં ઉતાર્યો છે. હું ઘણીવાર ન્યુયૉર્ક શહેરના સમુદ્રકિનારે ઉભો રહેતો અને દેશદેશથી અમેરીકામાં રહેઠાણ કરવાના ઉદ્દેશથી આવતા પરદેશીઓને નિહાળતો. હું જોતો કે તેઓનું હીર ચૂસાઈ ગયું હતું, જુલમના દબાણથી તેમના સ્વાભાવિક જુસ્સા નીચોવાઇ ગયેલા હતા. તે બિચારા આશાહીન થએલા, ફાટાંતૂટાં લૂગડાંની એક પોટલી બગલમાં છૂપાવતા ચાલ્યા આવતા હતા અને શરમ તથા ભયને લીધે કોઈના સામું જોવાની પણ તેમની હિંમત ચાલતી નહિ. તે બિચારા, શરમાતા, બ્હીતા, સંકોચાતા, માર્ગપર ચાલતા અને જો પોલિસનો સિપાઈ તેમના જોવામાં આવતો તો રસ્તાની બીજી બાજુએ હઠી જતા; પણ અમેરિકાના વાતાવરણની ખુબી તો જુઓ કે છજ મહિનામાં એનાએજ પરદેશીઓ ચોકખાં સુશોભિત વસ્ત્ર પહેરીને, છાતીભેર, ટટાર ચલાવા માંડે છે અને દરેકની સામે નિડરપણે જોઇ શકે છે. હવે તેમને શરમ, ભય, સંકોચ, ગ્લાનિ, એમાંનું કાંઇજ નડતું નથી. આ અજાયબ જેવો ફેરફાર શાથી થયો ? ધારો કે અમુક માણસ આર્મિનિયા અથવા બીજા કોઈ દેશમાંથી આવે છે. તેના સ્વદેશમાં તેને જુલ્મ અને અન્યાયની ઘાણીમાં પીલી નાખવામાં આવતો હતો, તેને સત્તાવાળો દરેક માણસ કહેતો કે "તું ગુલામી હાલતમાં જન્મ્યો છે અને તારે ગુલામજ રહેવું પડશે. જો તેં છુટા થવા ધમપછાડ કરી તો કચરાઇજ જઈશ. તું નિરાશાના અંધકારમાં જન્મ્યો છે અને ત્યાંજ રહેજે. તારે માટે ઉદ્ધારજ નથી." તેના દેશના વાતાવરણમાંજ આવા પ્રકારના ધ્વનિ ગાજી રહ્યા હોય છે. "તું ગુલામી હાલતમાં-નિરાશાના અંધકારમાં આખી જિંદગીસુધી સડયાજ કરજે" એવાજ ધ્વનિ તે ચારે દિશાએ સાંભળે છે; અને સત્તાવાળા માણસોને દબાવીને, પીલીને તેનું મનુષ્યત્વ, તેનું સર્વસ્વ નીચોવી કહાડે છે. પણ હવે તો તે ન્યુયૉર્ક નગરમાં આવી પહોંચ્યો છે. સુવેષધારી ભલભલા ગૃહસ્થો તેની સાથે હાથ મેળવીને તેને સન્માન આપે છે. ચીંથરેહાલ વસ્ત્ર પહેરનાર અને ઉત્તમ પ્રકારનાં વસ્ત્ર પહેરનાર વચ્ચે આ દેશમાં તફાવત ગણાતો નથી. તે આગળ જાય છે. માર્ગમાં એક "રેસ્ટોરાં" (હોટેલ) આવે છે. એક ગૃહસ્થ ટેબલ પાસે બેસીને જમે છે અને (હૉટેલ) વાળો તેને તેજ ગૃહસ્થની પાસે તેનાજ ટેબલને

બીજે ખુણે જમવા બેસાડે છે. તે નગરમાં ફરે છે. અહીં જૂદાજ પ્રકારનું જીવન તેના જોવામાં આવે છે. તે જ્યાં જાય છે ત્યાં તેને બીજાં મનુષ્યોના જેવાજ સમાન હક્ક અને સમાન સન્માન પ્રાપ્ત થાય છે. તે વૉશિંગ્ટન (સંયુક્ત સંસ્થાનોનું પાટનગર) જશે અને ત્યાં ઇચ્છિશે તો પ્રેસિડેન્ટની સાથે હસ્તમિલન કરી આવશે. તેની એકલાની સાથે નહિ પણ દૂર દૂરનાં ગામડાંનાં લોકો તથા ફાટાં તૂટાં વસ્ત્ર પહેરીને આવેલા ખેડુતોની સાથે પણ પ્રેસિડેન્ટ આવોજ સદ્‌વ્યવહાર રાખે છે. આ બધાની સામટી અસરથી તેનામાં મર્દાઇના ગુણનો ઉદય થાય, તેનામાં સ્વમાનની ભાવના જાગ્રત થાય એમાં શું આશ્ચર્ય ? અમેરિકાના આ સ્વતંત્ર અને સમાનતાભર્યા વાતાવરણના પ્રતાપથી તેનો માયાનો પડદો ઉઘડી જાય છે. માયાના આવરણથી, બીજાઓએ તેની ઉપર અજમાવેલા એક પ્રકારના હિપ્નૉટિઝમની અસરને લીધે પોતાને નિર્બળ અને ગુલામ સમજનાર બ્રહ્મ હવે જાગ્રત થયો છે અને મનુષ્યપૂર્ણ જગતમાં પોતાનું પણ મનુષ્ય તરીકે યોગ્ય સ્થાન છે એમ હવે સમજવા લાગ્યો છે. અફસોસ! આપણો દેશ-પવિત્ર ભરતખંડ-જે દેશ વેદાંતની જન્મભૂમિ છે, તેજ ભૂમિમાં જમાનાને જમાના થયાં સાધારણ કોટિનાં લાખો કરોડ માણસો એક પ્રકારની માયા અથવા હિપ્નૉટિઝમની અસર નીચે ઉપર કહી તેવીજ શારીરિક અને માનસિક દુર્દશા ભોગવ્યા કરે છે. તેમને અડકવાથી પણ આપણે ઉચ્ચ વર્ણના લોકો અભડાઇ જઇએ ! તેમની પાસે બેસીએ તો આપણે અપવિત્ર થઇ જઇએ ! બિચારા નિરાશાના અંધકારમાં જન્મ્યા છે અને જીવનપર્યંત તેવીજ હાલતમાં રહેશે. પરિણામ એ થયું છે કે તેઓ અવનતિના કાદવમાં ઉંડાને ઉંડા ઉતરતા જાય છે અને માનવજાતિની જેટલી અધોગતિ થઈ શકે તેટલી તેમની થઈ ચૂકી છે. * દુનિઆમાં એવો કયો હતભાગી દેશ છે કે જ્યાં મનુષ્યો જાનવરની સાથે એક ઓરડામા સૂતાં હોય ? અફસોસ ! તે આપણો પોતાનોજ દેશ છે. એને માટે બીજા કોઈને દોષ ન દેશો. અજ્ઞાન મનુષ્યો એવી ભૂલ કરે છે કે અમુક લોકોએ અમારી આ દશા કરી; પણ તમે તેવી ભૂલ ન કરતા. જ્યાં કાર્ય છે ત્યાંજ તેનું કારણ હોવું જોઇએ-બહારના કોઈ સ્થાનમાં નહિજ; એવું મેં તમને હમણાંજ કહ્યું હતું. આપણી દુર્દશાનું કારણ આપણા દેશમાંજ-આપણા પોતાના વર્તનમાંજ છે. એ સઘળો દોષ આપણોજ છે.

* કેટલાંક વર્ષ પર ઘણું કરીને ૧૯૦૭ માં ઇગ્લાંડનો મજૂરપક્ષનો આગેવાન અને દિલસોઝ અંગ્રેજ મી. કેરહાર્ડી આ દેશની આર્થિક અવસ્થાનો અભ્યાસ કરવા આવ્યો હતો. એક ગામડામાં તે જઇ ચડયો ત્યાં એક સ્ત્રી અનાજની છાલાંવાળી ઝીણી કણીઓ (ધુળીયું) ના રોટલા બનાવતી હતી. કેરહાર્ડીએ તે ચાખી જોયો અને કહ્યું કે " આવી ચીજ અમારા દેશમાં ઢોરને પણ અપાતી નથી " બીજા દેશોમાં ઢોર પણ ન ખાય એવો આહાર હિંદના બાળકોને ખાવો પડે છે ! ભા૦ ક૦

જાગ્રત થાઓ ! હિંમતવાન્ બની જાઓ ! એ સઘળી જવાબદારી તમારે પોતાને શિરે વ્હોરી લેવા તૈયાર થાઓ. બીજાઓ ઉપર ધૂળ ન ઉરાડો; કારણ કે તમારે જે કાંઇ ખમવું પડે છે તેના તમે એકલાજ કારણભૂત છો.

લાહોરના યુવાન પુરુષો ! મારા શબ્દ ધ્યાનમાં રાખજો. આ મહાન્ પાપ (મનુષ્ય મનુષ્ય વચ્ચે ભેદ રાખવાનું) વંશપરંપરાથી ઉતરી આવેલું પ્રજાગત દૂષણ છે, તેની જવાબદારી હવે તમારે શિર છે. જ્યાંસુધી તમે એ કલંક નહિ ધોઇ નાખો ત્યાં સુધી તમારો ઉદ્ધારજ નથી. તમે હજારો સભાઓ સ્થાપો; વીસ હજાર રાજનૈતિક ક્લબો, એસોસીએશનો ઉભાં કરો; તરેહ તરેહની સંસ્થાઓ ઉભી કરો પણ જ્યાંસુધી તમારા હૃદયમાં તમારા પ્રત્યેક દેશબાંધવમાટે સહાનુભૂતિ નહિ પ્રગટે અને જે પ્રેમ પોતાનામાં સર્વનો સમાવેશ કરે છે, જે હૃદય સર્વને માટે દ્રવે છે, તેવા હૃદય અને પ્રેમની તમે પ્રાપ્તિ નહિ કરો, ત્યાંસુધી એ બધું ફોકટ છે. જ્યાંસુધી તમે ભગવાન્ બુદ્ધના પ્રેમપૂર્ણ, વિશાળ હૃદયનું હિન્દુસ્તાનની પ્રજાને ફરીથી દર્શન નહિ કરાવો, જ્યાં સુધી તમે શ્રીકૃષ્ણના આદેશને વ્યવહારમાં પરિણત નહિ કરો, ત્યાંસુધી તમે ઉન્નતિની આશાજ રાખતા નહિ. ભલે તમે યૂરોપિયન લોકોનાં, તેમના સમાજનાં, તેમની સભાઓનાં અનુકરણ કર્યાજ કરો પણ જ્યાંસુધી તેમના હૃદયના ભાવનું અનુકરણ નહિ કરો ત્યાંસુધી કશું વળવાનું નથી ! અત્યારે એક બનાવ જે મેં નજરોનજર જોયો હતો તે વિષે કહેવાની મને ઇચ્છા થાય છે. એક વાર કેટલાક બ્રહ્મદેશના લોકોને પટાવી ફોસલાવીને અહીંના કેટલાક યુરેઝીયન લોકો લંડન લઇ ગયા. તેમનું લંડનમાં પ્રદર્શન કરીને ખૂબ કમાયા. પછી તેમને તેઓ યુરોપના બીજે દેશોમાં લઇ ગયા અને ત્યાં તેમને એકલા નિરાધાર પડતા મૂકીને નાસી ગયા. આ બિચારા ગરીબ લોકોને યુરોપની ભાષાનો એક અક્ષર પણ આવડતો ન હતો. તેથી તેમની દુર્દશાનો પાર ન રહ્યો. તેમને ઑસ્ટ્રીઆના અંગ્રેજ એલચીએ વિલાયત પાછા મોકલી દીધા. લંડનમાં તેમને કોઇ ઓળખતું ન હતું અને બિચારા તદ્દન નિરાધાર, અનાથ અવસ્થામાં આવી પડ્યા હતા. એક અંગ્રેજ સ્ત્રીને આ વાતની ખબર પડી. તેણે એ પરદેશી બ્રહ્મદેશવાસીઓને પોતાના ઘરમાં આશ્રય આપ્યો, વસ્ત્ર પહેરાવ્યાં, જમાડ્યા અને તેમને દરેક જરૂરની વસ્તુઓ પૂરી પાડીને તેમની ઉત્તમ બરદાસ્ત કરી. એ પછી તેણે આ વાત વર્તમાનપત્રોદ્વારા પ્રસિદ્ધ કરી. અને જુઓ તો શું થયું ? બીજેજ દિવસે જાણે આખી અંગ્રેજ પ્રજા જાગૃત થઇ હોય તેમ આ લોકોને મદદ કરવાને ઉભા કરેલા ફંડમાં ઢગલાબંધ નાણાં આવવા લાગ્યાં, અને તેવડે તે પરદેશીઓને અનુકૂળતાપૂર્વક તેમને પોતાને દેશ મોકલવામાં આવ્યા. આવી સહાનુભૂતિના પાયા ઉપરજ અંગ્રેજોની રાજનૈતિક અને અન્યવિષયક સંસ્થાઓની રચના થઇ છે. તેમના કાર્યનો પાયો આવા પર્વત જેવા દૃઢ પ્રેમ ઉપરજ રચાયો છે, અને બીજાઓ પ્રત્યે

નહિ તો સ્વજાતિ પ્રત્યે તો તેમનો પ્રેમ અગાધ છેજ. તેઓ કદાચ જગતની અન્ય પ્રજાઓને નહિ ચહાતા હોય; પણ સ્વજાતિપ્રત્યે તો તેમની પ્રબળ પ્રેમભાવના છે અને પોતાને બારણે આવેલા પરદેશી તરફ તેઓ ન્યાયી, દયાપરાયણ અને વાજબી વર્તન રાખે છે. પશ્ચિમના દરેક દેશમાં મારો તે લોકોએ કેવો અદ્‌ભુત પ્રેમપૂર્ણ સત્કાર કર્યો હતો તે જો હું તમને કહેતાં ભૂલી જાઉં તો મારા ઉપર કૃતઘ્નતાનો દોષ આવે. આવા પ્રેમના પાયા ઉપર પ્રજાની ઉન્નતિની પ્રતિષ્ઠા કરે એવાં ઉદાર હૃદય આપણામાં છે ? આપણે તો એવા અધમ છીએ કે એકાદ ભાગીદારી પેઢી ઉઘાડી હોય તો ભાગીઆ એકબીજાને ઠગવાનેજ પ્રયત્ન કરે અને પરિણામે પેઢી દેવાળું કહાડે. તમે અંગ્રેજોનું અનુકરણ કરીને તેમના જેવી સમર્થ પ્રજા બનવાની મોટી મોટી વાતો કરો છો પણ તમારા પાયાજ કયાં છે ? આપણે તો રેતી ઉપરજ ઇમારત બાંધીએ છીએ એટલે તે થોડાજ વખતમાં કડડ ભુસ થઇ જાય એમાં શી નવાઈ ?

માટે હે લાહોરવાસી તરુણ પુરુષો ! ફરીથી એકવાર અદ્વૈતનો ઝુંડો ઉઠાવો. જ્યાં સુધી તમે સર્વમાં અને સર્વત્ર ઈશ્વરનુંજ દર્શન ન કરી શકો ત્યાંસુધી જે અલૌકિક પ્રેમની જરૂર છે તે તમને બીજી કોઇ પણ ધર્મભાવનાથી નહિ પ્રાપ્ત થાય. એક વાર ફરીથી પ્રેમની ધ્વજા ફરકાવો ! **उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।** એક વાર ફરીથી જાગૃત થાઓ. ત્યાગની ભાવના વગર તમે એક પણ કાર્ય કરી શકશો નહિ. જો તમારે બીજાઓને મદદ કરવી હોય તો તમારી જાતને ભૂલી જાઓ. ખ્રિસ્તી ધર્મના સૂત્ર મુજબ કહીએ તો તમે ઈશ્વર અને શયતાનને એકીવખતે નહિ ભજી શકો. વૈરાગ્યની ભાવના કેળવો. તમારા પૂર્વજોએ મહત્ કાર્યો કરવા માટે સંસારનો ત્યાગ કર્યો હતો. આ જમાનામાં પણ ઘણાં માણસો પોતાની મુક્તિને માટે સંસારત્યાગ કરે છે. તમે નવા જમાનાના, નવીન વ્રત ગ્રહણ કરનારા સંન્યાસીઓ થાઓ. સર્વસ્વનો ત્યાગ કરો, તમારી પોતાની મુક્તિને પણ એકવાર ભૂલી જાઓ અને તમારા દેશબાંધવોની વ્હારે જાઓ. તમે મોટી મોટી વાતો કરવામાં ઘણા કુશળ છો તો આ તમારી સમક્ષ જે વ્યાવહારિક વેદાંત મેં મૂક્યું છે તે ગ્રહણ કરવાને તમે તૈયાર છો ? તમારા આ ક્ષુદ્ર જીવનનું બલિદાન આપવા તૈયાર થાઓ. તમારે, મારે અને બીજા હજારો મનુષ્યોને કદાચ અન્નની પણ વિટંબણા વેઠવી પડે તો ફિકર નહિ; પરંતુ તેમ કરતાં પણ જો આપણે સ્વજાતિનું જીવન ટકાવી શકતા હોઇએ તો શી હરકત છે ? પ્રજાહિતની ખાતર હરેક પ્રકારની મુશીબત ઉઠાવવા તત્પર થાઓ. આપણી સમસ્ત પ્રજા ડૂબી મરે છે; અસંખ્ય દેશબાંધવોનો શાપ આપણા ઉપર પડેલો છે. જ્ઞાનનો અખૂટ ઝરો આપણી પાસે હોવા છતાં પણ—આપણે જ્ઞાનની તરસથી પીડાતા આપણા અસંખ્ય બંધુઓને ગટરનું ગંદુજ પાણી પાઇએ છીએ !

આપણે પેટ ભરીને ખાઇએ છીએ છતાં પણ જે અસંખ્ય ગરીબ માણુસો આપણી નજર આગળ અન્નમાટે ટળવળે છે તેમને આપણે લેશમાત્ર પણ સહાય આપતા નથી ! જે અસંખ્ય માણુસોને આપણે અદ્વૈતવાદની મોટી મોટી વાતો સંભળાવીએ છીએ તેમના તરફ આપણે તિરસ્કાર ભરેલી, હલકી વર્તણુક રાખીએ છીએ. જેમને દબાવવાને માટે આપણે લોકાચારની ભયંકર રૂઢિ ઉભી કરી છે, જેમને આપણે મોંએ મોંએ કહીએ છીએ કે તમે અને અમે એક ઇશ્વરનાં સંતાન છીએ અને સૌ સરખાં છીએ, છતાં વ્યવહારમાં એક તિલમાત્ર પણ આપણે તેમની સાથે સમાનતા રાખતા નથી; તે ગરીબ જીવોનો શાપ, તેમની ઉંડી હાય આપણા ઉપર છે. × માટે ઉઠો, જાગૃત થાઓ, ગાજી ઉઠો અને આ કલંકને ધોઇ નાખો. તમારી આ ક્ષુદ્ર જિંદગી એ યજ્ઞમાં હોમાઇ જાય તો શું થઇ ગયું ? પવિત્ર અને પાપી, સાધુ અને અસાધુ, શ્રીમંત અને કંગાલ સર્વને માટે મરણ તો નિર્માણ થએલુંજ છે, શરીર તો કોઇનું પણ કાયમ રહેવાનુંજ નથી, માટે ઉઠો, જાગૃત થાઓ, અને સંપૂર્ણરીતે નિષ્કપટી થાઓ. આપણા દેશમાં કપટ, પાખંડ, બોલવાનું કાંઇ અને ચાલવાનું કાંઇ એ ભયંકર દૂષણ પેસી ગયું છે. આપણને હાલ ચારિત્ર્યની જરૂર છે. આપણને દઢતા, ચારિત્રબળ અને એકનિષ્ઠાની જરૂર છે, જે સિદ્ધાંતને સત્ય માન્યો તેને મડાગાંઠની માફક દઢતાથી વળગી રહે અને આખું જગત્ સામે થાય તોપણ પાછળ ન હઠે એવા મર્દોની જરૂર છે.

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु ।
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ॥
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा ।
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥

જાગૃત થાઓ, સજ્જ થાઓ, સમય વહી જાય છે અને આપણી શક્તિઓ મિથ્યા વાતોમાંજ ક્ષીણ થઇ જશે. જાગૃત થાઓ. નાની નાની બાબતોમાટે, જૂજ જેવા મતમતાંતરોને લઇને ખોટા વિવાદ કરવાનું છોડી દો. તમારી સમક્ષ એક મહાન્ કાર્ય પડ્યું છે—લાખો મનુષ્યોની અધોગતિ થાય છે—તેમના તરફ લક્ષ આપો. તેમનો ઉદ્ધાર કરો.

જ્યારે મુસલમાનો પહેલવહેલા હિન્દુસ્તાનમાં આવ્યા ત્યારે હિન્દુઓની સંખ્યા હાલના કરતાં કેટલી બધી વધારે હતી ? અને જુઓ હજીપણ દર વરસે તેમની સંખ્યા ઓછી થતી જાય છે. એનો પ્રતિકાર નહિ કરો તો દિવસે દિવસે આપણી સંખ્યા ઘટતીજ જશે અને છેવટે આપણું નામનિશાન પણ નહિ રહે !

+ કહ્યું છે કેઃ—તુલસી હાય ગરીબકી, કબુ ન ખાલી જાય;
મુવે ઢોરકે ચામસેં, લોહા ભસ્મ હો જાય.

હિન્દુલોકો તેમના અનેક પ્રકારના દોષ છતાં જે અદ્ભુત તત્ત્વદર્શનના પ્રતિનિધિઓ છે અને જેમનું સ્વરૂપ તેમણે વિકૃત કર્યું છે છતાં પણ તેમને સાચવી રહ્યા છે, તે તત્ત્વદર્શનનો પણ તેમની સાથેજ વિનાશ થઇ જશે; અને આ અદ્ભુત અદ્વૈતવાદ–તત્ત્વદર્શનનો અને અધ્યાત્મજ્ઞાનનો શિરોમણિ–અદ્વૈતવાદ પણ વિલુપ્ત થઇ જશે; માટે જાગ્રત થાઓ અને જગતની આધ્યાત્મિક સંપત્તિના રક્ષણમાટે તમારા બાહુ પ્રસારો. તમારા પોતાના દેશમાંથીજ કાર્યનો પ્રારંભ કરો. આપણને હમણાં ઘણા ઉંચા પ્રકારના જ્ઞાનની જરૂર નથી; પણ અદ્વૈતવાદનો થોડોક અંશ રાજના વ્યવહારમાં ઉતરે અને તેથી આપણામાં ચેતન અને આત્મવિશ્વાસ પ્રાપ્ત થાય તેનીજ અત્યંત જરૂર છે. દેશનાં જે લાખો માણસો આજ કેટલાંક વર્ષ થયાં ભૂખમરો વેઠે છે તેમને પ્રથમ તો પેટભરીને જમાડો અને પછી ધર્મનો ઉપદેશ આપજો. લોકો બિચારા અન્ન વગર ટળવળે છે ત્યાં આપણે તેમને જગતનું મિથ્યાપણું, આત્માનું અવિનાશીપણું અને એવી એવી જ્ઞાનની વાતો સંભળાવવા તૈયાર થઇએ છીએ ! * જ્ઞાનવડે કાંઇ ભૂખ ભાગશે ? આપણી પ્રજાને માથે બે મોટાં કલંક છે; એક તો આપણી નિર્બળતા અને બીજું આપણો પરસ્પરનો વિદ્વેષ, આપણાં સ્નેહશૂન્ય શુષ્ક હૃદય. તમે લાખો ફિલસુફીઓની વાતો કરો, લાખો સંપ્રદાયો બાંધો, પણ જ્યાંસુધી તમારૂં હૃદય પારકાના દુઃખથી દ્રવે નહિ, જ્યાંસુધી વેદના આદેશ મુજબ તમે બીજાઓને તમારા શરીરના અંશસ્વરૂપ સમજો નહિ, શ્રીમંત અને કંગાલ, સાધુ અને શઠ, સર્વને તે સર્વસ્વરૂપ અનંત બ્રહ્મના અંશરૂપ માનો નહિ ત્યાંસુધી બધું ફોકટજ છે.

ગૃહસ્થો ! અદ્વૈતવાદના કેટલાક ઉત્તમોત્તમ અંશ મેં આજે તમને સમજાવ્યા છે ખરા, પણ તે સમજવા સાથે તેમને અમલમાં મૂકવાનો સમય પણ હવે આવી પહોંચ્યો છે–એકલા આપણાજ દેશમાં નહિ પણ આખા જગતમાં તેમને લોકોના જીવનમાં પ્રવેશ કરાવવાનો સમય આવી પહોંચ્યો છે. આધુનિક વિજ્ઞાન તેના પ્રચંડ હથોડાવડે દરેક દેશના દ્વૈતવાદાત્મક ધર્મોના કાચના પાયા ભાંગીને તેના ચૂરેચૂરા કરી નાંખે છે. આપણા એકલાનાજ દેશમાં દ્વૈતવાદીઓએ શાસ્ત્રના શ્લોકોને ખેંચી તાણીને વિકૃત કર્યા છે એમ નથી (તેમણે શ્લોકોને એવા તો વિકૃત કરી નાખ્યા છે કે મૂળ શ્લોકજ માર્યા ગયા છે–શાસ્ત્ર તે કાંઇ રબર છે કે જેટલું ખેંચો તેટલું ખેંચાય ?), આપણા એકલાનાજ દેશમાં દ્વૈતવાદીઓ પોતાનું રક્ષણ કરવાને માટે ખૂણાખોચરામાં ભરાઈ બેઠા નથી; પરંતુ યૂરોપ અને અમેરિકામાં તો એથીએ વધારે એવી ગરબડ થઇ

* એતો જ્ઞાન મને ગમતું નથી ઋષિ રાયજીરે,
રૂએ બાળક, લાવો, અન્ન, લાગું પાયજીરે.
(પ્રેમાનંદકૃત સુદામાચરિત્ર.)

રહી છે;* માટે ભરતખંડના થોડાક તત્ત્વવિચાર તે દેશોમાં પ્રેરવાની જરૂર છે. અત્યારથીજ તે વિચાર તે તરફ જવા તો લાગ્યા છે, પણ હજી તેનો દિવસે દિવસે વિશેષ પ્રચાર કરવો જોઇશે, અને પાશ્ચાત્ય દેશોની સંસ્કૃતિઓનું વેદાંતવડે રક્ષણ કરવું પડશે; કારણ કે પાશ્ચાત્ય દેશોમાં જૂની પ્રથાઓ તૂટી ગઇ છે અને નવી પ્રથાનું મંડાણ થયું છે—ઈશ્વરને ઠેકાણે કાંચનની પૂજા થવા લાગી છે. હાલના સ્પર્ધા અને સુવર્ણના ધર્મ કરતાં તેમનો જૂનો ધર્મજ ગમે તેવો ખામીવાળો હોવા છતાં સારો હતો. આવા કાચા પાયા ઉપર ગમે તેવી બળવાન્ પ્રજા પણ ટકી શકે નહિ. જગત્નો ઇતિહાસ પૂછે છે કે જેમના પાયા એવા કાચા હતા તે પ્રજાઓ આજ કયાં છે? આપણા દેશમાં એ સુવર્ણપૂજનની પ્રથા દાખલ ન થવા પામે તેની આપણે પ્રથમ કાળજી રાખવાની છે. માટે દરેકને અદ્વૈત સિદ્ધાંતનો ઉપદેશ આપો કે જેથી કરીને વિજ્ઞાનના ઘસારા સામે આપણો ધર્મ ટકી રહે. વળી આપણે એટલું કરીનેજ સંતોષ માનવાનો નથી પરંતુ બીજી પ્રજાઓને પણ સહાયતા આપવાની છે. તમારાં તત્ત્વચિંતન યૂરોપ અને અમેરિકાનો ઉદ્ધાર કરશે, પણ જે વાત સાથી વિશેષ અગત્યની છે તેનું હું તમને ફરીથી સ્મરણ કરાવું છું કે અહીં તો ખરેખરૂં કાર્યજ બજાવવાનું છે. મોંએ મોંએથી શાસ્ત્રચર્ચા કરવાની નથી. એ કાર્યનો પ્રથમ ભાગ એ છે કે શ્રીકૃષ્ણ ભગવાનના શબ્દો—**इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः । निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः ॥** એ આદર્શ યાદ રાખીને અજ્ઞાનના અંધકારમા સડતા આપણા લાખો સ્વદેશ બાંધવોની પાસે જઇને, તેમનો હાથ પકડીને તેમને અંધકારમાંથી પ્રકાશમાં અને અવનતિમાંથી ઉન્નતિપર લઇ જવાને પ્રયાસ કરવાનો છે.

ભક્તિસંબંધી તત્ત્વવિચાર

(આ વ્યાખ્યાન સ્વામી વિવેકાનંદે ૧૮૯૭ ના નવેમ્બરની ૯ મી તારીખે સાંજે ગ્રેટ બેંગોલ સરકસના તંબુમાં આપ્યું હતું. એ સ્વામીજીએ લાહોરમાં આપેલું બીજું ભાષણ હતું. લાહોરમાં પ્રકટ થતા ટ્રિબ્યૂન પત્રમાં એનો સારાંશ પ્રસિદ્ધ થયો હતો. તેનો અનુવાદ નીચે મુજબ છે.)

ઉપનિષદોના ગંભીર નાદ કરતા પ્રવાહની અંદર એક દૂરથી આવતા શબ્દનો

* ખ્રિસ્તી ધર્મશાસ્ત્ર પ્રમાણે જગત્ની ઉત્પત્તિ થયે પાંચ કે છ હજાર વર્ષ થયાં છે. હવે જ્યારે પુરાતન ઇતિહાસશોધકો વીસ અને પચીસ હજાર વર્ષ પૂર્વના હાથના લખેલા ઇતિહાસ ખંડીએરોમાંથી અને સમુદ્રને તળીએથી શોધી લાવે, તો તે જોઇને બાઇબલમાં આપેલા ઈતિહાસ ઉપરથી શ્રદ્ધા ઉઠી જાય એમાં શી નવાઇ?

પ્રતિધ્વનિ આપણા કાનપર અથડાય છે. જો કે એનો સૂર ઘણો ઉંચો અને સારી રીતે લંબાયલો છે અને તે સમગ્ર વેદાંતગ્રંથમાં સ્પષ્ટપણે જોવામાં આવે છે; તો પણ તે જોઇએ તેવો પ્રબળ નથી. ઉપનિષદોનો મુખ્ય ઉદ્દેશ સર્વવ્યાપી પરબ્રહ્મના અસ્તિત્વ અને સ્વરૂપનું વર્ણન કરવાનોજ હોય એવી પ્રતીતિ થતી હોવા છતાં, એ અદ્‌ભુત ગંભીર ભાવનાની વચમાં વચમાં આપણને સુંદર કવિત્વનું પણ દર્શન થાય છે.

न तत्र सूर्यो भाति न चन्द्रतारकं ।
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ॥ (કઠોપનિષદ્)

"ત્યાં સૂર્યનો પ્રકાશ પડતો નથી; ત્યાં ચંદ્ર કે તારાઓ પ્રકાશતા નથી. ત્યાં વિજળીનું પણ અજવાળું હોતું નથી તો પછી અગ્નિની તો વાતજ કેવી ?

એ બે અપૂર્વ પંક્તિઓમાં રહેલા હૃદયસ્પર્શી કવિત્વના પ્રભાવથી આપણે ઇન્દ્રિયાતીત પ્રદેશમાં અટલે કે મનના પ્રદેશથી દૂર અત્યંતદૂરના પ્રદેશમાં દાખલ થઇ જઇએ છીએ. તે એવો પ્રદેશ છે કે જે સમગ્રભાવે કદિપણ બુદ્ધિનો વિષય થઇ શકતો નથી. છતાં તે સર્વ તરફથી અને સદાકાળ આપણી પાસેને પાસેજ છે ! એ મહાન્ ભાવની પાછળ તેની છાયાની માફક અનુસરણ કરનાર એક બીજા પ્રકારનો ભાવ રહેલો છે. તે ભાવ એવો છે કે જેને સાધારણ માણસો પણ ધારણ કરી શકે છે, અને તેમના નિત્યજીવનમાં તેનું અનુસરણ વિશેષ ઉપકારક નીવડે છે, તથા માનવજીવનના પ્રત્યેક વિભાગમાં તે પ્રવેશ કરી શકે છે. એ ભાવ તે ભક્તિનું બીજ છે. સમય જતાં એ ભાવની અંત્યત વૃદ્ધિ થવા પામી છે. ઉપનિષદ્‌ની પછીના યુગમાં તે ભાવ સંપૂર્ણ કલાએ પહોંચ્યો છે અને તેનું વર્ણન અત્યંત સરળ, સ્પષ્ટ ભાષામાં કરવામા આવ્યું છે. મારૂં આ કથન પુરાણોને ઉપલક્ષીને છે.

એ પુરાણોમાં ભક્તિનો સર્વોત્તમ આદર્શ નજરે પડે છે. ભક્તિના બીજનું અસ્તિત્વ તો પ્રથમથીજ હતું. વેદના સંહિતાવિભાગમાં પણ તે દૃષ્ટિગોચર થાય છે અને ઉપનિષદ્‌માં તેનો કેટલેક અંશે વિકાસ થએલો માલમ પડે છે; પણ પુરાણમાં તો તેનું વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. આમ હોવાથી ભક્તિ એ કેવા પ્રકારનો ભાવ છે તેનું અવલોકન કરવું હોય તો આપણે પુરાણની સહાયતા લેવી પડશે. પુરાણની સત્યતાવિષે અત્યંત ભિન્ન ભિન્ન મત પ્રકટ થઇ ચૂકયા છે. પુરાણના છૂટા છવાયા અનેક અંશ ટાંકીને તેમની અસત્યતા સાબિત કરવામાટે પુષ્કળ વિવેચન કરવામાં આવ્યું છે, અને ઘણે પ્રસંગે સિદ્ધ કરવામાં આવ્યું છે કે પુરાણની ઘણીખરી બાબતો આધુનિક વિજ્ઞાનશાસ્ત્રના પ્રકાશ આગળ ટકી શકતી નહિ હોવાથી તે અસત્ય છે. કેટલેક અંશે એ વાત ખરી પણ છેજ; પરંતુ એ બધા વાદવિવાદને બાજુએ મૂકતાં–પુરાણ માંહેની વૈજ્ઞાનિક, ભૂગોળ અને ખગોળવિદ્યાવિષયક બાબતોને એક બાજુએ મૂકતાં, એની અંદર એક ચોક્કસ તત્ત્વ નજરે પડે છે. ઘણાં

ખરાં પુરાણનું જો તમે આદિથી અંતસુધી બારીક દૃષ્ટિએ અવલોકન કરશો તો જણાશે કે તેમાં ઠેકાણે ઠેકાણે ભક્તિનો અંશ ઝળકી નીકળે છે. પુરાણનો ઉદ્દેશજ ભક્તિના સિદ્ધાંતની સ્થાપના કરવાનો છે. પુરાણોમાં જે સાધુમહાત્માઓનાં તથા રાજર્ષિઓનાં ચરિત્ર જોવામાં આવે છે તે પણ ભક્તિનાંજ ઉદાહરણરૂપ છે અને તેમનાદ્વારા ભક્તિનાંજ રહસ્ય પ્રકટ કરેલાં છે. સૌન્દર્યનાં અને ભક્તિનાં અનેક પ્રકારનાં દૃષ્ટાંત આપીને તેમનું વિવરણ કરવા પુરાણોનો મુખ્ય ઉદ્દેશ છે.

હું હમણાંજ કહી ગયો છું કે એ આદર્શ સાધારણ કોટિનાં મનુષ્યોથી પણ ગ્રહણ થઇ શકે એવો હોવાથી તે વિશેષ કલ્યાણપ્રદ છે. વેદાંતના અત્યંત ઉગ્ર પ્રકાશને ઝીલી શકે અને તેને હૃદયમાં ધારણ કરી શકે એવા માણસોની સંખ્યા પણ હમેશાં બહુજ થોડી હોય છે, તો પછી એ આદર્શને જીવનમાં ઉતારી શકે તેવા માણસોની વાતજ શી? કારણ કે વેદાંતમતનું અનુસરણ કરનાર પ્રથમ તો અભીઃ નિર્ભય હોવો જોઇએ. જેને વેદાંતપ્રદર્શિત માર્ગ ગ્રહણ કરવાની ઇચ્છા હોય તેણે પોતાના હૃદયમાં ભયનું તો નામનિશાન પણ રહેવા દેવું ન જોઇએ. આપણે સઘળા જાણીએ છીએ કે એ કાર્ય ઘણું વિષમ છે. જેમણે સંસારસાથેનો તમામ પ્રકારનો સસંર્ગ એકદમ તોડી નાખ્યો છે; જેમનાં બંધન અત્યંત અલ્પ થઇ ગયાં છે; અને મનુષ્યના હૃદયને દુર્બળ અને ભીરૂ બનાવી દે એવી વૃત્તિઓનો જેમણે સંપૂર્ણઅંશે ત્યાગ કર્યો છે; તેમને પણ કોઈ કોઇવાર મનમાં એવો અનુભવ થાય છે કે જેને લીધે તેઓ તે સમયે દુર્બળ, નિર્વીર્ય બનીને મંત્રમુગ્ધ સર્પ જેવા નિશ્ચેષ્ટ થઇ જાય છે. જ્યારે વસ્તુસ્થિતિ આવી છે ત્યારે જેઓ ચારે બાજુએથી દૃઢ બંધનવડે જકડાઇ ગયા છે, જીવનની દરેકે દરેક ક્ષણમાં જેઓ અનેક પ્રકારના દાસત્વને લીધે ક્રમે ક્રમે અવનત થતા જાય છે તેઓની માનસિક દુર્બળતાનું પૂછવુંજ શું? એવા મનુષ્યોને માટે પુરાણોક્ત ભક્તિવિષયક મનોહર કથાઓજ અત્યંત ઉપકારક થઇ પડે છે. તેમના કલ્યાણને માટેજ પુરાણોમાં ભક્તિના કોમળ અને કવિમય ભાવ પ્રકટ કરવામાં આવ્યા છે; તેમને માટેજ ધ્રુવ, પ્રલ્હાદ અને બીજા અનેક મહાત્માઓની અદ્‌ભુત, વિસ્મયકારક કથાઓ આલેખવામાં આવી છે અને લોકો પોતાના જીવનમાં ભક્તિભાવનો વિકાસ કરી શકે એ હેતુથી તેમને માટે અત્યંત સરળ, સુલભ માર્ગ બતાવવામાં આવ્યો છે. આપણે પુરાણોમાંના વૈજ્ઞાનિક અંશને સત્ય માનીએ કે ન માનીએ તોપણ આપણામાં કોઈ એવો નથી કે જેના જીવન ઉપર ધ્રુવ, પ્રલ્હાદ તથા એવી બીજા અનેક પુરાણોક્ત મહાત્માઓની જીવનકથાની લેશમાત્ર પણ અસર ન થઇ હોય.

પુરાણોની ઉપયોગિતા કેવલ વર્તમાન સમયમાંજ હોય એમ પણ નથી, ગયા જમાનામાં અવનત અને ભ્રષ્ટ થએલો બૌદ્ધધર્મ આપણા દેશના જનસમાજને જે ધર્મ તરફથી પ્રેરતો હતો, તેનાથી મુક્ત કરીને વધારે ઉદાર, વધારે ઉન્નત અને સામાન્ય પ્રજા-

વર્ગને વધારે ઉપયુક્ત ધર્મતરફ વાળનાર પુરાણોજ હતાં; અને તે માટે આપણે એ ગ્રંથોનો આભાર માનવો જોઇએ.

ભક્તિરૂપી સહજ અને અત્યંત સુલભ ભાવ માત્ર પુસ્તકોમાં લખાય અને વાંચનાર વાંચે તેથી કાંઇ વિશેષ લાભ નથી, પણ એ ભાવનાનું આપણા દૈનિક જીવનમાં પળે પળે અનુસરણ થવું જોઇએ; કારણ કે આપણે આગળ ઉપર જોઇશું કે ભક્તિભાવનો ક્રમે ક્રમે વિકાસ થતાં છેવટે તે પ્રેમના સર્વોત્તમ રહસ્યરૂપ બની જાય છે. જ્યાંસુધી મનુષ્યની પ્રીતિ વ્યક્તિગત અથવા સ્થૂળ હોય ત્યાંસુધી પુરાણના ઉપદેશની સીમાનું ઉલ્લંઘન થઇ શકેજ નહિ. જ્યાંસુધી મનુષ્ય પોતાની નિર્બળતાને લીધે સહાયને માટે કોઇ પણ વ્યક્તિ ઉપર અવલંબન કરશે, ત્યાંસુધી એક રૂપમાં નહિ તો બીજા રૂપમાં પણ પુરાણોક્ત ભાવનાનો પ્રચાર અને સ્વીકાર ચાલુ રહેશેજ. ભલે આપણે તેના નામમાં ફેરફાર કરીએ, ભલે આપણે હાલ સમાજમાં પ્રચલિત થએલાં પુરાણોની નિંદા કરીએ, પણ બીજીજ પળે આપણને તે નહિ તો બીજા એકાદ પુરાણની રચના કરવાની જરૂર પડશેજ પડશે. ધારો કે આપણામાં કોઇ મહાપુરુષનો જન્મ થયો અને તેણે બધાં પ્રાચીન પુરાણનો અસ્વીકાર કર્યો; આટલું છતાં પણ એજ મહાપુરુષના અવસાનને પૂરાં વીશ વર્ષ નહિ થાય તેટલામાં તો તેના અનુયાયીઓ પોતાના ગુરુના જીવનના પ્રસંગોને આધારે એકાદ નવીન પુરાણ ઉત્પન્ન કર્યા વગર રહેશેજ નહિ, પુરાણનો ત્યાગ થઇ શકે એમ છેજ નહિ. પ્રાચીન પુરાણનો સ્વીકાર કરો કે આધુનિક પુરાણનો સ્વીકાર કરો એટલોજ માત્ર તફાવત છે. મનુષ્યનો સ્વભાવ જોતાં એવા પ્રકારનું સાહિત્ય આવશ્યકજ છે. જેઓ ખરેખરા પરમહંસની દશા પ્રાપ્ત કરીને, મનુષ્ય તરીકેની સ્વાભાવિક નિર્બળતાનો ત્યાગ કરીને પૂરેપૂરા નિર્ભય બની ગયા હોય, જેમનાં માયાનાં બંધન તૂટી ગયાં હોય અને જેમની સ્વાભાવિક લાલસાઓ શમી ગઇ હોય; એવા પરમ જીતેન્દ્રિય, પરમ મહિમાવાન્ મહર્ષિતુલ્ય પુરુષોનેજ પુરાણનું પ્રયોજન રહેતું નથી.

સાધારણ મનુષ્યોને સગુણ ઇશ્વરની અથવા વ્યક્તિ–વિશેષ ઇશ્વરની ઉપાસના કર્યા વગર ચાલવાનુંજ નહિ. જો તે પ્રકૃતિમાં સાકારરૂપે પ્રકટ થતા ભગવાનનું પૂજન નહિ કરે તો તેને ઠેકાણે *સ્ત્રી, પુત્ર, પિતા, બંધુ, ગુરુ કે એવી કોઇને કોઇ વ્યક્તિની સ્થાપના કરીને તેમાંના કોઇનું પૂજન તેને કરવુંજ પડશે. પુરુષ કરતાં સ્ત્રીજાતિને એવા પ્રકારની ઉપાસનાની વિશેષ જરૂર પડે છે. તેજનાં આંદોલન થોડાં ઘણાં સર્વત્ર

* ફ્રાન્સનો તત્વજ્ઞ કૉંત લગભગ નાસ્તિક હતો છતાં તેને એકવાર મૃત પત્નીની કબરનું પૂજન કરવાનું મન થઈ આવ્યું હતું. મનુષ્યની સામાન્ય પ્રકૃતિજ એવી છે કે તેને પોતાનો પ્રેમ એક યા બીજે ઠેકાણે–ઇશ્વરમાં યા મનુષ્યમાં યા ઉભયમાં અર્પણ કર્યા વગર ચાલતુંજ નથી.

છે એ વાત ખરી. અંધકારમય સ્થાનમાં પણ તેજનાં આંદોલન અલ્પ પ્રમાણમાં હોય છે ખરાં. બિલાડી તથા એવાં બીજાં પ્રાણીઓ અંધકારમાં પણ સારી રીતે જોઇ શકે છે તે ઉપરથી સાબિત થાય છે, કે ગમે તેવા અંધકારવાળા સ્થાનમાં પણ તેજનો કાંઇક અંશ હોવોજ જોઇએ; પણ જ્યારે તેજનાં આંદોલન એક સેકન્ડમાં ઓછામાં ઓછાં અમુક સંખ્યામાં થતાં હોય ત્યારેજ તેને આપણે જોઇ શકીએ છીએ. નિર્મિત સંખ્યા કરતાં વધારે અથવા ઓછાં આંદોલન થતાં હોય તો આપણે તેટલા પ્રકાશથી કોઈ પણ પદાર્થને જોઈ શકતા નથી. આવીજ રીતે આપણે નિર્ગુણ, નિરાકાર સત્તા (બ્રહ્મ) વિષે વાતો કરીએ છીએ ખરા, પણ જ્યાંસુધી આપણે સામાન્ય મનુષ્યની કોટિમાં હોઇએ ત્યાંસુધી આપણાથી મનુષ્યની અંદરજ ઈશ્વરનું દર્શન થઇ શકશે. આજ કારણને લીધે આપણો ઈશ્વર વિષેનો આદર્શ માનુષી છે, અને આપણે તેની જે રીતે ઉપાસના કરીએ છીએ તે પણ માનુષી છે. "મનુષ્યશરીર ઈશ્વરનું મંદિર છે" એ વાત અક્ષરે અક્ષર સત્યજ છે. આથીજ કરીને આપણે જોઇએ છીએ કે દરેક યુગમાં, દરેક દેશમાં ઘણાંખરાં મનુષ્યો મનુષ્યનીજ ઉપાસના કરતાં આવ્યાં છે. અલબત્ત એમ કરતાં આપણા જનસમાજમાં અનેક પ્રકારની અતિશયોક્તિ થએલી છે અને તેમના વિષે સખત ભાષામાં ટીકા કરવાની જરૂર પણ છે; પરંતુ તેની સાથે આપણે એટલું પણ લક્ષમાં રાખવું જોઇએ કે હજીસુધી એ મૂળ ભાવનાના મર્મભાગમાં સડો પેઠો નથી; આટલી આટલી અતિશયોક્તિ છતાં અને મનુષ્યપૂજનની ભાવનાનો દુરુપયોગ થવા છતાં પણ હજી તેનું રહસ્ય માર્યું ગયું નથી, હજી તેનો પાયો મજબૂત અને સલામત છે, તેનો મેરૂદંડ (કરોડનું હાડકું) હજી તૂટી ગયો નથી. હું તમને વગર વિચાર્યે પુરાણોક્ત ઉપકથાઓનો તથા તેમના તદ્દન અવૈજ્ઞાનિક (સાયન્સથી વિરુદ્ધ) અંશનો સ્વીકાર કરવાનું કહેતો નથી. દુર્ભાગ્યે પુરાણોની અંદર કેટલાક વામમાર્ગીઓના ભ્રષ્ટ વિચાર દાખલ થઇ ગયા છે તે વિચારોને પણ તમે માનજો એવું મારા કથનનું તાત્પર્ય નથી; પણ મારે તમને એજ જણાવવાનું છે કે એ સર્વ છતાં પણ પુરાણોમાં એક ઉત્તમ રહસ્ય છે અને તેને લીધેજ પુરાણો આજ સુધી ટકી રહ્યાં છે. પુરાણો સમાજમાં આદર પામે છે તેનાં અનેક કારણ છે; પરંતુ તેમાં મુખ્ય કારણ એ છે કે તેમનો ઉદ્દેશ ભક્તિભાવને તથા ધર્મની ભાવનાને લોકોના દૈનિક જીવનમાં ઉતારવાનો, તથા તત્ત્વજ્ઞાનના ઉચ્ચ આકાશમાં વિચરતા ધર્મતત્ત્વને સાધારણ મનુષ્યો ગ્રહણ કરી વ્યવહારમાં મૂકી શકે એવું સ્વરૂપ આપવાનો છે.

મનુષ્યવર્ગ હાલમાં જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં તે ઈશ્વરકૃપાથી ન હોત તો વધારે સારૂં થાત; પણ હવે એ સ્થિતિની પ્રતિકૂળતા જોઇને વ્યાકુળ થવાથી લાભ નથી. હવે તો એ સ્થિતિમાંથી ઉન્નતિ કેવી રીતે કરી શકાય તેજ વિચારવાનું છે.

મનુષ્ય પોતાના ચૈતન્યનો અથવા આધ્યાત્મિકતાનો ગમે તેટલો આડંબર કરે તોપણ તે હાલમાં તો સ્થૂળ ભાવનાથી પરિપૂર્ણ છે. એ સ્થૂળ ભાવનાવાળાં મનુષ્યોનો હાથ પકડીને ધીરે ધીરે તેમને ઉન્નત કરવાનાં છે અને જ્યાંસુધી તેઓ ચૈતન્યમય અને સંપૂર્ણરીતે ધર્મપરાયણ ન થાય, ત્યાંસુધી એ પ્રયાસ ચાલુ રાખવાનો છે. હાલ તો ચૈતન્ય એ શું છે તે સમજવાને પણ નવ્વાણું ટકા માણસો અસમર્થ છે. જે પ્રેરકશકિત આપણને કાર્ય કરવાને પ્રેરે છે, અને જે ફળની આપણે અભિલાષા રાખીએ છીએ તે સર્વ સ્થૂળજ હોય છે. હર્બર્ટ સ્પેન્સરના શબ્દોમાં કહું તો 'આપણે અત્યંત સંકુચિત પ્રદેશમાંજ કાર્ય કરવાને શકિતમાન છીએ.' મનુષ્યની શકિત કેટલી મર્યાદિત છે એ વાત પુરાણ લખનારાઓ સારી રીતે જાણતા હતા, તેથીજ તેમના અત્યંત સંકુચિત પ્રદેશમાં કેવી રીતે કાર્ય કરવું તેનો માર્ગ તેઓ બતાવી ગયા છે. આવા પ્રકારનો ઉપદેશ આપીને પુરાણોએ લોકોનું જે કલ્યાણ કર્યું છે તે અપૂર્વ અને વિસ્મયજનક છે. અલબત્ત, ભકિતનો આદર્શ ચૈતન્યમય અને આધ્યાત્મિક છે. તોપણ તે માર્ગ સ્થૂળ પદાર્થમાં થઇનેજ જાય છે; માટે આ જડ જગતના જે જે પદાર્થો આધ્યાત્મિકતાની પ્રાપ્તિ કરવામાં સહાયભૂત થાય એવા હોય તેમને સર્વને ઉપયોગમાં લેવા પડે છે. એમ કરતાં કરતાંજ સ્થૂળ ભાવનાવાળાં મનુષ્યો ક્રમે ક્રમે ઉન્નત થઇને આધ્યાત્મિક તત્ત્વને ગ્રહણ કરવા સમર્થ થશે. શાસ્ત્રમાં પ્રથમથીજ ન્યાત, લિંગ, ધર્મ કશાનો ભેદ રાખ્યા વગર મનુષ્યમાત્રને વેદ ભણવાનો અધિકાર આપ્યો છે. આટલું કહ્યા પછી વધારામાં કહ્યું છે કે જો જડ મંદિરદ્વારા મનુષ્ય ઇશ્વરપ્રતિ વધારે પ્રેમ રાખી શકે એમ હોય તો એવાં મંદિરથી હાનિ ન થતાં લાભજ છે. જો ઇશ્વરની મૂર્તિનું સ્થાપન કર્યાથી પ્રેમના આદર્શને ઝીલવાનું કાર્ય સરળ થતું હોય તો ખુશીની સાથે, તમારી મરજીમાં આવે તો એકને ઠેકાણે વીશ મંદિર ઉભાં કરો. ગમે તે પદાર્થદ્વારા જો ધર્મના પરમ લક્ષ્યની પ્રાપ્તિ થતી હોય અને જો તે નીતિવિરુદ્ધ ન હોય તો તેનું તરતજ નિઃશંકપણે અવલંબન કરવું. 'નીતિવિરુદ્ધ ન હોય, એ વાકયનો ઉલ્લેખ કરવાનું પ્રયોજન એ છે કે નીતિવિરુદ્ધ વિષય આપણને ધર્મમાર્ગમાં સહાયતા આપવાને બદલે ઉલટા અંતરાયરૂપજ નીવડે છે.

ભરતખંડમાં ઇશ્વરની ઉપાસના સમયે મૂર્તિનો ઉપયોગ કરવાની સામે સૌથી પહેલી લડત *કબીરે ચલાવી હતી; પણ બીજી બાજુએ જોતાં જણાય છે કે ભરતખંડમાં જે જે મોટા દાર્શનિકો, તત્ત્વવેત્તાઓ, ધર્મપ્રચારકો થઇ ગયા છે તેઓ ભગવાનને સગુણ અથવા વ્યકિતરૂપ માનતા ન હતા અને વગર સંકોચે સાધારણ લોકોને તેવોજ ઉપદેશ કરતા હતા; તોપણ તેઓએ મૂર્તિપૂજન ઉપર કોઇ પણ

+" પત્થર પૂજે પ્રભુ મિલે તો કયું નવ પૂજે પહાડ ?
માલાસે જો હરિ મિલે તો કયું ન ફેરવો ઝાડ ? "

પ્રકારનો આક્ષેપ કર્યો નથી. ઘણું તો તેઓ એટલુંજ કહેતા કે મૂર્તિપૂજાની ગણના ખાસ ઉંચા પ્રકારની ઉપાસનાવિધિમાં કરતા નહિ. તેમજ કોઇ પણ પુરાણમાં મૂર્તિ-પૂજાને ઘણું ઉચ્ચ સ્થાન આપ્યુંજ નથી. જગત્‌ની તમામ પ્રજાઓ કોઇ ને કોઇ રૂપમાં મૂર્તિપૂજન કરે છેજ. યાહૂદી લોકો જેમનાં ધર્મશાસ્ત્રમાં મૂર્તિપૂજાનો પ્રકટ-પણે નિષેધ કર્યો છે તેઓ પણ એમ કલ્પના કરે છે કે અમુક પવિત્ર પેટીમાં જેહોવાનો આવિર્ભાવ થાય છે અને તે કારણથી તેઓ તે પેટીને અત્યંત પવિત્ર માને છે; એટલે તેઓ પણ એક રીતે મૂર્તિપૂજકજ છે. આથી કરીને અમુક પ્રજા ઉપર મૂર્તિપૂજકપણાનો આરોપ મૂકીને તેની નિંદા કરવી એ છેક અયોગ્ય છે. જો પ્રતિમા-નું અથવા બીજા કોઇ પણ જડ પદાર્થનું પૂજન કર્યાથી પારમાર્થિક લાભ થતો હોય તો તેનો ઉપયોગ કરવામાં કશીજ હરકત નથી. જડપદાર્થદ્વારા ઇશ્વરોપાસના કરવી એ અત્યંત હલકા પ્રકારની ઉપાસનાવિધિ છે એવું તો આપણા કોઇ ધર્મ-શાસ્ત્રમાં સ્પષ્ટપણે લખેલું જોવામાં આવતું નથી.

પરંતુ એમ પણ કહેવું પડે છે કે ભરતખંડના દરેકે દરેક માણસને પ્રતિમા-પૂજન કરવાનું દુરાગ્રહપૂર્વક દબાણ કરવામાં આવે છે. આ વાત એટલી બધી અણઘ-ટતી છે કે તેને સમજાવવાને મારી પાસે પૂરતા શબ્દો નથી. દરેક જણે અમુકજ પદ્ધતિથી ઉપાસના કરવી અથવા અમુકજ વસ્તુનું અવલંબન કરીને ઉપાસના કરવી તેવિષે હુકમ કરવાનો બીજાને અધિકાર નથી. એ બાબતમાટે માથાફોડજ શાસારૂ કરવી જોઇએ ? અમુક માણસ કયે માર્ગે પોતાની ઉન્નતિ કરી શકે એમ છે—મૂર્તિ-પૂજનથી, અગ્નિપૂજાથી કે અમુક સ્તંભની ઉપાસનાથી, તે વાત બીજાઓ શી રીતે જાણી શકે ? એ કામ દરેકના ગુરુનું છે અને ગુરુશિષ્યના સંબંધદ્વારાજ એ સર્વ બાબત નક્કી થઇ શકે છે. ભક્તિવિષયક ગ્રંથોમાં ઇષ્ટદેવતા સંબંધે જે નિયમો ઘડયા છે તે દ્વારા આ બાબતનો ખુલાસો મળી શકે છે. સારાંશ એ છે કે દરેક જણે પોતાની પ્રકૃતિને અનુકૂળ હોય એવી ઉપાસનાપદ્ધતિનું અનુસરણ પોતાના ઇષ્ટ દેવતાને પ્રાપ્ત કરવામાટે કરવું જરૂરનું છે, અને એ બાબતમાં શાસ્ત્ર અથવા ગુરુએ બતાવેલો માર્ગજ તેનેમાટે કલ્યાણપ્રદ છે. આ પ્રમાણે વર્તવાની સાથે દરેક જણે ઉપાસનાના અન્ય માર્ગો તરફ પણ સહાનુભૂતિથીજ જોવું જોઇએ. જો કે પોતે તો પોતાને બતાવેલી પદ્ધતિદ્વારાજ સાધન કરવાનું છે. એ સાધનદ્વારા સાધક જ્યારે પોતાને ધારેલે સ્થળે પહોંચે, જ્યારે તે કેન્દ્રમાં સ્થિત થાય, ત્યાર પછી તેને જડ પદાર્થની મદદની જરૂર રહેતી નથી.

આપણા દેશમાં અનેક સ્થાને પ્રચલિત થયેલી કુલગુરુ અથવા વંશપરંપરાગત ગુરુની પ્રથાના સંબંધમાં સાવચેતી આપવાના ઉદ્દેશથી થોડુંક વિવેચન કરવાની અત્ર જરૂર જણાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે " જે વેદનું રહસ્ય જાણે છે, જે નિષ્પાપ છે, જે

ધનની લાલસાથી અથવા કોઇ પણ પદાર્થની લાલસાથી શિષ્યને ઉપદેશ આપતો નથી, જેની કૃપા અહૈતુકી એટલે સંપૂર્ણ રીતે નિષ્કામ છે, જેમ વસંતઋતુ વૃક્ષલતા વગેરે પાસેથી કશાની આશા રાખતી નથી છતાં પણ પોતાનો અમલ બેસતાંજ તે ઋતુ તેઓને ફલફૂલથી પરિપૂર્ણ કરી દે છે; તેમ જેમનો સ્વભાવજ લોકોનું કલ્યાણ કરવાનો છે અને તેના બદલામાં જેઓ કશાની આશા રાખતા નથી, જેમનુ આખું જીવન લોકોનું કલ્યાણ કરવામાટેજ છે, એવા પુરુષોજ ગુરુ થવાને યોગ્ય છે. બીજા નહિ."+ અયોગ્ય ગુરુ પાસેથી જ્ઞાનપ્રાપ્તિની આશા રાખવી એ વ્યર્થ છે; એટલુંજ નહિ પણ તેમની પાસેથી ઉપદેશ ગ્રહણ કરવામાં હાનિ થવાનો પણ ભય રહે છે; કારણ કે ગુરુ એ કાંઇ માત્ર શિક્ષક કે ઉપદેશક નથી, ઉપદેશ આપવો એ તો તેના કર્તવ્યનો અત્યંત અલ્પ અંશ છે. આપણે હિંદુ લોકો માનીએ છીએ કે ગુરુશિષ્યના શરીરમાં અમુક પ્રકારની શક્તિનો સંચાર કરે છે. આપણે બાહ્ય સૃષ્ટિમાંથી એક સામાન્ય દૃષ્ટાંત લઇએઃ-શીતળા ટંકાવતી વખતે જો અશુદ્ધ રસી શરીરમાં દાખલ કરવામાં આવી હોય તો તેથી ઉલટું બીજા અનેક પ્રકારના રોગીષ્ટ જંતુઓને શરીરમાં પ્રવેશ કરવાનું સુગમ થઇ પડે છે; તેમ અયોગ્ય ગુરુ પાસેથી ઉપદેશ ગ્રહણ કરવાથી પણ ઉલટા અનેક પ્રકારના ખોટા સંસ્કાર મગજ ઉપર દૃઢ થઇ જવાનો ભય રહે છે. આ પ્રમાણે હોવાથી આપણા દેશમાંથી કુલગુરુની પ્રથા જેમ બને તેમ જલદી નીકળી જવી જોઇએ. ગુરુનું કાર્ય એ એક પ્રકારનો ધંધો ન બની જવો જોઇએ. એમ થાય એ તદ્દન શાસ્ત્રવિરુદ્ધ છે અને તેનું વેળાસર નિવારણ કરવાની જરૂર છે. કોઇપણ માણસ માત્ર વંશપરંપરાથી ચાલતી આવેલી પ્રથાને આધારે ગુરુપણાનો દાવો કરવા નીકળે તો તેને લેશ પણ ઉત્તેજન આપવું જોઇએ નહિ.

ખાદ્યાખાદ્યના પ્રશ્નસંબંધે ચર્ચા કરતાં સ્વામીજીએ કહ્યું કે આહારના સંબંધમાં જે સખ્ત નિયમોનું પાલન કરવા તરફ દુરાગ્રહ રાખવામાં આવે છે, તે મોટે ભાગે તો ઉપર ઉપરનોજ છે અને જે મૂળ ઉદ્દેશથી એ નિયમો રચવામાં આવ્યા હતા તેનો તો અત્યારે તદ્દન લોપજ થઇ ગયો છે. આપણા આહારને કોનો સ્પર્શ થાય તો ચાલી શકે, એ પ્રશ્ન સમજાવતાં તેમણે લાંબુ વિવેચન કરીને સિદ્ધ કરી બતાવ્યું કે શાસ્ત્રોક્ત સ્પર્શાસ્પર્શના નિયમની અંદર ગંભીર દાર્શનિક તત્ત્વ રહેલું છે, પણ એ ગૂઢ નિયમ સાધારણ માણસોથી રોજના વ્યવહારમાં પાળી શકાય એવો નથી. જેમની તમામ વૃત્તિઓ ધર્મમાંજ સ્થિર થએલી છે એવા ઉંચી કોટિના પુરુષો માટેજ એ સૂક્ષ્મ નિયમો જરૂરના છે, અને સાધારણ માણસો પાસે તેમનું પાલન કરાવવું એ કેવળ ભ્રમજ છે; કેમકે ઘણા ખરા સામાન્ય કોટિના માણસોને સ્થૂળ ભોગની તૃપ્તિ થએલી નહિ હોવાથી તેમના ઉપર દબાણ કરીને બળાત્કારે તેમની

+વિવેકચૂડામણિ.

પાસે ધર્મના ઉંચા નિયમો પળાવવા એ પરિશ્રમજ મિથ્યા છે.

ભક્તિમાર્ગનું અવલંબન કરનારમાટે જે જે ઉપાસનાપદ્ધતિઓ બતાવવામાં આવી છે તેમાં મનુષ્યનું પૂજન શ્રેષ્ઠ છે. જો મનુષ્યપૂજન યોગ્ય રીતે કરવું હોય તો પોતાની શક્તિ પ્રમાણે એક, છ, બાર કે વધુ ગરીબ માણસોને દરરોજ પોતાને ઘેર નિમંત્રીને તેમને સાક્ષાત્ નારાયણ માનીને તેમની શુશ્રૂષા કરવી જોઇએ. મેં અનેક દેશની દાન કરવાની પદ્ધતિઓનું અવલોકન કર્યું છે પણ તે જેવી જોઇએ તેવી સફળ નહિ થવાનું કારણ એ છે કે તેમનું રીતસર પાલન થતું નથી. "અરે એ ! આ લેતો જા" એવી રીતે કરેલા દાનથી દયાધર્મનો ઉદ્દેશ બર આવતો નથી, ઉલટું એથી તો અહંકારનેજ પોષણ મળે છે; કેમકે એમ કરીને પોતે દાન, ધર્મ કરે છે તેની જગતને જાણ કરાય છે. હિંદુઓએ ખાસ સ્મરણમાં રાખવું જોઇએ કે સ્મૃતિના અભિપ્રાય પ્રમાણે દાન કરનાર કરતાં દાન ગ્રહણ કરનારનો દરજ્જો ઉંચો છે. દાન ગ્રહણ કરનાર તે સમયને માટે સાક્ષાત્ નારાયણસ્વરૂપ છે. આથી કરીને મારા અભિપ્રાય પ્રમાણે જો એવા ધોરણ પ્રમાણે મનુષ્યપૂજન કરવાનો પ્રચાર થાય તોજ તે કલ્યાણકારક નીવડે.× બને તેટલા ગરીબ, આંધળા, અપંગ, ભૂખ્યા તરસ્યા માણસો દરરોજ ઘેર ઘેર નોતરાય, તેમનું ઇશ્વરની પ્રતિમાની માફક પૂજન થાય અને તેમને અન્નવસ્ત્રથી સંતુષ્ટ કરવામાં આવે તો એ રીતે ઇશ્વરની ઉત્તમ પ્રકારે ઉપાસના કરી ગણાય. એ પ્રમાણે બીજે દિવસે તેના તેજ માણસોને ફરીથી ન બોલાવતાં બીજાંને તેડી લાવવાં જોઇએ. હું કોઇ પણ પ્રકારની ઉપાસના-પદ્ધતિની નિંદા કરતો નથી. માત્ર મારૂં કહેવાનું તાત્પર્ય એ છે કે જીવંત નારાયણની પૂજા એ સર્વથી શ્રેષ્ઠ પ્રકારની પૂજા છે અને હિંદુસ્તાનના લોકોને માટે ચાલુ સમયમાં તો એજ પ્રકાર સર્વથી વિશેષ કલ્યાણપ્રદ છે.

વ્યાખ્યાનનો ઉપસંહાર કરતાં સ્વામીજીએ ભક્તિની એક ત્રિકોણુસાથે સરખામણી કરી. ભકિતના પહેલા ખુણાનું લક્ષણ એ છે કે જેની ભકિત અથવા પ્રેમ શુદ્ધ હોય છે તે બદલાની આશા રાખતો નથી. પ્રેમનો ભય હોતો નથી, એ ભકિતનો બીજો ખુણો છે. બદલાની અથવા ફળની કામના રાખીને ઇશ્વરસાથે પ્રેમ જોડવો એ તો ભીખારીનું કામ છે અથવા વ્યાજ ખાનાર વેપારીનું લક્ષણ છે. ખરા ધર્મની સાથે એને કશોજ સંબંધ નથી. એવી ભિક્ષુકતા એ સ્પષ્ટ રીતે નાસ્તિકતા-નુંજ ચિન્હ છે. "જે માણસ ગંગાને કિનારે કૂવો ખોદવા બેસે તેના જેવો બીજો મૂર્ખ કોણ ?" તેમ ઐહિક વસ્તુને માટે ઇશ્વરના કાલાવાલા કરે તે માણસ પણ

× આ પ્રમાણે અનાથ અથવા દુઃખી માણસોને ઘેર તેડવાનું ન બને તો દેશમાંજ જે અનાથાશ્રમો અથવા સેવાશ્રમો છે, તેમને દરમાસે અમુક રકમ મોકલાવાય તો તે તે પણ ઇષ્ટ છે. ભા૦ ક૦

મૂર્ખજ છે. ભકત તો હમેશ ઈશ્વરને આ પ્રમાણેજ કહે છે કે “ હે પ્રભો ! હું તમારી પાસે કશુંય માગતો નથી પણ તમારે જો કાંઇ જોઇતું હોય તો મારી પાસે જે કાંઇ છે તે આપવા તૈયાર છું. ” પ્રેમ ભયને તો ઓળખતોજ નથી. એક દુર્બળ શરીરવાળી સ્ત્રી રસ્તામાં એકલી જતી હોય તો કદાચ તે કોઇ કૂતરાના ભસવા કે ઘુરકવામાત્રથી ભયભીત થઇને કોઇના ઘરમાં ભરાઇ જશે; પણ જો તેજ સ્ત્રીની સાથે તેનો છોકરો હોય તો તે વખતે કૂતરો તો શું પણ એક સિંહ તેના ઉપર ધસારો કરે તોપણ તે શું નાસી જશે ? કદિ નહિ. પુત્રનો જાન બચાવવાને તે સિંહના મોંમાં પહેલીજ ઝંપલાવશે. હવે ત્રીજો અને છેલ્લો ખુણો એ છે કે પ્રેમનું લક્ષ્યબિંદુ પ્રેમજ છે. ભકિતની છેવટે એવી સ્થિતિ થઇ જાય છે કે તેને પ્રેમજ સત્ય પદાર્થ જણાય છે અને બીજું બધું અસત્ય લાગે છે. ભગવાનના અસ્તિત્વનાં પ્રમાણ શોધવામાટે શાને અથડાવું જોઇએ ? જે જે દૃશ્ય પદાર્થ છે તે સર્વમાં પણ તે વિરાજમાન છે. જે શકિત ચંદ્ર, સૂર્ય અને ગ્રહોને ગતિમાન કરે છે, અને જે સ્ત્રી, પુરુષ તથા પ્રાણીમાત્રમાં, તેમજ સર્વ પદાર્થમાં સ્પષ્ટરીતે માલમ પડે છે તે ઈશ્વરનીજ છે. સ્થૂળ પદાર્થોમાં તે ગુરુત્વાકર્ષણરૂપે પોતાનું કાર્ય કરી રહી છે. તે મહાન શકિત અણુ અણુમાં વ્યાપી રહી છે. તેજ અનંત પ્રેમસ્વરૂપ છે, જગતમાં તેજ શકિત અનંત અને સર્વત્ર વ્યાપી રહેલી છે અને તેજ પ્રત્યક્ષ સર્વવ્યાપી ઈશ્વર છે.

रजपुतानामां प्रवास

સ્વામીજી લાહોરથી ડેરાદૂન ગયા. તેમની શરીરપ્રકૃતિ સારી નહિ હોવાથી ત્યાં રહીને થોડો વખત વિશ્રાન્તિ લેવાનો તેમનો વિચાર હતો. આ કારણથી ઘણા માણસો સાથે મેળાપ ન થાય અને જે મળવા આવે તેમની સાથે ઘણી વાતચીત ન કરવી એવી તેમની ઇચ્છા હતી; પણ દબાવતાં દબાય નહિ એવી અદ્ભુત શક્તિ જેના હૃદયમાં ઉછળી રહી હોય, તેનાથી ઠરીને બેસાય ખરૂં ? તેમનું નિવાસસ્થાન અત્યંત ગુપ્ત હતું છતાં પણ આવ્યાના સમાચાર લોકોને મળતાંજ તેઓનાં ટોળેટોળાં સ્વામીજીની પાસે આવવા લાગ્યાં, અને તેઓ પણ પોતાની તબીયતની દરકાર ન કરતાં હમેશનીમાફક નાના પ્રકારના ઉપદેશ આપતા ગયા. તેમનો અહીં આવવાનો એક બીજો ઉદ્દેશ હતો. તેમનાં યૂરોપિયન શિષ્ય મિસ્ટર અને મિસિસ સેવીયરને હિમાલયના કોઇ એકાંત સ્થળમાં આશ્રમ બાંધવાને જમીન જોઇતી હતી, પણ અહીં મનપસંદ જગ્યા જડી નહિ. અહીં સ્વામીજી પોતાના રિવાજ પ્રમાણે શિષ્યોને દરરોજ રામાનુજ ભાષ્યનું અધ્યયન કરાવતા હતા. વેદાંતના અધ્યયનમાં ઘણીવાર સ્વામીજી

એવા તન્મય થઇ જતા કે એક વાર સેવિયર દંપતી તેમને સાંજના ફરવા તેડી જવાને રાહ જોતાં ઉભાં હતાં, પણ સ્વામીજીને તેમનો ખ્યાલ પણ આવ્યો ન હતો.

ડેરાડૂનથી ઉપડીને સ્વામીજી પુરાનર આવ્યા અને ત્યાંના વકીલ બંકુબિહારીને ઘેર તેમનો યોગ્યતાપૂર્વક સત્કાર કરવામાં આવ્યો હતો. બંકુબિહારી તથા શહેરના ઘણા લોકોએ તેમને વ્યાખ્યાન આપવાને પ્રાર્થના કરી; પણ તેઓ રજપુતાનામાં આવેલા ખેતડી ગામમાં જવાને ઘણા ઉત્સુક હતા, તેથી કરીને તેમની પ્રાર્થનાનો સ્વીકાર થયો નહિ.

સાહરાનપુરથી ઉપડીને સ્વામીજી દિલ્હી ગયા અને ત્યાં ચાર પાંચ દિવસ રોકાયા. આ વખતે લોકોનો સત્કાર સ્વીકારવાની તેમની ઇચ્છા ન હતી—માત્ર પોતાના જૂના શિષ્યો અને મિત્રોને મળવાનેજ ઉત્સુક હતા; તેથી તેમણે શ્રીમંત લોકોના નિમંત્રણનો સ્વીકાર ન કરતાં એક જૂના, નિર્ધન શિષ્યને ઘેર મુકામ કર્યો. સ્વામીજી અમેરિકા ગયા ત્યાર પહેલાં ઘણા સમયપર પોતે જ્યારે ભરતખંડમાં પ્રવાસ કરતા હતા, તે વખતે તેમનો આ શિષ્ય સાથે પરિચય થયો હતો અને તેમના સમાગમથી તેના સ્વભાવમાં ભારે પરિવર્તન થવા પામ્યું હતું. તે અત્યંત સરળ સ્વભાવનો અને સ્પષ્ટવક્તા હતો. સ્વામીજીને ગુરુજી કહીનેજ સંબોધન કરતો. અમેરિકા જતા પહેલાં એક વાર સ્વામીજી આગગાડીમાં ત્રીજા કલાસના ડબ્બામાં મુસાફરી કરતા હતા. ત્રીજા વર્ગના મુસાફરોને પડતી અડચણોથી કંટાળીને તેમણે આ ગૃહસ્થ પાસે સેકન્ડ કલાસની ટીકીટ માગી તે ઉપરથી તેણે કહ્યું; “ કેમ ગુરુજી ! કાંઈ મોજ કરવા તરફ મન ગયું છે કે શું ” અત્યારે એજ ગુરુ યુરોપ, અમેરિકામાં દિગ્વિજય કરીને આવ્યા છે અને ગુરુશિષ્ય પ્રથમની માફક સરળતાથી વાતચીત કરે છે. એક દિવસ તેણે કહ્યું; “ ગુરુજી ! હું લગભગ પાંચ છ મહિના થયાં સંધ્યાપૂજા વગેરે નિત્યકર્મ કરું છું પણ કાંઇ જ્ઞાન મળતું નથી. ” સ્વામીજીએ જવાબ દીધો કે “ ઇશ્વરને ભાષાદ્વારા બોલાવો ” અર્થાત્ નહિ સમજાય એવી કઠિન સંસ્કૃત ભાષાને બદલે ચાલુ ભાષામાં પ્રાર્થના કરો. એમ કહીને ગાયત્રી મંત્રનો અર્થ તેને સારી રીતે સમજાવ્યો. અહીંની એક કૉલેજના પ્રોફેસર સ્વામીજી પાસે ઘણીવાર આવતા હતા. તેમના પરિશ્રમથી દિલ્હીમાં એક સભા ભરવામાં આવી હતી. સ્વામીજીએ વ્યાખ્યાન ન આપતાં લોકોની શંકાઓનું સમાધાન કર્યું હતું. દિલ્હી છોડતાં પહેલાં તેઓ ત્યાંનો કિલ્લો, કુતુબમિનાર, જૂનું દિલ્હી વગેરે જોવા લાયક જગ્યાઓ જોવા ગયા હતા; અને પોતાના શિષ્યોને પ્રાચીન ઇમારતોનાં ભગ્નાવશેષ બતાવીને તે સમયની શિલ્પકળા તથા ઇતિહાસને લગતી અનેક બાબતો સમજાવી હતી. આ સમયે થએલી વાતચીત કોઇએ નોંધી લીધી હોત તો તેને આધારે એક મોટું પુસ્તક લખી શકાત.

દિલ્હીથી સ્વામીજી અલવર ગયા. હવે ચારે દિશાએ રજપુતાનાના રેતાળ ડુંગ-

રાઓ નજરે પડતા હતા. ટ્રેન રેવારિ સ્ટેશને આવી પહોંચી તે વખતે ખેતડીના રાજાએ મોકલેલાં માણસો પાલખી, ઊંટ, ગાડી, ઘોડા લઇને હાજર થયાં હતાં. ખેતડી જયપુરના તાબાનું નાનું રાજ્ય છે. જયપુરથી ખેતડી જતાં રેતીના રણમાં નેવું માઇલની મુસાફરી કરવી પડે છે. રેવારિ સ્ટેશનથી વીશ માઇલની મુસાફરી બચી જાય છે; પણ સ્વામીજીથી ખેતડી જવાયજ શી રીતે ? તેમને અલ્વર ગયા વગર ચાલે એમજ ન હતું. જેમણે ઉદ્‌બોધન માસિકમાં "અલવરમાં વિવેકાનંદ" એ મથાળાનો લેખ વાંચ્યો હશે તેમને વિદિત હશે કે અમેરિકા જતા પહેલાં સ્વામીજી લગભગ એક માસપર્યન્ત રહ્યા હતા. ત્યાંના ઘણા યુવાન પુરુષો તેમના ચારિત્ર્યથી આકર્ષાઇને તેમના શિષ્ય થયા હતા. તેમણે સ્વામીજીને વારંવાર નિમંત્રણ કર્યું હતું તેથી તેમનાથી ના કહેવાયજ કેમ ? અલ્વરના એ ભક્ત શિષ્યોની સાથે સ્વામીજી ચાર પાંચ દિવસ રહ્યા અને એક વ્યાખ્યાન પણ આપ્યું. ત્યાંથી તેઓ જયપુર ગયા. અહીં પણ ઘણા સારા માણસો તેમનાં દર્શન કરવા આવવા લાગ્યા. ખેતડીના રાજાના બંગલામાં તેમનો મુકામ હતો. પોતાના શિષ્યોને સંબોધીને સ્વામીજીએ કહ્યું કે, ' આ ઠેકાણે હું એકવાર સાધારણ સંન્યાસી તરીકે આવ્યો હતો. તે વખતે રાજાનો રસોઇઓ મોં મચકોડીને મને છેક સાંજે ખાવાનું આપતો હતો. આજે એજ માણસ તેના માલીકની આજ્ઞાથી મારી કેવી સેવા કરે છે ? નોકર મારૂં બિછાનું તૈયાર કરે છે અને કેટલાં માણસો મારી આજ્ઞા ઉઠાવવાને હાથ જોડીને ઉભાં રહે છે ? માટે **अवस्था पूज्यते राजन् न शरीरं शरीरिणाम् ।**"

જયપુરથી નેવું માઇલની મુસાફરી કરીને ખેતડી જવાનું થયું. માર્ગ રેતીના રણમાં થઇને જતો હતો. વચમાં થોડે થોડે અંતરે પડાવ થતા હતા. ત્યાં પણ વેદાંતનું અધ્યયન ચાલુજ રહેતું. કોઇ ઉંટ ઉપર કોઈ ઘોડા ઉપર તો કોઇ ગાડીમાં બેસીને પ્રવાસ કરતા હતા. માર્ગમાં અનેક વિષયોપર ચર્ચા થતી અને પુષ્કળ આનંદ અનુભવાતો. આ પ્રવાસ દરમ્યાન એક પડાવમાં (નિવાસસ્થાન-વિસામો) સ્વામીજીએ ભૂત જોયું હતું એવું તે કહેતા હતા.

ખેતડીથી બાર માઇલને છેટે ત્યાંના રાજા પોતે સ્વામીજીની રાહ જોતા ઉભા હતા. સૌથી પ્રથમ રાજાએ તેમના ચરણમાં પ્રણામ કર્યા અને પોતાની છ ઘોડાની ગાડીમાં બેસાડીને ખેતડીમાં તેમની પધરામણી કરી.

આ બાજુએ ગામમાં મહોત્સવ થઇ રહ્યો હતો. રાજા પણ થોડો સમય થયાંજ યુરોપમાં પ્રવાસ કરીને પાછા ફર્યા હતા, તેથી પ્રજાએ રાજાનો સત્કાર કરવાને માટે નાના પ્રકારની તૈયારી કરી હતી. એજ અરસામાં સ્વામીજીના આવવાથી તેમના ઉત્સાહમાં ઓર વધારો થયો હતો. પુષ્કળ ધામધુમ સાથે તમાશા અને આતશબાજીઓ કરવામાં આવી; માનપત્ર અપાયાં; રાજાજીએ અને સ્વામીજીએ તેના યોગ્ય પ્રત્યુત્તર

આપ્યા. એક પર્વતના શિખરપર બાંધેલા બંગલામાં સ્વામીજી અને તેમના અનુષંગીઓને ઉતારો આપ્યો હતો.

૧૭ મી ડીસેંબરે ત્યાંની નિશાળના મકાનમાં એક જાહેર સભા ભરવામાં આવી હતી. સ્વામીજીને અને રાજાજીને શહેરની કેટલીક સભાઓએ માનપત્ર આપ્યાં હતાં. એજ દિવસે નિશાળના વાર્ષિક ઇનામનો મેળાવડો હતો. રાજાજી પ્રમુખ હતા. તેમના કહેવાથી સ્વામીજીએ પોતાને હાથે વિદ્યાર્થીઓને ઇનામ આપ્યાં. રામકૃષ્ણમિશન તથા બીજાં કેટલાંક મંડળોએ રાજાજીને જે માનપત્ર આપ્યાં હતાં તેના જવાબમાં તેમણે સર્વને અને ખાસ કરીને રામકૃષ્ણ મિશનને ધન્યવાદ આપ્યો હતો; કારણ કે મિશનના પ્રમુખ પોતેજ (સ્વામીજી) ત્યાં હાજર હતા. રાજાજીએ કહ્યું કે "મારા પહેલાં મારા પિતાએ જે ઉદ્દેશથી નાના પ્રકારનાં લોકોપયોગી કાર્યો કર્યાં હતાં તે ઉદ્દેશ જળવાય અને તે વિશેષ વિસ્તૃતિ પામે એવી મારી ઇચ્છા છે." તેમણે વિશેષમાં કહ્યું કે "મારા અમલમાં કેળવણી ખાતાની અભિવૃદ્ધિ થઇ છે—આ સાલ ત્રણ નવી શાળાઓ ઉઘાડી છે અને જૂની નિશાળો સારા પાયા પર મૂકવાનો યત્ન કરવામાં આવ્યો છે." દવાખાનામાં પણ જલદી સુધારો કરવાનું રાજાજીએ વચન આપ્યું.

રાજાજીનું ભાષણ પૂરું થયા પછી સ્વામીજી બોલવા ઉભા થયા. તેમણે પ્રથમ રાજાજીને ધન્યવાદ આપ્યો અને કહ્યું કે જો મને એમનું ઓળખાણ થયું ન હોત તો ભરતખંડની ઉન્નતિમાટે હું જે કાંઇ કરી શક્યો છું તેમાંનું કાંઇ પણ મારાથી બનત નહિ. પછી સ્વામીજીએ પાશ્ચાત્ય અને પ્રાચ્ય આદર્શોની તુલના કરતાં કહ્યું કે પાશ્ચાત્ય દેશનો આદર્શ ભોગવિલાસ છે, ત્યારે આપણો આદર્શ ત્યાગ છે,તેમણે ખેતડીના યુવકવર્ગને સંબોધીને કહ્યું કે પાશ્ચાત્ય આદર્શનો ઉપર ઉપરનો ચળકાટ જોઇને મોહ પામતા નહિ. તમારા આદર્શનેજ તમે દૃઢતાથી વળગી રહેજો. તેમણે કહ્યું કે કેળવણીનો ખરો અર્થ એ છે કે મનુષ્યમાં જે દૈવી અંશ અસલથીજ રહેલો છે તેને પ્રકટ કરવો; માટે વિદ્યાર્થીઓને કેળવણી આપતી વખતે શિક્ષકોએ તેમના ઉપર અગાધ શ્રદ્ધા રાખવી જોઇએ, દરેક બાળકમાં ઇશ્વરીય શક્તિ રહેલી છે એવું નિશ્ચયપૂર્વક માનવુ જોઇએ, અને એ સુષુપ્તિ અવસ્થામાં પડેલા બ્રહ્મને જાગૃત કરવાનું આપણું કર્તવ્ય છે; અને એજ કેળવણીનું લક્ષ્ય છે એ દરેક શિક્ષકે સ્મરણમાં રાખીને તેને માટેજ પ્રયત્ન કરવો જોઇએ. શિક્ષણ આપતી વખતે શિક્ષકોએ ખાસ લક્ષ આપવા જેવી બાબત એ છે કે બાળકો સ્વતંત્રપણે વિચાર કરતાં શીખે એવી પદ્ધતિથી પાઠ આપવા જોઇએ અને એ બાબતમાં તેઓને ઉત્તેજન આપવું જોઇએ. વર્તમાન સમયમાં ભરતખંડની અવનતિ થવાનું કારણ સ્વતંત્રપણે વિચાર કરવાની ટેવનો અભાવ એજ છે. જો આ પદ્ધતિથી બાળકોને કેળવણી આપવામાં આવશે તો તેઓમાં ખરૂં મનુષ્યત્વ આવશે અને જીવનસંગ્રામમાં પોતાના જીવનને લગતા મહાપ્રશ્નને છોડવામાં સફળ થશે.

૨૦ મી ડીસેંબરે સ્વામીજીએ પોતાના નિવાસસ્થાનવાળા બંગલામાં " વેદાંત-ધર્મ " વિષે લગભગ દોઢ કલાક સુધી એક સુંદર વ્યાખ્યાન કર્યું હતું. શહેરના પ્રતિષ્ઠિત ગૃહસ્થો તથા કેટલીક યુરોપિયન સ્ત્રીઓ પણ હાજર હતી. રાજાજી પ્રમુખ હતા. અફસોસની વાત એ છે કે ત્યાં કોઈ ટૂંકાક્ષરીવિદ્યા (શૉર્ટહેન્ડ) જાણનારો હાજર નહિ હતો તેથી એ વ્યાખ્યાનનો સમગ્ર હેવાલ મળી શકતો નથી. સ્વામીજીના એ શિષ્યોએ જે નોંધ કરી લીધી હતી તેનો અનુવાદ નીચે મુજબ છે.

वेदांतधर्म

ગ્રીક અને આર્ય, એ બે પ્રાચીન પ્રજાઓ જૂદા જૂદા સંજોગોમાં અને પરિસ્થિતિમાં મૂકાયલી હોવાથી જુદી જુદી સંસ્કૃતિઓ ઉત્પન્ન કરી શકી. ગ્રીક પ્રજાનું રહેઠાણ એવા પ્રદેશમાં હતું કે જેની કુદરતમાં સઘળુંજ સુંદર, સઘળુંજ મધુર, સઘળુંજ પ્રલોભનીય હતું. એવો રમણીય પ્રદેશ અને ત્યાંની બળવર્ધક આબોહવાને લીધે એ પ્રજાએ સંસ્કૃતિનો એક ચોક્કસ, લક્ષણગત આદર્શ ઉત્પન્ન કર્યો. બીજી બાજુએ આર્ય પ્રજાનું વસતિસ્થાન એવા પ્રદેશનું હતું કે જેની કુદરતમાં રમણીયતાના કરતાં ભવ્યતાના અંશ વિશેષ હતા, અને જેનાં ઉષ્ણ જલવાયુને લીધે ઝાઝો શારીરિક પરિશ્રમ થાય એમ ન હતું તેથી એ પ્રજાએ વળી તદ્દન જૂદાજ પ્રકારની સંસ્કૃતિના આદર્શની રચના કરી. ગ્રીક લોકોએ બાહ્ય પ્રકૃતિના અનંતત્વનું અને આર્ય લોકોએ આંતરિક પ્રકૃતિના અનંતત્વનું અવલોકન કરવા માંડયું. એક પ્રજા બૃહત્ બ્રહ્માંડના અવલોકનમાં નિમગ્ન થઇ ત્યારે બીજી સૂક્ષ્મ બ્રહ્માંડ અર્થાત્ પિંડના તત્વજ્ઞાનનું અનુસંધાન કરવા તત્પર થઇ. જગત્‌ની સંસ્કૃતિમાં આ બેઉ પ્રજાઓએ પોતપોતાના ચોક્કસ પાઠ ભજવ્યા છે. એમાં કોઇએ કોઇની પાસેથી કશું ગ્રહણ કર્યું નથી, પણ જો બેઉ પોતપોતાના વિચાર સરખાવે, અને એક બીજાના પરિચયમાં આવે, તો બેશક બેઉને લાભ થાય ખરો. આર્ય પ્રજા સ્વાભાવિકરીતે પૃથક્કરણ કરવા તરફ વલણ ધરાવે છે. ગણિતશાસ્ત્ર અને વ્યાકરણશાસ્ત્રના વિષયોમાં તેમણે અદ્દભુત કાર્ય કર્યું છે. તેમજ મનુષ્યના મનનું પૃથક્કરણ કરવામાં તેઓ પરાકાષ્ઠાએ પહોંચ્યા છે. પિથેગોરાસ, સોક્રેટિસ, પ્લેટો, અને મીસર દેશીય નિયોપ્લેટોનિસ્ટ નામના તત્ત્વચિંતકો ઉપર ભારતીય ચિંતનની પ્રબળ છાપ પડેલી આપણે જોઇ શકીએ છીએ.

ત્યારપછી યુરોપના લોકો ઉપર ભારતીય ચિંતનના પ્રભાવનાં ચિન્હ કેટલેક અંશે જોવામાં આવે છે તે વિષે વિસ્તારથી વિવેચન કરતાં સ્વામીજીએ જણાવ્યું કે, જૂદા જૂદા સમયમાં ભરતખંડના ચિંતનની અસર સ્પેન, જર્મની અને યુરોપના બીજા દેશો ઉપર

પ્રબળપણે થએલી છે. ઔરંગઝેબના પુત્ર દારા સિકોહે ઉપનિષદ્‌નો ફારસી ભાષામાં અનુવાદ કર્યો હતો. તે ફારસી અનુવાદ યુરોપમાં દાખલ થયો અને તેના ત્યાંની અનેક ભાષામાં અનુવાદ થતા ગયા. જર્મન તત્ત્વચિંતક શૉપનહૉર ઉપનિષદ્‌નો લૅટીન ભાષામાં થએલો અનુવાદ વાંચીને તેમના તરફ ઘણો આકર્ષાયો હતો, અને તેના દર્શન ઉપર ઉપનિષદ્‌ના તત્ત્વવિચારની ઉંડી અસર થઇ હતી. વળી કૅન્ટના તત્ત્વદર્શનમાં ઉપનિષદ્‌ની અસરનાં થોડાં ઘણાં ચિન્હ જોવામાં આવે છે. સાધારણ રીતે યુરોપના વિદ્વાનો શબ્દ-વિદ્યાની ચર્ચાને અંગે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવા લાગ્યા છે. જો કે પૉલ ડ્યુસન (એક જર્મન વિદ્વાન્) જેવા કેટલાક પંડિતો છે કે જેઓ કેવળ શબ્દવિદ્યાને માટે નહિ પણ તત્ત્વદર્શનને માટેજ સંસ્કૃત ગ્રંથોનું અવલોકન કરે છે. સંસ્કૃત સાહિત્યમાં નિબદ્ધ થએલું ઉંડું તત્ત્વજ્ઞાન તેમને એ પ્રાચીન ભાષાનો અભ્યાસ કરવા તરફ પ્રેરે છે. સ્વામીજીએ આશા બતાવી હતી કે ભવિષ્યમાં સંસ્કૃત ભાષાના અભ્યાસ પાછળ યુરોપના વિદ્વાનો આથી પણ વધારે લક્ષ આપતા થશે. ત્યારપછી તેમણે કહ્યું કે "હિન્દુ" શબ્દ પ્રાચીનકાળમાં ચોક્કસ અર્થસૂચક હતો. તે શબ્દવડે સિન્ધુ નદીની આ બાજુની પ્રજા ઓળખાતી હતી અને તે એકજ પ્રજા હતી. આથી કરીને એ શબ્દની કાંઇક સાર્થકતા હતી, પણ હમણાં તો તે તદ્દન અર્થવગરનો થઇ પડયો છે. હાલ તો "હિન્દુ" શબ્દદ્વારા હમણાંની હિન્દુ પ્રજા કે તેમનો ધર્મ કશાનો નિર્દેશ થતો નથી; કેમકે હાલમાં તો સિન્ધુ નદીની આ બાજુએ અનેક પ્રકારના ધર્મને પાળનારી નાના પ્રકારની પ્રજાઓ વસે છે.

ત્યાર પછી વેદસંબંધી જે કહેવા જેવું હતું તે સ્વામીજીએ વિસ્તારથી કહ્યું. તેમણે કહ્યું કે વેદની રચના કોઇ વ્યક્તિદ્વારા થઇ નથી. વેદમાં સચવાયલા વિચાર ધીમે ધીમે વિકસિત થયા પછી છેવટે તેમનો પુસ્તકના આકારમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. પછીના સમયમાં એ ગ્રંથ પ્રમાણભૂત મનાવા લાગ્યો. સ્વામીજીએ કહ્યું કે એ પ્રમાણે અનેક ધર્મો અમુક અમુક ગ્રંથોમાં નિબદ્ધ થએલા છે અને તેવા ગ્રંથોનો પ્રભાવ પણ અમર્યાદિત છે. વેદ હિંદુ લોકોના ધર્મતત્ત્વના મહાન્ ભંડારતુલ્ય છે અને હજારો વર્ષસુધી તેઓને વેદનુંજ અવલંબન કરવું પડશે. તોપણ વેદસંબંધી આપણે જે ખ્યાલ બાંધીએ છીએ તેમાં તો ફેરફાર કરવોજ પડશે, અને તેને નવેસરથી પર્વતના જેવા દૃઢ પાયા ઉપર સ્થાપિત કરવા પડશે, વેદનું કદ જેવું તેવું નથી. વેદના મોટા અંશનો તો નાશ થઇ ગયો છે. જે જે ઋષિકુળો પાસે વેદના જે જે અંશ હતા તે તે કુળના નાશની સાથે તેમના વેદનો પણ નાશ થઇ ગયો; તો પણ હાલ જેટલો અંશ અવશિષ્ટ છે તે પણ એટલો વિશાળ છે કે આ ઓરડામાં ભાગ્યેજ માઇ શકે. એ વેદની ભાષા અત્યંત પ્રાચીન અને સરળ છે. તેનું વ્યાકરણ પણ એવું અપરિપક્વ અવસ્થામાં છે કે વેદના કેટલાક મંત્રોનો તો બિલકુલ અર્થજ નથી એવું કહેવાય છે.

ત્યાર પછી કર્મકાંડ અને જ્ઞાનકાંડ એવા જે વેદના બે વિભાગ છે તે વિષે વિવેચન કરતાં સ્વામીજીએ જણાવ્યું કે કર્મકાંડમાં સંહિતા અને બ્રાહ્મણનો સમાવેશ થાય છે. બ્રાહ્મણની અંદર યજ્ઞ-યાગની હકીકત આપેલી છે. સંહિતાની અંદર અનુષ્ટુપ, ત્રિષ્ટુપ, જગતી એવા એવા છન્દમાં રચેલાં સ્તવન છે. સામાન્ય રીતે તેમાં ઇન્દ્ર, વરુણ અથવા એવા બીજા દેવતાઓની સ્તુતિ કરેલી છે. ત્યારપછી પ્રશ્ન એ થયો કે આ દેવતાઓ કોણ છે? આ બાબતમાં જૂદા જૂદા મત બંધાતા ગયા. જે નવા મત ઉભા થયા તેમણે જૂના મતનું ખંડન કર્યું અને એ પ્રમાણે ખંડન મંડનની પરંપરા ચાલ્યાજ કરી.

ત્યાર પછી સ્વામીજીએ ઉપાસના કરવાની પદ્ધતિ સંબંધી જૂદી જૂદી ભાવનાઓ વિષે વિવેચન કરવા માંડ્યું. તેમણે કહ્યું કે પ્રાચીન બાબિલન નગરના લોકોનો આત્મા વિષે એવો ખ્યાલ હતો કે મનુષ્યનું મરણ થયા પછી તેના શરીરમાંથી એક પ્રકારનો દેહ બહાર નીકળી જાય છે; પણ તે દેહને આ સ્થૂળ દેહથી સ્વતંત્ર વ્યક્તિત્વ નથી અને તેનાથી સ્થૂળ દેહની સાથેનો સંબંધ તોડી શકાતો નથી. આ "દ્વિતીય શરીર" ને સ્થૂળ શરીરની માફક ભૂખ, તરસ વગેરે હાજતો હોય છે, એવું તેઓ માનતા હતા. વળી તેમનો અભિપ્રાય એવો હતો કે સ્થૂળ દેહને કોઈ પણ જાતની ઇજા કર્યાથી આ દ્વિતીય દેહને પણ તેવીજ ઇજા થાય છે, અને સ્થૂળ દેહના નાશની સાથે તેનો પણ નાશ થઇ જાય છે. આ માન્યતાને લીધેજ મૃત શરીરનું રક્ષણ કરવાની પ્રથા ઉત્પન્ન થઇ. તે ઉપરથી મિસર દેશની જાણીતી *મમી બનાવવાની ક્રિયા, કબરો, સમાધિગૃહો વગેરેની રચના થવા લાગી. મિસર, બાબિલન તથા તેની આસપાસના દેશના લોકો તેમજ યાહુદીઓ આ ભાવનાથી આગળ જઇ શક્યા ન હતા. તેમનું જ્ઞાન આત્મતત્ત્વસુધી પહોંચ્યુંજ નથી.

પ્રોફેસર મેક્સમૂલરનો અભિપ્રાય એવો છે કે ઋગ્વેદની અંદર પિતૃઓની ઉપાસનાનું લેશમાત્ર ચિન્હ નજરે પડતું નથી. મમીની માફક આપણી સામે ફાટે ડોળે જુએ એવાં બીભત્સ અને કમકમાટી ઉપજાવે એવાં દૃશ્ય ઋગ્વેદના સમયમાં જોવામાં આવતાં નથી. તે સમયે મનુષ્ય અને દેવોની વચ્ચે મૈત્રી હતી અને ઉપાસક અને ઉપાસ્યનો સંબંધ ઘણોજ સ્વાભાવિક તથા નિર્માલ્ય તત્ત્વોથી મુક્ત હતો. તે વખતની ઉપાસનામાં દુઃખનો, ઉદાસિનતાનો છાંટો પણ ન હતો; પરંતુ સ્વાભાવિક આનંદ, હાસ્ય અને તૃપ્તિનાંજ ચિન્હ જોવામાં આવતાં. સ્વામીજીએ કહ્યું કે વેદસંબંધી ચર્ચા

*મિસર દેશમાં નાઈલ નદીનું પુર આવતું હોવાથી કબરો થઈ શકતી નહિ, અને ઉપર કહેલી માન્યતાને લીધે મૃત શરીર સચવાવું તો જોઈએ, તેથી કરીને ત્યાંના લોકોએ શબ લાંબો વખત સચવાઇ રહે એવી દવા શોધી કહાડી. વડોદરાના સંગ્રહસ્થાનમાં ૩૦૦૦ વર્ષ પૂર્વેનું એક સ્ત્રીનું શબ રાખેલું છે તેને મમી કહે છે. ભા૦ક૦

કરતાંજ મને તે સમયના દેવતાઓના હાસ્યનો ધ્વનિ સંભળાય છે. વેદના સમયના ઋષિઓ પોતાના હૃદયનો સંપૂર્ણ ભાવ ભાષાદ્વારા વ્યક્ત કરી શક્યા નહિ હોય તો પણ તેઓ સહૃદય હતા, અને તેમણે એવી સંસ્કૃતિ પ્રાપ્ત કરી હતી કે તેમને મુકાબલે આપણે પશુતુલ્ય છીએ.

ત્યાર પછી પોતે કહેલી બાબતના સમર્થનમાટે સ્વામીજીએ કેટલાક વૈદિક મંત્રોનો ઉચ્ચાર કર્યો—"જ્યાં પિતૃઓ નિવાસ કરે છે ત્યાં તેને લઇ જાઓ. એ સ્થાનમાં દુ:ખ, શોક છેજ નહિ" ઇત્યાદિ. આ પ્રમાણે આપણા દેશમાં એવો મત બંધાયો કે સ્થૂલદેહ જેમ ત્વરાથી ભસ્મીભૂત થઇ જાય તેમ સારૂં. એમ કરતાં કરતાં લોકોને સમજાતું ગયું કે સ્થૂળદેહથી ભિન્ન એક સૂક્ષ્મદેહ છે. તે સ્થૂળદેહનો ત્યાગ કર્યા પછી એવા સ્થાનમાં જાય છે કે ત્યાં સર્વત્ર આનંદ, આનંદ અને આનંદજ છે; કોઇ પણ પ્રકારનું દુ:ખ છેજ નહિ. સૅમિટિક ધર્મ અર્થાત્ ખ્રિસ્તી, યહુદી અને મુસલમાન ધર્મો, ભય અને કષ્ટની ભાવનાથી ભરપૂર છે. તેઓમાં એવી માન્યતા છે કે જો મનુષ્ય ઇશ્વરનું દર્શન કરે તો તરત મરણ પામે; પરંતુ પ્રાચીન ઋગ્વેદનો એવો મત છે કે મનુષ્ય જ્યારથી ઇશ્વરનું દર્શન કરે ત્યારથીજ તેના વાસ્તવિક જીવનનો આરંભ થાય છે.

હવે સવાલ એ પૂછાવા લાગ્યો કે આ દેવતાઓ છે કોણ? ઇન્દ્ર ઘણીવાર મનુષ્યોને સહાયતા આપવા આવતો હતો. કોઇ કોઇ વાર તે હદ ઉપરાંત સોમરસનું પાન કરીને ઉન્મત્ત બની ગયો હતો એવાં પણ વર્ણન જોવામાં આવે છે. વારંવાર તેને સર્વવ્યાપી, સર્વશક્તિમાન એવાં એવાં વિશેષણ પણ લગાડેલાં જોવામાં આવે છે. વરુણના સંબંધમાં પણ એવીજ જાતની નાના પ્રકારની ભાવનાઓ કરવામાં આવી છે. વળી જે મંત્રોદ્વારા એ દેવતાઓનાં વર્ણન કરવામાં આવ્યાં છે તે પણ ઘણે ઠેકાણે અપૂર્વ છે અને તેમની ભાષા પણ ઘણીજ ભવ્ય અને મહદ્‌ભાવની ઉદ્દીપક છે. પછી વક્તાએ પ્રલયવર્ણનને માટે પ્રસિદ્ધ થએલું નાસદીય સૂક્ત કે જેની અંદર "અંધકાર અંધકારદ્વારા આચ્છાદિત થએલો છે." એવીરીતે પ્રલયસમયનું વર્ણન કરવામાં આવ્યું છે તે ગાઇ સંભળાવ્યું; અને કહ્યું કે આ ભાવનું કવિત્વમય ભાષામાં જે મહાપુરુષો વર્ણન કરી ગયા છે તેઓ જો સંસ્કારહીન હોય તો આપણે કેવા હોવા જોઇએ? એ ઋષિમુનિઓ ઉપર તેમજ વરુણ, ઇન્દ્ર ઇત્યાદિ ઉપાસ્ય દેવતાઓ ઉપર કોઇ પણ જાતની ટીકા કરવાને હું અશક્ત છું. એ સઘળા દેવતાઓનાં દૃશ્યો સીનેમેટોગ્રાફનાં ચિત્રોની માફક એક પછી એક જોનારની નજર આગળથી પસાર થાય છે, પણ સર્વની પાછળના મુખ્ય પડદા ઉપર એક મહાન્ સિદ્ધાંત લખેલો જોવામાં આવે છે—**एकं सत् विप्रा बहुधा वदन्ति** "જે છે તે એકજ છે, જ્ઞાનીઓ તેને અનેક રીતે વર્ણવે છે" આ દેવતાઓનાં વર્ણન ઘણાંજ રહસ્યમય, અપૂર્વ અને મનો-

હર છે; પણ તે એવાં છે કે તેની પાસે જવાય એમજ નથી, કારણ કે રખેને મૃગજળની માફક અલોપ થઇ જાય! એ દશ્યોને દૂરથીજ નિહાળવાનાં છે; કારણ કે પડદો એટલો બારીક છે કે હાથમાં લઇને જોતાં રખેને આખો પડદો ચીરાઇ જાય!+

એ વિષય ઉપર આગળ વિવેચન કરતાં સ્વામીજીએ જણાવ્યું કે આર્ય લોકોએ પણ ગ્રીક લોકોની માફકજ મનુષ્ય જીવનને લગતા મહાન્ પ્રશ્નોના નિરાકરણમાટે શરૂઆતમાં બાહ્ય જગતનું અન્વેષણ કરવાનો પ્રયત્ન કર્યો હતો. પ્રકૃતિનાં સુંદર દશ્યોની રમણીયતાને લીધે તેમને આસપાસની કુદરતની શોભાનું અવલોકન કરવાની વૃત્તિ થઇ બહારના જગતમાં જે કાંઇ રમણીય અને ભવ્ય હતું, તેનું દર્શન કરવા માટે તેમની શોધકવૃત્તિ બહારના પ્રદેશમાં ઘૂમવા લાગી; પણ ભરતખંડની પ્રજાની વિશિષ્ટતા એ છે કે જે કોઇ દશ્યવડે હૃદયમાં મહદ્ભાવનું ઉદ્દીપન ન થાય તેની તેમણે કશી દરકારજ કરી નથી. મૃત્યુ પછીની હાલતનું શું રહસ્ય છે તે જાણવાની ગ્રીક લોકોને કદિ જિજ્ઞાસા પણ થઇ ન હતી; પણ "હું કોણ છું ?" "મરણ પછી મારૂં શું થશે ?" એ પ્રશ્નો તો આ દેશમાં શરૂઆતથીજ પૂછાવા લાગ્યા હતા. ગ્રીક લોકોએ આ પ્રશ્નનો સંતોષકારક ઉત્તર મેળવવાને માટે પ્રયાસજ કર્યો નથી. મનુષ્ય મરણ પામે છે અને પછી સ્વર્ગે જાય છે એટલો ઉત્તર તેમને માટે બસ હતો; પણ સ્વર્ગે જવું એનો અર્થ શો ? એનો અર્થ તેમણે એવોજ કર્યો કે જગતની બહાર ચાલ્યા જવું. તેમની વૃત્તિજ બહિર્મુખ હતી. તેમને મનથી અન્તર્મુખ એવું કશું હતુંજ નહિ; જે હતું તે બાહ્ય જગતજ હતું. તેમની શોધક વૃત્તિ હમેશ બાહ્ય જગત્ તરફજ વળતી. જાણે તેઓનું પોતાનું સ્વરૂપ પણ પોતાથી બહાર ન હોય (!) એટલે સુધી તેમની વૃત્તિ બહિર્મુખી થઇ ગઇ હતી. આ જગતને બરાબર બધી વાતે મળતું આવે પણ તેમાં આ જગતના માત્ર સંતાપ અને ક્લેશજ ન હોય એવા કોઈ સ્થાનમાં જો તેઓ જઇ ચડતા તો બસ તેઓને પૂર્ણ સંતોષ થતો અને પોતાને ઇષ્ટ વસ્તુની હવે પ્રાપ્તિ થઇ ચૂકી અને આથી વધારે શ્રેષ્ઠ સુખ હોઈ શકેજ નહિ, એવુંજ તેઓ માની બેસતા હતા. તેમની ધર્મભાવના આટલેથીજ અટકતી હતી; પણ આર્ય પ્રજાનું મન આટલાથી સંતુષ્ટ થાય એમ ન હતું. તેમણે કરેલા પૃથક્કરણમાં તો સ્વર્ગની ગણના પણ આ સ્થૂળ, જડ જગતમાંજ થતી હતી. હિંદુઓના મત પ્રમાણે "જે કાંઇ સંયોગજન્ય છે તેનો જરૂર વિનાશ થવોજ જોઇએ." તેમણે બાહ્ય પ્રકૃતિને પ્રશ્ન કર્યો કે "આત્મા શું છે તે તું જાણે છે?" જવાબ મળ્યો "ના" "આત્માનું અસ્તિત્વ છે ખરૂં ?" કુદરત કહે "મને ખબર નથી." આવો ઉત્તર મળતા તેઓ કુદરત પાસેથી પાછા ફર્યા, તેમને ખાત્રી થઇ કે બાહ્ય પ્રકૃતિ ગમે તેટલી ભવ્ય અને

+આમ કહેવાનું તાત્પર્ય એ છે કે નિષ્ઠુર વિવેચકની દૃષ્ટિએ વેદનું અવલોકન કરતાં તેનું સૌન્દર્ય ઉડી જાય છે. ભા૦ ક૦

રમણીય છતાં પણ તે દિશા અને કાળથી મર્યાદિત થએલી છે. પછી એક વાણી સંભળાવા લાગી. નવીન, મહાન્, ભવ્ય વિચારોનો તેમના હૃદયમાં ઉદય થવા લાગ્યો. તે વાણીએ કહ્યું, 'नेति नेति' તે આ નથી, તે આ નથી. પછી અનેક દેવતાઓ એક થઇ ગયા. સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, સમગ્ર બ્રહ્માંડ એક બની ગયું. પછી આ નવીન આદર્શને લઇને આધ્યાત્મિક ધોરણ ઉપર ધર્મની રચના કરવામાં આવી.

न तत्र सूर्यो भाति न चन्द्रतारकं।
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः॥
तमेव भान्तमनुभाति सर्वं।
तस्य भासा सर्वमिदं विभाति॥

"ત્યાં સૂર્ય પ્રકાશતો નથી; ચંદ્ર, તારા કે વિદ્યુતનો પણ પ્રકાશ ત્યાં પડતો નથી; તો પછી સામાન્ય અગ્નિની તો વાતજ શી કરવી? તે પ્રકાશે છે અને તેના પ્રકાશથી આખું વિશ્વ ઝળહળી રહ્યું છે." હવે મર્યાદિત, અપરિપકવ, વ્યકિતવિશેષ ઇશ્વરનો ખ્યાલ તેમણે છોડી દીધો; હવે સર્વનાં પાપપુણ્યનો ઇન્સાફ આપનાર ઇશ્વર તેમને ઘણોજ અધુરો લાગ્યો. હવે તેમની દૃષ્ટિ બહિર્મુખી ન થતાં અંતરમાં વળી. **छायातपौ ब्रह्मविदो वदन्ति** આ પ્રમાણે ઉપનિષદ્દ્વારા આત્માસંબંધી ઉંચામાં ઉંચાં સત્યો પ્રકટ થયાં અને તેથીજ જે સ્થાન યુરોપમાં બાઇબલ ભોગવે છે તે સ્થાન હિંદુસ્તાનમાં ઉપનિષદોએ પ્રાપ્ત કર્યું છે. ઉપનિષદ્દનું સાહિત્ય અત્યંત વિશાળ છે અને હિંદુસ્તાનમાં જે જે સંપ્રદાયો ઉભા થયા છે તેમના સિદ્ધાંતની રચના ઉપનિષદોનાજ આધાર ઉપર કરવાની જરૂર પડી છે.

ત્યાર પછી સ્વામીજીએ દ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ અને અદ્વૈતવાદની ચર્ચા ઉપાડી. એ દરેક મત ભિન્ન દેખાય છે તોપણ વાસ્તવિકરીતે આત્માના વિકાસની શ્રેણીનાં ચઢતાં ઉતરતાં પગથીઆં જેવા છે—આત્માનો વિકાસ થતાં તે એક વાદમાંથી બીજામાં સંક્રમણ કરે છે. આ રીતે તેમણે ત્રણેનું સમાધાન કરવાનો યત્ન કર્યો. આત્માની ક્રમોન્નતિમાં સૌથી આખરનું પગથીયું સ્વાભાવિકરીતે અદ્વૈતવાદજ છે અને **तत्त्वमसि** માં તેની છેલ્લામાં છેલ્લી અને ઉંચામાં ઉંચી અવસ્થા આવી જાય છે. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય અને મધ્વાચાર્ય જેવા ભાષ્યકારોએ પણ એક પ્રકારની ભૂલ કરી હતી તે સંબંધી સ્વામીજીએ ઉલ્લેખ કર્યો. દરેક જણ ઉપનિષદ્દને એક માત્ર પ્રમાણભૂત ગ્રંથ તરીકે માનતા ખરા, પણ તેની સાથે તેમનો એવો દુરાગ્રહ હતો કે તેમાં માત્ર એકજ પ્રકારનો ઉપદેશ આપ્યો છે, વિકાસનો એકજ માર્ગ બતાવ્યો છે. આથી કરીને શંકરાચાર્ય એમ માની બેઠા કે, ઉપનિષદ્દમાં એકલા અદ્વૈતવાદનોજ ઉપદેશ આપેલો છે અને તે ઉપરાંત તેમાં બીજું કશું છેજ નહિ. તેમની આવી માન્યતા હોવાથી જ્યારે જ્યારે તેમણે ઉપાનષદ્દમાં સર્વાંશે દ્વૈતવાદાત્મક શ્લોક જોયા, ત્યારે તે શ્લોકને મારી

મચડીને તેમાંથી અદ્વૈતવાદાત્મક અર્થ ઉપજાવી કહાડયો અને ઉપનિષદ્‌માં કેવળ અદ્વૈતવાદનોજ ઉપદેશ છે અને બીજું સર્વ અસંગત અને ન્યાયવિરુદ્ધ છે એવું તેમણે તર્ક અને ભાષાજ્ઞાનના બળથી સિદ્ધ કરી બતાવ્યું. એજ પ્રમાણે રામાનુજ અને મધ્વાચાર્યે અદ્વૈતવાદાત્મક શ્લોકોની દુર્દશા કરી મૂકી છે. અલબત્ત ઉપનિષદ્‌નો મુખ્ય સિદ્ધાંત તો એકજ છે અને તે અદ્વૈત ભાવનાજ છે, પણ તેને ક્રમવાર સિદ્ધ કરી બતાવ્યો છે. દ્વૈતમાંથી આરંભીને ધીમે ધીમે વાંચનારને અદ્વૈત ઉપર લઇ જવાય છે.

ભરતખંડમાં વર્તમાન સમયમાં ધર્મનાં મૂળતત્ત્વનું, ધર્મની સાચી ભાવનાનું વિસ્મરણ થયું છે એ ઘણુંજ શોચનીય છે. ધર્મનું સત્ત્વ ઉડી ગયું છે અને માત્ર બહારની ક્રિયાઓનાં ખોખાંજ રહ્યાં છે. હાલ તો લોકો હિંદુએ નથી ને વેદાંતીએ નથી, પણ "આભડછેટીયા" થઇ ગયા છે. હવે તો રસોડાં આપણાં મંદિર અને રાંધવાનાં વાસણજ આપણા દેવને ઠેકાણે છે. આ હાલતમાં એકદમ ફેરફાર થવાની જરૂર છે. એ ફેરફાર જેમ જલદી થશે તેમ આપણા ધર્મની વિશેષ શુદ્ધિ થશે. ઉપનિષદ્‌નો પૂર્ણ પ્રકાશ દેશમાં સર્વત્ર ફેલાવા દો, પણ સાંપ્રદાયિક કલહ લેશમાત્ર પણ ચાલવા ન જોઇએ.

સ્વામીજીની પ્રકૃતિ સારી નહિ હોવાથી આટલું બોલતાં તેઓ ઘણા શ્રમિત થઇ ગયા; તેથી તેમણે અરધો કલાક આરામ લીધો. તે દરમ્યાન તેમનું બાકીનું વ્યાખ્યાન સાંભળવાને આતુર થએલા શ્રોતાઓ શાંતિથી તેમના આવ્યાની રાહ જોતા હતા. તેમણે આવીને બીજો અરધો કલાક ભાષણ આગળ ચલાવ્યું. ×ઉપનિષદ્‌ની અંદર બે પક્ષીનું સુંદર ઉદાહરણ આપીને જીવાત્મા અને પરમાત્માનો સંબંધ ઘણીજ ઉત્તમ રીતે સમજાવ્યો છે, તે વિષે વિવેચન કર્યું.

ઉપસંહાર કરતાં સ્વામીજીએ કહ્યું કે અનેકતાની અંદર એકતાનું દર્શન કરવું એનું નામ જ્ઞાન. જ્યારે કોઇપણ વ્યક્તિ વિજ્ઞાનનાં જૂદાં જૂદાં અંગ જેવાં કે ઉષ્ણતા વિદ્યુત, ચુંબક વગેરેમાં એકતા સિદ્ધ કરી બતાવે છે, ત્યારેજ વિજ્ઞાનની ઉચ્ચ કોટિએ તે પહોંચ્યો કહેવાય છે. આ નિયમ ભૌતિક તેમજ આધ્યાત્મિક બેઉ વિષયને લાગુ પડે છે.

ખેતડીથી પોતાના તમામ શિષ્યો તથા અનુષંગીઓને વિદાય કર્યા. માત્ર એકજ શિષ્યને પોતાની સાથે રાખીને સ્વામીજી જયપુર પાછા આવ્યા. રાજાજી પણ સાથે આવ્યા હતા. જયપુરમાં પણ રાજાના પ્રમુખપણા નીચે એક દેવાલયમાં સભા થઇ હતી. જયપુરથી નીકળી જોધપુર, અજમેર, ખંડવા વગેરે સ્થાનોની મુલાકાત લઇને સ્વામીજી કલકત્તે પાછા આવ્યા.

× જુઓ સ્વામી વિવેકાનંદ ગ્રંથ ૧ લો પૃષ્ઠ ૪૯.

इंग्लांड उपर भारतीय तत्त्वविचारनी थएली असर

(સને ૧૮૯૮ ના માર્ચ માસની ૧૧ મી તારીખે કલકત્તાના સ્ટાર થિએટરમાં ઉપર જણાવેલા વિષય ઉપર ભગિની નિવેદિતા (મિસ એમ. ઈ. નોબલ) જે સ્વામીજીનાં શિષ્યા હતાં તેમણે એક જાહેરવ્યાખ્યાન આપ્યું હતું. તે વખતે સ્વામીજી પ્રમુખસ્થાને હતા. મિસ નોબલનું ઓળખાણ કરાવતાં તેમણે નીચે મુજબ ભાષણ કર્યું હતું.)

સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો,—

જ્યારે હું એશિઆખંડના પૂર્વના દેશોમાં ભ્રમણ કરતો હતો ત્યારે એક બાબત તરફ તમારૂં ધ્યાન વિશેષે કરીને આકૃષ્ટ થયું હતું. તે બાબત એ હતી કે એશિઆના પૂર્વ તરફના પ્રદેશોમાં ભારતીય તત્ત્વચિંતનની અસર સ્પષ્ટપણે થએલી જોવામાં આવતી હતી. જ્યારે ચીન અને જાપાનનાં દેવાલયોની દિવાલો ઉપર કેટલાક સુપ્રસિદ્ધ સંસ્કૃત મંત્રો કોતરેલા જોયા, ત્યારે મને કેટલું આશ્ચર્ય થયું હશે તેનો ખ્યાલ તમેજ કરી લેજો. અને એ લેખની લિપિ પ્રાચીન બંગાળી લિપિને મળતી છે જાણીને તમને પણ ગર્વ અને આનંદ થયા વગર રહેશે નહિ. આપણા બંગ દેશના પૂર્વજોએ ધર્મપ્રચારનું કાર્ય કેટલા ઉત્સાહપૂર્વક કર્યું હતું તેના સ્મરણસ્તંભરૂપે એ લેખો હજી વિદ્યમાન છે.

ઉપર જણાવેલા એશિઆના દેશો ઉપરાંત, ભરતખંડના તત્ત્વચિંતનનો પ્રભાવ અત્યંત દૂરના પ્રદેશોમાં પણ સુસ્પષ્ટપણે પડેલો છે. પાશ્ચાત્ય દેશોના આચારવ્યવહારનાં ઉંડાં મર્મસ્થળનું અવલોકન કરતાં તેમના ઉપર પણ આપણા દેશના વિચારનાં ચિન્હ હું નિઃસદેહપણે જોઇ શકયો હતો. પ્રાચીન સમયમાં ભરતખંડના લોકોના વિચાર પૂર્વમાં તેમજ પશ્ચિમમાં ઘણે દૂર સુધી ફેલાઇ ગયા હતા, એ વાત હવે ઐતિહાસિક સત્ય તરીકે મનાવા લાગી છે. આખું જગત્ ભરતખંડના તત્ત્વવિચારનું કેટલું ઋણી છે અને માનવજાતિની પ્રાચીન તેમજ વર્તમાન સમયની સુધારણાને માટે ભરતખંડની આધ્યાત્મિક શકિતએ કેટલું અગત્યનું કાર્ય બજાવ્યું છે, તે પણ સર્વને વિદિત છે. આ બધી ભૂતકાળની કથા છે.

હવે વર્તમાન સમયની વાત કરીએ. હમણાં હું જગત્‌માં એક અદ્‌ભુત બનાવ બનતો જોઉં છું. તે એ છે કે અદ્‌ભુત પરાક્રમી અને વીર્યવાન્ ઍંગ્લોસૅક્સન પ્રજાએ સામાજીક ઉન્નતિ, સંસ્કૃતિ અને મનુષ્યત્વના વિકાસને અંગે અલૌકિક સામર્થ્યનું દર્શન કરાવ્યું છે. હું તમને એટલે સુધી કહેવાની હિમ્મત ચલાવું છું કે એ ઍંગ્લોસેક્સન પ્રજાના પ્રતાપથીજ આપણે અત્ર એકત્ર થયા છીએ અને ભરતખંડના આ-

ધ્યાત્મિક ચિંતનવિષે સમાલોચના કરીએ છીએ. એ પ્રજાની સહાયતા ન હોત તો આપણે આ કાર્ય કરી શકયાજ ન હોત અને પશ્ચિમના દેશોમાંથી પૂર્વમાં-વિદેશમાંથી સ્વદેશમાં આવતાં હું જોઈ શકયો છું કે, એ ઍંગ્લોસેકસન પ્રજા તેના અનેક દોષ છતાં તે પોતાના ચોક્કસ લક્ષણગત ગુણોને લીધે આપણા દેશમાં અનેક પ્રકારનું શુભ કાર્ય કરી રહી છે, અને ખાત્રીપૂર્વક માનું છું કે આ બે પ્રજાના સંમિલનમાંથી આટલી મુદતમાંજ મહાન્ ફળ નીપજી ચૂકયું છે. બ્રિટીશ પ્રજાની વિસ્તૃતિ અને ઉન્નતિની ભાવના આપણને પણ ઉન્નતિના માર્ગ તરફ જવાને બળપૂર્વક પ્રેરી રહી છે. આ ઠેકાણે તમારે સ્મરણમાં રાખવાની જરુર છે કે પાશ્ચાત્ય સંસ્કૃતિનાં મૂળ ગ્રીક પ્રજાની સંસ્કૃતિમાં છે અને ગ્રીક સંસ્કૃતિનો મુખ્ય આદર્શ, પ્રકાશ અથવા વિસ્તાર છે. આપણે ભારતવાસીઓ વિચારશીલ છીએ, પણ કમનસીબે આપણે એટલું ઉંડું ચિંતન કરીએ છીએ કે આપણા આદર્શને પ્રકટ કરવાની આપણામાં શકિતજ રહેતી નથી. પરિણામ એ થાય છે કે આપણા આદર્શ, આપણા ચિંતનનું ફળ આપણે જગતસમક્ષ મૂકી શકતા નથી. આથી કરીને આપણી પાસે જે કાંઇ હોય તેને જેમ બને તેમ ગુપ્ત રાખવાની વૃત્તિ આપણા પ્રજાલક્ષણમાં દાખલ થઇ ગઇ છે. શરૂઆતમાં આવી સંકુચિત વૃત્તિ અમુક વ્યક્તિઓમાં થતાં આખરે ઘણી મુદતે આખી પ્રજાનુંજ એવા પ્રકારનું વલણ થઇ ગયું છે. આપણા વિચારને વ્યકત કરવાની શકિત આપણે એટલે દરજ્જે ગુમાવી બેઠા છીએ કે દુનિયાની મૃત પ્રજાઓમાં આપણી ગણના થાય છે. આપણા વિચારને પ્રકટ કર્યા વગર આપણી પ્રજાના અસ્તિત્વને ટકાવી રાખવાનો બીજો એકે ઉપાય નથી. પાશ્ચાત્ય સંસ્કૃતિનો મેરૂદંડ (કરોડનું હાડકું) વિસ્તૃતિમાં અને પોતાના આદર્શને પ્રકટ કરવામાં છે. ઍંગ્લોસૅકસન પ્રજાએ ભરતખંડ ઉપર જે અસર કરી છે તેમાંની એક બાબત ઉપર મારૂં ખાસ ધ્યાન ખેંચાય છે. તે એ છે કે તેમણે આપણી પ્રજામાં જાગૃતિ આણી છે, આપણા વિચારનો જગતમાં પ્રચાર કરવાનો આપણામાં ઉત્સાહ જગાડયો છે, અન્ય પ્રજાઓ સાથે આપણો સમાગમ થઇ શકે એવાં સાધન એ મહાપ્રજાએ તૈયાર કર્યાં છે, અને તેદ્વારા આપણા ગુપ્ત ધનને જગતસમક્ષ મૂકવાનો સુયોગ કરી આપીને આપણને એ કાર્યમાં પ્રવૃત્ત થવાને પ્રેરે છે. એ પ્રજાએ ભરતખંડની ભવિષ્યની ઉન્નતિનો માર્ગ ખુલ્લો કર્યો છે અને આપણા પૂર્વજોના વિચારો હાલ એટલા વિસ્તીર્ણ પ્રદેશમાં પોતાનો પ્રભાવ ફરીથી બેસાડી શકયા છે તે ખરેખર અપૂર્વ અને વિસ્મયજનક છે. જયારે આપણા પૂર્વજોએ મુકિતના અને પરમ સત્યના સંદેશ જગતને સંભળાવ્યા ત્યારે તેમને કેવી કેવી અનુકૂળતાઓ હતી? બુદ્ધ ભગવાને પોતાના વિશ્વવ્યાપી બંધુભાવના મહાન્ આદર્શનો કેવી રીતે પ્રચાર કર્યો? તે સમયમાં પણ અહીંઆં—આપણી પ્રિયતમ માતૃભૂમિમાં અનેક પ્રકારની અનુકૂળતાઓ હતી. પ્રાકૃત આનંદ પ્રાપ્ત

કરવાનાં, અને આપણા મહાન્ સંદેશ જગતને એક છેડેથી બીજા છેડા સુધી સંભળાવવાનાં અનેક સાધનો હતાં; પણ વર્તમાન સમયમાં તો આપણે તેમના કરતાં પણ વધારે દૂરના પ્રદેશમાં પહોંચી ગયા છીએ. ઍંગ્લોસૅક્સન પ્રજા પણ આપણાં સત્યો પ્રાપ્ત કરીને કૃતાર્થ થઇ છે.

આ પ્રમાણે ભરતખંડ અને પશ્ચિમના દેશો વચ્ચે ક્રિયા અને પ્રતિક્રિયા ચાલી રહી છે અને હું પ્રત્યક્ષ જોઈ શકયો છું, કે પશ્ચિમની પ્રજાઓ આપણા ઉપદેશ ગ્રહણ કરવા લાગી છે. અરે! એટલુંજ નહિ પણ તેઓ તેનો પ્રત્યુત્તર આપવા લાગી છે. આટલી થોડી મુદતમાંજ આપણા કાર્યમાં સહાયતા આપવાને ઇંગ્લંડની પ્રજા પોતાની સર્વશ્રેષ્ઠ બુદ્ધિસંપન્ન વ્યકિતઓ ભરતખંડને અર્પણ કરવા લાગી છે. મારો મિત્ર મિસ મૂલરનું નામ ઘણાને પરિચિત હશે. એ વિદુષી બાઈ અત્ર આપણી સમક્ષ આ પ્લાટફૉર્મ ઉપરજ બેઠાં છે. ઇંગ્લાંડના એક કુલીન કુળમાં જન્મેલી ઉંચા પ્રકારની કેળવણી પામેલી આ સન્નારી ભરતખંડ ઉપર અગાધ પ્રેમ રાખે છે, ભરતખંડની સેવામાં તેણે પોતાનું જીવન અર્પણ કર્યું છે, અને ભરતખંડને પોતાનું ઘર અને ભારતવાસીઓને તે પોતાના ભાંડુઓ માને છે. એક બીજી સુપ્રસિદ્ધ, ઉદારચરિત અંગ્રેજ મહિલાને પણ ઓળખતા હશો. તેણે પણ હિંદુસ્તાનના કલ્યાણ અને પુનરુજ્જીવનમાટે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું છે, અને એજ કાર્યમાં મચ્યા રહેવું એવું તેનું જીવનવ્રત છે. એ વિદુષી બાઈ મિસિસ એનીબિસેન્ટને ઉદ્દેશીને હું કહું છું તે તમે સમજીજ ગયા હશો. ગૃહસ્થો! આજે આપણે આ પ્લાટફૉર્મ ઉપર બીજી બે અમેરિકન સન્નારીઓને જોઇએ છીએ. તેમણે આવાજ પ્રકારનું જીવનવ્રત લીધું છે અને હું તમને નિશ્ચયપૂર્વક કહું છું, કે તેઓ આપણા દરિદ્ર દેશની બની શકે તેટલી સેવા બજાવવાને પોતાનું જીવન અર્પણ કરી ચૂકી છે. આ પ્રસંગે હું તમને આપણા એક સ્વદેશબંધુનું સ્મરણ કરાવું છું; જેણે અમેરિકા અને ઇંગ્લંડમાં પ્રવાસ કર્યો છે. જેના ચારિત્ર્યમાં મને ઘણી શ્રદ્ધા છે, જેને હું ઘણો ચાહું છું, જેના તરફ મારા હૃદયમાં ઘણી ભકિત છે, જે આપણા દેશના ઉત્કર્ષમાટે શાંતિથી પ્રસિદ્ધિની લાલસા રાખ્યા વગર અવિરતપણે કાર્ય કર્યાજ જાય છે, જેણે આધ્યાત્મિક વિષયમાં સારી પ્રગતિ કરી છે અને જેમને એક ખાસ, અનિવાર્ય રોકાણ ન હોત તો અત્ર હાજર થયાજ હોત તે શ્રીયુત મોહિનીમોહન ચેટરજીનું હું તમને સ્મરણ કરાવું છું. આજે ઇંગ્લાંડે આપણને બ્હેન માર્ગારેટ નોબલની એક અમૂલ્ય બક્ષિસ આપી છે. એ બાઇ પાસેથી આપણે ઘણી સારી આશા રાખીએ છીએ. હવે વિશેષ ન બોલતાં હું તમને બ્હેન માર્ગારેટ નોબલનો પરિચય કરાવું છું અને હવે તે પોતાનું વ્યાખ્યાન શરૂ કરશે.

ભગિની નિવેદિતાનું મનોહર વ્યાખ્યાન પૂરું થયા પછી સ્વામીજી પુનઃ ઉભા

થયા અને બોલ્યા:—

મારે હવે થોડુંજ કહેવાનું બાકી છે. આપણને આજના વ્યાખ્યાનમાંથી એક ગ્રહણ કરવા લાયક વિચાર એ પ્રાપ્ત થયો છે, કે આપણે ભારતવાસીઓ પણ કાંઇક ને કાંઇક કાર્ય કરવા સમર્થ છીએ. કદાચ ભારતવાસીઓમાંથી બંગાળીઓ એ વાતને હસી કહાડશે; પણ હું તેમ કરતો નથી. તમારામાં જાગૃતિ ઉત્પન્ન કરવી, તમને કાર્ય કરવામાટે ઉશ્કેરવા એજ મારૂં જીવનવ્રત છે. તમે અદ્વૈતવાદી હો, વિશિષ્ટાદ્વૈતવાદી હો, દ્વૈતવાદી હો કે ગમે તે વાદી હો, તેની કાંઇ હરકત નથી પણ એક વિષે જેનું આપણને કમનસીબે હમેશ વિસ્મરણ થતું આવ્યું છે તે તરફ હું તમારૂં ખાસ લક્ષ ખેંચવા ઇચ્છું છું. તે એ છે કે "હે માનવી! તું તારા પોતામાં શ્રદ્ધા રાખતો થા." એ ઉપાયથીજ આપણે ઇશ્વર ઉપર પણ શ્રદ્ધા રાખી શકીશું, તમે અદ્વૈતવાદી હો કે દ્વૈતવાદી હો, યોગશાસ્ત્રને માનતા હો કે શંકરાચાર્યના અનુયાયી હો, વ્યાસનું અનુસરણ કરતા હો કે વિશ્વામિત્રનું કરતા હો પણ તમે આત્માશ્રદ્ધા રાખતાં શીખો. એ આત્મવિશ્વાસના વિષયમાંજ આપણા દેશનું તત્ત્વચિંતન અન્ય દેશોના તત્ત્વચિંતનથી જૂદું પડે છે. આપણા ધર્મ સિવાયના બાકીના તમામ ધર્મની અંદર આત્માને લગભગ શક્તિહીન, પામર, તુચ્છ અને જડ માન્યો છે' ત્યારે આપણે ભારતવાસીઓ આત્મા અવિનાશી છે અને અનંતકાળસુધી તે પૂર્ણ અવસ્થામાં રહેશે, એવુંજ માનતા આવ્યા છીએ. ઉપનિષદ્‌ના ઉપદેશ આપણે હમેશ સ્મરણમાં રાખવાની જરૂર છે.

તમારા જીવનનો મહાન્ ઉદ્દેશ હમેશ યાદ રાખજો. આપણા ભારતવાસીઓ ઉપર અને વિશેષે કરીને બંગાળીઓ ઉપર પાશ્ચાત્ય ભાવનાઓની પ્રબળ અસર થયેલી છે; અને તેના વડે આપણા પ્રજાધર્મનાં મર્મસ્થાનસુધી સડો પેઠો છે. આપણે હમણાં શા કારણથી પાછળ પડી ગયા છીએ? શા કારણથી આપણામાંના નવ્વાણું ટકા જેટલા માણસોનાં જીવન પાશ્ચાત્ય ભાવનાઓવાળાં થઇને પાશ્ચાત્ય જીવનપ્રણાલીમય બની ગયાં છે? જો આપણે બીજી પ્રજાઓની પંક્તિમાં ગારવયુકત સ્થાન પ્રાપ્ત કરવું હોય તો આ પરદેશી તત્ત્વોને આપણા હૃદયમાંથી નિર્મૂળ કરવા પડશે; પણ તેની સાથે હું તમને એમ પણ કહું છું કે જો તમે તમારી પૂજાની ઉન્નતિ ચાહતા હો તો પશ્ચિમની પ્રજાઓ પાસેથી ઘણું શીખવાની પણ જરૂર છે, તે વાત ભૂલી જતા નહિ. આપણે તેમની પાસેથી વિજ્ઞાન અને હુન્નરકળા શીખી લેવાનાં છે. ભૌતિકશાસ્ત્રનું જ્ઞાન આપણે તેમની પાસેથી ગ્રહણ કરવાનું છે બીજી બાજુએ તેઓને પણ આપણી પાસે ધર્મ અને આધ્યાત્મિક જ્ઞાન લેવા આવવું પડશે. આપણે હિંદુઓ જગદ્‌ગુરુ છીએ એટલું સારી પેઠે યાદ રાખવું. આપણે અહીં રાજનૈતિક હક્કમાટે તથા બીજી ઘણી બાબતોમાટે કોલાહલ મચાવીએ છીએ એ બધું ઠીક છે; પણ એટલું યાદ રાખજો કે રાજનૈતિક હક્ક, સન્માન, અનુકૂળતાઓ એ બધું દોસ્તીના સંબંધદ્વારાજ પ્રાપ્ત થાય છે અને દોસ્તી હમેશ

સમાન પદવીના અને સમાન યોગ્યતાવાળા માણુસો વચ્ચેજ થઈ શકે છે. એમાંથી એક પક્ષ હમેશ ભિખારીની માફક 'ભિક્ષાં દેહિ' જ કર્યા કરે તો તેવાની સાથે સામો પક્ષ મૈત્રી કરે ખરો કે? એ બધું મોંએ મોંએ બોલી જવું એમાં કાંઇ મુશ્કેલ નથી પણ હું તમને કહું છું કે અન્યોન્ય સહાયતા આપ્યા વગર, આપ લે કર્યા વગર આપણે કદિ પણ સફળ થઇ શકીશું નહિ; માટેજ હું તમને કહું છું કે તમે અમેરિકા અને ઈંગ્લાંડમાં જજો પણ ભિખારી થઇને ન જતા. ધર્મગુરુ બનીને જજો. વિનિમય—આપલે—નો નિયમ તમે જેમ બને તેમ અમલમાં મૂકજો. જો તમે પશ્ચિમની પ્રજાઓ પાસેથી આ લોકમાં સુખ અને આરામ મેળવવાનાં સાધનો શીખો, તો તેના બદલામાં અનંત કાળપર્યંત સુખ અને આનંદ પ્રાપ્ત કરવાના ઉપાય તેમને બતાવજો.

તે ઉપરાંત સમગ્ર માનવજાતિના કલ્યાણને માટે પ્રયાસ કરજો. તમારા સાંકડા વિચારો, તમારી સંકુચિત ભાવનાઓ છોડી દો. તમારા આપમતલબી જૂના વિચારોને રજા આપો. દરેકને માટે મરણ તો સરજાયુંજ છે. હું તમને એક અદ્ભુત ઐતિહાસિક સત્ય કહુ છું તે વિશેષે કરીને સ્મરણમાં રાખજો, કે એક સમય એવો આવશે કે આખા જગત્‌ની પ્રજાઓ ભરતખંડના ચરણપાસે શિષ્યભાવે બેસવા આવશે અને તેના સાહિત્યમાં સચવાયલાં સનાતન સત્યોનો ઉપદેશ ગ્રહણ કરશે. ભરતખંડનો કદિ પણ વિનાશ થવાનો નથી. ચીનનો, જાપાનનો કદિ વિનાશ થવાનો નથી. માટે આપણા જીવનનો મેરૂદંડ આપણી આધ્યાત્મિક ભાવનાઓ છે, એ વાત સારી પેઠે યાદ રાખજો. હવે તેનું સ્મરણ રહે અને આપણે તદનુસાર વર્તન કરીએ તે માટે આપણને એક માર્ગદર્શકની જરૂર છે. જે માર્ગે વિચરણ કરવાનું હું તમને હમણાં કહી ગયો છું તે માર્ગ બતાવનાર ભોમીઆની બહુ જરૂર છે. એ ગુરુ તે બીજો કોઇ નહિ પણ તમારા ધર્મના ઉચ્ચપણામાં અને તમારા પોતાનામાં પ્રબળ શ્રદ્ધા એજ છે. જો તમારામાંથી કોઈ આ વાત ઉપર શ્રદ્ધા નહિ કરે, આપણો હિંદુધર્મ શુદ્ધ આધ્યાત્મિક ભાવનાથી ભરપૂર છે એ વાત નહિ માનનારો કોઇ છોકરોજ આ સભામાં હાજર હોય તો હું તેને કહીશ કે તું હિંદુ નથી. એક વખત કાશ્મીરના એક ગામડામાં મને એક વૃદ્ધ મુસલમાન બાઇનો મેળાપ થયો હતો. મેં તેને નમ્રતાપૂર્વક પૂછ્યું; "બાઇ! તમે કયો ધર્મ પાળો છો?" તેણે પોતાની ભાષામાં ગારવયુક્ત જવાબ આપ્યો; "ઇશ્વરને ધન્યવાદ આપો! તેની કૃપાથી હું મુસલમાની છું." મેં પાસે બેઠેલા એક હિન્દુને તેજ સવાલ પૂછ્યો ત્યારે તેણે સાદોજ ઉત્તર આપ્યો કે; "હું હિંદુ છું" અને કઠોપનિષદ્‌નો ભવ્ય શબ્દ શ્રદ્ધા—અદ્‌ભુત વિશ્વાસ અત્યારે યાદ આવે છે નચિકેતાના જીવનમાં શ્રદ્ધાનું ખરૂં તત્ત્વ—આત્મશ્રદ્ધાનો ખરેખરો જુસ્સો જોવામાં આવે છે. એ શ્રદ્ધાનો—એ યથાર્થ નિર્મળ શ્રદ્ધાનો સિદ્ધાંત પ્રચલિત કરવો એ મારૂં

જીવનવ્રત છે, હું તમને ફરીથી કહું છું કે આ શ્રદ્ધા સમગ્ર માનવજાતિનું તેમજ સર્વ ધર્મનું મુખ્ય અંગ છે. પ્રથમ તમે આત્મશ્રદ્ધા પ્રાપ્ત કરો. ધારો કે કદાચ એક વ્યક્તિ સમુદ્રના ક્ષુદ્ર પરપોટા જેવી અને બીજી પર્વત જેવા વિશાળ મહામોજા જેવી હોય; પણ પરપોટો અને મહામોજ, એ બેઉની પાછળ તેમના બેઉના આધારરૂપ અનંત મહાસાગર રહેલો છે, તેથી દરેક વ્યક્તિને માટે સારી આશા રાખી શકાય છે. મુક્તિનું દ્વાર દરેકને માટે ખુલ્લું છે. દરેકને વહેલાં મોડાં માયાનાં બંધનમાંથી મુક્ત તો થવુંજ પડશે. આ આપણું પ્રથમ કર્તવ્ય છે. અનંત આશામાંથી અનંત મહેચ્છા જન્મ પામે છે. જો એ આત્મશ્રદ્ધાનો આપણા હૃદયમાં ઉદય થશે તો વ્યાસ અને અર્જુનનો સમય—જ્યારે માનવજાતિના પરમ કલ્યાણને લગતા ભવ્ય સિદ્ધાંતોનો પ્રચાર થયો હતો તે સમય—તમે ફરીથી આપણા પ્રજાજીવનમાં લાવી શકશો. આધ્યાત્મિક અંતર્દષ્ટિમાં તેમજ આધ્યાત્મિક ભાવનામાં આપણે ઘણાજ પાછળ પડી ગયા છીએ. ભરતખંડ પાસે આધ્યાત્મિકતાનો કદિપણ ન ખૂટે તેવો ભંડાર છે—હજી પણ છે. તેને લીધેજ—તેના આધ્યાત્મિક મહત્ત્વને લીધેજ ભરતખંડને બીજી પ્રજાઓમાં શ્રેષ્ઠ સ્થાન મળે છે. જો દંતકથાઓ અને આશાઓ વિશ્વાસપાત્ર હોય તો જરૂર ભૂતકાળના યશસ્વી દિવસ પાછા આવશે; પણ તેનો આધાર તમારા ઉપર છે.

હે બંગ દેશના યુવાનો ! તમે ધનવાન અને મોટા કહેવાતા લોકોનાં મોં સામે જોયા ન કરો. જગતમાં જે મહત્ કાર્યો થયાં છે તે સઘળાં નિર્ધન લોકોએજ કર્યાં છે. હે બંગ દેશના નિર્ધન લોકો ! તમે જાગૃત થાઓ. તમે ધારે તે કાર્ય કરવા સમર્થ છો. તમારેજ બધું કરવાનું છે. તમે નિર્ધન હશો તોપણ તમારે પગલે ચાલવા માટે ઘણા તૈયાર થશે. દૃઢ થાઓ અને તે ઉપરાંત સંપૂર્ણ રીતે નિષ્કપટ થાઓ. તમારા ઉજ્વલ ભવિષ્યમાં શ્રદ્ધા રાખો. બંગદેશના યુવાનો ! હિંદુસ્તાનનો ઉત્કર્ષ તમારેજ કરવાનો છે. તમે આ વાત માનો યા ન માનો તોપણ જરૂર યાદ રાખજો. આ કાર્ય આજકાલમાંજ થઈ જશે એવી ભ્રાંતિમાં પડતા નહિ; પણ એ વાત બનશે એ તો ચોકકસજ છે. જેટલી શ્રદ્ધા મને મારા દેહના—મારા પોતાના અસ્તિત્વમાં છે તેટલીજ મને આ પરિણામ ઉપર છે. તેથીજ, હે બંગ દેશના યુવાનો ! મારૂં હૃદય તમારા તરફ આકર્ષાય છે. તમે નિર્ધન છો માટેજ હું તમારા ઉપર આધાર રાખું છું. તમારી પાસે પૈસા નથી તેથીજ તમે કામ કરી શકશો. તમારી પાસે કાંઇજ નથી તેથીજ તમે નિષ્કપટ થઇ શકશો અને નિષ્કપટ થવાથી તમે સર્વસ્વનો ત્યાગ કરતાં અચકાશો નહિ. એજ વાત હું તમને હમણાં કહેવા માગું છું માટેજ હું તમને ફરી ફરીને કહું છું કે આજ તમારૂં જીવનવ્રત હો અને એજ મારૂં પણ જીવનવ્રત છે. તમે ગમે તે ધર્મ પાળતા હો, તમે ગમે તે દાર્શનિક મતને માનતા

હો તેની મને દરકાર નથી, હું તો અત્યારે સાબિત કરવા માગું છું કે માનવ જાતિની પૂર્ણતા પ્રત્યે અનંત શ્રદ્ધાના પ્રેમસૂત્રથી આપણે બધા ભારતવાસીઓ ગુંથાયલા છીએ. શ્રદ્ધાનો આખા દેશમાં પ્રચાર કરો.

संन्यासनो आदर्श अने तेनुं व्यावहारिक स्वरूप

(ત્યાર પછી સ્વામીજીની પ્રકૃતિ અસ્વસ્થ હોવાને તેમનાથી ઠેકાણે ઠેકાણે ફરીને વ્યાખ્યાન આપવાનું બની શક્યું નહિ. સંન્યાસીઓને માટે મઠ વગેરેની સ્થાપના કરી શિષ્યોને અધ્યયન કરાવવાના તથા એવા પ્રકારનાં બીજાં કેટલાંક કાર્ય કરવામાં તેમનો સમય જતો હતો, અને ૧૮૯૯ ના જૂન માસની ૨૦ મી તારીખે તેમણે બીજી વાર અમેરિકા તરફ પ્રયાણ કર્યું; તેને પહેલે દિવસે એટલે ૧૯ મી તારીખે બેલુડમઠમાં સાંજના તેમના શિષ્યો અને ગુરુભાઈઓની એક સભા ભરવામાં આવી હતી. એ સભા સમક્ષ સ્વામીજીએ અંગ્રેજીમાં ટુંકું વ્યાખ્યાન આપ્યું હતું. ઉપર્યુક્ત મઠની ડાયરીમાં તેનો સારાંશ નોંધી લીધેલો છે. તેનો અનુવાદ નીચે મુજબ છે.)

મારા બંધુઓ અને સંતાનો !

આ સમય લાંબુ ભાષણ આપવાનો કે વકતૃત્વશકિત બતાવવાનો નથી. માત્ર મારે તમને કેટલીક બાબતો સંક્ષેપમાં કહેવાનો વિચાર છે અને હું આશા રાખું છું કે તમે તે પ્રમાણે અમલ કરશો. પ્રથમ તો આપણો (સંન્યાસીનો) આદર્શ શો છે તે સમજી લેવું જોઇએ; અને તેને કેવી રીતે વ્યવહારમાં મૂકી શકાય તેના ઉપાય શોધવા જોઇએ. તમારામાંથી જેમણે સંન્યાસવ્રત લીધું છે તેમણે બીજાના કલ્યાણને માટે પરિશ્રમ કરવાનો છે—કારણ કે સંન્યાસી શબ્દના અર્થમાંજ એવો ભાવ રહેલો છે. " ત્યાગ " વિષે લાંબું વ્યાખ્યાન આપવાનો અત્યારે સમય નથી—હું માત્ર તેનું લક્ષણ તમને સંક્ષેપમાં કહી જાઉં છું. હું સંન્યાસનો અર્થ " મૃત્યુ પ્રતિ પ્રેમ રાખવો " એવો કરૂં છું. સંસારી લોકોનેજ જીવવું ગમે છે. સંન્યાસીને તો મરણ પ્રિય લાગવું જોઇએ; એટલે શું આપણે આત્મહત્યા કરવી ? બિલકુલ નહિ. કારણ કે જેઓ આત્મહત્યા કરે છે તેઓ ખરૂં જોતાં મૃત્યુને ઇચ્છતા નથી. એવું ઘણીવાર જોવામાં આવે છે કે આત્મહત્યા કરવામાં એકવાર નિષ્ફળતા મળતાં આત્મહત્યા કરનાર કદિ બીજી વાર તેવું કામ કરતોજ નથી. ત્યારે મૃત્યુને ચહાવું એનો અર્થ શો ? તાત્પર્ય એ છે કે આપણુ સર્વને માટે મરણ તો સમજાયેલુંજ છે. મરણના કરતાં વધારે નિશ્ચયપૂર્વક બનાવ બીજો હોઇ શકેજ નહિ. ત્યારે કોઈ મહાન્ શુભ ઉદ્દેશને માટે આપણું જીવન અર્પણ કરીએ તો કેમ ? આપણે આહાર, અધ્યયન વગેરે જે કાંઇ

કરીએ તે સર્વ આપણને આપણી જાતના બલિદાન તરફ પ્રેરે એવા ઉદ્દેશથીજ કરવાં જોઇએ. તમે શરીરની પુષ્ટિને અર્થે આહાર કરો છો, પણ જો તમે બીજાના કલ્યાણને માટે શરીરનું બલિદાન આપવા તૈયાર ન થઇ શકો તો પછી શરીરની પુષ્ટિનું તમારે શું પ્રયોજન છે? તમે પુસ્તકોનું અધ્યયન કરીને તમારા મનને સતેજ રાખો છો, પણ જો તમે પારકાના કલ્યાણને માટે તમારા જ્ઞાનનો ઉપયોગ ન કરી શકતા હો તો તમારા અભ્યાસનું શું પ્રયોજન છે? કારણ કે આખું જગત્ એક અખંડ સત્તાસ્વરૂપ છે; તમે તેના એક અલ્પ અંશ માત્ર છો. માટે તમારા ક્ષુદ્ર અહંભાવનો ત્યાગ કરીને તમારા કરોડો બંધુઓની સેવા કરવી એજ તમારૂં કર્તવ્ય છે. તમે તેમ નહિ કરો તો કુદરતના મહાન્ નિયમનો ભંગ કર્યાનો અપરાધ કરશો. ઉપનિષદ્‌ના ભવ્ય આદેશનું તમને સ્મરણ છે કે?

सर्वतः पाणिपादं तत् सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥

આ પ્રમાણે તમારે ધીરે ધીરે દેહભાવનો-અહંભાવનો ત્યાગ કરવાનો છે. તમારે માટે શરીરભાવનું મૃત્યુ એજ સ્વર્ગ છે. મૃત્યુમાંજ તમામ પ્રકારનું કલ્યાણ રહેલું છે; એથી વિપરીત અવસ્થામાં અકલ્યાણ અને આસુરિપણુંજ છે.

હવે એ આદર્શને કેવી રીતે વ્યાવહારિક સ્વરૂપ આપવું તેનો વિચાર કરીએ. પ્રથમ તો તમારે હમેશ સ્મરણમાં રાખવું કે તમે અસંભવિત આદર્શ રાખશો તો ચાલશે નહિ. અત્યંત ઉચ્ચ આદર્શથી પ્રજા દુર્બળ અને હીનસત્ત્વ થઇ જાય છે. બૌદ્ધો અને જૈનોના ધર્મસંસ્કારની પછીના જમાનામાં એ પ્રમાણેજ બન્યું હતું. બીજી બાજુએ અત્યંત શુષ્ક કાર્યવાહક થવામાં પણ લાભ નથી. જો તમારામાં જરા પણ કલ્પનાશકિત નહિ હોય, જો તમારી વૃત્તિઓને નિયમમાં રાખનાર એક પણ આદર્શ તમારી સમક્ષ નહિ હોય તો તમે કેવળ પશુની કોટિમાં આવી જશો; માટે તમારે આદર્શને કદિ પણ હલકો કરવો નહિ, તેમ એકલા આદર્શનાજ ચિંતનમાં પડીને કાર્યને ભૂલી જવું નહિ. આપણે બેઉ છેવટની સ્થિતિઓનો ત્યાગ કરીને કલ્પનાશકિત અને વ્યવહારકુશળતાની વિચારપૂર્વક મેળવણી કરવી જોઇએ.

આપણા લોકોની એક માન્યતા એવી છે એક ગુફામાં બેસીને ધ્યાન કરતાં કરતાં મરી જવું, પણ તમારે વહેલાં મોડાં જાણવુંજ પડશે કે બીજાઓની અગાઉ મુકિત પ્રાપ્ત કરવાની ઇચ્છા કરવી એ મોટી ભૂલ છે. જો તમે તમારા પોતાના બંધુઓને મુક્ત કરવાને યત્ન નહિ કરો તો તમે કદિ પણ મુક્ત થઇ શકશોજ નહિ. તમારા જીવનમાં પ્રબળ આદર્શપરાયણતા સાથે પ્રબળ કાર્યકુશળતાનો યોગ કરી દેવો જોઇએ. ગંભીર ધ્યાનધારણા કરવાને તમે તૈયાર થજો, પણ બીજીજ પળે સામેના ખેતરમાં જઇને જમીન ખેડવાને પણ તૈયાર રહેજો. (આ વાક્ય બોલતાં સ્વામીજીએ

મઠનાં ખેતરો તરફ આંગળી કરી હતી.) શાસ્ત્રની કઠણમાં કઠણ બાબતો લોકોને સમજાવવા તૈયાર રહેજો. પણ બીજીજ પળે તમારા ખેતરનો પાક વેચવાને બજારમાં જતાં પણ અચકાતા નહિ. માત્ર અહીંજ નહિ પણ જ્યાં જાઓ ત્યાં હલકામાં હલકું કામ કરવાને—જરૂર પડે તો લોકોનાં મળમૂત્ર ઉઠાવવાને * પણ તૈયાર રહેવું જોઇએ.

બીજી બાબત તમારે હમેશ એ યાદ રાખવી કે આ મઠનો ઉદ્દેશ મનુષ્ય તૈયાર કરવાનો છે. ઋષિપ્રણીત શાસ્ત્રોનું અધ્યયન કરીને સંતોષ માનવાનો નથી. તે ઋષિઓ ચાલ્યા ગયા અને તેમની સાથે તેમના મતમતાંરો પણ ચાલ્યા ગયા છે. હવે તો તમારે પોતેજ ઋષિ થવું પડશે. તમે મનુષ્યો છો—જેવા મહર્ષિઓ મનુષ્યો હતા, જેવા આપણા અવતારી પુરુષો પણ મનુષ્યો હતા, તેવા તમે પણ મનુષ્યો છો. તમારે તમારા પોતાના પગ ઉપર ઉભા રહેતાં શીખવું જોઇએ. કેવળ શાસ્ત્રનું અધ્યયન કર્યાથી કાંઇ પણ વળનાર નથી. ધ્યાનધારણા કર્યાથી પણ કેટલે દરજ્જે લાભ થનાર છે? મંત્રતંત્રથી પણ શું વળનાર છે? તમારે તો આ નવીન પદ્ધતિ—ખરેખરા મનુષ્ય બનાવવાની પદ્ધતિ ગ્રહણ કરવાની છે. મનુષ્ય તો તેનેજ કહેવાય કે જે સાક્ષાત્ બળની મૂર્તિ જેવો બળવાન્ હોય, છતાં તેનું હૃદય એક સુકોમળ સ્ત્રીના હૃદય જેવું મૃદુ હોય. તમારી આસપાસ જે લાખો માણસો વસે છે તેમને માટે તમારા હૃદયમાં સહાનુભૂતિ ઉત્પન્ન થવી જોઇએ. તેની સાથે તમે તમારા નિશ્ચયમાં અત્યંત દૃઢ અને અડગ હોવા જોઇએ. વળી એટલું પણ યાદ રાખજો કે તમારામાં સ્વતંત્રતાનો જુસ્સો અને તેની સાથે આજ્ઞાંકિતપણું, બઉ હોવા જોઇએ તમને કદાચ આ કથનમાં પરસ્પર વિરુદ્ધ જેવું લાગશે પણ એ બેઉ વિરુદ્ધ ગુણનો તમારામાં યોગ કરવાની જરૂર છે. જો તમારો અધ્યક્ષ તમને નદીમાં ભૂસકો મારીને મગરને પકડવાની આજ્ઞા કરે તો તેના મોંમાંથી આજ્ઞા નીકળતાંની સાથેજ તેનો અમલ કરવો; અને તેનુ કારણ વગેરે પૂછવાં હોય તો પછીજ પૂછી લેવાં. જો તેમનો આદેશ કદિ ગેરવાજબી હોય તોપણ પ્રથમ તેમની આજ્ઞાનું પાલન કરો અને પ્રતિવાદ કરવો હોય તો પછીજ કરજો. આપણા દેશના સંપ્રદાયોમાં અને ખાસ કરીને બંગાળામાં એક એવો ખાસ દોષ છે કે અમુક મંડળમાં કોઇનો મત જરાક જૂદો પડયો એટલે તરત તે નવોજ પંથ ચલાવવા મંડી જાય છે. તેમનામાં પરમતસહિષ્ણુતા અને ધૈર્ય છેજ નહિ; માટે હું તમને કહું છું કે જે સંઘમા તમે જોડાયા છો તેનામાં તમે ઉંડી શ્રદ્ધા રાખજો. આજ્ઞાનું પાલન ન કરે એવા માણસોની આપણી સંસ્થામાં જરૂરજ નથી. જો કોઇ એવા હોય તો તેમને સખ્ત દિલના થઇને સંઘની બહાર કહાડી

* વૃંદાવન, હરદ્વાર વગેરે સ્થાનોમાં રામકૃષ્ણ મિશનના સેવાશ્રમોમાં આ આદર્શ સચવાય છે. ત્યાંના વિદ્વાન્ સંન્યાસીઓ દરદીને સાક્ષાત નારાયણ સમજીને તેમનાં મળમૂત્ર ઉઠાવે છે.

મૂકજો. વિશ્વાસઘાતક દ્રોહીઓ પણ આપણામાં નજ રહેવા જોઇએ. તમે વાયુના જેવા સ્વતંત્ર પણ વૃક્ષ કૂતથા તરાના જેવા નમ્ર અને આજ્ઞાધીન રહેજો.

હું શું શીખ્યો છું

(સ્વામીજી અમેરિકાથી લગભગ દોઢ વર્ષે હિંદુસ્તાન પાછા આવ્યા ત્યારે પ્રથમની માફક ધામધૂમ સાથે નહિ પણ ગુપ્તપણે આવ્યા હતા. અત્યંત પરિશ્રમને લીધે તેમનું શરીર છેક લેવાઇ ગયું હતું. તબીયત જરાક સુધારતાં તેઓએ ઢાકા અને આસામ પ્રાંતના ગૌહાટીમાં જઈ થોડાંક વ્યાખ્યાન આપ્યાં હતાં. તેમનો સવિસ્તર હેવાલ તો મળી શકતો નથી;માત્ર ઢાકાથી તેમના કેટલાક શિષ્યોએ "ઉદ્‌બોધન"નામના માસિક પત્રમાટે હેવાલ લખી મોકલ્યો હતો; તે માસિકમાંથી ઉતારો આપીને આ ગ્રંથ સમાપ્ત કરવામાં આવેછે.

(૧૯૦૧ ના માર્ચ માસમાં ઢાકામાં આપેલું ભાષણ.)

હું નાના પ્રકારના દેશવિદેશમાં ભ્રમણ કરી આવ્યો છું પણ મારી જન્મભૂમિ બંગદેશના આ ભાગવિષે હું ઝાઝું જાણતો ન હતો. તેમજ આ પ્રદેશની વિસ્તીર્ણ નદીઓ, વિશાળ ફળદ્રૂપ મેદાનો અને રમણીય ગામડાં, એ સર્વ મનોરમ દૃશ્યો જોવાનો પ્રસંગ મને કદિ પ્રાપ્ત થયો ન હતો; તેથી કરીને મને અહીં આવીને આ સર્વ જોતાં જે આનંદ પ્રાપ્ત થયો છે તે હું તમારી સમક્ષ કૃતજ્ઞતાપૂર્વક જાહેર કરૂં છું. મને ખબર નહોતી કે મારી જન્મભૂમિના જળસ્થળમાં આટલી સુંદરતા, આટલી મોહકતા રહેલી છે; પણ અત્ર આવ્યાથી મને મુખ્ય લાભ એ થયો છે કે જગતના જૂદા જૂદા દેશો જોઇ આવ્યા પછી હું મારી માતૃભૂમિની રમણીયતા વિશેષ આનંદ સાથે અનુભવી શકું છું. તેજ પ્રમાણે ધર્મવિષયક સત્યના અનુસંધાનમાટે હું અનેક સંપ્રદાયો જોઇ વળ્યો છું. *મેં એવા સંપ્રદાયોનો અનુભવ લીધો છે કે જેમણે વિદેશી પ્રજાઓની ભાવનાઓને પોતાની માની લીધી છે. મેં પોતે પણ પારકા ધર્મને બારણે જઇ સત્યને માટે 'ભિક્ષાં દેહિ'નો પોકાર કર્યો હતો; કેમકે હું નહોતો જાણતો કે મારા પોતાનાજ દેશનો ધર્મ આપણો પ્રજાધર્મ આવો રમણીય અને ભવ્ય છે. હિંદુધર્મ જગતના બીજા તમામ ધર્મો કરતાં આત્માને વિશેષ શાંતિ અને તૃપ્તિ આપી શકે એવો છે તે મને કંઇક પાછળથીજ માલુમ પડયું હતું. આથી કરીને હું શ્રદ્ધાસંપન્ન છતાં પણ મારા કેટલાક સ્વદેશબાંધવોને આપણા ધર્મની ઉપેક્ષા કરતા જોઉં છું ત્યારે મને અત્યંત ખેદ થાય છે. આપણા મહિમાવાન્ દેશમાં યુરોપિયન

* આ ટીકા બ્રહ્મસમાજને ઉદ્દેશીને છે. કેશવચંદ્રસેનવાળી સમાજમાં હિંદુ કરતાં ખ્રિસ્તી ધર્મનાં તત્ત્વો વિશેષ છે. સ્વા૦ વિવેકાનંદ યુવાવસ્થામાં એ સમાજના સભાસદ હતા.

ભાવનાઓનો પ્રચાર થવાથી ધર્મભાવનાને અત્યંત પ્રતિકૂળ નીવડે એવા નિરીશ્વરવાદ અથવા અજ્ઞેયવાદમાંજ કેટલાક કેળવાયલા લોકો પોતાનું જીવન પસાર કરે છે.

વર્તમાન સમયમાં પણ આપણા દેશમાં એવા ધર્મસુધારકો છે કે જેઓ હિંદુ પ્રજાનો પુનરુદ્ધાર કરવાના ઉદ્દેશથી આપણા ધર્મને પુનઃ સુવ્યવસ્થિત કરવાનો યત્ન કરે છે; પરંતુ તે તેમના પ્રયાસનું પરિણામ સુવ્યવસ્થાને ઠેકાણે દુર્વ્યવસ્થા ઉત્પન્ન કરે છે. બેશક, તેમનામાં ઘણા વિચારશીલ પુરુષો છે; પણ પોતે શું કરે છે અને તેનું પરિણામ શું આવશે તેનો કશોજ વિચાર કર્યા વગર કેવળ અંધશ્રદ્ધાથીજ બીજાઓનું અનુકરણ કરે એવા પણ ઘણા માણસો છે. આ પ્રકારના સુધારકોને આપણા ધર્મની અંદર વિદેશી તત્ત્વો દાખલ કરવાની ઘણી હોંસ છે, તેઓ એક "મૂર્તિપૂજા" ને પકડી બેઠા છે અને હિંદુધર્મ મૂર્તિપૂજન કરવાનો આદેશ કરે છે માટે તે અસત્ય છે એમ ઠરાવી દે છે. આ મૂર્તિપૂજાનું સ્વરૂપ કેવું છે, તે સારૂં છે કે નઠારૂં છે, તેની તપાસ કરવાની તેઓ તસ્દીજ લેતા નથી. માત્ર એક " મૂર્તિપૂજા " શબ્દના આધારથીજ હિંદુધર્મ અસત્ય છે એમ કહીને તેઓ તેને વગોવી નાખવા મથે છે. વળી આપણે ત્યાં એક બીજો એવો વર્ગ છે કે જેઓ દરેક હિંદુ આચાર અને તેની ધર્મક્રિયાનું રહસ્ય હાલના સાયન્સને આધારે લોચા લાપસી વાળીને સમજાવવાનો યત્ન કરે છે. તેમના મત પ્રમાણે બધામાંજ સાયન્સ છે. જ્યાં હોય ત્યાં વિજળી, ચુંબક, આંદોલન અને એવી એવી બાબતોજ તેઓ લાગુ પાડી દે છે. કદાચ જતે દહાડે તેઓ ઈશ્વરને પણ વિજળીનાં આંદોલનના સમૂહ તરીકે ઠોકી બેસાડે તો તેમાં નવાઈ પામવા જેવું નથી ! ભલે, જગદંબા તેમના ઉપર કૃપા કરો ! તરેહ તરેહની પ્રકૃતિનાં મનુષ્યોદ્વારા તેજ પોતાનું ધાર્યું કાર્ય કરાવી લેતી હશે.

આ બેઉ વર્ગથી ઊલટો એક પ્રાચીન સંપ્રદાય છે. તેઓ કહે છે કે " ભાઈ ! મને તમારા પાંડિત્યમાં–તમારા સાયન્સમાં કશી સમજ પડતી નથી અને સમજવાની કશી દરકાર પણ નથી. અમારે તો ઇશ્વરનું કામ છે, આત્માનું કામ છે. અમારે તે ઇન્દ્રિયાતીત પ્રદેશમાં જવાનું છે કે જ્યાં જગત્ નથી, જ્યાં સુખદુઃખનાં દ્વંદ્વો નથી, જ્યાં સચ્ચિદાનંદ વિના બીજું કાંઈ છેજ નહિ." તેઓ તેમને કહેશે કે " ગંગામાં સ્નાન કર્યાથી મુક્ત થવાય છે એ અમે શ્રદ્ધાપૂર્વક માનીએ છીએ." અનન્ય ભાવથી, અનન્ય શ્રદ્ધાથી રામ, શિવ, વિષ્ણુ, એવા ઈશ્વરના કોઈ પણ સ્વરૂપની ઉપાસના કર્યાથી મોક્ષ થશેજ એમ અમે માનીએ છીએ. એ સુદૃઢ, શ્રદ્ધાસંપન્ન પ્રાચીન સંપ્રદાય મને માન્ય છે એમ હું ગર્વસહિત કહી શકું છું. વળી એક ત્રીજા પ્રકારના મનુષ્યો પણ મારા જોવામાં આવ્યા છે. તેઓ કહે છે કે, સંસારમાં પણ રચ્યાપચ્યા રહો અને સાથે સાથે ઈશ્વરનું ભજન કરતા રહો. હું કહું છું કે તેઓ દંભી છે તેઓ પોતાના હૃદયની ઇચ્છા જાહેર કરવાની હિંમત ચલાવતા નથી. (લોકોની હાએ

હા કરી પોતામાંના ટકા ઉપજાવીને પૈસા તથા પૂજા તેમને મેળવવી હોય છે) એ વિષે સાધુ પુરુષોનું શું કથન છે?

રામ તહાં નહિ કામ હૈ, કામ તહાં નહિ રામ;
એક સાથ દોઉ ના મિલે, રવિરજની એક ઠામ.

અલબત્ત, જેના હૃદયમાં ઈશ્વરપ્રેમ જાગૃત થયો છે ત્યાં સંસારવાસના રહી શકેજ નહિ. જ્યાં સૂર્ય છે ત્યાં અંધકાર હોઇ શકેજ નહિ. માટેજ સાધુ મહાત્માઓ કહે છે કે જો તમારે ઇશ્વરની પ્રાપ્તિ કરવી હોય તો કાંચનકામિનીનો ત્યાગ કરો. **विषयं विषवत् त्यज।** વિષયનો વિષની માફક ત્યાગ કરો. આ સંસાર શૂન્ય છે, પોકળ છે, અસ્તિત્વરહિત છે. તમે ગમે તેટલાં ફાંફાં મારો પણ સંસારનો* ત્યાગ કર્યા વિના તમે કદિ ઈશ્વરને પામી શકશોજ નહિ. જો તમે તેમ ન કરી શકતા હો તો સાફ કહેજો કે અમે એટલા કાચા અને નિર્બળ છીએ; પણ અમે સંસારમાં રહ્યા છતાં ઈશ્વરમાંજ મન રાખીએ છીએ એવો વૃથા દંભ નહિ કરતા. તમારી મિથ્યા બડાઇ મનાવવાને ખાતર ત્યાગના ભવ્ય આદર્શને હલકો ન પાડતા, મુડદાને સોનાના વરખથી ઢાંકવાને પ્રયત્ન કરતા નહિ, મહાત્માઓ આદેશ કરી ગયા છે કે જો તમારે આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવી હોય, ઈશ્વરનું દર્શન કરવું હોય તો તમારૂં પહેલું કર્તવ્ય એ છે કે તમારા પોતાનાજ વિચાર સાથે સંતાકુકડીની રમત રમવી છોડી દો. તમારી જાતને ઠગો નહિ. તમારો દંભ, તમારા પોતાનાજ વિચારના પ્રદેશમાં તમે જે ચોરી, દગલબાજી કરો છો તે છોડી દો.

હું શું શીખ્યો છું? આ પ્રાચીન સંપ્રદાય પાસેથી હું કયો ઉપદેશ પામ્યો છું? હું શીખ્યો છું કેઃ—

दुर्लभं त्रयमेवैतत् देवानुग्रहहेतुकम् ॥
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥

" આ ત્રણ પદાર્થ દુર્લભ છે. તે માત્ર ઈશ્વરની કૃપાથીજ પ્રાપ્ત થાય છે. એક તો મનુષ્યજન્મ, બીજું મુમુક્ષુપણું અને ત્રીજો મહાત્માનો સમાગમ."

પ્રથમ તો મનુષ્યત્વ–મનુષ્યજન્મ થવો જોઇએ; કારણ કે મુકિતને પ્રાપ્ત કરવાનો સુયોગ મનુષ્યજન્મદ્વારાજ થાય છે. બીજું જરૂરનું સાધન મુમુક્ષુત્વ છે. જો કે આ પણ દેશમાં ચાલતા ભિન્ન ભિન્ન સંપ્રદાયોમાં ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની પદ્ધતિમાં ફેર છે; જો કે અમુક વ્યક્તિઓ એવું પણ પ્રતિપાદન કરે છે કે જ્ઞાન પ્રાપ્ત કરવાનો અમારો અધિકાર બીજાઓ કરતાં વિશિષ્ટ પ્રકારનો છે અને અમારાં સાધન સર્વોત્તમ છે. જો કે મનુષ્યો વચ્ચે અધિકાર પરત્વે ઘણો ભેદ જોવામાં આવે છે; તોપણ સાધારણ અસ્ખલિતપણે એમજ કહી શકાય છે કે મુમુક્ષુતા વિના ઈશ્વરનો સાક્ષાત્કાર થઇ શકેજ

* સંસારવિષયક કામનાઓનો.

નહિ. એ મુમુક્ષુતા એટલે શું ? મોક્ષને માટે પ્રબળ ઉત્કંઠા–સુખદુઃખના સામ્રાજ્યમાંથી મુક્ત થવાની ઉત્કટ ઇચ્છા–આ સંસારપ્રત્યે પૂર્ણ વૈરાગ્ય–જ્યારે ઈશ્વરનું દર્શન કરવાની આવી અદમ્ય લાલસા જાગે, ત્યારેજ તમારે જાણવું કે હવે આપણે પરમાત્માનો સાક્ષાત્કાર કરવાને અધિકારી થયા છીએ. ત્રીજી જરૂરની બાબત મહાત્માઓનો સમાગમ છે. સાધુપુરુષો જેમણે પરમતત્ત્વની પ્રાપ્તિ કરી લીધી છે તેમના જીવન અનુસાર આપણા જીવનનું ગઠન કરવાનો સુયોગ એવા પુરુષોના સમાગમથીજ પ્રાપ્ત થાય છે તીવ્ર વૈરાગ્ય અને ઈશ્વરદર્શનની પ્રબળ ઉત્કંઠા એ બે પણ પૂરતાં નથી. ગુરુદ્વારા દીક્ષા લેવાની પણ જરૂર છે; કેમકે અસ્ખલિતપણે, જમાના ને જમાના થયાં ગુરુપરંપરાથી ચાલી આવેલી એક અદ્ભુત શક્તિના ભંડારની સાથે ગુરુદ્વારા આપણું જોડાણ થાય છે. સાધકે પોતાના ગુરુને અથવા આચાર્યને પોતાનો પરમ ઉપદેશક, પરમ બંધુ અને માર્ગદર્શક ગણવો જોઈએ. ગુરુની દીક્ષા આધ્યાત્મિક માર્ગમાં પ્રગતિ કરવાને પરમ આવશ્યક અને અનિવાર્ય સાધન છે.

પણ ખરો પ્રશ્ન તો એ છે કે મારે કોને ગુરુ માનવો ? **श्रोत्रियोऽवृजिनोऽकामहतो यो ब्रह्मवित्तमः ।** " જે વેદનાં રહસ્ય જાણે છે. નિષ્કલંક ચારિત્ર્યવાન્ છે, તૃષ્ણારહિત છે અને બ્રહ્મને જાણનારમાં શ્રેષ્ઠ છે." શ્રોત્રિય–વેદને જાણનાર એટલે માત્ર શાસ્ત્રનાં પોથાં ભણી ગએલો પુસ્તકપંડિત નહિ પણ તેનાં ઉંડાં રહસ્યને જાણનાર, તેનો પોતાના જીવનમાં સાક્ષાત્કાર કરનાર; અને બ્રહ્મને જાણવો એટલે કે બ્રહ્મરૂપ બની જવું તે.

" પોથી પઢ પોપટ ભયો, પંડિત ભયો ન કોઇ;
એકો અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોઇ. "

પુસ્તકપંડિતો જરાએ કામના નથી. આજકાલ બધાને ગુરુ થઇ જવાની બહુ હોંસ હોય છે; ભિખારીને પણ લાખો રૂપીઆનું દાન કરવાની મરજી થાય છે. ગુરુનું બીજું લક્ષણ નિષ્કલંક ચારિત્ર્ય જોઇએ. વળી તે **अकामहत** એટલે તૃષ્ણારહિત હોવો જોઇએ. બીજાઓનું કલ્યાણ કરવા સિવાય જેના જીવનનો બીજો કશો ઉદ્દેશજ ન હોય, જે અહૈતુક દયાસિંધુ હોય, જે કીર્તિ, ગુરુપણું અથવા બીજા કોઇ પણ સ્વાર્થજન્ય ઉદ્દેશ વગર લોકોના ઉદ્ધારનેજ માટે ધર્મોપદેશ આપવા તત્પર હોય, તેજ ગુરુપદને યોગ્ય છે અને એવાજ ગુરુપાસેથી દીક્ષા લેવાનો શ્રુતિ આદેશ કરે છે. જે બ્રહ્મને સારી રીતે જાણે છે–જેણે તેનો અપરોક્ષ અનુભવ કર્યો છે, બ્રહ્મજ્ઞાન જેને હસ્તામલકવત્ થઇ ગયું છે એવા ગુરુની સાથે આધ્યાત્મિક યોગ થવાથી ઈશ્વરપ્રાપ્તિ-ઈશ્વરસાક્ષાત્કાર સુલભ થઇ પડે છે.

દીક્ષા લીધા પછી સાધકને સતત અભ્યાસની જરૂર છે. પોતાના ઇષ્ટસ્વરૂપનું ધ્યાન કરવાની જે પદ્ધતિ ગુરુએ બતાવી હોય તે પ્રમાણે પૂર્ણ ઉત્કંઠાસહિત ચાલુ

અભ્યાસ કરીને સત્યને જીવનમાં પરિણુત કરવાની અત્યંત આવશ્યકતા છે. તમને ઇશ્વરપ્રાપ્તિમાટે અત્યંત વ્યાકુળતા હોય અને ગુરુની પ્રાપ્તિ પણુ થઇ હોય તોપણુ તેની સાથે જો તમે અભ્યાસ ન કરો, તમને ગુરુએ જે શીખવ્યું હોય તે પ્રમાણે સતત અભ્યાસ ન કરો તો પછી તમે સાક્ષાત્કાર કરવાની આશા રાખતાજ નહિ. જ્યારે આ ત્રણે બાબતો તમારામાં પૂર્ણપણે એકત્રિત થશે ત્યારેજ તમે લક્ષ્યબિંદુએ પહોંચી શકશો.

માટે હે હિન્દુઓ ! હે યશસ્વી આર્ય પ્રજાનાં સંતાનો ! હું તમને ખાસ ભાર મૂકીને કહું છું કે આપણા ધર્મનો મહાન્ આદર્શ, હિન્દુ પ્રજા તરીકેનો આપણો ભવ્ય આદર્શ જે આપણને સંસારથી પાર જવાને પ્રેરે છે-એકલા સંસારનીજ નહિ પરંતુ સ્વર્ગની પણુ ઉપેક્ષા કરવાનો આદેશ કરે છે, તે આદર્શનું તમે કદિ પણુ વિસ્મરણુ કરતા નહિ. આપણો પરમ આદર્શ તો સંસાર અને સ્વર્ગ, શુભ અને અશુભ, પાપ અને પુણ્ય સર્વની પાર જઇને, આ પ્રાપંચિક જગતથી અતીત એવા પરમ ધામમાં જઇને સત્ ચિત્ આનંદનો અપરોક્ષ અનુભવ કરવાનોજ છે.

आपणो जन्मप्राप्त धर्म

પ્રાચીન કાળમાં આપણા દેશે આધ્યાત્મિક ભાવનાઓમાં અદ્દભુત ઉન્નતિ કરી હતી. આજે તે ભૂતકાળના ઇતિહાસનું આપણે જરા સ્મરણુ કરીએ; પણુ ભૂતકાળના ગૌરવનું ચિંતન કરવામાં એક મોટું જોખમ એ રહેલું છે કે તેથી નવું કાર્ય કરવાને આપણે શક્તિહીન થઇએ છીએ અને માત્ર અસલનાં ગૌરવનું સ્મરણુ કરીને મિથ્યા અભિમાનથી ફૂલાઇને આળસુ અફીણીઆની માફક જીવન પ્રસાર કરીએ છીએ. આપણે એ આપત્તિમાં ન પડીએ તેને માટે સાવધાન રહેવાની જરૂર છે. અલબત્ત, પ્રાચીન કાળમાં આપણા દેશમાં સત્યનો અપરોક્ષ અનુભવ કરનાર ઘણા મહર્ષિઓ થઇ ગયા છે; પણુ તેમનું સ્મરણુ કરીને જો આપણે સંગીન લાભનીજ પ્રાપ્તિ કરવી હોય તો આપણે પણુ તે મહર્ષિઓના જેવા થવાને યત્ન કરવો જોઇએ. નહિ તો ભૂતકાળના ગૌરવનું સ્મરણુ કર્યાથી લાભ કરતાં નુકસાન વધારે છે. પુરુષાર્થ કરશો તો તમે સઘળા ઋષિ થઇ શકશો એટલુંજ નહિ પણુ આપણા દેશમાં કદિ પણુ આજસુધી ન થયા હોય એવા અપૂર્વ મહિમાવાન, પ્રાચીન ઋષિઓથી પણુ શ્રેષ્ઠ બની જશો એવો મારો દૃઢ વિશ્વાસ છે. પ્રાચીન કાળમાં આપણા પૂર્વજોએ જે કાય કર્યાં હતાં તે અપૂર્વ અને અદ્દભુત હતાં. તેમનું હું અભિમાનપૂર્વક સ્મરણુ કરૂં છું. વર્તમાન સમયમાં થએલી આપણી દુર્દશા જોતાં પણુ હું હતાશ થતો નથી, પણુ

આપણું ભવિષ્ય એવું ઉજ્જવળ અને મહિમાવાન છે કે મારી કલ્પનામાં તેનું ચિત્ર ઉભું કરવાથી મને એક પ્રકારનું આશ્વાસન મળે છે; કારણ કે મેં જોયું છે કે બીજનું નવું વૃક્ષ બનતા પહેલાં તેના સ્વરૂપમાં પૂરેપૂરૂં પરિવર્તન થઇ જાય છે. અરે ! એટલુંજ નહિ પણ આપણે તેને પ્રત્યક્ષરીતે સડી જઇને નાશ પામતું જોઇએ છીએ; પણ એજ બીજમાંથી મહાન્ શુભફલદાતા વૃક્ષ જન્મ પામે છે. એજ પ્રમાણે આપણી વર્તમાન સમયની અવનત દશામાં, આપણા ધર્મના ભવિષ્યના ગૌરવનું બીજ છુપાઇ રહ્યું છે. તેનો અંકુર ફૂટવાની તૈયારી થાય છે અને મને વિશ્વાસ છે કે પહેલાનાં કરતાં પણ તે વિશેષ પ્રૌઢ અને મહિમાવાન્ ફળને જન્મ આપશે.

હવે જે ધર્મ આપણને જન્મથી પ્રાપ્ત થયો છે તેની અંદર સર્વ સામાન્ય તત્ત્વો કયાં કયાં છે તે વિષે આપણે જરા વિચાર કરીએ. પ્રથમ દૃષ્ટિએ તો ભિન્ન ભિન્ન સંપ્રદાયો વચ્ચે મોટા મોટા મતભેદ આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. આપણામાંના કેટલાક અદ્વૈતવાદી છે, કેટલાક વિશિષ્ટાદ્વૈતવાદી છે અને કેટલાક દ્વૈતવાદી પણ છે. કેટલાક લોકો ઇશ્વરના અવતારને માને છે, કેટલાક મૂર્તિપૂજક છે અને કેટલાક ચોકખા નિરાકારવાદી છે. આપણા સાંસારિક રીતરિવાજોમાં પણ જોઇએ તેટલા પ્રભેદ છે. જાટ લોકો મુસલમાન અથવા ખ્રિસ્તીની સાથે લગ્નવ્યવહાર રાખે તોપણ તેઓ જ્ઞાતિ બહાર ગણાતા નથી. તેઓ વગર હરકતે હિન્દુમંદિરોમાં પ્રવેશ કરી શકે છે. પંજાબનાં ગામડાંઓમાં એવો રિવાજ છે કે ડુક્કરનું માંસ ભક્ષણ ન કરે તે હિન્દુજ ન કહેવાય. નેપાળની અંદર બ્રાહ્મણો ચારે વર્ણમાંથી કોઇ પણ વર્ણની સ્ત્રી સાથે લગ્ન કરી શકે છે. બંગાળામાં બ્રાહ્મણથી પોતાની પેટા ન્યાતની બહારના અન્ય બ્રાહ્મણની કન્યા સાથે પણ લગ્ન થઇ શકતું નથી. આ પ્રમાણે જોવા જઇએ તો આપણી વચ્ચે અનેક નાના મોટા મતભેદ છે; પણ તેમ છતાં પણ એક બાબતમાં આપણે બધા હિન્દુઓ એકમત થઇએ છીએ કે કોઈ પણ હિન્દુ ગોમાંસનો આહાર કરવા ઇચ્છતો નથી. એજ પ્રમાણે ભિન્ન ભિન્ન સંપ્રદાયોની માન્યતાઓમાં પણ ઘણાં સામાન્ય તત્ત્વો છે, કે જેથી તેમની એકતા જણાઇ આવે છે.

શાસ્ત્રોવિષે અવલોકન કરતાં એક બાબત મારૂં ખાસ ધ્યાન ખેંચે છે, તે એ છે કે જે ધર્મોને એક અથવા અનેક શાસ્ત્રોનો આધાર છે તેજ ત્વરાથી પ્રગતિ કરે છે, અને તેમની ઉપર જુલ્મ અને અત્યાચારના વરસાદ વરસ્યા છતાં પણ તેઓજ આજદિનસુધી ટકી રહ્યા છે. ગ્રીક લોકોનો ધર્મ, ઘણોજ સુંદર હતો છતાંપણ શાસ્ત્રના આધાર વગર અલ્પ સમયમાં હતો ન હતો થઇ ગયો; પણ બાયબલના પ્રાચીન વિભાગના આશ્રયને લીધે યાહુદી લોકોના ધર્મનું ચેતન હજીસુધી ક્ષીણ થયું નથી. તેજ પ્રમાણે હિન્દુધર્મ પણ હજીસુધી અક્ષત રહ્યો છે તેનું કારણ આખા જગતમાં સર્વથી પ્રાચીન શાસ્ત્રો–વેદનો તેને આધાર છે. એ વેદના બે મુખ્ય વિભાગ છે. એક

કર્મકાંડ અને બીજો જ્ઞાનકાંડ. કર્મકાંડનો, સુભાગ્યે કે દુર્ભાગ્યે હાલ વપરાશ ઘણો ઓછો થઇ ગયો છે, માત્ર દક્ષિણમાંજ કેટલાક બ્રાહ્મણો અજ (બકરો) નું બલિદાન આપીને હજીસુધી અસલની પદ્ધતિ પ્રમાણે યજ્ઞો કરે છે, અને એ કર્મકાંડના થોડા ઘણા છૂટા છવાયા અવશેષ વૈદિક ક્રિયાઓમાં તથા શ્રાદ્ધ, લગ્ન એવા કાર્યમાં વપરાતા મંત્રોમાં જોવામાં આવે છે એટલુંજ; પણ હવે તેને પ્રાચીન સ્વરૂપમાં ફરીથી સ્થાપિત કરવાનો સંભવજ નથી. કુમારિલ ભટ્ટે એકવાર તેવો પ્રયત્ન કરી જોયો હતો પણ તેમાં નિષ્ફળતાજ મળી હતી.

જ્ઞાનકાંડ, જે વેદનો સર્વોત્તમ અંશ મનાય છે તેમાં ઉપનિષદ્‌નો સમાવેશ થાય છે અને વેદાંત એવા નામથી તે પ્રસિદ્ધ છે. જ્યારે જ્યારે કોઇ પણ આચાર્ય શ્રુતિનું પ્રમાણ ટાંકે છે ત્યારે તે હમેશ ઉપનિષદ્‌માંથી લીધેલું હોય છે. એ વેદાંત હવે હિન્દુઓનો પ્રજાધર્મ છે. જો કોઈ પણ સંપ્રદાયને આ દેશની પ્રજાની દઢ શ્રદ્ધા પ્રાપ્ત કરવી હોય તો તેને પોતાની સત્યતા વેદાંતના આધારેજ સાબીત કરવાની જરૂર પડે છે. દ્વૈતવાદી, અદ્વૈતવાદી ગમે તે સંપ્રદાયના આચાર્યને પણ ઉપનિષદ્‌નોજ આધાર બતાવવો પડે છે. તેમ ન કરે તો સનાતન ધર્મની કોટિમાં તેમની ગણના થાયજ નહિ. વૈષ્ણવોને પણ પોતાના સિદ્ધાંતની સાબીતીમાટે ગોપાલતાપનીય ઉપનિષદ્ બતાવવું પડે છે. જો કોઇ નવીન સંપ્રદાયને એમ માલમ પડે છે કે આપણા સિદ્ધાંતને ટેકો આપે એવું એક પણ ઉપનિષદ્ નથી, તો તેઓ નવું ઉપનિષદ્ ઉપજાવી પ્રાચીન ઉપનિષદ્‌ના સાહિત્યમાં ઘુસાડી દઇને તેને પ્રાચીન શાસ્ત્ર તરીકે મનાવતાં અચકાતા નથી. એવાં ઘણાં ઉપનિષદ્ આજસુધીમાં રચાયાં છે.

હવે વેદના સંબંધમાં કહેવાનું એ છે કે હિન્દુઓના મત પ્રમાણે તેમની રચના કોઇ પણ સમયમાં મનુષ્યદ્વારા થઇજ નથી. તેમનો મત એવો છે કે ઇશ્વરના અનંત જ્ઞાનનો સમૂહ વેદમાં નિબદ્ધ થએલો છે. કોઇ વાર ઋષિઓદ્વારા તે પ્રકટ થાય છે તો કોઇ વાર અવ્યક્ત દશામાં રહે છે; પણ એ છે તો સનાતન, અનાદિ અને અનંત. શંકરાચાર્ય એક ઠેકાણે લખે છે કે **यो वेदेभ्योऽखिलं जगत् निर्ममे** । “ જેણે (ઇશ્વરે) વેદના જ્ઞાનદ્વારા આખા બ્રહ્માંડની રચના કરી. ” વેદના પ્રણેતાને કોઇએ કદિ જોયોજ નથી અને તેના વિષે અનુમાન કરવાનું પણ બને તેમ નથી. ઋષિઓ તો માત્ર એ મંત્રોના સનાતન નિયમોના દૃષ્ટાજ હતા. વેદનાં સત્યોનો અનંત જ્ઞાનરાશિ જે અનાદિ કાળથી અસ્તિત્વમાંજ છે તેનો ઋષિઓએ માત્ર સાક્ષાત્કાર કર્યો હતો.

એ ઋષિ કોણ હતા ? વાત્સ્યાન કહે છે કે “ જે કોઇ વ્યક્તિ શાસ્ત્રમાં બતાવેલી પદ્ધતિ પ્રમાણે ધર્મનો અપરોક્ષ અનુભવ કરે છે, તે જન્મથી મ્લેચ્છ હોય તોપણ તે ઋષિ છે. ” આજ ધોરણ મુંજબ, વસિષ્ઠ જેમનો જન્મ વારાંગનાને પેટે થયો હતો, વ્યાસ જે માછીના પુત્ર હતા, નારદ જે એક દાસીના પુત્ર હતા

અને તેમનો પિતા કોણ તે તો જાણવામાંજ નથી; એવાઓ પણ ઇશ્વરનો સાક્ષાત્કાર કર્યાથી મહર્ષિઓ ગણાયા છે. જેમણે સત્યનો અનુભવ કર્યો છે તેમની બાબતમાં જાતિ અને વર્ણનો વિચાર કરવો એ ઉચિતજ નથી. મેં હમણાં કહ્યા તેવા માણસો જ્યારે ઋષિની પદવી પામી શક્યા ત્યારે તમે વર્તમાન સમયના કુલીન બ્રાહ્મણો તેમના કરતાં પણ વધારે ઉંચું પદ પ્રાપ્ત કરી શકો એ શું અસંભવિત છે ? એ ઋષિત્વ પ્રાપ્ત કરવામાટે સતત પ્રયત્ન કરો. આખરની અવસ્થાએ પહોંચતાંસુધી વિરામ લેતા નહિ અને તમે જોશો કે આખું જગત્ તમારા ચરણમાં મસ્તક નમાવવા તૈયાર થશે. ઋષિ થાઓ ! એજ સામર્થ્યની ખરી ચાવી છે.

વેદ એકલાજ આપણા ધર્મના પ્રમાણભૂત ગ્રંથો છે. અને તેમનું અધ્યયન કરવાનો દરેક માણસને અધિકાર છે + શુક્લ યજુર્વેદમાં લખ્યું છે કે **यथेमां वाचं कल्याणीमावदानि जनेभ्यः। ब्रह्मराजन्याभ्यां शूद्राय चार्याय च स्वाय चारणाय॥** દરેક માણસને વેદ ભણવાનો અધિકાર નથી એવી મતલબનું પ્રમાણ વેદમાંથી કોઇ બતાવી શકો છો? પુરાણોમાં એમ કહ્યું છે ખરૂં કે અમુક જ્ઞાતિને વેદની અમુક શાખા ઉપરજ અધિકાર છે અને અમુક જ્ઞાતિઓને વેદ ભણવાનો મુદ્દલે અધિકાર નથી; અથવા એવું પણ લખ્યું છે કે વેદનો અમુક ભાગ સત્યયુગને માટે અને અમુક ભાગ કલિયુગને માટે છે; પણ યાદ રાખજો કે વેદમાં તેમ કહ્યું નથી આ માત્ર પુરાણોમાંજ તેમ કહેલું છે; પરંતુ શું નોકર પોતાના માલિકને આજ્ઞા કરી શકે ખરો ? સ્મૃતિ, પુરાણ, તંત્ર એ સર્વ શાસ્ત્રો જ્યાંસુધી વેદની સાથે એકમત થતાં હોય ત્યાંસુધીજ માન્ય રાખવાનાં છે; પણ જયાં તેઓ વેદથી જુદાં પડે ત્યાં તેમને અપ્રમાણ ગણીને વર્જ્ય કરવાનાં છે. હાલમાં તો આપણે વેદ કરતાં પણ પુરાણોને ઉંચો અધિકાર આપી બેઠા છીએ. વેદનો અભ્યાસ બંગાળામાંથી લગભગ નીકળી ગયા જેવો થઈ ગયો છે. દેશમાં ઘેરેઘેર શાલિગ્રામની સાથે વેદનું પૂજન થાય, અને આબાલવૃદ્ધ સર્વ સ્ત્રીપુરુષો વેદનું અધ્યયન કરે એવો દિવસ ફરીથી જોવાની મને પ્રબળ ઇચ્છા છે.

વેદના સંબંધમાં પાશ્ચાત્ય પંડિતો જે મત જાહેર કરે છે તે હું માની શકતો નથી. તેઓ વેદની રચના અમુક કાળ ઉપર થએલી ઠરાવે છે; બીજે દિવસે એ મત ઉડી જાય છે અને વળી વેદની રચનાનો સમય એકાદ હજાર વર્ષ પાછળ ઠેલાય છે અને એ પ્રમાણે તેઓ ગણત્રી કર્યાજ જાય છે. પુરાણ સંબંધે તો હું તમને કહી ગયો છું કે જેટલે અંશે પુરાણ વેદની સાથે એકમત થતાં હોય તેટલેજ અંશે તેમને માન્ય ગણવાનાં છે. પુરાણોમાં વેદના મતથી વિરુદ્ધ હોય એવી ઘણી બાબતો છે. દાખલાતરીકે પુરાણોમાં એવાં વર્ણન જોવામાં આવે છે અમુક રાજા અગર અમુક ઋષિ દશ હજાર વર્ષ જીવ્યો હતો, અમુક વીશહજાર વર્ષ જીવ્યો હતો; પણ વેદમાં

+ શુકલ યજુર્વેદ, માધ્યન્દિનીય શાખા, ૨૬ મો અધ્યાય, મંત્ર ૨ જો.

તો ચોકખું લખેલું છે કે **शतायुर्वै पुरुषः ।** " મનુષ્યનું આયુષ્ય સો વર્ષનું હોય છે. " હવે આ બેમાંથી કયો મત આપણે કબૂલ રાખવો ? બેશક, વેદનોજ. આવાં કેટલાંક અસંગત લખાણ છતાં પણ હું પુરાણની નિંદા કરવા ચહાતો નથી. તેઓની અંદર યોગ, ભક્તિ, જ્ઞાન અને કર્મસંબંધી ઘણાજ સુંદર, પ્રોજ્જવલ ઉપદેશો અને જ્ઞાનનો ભંડાર છે. હવે તંત્રના સંબંધમાં વક્તવ્ય એ છે કે " તંત્ર " શબ્દનો અર્થ શાસ્ત્ર થાય છે. દાખલાતરીકે કાપિલતંત્ર. સામાન્યરીતે તંત્ર શબ્દનો ઉપયોગ ઘણા સંકુચિત અર્થમાં થાય છે. જે રાજાઓએ બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો હતો અને જેમણે અહિંસા ધર્મનો ચારે દિશાએ પ્રચાર કર્યો હતો, તેમના અમલમાં વૈદિક યજ્ઞો લગભગ બંધ પડી ગયા જેવા થયા હતા; કારણ કે રાજસત્તાના ભયને લીધે પ્રાણીની હિંસા કરવાની કોઇ હિંમત ચલાવતું નહિ; પણ પાછળથી બૌદ્ધ લોકોના સમાજમાંજ ખાસકરીને જેઓ હિંદુધર્મમાંથી તરતના બૌદ્ધ થયા હતા તેમનામાં યજ્ઞયાગના અંશો દાખલ થવા લાગ્યા, અને તેમનાં અનુષ્ઠાન ગુપ્તપણે થતાં ગયાં. આમાંથીજ તંત્રની ઉત્પત્તિ થઇ છે. તેમની અંદર વામાચાર જેવાં ભયંકર, ધિક્કારવા યોગ્ય, ભ્રષ્ટ વિધાનો પેશી ગયાં છે; તેમને બાદ કરીએ તો લોકો માને છે તેટલાં તંત્ર ખરાબ નથી. તેમની અંદર પણ ઘણી ઉંચી વેદાંતની ભાવનાઓ છે. વાસ્તવિકરીતે વેદના ' બ્રાહ્મણ ' વિભાગના સ્વરૂપમાંજ થોડો ઘણો ફેરફાર કરીને તેનો તંત્રની અંદર સમાવેશ કર્યો છે. હાલનાં આપણાં પૂજા વગેરેનાં વિધાનો તેમજ કર્મકાંડને લગતી બીજી ક્રિયાઓ તંત્ર મુજબજ કરવામાં આવે છે.

હવે આપણા ધર્મના મુખ્ય સિદ્ધાંતોવિષે જરા વિચાર કરીએ. ભિન્ન ભિન્ન સંપ્રદાયોના ધર્મવિષયક મત વચ્ચે પ્રભેદ અને વિવાદ હોવા છતાં પણ તેમની અંદર ઘણાં સામાન્ય તત્ત્વો છે એ નિર્વિવાદ છે. પ્રથમ તો દરેક જીવ, જગત્ અને ઈશ્વિર એ ત્રણ પદાર્થોને માને છે. ઈશ્વિર એ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનાર સનાતન સત્તા છે. સાંખ્ય મત સિવાયના બીજા બધા દાર્શનિક મતને આ સિદ્ધાંત માન્ય છે. બીજું સામાન્ય તત્ત્વ આત્મા અને તેના પુનર્જન્મને લગતું છે. અસંખ્ય વ્યક્તિગત જીવાત્માઓ પુનઃ પુનઃ નવા દેહ ધારણ કરીને પોતાનાં કર્મ પ્રમાણે જન્મ-મરણના ચક્રમાં ભ્રમણ કરે છે. આને સંસારવાદ અથવા પુનર્જન્મનો સિદ્ધાંત કહે છે. ત્રીજું સામાન્ય તત્ત્વ એ છે કે જગતને અનાદિ અને અનંત માનવામાં આવ્યું છે. કેટલાકનો મત એવો છે કે મૂળ એકજ વસ્તુનાં આ ત્રણ રૂપાંતરો છે. કેટલાક એ ત્રણે પૃથક્ પદાર્થો છે એમ માને છે. કેટલાકનો એથી પણ જરા જૂદા પ્રકારનો મત છે, પણ એ ત્રણના અસ્તિત્વ સંબંધે તો મતભેદ છેજ નહિ.

અત્ર ખાસ સ્મરણમાં રાખવા જેવી બાબત એ કહેવા માગું છું કે અનાદિ કાળથી હિન્દુઓનો મત એવો છે કે આત્મા મન કરતાં જુદોજ પદાર્થ છે; પાશ્ચાત્ય

વિદ્વાનો મનથી આગળ જઇ શકયાજ નથી. તેઓને હજી જગત્ સુખથી પરિપૂર્ણ લાગે છે અને તેથી કરીને તેઓના મનથી તે જગતજ યથેચ્છ સુખનો ઉપભોગ કરાવનાર છે. પ્રાચ્ય પ્રજા જન્મથીજ શીખતી આવી છે કે પળે પળે બદલાતો સંસાર દુઃખથી પરિપૂર્ણ છે અને તેમ હોવાથી તે અસત્ય છે અને તેના ક્ષણિક ઉપભોગને માટે આત્માના શાશ્વત સુખનો ભોગ આપવો એ ખોટનોજ વેપાર છે. આજ કારણને લીધે પાશ્ચાત્ય પ્રજા, મંડલો સ્થાપીને મોટા પાયા ઉપર ઉદ્યોગ કરવામાં ખાસ કુશળતા ધરાવે છે, ત્યારે પ્રાચ્ય પ્રજાઓ આંતરિક જગતનાં રહસ્ય ઉકેલવામાં હમેશ સાહસિકતા બતાવે છે.

હવે આપણે હિન્દુધર્મને લગતી બીજી એકાદ બે બાબતોવિષે વિચાર કરીએ. એક બાબત ઈશ્વરના અવતારની છે. વેદની અંદર માત્ર મત્સ્યાવતારનોજ ઉલ્લેખ છે. આ મત સર્વને માન્ય હોય યા ન હોય તેનો અત્ર વિચાર કરવાનોજ નથી. માત્ર કહેવાનું તાત્પર્ય એ છે કે અવતારવાદ એ એક પ્રકારની વીરપૂજા છે. મનુષ્યમાં ઈશ્વરનું દર્શન કરવું એ ખરેખરો ઈશ્વરસાક્ષાત્કાર છે. હિન્દુઓ કુદરતદ્વારા કુદરતના પેદા કરનાર ઈશ્વરને પામતા નથી; પણ મનુષ્યદ્વારા મનુષ્યના ઈશ્વરની સમીપ જાય છે (કારણ કે સમગ્ર કુદરતમાં મનુષ્યના જેવો અદ્ભુત અને શ્રેષ્ઠ એકે પદાર્થ નથી).

બીજી બાબત મૂર્તિપૂજનની છે. જે + પંચ દેવતાનું પૂજન આપણાં શાસ્ત્રમાં બતાવેલી વિધિ પ્રમાણે દરેક શુભ કર્મને અંગે કરવામાં આવે છે, તેમને બાદ કરતાં બાકીના તમામ દેવતાઓ ઉપર્યુક્ત પાંચ દેવતાઓની જૂદી જૂદી સ્થિતિનાંજ નામ છે; અને એ પાંચ પણ એકજ ઈશ્વરનાં ભિન્ન ભિન્ન સ્વરૂપજ માત્ર છે. મૂર્તિપૂજાને દરેક શાસ્ત્રમાં ઉપાસનાનું નિકૃષ્ટ સ્વરૂપ ગણ્યું છે, પણ તેથી કરીને એવું ફલિત થતું નથી કે મૂર્તિપૂજન કરવું અયોગ્યજ છે. હાલમાં ચાલતા મૂર્તિપૂજનમાં અલબત્ત ઘણી જાતનાં નિકૃષ્ટ તત્ત્વો ભળી ગયાં છે તોપણ હું તેની નિંદા કરતો નથી. મને પોતાને તો મૂર્તિપૂજને અત્યંત આભારી બનાવ્યો છે. જો તે પરમ આસ્તિક અને ચુસ્ત મૂર્તિપૂજક બ્રાહ્મણ (રામકૃષ્ણ પરમહંસ) ની પવિત્ર ચરણરજનો આશ્રય મને ન મળ્યો હોત તો હું આજે કયાં હોત !

જે સુધારકો મૂર્તિપૂજાની સામે લડત ચલાવે છે અથવા જેને તેઓ જડ વસ્તુનું પૂજન કહીને વખોડે છે; તેમને હું કહું છું કે " બંધુઓ ! તમે પોતે કોઇ પણ જડ પદાર્થની સહાયતા વગર નિરાકાર ઈશ્વરની ઉપાસના કરવા શક્તિવાન્ હો તો ભલે તમે તેમ કરો, પણ તમારા બીજા બંધુઓ જે તમારી માફક નિરાકાર ઈશ્વરનું ધ્યાન કરવા અસમર્થ છે તેમને નિંદો નહિ. તેમને તેમના ઉપાસનામાર્ગમાંથી ચલિત કરવાનો પ્રયત્ન કરો નહિ. ધારો કે કોઇ એક પ્રાચીન સમયનું ભવ્ય અને પરમ સુંદર

+ વિષ્ણુ, શિવ, સૂર્ય, શક્તિ અને ગણપતિ.

મંદિર બેદરકારીથી અથવા વપરાશમાં નહિ આવ્યાથી જીર્ણ થઇ ગયું હોય, તેની અંદર કચરાના ઢગલા ઠેકાણે ઠેકાણે જામી ગયા હોય, તેના અમુક ભાગ પડું પડું થઇ ગયા હોય; પણ તેથી શું તમે ટુકડે ટુકડા કરી નાખશો ? તેની મરામત કરાવીને અને માંહેનો કચરો સાફસુફ કરાવીને તેનો ફરીથી જીર્ણોદ્ધાર કરવો એ તમારૂં કર્તવ્ય છે, કે આખું મકાન જમીનદોસ્ત કરીને તેની જગ્યાએ ઇમારત ચણવાની એકાદ નવીન પદ્ધતિ, જેના સ્થાયીપણાવિષે હજી ઘણો સંદેહ છે તે પદ્ધતિ પ્રમાણે નવેસરથી મંદિર બાંધવા જશો ? આપણે તેનો સંસ્કાર કરવાનો છે, એટલે કે તેમાં ઘટતી મરામત કરાવીને, કચરો સાફ કરાવીને તેને વાપરવા યોગ્ય સ્થિતિમાં લાવવાનું છે. સુધારણાનું કામ બસ આટલા પૂરતુંજ છે. જૂના મકાનને નવું સ્વરૂપ અપાઇ રહે એટલે હે સુધારક બંધુઓ ! તમારૂં કામ પૂરૂં થાય છે. જો તમે આ કામ કરી શકતા હો તો કરો, અને નહિ તો તેનાથી હાથ ઉઠાવો." આપણા દેશના સુધારકો ઉપર કહ્યું તેમ ન કરતાં પોતાનો નવો સંપ્રદાયજ સ્થાપવા મથે છે. અલબત્ત. મારે કહેવું જોઇએ કે તેમણે કેટલુંક કામ ઘણું સારૂં કર્યું છે. ઇશ્વર તેમનું કલ્યાણ કરો ! પણ હું તેમને એમ પૂછું છું કે તમે હિન્દુ થઇને હિન્દુસમાજથી શા માટે છૂટા પડવા ઇચ્છો છો? હિન્દુ એ નામ ધારણ કરવામાં તમારે મગરૂર થવું જોઇએ. હિન્દુ એ નામ તમારી શ્રેષ્ઠ સંપત્તિ છે છતાં તમે હિન્દુ કહેવડાવતાં શા માટે શરમાઓ છો ? હે દેવોનાં સંતાનો ! હે મારા સ્વદેશ બાંધવો ! આ આપણા પ્રજાધર્મનું જહાજ યુગના યુગ થયાં પોતાની સંસ્કૃતિ લઇને દેશેદેશ સફર કરી રહ્યું છે અને આખા જગતનું તેદ્વારા કલ્યાણ કરી રહ્યું છે. જીવનના મહાસાગર ઉપર સેંકડો મહિમાવાન શતક થયાં આ જહાજ સફર કરે છે અને લાખો કરોડો આત્માઓને દુઃખમાંથી મુક્ત કરીને સામેના સુખમય કિનારે લઇ જાય છે. હવે આજે કાં તો તમારા પોતાના દોષથી અગર ગમે તે દોષથી, એ વહાણમાં ગાબડું પડયું છે અથવા તો તેને નુકસાન લાગ્યું છે. તમે પોતે એજ વહાણમાં બેઠેલા છો. હવે તમારૂં કર્તવ્ય શું છે ? શું તમે અંદર અંદર ગાળાગાળી કરશો અથવા વહાણને શાપિત કરશો કે બધા એકત્ર થઇને જે ગાબડું પડયું છે તેને દુરસ્ત કરવા મંડી જશો ? આપણા ધર્મનો પુનઃ ઉત્કર્ષ કરવામાટે જો આપણું પોતાનું લોહી રેડવું પડે તો તેને માટે પણ તૈયાર થાઓ, અને જો તેમ કરતાં આપણે નિષ્ફળ થઇએ તો ભલે આપણે બધા શાપને ઠેકાણે એક બીજાને આશીર્વાદ આપતા આપતા એકસાથેજ ડૂબી મરીએ.

હવે હું બ્રાહ્મણોને કહું છું કે " જન્મનું અને કુળનું જે મિથ્યાભિમાન તમે રાખી રહ્યા છો તે એકદમ છોડી દો. તમારાંજ શાસ્ત્ર પ્રમાણે જોઇએ તો તમે હવે બ્રાહ્મણો રહ્યાજ નથી; કારણ કે તમે ઘણા લાંબા વખતથી વિધર્મી રાજાઓના અધિકાર નીચે રહ્યા છો. જો તમે તમારાં શાસ્ત્રોને માનતા હો તો ઉપલા કારણને

લીધે અત્યારેજ તુષાનલ સળગાવીને તેમાં બળી મરીને તમારાં પાપનું પ્રાયશ્ચિત્ત કરો. કુમારિલ ભટ્ટ બૌદ્ધોનો વિનાશ કરવાના હેતુથી બૌદ્ધ ધર્મગુરુઓના શિષ્ય થયા હતા, તેમનો તેમણે વિનાશ તો કર્યો પણ બૌદ્ધનું દાસત્વ કર્યાનું પાપ ધોવાને માટે તેમણે તુષાનલમાં પ્રવેશ કરી પોતાના દેહનું બલિદાન આપ્યું હતું. જો તમારામાં તેમ કરવાની હિંમત ન હોય તો પછી સરળપણે કહી દો કે આટલી બાબતમાં અમારું મનોબળ ઓછું અને દેશની એકેએક વ્યક્તિને માટે જ્ઞાનનો માર્ગ ખુલ્લો કરી દો. સમાજનાં બંધનોવડે જકડાયલા, અવનત થએલા લોકસંઘને તેમના સ્વાભાવિક અને વાજબી હક્ક પાછા આપો. ”

शुं आत्मा अमर छे?

(ન્યૂયૉર્ક મૉર્નિંગ એડ્વર્ટાઈઝર નામના પત્રમાં ઉપરોક્ત પ્રશ્નવિષે જે ચર્ચા ઉઠી હતી તેના સંબંધમાં સ્વામીજીએ એ પત્રદ્વારા આ લેખ પ્રગટ કર્યો હતો.)

“ विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ”।

“ એહ અવ્યયનો નાશ, કોઇયે ન કરી શકે. ” ભગવદ્‌ગીતા ૨, ૧૭

મહાભારત નામના સંસ્કૃત મહાકાવ્યમાં એક એવી કથા છે કે એકવાર યુધિષ્ઠિરને ધર્મે પ્રશ્ન પૂછયો કે જગતમાં સર્વથી વિશેષ આશ્ચર્યકારક શું છે? ત્યારે તેમણે જવાબ આપ્યો કે, મનુષ્યો પોતાની આપસપાસ પ્રત્યેક પળે મૃત્યુનાં દૃષ્ટાંત જુએ છે, છતાં પોતે અમર છે એવીજ માન્યતા તેને રહ્યા કરે છે એજ મને સર્વથી વિશેષ આશ્ચર્યકારક લાગે છે. તત્ત્વજ્ઞાનના ભિન્ન ભિન્ન અનેક સંપ્રદાયોએ જૂદા જૂદા યુગમાં એ માન્યતાને શિથિલ કરવામાટે અનેક પ્રકારની દલીલોનો ઘણો સબળ પ્રયોગ કર્યો હતો, તે છતાં ઇંદ્રિયગમ્ય અને અતીન્દ્રિય સૃષ્ટિની વચ્ચે આવેલો અનાદિ ગૂઢ પડદો તોડવામાં નિષ્ફળતાજ મળી છે અને લોકો એવી રીતેજ વર્તતા આવ્યા છે કે જાણે અમે અમર છીએ.

આ પ્રશ્નનો આપણે જીવનપર્યંત અભ્યાસ કર્યા કરીએ તોપણ મનુષ્યની અબાધિત વિચારશક્તિને સંતોષ થાય એવી રીતે જીવન અને મૃત્યુના સિદ્ધાંતને સિદ્ધ કરવાને, તેમજ આત્મા અમર છે અથવા નથી, એ એમાંથી એક પણ સિદ્ધાંતને નિશ્ચયાત્મકપણે સાબીત કરવાને આપણે કદિ સમર્થ થઇશું નહિ. મનુષ્યજીવનના શાશ્વતપણા અથવા તેના અલ્પજીવીપણાવિષે આપણે ગમે તેટલાં ભાષણો આપીએ, ચર્ચાઓ કરીએ, નિબંધો લખીએ, હિમાયત કરીએ, એક એકથી વધારે ગૂંચવણ ભરેલા દર્શનશાસ્ત્રના નવા નવા પારિભાષિક શબ્દો યોજી કહાડીએ, અને “આપણે

એ પ્રશ્નનું છેવટનું નિરાકરણ કરીજ નાખ્યું છે અને હવે એ વિષે કશું નવું કહેવાનું રહેતું નથી" એવી ખોટી ભ્રાન્તિથી આપણા હૃદયને ઠગીને ભલે આપણે ઘડીભર નિશ્ચિંતપણે બેસીએ; કદાચ જગત્‌માં ચાલતી અનેક વિચિત્ર ધાર્મિક કુમાન્યતાઓ-માંની એકાદને આપણે આપણા તમામ માનસિક બળથી ચુસ્તપણે વળગી રહીએ, અથવા તેમ ન કરીએ તો એવી કુમાન્યતાઓ કરતાં પણ વિશેષ ભયંકર વૈજ્ઞાનિક કુમાન્યતાઓના ગુલામ બની જઇએ; ઉપર કહેલી જૂદી જૂદી અવસ્થાઓમાંથી ગમે તે એકને આપણે આપણી પોતાની કરી લઇએ છતાં આખરે આપણને એમજ માલમ પડશે, કે વિચારશક્તિ અને શ્રદ્ધા વચ્ચેનો આ સંગ્રામ સનાતનકાળથી ચાલ્યો આવે છે અને કદાચ વિચારશક્તિ થોડો વખત વિજયી થતી જોવામાં આવે છે, તોપણ આખરે તો જ્યાં તે પ્રથમ પરાજિત થઇ હતી ત્યાંને ત્યાંજ આવીને બેસે છે અને મનુષ્યના અમરત્વનો પ્રશ્ન તો હજારો વર્ષપર હતો તેવો ને તેવોજ વિવાદિત રહે છે.

પરંતુ આ તુમુલ સંગ્રામ અને મન્થનની પાછળ એક અત્યંત મહત્વની બાબત આજદિન સુધી અપ્રતિહતપણે જેમની તેમ ઉભેલી જોવામાં આવે છે, કે આપણું મન આપણા અંતિમ વિનાશનો ખ્યાલ સરખો પણ લાવી શકતું નથી. ઉપર જણાવેલા મહાભારતના પ્રસંગમાં પણ એજ આશ્ચર્યકારક સત્ય બતાવવામાં આવ્યું છે; અને તે દર્શાવી આપે છે કે આપણા વિનાશની કલ્પના કરવામાટે પણ આપણને આપણાથી તટસ્થપણે–સાક્ષીરૂપે ઉભા રહેવાની જરૂર પડે છે.

આ અદ્‌ભુત સત્યનું રહસ્ય સમજવાનો યત્ન કરતાં પહેલાં એક વાત તો પ્રથમથીજ જાણી લેવી જોઇએ, કે આ સત્યના ઉપર આખા જગતનો આધાર છે. બાહ્ય જગતનું શાશ્વતપણું આંતર્‌જગતના શાશ્વતપણા સાથે અનિવાર્યરીતે સંકળાયલું છે, અને એક સૃષ્ટિનું શાશ્વતપણું સ્થાપન કરીને બીજી સૃષ્ટિના અસ્તિત્વનો ઇનકાર કરવામાટે ગમે તેવી સબળ દલીલ ઘડી કહાડવામાં આવે તોપણ એ દલીલ ઘડનારને પોતાનેજ પ્રતીત થશે, કે જગત્‌ના આદિ કારણના એક અંગ તરીકે બાહ્ય તેમજ આંતર્ જગત્‌ના શાશ્વતપણાનો સ્વીકાર કર્યા વગર તેની પોતાનીજ દલીલની સંકલનાનો એક પણ વિચાર ઉત્પન્ન થવો અશક્ય છે. તેની સાથે ઊલટ પક્ષે આ આ પણ એક ઉઘાડું સત્ય છે કે જ્યારે આપણું મન તેની સીમાઓને ઓળંગી જાય છે, ત્યારે જગત્‌માં પ્રતીત થતો દ્વૈતાભાસ ઓછો થતાં થતાં છેક અવિચ્છિન્ન એકતામાં પરિણામ પામે છે, અને નિર્વિશિષ્ટ બ્રહ્મનું વિશિષ્ટ સ્વરૂપ જે બાહ્ય જગત્ છે તે એકલુંજ જોનાર વ્યક્તિને પોતાને માટે તો અસ્તિત્વ ધરાવે છે અને તેનું એકલાનુંજ તેને જ્ઞાન થઇ શકે છે. એથી ભિન્ન જગતનું અસ્તિત્વ હોય તોપણ તેને માટે તે નકામું છે, કેમકે તે વિષે તે કાંઇ પણ જ્ઞાન પ્રાપ્ત કરવા સમર્થ નથી. આથી કરીને આપણે દશ્ય જગત્‌ના વિનાશની કલ્પના કરી શકતા હોઇએ તોજ

આપણા પોતાના વિનાશની કલ્પના આપણાથી થઇ શકે.

આટલે સુધીની દલીલ તો સાદી અને સહેલી છે, પણ ખરી મુશ્કેલી હવે ઉભી થાય છે. સાધારણરીતે હું મારા દેહથી જૂદો હોઉં એવી કલ્પનાજ મારાથી થઇ શકતી નથી. મારા પોતાના શાશ્વતપણાની કલ્પનાની અંદરજ "હું આ દેહ છું" એવી કલ્પના પણ આવ્યા વગર રહેતી નથી, પણ દેહ તો અશાશ્વત છે–આખા દશ્ય જગત્‌ની માફક પ્રતિપળે બદલાતો પદાર્થ છે એ વાત પણ ઉઘાડીજ છે.

ત્યારે આપણે જે શાશ્વતપણાની વાત કરીએ છીએ તે કોનું અને કેવા પ્રકારનું છે?

આપણા જીવનની સાથે એક બીજું પણ આશ્ચર્યકારક સત્ય ગૂંથાયલું છે કે જે સત્યના વગર કોઇ પણ જીવી શકે નહિ, કે જીવનનો આનંદ ભોગવી શકે નહિ; આ સત્ય તે "આપણે સ્વાધીન છીએ" એવી આપણી માન્યતા છે.

આપણી દરેક પ્રવૃત્તિને ગતિ આપનાર આજ સત્ય છે. એના ઉપરજ આપણા દરેક વ્યાપારનો આધાર છે. એના વડેજ આપણા પરસ્પરના સંબંધ નક્કી થાય છે; એટલુંજ નહિ પણ મનુષ્ય જીવનના બંધારણનું મુખ્ય અંગજ એ છે. બુદ્ધિપ્રધાન સ્વાધીનતાના આ સિદ્ધાંત ઉપર આક્રમણ કરીને તેને તેના પ્રદેશમાંથી ધીમે ધીમે કહાડી મૂકે છે. આજ સુધીના તેના મનાતા પ્રદેશને બુદ્ધિવાદે એક એક કરીને ઝૂંટવી લીધા છે અને કાર્ય–કારણની મજબૂત સાંકળોવડે એ જીતાયલા પ્રદેશને ચારે બાજુએથી સજ્જડ બાંધીને જકડી લીધો છે. છતાં એ ચિરસ્થાયી સ્વાધીનતા મનુષ્યબુદ્ધિનાં પાંપળાંને તિરસ્કારથી હસી કહાડે છે અને જગત્‌ના શાશ્વત્ નિયમ અને તેના પરિણામોના ભારે બોજા નીચે તેને કચરી નાખવાને બુદ્ધિવાદ ગમે તેટલો યત્ન કરે છે, તોપણ એ અથાગ બોજા નીચેથી ડોકીયું કહાડી તેના અસ્તિત્વની સાક્ષી પૂરે છે. બનવું પણ એમજ જોઇએ. મર્યાદિત પદાર્થની વ્યાખ્યા બાંધવામાટે અમર્યાદિત પદાર્થની વધારે વિશાળ ભાવનાઓની જરૂર છે. મર્યાદિતને મર્યાદિતવડે અને કાર્યકારણવડેજ સમજાવી શકાય. આટલું છતાં પણ પ્રથમની મુશ્કેલી તો ઉભીને ઉભીજ રહી! જેને અમર્યાદિત કહીએ છીએ તે કોણ છે? દેહ? મન? શું દેહ અને મન પણ આ જગત્‌ના અન્ય પદાર્થોના માફક જગત્‌ના નિયમોને આધીન છે એમ સૌ કોઇ જાણે છેજ?

હવે જે પ્રશ્નને આપણે અત્યારે ચર્ચીએ છીએ તે બે પરસ્પર વિરુદ્ધ પ્રશ્નોમાં વિભક્ત થઇ જાય છે, કાં તો આ જગત્ એક અનંત પરિવર્તનશાળી તત્ત્વોનો સમૂહ છે અને તે ઉપરાંત તેમાં કાંઇ વિશેષ છેજ નહિ. તે કાર્યકારણના નિયમોની સાથે અવિચ્છિન્નપણે બંધાયલું છે અને તેના એક પણ અણુમાં તેનું પોતાનું સત્ત્વ નથી. છતાં પણ તે શાશ્વતપણાનો અને સ્વાધીનતાનો મનમાંથી નહિ ભૂસી શકાય એવો આભાસ ઉભો કરી શકે છે, એ એક આશ્ચર્યકારક ઘટના છે; અથવા તો એમ પણ

હોઇ શકે કે આપણા પોતાનામાં તેમજ જગતમાં એક એવું શાશ્વત અને સ્વાધીન તત્ત્વ છે, કે જેથી કરીને મનુષ્યસ્વભાવમાં વણાઇ ગએલી શાશ્વતપણાની અને સ્વાધીનતાની મૂળ માન્યતા મિથ્યા આભાસ છે એમ કહી શકાય નહિ. આ હકીકત જે આપણી નજર આગળ છે તેને વધારે વિશાળ અનુમાનોદ્વારા સમજાવવી એ વિજ્ઞાનનું કર્તવ્ય છે, પણ પોતાની માન્યતાની સાથે બંધ બેસતી કરવાને માટે મૂળ હકીકતમાંથી અમુક અંશને રદ કરવાની પદ્ધતિને વૈજ્ઞાનિક પદ્ધતિ તો કહી શકાયજ નહિ.

હવે જો જગતની સમાલોચના કરતી વખતે સદાની અને અત્યંત આવશ્યક જે સ્વાધીનતાની ભાવના છે, તેને નકામી ગણીને સમાલોચનાના પ્રદેશમાંથી કહાડી નાખવામાં આવે તો મૂળ હકીકતના એક ભાગનું વિવરણ કરવા જતાં બીજા ભાગને રદ કર્યાનો દોષ આવે છે, અને તેથી એવી રીતે સમાલોચના કરવાની પદ્ધતિ ખોટી છે.

તેથી કરીને હમણાં આપણે બે જે પ્રશ્નો તારવી કહાડયા હતા તેમાંનો બીજો માનવા જેવો છે. તે એ કે આપણી સ્વભાવસિદ્ધ માન્યતા પ્રમાણે આપણામાં એક શાશ્વત અને સ્વાધીન તત્ત્વ રહેલું છે.

પણ એ તત્ત્વ કયું ? તે શરીર તો હોઇ શકેજ નહિ; મન પણ ન હોઇ શકે; કેમકે શરીરનો પણ પળે પળે નાશ થયા કરે છે અને મનનું સ્વરૂપ પણ બદલાયા કરે છે. જેમ શરીર અમુક અમુક તત્ત્વોનો સમુદાય છે તેમ મનની બનાવટ પણ તેવીજ છે, અને તેથી કરીને પરિણામરહિત અવ્યય અવસ્થા તેમનાથી પ્રાપ્ત થઇ શકેજ નહિ. આમ છતાં પણ આ પરિવર્તનશાળી શરીરરૂપી આવરણની અંદર તેમજ સૂક્ષ્મ પદાર્થના બનેલા મનના આવરણની અંદરજ અમર આત્મા રહેલો છે, કે જે આત્માજ મનુષ્યનું વાસ્તવિક સ્વરૂપ છે અને તે શાશ્વત, નિત્ય અને મુક્ત છે.

મન અને જડ દ્રવ્યના બનેલા સ્થૂળસૂક્ષ્મ દેહોના થરને ભેદીને એ આત્માનીજ સ્વાધીનતા બહાર ડોકીયાં કરે છે; સમયે સમયે પલટાતા નામ અને રૂપના આવરણમાં થઇને તેનું નિત્યમુક્ત અસ્તિત્વજ વારંવાર ગાજી ઉઠે છે. તેની સનાતનતા, આનંદ, શાંતિ અને વિભૂતિ અજ્ઞાનના ગાઢામાં ગાઢા પડદાઓને પણ ભેદીને બહાર પ્રકાશી નીકળે છે અને પોતાનું અસ્તિત્વ સાબીત કરે છે. તે આત્માજ મનુષ્યનું સત્ય સ્વરૂપ છે. તેજ જરા, મરણ અને ભીતિ રહિત, સર્વદા મુક્ત, એક અદ્વિતીય સનાતન આત્મા છે.

બહારની કોઇ પણ શક્તિની જેને કશી અસર ન પહોંચે, જેની અવસ્થામાં કશો પણ ફેરફાર ન થઇ શકે, તેનેજ સ્વાધીન કહી શકાય. જે તમામ અવસ્થાઓથી પર અને પરિણામરહિત છે, કાર્ય કારણનાં બંધનોથી મુક્ત છે, અને જગતના નિયમોથી અબાધ્ય છે તેજ સ્વાધીન હોઇ શકે. બીજા શબ્દોમાં કહીએ તો જે પરિણામરહિત

હોય તેજ મુક્ત છે અને તેજ શાશ્વત છે. તેજ

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥

ભગવદ્ગીતા ૨, ૨૦.

"એ આત્મા કદિ પણ જન્મતો નથી, કે મરતો નથી. તેમજ તે પૂર્વે ન હતો કે ભવિષ્યમાં નહિ હોય એમ પણ નથી. એ આત્મા તો અજન્મા સદાકાળ રહેનારો, શાશ્વત અને પુરાતન છે; જેથી શરીર હણાવાથી તે હણાતો નથી."

पुनर्जन्म

(ન્યૂયૉર્ક મેટફિઝિકલ જર્નલના સને ૧૮૯૫ ના માર્ચના અંકમાં સ્વામીજીએ પ્રસિદ્ધ કરેલો લેખ.)

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ॥
બહુ મારા વીત્યા જન્મો, ને તારા પણ અર્જુન !
તે સર્વે યે હું જાણું, ન જાણે તું પરંતપ !

ભગવદ્ગીતા ૪, ૫.

દરેક યુગમાં અને દરેક પ્રદેશમાં મનુષ્યની વિચારશક્તિને જે જે મહા પ્રશ્નોએ ગૂંચવણમાં નાખી છે તેમાં સૌથી કૂટમાં કૂટ પ્રશ્ન મનુષ્યને પોતાનેજ લગતો છે. જગતના જે જે અસંખ્ય ગૂઢ ભેદો ઉકેલવામાટે માનવજાતિએ પોતાની તમામ માનસિક શક્તિઓનો ઉપયોગ કર્યો છે; તેમાં સાથી જૂનામાં જૂનો પ્રશ્ન—માનવજાતિના ઇતિહાસના આરંભ કાળથી ચર્ચાતો—ઘણોજ ગૂઢ પ્રશ્ન—તેની પોતાની પ્રકૃતિવિષેનો છે. તમામ પ્રશ્નો કરતાં સર્વથી વધારે મહત્ત્વનો છતાં સૌથી વધારે વિષમ પ્રશ્ન જો હોય તો તે આ છે. મનુષ્ય જે કાંઇ જ્ઞાન ધરાવે છે, જે જે ઇચ્છાઓ કરે છે, જે જે પ્રવૃત્તિઓ આદરે છે તે સર્વના મૂળસ્થાન અને ભંડારરૂપ આ પ્રશ્ન છે; છતાં મનુષ્યની પોતાની પ્રકૃતિના ભેદો ઉકેલવામાટે જગતના સર્વશ્રેષ્ઠ બુદ્ધિમાન મનુષ્યો આ પ્રશ્નને ગૌણ માનીને તે: વિષેની અન્વેષણા અને સમાલોચના છોડી દે એવો વખત હજી આવ્યો નથી અને આવશે પણ નહિજ.

જે સત્યની સાથે મનુષ્યના પોતાના અસ્તિત્વનો સંબંધ અત્યંત નિકટનો છે, તે શોધી કહાડવાની તેમને જો કે તીવ્ર જિજ્ઞાસા છે, આંતર્જગતના ચોકકસ ધોરણવડે બાહ્યજગતની વ્યાખ્યા બાંધવાની તેમને જો કે ઘણીજ પ્રબળ ઇચ્છા છે,

ક્ષણે ક્ષણે પરિવર્તન પામતા જગતની અંદર રહેલા કોઇ અવ્યય અને પરિણામ રહિત તત્ત્વની શોધ કરવાની સ્વાભાવિક અને અનિવાર્ય અગત્ય તેમને જણાય છે; છતાં પણ મનુષ્યજાતિએ પોતાના પ્રયાસ દરમ્યાન કેટલીકવાર સુવર્ણને ઠેકાણે કચરાનાજ ખાચકા ભર્યા છે અર્થાત્ સત્યની પ્રાપ્તિ ન કરતાં તેમણે અસત્યમાં અને વહેમમાંજ ગોથાં ખાધાં છે. બુદ્ધિ અને વિચારશક્તિના કરતાં પણ વધારે ઉંચા આદેશથી પ્રેરાઇને મનુષ્યજાતિએ આ વિષય પરત્વે શોધખોળ ચલાવી છે, તોપણ પોતાની અંદર રહેલા દિવ્ય અંશનો ખરો મર્મ સમજવામાં તેમને ઘણીવાર નિષ્ફળતાજ મળી છે. આટલું બધુ થયું છે છતાં પણ જ્યારથી આ દિશામાં અન્વેષણા કરવાનો આરંભ થયો ત્યારથી આજદિન સુધીમાં કોઇ કોઇ પ્રજાએ, તેમ કોઇ કોઈ વ્યક્તિએ સત્યના મૂળસ્થાન સુધી પહોંચીને સત્યનો પ્રકાશ જગત્ સમક્ષ ધર્યો ન હોય એવો પણ એકે યુગ વીત્યો નથી.

આ પ્રશ્નની સાથે નિકટનો સંબંધ ન હોય એવી આજુબાજુની અને બિનજરૂરી બાબતોનું એકતરફી, ઉપર ઉપરનું અને વહેમાયલી આંખે અવલોકન કર્યાથી, તેમજ જૂદા જૂદા સંપ્રદાયોની ઘણી વિચિત્ર અને અસ્પષ્ટ માન્યતાઓથી કંટાળીને, તથા પુરોહિતવર્ગે ઇરાદાપૂર્વક અને પદ્ધતિસર ઉભી કરેલી ભયંકર કુમાન્યતાઓથી ત્રાસ પામીને, હાલના તેમજ પ્રાચીનકાળના અનેક વિચારવંત માણસોએ આ પ્રશ્નની અન્વેષણા નિરાશાપૂર્વક છોડી દઇને તેને નિરર્થક અને નિષ્ફળ ગણી કહાડયો હોય એવાં ઉદાહરણ પણ અનેક છે. ભલે દાર્શનિકો આ પ્રશ્નની શોધ કરનારને હસે અને ધુતકારી કહાડે; ભલે પુરોહિતો યુક્તિ–પ્રયુક્તિથી કે શસ્ત્રના જોરથી ધર્મની દુકાન ધમધોકાર ચલાવે; પણ જેઓ કેવળ સત્યનાજ નિષ્કામ ઉપાસકો છે, જેઓ નિડર અને નિર્લોભી છે, જેઓ પોતે મેળવેલા જ્ઞાનનું વાણિજ્ય કરવા ઇચ્છતા નથી તેઓને તો આખરે સત્યનો સાક્ષાત્કાર થવાનોજ.

વ્યક્તિને જ્ઞાનયુક્ત બુદ્ધિનો ઉપયોગ કરતાં કરતાંજ આખરે જ્ઞાનના પ્રકાશની ઝાંખી થાય છે, અને જો કે એ જ્ઞાનનું ઝરણુ ધીમે ધીમે વહીને આખી પ્રજાના થરેથરમાં સંચરી જતાં લાંબો સમય લાગે છે; તોપણ તેમ થયા વગર રહેતુંજ નથી. તત્ત્વચિંતકોનાં જીવનચરિત્રો અવલોકતાં ઉંચી કોટિના મનોબળવાળા પુરુષોએ સત્યની પ્રાપ્તિને માટે જે બળપૂર્વક પ્રયત્ન કર્યા હોય છે તેનું દર્શન થાય છે; અને પ્રજાઓના ઇતિહાસ જોતાં એ સત્યને આખો પ્રજાવર્ગ કેવી રીતે ધીમે ધીમે ગ્રહણ કરીને આખરે તેને પ્રજાકીય સ્થાયી ભાવનાનું રૂપ આપી દે છે તેની પ્રતીતિ થાય છે.

મનુષ્યજાતિએ પોતાના સંબંધમાં જે જે ભાવનાઓ બાંધી છે તેમાં " આત્મા એ શરીરથી તદ્દન જૂદું અને અવિનાશી તત્ત્વ છે " એ ભાવના જગતમાં સૌથી વિશેષ બહોળો ફેલાવો પામી છે; અને ઉપર કહ્યા તેવા આત્માના અસ્તિત્વમાં જેમને

શ્રદ્ધા છે તેઓમાંથી ઘણા વિચારશીલ માણુસો એવું પણ માને છે કે જીવાત્મા તેના વર્તમાન જન્મ પહેલાં પણ અસ્તિત્વ ભોગવતો હોવો જોઇએ.

મનુષ્યજાતિની જે જે પ્રજાઓમાં અમુક પ્રકારનું ધર્મ અને તત્ત્વજ્ઞાનનું સુવ્યવસ્થિત બંધારણુ જોવામાં આવે છે, તેઓ સર્વ આ સિદ્ધાંત સ્વીકારે છે. સુસંસ્કારી દેશોના ઘણાખરા તત્ત્વચિંતકોનો વર્તમાન ધર્મ " આત્માનું આ જન્મ પહેલાં બિલકુલ અસ્તિત્વ હતુંજ નહિ " એવું માનતો હોવાથી તેમને પૂર્વજન્મની ભાવના સામે સખ્ત વિરોધ રાખવાનું નાનપણુથીજ શિક્ષણુ મળ્યું હતું; પરંતુ તે છતાં પણુ તેમણે પૂર્વજન્મના સિદ્ધાંતની તરફેણુમાંજ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છે. આ ભાવના હિન્દુ અને બૌદ્ધધર્મનો તો પાયોજ છે. પ્રાચીન મિસર દેશના સંસ્કાર પામેલા લોકોની પણુ એવીજ માન્યતા હતી. પ્રાચીન ઇરાનીઓ પણુ વિચાર કરતા કરતા આવાજ અનુમાનપર આવ્યા હતા. ગ્રીક તત્ત્વચિંતકોએ પોતાના દર્શનશાસ્ત્રનું મંડાણુજ આ ભાવના ઉપર રચ્યું હતું. યાહુદી લોકોનો ફેરિશી નામનો પુરોહિત વર્ગ આ સિદ્ધાંત સ્વીકારતો હતો; અને ઇસ્લામી ધર્મનો સુફી સંપ્રદાય પણુ લગભગ એકકે અવાજે પૂર્વજન્મની માન્યતાને સાચી તરીકે જાહેર કરતો હતો.

પ્રજાવર્ગમાં અમુક પ્રકારની માન્યતાઓ ઉત્પન્ન થવામાટે તેમજ લોકોના હૃદયમાં તેવી માન્યતાઓનાં મૂળ ઉંડાં જાય તે માટે ચોકકસ જાતના વાતાવરણુની જરૂર હોય છે. ઉપર જણાવ્યું છે તેમ હાલ જો કે આપણે સ્વાભાવિક રીતેજ આત્માને દેહથી પૃથક્ માનીએ છીએ; પરંતુ તે વાત તો ક્યાંય રહી, પણુ માત્ર "શરીરના એક અંશ તરીકે તે શરીરના મરણુ પછી હયાત રહે છે" એટલા અનુમાન પર આવતાં પણુ પ્રાચીન પ્રજાઓને અનેક જમાના જેટલો સમય લાગ્યો હતો. ત્યાર પછી " એ અંશ શરીરથી જુદોજ છે અને કાયમને માટે રહે છે " એ વિચારનો સ્વીકાર થતાં તેથી પણુ વધારે લાંબા જમાના વીતી ગયા. આખરે એમ કરતાં કરતાં જ્યારે વિચારકો એવા સિદ્ધાંતપર આવી લાગ્યા કે ઉપર જણાવેલા અંશનો શરીર સાથેનો સંબંધ માત્ર થોડાજ વખતમાટેનો છે, ત્યારેજ અને જે પ્રજાઓના વિચારકો આવા સિદ્ધાંત પર આવ્યા તેઓમાંજ અનિવાર્ય પ્રશ્ન પૂછાવા લાગ્યો કે એ અંશ શરીરની ઉત્પત્તિ અગાઉ ક્યાં હતો અને શરીરના પતન પછી ક્યાં જાય છે ?

પ્રાચીન યાહુદીઓએ તો આત્માવિષે આવો પ્રશ્ન ઉઠાવવાની તસ્દી લીધીજ નહોતી. તેઓ તો નિશ્ચિંતપણે એમજ માનતા હતા કે મરણુની સાથે સાથેજ મનુષ્યના જીવનનો ઇતિહાસ પૂરો થાય છે. પ્રાચીન યાહુદીઓની આ વિષયપરની માન્યતાવિષે વિવેચન કરતાં કાર્લ હૅકલ કહે છે તે સત્ય છેઃ—" [1]યાહુદી લોકોને

૧ યાહુદીઓને તેમના મૂળવતન પાલેસ્ટાઇનમાંથી દેશનિકાલ કર્યા હતા અને તેઓ

દેશનિકાલ કરવામાં આવ્યા ત્યારે પહેલાં પ્રાચીન [૨]બાઇબલના જે વિભાગ લખાયા હતા તેમાં જો કે તેઓ શરીરથી ભિન્ન એવા જીવનતત્ત્વનો ઉલ્લેખ કરે છે, અને તેને "નેફેશ" "રૂઆખ" અથવા "નેશામા" એવું નામ આપે છે; તોપણ આ શબ્દોનો અર્થ આત્મા કરતાં પ્રાણને વિશેષ મળતો છે. તેઓને દેશનિકાલ કરવામાં આવ્યા ત્યાર પછીના યુગના પાલેસ્ટાઇનના યાહુદીઓના લેખોમાં પણ વ્યક્તિગત આત્માના અમરત્વવિષે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તોપણ તેની અંદરની ભાવના તો એજ છે કે આત્મા એટલે ઈશ્વરમાંથી બહિર્ગત થતું જીવનતત્ત્વ-પ્રાણ, તે શરીરના અવસાન પછી ઈશ્વરીય "રૂઆખ" માં વિલીન થઇ જાય છે."

પ્રાચીન મિસરદેશની તેમજ ખાલ્ડિયાની પ્રજાઓએ પણ આત્માવિષે પોતપોતાની ચોક્કસ ભાવનાઓ ઉપજાવી કહાડી હતી; તોપણ પ્રાચીન આર્યપ્રજાની, ઇરાનીઓની, ગ્રીક લોકોની તેમજ આર્યજાતિની અન્ય ઉપશાખારૂપ પ્રજાઓની આત્મા વિષેની ભાવનાઓથી તે તદ્દન ભિન્નજ પ્રકારની હતી. છેક પ્રાચીન કાળથીજ આર્યપ્રજા જેમાં ઇરાનીઓ અને ગ્રીક લોકો આવી જાય છે તેમની ભાવના કરતાં અનાર્ય એટલે સંસ્કૃત ભાષા સાથે જેમને કશો સંબંધ નથી એવી યાહુદી વગેરે સેમિટિક પ્રજાઓની ભાવના કેવળ જૂદીજ પડી જાય છે. એ બેઉ પ્રજાઓની પ્રેતસંસ્કાર કરવાની રીતમાં જે જુદાપણું છે તેનું કારણ પણ આજ છે. અનાર્ય પ્રજાઓ મૃતદેહને કાળજીપૂર્વક દાટીને અથવા મિસરવાસીઓની માફક ઘણીજ ચતુરાઇથી અને પરિશ્રમ લઇને મૃત દેહનું "મમી" બનાવીને તેને લાંબા કાળસુધી સાચવી રાખે છે; ત્યારે ઉલટપક્ષે આર્યપ્રજાઓ તેને દહન કરીને અથવા બીજી રીતે તેનો તરતને તરતજ નિકાલ કરી નાખે છે.

આજ બાબતવિષે વિચાર કરતાં તમામ ભેદનો ખુલાસો થઇ જાય છે કે ઇજીપ્શિયન, આસિરિયન કે બાબિલોનિયન પ્રજામાંથી કોઇ પણ અનાર્યપ્રજા, આર્યપ્રજાની સહાયતા વગર અને ખાસ કરીને હિન્દુઓની સહાયતા વગર શરીરથી ભિન્ન અને સ્વતંત્ર એવા આત્મતત્ત્વની ભાવના પ્રાપ્ત કરી શકી નથી. જો કે ગ્રીક પંડિત હેરોડોટસ લખે છે કે આત્માના અમરત્વની ભાવનાનો સૌથી પ્રથમ સ્વીકાર કરનારા મિસરવાસીઓ હતા. આ અભિપ્રાયને ટેકો આપવા માટે મિસરવાસીઓના ધર્મસિદ્ધાંતનો સાર આપતાં તે વિદ્વાન્ લખે છે કે "શરીર પંચતત્ત્વમાં મળી ગયા પછી જીવાત્મા નવો જન્મ ધારણ કરવા માટે જાનવરોના શરીરમાં પ્રવેશ કરે છે, અને એ પ્રમાણે તે જીવાત્મા તમામ ભૂચર, ખેચર અને જળચર પ્રાણીઓના શરીરમાં ક્રમવાર

મિસરમાં જઇ વસ્યા હતા.

૨ બાઈબલના બે ભાગ છે-પ્રાચીન અને અર્વાચીન. પ્રાચીનભાગને યાહુદીઓ માને છે અને અર્વાચીન ભાગને ખ્રીસ્તીઓ માને છે.

પ્રવેશ કરીને આખરે ત્રણ હજાર વર્ષ પછી મનુષ્યશરીરમાં પુનઃ દાખલ થાય છે." હેરોડોટસના મત પ્રમાણે મિસરવાસીઓની આત્માવિષે આવા પ્રકારની ભાવના હતી; છતાં વર્તમાન સમયમાં મિસર દેશના પ્રાચીન ઇતિહાસની જેઓ શોધખોળ ચલાવે છે તેઓ જણાવે છે, કે એ દેશના સામાન્ય પ્રજાવર્ગની ધર્મભાવનામાં પુનર્જન્મની ભાવના બિલકુલ જોવામાં આવતી નથી. એ ઉપરાંત મેસ્પેરો એ. એર્મન તથા બીજા મિસરના ઇતિહાસના સંશોધકોએ જે શોધખોળ કરીને પરિણામ જાહેર કર્યાં છે તે જોતાં પણ મિસરવાસીઓએ પુનર્જન્મનો સિદ્ધાંત સ્વીકાર્યો હોય એવું અનુમાન થઇ શકતું નથી.

મિસરની પ્રજાના મત પ્રમાણે આત્મા એટલે શરીરનીજ એક પ્રતિકૃતિ છે કે જેને શરીરથી પૃથક્ અસ્તિત્વજ નથી, અને જે શરીર સાથેનો પોતાનો સંબંધ તોડીજ શકતું નથી. જ્યાંસુધી શરીર હયાત રહે છે ત્યાંસુધીજ તે શરીરની સાથે અસ્તિત્વમાં રહે છે અને જો કોઇ કારણથી મૃત શરીરનો નાશ થાય,તો તેની સાથેજ એ આત્મતત્ત્વનું પણ મરણ થાય છે અને પછી તેનું કાંઇ નામનિશાન રહેતું નથી. મરણ પછી આત્મા જગતમાં ગમે ત્યાં ફરી આવે છે, પણ હમેશાં રાત્રે જ્યાં શબ પડયું હોય ત્યાંજ પાછો આવે છે. તેને ભૂખતરસ લાગે છે તથા તેનું જીવન ઘણુંજ દુઃખમય હોય છે; કેમકે તેને જિંદગીની મોજમઝાઓ ભોગવવાની લાલસાઓ હોવા છતાં તે પોતાની ઇચ્છા તૃપ્ત કરી શકતો નથી. એમ કરતાં કરતાં જો મૃત દેહના એકાદ અવયવને ઇજા થાય તો આત્માના શરીરના તે ભાગને પણ તેવાજ પ્રકારની ઇજા થાય છે. મિસરદેશના લોકો પોતાનાં સગાવહાલાંના મૃતશરીરને અત્યંત કાળજીપૂર્વક સાચવી રાખતા હતા તેનું આજ કારણ છે. રણની સૂકી હવાને લીધે મૃત શરીર જલદી નાશ ન પામે તેટલા માટે પ્રથમ તો તેઓ તેમને રણમાંજ દાટવાનું પસંદ કરતા, કેમકે તેમ કર્યાથી તેમના મત પ્રમાણે જેટલા વધુ સમય સુધી શરીર સચવાય તેટલું આત્માનું આયુષ્ય પણ લંબાય.

સમય જતાં એ લોકોના એક દેવતાએ મૃત શરીરનું +"મમી" બનાવવાની ક્રિયા શોધી કહાડી. આ ક્રિયાવડે શ્રદ્ધાવાન્ લોકો તેમના પૂર્વજોના શબને લગભગ અનંતકાળસુધી સાચવી રાખતા, અને તેઓ માનતા કે આ પ્રમાણે મૃતદેહને સાચવ્યાથી તેઓ તેમના પૂર્વજોના આત્માનું જીવન ગમે તેવું દુઃખમય હોવા છતાં અનંતકાળપર્યંત ચાલુ તો રાખી શકે છેજ.

દેહનો ત્યાગ કર્યા પછી તે આત્માઓ જગતના જીવનક્રમમાં કશો ભાગ લઇ

+ શબના ઉપર અમુક દવાઓના લેપ કરી ,તેના ઉપર પાટા બાંધ્યાથી તે હજારો વર્ષસુધી સડયા વગર સચવાઇ રહે છે. એવું ૩૦૦૦ હજાર વર્ષનું જૂનું "મમી" વડોદરાના સંગ્રહસ્થાનમાં છે. તે હજી સારી હાલતમાં છે.

શકતા નહિ હોવાથી જગત્ તરફ દષ્ટિ કરીને હમેશાં કલ્પાંત કર્યા કરતા અને જગતનાં સુખ ભોગવવાને અશક્ત હોવાથી ઘણાજ નાસીપાસ થતા. એવો એક દેહમુક્ત આત્મા કહે છે કે, "ઓ મારા બંધુ ! મનુષ્યજીવન બહુ અલ્પ છે. એટલા વખતમાં જે આનંદ ભોગવ્યો તે ખરો. માટે ભાઇ ! યથેચ્છ ખાનપાન કરજે; મન માન્યો દારૂ પીજે; સ્ત્રીઓ સાથે પ્રેમ કરજે; હરેક પ્રકારની મજા ભોગવી લેજે; રાતદિવસ આનંદ ભોગવવામાં ક્યાસ રાખતો નહિ; તારા હૃદયમાં શોકને માટે અવકાશજ રાખતો નહિ અને જેટલું સુખ ભોગવાય તેટલું ભોગવી લેજે; કારણ કે મૃત્યુ પછીનું જીવન તો નિદ્રા અને અંધકારથી ભરપૂર છે. એવા જીવનમાં દાખલ થયા પછી આત્માઓ તેમના "મમી" ઉપર પડયા પડયા ઉંઘ્યા કરે છે, તેઓ પોતાનાં સગાંને તથા ઇષ્ટ મિત્રોને જોવા માટે જાગૃત થઇ શકતા નથી, પોતાનાં માબાપને ઓળખીને બોલાવી શકતા નથી, અને પોતાની સ્ત્રીઓ તથા બાળકોને પણ તદ્દન વિસરી જાય છે. તમે બધા પૃથ્વીપરના રહેવાસીઓ તાજું, ચળકતું, સ્વચ્છ અને પ્રોત્સાહક પાણી પી શકો છો, પણ અમારે માટેનું પાણી પ્રવાહી ગંદકી જેવુંજ દેખાય છે. આ મૃત્યુની ખોમાં હું જ્યારથી આવ્યો છું ત્યારથી હું કોણ છું અને કયાં છું તેનું પણ મને વિસ્મરણ થઇ ગયું છે. મને તમે જરા વહેતું પાણી પીવા આપો. નદીને કિનારે મારૂં માથું ઉત્તર દિશા તરફ રાખીને મને સુવાડજો કે જેથી કરીને પવનની શીતળ લહરી મારા શરીરને સ્પર્શ કરે અને મારા શોકથી તપેલા હૃદયને કાંઇક શાંતિ મળે." મિસરવાસીઓ પરલોકગત આત્માની જિંદગીવિષે આવા ખ્યાલ ધરાવતા હતા.

શરીરનો ત્યાગ કર્યા પછી આત્મા કેવી અવસ્થામાં રહે છે તે વિષે ખાલ્ડિયાના રહેવાસીઓ પણ મિસરના લોકોની માફક ઝાઝી કલ્પના કરવાની તસ્દી લેતા નહિ; તોપણ તેમના મત પ્રમાણે આત્મા શરીરની પ્રતિકૃતિરૂપજ હતો અને મરણ પછી મૃતદેહની સાથે બંધાયલોજ હતો. આત્મા શરીરથી પૃથક્ થયા પછી પણ અશરીર અવસ્થામાં અસ્તિત્વ ભોગવી શકે એવો ખ્યાલ તેમને આવી શકતોજ નહિ; અને એક કાળ મૃતદેહ પુનઃ સજીવન થશે એવી પણ તેઓ આશા રાખતા હતા. તેઓની દંતકથાઓમાં અલબત્ત એવી એક કથા છે કે ઇસ્તર નામની એક દેવી ઘણુંજ જોખમ અને પરિશ્રમ ખેડીને પોતાના પતિના મૃતદેહને પુનઃ સજીવન કરાવી શકી હતી. પરંતુ એ લોકોમાંના "અત્યંત શ્રદ્ધાવાન્ ભક્તો પોતાના ઇષ્ટ મિત્રોને પુનઃ સજીવન કરાવવામાટે દેવળે દેવળે આક્રન્દ કરતા ફરતા હતા, તોપણ તેમની આશા સફળ થતી ન હતી."

આ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે પ્રાચીન મિસરવાસીઓની તેમજ ખાલ્ડિયનોની આત્માવિષેની ભાવના મૃતદેહથી અથવા તેની કબરથી તદ્દન પૃથક્

થઇ શકતીજ ન હતી. ઐહિક જીવન એજ સર્વોત્તમ અને આનંદપ્રદ છે એમ તેઓમાં મનાતું અને અશરીર આત્માઓ પુનઃ દેહમાં પ્રવેશ કરીને જગતના લ્હાવા લેવાની તકમાટે હમેશાં આતુરતાથી રાહ જોતા; અને તેમનાં જગતનાં સ્નેહી સંબંધીઓ આ દુઃખી, કંગાલ અને પડછાયા જેવા શરીરના આયુષ્યને જેમ બને તેમ વધારે વધારે લંબાવવામાં પોતે સહાયભૂત થાય છે એવી શ્રદ્ધાપૂર્વક આશા રાખતા, અને એ અર્થે પોતાના પરલોકગત પ્રિયજનને પોતાની માન્યતા પ્રમાણે બનતી મદદ કરતા.

જે પ્રજા આવી કનિષ્ઠ પ્રકારની ભાવના કરતાં વધારે વિશાળ અને ઉદારભાવના ગ્રહણ કરવાને અસમર્થ હોય છે, તેમનામાં આત્માવિષેનું વધારે ઉંચા પ્રકારનું જ્ઞાન ઉદ્ભવે એવો સંભવજ નથી. મૃતદેહ અને કબરના કરતાં વધારે દૂર તેઓ જઇ શકેજ નહિ. એવી પ્રજાના ધર્મશાસ્ત્રોમાંથી વિશુદ્ધ આત્મજ્ઞાન મેળવવાની આશા રાખી શકાયજ નહિ.

હવે આપણે આત્મજ્ઞાન સંબંધી વધારે ઉંચા પ્રકારની ભાવનાઓનાં મૂળ શોધવામાટે એક બીજી પ્રજા તરફ દૃષ્ટિ કરીએ. એ તેજ પ્રજા છે કે જેમનો પરમેશ્વર પરમ દયાળુ અને સર્વવ્યાપક છે; જે તેજોમય, સૌમ્ય અને સહાય આપવા તત્પર એવા અનેક દેવોદ્વારા વ્યક્ત થાય છે. ઇશ્વરને સૌથી પ્રથમ પિતા તરીકે આ પ્રમાણે સંબોધન કરનાર આજ પ્રજા છે કે, " જેમ એક પિતા પોતાના પ્રિય પુત્રનો હાથ પકડીને તેને ચલવે છે તેમ હે ઇશ્વર ! તું મારો હાથ પકડીને મને ચલવજે." એ પ્રજાના મત પ્રમાણે મનુષ્યજીવન આશા અને ઉલ્લાસભર્યું હતું; નિરાશાનાં ઘેરાં વાદળ તેમની દૃષ્ટિમર્યાદામાં ઝઝુમતાં ન હતાં; તેમના ધર્મવિચાર બીજી પ્રજાઓની માફક અત્યંત પરિતપ્ત મનુષ્ય વચમાં વચમાં કોઇવાર સુખની ઝાંખી થતાં ગાંડાની માફક ઉશ્કેરાઇ જઇને ત્રૂટક ત્રૂટક અસ્પષ્ટ ઉદ્ગાર કહાડે તેવા ન હતા; પણ સુંદર પાકથી હરિયાળાં દેખાતાં ખેતરો અને અરણ્યોની મઘમઘતી સુવાસથી ભરપૂર હતા, અને આટલે વર્ષે પણ આપણને તે પૂર્વના જેવીજ તાજી હાલતમાં પ્રાપ્ત થાય છે. જેમનાં સ્તવન ઉગતા સૂર્યનાં પહેલાં કિરણવડે સુવર્ણરસે રસાતી પૃથ્વીને અભિનંદન આપવામાટે વૃક્ષેવૃક્ષથી બહાર નીકળી આવેલાં પક્ષીઓના કલરવની માફક કુદરતી, આનંદપૂર્ણ અને જેવાં મનમાં ઉત્પન્ન થયાં તેવાં ને તેવાંજ " નરી સરળતા"થી ભરપૂર છે. આજે એંસી સૈકા વીતી ગયા છતાં પણ હજી સ્વર્ગમાંથી સંભળાતા તાજા આદેશની માફક આપણને તેમના સ્તવનનો ધ્વનિ સંભળાય છે–એવી પ્રાચીન આર્યપ્રજા તરફ આપણે હવે દૃષ્ટિ કરીએ.

" મને તે મૃત્યુ અને જરારહિત પ્રદેશમાં મૂકી આવો કે જ્યાં સ્વર્ગનો પ્રકાશ સદાને માટે ઝળહળી રહ્યો છે; " "જ્યાં વિવસ્વન્ રાજાનો પુત્ર રહે છે, જ્યાં સ્વર્ગનું પવિત્રમાં પવિત્ર સ્થાન છે તે દિવ્ય પ્રદેશમાં મને અમરત્વ આપીને રહેવા દો; "

"જે પ્રદેશમાં આત્માઓ યથેચ્છપણે વિચરણ કરે છે ત્યાં આનંદમય સ્થાનમાં મને અમરત્વની પ્રાપ્તિ કરાવીને વસવા દો." આવી ઢબની પ્રાર્થનાઓ આર્યલોકોના અત્યંત પ્રાચીન ઋગ્વેદની સંહિતામાં જોવામાં આવે છે. તે ઉપરથી એ પ્રજા મરણ પછીની અવસ્થા વિષે કેવા પ્રકારની કલ્પના કરતી હતી તેનો ખ્યાલ આવી શકે છે.

અહિં આપણે જોઇશું તો અનાર્ય અને આર્યપ્રજાની ભાવનાઓમાં આસમાન જમીન જેટલો તફાવત માલમ પડશે, અનાર્ય લોકોના મનથી શરીર અને જગત્ એજ માત્ર સત્ય અને ઇષ્ટ છે. મરણ વખતે શરીરમાંથી જે જરાક જેટલું જીવન-તત્ત્વ બહાર નીકળી જાય છે અને જે ઇન્દ્રિય વિષયક સુખનો ઉપભોગ ન કરી શકવાથી અત્યંત કંગાલ અને દુઃખમય અવસ્થામાં રહે છે, તેથી "જો શરીરને સંભાળપૂર્વક જાળવી રાખવામાં આવે તો કદાચ તેનો અને શરીરનો પુનઃ સંયોગ થઇ શકે એવી તેઓ શ્રદ્ધાપૂર્વક આશા રાખતા હતા." આમ હોવાથી સજીવ મનુષ્યના કરતાં તેના મૃતદેહને જાળવવા તરફ તેઓ વધારે લક્ષ આપતા હતા. એથી વિરુદ્ધ આર્યપ્રજાઓની માન્યતા એવી થતી ગઇ કે જે તત્ત્વ મરણ વખતે શરીરમાંથી બહાર નીકળી જાય છે તેજ મનુષ્યનો વાસ્તવિક અંશ છે અને શરીરથી વિમુક્ત થયા પછી તે વધારે સારા જીવનનો ભોક્તા થાય છે; અને જે આનંદ પોતે જ્યારે શરીરરૂપી પિંજરામાં કેદ પૂરાયલો હતો ત્યારે ભોગવી શકતો ન હતો તે હવે એ સુખેથી ભોગવી શકે છે. આથી કરીને મૃતદેહને અગ્નિદાહ કરીને જેમ બને તેમ જલ્દીથી તેઓ નિકાલ કરી નાખતા.

આત્માના સ્વરૂપવિષેના સત્ય જ્ઞાનનું બીજ અહિંજ જોવામાં આવે છે. "મનુષ્યનો પ્રકૃત અંશ શરીર નહિ પણ તેનો જીવાત્મા છે અને જીવાત્મા શરીર સાથે જોડાઇને તેમજ તેનાથી પૃથક્ પણ રહી શકે છે." એવી ભાવનામાંથીજ આત્માની સ્વતંત્રતા અને મુક્ત દશાવિષેના ઉચ્ચ વિચારો ઉત્પન્ન થઇ શકે છે. "જીવાત્મા શરીરથી છૂટો પડયા પછી જે તેજોમય શરીર (સૂક્ષ્મદેહ)ના આવરણમાં ઢંકાયલો રહે છે તે તેજોમય શરીરથી પણ આર્યોની કલ્પના આગળ વધી, અને આત્મા નિરાકાર સ્વતંત્ર વ્યક્તિ છે" એવું આત્માનું સત્ય સ્વરૂપ જાણવામાં આવ્યું ત્યારેજ પેલો અનિવાર્ય પ્રશ્ન ઉપસ્થિત થયો કે એ આત્મતત્ત્વની ઉત્પત્તિ ક્યાંથી થઇ?

ભરતખંડમાંથીજ અને આર્યપ્રજામાંથીજ આત્માના પૂર્વજન્મનો, તેના અમરત્વનો તથા તેના સ્વતંત્ર વ્યક્તિગત અસ્તિત્વનો વિચાર સૌથી પ્રથમ ઉત્પન્ન થયો. મિસર દેશના પ્રાચીન ઇતિહાસ વિષે જે શોધખોળ થઇ છે તે દ્વારા "આત્માનું પૃથ્વી ઉપરના જીવન પહેલાંનું અને પછીનું સ્વતંત્ર અને વ્યક્તિગત અસ્તિત્વ રહે છે" એવું લેશમાત્ર પણ પ્રમાણ મળી આવ્યું નથી. એ દેશના કેટલાક ગુપ્ત વિદ્યાના ગ્રંથોમાં આવી ભાવના જોવામાં આવે છે ખરી, પણ તે સર્વનું મૂળ

ઉત્પત્તિસ્થાન તો હિંદુસ્તાનજ હોય એમ જણાય છે.

કાલ હેકલ નામનો વિદ્વાન્ લખે છે કે " જેમ જેમ આપણે મિસર દેશનાં ધર્મશાસ્ત્રોનો વધારે ઉંડો અભ્યાસ કરતા જઈએ છીએ તેમ તેમ આપણને સ્પષ્ટ પ્રમાણ મળતાં જાય છે, કે સામાન્ય પ્રજાવર્ગના પુનર્જન્મની ભાવનાનો લેશમાત્ર પણ સ્વીકાર થતો ન હતો અને તે ભાવનાને તદ્દન વિજાતીય તરીકે ગણવામાં આવતી હતી. ગુપ્તવિદ્યાના કોઇ કોઇ ગ્રંથમાં એ સંબંધી કેટલુંક લખાણ છે ખરૂં પણ તે મિસર દેશના ઓસિરિસ ધર્મની અંતર્ગત બાબતો નથી; પરંતુ હિંદુશાસ્ત્રોમાંથી લઇને ત્યાં દાખલ કરવામાં આવેલી છે."

ત્યાર પછીના યુગ તરફ નજર કરીએ તો અલેક્ઝાન્ડ્રિયા નગરમાં વસતા યાહુદી લોકો વ્યક્તિગત આત્માના સિદ્ધાંતથી સારી રીતે માહિતગાર હતા. તેઓના ફેરિશી નામના પુરોહિતો પણ આગળ કહ્યા મુજબ વ્યક્તિગત આત્માને માનતા હતા, એટલુંજ નહિ પણ એ આત્મા અનેક દેહોમાં પ્રવેશ કરીને નવા નવા જન્મ ધારણ કરે છે તે પણ તેઓ માનતા હતા. ઇસુખ્રિસ્તને તેની પૂર્વે થઇ ગએલા અમુક પયગંબરના અવતાર તરીકે શા કારણથી માનવામાં આવે છે તેનું કારણ આ ઉપરથી સહેલાઇથી સમજી શકાય છે. ઇસુખ્રિસ્તે પોતે તો જોન ધી બાપ્ટિસ્ટ વિષે બોલતાં ઘણાજ સ્પષ્ટ અને સીધા શબ્દોમાં કહ્યું હતું, કે તે ઇલિયાસ નામના પયગંબરનો અવતાર છે. " જો તમે તે સ્વીકારશો તો જે ઇલિયાસ અવતરવાનો હતો તે એ જ છે. " મેથ્યુ, ૧૦, ૧૪.

આત્મા અને તેના વ્યક્તિગત અસ્તિત્વવિષે યાહુદી લોકોમાં જે ભાવના પ્રવેશ કરવા પામી હતી તે ઉઘાડી રીતે મિસરવાસીઓના ઉંચા પ્રકારના ગુપ્ત વિદ્યાના ગ્રંથોમાંથી પ્રાપ્ત થઇ હતી; અને એ ગ્રંથોનાં મૂળ તો હિંદુ ધર્મશાસ્ત્રોજ છે. આવી ભાવના અલેક્ઝાન્ડ્રિયાદ્વારાજ પશ્ચિમની પ્રજાઓમાં શાથી ફેલાઇ તેનું કારણ દેખીતુંજ છે. બૌદ્ધ તવારિખો જોતાં જણાય છે કે બૌદ્ધ ધર્મોપદેશકો અલેક્ઝન્ડ્રિયા અને એશિયા માઇનોરના પ્રદેશમાં પોતાના ધર્મના સિદ્ધાંતોનો પ્રચાર કરી આવ્યા હતા.

ગ્રીક પ્રજાને પુનર્જન્મનો સિદ્ધાંત સમજાવનાર સૌથી પહેલો દાર્શનિક પાઇથેગોરાસ હતો. ગ્રીક પ્રજા મૂળથી આર્ય કુળનીજ હતી. તે મૃતદેહને અગ્નિદાહ કરતી અને વ્યક્તિગત આત્માનું અસ્તિત્વ સ્વીકારતી હતી; તેથી કરીને પાઇથેગોરાસનો પુનર્જન્મનો સિદ્ધાંત તેમણે વગર અડચણે માન્ય રાખ્યો. એપુલેજસના મત પ્રમાણે પાઇથેગોરાસ હિંદમાં આવ્યો હતો અને બ્રાહ્મણો પાસે તેણે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો.

આટલા વિવેચન ઉપરથી સ્પષ્ટ થાય છે કે જે જે પ્રજાઓ આત્માને સ્વતંત્ર અને મનુષ્યના વાસ્તવિક સ્થાયી અંશ તરીકે માનતી હતી, માત્ર દેહને સજીવન

બનાવનાર તત્ત્વ તરીકે નહિ, તેઓને આત્માના પૂર્વ અસ્તિત્વને પણ માન્યા વગર ચાલતુંજ નહિ; અને પોતે સ્વતંત્ર અને વ્યક્તિગત આત્માને માને છે અને મૃતદેહને નિરૂપયોગી માને છે, એ વાતને એક રીતે વ્યાવહારિક સ્વરૂપ આપવાને તેઓ મૃતદેહને બાળી નાખતા. આમાં માત્ર એકજ પ્રજા અપવાદરૂપે છે. ઇરાની પ્રજા આર્યકુળની હોવા છતાં, સેમિટિક પ્રજાના રિવાજની લેશમાત્ર અસર વગરની મૃતદેહનો નિકાલ કરી નાખવાની તેણે એક જુદીજ પદ્ધતિ શોધી કહાડી હતી. આટલું છતાં પણ મૃતદેહને છેલ્લા સંસ્કાર કરવાનું સ્થાન જેને પારસીઓ "દખમુ" કહે છે તે શબ્દ તો दह्-બાળવું એ ધાતુ ઉપરથીજ ઉત્પન્ન થએલો છે.

સંક્ષેપમાં જે પ્રજાએ મનુષ્યની આંતર પ્રકૃતિનું પૃથક્કરણ કરવાની તસ્દી લીધી નથી તેઓ શરીરનેજ સત્ય પદાર્થ માનીને તેની આગળ જઇ શકી નથી; અને કેટલીકવાર એથી આગળ વધવાને બળવાન અંતઃપ્રેરણાને અધીન થઈને તેઓ તર્ક કરવા જતી તોપણ મનુષ્યશરીર કોઈ કાળે, કોઇપણ રીતે અવિનાશી થઇ શકે એવી સ્થૂળ ભાવનાનો તેઓ કદી પણ ત્યાગ કરી શકી નથી.

એથી ઉલટ પક્ષે જે પ્રજાએ પોતાની લગભગ તમામ માનસિક શક્તિઓ મનુષ્યની અંદર રહેલા વિચાર કરનાર અંશનું સંશોધન કરવા પાછળ રોકી હતી, તે ભરતખંડની આર્યપ્રજાએ થોડાજ સમયમાં શોધી કહાડ્યું કે જે તેજોમય મનુષ્યદેહની શોધ તેમના પૂર્વજો કરી રહ્યા હતા તેની પણ પર આત્મા રહેલો છે, અને તે આત્માજ ખરેખરો મનુષ્ય છે. તેજ સ્થૂળદેહને ધારણ કરે છે અને દેહ જીર્ણ થતાં તેનો પરિત્યાગ કરે છે.

હવે પ્રશ્ન એ ઉઠે છે કે શું એ આત્મતત્ત્વને કોઇએ કોઇ કાળે ઉત્પન્ન કર્યું હશે ? જો ઉપત્તિ એટલે "જ્યાં કાંઇજ ન હતું ત્યાં નવીન વસ્તુનું પેદા થવું" એમ માનીએ તો ઉપલા પ્રશ્નનો ખુલ્લો જવાબ એજ છે કે એ આત્મતત્ત્વ કદિ ઉત્પન્ન થયુંજ નથી. આ આત્મા જન્મ અને મરણરહિત છે. તે કોઇપણ અન્ય પદાર્થોના મિશ્રણથી બન્યો નથી, પણ એક સ્વતંત્ર, અવ્યય અને અવિનાશી તત્ત્વ છે; અને તેમ હોવાથી તેની ઉત્પત્તિ થતી નથી, તેમ નાશ પણ થઇ શકતો નથી. એ આત્મા જૂદી જૂદી અવસ્થાઓને પ્રાપ્ત થયા કરે છે.

ત્યારે હવે સવાલ એ પૂછવામાં આવે છે કે અત્યારસુધી એટલે આ દેહમાં તેણે પ્રવેશ કર્યો ત્યાર પહેલાં તે કયાં હતો ? આ પ્રશ્નનો જવાબ હિંદુસ્તાનના તત્ત્વવેત્તાઓ એવો આપે છે કે "એ આત્મા સ્થૂળ ભાષામાં કહીએ તો જુદા જુદા દેહોમાંથી પસાર થતો આવ્યો છે, અથવા આધ્યાત્મિક પરિભાષામાં કહીએ તો જૂદીજૂદી માનસિક ભૂમિકાઓમાં થઇને ભ્રમણ કરતો આવ્યો છે."

હિંદુસ્તાનના તત્ત્વવેત્તાઓ પુનર્જન્મનો જે સિદ્ધાંત રજુ કરે છે તેને માટે વેદની

બહારનાં પ્રમાણુ છે ખરાં ? અલબત્ત, છેજ; અને આપણે હવે પછી જોઇશું કે જગતના અન્ય સર્વમાન્ય સિદ્ધાંતોમાટે જેવાં સંગીન પ્રમાણુ છે તેવાંજ આ સિદ્ધાંતને માટે પણુ છે; પરંતુ તે પ્રમાણુ આપતાં પહેલાં યૂરોપના કેટલાક મોટામાં મોટા દાર્શનિકો પુનર્જન્મની બાબતમાં કેવો અભિપ્રાય દર્શાવી ગયા છે તે પણુ આપણે જરા જોઇ લઇએ.

આત્માના અમરપણાવિષે ચર્ચા કરતાં આઇ. એચ. ફિચ્ટે કહે છે કેઃ—

"મરણુ પછી જીવન અખંડિતપણે ચાલુ રહે છે એ માન્યતાનું ખંડન કરવાને માટે કુદરતમાં કેવા પ્રકારનો નિયમ જોવામાં આવે છે, તે બતાવીને તેની સાથે આત્માનું સામ્ય દેખાડી આત્મા પણુ બીજા પદાર્થોની માફક નાશવંત છે એવી તકરાર કરવામાં આવે છે. જે જે પદાર્થો અમુકકાળે ઉત્પન્ન થયા છે તેનો અમુક કાળે નાશ પણુ થવોજ જોઇએ એવી એક અત્યંત સામાન્ય દલીલ છે; આથી કરીને જો આત્મા શરીરના અવસાન પછી અસ્તિત્વ ભોગવતો હોય તો શરીરની ઉત્પત્તિ પહેલાં પણુ તેનું અસ્તિત્વ હોવુંજ જોઇએ. આ અનુમાન દોષરહિત છે પણુ એના વડે આત્માના અનંત જીવનના સિદ્ધાંતનું ખંડન થઇ શકતું નથી; એટલુંજ નહિ પણુ તેનાથી તો ઉલટો વિશેષ આધાર મળે છે. આધ્યાત્મિક તેમજ ભૌતિકશાસ્ત્રનો મહા નિયમ છે કે, "કોઇ પણુ પદાર્થની ઉત્પત્તિ તેમજ વિનાશ થઇ શકેજ નહિ." આ નિયમને બરાબર સમજી લેવાની જરૂર છે. એ નિયમને આધારે સર્વ કોઇ સમજી શકશે કે આત્મા શરીરદ્વારા વ્યક્ત થયો તે પહેલાં પણુ અસ્તિત્વમાં તો હોવોજ જોઇએ."

જર્મન તત્ત્વવેત્તા શોપનહોર પોતાના એક ગ્રંથમાં પુનર્જન્મવિષે ચર્ચા કરતાં લખે છે કે;—

"વ્યક્તિને માટે જેમ નિદ્રા છે તેમ મનુષ્યની 'સંકલ્પ' શક્તિને માટે મૃત્યુ છે. એકનું એકજ વ્યક્તિત્વ જો આત્માની સાથે હમેશને માટે જોડાયલું રહે તો તે અનંત કાળપર્યંત કાર્યને લાયક રહી શકેજ નહિ; અને અમુક વખત વીત્યા પછી આત્મા સ્મરણુશકિતને તેમજ પોતાના વ્યકિતત્વની ઉપાધિને ત્યજી દેછે; એનુંજ નામ મહાનિદ્રા છે. એ મૃત્યુરૂપી લાંબી નિદ્રા લીધા પછી પાછો તે જૂદાજ પ્રકારની માનસિક શકિતઓ મેળવીને પુનઃ મનુષ્યરૂપે અવતાર ધારણુ કરે છે. આ પ્રમાણે એક પછી એક અવતાર લેવાની ક્રિયા તે ખરૂ જોતાં સંકલ્પશકિતને માટે જાગૃત સ્વપ્નતુલ્ય છે. એ સંકલ્પશકિત પણુ આત્માની માફકજ અવિનાશી છે; પણુ આત્મા જેમ આગળને આગળ પ્રગતિ કરે છે તેમ અનેકાનેક નવા નવા અવતારોમાં પ્રાપ્ત થતા જ્ઞાનવડે તે એવી તો જ્ઞાનમય બને છે કે અંતે તે શૂન્યરૂપ થઇ જાય છે."

મહાન્ અંગ્રેજ તત્ત્વવેત્તા હ્યૂમ-જો કે નિરીશ્વરવાદી હતો પણ અમરત્વવિષેના નાસ્તિકવાદથી ભરપૂર એવા એક-પોતાના નિબંધમાં લખે છે કે, "આવા પ્રકારના સિદ્ધાંતોમાં પુનર્જન્મનો એકલોજ સિદ્ધાંત એવો છે કે જેની દલીલ તત્ત્વચિંતકો એકદમ ધુતકારી કહાડયા વગર સાંભળી શકે."

લેસિંગ નામનો એક બીજો તત્ત્વવેત્તા એક કવિની આંતરદૃષ્ટિથી આ પ્રશ્નનું અવલોકન કરતાં પૂછે છે કે, "પુનર્જન્મનો સિદ્ધાંત સૌથી વધારે પ્રાચીન છે માટે શું તે હાસ્યાસ્પદ ગણાવો જોઇએ? વિતંડાવાદી તત્ત્વચિંતકોએ એ સિદ્ધાંતને ચૂંથી નાખીને છેક વિત્ત વગરનો કરી મૂક્યો તે પહેલાં સરળપણે વિચાર કરનારા તત્ત્વજ્ઞ પુરુષો એ સિદ્ધાંતને એકદમ માન્ય ગણવા લાગ્યા, તેથી શું તેનું મહત્વ ઓછું થઇ જાય છે? × × × × જ્યાંસુધી નવા નવા અનુભવો અને નવું નવું જ્ઞાન મેળવવાની મારામાં શકિત હોય ત્યાંસુધી તે પ્રાપ્ત કરવામાટે હું શા માટે ફરી ફરીને આ જગતમાં ન આવું? શું એકજ જન્મની અંદર મને આટલું બધું જ્ઞાન અને અનુભવ મળી જાય છે કે બીજીવાર આવવાની જરૂરજ રહે નહિ?"

આત્મા કે જે શરીરની ઉત્પત્તિની અગાઉ અને પછી પણ વિદ્યમાન હોય છે તે ફરી ફરીને અનેક શરીરોમાં પ્રવેશ કરે છે, એ માન્યતાના પક્ષમાં તેમજ વિરુદ્ધમાં અનેક પ્રકારની દલીલો રજુ કરવામાં આવી છે. દરેક યુગના મોટા મોટા વિચારકોએ પુનર્જન્મના સિદ્ધાંતનો બચાવ કરવાનું બીડું ઝડપ્યું છે; અને આપણી બુદ્ધિ આ ગુંચવાડા ભરેલા પ્રશ્નનો ઉકેલ જેટલે અંશે કરી શકે છે તેટલેસુધી જોતાં તો એમજ સમજાય છે કે આત્મા શરીરની ઉત્પત્તિ પહેલાં અસ્તિત્વ ભોગવતો હોવોજ જોઇએ. બૌદ્ધધર્મના "માધ્યમિક" શાખાના વિચારકોના અભિપ્રાય પ્રમાણે એમ સ્વીકારીએ કે આત્મા એક સ્વતંત્ર વ્યકિત નથી પણ "સ્કંધ"નું મિશ્રણ છે; પરંતું તે મતના વિચારકોને પણ પોતાના સિદ્ધાંતને મજબૂત કરવામાટે તેનું પૂર્વનું અસ્તિત્વ તો માન્ય રાખવુંજ પડે છે.

"જેને અનંત અસ્તિત્વ છે તે પદાર્થ કોઇ કાળે પેદા થઇ શકેજ નહિ." એ દલીલ એવી સંગીન છે કે તેનું ખંડનજ થઇ શકે તેમ નથી. "ઈશ્વર સર્વશકિતમાન હોવાથી તે નહિ બનવા જેવાં કાર્ય પણ કરી શકે." એવી દલીલવડે ઉપરની દલીલને તોડવાનો યત્ન કેટલેક ઠેકાણેથી કરવામાં આવે છે, અને મોટા મોટા વિચારશીલ પુરુષોને મોઢેથી પણ જ્યારે આવી બાલિશતાભરેલી અને અસંબદ્ધ દલીલ સાંભળવામાં આવે છે ત્યારે અલબત્ત ઘણો ખેદ ઉત્પન્ન થાય છે.

પ્રથમ તો ઈશ્વર તમામ દૃશ્ય જગતનો એક માત્ર આદિકારણ છે એમ સ્વીકાર્યા પછી મનુષ્યાત્માના ચોક્કસ ધર્મોનું કારણ શોધી કહાડવું એજ મુખ્ય સવાલ ઉત્પન્ન થાય છે; અને એ સઘળા યંત્રવત બન્યે જાય છે એવી માન્યતા તો પુરેપૂરી અસં-

બદ્ધ ઠરે છે. એવા પ્રકારની દલીલ રજુ કરનાર બીજું કાંઇજ નહિ પણ પોતાનું અજ્ઞાનજ પૂરવાર કરે છે. એવી રીતે તો જે જે વિષયોનું આપણે જ્ઞાન ધરાવીએ છીએ તેને લગતી તમામ શંકાઓને તેનો વાજબી ઉત્તર આપ્યા વગર ઉડાવી દેવાય, અને તત્ત્વાનુસંધાનનો અને જ્ઞાનમાત્રનો દરવાજોજ એકસામટો બંધ થઇ જાય.

બીજી રીતે જોતાં, ઈશ્વરના સર્વશકિતમાનપણાની દલીલ કેવળ શબ્દનીજ ભૂલભૂલામણી છે. જેને આપણે કારણ માનીએ છીએ તે જે પરિણામનું વ્યાપક હોય તેટલે દરજ્જેજ તે પરિણામનું અથવા કાર્યનું કારણ હોઇ શકે અને તેટલેજ દરજ્જે આપણે તે સમજી શકીએ. એવી રીતે વિચારતાં આપણને અનંત કાર્યનું–પરિણામનું જેટલું અપૂર્ણ જ્ઞાન છે તેટલુંજ તેના સર્વશકિતમાન કારણરૂપ ઈશ્વરવિષેનું પણ હોઇ શકે. વળી કારણવિષેનો આપણો ખ્યાલ અપૂર્ણ હોવાથી આપણો ઈશ્વરવિષેનો ખ્યાલ પણ અપૂર્ણજ રહી જાય છે. ત્રીજો મુદ્દો એ છે કે જયાંસુધી આપણે ઉપરના પ્રશ્નનો એટલે મનુષ્યાત્માના જૂદા જૂદા ધર્મોનો વધારે સપ્રમાણ ખુલાસો આપી શકતાજ હોઇએ તો પછી "શૂન્યમાંથી વસ્તુનું પેદા થવું" અને "અમુક કાળમાં અનંત પદાર્થનું ઉત્પન્ન થવું" એવી અસંબદ્ધ અને અસંભવિત વાતો રજુ કરવાની જરૂર રહેતી નથી.

આત્માના પૂર્વના અસ્તિત્વની સામે કહેવાતો સંગીન અને મહત્વનો વાંધો એવો બતાવવામાં આવે છે કે ઘણા ખરા મનુષ્યો આ વાતથી તદ્દન અજાણ્યાં છે. જેઓ આ તકરારને સાચી માને છે તેમનીજ ફરજ છે કે મનુષ્યાત્માનું તમામ અસ્તિત્વ તેની સ્મરણશક્તિમાંજ સમાયેલું છે એમ તેમણે સાબીત કરી બતાવવું. જો સ્મરણ એજ માત્ર પૂર્વના અસ્તિત્વનો પૂરાવો હોય તો આપણા જીવનનાં જેટલાં જેટલાં વર્ષોનો ઇતિહાસ આપણને અત્યારે યાદ નથી તે તે વર્ષોમાં આપણે જીવ્યાજ નથી એમ માનવું પડે ! વળી જે જે લોકો મૂર્છાને લીધે અથવા બીજા કોઇ કારણથી પોતાનો પાછલો ઇતિહાસ ભૂલી ગયા હોય તો તે પણ અસ્તિત્વ ભોગવતાજ ન હતા એમ માનવું પડે !

આત્માનું પૂર્વકાળમાં અસ્તિત્વ હોવું જોઇએ એવું અનુમાન જે મુદ્દાઓને આધારે તત્ત્વવેત્તાઓ કરે છે તે નીચે પ્રમાણે છેઃ—

પ્રથમ તો જગત્માં એકબીજાં મનુષ્યો વચ્ચે અનેક પ્રકારની ભિન્નતાઓ જોઇએ છીએ તેનું કારણ શું ? ન્યાયી અને પરમદયાળુ પરમેશ્વરના રાજ્યમાં એક બાળક એવા અનુકૂળ સંજોગોમાં જન્મે છે કે જેથી કરીને તે પરિણામે જનસમાજને ઘણું ઉપયોગી અને લાભદાયક નીવડે છે, ત્યારે તેજ ઘડીએ અને કદાચ તેજ શહેરમાં બીજું બાળક એવા પ્રતિકૂળ સંજોગોમાં અવતરે છે કે જેથી કરીને તે કોઇ પણ રીતે ઉત્તમ મનુષ્ય બની શકેજ નહિ. વળી આપણે એવા પણ બાળકોના દાખલા જોઇએ છીએ કે જેઓ તેમની પોતાની લેશમાત્ર પણ કસુર વગર આખી

જિંદગીસુધી દુઃખજ ભોગવ્યા કરે છે. આમ હોવાનું કારણ શું? શા માટે એમ થવું જોઇએ? એ કોના અજ્ઞાનનું અથવા પાપનું પરિણામ છે? જો પોતાના સંજોગોને માટે બાળક પોતેજ જવાબદાર ન હોય તો પછી તેના માબાપનાં સારાં અથવા માઠાં કર્મનાં ફળ તે તેણે શામાટેજ ભોગવવાં જોઇએ?

આ જગત્માં તે જેટલું દુઃખ વેઠે છે તેના પ્રમાણમાં પરલોકમાં તેને વિશેષ સુખ અને આનંદ ભોગવવાની તક મળે છે એવો કાચો ઉત્તર આપવો, અથવા તો આ વિષય મનુષ્યબુદ્ધિથી નહિ સમજી શકાય એવો ગહન છે એમ કહીને મૂળ સવાલને ઉડાવી દેવો તે કરતાં આપણું અજ્ઞાન જાહેર કરવું એજ વધારે સારૂં છે. આપણા કોઇપણ અપરાધ વગર બીજા બહારના કોઇપણ કારણને લીધે આપણે દુઃખ વેઠવું પડે એ ન્યાય તેમજ નીતિની વિરુદ્ધ છે; એટલુંજ નહિ પણ એ દુઃખના બદલામાં ભવિષ્યમાં સુખની પ્રાપ્તિ થશે એવી દલીલ પણ ટકી શકતી નથી.

કંગાલ હાલતમાં અને પ્રતિકૂળ સંજોગોમાં જન્મેલાં કેટલાં બધાં ભાગ્યહીન મનુષ્યો વધારે ઉચ્ચ જીવન પ્રાપ્ત કરવાને ફાંફાં મારે છે! છતાં તેઓ જે સંજોગો નીચે મૂકાયાં છે તેમાંથી છૂટી શકતાંજ નથી. જો પ્રતિકૂળ સંજોગોમાં જન્મેલાં મનુષ્યોને વધારેને વધારે અધોગતિએ જવું પડે તો તેથી શું ભવિષ્યમાં તેમની નીચતાના બદલામાં તેમને સુખ મળવુ જોઇએ? જો એમજ હોય તો પછી આ જગત્માં જેમ માણસ વધારે પાપી તેમ પરલોકમાં વધારે આનંદનો ભોક્તા થવો જોઇએ.

મનુષ્ય આત્માનું સ્વાતંત્ર્ય અને તેની ભવ્યતા સિદ્ધ કરવાને માટે અને આ જગત્માં જે જે ભિન્નતાઓ અને ભયાનક દોષો જોવામાં આવે છે, તેનું સમાધાન કરવાને માટે એકજ રસ્તો છે કે એ સઘળાની તમામ જવાબદારી ન્યાયસર તેના કર્તા ઉપર એટલે કે આપણા પોતાના સ્વતંત્ર કર્મ ઉપરજ મૂકવી. શૂન્યમાંથી આત્માની ઉત્પત્તિ થાય છે એવી દલીલ કરવામાં પણ પ્રારબ્ધવાદ અને નિર્ણયવાદને સ્વીકારવાજ પડે છે અને દયાળુ પરમેશ્વરને ઠેકાણે ભયંકર, નિર્દય અને કદિ પણ પ્રસન્ન ન થાય એવા પરમેશ્વરનું પૂજન કરવાનું ઠરે છે. વળી ઇશ્વરે આત્માને ઉત્પન્ન કર્યો છે એ સિદ્ધાંત તથા એમાંથી ઉદ્‌ભવતા પ્રારબ્ધવાદ અને નિર્ણયવાદને લીધે પણ ખ્રિસ્તી અને મુસલમાન પ્રજાઓમાં એક એવી ભયંકર ભાવના દાખલ થવા પામી છે, કે તેઓના ધર્મને નહિ સ્વીકારનાર અન્ય પ્રજાઓની કતલ કરવી એ પણ વાજબીજ લાગી છે અને તેનેજ લીધે જગત્માં અનેક દાવાનળ સળગ્યા અને હજી પણ સળગે છે.

પણ પુનર્જન્મના સિદ્ધાંતના બચાવમાં નૈયાયિક પંડિતો જે એક બીજી દલીલ રજુ કરે છે તે અમને ઘણી સચોટ લાગે છે કે આપણા અનુભવોનો કદિ નાશ થઇ શકે નહિ. આપણાં કર્મ જો કે દેખીતી રીતે તિરોભાવને પામ્યાં હોય એમ લાગે છે; તોપણ તેઓ અદૃષ્ટરૂપે રહે છે અને છેવટે તેઓ આપણી પ્રવૃત્તિરૂપે પ્રકટ થાય

છે. દાખલાતરીકે નાનાં બાળકો પણ અમુક પ્રકારની વૃત્તિઓને લઇનેજ અવતરે છે.

જો વારંવાર થતાં કર્મને પરિણામે અમુક પ્રકારની વૃત્તિઓ બંધાતી હોય તો તે વૃત્તિઓ આપણામાં જન્મથી જોવામાં આવે છે તેનું કારણ પણ આ ઉપરથી સમજાવી શકાય એમ છે. આપણી જન્મસિદ્ધ વૃત્તિઓ આ જન્મમાં તો પ્રાપ્ત થઇજ નથી, તેથી કરીને તેમની ઉત્પત્તિ પૂર્વના કોઇક જન્મમાં થયેલી હોવી જોઇએ. વળી આપણી કેટલીક વૃત્તિઓ ખાસકરીને મનુષ્યજાતિનાજ સંકલ્પજનિત કાર્યના પરિણામરૂપ હોય એમ સ્પષ્ટ જણાય છે. હવે એવી કેટલીક વૃત્તિઓ જો આપણામાં જન્મથીજ હોય તો જે કર્મવડે એ વૃત્તિઓ ઉત્પન્ન થઇ તે કર્મ આપણે ભૂતકાળમાંજ કર્યાં હોવાં જોઇએ; એટલે કે આપણે આ જન્મ ધારણ કર્યો ત્યાર પહેલાં પણ મનુષ્યકોટિમાં હોવાં જોઇએ.

આપણી હાલની જિંદગીમાં જે વૃત્તિઓ જોવામાં આવે છે તેનું મૂળ કારણ પૂર્વકાળનાં સંકલ્પજનિત કાર્યો હોવાં જોઇએ. એટલી બાબતમાં ભરતખંડના પુનર્જન્મવાદીઓ તેમજ હાલના પાશ્ચાત્ય ઉત્ક્રાંતિવાદવાળા પંડિતો એકજકામત ધરાવે છે. ફેર માત્ર એટલોજ છે કે હિંદુ પંડિતો આત્માના અસ્તિત્વામાં શ્રદ્ધાવાન્ હોવાથી તેઓ એ વૃત્તિઓને આત્માએ પૂર્વકાળમાં કરેલા પ્રયત્નોના પરિણામરૂપ માને છે; ત્યારે ઉત્ક્રાંતિવાદવાળા પંડિતો જડવાદી હોવાને લીધે એવું માને છે કે હાલના મનુષ્યોના પૂર્વજોએ લીધેલા અનુભવોના વંશપરંપરાથી ઉતરી આવતા પરિણામરૂપ એ વૃત્તિઓ છે. આત્મા શૂન્યમાંથી ઉત્પન્ન થયો છે એવા સિદ્ધાંતને માનનારાઓને તો આ જમાનામાં જગ્યાજ આપી શકાતી નથી.

હવે યુદ્ધ માત્ર બે પક્ષ વચ્ચે છે. એક બાજુએ પૂર્વજન્મોના સંચિત કરેલા અનુભવોના પરિણામરૂપે આત્મામાં અમુક પ્રકારની વૃત્તિઓ ઉદ્‌ભવે છે અને એ અનુભવોનો કર્તા તેમજ હાલની વૃત્તિઓનો માલીક એકજ, અભિન્ન આત્મા હોવાનું માનનારા પુનર્જન્મવાદીઓ છે; અને બીજી બાજુએ "મનુષ્યની તમામ વૃત્તિઓનું મૂળ યંત્ર તેનું મગજ છે અને એ વૃત્તિઓનું મૂળ કારણ તેના પૂર્વજોથી પ્રાપ્ત થયેલા સૂક્ષ્મ જીવનકોષ છે" એવું માનનારા જડવાદીઓ છે. હવે આ બે પક્ષમાંથી અંતે કોનો વિજય થશે તેટલુંજ માત્ર જોવાનું છે.

પુનર્જન્મ અને વંશપરંપરાગત જીવનકોષની પ્રાપ્તિ એ બે વચ્ચેનું યુદ્ધ તે ખરૂં જોતાં ચેતનવાદ અને જડવાદનુંજ યુદ્ધ છે. જો વંશપરંપરાગત જીવનકોષની પ્રાપ્તિવડે મનુષ્યના તમામ જીવનવ્યાપારનો ખુલાસો થઇ શકતો હોય, તો જડવાદનો પૂરેપુરો વિજય છે અને આત્માના અસ્તિત્વને માનવાની કશી જરૂર નથી; પરંતુ જો પૂરેપુરો ખુલાસો ન થઇ શકતો હોય તો પૂર્વ કાળના અનુભવોના સંસ્કાર આ જન્મમાં આત્મા ધારણ કરે છે એ સિદ્ધાંતજ નિર્વિવાદપણે સાચો માનવો પડે છે.

આ પ્રમાણે એક બાજુએ જડવાદ છે અને બીજી બાજુએ પુનર્જન્મવાદ છે. ત્રીજો માર્ગ નથી. આ બેમાંથી કયો સિદ્ધાંત ગ્રહણ કરવો તેનો આપણેજ વિચાર કરી લેવો.

वर्तमान हिंदुस्तान

(૧૮૯૯ ના માર્ચમાં ઉદ્‌બોધનને માટે સ્વામીજીએ લખેલા બંગાળી લેખનું ભાષાંતર)

વૈદિક પુરોહિતો પોતે યજ્ઞ સંબંધી મંત્રો જાણતા અને તેથી કરીને તેઓ બીજા કરતાં શ્રેષ્ઠ મનાતા. આ મંત્રોના પ્રભાવવડે દેવતાઓ તેમના સ્વર્ગભુવનમાંથી નીચે ઉતરી આવીને યજમાને× આપેલા ખાદ્ય અને પેય પદાર્થોનો સ્વીકાર કરતા અને તેની મનકામના સંપૂર્ણ કરતા. આથી કરીને રાજા તેમજ પ્રજાવર્ગ બેઉ પોતપોતાના સાંસારિક સુખની પ્રાપ્તિને માટે આ પુરોહિત વર્ગ તરફ આશાની નજરથી જોતા. સોમવલ્લિનું÷ પુરોહિત લોકો પૂજન કરતા અને મંત્રોચ્ચારના બળવડે એ વેલી વધતી. વળી દેવોને પણ યજમાને અપર્ણ કરેલો સોમવલ્લિનો રસ ઘણો પ્રિય હોવાથી તેઓ યજમાન તરફ કૃપા રાખતા અને તેની મનકામના પૂર્ણ કરતા. આ પ્રમાણે પુરોહિતો દેવોની કૃપાને લીધે ઘણા બળવાન બની ગયા અને માનુષી શક્તિને તુચ્છ લેખવા લાગ્યા; કારણ કે દેવોના બળ આગળ મનુષ્યબળનું શું ગજું ? જગત્ ઉપર તમામ પ્રકારની સત્તા ધરાવનાર મોટા મોટા રાજાઓ પણ પુરોહિતો આગળ હાથ જોડી ઉભા રહેતા. પુરોહિતોનો કૃપાકટાક્ષ મોટામાં મોટી મદદદ મનાતી, તેનો સામાન્ય આશીર્વાદ રાજ્યના અર્થભંડાર જેટલો કિંમતી મનાતો; અને દુનિયાના કોઇ પણ પદાર્થ કરતાં તેની કિંમત વધારે ઉંચી અંકાતી. પુરોહિતો કોઇવાર મૃત્યુ અને વિનાશથી ભરપૂર કાર્યોમાં સામેલ થવાનો રાજાને આદેશ કરતા; કોઇવાર મિત્રની માફક તેને ડહાપણ ભરેલી સલાહ આપતા; કોઇવાર ઘણીજ કુટિલ અને સૂક્ષ્મ રાજ્યતંત્રની જાળ પાથરીને તેમાં રાજાને સહેલાઇથી પકડી લેતા. આ પ્રમાણે અનેકવિધ કાર્યોમાં કુશળ બનેલા પુરોહિતોએ રાજસત્તાને સ્વાધીન કરી લીધી હતી, એ ઉપરાંત રાજાને તેમની વધારે દહેશત એટલા માટે લાગતી કે તેની પોતાની, તેના કુટુંબની અને તેના પૂર્વજોની કીર્તિ પુરોહિતની કલમના એક સપાટાની સાથે સ્થાપિત થાય અથવા હમેશને માટે ભુંસાઇ જાય એમ હતું; કારણ કે ઇતિહાસ લખનાર

× યજ્ઞ કરનાર.

÷ વેદમાં સોમવલ્લિનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવે છે. યજ્ઞ કરતી વખતે આ છોડવાનો રસ દેવોને આપવાનો રિવાજ હતો.

પણ પુરોહિતોજ હતા. ભલેને, કોઇ રાજા મહા શક્તિશાળી હોય પોતાની કારકીર્દી દરમ્યાન ઘણી કીર્તિ પ્રાપ્ત કરી હોય અને પ્રજાને પોતાના પુત્રપુત્રી સમાન ગણતો હોય; છતાં પણ જો તેણે પુરોહિત વર્ગની કૃપા પ્રાપ્ત ન કરી તો તેનો યશ તેના મૃત્યુની સાથેજ હમેશને માટે ભુંસાઇ જવાનો, અને આખા જગતે જેને સન્માન આપવું જોઇએ એવા તેના સર્વોત્કૃષ્ટ ગુણો અને ઉપયોગિતા કાળની મહાગુફામાં દટાઇ જવાની. બીજા હાથપર જે રાજાઓ ઘણાં વર્ષ સુધી ચાલે એવા મોટા પાયા ઉપર યજ્ઞો આદરે, અશ્વમેધ વગેરે યજ્ઞો કરે, અને પુરોહિતો ઉપર દ્રવ્યનો વર્ષાદ વરસાવે તેઓનાં નામ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાતાં. પુરોહિતોના કૃપાપ્રસાદનું એવું ફળ મળતું. પ્રિયદર્શી ચક્રવર્તી સમ્રાટ્ અશોકની ગમે એટલી મહત્તા હોવા છતાં પુરોહિતોના લખેલા ઇતિહાસમાં તો માત્ર તેના નામનો ઇસારોજ કરવામાં આવ્યો છે; અને પરીક્ષિતનો દીકરો જનમેજય જેણે રાજસૂય યજ્ઞ કર્યો હતો તેનું નામ પુરાણોદ્વારા એકે એક હિંદુને પરિચિત છે.

રાજ્યનું રક્ષણ કરવામાટે, પોતાના તેમજ પોતાના વીર સરદારોના વિવિધ પ્રકારના વિલાસોને તૃપ્ત કરવામાટે, અને તે ઉપરાંત સર્વશક્તિમાન્ પુરોહિતોને સંતુષ્ટ કરવામાટે પોતાની તિજોરી સભ્ભર કરવાને–જેમ સૂર્ય પૃથ્વીમાંથી ભેજ ચૂસી લે છે તેમ–રાજા પોતાની રૈયતની દોલત ચૂસી લેતા. બ્રાહ્મણો કરમુક્ત હતા, શૂદ્રો તો દાસ હતા તેથી કરીને રાજાની દૂઝણી ગાયો, તેમનો ખાસ શિકાર એકલા વૈશ્યો એટલે કે ખેડુતો, પશુપાલકો અને વ્યાપારીઓજ હતા.

હિંદુ તેમજ બૌદ્ધ રાજાઓના વખતમાં પ્રજાવર્ગે રાજ્યવહીવટમાં ભાગ લીધો હોય એવું જોવામાં આવતું નથી. યુધિષ્ઠિર જેવા કેટલાક શાણા રાજાઓ વૈશ્યો અને શૂદ્રોને ઘેર જતા એ વાત પણ ખરી છે; અયોધ્યાની ગાદી ઉપર યુવરાજ તરીકે રામચંદ્રનો અભિષેક કરવાની પ્રાર્થના પણ રૈયત તરફથીજ થઇ હતી; વળી સીતાની વર્તણુક ઉપર ટીકા પણ રૈયતેજ કરી હતી; પરંતુ રાજ્ય વહીવટના બંધારણમાં એક નિયમ તરિકે પ્રજાને પોતાનો મત સીધીરીતે દર્શાવવાનો હક્ક આપવામાં આવ્યો હતોજ નહિ. પ્રજાવર્ગનું બળ કોઇ પણ પ્રકારની પદ્ધતિ વગર અને ઘણીવાર પરોક્ષ તેમજ અવ્યવસ્થિતપણે બહાર આવવાની કોશીષ કરતું. લોકોને હજી પોતાની સત્તાનું ભાન થયું ન હતું; તેમજ પ્રજાએ પોતાના બળને એકત્ર કરીને એક દિશામાં સંપસંપીને કામ કરવાનો કદિ પ્રયત્ન કર્યો ન હતો અને તેમ કરવા જેટલી તેમનામાં દૃઢતા પણ ન હતી. જે પ્રકારની શકિત અને ચાતુર્યવડે નાનાં છૂટાં છવાયાં બળને એકત્ર કરીને તેમાંથી મહાબળવાન્ શકિતનો ઓઘ ઉત્પન્ન કરાય છે, તે બાબતનું તેમને લેશમાત્ર પણ જ્ઞાન ન હતું.

આ વસ્તુસ્થિતિ યોગ્ય નિયમોને અભાવે હતી તેમ ન હતું. નિયમો તો હતા,

પદ્ધતિઓ હતી, રાજ્યના વિવિધ અંગોની પરિચાલનામાટે જૂદા જૂદા નિયમો સ્પષ્ટરીતે ઘડવામાં આવ્યા હતા; તેમજ મહેસુલ ઉઘરાવવામાટે, લશ્કરની વ્યવસ્થા માટે, ન્યાય ખાતાના વહીવટને માટે ઝીણામાં ઝીણી વિગતો વિચારીને નિયમો બાંધવામાં આવ્યા હતા; પણ ઋષિની આજ્ઞા કે જે પ્રમાણભૂત મનાતી હતી અને જે ઋષિના મધ્યસ્થપણા મારફતે પ્રકટ થએલી સાક્ષાત્ ઈશ્વરનીજ આજ્ઞા હતી તેના ઉપર એ સર્વનો આધાર હતો. એ કાયદાઓ ઘણા સખત અને સ્થિતિસ્થાપકતા વગરના હતા એમ કહીએ તો ખોટું નથી. આવા સંજોગોમાં લોકો પ્રજાવર્ગના સામાન્ય કલ્યાણના કોઈ પણ હેતુની સિદ્ધિને માટે એકત્ર થઈને કામ કરતાં શીખે, અથવા રાજાએ રૈયત પાસેથી અનેક પ્રકારના કર લઈને ભરેલી તીજોરી ઉપર પ્રજાનો હક્ક છે એવો ખ્યાલ પણ તેઓ બધા મળીને કરી શકે, રાજ્યની આવક અને ખર્ચ ઉપર અંકુશ રાખવાને પ્રજાને પોતાના પ્રતિનિધિ મોકલવાનો હક્ક છે એવી અભિલાષા પણ તેમના હૃદયમાં જન્મે તેવો સંભવ ન હતો; કારણ કે પ્રજાએ એવી વાતોમાં શામાટે વચ્ચે પડવું જોઈએ? રાજ્યની આબાદી અને સુસ્થિતિમાટે ઋષિલોકોને દેવો તરફથી મળતી સૂચનાઓ બસ નથી?

વળી કાયદાઓ તો હતા પણ તે ચોપડીઓમાં હતા. ચોપડીઓમાં લખેલા કાયદાઓ અને તેના વાસ્તવિક અમલની વચ્ચે આસમાન જમીનનો તફાવત હતો; કારણ કે કાયદાઓનો ઉપયોગ કરનાર રાજાઓજ હતા. સ્વાર્થપરાયણ રાજાઓ તેનો ગમે તેમ અમલ કરતા અને તેને અંકુશમાં રાખનાર પ્રજાના અવાજનું બળ હતું નહિ. રામચંદ્ર જેવા પ્રજાહિતૈષી રાજાઓ હતા; પરંતુ +અગ્નિવર્ણ જેવા હજારો રાજાઓ ઉત્પન્ન થયા પછી એકાદ રામચંદ્ર દર્શન આપતો હતો અને * ચંડાશોક જેવા અનેક રાજાઓ થઈ ગયા પછી એકાદ * ધર્માશોક જન્મ લેતો. પ્રજાને નવજીવન આપનાર અકબર જેવા નૃપતિઓ વિરલ છે; પરંતુ તેમનું રુધિર ચૂસી જનાર ઔરંગઝેબ જેવા અનેક હોય છે. કદાચ બધા રાજાઓ યુધિષ્ઠિર, રામચંદ્ર, ધર્માશોક અને અકબર જેવા દેવાંશી, હોઈ તેમના માયાળુ છત્ર નીચે પ્રજા સુખી અને સુરક્ષિત હોય અને તેઓ પ્રજાને પોતાના બાળકની માફક સંભાળતા હોય, તોપણ જે બાળક

+ એ સૂર્યવંશી રાજા હતો. તે પોતાના અંતઃપુરની બહાર નીકળતોજ નહિ. રાજાનાં દર્શન કરવાને ઉત્સુક પ્રજા વર્ષમાં અમુક દિવસ રાજા અંતઃપુરની બારીએથી પોતાનો પગ બહાર કાઢે તેનાં દર્શન કરીને સંતોષ માનતી. એ રાજા અત્યંત વિષયાસક્તિથી ઉત્પન્ન થયલા ક્ષયરોગથી મરણ પામ્યો હતો.

* એ બેઉ એકજ અશોકનાં નામ છે. શરૂઆતમાં તેણે પોતાના ભાઈઓને મારી નંખાવ્યા તેથી તે ચંડાશોક કહેવાયો; પણ પાછળથી તેના જીવનમાં પરિવર્તન થતાં તેણે અનેક ધર્મકાર્યો કર્યાં તેથી તે ધર્માશોક કહેવાવા લાગ્યો.

માની કેડેજ બેસીને ફર્યા કરે અને માનોજ આપેલો કોળીઓ ખાયા કરે, તેનામાં ચાલવાની અને પોતાનો ખોરાક પોતાને હાથે ખાવાની શક્તિ આવતી નથી. જે માણસ હમેશાં બીજાના રક્ષણ નીચે રહે છે તેનામાં સ્વસંરક્ષણ કરવાની શક્તિ સારી રીતે જાગૃત થઇ શકતીજ નથી. શરીરે અત્યંત બળવાન અને તરુણ પુરુષ પણ જો તેનાં માબાપ તેનું નાના બાળકની માફક જતન કર્યા કરે તો ગમે એટલો મોટો હોય તોપણ સ્વભાવે બાળક જેવોજ રહે છે. લાંબા કાળથી આપણા દેશમાં ઘણાખરા દેવાંશી રાજાઓ રાજ્ય કરતા હોવાથી અને રૈયતનું રક્ષણ અને પોષણ કરવાનું કામ તેમને એકલાનેજ સોંપેલું હોવાથી, પ્રજાવર્ગને સ્વરાજના પાઠ ભણવાનો પ્રસંગ મળતો ન હતો. એવી પ્રજા પોતાની જરૂરની દરેક વસ્તુને માટે રાજા ઉપરજ આધાર રાખતી હોવાથી અને પોતાના સામાન્ય સંરક્ષણ અને કલ્યાણને માટે તેમને પ્રયત્ન કરવાની જરૂર ન હોવાથી ધીમે ધીમે બળ અને ચેતન વગરની થતી ગઇ.

જ્યારે કોઇ પણ દેશનો રાજ્યવહીવટ મહાન્ દ્રષ્ટાઓ અને ઋષિઓની ઇશ્વરીય બુદ્ધિથી પ્રેરાયલાં જ્ઞાનના પરિપાકરૂપ શાસ્ત્રોની મર્યાદાનુસાર ઘડાયલા કાયદાઓ પ્રમાણે ચલાવવામાં આવે, તો એવી રાજ્યપદ્ધતિથી તવંગર તેમજ ગરીબનું, જ્ઞાની તેમજ અજ્ઞાનીનું, રાજાનું અને રૈયતનું—સર્વનું કલ્યાણ થવુંજ જોઇએ; પણ આપણે જોઇ ગયા છીએ કે એ કાયદાઓનો વ્યાવહારિકરીતે નહિ જેવો અમલ થાય છે. પોતાના દેશના રાજ્યકારભારમાં રૈયતનો અવાજ હોવોજ જોઇએ એવું આધુનિક પાશ્ચાત્ય પ્રજાઓનું રાજનૈતિક સૂત્ર મનાઈ ચૂક્યું છે; અને જેની છેલ્લી ગર્જના અમેરિકાના સ્વતંત્ર થયલાં રાજ્યોએ મેઘગંભીર સ્વરે જગતને સંભળાવી હતી કે, " આ દેશના લોકનું રાજ્યતંત્ર લોકોવડે અને લોકોના કલ્યાણને માટેજ ચાલવું જોઇએ. " આ સિદ્ધાંતનો હિન્દુસ્તાનના પ્રાચીન ઇતિહાસમાં પૂરેપૂરો અસ્વીકાર થતો હતો એમ તો કહી શકાયજ નહિ. આ દેશમાં આવી ગયલા ગ્રીક તેમજ બીજા પ્રવાસીઓએ ઘણાં છૂટાં છવાયાં નાનાં સ્વતંત્ર રાજ્યો જોયાં હતાં અને બૌદ્ધ સાહિત્યમાં પણ એવી મતલબના ઘણા ઉલ્લેખ જોવામાં આવે છે. હિન્દુસ્તાનમાં ઘણાં ગામડાંઓમાં હજી પણ પંચાયતનું જે ધોરણ જોવામાં આવે છે તેમાં વધારે નહિ તો સ્વરાજ્યનું બીજ તો હતુંજ; પણ કમનસીબે એ બીજ હમેશાં બીજની દશામાંજ રહ્યું. તે જમીનમાં વવાયું ખરૂં, પણ તેમાંથી વૃક્ષ ઉદ્ભવ્યું નહિ. સ્વરાજ્યની આ ભાવના બીજરૂપ અવસ્થામાંથી આગળ વધવા પામી નહિ અને જનસમાજમાં તેનો પ્રચાર પણ થયો નહિ. ધાર્મિક સંસ્થાઓ તરફ નજર કરીશું તો બૌદ્ધધર્મના ભિક્ષુઓના મઠમાં સ્વરાજની ભાવનાનો પૂર્ણ વિકાસ થયો હતો એની પુષ્કળ સાબીતી મળી આવે છે. હજી પણ આ પંચાયતનું ધોરણ અને સ્વરાજના સિદ્ધાંતો નાગા સાધુઓના સંપ્રદાય ઉપર કેવો અધિકાર ભોગવે છે, તેઓ " પંચની સત્તા " ને કેવું

સન્માન આપે છે, તેના પોતાના મંડળની મર્યાદામાં દરેક સાધુના વ્યક્તિસ્વાતંત્ર્યના હક્ક કેવા જળવાય છે, અને તેમણે અંદર અંદર એકત્ર થઇને કાર્ય કરવાનું કેવું સુવ્યવસ્થિત ધોરણ રચ્યું છે, તે જોઇને આપણને અજાયબી થયા વગર રહે નહિ.

બૌદ્ધધર્મનો આવિર્ભાવ થતાં આખા દેશ ઉપર જે પ્રબળ પ્રવાહ વહેવા લાગ્યો હતો તેના આઘાતથી પુરોહિતોની સત્તા નિર્મૂળ થઇ ગઇ અને રાજ્યસત્તા વધારે બળવાન બનતી ગઇ. બૌદ્ધ સાધુઓ સંસાર ત્યાગી હતા અને વસ્તીની બહાર મઠમાં રહેતા હોવાથી તેઓ સંસાર અને રાજકાર્યને લગતી બાબતોમાં લેશમાત્ર પણ માથું મારતા નહિ. શાપની ધમકી આપીને અને મંત્રપ્રયોગથી અસાધારણ રીતે બળવાન બનાવેલા બાણવડે રાજસત્તાને પોતાના પગ નીચે રાખવાની તેમને ઇચ્છા પણ નહતી; તેમ એ દિશામાં તેમણે યત્ન સરખો પણ કર્યો ન હતો. તેમનામાં સંકલ્પશક્તિનો અંશ રહેવા પામ્યો હોય તોપણ તેને સિદ્ધ કરવાનું કામ તો અસંભવિતજ થઇ પડયું હતું, કારણ કે બૌદ્ધધર્મે સોમરસનું પાન કરનારા અને બલિનો ભક્ષ કરનારા દેવોને તેમના પદ ઉપરથી ગબડાવી પાડયા હતા અને તેમની શ્રેષ્ઠતાનું ખંડન કરી નાખ્યું હતું. બુદ્ધની અવસ્થા બ્રહ્મા અને ઇંદ્રની અવસ્થા કરતાં પણ અનેકગણી શ્રેષ્ઠ છે, મોટા મોટા દેવો પણ એવી અવસ્થાએ પહોંચેલા મહાપુરુષની પૂજા કરવાને સ્પર્ધા કરે છે; એ અવસ્થા પ્રાપ્ત કરવાનો મનુષ્યમાત્રનો જન્મસિદ્ધ હક્ક છે; એ અવસ્થા સર્વને માટે ખુલ્લી છે અને તે વર્તમાન જીવનમાંજ પ્રાપ્ત કરી શકાય છે, એવો બાૌદ્ધધર્મ સ્પષ્ટ અવાજ બોધ કરતો હતો. આવી રીતે દેવોની પદવી ઉતરી પડી એટલે પુરોહિતોની શ્રેષ્ઠતા કે જે દેવો ઉપરજ આધાર રાખતી હતી તે સ્વાભાવિક રીતેજ લુપ્ત થઇ ગઈ.

તેજ પ્રમાણે રાજસત્તારૂપી બળવાન્ યજ્ઞ જેવા અશ્વની લગામ પણ હવે વૈદિક પુરોહિતોના મજબૂત હાથમાંથી છૂટી બનીને પોતાની મરજીમાં આવે તેમ નિરંકુશપણે વર્તન કરવા લાગી. એ જમાનામાં રાજસત્તાનું કેન્દ્ર યજુર્વેદના મંત્રોચ્ચાર કરીને યજ્ઞ કરાવનારા અને સામવેદના મંત્રો ગાનારા પુરોહિતોના હાથમાં ન હતું. તેવીજ રીતે એક બીજાથી અલગ થયલાં નાનાં સ્વતંત્ર રાજ્યો ઉપર રાજ્ય કરનારા ક્ષત્રિઓના હાથમાં પણ ન હતું. હિન્દુસ્તાનના એક છેડાથી બીજા છેડાસુધી જેના રાજ્યનો વિસ્તાર હતો અને જેમનાં વિશાળ સામ્રાજ્યોની સીમા મહાસાગરવડે બંધાતી હતી, એવા ચક્રવર્તી રાજાઓના હાથમાં હવે રાજસત્તા આવી હતી. આ જમાનાના યુગનાયકો હવે વિશ્વામિત્ર કે વસિષ્ઠો ન હતા, પણ ચંદ્રગુપ્ત અને અશોક જેવા પરાક્રમશાળી રાજવીરો હતા. બૌદ્ધયુગમાં ભરતખંડ ઉપર સાર્વભૌમ રાજ્ય સ્થાપન કરનાર નૃપતિઓએ જેટલી દેશની કીર્તિ વધારી હતી, તેટલી બીજા કોઇ પણ યુગમાં કોઇ પણ નૃપતિએ વધારી નથી. આ યુગનાં છેવટનાં

વર્ષોમાં પાછો રજપુતોની સત્તાનો ઉદય થાય છે અને હિન્દુધર્મના વર્તમાન સ્વરૂપનું દર્શન થાય છે. બૌદ્ધધર્મની પડતી થયા પછી રજપુતોની સત્તાનો ઉદય થતાં ભરતખંડની રાજ્યસત્તા, જેણે અત્યારસુધી નિષ્કલંક કીર્તિ પ્રાપ્ત કરી હતી, તે હજારો નાનાં નિર્બળ રાજ્યોમાં વિભક્ત થઇ ગઇ.

આ પ્રમાણે રાજ્યદંડ રજપુત રાજાઓના હાથમાં આવતાં પુરોહિત વર્ગે ફરીથી પોતાનું ગુમાવેલું સ્થાન પ્રાપ્ત કરી લીધું ખરૂં, પણ તે રાજ્યસત્તાના પ્રતિસ્પર્ધી તરીકે નહિ, પરંતુ તેના સહાયક તરીકેજ તેઓ વર્તન કરી શકતા હતા. પુરોહિતો અને મુકુટધારી રાજાઓ વચ્ચે પોતપોતાની શ્રેષ્ઠતા સ્થાપન કરવાના ઇરાદાથી જે લડત વેદના કાળમાં શરૂ થઇને અનેક જમાના થયાં ચાલી આવી હતી, અને જૈનો અને બૌદ્ધોએ કરેલા પરિવર્તન દરમ્યાન જે પૂર જોસમાં મચી રહી હતી તેનો હવે હમેશને માટે અંત આવ્યો. પુરોહિતો અને રાજાઓ, જેઓ આખા દેશમાં સર્વથી વિશેષ સત્તાવાન્ હતા તેઓ હવે એક બીજાને અનુકૂળ થવા લાગ્યા. પણ હવેના રાજાઓમાં અસલના રાજાઓનું ક્ષાત્રતેજ અને વીર્ય, તેમજ બ્રાહ્મણોમાં તેમના પૂર્વજોનાં બ્રહ્મવર્ચસ્ અને તપશ્ચર્યા, એમાંનું કશું રહ્યું ન હતું. એ બેઉ જાતિએ પોતપોતાના મૂળ સ્વાભાવિક ગુણો ગુમાવ્યા હતા. એથી કરીને સ્વાભાવિક રીતે જે પરિણામ આવવું જોઇએ તે પ્રમાણે આ બેઉ શક્તિઓનો સંયોગ થવાથી તેમનો ઉપયોગ એક બીજાના સ્વાર્થની તૃપ્તિમાં થવા લાગ્યો, અને બેઉના સામાન્ય શત્રુઓ જે તે વખતના બૌદ્ધ લોકો હતા તેનો વિનાશ કરવામાં અને એવીજ જાતનાં બીજાં કેટલાંક કામોમાં તેમની શક્તિનો વ્યય થઇ ગયો. આવા સ્વાર્થી હેતુથી પ્રેરાઇને જે લોકો એકસંપી કરે છે તેઓમાં અમુક પ્રકારના દુર્ગુણો આવ્યા વગર રહેતા નથી. એ નિયમ મુજબ પુરોહિતો તેમજ રાજાઓ જનસમૂહનાં રુધિર ચૂસીને તેમને નિઃસત્વ કરી નાખવાના, શત્રુવર્ગ તરફ વેર રાખવાના, પારકાની મિલ્કતને જોરજુલમથી પચાવી લેવાના વગેરે વગેરે અપરાધો કરવા લાગ્યા. અસલની માફક રાજસૂય અને એવા બીજા યજ્ઞો ફરીથી થવા લાગ્યા, પરંતુ તેઓ હવે સહૃદયતાના અભાવે ઉપહાસજનક થઇ પડયા. પરિણામ એ આવ્યું કે તેઓ દંભી અને ખુશામતીયા અનુયાયીઓના ગુલામો બની ગયા, અને મંત્ર તંત્ર વગેરેને લગતી ક્રિયાઓ અને અનુષ્ઠાનોમાં નિરંતર રચ્યાપચ્યા રહેવાથી મુસલમાનોના આક્રમણ સામે ઘણી સહેલાઇથી પરાજિત થઇ ગયા.

વેદના જમાનામાં પોતાની શ્રેષ્ઠતા સ્થાપન કરવાને પુરોહિત વર્ગે રાજસત્તાની સામે જે કલહ આરંભ્યો હતો અને જે અનેક યુગ સુધી ચાલુ રહ્યો હતો, તેને ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાની અલૌકિક શક્તિ અને બુદ્ધિના બળથી વધારે નહિ તો પોતાની હયાતીસુધી તો વારીજ રાખ્યો હતો. બ્રાહ્મણોની સત્તા જૈન અને બૌદ્ધધર્મે ઉપજાવેલા પરિવર્તન દરમ્યાન હિંદુસ્તાનમાંથી તદ્દન નિષ્ક્રિય થઇ જવા આવી હતી; અથવા

તો બળવાન્ પ્રતિસ્પર્ધી ધર્મોને આધીન થઇને ટગુમગુ થઇ રહી હતી. રજપુતોના ઉદય પછી જ્યારે તેમનું રાજ્ય મિહીરવંશના તથા બીજા રાજાઓના સમયમાં આખા હિન્દુસ્તાનમાં વ્યાપી ગયું હતું, ત્યારે બ્રાહ્મણોએ પોતાની ગુમાવેલી સત્તા ફરીથી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર્યો; અને તેમ કરવા જતાં મધ્ય એશિયામાંથી તુરતની આવેલી અસભ્ય અને ક્રૂર જાતિઓની ખુશામત કરવા લાગ્યા. તેમને રાજી કરવામાટે તેમના અનેક નિંદ્ય અને ભયંકર રિવાજો અને ધર્મવિધિઓને તેઓ દાખલ દેશમાં કરવા લાગ્યા. તે ઉપરાંત આ અજ્ઞાન અનાર્ય લોકોને સહેલાઇથી છેતરવાના કામમાં બ્રાહ્મણો ખંત રાખીને મંડેલા હોવાથી તેમણે નવા નવા મંત્રો અને તંત્રો પણ રચ્યાં, અને તેમને આધારે દેશમાં ઘણી નહિ સમજાય એવી ભેદી ક્રિયાઓ અને વિધાનોને હિન્દુધર્મમાં સ્થાન મળ્યું. તેમ કરવા જતાં તેઓ પોતાનું અસલનું શાણપણ, બળ અને ચેતન તથા લાંબા સમયથી પ્રાપ્ત કરેલી પવિત્રતા એ સઘળું ગુમાવી બેઠા.

તેને પરિણામે તેમણે આખા આર્યાવર્તને ઘણાજ અનીતિવાન્, ભયંકર, નિંદ્ય અને અત્યંત જંગલી જેવા રિવાજોથી પરિપૂર્ણ કરી મૂક્યો, અને એવા રિવાજોને અને વહેમોને તેઓએ પુષ્ટિ આપવાથી તેમને એ કૃત્યને એવી યોગ્ય અચૂક શિક્ષા થઇ, કે તેથી કરીને તેઓ આત્મબળ અને ચેતનરહિત બનીને નિર્બળમાં નિર્બળ બની ગયા. પશ્ચિમ દિશાએથી મુસલમાનોના આક્રમણરૂપી વાવાઝોડાની એક ફૂંક લાગતામાંજ તેમનું આખું બંધારણ ચૂર્ણવિચૂર્ણ થઇ ગયું; તેમાં આશ્ચર્ય જેવું કાંઇ હતુંજ નહિ. આ પ્રમાણે બ્રાહ્મણોના આધિપત્યનો અંત આવ્યો અને તેનો ફરીથી ઉદય થશે કે નહિ તે કહી શકાતું નથી.

મુસલમાનોના અમલ દરમ્યાન બ્રાહ્મણોના છિન્ન ભિન્ન થઇ ગએલા બળને પુનઃ એકત્રિત કરીને તેનું સુગઠન કરવાનો પ્રયત્ન તદ્દન અસંભવિત જેવોજ હતો. મહંમદ પેગંબર પોતે પણ દરેક પ્રકારના પુરોહિત વર્ગના કટ્ટા વિરોધી હતા, અને તેથી તેમણે તેમની સત્તાનો સંપૂર્ણ નાશ થાય એવી આજ્ઞાઓ અને નિયમો ઘડયા હતા. મુસલમાની રાજ્યમાં રાજા પોતેજ પ્રજાનો મુખ્ય ધર્મગુરુ મનાતો હતો; ધાર્મિક પ્રશ્નોમાં પણ તેનો નિર્ણય પ્રમાણભૂત ગણાતો હતો; અને પછી જ્યારે એ રાજાએ ચક્રવર્તી સમ્રાટ્નું પદ પ્રાપ્ત કર્યું ત્યારે તો આખી મુસલમાની આલમ ઉપર આધિપત્ય ભોગવવાની અભિલાષા તેના હૃદયમાં ઉદ્દભવી હતી. મુસલમાની દૃષ્ટિમાં ખ્રિસ્તી અને યાહુદી ઘણા તિરસ્કારને પાત્ર લાગતા ન હતા. બહુ તો તેમને તેઓ અલ્પ શ્રદ્ધાવાન્ ગણતા હતા; પણ હિન્દુઓ તરફ તો તેમનું વર્તન જૂદાજ પ્રકારનું હતું. તેમના અભિપ્રાય પ્રમાણે હિન્દુઓ મૂર્તિપૂજકો અને અત્યંત ઘૃણાપાત્ર કાફરો હોવાથી તેઓ આ લોકમાં પાક મુસલમાનોને હાથે કતલ થવાનેજ યોગ્ય હતા; અને પરલોકમાં તેમને માટે નરકની અનંતકાળ પર્યંત યાતના નિર્માણ થઇ હતી. આવા સંજોગોમાં

મુસલમાન રાજ્યકર્તાઓ બ્રાહ્મણો તરફ ઘણોજ અનુગ્રહ બતાવે તો કદાચ તેમને વગર હરકતે જીવતા રહેવા દે એટલુંજ. ઘણીવાર તો તેમના તરફ આટલી પણ રહેમ નજર ન રાખવી જોઇએ એવો વિચાર તે રાજ્યકર્તાઓને આવી જતો ! જરાક ઉગ્ર અને અસામાન્ય ધર્મભાવનાવાળો મુસલમાન બાદશાહ ગાદીએ આવતો કે તરતજ આ કાફર લોકોની કતલરૂપી રાજસૂય યજ્ઞ (!)નો સમારંભ કરવામાં આવતો.

આ પ્રમાણે તદ્દન જૂદોજ ધર્મ પાળનાર અને જૂદાજ પ્રકારના રીતરિવાજોવાળા વિદેશી રાજાઓના હાથમાં હવે રાજસત્તા આવી, અને બીજી બાજુએથી પુરોહિત વર્ગ સમાજના નિયામક અને શાસકના સત્તાધારી સ્થાન ઉપરથી પદભ્રષ્ટ થઇ ગયો. હવે તો મનુ અને બીજા સ્મૃતિકારોને ઠેકાણે કુરાન અને તેમાં દર્શાવેલા કાયદાઓનો અમલ થવા લાગ્યો હતો. સંસ્કૃત ભાષાના સ્થાન ઉપર ફારસી અને અરબી ભાષાએ અધિકાર કરી લીધો હતો. સંસ્કૃત ભાષા ફક્ત જીતાયલા અને હીણાયલા હિન્દુઓના ધાર્મિક સાહિત્યમાં તથા ધર્મની બાબતોમાંજ વાપરી શકાતી. અપમાનિત થએલા પુરોહિતો અને પંડિતોના વ્યવસાયમાંજ તે મૃતપ્રાય જીવન ગાળવા લાગી. પુરોહિતો પોતે પણ બીજો ઉંચા પ્રકારનો વ્યવસાય ન મળવાથી લગ્ન, શ્રાદ્ધ વગેરે સામાન્ય ક્રિયાઓ કરવામાંજ ગુંથાઇ ગયા, અને તે પણ મુસલમાન બાદશાહો મહેરબાનીની રાહે કરાવવા દે તોજ.

વેદના અને તેની લગોલગ પછીના યુગમાં પુરોહિતોની સત્તાના અત્યંત ભારે દબાણને લીધે રાજસત્તાનો પૂર્ણ આવિર્ભાવ થઇ શકયો ન હતો; તે રાજસત્તા હવે બૌદ્ધધર્મે ઉત્પન્ન કરેલા વિપ્લવને પરિણામે બ્રાહ્મણોનું આધિપત્ય છિન્ન ભિન્ન થઇ જવાથી ભરતખંડમાં પૂર્ણ કળાએ પ્રકાશવા લાગી. બૌદ્ધ સામ્રાજ્યનો ધ્વંસ અને મુસલમાની સત્તાનો ઉદય, એની વચગાળાના સમયમાં રાજસત્તા રજપુતોદ્વારા ફરીથી જોર કરવા લાગી હતી, પણ અંતે તેને નિષ્ફળતા મળી હતી. પુરોહિત વર્ગે વૈદિક યજ્ઞયાગાદિકના જમાનામાં પોતે ભોગવેલા આધિપત્યને ફરીથી પ્રાપ્ત કરવાનો યત્ન કર્યો એજ આ નિષ્ફળતાનું મૂળ કારણ હતું. એટલી મુખ્ય બાબતો વાચકે ગ્રહણ કરી હશે.

બ્રાહ્મણોના આધિપત્યને પદદલિત કરીને મુસલમાન રાજ્યકર્તાઓએ મૌર્ય, આંધ્ર, ગુપ્ત અને ક્ષત્રપવંશીય રાજાઓના સમયની જાહોજલાલીનું ઘણે અંશે ફરીથી દર્શન કરાવ્યું.

આથી કરીને કુમારિલ ભટ્ટ, શંકરાચાર્ય અને રામાનુજાચાર્ય જેવા મહર્ષિઓએ છિન્ન ભિન્ન થએલી બ્રાહ્મણોની સત્તાને ફરીથી સ્થાપિત કરવાને કરેલા યત્નો નિષ્ફળ નીવડયા; અને બ્રાહ્મણોને કેટલાક સમય સુધી રજપુત રાજાઓના શસ્ત્રની સહાય મળ્યા કરવા છતાં પણ જૈન અને બૌદ્ધધર્મોનો ધ્વંસ કરીને બ્રાહ્મણધર્મને સુગઠિત

કરવાને જે જે પ્રયત્નો તેમણે કર્યા, તે બધા મુસલમાની અમલ દરમ્યાન વ્યર્થ ગયા અને તેમની સત્તાને એવો પ્રબળ આઘાત પહોંચ્યો કે તેઓમાં ફરીથી ચેતન પ્રકટાવવાનું સામર્થ્યજ રહ્યું નહિ. આ યુગમાં બ્રાહ્મણો અને રાજકર્તાઓ વચ્ચેનો કલહ બંધ પડી ગયો હતો, પણ રાજાઓ પોતેજ એક બીજા ઉપર આધિપત્ય ભોગવવાને અંદર અંદર લઢીને એક બીજાના બળને ક્ષીણ કરવા લાગ્યા હતા. એ યુગનાં છેવટનાં વર્ષોમાં મુસલમાનોના પ્રાબલ્યની સામે શીખ અને મરાઠાઓદ્વારા હિન્દુધર્મ પુનઃ માથું ઉંચકવા સમર્થ થયો; પરંતુ એ કાર્ય પણ લડાયક જાતિઓએજ આદર્યું હતું અને તેમાં બ્રાહ્મણો તરફથી કશી સહાય મળી ન હતી; તેમજ એ નવી જાગૃતિમાં ભાગ લેવા તેઓ આગળ આવી શકયા નહોતા. બ્રાહ્મણોની સત્તાનો પૂરેપૂરો ધ્વંસ થયાની વિશેષ સાબિતી તો એ હતી કે જ્યારે શીખ લોકો કોઇ પણ બ્રાહ્મણને પોતાના સંપ્રદાયમાં દાખલ કરતા, ત્યારે તેને પોતાનાં બ્રાહ્મણ તરીકેનાં ચિન્હોનો જાહેરમાં ત્યાગ કરવાની અને શીખ સંપ્રદાયનાં ચિન્હો ધારણ કરવાની ફરજ પાડતા હતા.

આ પ્રમાણે બ્રાહ્મણો અને રાજાઓની પરસ્પર વિરુદ્ધ શક્તિઓનો એક બીજા ઉપર યુગના યુગ પર્યંત આઘાત પ્રત્યાઘાત ચાલુ રહ્યા પછી છેવટે થોડાંક સૈકાં સુધી રાજસત્તાએ જય મેળવ્યો ખરો, પણ તે ભરતખંડના ક્ષત્રિય રાજાઓએ નહિ પરંતુ એક વિદેશીય અને વિધર્મી પ્રજાના રાજ્યકર્તાઓએ મેળવ્યો હતો. ત્યારપછી મુસલમાન બાદશાહોના અમલનાં છેવટનાં વર્ષોમાં ભરતખંડના ઇતિહાસની રંગભૂમિ ઉપર એક તદ્દન નવીન અને બળવાન્ પ્રજાએ દર્શન આપ્યું અને તેણે આર્યપ્રજાના જીવન ઉપર ધીરે ધીરે પોતાનો પ્રભાવ પાડવા માંડયો.

આ વિદેશી સત્તા એવી નવીન છે, તેની પ્રકૃતિ અને કાર્યપદ્ધતિ હિંદુસ્તાનની પ્રજાને માટે એવી વિજાતીય છે, તથા તેનો ઉદય અને વિસ્તાર એવી અકલ્પનીય ત્વરાથી થતો ગયો છે, તેમજ તેનું બળ એવું અસામાન્ય અને અજય્ય છે કે જેથી ઘણા થોડાજ વખતમાં તેણે આખા હિંદુસ્તાનને પોતાની સત્તા નીચે કેવી રીતે લાવી નાખ્યો તે વિષે હિંદની પ્રજા આશ્ચર્ય સાથે તર્ક કરવા છતાં હજી પણ એ તેના કાર્યરહસ્યનો ઘણોજ થોડો અંશ જોઇ શકી છે. આ સત્તા કોણ તે હિંદુસ્તાનના લોકોને કહેવું પડે તેમ નથી, તોપણ વધારે સ્ફુટ કરવાને સૂચવીશ કે હું ઇંગ્લંડે સ્થાપેલા ભારતીય સામ્રાજ્યવિષે ઉલ્લેખ કરૂં છું.

ઘણાજ પ્રાચીન સમયથી ભરતખંડની અથાગ દોલત અને રસાળ ભૂમિને લીધે અનેક બળવાન્ વિદેશી પ્રજાઓમાં તેને સ્વાધીન કરવાની લોભવૃત્તિ જાગૃત થઈ હતી, અને ઘણાં સૈકાંઓ થયાં હિંદુસ્તાન વારાફરતી અનેક પરદેશી પ્રજાઓનો શિકાર થતો આવ્યો હતો; એટલે ઇંગ્લંડ પણ આ રસાળ અને સમૃદ્ધ દેશને પોતાનો કરી લે એમાં નવાઇ શી ?

ઘરબાર વગરના, નિર્ધન; પરંતુ આધ્યાત્મિક શક્તિરૂપી પ્રચંડ આયુધથી સજ્જ થએલા, ધર્મતત્ત્વના અગાધ જ્ઞાનથી પ્રતિષ્ઠિત બનેલા અને વિનાશકારી શાપરૂપી અત્યંત ભયાનક શસ્ત્રવડે બળવાન્ બનેલા પુરોહિતો આગળ મોટા મોટા મુકુટધારી નૃપતિઓને ત્રાસથી થરથર ધ્રૂજતા જોવાનો ભરતખંડની પ્રજાને ઘણા જૂના કાળથી અભ્યાસ પડી ગયો હતો. ગર્જના કરતા સિંહને જોઇને જેમ ઘેટાંનું ટોળું ભયગ્રસ્ત થઇને નાસભાગ કરે તેમ ભયસૂચક સૈનિક બળથી મદોન્મત્ત સર્વશક્તિમાન રાજકર્તાઓની નાનામાં નાની આજ્ઞાનું મૂંગે મોંડે પાલન કરવાની તેને ટેવ પડી ગઇ હતી; એટલે ઈંગ્લંડ જેવા દેશના થોડાક એકસંપી વૈશ્યો (વ્યાપારીઓ) વિશાળ સમુદ્રો અને મહાસાગરો ઓળંગીને આવા એક તદ્દન અજાણ્યા પ્રદેશમાં વ્યાપાર અર્થે આવે; ત્યાર પછી પોતાની તીક્ષ્ણ બુદ્ધિ અને ધનના જોરવડે પ્રાચીન અને સુદૃઢ હિંદુ તેમજ મુસલમાન રાજ્યોને પોતાના પક્ષમાં વાળી શકે, અને આખરે એ એઉની મૂર્ખાઇનો લાભ લઇને પોતાના હાથમાં તેમને પૂતળાની માફક નચાવી શકે; એટલુંજ નહિ પણ તેમને પૂર્ણ રીતે અધીન બનાવી શકે. અહીંનાંજ શસ્ત્ર, શૌર્ય અને બુદ્ધિબળનો ઉપયોગ તેમના દેશને સમૃદ્ધ કરવાના કામમાં કરી શકે અને વળી તે દેશના બળવાન અને પ્રતિષ્ઠાવાન્ ઉમરાવોના વંશજો ઈસ્ટ ઇન્ડિયા કંપની નામની વેપારીઓની પેઢીના નોકર તરીકે હિંદુસ્તાનમાં આવવાના સુયોગને પોતાની ઉંચામાં ઉંચી અભિલાષાની પૂર્ણાહુતિ સમજે—આ બધી ઘટનાઓ ખરેખર હિંદુસ્તાનના લોકોને માટે તો નવીન અને આશ્ચર્યકારકજ હતી.

સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો થોડે ઘણે અંશે તમામ મનુષ્યજાતિઓમાં જોવામાં આવે છે અને એ ત્રણ ગુણને લઇને બધીજ સુધરેલી જનસમાજોમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર જાતિઓ હમેશાં બંધાય છે. એ ત્રણે ગુણની વહેંચણી કોઈ પણ જનસમાજમાં એક સરખી નથી થતી તેથી કરીને જૂદા જૂદા દેશોમાં અને જૂદા જૂદા યુગોમાં કોઇવાર એ ત્રણમાંથી અમુક એક, અથવા બે ગુણ ધરાવનારી વ્યક્તિઓની સંખ્યામાં અને સામર્થ્યમાં હમેશાં વધઘટ થતી જોવામાં આવે છે. કોઈ કોઈ દેશમાં ઉપર કહી તે ચાર જાતિઓ પૈકી કોઇ પણ એક જાતિનું પ્રાબલ્ય અને સંખ્યા વધી જાય છે. તેથી કરીને તે બીજી ત્રણ જાતિઓ ઉપર ઉપરીપણું ભોગવી શકે છે. કેટલોક સમય વીતી ગયા પછી વળી એમાંની બીજી કોઇ જાતિ વિશેષ બળશાળી બને છે. પણ જગતના ઇતિહાસનું બારીકીથી અવલોકન કરતાં સમજાય છે કે કુદરતના અમુક કાયદા મુજબ દરેક જનસમાજમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર જાતિઓ વારાફરતી એક પછી એક બળવાન બનીને જગત ઉપર અધિકાર ભોગવે છે.

ચીન, બાબીલન, મિસર અને ખાલ્દિયાની પ્રજાઓ, તથા આર્યો, ઇરાનીઓ,

યાહુદીઓ, આરબો વગેરે તમામ પ્રાચીન પ્રજાઓના ઇતિહાસ જોતાં જણાય છે કે ઇતિહાસના આરંભના યુગમાં ઉપર કહેલી દરેક પ્રજાના બ્રાહ્મણો એટલે પુરોહિતો સાર્વભૌમ સત્તા ભોગવતા હતા. ત્યાર પછી ક્ષત્રિયોની સત્તાનો યુગ મંડાયો. તેમણે અબાધિત રાજકર્તા તરીકે અથવા તો ÷ઉમરાવ વર્ગમાંથી પસંદ કરેલા અમુક અમુક સરદારોની રાજસત્તા ધરાવનાર સભારૂપે ઘણા સમય સુધી પોતાનો અમલ વર્તાવ્યો. આધુનિક પાશ્ચાત્ય પ્રજાઓ જેમાં ઈંગ્લંડ અગ્રસ્થાન ભોગવે છે તેમનામાંજ જગતના ઇતિહાસમાં પહેલીજ વાર વ્યાપારથી સમૃદ્ધ થએલો વૈશ્ય વર્ગ દેશના રાજ્યતંત્ર ઉપર પોતાનો અધિકાર જમાવતો થયો.

પ્રાચીન સમયનાં ટ્રોય અને કાર્થેજનાં રાજ્યો અને તેમને મુકાબલે કાંઈક આધુનિક ગણાય એવા વેનિસ ઇત્યાદિ નાનાં વાણિજ્યપ્રધાન રાજ્યો પણ ઘણાં બળવાન્ બનવા છતાં તેમનામાં પણ વૈશ્ય વર્ગની સત્તા વાસ્તવિકરીતે જામી શકી ન હતી.

ખરૂં જોતાં પ્રાચીન સમયમાં રાજકુટુંબના હાથમાંજ વ્યાપારનાં સૂત્રો હતાં. તેઓજ સામાન્ય પંક્તિના લોકોને અને ઘણીવાર પોતાના નોકરોને વ્યાપાર કરવા મોકલતા હતા, અને એ વ્યાપારનો સઘળો નફો પોતેજ ખાઈ જતા હતા. રાજાઓએ નીમેલા ચોક્કસ માણસો સિવાય બીજા કોઇને દેશનો રાજ્યકારભાર કે તેને લગતી બીજી કોઇ પણ બાબતમાં હિસ્સો તો શું, પણ પોતાનો અભિપ્રાય દર્શાવવાની પણ પરવાનગી આપવામાં આવતી ન હતી. મિસર જેવા અત્યંત પ્રાચીન દેશોમાં પુરોહિત વર્ગે માત્ર થોડા વખત સુધી આધિપત્ય ભોગવ્યું હતું. ત્યાર પછી ત્યાં પણ પુરોહિતો રાજસત્તાને અધીન થયા અને તેમના માત્ર સહાયક તરીકેજ કાર્ય કરતા થયા. ચીન દેશમાં ૧કૉન્ફ્યુશિયસની સર્વોપરિ બુદ્ધિવડે રાજસત્તા એવી મક્કમ પાયા ઉપર સ્થાપિત કરવામાં આવી હતી, કે તે સમયથી અત્યારસુધી એટલે લગભગ વીસ શતકસુધી પુરોહિત વર્ગને તે સંપૂર્ણ અંશે પોતાને સ્વાધીન રાખતી આવી છે, અને સર્વ પ્રકારની સત્તા પોતાનાજ હાથમાં રાખી બેઠેલા ટીબેટના લામાઓને પણ રાજકુટુંબના ગુરુઓ હોવા છતાં ચીનના શહેનશાહને દરેક બાબતમાં અધીન રહીનેજ તેમને જીવન ગુજારવું પડે છે.

હિંદુસ્તાનમાં પણ રાજસત્તાએ પુરોહિત વર્ગ ઉપર વિજય મેળવ્યો અને પોતાનો અપ્રતિહત અધિકાર પ્રવર્તાવ્યો; પરંતુ દુનિયાની બીજી સુધરેલી પ્રજા કરતાં હિંદુસ્તાનમાં આ પ્રસંગ ઘણો મોડો બનવા પામ્યો, તેથી કરીને ચીન, મીસર, બાબીલન અને બીજાં મોટાં રાજ્યોની સ્થાપના થયા પછી ઘણે વરસે ભારતીય સામ્રાજ્યનો

÷ અમુક ઉમરાવોની મંડળીવડે રાજકાર્ય કરવાની પ્રથા ગ્રીસમાં હતી.
૧ ચીનમાં ચાલતા ધર્મનો સ્થાપનાર અને સ્મૃતિકાર.

પાયો નંખાયો. પુરોહિત વર્ગ ઉપર પોતાનો અધિકાર બેસાડવામાં રાજસત્તાને પૂરેપૂરી નિષ્ફળતા મળી હોય એવું દૃષ્ટાંત ફક્ત યાહુદીઓના ઇતિહાસમાંથી મળી આવે છે.

યાહુદીઓમાં તો વૈશ્યો પણ કદિ આગળ આવી શક્યા નથી. પુરોહિતોની બેડીઓમાંથી છૂટા થવાનો યાહુદીઓના સામાન્ય પ્રજાવર્ગે પ્રયત્ન કર્યો; પરંતુ તેઓ એક બાજુએ બળવાન રોમન સામ્રાજ્યના બહારના દબાણને લીધે અને બીજી બાજુએ તેમનાથી વિરુદ્ધ ખ્રિસ્તી ધર્મ જેવી ધાર્મિક શક્તિઓના ઉદયથી તેમના આંતર્જીવનમાં થયેલી અવ્યવસ્થાને લીધે સમૂળા કચરાઇ ગયા. જેવી રીતે જૂના જમાનામાં લાંબાં યુદ્ધો પછી પુરોહિતોની સત્તા રાજસત્તાને અધીન થઇ ગઇ, તેવી રીતે વર્તમાન સમયમાં થોડાંજ વર્ષથી ઉત્પન્ન થયેલી વૈશ્ય વર્ગની સત્તાના સખ્ત પ્રહારવડે અનેક રાજમુકુટ ધૂળ ચાટતા થયા છે, અને અનેક રાજદંડોના કકડે કકડા થઇ ગયા છે. કેટલાક સુધરેલા દેશોમાં કેટલાક રાજાઓને થોડી ઘણી રાજસત્તા ભોગવવા દેવામાં આવે છે અને તેઓ બાદશાહી ઠાઠ અને જાહોજલાલીથી હરે ફરે છે; પરંતુ તેમને નીભાવનાર તો મીઠું, તેલ, ખાંડ, કોલસા, દારૂ વગેરે પદાર્થો વેચીને અઢળક દોલત સંપાદન કરનાર વૈશ્યોજ છે. અને રાજાઓને જે બહારનો ઠાઠ, વૈભવ અને સત્તા ધારણ કરવા દેવામાં આવે છે, તે ફક્ત રાજ્યની શોભાને માટે અને અંદરખાનેથી ખરેખરી રાજસત્તા ધારણ કરનાર વૈશ્યોની કીર્તિ વધારવાને માટેજ હોય છે.

આ બળવાન્ વૈશ્ય સત્તા છેક વર્તમાન સમયમાંજ ઉદય પામી છે. જેની આજ્ઞાવડે દુનિયાના એક ભાગમાંથી બીજા ભાગમાં એક પળવારમાં વિજળી સંદેશા લઇ જાય છે; મહાસાગરના પર્વત જેવા મહામોજાઓ ઉપર જેના રાજમાર્ગ છે; જેના ઇશારાથી એક દેશમાંથી બીજા દેશમાં વ્યાપારને યોગ્ય પદાર્થોની લાવજા થયા કરે છે અને જેની આજ્ઞા સાંભળીને મોટામાં મોટા રાજાઓ કંપી ઉઠે છે, તે મહા બળવાન્ વૈશ્ય સત્તાના ઉચ્ચતમ શિખર ઉપર ઇંગ્લંડનું ભવ્યરાજ્યાસન સ્થપાયેલું છે.

તેથી કરીને ઇંગ્લંડે હિંદુસ્તાન જીત્યું તેમાં આપણને ઘણી વાર કહેવામાં આવે છે તેમ જીસસનો કે બાઇબલનો પ્રતાપ નથી, તેમજ એ જીત મોગલ કે પઠાણોની જીત જેવી નથી; .પરંતુ જીસસ અને બાઇબલના નામ પાછળ, ભવ્ય રાજમહેલો, ધરતી ધ્રૂજાવતાં હાથી, રથ, ઘોડા અને પાયદળનાં અસંખ્ય સૈન્યો, રણવાદ્યના પ્રચંડ નિનાદ, નોબત અને પડઘમના ગડગડાટ, રાજમુકુટનો ભભકાદાર દેખાવ—એ સર્વમાં ચેતન પ્રેરનાર ઇંગ્લાંડનું જે મહાજન છે તેજ છે. ધુમાડાથી કાળાં થયલાં કારખાનાનાં ભુંગળાં જેની જય ધ્વજા છે, વ્યાપારીઓ જેના સૈનિકો છે, જગતના બજાર જેના રણક્ષેત્ર છે અને લક્ષ્મી પોતેજ જેની રાજરાણી છે એવા ઇંગ્લંડના મહાજનનોજ એ સઘળો વિજય છે. એટલા માટેજ મેં અગાઉ કહ્યું હતું કે ઇંગ્લંડે

હિંદુસ્તાન જીત્યું એ બનાવ ઘણોજ નવીન, અપૂર્વ અને આશ્ચર્યકારક છે. આ મહા-બળવાન્ સત્તા સાથે હિંદુસ્તાનનો સંયોગ થવાથી હિંદુસ્તાનના ઇતિહાસમાં કેવાં કેવાં પરિવર્તન થશે અને તેને પરિણામે તેનો ભાવિ ઇતિહાસ કેવું સ્વરુપ ધારણ કરશે તેનું અનુમાન પાછલા ઇતિહાસપરથી થઇ શકતું નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણો એક પછી એક જગત્‌માં સાર્વભૌમ સત્તા ભોગવે છે એવું મેં પ્રથમ કહ્યું હતું. એ ચારમાંથી કોઇ પણ વર્ણની સત્તા જ્યારે પૂર્ણકળાએ આવે છે ત્યારે તે દ્વારા લોકોનું કલ્યાણ થાય એવાં તેમજ હાનિ પહોંચે એવાં પણ કેટલાંક કાર્યો થઇ જાય છે.

પુરોહિતોની સત્તાનો પાયો સૈનિકબળ ઉપર નહિ પણ બુદ્ધિબળ ઉપર હોવાથી તેમની સત્તાનો ઉદય થતાંની સાથે દેશમાં સાહિત્યના અને બુદ્ધિને લગતા અભ્યાસનો પુષ્કળ ફેલાવો થવા પામે છે. ઇન્દ્રિયોથી જે પર છે એવી આધ્યાત્મિક સૃષ્ટિ સાથે સમાગમમાં આવવાની તેમજ તેની પાસેથી સહાય મેળવવાની દરેક મનુષ્યને હમેશાં ઉત્કંઠા રહે છે; પણ સામાન્ય કોટિના ઘણાખરા માણસોથી એ સૃષ્ટિમાં પ્રવેશ કરી શકાતો નથી. માત્ર થોડાંક મહાન્ આત્માઓ જેઓ પોતાની ઇન્દ્રિયો ઉપર સંપૂર્ણ સંયમ રાખી શકે છે અને જેમના સ્વભાવમાં સત્ત્વગુણનું પ્રાધાન્ય હોય છે, તેઓજ જડ પદાર્થોના દુર્ભેદ્ય પડદાને ભેદીને ઇન્દ્રિયાતીત વિષયોનો સાક્ષાત્કાર કરી શકે છે. સૂક્ષ્મ સૃષ્ટિમાં થતી ક્રિયાઓ તેઓજ જાણી શકીને ત્યાંના સંદેશ જગત્‌ને સંભળાવે છે અને ત્યાં જવાનો માર્ગ બીજાઓને બતાવે છે. આવા મહાન્ આત્માઓ તે પ્રાચીન કાળના જગદ્‌ગુરુઓ, મનુષ્યસમાજના નેતાઓ અને નિયામકો પુરોહિતો છે.

સાચા પુરોહિતો દેવોને ઓળખે છે અને દેવોની સાથે વાર્તાલાપ પણ કરી શકે છે, તેથી કરીને જગત્‌માં તેઓ દેવતુલ્ય પૂજાય છે. સંસારને લગતા કોઇ પણ વિષયના વિચારથી તેઓ તદ્દન મુક્ત રહે છે. પોતાના નિર્વાહને માટે તેમને પરિશ્રમ કરવાની જરૂર હોતી નથી. ઉત્તમમાં ઉત્તમ ખાવાપીવાના પદાર્થો દેવોને અર્પણ કરવામાં આવે છે અને દેવોના સાક્ષાત્ પ્રતિનિધિઓ પુરોહિતો હોવાથી પુરોહિતોના મુખદ્વારાજ દેવો એ પદાર્થો ગ્રહણ કરે છે. જાણ્યે કે અજાણ્યે પણ સમાજ પુરોહિત વર્ગને પુષ્કળ અવકાશ આપે છે, તેથી કરીને તેમને ધ્યાનસ્થ થવાને અને ઉંચા પ્રકારના વિચારનું ચિંતન કરવાનો ઉત્તમ સુયોગ મળે છે. જ્ઞાન અને વિદ્યાનો વિકાસ પુરોહિતોની સત્તાના સમયમાં થાય છે તેનું આજ કારણ છે. વળી એક બાજુએ વિકરાળ સિંહરૂપી રાજસત્તા અને બીજી બાજુએ ભયભીત થયેલાં ઘેટાં જેવો પ્રજાવર્ગ એ બેની વચમાં બ્રાહ્મણસત્તા ઉભી રહે છે. તે સત્તાના હાથમાં આધ્યાત્મિક શક્તિઓથી ભરપૂર જે રાજદંડ રહેલો છે, તેના વડે ગરીબ રૈયતપર

વિનાશસૂચક છલંગ મારવા તૈયાર થયલો સિંહ અંકુશમાં રહે છે. ધન અને સૈન્યના મદથી ઉન્મત્ત થયેલી રાજસત્તાનો અગ્નિ ઘણો પ્રચંડ હોઇને પોતાના માર્ગમાં અંતરાય રાખનાર પદાર્થમાત્રને ભસ્મીભૂત કરવા સમર્થ છે; પણ જેમાં વર્ષાદ પડતાંની સાથેજ દાવાનળ હોલવાઈ જાય છે તેમ ધન અને સૈન્ય વગરના પરંતુ પોતાની આધ્યાત્મિક શક્તિ ઉપર નિર્ભર રહેનારા કૌપીનધારી ઋષિના એક શબ્દમાત્રથીજ રાજસત્તા રંક બની જાય છે. બ્રાહ્મણ સત્તાના ઉદયની સાથે સાથેજ સંસ્કૃતિનો પ્રથમ યુગ આરંભાય છે, પાશવપ્રકૃતિ ઉપર દૈવી પ્રકૃતિનો અને જડ પદાર્થ ઉપર ચેતનનો પહેલવહેલો વિજય જોવામાં આવે છે, અને કુદરતના નિયમોને સંપૂર્ણ રીતે અધીન એવા હાડમાંસના બનેલા મનુષ્ય શરીરમાં રહેલી દિવ્ય શક્તિઓનો પ્રકાશ પહેલીવાર પ્રકટ થાય છે. જડપદાર્થ અને ચેતનશક્તિનો ભેદ શોધી કહાડનાર પુરોહિતો છે; આ જગતનો સૂક્ષ્મ જગત્ સાથે સમાગમ કરાવી આપનાર પણ તેઓજ છે; મનુષ્યને ઈશ્વરનો સંદેશ પહોંચાડનાર પણ તેઓજ છે; અને રાજા અને પ્રજાને સાંધનાર પૂલની માફક ઉભા રહેનાર પણ તેઓજ છે. તેમનાં આધ્યાત્મિક શક્તિ, જ્ઞાન અને વિદ્યા પ્રત્યેની અનન્ય ભક્તિ અને તીવ્ર વૈરાગ્ય એ સર્વવડે આખા જગતના કલ્યાણ અને શ્રેયનો પહેલો ફણગો પોષાય છે અને તેમના આત્મબલિદાનવડે તેના ઉપર જલસિંચન થાય છે. દરેક દેશમાં પુરોહિત વર્ગને સાથી વધારે સન્માન મળી તેમનું અત્યંત ભક્તિપૂર્વક પૂજન થાય છે તેનું આજ કારણ છે; અને એજ કારણને લીધે એવા મહાત્માઓનું નામસ્મરણ પણ આપણે પવિત્ર માનીએ છીએ.

પણ આ બધાની સાથે કેટલાંક અનિષ્ટ પરિણામો પણ ઉત્પન્ન થાય છે. જીવનની સાથેજ હમેશાં મૃત્યુનાં બીજ પણ વવાય છે. પ્રકાશ અને અંધકારનાં દ્વંદ્વો અનાદિકાળથી જોડાજોડજ ચાલ્યાં આવે છે. બ્રાહ્મણસત્તાના ઉદયને પરિણામે એવાં કેટલાંક અનિષ્ટ પરિણામો હસ્તીમાં આવ્યાં હતાં કે જેને વખતસર દાબી દેવામાં ન આવે તો તેમાંથી સમાજનો વિનાશ થયા વગર રહેજ નહિ. સ્થૂળ પદાર્થોદ્વારા કામ કરનારી શકિત તો સર્વને અનુભવગમ્યજ હોય છે. શાસ્ત્રોના પ્રહારમાં અથવા અગ્નિ અને વિજળીની દાહક શકિતમાં જે મહા બળવાન સ્થૂળ શકિત રહેલી છે તેને હરકોઇ જોઈ અને જાણી શકે છે, તેના અસ્તિત્વમાં તેમજ તેના ખરાપણામાં કોઇને. સંદેહ હોતો નથી; પણ તે શકિતનો મૂળ ભંડાર અને જે સાધનદ્વારા તે વ્યકત થાય છે તે સાધન એ બંને બહુજ સૂક્ષ્મ અને અદૃશ્ય હોય છે. જ્યારે અમુક શબ્દના ઉચ્ચારણમાં, શબ્દોના ઉચ્ચાર કરવાના ચોક્કસ પ્રકારમાં, અમુક ગૂઢ મંત્રોના માનસિક જપમાં અથવા એવીજ જાતની અમુક માનસિક ક્રિયાઓ અને સાધનોમાં અદ્ભુત શકિત રહેલી જોવામાં આવે છે, ત્યારે જેમની શ્રદ્ધા બીજી કોઈ રીતે ડગે નહિ તેઓ પણ ડોલી ઉઠે છે.

પરંતુ એ સાધન અને શક્તિનો દુરુપયોગ પણ થઇ શકે છે. જ્યારે વિપત્તિ, ભય, ક્રોધ, ઇર્ષ્યા, વૈર અને મનુષ્યહૃદયમાં રહેલા બીજા અધમ પ્રકારના જુસ્સાઓ પોતાનું કાર્ય કરવાને માટે સ્થૂળ હથીઆરો અને સ્થૂળ ક્રિયાનો ઉપયોગ ન કરતાં સ્તંભન, ઉચ્ચાટન, વશીકરણ, મારણ વગેરે ભેદભરેલી ક્રિયાઓનો ઉપયોગ કરે છે, ત્યારે એવી ક્રિયાઓ કરનાર જેઓ હમેશાં ઘણુંજ ગૂઢ અને લોકથી નહિ સમજી શકાય એવું ભેદભરેલું જીવન ગુજારતા હોય છે તેમની આસપાસ રહેલા ભેદનો પડદો વધારે ગાઢ અને અસ્પષ્ટ બને છે. એવાં માણસોને સીધો અને સરળ ઉપાય સૂઝતો નથી, અને સૂઝે તોપણ તેમણે લાંબા વખતસુધી સેવેલી કુટિલતાને લીધે તેમને હાથે વક્ર નીતિનોજ અંગીકાર થાય છે. તેઓ સચ્ચાઇનો અંશ ગુમાવે છે અને તેમનાં હૃદય ઘણાંજ સંકુચિત બની જાય છે. તે ઉપરાંત વધારે ભયંકર પરિણામ એ આવે છે કે, "જે શક્તિવડે મેં દેવોને વશ કર્યા છે; જે શક્તિવડે હું શરીરના અને મનના વ્યાધિ ઉપર જય મેળવી શકું છું; જે શક્તિવડે ભૂતો, પિશાચો અને દૈત્યોને વશ કરીને તેમની પાસે પોતાની આજ્ઞાનું પાલન કરાવી શકું છું; તે શક્તિને મારે શામાટે બીજાને આપવી જોઇએ ? કઠોર તપશ્ચર્યા કરીને મેં એ શક્તિઓ મોંઘે મૂલે મેળવી છે, એ મહામૂલ્યવાન્ શક્તિઓ મેળવવાને મેં ધન, કીર્તિ, મોટાઇ અને તમામ પ્રકારના સાંસારિક સુખોપભોગનો ત્યાગ કર્યો છે, તે શક્તિ શામાટે હું બીજાને આપું ?" સ્વાભાવિક રીતે પુરોહિત વર્ગ આવા પ્રકારના વિચાર કરે છે. વળી આ શક્તિઓ તદ્દન સૂક્ષ્મ હોવાથી તેમને ગુપ્ત રાખવાની જોઇએ તેટલી અનુકૂળતા હોય છે. આ પ્રમાણે સંજોગોના ગુંચવણ ભરેલા ચક્રમાં ગુંચવાઇ જઇને મનુષ્યસ્વભાવ કુદરતી રીતેજ વિકૃતિ પામે છે, અને ગોપન કરવાનો અભ્યાસ પડી જવાથી અંતે તે અત્યંત સ્વાર્થી અને દંભી બનીને એવા દુષ્ટ સ્વભાવનાં નાશકારક પરિણામોનો ભોગ થઇ પડે છે. સમય જતાં પોતાની શક્તિઓને ગુપ્ત રાખવાની ઇચ્છાનો તેમના પોતાના ઉપરજ પ્રત્યાઘાત થાય છે. જ્ઞાન અને શક્તિઓનો જેવો જોઇએ તેવો ઉપયોગ અને ફેલાવો ન થવાથી તેમનો ધીમે ધીમે ક્ષય થતો જાય છે, અને જે કંઇ થોડું ઘણું રહી જાય છે તે યોગ્ય પુરુષાર્થથી નહિ પણ કોઇક અલૌકિક રીતે પ્રાપ્ત થયેલું છે એવી ખોટી માન્યતા લોકોના મનમાં ઉત્પન્ન થાય છે. આથી કરીને નવું જ્ઞાન, નવા વિચાર, નવી વિદ્યા પ્રાપ્ત કરવાને જે પ્રયત્નો થવા જોઇએ તે સદંતર બંધ થઇ જાય છે; એટલુંજ નહિ પણ જે કંઇ સચવાઇ રહ્યું હોય તો તેને તાજું રાખવા જેટલી અને તે કટાઈ ન જાય તેટલા પૂરતી પણ ચેષ્ટા કરવામાં આવતી નથી. પરિણામે પુરોહિત વર્ગ તેમના પૂર્વજોનું જ્ઞાન અને તેમની અડગ આત્મશ્રદ્ધા એ બેઉ તત્ત્વો ગુમાવે છે; અને પછી પોતાના પૂર્વજો કેવા હતા તેનાં મિથ્યા ગુણગાન કરવા માંડે છે અને જે કીર્તિ, અધિકાર, સન્માન અને શ્રેષ્ઠતા તેમના

પૂર્વજો પામતા હતા તે પોતાને પણ પ્રાપ્ત થાય તેને માટે મિથ્યા વલખાં મારવા લાગે છે. આ બધાના પરિણામે પુરોહિત વર્ગનો બીજી ન્યાતો સાથે ભારે ઝગડો ઉત્પન્ન થાય છે.

પ્રકૃતિનો એક એવો નિયમ છે કે જ્યારે જ્યારે નવીન અને બળવાન્ શક્તિ જાગ્રત થાય છે, ત્યારે ત્યારે તે જીર્ણ અને બળહીન થયેલી વ્યક્તિઓને જીતીને તેનું સ્થાન ગ્રહણ કરવાનો યત્ન કરે છે. પ્રકૃતિનું એવું નિર્માણ છે કે, " જીવન-વ્યવહાર ચલાવવાને માટે જેઓમાં પૂરતું જીવનતત્ત્વ હોય અને તેમાંથી પણ જેઓ સર્વથી વિશેષ બળ અને ચેતનવાન હોય તેમનેજ જીવતા રહેવા દેવા અને બાકીનાં નિઃસત્ત્વ ખોખાંઓને જગત્માં રહેવામાટે અયોગ્ય ગણીને બહાર ફેંકી દેવાં. " આ નિયમ પ્રમાણે પ્રાણીઓમાં અને પ્રજાઓમાં અંદર અંદર રસાકસી ઉત્પન્ન થાય છે અને અંતે જેઓ પોતાના બળવડે તથા બીજા કેટલાક ગુણોવડે જીવવામાટે સર્વથી વિશેષ યોગ્ય ઠરે છે, તેઓજ જીવતાં રહીને બાકીનાઓ માર્યા જાય છે. પુરોહિત વર્ગ અને બીજી વર્ણો વચ્ચે જે રસાકસી ઉત્પન્ન થઇ હતી તેનું પરિણામ પણ શું આવ્યું તે આપણે જોઇએ છીએજ.

પુરોહિત વર્ગના ઉદયના સમયમાં વૈરાગ્ય, મનોનિગ્રહ અને તપશ્ચર્યા એ ત્રણ જે તેમના મુખ્ય ગુણો હતા તેમનો ઉપયોગ તેઓ શુદ્ધ સત્ય જ્ઞાનની પ્રાપ્તિમાટેજ કરતા હતા; પણ ત્યાર પછીના જમાનામાં જ્યારે તેમની સત્તાનો ક્ષય થવા લાગ્યો ત્યારે એના એજ ગુણ તેઓ બીજી ન્યાતો ઉપર પોતાની સત્તા દૃઢ કરવામાં પોતાના અમુક ખાસ અધિકારોને કાયમના કરી લેવામાં અને પોતાના ઉપભોગનાં સાધનોની વૃદ્ધિ કરવાના કામકાજમાં કરવા લાગ્યા. જે આધ્યાત્મિક શકિતના પ્રભાવવડે તેમનું આખા દેશ તરફથી સન્માન અને પૂજન થતું હતું તે દિવ્યશકિતની અધોગતિ કરીને તેને છેક નીચામાં નીચા કાર્યમાં વાપરવા લાગ્યા. તેઓ જીવનનું લક્ષ્ય વીસરી ગયા, મુકરર સિદ્ધાંત વગર ગમે તેમ જીવનવ્યવહાર ચલાવવા લાગ્યા અને તેમ કરીને જેમ કરોળીઓ પોતાની રચેલી જાળ પોતાનીજ આસપાસ વીંટાતો જાય છે, તેમ પુરોહિતો પોતાનીજ પાથરેલી જાળનો ભોગ થઇ પડયા. જે બેડીઓ બીજાઓને પગે પહેરાવવામાટે તેમણે અનેક પેઢીઓથી અત્યંત કાળજીપૂર્વક ઘડવા માંડી હતી, તેજ બેડીઓનાં ઉપરા ઉપરી બંધનોવડે હવે તેમના પોતાનાજ પગ બંધાઇ ગયા છે અને તેનાથી અનેક રીતે તેમની ઉન્નતિ અટકી પડી છે. " સેંકડો જાતની વિચિત્ર વિધિઓ, ક્રિયાઓ અને સંસ્કારો, એ શરીર અને મનની શુદ્ધિનાં બાહ્ય સાધનો છે, " એમ લોકોને સમજાવીને આખી જનસમાજને આ ક્રિયાઓ અને વિધિઓરૂપી અસંખ્ય બેડીઓવડે જકડી લેવાની ઇચ્છાથી તેમણે આ કપટજાળ આખા દેશ ઉપર પાથરી હતી; પણ તેમાં હવે તેઓ પોતેજ સપડાઇ ગયા છે. એ વિધિઓ અને

ક્રિયાઓવડે તેઓ માથાથી તે પગસુધી બંધાઇ ગયા છે, અને તેમાંથી છૂટા થવાનો લેશ માત્ર પણ સંભવ ન લાગવાથી તેઓ એવીને એવીજ હાલતમાં ઘોરવા લાગ્યા છે. તેઓ તેમાંથી છૂટા થઇ શકે એ બહુજ મુશ્કેલ છે. તેમનું જીવનજ એ ક્રિયાઓ અને વિધિઓની સાથે એવું ઓતપ્રોત થઇ ગયું છે, કે એ ક્રિયાઓને તેમનામાંથી ખેંચી કહાડવામાં આવે તો હાલના બ્રાહ્મણોનું તેમણે પોતે માની લીધેલું બ્રાહ્મણ-પણું પણ નીકળી ગયા વગર રહેજ નહિ. મનુષ્યમાત્રમાં સ્વાભાવિકરીતે પ્રગતિ કરવાની પ્રબળ ઇચ્છા રહેલી હોવાથી "જ્યાંસુધી પોતે આ ખરાબ બેડીઓમાં જકડાઇ રહેશે ત્યાંસુધી પોતાની લેશમાત્ર પ્રગતિ થઇ શકવાની નથી." એમ સમજી કેટલાક બ્રાહ્મણોએ જોર કરીને આ બેડીઓ તોડી નાખવા માંડી છે. દ્રવ્યની પ્રાપ્તિ કરવાના હેતુથી બીજી નાતોનો ધંધો તેઓ ગ્રહણ કરે છે, પણ તેવા માણસો પાસેથી તેમના પુરોહિતો તરીકેના (ક્રિયાઓ કરાવવા વગેરેના) અધિકાર સમાજ ખુંચવી લે છે. જે બ્રાહ્મણો શિખા રાખતા નથી, તેમના પૂર્વજોના રીતરિવાજનું પાલન કરતા નથી અને યુરોપીયન જેવો પોશાક પહેરીને પશ્ચિમના રિવાજો ગ્રહણ કરીને અર્ધા હિંદુ અને અર્ધા સાહેબ જેવા થઇને ફરે છે, તેમના બ્રાહ્મણત્વમાં સમાજને શ્રદ્ધા રહેતી નથી; પરંતુ તે છતાં પણ હિંદુસ્તાનના જે જે ભાગમાં અંગ્રેજી રાજ્યનો અમલ સ્થપાયાથી નવી કેળવણીની શરૂઆત થઇ ગઇ છે, અને પૈસો કમાવાનાં નવાં નવાં સાધનો ઉઘડવા લાગ્યાં છે ત્યાં હજારો બ્રાહ્મણોના છોકરા વંશ-પરંપરાનો યાજ્ઞિક અને શુકલનો ધંધો છોડી દેવા લાગ્યા છે, અને બીજી ન્યાતોના ધંધા ગ્રહણ કરીને વધારે સારી કમાણી કરતા થયા છે. આને પરિણામે પુરોહિત-વર્ગના રીતરિવાજો જે હજારો વર્ષની વંશપરંપરાથી ચાલ્યા આવ્યા છે તે નાબૂદ થતાં થતાં થોડાજ સમયમાં તદન અદૃશ્ય થઇ જશે એવાં ચિન્હો જોવામાં આવે છે.

ગુજરાતમાં બ્રાહ્મણોની દરેક ન્યાતમાં બે વર્ગ પડી ગયા છે; એક વર્ગ શુકલ-વૃત્તિ કરે છે અને બીજો વર્ગ જે ગૃહસ્થ કહેવાય છે તેઓ નોકરી, વેપાર વગેરે ગમે તે ધંધો સ્વીકારે છે. શુકલવૃત્તિ કરનારાજ "બ્રાહ્મણ" કહેવાય છે અને બાકીનાઓ અસલના બ્રાહ્મણોના વંશજો હોવા છતાં પણ શુકલવૃત્તિ કરનારાઓ સાથે કન્યા-વ્યવહાર રાખતા નથી. દાખલા તરીકે નાગરોમાં જેઓ "નાગર બ્રાહ્મણ" કહેવાય છે તેઓજ માત્ર દાન–દક્ષિણા લે છે અને ક્રિયા–કર્મ કરાવે છે. બાકીના પોતાને એકલા "નાગર" જ કહેવડાવે છે. તેઓમાંના ઘણા ખરા સરકારી નોકરી કરે છે અથવા વૈશ્ય જ્ઞાતિને લગતા અન્ય વ્યવસાયમાં જોડાયા છે. પણ આવા વિભાગ ગુજરાતમાં લાંબા સમય સુધી નહિજ નભી શકે એવું મને સમજાય છે; કારણ કે "નાગર બ્રાહ્મણો" ના પુત્રો પણ અંગ્રેજી કેળવણી લેતા થયા છે અને ધીમે ધીમે શુકલ-વૃત્તિનો ત્યાગ કરીને સરકારી નોકરી અથવા વેપાર રોજગાર કરવા લાગ્યા છે. ઘણાજ

ધર્મચુસ્ત પંડિતોને પણ તેમની કમાણી ઘટી જવાથી પોતાના છોકરાઓને સરકારી શાળાઓમાં અને પાઠશાળાઓમાં ભણવા મૂકવાની જરૂર પડતી જાય છે, અને વખતને માન આપીને વકીલ દાક્તરના અથવા એવા કોઈક વૈશ્યને લગતા વ્યવસાયો સ્વીકારવા લાગ્યા છે. જો થોડો વખત અત્યારની માફકજ ભરતખંડની પ્રજાનો જીવનપ્રવાહ વહ્યો જશે તો દેશમાં પુરોહિત વર્ગને તો ઉભા રહેવાની જગ્યા મળશે કે નહિ તે એક ગંભીર અને વિચારણીય પ્રશ્ન છે. પુરોહિત વર્ગની પ્રતિષ્ઠા અને સત્તાને ઉતારી પાડયાનો આરોપ પુરોહિતોના પોતાના ઉપરજ ન મૂકતાં જેઓ અમુક વ્યક્તિ કે મંડળ ઉપર મૂકે છે, તેમણે જાણવું જોઇએ કે કુદરતના ચોક્કસ અનિવાર્ય નિયમ પ્રમાણે પુરોહિતોએ પોતાના વિનાશનાં બીજ પોતાને હાથેજ વાવ્યાં હતાં, અને તેનાં ફળ તેઓને ભોગવવાં પડે એમાં કશુંજ આશ્ચર્ય નથી. જે જે લોકો ઉચ્ચ જ્ઞાતિ અગર કુળમાં પોતે જન્મ્યાનું મિથ્યાભિમાન રાખે છે અને અમુક અધિકાર તો પોતાનાજ હોવા જોઇએ એવો દાવો કરે છે, તેઓ પોતાની ચિતા પોતાને હાથેજ સળગાવે છે.

સત્તાનો સંચય કરવાની જેટલી જરૂર છે તેટલી બલ્કે તેથી પણ વધારે જરૂર તેનો સદુપયોગ કરવાની છે. જીવન ટકાવી રાખવામાટે હૃદયમાં લોહીનો સંચય થવો તો જોઇએજ; પણ એ લોહી ત્યાંને ત્યાંજ ન રહેતાં આખા શરીરમાં ફરવું જોઇએ. તેમ જો ન થાય તો તત્કાળ મૃત્યુ થયા વગર રહે નહિ. એવી રીતે સમાજની સુસ્થિતિને માટે પણ અમુક વખતે ચોક્કસ જ્ઞાતિઓમાંજ અથવા કુટુંબોમાંજ જ્ઞાન અને સત્તા પૂરી મૂકવાનું અત્યંત આવશ્યક હોય છે; પરંતુ ભવિષ્યમાં સમાજના એકએક અંગમાં તેનો સંચાર થઇ જાય એજ તેમ કરવાનો હેતુ હોય છે. જો તે પ્રમાણે ન થાય તો થોડાજ વખતમાં સમાજ છિન્નભિન્ન થઇને વિનાશ પામે એ નિઃસંશય વાત છે.

બીજી બાજુએ જોઇશું તો રાજા સિંહ સમાન છે. તેનામાં સિંહના સારા અને માઠા ગુણો પણ રહેલા છે. પોતાની રુધિરપાન કરવાની વૃત્તિ તૃપ્ત કરવા સારૂ, બિચારાં ઝાડપાલો ખાઇને નિર્વાહ કરનારાં નિર્દોષ પ્રાણીઓના હૃદયને ચીરવામાટે તેનો ભયંકર પંજો જ્યારે લાગ આવે ત્યારે તત્પરજ હોય છે. એથી ઉલટું લોકોક્તિ એવી છે કે સિંહ ઘરડો થાય અને ભૂખે મરતો હોય તોપણ તેને શરણે આવેલા નબળામાં નબળા જાનવરને પણ તે કદિ ઇજા કરતો નથી. તો રાજાની બાબતમાં પણ તેમજ છે. રાજવંશીય સિંહના ઉપભોગની આડે આવવા પ્રજા એક પળવાર પણ વૃત્તિ કરે તો તેમનું આવી બન્યુંજ જાણવું; પણ જો તેઓ તેની આજ્ઞાને નમ્રપણે અધીન રહે તો તેમનો વાંકો વાળ પણ થતો નથી. પ્રાચીન યુગની વાત કોરે મૂકીને એકલા વર્તમાન યુગનું અવલોકન કરતાં જણાશે કે કોઇપણ સમાજની એવી સુસ્થિતિ થઇ નથી, કે અનેકના કલ્યાણને માટે વ્યક્તિએ આપેલા આત્મબલિદાનનો

અને આખી સમાજ અથવા દેશના, કલ્યાણને માટે એકે એક વ્યક્તિએ એકનિષ્ઠાથી સંપસંપીને કાર્ય કરવું એવી વૃત્તિનો કોઇપણ ઠેકાણે ભેગો અને પૂર્ણતમ સાક્ષાત્કાર થતો હોય. આજ કારણથી સમાજે પોતેજ ઉભા કરેલા રાજાની જરૂર જણાય છે. રાજા એક એવું મધ્યબિંદુ છે કે જેની અંદર સમાજનાં છૂટાંછવાયાં બળ એક કેન્દ્રની માફક સ્થિર થાય છે; અને ત્યાંથી પછી આખા દેશને અને સમાજને શક્તિથી ભરપૂર કરવામાટે બધે વહેવા માંડે છે. ઇતિહાસના આરંભના યુગમાં-બ્રાહ્મણોના આધિપત્યના જમાનામાં જ્ઞાનની પ્રાપ્તિ કરવામાટે સૌથી પહેલી વાર કેટલાક લોકોમાં તીવ્ર અભિલાષા ઉત્પન્ન થઇ હતી, અને એ ઉગતી અભિલાષાને ત્યાર પછીના જમાનામાં નિરંતર અને કાળજીપૂર્વક પ્રયત્ન કરીને પોષવામાં આવી હતી. તેવીજ રીતે ક્ષત્રિયોના ઉદયકાળમાં વિલાસનાં સાધન પૂરાં પાડે એવા ધંધાઓ પાછળ લોકોનું મજબૂત વલણ થવા લાગ્યું, અને લોકોની જાગૃત થયેલી વિલાસની વાસનાને તૃપ્ત કરવાને જે જે પ્રયત્નો થતા ગયા તેમાંથી વિજ્ઞાન, હુન્નર અને લલિતકળાઓની ઉત્પત્તિ અને અભિવૃદ્ધિ થઈ.

પ્રાચીન કાળમાં મનુષ્યસમાજનું જીવન જ્યારે ઘણુંજ સાદું અને અકૃત્રિમ હતું ત્યારે રાજા અને રૈયત બધાં એક સરખાં સામાન્ય ઝુંપડામાંજ વસતાં હતાં; પણ ધીમે ધીમે રાજાના કામમાં વધારો થતો ગયો અને તેની મુલાકાતે ઘણાં માણસો આવવા લાગ્યાં, તેથી કરીને એકજ ઓરડાનું ઝુંપડું તેને નાનું પડવા લાગ્યું. વળી રૈયતના મકાનોથી રાજાનું મકાન નોખું પડી જાય એવું અને રાજાના દરજ્જાને યોગ્ય ભભકાદાર મકાન તૈયાર કરવાની જરૂર ગણાવા લાગી. શું આખી પ્રજાનો શિરોમણિ મુકુટધારી રાજા સામાન્ય ઝુંપડામાં રહી શકે ખરો? શું રૈયતનો સામાન્ય ખોરાક તેના બાદશાહી ઉદરને તૃપ્ત કરી શકે ખરો? જેના દરજ્જાની તુલના જગત્ ઉપર કોઇની પણ સાથે થઇ શકતી નથી. જે નરદેહરૂપી મંદિરની અંદર રહેલો જીવાત્મા સાક્ષાત્ ઈશ્વર કહેવાય, એવા રાજાના ઉપભોગના પદાર્થો ઉપર નજર કરવી એ પણ સામાન્ય મનુષ્યને માટે મહાપાતક ગણાતું, તો પછી તેવા ઉપભોગ ભોગવવાનો વિચાર કરવાની તો વાતજ શી? રાજાનો દેહ એવો પવિત્ર ગણાતો કે તેને કોઇપણ જાતના પાતકનો સ્પર્શ થઇ શકે નહિ. કેટલાક દેશમાં તો એમ પણ મનાય છે કે રાજાને મૃત્યુ પણ સ્પર્શ કરી શકતું નથી. રાજાની માફક રાણીના દેહની આસપાસ પણ આવાજ પ્રકારની પવિત્રતાનો અને દિવ્ય તેજનો અંબાર કલ્પવામાં આવે છે; અને તેથી કરીને સામાન્ય મનુષ્યની તો દૃષ્ટિ પણ તેના ઉપર ન પડે-અરે, તેના સૌંદર્ય ઉપર સૂર્ય પણ નજર ન રાખી શકે તેની ખાસ કાળજી રાખવામાં આવે છે. છાજવાળા દરિદ્ર ઝુંપડાંને ઠેકાણે ભવ્ય રાજમહેલોની ઉત્પત્તિ થવાનું આજ કારણ છે. સુમધુર અને સુરસિક કલાપૂર્ણ સંગીત જાણે સ્વર્ગમાંથી આવતું

હોય તેમ એ રાજમહેલમાં સંભળાતું અને ગ્રામ્ય મનુષ્યના કર્ણકટુ કોલાહલને શાંત કરી દેતું. રમ્ય ઉદ્યાનો, મનોહર વિલાસકુંજો, સુલલિત ચિત્રોથી ભરપૂર ચિત્રશાળાઓ, અત્યંત મનમોહક મૂર્તિઓ અને ઘણુંજ બારીક અને મૂલ્યવાન્ વસ્ત્રાલંકારો એ સર્વની ધીમે ધીમે ખીલવણી થતી ગઇ અને તેથી કરીને જંગલોનું અકૃત્રિમ સૌંદર્ય અને ગ્રામ્યવાસીઓનો સાદો જાડો પોશાક વગેરે ધીમે ધીમે અદશ્ય થતાં ગયાં. હજારો બુદ્ધિશાળી માણસો ખેડુતનો મહેનતભરેલો ધંધો છોડી દઇને ઉપર કહેલી નૂતન કળાઓમાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવા લાગ્યા. આ દિશામાં તેમની બુદ્ધિને ઘણો સારો અવકાશ મળતો ગયો અને શારીરિક શ્રમ કર્યા વગર તેઓ વધારે સારો પગાર મેળવવા લાગ્યા. ગામડાંઓ ધીમે ધીમે તૂટતાં ગયાં અને નગરોની વસ્તીમાં વધારો થતો ગયો.

અમુક કાળસુધી સંસારના ભોગવિલાસ તૃપ્તિ થતાંપર્યંત ભોગવ્યા પછી અત્યંત વિષય ભોગને પરિણામે સંસાર ઉપર વૈરાગ્ય અને નિર્વેદ ઉત્પન્ન થવાંજ જોઇએ. તે પ્રમાણે હિંદુસ્તાનના રાજાઓ પણ તેમની ઉત્તરાવસ્થામાં વૈરાગ્ય અનુભવવા લાગ્યા. તેઓ સંસારના ભોગવિલાસથી ઘેરાઈ ગએલા હોવાથી ઘડપણ આવતાં એકાંત અરણ્યમાં વાસ કરીને મનુષ્યજીવનને લગતા ગંભીર પ્રશ્નોનું ચિંતન કરવામાં નિમગ્ન થતા. આવા પ્રકારનો ત્યાગ અને ગંભીર ચિંતન એ બેનું સામટું પરિણામ એવું થયું કે તેઓ ગુંચવણ ભરેલી ક્રિયાઓ અને વિધિઓ તરફ સખત તિરસ્કાર બતાવવા લાગ્યા; અને ઉપનિષદ્, ભગવદ્ગીતા તેમજ જૈન અને બૌદ્ધોનાં શાસ્ત્રોમાં પ્રતિપાદિત કરેલાં ઉંચામાં ઉંચાં આધ્યાત્મિક સત્યો તરફ તેમનો અનુરાગ પ્રબળ થતો ગયો. પુરોહિતો અને રાજાઓ વચ્ચે કલહ થવાનું આ પણ એક કારણ નિવડયું. ઘણીજ ગુંચવણભરેલી અને અઘરી ક્રિયાઓ અને વિધિઓની કિંમત ઘટી જાય તો પુરોહિતોના ધંધાને મોટો ધોકો પહોંચે તેમ હોવાથી સાધારણરીતે દરેક દેશમાં અને દરેક યુગમાં પ્રાચીન રીતરિવાજોને જાળવી રાખવાને પુરોહિત વર્ગ હમેશાં કટિબદ્ધ રહે છે; અને કેટલીકવાર. જ્યારે સીધા ઉપાયો નિષ્ફળ નીવડે છે ત્યારે અપ્રમાણિક ઉપાયો યોજતાં પણ તેઓ અચકાતા નથી. તેમની સામે બીજી બાજુએ ક્ષાત્ર તેમજ આધ્યાત્મિક શકિતથી બળવાન્ બનેલા જનક જેવા રાજર્ષિઓ મથન કરી રહ્યા હતા. આ બેઉ પક્ષ વચ્ચે જે કલહ ચાલ્યો હતો તેનું વિસ્તારપૂર્વક વિવેચન આગળ થઇ ગયું છે.

જેવી રીતે તમામ જ્ઞાન અને વિદ્યા એક મધ્યબિંદુમાં એટલે પોતાનામાંજ સ્થિર કરવાને પુરોહિત વર્ગ ઉત્સુક હોય છે, તેવીજ રીતે તમામ પ્રકારની ઐહિક સત્તાને એક કેન્દ્રમાં એટલે પોતાનામાં વાળવામાટે રાજવર્ગ પણ નિરંતર ઉદ્યમ કરતો રહે છે. અલબત્ત, બેઉમાં સત્તા કેન્દ્રીભૂત થાય તેથી સમાજને લાભ છે; અમુક કાળે સમા-

જના સામાન્ય કલ્યાણને માટે એ એઉની જરૂર છે; પણ તે માત્ર સમાજના બાળપણાના યુગ દરમ્યાનજ. જ્યારે સમાજ કિશોર વયમાંથી સંક્રાંત થઇને નવચેતનવંત યૌવનનાં ચિન્હો ધારણ કરવા માંડે છે, ત્યારે પણ તેને નાનપણનાં નાનકડાં સાંકડાં ઝભલાં જોરજુલમથી પહેરાવવાનો પ્રયત્ન કરવામાં આવે, અને તેમ કરીને તેનો ઝડપથી થતો વિકાસ મર્યાદિત કરવામાં આવે, તો સમાજ પોતાનાજ બળથી એ બંધનોને એકદમ તોડી નાખે છે અને આગળ પ્રગતિ કરે છે; અથવા જો તેનાથી એ બંધનો તોડી શકાતાં નથી તો તેના ખીલતા શરીરનો ધીમે ધીમે સંકોચ થતો જાય છે અને એમ કરતાં કરતાં અસલની સંસ્કૃતિ વગરની અવસ્થાએ ફરીથી તે જઈ પહોંચે છે.

રાજા એ રૈયતનો પિતા છે અને રૈયતને તેણે પુત્રવત્ ગણવી જોઇએ. રૈયતે પણ રાજાને સન્માન આપી તેની આજ્ઞાનું પાલન કરવું જોઇએ. રાજાએ પ્રજાના કલ્યાણ તરફ દૃષ્ટિ રાખીને નિષ્પક્ષપાતપણે રાજ્ય કરવું જોઇએ. જે નિયમ દરેક કુટુંબને લાગુ પડે છે તેજ નિયમ સમાજને પણ લાગુ પડે છે; કારણ કે સમાજ પણ ભિન્ન ભિન્ન કુટુંબોનો સમુદાયજ છે. "**प्राप्ते तु षोडशे वर्षे पुत्रमित्र समाचरेत्**" જેમ પુત્ર સોળ વર્ષનો થતાં પિતાએ તેની સાથે મિત્રભાવે વર્તવું જોઇએ, તેમ પ્રજાની બુદ્ધિનો પણ અમુક દરજ્જે વિકાસ થતાં રાજાએ પણ તેની સાથે સમાન વ્યવહાર કરવો જોઇએ. શું મનુષ્યસમાજ હમેશાં બાળકની બાળકજ રહે છે ? શું તે કદિ યૌવનમાં આવતીજ નથી ? ઇતિહાસ સ્પષ્ટ રીતે જાહેર કરે છે કે અમુક વખતે દરેક સમાજ પુખ્ત વયે પહોંચે છે અને તે વખતે તેને યોગ્ય સ્વાતંત્ર્ય નથી મળતું તો રાજ્યકર્તા અને પ્રજા વચ્ચે ભયંકર ઝગડો ઉત્પન્ન થાય છે. આ ઝગડામાં પ્રજા પક્ષની ફતેહ ઉપરજ તેના જીવનનો, તેની વિસ્તૃતિનો અને તેની સંસ્કૃતિનો આધાર રહે છે. સમાજમાં મોટાં પરિવર્તનો ઉત્પન્ન કરનાર પ્રસંગો હિન્દુસ્તાનમાં પણ વારંવાર બનતા આવ્યા છે, પણ અહીંયાં તે પ્રસંગોની ઉત્પત્તિ ધર્મદ્વારા થાય છે; કારણ કે ધર્મજ હિન્દુસ્તાનનું જીવન છે. ધર્મ એજ આ દેશની ભાષા અને તેની તમામ પ્રવૃત્તિઓની ચાવી છે. ચાર્વાક, જૈન, બૌદ્ધ, શંકર, રામાનુજ, કબીર, નાનક, ચૈતન્ય, બ્રહ્મસમાજ, આર્યસમાજ—આ દરેક સરિતાના પૂરમાં ધર્મનું વેગભર્યું, ઉછળતું, ધુઘવતું પૂર જોસભેર બહાર નીકળે છે, દેશને હલાવી નાંખે છે અને તેની પાછળ સમાજની જરૂરિયાતોને પૂરી કરવાની હીલચાલો ઉભી થાય છે. જો કશા અર્થ વગરના અમુક મંત્રો બબડી જવાથીજ તમામ મનકામના પૂર્ણ થઇ શકતી હોય, તો પછી મુસ્કેલીઓ સામે બાથ ભરવાની અને પરિશ્રમ ઉઠાવવાની વૃત્તિ કોઇને ઉદ્ભવેજ નહિ. કોઇ પણ જનસમાજમાં આવી અત્યંત અપકારક અને વિષમય માન્યતા એકવાર પ્રવેશ કરવા પામે છે એટલે ધીમે ધીમે તે સમાજ ચેતનહીન બનતી જાય છે; તેની પ્રવૃત્તિઓ બંધ થવા માંડે છે અને અંતે તે નિઃસત્ત્વ બનીને

મૃત્યુને શરણ થઇ જાય છે. હિન્દુસમાજને આવા પ્રકારના વિનાશમાંથી બચાવી લેવાનેજ ચાર્વાકે પોતાની તીખી ચાબુક લગાવી હતી અને પંચ ઇન્દ્રિયોવડે અનુભવી ન શકાય એવા કોઇ પણ પદાર્થનું અસ્તિત્વ સ્વીકારવાની દઢપણે ના પાડી હતી. જ્યારે સમગ્ર હિન્દુપ્રજા પશુયજ્ઞ અને બીજી અનેક પ્રકારની યજ્ઞયાગાદિ ક્રિયાઓના અસહ્ય બોજા નીચે કચરાઇ જઇને છેક નિર્માલ્ય નિઃસત્ત્વ બની જતી હતી, તે વખતે શુદ્ધ આચાર વિચાર અને ઉમદા ધાર્મિક તત્ત્વો ઉપર રચાયલા જૈન ધર્મે દેશમાં મહાન્ પરિવર્તન ઉપજાવ્યું ન હોત તો આપણા પૂર્વજોની કેવી દુર્દશા થઇ હોત ? વળી પ્રતિષ્ઠાવાન, સત્તાવાન ઉચ્ચ વર્ણના લોકોના જુલમ નીચે કચરાતા કરોડો નીચ વર્ણના લોકોનો બૌદ્ધ ધર્મ સિવાય બીજું કોણ ઉદ્ધાર કરી શકત? સમય જતાં એજ બૌદ્ધ ધર્મમાં તેના સર્વ દેશીયપણાને લીધે અનેક અસભ્ય, અનાર્ય પ્રજાઓ ભળી ગઇ અને તેમણે શુદ્ધ બૌદ્ધ ધર્મમાં ઘણીજ ભયંકર, બીભત્સ, અશ્લીલ ક્રિયાઓ દાખલ કરી. પરિણામે આ પિશાચવત્ લોકોના ભયંકર પદાઘાતથી સમગ્ર ભારતવર્ષ કંપાયમાન થઇ ગયો ત્યારે શંકરાચાર્ય અને તેમના પછી રામાનુજ પ્રકટ થયા, અને તેમણે સમાજને અસલની સુસ્થિતિએ ફરીથી લઇ જવાનો બનતો પ્રયત્ન કર્યો. તેમના પછીના યુગમાં એટલે મુસલમાન રાજ્યકર્તાઓના સમયમાં કબીર, નાનક અને ચૈતન્યનો, અને ઓગણીશમા શતકમાં આર્યસમાજ તેમજ બહ્મોસમાજની સ્થાપના ન થઇ હોત તો ભરતખંડમાં હિન્દુઓ કરતાં ખ્રિસ્તિ અને મુસલમાનોની સંખ્યા ઘણીજ વધી જાત એમાં બિલકુલ શક નથી.

અનેક જૂદાં જૂદાં તત્ત્વોના બનેલા શરીરને માટે અને વિચારોના અનંત તરંગોને પ્રેરનાર મનનેમાટે પૌષ્ટિક આહાર ઘણોજ જરૂરનો છે, છતાં જે ખોરાક શરીરને નિભાવવા અને મનને મજબૂત કરવામાટે ખાવામાં આવે તે ખોરાકનું જો બરાબર રીતે પાચન ન થાય, તો શરીરના અવયવોની ક્રિયાઓમાં ઉલટો વિક્ષેપ આવે છે અને તેજ ખોરાક પ્રાણઘાતક વિષતુલ્ય બની જાય છે.

સમષ્ટિના જીવનમાં " વ્યક્તિના જીવનનો સમાવેશ થાય છે અને સમષ્ટિના સુખમાંજ વ્યક્તિનું સુખ રહેલું છે. સમષ્ટિમાંથી તદ્દન અલગ અને નિર્લેપ રહી શકે એવી કોઇ વ્યક્તિની કલ્પના અસંભવિત છે. " આ એક સનાતન સત્ય છે અને એના ઉપર વિશ્વ ટકી રહ્યું છે. અનંત સમષ્ટિની સાથે સંકડાઇને સર્વની સાથે ધીરેધીરે પ્રગતિ કરવી, સર્વની સાથે પૂર્ણ એકતા અનુભવવી, સર્વ પ્રત્યે નિરંતર અંતઃકરણપૂર્વક સહાનુભૂતિ રાખવી, તેમના સુખે સુખી અને દુઃખથી દુઃખી થવું એજ વ્યક્તિનું કર્તવ્ય છે. કર્તવ્ય છે એટલુંજ નહિ પણ એ કર્તવ્યનું જો પાલન કરવામાં ન આવે તો તેનો જરૂર વિનાશ થાય છે, અને પાલન કરવાથી તેને અમૃતત્વની પ્રાપ્તિ થાય છે. કુદરતનોજ આવો નિયમ છે અને કુદરતની આંખમાં કોઈનાથી ધૂળ

જના સામાન્ય કલ્યાણને માટે એ એઉની જરૂર છે; પણ તે માત્ર સમાજના બાળપણાના યુગ દરમ્યાનજ. જ્યારે સમાજ કિશોર વયમાંથી સંક્રાંત થઇને નવચેતનવંત યૌવનનાં ચિન્હો ધારણ કરવા માંડે છે, ત્યારે પણ તેને નાનપણનાં નાનકડાં સાંકડાં ઝભલાં જોરજુલમથી પહેરાવવાનો પ્રયત્ન કરવામાં આવે, અને તેમ કરીને તેનો ઝડપથી થતો વિકાસ મર્યાદિત કરવામાં આવે, તો સમાજ પોતાનાજ બળથી એ બંધનોને એકદમ તોડી નાખે છે અને આગળ પ્રગતિ કરે છે; અથવા જો તેનાથી એ બંધનો તોડી શકાતાં નથી તો તેના ખીલતા શરીરનો ધીમે ધીમે સંકોચ થતો જાય છે અને એમ કરતાં કરતાં અસલની સંસ્કૃતિ વગરની અવસ્થાએ ફરીથી તે જઈ પહોંચે છે.

રાજા એ રૈયતનો પિતા છે અને રૈયતને તેણે પુત્રવત્ ગણવી જોઇએ. રૈયતે પણ રાજાને સન્માન આપી તેની આજ્ઞાનું પાલન કરવું જોઇએ. રાજાએ પ્રજાના કલ્યાણ તરફ દૃષ્ટિ રાખીને નિષ્પક્ષપાતપણે રાજ્ય કરવું જોઇએ. જે નિયમ દરેક કુટુંબને લાગુ પડે છે તેજ નિયમ સમાજને પણ લાગુ પડે છે; કારણ કે સમાજ પણ ભિન્ન ભિન્ન કુટુંબોનો સમુદાયજ છે. "**प्राप्ते तु षोडशे वर्षे पुत्रमित्र समाचरेत्** " જેમ પુત્ર સોળ વર્ષનો થતાં પિતાએ તેની સાથે મિત્રભાવે વર્તવું જોઇએ, તેમ પ્રજાની બુદ્ધિનો પણ અમુક દરજ્જે વિકાસ થતાં રાજાએ પણ તેની સાથે સમાન વ્યવહાર કરવો જોઇએ. શું મનુષ્યસમાજ હમેશાં બાળકની બાળકજ રહે છે ? શું તે કદિ યૌવનમાં આવતીજ નથી ? ઇતિહાસ સ્પષ્ટ રીતે જાહેર કરે છે કે અમુક વખતે દરેક સમાજ પુખ્ત વયે પહોંચે છે અને તે વખતે તેને યોગ્ય સ્વાતંત્ર્ય નથી મળતું તો રાજ્યકર્તા અને પ્રજા વચ્ચે ભયંકર ઝગડો ઉત્પન્ન થાય છે. આ ઝગડામાં પ્રજા પક્ષની ફતેહ ઉપરજ તેના જીવનનો, તેની વિસ્તૃતિનો અને તેની સંસ્કૃતિનો આધાર રહે છે. સમાજમાં મોટાં પરિવર્તનો ઉત્પન્ન કરનાર પ્રસંગો હિન્દુસ્તાનમાં પણ વારંવાર બનતા આવ્યા છે, પણ અહીંયાં તે પ્રસંગોની ઉત્પત્તિ ધર્મદ્વારા થાય છે; કારણ કે ધર્મજ હિન્દુસ્તાનનું જીવન છે. ધર્મ એજ આ દેશની ભાષા અને તેની તમામ પ્રવૃત્તિઓની ચાવી છે. ચાર્વાક, જૈન, બૌદ્ધ, શંકર, રામાનુજ, કબીર, નાનક, ચૈતન્ય, બ્રહ્મસમાજ, આર્યસમાજ—આ દરેક સરિતાના પૂરમાં ધર્મનું વેગભર્યું, ઉછળતું, ઘુઘવતું પૂર જોસભેર બહાર નીકળે છે, દેશને હલાવી નાંખે છે અને તેની પાછળ સમાજની જરૂરિયાતોને પૂરી કરવાની હીલચાલો ઉભી થાય છે. જો કશા અર્થ વગરના અમુક મંત્રો બબડી જવાથીજ તમામ મનકામના પૂર્ણ થઇ શકતી હોય, તો પછી મુશ્કેલીઓ સામે બાથ ભરવાની અને પરિશ્રમ ઉઠાવવાની વૃત્તિ કોઇને ઉદ્ભવેજ નહિ. કોઇ પણ જનસમાજમાં આવી અત્યંત અપકારક અને વિષમય માન્યતા એકવાર પ્રવેશ કરવા પામે છે એટલે ધીમે ધીમે તે સમાજ ચેતનહીન બનતી જાય છે; તેની પ્રવૃત્તિઓ બંધ થવા માંડે છે અને અંતે તે નિઃસત્ત્વ બનીને

મૃત્યુને શરણુ થઇ જાય છે. હિન્દુસમાજને આવા પ્રકારના વિનાશમાંથી બચાવી લેવાનેજ ચાર્વાકે પોતાની તીખી ચાબુક લગાવી હતી અને પંચ ઇન્દ્રિયોવડે અનુભવી ન શકાય એવા કોઇ પણ પદાર્થનું અસ્તિત્વ સ્વીકારવાની દૃઢપણે ના પાડી હતી. જ્યારે સમગ્ર હિન્દુપ્રજા પશુયજ્ઞ અને બીજી અનેક પ્રકારની યજ્ઞયાગાદિ ક્રિયાઓના અસહ્ય બોજા નીચે કચરાઇ જઇને છેક નિર્માલ્ય નિઃસત્ત્વ બની જતી હતી, તે વખતે શુદ્ધ આચાર વિચાર અને ઉમદા ધાર્મિક તત્ત્વો ઉપર રચાયલા જૈન ધર્મે દેશમાં મહાન્ પરિવર્તન ઉપજાવ્યું ન હોત તો આપણા પૂર્વજોની કેવી દુર્દશા થઇ હોત ? વળી પ્રતિષ્ઠાવાન, સત્તાવાન ઉચ્ચ વર્ણના લોકોના જુલમ નીચે કચરાતા કરોડો નીચ વર્ણના લોકોનો બૌદ્ધ ધર્મ સિવાય બીજું કોણ ઉદ્ધાર કરી શકત? સમય જતાં એજ બૌદ્ધ ધર્મમાં તેના સર્વ દેશીયપણાને લીધે અનેક અસભ્ય, અનાર્ય પ્રજાઓ ભળી ગઇ અને તેમણે શુદ્ધ બૌદ્ધ ધર્મમાં ઘણીજ ભયંકર, બીભત્સ, અશ્લીલ ક્રિયાઓ દાખલ કરી. પરિણામે આ પિશાચવત્ લોકોના ભયંકર પદાઘાતથી સમગ્ર ભારતવર્ષ કંપાયમાન થઇ ગયો ત્યારે શંકરાચાર્ય અને તેમના પછી રામાનુજ પ્રકટ થયા, અને તેમણે સમાજને અસલની સુસ્થિતિએ ફરીથી લઇ જવાનો બનતો પ્રયત્ન કર્યો. તેમના પછીના યુગમાં એટલે મુસલમાન રાજ્યકર્તાઓના સમયમાં કબીર, નાનક અને ચૈતન્યનો, અને ઓગણીશમા શતકમાં આર્યસમાજ તેમજ બ્રહ્મોસમાજની સ્થાપના ન થઇ હોત તો ભરતખંડમાં હિન્દુઓ કરતાં ખ્રિસ્તિ અને મુસલમાનોની સંખ્યા ઘણીજ વધી જાત એમાં બિલકુલ શક નથી.

અનેક જૂદાં જૂદાં તત્ત્વોના બનેલા શરીરને માટે અને વિચારોના અનંત તરંગોને પ્રેરનાર મનનેમાટે પૌષ્ટિક આહાર ઘણોજ જરૂરનો છે, છતાં જે ખોરાક શરીરને નિભાવવા અને મનને મજબૂત કરવામાટે ખાવામાં આવે તે ખોરાકનું જો બરાબર રીતે પાચન ન થાય, તો શરીરના અવયવોની ક્રિયાઓમાં ઉલટો વિક્ષેપ આવે છે અને તેજ ખોરાક પ્રાણઘાતક વિષતુલ્ય બની જાય છે.

સમષ્ટિના જીવનમાં “ વ્યક્તિના જીવનનો સમાવેશ થાય છે અને સમષ્ટિના સુખમાંજ વ્યક્તિનું સુખ રહેલું છે. સમષ્ટિમાંથી તદ્દન અલગ અને નિર્લેપ રહી શકે એવી કોઇ વ્યક્તિની કલ્પના અસંભવિત છે. ” આ એક સનાતન સત્ય છે અને એના ઉપર વિશ્વ ટકી રહ્યું છે. અનંત સમષ્ટિની સાથે સંકડાઇને સર્વની સાથે ધીરેધીરે પ્રગતિ કરવી, સર્વની સાથે પૂર્ણ એકતા અનુભવવી, સર્વ પ્રત્યે નિરંતર અંતઃકરણપૂર્વક સહાનુભૂતિ રાખવી, તેમના સુખે સુખી અને દુઃખથી દુઃખી થવું એજ વ્યક્તિનું કર્તવ્ય છે. કર્તવ્ય છે એટલુંજ નહિ પણ એ કર્તવ્યનું જો પાલન કરવામાં ન આવે તો તેનો જરૂર વિનાશ થાય છે, અને પાલન કરવાથી તેને અમૃતત્વની પ્રાપ્તિ થાય છે. કુદરતનોજ આવો નિયમ છે અને કુદરતની આંખમાં કોઇનાથી ધૂળ

નાખી શકાય એમ નથી. સમાજને લાંબા વખતસુધી ભોળવી ઠગી શકાતી નથી. સમાજના બહારના થર ઉપર કાદવ કચરાના કદાચ ઢગના ઢગ જામી ગયા હોય તોપણ છેક ઉંડાણમાં તો વિશ્વવ્યાપી પ્રેમ અને સહાનુભૂતિનાં બળવાન આંદોલન ઉત્પન્ન કરનારો સમાજનો આત્મા તો હમેશાં જ્વલંતજ હોય છે. પૃથ્વીની માફક સમાજ પણ ધીરજ રાખીને અમુક સમયસુધી અત્યાચાર ઉપર અત્યાચાર સહન કર્યા કરે છે; પણ આખરે લાંબી મુદત પછી પણ જાગૃત તો થાય છેજ; અને જાગૃતિ થવાની સાથેજ સમાજમાં એવું અદ્ભુત બળ પ્રકટે છે કે જેના આઘાતથી લાખો વર્ષથી સ્વાર્થપરાયણ નીતિને લીધે જામી ગએલા કચરાને એક સપાટાની સાથે દૂર ફેંકી દે છે.

આ મહાન્ સત્યની આપણે ઉપેક્ષા કરતા આવ્યા છીએ. આપણી ભૂલને માટે આપણે હજારોવાર ઠોકરો ખાઇએ છીએ તોપણ આપણી મૂર્ખતા અને જડતા ઘણી ગાઢ થઇ ગઇ છે અને આપણી નીચ વૃત્તિઓદ્વારા તેમને પુષ્ટિ મળતાં આપણે એ સત્યને આપણા પગ તળે દબાવી રાખીએ છીએ. સમાજને ઠગવાનો આપણે પ્રયત્ન કરી જોયો, પણ તેમ કરવા જતાં આપણે પોતેજ ઠગાયા એવો આપણને હજારો વખત અનુભવ થયો, તોપણ હજી આપણે એનો એજ અખ્તરો ફરીથી કરવા સંકોચાતા નથી. ખુદ કુદરતને છેતરવાને આપણે મથીએ છીએ એ કેટલી મૂર્ખાઇ છે? આપણી પોતાનીજ જાતને પોષવી અને આપણા એકલાનાજ સુખમાટે યત્ન કરવો એમાંજ જિંદગીની સાર્થકતા રહેલી છે, એવું આપણે આપણી સંકુચિત ભાવનાને લીધેજ માની બેઠા છીએ.

જ્ઞાન વિદ્યા, ધન, બળ, અધિકાર અને એ સિવાય જે કાંઇ કુદરત આપણને પ્રાપ્ત કરાવે છે અથવા પ્રાપ્ત કરવાનો સુયોગ મેળવી આપે છે, તે વખત 'આવે લોકહિતમાટે વ્યય કરવા સારૂજ આપણને મળ્યાં છે એમ સમજવું જોઇએ. આપણે આ મહત્ત્વની વાત ભૂલી જઇને કુદરતે આપણને સોંપેલી થાપણ ઉપર " મારી એકાલનીજ " એવો સિક્કો લગાવી દઇએ છીએ અને તેમ કરતાની સાથેજ આપણા વિનાશનાં બીજ આપણે હાથેજ વાવીએ છીએ.

રાજા આખી પ્રજાના સમગ્ર બળનું મધ્યબિન્દુ છે, પણ તેમાંથી જે બળનો સંચય કરવામાં આવ્યો છે તેમાં વધારો કરીને પોતાને મળ્યું તે કરતાં હજારગણું વધારીને પ્રજાના કલ્યાણને માટે ખર્ચવા અને આખી પ્રજામાં વહેંચી નાખવામાટે તેણે તત્પર રહેવું જોઇએ; પણ તેમ ન કરતાં રાજકર્તાઓ અભિમાનથી આંધળા બની જઇ પોતાને દેવતુલ્ય માને છે, અને *વેન રાજાની માફક લોકો તરફ તિરસ્કા-

* વેન રાજાની કથા ભાગવતમાં છે. એ રાજા બ્રહ્મા, વિષ્ણુ અને શિવ કરતાં પોતાને શ્રેષ્ઠ માનતો હતો અને પ્રજા પાસે દેવોને ઠેકાણે પોતાનું પૂજન કરાવતો

રની નજરથી જોઇને એમજ માની લે છે કે તેઓ તો રાજાના ચરણમાં આળોટનારા કંગાલ જીવડાઓજ છે. રાજાની ઇચ્છા–પછી તે વાજબી હોય કે ગેરવાજબી હોય પણ તેની સામે થવું એ પ્રજાને માટે મહાન્ પાતક છે, એ સૂત્ર પણ રાજાઓ રૈયત પાસે પળાવે છે. પરિણામે તેઓ રૈયતના પાલક પિતા મટી જઇ રૈયતને રેંસી નાખનાર બને છે. રૈયતને પોષવાને બદલે તેઓ તેનું રુધિર ચૂસનારા થાય છે. જો પ્રજા નિર્બળ અને ચેતન વગરની હોય તો રાજાનો અત્યાચાર તે મૂંગે મોંડે ખમી રહે છે, અને પરિણામે રાજા અને પ્રજા બેઉની ક્રમશઃ અવનતિ થવા માંડીને બંને દુર્દશાની નીચામાં નીચી પાયરીએ જઇ પહોંચે છે, અને છેવટે અન્ય બળવાન પ્રજાનો સહેલાઇથી શિકાર થઈ પડે છે; પણ જો પ્રજા સ્વમાનવાળી અને બળવાન હોય તો રાજા અને પ્રજા વચ્ચે ભયંકર કલહ ઉત્પન્ન થઇને રાજાના અત્યાચાર સામે પ્રજા એવો તો જોસભેર પ્રત્યાઘાત કરે છે, કે તેના આચકાની સાથેજ રાજાનો મુકુટ, રાજદંડ અને રાજછત્ર કાગળના રમકડાની માફક ઉડી જઈ પ્રાચીન વસ્તુઓના સંગ્રહસ્થાન સિવાય બીજે શોધ્યાંએ જડતાં નથી.

રાજા અને પ્રજાના કલહને પરિણામે અથવા રાજાના અત્યાચારના પ્રત્યાઘાતરૂપે વૈશ્ય વર્ગની અત્યંત બળવાન શક્તિનો જન્મ થાય છે. એ શક્તિના એક ભ્રૂક્ષેપથીજ રાજાધિરાજો સિંહાસન ઉપર બેઠેલા હોવા છતાં ભયથી થરથર ધ્રૂજી ઉઠે છે. એ વૈશ્ય વર્ગના હાથમાં એક સુવર્ણપાત્ર હોય છે, તે લેવાની આશાએ રાજાઓ તેમજ નિર્ધન માણસો દીનતાપૂર્વક તેમનું અનુસરણ કરે છે, પણ બેઉમાંથી એકેના મનોરથ ફળતા નથી.

બ્રાહ્મણો કહે છે કે, "જ્ઞાન એ સર્વોત્તમ બળ છે, અને અમે જ્ઞાનના ભંડાર છીએ; માટે સમાજે અમારી આજ્ઞા પ્રમાણે વર્તવું જોઇએ." અલબત્ત, કેટલાક કાળસુધી તો બરાબર ઉપર કહ્યું તેમજ ચાલતું આવ્યું, પણ પછી ક્ષાત્રબળનો ઉદય થયો. તેમણે કહેવા માંડયું કેઃ—"અરે બ્રાહ્મણો ! અમે ક્ષત્રિઓ અમારા શસ્ત્રવડે તમારૂં રક્ષણ કરતા ન હોત તો તમે જગતમાં જીવતા પણ રહ્યા હોત ખરા કે? માટે સર્વોપરિપણું તો અમારૂંજ હોવું જોઇએ; તમારૂં નહિ." એમ કહેતાંની સાથેજ તેમની ઝણઝણાટ કરતી તલવાર મ્યાન બહાર નીકળીને ઝણુકવા લાગી. તે જોતાંની સાથેજ સમાજે અવનત મસ્તકે તેનું સર્વોપરિપણું મંજૂર રાખ્યું, અને વિદ્યાના ઉપાસકો (પુરોહિતો) તો સર્વથી પહેલાજ રાજસત્તાના ઉપાસકો બની ગયા. ત્યારપછી

હતો. ઋષિઓએ એની પાસે જઇને આવા મિથ્યાભિમાનનો ત્યાગ કરવાને ઘણો ઉપદેશ આપ્યો હતો, પણ તેણે સર્વનું અપમાન કર્યું અને આજ્ઞા કરી કે મારૂંજ પૂજન કરો. આથી ઋષિઓના શાપાગ્નિથી તે બળીને ભસ્મ થઇ ગયો હતો.

વૈશ્યોના પ્રાબલ્યનો જમાનો આવ્યો. તેઓ કહેવા લાગ્યા કે, " તમે બેઉ મૂર્ખ છો ! જેને તમે સર્વવ્યાપક તેજોમય દેવતા કહો છો તે જ્યોતિર્મય અને સર્વ શક્તિમાન્ સુવર્ણ દેવતા તો અમારાજ હાથમાં છે. જુઓ, તેની કૃપાથી અમે પણ તેના જેટલાજ શકિતવાન્ છીએ. અરે બ્રાહ્મણો ! સુવર્ણ દેવના પ્રતાપવડે અમે તમારૂં જ્ઞાન, વિદ્યા, તપ, ધ્યાન બધુંએ ખરીદી લઇશું. અરે રાજાઓ ! અમારા ઇષ્ટદેવ સુવર્ણની કૃપાના બળવડે તમારાં શસ્ત્ર, તમારૂં શૌર્ય, તમારૂં રણકૌશલ્ય એ બધાં અમારી સેવામાં, અમારા મનોરથને પૂર્ણ કરવામાં વપરાવા લાગશે. જુઓ આ અમારાં વિશાળ અને ધમધોકાર કામ કરતાં કારખાનાં ! એ અમારા મધપૂડા છે. શુદ્રોરૂપી લાખો કરોડો મધમાખીઓ નિરંતર પરિશ્રમ કરીને અમારા મધપૂડાઓને મધથી પરિપૂર્ણ કરે છે. એ મધ ઉપર કોનો અધિકાર છે તે તમે જાણો છો ? એ મધ અમારૂંજ છે—અમે અમારાજ ઉપયોગ અને લાભ માટે મધપૂડામાંથી મધનું એકે એક ટીપું નીચોવી લઇશું."

બ્રાહ્મણો અને ક્ષત્રિઓના ઉદયકાળમાં જ્ઞાન અને સંસ્કૃતિનો બહોળો ફેલાવો થવા પામ્યો હતો, તેવી રીતે વૈશ્યોના ઉદય કાળમાં સ્વાભાવિકરીતે ધનનો પુષ્કળ જમાવ થતો જાય છે. વૈશ્યોની સત્તાની મૂળ ચાવી સુવર્ણમુદ્રામાં રહેલી હોય છે. તેના ખણખણાટમાં એવી અજબ મોહિની રહેલી છે કે ચારે વર્ણના લોકો તેનાથી મંત્રમુગ્ધ બની જાય છે. વૈશ્યોને હમેશાં દહેશત એટલીજ રહે છે કે રખેને બ્રાહ્મણવર્ગ તેમની દોલત—જે તેમનું સર્વસ્વ છે તે ઠગી ન લે અથવા ક્ષત્રિઓ તેમના શસ્ત્રબળથી ઝુંટવી ન લે. આથી કરીને આત્મસંરક્ષણ કરવાના હેતુથી સઘળા વૈશ્યો એકદિલથી વર્તે છે. દેશની સઘળી દોલત તેમનાજ હાથમાં હોય છે. બીજાઓને નાણું ધીરીને તેમની પાસેથી જે આકરાં વ્યાજ તેઓ ઉપજાવે છે, તે જાણે તેમના હાથમાં એક ભયંકર શસ્ત્ર હોય તેમ જાણી સઘળા તેમનાથી ડરતા રહે છે. પૈસાના બળવડે વૈશ્યો રાજસત્તાને પણ અંકુશમાં રાખે છે. પોતાની દોલતને વધારવાના પ્રયાસમાં રાજસત્તા અંતરાય ન નાખે તે માટે વૈશ્યો હમેશાં સાવધાન રહે છે, છતાં રાજસત્તા ક્ષત્રિયોના હાથમાંથી ખસીને શુદ્ર વર્ગના હાથમાં જાય એવું વૈશ્યો કદિ પણ ઇચ્છતા નથી.

એવો એક પણ દેશ નથી કે જ્યાં આ વૈશ્યોએ પગપેસારો ન કર્યો હોય. તેઓ પોતે તો તત્ત્વજ્ઞાનરહિત હોય છે અને વ્યાપાર ચલાવવામાં નિરંતર મશગૂલ રહે છે; તોપણ તેઓ દ્વારા જ્ઞાન, વિદ્યા, કળા અને સંસ્કૃતિ એક દેશમાંથી બીજા દેશમાં જવા પામે છે. બ્રાહ્મણો અને ક્ષત્રિયોના આધિપત્યના યુગમાં સમાજના આંતર ભાગમાં જે વિદ્યા, કળા, જ્ઞાન, અને સંસ્કૃતિનો જમાવ થયો હતો, તે હવે વ્યાપારના રાજમાર્ગદ્વારા દુનિયાના એકેએક વ્યાપારના સ્થળમાં વહેંચાવા લાગ્યાં છે.

વૈશ્ય વર્ગની ઉન્નતિ ન થઇ હોય તો એક દેશની સંસ્કૃતિ, કળા, વિલાસની સામગ્રીઓ, ખાદ્ય પદાર્થો, એ સર્વને બીજા બીજા દેશમાં કોણુ લઇ જાત?

પણુ જેમના પરિશ્રમ ઉપર બ્રાહ્મણોનું જ્ઞાન, ક્ષત્રિઓનું શૌર્ય અને વૈશ્યોની સમૃદ્ધિ એકસરખીરીતે આધાર રાખે છે તે શૂદ્ર વર્ગની શી સ્થિતિ છે? જેઓ સમાજનું પ્રધાન અંગ છે છતાં હમેશાં દરેક દરેક દેશમાં "અધમ જાતિના" જ ગણાતા આવ્યા છે; તેમનો ઇતિહાસ શું કહે છે? જે જ્ઞાન ઉપર ઉચ્ચવર્ણના લોકોનોજ અધિકાર છે તે જ્ઞાન મેળવવા શૂદ્રો પ્રયત્ન કરે તો તેવા ગંભીર અપરાધને માટે "તેમની જીભ કાપી નાખવી અથવા તેમના માંસનું છેદન કરવું." એટલી માત્ર નજીવી શીક્ષા દયાળુ હૃદયની (!) હિન્દુસમાજે જેમને માટે ઠરાવી છે તે હિંદુસ્તાનના "હાલતાં ચાલતાં મુડદાં" અને અન્ય દેશનાં "ભારવાહી પશુઓ"–તેમની શી અવસ્થા છે? હિંદુસમાજની પોતાનીજ હાલ કેવી દુર્દશા થએલી છે? શૂદ્રોની વાત એક બાજુએ મૂકીએ પણુ તેમના બ્રાહ્મણો,–અધ્યાત્મવિદ્યાના ભંડારરૂપ બ્રાહ્મણોજ આજે કયાં છે? આજે તો હિંદુસ્તાનના ગુરુઓના સ્થાન ઉપર યૂરોપીઅન પંડિતો બિરાજે છે, અને ક્ષત્રિઓને ઠેકાણે અંગ્રેજ અમલદારો છે અને વૈશ્ય પણુ જેમની રગેરગ વાણિજ્ય વૃત્તિથી ભરપૂર છે એવા અંગ્રેજ વ્યાપારીઓજ છે! તેથી કરીને હિંદુસ્તાનમાં તો માત્ર શૂદ્રોજ–"ભારવાહી પશુઓ" જ રહેલા છે. ઘોર અંધકારનો અભેદ્ય પડદો સર્વના ઉપર સરખીરીતે પથરાઇ રહ્યો છે. દેશમાં નથી આત્મશ્રદ્ધા, નથી દૃઢ આગ્રહ, નથી સાહસિકતા અને નથી વીર્ય અને પરાક્રમ. શરીર અને મન બેઉ નિર્બળ, નિઃસત્ત્વ બની ગયાં છે. અન્ય પ્રજાનાં અપમાન અને તિરસ્કારને બધાએ ઘોળી પીધાં છે. તેમની સ્વમાનની લાગણી બહેરી થઇ ગઇ છે. પરાધીનતા અને દાસત્વ તેમને લેશમાત્ર પણુ ખૂંચતાં નથી. તેમના હૃદયમાં પ્રેમ, શ્રદ્ધા અને પુરુષત્વનો છાંટો સરખો પણુ નથી. આખો દેશ નિર્જીવ, મૃતદેહસમાન બની ગયો છે. માત્ર રહ્યાં છે એક બીજાની પ્રબળ ઇર્ષ્યા અને અંદર અંદરનાં વેર ઝેર તથા આડે અવળે રસ્તે એક બીજાનું નિકંદન કહાડવાની વિષમય નીચવૃત્તિ; અને કૂતરાની માફક બળવાન વ્યકિતના પગ ચાટીને ખુશામત કરવાની પામરતા!! સડી ગએલા પાણીમાં જેમ લીલ બાઝે તેમ સડી ગએલી હિંદુસમાજમાં આ કોહવાણુનો થર જામી ગયો છે. હવે તો પોતાની દોલત અને સત્તાથી બીજાને આંજી નાખવાનો પ્રયત્ન કરવામાંજ ઉંચામાં ઉંચી અભિલાષાની તૃપ્તિ મનાય છે; પોતાની ઇચ્છાઓને તૃપ્ત કરવામાંજ ભકિતની સીમા આવી રહી છે; ક્ષણિક પદાર્થોનો સંચય કરવામાંજ ડહાપણુ મનાય છે; ભ્રષ્ટ અને ભયંકર ક્રિયાઓમાંજ યોગસિદ્ધિનો સમાવેશ થાય છે; બીજાઓનું દાસત્વ કરવું એજ કર્તવ્ય મનાવા લાગ્યું છે; પરદેશીઓની વાંદર નકલ કરવી એજ સંસ્કૃતિની નિશાની મનાય છે; ગાલિપ્રદાન કરવાની કુશળતામાંજ વકતા-

ની વકતૃત્વશક્તિ અને શ્રીમંતોની હદ ઉપરાંતની ખુશામત કરવામાં અથવા નીતિ- ભ્રષ્ટ અને બીભત્સ વર્ણનો કરવામાંજ સાહિત્યવિશારદ સાક્ષરોની કુશળતા અંકાય છે! જ્યાં દેશમાં આવીજ વસ્તુસ્થિતિ છે ત્યાં પછી શૂદ્રવર્ગની તો વાતજ શી કરવી? આખી પ્રજાજ શૂદ્રની પંક્તિએ પહોંચી ગઇ છે! બીજા દેશોના શૂદ્રો હવે જરા તરા જાગૃત થવા લાગ્યા છે; પણ તેમને હજી જોઇએ તેવી કેળવણી મળી નથી અને પર- સ્પર વૈરભાવ જે શૂદ્રવર્ગનો એક સામાન્ય દોષ છે તેમાંથી તેઓ મુક્ત થયા નથી. તેમની સંખ્યા બીજી વર્ણો કરતાં વધારે છે, પણ તેથી શું થયું? જે સંપના બળ- થી દશ માણસો એક લાખ માણસોનું બળ દાખવી શકે છે તે સંપ હજી તેમનામાં નથી આવ્યો અને તેથી તેઓ કુદરતના નિયમ મુજબ બીજાનાજ અધિકાર નીચે રહેવાને લાયક ઠરે છે.

પણ હજી તેમને માટે આશા છે. જમાનાની પ્રબળ અસરને લીધે બ્રાહ્મણો તથા બીજી ઉચ્ચ જ્ઞાતિઓ અવનત થતી થતી શૂદ્રોની કોટિએ પહોંચવા લાગી છે, અને શૂદ્રો પોતે ધીરે ધીરે ઉન્નત થતા જાય છે. જે યુરોપમાં એકવાર રોમન બાદશાહોથી પદદલિત થએલા શૂદ્રોજ વસતા હતા તેજ યુરોપ આજે વૈશ્ય અને ક્ષાત્રભાવથી પરિપૂર્ણ થઇ ગયો છે. ચીન જે એકવાર અત્યંત બલિષ્ઠ હતું તે આપણી નજર આગળજ ઝપાટાબંધ શૂદ્રની અવસ્થાએ પહોંચતું જાય છે. જ્યારે થોડાં વર્ષ અગા- ઉનું કશા હિસાબ વગરનું જાપાન ઝપાટાબંધ ઉંચે ચઢતું જાય છે અને શૂદ્રત્વને ફેંકી દઇને બ્રાહ્મણ, ક્ષત્રિયોના ગુણ ધારણ કરતું જાય છે. વર્તમાન ગ્રીસ અને ઇટાલી પણ લાંબી ઉંઘ લીધા પછી જાગૃત થઇને ક્ષાત્રભાવ બતાવવા લાગ્યાં છે અને સ્પેન, તુર્કસ્તાન તથા બીજા કેટલાક દેશો ઘણો વખત પ્રભાવ બતાવીને હવે નમતું પાસું કરવા લાગ્યા છે. આ બધા બનાવો વિચાર કરવા જેવા છે.

છતાં ભવિષ્યમાં એવો વખત આવી પહોંચશે કે જ્યારે આખો શૂદ્ર વર્ગ પોતે શૂદ્ર રહીનેજ ઉન્નત થવામાટે જોર કરશે; એટલે કે હમણાં જેમ કોઇ કોઇ શૂદ્રો વૈશ્ય કે ક્ષત્રિયના ગુણ સંપાદન કરીને ઉચ્ચસ્થાન પ્રાપ્ત કરે છે તેમ નહિ, પણ તમામ દેશના શૂદ્રો–વૈશ્ય અને ક્ષત્રિયોના ગુણ ધારણ કર્યા વગર માત્ર પોતાના શૂદ્રત્વના બળ વડેજ–સમાજમાં નિરંકુશ અધિકાર ભોગવતા થશે. આ ઉગતી સત્તાના પહેલા કિર- ણનો ઉજાશ તો પાશ્ચાત્ય દેશોમાં ચમકારા મારવા લાગ્યોજ છે; અને નવા સંજોગોનું પરિણામ શું આવશે તે પ્રશ્ને ત્યાંના વિચારકોને ગૂંચવાડામાં નાખ્યા છે. જે મહાન્ સામાજિક પરિવર્તન ભવિષ્યમાં થનાર છે તેની આગાહીનું સૂચન કરનાર [1]સોશિયા-

---

૧ મનુષ્ય માત્રની દોલતની સરખી વહેંચણી કરીને ગરીબ અને તવંગરનો ભેદ ભૂંસી નાખવો, અને મનુષ્યમાત્રની સમાનતાને વ્યાવહારિક સ્વરૂપ આપવું એ આ મંડળનો હેતુ છે.

લિઝમ [2]ઍનાર્કિઝમ અને [3]નિહિલિઝમ વગેરે બળવાન મંડળોએ દર્શન આપવા માંડયું છે. જમાનાના જમાના થયાં શૂદ્રવર્ગ ઉપર એવું અસહ્ય દબાણ કરવામાં આવ્યું છે કે તેને પરિણામે તેમનું મનુષ્યત્વ નીચોવાઈ ગયું છે; તેઓ છેકજ દીન અને પામર બની ગયા છે. તેઓ કાં તો કૂતરાની માફક ઉચ્ચવર્ણના લોકોના પગ ચાટીને તેમની ખુશામત કરે છે; અથવા તો તેમની સામા થઈને છેક નિષ્ઠુર પશુના જેવુ આચરણ કરે છે. તેની મહેચ્છાઓ અને તેમના અભિલાષોને કદિ પણ ઉત્તેજન મળ્યું નથી. તેમને હમેશાં નાસીપાસ કરીને ઉતારી પાડવામાં આવ્યા છે, તેથી કરીને સ્વાભાવિક રીતેજ તેમનામાં દૃઢ આગ્રહની અને પોતાના કાર્યમાં અંતસુધી મંડ્યા રહેવાની ટેવની ખામી છે.

પાશ્ચાત્ય દેશોમાં કેળવણીનો ઘણો પ્રચાર થયો છે, તોપણ હજી શૂદ્રોની ઉન્નતિ કરવાના માર્ગમાં અનેક પ્રકારની અડચણો છે. સૌથી મોટી અડચણ તો એ છે કે અમુક પ્રકારના ગુણદોષ વંશપરંપરાથી વધારે ઓછા પ્રમાણમાં ઉતરી આવે છે તે ધોરણે ત્યાં જ્ઞાતિઓ મુકરર થાય છે. અમુક માણસ અમુક વર્ગમાં જન્મ્યો તેથીજ કરીને તેનામાં અમુક ગુણ અથવા દોષ હોવા જોઇએ એવી માન્યતાના આધારે અસલના જમાનામાં આપણા દેશમાં જ્ઞાતિઓનું બંધારણ બંધાતું હતું; તેથી બિચારા શૂદ્રોના હાથપગ બંધાઇ જતા હતા. તેમને ધન પ્રાપ્તિ કરવાની, ઘટતું જ્ઞાન મેળવવાની અને કેળવણી લેવાની લેશમાત્ર પણ તક આપવામાં આવતી નહિ. તે ઉપરાંત તેમને એક ખાસ ગેરલાભ એ થતો કે જયારે જ્યારે શૂદ્રવર્ગમાંથી કોઈ અસાધારણ બુદ્ધિ અથવા શક્તિસંપન્ન પુરુષો ઉત્પન્ન થતા, ત્યારે ત્યારે ઉચ્ચ વર્ણના સત્તાવાન અને પ્રતિષ્ઠાવાન લોકો તેવા માણસોને મોટી મોટી પદવીઓથી નવાજી નાખતા અથવા તો તેમને પોતાની શ્રેણીમાંજ લઈ લેતા. આથી કરીને તેમની દોલતનો તથા તેમના બુદ્ધિબળનો લાભ તેમની જ્ઞાતિના શૂદ્રોને નહિ, પણ તેમનું અશુભ કરનારા અન્ય જ્ઞાતિના મનુષ્યોનેજ મળતો; અને બિચારા શૂદ્રો તો હતા તેવીને તેવીજ હાલતમાં રહેતા. આ અન્યાય આટલેથીજ અટકતો ન હતો, પણ ઉચ્ચ વર્ણમાંથી હલકા અને સમાજના કચરા જેવા માણસોને બહિષ્કૃત કરીને શૂદ્રોની પંક્તિમાં ધકેલી મૂકવામાં આવતા. આથીકરીને શૂદ્ર વર્ગમાં તો અધમ માણસોનોજ વધારો થયાં કરતો.

શૂદ્રોની કોટિમાંથી ઉચ્ચ વર્ણમાં દાખલ થયા હોય અને સમાજમાં અત્યંત માનનીય સ્થાન ભોગવતા હોય એવા અનેક દાખલા પુરાણ, મહાભારત વગેરે પ્રાચીન

૨–૩ રાજકર્તાઓ તથા તેમના અમલદારોનાં ખૂન કરવાં અને તેમ કરીને પ્રજાને ભયમુક્ત કરવી એ આ બેઉ મંડળોનો ઉદ્દેશ છે. રૂશિયામાં નિહિલઝમ પક્ષ ઘણો બળવાન છે.
ભા. ક.

ઇતિહાસગ્રંથોમાંથી મળી આવે છે. [1]વસિષ્ઠ [2]નારદ, [3]સત્યકામ, જાબાલ, [4]વ્યાસ, [5]કૃપાચાર્ય, [6]દ્રોણ, [7]કર્ણ અને બીજા અનેક પુરુષોનો જન્મ કાં તો હલકી કોમમાં થયો હતો, અથવા તેમનાં માબાપજ જાણ્યામાં ન હોવાથી તેમનાં જ્ઞાન અથવા શૌર્યને લીધેજ તેમને બ્રાહ્મણ અથવા ક્ષત્રિયની પંક્તિમાં બેસાડવામાં આવ્યા હતા; પણ તેમની અંગત ઉન્નતિ થવાથી વારાંગના, દાસી, માછી કે સારથીના વર્ગને લાભ થયો હોય એમ જણાતું નથી. વળી પદચ્યુત થએલા બ્રાહ્મણો, ક્ષત્રિઓ અને વૈશ્યોને શૂદ્રોના વર્ગમાં ઉતારી પાડવામાં આવવાથી શૂદ્રોની સંખ્યામાં હલકી પ્રતિનાં માણસોની ભરતી થયાજ કરતી હતી, અને તેના ઉત્તમોત્તમ માણસો ચાલ્યા જતા.

હાલ એ સ્થિતિ બદલાઈ ગઇ છે. શૂદ્ર માબાપને પેટે જન્મેલો માણસ ગમે તો લક્ષાધિપતિ હોય કે મહાન્ પંડિત હોય, તોપણ તેનાથી શૂદ્રોની પંક્તિમાંથી બહાર ઉંચી ગણાતી જ્ઞાતિઓમાં ભળી શકાતું નહિ હોવાથી તેનાં જ્ઞાન, બુદ્ધિ અને ધનનો લાભ તેની ન્યાતના લોકોનેજ મળે છે અને તે ન્યાતના શ્રેયને માટેજ તેનો ઉપયોગ થાય છે. હિંદુસ્તાનમાં ચાલતા વંશપરંપરાગત જ્ઞાતિબંધારણને લીધે કોઈ પણ જ્ઞાતિથી તેની મુકરર કરેલી સીમા ઓળંગાતી નહિ હોવાથી જ્ઞાતિની સાંકડી મર્યાદામાં આવેલા લોકોની અવસ્થામાં ધીમેથી પણ ચોક્કસપણે સુધારો થવા પામે છે. જ્યાં સુધી હિંદુસ્તાન જ્ઞાતિનો ભેદ ગણ્યા વગર તમામ રૈયત તરફ સમાન દૃષ્ટિથી જોનાર રાજ્યસત્તાની નીચે રહેશે, ત્યાંસુધી આજ પ્રમાણે હિંદુસ્તાનના નીચલા વર્ગોની હાલત ધીમે ધીમે સુધરતી જશે. સમાજનું નેતાપણું ગમે તો વિદ્યાનો ઇજારો રાખનાર બ્રાહ્મણોના હાથમાં હોય અથવા તો ધન કે શસ્ત્રોના જોર ઉપર નિર્ભર રહેનારા વૈશ્યો કે ક્ષત્રિઓના હાથમાં હોય, તોપણ પ્રજાકીય બળનો ખરેખરો આધાર તો હમેશાં શૂદ્રો ઉપરજ હોય છે. જે જ્ઞાતિ સમાજની નેતા હોઇને સત્તાના મૂળરૂપ શૂદ્રોની સાથેનો પોતાનો સંબંધ જેટલા પ્રમાણમાં તોડી નાખે, તેટલા પ્રમાણમાં

૧. વસિષ્ઠના પિતા બ્રહ્મા હતા, માતા જાણ્યામાં નથી. ૨. નારદની મા પાણીયારી હતી, બાપ જાણ્યામાં નથી. ૩. સત્યકામ જાબાલની મા પણ જાબાલ નામની એક દાસી હતી અને બાપ કોણ તે જાણ્યામાં ન હોવાથી તેના નામની સાથે તેની માનું નામ લખાય છે. ૪. વ્યાસના પિતા પરાશરમુનિ હતા અને મા મત્સ્યગંધા નામની એક માછીની કુમારી કન્યા હતી. ૫. કૃપાચાર્યના પિતા શરદ્વન ગૌતમ નામના ઋષિ હતા અને મા જાનપદી નામની એક દેવી હતી. ૬. દ્રોણના પિતા ભરદ્વાજ નામના બ્રાહ્મણ ઋષિ અને માતા એક દેવી હતી. ૭. કર્ણની માતા કુંતીએ કૌમાર અવસ્થામાં સૂર્યથી ગર્ભ ધારણ કર્યો હતો અને તરતના અવતરેલા બાળક કર્ણને પાણીમાં ફેંકી દીધો. એક સારથીને દયા આવવાથી તેને ઘેર લઇ ગયો અને ત્યાર પછી તે સારથીનાજ ઘરમાં ઉછરીને મોટો થયો.

તે નિર્બળ થયા વગર રહેતી નથી. છતાં વિધિની ક્રૂરતા એવી વિચિત્ર છે અને માયાની મોહજાળ એવી અટપટી છે કે તેમની પાસેથી આ સત્તા પરોક્ષરીતે કે અપરોક્ષરીતે, સીધે રસ્તે કે આડે રસ્તે, છળપ્રપંચથી કે જોરજુલમથી કે સ્વેચ્છાથી એકવાર લેવામાં આવ્યા પછી સત્તાધારી વર્ગ તે લોકોની અવગણનાજ કરે છે. આ શુદ્ર વર્ગ જેમની અંદર બ્રાહ્મણોની સત્તાને ઉત્પન્ન કરનારૂં એન્જીન હતું, તેમનાથી જ્યારે વખત જતાં બ્રાહ્મણો તદ્દન વિમુખ થઇ ગયા ત્યારે એજ શુદ્રોના બળથી બળવાન થએલા ક્ષત્રિઓએ તેમની સત્તાને ઉથલાવી નાખી, પછી એજ ક્ષત્રિયોએ પોતાને સંપૂર્ણ રીતે સ્વતંત્ર માનીને પોતાની અને શુદ્રોની વચ્ચે નહિ ઓળંગાય એવું અંતર પાડી દીધું; એટલે તરતજ તેઓની સત્તાનો પણ ધ્વંસ થયો અને વૈસ્યવર્ગ જેમણે શુદ્રોની સાથે વધારે નિકટનો સહકાર સાધીને શક્તિ સંપાદન કરી હતી, તેમના હાથમાં ક્ષત્રિય રાજાઓ પુતળાની માફક નાચવા લાગ્યા છે. હવે વૈસ્યોએ પોતાની ધારેલી ઈચ્છા પૂર્ણ કરી છે તેથી તેઓ પણ હવે શુદ્રોની મદદની વિશેષ દરકાર કરતા હોય એમ લાગતું નથી, અને તેઓ પણ બ્રાહ્મણ તથા ક્ષત્રિઓની માફક શુદ્રોથી અળગા થતા જાય છે. આ પ્રમાણે વર્તન કરવાથી વૈસ્યોની સત્તાનાં પણ ૧ વિનાશનાં બીજ વવાય છે. શુદ્રજાતિમાં તમામ પ્રકારની શક્તિનો ભંડાર છે, તોપણ તેઓમાં એક બીજા વચ્ચે એવું અંતર રહેલું છે કે તેઓ પોતાના વાજબી હક્ક પણ ગુમાવી બેઠા છે. જ્યાંસુધી તેમના પરસ્પરના સંબંધ આવા રહેશે ત્યાંસુધી તેમની હાલતમાં ફેરફાર થઇ શકવાનો નથી.

કોઇ કોઇ વખત લોકોને એક બીજા તરફ આકર્ષણ કરનાર અને તેમને સુદૃઢ સમૂહરૂપે બાંધી રાખનાર શક્તિ કાં તો સર્વના ઉપર આવી પડેલી સામાન્ય આપત્તિમાંથી, અથવા તો અમુક તરફ બધાને એક સરખો ધિક્કાર અથવા પ્રેમ હોય તો તેમાંથી ઉદ્ભવે છે. આજ નિયમને વશ થઇને શિકારી જાનવરોનાં ટોળાં બંધાય છે; અને માણસો પણ પોતપોતાનાં મંડળો, જ્ઞાતિઓ અથવા પ્રજાઓના રૂપમાં જોડાઇને એકત્ર થાય છે. પોતાના દેશ અને દેશના લોકો તરફનો અત્યંત પ્રેમ કે જે બીજા દેશના લોકો તરફ કટ્ટા શત્રુત્વરૂપે પ્રકટ થાય છે;—જેમકે ગ્રીસના લોકોનો ઈરાન તરફ, રોમનોનો કાર્થેજ તરફ, આરબ લોકોનો *કાફીર તરફ, સ્પેનના લોકોનો

૧ યુરોપમાં કારખાનાના માલિકો અને મજૂર વચ્ચે કલહની શરૂઆત ઘણા સમયથી થવા લાગી છે. ગુજરાતમાં પણ થોડાજ વખતપર આવાજ પ્રકારનાં ચિ૰હો પ્રકટ થયાં હતાં. જે મજુરોના પરિશ્રમથી ધનવાનો ધનવાન બન્યા છે તેજ મજુરોના જીવનને સુધારવાનો પ્રયત્ન ધનવાનો નહિ કરે, તો તેમની સત્તાનો પણ નાશ થયા વગર નહિ રહે.

* હાલમાં એ સંબંધો કેટલાક કારણોને લીધે બદલાયા છે. પ્રજાઓના રાજનૈતિક સંબંધ કદિપણ કાયમના રહી શકતાજ નથી. ભા. ક.

મૂરલોક તરફ, ફ્રાન્સના લોકોનો સ્પેન તરફ, ઈંગ્લાંડ અને જર્મનીના લોકોનો ફ્રાન્સ તરફ અને અમેરિકાનો ઇંગ્લાંડ તરફ આ પ્રમાણે જે વૈરભાવ જોવામાં આવે છે, તેથી શત્રુપ્રજાની સામે યુદ્ધ કરવામાટે દેશમાં એવી એકતા ઉત્પન્ન થાય છે કે જેથી કરીને એક પ્રજા બીજી પ્રજા કરતાં શ્રેષ્ઠ બની શકે છે.

સ્વાર્થમાંથીજ સ્વાર્થત્યાગની ભાવના ઉત્પન્ન થાય છે. એકલું પોતાનું હિત જાળવવામાટે પણ સમાજના હિત તરફ દરેકને પ્રથમ નજર રાખવી પડે છે. આખી પ્રજાના કલ્યાણમાંજ એકનું કલ્યાણ છે અને આખી પ્રજાના હિતમાંજ દરેક વ્યક્તિનું હિત રહેલું છે. ઘણા માણસોના સહકાર વગર કોઈ પણ કાર્ય ભાગ્યેજ સિદ્ધ થઇ શકે. આત્મરક્ષણનું કાર્ય પણ એક બે હાથે થઇ શકતું નથી. પોતપોતાનું હિત જાળવવામાટે એકબીજાને મદદ કરવાના હેતુથી ઘણાં માણસોનું મંડળ બંધાય છે અને તેઓ એકબીજા સાથે સહકાર સાધે છે; એવા દાખલા દરેક પ્રજામાં અને દરેક દેશમાં જોવામાં આવે છે. અલબત, સ્વાર્થની મર્યાદા જૂદા જૂદા દેશોમાટે સંકુચિત કે વિશાળ હોય છે એ વાત ખરી છે. હિંદુસ્તાનના લોકોને માટે તો અત્યારે ઉંચામાં ઉંચી અભિલાષા અને શ્રેયની ભાવના માત્ર પુષ્કળ છોકરાં ઉત્પન્ન કરવામાં, ટુકડો રોટલો મેળવવામાં અને ઉંચી ઉંચી ન્યાતના લોકોની ધાર્મિક પ્રવૃત્તિને દખલ ન પહોંચે તે વાતની કાળજી રાખવામાંજ સમાઈ જાય છે. હાલના હિંદુસ્તાનના માણસોને તો આ કરતાં વધારે સારી અભિલાષાની કલ્પના પણ આવી શકતી નથી. તેમને મનથી જીવનની ઉંચામાં ઉંચી અવસ્થા માત્ર ઉપલીજ બાબતોમાં છે.

ભરતખંડના હાલના રાજ્યતંત્રમાં અમુક દોષો છે ખરા, પણ તેની સાથે તેનાથી કેટલાક મહત્ત્વના ફાયદાઓ પણ છે. મોટામાં મોટો ફાયદો એ છે કે પાટલીપુત્રના મહારાજ્યની પડતી થયા પછી આખા હિંદુસ્તાનપર કોઈ બળવાન રાજકર્તાનો અમલ પ્રવર્ત્યો હોય તો તે માત્ર અંગ્રેજી રાજ્યના સમયમાંજ છે; અને ખાસકરીને વૈશ્ય પ્રજાના આધિપત્ય નીચે હિંદુસ્તાન આવી જવાથી વૈશ્યજાતિને લગતી સ્વાભાવિક, અદમ્ય સાહસિકતાને લીધે જેમ વાણિજ્યના પદાર્થો દુનિયાના એક દેશમાંથી બીજા દેશમાં જતા આવતા થયા છે; તેવીજ રીતે દુનિયાના જૂદા જૂદા દેશોના વિચારો અને ભાવનાઓ પણ હિંદુસ્તાનની રગેરગમાં ઘુસી જવા લાગ્યાં છે. એમાંથી કેટલીક ભાવનાઓ અને કેટલાક વિચારો હિંદુસ્તાનને માટે હિતકર છે તો કેટલાક નુકશાનકારક પણ છે, અને કેટલાક વિચારો એવા પણ છે કે જેથી હિંદુસ્તાનના વતનીઓનું હિત અને આવશ્યકતાઓ પરદેશી પ્રજાથી સમજી શકાયજ નહિ.

હાલની અવસ્થામાં જે કંઇ શુભ અને અશુભ છે તે બન્નેના સમૂહને તપાસી જોતાં તેમાંથી હિંદુસ્તાનની ભવિષ્યના જાહોજલાલીનું ચોક્કસ ચિન્હ નજરે પડે છે. એક બાજુએ તેની જૂની પ્રજાકીય ભાવનાઓ અને બીજી બાજુએ તેનામાં બળપૂર્વક દાખલ

કરેલા નવા વિચિત્ર વિચારો. એ એના વચ્ચે જે આઘાત પ્રત્યાઘાત ચાલી રહ્યા છે તેના સ્વાભાવિક પરિણામરૂપે હિંદુસ્તાન પોતાની લાંબી ગાઢ નિદ્રામાંથી ધીમે ધીમે જાગૃત થતું જાય છે. હિંદુસ્તાનના હાથે ભૂલો તો થવાનીજ. ભૂલો થાય તેમાં તેને ઝાઝું નુકશાન પણ નથી. આપણા દરેક કામમાં આપણી ભૂલચૂકોજ આપણા ખરેખરા ગુરુઓ છે. જે ભૂલ કરે છે તેજ સત્યના રસ્તા ઉપર જઈ શકે છે. ઝાડ કદિ ભૂલ કરતું નથી તેમ પત્થર પણ કોઈ પણ પ્રકારની ચૂક કરતો નથી, જાનવરો પણ કુદરતના મુકરર કાયદાઓનો જવલ્લેજ ભંગ કરે છે. માત્ર માણસ એકલોજ ભૂલને પાત્ર છે; પણ એ માણસજ એક કાળે ઈશ્વિર અથવા ઈશ્વરના અવતારરૂપ ગણાવા લાગે છે. જો આઠે પહોરની અને જન્મથી તે મરણ સુધીની આપણી દરેક ક્ષણની પ્રવૃત્તિ, દરેક વિચાર અને એવી તમામ ઝીણી મોટી બાબતો કોઇએ અગાઉથી મુકરરજ કરી દીધી હોય અને એ પ્રમાણે મુકરર કરેલી હદની મર્યાદામાં રહીનેજ આપણે જીવન વ્યતીત કરવાનું હોય, અને એ નિયમોનો અતિક્રમ કરતાં આપણને વારવાને માટે કુદરતના કાયદાની તલવાર હમેશાં આપણે માથે ઝઝુમ્યાજ કરતી હોય, તો તો પછી સ્વતંત્રપણે વિચારવા કે કરવા જેવું કંઇ પણ રહે ખરૂં કે? અમુક માણસ બુદ્ધિશાળી અથવા મહાન્ વિચારક શાથી થાય છે? કારણ કે તે વિચાર કરે છે, તર્ક કરે છે અને સંકલ્પ કરે છે. વિચાર કરવાના અભ્યાસ વગર બુદ્ધિની ક્ષીણતા થાય છે, તમોગુણ વધે છે, મગજ સુસ્ત અને જડ થઇ જાય છે. અને આત્મામાં દિનપ્રતિદિન જડતા વધી જતાં જડવત બની જવાય છે. છતાં હિંદુસ્તાનમાં દરેક ધર્મગુરુ અને સામાજિક નેતા સમાજને નિયમમાં રાખવામાટે નવા નવા કાયદાઓ અને શાસનો ઘડયાજ કરે છે!! શું હજી પણ આપણા દેશને માટે પૂરતા નિયમો ઘડાયા નથી? શું હજી પણ નવા નવા નિયમોની જરૂર છે? ઉલટું જે નિયમો છે તેજ વધારે પડતા હોઇને તેના દબાણને લીધે પ્રજા કચડાઈ ગઇ છે અને વિનાશ તરફ ધસી જાય છે. આમ છતાં કોઇ તેનો વિચારજ કરતું નથી.

જ્યાં રાજસત્તા નિરંકુશ અને અમર્યાદિત છે, ત્યાં જીતાયલી પ્રજા તરફ રાજ્ય કરનાર પ્રજા એટલો બધો તિરસ્કાર બતાવતી નથી. એવા અમર્યાદિત રાજતંત્ર નીચે રૈયતના માંહોમાંહેના હક્કની સમાનતા જળવાય છે. રાજસત્તા ઉપર અંકુશ મૂકવાનો કે તેના કાર્ય ઉપર શક લાવવાનો કોઇને પણ હક્ક હોતો નથી. આથી કરીને બીજી જ્ઞાતિઓ કરતાં અમુક જ્ઞાતિ વધારે હક્ક ભોગવે એવો સંભવ ઓછો રહે છે; પણ કોઈ જીતાયલી પ્રજા ઉપર પરદેશી પ્રજાસત્તાક રાજ્યનો અમલ હોય અથવા પ્રજાની ઇચ્છાને વશ રહેલા-બંધાયલા પરદેશી રાજાનો અમલ હોય તો રાજ્ય કરનાર અને રૈયતની વચ્ચે ઘણુંજ મોટું અંતર પડી જાય છે. આવા સંયોગમાં જીતાયલી પ્રજાને તાબે રાખવામાં રાજ્યની શક્તિ અને સાધનોનો જે વ્યય કરવો પડે છે, તે

મૂરલોક તરફ, ફ્રાન્સના લોકોનો સ્પેન તરફ, ઇંગ્લાંડ અને જર્મનીના લોકોનો ફ્રાન્સ તરફ અને અમેરિકાનો ઇંગ્લાંડ તરફ આ પ્રમાણે જે વૈરભાવ જોવામાં આવે છે, તેથી શત્રુપ્રજાની સામે યુદ્ધ કરવામાટે દેશમાં એવી એકતા ઉત્પન્ન થાય છે કે જેથી કરીને એક પ્રજા બીજી પ્રજા કરતાં શ્રેષ્ઠ બની શકે છે.

સ્વાર્થમાંથીજ સ્વાર્થત્યાગની ભાવના ઉત્પન્ન થાય છે. એકલું પોતાનું હિત જાળવવામાટે પણ સમાજના હિત તરફ દરેકને પ્રથમ નજર રાખવી પડે છે. આખી પ્રજાના કલ્યાણમાંજ એકનું કલ્યાણ છે અને આખી પ્રજાના હિતમાંજ દરેક વ્યક્તિનું હિત રહેલું છે. ઘણા માણસોના સહકાર વગર કોઈ પણ કાર્ય ભાગ્યેજ સિદ્ધ થઇ શકે. આત્મરક્ષણનું કાર્ય પણ એક બે હાથે થઇ શકતું નથી. પોતપોતાનું હિત જાળવવામાટે એકબીજાને મદદ કરવાના હેતુથી ઘણાં માણસોનું મંડળ બંધાય છે અને તેઓ એકબીજા સાથે સહકાર સાધે છે; એવા દાખલા દરેક પ્રજામાં અને દરેક દેશમાં જોવામાં આવે છે. અલબત, સ્વાર્થની મર્યાદા જૂદા જૂદા દેશોમાટે સંકુચિત કે વિશાળ હોય છે એ વાત ખરી છે. હિંદુસ્તાનના લોકોને માટે તો અત્યારે ઉંચામાં ઉંચી અભિલાષા અને શ્રેયની ભાવના માત્ર પુષ્કળ છોકરાં ઉત્પન્ન કરવામાં, ટુકડો રોટલો મેળવવામાં અને ઉંચી ઉંચી ન્યાતના લોકોની ધાર્મિક પ્રવૃત્તિને દખલ ન પહોંચે તે વાતની કાળજી રાખવામાંજ સમાઈ જાય છે. હાલના હિંદુસ્તાનના માણસોને તો આ કરતાં વધારે સારી અભિલાષાની કલ્પના પણ આવી શકતી નથી. તેમને મનથી જીવનની ઉંચામાં ઉંચી અવસ્થા માત્ર ઉપલીજ બાબતોમાં છે.

ભરતખંડના હાલના રાજ્યતંત્રમાં અમુક દોષો છે ખરા, પણ તેની સાથે તેનાથી કેટલાક મહત્ત્વના ફાયદાઓ પણ છે. મોટામાં મોટો ફાયદો એ છે કે પાટલીપુત્રના મહારાજ્યની પડતી થયા પછી આખા હિંદુસ્તાનપર કોઈ બળવાન રાજકર્તાનો અમલ પ્રવર્ત્યો હોય તો તે માત્ર અંગ્રેજી રાજ્યના સમયમાંજ છે; અને ખાસકરીને વૈશ્ય પ્રજાના આધિપત્ય નીચે હિંદુસ્તાન આવી જવાથી વૈશ્યજાતિને લગતી સ્વાભાવિક, અદમ્ય સાહસિકતાને લીધે જેમ વાણિજ્યના પદાર્થો દુનિયાના એક દેશમાંથી બીજા દેશમાં જતા આવતા થયા છે; તેવીજ રીતે દુનિયાના જૂદા જૂદા દેશોના વિચારો અને ભાવનાઓ પણ હિંદુસ્તાનની રગેરગમાં ઘુસી જવા લાગ્યાં છે. એમાંથી કેટલીક ભાવનાઓ અને કેટલાક વિચારો હિંદુસ્તાનને માટે હિતકર છે તો કેટલાક નુકશાનકારક પણ છે, અને કેટલાક વિચારો એવા પણ છે કે જેથી હિંદુસ્તાનના વતનીઓનું હિત અને આવશ્યકતાઓ પરદેશી પ્રજાથી સમજી શકાયજ નહિ.

હાલની અવસ્થામાં જે કંઇ શુભ અને અશુભ છે તે બન્નેના સમૂહને તપાસી જોતાં તેમાંથી હિંદુસ્તાનની ભવિષ્યના જાહોજલાલીનું ચોક્કસ ચિન્હ નજરે પડે છે. એક બાજુએ તેની જૂની પ્રજાકીય ભાવનાઓ અને બીજી બાજુએ તેનામાં બળપૂર્વક દાખલ

કરેલા નવા વિચિત્ર વિચારો. એ બેના વચ્ચે જે આઘાત પ્રત્યાઘાત ચાલી રહ્યા છે તેના સ્વાભાવિક પરિણામરૂપે હિંદુસ્તાન પોતાની લાંબી ગાઢ નિદ્રામાંથી ધીમે ધીમે જાગૃત થતું જાય છે. હિંદુસ્તાનના હાથે ભૂલો તો થવાનીજ. ભૂલો થાય તેમાં તેને ઝાઝું નુકશાન પણ નથી. આપણા દરેક કામમાં આપણી ભૂલચૂકોજ આપણા ખરેખરા ગુરુઓ છે. જે ભૂલ કરે છે તેજ સત્યના રસ્તા ઉપર જઈ શકે છે. ઝાડ કદિ ભૂલ કરતું નથી તેમ પત્થર પણ કોઈ પણ પ્રકારની ચૂક કરતો નથી, જાનવરો પણ કુદરતના મુકરર કાયદાઓનો જવલ્લેજ ભંગ કરે છે. માત્ર માણુસ એકલોજ ભૂલને પાત્ર છે; પણ એ માણુસજ એક કાળે ઈશ્વિર અથવા ઈશ્વરના અવતારરૂપ ગણાવા લાગે છે. જો આઠે પહોરની અને જન્મથી તે મરણ સુધીની આપણી દરેક ક્ષણુની પ્રવૃત્તિ, દરેક વિચાર અને એવી તમામ ઝીણી મોટી બાબતો કોઇએ અગાઉથી મુકરરજ કરી દીધી હોય અને એ પ્રમાણે મુકરર કરેલી હદની મર્યાદામાં રહીનેજ આપણે જીવન વ્યતીત કરવાનું હોય, અને એ નિયમોનો અતિક્રમ કરતાં આપણને વારવાને માટે કુદરતના કાયદાની તલવાર હમેશાં આપણે માથે ઝઝુમ્યાજ કરતી હોય, તો તો પછી સ્વતંત્રપણે વિચારવા કે કરવા જેવું કંઇ પણ રહે ખરૂં કે? અમુક માણુસ બુદ્ધિશાળી અથવા મહાન્ વિચારક શાથી થાય છે? કારણુ કે તે વિચાર કરે છે, તર્ક કરે છે અને સંકલ્પ કરે છે. વિચાર કરવાના અભ્યાસ વગર બુદ્ધિની ક્ષીણુતા થાય છે, તમોગુણુ વધે છે, મગજ સુસ્ત અને જડ થઇ જાય છે. અને આત્મામાં દિનપ્રતિદિન જડતા વધી જતાં જડવત બની જવાય છે. છતાં હિંદુસ્તાનમાં દરેક ધર્મગુરુ અને સામાજિક નેતા સમાજને નિયમમાં રાખવામાટે નવા નવા કાયદાઓ અને શાસનો ઘડયાજ કરે છે!! શું હજી પણ આપણા દેશને માટે પૂરતા નિયમો ઘડાયા નથી? શું હજી પણ નવા નવા નિયમોની જરૂર છે? ઉલટું જે નિયમો છે તેજ વધારે પડતા હોઇને તેના દબાણુને લીધે પ્રજા કચડાઈ ગઇ છે અને વિનાશ તરફ ધસી જાય છે. આમ છતાં કોઇ તેનો વિચારજ કરતું નથી.

જ્યાં રાજસત્તા નિરંકુશ અને અમર્યાદિત છે, ત્યાં જીતાયલી પ્રજા તરફ રાજ્ય કરનાર પ્રજા એટલો બધો તિરસ્કાર બતાવતી નથી. એવા અમર્યાદિત રાજતંત્ર નીચે રૈયતના માંહોમાંહેના હક્કની સમાનતા જળવાય છે. રાજસત્તા ઉપર અંકુશ મૂકવાનો કે તેના કાર્ય ઉપર શક લાવવાનો કોઇને પણ હક્ક હોતો નથી. આથી કરીને બીજી જ્ઞાતિઓ કરતાં અમુક જ્ઞાતિ વધારે હક્ક ભોગવે એવો સંભવ ઓછો રહે છે; પણ કોઈ જીતાયલી પ્રજા ઉપર પરદેશી પ્રજાસત્તાક રાજ્યનો અમલ હોય અથવા પ્રજાની ઇચ્છાને વશ રહેલા-બંધાયલા પરદેશી રાજાનો અમલ હોય તો રાજ્ય કરનાર અને રૈયતની વચ્ચે ઘણુંજ મોટું અંતર પડી જાય છે. આવા સંયોગમાં જીતાયલી પ્રજાને તાબે રાખવામાં રાજ્યની શક્તિ અને સાધનોનો જે વ્યય કરવો પડે છે, તે

વિ. ૨૭

ન કરતાં જો તેનો ઉપયોગ જીતાયલી પ્રજાના કલ્યાણ અર્થેજ કરવામાં આવે તો થોડા વખતમાં થોડી મહેનતે પ્રજાનું ઘણું ભલું થઇ શકે. રોમન બાદશાહોના સમયમાં તેમના જીતાયલા દેશો જેટલા સુખી હતા તેટલા તેઓ રોમન પ્રજાસત્તાક રાજ્યના અમલ દરમ્યાન ન હતા. આજ કારણથી ખ્રિસ્તી સાધુ સેન્ટપૉલને જો કે તે જીતાયલી યાહૂદી પ્રજામાં જન્મ્યો હતો; તોપણ પોતાના કેસની તપાસ રોમન પાદશાહ સીઝર કરે એવી અરજ કરવાની રજા આપવામાં આવી હતી. અમુક અંગ્રેજ આપણને "કાળા" કહે, "દેશી" કહે અને અણસુધરેલા જંગલી ગણીને ધિક્કારે તો તેથી ચમકી ઉઠવાનું નથી. આપણા દેશમાંજ જ્ઞાતિભેદને લીધે આપણે એક બીજા તરફ કેવો અયોગ્ય તિરસ્કાર અને મિથ્યાભિમાન ધરાવીએ છીએ? જો બ્રાહ્મણોના પક્ષમાં કોઇ મૂર્ખ અશિક્ષિત ક્ષત્રિય રાજા ફસાઈ જાય તો શૂદ્રો તરફ અનુગ્રહ (!) કરીને તેમની જીભ કપાવી નંખાવવાના પ્રયોગ ફરીથી કર્યા વગર રહે ખરા કે? હમણાં હમણાં હિંદુસ્તાનના પૂર્વભાગમાં જૂદી જૂદી ન્યાતના લોકો તેમની વર્તમાન સામાજિક સ્થિતિ સુધારવામાટે એક બીજા તરફ સહાનુભૂતિ બતાવવા લાગ્યા છે અને મહારાષ્ટ્રમાં બ્રાહ્મણો મરાઠાઓનાં ગુણગાન કરે છે; છતાં તેમના હેતુના નિઃસ્વાર્થપણામાં દેશના નીચી કોમના લોકોને હજી સંદેહ રહે છે. ઈંગ્લંડના પ્રજાવર્ગમાં એક એવો વિચાર ફેલાવા લાગ્યો છે કે જો હિંદુસ્થાન બ્રિટીશ સામ્રાજ્યથી છૂટું પડી જાય તો તેથી ઇંગ્લંડની પ્રજાના હક્કમાં ભારે નુકશાન થવા સંભવ છે, અને તેથી ગમે તેમ કરીને પણ હિંદુસ્થાનમાં અંગ્રેજી અમલ જાળવી રાખવોજ જોઇએ. આને માટે તેઓને સારામાં સારો ઉપાય એ જડયો છે કે બ્રિટીશ પ્રજાની કીર્તિ અને પ્રતિષ્ઠાની છાપ દરેક હિંદવાસીના હૃદયમાં ઘણીજ તાજી રાખવી જોઇએ. આવો હસવા જેવો અને દયાજનક વિચાર અંગ્રેજ પ્રજાના મનમાં સચોટ રીતે ઠસતો જાય છે તે જોઇને એક બાજુએ હસવું આવે છે; ત્યારે બીજી બાજુએ દિલગીરીનાં આંસુ આવે છે! હજી પણ તેઓ આ ભાવનાને જેમ બને તેમ વધારે ને વધારે અમલમાં મૂકતાજ જાય છે. પોતાના અડગ ધૈર્ય, ચીવટ, જ્વલંત પ્રજાકીય ઐક્ય, એ ગુણોવડે અંગ્રેજ પ્રજાએ હિંદુસ્તાનનું રાજ્ય મેળવ્યું છે, અને તેમની તીક્ષ્ણ વ્યાપારી બુદ્ધિ સાથે સાયન્સના જ્ઞાનની મિલાવટ થવાથી રત્નની ખાણ જેવા હિંદુસ્તાન દેશને પણ તેમણે ઇંગ્લંડના એક બજાર જેવો બનાવી દીધો છે, અને જ્યાંસુધી અંગ્રેજ પ્રજામાં ઉપર કહ્યા તે પ્રજાકીય ગુણો કાયમ રહેશે ત્યાંસુધી હિંદુસ્તાનમાં અંગ્રેજી અમલને લેશ માત્ર પણ હાનિ પહોંચે એમ નથી, એ મોટી વાત અહીંના અંગ્રેજો જાણે ભૂલીજ ગયા હોય એમ જણાય છે. જ્યાંસુધી અંગ્રેજ પ્રજાના પ્રજાકીય લક્ષણ તરીકે ઉપર કહેલા ગુણો કાયમ રહેશે, ત્યાંસુધી હિંદુસ્તાન જેવાં હજારો રાજ્ય તેમના હાથમાંથી જાય તોપણ તેઓ તેવાં બીજાં હજારો નવાં

રાજ્યો મેળવી શકશે. પણ એ પ્રજાકીય ગુણના ઝરાના મૂળમાંજ જો કાંઈ વિકૃતિ થઈ તો અંગ્રેજ પ્રજાની કીર્તિ અને પ્રતિષ્ઠાનાં સોનેરી અક્ષરે જાહેરનામાં ચોડયાથી રાજ્યની રક્ષા થાય ખરી ? અંગ્રેજોમાં ઉપર કહેલા ગુણો પ્રજાકીય લક્ષણ તરીકે રહેલાજ છે તો પછી અર્થ વગરની લુખી "પ્રતિષ્ઠા"ને ખાતર આટલી બધી શક્તિનો અને સાધનોનો વ્યય કરવો વાજબી નથી. એને બદલે પ્રજાના કલ્યાણમાટેજ એટલી શક્તિનો ઉપયોગ કરવામાં આવતો હોત તો રાજ્ય કરનાર પ્રજા તેમજ રૈયત બેઉનું અત્યંત ભલું થયું હોત.

હિંદુસ્તાન હવે બીજી પ્રજા સાથેના સંઘર્ષણથી ધીમે ધીમે જાગૃત થતું જાય છે એવું આગળ કહેવામાં આવ્યું છે. આ જાગૃતિને પરિણામે વર્તમાન સમયમાં સ્વતંત્ર વિચાર કેટલેક અંશે ઉત્પન્ન થવા લાગ્યા છે. એક બાજુએ આધુનિક પાશ્ચાત્ય વિજ્ઞાન કરોડો સૂર્યના એક સામટા તેજથી આંખને આંજી નાખે છે; અને પ્રત્યક્ષ ઇંદ્રિયગમ્ય કુદરતી શક્તિઓનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરીને એકઠી કરેલી પ્રમાણભૂત વિજ્ઞાનની બાબતોનો વિજળીક રથ હિંદુસ્તાનની પ્રજા આગળ ધમધોકાર દોડ્યો આવે છે; બીજી બાજુએ આપણા પૂર્વજોની આશા અને ચેતનપ્રદ દંતકથાઓનું સ્મરણ તથા હિંદુસ્તાન જ્યારે કીર્તિના શિખર ઉપર હતો, તે સમયના ઇતિહાસના પડઘા કે જેને આપણા દેશના તેમજ બહારના મહર્ષિઓએ ઇતિહાસના ભંડારમાંથી શોધીને પ્રકટ કર્યા છે, કે જે અનંતકોટિ વર્ષો થયાં હિંદુસ્તાનની પ્રજાની પ્રત્યેક નાડીમાં વિશ્વવ્યાપી પ્રેમની ચેતનાનો સંચાર કરતા આવ્યા છે. જે પ્રાચીન કથાઓ દેવો પણ ઈર્ષ્યા કરે એવી અસામાન્ય બુદ્ધિ, અદ્વિતીય શૌર્ય અને ઉચ્ચતમ આધ્યાત્મિકતાનું દર્શન કરાવે છે તે કથાઓ હજી પણ હિંદના હૃદયમાં નવી નવી આશાઓ પ્રકટાવી રહી છે. એક બાજુએ હડહડતો જડવાદ, અમુક લોકોના હાથમાં વધતી જતી દોલત, રાક્ષસી યાંત્રિક શક્તિઓની બનાવટ અને પરદેશી સાહિત્યને લીધે ઉત્પન્ન થયલું ઇંદ્રિયોપભોગ તરફ વલણ, એ બધાંએ મળીને દેશમાં બળવાન ક્ષોભ ઉત્પન્ન કર્યો છે; બીજી બાજુએ ઉપર કહ્યા તેવા બેસૂરા ધ્વનિના કર્ણભેદી કોલાહલની વચ્ચે ધીમે પણ અસ્પષ્ટ અવાજે હિંદુસ્તાનના પ્રાચીન દેવોના મર્મભેદી રુદનનો સ્વર સંભળાય છે. પશ્ચિમથી આયાત થતી વિચિત્ર પ્રકારની વિલાસની સામગ્રીઓ–ઉંચામાં ઉંચા શરાબ, કિંમતીમાં કિંમતી ખોરાકની ચીજો, ભપકાદાર વસ્ત્ર, ભવ્યવિલાસભવનો, નવીન પ્રકારનાં વાહનો, નવા રિવાજો અને નવી ફેશન મુજબના વસ્ત્રાલંકાર પહેરીને નિર્લજ્જ સ્વતંત્રતાનું અભિમાન રાખતી આજની કેળવાયલી સ્ત્રીઓ સમાજમાં ફરે હરે છે–તે સર્વથી હિંદુસ્તાનની પ્રજામાં પૂર્વે નહિ અનુભવાયલી વાસનાઓ જાગૃત થાય છે. વળી બીજી તરફ દૃશ્ય બીજી જાતનું દેખાય છે; અને તેમની (ઉપર જણાવ્યા જેવી સ્ત્રીઓની) જગ્યાએ સીતા, સાવિત્રી જેવા ઉગ્ર ધર્મવ્રત અને તપશ્ચર્યાઓ, ઋષિઓના વનવાસ, ગેરૂઆ રંગનાં

વસ્ત્ર પહેરીને અર્ધ નગ્નાવસ્થામાં ફરતા સંન્યાસીનો વેશ, સમાધિ અને આત્મતત્ત્વનું સેવન, એ સર્વ જૂના સંસ્કારોને તાજા કરે છે અને પશ્ચિમની તુચ્છ વિલાસસામગ્રી ઉપર કરોડો દૃષ્ટિપાત કરે છે. એક બાજુએ સ્વાર્થસાધના ઉપર બંધાયલી પાશ્ચાત્ય પ્રજાઓની સ્વતંત્રતા અને બીજી બાજુએ હિંદુસમાજનો સ્વાર્પણનો આદર્શ એ બેઉની વચ્ચે સ્પર્ધા થવા લાગી છે. આ પ્રચંડ મંથનના સમયમાં હિંદુસમાજમાં ભારે ઉથલપાથલ થાય એ સ્વાભાવિક છે. પશ્ચિમનો આદર્શ વ્યક્તિસ્વાતંત્ર્ય છે, અર્થપ્રાપ્તિ કરાવે એવી કેળવણી તેની ભાષા છે અને રાજનીતિ એ તેનું સાધન છે; ત્યારે બીજી બાજુએ હિંદનો આદર્શ મુક્તિ છે, પવિત્ર વેદ તેની ભાષા છે અને ત્યાગ તેનું સાધન છે. એકવાર વર્તમાન હિંદનું મન ડગમગે છે અને તે કહે છે કે, "ભવિષ્યના અનિશ્ચિત આધ્યાત્મિક કલ્યાણના મોહમાં પડીને હું આ લોકનું પ્રત્યક્ષ સુખ શામાટે ગુમાવું છું," પરંતુ તેજ વખતે તેના હૃદયમાં કોઈ ગેબી અવાજ સંભળાય છે કે– **इह संसारे स्फुटतर दोषः। कथमिव मानव तव संतोषः॥** અર્થાત્ હે માનવ! આ સંસાર કે જે ખુલ્લેખુલ્લા દોષોથી ભરેલો છે, તેમાંથી તને સાચો સંતોષ કેમ કરીને મળવાનો હતો?

એક બાજુએ નવીન હિંદુસ્તાન પોકાર કરે છે કે, "અમને પતિ-પત્નીની પસંદગી કરવાનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય મળવું જોઇએ; કારણ કે જે લગ્ન સંબંધ ઉપર અમારી ભવિષ્યની જીંદગીના સુખદુઃખનો આધાર છે તે અમારી પોતાનીજ મરજી પ્રમાણે નક્કી કરવાનો અમને હક્ક રહેવો જોઇએ." તો બીજી બાજુએ પ્રાચીન હિંદુસ્થાન આજ્ઞા કરે છે કે "લગ્નસંબંધ ઇન્દ્રિયવિલાસમાટે નહિ પણ માનવજાતિને કાયમ રાખવાને પ્રજોત્પત્તિ કરવામાટે છે. હિંદુ પ્રજાનો લગ્નનો આદર્શ આવા પ્રકારનો છેઃ સારાં સંતાનને જન્મ આપીને તમે સમાજના ભવિષ્યના હિતસાધનમાં સહાયભૂત થાઓ છો, અને નઠારી પ્રજાને જન્મ આપીને તમે સમાજનું અહિત કરો છો; તેથી કરીને તમારી પ્રજાની બાબતમાં તમે સમાજના જવાબદાર છો. માટે તમારે કોને પરણવું અને કોને ન પરણવું એ નક્કી કરવાનો હક્ક સમાજનો છે. જે લગ્નવિધિથી સમાજનું હિત સધાતું હશે તે લગ્નવિધિ સમાજ મંજૂર રાખશે. માટે આખી સમાજના સુખને ખાતર પોતાના એકલાના સુખ અને વિલાસની લાલસાનો ત્યાગ કરો."

એક બાજુએ નવીન હિંદુસ્તાન કહે છે કે, "પશ્ચિમની પ્રજાના વિચારો, તેમની ભાષા, તેમનો ખોરાક, તેમનો પોશાક અને તેમના રીતરિવાજો ગ્રહણ કરીએ તો આપણે પણ તેમના જેવાજ બળવાન બનીએ." ત્યારે બીજી બાજુએ પ્રાચીન હિંદુસ્તાન ચેતવે છે કે, "ઓ મૂર્ખાઓ! માત્ર અનુકરણ કર્યાથીજ કાંઈ પારકા વિચારો પોતાના થતા નથી. જેને તમે પોતે પેદા નહિ કરો તે તમારૂં થઇ શકવાનું નથી. સિંહનું ચામડું ઓઢયાથી ગધેડો સિંહ બની શકતોજ નથી."

એક બાજુએ નવીન હિંદુસ્તાન કહે છે કે, "પશ્ચિમની પ્રજાઓ જે કાંઇ કરે છે તે બધું સારૂંજ કરે છે; નહિ તો તેઓ આવી સારી સ્થિતિએ પહોંચી શકેજ કેવી રીતે?" ત્યારે તેના ઉત્તરમાં પ્રાચીન હિંદુસ્તાન કહે છે કે, "વિજળીનો પ્રકાશ ઘણો તેજસ્વી તો છે, પણ તે ક્ષણવારજ ટકી શકે છે; અરે છોકરાઓ! તમારી આંખો એવા પ્રકાશથી અંજાઇ ગઇ છે, માટે સાવધાન થાઓ! છેતરાશો નહિ!"

ત્યારે શું આપણે પશ્ચિમની પ્રજાઓ પાસેથી કશુંજ શીખવાનું નથી? શું સરખી રીતે આપણે આપણી અવસ્થા સુધારવાને કશો પ્રયત્નજ કરવાનો નથી? શું આપણે પૂર્ણ છીએ? શું આપણામાં કશી ખામીજ નથી? શું આપણી સમાજનું બંધારણ બધી રીતે દોષરહિત છે? તેનામાં સુધારાને માટે કશો અવકાશજ નથી? નહિ, તેમ તો નથીજ. હજી આપણે ઘણું ઘણું નવું શીખવાનું છે, જીવીએ ત્યાંસુધી વધારે ને વધારે સારા થવામાટે, વધારે ઉંચા પ્રકારનાં સુખ પ્રાપ્ત કરવામાટે સતત પ્રયત્ન કર્યા કરવોજ જોઇએ. પ્રયત્ન એજ મનુષ્યજીવનનો હેતુ છે. જે પ્રજા પ્રયત્ન નથી કરતી, કોઇ પણ જાતની હિલચાલ નથી કરતી, તે મૃતવત્ છે. શ્રીરામકૃષ્ણ પરમહંસ ઘણીવાર કહેતા કે, "જત દિન બાંચી, તત દિન શીખી."–હું જીવીશ ત્યાંસુધી શીખ્યાજ કરીશ. જે મનુષ્ય અગર જે પ્રજા હવે કશુંજ શીખવાનું નથી એમ માને છે, તે મૃત્યુના મુખમાંજ છે એમ જાણવું. અલબત્ત આપણે પાશ્ચાત્ય પ્રજાઓ પાસેથી ઘણી બાબતો શીખી લેવાની છે; પરંતુ તેમ કરવામાં કેટલુંક જોખમ પણ છે.

એક કાચી બુદ્ધિવાળો તરુણ પુરુષ શ્રીરામકૃષ્ણ પરમહંસ આગળ હમેશાં હિંદુ-શાસ્ત્રની નિંદા કરતો હતો, પણ એક દિવસ તેણે ભગવદ્ગીતાનાં વખાણ કર્યા. તે ઉપરથી શ્રીરામકૃષ્ણે કહ્યું કે, "કોઇ યુરોપીયન પંડિતે ગીતાનાં વખાણ કર્યા હશે તે ઉપરથીજ આ સાહેબ ગીતાનાં વખાણ કરે છે!"

ઓ હિંદુસ્તાન! તારે માટે આવીજ મોટી દહેશત છે. પશ્ચિમનું અનુકરણ કરવાની મોહિનીવડે તારી બુદ્ધિ ભ્રમિત થઈ ગએલી છે; તેથી કરીને તર્કથી, તુલનાથી, વિવેકથી કે શાસ્ત્રના આધારથી શું સારૂં છે અને શું નઠારૂં છે તે નક્કી કરવાનું તને ભાન નથી; અને જે કોઇ વિચારને, વસ્તુને અથવા રિવાજને અંગ્રેજ લોકો અનુમોદન આપે તે બધાજ સારા અને જેને તે લોકો ધિક્કારે તે બધાએ તેને નઠારા લાગે છે! અફસોસ! મૂર્ખાઈ અને નિર્બળતાની આ કરતાં વધારે સ્પષ્ટ સાબિતી શી હોઇ શકે?

પશ્ચિમના દેશોમાં સ્ત્રીઓ ગમે ત્યાં છૂટથી હરી ફરી શકે છે માટેજ એ રિવાજ સારો છે! તેઓ પોતાનો પતિ જાતે પસંદ કરી લે છે માટેજ એ રિવાજ ઉંચામાં ઉંચી સંસ્કૃતિનું પગથીયું છે! પશ્ચિમના લોકોને આપણો પોશાક, આપણા અલંકાર, આપણો ખોરાક અને આપણા રીતરિવાજ પસંદ નથી માટેજ તે સર્વ નઠારૂં છે! તે લોકો મૂર્તિપૂજાને પાપ કહે છે, માટેજ તે મોટામાં મોટું પાપ છે! તેઓ કહે છે કે

એક દેવની ઉપાસના કર્યાથી ઉંચામાં ઉંચું આધ્યાત્મિક ફળ પ્રાપ્ત થાય છે, માટે ચાલો આપણાં દેવદેવીઓને ગંગામાં ફેંકી દઇએ ! પશ્ચિમના લોક કહે છે કે જ્ઞાતિબંધન નુકશાનકારક છે માટે બધી જ્ઞાતિનો શંભુમેળો કરી દઇએ ! તેઓ કહે છે કે બાળલગ્ન એ તમામ દુઃખનું મૂળ છે માટેજ આપણે પણ બાળલગ્ન હાનિકારક છે એમ સ્વીકારીએ ! મતલબ કે અમુક રિવાજો સ્વીકારવા યોગ્ય છે કે નહિ તેની આપણે આપણી બુદ્ધિથી તો ચર્ચાજ કરતા નથી. સ્ત્રીસ્વાતંત્ર્ય, મૂર્તિપૂજા, જ્ઞાતિભેદ કે બાળલગ્ન, એ સર્વ સારાં છે કે નઠારાં છે તેનો નિર્ણય કરવાનું કામ હું અત્યારે માથે લેતો નથી; પણ આપણા જે રીતરિવાજોને પશ્ચિમની પ્રજા નાપસંદ કરે માટેજ તે ખરાબ છે એમ માની લેવાની આપણને જે કુટેવ પડતી જાય છે તેની સામેજ હું અત્યારે સખત પોકાર ઉઠાવું છું.

લેખકને પોતાને પશ્ચિમની સમાજનો થોડો ઘણો જાતિઅનુભવ છે. એ અનુભવ ઉપરથી તે એવા પાકા નિશ્ચયપર આવ્યો છે કે પાશ્ચાત્ય સમાજના અને હિંદુસમાજના આદર્શ અને જીવનપ્રણાલિ વચ્ચે એવો ચોકખો ભેદ છે, કે એ લોકોના નમુના ઉપર હિંદુસ્તાનમાં સમાજનું બંધારણ રચવામાં આવે તો તેમાં નિષ્ફળતા મળ્યા વગર રહેજ નહિ. જે લોકો કદિ પશ્ચિમની સમાજમાં રહ્યા નથી અને તે દેશોમાં સ્ત્રીપુરુષોના સંમિલનને લગતા જે જે નિયમો અને પ્રતિબંધો ઘડવામાં આવેલા હોઇને તેને લીધે તે દેશોની સ્ત્રી જાતિની પવિત્રતા જળવાઈ રહે છે, તે બાબતથી પૂરેપૂરા અજ્ઞાન હોવા છતાં જેઓ આ દેશમાં સ્ત્રીપુરુષોને વગર પ્રતિબંધે એકત્ર થવાની ભલામણ કરે છે; તેમની સાથે હું જરા પણ એક મત થતો નથી.

મેં પશ્ચિમના દેશોમાં જઇને જોયું છે કે, ગ્રીક, પોર્તુગીઝ, સ્પેનીશ વગેરે યુરોપની ઉતરતા દરજ્જાઓની પ્રજાઓના લોકો જો વિલાયતમાં જન્મે છે, તો તેઓ પોતે અંગ્રેજ હોવાનો દાવો કરે છે. બળવાન્ પ્રવાહમાં ભળી જવાની બધાને વૃત્તિ થાય છે. તેજસ્વી પુરુષનું તેજ થોડું ઘણું પોતા ઉપર વક્રીભવન થઇને પડે અને પારકાના તેજથી પોતે પણ કંઇક તેજસ્વી દેખાય, એવો હમેશાં નિર્બળ પ્રજાને અભખરો થાય છે. જ્યારે હું હિંદવાસીઓને અંગ્રેજોના પોશાકમાં સજ્જ થએલા જોઉં છું ત્યારે મારા મનમાં એવો વિચાર આવે છે, કે આ લોકોને હિંદુપણાની અને હિંદુસ્તાનના અજ્ઞાન, પામર, નિરક્ષર અને હીણાયલા લોકોની સાથે પોતાનું સગપણ છે તે વાત પણ જાહેર કરતાં શરમ આવતી હશે !

અરે હિંદુસ્તાન ! પરદેશી પ્રજાઓનો તિરસ્કાર, તેમનું અનુકરણ કરવાની નીચ વૃત્તિ, પારકા ઉપર આધાર રાખવાની પામરતા, તારૂં દાસત્વ, તારી નિર્બળતા, અંદર અંદરનો દ્વેષ, મિથ્યાભિમાન અને દુષ્ટતા—આવી આવી સામગ્રીને સાથે લઇને શું તું સંસ્કૃતિના ઉંચામાં ઉંચા શિખરપર જવાની ઉમેદ રાખે છે ? આવા પ્રકારનીજ

તૈયારી કરીને શું તું બળવાન્ બનવાની અભિલાષા રાખે છે? જે સ્વાતંત્ર્ય માત્ર શૂરવીર અને નિડર પ્રજાઓજ ભોગવી શકે તે તું શું તારી શરમભરેલી ભીરુતાવડે મેળવવાની આશા રાખે છે? ઓ હિંદુસ્તાન! સીતા, સાવિત્રી અને દમયંતી એ તારી સ્ત્રીજાતિનો આદર્શ છે એ તું ભૂલતો નહિ; તારો ઇષ્ટદેવ યોગીઓનો યોગી, અને ત્યાગી ઉમાપતિ શંકર છે તે તું ભૂલતો નહિ; તારૂં લગ્ન, તારી દોલત અને તારી જિંદગી ઇંદ્રિયવિલાસમાટે કે તારા અંગત સુખને માટે નથી તે તું ભૂલતો નહિ; જગદમ્બાની વેદિમાં હોમાવાને માટેજ તું જન્મ્યો છે તે તું ભૂલતો નહિ; તારા દેશનું સામાજિક બંધારણ અનંત વિશ્વવ્યાપી માતૃત્વનોજ પડઘો છે તે તું ભૂલતો નહિ; અંત્યજો, અજ્ઞાનીઓ, કંગાલ લોકો, મૂર્ખાઓ, મોચીઓ, ચામડીઆઓ અને ભંગીયાઓ પણ તારા લોહીના સગાઓ છે, તારા ભાઇઓ છે, તે તું ભૂલતો નહિ. હે હિંદવાસી! હિંદુસ્તાનના વીરપુત્ર! તું બહાદુર થા, હિંમતવાન્ થા, તું હિંદુ છે તે માટે મગરૂર થા અને મગરૂરીથી જગત્‌ને જાહેર કર કે, "હું હિંદુ છું, હિંદુસ્તાનમાં જન્મ્યો છું અને દરેક હિંદવાસી મારો ભાઇ છે." તું કહેજે કે, "અજ્ઞાન, અભણ અને કંગાલ હિંદી–હિંદનો બ્રાહ્મણ અને ભંગીયો, એ સર્વ મારા ભાઇઓ છે." ઓ હિંદવાસી! તારી પોતાની કેડ ઉપર એક માત્ર લંગોટીજ રહેલી હોય તોપણ તું ગર્વથી મોટે સાદે કહેજે કે, "દરેક હિંદી મારો ભાઈ છે; અને હિંદનું જીવન જ મારૂં જીવન છે; હિંદના દેવોજ મારા ઉપાસ્ય છે; હિંદની સમાજ એ મારા બાળપણનું પારણું છે; જુવાનીની વિલાસભૂમિ છે અને ઘડપણની સ્વર્ગસમી કાશી છે." ઓ મારા ભાઇ! તું જગત્‌ને કહેજે કે "હિંદુસ્તાનની પવિત્ર ભૂમિ એજ મારી સ્વર્ગભૂમિ છે અને હિંદુસ્તાનનું કલ્યાણ એજ મારૂં કલ્યાણ છે." "હે ગારીપતિ! હે જગદંબા! મને ખરૂં પુરુષત્વ આપજો. હે સર્વ પ્રકારના બળ ઐશ્વર્યના ભંડાર! મારી નિર્બળતાનો, મારી ભીરુતાનો નાશ કરજો અને મને ખરો મર્દ બનાવજો." આ મહામંત્રનો હે ભારતીય જન! તું રાત દિવસ જપ કરજે.

वर्तमान हिंदुस्तानने लगतो महा प्रश्न अने तेनुं निराकरण

ભારતીય પ્રજાની વિશાળ કાર્યકારિણી શક્તિ, તે શક્તિદ્વારા તેમણે કરેલાં અનેક પ્રકારનાં કાર્યો, તેમનું અખૂટ આત્મબળ, જૂદી જૂદી શક્તિઓના બળવાન આઘાત અને પ્રત્યાઘાતની મિશ્ર ગુંથણી, અને એક દિવ્ય પ્રજાનું ગંભીર ચિંતન–એ સર્વનાં

વર્ણનોથી ભરતખંડનો પ્રાચીન ઇતિહાસ ભરપૂર છે. રાજ્યકર્તાઓ અને મોટા મોટા શહેનશાહોના ઇતિહાસ, જનસમાજનાં ચિત્રો, રાજ્યકર્તાઓએ વખતો વખત પોતાની દુષ્ટ મનોવૃત્તિઓથી પ્રેરાઇને પ્રજા ઉપર જે અત્યાચાર કર્યા હોય તેની તવારિખો, શુભ અથવા અશુભ મનોવૃત્તિથી ઉત્પન્ન થએલાં કાર્યોનાં ચિત્રો અને તે વખતની સમાજ ઉપર તેમનાથી થએલી અસરો, એવો જો ઇતિહાસ શબ્દનો અર્થ થતો હોય તો હિંદુસ્તાનમાં તેવો ઇતિહાસ છેજ નહિ; પણ અમુક રાજાઓ અને ચક્રવર્તી રાજાઓના જીવનના પ્રસંગો અને તેમની વંશાવળીઓનાં વર્ણનો કરતાં હિંદુસ્તાનનાં ધાર્મિક સાહિત્યના ભંડારની પ્રત્યેક લીટી, તેના કાવ્યનો મહાસાગર, તેનાં દર્શનશાસ્ત્રો અને વિજ્ઞાનશાસ્ત્રો આપણને વધારે સ્પષ્ટરીતે બતાવી આપે છે, કે લાખો મનુષ્યના સમૂહરૂપ તે મહાન આર્યપ્રજા સંસ્કૃતિનો અરુણોદય થયો તે પહેલાં પણ શરીરની કુદરતી જરૂરિયાતો પૂરી પાડવાના હેતુથી, તેમજ કુદરતના સૌંદર્યથી મોહિત થઇને પોતાના અજય્ય મનોબળનો કુદરત ઉપર વિજય મેળવવામાં ઉપયોગ કરીને, ભિન્ન ભિન્ન રસ્તે અને ભિન્ન ભિન્ન ઉપાયોવડે સંસ્કૃતિના માર્ગમાં કયી કયી સ્થિતિએ વખતો વખત ઉભી હતી, અને કયારે કયારે અને કેટલી કેટલી આગળ વધતી ગઇ અને અંતે આ મહત્ત્વને સ્થાને બેસી શકી; યુગના યુગ સુધી તેમણે કુદરત સાથે જે યુદ્ધ આરંભ્યું હતું તેમાં તેમણે તેના ઉપર અસંખ્ય ફતેહો મેળવીને જે ઢગલાબંધ વિજયધ્વજાઓ પ્રાપ્ત કરી હતી, તે પ્રતિકૂળ પ્રસંગોવડે ઉત્પન્ન થયેલા તોફાની વાવાઝોડાના આઘાતથી હાલ કેટલોક વખત થયાં ફાટેલી હાલતમાં જોવામાં આવે છે, અને કાળચક્રનો ઘસારો તેમના ઉપર પડયો છે તોપણ હજી તેઓ પ્રાચીન હિંદુસ્તાનની કીર્તિ જાહેર કરી શકે એવી હાલતમાં છે.

આ બળવાન પ્રજા મધ્ય એશિયામાંથી, યુરોપના ઉત્તર ભાગમાંથી કે ધ્રુવ પ્રદેશમાંથી કે બીજા પ્રદેશમાંથી ઉતરી આવીને હિંદુસ્તાનમાં વસી છે, કે પવિત્ર આર્યભૂમિ પહેલેથીજ આ પ્રજાની નિવાસભૂમિ હતી તે નક્કી કરવાને પૂરતાં સાધન નથી. વળી હિંદુસ્તાનમાં અને હિંદુસ્તાનની બહાર વસતી આ મહાન્ પ્રજાને કુદરતના કાયદાઓને અનુસરીને પોતાના અસલ રહેઠાણમાંથી ખસવું પડયું અને પછી તે કાળક્રમે પોતાનું વતન છોડીને યૂરોપ અને બીજા ભાગોમાં જઇને વસી હતી કે કેમ, વળી આ પ્રજા શ્યામ વર્ણની હતી કે ગૌર વર્ણની હતી, કાળી આંખવાળી હતી કે ભૂરી આંખવાળી હતી, સોનેરી વાળવાળી હતી કે કાળા વાળવાળી હતી, આ બધી બાબતોને પ્રમાણથી સિદ્ધ કરવાને પૂરતાં સાધન નથી, માત્ર સંસ્કૃતભાષા યૂરોપની કેટલીક ભાષા સાથે જે સામ્યં ધરાવે છે, તેમાંથીજ પ્રાચીન ઇતિહાસના તત્ત્વવેત્તાઓ ખોવાયલા ઇતિહાસની સાંકળો બેસાડવાનો યત્ન કરે છે. આવીજ રીતે બધા વર્તમાન હિંદવાસીઓ તે આર્ય પ્રજાના શુદ્ધ વંશજો છે, કે તેમના લોહીમાં

બીજી પ્રજાઓનાં લોહી ભળી ગયાં છે, અને તેમની કઇ કઇ જાતિમાં વિદેશી તત્ત્વ ભળી જવા પામ્યું છે તે પણ નિશ્ચયાત્મકપણે સાબીત કરી શકાતું નથી; છતાં આપણે આ સવાલોનો આખરનો જવાબ આપી શકીએ એમ નથી. તેથી આપણને કોઇ જાતનું નુકશાન હોય એમ પણ નથી.

પણ એક વાત સારીપેઠે યાદ રાખવા જેવી એ છે કે તે પ્રાચીન આર્ય પ્રજાની જે જાતિ ઉપર સંસ્કૃતિના સૂર્યનો પ્રથમ ઉદય થયો, જેમનામાં ગંભીર ચિંતન તેના પૂર્ણ પ્રકાશમાં ઝળકવા લાગ્યું, તે જાતિનાં લાખો બાળકો, તેની ભાવનાઓ અને તેના આદર્શોના વારસો, હજી પણ લગભગ તેવાજ પ્રકારનું જાતીય લક્ષણ ધરાવનારા આ દેશમાં વસે છે; અને હજી પણ તેમના પૂર્વજોની ભાવનાઓ અને તેમના આદર્શોને ઝીલવા તેઓ સર્વદા ઉત્સુક છે. એ આર્ય પ્રજાના વિચારનો પ્રવાહ પર્વતો, નદીઓ અને મહાસાગરોને પણ ઓળંગીને, દિશા અને કાળની મર્યાદાઓને પણ ઓળંગીને બહાર વહેવા લાગ્યો હતો અને હજી પણ જગતની અન્ય પ્રજાઓની વિચારસૃષ્ટિમાં–કેટલીકમાં સ્પષ્ટરૂપે અને કેટલીકમાં અત્યંત સૂક્ષ્મરૂપે–વહેતો જોવામાં આવે છે. એ સર્વદેશીય પ્રાચીન સંપત્તિનો મોટો ભાગ આપણને પ્રાપ્ત થયો છે.

ભૂમધ્ય સમુદ્રના પૂર્વ ખૂણા ઉપર એક નાનો પણ કુદરતની તમામ શોભાઓથી રળીયામણો લાગતો ઘણોજ રમણીય દેશ આવેલો છે. તેની આસપાસ સુશ્રટિત અને સુરમ્ય દ્વીપમાલા આવી રહી છે; ત્યાં મનોહર દેખાવના સર્વાંગસુંદર, સુદૃઢ અવયવવાળા, બળવાન બાહુવાળા અને મનની દૃઢતા અને સતત પ્રવૃત્તિ કરવાની ટેવવાળા લોકો વસતા હતા. તેમની વસ્તી તો થોડી હતી પણ તેમણે પોતાની બુદ્ધિવૈભવથી, બાહુબળથી અને ચારિત્ર્યસંપત્તિવડે જગતની મહાપ્રજાઓમાં સ્થાન મેળવ્યું છે. શિલ્પવિદ્યામાં, ચિત્રકળામાં અને સ્થાપત્યકળામાં, સારાંશમાં જડ પદાર્થદ્વારા સૌંદર્ય પ્રકટ કરવાની શક્તિમાં તેઓ અદ્વિતીય હતા. તે ઉપરાંત તેમનામાં આશ્ચર્યકારક બુદ્ધિબળ અને કાર્યદક્ષતાનો સંયોગ થયો હતો. બીજી પ્રાચીન પ્રજાઓ તેમને યવન કહેતી, પણ તેઓ પોતાને ગ્રીક કહેતા. આ મુઠ્ઠીભર પણ શક્તિસંપન્ન અને આશ્ચર્યકારક પ્રજાનો ઇતિહાસ માનવજાતિના ઇસિહાસમાં ઘણો અપૂર્વ છે. જગતના કોઇ પણ ભાગમાં કોઇ પણ પ્રજાએ પ્રાચીન સમયથી માંડીને તે આજ દિન સુધીમાં લૌકિક વિષયનાં શાસ્ત્રોમાં; એટલે કે સામાજીક, યુદ્ધનીતિવિષયક અને રાજનૈતિક વિષયોમાં તેમજ સ્થાપત્ય વગેરે કળાઓમાં કોઇ પણ જાતની પ્રગતિ કરી હોય તો તેમના કાર્યમાં પ્રાચીન ગ્રીક પ્રજાનો અંશ આવેલો હોવોજ જોઇએ. આપણે પ્રાચીન ઇતિહાસની વાત કોરે મૂકીએ અને માત્ર વર્તમાનકાળનો વિચાર કરીએ. આપણે બંગાળીઓ ઘણા ગર્વિષ્ટ છીએ, આપણે ઘણા સુસંસ્કૃત છીએ એવો દાવો કરીએ

છીએ, છતાં પણ છેલ્લાં પચાશ વર્ષ થયાં આપણે આ યવન ગુરુઓનેજ પગલે ચાલીએ છીએ અને તેમનો જે કિંચિત્ પ્રકાશ યૂરોપના સાહિત્યદ્વારા આપણને મળે છે તેજ પ્રમાણે આપણે આપણાં ઘર અજવાળીએ છીએ; પરંતુ વર્તમાન યૂરોપ પણ દરેક બાબતમાં પ્રાચીન ગ્રીકનો ચેલો અથવા તેનું બચ્ચું છે. તે એટલે સુધી કે ઇંગ્લાંડના એક જ્ઞાની પુરુષે એવો ઉદ્ગાર કહાડયો છે કે, "જે કાંઇ કુદરતે બનાવેલું ન હોય તે ગ્રીક લોકે બનાવેલું હોવું જોઇએ."

હિંદુસ્તાન અને ગ્રીસરૂપી એક બીજાથી ઘણે દૂર આવેલા પર્વતોમાંથી આર્ય-પ્રજા અને યવન પ્રજાની બે મહાન્ નદીઓ વહેવા લાગી. આર્યપ્રજાના પ્રવાહમાં આધ્યાત્મિક ભાવનાઓનાં પૂર વહે છે; ત્યારે જગત્માં જે કાંઇ સુંદર અને સુલલિત છે તેના આદર્શોથી ગ્રીકપ્રજાનો પ્રવાહ ભરપૂર છે. એ બે પ્રજાઓ વખતોવખત એક બીજાના સમાગમમાં આવતી ગઇ છે, અને જયારે જયારે એવો સુયોગ પ્રાપ્ત થાય છે ત્યારે આ બે ભિન્ન ભિન્ન સંસ્કૃતિના સમાગમથી બુદ્ધિવિષયક અને આધ્યાત્મિક ભરતીનો પ્રચંડ જુવાળ જનસમાજમાં ઉછળે છે, અને તે દ્વારા સંસ્કૃતિની મર્યાદા વધારે વિશાળ બને છે અને મનુષ્યના વિશ્વવ્યાપી પ્રેમનાં અને બંધુતાના બંધનો દૃઢ થતાં જાય છે.

પ્રાચીન સમયમાં એકવાર હિંદુસ્તાનના તત્ત્વવિચારનો ગ્રીક લોકોની કાર્યદક્ષતા સાથે સમાગમ થવાથી પારસિક, રોમન અને બીજી મહા પ્રજાઓની ઉત્પત્તિ થઇ હતી. વળી સીકંદરના આક્રમણ પછી આ બે મહાન્ જળધોધ એકઠા થવા પામ્યા હતા અને તેમાંથી ઉત્પન્ન થતા આધ્યાત્મિક ભાવનાના પૂરે ખ્રિસ્તી ધર્મનું સ્વરૂપ લઇને અડધી દુનિયામાં ધર્મભાવનાની રેલછેલ કરી નાખી. ત્યાર પછી એક પ્રસંગે તેમનો બીજીવાર સમાગમ થતાં આરબ પ્રજાની સંસ્કૃતિ અને આબાદી થવા પામી કે જે દ્વારા વર્તમાન યૂરોપીય સંસ્કૃતિનો પાયો નખાયો. હવે આપણાજ સમયમાં આ બે મહાન્ શક્તિઓના સમાગમનો સુયોગ ફરીથી ઉભો થયો છે; અને આ વખતે તેમના કાર્યનું મધ્યબિંદુ હિંદુસ્તાન છે.

હિંદુસ્તાનનું વાતાવરણ પૂરેપૂરી રીતે નિવૃત્તિની ભાવનાથી ભરપૂર છે. યવન પ્રજાનો જાતિસ્વભાવ પોતાના સામર્થ્યનું પ્રકટીકરણ કરવાનો છે. એક પ્રજા ગંભીર ધ્યાનનિમગ્ન છે; ત્યારે બીજી પ્રજામાં "શું કરીને કુદરતપર અધિકાર ભોગવવું" એવી ભાવનાથી પ્રેરાઇને નિરંતર પ્રવૃત્તિ કરવાનો ઉત્સાહ જ્યાં ત્યાં નજરે પડે છે. એક પ્રજાનું જીવનસૂત્ર "ત્યાગ" છે, ત્યારે બીજીનું "ભોગ" છે. એક પ્રજાની તમામ શક્તિઓ બહારથી અંદર વળે છે, ત્યારે બીજીની અંદરથી બહાર આવે છે. જ્યારે આત્મજ્ઞાન એજ એક પ્રજાનો જ્ઞાનનો સરવાળો છે, ત્યારે બીજી પ્રજા અનાત્મ પદાર્થોનું જ્ઞાન મેળવતાં ધરાતીજ નથી. એક મોક્ષની કામના રાખે છે ત્યારે બીજીને

રાજનૈતિક સ્વાતંત્ર્ય જોઇએ છે; એકને સાંસારિક ઉપભોગ મળે કે ન મળે તેની પરવા નથી, ત્યારે બીજી પ્રજાનું લક્ષ્ય આ દુનિયાનેજ સ્વર્ગતુલ્ય કેવી રીતે બનાવવી તે તરફજ ચોંટેલું છે; એકને અનંતકાળના આનંદની જિજ્ઞાસા છે અને જગતના ક્ષણિક ઉપભોગ તરફ તે નજર પણ કરતી નથી, ત્યારે બીજી પ્રજા અનંતકાળના આનંદના અસ્તિત્વ વિષે પણ શકમંદ હોવાથી અથવા તો તે આનંદ ઘણોજ દૂર જાણીને બને એટલા જગતના ઉપભોગની પ્રાપ્તિ કરવા પાછળજ પોતાની શક્તિ રોકે છે.

આ જમાનામાં તો મનુષ્યપ્રજાના આ બેઉ નમુના નાશ પામ્યા છે અને તેમના શારીરિક અને માનસિક સંતાનોરૂપે તેમનાં કાર્યો–તેમના વિચારો હયાત છે. યુરોપ અને અમેરિકા આ યવન પ્રજાઓનાં સંતાનો છે અને પિતાના કરતાં પુત્ર સવાઇ કરે તેમ તેઓ પોતાના પ્રદેશમાં યવન પ્રજાના કરતાં પણ ઘણા આગળ વધી ગયા છે. તેમના કાર્યકલાપથી એ યવનપ્રજાનું નામ વિશેષ ઉજ્વળ બન્યું છે, ત્યારે ભરતખંડના આધુનિક વતનીઓ, મહાન્ આર્યપ્રજાના સંતાનો, તેમના પૂર્વજોને કીર્તિ અપાવે એવા રહ્યા નથી. આમ છતાં રાખથી ઢંકાયલો અગ્નિ જેમ અંદરથી સળગતો હોય છે તેમ હાલના હિંદવાસીઓના હૃદયમાં તેમના પૂર્વજોનો હોમાગ્નિ વિદ્યમાન રહેલો છે; અને ઇશ્વરકૃપાથી યોગ્ય વખતે તે ફરીથી પોતાનો પ્રભાવ બતાવશે પણ ખરોજ.

પ્રશ્ન એ છે કે, જ્યારે એ પ્રાચીન હોમાગ્નિ સહસ્રશિખાએ ભભુકી ઉઠશે ત્યારે તેમાંથી શું પરિણામ આવશે ?

શું યજ્ઞકુંડમાંથી નીકળતા ધૂમ્રરાશિવડે ભરતખંડનું આકાશ ફરીથી આચ્છાદિત થઇ જશે ? શું યજ્ઞપશુઓના લોહીવડે પોતાને યશસ્વી માનનાર માણસો ફરીથી પ્રકટ થશે ? શું ગોમેધ, અશ્વમેધ, પતિના મરણ પછી અથવા તેની ગેરહાજરીમાં તેના ભાઇદ્વારા સંતાન ઉત્પત્તિ કરીને વંશરક્ષણ કરવાનો રિવાજ અને એવી બીજી પ્રથાઓ પાછી ફરીથી અમલમાં મૂકાશે ? શું બૌદ્ધધર્મ પ્રચારકોની ભરતી આખા હિંદુસ્તાનપર ફરી વળીને જ્યાં ત્યાં મોટા મોટા મઠ અને સ્તૂપ ઉભા કરશે ? શું મનુની આજ્ઞાઓનું પાછું ફરીથી પાલન થશે ? અથવા તો અમુક ખોરાક ન ખવાય અને તેમાં પણ એક પ્રાંતમાં એક ચીજ ખપે, તે બીજા પ્રાંતમાં ન ખપે એવા વિચિત્ર મતભેદનું આખા દેશ ઉપર ચક્રવર્તી સામ્રાજ્ય હાલ છે તે ચાલુ રહેશે ? શું જ્ઞાતિભેદ કાયમ રહેશે અને જ્ઞાતિનું નિરાકરણ મનુષ્યના જન્મ ઉપરથીજ થયા કરશે કે તેના ગુણ ઉપરથી ? અમુક વસ્તુને અડકાય અને અમુક વસ્તુને ન અડકાય તેનો નિર્ણય અડકનારની પોતાની શુદ્ધિ અશુદ્ધિ ઉપરથી થશે કે હાલ જેમ બંગાળામાં અને મદ્રાસ તરફ ચાલે છે તે સ્થિતિ ચાલુ રહેશે, અથવા તો પંજાબમાં થયું છે તેમ એવી જાતના ભેદ ભુસાઇ જશે ? મનુના સમયમાં થતું હતું તેમ અમુક વર્ણનો માણસ પોતાનાથી એક પદવી ઉતરતી

વ્યક્તિ સાથે લગ્નસંબંધ જોડી શકતો, અને એજ પ્રમાણે હજી નેપાળમાં થાય છે, તે પ્રથા શું ફરીથી દાખલ થશે ? અથવા તો શું બંગાળામાં અને બીજા પ્રાંતોમાં થાય છે તેમ લગ્નવ્યહવારમાં જ્ઞાતિના જે અનેક નાના નાના વિભાગો પડી ગયા છે તે વિભાગનો મર્યાદા ન ઓળંગવાનો રિવાજ છે તેજ ચાલુ રહેશે ? દેશના અમુક ભાગમાં જ્ઞાતિભેદ વધારે ચીવટથી પળાય છે, તેમજ અમુક ભાગમાં તેના તરફ ઓછું લક્ષ આપવામાં આવે છે, વળી પ્રાંત પ્રાંતના રિવાજો ઘણા જૂદા જૂદા પ્રકારના છે; એટલુંજ નહિ પણ એકજ પ્રાંતની જૂદી જૂદી જ્ઞાતિઓના રિવાજો વચ્ચે ઘણોજ તફાવત છે. આ સઘળું ધ્યાનમાં લેતાં ઉપલા પ્રશ્નોનો ઉત્તર આપવાનું કામ ઘણુંજ મુશ્કેલીભર્યું છે.

ત્યારે ભવિષ્યમાં થશે શું ?

જવાબ એ છે કે જે આપણી પાસે અત્યારે નથી અને કદાચ આપણા પૂર્વજો પાસે પણ ન હતું તે આપણે પ્રાપ્ત કરવું જોઇએ. જે પદાર્થ યવન પ્રજા પાસે હતો, અને જેના પ્રબળ આંદોલનથી પ્રેરાઇને આજે આખા જગતને ચેતનમય કરી નાખનાર પ્રચંડ વિદ્યુત્પ્રવાહ યુરોપમાંથી વહેવા લાગ્યો છે તેની આપણને જરૂર છે. આપણ તે જુસ્સાની જરૂર છે, સ્વાતંત્ર્યપ્રેમની જરૂર છે, સ્વાશ્રયની જરૂર છે, અડગ ધૈર્યની જરૂર છે, કાર્યદક્ષતાની જરૂર છે, આખી પ્રજા એકજ ઉદ્દેશથી કાર્ય કરે એવા સુવ્યવસ્થિત નિયમની જરૂર છે અને પોતાની સ્થિતિમાં વખતો વખત સુધારો કરવાની ઉલટની જરૂર છે. ભૂતકાળ તરફ હમેશાં નજર ઓછી કરવાની ટેવ જરા ઓછી કરીને આપણે ભવિષ્ય તરફ નજર રાખીને આપણી દૃષ્ટિમર્યાદાનો અનંત વિકાસ કરવો જોઇએ; અને પગથી માથા સુધી, નાડીએ નાડીમાં અને રગેરગમાં ઉછળી રહેતો રજોગુણનો પ્રબળ જુસ્સો આપણામાં પ્રકટ કરવાની જરૂર છે.

ત્યાગ અને વૈરાગ્ય કરતાં વધારે શાંતિ આપનાર બીજું કાંઇજ નથી; શાશ્વત સુખને મુકાબલે સંસારનું ક્ષણિક સુખ કશા હિસાબમાં નથી; સત્ત્વગુણદ્વારા જે બળ પ્રાપ્ત થાય છે તેટલું બળ બીજા ગુણથી નથી મળતું; આત્મજ્ઞાનને મુકાબલે બીજાં બધા વિષયનાં જ્ઞાન કેવળ અજ્ઞાન જેવાં છે. આ સર્વ બાબતો ખરી છે; પરંતુ હું એ પૂછું છું કે, વર્તમાન સમયમાં સત્ત્વગુણ પ્રાપ્ત કરનાર મનુષ્યો ભરતખંડમાં કેટલાં છે તે મને કહેશો ? ભેદભાવનાં બંધનો તોડી અભેદ અનુભવનારા ઉદાર આત્માઓ હિંદુસ્તાનમાંથી કેટલા નીકળી આવશે ? જે દૂરદર્શી જ્ઞાનવડે જગતનાં સુખ મિથ્યા સ્વપ્નવત્ સમજાય છે તેવું જ્ઞાન મેળવવાને કેટલા માણસો આપણા દેશમાં ભાગ્યશાળી છે ? ઈશ્વરનું સૌન્દર્ય અને તેની વિભૂતિનું ધ્યાન ધરતાં દેહનું પણ ભાન ભૂલી જાય એવા મહાનુભાવ પુરૂષો ત્રીસ કરોડની વસ્તીને મુકાબલે અત્યારે અહીં છેક નહિ જેવાજ છે, અને એટલા ગણ્યા ગાંઠયા માણસો મુક્ત દશા અનુભવે તેટલા

માટે શું બાકીનાં કરોડો સ્ત્રીપુરુષોને સંસારનાં ચાલું બંધનો અને ધર્મની રૂઢિઓના ચક્ર નીચે કચરાવા દેવાં ?

અને તેમ કરવાથી દેશને લાભ પણ શો છે ? સત્ત્વગુણનો ઢોંગ કરીને આખો દેશ ધીમે ધીમે ઘોર તમોગુણના સમુદ્રમાં ડૂબતો જાય છે તે તમે જોઈ શકતા નથી ? મૂર્ખમાં મૂર્ખ અને જડમાં જડ માણસ પણ મનોવિકાર અને ક્રિયારહિત નિર્ગુણ બ્રહ્મજ્ઞાનની જીજ્ઞાસાને બહાને પોતાનાં આળસ અને અજ્ઞાન છુપાવે છે. એદીપણામાંજ જન્મેલા અને એદીપણામાંજ જીંદગી ગુજારનારા જીવડાઓ વૈરાગ્યના ઢોંગ કરીને કામ કરવાની પોતાની નાલાયકીને છુપાવી રહ્યા છે; પૈશાચિક વૃત્તિવાળા માણસો પણ પોતાનાં ઘાતકી કામોને ધર્મનાં અંગ અને તપશ્ચર્યા તરીકે ગણાવવા મથે છે; કોઈ પોતાના દોષ જોતું નથી અને બીજાઓ ઉપર આરોપ મૂકવા તૈયાર રહે છે; અમુક ગ્રંથો મ્હોડે કરનાર જ્ઞાની કહેવાય છે; બીજાના વિચારોને પોતાના તરીકે લખી કે બોલી જનાર મોટા વિચારક કહેવાય છે અને અમારા પૂર્વજો આવા હતા તેનું સ્મરણ કરવામાંજ કીર્તિની પરાકાષ્ઠા આવી રહી છે—આટલું આટલું સ્પષ્ટ હોવા છતાં “ આખો દેશ હડહડતા તમોગુણમાં દિનપ્રતિદિન ડૂબતો જાય છે ” તેની વધારે સાબિતી તમારે શી જોઈએ છે ?

માટે સત્ત્વગુણથી તો આપણે ઘણાજ દૂર નીકળી ગયા છીએ. ખરેખરી પરમહંસદશા પ્રાપ્ત કરવા જેઓ હજી લાયક નથી થયા, પણ જેઓ લાયક થવાની આશા રાખે છે તેમને માટે પણ રજોગુણ—સખ્ત પ્રવૃત્તિ કરવાનો જુસ્સો ઘણોજ ઉપકારક છે. કોઈ પણ વ્યક્તિ તમોગુણમાંથી નીકળવામાટે રજોગુણની અવસ્થામાંથી પસાર થયા વગર પૂર્ણ સત્ત્વગુણમય અવસ્થા પ્રાપ્ત કરી શકેજ નહિ. ભોગની તૃષ્ણાનું પૂરેપૂરૂં શમન થયા વગર યોગ સાધી શકાયજ કેવી રીતે ? ભોગનાં વિવિધ પ્રલોભનો તરફ તીવ્ર વૈરાગ્યનો ઉદય થયા વગર ત્યાગની ભાવના સાધી શકાયજ કેવી રીતે ?

હિન્દુસ્તાનમાં જેમ રજોગુણ લગભગ નથી તેમ પાશ્ચાત્ય દેશોમાં સત્ત્વગુણનો પણ તેવોજ અભાવ છે; તેથી કરીને પાશ્ચાત્ય પ્રજાઓના શાશ્વત જીવનનો આધાર હિન્દુસ્તાનમાંથી તે દિશાએ વહી જતા સત્ત્વગુણના ગ્રહણ કરવા ઉપર રહેલો છે. જો તેઓ સત્ત્વગુણને નહિ ઝીલે તો તેમનું અસ્તિત્વ પણ લાંબો વખત ટકશે નહિ; એવીજ રીતે આપણે પણ આપણા દેશમાં ઘર કરી રહેલા તમોગુણને રજોગુણવડે દબાવી નહિ દઈએ તો આપણા સંસારવ્યવહારને નિભાવવા પૂરતાં સાધનો પણ આપણને પ્રાપ્ત થશે નહિ. વળી પરલોક વિષેના જે ઉચ્ચ આદર્શો અને મહેચ્છાઓ આપણે સેવીએ છીએ, તેના સાક્ષાત્કારમાં પણ સખ્ત વિઘ્નો નડયા વગર રહેશે નહિ.

ઉદ્‌બોધન* પત્રનો મુખ્ય હેતુ એજ છે કે આ બેઉ શક્તિઓનો એટલે રજો-

* રામકૃષ્ણ મિશન તરફથી બંગાળી ભાષામાં શરૂઆતમાં પાક્ષિક અને પાછળથી

ગુણ અને સત્ત્વગુણનો યોગ્ય પ્રમાણમાં સંયોગ કરાવવાના કાર્યમાં સાધનભૂત બનવું.

પરંતુ તેમ કરવા જતાં એક મોટો ભય એ રહેલો છે કે પાશ્ચાત્ય પ્રજાની ભાવનાના ધસારાથી યુગના યુગ થયાં અત્યંત પરિશ્રમથી પ્રાપ્ત કરેલાં આપણાં કિંમતી રત્નો ધોવાઇ જવાનો સંભવ છે. તેના પ્રચંડ જોરથી ઘૂમતા વમળમાં પડીને ભારતીય પ્રજાને એટલે દરજ્જે આત્મવિસ્મરણ થઈ જાય અને તેનું પરિણામ એવું પણ આવે કે ભરતભૂમિ પુણ્ય તીર્થરૂપ મટીને ઐહિક સુખની પ્રાપ્તિમાટે થતાં યુદ્ધોની રણભૂમિ બની જાય ! વળી બીજો એ પણ ભય છે કે પાશ્ચાત્ય પ્રજાનું અનુકરણ કરવાના મોહમાં તેમના અનેક નહિ ઇચ્છવા જેવા અને આપણા દેશને માફક પણ ન આવી શકે એવા રિવાજો તરફ આસક્તિ વધી જાય, અને તેથી કરીને આપણા પ્રજાકીય આદર્શો અને રિવાજો નિર્મૂળ થઇ જઇને આ લોકમાં અને પરલોકમાં જે પ્રિય અને મૂલ્યવાન્ છે તે બધું ગુમાવી બેસીએ. આવું અનિષ્ટ પરિણામ ન આવે તે માટે આપણી પ્રજાકીય સંપત્તિ હમેશાં આપણી નજર આગળ રહેવી જોઇએ કે જેથી કરીને છેક નીચામાં નીચી શ્રેણીનો હિન્દુ પણ તેના પૂર્વજોથી પ્રાપ્ત થયેલી સંપત્તિ કયી છે તે જાણી અને જોઈ શકે. આ સાધ્યને પ્રાપ્ત કરવામાટે આપણે પ્રયત્ન કરવાનો છે, અને તેની સાથે દેશની બહારથી પણ જે પ્રકાશ આપણને મળી શકે તેને આવકાર નિઃસંકોચપણે આપવો જોઇએ. ભલે પ્રકાશનાં કિરણ બહારથી આવ્યા કરે, ભલે ચાર દિશાએથી તેજના ધોધ વરસી રહે, પશ્ચિમ દિશાએથી આપણા દેશ તરફ ભલેને પ્રકાશનાં પૂર વહેવા લાગે–તેથી આપણે કંઈ ડરવાનું પ્રયોજન નથી. જે નિર્બળ છે, દૂષિત થએલું છે; તે નાશ થવાને સરજાયલુંજ છે. આપણું પોતાનું તેવું કેટલુંક નાશ પામે તેથી આપણને નુકસાન નથી. જે બળવાન્ છે, જીવનપ્રદ છે, તેજ અવિનાશી છે, તેનો નાશ કોઇ કાળે પણ થનાર નથી.

સનાતન હિમરાશિના મુકુટથી જેનાં શિખરો શણગારાયાં છે એવાહિમાલય પર્વતમાંથી ગર્જના કરતા, ઉછળતા હજારો જળધોધ વહે છે, અસંખ્ય બરફની નદીઓ ઉત્પન્ન થાય છે, નાનાં મોટાં અસંખ્ય ઝરણાંઓ અને વહેળાઓ ચારે દિશાએ દોડવા માંડે છે અને તે બધાં એકત્ર થઇને પાણીનો એક મહાન્ સમુદાય બને છે, અને તે દેવગંગા મંદાકિનીરૂપે પ્રચંડ વેગથી મહાસાગર તરફ ધસી જાય છે; તેવીજ રીતે અસંખ્ય સાધુ પુરુષોના હૃદયમાંથી અને જૂદા જૂદા દેશોમાં ઉત્પન્ન થએલા બુદ્ધિસંપન્ન મહાપુરુષોના મગજમાંથી ઉત્પન્ન થએલા વિચારો, આદર્શો અને આત્મબળના પ્રવાહો મનુષ્યની ઉંચા પ્રકારની પ્રવૃત્તિઓનું કેન્દ્રસ્થાન અને કર્મભૂમિ

માસિકના સ્વરૂપમાં સને ૧૮૯૯ની સાલથી ઉદ્બોધન નામનું માસિક પ્રકટ થવા માંડયું હતું, અને હજી પણ ચાલે છે. તેના ઉપોદ્ઘાત તરિકે સ્વામી વિવેકાનંદે બંગાળીમાં પહેલો લેખ લખી મોકલ્યો હતો તેનું આ ભાષાંતર છે.

ભરતખંડમાં એકત્ર થયાં છે. અત્યારે આશ્ચર્યકારક સુયોગ પ્રાપ્ત થયો છે. વિજળી, આગગાડી, આગબોટ અને છાપખાનાના જમાનામાં જૂદા જૂદા દેશની ભાવનાઓ પ્રથાઓ રિવાજો, જાતિના આદર્શો, વિજળીની ઝડપથી દેશમાં બધે ફેલાવા લાગ્યાં છે. દેશમાં અમૃતનાં પૂર દાખલ થવા લાગ્યાં છે; પણ સંભાળજો, સાથે ઝેરની નદીઓ પણ છે. બહારથી ઘણું ગ્રહણ કરવા જેવું આવે છે, પણ તેમાં ત્યાગ કરવા જેવાં તત્ત્વો પણ હોય છે. એ ભરતીના વેગને અટકાવવાની તાકાત હિન્દુસમાજમાં નથી. તેમણે પ્રથમ પુષ્કળ કોલાહલ કર્યો અને ભારે ઝગડા મચાવ્યા; પણ ચારે દિશાએથી જૂદે જૂદે રૂપે પશ્ચિમની જે અસરો આ દેશપર થવા લાગી છે અને તેને પરિણામે પ્રજાની ભાવનામાં જે પરિવર્તન થાય છે અને થશે તેને અટકાવી શકાશ એમ છેજ નહિ. સંચામાંથી (મુસલમાન, ખ્રિસ્તી, અત્યંજ કે ગમે તે જાતિના માણસને હાથે ચલાવતાં)ગળાઇ આવેલાં નળનાં પાણી, હાડકાંની રાખથી શુદ્ધ કરેલી ખાંડ–લોકો મોંઢેથી બબડતા જાય છે પણ નિરાંતે ઉપયોગમાં લેતા જાય છે. ધીરે ધીરે આપણા ઘણાજ જૂના અને ઘણાજ વહાલા કરી લીધેલા રિવાજો એક પછી એક ઘસાઇને ખરી પડતા જાય છે, અને તેમને જાળવવાનું આપણામાં સામર્થ્ય નથી ! પણ સામર્થ્ય શા માટે નથી ? શું સત્ય નિર્બળ છે ? નહિ, નહિ, તેમ નથી, પણ જે રીતરિવાજો પાશ્ચાત્ય રાજ્યની, પાશ્ચાત્ય કેળવણીની અને પાશ્ચાત્ય કાયદાની અસરથી ખરી પડવા લાગ્યા છે તે ખરા આચાર નહિ પણ અનાચાર હોય એમ પણ શું બનવા જોગ નથી ?

बहुजनहिताय, बहुजनसुखाय અનેકનાં કલ્યાણ અને સુખને માટે નિઃસ્વાર્થપણે પ્રેમ અને ભક્તિપૂર્વક ઉદ્‌બોધનપત્ર દરેક સ્વદેશવત્સલ અને મહાનુભાવ વિદ્વાનોને આવા પ્રશ્નોની ચર્ચા અને નિરાકરણ કરવાનું નિમંત્રણ કરે છે. કોઇ પણ વ્યક્તિ, સમાજ કે સંપ્રદાય તરફ દ્વેષ અગર વિરુદ્ધતા રાખ્યા વગર તેમજ કટુ અને અસભ્ય ભાષા કોઇને માટે પણ નજ વાપરવી એવી પ્રતિજ્ઞા લઇને, તે સર્વને પોતાથી બની શકે તેટલી બધી સેવા અર્પણ કરે છે.

ઉદ્યોગ કરવો એ અમારા અધિકારની વાત છે. પરિણામ પ્રભુને હાથ છે. અમે તેની પ્રાર્થના કરીએ છીએ–" હે અનંત પરમાત્મા ! અમને આધ્યાત્મિક જ્ઞાન આપજે. હે અનંત બળશાળી ! અમને બળવાન્ બનાવજે. હે અનંત વીર્યવાન્ શક્તિ ! અમને વીર્યવાન્ કરજે. ",

જ્ઞાન--તેનું મૂળ અને પ્રાપ્તિ

(સ્વામી વિવેકાનંદજીએ ઉદ્‌બોધનમાટે ૧૮૯૪ના ફેબ્રુઆરીની ૧૨ મી તારીખે લખી મોકલેલો લેખ.)

જ્ઞાનના મૂળ ઉત્પત્તિ સ્થાન સંબંધે ઘણા સિદ્ધાંતો અત્યારસુધીમાં રજુ થયા છે. ઉપનિષદો કહે છે કે, દેવમણિ બ્રહ્માજી પાસે તમામ પ્રકારના જ્ઞાનનો ભંડાર હતો, જે તેમણે પોતાના શિષ્યો આગળ પ્રકટ કર્યો અને તે જ્ઞાન એક યુગના ઋષિઓ બીજા યુગના ઋષિઓને પરંપરાથી આપતા ગયા છે. જૈન લોકોનો એવો મત છે કે, એક કલ્પ કે જેનું પૂરેપૂરૂં માપ નિશ્ચિત નથી તોપણ એકથી બે હજાર મહાપદ્મ જલધિ જેટલાં વર્ષનો મનાય છે, તે દરેક કલ્પમાં કેટલાક દૈવી અને પૂર્ણ આત્માઓ જન્મ લે છે. તેઓ જિન કહેવાય છે અને તેમના દ્વારા મનુષ્યસમાજને માટે જ્ઞાનના દરવાજા વખતો વખત ઉઘડે છે. બાકીના સામાન્ય મનુષ્યો જીનત્વને પામી શકતા નથી. તેઓ બહુ તો મુક્ત દશા સુધીજ જઇ શકે છે. બૌદ્ધ ધર્મવાળાઓ માને છે કે, અમુક સમયને અંતરે બુદ્ધો એટલે અનંત વિશ્વવ્યાપી જ્ઞાન ધરાવનારા જ્ઞાની પુરુષો જન્મ લે છે. તેઓ એવા અવતારની રાહ પણ જુએ છે અને બુદ્ધત્વ પ્રાપ્ત કરવાનો બધાને અધિકાર છે એમ માને છે. પુરાણોક્ત ધર્મ પાળનારા હિન્દુઓ પણ ઈશ્વરના અવતારની જરૂર માને છે. એવા અવતારી પુરુષો તેમના બીજા કામો ઉપરાંત એક વિશેષ કામ એ કરતા કહેવાય છે કે, યુગધર્મની આવશ્યકતા પ્રમાણે યોગ્ય ફેરફાર કરીને આધ્યાત્મિક જ્ઞાનને ફરીથી સંસ્થાપિત કરે છે. હિન્દુસ્તાનની બહાર નજર કરતાં ઘણીજ ઉંચી ભૂમિકાઓમાંથી મૃત્યુલોકમાં જ્ઞાનનો પ્રકાશ લાવનાર મહાત્મા ઝરથોસ્તનાં દર્શન થાય છે; તેવીજ રીતે હઝરત મુસા જીસસ ક્રાઇસ્ટ અને મહમ્મદ પેગંબર, વગેરે જે બધાને ઈશ્વરીય આદેશ થયો હતો, તેમણે પોતપોતાની સ્વતંત્ર પદ્ધતિએ દિવ્ય જ્ઞાનનો સંદેશ અવનત થએલી મનુષ્યજાતિને સંભળાવ્યો છે.

તેઓ જગત્‌માં અમુક કાર્ય કરવાને અવતર્યા હતા. પૌરાણિક અવતારોમાટે પણ તેમજ કહેવાય છે. આ મહાપુરુષોની કોટિએ પહોંચવાની ઇચ્છા રાખવી એ સામાન્ય મનુષ્યને માટે ગાંડપણજ ગણાય છે.

બાઇબલમાં એવી કથા છે કે, નિષિદ્ધ ફળ ખાધાથી આદમને જ્ઞાનની પ્રાપ્તિ થઇ હતી. જેહોઆ (યાહુદીઓનો ઈશ્વર) ની કૃપાવડે જોહાને સામાજિક શાસ્ત્રનું જ્ઞાન મળ્યું હતું. હિન્દુસ્તાનમાં એવું મનાય છે કે, જ્ઞાનના દરેક વિભાગનો એક એક અધિષ્ઠાતા દેવ હોય છે. દરેક શાસ્ત્રનો મૂળ પ્રણેતા કાંતો કોઇ દેવ અથવા પૂર્ણ

અવસ્થાએ પહોંચેલો ઋષિ હોય છે. ચમારના નીચમાં નીચ હુન્નરથી તે ધર્મગુરુના ઉંચામાં ઉંચા અને પવિત્ર કાર્ય સુધીની દરેક વિદ્યાની સફળતાનો આધાર અમુક અમુક દેવોની કૃપા ઉપરજ રહેલો છે, ગુરુ વિના જ્ઞાન સંભવેજ નહિ. જ્યાંસુધી ગુરુની અથવા તેમના પરંપરાગત શિષ્યની પ્રસાદી તરીકે અને તેનાજ મુખદ્વારા અપ-રોક્ષરીતે જ્ઞાનની પ્રાપ્તિ થાય નહિ, ત્યાંસુધી વાસ્તવિક જ્ઞાનનો અનુભવ થઈ શકેજ નહિ.

વળી વેદાંતીઓ તથા કેટલાક અન્ય સંપ્રદાયના તત્ત્વચિંતકો માને છે કે જ્ઞાનને બહારથી પ્રાપ્ત કરવાનું છેજ નહિ. તે તો દરેક આત્મામાં કુદરતી રીતે રહેલુંજ છે અને તેના ઉપર મનુષ્યમાત્રનો જન્મસિદ્ધ હક્ક છે. મનુષ્યનો આત્મા એ અનંત જ્ઞાનનો ભંડાર છે. તે સ્વયંપ્રકાશિત છે. તેને પ્રકાશિત કરવાને બહારના કોઇ પદાર્થની જરૂર નથી. કેટલાક સંપ્રદાયનો એવો મત છે કે, આ અનંતજ્ઞાન હમેશાં તેટલુંને તેટલુંજ હોય છે અને તે કદિપણ લુપ્ત થતું નથી. સાધારણ મનુષ્યને એ જ્ઞાન હોતું નથી; પણ તેનું કારણ એ છે કે, તેનાં દુષ્કર્મોનું એક પ્રકારનું આવરણ તેના જ્ઞાનચક્ષુ આગળ આવી ગયું છે; પણ આ આવરણ ખસી જતાંજ તેને આપોઆપ જ્ઞાનનો આવિર્ભાવ થાય છે. એથી ઉલટો બીજા કેટલાક સંપ્રદાયનો એવો મત છે કે, આ અનંત જ્ઞાન દરેક મનુષ્યના આત્મામાં બીજરૂપે રહેલું છે, પણ દુષ્કર્મોને લીધે તે અત્યંત સંકુચિત થઇ ગએલું છે. પુણ્ય કર્મ કરીને જો ઇશ્વરની કૃપા મેળવાય તો તેનો ફરીથી વિકાસ થવા માંડે છે. મનુષ્યની અંદર રહેલી અનંત શક્તિ અને જ્ઞાનનો વિકાસ કરવાની શાસ્ત્રોમાં અનેક પ્રકારની પદ્ધતિ બતાવી છે. જેવી કેઃ— ભક્તિ, નિષ્કામકર્મ, અષ્ટાંગ યોગની સાધના, મૂળ સ્વરૂપનું નિરંતર ધ્યાન વગેરે વગેરે. આ બધા ઉપરથી આપણે છેવટે એવા નિર્ણય ઉપર આવી શકીએ છીએ કે ઉપર બતાવેલી પદ્ધતિમાંની કોઇપણ એક અથવા તેમનું પાલન કર્યાથી મનુષ્યને ધીરે ધીરે પોતાના મૂળ સ્વભાવનું જ્ઞાન થવા લાગે છે અને અનંતશક્તિ અને અનંતજ્ઞાન જે તેનામાં બીજરૂપે અથવા ગુપ્ત રહ્યાં હોય છે તેનો આખરે પૂર્ણ વિકાસ થઇ જાય છે

પાશ્ચાત્ય તત્ત્વચિંતકોએ મનુષ્યનું મન કે જે જૂદે જૂદે અનંતરૂપે પોતાની શક્તિનો આવિર્ભાવ કરી શકે છે, તેનું પૃથક્કરણ કર્યું છે અને એવો સિદ્ધાંત બાંધ્યો છે કે, એ મનુષ્યનું મન અને દેશ, કાળ, કારણના એક બીજા ઉપર પરસ્પર આઘાત પ્રત્યાઘાત થયાથી અત્યંત ઉંચી કોટિનું જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિ ઉદ્ભવ્યા વગર રહેતી નથી. તેઓ એટલે સુધી કહે છે કે, મનુષ્ય દૃઢતા અને આત્મબળના પ્રતાપે દિશા અને કાળના પ્રતિકૂળ બંધનને પણ તોડી નાખે છે, બળવાન આત્મા દેશ અને કાળના ગમે તેવા પ્રતિકૂળ સંજોગમાં પણ પોતાના આત્મબળવડે દરેક વિઘ્નો ઉપર જય મેળવે છે. શરૂઆતમાં કોઈ પણ વ્યક્તિ ગમે એટલી નિર્બળ હોય

તોપણ જો તે દૃઢતાથી પોતાના કાર્યમાં અવિરત પ્રવૃત્ત રહે તો અંતે પોતાના લક્ષ્યબિંદુએ પહોંચ્યા વગર રહેજ નહિ. દાખલાતરીકે તદ્દન અસંસ્કૃત અને અજ્ઞાન જંગલી પ્રજાઓ તરફ નજર કરો. નિરંતર પરિશ્રમ કર્યાથી તેઓએ સંસ્કૃતિના પ્રદેશમાં ઝપાટાબંધ પ્રગતિ કરી છે અને પોતાની અજય્યશકિતને લીધે આજે ઉંચામાં ઉંચું સ્થાન ભોગવે છે. નરમાંસનું ભક્ષણ કરનાર જંગલીઓના પુત્રો આજે સુસભ્ય અને સુઘડ નાગરિકો બન્યા છે; બ્રિટીશ અમલના પ્રતાપે અસંસ્કૃત સંતાલ પ્રજાના વંશજો યુનિવર્સિટિઓની પરીક્ષામાં ઉચ્ચ વર્ગના વિદ્યાર્થીઓ સાથે સારી રીતે હરિફાઈ કરી શકે છે, અને તેમ થવાથી પિતાના ગુણદોષ બાળકોમાં ઉતરે છે એવું વર્તમાન વૈજ્ઞાનિકો પોતાની અધુરી શોધને પરિણામે જે માને છે, તે વાત ઉપરથી હવે ધીમે ધીમે વિશ્વાસ ઉઠતો જાય છે.

અમુક વર્ગના માણસો નિશ્ચયપૂર્વક એમ માને છે કે અનાદિ કાળથી જ્ઞાનનો ભંડાર ચાલ્યો આવે છે; જેમાં ભૂત વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળના જ્ઞાનનો સમાવેશ થાય છે. તેઓ એમ માને છે કે, આ જ્ઞાનભંડારની ચાવી માત્ર તેમના પૂર્વજો પાસેજ હતી અને તે પ્રાચીન ઋષિઓ જેમણે એ જ્ઞાન સૌથી પ્રથમ પ્રાપ્ત કર્યું હતું, તેમણે પોતાના વંશજોનેજ એ જ્ઞાનની ચાવી અને તેનું રહસ્ય વારસામાં આપ્યાં છે. એથી કરીને એ જ્ઞાનના ખરા માલિક તેઓ એકલાજ છે, અને બાકીની તમામ પ્રજાઓએ તેમને સન્માન આપવું જોઇએ. એમ તેઓ માને છે.

આપણે એવા મહાપુરુષોને પૂછીશું કે જે લોકોના પૂર્વજો તમારા પૂર્વજો જેવા ન હતા. તેમના શા હાલ થવાના ? ત્યારે જવાબ મળે છે કે, "તેમની દુર્ગતિ થયા વગર રહેશે નહિ." વળી કેટલાક વધારે દયાળુ અંતઃકરણવાળા એમ કહે છે કે, "એમની ઇચ્છા હોય તો ભલે તેઓ આવીને અમારી સેવા કરે; એ સેવાના બદલામાં તેઓ બીજે અવતાર અમારા દેશમાં જન્મ લેશે. બસ આથી વધારે તેમને આશા આપી શકાય નહિ." વળી આપણે તેમને પૂછીએ કે, "તમારા પૂર્વજોના સ્વપ્નમાં પણ ન હતી એવી હુન્નરકળાની વર્તમાન પ્રજાઓએ તદ્દન અપૂર્વ શોધો કરી છે, અને તમારા પૂર્વજોને તે કળાઓનું જ્ઞાન હતું એની જરા પણ સાબીતી નથી એ વાતમાં તમારે શું કહેવું છે ?" તો તેઓ જવાબ દે છે, "વાહ ! અમારા પૂર્વજોને એ બધી વિદ્યાઓ આવડતી હતીજ, પણ કાળે કરીને એ વિદ્યાનું જ્ઞાન દેશમાંથી લુપ્ત થઇ ગયું છે તેથી કરીને અમને તે મળી શકતું નથી. તમારે તેની સાબીતી જોઇએ છે ? ત્યારે લ્યો સાંભળો આ શ્લોક" એમ કહીને ગમે તેવો એકાદ શ્લોક બોલી દે છે; પરંતુ નવીન સંસ્કારવાળા માણસોને માત્ર પ્રત્યક્ષ પ્રમાણુજ ગ્રાહ્ય હોવાથી તેઓ આવા ઉત્તર અને પ્રમાણોને હસી કાઢે છે.

સામાન્યરીતે તમામ પ્રકારનું જ્ઞાન બે ભાગમાં વિભક્ત થઈ શકે છે. એક

અપરા વિદ્યા એટલે લૌકિક પદાર્થોનું જ્ઞાન અને બીજી પરાવિદ્યા એટલે આધ્યાત્મિક જ્ઞાન, પહેલા પ્રકારની વિદ્યા નાશવાન વસ્તુઓને લગતી છે અને બીજી આત્માને લગતી છે. આ બેઉ પ્રકારના જ્ઞાનમાં અલબત ઘણોજ તફાવત છે અને જે રીતે એક પ્રકારની વિદ્યા પ્રાપ્ત થઇ શકે તે રીતે બીજા પ્રકારની વિદ્યા પ્રાપ્ત થઈ શકતી નથી. બન્ને જૂદી જૂદી પદ્ધતિ અને સાધનોથી પ્રાપ્ત થઈ શકે છે. વળી જ્ઞાનની તમામ શાખાપ્રશાખાઓની પ્રાપ્તિને માટે પણ એકજ સામાન્ય રીત બતાવી શકાતી નથી. બેઉ વચ્ચે જે ભેદ છે તે માત્ર અંશભેદ છે, વસ્તુભેદ નથી. ઐહિક અને આધ્યાત્મિક જ્ઞાન એક બીજાથી તદ્દન વિરુદ્ધ અને એક એકનું ખંડન કરનાર છે એમ માની લેવાનું નથી, પણ ખરૂં જોતાં બેઉ એકજ છે. અનંતજ્ઞાન જે નાનામાં નાના રજકણથી તે મોટામાં મોટા બ્રહ્માસુધી સર્વત્ર સંપૂર્ણરૂપે જોવામાં આવે છે, તેના ક્રમોન્નતિ માર્ગનાં એ બેઉ જૂદાં જૂદાં પગથીઆં છે. જ્યારે આ અનંત જ્ઞાનનો આવિર્ભાવ નીચલી ભૂમિકામાં થાય છે ત્યારે આપણે તેને ઐહિકજ્ઞાન કહીએ છીએ, અને ઉંચી ભૂમિકામાં થાય છે ત્યારે તે જ્ઞાન આધ્યાત્મિક કહેવાય છે.

બધી જાતનું જ્ઞાન તો કેટલાક અલૌકિક મહાપુરુષોનેજ પ્રાપ્ત થએલું હોય છે અને આવા વિશિષ્ટ શક્તિવાળા મહાપુરુષો ઈશ્વરના આજ્ઞાથી, અથવા કુદરતના ઉંચા પ્રકારના નિયમોને વશ વર્તી અથવા તો નિર્માણ થયલા કર્મના અમુક ક્રમાનુસાર જગતમાં અવતાર ધારણ કરે છે; અને આ મહાપુરુષોદ્વારાજ જ્ઞાનની પ્રાપ્તિ થઇ શકે છે. એ સિવાય બીજો માર્ગ નથી." જો ઉપલી માન્યતા સાચી અને નિર્દોષ હોય તો પછી કોઈ પણ નવીન અને અપૂર્વ સત્યનું શોધન કરવાને માટે પ્રબલ પુરુષાર્થ કરવાની જરૂરજ રહેતી નથી. વળી એમ માની લેવાથી તો મનુષ્ય જાતની જિજ્ઞાસા બુદ્ધિને ઉત્તેજન અને વ્યાયામ ન મળવાથી આખરે તે કટાઇ જઇને સમાજમાંથી સંશોધન વૃત્તિજ જતી રહે. વળી એથી વધારે ખરાબી એ થાય છે કે જ્યારે કોઈ એક વ્યક્તિ નવીન દિશામાં પ્રયત્ન કરે છે ત્યારે સમાજ તેની સામે થાય છે અને તેના ઉત્સાહ અને પ્રયત્નને દબાવી દે છે. એથી કરીને શોધનવૃત્તિ મરી જાય છે. મનુષ્યજાતિના કલ્યાણનો માર્ગ ઉપર કહેલા સર્વજ્ઞ મહાપુરુષોએજ હમેશને માટે નિર્માણ કરી રાખેલો છે એવું જ્યાં મનાય છે, ત્યાં "એ માર્ગની સીમાથી લેશમાત્ર પણ દૂર જવાથી પોતાનો વિનાશ થશે" એવો સમાજને કુદરતી રીતે ભય રહે છે. એથી કરીને આત્મસંરક્ષણને માટે તે તમામ વ્યક્તિઓને સખ્ત કાયદાવડે અને શિક્ષાની ધમકી આપીને પોતાના નિયમોને પૂરેપૂરા અધીન રહેવાની ફરજ પાડે છે. તમામ મનુષ્યોને ઉપર કહેલા માર્ગના સાંકડા ચીલામાં અધીનપણે જકડાઈ રહેવાની સમાજ ફરજ પાડી શકે, તો મનુષ્યની સ્થિતિ આખરે યંત્રવત્ બની ગયા વગર રહે નહિ. મનુષ્યના જીવનનાં એકે એક કાર્ય જો પહેલેથી નિર્માણજ થયાં હોય તો વિચાર

કરવાની શક્તિનો વિકાસ કરવાની જરૂર શી છે? સ્વતંત્ર વિચાર અને સ્વતંત્ર વર્તનને માટે પૂરતો આવકાશજ રહેતો નથી, અને તેમ થવાથી થોડા વખતમાં મનુષ્યને તેની ઉચ્ચ શક્તિઓનો ઉપયોગ કરવાની તક ન મળવાથી આખરે તે નિષ્ક્રિય બની જાય છે, નવીન વિચારો ઉત્પન્ન કરવાની શક્તિ ક્ષીણ થાય છે અને એક પ્રકારની તામસિક અને વિષજનિત ઘેનથી ભરેલી નિર્જીવતા આખી પ્રજામાં પથરાઈજાય છે. આમ થતાં તે પ્રજા સપાટાબંધ અધોગત થતી જાય અને વર્તમાન પ્રજાનો વિનાશ થોડા સમયમાં થયા વગર રહેતો નથી. એથી ઉલટું જો આપણે તેનાથી વિરુદ્ધ સિદ્ધાંતને સત્ય માનીએ કે, “ જે સમાજની પ્રવૃત્તિ ઉપર કહેલા ઈશ્વરપ્રેરિત મહાત્માઓની આજ્ઞાવડે મર્યાદિત થએલી નથી, તેજ સમાજનો સૌથી વિશેષ અભ્યુદય થવો જોઇએ; ” તો હિંદુઓ, ચીનાઓ, ઈજીપ્શ્યનો, ઈરાનીઓ, ગ્રીક અને રોમન લોકો તથા પ્રાચીન અને વર્તમાન કાળની બીજી મહાન્ પ્રજાઓ જેમણે પોતપોતાના યુગાચાર્યોનું અનુસરણ કર્યું છે, તેમની પાસેથી સંસ્કૃતિ, જ્ઞાન અને સંપત્તિ ચાલ્યાં જવાં જોઇએ અને આફ્રિકાના ઝુલુ લોકો, કાફર અને હોટેન્ટાટ પ્રજાઓ તથા આન્દામાન અને ઓસ્ટ્રેલીયાની અસભ્ય જાતિઓ જેઓ અત્યાર સુધી નિરંકુશપણે જીવન ગાળે છે તેમને તે પ્રાપ્ત થવાં જોઇએ.

આ બધી બાબતોનો વિચાર કરતાં દરેક મનુષ્યમાં અને પદાર્થમાત્રમાં જ્ઞાન મૂળથીજ રહેલું છે, એ એક અનાદિ સત્ય સિદ્ધાંત છે; તોપણ “ જગતના મહાપુરુષો જે માર્ગ બતાવે છે તેમાં કંઈક વિશેષ મહત્તા છે અને ગુરુશિષ્યની પરંપરાથી જે જ્ઞાન ચાલ્યું આવે છે તેમાં વિશેષ રહસ્ય રહેલું છે. ” એટલું તો સ્વીકારવુંજ પડશે. જ્ઞાનના એકંદર સરવાળામાં એ બેઉ પોતપોતાનો ફાળો આપે છે અને આપણે એ પ્રત્યેકની મહત્તાના પ્રમાણમાં કિંમત આંકવીજ જોઇએ; પરંતુ સદ્ગુરુઓ પ્રતિ ભક્તિ અને પ્રેમના આવેશમાં તણાઈ જઇને તેમના શિષ્યો અને અનુયાયીઓ વિવેકની મર્યાદા સાચવી શક્યા નથી, તેથી ગુરુભક્તિની વેદી આગળ અજાણપણે તેમનાથી સત્યનું બલિદાન અપાઇ ગયું છે, અને એ મહાપુરુષોના જીવનને તથા તેના હેતુને ન સમજી શકવાથી તેઓ તેમને જગત્ સમક્ષ ખોટા સ્વરૂપમાં રજુ કરે છે. આથી ફરીને પરિણામ એ આવે છે કે તેઓના ઉપદેશમાં ગુરુભક્તિનો અંશ જોઇએ તે કરતાં વધી જાય છે અને વ્યક્તિની ખાતર સત્ય સિદ્ધાંત માર્યા જાય છે.

એક બીજી વાત સામાન્યરીતે એ જોવામાં આવે છે કે જ્યારે મનુષ્ય ઉપર કહ્યું તેવું વલણ લેવાથી પોતાનું આત્મબળ ખોઈ બેસે છે, ત્યારે તે પોતાના પૂર્વજોની મોટાઈ અને કીર્તિનું આળસુની માફક સ્મરણ કર્યા ઉપરાંત વિશેષ કાંઈજ કરી શકતો નથી. તેનું ભક્ત હૃદય તેના પૂર્વજોને સંપૂર્ણપણે અધીન રહેવાનો નિરંતર પ્રયત્ન કરતાં કરતાં અંતે પૂરેપૂરું નિર્બળ બની જાય છે, અને આખરે તે

એવી સ્થિતિએ જઈ પહોંચે છે કે જ્યારે પોતાની નિર્બળતાને લીધે તેના નિર્માલ્ય પણ ભક્તિપૂર્ણ હૃદયને પોતાના પૂર્વજોની મિથ્યા બડાઈ કર્યા કરવી એજ તેના જીવનનો મુખ્ય આધાર સમજાય છે. આપણા પૂર્વજો સંપૂર્ણ જ્ઞાન ધરાવતા હોય એ વાત કદાચ સાચીજ હોય; તોપણ હાલ તો કાળે કરીને આપણે તે જ્ઞાન ગુમાવી બેઠા છીએ અને તેથી સિદ્ધ થાય છે કે; આપણે એવા પ્રતાપી પુરુષોના નાલાયક તનુજોજ આપણા પ્રમાદને લીધે અથવા બીજા કોઈ દોષને લીધે એ જ્ઞાન ગુમાવનાર હોવા જોઇએ,અને તેથી આપણા પૂર્વજો પાસે જેજ્ઞાન હતું તે અત્યારે હતા નહોતા જેવું છે; કારણ કે આપણને તે કામ આવે એમ નથી. આપણા દેશમાં એ જ્ઞાન હતું અને પાછળથી અદૃશ્ય થઈ ગયું છે, એવી વાતો કરવાથી આપણને કશો લાભ નથી. જો આપણે તેને પુનઃ પ્રાપ્ત કરવું હોય તો નવેસરથીજ પ્રયત્ન કરવો જોઇએ અને આપણા પૂર્વજોએ જે પરિશ્રમ લીધો હતો તેવો આપણે અત્યારે ફરી લેવો જોઇએ.

નિર્મળ અને વિક્ષેપરહિત અંતઃકરણમાં આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ આપોઆપ પડે છે એ વાત તદ્દન સાચી છે અને આત્મ-જ્ઞાન બાહ્ય જગત્માંથી પ્રાપ્ત નથી થતું એ વાત પણ સત્ય છે; પણ અંતઃકરણને નિર્મળ અને વિક્ષેપરહિત કરવા માટે નિરંતર અભ્યાસ કરવાની અને લાંબા વખતસુધી નીચ મનોવૃત્તિઓ અને લાલચોની સામે મહાભારત યુદ્ધ કરવાની જરૂર છે. ભૌતિકજ્ઞાનના પ્રદેશમાં થતી નવી નવી શોધખોળનાં મૂળ તપાસતાં એમ જોવામાં આવે છે કે, પ્રકૃતિના જે મહાન્ સત્યો શોધકો વારંવાર શોધી કહાડે છે તે તેમના મગજમાં વિદ્યુત્-પ્રકાશના ઝબકારની માફક એકાએક આવિર્ભાવ પામે છે; અને પછી તેને ગ્રહણ કરીને પદ્ધતિસર ગોઠવવાનુંજ કર્તવ્ય બાકી રહે છે; પણ અસંસ્કૃત જંગલી મનુષ્યના મગજમાં એવાં સત્યોનો પ્રકાશ કદિ પણ ઝબૂકી ઉઠતો નથી. તેનું કારણ એટલુંજ છે, કે અમુક વિષયનો અવિરત અભ્યાસ અને લાંબા કાળસુધી અનન્ય ચિંતન કરીને વૈજ્ઞાનિક શોધકો એક પ્રકારની અત્યંત ઉગ્ર તપશ્ચર્યા સાધે છે, અને તેથીજ જે વિષય પાછળ તેઓ લાગે છે તેને લગતાં સત્યોનો પ્રકાશ તેમને પ્રાપ્ત થાય છે.

જેને આપણે અલૌકિક ઈંદ્રિયાતીત અથવા પ્રેરણાજનિત જ્ઞાન કહીએ છીએ તે બીજું કાંઇ નહિ, પણ જ્ઞાનપ્રાપ્તિ કરવાની સામાન્ય શક્તિઓના ઉચ્ચતમ વિકાસનુંજ પરિણામ છે. અને તે લાંબા તથા નિરંતર અભ્યાસથીજ પ્રાપ્ત થાય છે. સાધારણ અને અસાધારણ વ્યક્તિ વચ્ચે જે તફાવત છે તે માત્ર પોતાની માનસિક શક્તિનો આવિર્ભાવ કરવાની વધતીઓછી કુશળતાનોજ છે. પ્રથમ બુદ્ધિના પ્રદેશમાં પ્રયત્ન કર્યાથી અંતે બુદ્ધિ, મન અને ઇન્દ્રિયોથી પર એવા જ્ઞાનનો પ્રકાશ પણ થઇજ જાય છે.

મનુષ્યમાત્રમાં અનંત પૂર્ણપણું રહેલું તો છેજ પણ માત્ર તેનો આવિર્ભાવ થયો નથી. ઉંચામાં ઉચા પ્રકારની સાધુતા, પવિત્રમાં પવિત્ર ઋષિની અવસ્થા,

અવતારી પુરુષોના જેટલી શક્તિ અથવા તો સ્થૂલ પ્રદેશમાં વિજય મેળવનારા વીર પુરુષોનું સામર્થ્ય—એ સર્વ શક્તિઓ મનુષ્યમાત્રમાં બીજરૂપે સુષુપ્ત દશામાં પડેલી છે, અને હરકોઇ તેનો આવિર્ભાવ કરી શકે છે. એ પૂર્ણતાને પ્રકટ કરવા માટે સમયની અને સાચી દિશામાં પ્રયત્ન કરવાનીજ જરૂર છે. જે સમાજમાં એકવાર મહાપુરુષો ઉત્પન્ન થયા હતા તે સમાજ તેવા મહાપુરુષોને ફરીથી ઉત્પન્ન કરે એ તદ્દન સંભવિત છે. વળી મહાન યુગાચાર્યોના છત્ર નીચે રહેવાથી અમુક સમાજ જેટલી પ્રગતિ કરી શકે તેટલી કેવળ પોતાના સ્વાશ્રયથી કરી શકતી નથી; પણ તેની સાથે એમ પણ કબૂલ કરવું પડશે કે, જે સમાજમાં એવા શક્તિસંપન્ન નેતાઓ હાલ નથી ત્યાં તેઓ પ્રકટ થશે અને ભવિષ્યમાં તેઓ સમાજને પ્રથમના જેવીજ ત્વરિત ગતિથી ઉન્નતિના માર્ગ તરફ દોરી જશે.

पाउहारी बावानुं टुंकुं जीवनवृत्तांत

દુઃખમાં સડતા જગતને સહાયતા કરવી એ કાર્ય મહાન્ અને અત્યંત અગત્યનું છે એવું બતાવનાર બુદ્ધ ભગવાને સ્થાપેલા ધર્મનાં બીજાં પણ કેટલાંએક અંગો છે; પરંતુ હાલ આપણે તે અંગોને બાજુ મૂકીશું. “કેવળ સ્વાર્થમય જીવનને વળગી રહેવું એમાં તો પૂર્ણ નિષ્ફળતાજ રહેલી છે.” એ સત્યનો સાક્ષાત્કાર કરવા માટે બુદ્ધને પણ વર્ષોના વર્ષો સુધી આત્માવલોકન કરવું પડયું હતું. એમના કરતાં વિશેષ નિઃસ્વાર્થી અને અવિશ્રાંતપણે જગતની સેવા કરનાર મહાત્મા આપણી કલ્પનામાં પણ આવી શકે એમ નથી; એટલુંજ નહિ પણ વસ્તુનું સત્ય સ્વરૂપ સમજવાને તેમના જેટલો પરિશ્રમ કરનાર પણ બીજો કોઇ નર પાકયો નથી. સર્વકાળમાટે આ એક સામાન્ય નિયમ છે કે જેમ કાર્ય વિશેષ મહત્ત્વનું હોય છે તેમ તે કાર્યને પ્રેરનાર આત્માનું આત્મબળ પણ વિશેષ હોય છે. કુશળતાથી ઘડાઇને તૈયાર થયેલી યોજનાને વ્યાવહારિક સ્વરૂપ આપવામાં તથા તેના દરેક નાનામોટા અંગને પૂર્ણ કરવામાં કદાચ વિશેષ એકનિષ્ઠ આત્મબળની જરૂર ન પડે, પણ કાર્ય કરવાને પ્રેરણા કરનાર મૂળ બળ તો એ એકાગ્રતાની મૂર્તિરૂપજ હોય છે. નાનાં કાર્યોમાટે કદાચ રૂઢ થયેલી પદ્ધતિનું અનુસરણ પૂરતું ગણાય, પણ જે આઘાતથી પાણીમાં નાની તરંગાવલિ ઉત્પન્ન થાય છે તેના કરતાં બળવાન મોજાં ઉત્પન્ન કરનાર શક્તિ તો કાંઇક ભિન્ન પ્રકારનીજ હોય છે, કે જે શક્તિના અલ્પ અંશવડે પણ નાની તરંગાવલિ ઉપજાવી શકાય છે. મનના વ્યાપારના મૂળરૂપ ભૂમિકાઓમાં કાર્યરૂપી મહાન્ મોજાં ઉત્પન્ન થઈ શકે, તે પહેલાં સત્યને—તદ્દન સાચા અમિશ્રિત સત્યને

શોધીને પોતાનું કરી લેવાની જરૂર છે. જો કે તેમ કરતાં હૃદયના એકેએક તાર તૂટી જાય, સ્વાર્થરહિત અને સત્ય હેતુને સમજવામાટે કદાચ શરીરના એકેએક અવયવનો ભોગ આપવો પડે તોપણુ માર્ગ તો એજ છે. સમય જતાં એ સૂક્ષ્મ અને અદૃશ્ય આત્મબળની આસપાસ સ્થૂળ પદાર્થો ખેંચાઇને એકત્ર થવા માંડે છે અને એમ કરતાં કરતાં જે પ્રથમ માત્ર વિચારજ હતા તે સ્થૂળ કાર્યનું સ્વરૂપ લે છે; જે કારણુ હતું તે કાર્યરૂપ, પરિણામરૂપ પામે છે અને પ્રથમ જે માત્ર સંભવિત દેખાતું હતું તે પ્રત્યક્ષ થાય છે.

હજારો પ્રતિકૂળ સંજોગોને લીધે અટકી રહેલું મૂળ કારણુ વહેલું મોડું પરિણામરૂપે પ્રત્યક્ષ થયા વગર રહેતુંજ નથી, અને એક બળવાન્ વિચાર જે આરંભમાં ગમે તેટલો શકિતહીન દેખાતો હોય તોપણુ એકવાર વાસ્તવિક કાર્યના પ્રદેશમાં તે વિજયી થયા વગર રહેતોજ નથી. ઇંદ્રિયસુખમાટેના પદાર્થોની ઇચ્છા જે ધોરણે પૂરી પડે છે તે ધોરણે એકાદ મહાન્ અને નિષ્કામ વિચારની તુલના કરવી વાજબી નથી.

પ્રાણીઓ જેમ નીચી કોટિનાં હોય છે તેમ તેઓ ઇંદ્રિયજન્ય સુખમાં વિશેષ આબદ્ધ થએલાં હોય છે અને તેમના જીવનનો મોટો ભાગ ઇન્દ્રિય ભોગમાંજ વ્યતીત થાય છે. મનુષ્યમાં રહેલા પાશવ અંશને-ઇન્દ્રિયસુખની લોલુપતાને જે સંસ્કૃતિ દૂર કરે છે, અને શરીરના બહારના સુખ કરતાં મનની ઉંચી ભૂમિકાઓમાં પ્રાપ્ત થતા આનંદના સ્વપ્નને જે સંસ્કૃતિ મનુષ્યની આગળ રજુ કરે છે, તેનુંજ નામ ખરી સંસ્કૃતિ કહી શકાય.

મનુષ્યને આ વસ્તુનું જ્ઞાન સ્વાભાવિક રીતેજ હોય છે. દરેક અવસ્થામાં આ બાબત વિષે કદાચ તે વિચાર ન બાંધી શકે એ ખરૂં છે. ભાવનામય જીવન વિષે માણસોમાં ભિન્ન ભિન્ન અભિપ્રાય પણુ જોવામાં આવે છે; છતાં પણુ દરેક મનુષ્યમાં ભાવનાનું અનુસરણુ તો સ્વીકારાયલું હોય છેજ. અનેક પ્રકારના અંતરાયો હોવા છતાંયે મનુષ્ય ભાવનાના બળવડેજ આગળ પ્રગતિ કરે છે. ચમત્કાર કરનારને, વૈદ્યને, જાદુગરને, ધર્મોપદેશકને તેમજ વૈજ્ઞાનિક પંડિતોને મનુષ્ય સન્માન આપે છે; તેનું પણુ આજ કારણુ હોય છે. ઇન્દ્રિયાતીત ઉચ્ચ પ્રદેશમાં સંચરવાની શક્તિ ઉપરથીજ મનુષ્યનો વિકાસ માપી શકાય છે, અને જેમ જેમ એવી ભૂમિકામાં વધારે વખત રહીને ભાવનારૂપી પ્રાણુવાયુને તે પોતાના જીવનમાં જેટલે અંશે દાખલ કરી શકે છે તેટલે અંશેજ તે સંસ્કૃતિ પામેલો મનાય છે.

જીવનની સ્થૂળ આવશ્યકતાઓ પૂરી કરવામાં માણસને જેટલો વખત ગાળવો પડે છે, તે સિવાયના બાકીના વખતમાં સંસ્કૃતિ પામેલા મનુષ્યને કહેવાતાં સુખનો એટલે કે ઇન્દ્રિયોના ઉપભોગનો કંટાળો આવે છે એ વાત અવલોકન કરતાં સ્પષ્ટ માલમ પડે છે; અને એવાં પણુ દૃષ્ટાંત જોવામાં આવે છે કે મનુષ્ય જેમ જેમ

આગળ વધતો જાય છે, તેમ તેમ જીંદગીની જરૂરીઆતોને લગતાં કામોમાં પણ તેનો ઉત્સાહ મંદ પડતો જાય છે.

વિલાસના વિષયોને પણ ભાવના અને આદર્શના ધોરણે એક એકથી ઉંચા ક્રમમાં ગોઠવી શકાય છે, અને જેટલે અંશે વિલાસનાં સાધનોમાં ભાવનામય જીવનને સ્થાન મળે છે તેટલે અંશે તેમાં પણ કલાનું તત્ત્વ ઉમેરાયલુંજ હોય છે. દરેક ઉંચા પ્રકારની કળા આજ ધોરણે રચાય છે.

"—આ જગત્‌માં એક પ્રકારની ચેતના પ્રવેશ કરે છે અને આપણને પ્રત્યક્ષ થતાં જૂદા જૂદા રૂપમાં આવિર્ભાવ પામે છે, છતાં પણ એ ચેતના આ દૃશ્ય જગત્‌ કરતાં પણ વિશેષ વ્યાપક છે." અલબત્ત અનંત ગણી વ્યાપક છે અને એની અમર્યાદિત ભાવનાનો એક ઘણોજ ક્ષુદ્ર અંશ માત્ર આ જડ પદાર્થની ભૂમિકામાં પ્રવેશ કરી શકે છે. તેના વડે મનુષ્યને સુખની પ્રાપ્તિ થાય છે, એ કરતાં તેનો જે મહાન્‌ અને અકલ્પ્ય અંશ રહેલો છે તેને સામાન્ય મનુષ્યો સ્પર્શ પણ કરી શકતાં નથી. એ અતીંદ્રિય તત્ત્વ હમેશાં આપણી નજરની બહાર હોય છે અને તેને જડ સૃષ્ટિમાં ઉતારવાના મનુષ્યો જ્યારે જ્યારે પ્રયત્ન કરે છે ત્યારે તેમાં તેમને નિષ્ફળતાજ મળે છે. આથી કરીને એ તત્ત્વને જો પ્રાપ્ત કરવું હોય તો તેને આપણી ભૂમિકામાં ન ઉતારતાં આપણેજ તેની ભૂમિકામાં ઉપર જવાનો યત્ન કરવો જોઇએ. એ સિવાય બીજો માર્ગ નથી. જો એમાંથી પ્રાપ્ત થતો આનંદ ભોગવવો હોય, એનો પ્રકાશ ઝીલવો હોય અને આપણા જીવનના ધબકારાની જગત્‌ના આદિ કારણ સાથે એકતા કરવી હોય, તો આપણે ઉત્તરોત્તર ઉચ્ચ ભૂમિકાઓમાં જવાનો યત્ન કરવો જોઇએ.

માત્ર જ્ઞાનવડેજ આ અદ્‌ભુત પ્રદેશમાં પ્રવેશ કરાય છે. જ્ઞાનવડેજ મનુષ્ય પશુની અવસ્થામાંથી દેવની અવસ્થામાં પ્રવેશ કરી શકે છે. જે જ્ઞાન અંતે આપણને એવા એક પરમ તત્ત્વની સાથે ઐક્ય કરાવે કે, "જેને જાણ્યા પછી બાકીનું બધુંજ જાણી શકાય છે." જે જ્ઞાનનું પણ જ્ઞાન છે, જેના પ્રભાવવડે ભૌતિક વિજ્ઞાનમાં ચેતના આવે છે તે "પરાવિદ્યા" એજ ઉંચામાં ઉંચા પ્રકારનું જ્ઞાન છે, તેજ મનુષ્યને પૂર્ણ ભાવનામય જીવન ગાળવાનું સામર્થ્ય અર્પે છે. જે પ્રજાએ આ જ્ઞાનને પરાવિદ્યા એવું નામ આપ્યું છે તેને ધન્યવાદ આપવો ઘટે છે.

આ તત્ત્વ દૃશ્ય જગત્‌માં તેના ખરા સ્વરૂપમાં ભાગ્યેજ જોવામાં આવે છે, તો પણ તેનું અસ્તિત્વ તો છેજ. ઉત્તમ ભાવનાને વિકારી ન થવા દેતાં દૃષ્ટિગોચર રાખવી એ આપણું કર્તવ્ય છે. પછી ભલે આપણે તેના તરફ ઉતાવળે પગલે વધીએ કે કીડીને વેગે જઇએ; પણ તે ભાવના તો આપણી સન્મુખ હમેશાં રહેવીજ જોઇએ. આપણે આપણી દૃષ્ટિ આગળ જડતાનો પડદો આવવા દઇને તેના પ્રકાશને ઘણીવાર અટકાવીએ છીએ, તોપણ આપણા દરેક કાર્યમાં તેની થોડી ઘણી અસર

થયા વગર રહેતીજ નથી.

સ્થૂળ સૃષ્ટિનું વાસ્તવિક મૂળ ભાવનામાંજ છે. આપણી પહેલાંની ભાવનાજ આપણા આધુનિક જીવનમાં સંચરી રહેલી છે, આધુનિક જીવનરૂપ બની રહેલી છે. આપણે તત્ત્વવિચાર કરતા હોઇએ અથવા તો જીંદગીને લગતાં સ્થૂળ કાર્યોમાં રોકાયલા હોઇએ ત્યારે પણ આ ભાવનાથી આપણે તદ્દન બહિર્મુખ તો થઇ શકતાજ નથી. આપણે તેનો પ્રભાવ જાણીએ કે ન જાણીએ તોપણ તેના પ્રકાશનાં કિરણ જગતના સ્થૂળ આવરણનાં નાનાં છિદ્રોમાં થઇને પણ આપણા ઉપર સીધી અથવા આડકતરી રીતે ઘણીવાર પડ્યા વગર રહેતાંજ નથી. આપણું દરેક કાર્ય તે કિરણોના પ્રકાશવડેજ કરાય છે અને દરેક પદાર્થ ઉપર તેનો પ્રકાશ જેટલે અંશે પડે છે તેટલે અંશેજ તે સુંદર અથવા બેડોળ બને છે. આપણે જેવા હાલ છીએ તેવા બનાવનાર પણ એ ભાવનાજ છે અને ભવિષ્યમાં આપણે જેવા થઇશું તેવા કરનાર પણ તેજ છે. એ ભાવનાના પ્રભાવથી આપણે પૂરેપૂરા આચ્છાદિત છીએ. તેનું અસ્તિત્વ આપણને હર્ષ અને શોકને પ્રસંગે, ઉદાર તેમજ નીચ કાર્યોમાં અને આપણા સદ્‌ગુણોમાં તેમજ દુર્ગુણોમાં—દરેકમાં પ્રતીત થાય છે.

વળી સ્થૂળ કાર્ય ઉપર જેમ ભાવનાનો અધિકાર છે તેમ ભાવનાનું સ્વરૂપ ઘડવામાં આપણા કાર્યનો અંશ પણ ઓછો નથી. ભાવનાનું સત્ય અને ઉચ્ચતાપણું તે જ્યારે કાર્યમાં પરિણામ પામે છે, ત્યારેજ પ્રત્યક્ષ થાય છે. ભાવનાનો પરિપાક તેનાથી થતા કાર્ય ઉપરથીજ જાણી શકાય છે.

કાર્યવડેજ ભાવના પ્રત્યક્ષ રીતે અનુભવી શકાય એવું સ્વરૂપ ધારણ કરે છે અને આપણાથી ગ્રહણ કરી શકાય તેવી બને છે. કાર્યોનાં પગથીઆં ઉપર થઇનેજ આપણે ભાવના તરફ ચઢતા જઇએ છીએ. અને તેવડે આપણા કાર્યમાં આપણને ઉત્સાહ પ્રાપ્ત થાય છે.

પોતાની ઉચ્ચ ભાવનાને જીવનમાં ઉતારી શકે તેવો મનુષ્ય ભાવનાનું સુંદરમાં સુંદર શબ્દોમાં વર્ણન કરનારા અને પોતાની બુદ્ધિના પ્રભાવવડે સારા સારા સિદ્ધાંતોનું દોહન કરનારા હજારો મનુષ્યો કરતાં વધારે બળવાન્ છે.

દર્શનશાસ્ત્રોનો જો ધર્મની સાથે યોગ કરવામાં ન આવે અને એ શાસ્ત્રોના રહસ્યને થોડે ઘણે અંશે પણ વ્યાવહારિક સ્વરૂપ આપનારા અનેક મનુષ્યો ન મળી આવે તો માત્ર વાણી અને વિચારમાંજ પૂરાઈ રહેલાં શાસ્ત્રો મનુષ્યજાતિને કશા ઉપયોગનાં નથી; અથવા બહુ તો બુદ્ધિવિષયક વ્યાયામ તરીકેજ તે ઉપયોગમાં આવે છે.

બધા માણસો ભાવનાની સાથે વ્યવહારની એકતા કરી શકતા નથી, પણ કેટલાક ઉંચી કોટિના આત્માઓજ તેમ કરી શકે છે. સાધારણ માણસો તો જેમ વધારે ઉંડો વિચાર કરતા જાય છે તેમ તેમ તેમની કાર્યશક્તિ મંદ થતી જાય છે અને

એકલા કાર્યમાંજ તલ્લીન થવાથી વિચાર કરવાની તેમજ આદર્શ ઘડવાની શક્તિ ક્ષીણ થાય છે. મોટા મોટા વિચારકો જગતમાં સુંદર ભાવન એજ મૂકી ગયા છે અને તે ભાવનાઓ કાર્યનું સ્વરૂપ લે તેને માટે લાંબા સમયની અપેક્ષા રહે છે, તેનું કારણ પણ આજ છે. તેમની ભાવનાઓ ગ્રહણ કરીને તેમને કાર્યનું સ્વરૂપ આપવા માટે અને જગતમાં તેમનો પ્રચાર કરવા માટે કાર્યદક્ષ માણસો જન્મે ત્યાંસુધી તેમને રાહ જોવી પડે છે; પણ આ શબ્દો લખતી વખતે મારી નજર આગળ અર્જુનના મહાન્ સારથીની મૂર્તિ ખડી થાય છે. તે જાણે યુદ્ધ કરવા તત્પર થયેલાં બન્ને સૈન્યની વચ્ચે કવચ અને આયુધ ધારણ કરીને પોતાના પાણીદાર ઘોડાઓને કાબૂમાં રાખતા રથમાં ઉભા છે; તેમની તીક્ષ્ણદૃષ્ટિ વિશાળ સૈન્ય ઉપર ફરી વળે છે અને જાણે બેઉ પક્ષના સૈન્યોની ઝીણામાં ઝીણી વિગતની ક્ષણવારમાં તુલના કરે છે; તેની સાથે જાણે ભયભીત થયલા અર્જુનને વિદ્યુતાત્મક શક્તિથી નવચેતન આપનાર શબ્દો જે તેમનાં બીજાં કાર્યો કરતાં વધારે અદ્ભુત હતા; તે મારે કાને અથડાય છે. તે કહે છે કે, " હે અર્જુન, જે પ્રવૃત્તિમાં નિવૃત્તિ ભોગવે છે અને નિવૃત્તિમ પ્રવૃત્તિ આરંભે છે તેજ જ્ઞાની છે, તેજ યોગી છે, અને તેજ વાસ્તવિક અકર્તા છે.

ઉપરના સૂત્રમાં સર્વોચ્ચ અને સંપૂર્ણ આદર્શ સમાયલો છે,પણ ઘણાજ થોડા માણસો તેનો અનુભવ કરી શકે છે, તેથી આપણે તો જે જૂદી જૂદી વ્યક્તિઓએ પોતાના જીવનમાં મનુષ્યત્વની પૂર્ણતાની જે જે કળાઓનું દર્શન કરાવ્યું છે તેનો સ્વીકાર કરીનેજ સંતોષ માનવાનો છે.

ધર્મોના ઇતિહાસ જોતાં આપણને કેટલાક મનુષ્યો જ્ઞાનસમાધિમાં લીન થયેલા, કેટલાક માનવજાતિની સેવાપરાયણ, કેટલાક આત્મસાક્ષાત્કારમાટે બ્રહ્માર્પણ કરનારા અને કેટલાક અત્યંત દીન અને નમ્ર પ્રકૃતિના પુરુષોનું દર્શન થાય છે.

આપણી કથાના નાયકમાં આશ્ચર્યકારક દીનતા અને ઉગ્ર સાક્ષાત્કારની ભાવના હતી. કાશી પાસે આવેલા નાના ગામડામાં એક બ્રાહ્મણને ઘેર તેનો જન્મ થયો હતો. તેનું મૂળ નામ જાણવામાં નથી પણ ઉત્તરાવસ્થામાં લોકો તેમને પાઉહારી બાવાના નામે ઓળખતા હતા. નાની વયમાં તે ગાઝીપુરમાં પોતાના કાકાને ઘેર રહેતા અને વિદ્યાભ્યાસ કરતા.

વર્તમાન સમયમાં હિંદુ સાધુઓ ચાર વિભાગમાં વહેંચાઇ ગયા છેઃ–સંન્યાસીઓ, યોગીઓ, વેરાગીઓ અને માર્ગીઓ; સંન્યાસીઓ, શંકરાચાર્યના અનુયાયી હોઇ અદ્વૈતવાદી હોય છે. યોગીઓ અદ્વૈતવાદનો સ્વીકાર તો કરે છે પણ તેઓ જે પ્રકારે યોગસાધન કરે છે તે જૂદા પ્રકારનું હોવાથી તેઓ સંન્યાસીઓથી જૂદા પડી જાય છે. વેરાગીઓ રામાનુજાચાર્ય અથવા કોઇ બીજા વૈષ્ણવાચાર્યના અનુયાયી હોઇ

દ્વૈતવાદને માને છે; અને માર્ગીઓ દ્વૈતવાદ તેમજ અદ્વૈતવાદ એમાંથી ગમે તેનો છૂટથી સ્વીકાર કરે છે અને તેમના સંપ્રદાયની ઉત્પત્તિ મુસલમાન પાદશાહોના વખતમાંજ થએલી કહેવાય છે. પાઉહારી બાવાના કાકા રામાનુજના એટલે શ્રી સંપ્રદાયના વૈષ્ણવ હતા. તેઓ નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. ગંગાને કિનારે ગાઝીપુરથી ઉત્તરમાં એ માઇલને છેટે તેમની કેટલીક જમીન હતી ત્યાં તેઓ રહેતા હતા. પોતાને ઘણા ભત્રિજા હોવાથી તેમણે પાઉહારી બાવાને દત્તક લઇને પોતાની પાસે રાખ્યા અને પોતાના મરણ પછી તેને વારસો આપવાનો ઇરાદો રાખતા હતા.

પાઉહારી બાવાના આ સમયના જીવનવિષે ઘણું જાણવામાં આવ્યું નથી; તેમજ તે મોટપણે જે વિશેષ લક્ષણોવડે ઘણા નામાંક્તિ થયા તેના અંકુરો તે વખતે ફુટયા હોય એવું માનવાને પણ કયું કારણ નથી. માત્ર વ્યાકરણ, ન્યાય અને પોતાના સંપ્રદાયના ગ્રંથોનો તે વખતે તેઓ ઘણોજ શ્રમ લઇ અભ્યાસ કરતા એટલુંજ જાણી શકાય છે. તે ચંચળ, આનંદી અને ટીખળી સ્વભાવના હતા અને ઘણીવાર તેમના અડપલાથી સહાધ્યાયીઓની લાગણી દુખાય તેટલે દરજ્જે પણ તેમની મશ્કરીઓ ચાલુ રહેતી.

આ પ્રમાણે જે બાળક ભવિષ્યમાં એક સંતપુરુષ થવાનો હતો તેની બાલ્યાવસ્થા પસાર થઇ. જૂની પદ્ધતિના હિંદુસ્તાનના વિદ્યાર્થીઓની ઢબે તે અભ્યાસ કર્યા જતા હતા. પોતાના અભ્યાસ તરફ અસાધારણ લક્ષ અને ભાષાઓનું જ્ઞાન મેળવવા તરફ ખાસ વલણ એ બે ગુણો શિવાય આ સરળ, આનંદી અને રમતીઆળ વિદ્યાર્થીના જીવનમાં એવું કશું પણ અસાધારણ લક્ષણ ન હતું કે ભવિષ્યમાં તે અત્યંત ગંભીરરૂપ ધારણ કરશે; અને તેનું જીવન ઘણાજ આશ્ચર્યકારક અને ઉગ્ર ત્યાગમાં પરિસમાપ્ત થશે તેની આગાહી કરી શકાય. ત્યાર પછી તેના જીવનમાં એક પ્રસંગ એવો બન્યો કે જેથી કરીને આ તરુણ વિદ્યાર્થીને જિંદગીમાં પહેલીજવાર મનુષ્યજીવનની ગંભીરતા સમજાઇ; તેનું લક્ષ જે અત્યાર સુધી પુસ્તકોમાંજ હતું ત્યાંથી બહાર નીકળીને પોતાની વિચારસૃષ્ટિનું સૂક્ષ્મ પૃથક્કરણ કરવામાં રોકાયું અને ધર્મમાંથી પુસ્તકીઆ જ્ઞાન ઉપરાંત વિશેષ અનુભવ પ્રાપ્ત કરવાની વૃત્તિ થઈ. એ બનાવ તેના કાકાના મરણનો હતો. એક સ્નેહાળ આત્મા જેના તરફ તેના યુવાન અંતઃકરણનો પ્રેમ એકજ ધારાએ વહન કરતો હતો, તે ચાલ્યો જવાથી તેના સ્નેહી હૃદયને શોકનો સખત આઘાત થયો અને પોતાને પડેલી ખોટ પૂરવાને જેનામાં કદિ પણ પરિવર્તન થતું નથી એવા સ્થાયી અને સનાતન તત્ત્વની શોધ કરવા માંડી.

હિંદુસ્તાનમાં ગુરુ વિના કોઇ પણ કાર્ય થઈ શકતું નથી, હિંદુઓના મત પ્રમાણે પુસ્તકો તો બહારનાં ખોખાં છે. ખરેખરૂં જ્ઞાન યાને જીવનપ્રદ રહસ્યો તો માત્ર ગુરુ અને શિષ્યની પરંપરાદ્વારાજ પ્રાપ્ત થઈ શકે છે, આ નિયમ દરેક કળા

અને વિજ્ઞાનના વિષયને લાગુ પડે છે; અને ધર્મમાં તો તે વિશેષ રીતે પળાતો જોવામાં આવે છે.

છેક પ્રાચીન કાળથી ભરતખંડમાં જ્ઞાનપિપાસુ અને મુમુક્ષુ વ્યક્તિઓ હમેશાં આંતર્જીવનના ભેદોનો સતત અને અસ્ખલિત રીતે અભ્યાસ કરવા માટે એકાંતનું સેવન કરતી આવી છે; અને આજે પણ ત્યાં એવું એક પણ અરણ્ય, પર્વત કે તીર્થ નથી કે જ્યાં દંતકથા પ્રમાણે કોઈ મહર્ષિએ નિવાસ કર્યો ન હોય.

આપણા દેશમાં એક એવી કહેવત પ્રચલિત છે કે, "વહેતું પાણી અને ફરતો સાધુ નિર્મળ હોય છે;" આથી કરીને જેઓ નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળીને સાધુ જીવન ગાળવાનું વ્રત લે છે, તેઓ ભરતખંડના જુદા જુદા પ્રાંતોમાં આવેલા તીર્થોની યાત્રા કરવામાં ઘણો વખત ગાળે છે. આમ કરવાથી તેમનું જીવન શુષ્કન બનતાં જુદા જુદા ગામમાં વસતા લોકોને જ્ઞાન પ્રાપ્ત કરવાની સગવડ મળે છે. ભરતખંડને ચાર ખૂણે આવેલાં પવિત્ર તીર્થોની યાત્રા કરવી એ તો દરેક સાધુનું કર્તવ્યજ મનાય છે.

આપણો તરુણ બ્રહ્મચારી જ્યારે પર્યટન કરવા નીકળ્યો ત્યારે ઉપર કહેલી બધી બાબતોનો તેણે વિચાર કર્યો હતો, પણ તે ઉપરાંત તેનો મુખ્ય હેતુ પોતાના હૃદયમાં જાગેલી જ્ઞાન મેળવવાની તૃષાને તૃપ્ત કરવાનો હતો. તેમના પ્રવાસવિષે વિશેષ માહિતી મળી શકતી નથી, પણ રામાનુજ સંપ્રદાયનું સાહિત્ય દ્રાવિડી ભાષામાં લખાયલું છે તે ભાષાનું, અને ચૈતન્યના વૈષ્ણવ સંપ્રદાયનું સાહિત્ય જે ભાષામાં છે તે બંગાળી ભાષાનું તે સારું જ્ઞાન ધરાવતા હતા; તે ઉપરથી અનુમાન થઇ શકે છે કે, દક્ષિણ તેમજ બંગાળામાં તેઓ ઘણો વખત રહ્યા હશે.

પણ તેમના જૂના મિત્રો તેમણે અમુક સ્થાનમાં કરેલા નિવાસને ઘણું મહત્ત્વ આપે છે. તે સ્થાન કાઠિયાવાડમાં આવેલો ગિરનાર પર્વત છે. તેઓ કહે છે કે આ ઠેકાણે પાઉહારી બાવાએ યોગાભ્યાસની પ્રથમ શરૂઆત કરી હતી.

આ પર્વત પ્રાચીન સમયમાં બૌદ્ધ સાધુઓનું પવિત્ર તીર્થ હતું. તેની તળેટીમાં એક પ્રચંડ ખડક ઉપર "દેવોના પ્રિય" ચક્રવર્તી રાજા અશોકના આદેશો કોતરાયલા છે. તેથી નીચે ઘણા સૈકાઓથી વિસારે પડેલા, ઝાડીથી ઢંકાઇ ગયલા અને ગિરનારની ટેકરીઓ તરીકે માનવામાં આવેલા વિશાળ બાહ્યગોળ આકૃતિના સ્તૂપો જોવામાં આવે છે. વળી જૈનો બૌદ્ધધર્મ પોતાના સંપ્રદાયનું માત્ર નવીન રૂપાંતરજ છે એમ માને છે અને દિગ્વિજયી બૌદ્ધધર્મ વર્તમાન હિંદુધર્મમાં ઓતપ્રોત થઈ ગયો, ત્યાં સુધી જે સંપ્રદાયના અનુયાયીઓએ સ્થાપત્ય કળાના પ્રદેશમાં નહિ સમજી શકાય તેવા કારણને લીધે પ્રવેશ કર્યો ન હતો તે જૈનધર્મના લોકો પણ આ પર્વતને પવિત્ર માને છે. વળી એ ગિરનાર પર્વત પરમ અવધૂત ગુરુ દત્તાત્રેયના નિવાસથી પાવન થયલો છે એવું હિંદુઓનું પણ માનવું છે; અને લોકકથા પ્રમાણે હજી પણ

મહાન્ યોગીઓ અને સિદ્ધપુરુષો અધિકારી પુરુષોને એ પર્વતના પ્રદેશમાં દર્શન આપે છે.

આ તરુણુ બ્રહ્મચારીના જીવનને બીજો અગત્યને પ્રસંગ એ છે કે ગંગાકિનારે કાશીની પાસે એક સંન્યાસીના શિષ્ય બનીને પોતે યોગસાધના કરતા હતા તે વિષેનો છે. એ સંન્યાસી નદીકિનારે ભેખડની અંદર ઉંડી ગુફા ખોદીને રહેતા હતા. પાઉહારી બાબા ઉત્તરાવસ્થામાં ગાઝીપુર પાસે ગંગાને કિનારે ઉંડી ગુફા ખોદાવીને તેમાં બેસીને જે યોગસાધનાઓ કરતા હતા, તેની શરૂઆત અહીંથીંજ થયેલી હોવી જોઇએ. યોગીઓ હમેશાં ગુફામાં અથવા એવીજ કોઇ જગ્યાએ રહેવાની સલાહ આપતા આવ્યા છે, કારણુ કે ત્યાં ઘણી ગરમી હોતી નથી, તેમજ એકાગ્રતાનો ભંગ કરે એવા અવાજો પણુ કાને આવતા નથી.

વળી એજ અરસામાં તેઓ કાશી જઇને કોઇ સંન્યાસી પાસે અદ્વૈતવાદનો અભ્યાસ કરતા હતા એવું પણુ જાણ્યામાં છે.

એજ પ્રમાણે અનેક વર્ષો સુધી પર્યટન, અભ્યાસ અને સાધના કર્યા પછી તે તરુણુ બ્રહ્મચારી પોતાના મૂળ નિવાસસ્થાનમાં પાછા આવ્યા. જો તેના કાકા જીવતા હોત તો એક પ્રાચીન મહર્ષિએ પોતાના પુત્રના ચહેરામાં જે તેજનો ચમકાર જોયો તે તેજનું તેને પોતાના જુવાન ભત્રિજામાં દર્શન થાત; અને તે ઋષિની પેઠેજ બોલત કે, "વત્સ! આજે તારો ચહેરો બ્રહ્મતેજથી દેદીપ્યમાન થઇ રહ્યો છે;" પણુ હવે તો તેને આવકાર આપનાર તેના બાળપણુના સહાધ્યાયીઓજ રહ્યા હતા, કે જેઓમાંના ઘણા ખરા ક્ષુદ્ર વિચાર અને ક્ષુદ્ર સંસારબંધનમાં ફસાઇ પડ્યાજ હતા; તેમ છતાં તેઓ પણુ પોતાના એકવારના રમતના અને અભ્યાસના સોબતીનાં ચારિત્ર્ય તેમજ કાન્તિમાં વિસ્મયકારક અને ગૂઢ પરિવર્તન તેમજ દર્શનમાત્રથીજ જોનારને દીન બનાવી દે એવી શક્તિ જોઇ શક્યા. પણુ તેથી કરીને તેના જેવા થવાની તેમને કોઇને ઇચ્છા થઇ નહિ; તેમજ આ પરિવર્તનનું કારણુ શોધવાની પણુ તેમને જિજ્ઞાસા થઈ નહિ.

એ દરમ્યાન આ સંતનાં વિશેષ લક્ષણો હવે દિવસે દિવસે વધારે સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યાં. તેણે પોતાના કાશીનિવાસી ગુરુની પેઠે એક ગુફા ખોદાવી અને તેમાં કલાકોના કલાક સુધી રહેવા માંડ્યું. ત્યાર પછી આહારના સંબંધમાં તેણે એક ઉગ્ર તપશ્ચર્યા શરૂ કરી. આખો દિવસ તે પોતાના નાના આશ્રમમાં કામ કરતા, પોતાના ઇષ્ટદેવ રામચંદ્રની સેવા કરતા, સ્વાદિષ્ટ ભોજન બનાવતા; રાંધવામાં તે નિપુણુ હતા એમ કહેવાય છે. તમામ પ્રસાદ લોકોને વહેંચી આપતા, રાત પડતાં સુધી તેમની જૂદે જૂદે પ્રકારે સેવા કરતા અને જ્યારે બધા સૂઇ જતા ત્યારે છાનામાના બહાર નીકળી ગંગા તરીને સામે પાર ચાલ્યા જતા. ત્યાં આખી રાત યોગસાધના અને પ્રાર્થનામાં ગુજારતા, પરોઢીએ મુકામપર આવીને સૌને જગાડતા, અને એ પ્રમાણે જનસેવા કરવાનો

તેનો કાર્યક્રમ પાછો શરૂ થતો.

એ દરમિયાન તેમનો આહાર દિવસે દિવસે કમી થતો ગયો અને એમ કહેવાય છે કે, આખરે તે ફક્ત કડવા લીંબડાનાં થોડાંક પાન કે મરચાં ઉપરજ નિર્વાહ કરવા લાગ્યા. પછી દરરોજ રાત્રે સામા કિનારે જંગલમાં જવું છોડી દીધું, અને ગુફામાં વધારે વધારે રહેવા લાગ્યા. એમ કહેવાય છે કે તે ગુફાની અંદર દિવસના દિવસ અને મહિનાના મહિના બેસીને ધ્યાનમાં નિમગ્ન રહેતા. આટલી લાંબી મુદત સુધી તે શું ખાઇને રહેતા તે કોઈ કહી શકતું નથી; તેથીજ લોકોએ તેમને પવન આહારી એવું નામ આપ્યું, અને તેના ઉપરથી પાઉહારી એવું રૂપાંતર થયું.

તેમણે પોતાના જીવનમાં આ સ્થાન કદિ છોડયુંજ નથી. માત્ર એકવાર ગુફામાં એટલો બધો વખત પડી રહ્યા કે, તે અંદરના અંદર મરી ગયા હશે, એમ લોકોએ માની લીધું પણ ઘણા દિવસ પછી બાવાજી બહાર આવ્યા અને એક ભંડારો કરીને ઘણા સાધુઓને જમાડ્યા.

ધ્યાનસ્થ અવસ્થા સિવાય બાકીનો વખત તે પોતાની ગુફાની ઉપરની ઓરડીમાં રહેતા; અને ત્યાં પોતાને દર્શને આવેલા લોકોની સાથે વાતચીત કરતા. તેમની કીર્તિ ઘણી ફેલાવા લાગી અને ગાઝીપુરના અફીણ ખાતાના અમલદાર રાય ગગનચંદ બહાદૂર જે પોતાની સ્વાભાવિક ઉદારતા અને ધર્મપરાયણતાથી સર્વને પ્રિય થઈ પડયા છે, તેમની મારફતે મને આ મહાત્મા સાથે ઓળખાણ થયું.

હિંદુસ્તાનના એમના જેવા બીજા મહાત્માઓની પેઠે લોકોનું ધ્યાન ખેંચાય એવી જાતની બાહ્ય પ્રવૃત્તિ જોવામાં આવતી ન હતી. ભરતખંડમાં શબ્દોવડે નહિ પણ પોતાના જીવનવડેજ ઉપદેશ આપવાની પદ્ધતિ છે, અને તેનું આ મહાત્મા પણ ઉદાહરણ હતા. આવા મહાત્માઓ એમ માને છે કે જેઓ તૈયાર થઇને આવ્યા હોય છે, તેમનામાંજ સત્યજ્ઞાન પ્રવેશ કરીને શુભ ફળ આપનારૂં નિવડે છે. આવા વિચારના માણસો જાહેર ભાષણોદ્વારા લોકોને ઉપદેશ આપવાથી તદ્દન વિરૂદ્ધ હોય છે; કારણ કે તેઓની એવી દૃઢ માન્યતા હોય છે કે શબ્દો નહિ પણ સાધનજ (અંતરની પવિત્રતાજ) સત્યની પ્રાપ્તિ કરાવે છે. તેમના મત પ્રમાણે બાહ્યધર્મવડે ઉત્તમ સામાજિક જીવન ગાળવાનું બળ મળતું નથી, પણ ધર્મનો ખરો અર્થ "જીવનમાં અન્વેષણ કરવાનો દઢ આગ્રહ અને અંતે તેનો સાક્ષાત્કાર" એજ છે. તેઓ કહે છે કે અહીં આ જન્મમાંજ ધર્મના સત્યનો સાક્ષાત્કાર કરવો જોઇએ અને પરલોકમાં ઈશ્વરદર્શન થશે એમ માનીને મરણની રાહ ન જોવી જોઇએ.

એકવાર મેં આ મહાત્માને પૂછયું કે, "તમે જગતને મદદ કરવા ગુફાની બહાર કેમ નીકળતા નથી?" ત્યારે તેમણે પ્રથમ તો સ્વાભાવિક નમ્રતાથી અને પોતાના વિનોદપ્રિય સ્વભાવ પ્રમાણે નીચેનો ઉત્તર આપ્યો:—

એક માણસ ઘણો દુષ્ટ હતો. એક વાર તે અમુક ગુન્હો કરતાં પકડાયો અને તે ગુન્હાની શિક્ષા તરીકે તેનું નાક કાપી નાખવામાં આવ્યું. પોતાનો નાક વગરનો ચહેરો લોકોને બતાવતાં તેને શરમ આવવાથી અને તેને પોતાની જાતપર પણ કંટાળો આવવાથી તે જંગલમાં ચાલ્યો ગયો, અને જ્યારે જ્યારે તે પોતાની નજીકમાં લોકોને જતા આવતા જોતો ત્યારે ધ્યાનસ્થ દેખાવાનો ઢોંગ કરતો. આમ કરવાથી લોકો તેનાથી દૂર રહેવાને બદલે ટોળાબંધ આવવા લાગ્યા. આ અદ્‌ભુત મહાત્માને પુષ્કળ સન્માન મળવા લાગ્યું અને થોડા વખતમાં તે ઘણી સારી રીતે અને વગર મહેનતે ગુજરાન ચલાવવા લાગ્યો. એમ કરતાં કરતાં ઘણાં વર્ષ નીકળી ગયાં. આખરે આ શાંત ધ્યાનસ્થ મહાત્માને મોઢેથી ઉપદેશ સાંભળવાની લોકોની આતુરતા વધવા લાગી અને એક તરુણ પુરુષ તો તેની પાસેથી દીક્ષા લેવાને પણ અધીરો બન્યો. સંજોગો એવા ઉભા થયા કે આ કામમાં એક દિવસનો પણ વિલંબ કર્યાથી તેણે સાધુ તરીકે જે ખ્યાતિ મેળવી હતી તેને મોટો ધોકો પહોંચે એમ હતું; તેથી આખરે તેણે મૌનભાવનો ત્યાગ કર્યો અને તે ઉત્સાહી તરુણ પુરુષને કહ્યું કે આવતી કાલે સારો અસ્તરો લઇને આવજે. પોતાના મનની ઉમેદ પાર પાડવાનો વખત નજીક આવ્યો છે એમ જાણી તે બિચારો હરખભેર બીજે દહાડે અસ્તરો લઇને આવ્યો. પછી પેલા નાકકટ્ટા મહારાજ પોતાના શિષ્યને એકાંતમાં લઇ ગયા અને પેલા અસ્તરાવડે તેનું નાક કાપી નાખ્યું અને ગંભીર અવાજે કહ્યું, “વત્સ, મેં આ સંપ્રદાયની આજ રીતે દીક્ષા લીધી છે, અને તેજ પ્રમાણે તને પણ તે આપું છું. તને પણ જ્યારે તક મળે ત્યારે આજ પ્રમાણે બીજાઓને દીક્ષા આપતો રહેજે.” પેલા માણસથી શરમના માર્યા લોકોને ખરી વાત કહેવાઇ નહિ અને તેણે પોતાના ગુરુની આજ્ઞાનું યથાશક્તિ પાલન પણ કર્યું. એમ કરતાં કરતાં નાકકટ્ટા સાધુઓનો એક સંપ્રદાય ઉભો થયો. હું પણ એક એવો સંપ્રદાય સ્થાપું એવું તમે ઇચ્છો છો ?”

ત્યાર પછી એકવાર જ્યારે તે વિશેષ ગંભીર ભાવમાં હતા ત્યારે એજ સવાલ મેં તેમને ફરીથી પૂછ્યો હતો, તે વખતે તેમણે કહ્યું કે; “શું માત્ર શરીરવડેજ બીજાઓને સહાય આપી શકાય એમ તમે માનો છો ? શરીરનો ઉપયોગ કર્યા વગર પણ એક માણસ મનવડે બીજા લોકોના મન ઉપર કલ્યાણકારક અસર નીપજાવી શકતો નથી ?”

બીજે પ્રસંગે મેં તેમને પૂછ્યું કે, “તમે મોટા યોગી છો છતાં પણ શા માટે હોમ અને રઘુનાથજીની પ્રતિમાની સેવા કરો છો ? એવાં કર્મ તો માત્ર કનિષ્ઠ પ્રકારના સાધકને માટેજ છે.” ત્યારે તેમણે જવાબ આપ્યો કે, “દરેક જણ જે કંઈ કર્મ કરે છે તે પોતાનાજ લાભને માટે કરે છે એમ તમે શા માટે માની લો છો ? શું બીજાના લાભને માટે પણ કર્મ ન કરી શકાય ?”

એક વિશ્વાસપાત્ર માણસને મોઢેથી મેં સાંભળ્યું છે કે તેમને સાપ કરડયો હતો અને લોકોએ તેમને મરી ગયેલા ધારીને તેમના જીવ્યાની આશા છોડી દીધી હતી; પણ કેટલીક વારે તે શુદ્ધિમાં આવ્યા અને લોકોએ તેમને એ વિષે પૂછ્યું ત્યારે તેમણે એટલોજ જવાબ આપ્યો કે સાપ પરમાત્માનો દૂત હતો.

તેમની અત્યંત દીનતા, નમ્રતા અને પ્રેમમય પ્રકૃતિ જોતાં આ વાત માની શકાય એવી છે. દરેક પ્રકારની શારીરિક પીડાઓને તે ઇશ્વરના દૂતરૂપેજ માનતા અને પોતાના શરીરને અત્યંત કષ્ટ થતું હોય તોપણ કોઈ પણ જાતના મંદવાડને ઇશ્વરના દૂત સિવાય બીજું નામ દેતા નહિ.

તેમના શાંત પ્રેમ અને નમ્રતાની આસપાસના લોકો ઉપર ઘણી અસર થઇ હતી. એ પ્રદેશના ગામડામાં મુસાફરી કરનાર માણસને ત્યાંના લોકો ઉપર આ મહાત્માએ જે છૂપી અસર કરી છે તેની ખાત્રી થયા વગર રહેતી નથી.

છેલ્લાં કેટલાંક વરસથી તો તે કોઇને દર્શન પણ આપતા નહિ. ગુફામાંથી બહાર નીકળ્યા પછી પણ લોકોની સાથે આડું બંધ બારણું રાખીનેજ વાત કરતા. જ્યારે તેમના ઓરડામાંથી હોમનો ધૂમાડો નીકળતો અથવા પૂજાને માટે તૈયાર કરવામાં આવેલી વસ્તુઓનો ખખડાટ સંભળાતો ત્યારેજ બાવાજી ગુફાની બહાર આવ્યા છે એવું લોકોને જણાતું.

એમના આશ્રમમાં એકવાર એક ચોર ચોરી કરવા આવ્યો હતો, પણ આ મહાત્માને જોતાંજ તે એટલો બધો ભયભીત થઇ ગયો કે, પોતે ચોરેલા માલનું પોટલું એમને એમ પડતું રહેવા દઇને નાઠો; પણ બાવાજી એ પોટલું લઇને ચોરની પાછળ કેટલાક માઇલ સુધી લાગલાગટ દોડયા પછી તેને પકડી પાડયો. અને પોટલું ચોરના પગ આગળ મૂકીને હાથ જોડીને આંસુ ભરેલી આંખે ઘણાજ કાલાવાલા કર્યા કે, "ભાઇ, તું આ માલ લઈ જા, એ તારો છે; મારો નથી."

તેમનામાં એક ખાસ લક્ષણ એ હતું કે ગમે તેવું હલકામાં હલકું કામ માથે લીધું હોય તોપણ તે કામ કરવામાં પૂરેપૂરા તલ્લીન બની જતા. જેટલી કાળજી અને એકાગ્રતાથી રઘુનાથજીની પૂજા કરતા તેટલીજ કાળજી અને એકાગ્રતાથી પૂજાનાં વાસણો પણ માંજતા. તે પોતેજ એકવારે બોલી ગયા હતા કે, "સાધનને લક્ષ્ય માનીને તેના પ્રતિ પણ લક્ષ્યના જેટલોજ પ્રેમ અને કાળજી રાખવાં જોઇએ." આ સિદ્ધાંત જે તેમના દરેક કાર્યનો મૂળ મંત્ર છે, તેના તે પોતે ઉદાહરણરૂપ હતા.

એમની દીનતા અસામાન્ય પ્રકારની હતી. તેનામાં ગ્લાનિ કે શોકની છાયા પણ ન હતી. એકવાર એમણે પોતેજ મને એક શ્લોક સુંદર રીતે સમજાવ્યો હતો. તે શ્લોકના ભાવનો તેમણે સાક્ષાત્કાર કર્યો હોય તે પ્રમાણે તેમના હૃદયમાંથી દીનતા સ્વાભાવિકરીતે પ્રકટ થતી હતી. "હે રાજા! જેઓ કશાને પોતાનું માનતા નથી,

જેમણે પોતાપણાની તમામ ઇચ્છાઓને નિર્મૂળ કરી છે, અને આ આત્મા મારો છે એવા ભાવને પણ હૃદયમાંથી ઉખેડી નાખ્યો છે એવા સર્વસ્વ ત્યાગી પુરુષોનું ધન પરમાત્મા છે."

તેઓ કદિ અપરોક્ષરીતે કોઇને ઉપદેશ કરતા નહિ; કારણ કે તેમ કરવા જતાં પોતાને ગુરુભાવ ધારણ કરવો પડે અને સામા માણસ કરતાં પોતે વધારે ઉંચા દરજ્જાના છે એમ માનવું પડે. પણ જો તેમના આત્માના ઉંડાણમાં રહેલા જ્ઞાનના ભંડારની ચાંપ જરાક દબાવવામાં આવતી તો તેમાંથી અનંત જ્ઞાનનો ખજાનો નીકળી પડતો. પણ તે છતાં તેમના ઉત્તર હમેશાં અપરોક્ષરૂપેજ કહેવાતા.

તેઓ શરીરે ઉંચા અને હૃષ્ટપુષ્ટ હતા. તેમની એક આંખ ગયેલી હતી અને વૃદ્ધ થયા હતા તોપણ ઉંમરના પ્રમાણમાં એટલા બધા વૃદ્ધ દેખાતા ન હતા. એમના જેવો મધુર અવાજ મેં કદિ સાંભળ્યો નથી. તેમના જીવનના શેષ ભાગનાં છેલ્લાં દશ કે તેથી પણ વધારે વર્ષ દરમ્યાન તેઓ લોકોને દર્શન આપતા નહિ. તેમના ઓરડાના બારણા આગળ થોડાંક બટાટાં અને ઘી મૂકી રાખવામાં આવતાં અને સમાધિમાંથી ઉઠયા પછી જ્યારે તે પોતાના ઉપલા ઓરડામાં આવતા, ત્યારે કોઈ કોઇ વાર રાત્રે પેલી વસ્તુઓ લેતા. જેટલો વખત ગુફામાં રહેતા તે દરમ્યાન તેમને આહારની કશી જરૂર જણાતી નહિ.

આ પ્રમાણે યોગવિદ્યાનો અભ્યાસ કરવામાં તેમનું શાંત, મધુર તથા પવિત્રતા, દીનતા અને પ્રેમના જીવંત આદર્શરૂપ જીવન પસાર થઇ ગયું.

તેમની ઓરડીમાંથી હોમાગ્નિનો ધૂમાડો બહાર આવતો તે ઉપરથી તે પોતાની ગુફામાંથી બહાર આવ્યા છે એવું લોકોને માલુમ પડતું એ વાત આગળ કહેવાઈ ગઇ છે. એક દિવસ તે ધૂમાડામાંથી માંસ બળતું હોય તેવી લોકોને વાસ આવી. તેનું કારણ તેમનાથી સમજાયું નહિ. જ્યારે એ વાસ વધવા લાગી અને ધૂમાડાના પણ ગોટેગોટ ઓરડામાંથી નીકળવા લાગ્યા ત્યારે તેમણે ઓરડાનાં બારણાં તોડી નાખ્યાં અને જોયું તો યોગીરાજે હોમાગ્નિમાં પોતાની છેલ્લી આહુતિ તરીકે પોતાના દેહનુંજ બલિદાન આપ્યું હતું. બસ થોડાજ વખતમાં તેમનું શરીર ભસ્મીભૂત થઈ ગયું.

"મૂર્ખ લોકોને મહાપુરુષોનાં કાર્યો અદ્‌ભુત લાગે છે અને સામાન્ય મનુષ્યોથી તેમનાં કાર્યોનો હેતુ સમજાતો નથી તેથી એવા મૂર્ખ લોકો મહાપુરુષોને નિંદે છે" એ કવિ કાલિદાસના શબ્દોનું આ પ્રસંગે સ્મરણ થાય છે.

પણ હું એમને જેટલે દરજ્જે ઓળખતો હતો તે ઉપરથી એવું અનુમાન કરવાનું સાહસ કરૂં છું, કે એમને પોતાનો અંતકાળ નજીક આવેલો જણાયો હશે અને મરણ પછી પણ લોકોને શ્રમ આપવાનું તેમને ઠીક ન લાગ્યાથી તેમણે પૂર્ણ શુદ્ધિમાં આર્ય લોકોને કરવાનો છેલ્લો યજ્ઞ પણ સ્વહસ્તેજ કર્યો.

એ સદ્ગત મહાત્માએ મને ઘણોજ ઉપકૃત કર્યો છે અને તેમના જીવનનું આ ટુંકું વૃત્તાંત જો કે નિર્માલ્ય છે તોપણ જે મહાત્માની મેં એકવાર ભક્તિ અને પ્રેમપૂર્વક સેવા કરી હતી તેમનેજ અર્પણ કરૂં છું.

ખેતરીના મહારાજાના માનપત્રનો જવાબ

(મહારાજાએ ટપાલરસ્તે પ્રથમ જે માનપત્ર અમેરીકામાં સ્વામીજીપર મોકલેલું તેનો સ્વામીજીએ નીચે પ્રમાણે જવાબ ત્યાંથી લખી મોકલ્યો હતો.)

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

આવાં પરિવર્તન તેમના ચોક્કસ તાલસ્વર સાથે વારંવાર જગતમાં થયાજ કરે છે, તેની અસર તેના પ્રદેશમાં આવી જતા એક એક અણુ ઉપર થોડી ઘણી તો થાય છેજ; પણ જે અણુઓમાં તે અસર ગ્રહણ કરવાનું ખાસ વલણ હોય છે તેમના ઉપર તો એવા પરિવર્તનની અસર સ્પષ્ટ રીતે જણાઇ આવે છે.

સમગ્ર વિશ્વને અવલોકતાં જણાય છે કે જગતનો અવિર્ભાવ થવા પહેલાં જગત્‌ની મૂળ શક્તિઓનું સમતોલપણું હતું. આ તો સમતોલપણાનો ભંગ થતાંજ તેને પુનઃ સામ્યાવસ્થામાં લઇ જવાને એક પછી એક એમ અનેક ગતિઓ ઉત્પન્ન થવા લાગે છે; અને પરિણામે આપણે જેને દૃશ્ય જગત્ કહીએ છીએ તેનો આવિર્ભાવ થાય છે. આવી સ્થિતિ જ્યાંસુધી એ સામ્યાવસ્થામાં આવે ત્યાંસુધી કાયમ રહે છે. તેવીજ રીતે આપણી પૃથ્વીના મર્યાદિત પ્રદેશમાં પણ ભિન્ન ભિન્ન સ્વરૂપોની ઉત્પત્તિ અને તેમાંથી ઉત્પન્ન થતું અનિવાર્ય પરિણામ જોવામાં આવે છે. આમ હોવાથી અનેકતામાંથી એકતામાં જવાની પ્રવૃત્તિ જ્યાંસુધી મનુષ્ય મનુષ્યની કોટિમાં રહેશે અને એમાં વર્ગભેદ, જાતિભેદ અને વ્યક્તિભેદ જોવામાં આવશે ત્યાંસુધી કાયમજ રહેશે.

આ જગત્‌માં શક્તિની વહેંચણી નિષ્પક્ષપાતપણે અને જૂદી જૂદી પ્રજાઓનું સમતોલપણું સચવાય એવી દીર્ઘદૃષ્ટિથી કરવામાં આવી છે; તેથી કરીને દરેક પ્રજા જાણે અમુક પ્રકારની શક્તિઓને ઉત્પન્ન કરીને તેનો ફેલાવો કરવાનું કામ કરનાર આશ્ચર્યકારક યંત્ર જેવી બની ગઇ છે. દરેક પ્રજાની બીજી અનેક પ્રકારની સંપત્તિમાંથી આ ચોક્કસ શક્તિ એવી જૂદી પડી જાય છે, કે તે ઉપરથી અમુક પ્રજા અમુકજ પ્રકારની શક્તિ ધરાવે છે એવું લક્ષણ થઈ ગયું છે. મનુષ્યસ્વભાવનું અમુક લક્ષણ જ્યારે ઘણાજ બળથી આવિર્ભાવ પામે છે ત્યારે જો કે તેની થોડી ઘણી અસર તો બધાને થાય છે, તોપણ જે પ્રજામાં તે લક્ષણ ઉતરેલું હોય તેને

તો હલમલાવીજ નાખે છે. તે પ્રજા એ આંદોલનનું કેન્દ્રસ્થાન બને છે અને સાધારણ રીતે ત્યાંથીજ તે ગતિમાન થાય છે. તેથીજ કરીને જ્યારે જ્યારે ધાર્મિક બળનો આવિર્ભાવ થાય છે ત્યારે ત્યારે હિંદુસ્તાન ઉપર તેની બળવાન અસર થાય છે; કારણ કે હિંદુસ્તાન વારંવાર મહાન્ ધાર્મિક પરિવર્તનોનું કેન્દ્રસ્થાન બન્યું છે અને ધર્મની એ શાશ્વત લીલાભૂમિ છે.

જેના વડે પોતાના આદર્શની સિદ્ધિ થાય તેનેજ દરેક માણસ સત્ય માને છે. જેટલી વસ્તુઓના પૈસા ઉપજાવી શકાય તેટલીજ વસ્તુઓને પૈસાનો મોહ રાખનારા જીવો સાચી માને છે, અને જેના પૈસા ન ઉપજે તેને મિથ્યા માને છે. જેના વડે પોતાના જાતિભાઇઓ ઉપર અધિકાર ભોગવવાની મહેચ્છા તૃપ્ત થાય તેનેજ સત્તાલોભી માણસો સત્ય ગણે છે અને બીજું બધું તેમને મનથી મિથ્યા છે. સારાંશ કે, જે જે પદાર્થોવડે પોતાના જીવનની મહેચ્છા તૃપ્ત થાય એવું ન હોય તે પદાર્થોને માણસો અસ્તિત્વ વગરનાજ માને છે.

પોતાની તમામ શક્તિઓ દ્રવ્ય, કીર્તિ અથવા બીજા કોઇ સ્થૂળ ઉપભોગની પ્રાપ્તિમાંજ ખર્ચવી એવો જેમનો ઉદ્દેશ છે; જેઓ શસ્ત્રબદ્ધ યોદ્ધાઓના આક્રમણનેજ પ્રજાકીય બળનું ચિહ્ન માને છે અને ઇન્દ્રિયજન્ય સુખમાંજ જીવનનાં તમામ સુખ સમાયલાં સમજે છે; તેમને હિંદુસ્તાન એક વિશાળ, ઉજ્જડ, ચેતનહીન રણ જેવું જણાય અને એ દેશની પ્રત્યેક પ્રગતિ જીવનસંહારકજ લાગે; કેમકે તેમના જીવનનો અર્થજ ઉપર કહ્યો તેવો છે. પણ ઇંદ્રિયાતીત પ્રદેશમાંથી વહેતા અમૃતના ઝરણનું પાન કર્યાથી જેમના જીવનની તૃષા પરિતૃપ્ત થઇ છે; જેમણે કનક, કામિની અને કીર્તિનાં ત્રેવડાં બંધનોને સાપની કાંચળીની પેઠે કાઢીને ફેંકી દીધાં છે; જેઓ પોતાના આત્મામાંજ અત્યંત શાંતિ અનુભવે છે; વિષયવાસનામાં જકડાયલા જીવો જેને "ઉપભોગ" કહે છે તે ઉપભોગને જેઓ મેલાં ચીંથરાં જેવા સમજીને પામર જીવોના કલહ અને ઈર્ષ્યાઓ તરફ જે ઉન્નત આત્માઓ પ્રેમ અને કરુણાની દૃષ્ટિથી જુએ છે; પુર્વજન્મના પુણ્યના પરિપાકને લીધે જેમની દૃષ્ટિમાંથી અજ્ઞાનનાં પડળ ઉતરી ગયાં છે અને જેઓ નામરૂપની ભૂલભૂલામણીથી ન ભૂલતાં સત્ય વસ્તુનું દર્શન કરી શકે છે; એવા આત્માઓ જ્યાં જ્યાં હશે ત્યાં તેમને માટે જગતની માતામહી અને આધ્યાત્મિકતાના ભંડારરૂપ આર્યભૂમિ આ વિકારી જગતમાં સનાતન તત્ત્વના જિજ્ઞાસુઓને આશાનું કિરણ આપતી જણાશે.

મનુષ્યજાતિનો મોટો ભાગ એવો છે કે તેમની દૃષ્ટિને બંધ બેસતા આવે એવા સ્થૂળ સ્વરૂપમાં જો પ્રજાકીય શક્તિનો આવિર્ભાવ જુએ, તોજ તેઓ તેનું રહસ્ય સમજી શકે. તેમને મન તો યુદ્ધનો કોલાહલ અને તેથી કરીને લોકોમાં વ્યાપી

રહેતું ચેતન, લશ્કરી બળ અને વિજયને પરિણામે મેળવેલી લૂંટ એજ વાસ્તવિક છે; અને મનુષ્યજીવનની બીજી કેટલીક વિભૂતિઓ જે વાવાઝોડાના તોફાનની માફક જ્યાં ત્યાં નાશ અને ઉપદ્રવ મચાવતી ઘૂમી ન રહે તેને તેઓ ચેતનહીનતાજ સમજે છે. એવા લોકોને મન બિચારો હિંદુસ્તાન—આજે સૈકાંને સૈકાં થયાં પરદેશીઓના પગ તળે દબાયો છે, સ્વતંત્ર થવા માટે સામે થવાની જેને આશા પણ નથી, તેમ ખ્યાલ પણ નથી, જેની પ્રજામાં લેશમાત્ર પણ સુદૃઢ વ્યવસ્થા નથી, જેને દેશભક્તિનો ખ્યાલ સરખો પણ નથી. × એવો હિંદુસ્તાન તેમને સડી ગએલાં, ગંધાતા નિર્જીવ હાડકાંનો ઢગલો જણાય એમાં શી નવાઇ? એમ કહેવાય છે કે જેઓ જીવવાને યોગ્ય હશે તેઓજ માત્ર આ જગતમાં ટકી શકશે. જો એમજ છે, તો સાધારણ લોકોના અભિપ્રાય પ્રમાણે જે પ્રજા જીવવા માટે સૌથી નાલાયક છે, તે આખી દુનિયામાં કોઇ પણ પ્રજાને માથે પડી નથી એવી વિપત્તિ અને જુલમો વેઠવાને અને તે સઘળું છતાં પોતાની હયાતિ ચાલુ રાખવાને શક્તિવાન્ થઈ હશે.

ભરતખંડની પ્રજાનું જાતીય બળ તેના ધર્મમાં રહેલું છે અને જ્યાંસુધી હિંદુ પ્રજા તેમના પૂર્વજોએ વારસામાં આપેલી ધાર્મિક ભાવનાનું વિસ્મરણ નહિ કરે ત્યાં સુધી જગતમાં એક પણ શક્તિ એવી નથી કે એ પ્રજાનો નાશ કરી શકે.

હમણાં આપણા દેશમાં એવો પવન વાયો છે કે જેઓ દેશના ભૂતકાળ તરફ વારંવાર દૃષ્ટિ કરે છે તેઓ નિંદાને પાત્ર થાય છે. એમ કહેવાય છે કે વારંવાર ભૂતકાળનું સ્મરણ કર્યાથીજ હિંદુસ્તાનની અધોગતિ થઇ છે. મને તો આ અભિપ્રાય સત્યથી પૂરેપૂરો વિરુદ્ધ લાગે છે. હિંદુસ્તાનની પ્રજાને જ્યાંસુધી તેમના ભૂતકાળનું વિસ્મરણ થયું હતું ત્યાંસુધીજ તે ચેતનહીન અવસ્થામાં પડી રહી હતી. પણ ફરીથી જ્યારે તેમની દૃષ્ટિ ભૂતકાળપર પડી કે તરતજ આખા દેશમાં જ્યાં ત્યાં નવીન ચેતના સ્ફૂરવા લાગી. ભૂતકાળમાંથીજ ભવિષ્યનું બંધારણ થાય છે અને તે જોતાં ભૂતકાળ ફરીથી ભવિષ્યકાળરૂપે જન્મ લે છે.

એટલા માટે હિંદુપ્રજા તેમના ભૂતકાળનું જેમ જેમ વધારે અવલોકન કરતી જશે તેમ તેમ તેનું ભવિષ્ય વધારે ઉજ્વલ બનતું જશે, અને પ્રજાની પ્રત્યેક વ્યક્તિને જે માણસ વધારે ભૂતકાળનું દર્શન કરાવશે તેણે દેશ ઉપર મહાન્ ઉપકાર કર્યો છે એમ હું માનીશ. ભરતખંડની હાલ અધોગતિ થઈ ગઈ છે તેનું કારણ તેના પ્રાચીન રીતરિવાજો હાનિકારક હતા એમ નથી, પણ ખરૂં કારણ એ છે કે એ રિવાજોનું યથાર્થ પાલન થઈ શક્યું નથી.

× છેલ્લાં દશવીશ વર્ષમાં અહિની પ્રજામાં જે આંદોલન વધતાં જાય છે તેની અગાઉના સમય અને સ્થિતિમાં આ લેખ લખાયલો છે એ વાત અહિં સ્મરણમાં રાખવાની છે. મંત્રી સ. સા.

હિંદુસ્તાનમાં સામાજિક બંધારણોનું સારી રીતે અવલોકન કરનાર દરેક જણ જાણે છે કે તેમાં વખતો વખત મહાન્ ફેરફાર થતા આવ્યા છે.

એ સામાજિક નિયમોની ઉત્પત્તિને સમયે તેના ઉત્પાદકોના મગજમાં એક મહાન્ યોજનાનું ચિત્ર રમી રહેલું હતું, અને સમય જતાં તેનો ધીમે ધીમે વિકાસ થાય એવી તેમની ઇચ્છા હતી. હિંદુસ્તાનના પ્રાચીન મહર્ષિઓ તેમના યુગની દૃષ્ટિમર્યાદાથી એટલા બધા આગળ વધીને જોતા હતા, કે તેમના વ્યાવહારિક જ્ઞાનનો પ્રજાવર્ગ સ્વીકાર કરે તે પહેલાં અનેક જમાના વીતવાની જરૂર હતી. તેમના વંશજો પોતાના પૂર્વજોએ ઘડેલી ભવ્ય અને વિશાળ યોજનાનું સ્વરૂપ પૂરેપૂરૂં સમજી ન શકયા તે પણ ભરતખંડની અધોગતિનું એક કારણ છે.

હિંદુસમાજમાં ઘણા પ્રાચીન કાળથી બે જાતિઓ—બ્રાહ્મણો અને ક્ષત્રિઓ ઘણી બળવાન્ બનેલી છે; તેમનું સર્વોપરિપણામાટે લાંબા સમયસુધી ચાલ્યું આવેલું યુદ્ધ પ્રાચીન ઇતિહાસ જોતાં સર્વનું ધ્યાન ખેંચે છે.

એક બાજુએ પ્રજાવર્ગ ઉપર અનિયંત્રિત સત્તા ભોગવવાને અને પ્રજાને પોતાની કાયદેસર તાબેદાર માનવાને તત્પર થયલી ક્ષત્રિય જાતિની સામે બ્રાહ્મણ વર્ગ લડવા તત્પર થયો; ત્યારે બીજી બાજુએ પુરોહિત વર્ગના ધાર્મિક જુલમો સામે અને લોકોને કાયમને માટે પોતાની સત્તાવડે બાંધી લેવાને બ્રાહ્મણોએ રચેલાં અસંખ્ય પ્રકારના કર્મકાંડો અને વિધિઓને અંકુશમાં રાખવાને ક્ષત્રિયવર્ગ પોતાના તમામ બળથી મંથન કરી રહ્યો હતો.

આપણી પ્રજાના ઇતિહાસના શરૂઆતના યુગમાં આ દ્વંદ્વ યુદ્ધ ચાલવા લાગ્યું, અને તેમની અસર શ્રુતિમાં પણ સ્પષ્ટરીતે જોઇ શકાય છે. વચમાં જ્યારે શ્રીકૃષ્ણે જ્ઞાન અને ક્ષાત્રબળની આગેવાની લીધી ત્યારે થોડા વખત સુધી શાંતિનો યુગ પ્રવર્ત્યો. એ યુગનું મહાન ફળ તત્ત્વજ્ઞાન, સ્વતંત્રતા અને ધર્મનાં પરમ રહસ્યરૂપ ભગવદ્ગીતા છે. છતાં કલહનું મૂળ કારણ અને તેનું પરિણામ પણ શરૂ રહ્યું, કેમકે અજ્ઞાન અને નીચલા વર્ગ ઉપર આધિપત્ય ભોગવવાનો બ્રાહ્મણોનો અને ક્ષત્રિયોનો લોભ નિર્મૂળ થયો ન હતો અને તેથી જૂના કલહે ફરીથી ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. તે વખતના ઇતિહાસનું જે જૂજ સાહિત્ય હાલ ઉપલબ્ધ છે અને તેની અંદર એ સમયના મહાન્ યુદ્ધના અસ્પષ્ટ પડઘા આપણને સંભળાય છે. આખરે ક્ષાત્રવર્ગના જ્ઞાનબળનો અને વ્યક્તિસ્વાતંત્ર્યનો વિજય થયો; કર્મકાંડને હમેશને માટે સખ્ત ફટકો વાગ્યો અને તેનું સર્વોપરિપણું ગયું તે ગયુંજ.

આ જાગૃતિને ઇતિહાસમાં "બૌદ્ધધર્મનો ઉદય" એવું નામ આપેલું છે. ધર્મના પ્રદેશમાં તેણે લોકવર્ગને કર્મકાંડના બંધનોમાંથી મુક્ત કર્યો અને રાજનૈતિક પ્રદેશમાંથી ક્ષત્રિઓએ બ્રાહ્મણોની સત્તાને તોડી નાખી.

'પ્રાચીન હિંદુસ્તાનના સૌથી મોટા બે મહાનપુરુષો—બુદ્ધ અને કૃષ્ણ ક્ષત્રિઓ હતા એ ખાસ ધ્યાનમાં લેવા જેવું છે; અને વિશેષ ખુબીની વાત એ છે કે, ઈશ્વરના અવતારરૂપ આ બેઉ પુરુષોએ જાતિ કે લિંગનો વિચાર કર્યા વગર દરેકને માટે જ્ઞાનના દરવાજા ઉઘાડા મૂકયા.

બૌદ્ધધર્મમાં અજાયબ જેવું નૈતિકબળ હતું; છતાં પણ આગળ જતાં તેનામાં ખંડન કરવાનું વલણ વધારે પડતું થઈ પડયું હતું, અને તે કાર્યમાં તેનું ઘણું બળ ખર્ચાઇ જવાથી અંતે તેની જન્મભૂમિમાં તો તેનો સમૂળો નાશ થઈ ગયો. એ પછી તે ધર્મના જે રડયા ખડયા અવશેષ રહ્યા હતા તે એવા કર્મકાંડો અને કુસંસ્કારોથી ભરપૂર હતા કે, જે ખામીઓનું બાૈદ્ધધર્મે ખંડન કર્યું હતું, તેના કરતાં પણ એ અવશેષો સેંકડોગણી ખામીવાળા થઇ ગયા. વેદના કાળથી પ્રચલિત થયેલા પશુયજ્ઞનું ખંડન કરવામાં બાૈદ્ધધર્મને કેટલેક દરજ્જે વિજય મળ્યો હતો, પણ લાંબા વખત પછી તેનો ખરો જુસ્સો ઉડી જતાં એજ ધર્મ આખા દેશનાં મંદિરો, મૂર્તિઓ અને સાધુઓનાં અસ્થિ રાખવામાટે બંધાયલા સ્તૂપોથી ભરી દીધો. વળી એ ધર્મમાં વર્ણભેદ મુદ્દલ નહિ હોવાથી આર્ય પ્રજા, મોંગોલ પ્રજા અને અનાર્ય પ્રજાનો એવો શંભુમેળો થઇ ગયો કે, તેનાથી જાણ્યે અજાણ્યે દેશમાં ભયંકર અને બીભત્સ વામાચારની ક્રિયાઓ દાખલ થઇ ગઇ; અને ખાસ કરીને આજ કારણને લીધે બુદ્ધ ભગવાન્ જેવા મહાન્ ઉપદેશકે પ્રેરેલા ધર્મના એ નિર્જીવ અવશેષને ઉડાવી દેવાની શંકરાચાર્યને અને તેના સંન્યાસીઓને જરૂર પડી.

આ પ્રમાણે બુદ્ધ ભગવાને વહેવરાવેલો જીવનપ્રવાહ કાળે કરીને સડી ગએલા ગંધાતા ખાબોચીયા જેવો બની ગયો, અને શંકરાચાર્યનો જન્મ થતાં સુધી કેટલાક સૈકાંલગી હિંદુસ્તાનને એ દુરાચારમાંથી મુક્ત કરનારની રાહ જોવી પડી હતી. અને પરિણામે શકરાચાર્યે અને તેમના પછી થોડા થોડા વખતને આંતરે જન્મેલા રામાનુજ અને મધ્વાચાર્યે એ સડાને દેશમાંથી પૂરેપૂરો કહાડી નાખ્યો; એટલે કે હિંદુસ્તાનના ઇતિહાસનું એક નવું પ્રકરણ શરૂ થયું. પ્રાચીન સમયના ક્ષત્રિયો અને બ્રાહ્મણો હવે કાર્યક્ષેત્રમાંથી વિદાય પામ્યા હતા. હિમાલય અને વિંધ્યની વચ્ચેનો પ્રદેશ, આર્ય પ્રજાનું નિવાસસ્થાન, બુદ્ધ અને કૃષ્ણની જન્મભૂમિ, રાજર્ષિઓ અને બ્રહ્મર્ષિઓની જનેતા હવે શાંત નિશ્ચેષ્ટ બની ગઈ, અને દેશને છેક બીજે છેડેથી જૂદીજ ભાષા બોલતી અને રૂપે રંગે પણ જૂદી છતાં પ્રાચીન બ્રાહ્મણોના વંશજ હોવાનો દાવો કરતી દક્ષિણની પ્રજાએ સડી ગયેલા બૌદ્ધ ધર્મનું ખંડન કરનાર ધર્મવીરો ઉત્પન્ન કર્યા.

ત્યારે આર્યાવર્તના + બ્રાહ્મણો અને ક્ષત્રિયોનું શું થયું ? તેઓમાંના ઘણા ખરા તો અદૃશ્ય થઈ ગયા હતા અને ક્ષત્રિય અને બ્રાહ્મણોના વંશજો હોવાનો

+ વિંધ્યનો ઉત્તરનો પ્રદેશ.

દાવો કરનાર રડી ખડી વર્ણસંકર જાતિ રહી હતી તે એ લોકોના "**एतद्देश प्रसूतस्य सकाशादग्रजन्मनः।** એટલે આ દેશમાં જન્મેલા બ્રાહ્મણોની પાસે જગત્‌ના બધા લોકોએ ઉપદેશ ગ્રહણ કરવો જોઇએ." એવા ગર્વિષ્ટ અને આપવડાઈ ભરેલા દાવા છતાં પણ તેમને અત્યંત દીનતાપૂર્વક દક્ષિણના આચાર્યોના શિષ્યો બનવું પડયું. એનું પરિણામ એ આવ્યું કે દેશમાં વેદની પુનઃ સંસ્થાપના થઇ; દેશના ઇતિહાસમાં અપૂર્વ મનાય એવી વેદાંતની ભરતી ચારે દિશાએ ફરી વળી; અને ગૃહસ્થો પણ આરણ્યકોનો અભ્યાસ કરવા લાગ્યા.

બૌદ્ધ જાગૃતિમાં ક્ષત્રિઓ ખરેખરા આગેવાન બન્યા હતા અને તેઓમાંના લાખો માણસોએ બૌદ્ધ ધર્મનો અંગીકાર કર્યો હતો. સુધારણા કરવાના તથા પરધર્મીઓને પોતાના ધર્મમાં વાળવાના અત્યંત ઉત્સાહને લીધે લોકોમાં બોલાતી ભાષાઓનીજ સંસ્કૃત ભાષાના ભોગે પુષ્કળ ખીલવણી થઇ, અને તેથી કરીને ક્ષત્રિય વર્ગનો મોટો ભાગ વૈદિક સાહિત્યમાંથી અને સંસ્કૃત ભાષાના જ્ઞાનથી વિમુખ થઇ ગયો. આમ થવાથી દક્ષિણ હિંદુસ્તાનમાંથી જે સુધારણની ભરતી વહેવા લાગી, એ ભરતીનો લાભ એકલા પુરોહિતવર્ગને અમુક અંશે મળ્યો, પણ સંસ્કૃત નહિ જાણનાર પ્રજાના મોટા ભાગને તેની અસર પહોંચી નહિ. પરિણામ એ થયું કે હિંદુસ્તાનના કરોડો માણસો પહેલાના કરતાં પણ વધારે સખ્ત બંધનોથી જડકાઇ ગયા.

પરાપૂર્વથી ક્ષત્રિયવર્ગથી હિંદુ પ્રજાનો મેરુદંડ બનતો આવ્યો છે, અને વિજ્ઞાન અને સ્વાતંત્ર્યના સમર્થ આધારરૂપ નીવડયો છે. દેશમાંથી કુસંસ્કારને કહાડી નાખવાને એણે વારંવાર સખ્ત પોકાર ઉઠાવ્યા છે; હિંદુસ્તાનના ઇતિહાસના તમામ યુગમાં પુરોહિતવર્ગની એકહથ્થુ સત્તાની સામે લોકવર્ગનું રક્ષણ કરવાને એ જાતિ અભેદ્ય કિલ્લારૂપ બનતી આવી છે.

પણ જ્યારે એજ ક્ષત્રિયવર્ગનો મોટો ભાગ અજ્ઞાનમાં ગોથાં ખાવા લાગ્યો અને તેમનો કેટલોક ભાગ મધ્ય એશીયાની અનાર્ય જાતિ સાથે લગ્નસંબંધ જોડીને વર્ણસંકર બની ગયો, અને તે ઉપરાંત તેમણે હિંદુસ્તાનમાં પુરોહિતવર્ગની સત્તાને દઢ કરવાને શસ્ત્રોનું બળ પણ વાપરવા માંડયું ત્યારે હિંદુ પ્રજાના દુઃખનો ઘડો ભરાઇ ગયો. તે દિવસથી ભરતખંડની અવનતિ ઝપાટાબંધ થવા લાગી.

હવે જ્યાંસુધી એ ક્ષત્રિયવર્ગ ફરીથી જાગૃત બનીને પોતાની તેમજ બીજાઓની બેડીઓ તોડી નહિ નાખે ત્યાંસુધી ભરતખંડની પ્રજા ઉન્નતિને માર્ગે ચઢી શકનાર નથી. હિંદુસ્તાનનું સત્યાનાશ કાઢનાર પુરોહિતવર્ગ પણ અધોગતિએજ પહોંચ્યો છે. પોતાના જાતિભાઇઓની અવનતિ કરવા જનાર પોતે પણ અવનતિના ખાડામાં પડયા વિના રહેતોજ નથી.

રાજાજી, સારી પેઠે યાદ રાખજો કે તમારા પૂર્વજોએ મોટામાં મોટું સત્ય એ શોધી

કહાડયું છે કે આખું જગત્ એક અંગરૂપ છે. એથી કરીને બીજાને નુકશાન કરનાર પોતે પણ નુકશાનમાં ઉતર્યા વગર રહેતોજ નથી. બ્રાહ્મણો અને ક્ષત્રિઓએ કરેલા અન્યાય અને અત્યાચારનો બદલો તેમને ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે મળ્યો છે, અને એક હજાર વર્ષ થયાં ચાલી આવતી ગુલામગિરી અને અધોગતિ એ સંચિત થએલાં પાપનો, કર્મના અચળ કાયદાને લીધે થએલો દંડ છે.

તમારા એક પૂર્વજ જે ઇશ્વરના અવતારરૂપ મનાય છે તેમણે કહ્યું છે કે:— “ જેનું ચિત્ત આખા જગત્‌ની એકતાનું ધ્યાન કરવામાં તલ્લીન રહે છે, તે જીવતો છતાં પણ મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે.” આપણે બધા આ સિદ્ધાંતને માનીએ છીએ. શું એ શબ્દો મિથ્યા અને અર્થ વગરના છે ? આપણે તેમને મિથ્યા માનતા નથી અને મિથ્યા છે પણ નહિ. તેથી કરીને જાતિ અને ચિન્હની સાથે ગુણનો પણ વિચાર કર્યા વગરજ આખી સૃષ્ટિની અખંડ, નિર્વિશેષ એકતાની સામે જે કંઈ પ્રયત્ન કરવામાં આવે તે ભયંકર ભૂલ છે; અને એ એકતાની ભાવનાનો જ્યાંસુધી ફરીથી સ્વીકાર નહિ થાય ત્યાંસુધી ઉદ્ધાર થનાર નથી.

હે મહાનુભાવ નરેશ, તમે વેદાંતના શિક્ષણનું અનુસરણ કરજો. તેને તમારા જીવનમાં ઉતારજો. અમુક ભાષ્યકારોએ કરેલા એકપક્ષી અર્થ પ્રમાણે નહિ પણ તમારા અંતઃકરણમાં રહેલો અંતર્યામી તમને જે અર્થ પ્રેરે તેનોજ સ્વીકાર કરજો. તે ઉપરાંત સર્વ પદાર્થોમાં, પ્રાણીમાત્રમાં એકતા અનુભવવાના અને ભૂતમાત્રમાં એક ઇશ્વરનું દર્શન કરવાના મહાનિયમનું અનુસરણ કરજો.

મુક્તિનો આજ માર્ગ છે. ભેદમાત્ર બંધનકારક છે. દેશની તમામ વ્યક્તિની એકતા અને સમાનતા સ્વીકાર્યા વગર કોઇ પણ મનુષ્ય અથવા પ્રજાને સામાજિક કે રાજનૈતિક સ્વાતંત્ર્ય મળતું નથી; તેમજ માનસિક અને આધ્યાત્મિક સમાનતા સ્વીકાર્યા વગર આધ્યાત્મિક પ્રદેશમાં મુક્તિ પ્રાપ્ત થઇ શકતી નથી.

મનુષ્યપ્રજાની અધોગતિનાં ત્રણ મુખ્ય કારણો ગણાવીએ તો અજ્ઞાન, અસમાનતા અને લોભ છે; અને એ ત્રણે એક બીજાની સાથે એવાં સંકળાયલાં છે કે એક બીજાની પાછળ ચાલ્યાંજ આવે છે.

ઘણા માણસો કદાચ એવી દલીલ લાવશે કે આ નિયમ તો સંન્યાસીઓને માટે છે પણ અમે તો ગૃહસ્થો છીએ. અલબત્ત, ગૃહસ્થાશ્રમીઓને બીજા ઘણા પ્રકારનાં કર્તવ્યો કરવાનાં હોવાથી તેઓ પૂર્ણ અંશે એકતા અનુભવી ન શકે, તો પણ તેમણે પોતાની દૃષ્ટિ આગળ એવો આદર્શ તો રાખવોજ જોઇએ; કારણ કે સમાજમાત્રનો, આખી મનુષ્યજાતિનો, પ્રાણીમાત્રનો અને સમસ્ત જગત્‌નો આ સામાન્ય આદર્શ છે. કમનશીબની વાત એ છે કે જાણે ભેદભાવનાદ્વારાજ એકતાની સિદ્ધિ થતી હોય, અથવા અન્યાયના આચરણથીજ ન્યાયનું પાલન થતું હોય

અથવા એવો ભ્રાન્તિ ભરેલો વિચાર લોકોના મન ઉપર ઠસી ગયો છે.

મનુષ્યસ્વભાવ અને માનવજાતિનું અકલ્યાણ થવાનું આજ કારણ છે. ભેદ-ભાવના એજ તેમના તમામ દુઃખોની જનેતા છે. ભૌતિક અને આધિભૌતિક બંધનો એમાંથીજ ઉત્પન્ન થાય છે.

समं पश्यन्हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनाऽत्मानं ततो याति परां गतिम् ॥

" સર્વમાં સમાન રીતે ઈશ્વરને રહેલો જોનાર આત્માવડે આત્માને હણતો નથી તે પરમગતિને પામે છે. " મુક્તિનો સામાન્ય માર્ગ ઉપરના નાના શ્લોક દ્વારા બતાવવામાં આવ્યો છે.

હે ક્ષત્રિયો ! તમે ભરતખંડની પ્રાચીન કીર્તિના સ્તંભરૂપ છો. તમારી અવનતિ થતાંજ સમસ્ત પ્રજાની અવનતિ થએલી છે. ક્ષત્રિઓ અને બ્રાહ્મણોના વંશજો એક બીજા સાથે સહાનુભૂતિથી કામ કરવા લાગશે અને સત્તા અને દ્રવ્યોનો દુરુપયોગ કરવાની વૃત્તિને વશ ન થતાં નિર્બળને સહાય કરવાના, અજ્ઞાનીને જ્ઞાન આપવાના અને આપણા પૂર્વજોની માતૃભૂમિને તેની પાછલી કીર્તિ પુનઃ પ્રાપ્ત કરવાના મહા યજ્ઞમાં એક બીજા સાથે જોડાશે તોજ દેશનો ફરીથી ઉદય થઇ શકશે.

આ કાર્યને માટે હાલનોજ સમય અત્યંત અનુકૂળ છે. દેશના ઉદયનું ચક્ર ફરીથી ગતિમાં આવવા લાગ્યું છે; હિંદુસ્તાનમાં આધ્યાત્મિક ભાવનાના તરંગો ઉત્પન્ન થવા લાગ્યા છે; અને હું ખાત્રીપૂર્વક કહું છું કે એ બધા થોડાજ વખતમાં છેક દૂરના દેશમાં પહોંચશે એવું કુદરતનું નિર્માણ છે. હિંદુસ્તાનમાંથી એક મહાધ્વનિ પ્રગટ થયો છે તેના પડઘા દિવસે દિવસે વધારે બળવાન્ બનીને જગત્માં પથરાતા જાય છે. તે અવાજમાં પૂર્વે થઇ ગએલા તમામ મહાત્માઓના ધ્વનિનું સંમિલન હોવાથી તે સર્વથી વિશેષ પ્રતાપવાન્ છે. જે મહાધ્વનિ સરસ્વતી નદીને કિનારે વસતા મહર્ષિઓને એકવાર સંભળાયો હતો, જેના પડઘા પર્વતરાજ હિમાલયના શિખરે શિખરેથી પ્રતિધ્વનિત થયા હતા અને જે અવાજે નીચેના મેદાનોમાં કૃષ્ણ, બુદ્ધ અને ચૈતન્યદ્વારા પ્રકટ થઇને આખા દેશમાં આધ્યાત્મિક પૂરની રેલછેલ મચાવી હતી તે અવાજ ફરીથી સંભળાયો છે. જૂનાં દ્વાર ફરીથી ઉઘડયાં છે. જ્ઞાનના તેજોમય પ્રદેશમાં જેને દાખલ થવું હોય તે થાઓ. સર્વને માટે માર્ગ મોકળો થયો છે.

મારા પરમપ્રિય નરેશ ! તમે સનાતનધર્મના આધારરૂપ જીવંત સ્તંભોના અને તેનું રક્ષણ કરનાર તથા તેને આશ્રય આપનાર નૃપતિઓના વંશજ છો. તમે રામ અને કૃષ્ણના પવિત્ર કુળમાં જન્મ લીધો છે. તમે એ દરવાજાની બહાર રહેશો ? તેમ બની શકશેજ નહિ. ધર્મને ફરીથી જાગૃત કરવાના મહાકાર્યમાં તમેજ સર્વથી

આગળ આવશો એમ હું આશા રાખું છું. હે રાજા અજીતસિંહ! જ્યારે હું તમારો વિચાર કરૂં છું, જ્યારે હું તમારા કુળમાં રહેલું જ્ઞાન અને તેની સાથે ઉંચા પ્રકારના, એક સાધુ પુરુષને પણ ગર્વ ઉપજાવે એવા ચારિત્ર્યબળની અને તે ઉપ-રાંત મનુષ્યજાતિ પ્રત્યે નિઃસીમ પ્રેમની મેળવણી એ સર્વનો જ્યારે વિચાર કરૂં છું, ત્યારે મને લાગે છે કે સનાતનધર્મની પુનઃ સંસ્થાપનાનું સ્વરૂપ ઘણું ભવ્ય થશે અને તમારા જેવા નિપુણ નેતા આ પવિત્ર કાર્યમાં યોગદાન કરવા તત્પર થયા છે તો તેની પુર્ણાહુતિ સફળ થયા વગર રહેશે નહિ.

તમારા ઉપર અને તમારા સર્વ કુટુંબીઓ ઉપર નિરંતર શ્રી રામકૃષ્ણના આશી-ર્વાદની વૃષ્ટિ થાઓ અને તમે અનેક લોકોનું કલ્યાણ કરવા તથા સત્યનો પ્રચાર કરવા દીર્ઘાયુષ્ય ભોગવો એવી હમેશા પ્રાર્થના કરતો,

તમારો વિવેકાનંદ.

डॉक्टर मेक्समूलर

(૧૮૯૬ ના જુનની ૬ ઠ્ઠી તારીખે લંડનથી બ્રહ્મવાદિન્ માટે મોકલાવેલો લેખ.)

જો કે **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन** એટલે

" કર્મમાંજ અધિકાર તાહરે,
નાં, નથીજ ફલમાંહિ તે કદીઃ "

એવોજ આપણા બ્રહ્મવાદિન્ માસિકનો આદર્શ છે છતાં કોઇ પણ સાચા દીલથી કામ કરનાર આત્મા જગતનું ધ્યાન ખેંચ્યા વગર અને થોડો ઘણો પણ પ્રસિદ્ધિમાં આવ્યા વગર કોઇ પણ જાતની પ્રવૃત્તિ સમાપ્ત કરી શકતોજ નથી.

આપણે આપણા કાર્યની શરૂઆત ઘણી ઉત્તમ રીતે કરી છે અને આપણા શુભેચ્છકોએ બતાવેલી દૃઢતા અને અંતઃકરણની સાચી લાગણીમાટે તેમની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે, હેતુની શુદ્ધતા અને પોતાની માન્યતાને વ્યવહારમાં મૂકવાનું આત્મબળ એ બે ગુણવડે વિજય મળે છે; અને થોડા માણસોના સમુદાયમાં પણ જો આ બે ગુણ હોય તો તેઓ પોતાનાથી અનેકગણા માણસો ઉપર પણ પોતાનો પ્રભાવ પાડી શકે છે.

આધ્યાત્મિક ઓજસ્‌ની પ્રાપ્તિને માટે ઇચ્છા બતાવનારા બગભગતોથી સો ગાઉ દૂર રહેજો. તે એવી અપ્રાપ્ય વસ્તુ છે એટલા માટે નહિ, પણ આજના વખતમાં એવી ઇચ્છા રાખનારાઓમાંના નેવું ટકા માણસોનો અંદરનો હેતુ શરીરસુખ, ધન અથવા કીર્તિ મેળવવાનોજ હોય છે, અને બાકીના દશ ટકા રહ્યા તેમને જ્ઞાની કે

યોગીના કરતાં વૈદ્યની વિશેષ જરૂર હોય છે.

સૌથી પહેલું મહત્ત્વનું કામ એ કરવાનું છે કે સમાજમાં આપણા કાર્યની અને હેતુની ઉત્તમતાને લીધે આપણી પ્રતિષ્ઠા દૃઢ થએલી હોવી જોઇએ. આ નિયમ વ્યક્તિને તેમજ મંડળોને એઉને સરખીરીતે લાગુ પડે છે. જગત્ દરેક નવીન પ્રવૃત્તિ તરફ–પછી તે પ્રવૃત્તિ ભલે આધ્યાત્મિક હોય તોપણ–શંકાની નજરથી જુએ તો તેથી મનની શાંતિનો ભંગ થવા દેતા નહિ. બિચારૂં જગત્ કેટલી બધી વાર ઠગાયું છે. સંસાર કોઈ પણ વધતી જતી પ્રવૃત્તિ તરફ શકની નજરથી જુએ તો પરિણામે તે પ્રવૃત્તિને તેથી લાભજ છે; અને એકલો શક ન બતાવતાં જો જગત તેની સામે જરા જરા વૈરભાવ બતાવવા લાગે તો વળી તેથી વધારે લાભ છે. જો આપણી આ પ્રવૃત્તિવડે જગત્‌માં કોઈ પણ પ્રકારના સત્યનો પ્રચાર થવાનો હશે અથવા તો તેના વડે સમાજની કોઇ પણ આવશ્યકતા પૂર્ણ થવાની હશે, તો થોડાજ વખતમાં જગત્ આપણને અન્યાય આપવાને બદલે ધન્યવાદ આપવા લાગશે અને આપણને તિરસ્કારથી ન જોતાં પ્રેમ અને શ્રદ્ધાથી જોતાં શીખશે. આજના જમાનામાં લોકોનું સામાન્ય વલણ એવું છે કે અમુક ધર્મભાવનાને સ્વીકારતી વખતે તેઓની નજર એવી ધર્મભાવનાથી પ્રાપ્ત થતા સામાજિક અથવા રાજનૈતિક લાભ ઉપરજ હોય છે; માટે એવા માણસોથી સાવધાન રહેજો. ધર્મ તે ધર્મની ખાતરજ હોવો જોઇએ. જે ધર્મ માત્ર ઐહિક લાભના સાધન તરીકેજ કામ લાગે તે ધર્મજ ન કહેવાય. ભલે તેને બીજું ગમે તે નામ આપવું હોય તો આપે. માણસે ઇંદ્રિયોનું સંપૂર્ણ સુખ વગર સંકોચે ભોગવવું એજ મનુષ્યજીવનનો અંતિમ હેતુ છે એવો મત બાંધવો તે ઈશ્વરને અને મનુષ્યજાતિને પૂરેપૂરૂં અપમાન પહોંચાડવા જેવું છે.

જેનામાં સત્ય છે, પવિત્રતા છે અને નિઃસ્વાર્થતા છે તેને કચરી નાખે એવું એક પણ બળ આ લોકમાં કે પરલોકમાં છેજ નહિ. આ ત્રણ ગુણથી બળવાન્ થયલો એકજ આત્મા તેની સામે ઉભા થયેલા આખા જગત્‌ની સાથે ટક્કર લઇ શકે છે.

તે ઉપરાંત સમાધાન કરવાની ટેવથી એટલે લોકવર્ગને રાજી કરવાના હેતુથી સત્યને વિકૃત કરવાની નબળાઇથી પણ દૂર રહેજો. એ ઉપરથી એમ નહિ સમજતા કે તમારે જેની તેની સાથે વિરુદ્ધ ભાવજ બતાવવો; પણ હું તમને એટલુંજ કહું છું કે તમારે અનુકૂળ તેમજ પ્રતિકૂળ પ્રસંગોમાં તમારા સિદ્ધાંતને ચુસ્તપણે વળગી રહેવું, અને તમારા અનુયાયીઓની સંખ્યામાં વધારો કરવાની લાલચને વશ થઇને લોકોના તરંગો સાથે તમારા સિદ્ધાંતોને બંધબેસતા કરવાનું કાયરપણું કરવું નહિ. યાદ રાખજો કે તમારો આત્મા આખા જગત્‌ને અવલંબન આપવાને સમર્થ છે. હવે તમારે કોના સહાયતાની જરૂર હોઇ શકે ? પ્રેમ, આત્મબળ અને ધૈર્ય રાખી રાહ જુઓ. તમારા કાર્યમાં સહાય કરનારા લોકો કદાચ હમણાં નહિ હોય તોપણ

વખત આવે તમને તેવા માણસો મળી આવ્યા વગર રહેનારજ નથી. આપણે ઉતાવળા શામાટે થવું જોઇએ? મહાન્ કાર્યોને ગતિમાં મૂકનાર બળ શરૂઆતમાં લગભગ અદૃશ્યજ હોય છે.

કોણ ધારતું હતું કે બંગાળાના અપ્રસિદ્ધ ગામડાના દરિદ્ર બ્રાહ્મણને પેટે જન્મ લેનાર છોકરાનું જીવન અને તેનાં ઉપદેશ-વચન થોડાજ વરસમાં આપણા પૂર્વજોએ સાંભળ્યા પણ ન હતા એવા દૂરના દેશોમાં ફેલાઇ જશે? હું આ કથન ભગવાન્ રામકૃષ્ણને ઉદ્દેશીને કહું છું. ઓગણીસમી સદી નામના માસિકમાં પ્રોફેસર મેક્ષમૂલરે શ્રી રામકૃષ્ણ વિષે એક લેખ લખ્યો છે; એટલુંજ નહિ પણ જો તેમને જોઇતાં સાધન આપવામાં આવે તો તેમના જીવનચરિત્ર× અને ઉપદેશ વિષે એક પુસ્તક લખવાને પણ તે તૈયાર છે એ શું તમે જાણો છો? પ્રો. મેક્ષમૂલર એક અદ્‌ભુત વ્યક્તિ છે. મેં તેની થોડા દિવસપરજ મુલાકાત લીધી હતી. હું તેની મુલાકાતે નહિ પણ તેની યાત્રાએ (અર્થાત્ તેના દર્શને) ગયો હતો; કારણ કે જે કોઇ શ્રી રામકૃષ્ણને ચાહે છે તે પુરુષ હોય, યા સ્ત્રી હોય ગમે તે ધર્મ પાળતો હોય અને ગમે તે જાતનો હોય તોપણ હું તેના દર્શનને તીર્થયાત્રા જેટલું પવિત્ર માનું છું.

मद्भक्तानां च ये भक्ता ते मे भक्ततमा मताः। એટલે જેઓ મારા ભક્તોના ભક્ત છે તેઓને હું ઉત્તમમાં ઉત્તમ ભક્ત માનુ છું.

બ્રહ્મોસમાજના આગેવાન સ્વર્ગસ્થ કેશવચંદ્રસેનના જીવનમાં એકાએક અત્યંત મહત્ત્વનો ફેરફાર જેને લીધે થયો તે ગુપ્ત બળ કોનું હતું તે વિષે મને પ્રથમ પ્રો. મેક્ષમૂલરે પ્રશ્ન કર્યો; અને ત્યાર પછી કહ્યું કે, જ્યારથી કેશવના જીવનમાં પરિવર્તન થયું ત્યારથી હું શ્રીરામકૃષ્ણના જીવન અને ઉપદેશનો શ્રદ્ધા અને ભક્તિથી અભ્યાસ કરતો આવ્યો છું. મેં કહ્યું; "પ્રોફેસર સાહેબ, હમણાં તો રામકૃષ્ણના હજારો ભક્તો થઈ ગયા છે." તેમણે કહ્યું; "એવા પુરુષની ભક્તિ નહિ થાય તો થશે પણ કોની?" પ્રો. મેક્ષમૂલર પ્રેમ અને મમતાની સાક્ષાત્ મૂર્તિ છે. તેમણે મને અને મી. સ્ટર્ડીને જમાડયા. પછી ઑક્સફર્ડની કેટલીક કૉલેજો અને ત્યાંની પ્રસિદ્ધ બોડલીઅન લાયબ્રેરી બતાવી. મને ઠેઠ સ્ટેશન સુધી વળાવવા આવ્યા અને તેમણે કહ્યું કે હું તમારા તરફ જે પ્રેમ બતાવું છું તેનું કારણ એ છે કે શ્રી રામકૃષ્ણના શિષ્યો કાંઇ દરરોજ મળી આવતા નથી.

આ મુલાકાતથી મને ખરેખર નવુંજ જ્ઞાન પ્રાપ્ત થયું. પ્રોફેસરનું નાનું સુંદર ઘર, તેના આંગણામાંનો રમણીય બગીચો અને તેની અંદર નિવાસ કરતો શાન્ત ગંભીર અને પ્રસન્ન મુખમુદ્રાવાળો વયોવૃદ્ધ મહર્ષિ મેક્ષમૂલર! સીત્તેર વર્ષની ઉંમર થઇ

×એ પુસ્તક પ્રસિદ્ધ થઇ ચુકયું છે અને લૉંગમેન્સની કંપનીએ બહાર પાડ્યું છે.

હતી; છતાં પણ તેનું ભવ્ય કપાળ નાના બાળકના કપાળના જેવું કરચલી વગરનું હતું અને તેના ચહેરા પરની એકે એક રેખા તેના આત્માના ઉંડાણમાં રહેલા આધ્યાત્મિક ખજાનાની સાક્ષી પૂરતી હતી. પોતાના પતિનો લાંબા સમય સુધી ચાલુ રાખેલો અને આતુરતા ઉત્પન્ન કરે એવી દિશામાં કરેલો પ્રયત્ન, જેની સામે પ્રથમ વિરોધ અને તિરસ્કાર બતાવવામાં આવ્યાં હતાં; પણ અંતે હિંદુસ્તાનના પ્રાચીન મહર્ષિઓના તત્ત્વચિંતન માટે લોકોમાં ભક્તિ ઉત્પન્ન કરવામાં જે પ્રયત્ન વિજયી થયો હતો, તેમાં જીવનભર સહાય આપનારી તેની બુદ્ધિમતી ઉદાર ચરિત સ્ત્રી, તેના ઘરના બગીચાનાં વૃક્ષો અને પુષ્પો, તેમાં વ્યાપી રહેલી શાંતિ અને પવિત્રતા એ સર્વની મારા મન ઉપર એટલી બધી અસર થઈ કે મારી કલ્પના હજારો વર્ષના જમાના ઓળંગીને પ્રાચીન હિંદુસ્તાનના જે યશસ્વી યુગમાં બ્રહ્મર્ષિઓ અને રાજર્ષિઓ વસતા હતા, વસિષ્ઠો અને અરૂંધતીઓ જેવાં વાનપ્રસ્થાશ્રમી જ્ઞાન અને વૈરાગ્યવાન્ દંપતીઓ વસતાં હતાં તે સમયનું દર્શન કરવા લાગી.

મેં મેક્ષમૂલરમાં પંડિત કે ભાષાતત્વવિદ્દનું દર્શન ન કર્યું, પણ જે પોતાના જીવનની પ્રત્યેક પળે બ્રહ્મની સાથે પૂર્ણ ઐક્ય અનુભવતો હોય અને જેનું હૃદય આખા વિશ્વને આલિંગવા વિકસી રહેતું હોય એવા આત્માનું મને દર્શન થયું. જ્યારે બીજા પંડિતો નિરસ સૂકા રણમાં અથડાયા કરે છે ત્યારે એણે ખરેખરા જીવનપ્રદ તત્ત્વનો પાતાળી ફૂવોજ ફોડયો છે.

आत्मानं वै विजानीथ अन्यान् वाचं विमुञ्चथ ।

"એકલા આત્માનેજ ઓળખો, બીજો તમામ બકવાદ જવા દો" એવો ઉપનિષદ્નો મહાધ્વનિ તેના હૃદયના ધબકારા સાથે એકતાનતા કરી રહ્યો છે.

પોતે જગપ્રસિદ્ધ પંડિત અને તત્ત્વવેત્તા મનાતો, છતાં પણ તેના પાંડિત્ય અને ફિલસુફિવડે તેમને દિનપ્રતિદિન વિશેષ સ્પષ્ટપણે બ્રહ્મસ્વરૂપ અનુભવવામાં સહાયતા મળી છે. તેની અપરાવિદ્યા એ પરાવિદ્યા પ્રાપ્ત કરવાનું સાધન થઈ પડી છે, પાંડિત્યનું આવુંજ પરિણામ આવવું જોઇએ. **विद्या ददाति विनयं ।** વિદ્યાવડે વિનય આવે છે, જે પાંડિત્યવડે ઉંચામાં ઉંચા સત્યનું દર્શન ન થાય તે કશા ખપનું નથી.

વળી હિંદુસ્તાનપર તેનો કેટલો બધો પ્રેમ ! હું મારી જન્મભૂમિમાટે તેના સોમા ભાળ જેટલોપ્રેમ રાખી શકતો હોઉં તોપણ કેવું સારૂં ! અદ્ભુત સામર્થ્યવાન અને તેની સાથે નિરંતર પ્રવૃત્તિ કરી શકે એવી માનસિક શક્તિવાળા આ પંડિતે પચાસ કરતાં વધારે વર્ષ થયાં ભરતખંડના તત્ત્વચિંતનના પ્રદેશમાં પોતાનું જીવન વ્યતીત કર્યું છે, અને સંસ્કૃત સાહિત્યના અનંત અરણ્યનાં વિવિધરંગી દૃશ્યો ખરા અંતઃકરણનાં પ્રેમપૂર્વક અને ઉંડી જિજ્ઞાસાથી તપાસ્યાં છે. એમ કરતાં કરતાં એની અસર તેના આત્માના ઉંડાણ સુધી પહોંચી ગઇ છે અને તેનું આખું જીવન

તદ્રૂપ બની ગયું છે.

પંડિત મેક્ષમૂલર વેદાંતીઓનો વેદાંતી છે. તેણે વેદાંતના અનેક પ્રકારના સંવાદી અને વિસંવાદી સ્વરોમાંથી, તેના સંગીતના આત્મારૂપ મૂળ સ્વરનો ધ્વનિ ઝીલ્યો છે. વેદાંતનું સત્ય સ્વરૂપ જે જગતના તમામ ધર્મ અને સંપ્રદાયોને પ્રકાશ અર્પે છે અને તમામ ધર્મની ફિલસુફી કેવળ તે પરમ સત્યનાં વ્યાવહારિક સ્વરૂપમાત્ર છે; તેને તેણે પોતાના જીવનમાં ઓતપ્રોત કરી નાખ્યું છે; અને શ્રી રામકૃષ્ણ પરમહંસે પણ શું કર્યું હતું ? તે કોણ હતા ? તે પ્રાચીન તત્ત્વજ્ઞાનની, ભરતખંડના પ્રાચીન ઇતિહાસની મૂર્તિરૂપ હતા, અને હવે પછીની ભારતીય પ્રજા આખા જગત્ સમક્ષ જ્ઞાનની રોશની ધરનાર થવા પામશે તેનું દર્શન કરાવતા હતા. કહેવત છે કે, રત્નની પરીક્ષા ઝવેરીજ કરી શકે છે. ભરતખંડના તત્ત્વદર્શનના આકાશમાં ઉગતા દરેક નવીન નક્ષત્રનાં સ્વરૂપ અને મહત્ત્વને ખુદ ભરતખંડની પ્રજા સમજી શકે તે પહેલાં આ પાશ્ચાત્ય મહર્ષિ તેનું અવલોકન કરે, અને તેના તેજની સ્તુતિ કરે એમાં આશ્ચર્ય જેવું કાંઇ છેજ નહિ.

મેં તેમને પૂછ્યું કે, " તમે હિંદુસ્તાનમાં ક્યારે આવનાર છો ? જેણે અમારા પૂર્વજોનાં તત્ત્વચિંતનોને તેમના સત્ય સ્વરૂપમાં પ્રસિદ્ધ કરવાનું મહત્ કાર્ય કર્યું છે તેને દરેક હિંદવાસી પ્રેમથી આવકાર આપશે. " આ સાંભળતાં તે મહર્ષિના ચહેરા ઉપર એક પ્રકારનું તેજ પથરાઇ ગયું તેની આંખમાં એક અશ્રુબિંદુ ચળક્યું. તેણે ધીરેથી માથું હલાવ્યું અને મુખમાંથી નીચેનું વાક્ય ધીરે નીકળી ગયું:–" જો હું ત્યાં આવું તો પછી પાછો નહિ ફરૂં. તમારે મારા દેહને અગ્નિદાહ કરવો પડશે." બીજા પ્રશ્નો પૂછવા એ તે મહાત્માના હૃદયમાં રહેલી પવિત્ર પણ ગૂઢ બાબતો વિના અધિકારે પૂછવા જેવું હતું.

तच्चेतसा स्मरति नूनमवोधपूर्वम् ।
भावस्थिराणि जननांतर सौहृदानि ॥

" તેના હૃદય સાથે જડાઇ ગએલા પૂર્વ જન્મોના સ્નેહનું તેને સ્મરણ થતું હશે." તેનું જીવન જગતને કલ્યાણકારક નીવડયું છે અને તે આ ભૂમિકાનો ત્યાગ કરે તે પહેલાં અનેક વર્ષોપર્યંત જીવે એવા આશીર્વાદ સાથે આ લેખ પૂર્ણ કરૂં છું.

जर्मन वेदांती पोलड्युसन

(૧૮૯૬ ના બ્રહ્મવાદિન્‌માં પ્રકટ થએલો લેખ.)

એક અસાધારણ સ્થિતિના પાદરીના આઠ બાળકોમાંનો એક જે તે વખતે તરુણ

વિદ્યાર્થી હતો, તેણે પ્રોફેસર લાસેનનું તદ્દન નવાજ પ્રકારની ભાષા અને તેના સાહિત્ય વિષે ભાષણ સાંભળ્યાને દશ કરતાં વધારે વર્ષ વીતી ગયાં છે. એ વખતે યૂરોપના સારા સારા વિદ્વાનોને પણ સંસ્કૃત ભાષા ઘણીજ અપરિચિત હતી. એ વ્યાખ્યાનોને માટે સ્વાભાવિક રીતે ફી લેવામાં આવતી ન હતી; કારણ કે આજ પણ યૂરોપના કોઇપણ વિશ્વવિદ્યાલયમાં વિશ્વવિદ્યાલય તરફથીજ જો આશરો ન મળ્યો હોય તો સંસ્કૃત શીખવીને કોઈ પણ પંડિત પોતાનો નિર્વાહ ચલાવી શકે એમ નથી.

જર્મનીમાં સંસ્કૃત સાહિત્યનો સૌથી પ્રથમ સ્વાદ ચાખનાર સાહસિક જર્મન પંડિતોમાંનો લાસેન લગભગ છેલ્લો હતો. ખરેખર એ પંડિતો ઘણા સાહસિકજ હતા, નહિ તો તે જમાનામાં જર્મનીના વિદ્વાનોને જ્ઞાન મેળવવાની શુદ્ધ અને નિઃસ્વાર્થી કામના સિવાય હિંદુસ્તાનના સાહિત્યને ખેડવામાં બીજો કશો લાભ ન હતો. વયોવૃદ્ધ પંડિત લાસેન શાકુન્તલ નાટકના એક અંક ઉપર વ્યાખ્યાન કરતો હતો; અને જે તરુણ વિદ્યાર્થીનું નામ આ લેખને મથાળે મૂક્યું છે, તે સર્વ કરતાં વધારે આતુરતાથી અને એકાગ્રતાથી એ વ્યાખ્યાન સાંભળતો હતો. વ્યાખ્યાનનો વિષય અલબત ઘણોજ રસિક અને જિજ્ઞાસા ઉત્પન્ન કરે એવો હતો, પણ તે કરતાં વધારે આશ્ચર્યકારક તો તે તદ્દન નવીન જણાતી ભાષા હતી, અને સંસ્કૃત વ્યંજનોના ઉચ્ચાર કરવાનો જન્મથી અભ્યાસ જેમને નથી એવા યૂરોપિયન પંડિતોને સંસ્કૃત શબ્દોનો ઉચ્ચાર કરતાં જે મુસ્કેલી પડે છે, તે મુસ્કેલીએજ આ તરુણ વિદ્યાર્થીને મોહિત કરી નાખ્યો. વ્યાખ્યાન પૂરૂં થતાં તે ઘેર ગયો; પરંતુ રાતની નિદ્રાવડે તેના મનમાંથી આગલા દિવસના વ્યાખ્યાનની અસર ભુંસાઈ નહિ. તેને એ ભાષણથી ખરેખર તદ્દન નવીન દુનિયાની ઝાંખી થઇ હતી, અને આજસુધી જોએલા સર્વ દેશો કરતાં વિશેષ ભવ્ય દેશનું ચિત્ર તેના મગજ ઉપર સચોટ પડયું હતું. તેના તરફ તેને એવું અજાયબ જેવું આકર્ષણ થતું હતું કે, તેવું તેના તરુણ અને નવીન ઉત્સાહથી ભરેલા હૃદયમાં કદિ પણ અનુભવાયું ન હતું.

સ્વાભાવિકરીતે તેનાં સગાંઓ ઘણીજ આતુરતાપૂર્વક ઇચ્છતાં હતાં કે તેની અત્યંત તીક્ષ્ણ બુદ્ધિનો વિકાસ થાય અને તે કોઇ પ્રતિષ્ઠિત ધંધામાં જોડાઇને માન, યશ, સારો પગાર અને ઉંચો દરજ્જો ભોગવવા ભાગ્યશાળી થાય. પણ હવે તેને સંસ્કૃતની લગની લાગી હતી તે જમાનામાં તો ! યૂરોપિયન પંડિતોમાંના ઘણા થોડાનેજ એ ભાષાના નામની પણ ખબર હતી, અને એ ભાષા શીખીને ધન પ્રાપ્તિ કરવી એ વાત તો મેં હમણાંજ કહી છે, તેમ આજે પણ અશક્ય છે. આટલું છતાં સંસ્કૃત શીખવાની તેની ઘણીજ પ્રબળ ઇચ્છા થઇ હતી. હાલના હિંદુસ્તાનના વિદ્યાર્થીઓને સંસ્કૃતનો અભ્યાસ કરવાનાં જેવાં સારાં સાધન અને અનુકૂળતાઓ છે તે જોતાં આ પરદેશી પંડિતોના સંસ્કૃત ભાષા પ્રત્યેના પ્રેમનો અને તેમના સ્વાર્પણનો

ખ્યાલ આવવો પણ મુશ્કેલ છે; છતાં પણ હજી કાશી, નવદ્વીપ તથા બીજાં કેટલાંક સ્થાનોમાં કેટલાક વૃદ્ધ તેમજ તરુણ પંડિતો અને ખાસ કરીને સંન્યાસીઓમાં જ્ઞાન-નીજ ખાતર જ્ઞાન મેળવવાની શુદ્ધ નિષ્કામ ભક્તિનાં ઉદાહરણ જોવામાં આવે છે. હાલના લગભગ યૂરોપિયન જેવા બની ગએલા હિંદુ વિદ્યાર્થીઓનાં અભ્યાસનાં સાધનો અને વિલાસમય જીંદગીનો એક અંશ પણ ચાખ્યા વગર અને તેમને અભ્યાસની જે અનુકૂળતાઓ મળે છે તેના હજારમા ભાગની પણ અનુકૂળતા વગર એ જૂની ઢબના વિદ્યાર્થીઓ ઝાંખા, ફફડતા તેલના દીવા પાસે રાતોની રાતો સુધી હાથે લખેલી પોથીઓ વિચારતાં બેસે છે. એ દીવાનું અજવાળું એવું તો ઝાંખું હોય છે કે, તેવા અજવાળામાં વાંચ્યાથી આપણા હાલના શહેરી વિદ્યાર્થીઓને તો આંખે સૂઝવું પણ મુશ્કેલ થઇ પડે. એકાદ સારી અને નહિ મળી શકે એવી પોથીની શોધ કરવા અથવા કોઈ પ્રસિદ્ધ પંડિતનો સમાગમ કરવા તેઓ સેંકડો માઇલ પગે ચાલીને અને ભિક્ષાન્ન માગીને પ્રવાસ કરે છે. એકજ ઇષ્ટ વસ્તુ "જ્ઞાનપ્રાપ્તિ" ની પાછળ તેઓ પોતાની તમામ શારીરિક અને માનસિક શક્તિઓને કેન્દ્રીભૂત કરે છે અને એ પ્રમાણે વરસોના વરસ માથે પળીયાં આવતાં સુધી અને ઘડપણને લીધે શરીર જર્જરિત થતાં સુધી તેઓ જ્ઞાનપ્રાપ્તિના મહાયત્નમાંથી લેશ પણ વિરામ લેતા નથી. આવા આત્મબળથી બળવાન્ બનેલા કેવળ જ્ઞાનનાજ નિષ્કામભક્ત વિદ્યાર્થીઓ હજી પણ આપણા દેશમાંથી અદૃશ્ય થયા નથી. ભરતખંડ હાલ તેની જે સંપત્તિને માટે મગરૂર છે તે તેના પ્રાચીન કાળના સુયોગ્ય પુત્રોએ કરેલી ઉપર કહી તેવાજ પ્રકારની તપશ્ચર્યાનું પરિણામ છે; અને હાલના વિશ્વવિદ્યાલયોના વિદ્યાર્થીઓનાં કાર્યો સાથે ભરતખંડના પ્રાચીન વિદ્યાર્થીઓનું ઉંડું તેમજ સંગીન જ્ઞાન અને તેમની અસર તેમજ નિષ્કામ ભક્તિનો મુકાબલો કર્યાથી ઉપર કહેલા કથનનું સત્ય આપો આપ સમજાઇ જશે. જો ભરતખંડના વિદ્યાર્થીઓએ જગની અન્ય પ્રજાઓમાં પોતાના ઇતિહાસપ્રસિદ્ધ પૂર્વજોને છાજે એવું સ્થાન પ્રાપ્ત કરવું હોય તો શુદ્ધ જ્ઞાનને માટે સરળ નિષ્કામ અને અનન્ય ભક્તિ તેમજ પોતાના અંતઃકરણમાં ઉત્પન્ન થતા સાચા વિચારોને નિડરપણે અને સરળપણે જાહેર કરવાનું આત્મબળ આપણા દેશના જીવનમાં ફરીથી સચરાચર ભરાઈ જવું જોઇએ. જ્ઞાન પ્રત્યે આવીજ અનન્ય ભક્તિવડે જર્મન પ્રજા જગતની પ્રજાઓમાં સર્વોપરિ અને પ્રગતિમાન પ્રજાઓમાંની એક ગણાવા લાગી છે.

જે જર્મન વિદ્યાર્થીનો ઉલ્લેખ આપણે કરી ગયા છીએ તેના હૃદયમાં સંસ્કૃત શીખવાની અદમ્ય ઇચ્છા ઉત્પન્ન થઈ હતી. સંસ્કૃત શીખવું એ તેને માટે ઘણોજ લાંબો વખત લે તેવું અને દુર્ઘટ કાર્ય હતું. તેના સંસ્કૃતના અભ્યાસના ઇતિહાસમાં જગતના અનેક યશસ્વી થયેલા પંડિતોના ભગીરથ પરિશ્રમ, તેમની વિટંબણાઓ,

તેમનો અદમ્ય ઉત્સાહ અને તેની સાથે આવા મહાભારત કાર્યને કુશળતાથી પૂર્ણ કર્યાથી પ્રાપ્ત થયેલી કીર્તિ એ સર્વનું અહીંઆં પુનરાવર્તનજ થયું હતું. આ પ્રમાણે તેણે વિજય મેળવ્યો અને હવે આ પૉલડ્યુસન જે કીલના વિશ્વવિદ્યાલયનો અધ્યાપક છે તે એકલા યૂરોપમાંજ નહિ પણ આખા હિંદુસ્તાનમાં જાણીતો થયો છે. યૂરોપ તેમજ અમેરિકાના ઘણા સંસ્કૃત પંડિતોને હું ઓળખું છું. તેમાંના કેટલાક વેદાંતદર્શન તરફ સહાનુભૂતિની નજરથી જુએ છે. હું તેમની તીક્ષ્ણ બુદ્ધિને, વિચારશક્તિને અને તેમના નિષ્કામ પ્રયાસને ધન્યવાદ આપું છું, પણ આ પૉલડ્યુસન, જે પોતાનેજ સંસ્કૃતમાં દેવસેન કહેવડાવવાનું વધારે પસંદ કરે છે, તે અને વયોવૃદ્ધ પંડિત મેક્ષમૂલર એ બે જણે ભરતખંડના અને ભરતખંડના તત્ત્વદર્શનના સાચામાં સાચા ભક્તો તરીકે મારા મન ઉપર ઘણી ઉંડી અસર કરી છે. આ ચુસ્ત વેદાંતીની તેના નિવાસસ્થાન કીલમાં મેં લીધેલી પહેલી મુલાકાત, તેની મધુર પ્રકૃતિની પત્ની જેણે તેની સાથે હિંદુસ્તાનમાં મુસાફરી કરી હતી, અને તેની પ્રિયતમ પુત્રી, તેમનો સમાગમ તેમની સાથે જર્મની અને હૉલંડમાં થઇને મારી લંડન સુધીની મુસાફરી અને ત્યાર પછી લંડનમાં તેમજ લંડનની આસપાસના ગામોમાં અમારી થયેલી મુલાકાતો એ સર્વને હું મારા જીવનના ઘણાજ મધુર સમય તરીકે ગણ્યા કરીશ.

યૂરોપના સંસ્કૃત પંડિતોમાંના પ્રાચીનવર્ગે સંસ્કૃતના અભ્યાસમાં અન્વેષક બુદ્ધિ કરતાં કલ્પનાનો વિશેષ ઉપયોગ કર્યો હતો. તેઓ ઘણું થોડું જાણી શક્યા હતા, અને એ થોડા જ્ઞાનમાંથી તેઓ મોટા ફળની આશા રાખીને ઘણીવાર તે અલ્પજ્ઞાનના મોટી કિંમત આંકતા હતા. તે એટલે સુધી કે, તે જમાનામાં "શાકુન્તલ" નાટકને હિંદુસ્તાનના ઉંચામાં ઉંચા તત્ત્વદર્શન તરીકે દર્શાવનારૂં વિચિત્ર અને હસવું આવે એવું કથન કરનારા પંડિતો પણ હતા! ત્યાર પછી પણ સ્વાભાવિક રીતે આંધળી ભક્તિનો પ્રત્યાઘાત થયો અને જેમને પંડિતો નજ કહી શકાય એવા ઉપલકીયા વિવેચકો ઉત્પન્ન થયા. તેમનું સંસ્કૃતનું જ્ઞાન નહિ જેવુંજ હતું. તેઓ એવુંજ માનતા હતા કે, સંસ્કૃત સાહિત્યમાંથી કશું તત્ત્વ હાથ લાગે એમ નથી; એટલુંજ નહિ પણ તેઓ પૂર્વની દરેકે દરેક બાબતનો ઉપહાસ કરતા હતા. તેમની પૂર્વે થએલા પંડિતો સંસ્કૃત સાહિત્યમાં જ્યાં ત્યાં હીરા અને માણેકજ જોતા હતા. તેમની અસંબદ્ધ અને કલ્પનામિશ્રિત કથાઓનું ખંડન કરતાં આ નવીન વિવેચકોએ એથી ઊલટા પ્રકારની ભૂલ કરી. તેઓએ પણ એવી કેટલીક અટકળો કીધી, કે જે તદ્દન નિર્માલ્ય અને ઘણે પ્રસંગે છેકજ પાયા વગરની હતી એવું કહીએ તો તેમના ઉપર સખ્ત આક્ષેપ મૂક્યો નહિજ કહેવાય. વળી આવા ઉતાવળીયા, ઉપલકીયા અને પૂર્વની પ્રજાઓ પ્રત્યે સહાનુભૂતિ વગરના પંડિતો અને વિવેચકોને તેમની દુષ્ટતામાં વિશેષ ઉત્તેજન મળવાનું કારણ એ હતું, કે તેઓ જે લોકો સમક્ષ પોતાની શોધનું પરિણામ જાહેર

કરતા હતા તેમની આ વિષયપરત્વે તુલના કરવાની મોટામાં મોટી લાયકાત એ હતી કે, તેઓ સંસ્કૃતનો એક અક્ષર પણ જાણતા ન હતા! આવા પ્રકારના અન્વેષકોની શોધખોળમાં ઘણો વિચિત્ર ગોટાળો ઉત્પન્ન થાય એ સ્વાભાવિકજ છે. હિંદુસ્તાનની પ્રજા ઉપર આ પંડિતોની શોધખોળની અસર અત્યંત આઘાત ઉત્પન્ન કરે એવી થઇ. સંસ્કૃતિનાં જે જે અંગોને આર્ય પ્રજા પોતે ઉત્પન્ન કરેલાં અને પોતાનાં માનતી હતી તે સર્વ વિદેશી પ્રજાઓનાં સાબીત થયાં! તેના કળાકૌશલ્યનો યશ એક પ્રજાને મળ્યો, તો તેના સ્થાપત્યનો યશ બીજી પ્રજાને અને તેની પાસે પ્રાચીન કાળમાં જે કંઇ વિજ્ઞાનનું સાહિત્ય હતું તેનો યશ ત્રીજી પ્રજાને મળ્યો. તેમજ આ પંડિતમન્યોએ એટલેસુધી સાબીત કરી દીધું કે, આર્ય પ્રજાનો ધર્મ પણ કોઇ પરદેશી પ્રજા પાસેથી પ્રાપ્ત થયેલો હતો! આ પ્રમાણે ગતાનુગતિક રીતે શોધખોળ કરનારા વિવેકબુદ્ધિરહિત પંડિતોનો એક જમાનો પૂરો થયા પછી વધારે સારી સ્થિતિ દેખાવા લાગી. હવે સર્વને સમજાયું છે કે, એકલા વ્યાપારમાંજ નહિ પણ પૌર્વાત્ય પ્રજાઓના ઇતિહાસની શોધખોળ કરવા માટે પણ સંગીન અને પરિપકવ જ્ઞાનની મૂડી વગર એકલાજ સાહસથી આદરેલી પ્રવૃત્તિવડે ઉપર કહી તેવી હાસ્યાસ્પદ નિષ્ફળતાજ પ્રાપ્ત થાય છે; અને હિંદુસ્તાનની પ્રાચીન કથાઓમાં ઘણા લોકોની કલ્પનામાં પણ ન આવે એવું અવસ્ય કંઇક છે, તેથી કરીને તેને એકદમ વગર વિચારે ધુતકારી કાઢવી જોઇએ નહિ.

હવે યૂરોપમાં સદ્‌ભાગ્યે નવીન પ્રકારના સંસ્કૃત પંડિતો ઉત્પન્ન થવા લાગ્યા છે. તેઓ વિદ્વાન, ભરતખંડની સંસ્કૃતિ તરફ સહાનુભૂતિ અને ભક્તિવાળા છે. તેઓનું જ્ઞાન વધારે ગંભીર હોવાથી તેઓ સહાનુભૂતિવાળા છે અને ઉંચી કોટિના મનુષ્યો હોવાથી તેમના હૃદયમાં વિશેષ શ્રદ્ધા અને ભક્તિભાવ છે. એ જૂના અને નવા સંપ્રદાયને સાંધનાર સાંકળરૂપે માન્યવર પંડિત મેક્ષમૂલર બિરાજે છે. આપણા ભારતવાસીઓ ઉપર યૂરોપના બીજા પંડિતો કરતાં મેક્ષમૂલરે વિશેષ ઉપકાર કર્યા છે. તેણે તરુણ વયમાં જે મહાભારત કાર્ય આદર્યું અને વૃદ્ધાવસ્થામાં પૂર્ણ વિજય સાથે સમાપ્ત કર્યું તે કાર્યની વિશાળતા જોતાં મને આશ્ચર્ય ઉત્પન્ન થયા વગર રહેતુંજ નથી. કોઇની પણ સહાય વગર, આપણે હિંદુઓ ભાગ્યેજ વાંચી શકીએ એવા અક્ષરે લખાયલી, અને જે ભાષા શીખતાં આપણા દેશના લોકોને પણ આખી જીંદગી પર્યંત સતત પરિશ્રમ લેવો પડે છે, તે ભાષાની જૂની હસ્તલિખિત પોથીઓના અભ્યાસ અને શોધનમાં મશગૂલ બની ગએલા આ ખરેખરા સરસ્વતી ઉપાસક પંડિતનો ખ્યાલ કરો. મહિને પાંચ રૂપીઆનો પગાર લઇને પોતાનું જ્ઞાન વેચનારા ભૂખડી બારસ જેવા સંસ્કૃત શાસ્ત્રીની તેને મદદ ન હતી. આજકાલ "તદ્દન નવીન શોધખોળ (!)" નાં પુસ્તકોના ઉપોદ્‌ઘાતમાં માત્ર આ વિદ્વાનના નામનોજ ઉલ્લેખ

જોવામાં આવે છે; પણ એણે દિવસના દિવસ અને ઘણીવાર મહિનાના મહિના સુધી એકાદ પાઠાન્તર નક્કી કરવામાટે અથવા તો સાયણાચાર્યના ભાષ્યના એક શબ્દ અથવા વાક્યનો ખરો અર્થ નક્કી કરવામાટે (એમણે પોતેજ મને કહ્યું હતું કે,) તનતોડ જહેમત ઉઠાવી હતી. આટલો ભગીરથ ઉદ્યોગ કરીને તેણે વૈદિક સાહિત્યના ગીચ અરણ્યમાં પ્રવાસ કરવાનો બીજા વિદ્વાનોમાટે માર્ગ સુગમ કરી આપ્યો. આ તેના સાહસિક કાર્યનો અને તેની મુશીબતોનો ખ્યાલ કરો અને પછી તેની તુલના કરજો. અલબત્ત, તેણે જે જે લખ્યું છે તે બધું આપણે સ્વીકારીજ લેવું જોઇએ એમ કહેવાનો મારો હેતુ નથી. એવો સ્વીકાર થઇ શકેજ નહિ; પરંતુ એટલું તો સર્વને કબૂલ કરવુંજ પડશે કે, આપણા પૂર્વજોના સાહિત્યને જાળવી રાખવા, તેમનું રહસ્ય સમજાવવા અને તેમાં સમાયલા સત્યોનો પ્રચાર કરવા આપણા દેશનો કોઇ પણ પંડિત પ્રયાસ કરવાની આશા રાખી શકે તે કરતાં મેક્ષમૂલરે હજારગણો વિશેષ યત્ન કર્યો છે; અને વિશેષ ખૂબી તો એ છે કે આ સઘળું કાર્ય તેણે પ્રાચીન વૈદિક સાહિત્ય પ્રત્યે પૂર્ણ પ્રેમ અને ભક્તિથી પ્રેરાઇનેજ કર્યું છે.

આ નવીન પ્રગતિના અથવા ભરતખંડના પ્રાચીન સાહિત્યને જૂદા દૃષ્ટિકોણથી જોવાના સંપ્રદાયના અગ્રેસર વિદ્વાનનું સ્થાન જો મેક્ષમૂલરને આપીએ, તો પૉલડ્યુસનને તેના પછીના જમાનાના પંડિતોનો અગ્રનાયક ગણવો પડશે. પ્રથમના જમાનાના પંડિતોને કેવળ ભાષાશાસ્ત્રના અભ્યાસનોજ મોહ હોવાથી આપણા દેશના પ્રાચીન સાહિત્યનો ગુપ્ત રત્ન–ભંડાર અને અમૂલ્ય આધ્યાત્મિક ભાવનાઓ તરફ તેમનું લક્ષ ગયુંજ ન હતું. મેક્ષમૂલરે તેમાંનાં કેટલાંક બહાર આણ્યાં અને જગત્ સમક્ષ રજુ કર્યાં ; અને વળી પ્રથમ પંક્તિના ભાષાશાસ્ત્રી તરીકે પોતાની પ્રતિષ્ઠાને બળે જગતનું ધ્યાન તે તરફ ખેંચવામાં વિજયી થયો. ડ્યુસન ભાષાશાસ્ત્ર ઉપરના મોહથી મુક્ત હતો અને પ્રાચીન ગ્રીસ તેમજ જર્મન તત્ત્વવેત્તાઓના દર્શનોથી સારી રીતે પારંગત હોઇ એક તત્ત્વવિચારકને યોગ્ય તાલીમ પામેલો હોવાથી તેણે હિંમતભેર ઉપનિષદોનાં ઉંડાં તત્ત્વચિંતનોમાં નિમજ્જન કર્યું. ઉપનિષદોની મીમાંસા તેને ઘણીજ સંતોષપ્રદ અને ન્યાયપુરઃસર જણાઇ અને આ અનુભવ જગતને તેણે નિડરપણે જાહેર કર્યો. વેદાંતવિષે પોતાનો સાચો અભિપ્રાય વગર સંકોચે જાહેર કરનાર પંડિતોમાં ડ્યુસન સર્વથી વધારે સ્પષ્ટવક્તા છે. "લોકો શું કહેશે?" એવો સંકોચ અને ભય બીજા વિદ્વાનોની માફક તેને નથી. આપણને તો હાલ સત્યને નિડરપણે સ્પષ્ટ વાણીમાં જાહેર કરનાર બહાદૂર આત્માઓની જરૂર છે અને ખાસ કરીને હાલ યૂરોપમાં તો તેવા નિડર વિદ્વાનોની ઘણીજ જરૂર છે; કેમકે અન્ય પ્રજાઓના રીતરિવાજ તેમજ માન્યતાઓ જે યૂરોપની પ્રજાના મોટા ભાગને અણગમતી હોય છે, તેમને તેમના સાચા સ્વરૂપમાં જાહેર ન કરતાં લોકમતના ભયને તથા બીજા

કેટલાંક કારણોને લીધે વિદ્વાનો ઘણીવાર લોચાલાપશી વાળીને સત્યને વિકૃત કરી નાખે છે. એટલાજ માટે નિર્ભયપણે, વગર સંકોચે કેવળ સત્યનુંજ પ્રતિપાદન કરનાર મેક્ષમૂલર અને ડ્યુસનને હજારવાર ધન્યવાદ ઘટે છે. આપણે તેની સાથે એમ પણ ઇચ્છીશું કે જેવી નિડરતાથી તેમણે આપણા પ્રાચીન સાહિત્યની ખુબીઓ બતાવી છે તેટલીજ નિડરતાથી તેઓ આપણી ખામીઓ, અર્વાચીન કાળમાં આપણા દેશના તત્ત્વચિંતનોમાં દાખલ થઈ ગએલા સડા અને વેદાંતતત્ત્વને વ્યવહારમાં મૂકવા જતાં આપણી પ્રજાએ કરેલી ભૂલો આપણને બતાવે. આપણા દેશમાં હમણાં કેટલોક વખત થયાં કેળવાયલા વર્ગમાં એવો જુસ્સો ફેલાયો છે, કે તેને લીધે તેઓ એક ક્ષુદ્રતમ વહેમની અંદર શાસ્ત્રનું ગંભીર રહસ્ય સમાયલું છે એમ સમજીને તેમને ચુસ્તપણે વળગી રહેવાની ભૂલ કરે છે; ત્યારે બીજી બાજુએ તેથી છેક સામે પાટલે બેસી જનારા માણસોને આપણા ધર્મમાં, પ્રજામાં, ઇતિહાસમાં કશું સારૂં દેખાતુંજ નથી, તેથી તેઓ તેના ઉપર નિર્દયમાં નિર્દય પ્રહાર કરે છે અને આપણી સામાજિક અને ધાર્મિક ભાવનાઓને તોપને ધડાકે ઉડાવી દેવાનું ઇચ્છે છે; તેમને બેઉને સાચો ઉપદેશ આપવા મેક્ષમૂલર અને ડ્યુસન જેવા નિષ્કપટ અને સ્પષ્ટવક્તા શુભેચ્છકોની આજના સમયમાં અત્યંત જરૂર છે.

कर्मयोग--प्रकरण पहेलुं

કર્મનો માનવસ્વભાવ સાથે સંબંધ

" કર્મ " એ શબ્દ સંસ્કૃતના "કૃ" એટલે " કરવું " એ ધાતુમાંથી નીકળેલો છે. આપણે જે જે કાંઇ કરીએ છીએ તે સર્વ કર્મ પૂર્વકાળનાં કર્મોનાં કહેવાય છે. વળી પ્રત્યેક ક્રિયાના પરિણામ અથવા ફળને પણ " કર્મ " શબ્દથી ઓળખવામાં આવે છે; પરંતુ આ સ્થળે તો આપણે એ શબ્દનો અર્થ " વર્તમાન ક્રિયા " એવોજ સમજવાનો છે. આપણા પૌર્વાત્ય તત્ત્વવેત્તાઓના મત પ્રમાણે અધ્યાત્મ જ્ઞાન મેળવવું એજ મનુષ્યજન્મની ઇતિકર્તવ્યતા છે. ઇન્દ્રિયજન્ય સુખ મેળવવું એ કાંઈ મનુષ્યનું અંતિમ સાધ્ય નથી, પણ પૂર્ણ જ્ઞાની બની સ્વતઃ સુખરૂપ થવું એજ ખરૂં સાધ્ય છે. ઇંદ્રિયજન્ય સુખ અને તે સુખના સાધનરૂપ પદાર્થો–વિષયો નાશવંત હોવાથી તેને પ્રાપ્ત કરવામાંજ સર્વ ઇતિકર્તવ્યતા સમજવી એ બહુજ મોટી ભૂલ છે, છતાં અજ્ઞાન અર્થાત્ વિપરીત જ્ઞાનને લીધે બિચારાં મનુષ્યો ભળતાજ વિષયોમાં

સુખ માની લઈ વગર વિચારે મોટા પ્રયત્નો કરે જાય છે, અને એજ આ દુનિયાના સર્વ દુઃખોની ઉત્પત્તિનું મૂળ કારણ છે. આમ કર્યા કરનારને થોડા સમય પછી માલૂમ પડે છે કે આપણે જે દિશામાં કાર્ય કરીએ છીએ તેમાં સુખ નથી; પણ "યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ" એજ સુખનું મૂળ છે અને સુખ અને દુઃખ એ બન્ને આપણા ભોમીયા (નેતાઓ) છે. જ્ઞાનપ્રાપ્તિને માટે સુખ અને દુઃખ એ બન્ને ઉપયોગી છે. સુખ તેમજ દુઃખના ભિન્ન ભિન્ન અનુભવોથી જીવાત્માપર ભિન્ન ભિન્ન સંસ્કાર પડે છે, અને એવા એકઠા થએલા સંસ્કારોજ આગળ જતાં મનુષ્ય-સ્વભાવની પ્રકૃતિરૂપે બને છે. આપણે કોઈ પણ મનુષ્યના સ્વભાવનું સૂક્ષ્મ અવલોકન કરીશું તો તેમાં તેની પ્રવૃત્તિઓનો અને તેનાથી તેના મનપર પડેલા સંસ્કારોનો સરવાળો સ્પષ્ટરીતે દેખાઇ આવશે. મતલબ કે મનુષ્યનો સ્વભાવ યાને પ્રકૃતિ બંધાવામાં સુખના તેમજ દુઃખના બંને પ્રકારના અનુભવો કાર્ય કરે છે; એટલુંજ નહિ પણ કેટલીક વખત તો સુખના કરતાં દુઃખથી મનુષ્યને અધિક જ્ઞાનપ્રાપ્તિ થાય છે. જગતમાં થઈ ગએલા મહાન્ પુરુષોનાં જીવનચરિત્રો તરફ દૃષ્ટિ કરીશું તો જણાશે કે તેઓમાંના ઘણાખરાઓ સુખના કરતાં દુઃખથી, સંપત્તિ કરતાં વિપત્તિથીજ અને સ્તુતિ કરતાં નિંદાથીજ વધારે જ્ઞાની અને પ્રભાવશીલ થયા છે.

પ્રત્યેક મનુષ્યની અંદર જ્ઞાનનો જન્મથીજ નિવાસ હોય છે, એ કાંઈ બહારથી આવનારી વસ્તુ નથી, એનો વાસ તો અંદરને અંદરજ હોય છે. અમુક મનુષ્ય અમુક જાણે છે, એમાં તાત્ત્વિક ભાષાથી વિચાર કરતાં 'અમુક મનુષ્ય અમુક પ્રગટ કરે છે અથવા વ્યક્ત કરે છે' એમજ સમજવું; કેમકે એમાં વાસ્તવિકરીતે જોતાં તે મનુષ્ય અગાધ જ્ઞાન અને સામર્થ્યના ભંડારરૂપ પોતાના આત્મા અને અંતઃકરણ વચ્ચેનો પડદોજ માત્ર તેટલે અંશે દૂર કરે છે અથવા તો તે પડદાને લીધે અવ્યક્ત રહેલા જ્ઞાનને વ્યક્ત કરે છે. આપણે કહીએ છીએ કે ન્યૂટને ગુરુત્વાકર્ષણનો નિયમ શોધ્યો. ત્યારે શું તે ગુરુત્વાકર્ષણ ન્યૂટનની વાટ જોઈ કોઈ ખૂણામાં બેસી રહ્યું હતું ? તે તો તેના પોતાના જ્ઞાનભંડારમાં પ્રથમથીજ હતું. એ ભંડાર તરફ તે વળ્યો અને તેણે તે વ્યક્ત કર્યું. સંસારમાં * જે જે જ્ઞાન ભાસે છે તે સર્વ એવી રીતે મનુષ્યના અંતરાત્મામાંથીજ વ્યક્ત થયેલું છે. આ આખા જગતમાં પણ માઇ શકે નહિ એવડો મોટો ગ્રંથભંડાર પ્રત્યેક મનુષ્યના અંતરાત્મામાં ભરેલો છે.

બાહ્ય વસ્તુસ્થિતિઓ તો માત્ર સૂચના અને પ્રસંગરૂપજ છે કે જે આપણા મનને આપણા પોતાના અંતરાત્માનો અભ્યાસ કરવા તરફ જાગૃત કરે છે–પ્રેરે છે. વૃક્ષપરથી ફળનું પતન થવાના બનાવે ન્યૂટનને પ્રેરણા થઈ ન્યૂટને તે પ્રેરણા ઉપર વિચાર–મનન કર્યું અને પરિણામે નિર્ણય કર્યો કે જે નિર્ણયને આપણે ગુરુત્વાકર્ષણનો

* **अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यंति जंतवः ॥** ભ. ગીતા.

નિયમ કહીએ છીએ. એ નિયમનું જ્ઞાન કાંઇ તે ફળમાં, વા પૃથ્વીના ગર્ભમાં અથવા તો કોઇ બીજી બાહ્ય વસ્તુમાં નહિ પણ તેના અંતઃકરણમાંજ રહેલું હતું. દરેકે દરેક જ્ઞાનનો ભંડાર મનુષ્યના અંતરમાંજ છે પછી તે જ્ઞાન આધ્યાત્મિક હો વા લૌકિક. એ જ્ઞાનનું પ્રકટીકરણ ન થયું હોય ત્યાંસુધી તે એમ ને એમ અવ્યક્ત –આચ્છાદિતજ રહે છે; અને જ્યારે એ આચ્છાદન (અંતઃકરણમાં ભળી ગએલા મળ અને વિક્ષેપને) દૂર કરવામાં આવે છે ત્યારે આપણને આપોઆપજ ક્રમશઃ જ્ઞાનની પ્રાપ્તિ થતી જાય છે. એ અંતરાય જેમ જેમ દૂર થતો જાય છે, તેમ તેમ જ્ઞાન વધારે વ્યક્ત થતું જાય છે. જે મનુષ્યના અંતઃકરણમાંથી એ દોષ દૂર થયા હોય છે તે જ્ઞાની કહેવાય છે, અને જેનામાં એ દોષ દૂર થયા નથી તે અજ્ઞાની કહેવાય છે. જે મનુષ્યમાંથી એ વિકાર સર્વાંશે અને સદાને માટે દૂર થયા હોય છે તે મહાજ્ઞાની અથવા સર્વજ્ઞ કહેવાય છે. જગત્પર એવા સર્વજ્ઞ–મહાજ્ઞાની પુરૂષો અનેક થઇ ગયા છે, અને અનેક થશે. ચકમકમાં જેમ અગ્નિ ગુપ્ત રહેલો છે તેમ જ્ઞાન પણ પ્રત્યેક અંતઃકરણ-માં ગુપ્ત રહેલું છે. જેમ ઘર્ષણનો યોગ થતાંજ ચકમકમાંનો અગ્નિ બહાર નીકળે છે તેમ જ્ઞાન પણ નિર્મળતા સાથે એકાગ્રતાનું ઘર્ષણ કરાવનારા પ્રસંગનો યોગ પ્રાપ્ત થતાંજ વ્યક્ત થાય છે.

આપણાં કર્મો અને મનોવિકારની પણ એવીજ સ્થિતિ છે–આપણાં અશ્રુ અને હાસ્ય, શોક અને આનંદ, દુઃખ અને સુખ, શાપ અને આશીર્વાદ, સ્તુતિ અને નિંદા એ પ્રત્યેકનું સૂક્ષ્મરીતે અવલોકન કરીશું તો માલુમ પડશે કે અનેક ક્રિયાઓ અને અનુભવોના ઘર્ષણના યોગથીજ–આપણા પોતાનાજ આંતરમાંથી ઉદ્‌ભવ્યાં છે, અને એ સર્વનું પરિણામ તેજ આપણો સ્વભાવ–પ્રકૃતિ છે. એ નાના પ્રકારના ઘર્ષણનેજ કર્મ યા ક્રિયાની સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. " કર્મ " એ શબ્દનો વ્યાપક અર્થ લેતાં મનુષ્ય પોતાની શકિતને વ્યક્ત કરવામાટે જે જે માનસિક વા શારીરિક ક્રિયાઓ કરે છે તે સર્વનું નામ " કર્મ " જ છે. આ વ્યાપક અર્થ પ્રમાણે આપણે સઘળો સમય કર્મ કર્યાજ કરીએ છીએ. હું તમારી આગળ ભાષણ કરૂં છું, એ પણ કર્મ છે. તમે સાંભળો છો, એ પણ કર્મ છે. આપણે શ્વાસ લઇએ છીએ, તે પણ કર્મ છે. આપણે ચાલીએ છીએ, તે પણ કર્મ છે. મતલબ કે દરેક ક્રિયા માનસિક યા શારીરિક જે કાંઈ આપણે કરીએ છીએ તે સર્વ કર્મજ કહેવાય છે, અને તે દરેક કર્મ આપણા ઉપર કાંઇને કાંઈ છાપ પાડી જાય છે.

કેટલાંક કર્મ એવાં હોય છે કે જે અનેક નાનાં નાનાં કાર્યોના સમુદાયથી બનેલાં હોય છે. સમુદ્રકિનારે ઉભા રહીને પાષાણની સાથે અથડાતાં મોજાંને આપણે સાંભ-ળીએ છીએ તો એક મોટો ધ્વનિ સંભળાય છે; પરંતુ આપણે જાણીએ છીએ કે તે દરેક મોજું નાનાં નાનાં અસંખ્ય મોજાંનું બનેલું છે; અને એ દરેક નાનું મોજું

પણ થોડો થોડો અવાજ કરતું હોવા છતાં જ્યારે તેવાં અનેક મોજાં એકત્ર થઇ એક મોટું મોજું બંધાય છે, ત્યારેજ તેમનો એકત્ર અવાજ સાંભળી શકાય છે. એવીજ રીતે હૃદયનો પ્રત્યેક ધબકારો પણ કર્મ છે. આ પ્રમાણે કેટલાંક નાનાં કર્મને પણ આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ. જો તમારે કોઈ મનુષ્યના સ્વભાવનું યોગ્ય નિરીક્ષણ કરવાની જીજ્ઞાસા હોય, તો પ્રથમ તેનાં કોઈ મોટાં-પ્રખ્યાત કાર્યો તરફ દૃષ્ટિ ફેંકશો નહિ; કારણ કે મૂર્ખ માણસ પણ કોઇક પ્રસંગે શૂરવીર બની જાય છે. કોઇવાર એકાદ કૃપણ મનુષ્ય પણ કર્ણથી વધે તેવો દાનેશ્વરી દેખાઇ જાય છે. પ્રત્યેક મનુષ્યના જીવનમાં એવો એકાદ પ્રસંગ આવે છે કે જ્યારે કાંઇક અસાધારણ કાર્ય તે કરી શકે છે; માટે તેનાં નિત્યનાં સામાન્ય કર્મોનુંજ નિરીક્ષણ કરો એટલે તેના સ્વભાવનું ખરૂં સ્વરૂપ માલૂમ પડી આવશે. અમુક સંયોગોને લીધે સામાન્ય મનુષ્ય પણ મહાન્ કાર્યો કરી શકે છે, પણ ખરો મહાન્ પુરુષ તો તેજ છે કે જેનાં નાનામાં નાનાં ગુપ્ત કાર્યો પણ કાળજી અને રહસ્યયુક્ત હોય છે.

મનુષ્યના બંધારણ અને સ્વભાવનું નિરીક્ષણ કરતાં તેમનાં કર્મ એ એક મુખ્ય અને અજબ વસ્તુ છે. દરેક મનુષ્ય ઇશ્વરના અંશરૂપ હોવાથી જગતના કેન્દ્રરૂપ છે અને તેથી જાણે તેના તરફ જગતની સર્વ શક્તિઓ ખેંચાઇ આવતી હોય અને તેને પોતામાં સંચિત કરીને પાછો કર્મરૂપે તેને જગત્ તરફ વહેવરાવતો હોય એમ માલૂમ પડે છે. પ્રત્યેક મનુષ્ય આ કેન્દ્રરૂપ હોઇને એનું સ્વરૂપ સર્વજ્ઞ અને સર્વશક્તિમાન હોવાથી ગુરુત્વાકર્ષણના નિયમ પ્રમાણે વિશ્વની અનેકવિધ શક્તિઓ તેના તરફ ખેંચાઇ આવે છે; અને પાછી તેને ક્રિયારૂપે તે બહાર પાડતો ચાલે છે. સારૂં અને ખોટું, સુખ અને દુઃખ ઇત્યાદિ સર્વ દ્વંદ્વો એ શક્તિના સારા યા ખોટા ઉપયોગનુંજ નામ અને પરિણામ છે. બહારની શક્તિઓને ખેંચવાનો જેમ મનુષ્યના અંતરમાં સ્વભાવ રહેલો છે, તેમ તેને યોગ્ય વા અયોગ્ય રૂપ આપીને પાછી જગત્ તરફ વહેવરાવવાનો પણ તેનામાં સ્વભાવ છે.

સમસ્ત જગત્નાં જે જે કાર્યો અને હીલચાલો આપણા જોવામાં આવે છે, તે સર્વ માનવવિચારોનાંજ પ્રત્યક્ષ સ્વરૂપો છે. મનુષ્યમાં અદૃશ્યરૂપે રહેતી ગુપ્ત ઇચ્છા-શક્તિનાંજ એ સર્વ વ્યક્ત સ્વરૂપો છે. યંત્રો, શસ્ત્રો, શહેરો, વહાણો અને લડાયક આગબોટો ઇત્યાદિ સઘળી દૃશ્યમાન વસ્તુઓ એ સર્વ ઇચ્છાશક્તિનાંજ વ્યક્ત સ્વરૂપો છે. મનુષ્યમાત્રમાં એ ઇચ્છાશક્તિ સ્વભાવથીજ રહેલી હોય છે, અને એ સ્વભાવ દરેક મનુષ્યનો પોતપોતાનાં કર્મને અનુસરીનેજ ઘડાયલો હોય છે. આથી આ સિદ્ધાંત નિર્માણ થાય છે કે જેવાં કર્મ હોય તેવોજ સ્વભાવ અને જેવો સ્વભાવ તેવીજ ઇચ્છા હોય.મતલબ કે જેવાં કર્મ હોય તેવીજ ઇચ્છા હોય. આ જગત્માં જે જે મહાન્ સમર્થ અને પ્રચંડ શક્તિવાળા પુરુષો થયા છે તેઓ સઘળા ભગીરથ કર્મો કરવાવાળા, પ્રચંડ

ઇચ્છાશક્તિવાળા અને મોટી ઉથલપાથલ કરવાની શક્તિ ધરાવનારા સમર્થ આત્માઓ હતા. આ ઇચ્છાશક્તિ તેઓએ અનેક જન્મ જન્માંતરોના સતત ઉદ્યોગ અને પરિશ્રમથી પ્રાપ્ત કરેલી હોય છે. બુદ્ધ અથવા ક્રાઇસ્ટના જેવી મહાન્ પ્રચંડ અને પવિત્ર ઇચ્છાશક્તિ કાંઈ એકાએક મેળવી શકાય નહિ. આ શક્તિ વારસારૂપે મળતી હોત તો આપણે જાણીએ છીએજ કે તેઓના પિતા કોણ હતા? એટલું પણ જાણવામાં નથી કે તેઓના વડીલે મનુષ્યપ્રાણીના ભલાને માટે એક શબ્દ પણ ઉચ્ચાર્યો હોય. જગત્‌માં જોસફ જેવા લક્ષાવધિ સુથારો થઈ ગયા છે અને હાલમાં પણ છે. બુદ્ધના પિતાના જેવા પણ હજારો રાજાઓ થઇ ગયા છે. જો વંશપરંપરાજન્ય સંસ્કારોનોજ સિદ્ધાંત કોઈ કહેતા હોય તો કયાં એ ક્ષુદ્ર રાજા કે જેની આજ્ઞાને ભાગ્યેજ એના નોકરો પણ ખરા મનથી માન્ય કરતા હોય, અને કયાં એનો પુત્ર બુદ્ધ કે જેની પૂજા લગભગ અર્ધું જગત્ ખરા અંતરથી કરે? કયાં એ સામાન્ય સુથાર અને કયાં તેનો એક પુત્ર કે જેને કોટયાવધિ મનુષ્યો ઇશ્વર માનીને પૂજા કરે? કહો આમાં કયા સિદ્ધાંતની ઘટના કરશો? વંશપરંપરાનો સિદ્ધાંત તો હજારો માઇલ દૂરજ રહેશે. તે પ્રચંડ ઇચ્છાશક્તિ કે જેને બુદ્ધ અને જીસસ ક્રાઇસ્ટે સમસ્ત જગત્‌માં પ્રસારી તે કયાંથી આવી? એ મહાન્ પ્રચંડ સત્ત્વનો સમુદાય તેમને કયાંથી પ્રાપ્ત થયો? એ શક્તિ અનેક યુગયુગાન્તરોમાં સંચિત કરેલી અને ક્રમે ક્રમે વૃદ્ધિ પામી છેવટે આ જગત્‌માં બુદ્ધ અને ક્રાઇસ્ટના રૂપમાં પ્રકટ થઈ હતી, કે જેની સત્તા આજે પણ તેવીને તેવીજ કાયમ છે.

આજે આપણને જેવો સ્વભાવ અને શરીર તેમજ બહારના શુભાશુભ સંયોગ પ્રાપ્ત થએલા છે તે સર્વ આપણા પોતાનાં કર્મનાજ પરિપાકરૂપ છે. જગત્‌માં એની મેળે મેળે તો કદિ પણ કશું આવી મળતુંજ નથી. કુદરતનો એ અબાધિત અને અનાદિસિદ્ધ નિયમ છે. કેટલીક વખત આપણને એથી ઉલટું ભાસે છે, પણ લાંબા વખતના અનુભવથી એ અજ્ઞાન દૂર થતાં બરાબર ખાત્રી થઇ જાય છે.

મનુષ્ય ધનવાન્ થવાને માટે ભલે આખી જીંદગીપર્યંત ફાંફાં માર્યા કરે, અને હજારો લોકોને છેતરે પણ અંતમાં એને માલૂમ પડે છે કે પોતે ધનવાન્ ન થઈ શકયો, અથવા થઇ શકયો તો તેટલું ધન મેળવવાથી જે સુખ મેળવવાનું કલ્પેલું તે સુખ તેમાંથી મળી શકે તેમ નથી; અને તેથી એટલું જીવન ફાંફાં મારવામાં વ્યર્થ ગુમાવીને નફામાં માત્ર તેની પાછળ જે શ્રમ-પ્રપંચ વગેરે વેઠયું તેજ મળ્યું છે. એવામાં રોગ, ઘડપણ કે બીજી ઉપાધિ આવી ઘેરે છે એટલે તો પછી તેનું જીવન અત્યંત કંટાળાભરેલું અને દુઃખકર થઇ પડે છે. વળી પ્રાપ્ત થએલા ધનનો પણ દાન અને ભોગમાં ઉપયોગ ન કરાય તો પરિણામે તે ધનનો અથવા તેના માલીકનો નાશ તો થાય છેજ. મતલબ કે શારીરિક ઉપભોગનેમાટે આપણે હજારો વસ્તુઓ ભેગી કરી

શકયા હઈએ તોપણ તેમાંથી જેટલીનો આપણે ઉપભોગ લઈ શકીએ છીએ અથવા બીજાઓના હિતાર્થે દાન કરી શકીએ છીએ, તેટલીજ વસ્તુઓ ખરેખર આપણી કહી શકાય તેમ છે. વારસામાં મોટી દોલત આપી જનારાઓનું ધન પણ વારસોને મોજશોખ અને અજ્ઞાન આળસમાં નાખીને એ પાંચ પેઢીમાં ઉડી જાય છે. કોઈ મૂર્ખ જગત્‌માંનાં સઘળાં પુસ્તકો ખરીદી એક મોટી લાયબ્રેરી બનાવે, પણ એ તો માત્ર જેટલાં પુસ્તકો વાંચવાને પાત્ર હશે તેટલાંનોજ ઉપભોગ કરી શકશે, અને એ પાત્રતા કર્મથીજ પ્રાપ્ત કરેલી હોય છે. આપણી પાત્રતા અને શકિત એ આપણાં કર્મથીજ નિર્માણ થાય છે.

આપણી આજે જે સ્થિતિ છે તે આપણે પોતેજ રચેલી અને પ્રાપ્ત કરેલી છે, અને તેજ પ્રમાણે આપણને જેવા થવાની ઇચ્છા હોય તેવા થવાની શક્તિ પણ આપણી અંદરજ રહેલીજ છે. આ પ્રમાણે જ્યારે આપણી સ્થિતિને સારી વા નરસી બનાવવાનું આપણાજ હાથમાં છે, તો પછી ભવિષ્યમાં અથવા બીજા જન્મમાં આપણે જેવા થવું હોય, તેવા થવાને લાયકનાંજ કર્મો કરવાનો આપણે અત્યારે આરંભ કરવો જોઇએ.

આપણે કેવાં કર્મ કરવાં જોઇએ તે પણ જાણવું જોઇએ. કોઇ કહેશે કે એ બાબતને જાણવાની શું જરૂર છે ? જગતમાં સર્વ કોઇ એક યા બીજી રીતે કર્મ તો કર્યાજ કરે છે; પરંતુ કર્મ શું ? અને અકર્મ શું ? એનો વાસ્તવિક ભેદ જાણ્યા વિના કર્મ કરવું એ કર્તવ્યશકિતનો દુરુપયોગજ કરવા જેવું છે. શ્રીકૃષ્ણભગવાને પણ ગીતાજીમાં કહ્યું છે કે, ' **योगः कर्मसु कौशलम्** ' ' **ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्मकर्तुमिहार्हसि** ,—કર્મ કેવાં કરવાં તે જાણીને અને શાસ્ત્ર તથા વિધિપૂર્વક કર્મ કરવાથી ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. તમારે નિત્ય ધ્યાનમાં રાખવું જોઇએ કે કર્મ કરવાં એટલે માનસિકશક્તિને વ્યક્ત કરવી–બહાર કાઢવી અને જીવાત્માને ગાઢ નિદ્રામાંથી જાગૃત કરવો. પ્રત્યેક મનુષ્યના આંતરમાં અપાર સામર્થ્ય અને જ્ઞાન બીજરૂપે રહેલું છે; અને તેથી જે જે પ્રકારનાં કર્મ કરવાં એ તે તે પ્રકારની શકિતઓને જગાડવાના આઘાતરૂપ છે.

મનુષ્ય જે જે કર્મો કરે છે તે સર્વમાં કાંઇને કાંઇ હેતુ રહેલોજ હોય છે. હેતુ વિના કર્મ હોઇ શકતાંજ નથી. જેમને કીર્તિ મેળવવાની ઇચ્છા હોય છે તેઓ કીર્તિને માટેજ કર્મો કરે જાય છે. ધનની ઇચ્છા હોય છે તેઓ ધન મેળવવાનાજ પ્રયત્નો કરવાને મચી પડે છે. સત્તાના ઉપાસકો સત્તામાટે, તો સ્વર્ગની ઇચ્છાવાળાઓ સ્વર્ગને માટેજ કાર્યોમાં પ્રવૃત્ત હોય છે. કોઇને વળી મરણ પછીજ ચીના લોકની માફક કીર્તિ મેળવવાનો લોભ હોય છે. ચીનાલોકમાં મરણ પછીજ સન્માનની પદવી આપવાનો રિવાજ છે, અને આપણા કરતાં એ પ્રણાલિકા વધારે સારી છે.

ચીનમાં જ્યારે કોઈ માણસે મોટું સત્કૃત્ય કર્યું હોય ત્યારે તેના પિતા અથવા પિતામહ જે સ્વર્ગમાં સિધાવ્યા હોય છે તેમનાજ નામને સન્માનની પદવી આપવામાં આવે છે; અને કેટલાક તો એજ હેતુથી કાર્ય કરવામાં નિમગ્ન હોય છે. મુસલમાનોમાં અમુક પંથના અનુયાયીઓ પોતાના મરણ પશ્ચાત્ મોટી કબર બંધાય એવાજ પ્રયત્નોમાં પ્રવૃત્ત હોય છે. વળી એવા પણ એક પંથની મને ખબર છે કે જેમાં બાળકનો જન્મ થયો કે તરતજ તેને માટે કબર બાંધવા માંડે છે. તેઓના જીવનમાં ઉત્તમમાં ઉત્તમ કબર બાંધવી એજ મુખ્ય કર્તવ્ય હોય છે અને તેઓની આબરૂ-મહત્તા તેઓની કબરથીજ મનાય છે. કેટલાકો શરીરને કષ્ટ આપવામાંજ આનંદ માને છે તો કેટલાક અનેક પ્રકારનાં દુષ્ટ કૃત્યો કરે છે, અને પછી દેવળો બંધાવે, દાન કરે, કે ધર્મગુરુઓને પૈસા આપી સ્વર્ગમાં જવાનો પરવાનો ખરીદ કરે છે ! તેઓ એમ સમજે છે કે આમ દાન કરવાથી પાપની નિવૃત્તિ થઇ સ્વર્ગની પ્રાપ્તિ થશે. આ પ્રમાણે અનેક પ્રકારના હેતુઓથી પ્રેરાઈ મનુષ્યો અનેક પ્રકારનાં કર્મો કરે જાય છે.

પરંતુ કર્મ કર્તવ્યની ખાતરજ કરવાં એજ ઉત્તમ છે. દરેક દેશમાં થોડાક પણ એવા પુરુષો હોય છેજ કે જેઓ નામ, કીર્તિ કે સ્વર્ગની પરવા નહિ કરતાં માત્ર કર્ત્તવ્યની ખાતરજ કર્મો કરે જાય છે; અને ખરેખર આવા પુરુષોજ મનુષ્યજાતિના પ્રાણરૂપ છે. કર્મોથી કોઇનું પણ ભલું કરી શકાય તેથી તેઓ આનંદ પામે છે. તેઓ બને તેટલો ગરીબોને ઉપકાર કરે છે, પ્રાણીમાત્રને મદદ કરે છે. આમ કરવામાં તેઓનો ઉદ્દેશ વધારે ઉચ્ચ હોય છે, તેઓને નિષ્કામપણે પરોપકાર કરવામાં બહુજ શ્રદ્ધા હોય છે. નામ અને કીર્તિના આશયથી જે કર્મો કરવામાં આવે છે તેનો પરિપાક મોડો થાય છે.

નિઃસ્વાર્થવૃત્તિથી કાર્ય કરનારને શું કાંઈ પણ ફળ મળતું નથી ? જરૂર મળે છે; એટલુંજ નહિ પણ નિષ્કામભાવથી કર્મ કરનારને વિશેષ અને ઉત્તમોત્તમ ફળ મળે છે, પણ એના ફળની સિદ્ધિ થતાં સુધી સામાન્ય મનુષ્યો ધીરજ રાખી શકતાં નથી. નિષ્કામ કર્મથી શારીરિક પ્રકૃતિને પણ ફાયદો થાય છે.

પ્રેમ સત્ય અને નિઃસ્વાર્થતા એ કેવળ નીતિવિષયક અલંકારિક શબ્દો નથી, પણ એજ આપણું ઉચ્ચતમ સાધ્ય છે; કારણ કે આપણી ચૈતન્યશક્તિને જાગ્રત કરવાનું અમોઘ બળ એ ગુણોમાં રહેલું છે. કોઇ મનુષ્ય ભવિષ્ય, સ્વર્ગ, સત્તા કે એવી કોઇ પણ બાબતનો સ્વાર્થ ન રાખતાં કેવળ નિઃસ્વાર્થવૃત્તિથી પાંચ દિવસ વા પાંચ મિનિટ પણ કાર્ય કરે તો જાણવું કે તેનામાં માનસિક ગુણો મેળવવાની યોગ્યતા બીજરૂપે રહેલી છે. નિષ્કામ કર્મ કરવું એ જોકે ઘણુંજ કઠિન છે, અને એવા પણ અનેક માણસો હોય છે કે જેઓ નિષ્કામતાનો ડોળ રાખે છે, છતાં મનથી તો કાંઇને કાંઇ વ્યાવહારિક બદલો અથવા મોટી મોટી કામનાઓ રાખી બેઠા હોય છે;

પરંતુ અહીંઆં કહેવાનું ખરી નિષ્કામતાને માટેજ છે. એવી સાચી નિષ્કામતાપૂર્વક થોડું પણ કાર્ય થવું એ આત્મસંયમની શક્તિનું ઉચ્ચતમ સ્વરૂપ છે. બહારના અનેક વ્યાપારો કરતાં આત્મસંયમ એ બહુજ ઉચ્ચશક્તિ છે. ચાર ઘોડા જોડેલી ગાડીને ટેકરી ઉપરથી છૂટી લગામથી દોડવા દેવામાં જે બળ પડે તેના કરતાં ઘોડાની લગામ કાબૂમાં રાખીને ટેકરી ઉતારવામાં ખરેખર વધારે બળ પડે છે. મોટા વેગથી છોડવામાં આવેલો તોપનો ગોળો રસ્તામાં કોઇ પણ જાતનો અંતરાય ન હોય તો ઘણે દૂર જઇને પડે છે; પરંતુ એમ થવાથી એની શક્તિ ઘણે ભાગે માર્ગ કાપવામાંજ વપરાઇ જઈ તેનો ખરો પ્રતાપ જણાતો નથી. કોઈ મોટી ભીંત યા એવો કોઇ અંતરાય આવે છે ત્યારેજ તે ગોળો પોતાનો પ્રચંડ પ્રતાપ દેખાડી દે છે. એજ પ્રમાણે સ્વાર્થબુદ્ધિથી પ્રેરાઇને આપણે જે જે વ્યાપાર કરીએ છીએ તેમાં આપણે આપણી ઘણીખરી શક્તિ વ્યર્થ ગુમાવીએ છીએ, અને વળી એ શક્તિ આપણને કોઈ રીતે પાછી પણ મળતી નથી; પરંતુ જો એ સ્વાર્થબુદ્ધિને દૂર કરીને મનપર કાબૂ રાખવામાં આવે—આત્મસંયમ કરવામાં આવે તો એજ સામર્થ્યમાં વધારો થઇ તે આપણને પાછી મળે છે. એ આત્મસંયમના પરિણામે આપણામાં પ્રચંડ ઇચ્છાશક્તિ ઉદ્દભવે છે; અને એ પ્રચંડ ઇચ્છાશક્તિ તેજ ક્રાઇસ્ટ અને બુદ્ધ. મનુષ્યોને અન્ય પ્રાણી–પદાર્થ ઉપર સત્તા ભોગવવાની ઇચ્છા રહ્યા કરે છે; પરંતુ શકિતની વૃદ્ધિનું ઉપર જણાવેલું રહસ્ય તેઓ જાણતા નથી. હાલના જમાનામાં મૂર્ખ માણસ પણ તે રહસ્ય જાણી શકે અને તેને અનુસરીને વર્તવાથી આખા જગત્ ઉપર પણ સત્તા જમાવી શકે; પરંતુ એમ કરતાં પહેલાં જગત્ ઉપર સત્તા ચલાવવાની વાસનાનો તેણે સમૂળો ઉચ્છેદ કરી નાખવો જોઇએ.

એ સ્વાર્થીભાવના નિર્મૂળ થવાથી એ મનુષ્ય જગત્માં એક પ્રચંડ શક્તિરૂપ બની જાય છે. કેટલાક પ્રાણીઓની દૃષ્ટિ અમુક આઠ કે દશ ફીટ છેટેજ જઇ શકે છે, તેમ આપણામાંના ઘણાખરા મનુષ્યોની દૃષ્ટિ પણ અમુક વર્ષોપર્યંતજ પહોંચી શકે છે. એક નાનું વર્તુળ એજ જાણે આપણી સૃષ્ટિ અને એજ આપણી દૃષ્ટિમર્યાદા હોય તેમ એની પેલી પારની વાતજ આપણા ધ્યાનપર આવતી નથી. દૃષ્ટિના આ સંકુચિતપણાને લીધેજ આપણે નીતિભ્રષ્ટ બની ગયા છીએ. એજ આપણી મોટી દુર્બળતા અને નિઃસત્ત્વતા છે.

કર્મ ગમે તેવાં નાનાં કે નીચ દરજ્જાનાં હોય, પરંતુ તેના તરફ અભાવ નહિ લાવતાં બને તેટલા ઉત્તમ પ્રકારે તે કરવાં જોઇએ. કોઈ મનુષ્ય કર્મના રહસ્યથી અજ્ઞાન હોવાને લીધે કીર્તિ વા સ્વાર્થના આશયથી કાર્ય કરતો હોય તો ભલે કરે, પણ સમજુએ તો પોતાની દૃષ્ટિ હમેશાં ઉચ્ચમાં ઉચ્ચ આશયભણી અને પોતાનું આંતર સામર્થ્ય વધારવાભણી રાખવી જોઇએ. ' કર્મ કરવાનોજ આપણને

અધિકાર છે પણ તેના ફળ તરફ આપણો અધિકાર નથી' * જો તમારે મનુષ્યને મદદ કરવાની ઇચ્છા હોય, તો તેનું વલણ તમારા પ્રત્યે કેવું છે તેની દરકાર કરશો નહિ. જો સારાં અને મહાન્ કર્મો કરવાની તમારી ઈચ્છા હોય, તો ફળની લેશમાત્ર પણ કામના રાખશો નહિ.

આ પ્રમાણે સદા કાર્યમાં જોડાઇ રહેવાનો નિશ્ચય કરવામાં આવે અને વસ્તુતઃ કર્મ કરવા સિવાય મનુષ્યની એક ક્ષણ પણ જતી નથી એ વાત સ્વીકારવામાં આવે; પણ એથી એક વિલક્ષણ પ્રશ્ન ખડો થાય છે કે, જ્યારે આપણે સદા સર્વદા કર્મોજ કરવાનાં છે ત્યારે શાંતિ ક્યારે મળવાની ? જો આપણે સદા કામમાંજ નિમગ્ન રહ્યા કરવાનું હોય તો પછી એકાંતવાસની શાંતિને સહન કરવાની અને એ શાંતિમાં અને ત્યાગમાં આનંદ લેવાની અમારામાં યોગ્યતાજ ક્યાંથી આવવાની ?

એકાદ એકાંતવાસી મનુષ્યને આ સંસારમાં લાવવામાં આવે તો જેવી રીતે એક પાણીમાં રહેનારી માછલીને પાણીની સપાટી ઉપર લાવવામાં આવે અને તેની જેવી દશા થાય તેવીજ એ એકાંતવાસી મનુષ્યની દશા થવાની.

બીજી રીતે કોઈ સંસારનાં કાર્યોમાં રચીપચી રહેલા મનુષ્યને એકાંત અને શાંતિના સ્થાનમાં આણવામાં આવે તો શું એને પણ ત્યાં સુખ અને આનંદ મળશે ? નહિજ; ઊલટો તે બિચારો દુઃખી થશે અને કદાચ ગાંડો પણ થઇ જાય ?

આ પ્રમાણે આ બંને દશાઓ અપૂર્ણ જણાય છે, તો તે બંનેનો યોગ કેવી રીતે થાય ? જગતમાં ખરો સંયમી મનુષ્ય તો એજ છે કે જે ગમે તેવા અરણ્યના એકાંત અને શાંત સ્થાનમાં પણ અત્યંત કાર્યમગ્ન રહી શકે છે, અને જે હજારો મનુષ્યના સમૂહમાં અને ભારે કોલાહલમાં પણ અરણ્યની માફક શાંતિ અને એકાંતને અનુભવે છે. તેણેજ પોતાના આત્માને જીતેલો છે; અને નિગ્રહના રહસ્યને પણ તેજ મનુષ્ય જાણે છે. આવો મનુષ્ય કોઇ મોટા શહેરના ઉદ્યમી અને કોલાહલમય ભાગમાંથી પસાર થાય છે તોપણ તેનું મન જાણે કે કોઇ ગુહામાં હોય તેવું શાંત હોય છે; એક શબ્દમાત્ર પણ એના કર્ણને અસર કરી શકતો નથી અને બધો વખત કર્મમાંજ નિમગ્ન હોય છે. કર્મયોગનું એજ ધ્યેય છે અને જો તમને તે પ્રાપ્ત થયું હોય તો તમે કર્મનું રહસ્ય જાણ્યું છે એમ સમજવું.

પણ આપણે તો એનો આરંભ આપણા વર્તમાન સંયોગ વચ્ચેજ કરવાનો છે. કોઈ પણ કાર્ય નિઃસ્વાર્થપણે કરતાં શીખવું એ આપણો પહેલો પાઠ છે. કોઇ પણ કાર્ય કરવાની ઇચ્છા થાય એટલે તે ઇચ્છા આપણને શા હેતુથી થાય છે તે હેતુનો આપણે બરાબર શોધ કરવો જોઇએ; કેમકે કાર્યમાં પડયા પછી તે હેતુ ઉપર પડદો પડીને તે અદૃશ્ય બની જાય છે, માટે કાર્ય કરવા પહેલાંજ તેનો હેતુ આપણે શોધી

* 'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' श्री. भ. गी.

કહાડવો જોઇએ. આમ કરવાથી શરૂ શરૂમાં તો આપણને આપણા હેતુઓ સ્વાર્થમય દેખાશે, પણ પ્રયત્નવડે ક્રમે ક્રમે એ સ્વાર્થપરાયણતા દૂર થવા માંડશે અને એક એવો સમય આવશે કે આપણે સદા સર્વદા નિઃસ્વાર્થ કર્મોજ કરે જઇશું.

આ પ્રમાણે આ દુસ્તર સંસાર વચ્ચે ધીમે ધીમે આગળ વધતાં આપણને માલૂમ પડશે કે છેવટે સર્વથા નિઃસ્વાર્થી બનવાનું પણ પ્રત્યેકમાટે સંભવિત છે. જે દિવસે આપણે સંપૂર્ણ નિઃસ્વાર્થી બની જઇશું તે દિવસે આપણામાં સર્વ સામર્થ્ય એકત્ર થએલું છે, એમ આપણને પ્રતીત થશે અને આપણો જ્ઞાનનો ભંડાર આપણામાં એકાએક પ્રકટ થશે.

कर्मयोग--प्रकरण बीजुं

કર્તવ્યદક્ષ સર્વ મનુષ્યો સમાન શ્રેષ્ઠ છે

સાંખ્યમત પ્રમાણે આ વિશ્વ ત્રિગુણાત્મક છે. એ ત્રણે ગુણનાં નામ સત્ત્વ, રજ, અને તમ છે, અને એનાં દશ્ય સ્વરૂપો અનુક્રમે સ્થૈર્ય, ચાપલ્ય અને જાડ્ય એ પ્રમાણે છે. પત્થર જેવી જડાવસ્થા એ તમોગુણનું દશ્ય સ્વરૂપ છે. રાગલોભાદિ વિકારોને વશ થઇને કાર્યમાં પ્રવૃત્ત થવું એ રજસનું દશ્ય સ્વરૂપ છે. આ ઉભયને સ્વાધીન કરી સમતોલપણું રહેવું એ સત્ત્વગુણનું કાર્ય છે.

પ્રત્યેક મનુષ્યમાં આ ત્રણે ગુણ રહેલા છે. તે પૈકી જે સમયે મનુષ્યમાં જે ગુણનું પ્રાધાન્ય હોય છે, તદનુસાર તે સમયે મનુષ્ય કર્મમાં પ્રવૃત્ત થાય છે. તમોગુણ પ્રબળ હોય છે ત્યારે આળસ આવીને આપણને સ્તબ્ધ–ક્રિયાશૂન્ય બનાવી દે છે, કોઇપણ જાતનો વિચાર ઉત્પન્ન થતો નથી. જે સમયે શરીરમાં ચપળતા આવીને મુશ્કેલ કાર્ય પણ આનંદપૂર્વક કરવા તૈયાર થઈ જઇએ છીએ, તે સ્થિતિમાં રજોગુણનું પ્રાધાન્ય સમજવું. જે સમયે આળસ ન હોવા છતાં પણ આપણે બીલકુલ શાંત હોઇએ, ત્યારે સત્ત્વગુણનું પ્રાબલ્ય સમજવું. ઘણું કરીને પ્રત્યેક મનુષ્યમાં સ્વભાથીજ આ ત્રણ પૈકી કોઇ પણ એક ગુણનું પ્રધાન્ય હોય છે. કેટલાક સ્વભાવથીજ આળસુ હોય છે તો કેટલાક ઉદ્યોગપ્રિય અને ચપળ હોય છે; તેમજ કેટલાક શાંત સ્વભાવના, મિષ્ટભાષી તથા સ્વભાવથીજ મૃદુ હોય છે. એ ત્રણે ભાવ અનુક્રમે તમ, રજ અને સત્ત્વના પ્રદર્શક છે. આ સૃષ્ટિમાં એક પણ એવો પદાર્થ નથી કે જે આ ત્રિગુણથી રહિત હોય. મનુષ્ય, પશુ, પક્ષી, ઝાડ, વનસ્પતિ ઇત્યાદિ સર્વ વસ્તુમાં થોડા વા અધિક પ્રમાણમાં એ ત્રણે ગુણ પ્રત્યક્ષપણે રહેલા હોય છે.

કર્મયોગમાં મુખ્ય કરીને આ ત્રણ ગુણનોજ વિચાર કરેલો છે. આ ગુણોનું વાસ્તવિક સ્વરૂપ કેવું છે, અને તેનો યથાયોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો, તેનું જ્ઞાન આપણને થાય છે; એટલે આપણાં કર્તવ્ય શાસ્ત્રને અનુસરીને કેમ કરવાં તે આપણને સમજાય છે. મનુષ્યસમાજની રચના દેશકાલાનુરૂપ જૂદા જૂદા પ્રકારની થએલી છે. નીતિ એટલે શું, કર્તવ્ય એટલે શું, એ બધું આપણે સર્વસામાન્ય રીતે સમજીએ છીએ, તોપણ જૂદા જૂદા દેશોમાં જૂદા જૂદા રીતરિવાજને અનુસરીને એ શબ્દોની વ્યાખ્યામાં ફેર પડે છે. જે રિવાજને એક દેશમાં નીતિ સમજાય છે, તેજ રિવાજને બીજા દેશમાં અનીતિ મનાય છે. કેટલાક દેશમાં ભાણેજીની સાથે લગ્ન કરવું તે સામાન્ય વ્યવહાર ગણાય છે,જ્યારે બીજા દેશમાં તેજ વ્યવહાર અનીતિમય કહેવાય છે. કેટલાક દેશમાં એક પત્ની સાથેજ લગ્ન કરવું એજ નીતિ મનાયેલી છે, જ્યારે બીજા દેશમાં અનેક સ્ત્રીઓ કરવી એમાંજ મહત્તા મનાતી હોય છે. એવી રીતે નીતિનાં અન્ય તત્ત્વોનાં પણ વ્યાવહારિક રૂપ પ્રત્યેક દેશમાં જૂદાં જૂદાં હોય છે.

કર્તવ્યની બાબત પણ એજ પ્રકારની છે. જૂદા જૂદા રાષ્ટ્રોમાં કર્તવ્યની કલ્પના ભિન્ન ભિન્ન હોય છે. એક દેશમાં કોઇ મનુષ્ય અમુક ક્રિયા ન કરે તો તેને સમાજ દુરાચરણી કહે છે, જ્યારે તેજ ક્રિયાની બીજા દેશમાં નિંદા થાય છે. આવી સ્થિતિ છતાં આપણને જણાય છે કે કર્ત્તવ્યની સમજણમાં પણ કાંઇક સર્વસામાન્ય નિયમો તો હોવાજ જોઇએ. આ પરસ્પર વિરોધી અનુભવોની એકવાક્યતા કરવા માટે બે માર્ગ ખુલ્લા છે. અજ્ઞાનીનો માર્ગ એ છે કે જે પ્રકાર હું જાણું છું તે પ્રકારજ એક સત્ય છે અને બીજા સર્વ માર્ગો અસત્ય છે એમ એ માને છે. બીજો જ્ઞાનીનો માર્ગ છે અને તેઓ એમ ધારે છે કે–ભિન્ન ભિન્ન દેશ, કાલ, પ્રકૃતિ ઇત્યાદિ સંયોગોને અનુસરીને એકજ સિદ્ધાંતનું વ્યાવહારિક બાહ્ય કર્તવ્ય અને નીતિનાં સ્વરૂપ પણ ભિન્ન ભિન્ન હોય છે. આ બાહ્ય ભેદ સાચો ન હોવાથી તે ભેદ મૂળ સિદ્ધાંતને વૃથા ઠરાવતો નથી; પરંતુ વિવિધ પરિસ્થિતિનેજ દર્શાવે છે. કોઈ પણ સ્થિતિ અને સંયોગોનું કર્તવ્ય અન્ય પ્રત્યેક સ્થિતિ અને સંયોગો ઉપર લાગુ પડી શકતું નથી. આવો એકતાનો માર્ગ જ્ઞાની પુરુષોનો હોય છે. નીચેના ઉદાહરણથી ઉપલી વાત સ્પષ્ટ થઈ જશે. “ દુષ્ટનો પ્રતિકાર ન કરો ” એવો ઉપદેશ સર્વ મહાન્ તત્ત્વવેત્તાઓનો છે. પોતાની જાતના સંરક્ષણને માટે પણ અન્યને દુઃખ દેવું નહિ. ખરેખર એ સિદ્ધાંત આપણને પણ ઉત્તમ અને વાસ્તાવિક લાગે છે; પરંતુ એ સિદ્ધાંતનો નિત્યના વ્યવહારમાં અમલ કરવામાં આવે તો કેટલા બધા અનર્થોની પરંપરા જાગૃત થાય તેનું અનુમાન કરો. દુષ્ટ મનુષ્યો આપણી માલમતા લૂંટી જાય, આપણા જીવનનો નાશ કરે અને તેમની મરજીમાં આવે તેમ વર્તન કરે, તેથી સઘળો સમાજ અસ્તવ્યસ્ત થઇ નષ્ટપ્રાય થઈ જાય. એ તત્ત્વનો કદાચ એકજ દિવસ અમલ કરવામાં

આવે તોપણ આખો સમાજ રસાતળમાં પહોંચવાનો સંભવ છે. "દુષ્ટનો પ્રતિકાર ન કરો" એ તત્ત્વની સત્યતા જરા પણ આપણા મનથી ઓછી થતી નથી અને તે આપણને ઉત્તમમાં ઉત્તમ લાગે છે; તોપણ સમાજની હાલની સ્થિતિને માટે અનિષ્ટ છે. એ સિદ્ધાંત ઉત્તમ છે માટે તે પ્રમાણે નહિ વર્તનારા પ્રત્યેક પાપી છે; એમજ ઠરતું હોય તો પછી "આપણે પાપી છીએ" એવી કલ્પના આપણને કેવા ખાડામાં લઇ જઇને નાખશે તે કહી શકાય નહિ. "હું પાપી છું" એવું પોતાના મનથી કોઇને પણ લાગવા માંડયું, એટલે તેનું પરિણામ મનની દુર્બળતામાંજ આવે છે. આવા દુર્બળ મનુષ્યને હાથે કોઇ પણ બાબત પાર પડવી અશક્ય છે, અને એકવાર મનુષ્ય તેને અધીન થયો એટલે એ દુર્બળતાનો વેગ તેનામાં વધતોજ જાય છે. આ પ્રકારની દુર્બળતા સઘળાં અનિષ્ટોનાં દ્વાર ખુલ્લાં કરી દે છે. મનની દુર્બળતા કરતાં વધારે મોટું પાપ જગતમાં અન્ય કોઈ નથી અને મનુષ્યજાતિનો એના જેવો બીજો કોઇ મોટો શત્રુ નથી. જેવી રીતે આ મનોદુર્બળતા એ એક વ્યક્તિના નાશનું કારણ છે તેવીજ રીતે રાષ્ટ્રમાં એ દુર્બળતા ફેલાઇ જવાથી રાષ્ટ્રનો પણ નાશ થઇ જાય છે. "અમે મૂર્ખ, અમે પાપી" એવી માન્યતાનો શિકાર થનાર માણસ અથવા દેશ દુર્ગતિના ખાડામાંથી કદિ પણ (તે માન્યતાને છોડી દીધા સિવાય) નિકળી શકે તેમ નથી; માટે આપણે આવી રીતે આપણું અહિત કદિ પણ ન કરવું જોઇએ, આપણામાં દૃઢ આત્મશ્રદ્ધા ઉપજવી જોઇએ અને ઇશ્વરમાં પણ દૃઢ શ્રદ્ધા હોવી જોઇએ. જેને પોતામાં વિશ્વાસ હોતો નથી તેને ઇશ્વરમાં પણ શ્રદ્ધા હોઇ શકે નહિ એમ બરાબર સમજજો.

સારાંશ એટલોજ કે નીતિ અને કર્તવ્યનાં બાહ્યસ્વરૂપ દેશકાલાનુસાર જૂદાં જૂદાં હોય છે, એ વાત હમેશાં ધ્યાનમાં રાખજો, જેવી રીતે અમુક પરિસ્થિતિમાં 'દુષ્ટનો પ્રતિકાર ન કરવો' એ કર્ત્તવ્ય છે; તેવીજ રીતે પરિસ્થિતિ બદલાય ત્યારે 'દુષ્ટનો પ્રતિકાર કરવો' એ પણ કર્તવ્ય થઇ પડે છે.

ભગવદ્ગીતાના બીજા અધ્યાયમાં ભગવાન્ શ્રીકૃષ્ણે અર્જુનને યુદ્ધથી વિમુખ થવા માટે પ્રતિકાર કરવાનો એટલે કે અન્યાયનો અસ્વીકાર કરવા માટે દાંભિક અને બાયલો કહેલો છે, એ વાંચીને કેટલાકોને આશ્ચર્ય પણ થયુંજ હશે. સમરાંગણમાં સર્વ શત્રુઓ પોતાના મિત્ર અને સંબંધીજનો હોવાથી તેમની સાથે યુદ્ધ કરવું એ અર્જુનને મહાન્ પાપરૂપ લાગ્યું હતું, સમસ્ત વિશ્વપર પ્રેમ કરવો એ પ્રેમનું અતિ ઉચ્ચતત્ત્વ હોઇને સ્વજનોનો વધ કરવો એટલે કે પ્રેમને દેખતી આંખે તિલાંજલિ આપવી; એવું સમજીને અર્જુને યુદ્ધ કરવાની ના પાડી હતી.

જ્યારે અજવાળું બહુજ ઓછું હોય છે ત્યારે આપણે દેખી શકતા નથી; તેમજ પ્રકાશ તીવ્ર ગતિમાં હોય છે ત્યારે પણ આપણે દેખી શકતા નથી. ધ્વનિવિષે પણ એમજ છે કે જ્યારે અવાજ ઘણોજ સૂક્ષ્મ હોય ત્યારે પણ આપણે સાંભળી શકતા

નથી; અને તે જ્યારે અતિ ઉગ્ર તથા પ્રચંડ હોય છે ત્યારે પણ તેને સાંભળી કે સમજી શકતા નથી. ગતિનું પણ એમજ છે; જેમકે ઘડીઆળના કલાક કાંટાની ગતિ પણ આંખોવડે જોઈ શકતી નથી, તેમ એકાદ સપાટાબંધ ફરતા ચક્રની ગતિ પણ જોઈ શકાતી નથી. એજ પ્રમાણે પ્રતિકાર અને અપ્રતિકારમાં ભેદ છે.

માટે ધ્યાનમાં રાખવા જેવું એજ છે કે દરેક વિષયમાં બન્ને સ્થિતિઓની આત્યંતિક અવસ્થા સરખીજ છે. પ્રવૃત્તિની તેમજ અપ્રવૃત્તિની આત્યંતિક અવસ્થા સમાનજ છે. જડપદાર્થોની બાબતમાં આ નિયમ લાગુ પડે છે તેમ ચૈતન્યવાન્ માટે પણ લાગુ પડે છે. એક માણસ દુર્બળ અને આળસુ હોવાથી પ્રતિકાર કરી શકતો નથી, અને બીજો માણસ કે જે ધારે તો સારી પેઠે પ્રતિકાર કરી પોતાના શત્રુને ભોંયભેગો કરી દે એમ છે; તોપણ તે પ્રતિકાર નહિ કરતાં ઊલટો શત્રુને આશીર્વાદ આપે છે. આનો અર્થ એજ છે કે જે મનુષ્ય પોતે બીકણ હોવાના કારણથીજ પ્રતિકાર કરતો નથી તેને પાતક લાગે છે, અને પ્રતિકાર નહિ કરવાથી થનારા લાભો પણ તેને મળી શકતા નથી. જ્યારે ઉપર કહેલો બીજો સબળ મનુષ્ય પ્રતિકાર કરે છે તો તેને તેમ કરવાથીજ પાતક લાગે છે.

બુદ્ધ જન્મથી રાજપુત્ર છતાં પોતાનું રાજ્ય છોડીને વિરક્ત થયો; આનુંજ નામ ખરો વૈરાગ્ય. એક ભીખારી કે જેની પાસે ત્યાગ કરવાનું કાંઇ છેજ નહિ તેની ગરીબાઇને કાંઇ ત્યાગ કહી શકાય નહિ. એટલા માટે "અપ્રતિકાર" અને "વિશુદ્ધપ્રેમ" વિષે ચર્ચા કરતી વખતે આપણે આપણામાં સાચું સામર્થ્ય કેટલું છે તેનો પણ વિચાર કરવો જોઇએ. આપણે બારીકાઇથી સમજી લેવું જોઇએ કે આપણામાં પ્રતિકાર કરવાની શક્તિ છે કે નહિ. આપણામાં જો વાસ્તવિકરીતે એ શક્તિ હોય અને આપણે તેનો ત્યાગ કરીને "અપ્રતિકાર" ગ્રહણ કરીએ તોજ ખરેખર આપણે સત્યપ્રેમનું મહત્ કાર્ય કર્યું કહેવાય; પરંતુ આપણામાં પ્રતિકાર કરવાની શક્તિ તો હોય નહિ અને "ઉચ્ચ પ્રેમની ખાતરજ પ્રતિકાર કરતા નથી" એમ કહીએ કે માનીએ તો તે પાપજ કહેવાય. શત્રુઓની પ્રચંડ સેનામાં પોતાનાં સગાંસંબંધીઓને જોતાંજ અર્જુનનું ચિત્ત ક્ષણભર કંપિત થઈ ગયું, અને એવી અવસ્થામાં તેને "અપ્રતિકારનું" તત્ત્વ સાંભળી આવ્યું. સગાંસંબંધીઓપ્રત્યેનો પ્રેમ અને ધર્મ તેના હૃદયમાં ઉભરી આવ્યાં અને એવા એકદેશી પ્રેમ અને ધર્મના આવેશમાં દબાઇ જઇને સમગ્ર દેશ પ્રત્યે એક રાજ્યકર્તાતરીકેનાં કર્તવ્યોનું ભાન તેનાથી ભૂલાઇ ગયું! "અપ્રતિકાર"-ના બહાના નીચે ઉપર કહી તેવી મનોદુર્બળતાએ છુપાઇ બેસવા માગ્યું! પરંતુ સ્થિતપ્રજ્ઞ પુરુષોત્તમ શ્રીકૃષ્ણે તેની એ દશાને તુરતજ ઓળખી લીધી અને કહ્યું કે, "તું પંડિતની માફક વાતો કરે છે, અને નહિ શોચવા યોગ્ય બાબતનો શોચ કરે છે, માટે હે પરંતપ! આ ક્ષુદ્ર હૃદયદૌર્બલ્યને ત્યજીને ઉઠ, ઉભો થા અને યુદ્ધ કર."

આ પ્રમાણે કર્મયોગનું મુખ્ય ધ્યેય છે. ખરો કર્મયોગી તેજ છે કે "પ્રતિકાર ન કરવો" એજ મુખ્ય અને ઉચ્ચતત્ત્વ છે એમ સારીપેઠે સમજે છે. પ્રતિકાર કરવાનું પૂર્ણ સામર્થ્ય પોતામાં હોવા છતાં મન ઉપર કાબૂ રાખીને પ્રતિકાર નહિ કરવાથી પોતાનામાં જે નવીન શક્તિ આવશે તે વાતનું જ્ઞાનજ તેને માટે એ સમયે પૂરતું થઈ પડે છે; પરંતુ એવી અત્યુચ્ચ દશા પ્રાપ્ત થતાં સુધી તે પ્રતિકાર કરવામાંજ પોતાનું બળ વધતું સમજીને તેજ પ્રમાણે વર્તે છે. ઉચ્ચ દશાએ પહોંચતાં સુધી વર્તમાન દશાને અનુસરતું વર્તન રાખીને પોતાનું સામર્થ્ય ખીલવવું એજ પ્રત્યેકને માટે ઉત્તમ છે.

મારા દેશમાં એક વખતે મને એક મનુષ્ય મળ્યો. હું પ્રથમથીજ જાણતો હતો કે તે મૂર્ખ અને આળસુ છે. તે કાંઇ પણ જાણતો ન હતો, તેમજ જાણવાની ઇચ્છા પણ નહોતો કરતો. એવું પશુવત્ જીવન વ્યતીત કરતો હતો. તેણે મને પૂછ્યું કે, "પરમેશ્વરને ઓળખવાની યુક્તિ મેળવવાને માટે મારે શું કરવું જોઇએ?" મેં તેને પ્રશ્ન કર્યો કે, "તને જુઠું બોલતાં આવડે છે?" તેણે ઉત્તર આપ્યો કે, "ના," એટલે મેં કહ્યું કે, "પ્રથમ તો તું ખોટું બોલતાં શીખ, સર્વમાં પશુ કે પાષાણની માફક બેસી રહેવા કરતાં અસત્ય બોલવું એ પણ તારે માટે ઠીક છે. તું જડ છે તેથી સર્વ કર્મોથી પર, શાંત અને ઉચ્ચ સ્થિતિ તારાથી ઘણી દૂર છે. વળી તું એટલો બધો આળસુ છે કે તારાથી કાંઈ સારૂં તો શું પણ ખરાબ કાર્ય પણ થઇ શકે એમ નથી." ખરેખર તે મૂર્ખ હતો અને હું તેની સાથે મશ્કરીમાંજ વાત કરતો હતો, છતાં ઉપલી વાતમાં મારો ઉદ્દેશ એવું કહેવાનો હતો કે મનુષ્યે નિરુદ્યમીની શાંતિમાંથી સ્થિતપ્રજ્ઞની શાંતિને પહોંચવામાટે કર્મમાર્ગની નીચલી ભૂમિકાથી આરંભ કરવો જોઇએ.

મનુષ્યને માટે પત્થર જેવી નિશ્ચેષ્ટ દશા કદિ પણ ઇચ્છવા જેવી નથી. ક્રમે ક્રમે સ્થિતપ્રજ્ઞના જેવી નિશ્ચલતા પ્રાપ્ત થતાં સુધી તેણે ઉદ્યમ કરવોજ જોઇએ, અને ઉદ્યમ કરવો એટલે વાસ્તવિકરીતે પ્રાપ્ત નિકૃષ્ટ દશાનો પ્રતિકાર કરવો એજ અર્થ છે. માનસિક અને શારીરિક સંકટોનો પ્રતિકાર કરો અને એ પ્રતિકાર કરતાં કરતાં ક્રમે ક્રમે તમને સ્થિતપ્રજ્ઞની શાંતિ આપોઆપ પ્રાપ્ત થવાનીજ. "કોઇનો પણ દ્વેષ ન કરો," અભ્યાસનો પણ પ્રતિકાર ન કરો, ઇત્યાદિ વાક્ય બોલવામાં ઘણાં સહેલાં છે; પણ આપણે સારીપેઠે સમજીએ છીએ કે તેને અમલમાં મૂકવાં એ કેટલી અઘરી વાત છે. સમાજની દૃષ્ટિ આપણા તરફ હોય છે, ત્યાંસુધી આપણે પ્રતિકાર ન કરવાનો ઢોંગ કરીએ છીએ ખરા, પણ આપણા અંતરમાં તો પ્રતિકારની ભાવના જાગૃતજ હોય છે. આપણું હૃદય તો અપ્રતિકારથી પ્રાપ્ત થતી શાંતિથી બીલકુલ શૂન્યજ હોઇને તેમાં પ્રતિકાર કરવાની ઇચ્છા થયાજ કરે છે. ધન પ્રાપ્ત કરવાની ઇચ્છા મનમાં થતાંજ તમને એમ વિચાર

આવે છે કે ધનની ઇચ્છા કરનારને તો જગત્ હલકો લેખે છે. કદાચ આવા વિચારને લીધે તમે ધન મેળવવાના પ્રયત્નમાં નહિ ઉતરો, પણ હૃદયમાંથી તો રાતદિવસ ધનનો જપ નહિજ મટે. આવો જપ મનમાં ચાલ્યા કરવા છતાં–ત્યાગી કહેવરાવવામાં–નિર્લોભી કહેવરાવી બેસી રહેવામાં શું શાણપણ છે ભલા ! આવે પ્રસંગે આવા ખોટા ડોળમાં ન રહેતાં સપાટાબંધ ઉદ્યોગ કરો; એટલે સંપત્તિને પ્રાપ્ત કરવામાં કેવાં સુખ-દુઃખ આવે છે તેનો પ્રત્યક્ષ અનુભવ મળીને તમારૂં મન આપોઆપજ શાંત થતું જશે, અને પછી અપ્રતિકાર–વિરાગ અને શાંતિ ક્રમે ક્રમે આપોઆપજ આવીને તમારી સમક્ષ પ્રત્યક્ષ હાજર થશે. કોઇ પણ વસ્તુની પ્રબળ ઇચ્છા થાય ત્યારે ત્યાગ–સંતોષ-નો ઢોંગી દેખાવ રાખવા કરતાં તે ઇચ્છાને પૂરી કરવા મથવું એજ હિતકર છે. પરિણામ તે પ્રાપ્ત થયા પછીથી જે થોડી ઘણી શાંતિ તમને મળશે તે સમયે તમને સમજાશેજ કે કેટલા પરિશ્રમને પરિણામે કેટલું બધું તુચ્છ સુખ મળ્યું છે. આવું અનુભવજ્ઞાન એક વખત તમને મળશે એટલે પદાર્થની ઇચ્છાના ત્યાગમાં રહેલા સુખનો ખરો મહિમા તમને સમજાશે. શાંતિ અને ત્યાગના આવા વિચારોનો ઉપ-દેશ હજારો વર્ષથી સાધુ–સંતો કરતા આવ્યા છે, અને આપણે પણ બાલ્યાવસ્થાથી તે સાંભળતા આવ્યા છીએ; તોપણ ખરી શાંત સ્થિતિને પ્રાપ્ત થયેલા હોય એવા પુરુષો ભાગ્યેજ આપણે દેખી શકીએ છીએ ! મેં લગભગ અર્ધા જગતમાં પ્રવાસ કરેલો છે, પણ મને યાદ છે કે ખરેખરી શાંત અને ત્યાગની સ્થિતિએ પહોંચેલા વીશ પુરુષો પણ મેં ભાગ્યેજ જોયા હશે.

પ્રત્યેક મનુષ્યે પોતાનાજ મનથી કાંઇ પણ ધ્યેય મુકરર કરીને તેને માટે પ્રયત્ન કરવા મંડી જવું એજ શ્રેષ્ઠ માર્ગ છે. બીજાઓ તરફથી વગર સમજે સૂચવાયેલા માર્ગે ચાલવું એ નુકશાનકારક છે.

જેવી રીતે એકાદ નાના બાળકને પાંચ દશ ગાઉ પગે ચાલીને મુસાફરી કરવાનું કાર્ય સોંપવામાં આવે, તો તે બિચારૂં અર્ધા રસ્તામાંજ મરણ પામશે અને કદાચ હજા-રોમાંથી એકાદ બાળક મુસાફરી પૂર્ણ કરે તોપણ તે સ્થાને પહોંચતા પહેલાં અર્ધમૃત તો થવાનુંજ. જગતમાં આપણે પણ ઘણીવાર આવાજ પ્રકારનો વ્યવહાર કરીએ છીએ.

સમાજનો પ્રત્યેક મનુષ્ય વા સ્ત્રી કાંઇ એકજ વિચાર યા એકસરખા સામર્થ્ય-વાળાં હોતાં નથી. દરેકના વિચાર અને ધ્યેય ભિન્ન ભિન્ન હોય છે, અને તેથી બીજાના વિચારોને ધિક્કારવાનો આપણને અધિકાર નથી વા એ આપણું કાર્ય નથી. દરેક મનુષ્યને પોતાનુંજ ઉચ્ચતમ ધ્યેય પ્રાપ્ત કરવામાટે તનતોડ પ્રયત્ન કરવા દ્યો. તમારા ઉચ્ચતમ ધ્યેયમાટે મારા વિચારોની અને મારા ઉચ્ચતમ ધ્યેયવડે તમારા વિચારોની તુલના કરવી એ યોગ્ય નથી. આંબાના વૃક્ષનું લાકડું સાગના જેવું મજ-બૂત નથી અથવા સાગના વૃક્ષને આંબાના જેવાં મધુર ફળ લાગતાં નથી; એમ કહીને

એ બંને વૃક્ષને નાલાયક ઠરાવનાર મનુષ્ય શું ડાહ્યો ગણાશે !

જગતમાં કેટલીએ ભિન્નતા જોવામાં આવે છે પણ તે સર્વ ભિન્નતાઓના મૂળમાં એકતાજ રહેલી છે.

ગૃહસ્થાશ્રમીએ નિત્ય પરમેશ્વરનું ચિંતવન કરવું અને ઈશ્વરપ્રાપ્તિ એજ જીવનનું અંતિમ ધ્યેય રાખવું જોઇએ; તોપણ નિત્યનૈમિત્તિક કર્મોમાં કદિ પણ પ્રમાદ આવવા દેવો જોઇએ નહિ. વળી તેણે કર્મ કરવાં તે ફળને માટે નહિ પણ કર્તવ્ય સમજીનેજ કરવાં જોઇએ.

જગતમાં કર્મ કરવાં અને તેના ફળની આશા ન રાખવી એ અત્યંત દુષ્કર છે. કોઇ મનુષ્યને મદદ કરીને તેની પાસેથી ઉપકારની કાંઇ પણ આશા ન રાખવી તેમજ એકાદ જનસેવાનું કાર્ય કરીને નામ યા કીર્તિનો લોભ ન રાખવો, એ ખરેખર અસિધારાવ્રત છે. જગત્ સ્તુતિ કરવા માંડે તો તે વેળાએ કોઇ બીકણ માણસ પણ શૂરવીર બની જાય અને લોકપ્રશંસા કરવા માંડે તો એકાદ મૂર્ખ પણ શૂરવીર બની જાય. એટલી બધી કીર્તિની પ્રચંડ લાલસા મનુષ્યહૃદયમાં હોય છે, કે એ લાલસા બીલકુલ નષ્ટ કરી જગતની સ્તુતિની કિંચિત્ પણ પરવા ન કરતાં પરોપકારનાં કાર્ય કર્યે જવાં એ મહાન્ દુષ્કર યજ્ઞ છે. જગતના સર્વ યજ્ઞો કરતાં એ યજ્ઞ મહાન્ શ્રેષ્ઠ છે.

આપણા તથા આપણા કુટુંબીઓના નિર્વાહને માટે ધન ઉપાર્જન કરવું એ ગૃહસ્થાશ્રમીનું કર્તવ્ય છે; પણ ખોટું બોલીને, ફસાવીને, ચોરીને વા છેતરીને ધન સંપાદન કરવું એ કર્તવ્ય નથી. સાથે વળી એ પણ યાદ રાખવું જોઇએ કે, એમ ખરાબ રસ્તે જતા અટકવું એટલુંજ નહિ પણ ઈશ્વરનું ધ્યાન અને ગરીબોની સેવા કરવી એ પણ તેનો મુખ્ય ધર્મ છે.

જીવનની આ પ્રત્યેક આશ્રમવ્યવસ્થામાં મનુષ્યને ભિન્ન ભિન્ન પ્રકારનાં કર્તવ્યો કરવાનાં હોય છે, પણ તે ઉપરથી અમુક આશ્રમ બીજા આશ્રમથી ખરાબ છે એમ સમજવાનું નથી. જીંદગીના અંતસુધી બ્રહ્મચર્યાશ્રમમાં અવિવાહિતપણે રહીને ધર્મ, જ્ઞાનનું દાન તેમજ ધર્મકૃત્ય કર્યા કરનારો મનુષ્ય અને લગ્ન કરી ગૃહસ્થાશ્રમી બનીને તે આશ્રમને ઉચિત ધર્મને અનુસરનારો મનુષ્ય એ બંનેમાં આધ્યાત્મિક દૃષ્ટિથી કાંઇ પણ ભેદ નથી. એક સ્વધર્મમાં રત રહેનાર રસ્તાનો ભંગી અને બીજો સ્વધર્મપરાયણ રાજા એ બંનેની યોગ્યતા આધ્યાત્મિક દૃષ્ટિથી સરખીજ છે. ધારો કે એક ક્ષણભર પેલા ઝાડુવાળાને રાજ્યગાદી સોંપવામાં આવે અને પેલા રાજાને ઝાડુનું કાર્ય સોંપવામાં આવે, તો તમેજ કલ્પના કરો કે તેઓની કેવી દશા થાય ! કોઇ મનુષ્ય સંસારનો ત્યાગ કરી અરણ્યવાસ સ્વીકારે તેટલા ઉપરથીજ તે મનુષ્ય સંસારી પુરુષ કરતાં શ્રેષ્ઠજ હોય છે એમ કહી શકાય નહિ. વિચાર કરીએ તો સંસારમાં રહીને સ્વધર્મના પાલનપૂર્વક ઈશ્વરભક્તિ કરવી એ અરણ્યવાસ કરવા કરતાં પણ ઘણુંજ મુસ્કેલ છે.

આધુનિક સમયમાં પ્રાચીન ચાર આશ્રમ નષ્ટ થઇ તેને બદલે બેજ આશ્રમ રહ્યા છે. એક ગૃહસ્થાશ્રમ અને બીજો સંન્યસ્તાશ્રમ. ગૃહસ્થાશ્રમી પુરુષે સંસારમાં રહીને લૌકિક આચાર પાળીને ઈશ્વરચિંતન કરવું. સંન્યાસીએ કેવળ ધર્મપરાયણ રહીને તત્ત્વ-ચિંતન કરવું, અને લોકોને ધર્મના માર્ગનો ઉપદેશ કરવો. મહાનિર્વાણતંત્રમાં આ વિષય સંબંધી ઘણા નિયમો છે તેમાંના કેટલાક અત્રે તમને કહું છું; જેથી ગૃહસ્થાશ્રમનું યથાર્થરીતે ભાન થાય. સ્ત્રીપુરુષોના જાતિસ્વભાવો તેમજ પ્રત્યેક વ્યક્તિના સ્વ-ભાવો ભિન્ન ભિન્ન હોય એ સ્વાભાવિક અને સામાન્ય સૃષ્ટિનિયમ છે, અને તેથી કરીને એકજ ધ્યેય અથવા એકજ સરખા વિચારો દરેકને લાગુ પાડી શકાય નહિ; અને કદાચ એજ માર્ગ ગ્રહણ કરવામાં આવે તો અસાધારણ વિગ્રહ ઉત્પન્ન થઇને એવું પરિણામ આવે કે પ્રત્યેક મનુષ્ય પોતાનેજ ધિક્કારે અને પ્રગતિ તથા ધર્મનાં દ્વાર બંધ થઇ જાય. માટે બીજાઓ પ્રત્યે આપણું કર્તવ્ય એટલુંજ છે, કે તેઓમાં પોતાનું ઉચ્ચતમ ધ્યેય સમજવામાં અને તે પ્રાપ્ત કરવામાં સહાય કરવી; અને તેના ધ્યેયમાં ભૂલ જણાય તો તેને સમજાય તેવી રીતે તે તેના ધ્યાનપર લાવીને તેમના વિચારોને આપણાથી બની શકે તેટલા પ્રમાણમાં સત્ય પ્રતિ દોરવાનો પ્રયત્ન કરવો.

આ તત્ત્વો હિન્દુઓનાં ધર્મશાસ્ત્રોમાં ઘણા પ્રાચીન સમયથી પ્રકટ કરેલાં છે. જૂદા જૂદા આશ્રમો જેવા કે—બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ અને સંન્યસ્તને માટે જૂદાં જૂદાં ધ્યેય અને તેને પ્રાપ્ત કરવાના માર્ગ તથા નિયમો દર્શાવેલા છે.

હિંદુધર્મશાસ્ત્ર પ્રમાણે પ્રત્યેક વ્યક્તિને મનુષ્યતરીકેનાં સર્વ સાધારણ કાર્યો ઉપરાંત કાંઇક વિશેષ કર્તવ્યો પણ કરવાનાં હોય છે. હિન્દુ જીવનનો પ્રારંભ પ્રથમ બ્રહ્મચર્યાશ્રમથી થાય છે. એ આશ્રમ પૂર્ણ થયા પછી લગ્ન કરીને તે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે. એ પછી વૃદ્ધાવસ્થા આવવા લાગતાં વિરક્તતા ઉપજતાં તે વાનપ્ર-સ્થાશ્રમ ધારણ કરે છે અને તે પછી સર્વસંગનો પરિત્યાગ કરીને સંન્યસ્ત ધારણ કરે છે.

ગૃહસ્થાશ્રમીએ, માતાપિતાને ઈશ્વરના સાક્ષાત્ સ્વરૂપ સમજીને તેમને સદાકાળ સર્વ રીતે સંતુષ્ટ રાખવાં. માતાપિતાની પ્રસન્નતા એજ પરમેશ્વરની પ્રસન્નતા છે. જે પુત્ર માતાપિતાને કદિ પણ કટુશબ્દ સંભળાવતો નથી તેજ ખરો પુત્ર છે.

માતાપિતાના દેખતાં હાસ્યવિનોદ યા ઠઠ્ઠામશ્કરી કદિ પણ કરવી નહિ. તેમના પ્રતિ ઉતાવળાપણું, અધીરાપણું કે ક્રોધ દર્શાવવો નહિ. માતાપિતાની પાસે જવું ત્યારે તેમને નમન કરવું અને જ્યારે તેઓ બેસવાની આજ્ઞા આપે ત્યારે તેમના બેઠા પછી બેસવું.

જે ગૃહસ્થાશ્રમી પોતાનાં માતાપિતા, સ્ત્રી, પુત્ર, દીન જનો ઇત્યાદિને સંતુષ્ટ કર્યા સિવાય ખાય છે, પીએ છે અને વસ્ત્રોનો ઉપભોગ કરે છે, તેને મહાન્ પાતકી જાણવો. માતાપિતા એ આપણા દેહનાં ઉત્પાદક અને પોષક છે, જેથી તેમના સુખને

માટે હજારો કષ્ટ પડે તોપણુ તે સહન કરવાં એ પુત્રનો ધર્મ છે.

પોતાની ધર્મપત્નીને કટુશબ્દ કહેવો નહિ. પોતાની માતા તુલ્યજ સદા સર્વદા સંતુષ્ટ રાખવી. પોતે ગમે તેવા કષ્ટ યા વિપત્તિમાં હોય તોપણુ તેના આગળ તેવો ભાવ જણુાવા દેવો નહિ તેમજ તેના આગળ ક્રોધ દર્શાવવો નહિ.

જે પુરુષ પોતાની સ્ત્રી સિવાય અન્ય સ્ત્રી સંબંધી વિચારમાત્ર પણુ કરે છે, અથવા મનના એક યત્કિંચિત્ અંશથી પણુ તેનો સ્પર્શ કરે છે, તે અઘોર પાપનો અધિકારી થાય છે.

સ્ત્રીઓ સમક્ષ અસભ્ય ભાષણુ કરવું નહિ, અને પોતાના પરાક્રમોની પ્રશંસા કરવી નહિ. મેં આમ કર્યું અને તેમ કર્યું એવો શબ્દ માત્ર પણુ ઉચ્ચારવો નહિ.

ગૃહસ્થાશ્રમીએ નિત્ય પોતાની ધર્મપત્નીને દ્રવ્ય, વસ્ત્ર, અલંકારો, પ્રેમનિષ્ઠા અને અમૃતસમાન મધુર વાણીવડે સંતુષ્ટ રાખવી. તેની શાંતિનો ભંગ થાય એવું એક પણુ કૃત્ય કરવું નહિ. જે પુરુષ પોતાની ધર્મપત્નીનો પ્રેમ મેળવી શક્યો છે, તેજ પુરુષ ધર્માચરણી અને સદાચારી છે.

આપણાં બાળકો–પુત્ર–પુત્રી પ્રત્યેના વર્તનના નિયમો:—

પુત્ર ચાર વર્ષનો થાય ત્યાંસુધી તેનું પ્રેમથી લાલનપાલન કરવું, અને પછી સોળ વર્ષની ઉમ્મરસુધી વિદ્યાભ્યાસ કરાવવો. વીશ વર્ષની ઉમ્મર થાય ત્યારે તેને કામધંધે લગાડવો, અને તેની સાથે મિત્રવત્ અને પ્રેમથી વ્યવહાર કરવો. પુત્રીને પણુ એવીજ રીતે કાળજીપૂર્વક શિક્ષણુ આપવું, અને તેના લગ્ન સમયે વસ્ત્રાભૂષણુ ઇત્યાદિ યથાશક્તિ સારી રીતે આપવું.

બંધુ–ભગિની, તેઓનાં પુત્રપુત્રી, ઇતર સગાંવહાલાં અને ચાકર નોકરો વિગેરે સંબંધી આપણાં કર્તવ્યોનું પણુ ધર્મગ્રંથોમાં યથાર્થ વિવેચન કરેલું છે; તેવીજ રીતે આપણી પાસેથી સહાયતાની ઇચ્છા રાખનારને યોગ્ય મદદ કરવા સંબંધી તેમજ આપણા ગ્રામીય સંબંધી પ્રત્યેનાં આપણાં કર્તવ્યો ઇત્યાદિ પણુ દર્શાવેલાં છે. ધન ઇત્યાદિ સર્વ અનુકૂળતાઓ હોવા છતાં જે ગૃહસ્થ પોતાનાં સગાંસંબંધી, મિત્ર, તેમજ દીન જનોને મદદ કરતો નથી તેને પશુવૃત્તિનોજ સમજવો.

પોતાનું ખાનપાન, વસ્ત્ર અને શરીરની ટાપટીપ ઈત્યાદિ તરફ બહુ આસક્તિ રાખવી નહિ. ગૃહસ્થીએ હૃદયથી શુદ્ધ અને શરીરથી સ્વચ્છ રહેવું, અને નિત્ય ઉદ્યોગપ્રિય રહેવું.

શત્રુની સામે શૂરવીરની માફક ટક્કર ઝીલવી, અને તેનો પ્રતિકાર કરવો એ પણુ ગૃહસ્થનું કર્તવ્ય છે. તેણે એક ખુણામાં બેસીને રોવું કે અપ્રતિકારનાં ગપ્પાં મારવાં નહિ. તે શત્રુની સામો થતો નથી તો સ્વકર્તવ્યથી ભ્રષ્ટ થાય છે. પોતાનાં સગાંસંબંધી તથા મિત્રો આગળ તો નમ્ર રહેવું એ કર્તવ્ય છે.

દુષ્ટ જનોનો કદિ પણ ગૃહસ્થીએ આદરસત્કાર કરવો નહિ; કારણ કે તેમ કરવું એ દુષ્ટતાની વૃદ્ધિ કરવા બરાબર છે; તેમજ સજ્જન અને યોગ્ય પુરુષોનો અનાદર કરવો એ મહાન્ દોષ છે. મિત્રોની સાથે કોઇ પણ રીતે ઉચ્છૃંખલ વર્તન કરવું નહિ. મિત્રો કરવાને માટે જ્યાં ત્યાં ફાંફાં મારવાં નહિ. જેની સાથે મિત્રતા કરવાની ઇચ્છા હોય તેનું વર્તન, તેનાં કર્મો, અન્ય માણસો સાથેનો તેનો વર્તાવ ઇત્યાદિનું સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરવું અને ખરેખરો સંતોષ થાય તોજ મિત્રાચારી બાંધવી.

પોતાનાં શુભ કાર્યો સંબંધી ગૃહસ્થે એક શબ્દ માત્ર પણ બોલવો નહિ. સમાજમાં પોતાની પ્રશંસા કરવી નહિ. પોતાની કીર્તિ યા સત્તાનું વર્ણન કરવું નહિ. પોતાની સંપત્તિ તેમજ ખાનગી વાતો ગુપ્ત રાખવી.

હું ગરીબ છું અથવા (ધનવાન્ હોય તો) ધનવાન્ છું, એમ કદિ પણ ગૃહસ્થે ઉચ્ચારવું નહિ, તેમજ પોતાની સંપત્તિની બડાઇ મારવી નહિ. સત્યાસત્યનો વિચાર કરીને સત્ય માર્ગેજ પ્રવૃત્ત થવું. બીજાની બુદ્ધિ મુજબ ચાલવું નહિ. આ પ્રમાણે જે નથી કરતો તેને અનીતિમાન્ સમજવો.

ગૃહસ્થાશ્રમી મનુષ્ય સમસ્ત સમાજનો આધાર છે. તેનાથીજ અનેકોનું જીવન ટકે છે. ગરીબ, અશક્ત, બાળક, સંન્યાસી, સ્ત્રી વગેરે જેઓ પોતાને માટે ધનોપાર્જન કરતા નથી, તેઓનો પોષણકર્તા ગૃહસ્થાશ્રમીજ છે. આટલાં બધાંના પોષણનો ભાર ઉંચકવાનું સામર્થ્ય તેનામાં હોવું જોઇએ; અને એ સામર્થ્ય વધ્યા કરવું જોઇએ. તેના હાથે કાંઇ ભૂલ થાય તો તે વિષે બીજાઓ સમક્ષ એક શબ્દ પણ ઉચ્ચારવો નહિ; કારણ કે એમ કરવાથી હૃદયની દુર્બળતાનું ચિંતન અને વૃદ્ધિ થવાનો સંભવ છે, અને તેમ થવાથી પોતાના આશ્રમધર્મનું પાલન તેનાથી જોઇએ તેવું બની શકતું નથી. વળી તેણે જ્ઞાન અને ધન મેળવવાને માટે પણ પ્રયત્નો કરવા જોઇએ. જ્ઞાન અને ધન પ્રાપ્ત કરવું એ તો ગૃહસ્થનું ખાસ કર્તવ્યજ છે, અને તે કર્તવ્ય ન બજાવે તો તે મનુષ્યજ નથી. દ્રવ્યોપાર્જનને માટે જે પ્રયત્ન નથી કરતો તે અનીતિમાન છે, અને જે ગૃહસ્થ બીજાઓ ઉપર પોતાનો નિર્વાહ કરવામાં સંતોષ માનતો હોય તે તો પૂરેપૂરો અનીતિમાન છે. બીજા હાથપર જો તે ઉદ્યમ કરીને ધનવાન્ થાય છે તો તેનાથી સેંકડો માણસોનો નિર્વાહ ચાલે છે.

માટે સંપત્તિ મેળવવી એ કાંઇ અયોગ્ય નથી, કારણ એનો ઉપયોગ પરોપકારને માટેજ થવાનો છે. સમાજના જીવનનો અને લોકોપયોગી કાર્યોનો સ્થૂળ આધાર એ ગૃહસ્થાશ્રમજ છે. નીતિને માર્ગે પૈસો મેળવી નિષ્કામભાવે પરોપકારમાં વ્યય કરનાર મનુષ્યની યોગ્યતા અને સર્વ સંગનો પરિત્યાગ કરી પરમેશ્વરને માટે તપ કરનાર યોગીની યોગ્યતા, એ ઉભયમાં ભેદ નથી. માત્ર સ્થૂળ દૃષ્ટિથીજ બાહ્ય ભેદ માલુમ પડે છે.

પૂર્ણ નિષ્કામતા ન આવે ત્યાંસુધી કીર્તિની ઇચ્છા રહ્યા કરતી હોવાથી (કીર્તિની અસારતા–પોલંપોલ અનુભવાઇને તેમાંથી ચિત્ત ઉપરામ ન થતાં સુધી) કીર્તિ મેળવવાના હેતુથી શુભ કર્મ કરવાં એ પણ ગૃહસ્થનો ધર્મજ છે. ગૃહસ્થીએ જુગાર રમવો નહિ, દુષ્ટની સોબત કરવી નહિ, મિથ્યાભાષણ કરવું નહિ અને અન્યને ત્રાસ પડે એવું કાંઇ પણ કરવું જોઇએ નહિ.

મનુષ્યો કેટલીક વખત અમુક વિષયમાં વિજય મેળવવાનાં પૂરતાં સાધનો અને યોગ્યતા ન હોવા છતાં પણ વગર સમજે કાર્યનો આરંભ કરે છે, અને પછી નુકશાની આવતાં તેને પૂરી કરવાને માટે બીજાઓને છેતરે છે; માટે પ્રત્યેક બાબતમાં પ્રથમથીજ યોગ્યાયોગ્યનો વિચાર કરવો જોઇએ, વળી આ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે યોગ્યતા છતાં પણ અનેક કારણોથી એકવાર જે કાર્ય નિષ્ફળ થાય છે, તેજ કાર્ય બીજી વખત યશસ્વી પણ નીવડે છે.

ગૃહસ્થોએ હમેશાં સત્ય, મધુર, અન્યને હિતકર ભાષણ કરવું, અને પારકાના કામકાજની કે અવગુણની વાતો કરવી નહિ.

જે ગૃહસ્થો પોતાની ખરી કમાણી યા મિલકતમાંથી કૂવા, તળાવ ખોદાવે છે, રસ્તાની બાજુએ વૃક્ષો રોપે છે, ધર્મશાળાઓ બંધાવે છે, સડકો તથા પૂલો બંધાવેછે; તેઓ પણ યોગીજનો જે પદને પહોંચે છે તેજ પરમપદના પરિણામે અધિકારી થાય છે.

ચપળતા એટલે કે ઉદ્યોગશીલતા એ પણ કર્મયોગનું એક અંગ છે, અને ગૃહસ્થાશ્રમીનું તે કર્તવ્ય છે. એક સ્થળે વર્ણવેલું છે કે, "જો ગૃહસ્થી પોતાના દેશને માટે વા ધર્મને માટે લડતાં મરણ પામે છે તો એક ધ્યાનસ્થ યોગીને જે ગતિ પ્રાપ્ત થાય છે, તેજ ગતિ તેને મળે છે." આથી કર્તવ્યનો યથાર્થ અર્થ સમજી શકાશે કે જે એકનું કર્તવ્ય હોય તેજ કર્તવ્ય બીજાનું હોઈ શકે નહિ. તેવીજ રીતે એક કર્તવ્ય નીચ અને બીજું ઉચ્ચ એમ પણ કહી શકાય નહિ. પોતપોતાના સંજોગો અને સ્થિતિ અનુસાર પ્રાપ્ત થનારાં કર્તવ્યો કરવાં એજ ધર્મનું રહસ્ય છે.

આ પ્રમાણે સર્વ વર્ણ અને આશ્રમોના ધર્મનું અવલોકન કરતાં મુખ્ય તત્ત્વ એજ જડી આવે છે કે, હરેક પ્રકારની માનસિક અને શારીરિક દુર્બળતા દૂર કરવી. મારા તત્ત્વજ્ઞાન સંબંધી, ધર્મ સંબંધી, અને કર્તવ્ય સંબંધી સર્વ ઉપદેશોમાં વિશિષ્ટ તત્ત્વ એજ સમાયલું છે. વેદોમાં પણ નિર્ભયતા શબ્દની વારંવાર પુનરાવૃત્તિ કરાયલી મળી આવશે અને ભય એ પણ દુર્બળતાનીજ નિશાની છે. જગતના તિરસ્કાર અને સ્તુતિની દરકાર ન રાખતાં મનુષ્યે પોતાનાં કર્તવ્યો કરે જવાં એજ જીવનનું રહસ્ય છે. કોઈ મનુષ્ય જગતનો ત્યાગ કરી, એકાંતમાં જઇ ઇશ્વરભક્તિ કરે તેણે, અને જેઓ જગતની વચ્ચે રહી લોકકલ્યાણનો ઉદ્યોગ કરે છે, તેઓ ઇશ્વરભક્તિ કરતા નથી એવો વિચાર લેશમાત્ર પણ મનમાં લાવવો નહિ. તેમજ જેઓ જગ-

ત્માં રહેનારા અને સ્ત્રીપુત્રાદિના કુટુંબવાળા છે, તેઓએ પણ એમ ન ધારવું કે, જેઓ જગત્નો ત્યાગ કરે છે, તેઓ દાંભિક અને તુચ્છજ છે.

પ્રત્યેક વ્યક્તિ પોતપોતાને સ્થાને મહાન્જ છે. આ તત્ત્વનું રહસ્ય આપણે એક દૃષ્ટાંતથી વ્યક્ત કરીશું. કોઇ એક રાજા હતો, તે પોતાના નગરમાં જે કોઇ સંન્યાસી આવે તેને પ્રશ્ન કરતો કે—"જે મનુષ્ય સંસારવ્યવહારનો ત્યાગ કરીને સંન્યાસી બને છે તે મોટો કે જે સંસારમાં રહીને ગૃહસ્થાશ્રમીને છાજતાં કર્તવ્યો કરે છે તે મોટો ?" ઘણા વિદ્વાન્ પુરુષોએ એ પ્રશ્નનો ખુલાસો કરવા પ્રયત્ન કર્યા. કેટલાકોએ કહ્યું કે–સંન્યાસી મોટો છે, એ સાંભળીને રાજા તેનાં પ્રમાણ માગતો અને જ્યારે તેઓ પ્રમાણ આપી શકતા નહિ ત્યારે રાજા તેમને લગ્ન કરી ગૃહસ્થાશ્રમી બનાવવાનો હુકમ કરતો.

આ પ્રમાણે કેટલોક સમય ચાલ્યા પછી એક દિવસે એક યુવાન સંન્યાસી આવી ચઢયો. રાજાએ તેને પણ એજ પ્રશ્ન પૂછયો. સંન્યાસીએ જવાબ આપ્યો કે, " અરે રાજા ! પ્રત્યેક પોતપોતાના સ્થાનમાં મોટો છે." રાજાએ કહ્યું કે પ્રમાણપુરઃસર સિદ્ધ કરી આપો. સંન્યાસીએ જવાબ આપ્યો કે, "સિદ્ધ કરી આપીશ; પરંતુ તે પહેલાં થોડા દિવસ તમારે મારા જેવી સ્થિતિમાં મારી સાથે રહેવું પડશે." રાજાએ તે કબૂલ કર્યું, અને સંન્યાસીની સાથે સાથે વિચરવા લાગ્યો. ઘણાં ઘણાં શહેર અને દેશો વટાવીને તેઓ છેવટે એક મોટા રાજ્યધાનીના શહેરમાં આવી પહોંચ્યા. ત્યાં ઘણીજ ધામધૂમ ચાલી રહી હતી અને નગારાં તથા વાજીંત્રના ઘોષ કર્ણગોચર થવા લાગ્યા. માર્ગમાં લોકો શોભાયમાન તથા કિંમતી વસ્ત્રાભૂષણો પહેરી ધામધૂમ સાથે આમ તેમ ફરતા હતા અને કેટલાક લોકો ઉચ્ચ સ્વરથી થાળી પીટતા હતા. આ બધો ઠાઠ જોઇને રાજા અને સંન્યાસી શું થાય છે, તેની તપાસ કરવામાટે ત્યાં ઉભા રહ્યા. થાળી પીટવાવાળો મોટેથી બોલવા લાગ્યો કે, "આ દેશના રાજાની કન્યા પોતાની સમક્ષ એકત્ર થયેલા હજારો પુરુષોમાંથી હરકોઇ એકને પોતાના પતિ તરીકે પસંદ કરનાર છે."

રાજકન્યાએ આવી રીતે સ્વયંવરથી વર પસંદ કરવાની પ્રણાલિકા ભારતવર્ષમાં પુરાતન કાળમાં પ્રચલિત હતી. દરેક રાજકન્યા પોતાને કેવો પતિ જોઇએ તેને માટે પ્રથમથીજ પોતાના મનમાં નિશ્ચય કરી મૂકતી. કેટલીક રાજકન્યાઓ સુંદરમાં સુંદર પુરુષની ઇચ્છા કરતી, કોઇ વધારેમાં વધારે ભણેલા પુરુષની ઇચ્છા કરતી, કેટલીક વધારેમાં વધારે સંપત્તિવાન્ પુરુષની તો કેટલીક મહાન્ શૂરવીર પતિની ઇચ્છા રાખતી. આ પ્રમાણે પ્રત્યેક રાજકન્યા પોતાના હૃદયમાં કાંઇને કાંઈ લક્ષ્ય પ્રથમથીજ નિર્દિષ્ટ કરી દેતી. સ્વયંવરને દિવસે આસપાસના દેશોના રાજપુત્રો ઉત્તમમાં ઉત્તમ પોષાક પહેરી તેની સમક્ષ એકત્ર થતા. કેટલીક વખત તો તેઓ પોતાની સાથે પોતાના સ્તુતિ-

પાઠકો રાખતા, જેઓ તેમના સદ્‌ગુણો અને પરાક્રમની મોટેથી સ્તુતિ કરતા. રાજકન્યાને એક સિંહાસનપર બેસાડી ધામધૂમ સાથે સ્વયંવર મંડપમાં ફેરવવામાં આવતી અને તે પ્રત્યેક રાજપુત્રના તરફ નિહાળીને સ્તુતિ સાંભળતી. આ પ્રમાણે એકથી બીજે સ્થાને જ્યાંસુધી વરની પસંદગી ધ્યાનમાં નહિ આવતી ત્યાંસુધી ફરતી, અને છેવટે જે રાજપુત્રને પસંદ કરતી તેના ગળામાં તે એક પુષ્પની વરમાળા આરોપતી. વર પસંદ કરવાની આવી પ્રણાલિકા પ્રાચીન સમયમાં હતી અને એ 'સ્વયંવર'ના નામથી ઓળખાતી.

આપણી કથાના નાયકો પેલા રાજા અને સંન્યાસી જે નગરમાં આવ્યા છે, તે નગરના રાજાની કન્યાનો આજે સ્વયંવર હતો. તે રાજકન્યા સર્વ રૂપવતી સ્ત્રીઓમાં સર્વોત્તમ હતી. તેનું શરીરસૌંદર્ય કાંઈક અનુપમજ હતું. વળી એ કન્યાનો પતિ કન્યાના પિતાના મરણ પછી એના રાજ્યનો માલીક પણ થવાનો હતો. એ કન્યાનો વિચાર સૌથી સુંદરમાં સુંદર પુરુષની સાથે લગ્ન કરવાનો હતો. કેટલીક વખત આવા સ્વયંવરો તેને માટે થઈ ચૂક્યા હતા, પણ અત્યારસુધી એકે પુરુષને તે પસંદ કરી શકી ન હતી. આ સ્વયંવર પાછલા સ્વયંવરો કરતાં ઘણોજ વિશાળ અને રમણીય હતો. આ વખતે લોકોની સંખ્યા પણ ઘણીજ ભારે હતી. કન્યાને એક સિંહાસન ઉપર આણવામાં આવી, અને પ્રત્યેક રાજપુત્રના સમક્ષ લઇ જવામાં આવી; પણ પહેલાંની પેઠે આ વખતે પણ તેને કોઈ પુરુષ ગમ્યો નહિ. આથી સર્વત્ર નિરાશા પ્રસરી ગઈ, અને આ સ્વયંવર પણ નિરર્થક જશે એવો સર્વને ભય લાગવા માંડ્યો.

એટલામાં એક નવો તરુણ સંન્યાસી એ સ્થળે આવ્યો અને ત્યાં શું ચાલે છે તેનું નિરીક્ષણ કરવા લાગ્યો. આ સંન્યાસી એટલો બધો તેજસ્વી હતો કે જાણે આકાશમાંથી સૂર્યદેવતાજ પૃથ્વીપર આવ્યા હોય! રાજકન્યાની દૃષ્ટિ જેવી આ સંન્યાસીના ઉપર પડી કે તરતજ ત્યાં અટકી અને વરમાળા તેની કોટમાં આરોપી. યુવાન્ સંન્યાસીએ તરતજ તે વરમાળા પકડીને ફેંકી દીધી અને બોલી ઉઠ્યો કે, મારે આ ઉપાધિ કેવી? હું તો સંન્યાસી છું. સંન્યાસીને લગ્ન શામાટે જોઇએ?" તે કન્યાના પિતાએ વિચાર કર્યો કે, કદાચ નિર્ધનતાના કારણથી રાજકન્યા સાથે લગ્ન કરવાની હિંમત ચાલતી નહિ હોય, તેથી તેને કહ્યું કે, "આ કન્યાનાં લગ્ન સાથેજ મારૂં અર્ધું રાજ્ય આપવામાં આવશે, અને મારા મરણ પછી બધું રાજ્ય મળશે!" કન્યાએ પુનઃ વરમાળા અર્પી, પરંતુ સંન્યાસીએ ફરી પણ તે ફેંકી દીધી અને બોલ્યો કે, 'મારે લગ્ન કરવાની ઇચ્છા નથી' અને એકદમ સભામંડપમાંથી ચાલી નીકળ્યો.

હવે રાજકન્યાનું મન પેલા યુવાન સંન્યાસી પ્રત્યેના પ્રેમમાં એટલું બધું આસક્ત થઇ ગયું કે, "હું પરણીશ તો એ તરુણ વરને પરણીશ અને નહિ તો પ્રાણ-

ર્પણ કરીશ" એવા ઉદ્ગાર કહાડવા લાગી; અને એકદમ તેને પાછો બોલાવવાને માટે તેની પાછળ પાછળ દોડી ગઇ. પછી આપણા મૂળ સંન્યાસીએ રાજાને કહ્યું કે, "ચાલો, આપણે એ દંપતિની પાછળ જઇએ." એમ કહી સંન્યાસી તથા રાજા બંને તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યા. પેલો યુવાન સંન્યાસી જેણે પરણવાની ના કહી હતી તે કેટલાક માઇલ દૂર નીકળી ગયો તે પછી તેણે એક જંગલમાં પ્રવેશ કર્યો, પેલી રાજકન્યા પણ તેની પાછળ પાછળ ત્યાં આવી પહોંચી. પેલા બે સંન્યાસી તથા રાજા પણ રાજકન્યાની પાછળ થોડે દૂર ચાલતા હતા. પેલો યુવાન સંન્યાસી જંગલના દરેક ગુપ્ત માર્ગોનો ભોમીયો હોવાથી તે એક ગુપ્ત માર્ગમાં પેસી અદૃશ્ય થઇ ગયો. પેલી રાજકન્યા દરેક સ્થળે શોધી શોધીને થાકી ગઇ અને એક વૃક્ષ નીચે બેસી રુદન કરવા લાગી. હવે પાછા ઘેર પણ કયે માર્ગે જવું તેની પણ તેને ખબર રહી નહિ. એટલીવારમાં પેલા રાજા તથા સંન્યાસી ત્યાં આવી પહોંચ્યા, અને કહેવા લાગ્યા કે, "ગભરાશો નહિ, અમે તમને ઘર તરફ જવાનો માર્ગ દેખાડીશું; પણ હમણાં તો ઘોર અંધારૂં છે, એટલે ચાલો આપણે પેલા મોટા વૃક્ષ નીચે આરામ કરીએ, અને સવારે વહેલા ઉઠીને તમને માર્ગ બતાવીશું."

તે વૃક્ષપર માળામાં એક નાનું પક્ષી, પોતાની સ્ત્રી તથા ત્રણ બચ્ચાં સાથે રહેતું હતું. આ નાના પક્ષીએ વૃક્ષની નીચે ત્રણ માણસોને આવેલા જોઇને પોતાની સ્ત્રીને કહ્યું કે, "મારી વહાલી, આપણે ઘેર આજે કેટલાક અતિથિ આવેલા છે. શિયાળાનો દિવસ છે, અને આપણી પાસે તો તેમનો સત્કાર કરવાનું કાંઇ પણ સાધન નથી, ત્યારે આપણે શું કરીશું?" પછી થોડોક વિચાર કરીને નર પક્ષી ઉડી ગયો અને પોતાની ચાંચમાં એક બળતું નાનું લાકડું લાવીને પેલા પરોણાઓની આગળ નાખ્યું. પરોણાઓએ બીજાં લાકડાં લાવીને મોટું તાપણું સળગાવ્યું. પેલા નાના પક્ષીને આટલી સેવા કરીનેજ સંતોષ થયો નહિ; અને પુનઃ પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો કે, "વહાલી, એ પરોણાઓ ભૂખ્યા છે અને આપણી પાસે કાંઇ પણ ખોરાક નથી તો હવે શું કરીશું? આપણે ગૃહસ્થી છીએ અને આપણે ત્યાં જે કોઈ આવે તેને આપણે ભોજન આપવું એ આપણું કર્તવ્ય છે. મારાથી બની શકે તે મારે કરવુંજ જોઇએ, હું મારૂં શરીર તેમને આપીશ." આમ કહીને તે પક્ષીએ ઝાડ ઉપરથી નીચે અગ્નિમાં પડતું નાખ્યું અને બળી મૂઓ, પરોણાઓએ તેને બચાવવાને માટે ઘણીએ મહેનત કરી પણ તે નિષ્ફળ ગઈ.

પેલા નાના પક્ષીની સ્ત્રી પણ આ જોઇને બોલી કે, "પરોણા ત્રણ છે અને તેમની ક્ષુધાને માટે માત્ર એકજ પક્ષીનું શરીર પૂરતું થાય નહિ, માટે મારૂં પણ કર્તવ્ય છે કે મારા ધણીની ઇચ્છા પૂર્ણ કરવાને સારૂ મારો દેહ અર્પણ કરવો આમ વિચારીને તેણીએ પણ અગ્નિમાં ઝંપલાવ્યું અને પતિની પાછળ સ્વર્ગમાં ગઇ.

પછી પેલાં ત્રણ બચ્ચાંએ પણ વિચાર કર્યો કે હજુ પણ ત્રણ પરોણાઓને માટે ખોરાક પૂરતો થયો નથી, માટે આપણાં માબાપ એમનું કર્તવ્ય બજાવી ચૂક્યાં તો આપણે પણ તેમની ઇચ્છા પૂર્ણ કરવી એ આપણું કર્તવ્ય છે, એ વિચારી તે સઘળાંએ પણ અગ્નિમાં ઝંપલાવ્યું.

પરોણાઓ તો આ બનાવ જોઇને આશ્ચર્યચકિતજ થઇ ગયા અને પક્ષીઓનું ભક્ષણ કરી શક્યા નહિ. આખી રાત તેઓ ભૂખ્યા રહ્યા અને સવારમાં પેલા રાજા અને સંન્યાસીએ રાજકન્યાને માર્ગ દેખાડ્યો અને ઘેર વિદાય કરી દીધી.

પછી પેલા સંન્યાસીએ રાજાને કહ્યું કે—"રાજા, હવે તેં જોયું! પોતાપોતાનું કર્તવ્ય બજાવનાર દરેક મનુષ્ય–પછી તે ગમે તેવી સ્થિતિમાં હોય તોપણ પોતાને સ્થાને મહાનજ છે. જો તારે સંસારમાં રહેવાની ઇચ્છા હોય તો પેલા પક્ષીઓની માફક રહેજે, અને ગમે ત્યારે બીજાના હિતને માટે દેહાર્પણ કરવાને પણ તૈયાર રહેજે; અને જો તારે સર્વ સંગનો પરિત્યાગ કરીને સંન્યાસ લેવાની ઇચ્છા હોય તો, પેલો યુવાન સંન્યાસી કે જેણે પોતાને સર્વથી સુંદર અનુપમ રાજકન્યા તથા એક મોટું રાજ્ય મળતું હતું તેને પણ તૃણવત્ લેખ્યું, તેની માફક રહેજે."

તાત્પર્ય એ કે ગૃહસ્થાશ્રમીએ બીજાના ભલાને માટે પોતાનો દેહ સુદ્ધાં પણ અર્પણ કરવાને તૈયાર રહેવું જોઇએ અને જેને સંન્યાસી થવાની ઇચ્છા હોય તેણે લક્ષ્મી, સૌન્દર્ય અને સત્તાના તરફ પણ દૃષ્ટિ પણ નાખવી જોઇએ નહિ. સર્વ કોઇ પોતપોતાને સ્થાને મહાનજ છે. માત્ર પોતપોતાનું કર્તવ્ય હોય તેજ કરતાં રહેવું જોઇએ.*×

कर्मयोग--प्रकरण त्रीजुं

નિષ્કામ પરોપકારજ કર્મબંધનને તોડી શકે છે

બીજાનાં દુઃખ દૂર કરવામાટે આપણે શારીરિક સહાય કરવી એ ખરેખર મહત્તાનું લક્ષણ છે; પરંતુ અન્યનું સંકટ જેટલા પ્રમાણમાં મોટું હોય, તેટલાજ પ્રમાણમાં સહાયતા પણ જેટલી વિશેષ સ્થાયી હોય તેટલી તેની વિશેષ મહત્તા કહેવાય. એક મનુષ્યનું સંકટ એક કલાકને માટે દૂર કરવામાં આવે તો તે પણ એક પરોપકારનુંજ કાર્ય કહેવાય; પરંતુ તેનું સંકટ જો એક વર્ષને માટે નિવારણ કરવામાં આવે તો તે સહાયતા વિશેષ મહત્ત્વની લેખાય, અને જો તેનું સંકટ નિત્યને માટે

*स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः।
×स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः।

દૂર કરવામાં આવે તો ખરેખર તે સહાયતા સર્વોત્કૃષ્ટજ ગણાય.

મનુષ્યનાં સર્વ સંકટોને મૂળથી નષ્ટ કરવાનું સામર્થ્ય કોઇ પણ ચીજમાં હોય તો તે માત્ર અધ્યાત્મવિદ્યામાંજ રહેલું છે, જેથી મનુષ્યને આધ્યાત્મિક સહાય કરવી. અધ્યાત્મવિદ્યાનું દાન કરવું એથી મોટું પુણ્ય જગતમાં બીજું કયું હોઇ શકે ?

માટે જે મનુષ્ય અન્યને અધ્યાત્મજ્ઞાન આપે છે, અપાવે છે, તેજ મનુષ્ય પ્રાણીનો ખરો હિતચિંતક અથવા કલ્યાણકર્તા છે. એવી આધ્યાત્મિક સહાય બીજાઓને આપનાર મહાત્માઓમાં અનુપમ સામર્થ્ય હોય છે. માનવજીવનમાટે આવશ્યક અને ઉન્નતિપ્રદ બળનો આધાર ચિદ્‌શક્તિ ઉપરજ રહેલો હોવાથી આધ્યાત્મિક જ્ઞાનમાં નિપુણ અને નિમગ્ન (શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ) પુરુષ જો ધારે, તો વ્યાવહારિક વા પારમાર્થિક હરકોઇ વિષયમાં કુશળતા મેળવી શકે તેમ હોય છે. બીજી રીતે જ્યાંસુધી મનુષ્યમાં આધ્યાત્મિક શકિત અર્થાત્ આત્મજ્ઞાન (કેમકે જ્ઞાન એ શકિત છે) આવ્યું નથી હોતું, ત્યાંસુધી તેથી સામાન્ય વ્યવહાર પણ સાધ્ય થવો મુશ્કેલ હોય છે. આત્મજ્ઞાન કરતાં બુદ્ધિજ્ઞાન (બુદ્ધિબળ) નો દરજ્જો કંઇક નીચો હોવાથી બુદ્ધિદાનનો દરજ્જો પણ નીચોજ છે; પરંતુ અન્નદાન અને વસ્ત્રદાનના કરતાં તો એ દાન બહુજ ઉત્તમ છે, એટલે સુધી કે જીવનદાન કરતાં પણ બુદ્ધિદાન ઘણુંજ ઉત્તમ છે; કારણકે પુરુષાર્થ સંપાદન કરવું એજ મનુષ્ય પ્રાણીની ઇતિકર્તવ્યતા છે, અને ઉત્તમ પુરુષાર્થનો સર્વ આધાર બુદ્ધિજ્ઞાનમાંજ સમાયલો છે.

ઉપર પ્રમાણે હોવાથીજ જ્ઞાન એ જીવન અને અજ્ઞાન એ મૃત્યુ કહેવાય છે. મનુષ્યે મરતાંની ઘડી સુધી અજ્ઞાનરૂપી અંધારામાંજ આંધળાની માફક ફાંફાં મારી સડ્યા કરવું એ તો તુચ્છમાં તુચ્છ જીવન છે.

હવે ત્રીજે નંબરે શારીરિક સહાયતા આવે છે. શરીરવડે બીજાને સહાય કરવી એ પણ એક દાનનોજ પ્રકાર છે; પરંતુ તેની સાથે એ પણ ન ભૂલવું જોઇએ કે એ પ્રકારની સહાય સર્વોત્તમ નહિ પણ ત્રીજા નંબરનીજ છે. કારણ કે શારીરિક સહાય કરવાથી સામાને જે તૃપ્તિ યા ટેકો મળે છે તે સદાકાળ ન ટકતાં માત્ર અલ્પકાળજ ટકે છે.

ક્ષુધાની વેદના અન્ન મળવાથી શાંત થઇ જાય છે, પણ ફરી પાછો વખત થાય છે કે તરતજ એ વેદના પુનઃ ખડી થાય છે. એજ વાત મનુષ્યની અન્ય આવશ્યકતાઓને પણ લાગુ પડે છે. જ્યાં કાંઇ પણ સ્વાર્થ શરૂ થયો ત્યાં તેની સાથે સાથે દુઃખ પણ ઉભું છે એમ સમજવું. ખરેખરૂં સુખ તો ત્યારેજ પ્રાપ્ત થાય કે જ્યારે સર્વ આવશ્યકતાઓની પેલી પાર જવાય. એ દશા પ્રાપ્ત કરવામાં આવે તોજ ભૂખ, તરસ અને બીજી આપત્તિઓથી થતા ત્રાસ અને વાસનાઓની અતૃપ્તિથી થતો ક્લેશ સદાકાળનેમાટે નિર્મૂળ થાય.

આટલા વિવેચનથી સ્પષ્ટ માલૂમ પડશે કે જે સહાયવડે મનુષ્યને આધ્યાત્મિક સામર્થ્ય મળે, તેજ સહાયતા સર્વોત્કૃષ્ટ–સર્વોત્તમ છે. એથી ઉતરતી પંક્તિની સહાયતા તે જ્ઞાનદાન યાને બુદ્ધિબળનું દાન છે, અને ત્રીજે નંબર શારીરિક સહાયતાનો છે.

સંસારનાં વિવિધ દુઃખોનું નિવારણ કેવળ શારીરિક સહાયતાથી થવું અશક્ય છે. જ્યાંસુધી મનુષ્યનું ચિત્ત બદલાય નહિ ત્યાંસુધી તેની અનેકવિધ આવશ્યકતાઓ અને તજ્જન્ય દુઃખો આવ્યા કરવાનાંજ, અને તે સર્વનો પરિહાર કરવામાટે શારીરિક સહાયતા અસમર્થ છે. એ સર્વ પીડાનો સાચો અને આબાદ ઉપાય માત્ર એકજ છે. અને તે એજ કે જ્ઞાનદાનવડે મનુષ્યના ચિત્તની શુદ્ધિ કરવી. આ જગત્માં સર્વ સંકટો અને વિપત્તિઓની માતા અજ્ઞાનજ હોવાથી પ્રથમ તો મનુષ્યની અંદર જ્ઞાનનો પ્રકાશ પાડો. યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિવડે જે સમયે મનુષ્યને પોતાની ચૈતન્ય શક્તિની ઓળખાણ થશે અને તેનામાં પૂર્ણ આત્મશ્રદ્ધા જાગૃત થશે ત્યારેજ માનવજાતિ પૂર્ણ સુખી થશે. એમ થયા વિના એવી દશાની આશાજ કરવાની નથી. જગત્માંના પ્રત્યેક ગૃહને આપણે સદાવ્રત બનાવી દઇએ અને આખી પૃથ્વી દવાખાનાંઓથી ભરી દઇએ; તોપણ જ્યાંસુધી મનુષ્યે આત્મજ્ઞાન સંપાદન કર્યું નથી ત્યાંસુધી અત્યારે સર્વત્ર દેખાઇ રહેલાં અનેકવિધ દુઃખદારિદ્રય કાયમજ રહેવાનાં.

ભગવદ્ગીતામાં વારંવાર કહેવામાં આવેલું છે કે મનુષ્યે કર્મ નિત્ય કરતાજ રહેવું. આપણે ગમે તેવું કાર્ય કરીશું તોપણ તેથી કોઇને સુખ અને કોઇને દુઃખ તો થવાનુંજ. જો આમજ છે તો પછી આપણે કર્મ કરવાનુંજ મૂકી દઇએ તો સુખ દુઃખના દ્વંદ્વથી આપણે મુક્ત થઇ જઇએ, એમ કેટલાકને શંકા ઉત્પન્ન થાય છે; પણ એ તો ભ્રમણા માત્ર છે. પ્રત્યેક કર્મ જેટલા પ્રમાણમાં સારૂં અને ખરાબ હોય છે, તેટલાજ પ્રમાણમાં સુખ અને દુઃખની પ્રાપ્તિ થાય છે. સત્કર્મથી સુખ અને દુષ્કર્મથી દુઃખ ઉત્પન્ન થાય છે; તોપણ દુઃખથી આત્માને જેવી રીતે બંધન થાય છે તેવીજ રીતે સુખથી પણ એક પ્રકારનું બંધન થાય છે. સત્કર્મથી જે સુખ અનુભવાય છે તે સુખ કર્મવડે નવીન ઉત્પન્ન થતું નથી, પણ તે આપણી અંદર પ્રથમથીજ હોઇને સત્કર્મવડે તો તે માત્ર આપણા અનુભવમાં આવ્યું એટલુંજ. માટે "સત્કર્મથીજ સુખ ઉત્પન્ન થયું" એ ભ્રમ છે, અને જ્યાંસુધી એ ભ્રમ કાયમ હશે, ત્યાંસુધી સુખદુઃખનાં દ્વંદ્વથી આત્માની મુક્તિ થવાનીજ નહિ. "અમુક કર્મ કરીશ અને તેનાથી મને અમુક પ્રકારની સુખપ્રાપ્તિ થશે" એ ભાવનાજ દૂર કરવી જોઇએ એમ ભગવાન્ શ્રીકૃષ્ણનું કહેવું છે. પ્રાપ્તકર્મ કરવાંજ જોઇએ, એમ છે તો તે અવશ્ય કરવાંજ; પરંતુ સુખપ્રાપ્તિ તેમાંથી નવી પેદા થશે એ ભાવનાનો તો સમૂળગો ત્યાગજ કરવો. કર્મ કરવાં પણ તેનાથી ફળની આકાંક્ષા ન રાખવી જોઇએ એટલે બસ આપણો આત્મા કોઇપણ જાતના બંધનથી દૂર

રહેશે, નિર્લેપ થશે. હવે આપણે અનાસક્તિ એટલે શું તે સમજવાનો પ્રયત્ન કરીશું.

પ્રત્યેક મનુષ્યે હમેશાં આસક્તિ વિનાજ કર્મ કરવાં જોઇએ. એટલે કે કર્મના ખળની લેશમાત્ર પણ ભાવના મનમાં લાવવી જોઇએ નહિ; એ ભગવદ્‌ગીતાના ઉપદેશનું મુખ્ય સૂત્ર છે. પ્રત્યેક મનુષ્યને પૂર્વ કર્માનુસાર કોઇ પણ પ્રકારના સંસ્કાર જન્મથીજ હોય છે. સરોવરમાં એકાદ ઢેફું કે એવો કોઇ પદાર્થ નાખતાં તેના પાણીમાં જેમ નાની નાની લહરીઓ ઉત્પન્ન થાય છે, તેમ મનમાં પણ કોઇ પણ વિચાર કે ક્રિયા ઉત્પન્ન થતાં સૂક્ષ્મ લહરીઓ ઉત્પન્ન થાય છે. એ લહરી શાંત થયલી માલુમ પડે છે ત્યારે પણ તે સમૂળગી નષ્ટ ન થતાં, મનમાંજ ગુપ્ત રહે છે, અને જ્યારે પ્રસંગ મળે છે ત્યારે તરતજ જાગૃત થાય છે. આવી રીતે ચિત્ત ઉપર જે ગુપ્તપણે અસર રહે છે એનું નામજ સંસ્કાર કહેવાય છે; અને આપણે જે જે ક્રિયા અને વિચાર કરીએ છીએ તે બધા મનપર કાંઇ ને કાંઇ ગુપ્ત અસર મૂકી જાય છે. આવી અનેક ગુપ્ત અસરોના સમૂહનું નામ સ્વભાવ કહે છે અને તે સ્વભાવજ મનને તથા શરીરને ગતિમાન કરે છે. આ પ્રમાણે ચાલુ વ્યવહારમાં આપણને આપણું પોતાનું જે સ્વરૂપ માલૂમ પડે છે. તે ઉપર કહ્યું તેમ આપણા અનેક પ્રકારના સંસ્કારોના સંઘટનથીજ ઉત્પન્ન થયેલું હોય છે; અને તેને આપણે નિત્યના વ્યવહારમાં સ્વભાવ વા પ્રકૃતિના નામથી ઓળખીએ છીએ.

હમણાં હું પોતે પણ જે સ્વરૂપે તમને દેખાઉં છું તે સ્વરૂપ પણ ઉપર કહ્યું તેવા પૂર્વ સંસ્કારોના સંઘટનથીજ ઉત્પન્ન થયેલું છે. પ્રત્યેક મનુષ્યનું સ્વરૂપ પણ એવીજ રીતે ઘડાય છે. પૂર્વજન્મના સંસ્કારો સારા હોય છે તો સારો સ્વભાવ બંધાય છે, અને ખરાબ સંસ્કાર હોય તો ખરાબ બંધાય છે. જે મનુષ્ય નિત્ય ખરાબ શબ્દોજ બોલતો અથવા સાંભળતો હોય, મનમાં ખરાબ વિચારોજ કર્યા કરતો હોય અને કર્મો પણ ખરાબજ આચરતો હોય તો તેના સંસ્કારો પણ ખરાબજ બંધાવાના અને એવા ખરાબ સંસ્કારોવડે એની પ્રકૃતિ પણ ખરાબજ બંધાવાની; તથા તેના હાથથી કામો પણ ખરાબજ થવાનાં. ધીરે ધીરે એ સંસ્કારોનું બળ એટલું બધું વધી પડે છે કે, કદાચ તે માણસ કોઈ સારૂં કૃત્ય કરવા ધારે તોપણ ખરાબજ થઇ જવાનું. એજ પ્રમાણે સારા વિચારો અને કાર્યો કરનાર મનુષ્યનો સ્વભાવ પણ સારોજ ઘડાઇને દિનપ્રતિદિન તે શુભકર્મોજ કરવાનો; અને છેવટે તે સ્વભાવ એટલી સ્થિતિસુધી પહોંચવાનો કે કદાચ કોઇવાર તે એકાદ ખરાબ કૃત્ય કરવા ધારે તોપણ તે તેનાથી બની શકવાનુંજ નહિ, અને જ્યારે આવી સ્થિતિ થાય ત્યારે મનુષ્યે સમજવું કે હવે સ્વભાવ પાકો બંધાયો.

જેવી રીતે કાચબો પોતાના હાથપગ વગેરે અવયવોને પોતાની ઢાલની અંદર સંકોચી લે છે, અને ગમે તેટલા પ્રહાર કરીએ તોપણ તે બહાર કાઢતો નથી; તેવીજ

રીતે પોતાનાં મન અને ઇન્દ્રિયો ઉપર સ્વામિત્વ મેળવી ચૂકેલો માણસ ગમે તેવી સ્થિતિમાં હોય, તોપણુ તેના હાથે ખરાબ કૃત્ય થશે નહિ. મતલબ કે સદોદિત સદ્વિચાર અને શુભ કર્મના સેવનથી એકવાર શુભ સ્વભાવ બંધાઇ ચૂકયો એટલે પછી ઇન્દ્રિયનિગ્રહ કરવો બહુ મુશ્કેલ પડતો નથી. આ ઠેકાણે ઇન્દ્રિય શબ્દનો અર્થ કેવળ જડ ઇન્દ્રિયો સમજવાનો નથી પણુ કર્મેન્દ્રિયની પેઠેજ જ્ઞાનેંદ્રિયનો નિરોધ પણુ આવશ્યક છે. આ નિરોધ પરિપકવ થયો એટલે મનુષ્ય સ્થિતપ્રજ્ઞની દશાને પહોંચેલો કહેવાય છે. આવા સ્થિતપ્રજ્ઞ મનુષ્યનેજ સત્યનો (પરમાત્માનો) સાક્ષાત્કાર થાય છે અને તે દ્વંદ્વાતીત થઇને સચ્ચિદાનન્દનો અનુભવ કરે છે.

આવા મનુષ્યને હાથે જાણી જોઇને કદિ પણુ ખરાબ કૃત્ય થતું નથી, તેમજ એને ગમે તેવા સંયોગમાં મૂકવામાં આવે તોપણુ તે સર્વદા નિર્લેપ અને નિર્ભયજ રહેવાનો. આવા પ્રકારની સ્થિતિ તેજ બ્રાહ્મી સ્થિતિ, એક વખત એ સ્થિતિ પ્રાપ્ત થઈ એટલે તે મનુષ્ય કોઇ પણ પ્રકારના મોહમાં ન ફસાતાં જીવન્મુક્ત દશામાં પ્રવેશ કરે છે. સર્વ યોગ અને સર્વ સાધનનું ધ્યેય એજ જીવન્મુક્તની સ્થિતિ પ્રાપ્ત કરાવવાનું હોય છે. પ્રત્યેક પ્રકારના યોગનો માર્ગ ભિન્ન ભિન્ન હોવા છતાં તે સઘળાનું પર્યવસાન તો આ એકજ સ્થાનમાં છે. જ્ઞાનયોગવડે બુદ્ધે અને ભક્તિયોગ વડે ઇશુખ્રિસ્તે જે સ્થિતિ પ્રાપ્ત કરી હતી તેજ સ્થિતિ કર્મયોગવડે પણુ પ્રાપ્ત થઈ શકે છે. બુદ્ધ જ્ઞાની હોઇને કર્મયોગી હતા અને ઇશુખ્રિસ્ત શુદ્ધ ભક્ત હતો; પરંતુ છેવટે બંનેને એકજ સ્થિતિ પ્રાપ્ત થઈ. એ સ્થિતિ એટલે પૂર્ણ મુક્તાવસ્થા.

મુક્તાવસ્થાવિષે અત્રે કેટલોક વધુ ખુલાસો કરવો આવશ્યક છે. સુખ દુઃખ, પાપપુણ્ય, સત્કર્મ દુષ્કર્મ ઇત્યાદિ દ્વંદ્વોની પેલીપાર પહોંચવું, તેનું નામ મુક્તપણું. જેવી રીતે દુઃખ, પાપ અને દુષ્કર્મ એ મુક્તિનાં વિઘાતક છે, તેવીજ રીતે સુખ, પુણ્ય અને સત્કર્મ એ પણુ ખરી મુક્તિનાં વિઘાતક છે. એક મનુષ્યને લોખંડની સાંકળથી બાંધ્યો હોય અને અન્યને સુવર્ણની સાંકળથી બાંધ્યો હોય, તો વસ્તુતઃ બંનેને બંધન તો સરખુંજ છે. જેમ પગમાં વાગેલો કાંટો કાઢવાને માટે આપણે બીજા કાંટાનો ઉપયોગ કરી બંને કાંટાને છેવટે ફેંકી દઇએ છીએ; તેવીજ રીતે દુષ્કર્મો તરફ લાગેલા આપણા મનને પાછું ફેરવવા માટે સત્કર્મનો ઉપયોગ છે. અને એક વખત આપણું મન ચોક્કસરીતે પાછું ફરી ગયું એટલે પછી સત્કર્મો કરવાની જરૂર રહેતી નથી; એટલુંજ નહિ પણુ કર્મ બહિર્મુખતા વધારનારાં હોવાથી અને પરમાત્મધ્યાન કરવામાં અન્તર્મુખતાનીજ જરૂર હોવાથી મનને સત્કર્મોમાંથી પાછું વાળી અંતર્મુખ બનાવવાની જરૂર પડે છે. કોઈ પણ કર્મ કરવાની આવશ્યકતા ન રહે એનું નામજ અનાસક્તિ છે.

કર્મ કરવા છતાં તેનું કાંઇ પણુ વિશેષ પરિણામ મનપર થવા દેવું નહિ. જેમ

એકાદ તળાવની સપાટી ઉપર અનેક લહેરીઓ આવે અને જાય છે, છતાં નીચેના પાણીની શાંતિમાં કશોજ ભંગ થતો નથી; તેજ પ્રમાણે કર્મો કરવા છતાં અંતરની શાંતિનો ભંગ થવા દેવો નહિ એવું ભગવાન શ્રીકૃષ્ણનું કહેવું છે; પરંતુ આ પ્રમાણે બનવું શકય છે ? હરકોઈ કર્મ કર્યું એટલે તેના શુભાશુભ સંસ્કાર મનપર પડવાનાજ. આ પ્રમાણેનો અનુભવ સર્વને હોવા છતાં ઉપલી અશકય જેવી વાતને શકય કેવી રીતે બનાવી શકાય તેનો હવે વિચાર કરીશું.

મારા નિત્યવ્યવહારમાં મને સેંકડો મનુષ્યો મળે છે, અને તેમાં કોઈ મનુષ્ય એવો પણ મળે છે કે જેનાપર મારો પ્રેમ હોય છે. રાત્રીએ પથારીમાં પડયો પડયો એવી સેંકડો મુખમુદ્રા સંબંધી વિચાર કરૂં છું, ત્યારે તેમાંથી બીજી મુખમુદ્રાનો ખ્યાલ ન આવતાં પેલા સ્નેહીની મુખમુદ્રાજ મરાપર ખડી થઇ જાય છે. આમ થવાનું કારણ એજ કે બીજા મનુષ્યોની મુખમુદ્રા કરતાં આ વિશિષ્ટ મનુષ્યની મુખમુદ્રાનો સંસ્કાર તેની સાથેના પ્રેમને લીધે મારા મનપર વિશેષ હોય છે. બાહ્યદૃષ્ટિથી વિચાર કરીશું તો મેં જોયેલી પ્રત્યેક મુખમુદ્રાની પ્રતિમા મારા નેત્રોમાં પડી હતી. મસ્તિષ્કે તે પ્રત્યેકનું ચિત્ર ગ્રહણ કર્યું હતું; તોપણ આંતરમાં એક જણનોજ ચહેરો સ્મરણમાં વધુ રહી ગયો હતો. આમ થવાનું કારણ એજ કે એમાંની ઘણી ખરી મુખમુદ્રાઓ તો મારે માટે તદ્દન નવીન અને અપરિચિત હતી. અને પેલા ઓળખીતા મનુષ્યનો મેળાપ અગાઉ અનેકવાર થએલો હોવાથી તેને માટેના સંસ્કાર મારા મનમાં પહેલાં પણ પડયા હતા. જે સંસ્કારો મનમાં સુષુપ્ત દશામાં હતા, તેને હાલની નવીન મુલાકાતે જાગૃત કર્યા, અને બીજી મુખમુદ્રાઓના સંસ્કાર કરતાં આ મુદ્રાનો સંસ્કાર વળી પાછો વધારે દૃઢિભૂત થયો.

આથી સિદ્ધ થાય છે કે જે વિષયના સંસ્કાર આગાઉ મનુષ્યના મનપર સારી રીતે પડેલા હોય છે તેને માટે થોડો પણ ઈસારો મળતાં તુરતજ તે તાજા થઇ આવે છે. ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે કે પ્રત્યેક કર્મ અલિપ્તપણેજ કરવું; કે જેથી તેના સંસ્કાર મનપર દૃઢપણે બેસી જાય નહિ. આ જગત્માં તમે એક પ્રવાસીજેવા છો એમ સમજીનેજ કર્મ કરતા જાઓ, અને લેશમાત્ર પણ બંધન થાય નહિ એ ખાસ યાદ રાખો. જગત્ એ આપણું નિત્યનું નિવાસસ્થાન નથી, પરંતુ માત્ર આપણા પ્રવાસનું એક વિશ્રામસ્થાન છે. " અખિલ સૃષ્ટિ આત્માને માટે છે, નહિ કે આત્મા સૃષ્ટિને માટે છે. " એ સાંખ્યસૂત્ર ખાસ ધ્યાનમાં રાખજો. સૃષ્ટિનું અસ્તિત્વ જીવાત્માના શિક્ષણને માટે છે, અને જીવાત્માએ એમાંથી શિક્ષણ મેળવી મુક્ત થવાનું છે. જો એ સૂત્ર આપણે સ્મરણશક્તિમાં કોતરી રાખીશું તો આપણે સદૈવ નિર્લેપજ રહેવાના. સંસાર એ આપણા અભ્યાસનું મુખ્ય પુસ્તક છે, આપણો અભ્યાસ પરિપૂર્ણ થઈ ગયો કે એ પુસ્તક આપણને એની મેળે નિરુપયોગી થવાનું; પરંતુ એમ ન સમજ-

વાથી આપણે આપણી સ્થિતિ ઉલટીજ કરી મૂકી છે. સંસારના બંધનમાં ઉલટા આપણે વધારેને વધારે સપડાતા જઇએ છીએ. આપણા વિચારો એવા થઈ ગયા છે કે 'જીવાત્મા એ સંસારને માટે છે' 'જીવ એ શરીરને માટે છે,' અને "મનુષ્ય ખાવા પીવા માટેજ જીવે છે, જીવવા માટે ખાતો નથી." આપણે જીવાત્માને સંસારમયજ દેખીએ છીએ, અને પ્રતિદિન એ બંધનનું સૂત્ર દૃઢ થતું જાય છે. એ બંધનને લીધે જીવાત્માપર પ્રચંડ સંસ્કારો કોતરાય છે અને તેની અધોગતિ થાય છે. સંસારમાં એક ગુલામની માફક આપણે કામ કરીએ છીએ, અને મુક્તિની વાત તો એક બાજુ હજારો માઇલ્સ દૂર પડી રહે છે!

સ્વતંત્રપણે એક માલીકની માફક કર્મ કરો, નહિ કે ગુલામની માફક; એ કર્મયોગનો મુખ્ય ઉપદેશ છે. નિયમિતપણે કર્મ કરો, પણ કર્મના દાસ બની રહેવા માટે નહિ પણ મુક્ત થવા માટે કરવાનું છે.

પ્રત્યેક મનુષ્ય કેવી રીતે કર્મ કરે છે, તે આપણે નથી જોતા? નિષ્કર્મ થઇને કોઇ પણ બેસી શકતું નથી. સેંકડે નવ્વાણું ટકા માણસો કર્મ કર્યા જાય છે; પરંતુ તે ભૌતિક સુખ પ્રાપ્ત કરવાના હેતુથી, એટલે કે દેહના ગુલામ તરીકેજ કરે જાય છે, અને એ ગુલામગીરીને લીધેજ જગત્માં જ્યાં ત્યાં દુઃખ અને ચિંતાઓ વ્યાપી રહેલાં જણાય છે.

સ્વતંત્ર રીતે અલિપ્તપણાથી કામ કરો. કામનાથી પ્રેરાઇને નહિ, પરંતુ ખરા પ્રેમથી પ્રેરાઇને કામ કરો. અત્રે પ્રેમ એ શબ્દનો ખરો અર્થ સમજવો મુશ્કેલ છે. સ્વતંત્રતા પ્રાપ્ત કરી નથી ત્યાંસુધી ખરો પ્રેમ ઉપજવો અશક્ય છે. ગુલામમાં ખરો પ્રેમ હોઈ શકે નહિ. તમે એકાદ ગુલામને ખરીદ કરીને તેના હાથપગમાં બેડી ઠોકીને તેની પાસેથી જકડીને કામ લેશો તો તે એક વૈતરાની માફક કામ કરશે, પણ એથી કરીને તેના હૃદયમાં તમારે માટે લેશમાત્ર પણ પ્રેમ તો નથીજ ઉપજવાનો; તેવીજ રીતે આપણે પણ ઇંદ્રિયોના દાસાનુદાસ બનીને કાર્ય કરીશું ત્યાંસુધી આપણામાં લેશમાત્ર પણ સાચો પ્રેમ ઉત્પન્ન થનાર નથી. એવા પ્રકારનાં કર્મોને ખરાં કર્મ કહેવાયજ નહિ. જે મનુષ્ય ઇંદ્રિયોનો ગુલામ છે તે પોતાનેમાટે અને પોતાના સંબંધીઓ કે મિત્રોને માટે ગમે તેટલાં કાર્ય કરે તોપણ તેના ઉદ્યોગમાં વાસ્તવિક કર્મની યોગ્યતા આવવાનીજ નહિ. સત્ય પ્રેમથી પ્રેરાઇને કરેલાં કર્મનો બદલો આપણને સુખ અને શાંતિના રૂપમાં મળે છે. જે કર્મથી આપણા ચિત્તને શાંતિ અને સુખનો લાભ થતો નથી, એવું એક પણ કર્મ પ્રેમથી પ્રેરાઇને થએલું કહેવાય નહિ. સત્ય ચૈતન્ય, સત્ય જ્ઞાન અને સત્ય પ્રેમ એ ત્રણે એક બીજા સાથે જોડાયલાં છે અર્થાત્ એકજ સ્વરૂપ છે. જ્યાં એ ત્રણ પૈકી એકનું અસ્તિત્વ હોય ત્યાં અન્ય બે પણ હોવાંજ જોઇએ. વસ્તુતઃ એકજ અદ્વિતીય મૂળ રૂપનાં એ ત્રણ

અંગો છે. તે મૂળ રૂપનું નામ સચ્ચિદાનંદ છે. એ મૂળરૂપ પૈકી સત્ આપણને આ પ્રત્યક્ષ સૃષ્ટિના સ્વરૂપથી ભાસમાન થાય છે; ચિત્ સૃષ્ટ પદાર્થના જ્ઞાનરૂપે દીસે છે; અને પ્રત્યેક સજીવ હૃદયમાં જે પ્રેમ અંશતઃ દેખાય છે, તેની ઉત્પત્તિ એ આનંદમાંથીજ છે; એટલા માટે ખરા પ્રેમમાંથી દુઃખની ઉત્પત્તિનો સંભવજ નથી. ખરો પ્રેમ, પ્રેમીને અથવા પ્રેમની વસ્તુ ઉભયમાંથી કોઇને પણ અશાંતિ કે દુઃખનું કારણ બની શકે એ સર્વથા અશકયજ છે; પરંતુ જો એમજ હોય તો પ્રેમી જોડાંઓને આપણે વારંવાર દુઃખમાં ડૂબેલાં જોઇએ છીએ, તેનું કારણ શું એવો પ્રશ્ન ઉભો થશે; પરંતુ એના ઉત્તરને માટે એકજ દૃષ્ટાંત બસ થશે. ધારો કે, એક મનુષ્ય એક સ્ત્રી ઉપર અત્યંત પ્રેમ રાખે છે. એટલે સુધી કે, ધ્યાનમાં કર્મમાં અને સ્વપ્નમાં પણ તેને તેનુંજ દર્શન થાય છે; પરંતુ જરા થોભો. આ પ્રેમનું આપણે શાસ્ત્રીય પૃથક્કરણ કરી જોઇએ એટલે તેનું ખરૂં સ્વરૂપ આપણા સમજવામાં આવે. એ દંપતીને લાગે છે, કે આપણે સાથેજ બેસીએ ઉઠીએ, અને ખાઇએ પીએ. એક બીજાના મુખમાંથી નિકળતો શબ્દ ઝીલી લેવાને તેઓ સદા તૈયારજ રહે છે. આનો ખરો અર્થ એજ કે, તેઓ પરસ્પર એકબીજાનાં ગુલામ બને છે. આ બંને ગુલામો વચ્ચે વિકારી પ્રેમ છે અને પરિણામે તે અશાંતિ અને દુઃખજ આપે છે. એમાંના એક બીજાના કહ્યા મુજબ કશું ન કર્યું, અથવા તો એકે કોઇ બીજા માણસની મુલાકાત કરી કે બસ બીજાના મનમાં આડી તેડી શંકા અને દુઃખોનો પારજ નહિ! મિત્રો આ તે શું ખરા પ્રેમનાં લક્ષણ? ઇંદ્રિયજન્ય સુખના અભિલાષે ગાંડા બનાવી દીધેલા મનુષ્યનો એ એક તરંગજ માત્ર છે; અને ભયને લીધેજ તેને તે સાચો પ્રેમ માની લઇને બિચારાં મનુષ્યો રાજી રાજી થઇને બીજાને પણ પોતાના જેવુંજ ગુલામ બનાવે છે. આવો પ્રેમ ખરો હોઈ શકેજ નહિ. ખરા પ્રેમમાં આવું હોયજ નહિ. કોઈ પણ પ્રાણિપદાર્થ ઉપર તમને જયારે ખરો પ્રેમ ઉત્પન્ન થશે—પછી તે તમારી સ્ત્રી પ્રત્યે હો, બાળક પ્રત્યે હો, વા ગમે તે પર હો, તેજ દિવસે તમને ખરા વિશ્વવ્યાપી પ્રેમની કૂંચી પ્રાપ્ત થશે, અને તેજ દિવસે અલિપ્તપણું એટલે શું તેનો વાસ્તવિક અર્થ સમજાશે.

શ્રીકૃષ્ણ ભગવાન્ અર્જુનને કહે છે કે, "હે અર્જુન! મારાં કર્મભણી જો. મારે આ ત્રણે લોકમાં કશુંય પ્રાપ્ત કરવાનું નથી છતાં પણ હું કર્મ કર્યા કરૂં છું. જો હું તેમ કરતો બંધ પડું તો આ સમસ્ત વિશ્વનો લય થઇ જાય; કેમકે સર્વ કોઇ મનેજ અનુસરે છે." મતલબ કે ઈશ્વર સર્વ કર્તવ્યથી મુક્ત અને અલિપ્ત છે તોપણ જીવો પ્રત્યેના પ્રેમનેજ વશ થઇને કર્મ કરે છે, સત્ય પ્રેમ આપણને નિર્લેપજ છે. કેવળ ઇંદ્રિયસુખનેજ માટે પ્રેમ કરવો એ તો માત્ર સ્થૂળ પ્રેમ છે. અમુક પુરુષને અમુક સ્ત્રી પ્રત્યે પ્રેમ છે એમ આપણે કહીએ છીએ; પરંતુ

ખરી હકીકત ઉંડાણથી જોઈશું તો તે પ્રેમ તે સ્ત્રીના શરીર પ્રત્યેનોજ છે. ઈંદ્રિય-સુખની જરા પણ કામના જાગી કે અલિપ્તપણું તો ગયુંજ. આવા પ્રેમીઓનું લક્ષ્ય જડ વિષયભોગથી વિશેષ હોતુંજ નથી. લોખંડને જેમ ચકમક તરફ આકર્ષણ હોય છે તેવુંજ સ્વરૂપ આવા જડ પ્રેમનું હોય છે; અને તેથીજ એકાદ નજીવા કારણથી પણ આવો પ્રેમ તુટી જઈને દુઃખની ઉત્પત્તિ થાય છે. સત્ય પ્રેમનું સ્વરૂપ તો આથી ઘણું દૂર છે. તે જડ વિષયમાં કદિ પણ સંલગ્ન થઈ રહેતો નથી; પરંતુ જડ વિષયોથી પર એવા ચૈતન્ય રૂપમાંજ તે રહે છે. એવા પ્રકારનો ખરો પ્રેમ કરનારાં મનુષ્યો હજારો માઈલ દૂર હોય તોપણ તેમના પ્રેમમાં અંતર પડતું નથી, તે કદિ નષ્ટ થતો નથી, અને તેમાંથી દુઃખની ઉત્પત્તિ થતી નથી.

એવી અલિપ્તતા પ્રાપ્ત કરવી સહજ નથી. સતત અભ્યાસ કરાય તોપણ એકાદ જીંદગી વીતી જાય છે; પરંતુ એની પ્રાપ્તિ થઇ કે તત્કાળ સત્ય પ્રેમ અને મુક્તિનાં દ્વાર ખુલ્લાં થઇને સૃષ્ટિનાં સર્વ બંધનો આપોઆપજ દૂર થઇ જવાનાં; તથા આ સૃષ્ટિ આપણને પોતાના વાસ્તવિક સ્વરૂપમાં દેખાશે અને આપણેમાટે નવાં બંધનો બનાવવાનું મૂકી દેશે. આપણે બીલકુલ અલિપ્ત થઇ કર્મનાં ફળની લેશમાત્ર પણ દરકાર વિનાના થઈશું. તમે તમારાં બાળકોને એકાદ રમકડું યા એવી કોઇ ચીજ લાવી આપો છો ત્યારે તેમની પાસે કાંઈ બદલો માગો છો ? નહિજ, “ એ તો આપણું કર્તવ્ય છે ” એટલાજ વિચારથી એ વિષયની સમાપ્તિ થઇ જાય છે. તેવીજ રીતે બહારની કોઇ પણ વ્યક્તિને માટે, શહેરને માટે, દેશને માટે વા રાષ્ટ્રને માટે એજ આશયથી કાર્ય કરો, અને ફળની લેશ પણ ઇચ્છા રાખતા નહિ. આ સૃષ્ટિમાં જ્યારે તમારાં સર્વ દાન અને કૃત્યો એવી રીતે ફળની ઇચ્છા કે કોઈ પણ પ્રકારની આસક્તિ વિનાનાં થશે એટલે બસ તમે આપોઆપજ નિર્લેપ બની જવાના. ઇંદ્રિયોના દાસ બનીને કર્મ કરવાથી પરિણામ સ્વાર્થ અને આસક્તિમાંજ આવે છે; અને ઇન્દ્રિયો ઉપર સ્વામિત્વ મેળવીને સ્વતંત્રપણે કાર્ય કરવાથી તેનું ફળ શાંતિ અને અનાસક્તિમાં આવે છે. “ હક્ક ” અને “ ન્યાય” એ શબ્દો વારંવાર આપણા કાને પડે છે; પરંતુ ખરૂં જોતાં એ શબ્દોને નાનાં છોકરાંના બડબડાટ કરતાં જરા પણ વધારે મહત્તા કોઈ આપતું નથી. મનુષ્યજાતિના નિત્યવ્યવહારનું અવલોકન કરીશું તો તેમાં મુખ્ય બે મનોધર્મ દૃષ્ટિગોચર થાય છે. એક તો સામર્થ્ય અને બીજી દયા. મનુષ્યના સામાન્ય વર્તનમાં આ બે પૈકી કોઇપણ મનોધર્મનું પ્રાધાન્ય વર્તતું હોય છે. મનુષ્ય જ્યારે દયાને વિસરી જઇને પોતાનું સામર્થ્ય પ્રગટ કરવા લાગે છે ત્યારે તેની સ્વાર્થબુદ્ધિ અતિ બળવાન્ બનેલી હોય છે. સામાન્ય કોટિનાં સ્ત્રીપુરુષો તરફ જોઈશું તો તેઓ પોતાના સામર્થ્યનોજ એક સરખી રીતે ઉપયોગ કરે જાય છે, એમ માલૂમ પડે છે, દયા તો ભાગ્યેજ માલૂમ પડે છે. દયાશીલ

અંતઃકરણ એ પ્રત્યક્ષ સ્વર્ગજ છે. જેના અંતઃકરણમાં દયાનો ભાગ વિશેષ છે તે ખરેખર મહા ભાગ્યશાળી પુરુષ છે. હક્ક અને ન્યાયનો મૂળપાયો દયાજ છે. કર્મનાં ફળની આશા રાખનારા સર્વ વિચારો આપણી આધ્યાત્મિક ઉન્નતિમાં વિઘ્નકારક થઇ પડે છે; એટલુંજ નહિ પણ તે આપણા માટે અનંત દુઃખની પરંપરા પણ ઉત્પન્ન કરે છે. ભૂતદયા અને સ્વાર્થત્યાગ એ ધર્મનો અભ્યાસ કરવાનો એક બીજો માર્ગ છે અને તે એ છે કે, જો આપણને ઇશ્વરનું અસ્તિત્વ માન્ય હોય તો કર્મને ઇશ્વરની પૂજા માનવી, અને પૂજાની ભાવનાથીજ આપણાં સર્વ કર્મો અથવા કર્મનાં ફળો ઇશ્વરાર્પણ કરવાં એટલે કોઈ પણ મનુષ્યની પાસેથી બદલો મેળવવાનો આપણો હક્ક રહેશેજ નહિ. * સ્વતઃ પરમેશ્વર પોતે પણ એજ પ્રમાણે કર્મ કરીને ફળની અપેક્ષા ન કરવાથી નિત્યમુક્ત છે. જેવી રીતે જળ કમળપત્રને ભીંજવી શકતું નથી, તેવીજ રીતે સ્વાર્થત્યાગી મનુષ્યનાં કર્મો તેને બંધનમાં ફસાવી શકતાં નથી. આવી રીતના સ્વાર્થત્યાગી અને અલિપ્ત મનુષ્યને કોઇ મોટા શહેરમાં પાપી મનુષ્યોની વસ્તિમાં રાખવામાં આવે તોપણ તેને કોઇ પણ પ્રકારનું પાપ જરા પણ સ્પર્શ કરી શકવાનું નથી. એવા મનુષ્યને કદાચ સાક્ષાત્ પાપના કૂવામાં નાખવામાં આવે તો ત્યાં પણ તે અસ્પર્શ્યજ રહેવાનો ! ×

નિઃસ્વાર્થતાનું સત્ય સ્વરૂપ નીચેના દૃષ્ટાંતથી સમજાશે. કુરુક્ષેત્રના યુદ્ધ પછી પાંચ પાંડવોએ એક મહાન્ યજ્ઞ આરંભ્યો અને ગરીબોને પુષ્કળ દાન આપવા માંડ્યું. પ્રત્યેક મનુષ્ય આ યજ્ઞનું ઐશ્વર્ય તથા ઉદારતા જોઇને આશ્ચર્યપૂર્વક પ્રશંસા કરવા લાગ્યા, કે જગતમાં આવો મોટો યજ્ઞ કદિ સાંભળવામાં આવ્યો નથી; પણ યજ્ઞની સમાપ્તિ થયા પછી ત્યાં એક નોળીઓ આવ્યો. તેનું અર્ધું શરીર સુવર્ણનું હતું. આ નોળીઓ યજ્ઞની જગ્યાએ આવી આળોટવા અને લોકોને કહેવા લાગ્યો કે, ‘ તમે સઘળા મિથ્યા ભાષણ કરો છો, એ કાંઇ ખરો યજ્ઞ નથી.” લોકોએ આશ્ચર્યની સાથે જવાબ આપ્યો, કે તને ખબરજ નથી કે એમણે કેવાં કેવાં મોટાં દાન કર્યાં છે, અને ગરીબ લોકોને પૈસાદાર તથા સુખી બનાવી દીધા છે ? આ યજ્ઞ તો ખરેખર મહાન્ અને આખી પૃથ્વીપર કદિ ન થયો હોય એવો અદ્વિતીય છે.” નોળીઆએ પ્રત્યુત્તરમાં કહ્યું કે, “ એક નાના ગામમાં એક ગરીબ બ્રાહ્મણ પોતાની સ્ત્રી, પુત્ર, તથા પુત્રવધૂ સાથે રહેતો હતો. તેઓ ઘણીજ ગરીબ અવસ્થામાં હતાં, અને

* શ્રીકૃષ્ણ પોતે પણ કહે છે કે–यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्। यत्तपस्यसि कौंतेय तत्कुरुष्व मदर्पणम् ॥

× ‘ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति यः। लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा॥’ श्री. भ. गी.

કથાવાર્તા તથા પાઠપઠન ઉપર નિર્વાહ કરતાં હતાં. તે દેશમાં ત્રણ વર્ષનો લાંબો અને સખ્ત દુકાળ પડયો. પેલો બિચારો ગરીબ બ્રાહ્મણ દિનપ્રતિદિન અધિક દુઃખી થતો ગયો. એક વખત તો આખા કુટુંબને કાંઇ પણ ખાવા નહિ મળી શકવાથી કેટલાક દિવસના અપવાસ થયા અને ભૂખે મરતાં બધાં મરણતુલ્ય થઇ ગયાં. એક દિવસે પ્રાતઃકાળે સુભાગ્યયોગે પેલો બ્રાહ્મણ થોડો જવનો લોટ લઇને આવ્યો જેમાંથી ભોજન બનાવી તેના ચાર જણ માટે ચાર ભાગ કર્યા; પણ તેઓ જમવાની તૈયારીમાં હતા એટલામાંજ બહારથી કોઇએ બૂમ મારી. બ્રાહ્મણે દ્વાર ખોલ્યાં તો એક અતિથિનું દર્શન થયું. હિન્દુઓમાં અતિથિ ઇશ્વરતુલ્ય પૂજ્ય ગણાય છે, પેલા ગરીબ બ્રાહ્મણે અતિથિદેવનું વિધિપૂર્વક સ્વાગત કર્યું, અને અંદર લઈ જઇ પોતાના ભાગનું ભોજન તેના આગળ મૂક્યું. અતિથિદેવ તુર્તજ ભોજન જમી ગયા અને કહ્યું કે, "અરે ભાઇ! તમે તો મારૂં મૃત્યુ આણ્યું છે. દશ દિવસ થયાં ભોજન મળ્યું નથી અને વળી આટલા ભોજને તો મારી ક્ષુધાને ઉલટી વધારે જાગૃત કરી!" પછી પેલા બ્રાહ્મણની સ્ત્રીએ કહ્યું કે "મારો ભાગ અતિથિને આપી દ્યો." પણ તેના પતિએ કહ્યું કે, "નહિ, એમ બનશે નહિ." તોપણ પેલી સ્ત્રીએ ઘણું દબાણ કરીને કહ્યું કે, "અતિથિને તૃપ્ત કરવો એ ગૃહસ્થીનું કર્તવ્ય છે અને જ્યારે તમારી પાસે કાંઇ નથી ત્યારે તમારી સ્ત્રી તરીકેની મારી ફરજ છે કે મારો ભાગ આપવોજ જોઇએ." પછી સ્ત્રીએ પોતાનો ભાગ અતિથિદેવને અર્પણ કર્યો. અતિથિ એ ભાગ પણ ખાઇ ગયા અને બોલ્યા કે, "હજુ પણ ક્ષુધા ઘણીજ પીડે છે." પછી પેલા બ્રાહ્મણનો પુત્ર બોલ્યો કે, "મારૂં પણ એ કર્તવ્ય છે કે પિતાના કર્તવ્યની પૂર્ણતા કરવી, માટે મારો ભાગ પણ લ્યો." અતિથિદેવ તે ભાગ પણ ચટ કરી ગયા અને તોપણ અતૃપ્તજ રહ્યા; જેથી પુત્રવધૂએ પણ પોતાનો ભાગ અર્પણ કરી દીધો. બસ હવે અતિથિદેવ તૃપ્ત થયા અને સર્વને આશીર્વાદ દઇ ચાલતા થયા. તેજ રાત્રે એ ચારે જણ ક્ષુધાથી મૃત્યુવશ થયાં. એ જગ્યાએ પેલા લોટના કેટલાક કણો પૃથ્વીપર વેરાયા હતા ત્યાં આળોટવાથી મારૂં અર્ધ શરીર તમે જુઓ છો તેવું સુવર્ણનું થઇ ગયું છે. ત્યાર પછી એવા પ્રકારના યજ્ઞની શોધમાં હું સઘળી પૃથ્વી ફરી વળ્યો છું; પણ મારૂં બાકીનું શરીર સુવર્ણનું થાય એવો એક પણ યજ્ઞ જોયો નથી, અને તેથી હું કહું છું કે–આ પણ ખરો યજ્ઞ નથી."

હિંદુસ્તાનમાંથી આવો દાનધર્મ દિવસે દિવસે લોપ થતો જાય છે, અને એવા ખરા મહાન્ પુરૂષો પણ ઓછા થતા જાય છે. જ્યારે હું પ્રથમ ઇંગ્રેજી શીખતો હતો ત્યારે મારા વાંચવામાં એક વાર્તાનું પુસ્તક આવ્યું. એ પુસ્તકમાં એક કર્તવ્યપરાયણ છોકરાની વાર્તા હતી. તે છોકરો પોતે કમાઇને થોડા પૈસા પોતાની માતાના નિર્વાહને માટે મોકલતો હતો. તેના આ કર્તવ્યનો મહિમા એ પુસ્તકમાં ત્રણ ચાર પાનાં

ભરીને વર્ણવેલો હતો; પરંતુ મારે કહેવું જોઇએ કે અમો હિન્દુ બાળકોને વધારે ભણતાં "સૌ પોતપોતાનું સંભાળે" એવું એ અંગ્રેજ પ્રજાનું જીવનસૂત્ર જોયું, ત્યારે આ કાર્યની આટલી બધી સ્તુતિ જોઈ આશ્ચર્ય થતું; પરંતુ પેલી વાર્તાનું રહસ્ય હું સમજી શકયો.

માબાપ ભૂખે મરે અને સ્ત્રી છોકરાં ભીખ માગે, છતાં પોતે અજીર્ણ થતાં સુધી જમનારા મનુષ્યો પાશ્ચાત્ય દેશમાંજ મારા જોવામાં આવ્યા. કોઇ પણ ગૃહસ્થાશ્રમીએ આવું આસુરી ધ્યેય રાખવું જોઇએ નહિ.

આટલા વિવેચનથી કર્મયોગનું ખરૂં રહસ્ય તમારા સમજવામાં આવ્યુંજ હશે. દેહપાત થવાનો પ્રસંગ આવે તોપણ એક શબ્દ બોલ્યા સિવાય દીન દુઃખીઓને મદદ કર્યા જવી જોઇએ. હજારો મનુષ્ય તમને છેતરી જાય તોપણ પોતાના કર્તવ્ય-માં ન્યૂનતા ન આવવા દેવી અને ગરીબોને દાન કરવા બદલ એક શબ્દ પણ ઉચ્ચારવો નહિ, તથા ઉપકારનો બદલો મેળવવાની આશાનો અંકુર જરા પણ ઉગવા દેવો નહિ; એટલુંજ નહિ પણ એવો પ્રસંગ પ્રાપ્ત થવા માટે પરમાત્માનો અને સહાય લેનાર મનુષ્યોનો ઉપકાર માનવો. એક વિશુદ્ધ સંન્યાસીના જીવન કરતાં વિ-શુદ્ધ ગૃહસ્થીનું જીવન કેટલું કઠિન છે, તેની હવે તમને સારી રીતે કલ્પના આવી હશે. એક વિશુદ્ધ ત્યાગીનું જીવન જેટલું કઠિન છે, તેટલુંજ અને તેથી પણ અધિક કઠિન એક વિશુદ્ધ ગૃહસ્થાશ્રમીનું જીવન પણ છે.

कर्मयोग--प्रकरण चोथुं

કર્તવ્ય એટલે શું ?

કર્મયોગના વિચારમાં કર્તવ્ય એટલે શું, એ જાણવું ઘણુંજ અગત્યનું છે. કોઇ પણ કર્મ કરવું હોય તો તે પહેલાં મારે પ્રથમ જાણવું જોઇએ કે તે મારૂં કર્તવ્ય છે કે નહિ? જૂદા જૂદા દેશોમાં કર્તવ્ય સંબંધી જૂદા જૂદા મત હોય છે, એ હું કહીજ ગયો છું. મુસલમાન કહે છે કે જે કુરાનમાં લખ્યું છે તેજ અમારૂં કર્તવ્ય છે. હિંદુઓ કહે છે કે વેદમાં કહ્યું છે તેજ અમારૂં કર્તવ્ય છે; અને ખ્રિસ્તીઓ કહે છે કે બાયબલમાં લખે છે તેજ અમારૂં કર્તવ્ય છે. ભિન્ન ભિન્ન વખતે, ભિન્ન ભિન્ન દેશોમાં અને ભિન્ન ભિન્ન પરિસ્થિતિમાં કર્તવ્યનો પ્રકાર પણ ભિન્ન ભિન્ન હોય છે, એમ ઇતિહાસાદિ ગ્રંથોમાં પણ પ્રસિદ્ધ છે. કોઈ એક પ્રત્યક્ષ વસ્તુની પેઠે કર્તવ્યની વ્યાખ્યા ચોક્કસપણે નિર્દિષ્ટ થઇ શકતી નથી. નિત્યના સામાન્ય વ્યવહારોથી

અનુભવાતા કાર્યકારણના સંબંધવડેજ કર્તવ્ય એ શબ્દની આપણે માત્ર કાંઇક કલ્પના કરી શકીએ છીએ. આપણી દૃષ્ટિ આગળ જે જે બનાવો બને છે તે જોતાંજ તે પ્રસંગે આપણું શું કર્તવ્ય છે તેનો વિચાર આપોઆપજ આપણા મનમાં ઉપજી આવે છે. એનું કારણ તાત્કાલિક બુદ્ધિ હો અથવા પૂર્વનો અનુભવ હો, પરંતુ અમુક વાત જાણમાં આવતાં તુરતજ મન તે વિષે આપોઆપજ વિચાર કરવા મંડી પડે છે.

અમુક પ્રસંગ બની આવતાં તે સમયે કર્તવ્યનો જે નિર્ણય મન કરે છે તેવોજ પ્રસંગ અન્ય સમયે આવતાં તેથી ઉલટોજ નિર્ણય કેટલીકવાર તે કરે છે.

"આપણી સદસદ્વિવેકબુદ્ધિ અનુસાર કાર્ય કરવું" એવી સામાન્ય વ્યાખ્યા ઘણાકો કરશે; પરંતુ એ વ્યાખ્યા દરેક પ્રસંગે અમલમાં આવતી હોય એમ નથી. ઉદાહરણતરીકે કોઇ ખ્રિસ્તી પાસે ગોમાંસનો એકાદ કડકો હોય, અને કોઇ ક્ષુધાર્ત મનુષ્યને આપે નહિ અને પોતે પણ ક્ષુધાપીડિત હોવા છતાં ખાય નહિ, તો તે પોતાનીજ દૃષ્ટિમાં પોતાને કર્તવ્યભ્રષ્ટ થએલો દેખશે; પરંતુ જો તેજ પદાર્થ કોઇ હિંદુ પાસે હશે અને ક્ષુધાથી મૃત્યુ પામવાની તૈયારીમાં હશે તો તે પ્રસંગે પણ તે પદાર્થનું જો તે ભક્ષણ કરશે, અથવા તેવી સ્થિતિવાળા અન્ય કોઇ મનુષ્યને ભક્ષણ કરાવશે, તો તેને પોતાના મનથી એમજ લાગશે કે તે પોતે કર્તવ્યભ્રષ્ટ થયો છે. હિંદુના હૃદયમાં ગાયની પૂજ્યતાસંબંધી ધાર્મિક ભાવના નાનપણમાંથીજ કોતરાયલી એટલે તેના મનને એ કૃત્ય ઘોર પાપતુલ્ય ભાસે એમાં કાંઇ નવાઇ નથી. અઢારમા સૈકામાં હિંદુસ્તાનમાં "ઠગ" નામના ચોર લોકોનાં ટોળે ટોળાં વસતાં હતાં. મનુષ્યને મારી નાખવું અને ધન લૂટી લેવું એ તેમનો વ્યવસાય હતો. ખૂન કરવું એજ તેઓ કર્તવ્ય માનતા અને જે વધારે ખૂન કરે તેને તે લોકો વધારે પુણ્યવાન્ સમજતા. એકાદ સાધારણ મનુષ્ય રસ્તે ચાલતાં કોઇના ઉપર ગોળીબાર કરી તેને મારી નાખે તો તે ખરેખર દુષ્કૃત્યજ લેખાય; પરંતુ તેજ મનુષ્ય એકાદ પલટણમાં નોકર હોય તો અને લડાઈમાં પાંચ પચાસ મનુષ્યને મારી નાખે તોપણ તે કૃત્યને મહાન્ પરાક્રમ માનીને તેને ઘણોજ આનંદ થશે, અને પોતાનું કર્તવ્ય બરાબર બજાવ્યું છે એવું અભિમાન થશે. આથી સ્પષ્ટ થાય છે કે કેવળ કૃત્યો ઉપરથીજ અમુક કર્તવ્ય છે અને અમુક અકર્તવ્ય છે એમ નિશ્ચિતપણે કહી શકાતું નથી; પરંતુ તે છતાં પણ આ વિષે કાંઇપણ ભાવરૂપ વિવેચન કરવા જેવું છે. જે કૃત્યથી આપણું હૃદય શુદ્ધ થઇને ઈશ્વર તરફ દોરાય તે પુણ્ય કૃત્ય હોઇ આપણું કર્તવ્ય છે; તેવીજ રીતે જે કૃત્યના યોગથી અંતઃકરણ મલિન અને દુષ્ટ થાય તે દુષ્કૃત્ય હોઈ ત્યાજ્ય છે, એમ સમજવું. પાપપુણ્ય અથવા કર્માકર્મની આ ભાવરૂપ વ્યાખ્યા થઈ; પરંતુ તેના આધારપર પણ અમુક કૃત્ય કરવું અને અમુક ન કરવું એમ વિધિનિષેધાત્મક ચોક્કસ વચન કહી શકાય તેમ નથી; સમસ્ત માનવ જાતિને, સર્વ

રાષ્ટ્રોને સર્વત્ર અને સર્વ કાળમાં માન્ય થઇ શકે એવી એક વ્યાખ્યા છે ખરી. સંસ્કૃત સુભાષિતમાં એ વ્યાખ્યા ગુંથેલી છે, અને તે એ છે કે, **परोपकारः पुण्याय पापाय परपीडनम्** । અર્થાત્ કોઈ પણ પ્રાણી ઉપર ઉપકાર કરવો એ પુણ્યનું કામ છે અને કોઇને દુઃખ દેવું એનું નામ પાપ છે.

ધર્મ શું અને અધર્મ એટલે શું એ સંબંધી ભગવદ્‌ગીતામાં વર્ણધર્માનુસાર વિવેચન કરેલું છે. વર્ણના આધારે પ્રત્યેકનો ગુણધર્મ અને મનોધર્મ કેવા પ્રકારનો હોવાનો સંભવ છે, તેનો સામાન્ય નિર્ણય થઈ શકે છે; અને તે ઉપરથી જે પરિસ્થિતિ અને વર્ણમાં આપણો જન્મ થયો હોય, તે પરિસ્થિતિ અને વર્ણને અભિમત કયા પ્રકારનાં કર્મો હોઇ શકે તેનો વિચાર કરી, પોતાને માટે કલ્યાણપ્રદ અને મનઃશુદ્ધિકર કર્મનો નિર્ણય થઇ શકે છે ખરો; પરંતુ " સર્વ દેશમાં અને સર્વ સમયમાં અમુક એકજ પ્રકારની સ્થિતિમાટે પણ ભિન્ન ભિન્ન સમાજમાં પાપ પુણ્યની કલ્પના એક સરખી હોતી નથી. " એ વસ્તુસ્થિતિ લક્ષમાં ન આવવાથી રાષ્ટ્ર એક બીજા રાષ્ટ્રનાં નિંદા—દ્વેષ કરે છે. અમેરિકન રીતરિવાજ પ્રમાણે વર્તન કરવું એ આપણું કર્તવ્ય છે એમ અમેરિકન માને છે; અને તેવીજ રીતે એક હિંદુ પોતાના રીતરિવાજને દુનિયામાં સર્વોત્કૃષ્ટ માનીને તે પ્રમાણે ન વર્તી શકાય તો પોતાને પાપી માને છે. આવા પ્રકારની ભૂલ સામાન્ય મનુષ્યોથી થવી એ સહજ છે; તોપણ આવી ક્ષુલ્લક ભૂલથી પણ કોઇવાર મહાન્ વિપરીત પરિણામ નિપજે છે. હું જ્યારે આ દેશમાં આવ્યો અને ચિકાગો પ્રદર્શનમાં ફરતો હતો તે વખતે એક માણસે મારી પાછળથી આવી મારો ફેંટો ફેંકી દીધો. મેં પાછા ફરી જોયું તો તે માણસ સારા સ્વચ્છ પોશાકમાં અને ઘણોજ સભ્ય દેખાતો હતો. હું જ્યારે તેની સાથે વાત કરવા લાગ્યો અને તેને માલૂમ પડયું, કે હું ઇંગ્રેજી જાણું છું ત્યારે તે એકદમ ઘણોજ શરમીંદો થઈ ગયો. એક બીજા પ્રસંગે એજ પ્રદર્શનમાં બીજા એક માણસે મને ધક્કો માર્યો. જ્યારે મેં તેને તેમ કરવાનું કારણ પૂછયું તારે તે ઘણોજ શરમાઇ ગયો અને આજીજી સાથે કહેવા લાગ્યો કે, " તમે આવો પોષાક કેમ પહેરો છો ?" એક મનુષ્યનો બીજા મનુષ્યની પ્રત્યે ઉત્પન્ન થનારો ભાવ આ ગૃહસ્થોના મનથી જાણે કે તેમની ભાષા અને પોશાકની ભિન્ન પ્રકારના રીતરિવાજ જોઇને માણસના અંતરમાંથી સહાનુભૂતિનો ઝરો જાણે કે સૂકાઇજ જાય છે. પેલો સદ્‌ગૃહસ્થ જેણે માત્ર મારો પોષાકજ જોઇને મારા પ્રત્યે અસભ્ય વર્તન કર્યું હતું, તે પોતાનાં બાળક, પોતાનો આપ્તવર્ગ, પોતાનો દેશ ઇત્યાદિક પ્રત્યે ગમે તેટલો સદાચારી હશે; અને પોતાનાં અન્ય લૌકિક કર્તવ્યો પણ તે બહુ સારી રીતે બજાવતો હશે; પરંતુ પોતાના પોષાક કરતાં ભિન્ન પ્રકારનો પોષાક દૃષ્ટિએ પડતાંજ તેની સર્વ સુયોગ્યતા કયાંય અદૃશ્ય થઈ ગઇ ! આવી રીતે સર્વ દેશોમાં વિદેશીય

મનુષ્યોની મશ્કરી કરવામાં આવે છે. બીજા દેશમાં જતી વખતે ત્યાં કેવી રીતે વર્તવાથી પોતે સારો ગણાય તેનું જ્ઞાન ન હોવાને લીધેજ એવું બને છે; પરંતુ એ મનુષ્ય જ્યારે સ્વદેશ જાય છે ત્યારે એમ બનવાને પરિણામે તે દેશના લોકોને માટે અત્યંત ખરાબ અભિપ્રાય અને દ્વેષ તો સાથેજ લઈ જાય છે. ખલાસીઓ, સિપાઈઓ અને વ્યાપારીઓ પરદેશમાં કેટલી વિચિત્ર રીતે વર્તે છે તેની સર્વને ખબરજ હશે. જે બાબત કરવાનો વિચાર સરખો પણ તેમને પોતાના દેશમાં ન આવે તે બાબત પરદેશમાં જઈને તેઓ વિના સંકોચે કરે છે. યૂરોપિયન અને અમેરિકન લોકોને ચીના લોકો "પરદેશી પિશાચ" કહે છે તેનું કારણ પણ બહુધા એજ હોવું જોઈએ.

એટલા માટે એક મુદ્દો ખાસ ધ્યાનમાં રાખવો જોઈએ કે બીજા માણસોના વર્તનની પરીક્ષા તેમના રીતરિવાજ વગેરેનો વિચાર કરીને તેમની દૃષ્ટિથી કરવી જોઈએ. આપણા રીતરિવાજની દૃષ્ટિથી જોઈને બીજાઓના રીતરિવાજ ઉપર કદિ પણ ટીકા કરવી નહિ. સઘળી સૃષ્ટિને પોતાનાજ મત મુજબ ચાલવાનો કોઈએ લેખ લખાવી આણ્યો નથી. બધી દુનિયા કાંઈ આપણાજ સુખને માટે નિર્માણ થઈ નથી, માટે બધાંની સાથે સહાનુભૂતિ રાખવી જોઈએ. દેશકાળ ઇત્યાદિને અનુસરીને કર્તવ્યના પ્રકારમાં ફેરફાર થયા કરે છે એ વાત ધ્યાનમાં રાખીને દરેક વિશિષ્ટ પ્રસંગે પોતાના મનને પવિત્ર અને યોગ્ય લાગે એવું વર્તન કરવું એજ આપણું કર્તવ્ય છે. જે પરિસ્થિતિમાં આપણો જન્મ થયો હોય તે સ્થિતિને અનુસરીને પણ આપણાં કેટલાંક સામાન્ય કર્તવ્યો હોય, તે પૂર્ણ કરવાં એ જેમ પહેલું કર્તવ્ય છે; તેમ જે સમાજમાં આપણે નાનેથી મોટા થયા, તે સમાજની સ્થિતિને અને આપણા દરજ્જાને અનુરૂપ એવાં આપણાં જે જે કર્તવ્ય હોય તે બજાવવાં એ આપણું બીજું કર્તવ્ય છે. માનવસ્વભાવમાં એક મોટી ભૂલ હોય છે કે–દરેક મનુષ્ય પોતે પોતાને જોતો નથી અને એમજ સમજ્યા કરે છે, કે હું તો રાજ્યાસને બેસવાનેજ યોગ્ય છું. આવી આવી ભાવના રહ્યા કરવાથી આત્મપરીક્ષણનો માર્ગ તેને માટે બીલકુલ બંધ થઈ જાય છે. ધારો કે તે પોતે રાજ્યાસનને પાત્ર પણ હોય, પણ તે પહેલાં તેણે વર્તમાન પરિસ્થિતિથી પ્રાપ્ત થનારાં કર્તવ્યો ઉત્કૃષ્ટરીતે બજાવીને પોતાની પાત્રતા સિદ્ધ કરવી જોઈએ. આપણે હલકા દરજ્જાપર હોઈએ એટલે કે આપણી યોગ્યતા આપણે માની હોય તેવા અધિકારપર આપણે ન હોઈએ તો તેમાં દોષ બીજા કોઈનો નહિ પણ આપણો પોતાનોજ હોય છે. એમાં મુખ્ય દોષ તો એજ હોય છે કે આપણે માટેની આપણી માન્યતા અને આપણી હાલની બાહ્ય પરિસ્થિતિની વચ્ચેના આંકડા પૂરવામાટે કેટલોક વિચાર અને પુરુષાર્થ કરવાની ખાસ જરૂર હોય છે. આપણી વર્તમાન શક્તિ અને બીજા સંયોગોનો પૂર્ણ સદુપયોગ કરીને આપણાં વર્તમાન કર્તવ્ય જેટલાં પણ સારામાં સારી રીતે બજાવવામાં આવે તેટલા એ આંકડા સત્વર

પૂરાય છે, અને કલ્પેલો અધિકાર સત્વર પ્રાપ્ત થાય છે. જગતમાં જ્યારે આપણે આપણું વર્તમાન કર્તવ્ય ખરેખરી રીતે બજાવવા માંડીએ છીએ ત્યારે ચારે તરફથી આપણને જે ધક્કા મુકી ખમવી પડે છે, તે ઉપરથી આપણી પોતાની ખરેખરી યોગ્યતા શી છે તે વાતની આપણને ખાત્રી થાય છે અને આપણી દૃષ્ટિમાં આપણે માટે મિથ્યાભિમાનની જે જડ બાઝેલી હોય છે તે આ ધક્કા વગેરેથી નીકળી જાય છે.

કોઇ મનુષ્યમાં ઉચ્ચ સ્થિતિની પાત્રતા નહિ હોવા છતાં પણ જો તે ઉચ્ચ અધિકાર પર મૂકાઇ ગયો હોય તો તે અધિકાર ઉપર તે લાંબો વખત ટકી શકતો નથી. દરેક પ્રાણીને તેની પોતાની યોગ્યતાનુસાર યોગ્ય સ્થાને મૂકવું એ પ્રકૃતિનું મુખ્ય કાર્ય છે; કોઇ પણ માણસની ખરી યોગ્યતા કેવળ તેની વર્તમાન બાહ્ય દશા અથવા અધિકાર ઉપરથી જોઇ શકાતી નથી.

કોઇ માણસ કોઇના તાબામાં રહીને અથવા નીચલા દરજ્જાનો કામધંધો કરતો હોય તેટલા ઉપરથીજ તેની યોગ્યતા ઓછી આંકવી ઘટતી નથી. કાર્ય કેવું પણ હોય, પરંતુ તે કેવા પ્રકારથી અને કેટલા ઉત્સાહથી તથા કાળજીથી કરવામાં આવે છે તે ઉપરથીજ કર્તાની યોગ્યતાનો નિર્ણય થવો જોઇએ.

કર્તવ્ય વિષેની આપણી કલ્પનામાં હજી પણ કેટલો ફેરફાર કરવો જોઇએ. અત્યંત નિરપેક્ષ બુદ્ધિની પ્રેરણા સિવાય કોઇ પણ મહાન કાર્ય સારી રીતે થઇ શકતું નથી. અમુક કામ કર્તવ્યરૂપ સમજીનેજ કરવું જોઇએ. જેમ જેમ આવી સમજણપૂર્વક કર્તવ્ય કરાતાં જશે તેમ તેમ સ્વાર્થબુદ્ધિનો ક્રમે ક્રમે આપણામાંથી નાશ થતો જશે. અને જ્યારે સ્વાર્થબુદ્ધિનો સંપૂર્ણ નાશ થશે ત્યારે "પ્રત્યેક કર્મ ઈશ્વરનુંજ પ્રત્યક્ષ પૂજન છે"એમ આપણને સમજાવા લાગશે; અને ત્યારપછી પૂરેપૂરી નિષ્કામતાવાળાં કર્મ આપણા હાથે થવા લાગશે તથા ખરી અલિપ્તતાનો અર્થ આપણને સમજાશે. યોગના સર્વ માર્ગોનું ધ્યેય એજ છે કે—અનંતકાળથી આપણા સચ્ચિદાનંદમય મૂળ સ્વરૂપ ઉપર જે અજ્ઞાન અને સ્વાર્થનો પડદો પડેલો છે, તે પડદાને ખસેડી નાખીને આપણા સત્ય સ્વરૂપને પૂર્ણપણે વ્યકત કરવું. સ્વહિતનેમાટે સ્વાર્થપરાયણ થઇ આપણે જે કર્મો કરીએ છીએ, તેમાં આપણી શકિતઓનો ઘણોજ વ્યય થઇ જાય છે, અને અજ્ઞાનનો પડદો મજબૂત થતો જઇને કર્મનાં બંધનો મજબૂત થતાં જાય છે. અજ્ઞાનની એ જાળનો નાશ કરીને પાછલાં બંધનો તોડી નાખવાં એજ બધા યોગમાર્ગનું તેમજ કર્મયોગનું પણ એજ ધ્યેય છે.

"આ આપણું કર્તવ્ય છે" એવું સારી રીતે સમજાયા પછી કોઇ પણ કાર્યનો આરંભ કર્યો એટલે તે કાર્યની પૂર્તિનેમાટે—તે કાર્ય રૂડી રીતે પાર પાડવાને ખાતર કેટલીક હલકા પ્રકારની સુખસ્વાર્થની કલ્પનાઓને દૂર કરવી પડે છે. આ પ્રમાણે પ્રથમ નાનાં નાનાં સુખસ્વાર્થને છોડી આપણે તૈયાર થતા જઇએ છીએ તેમ તેમ

આપણી કર્તવ્યભાવના અધિક વિસ્તૃત થઇને મોગ્ગ સુખસ્વાર્થની કલ્પનાઓ પણ ધીરે ધીરે વિરામ પામતી જાય છે. જે મૂળ તત્ત્વોપર સમાજની હાલની રચના થએલી છે તે મૂળતત્ત્વો પણ આજ પ્રકારનાં છે. મનુષ્યો સમાજ અથવા સમૂહબદ્ધ રહેવા લાગે છે એટલે આપોઆપજ કેટલાંક સામાજીક બંધનો ઉદ્‌ભવે છે. પરિણામે તેનું ઉચ્છૃંખળપણું સ્વાભાવિકરીતે ઓછું થાય છે અને તેની જગાએ "બીજાઓને માટે મારે કંઇક કરવુંજ જોઇએ" એવી સમજણથી તેનું સ્વાર્થી સંકુચિતપણું છૂટી જઇને તેને વિશ્વવ્યાપક થવાનો સુયોગ સમાજમાં પ્રાપ્ત થાય છે. કેવળ કર્તવ્યને ખાતરજ કર્મ કરવાનો માર્ગ કેવળ સુખકર અને અકંટક નથી હોતો, એ વાત પણ એવી રીતે કર્મ કરનારને સમજાતી ચાલે છે.

કોઇ મનુષ્યના પ્રત્યે આપણને બિલકુલ પ્રેમ ન હોય, અને તેને માટે કર્તવ્ય સમજીને કાંઇક કાર્ય કરવું પડે છે, તો આપણા મનની તે વખતે કેવી સ્થિતિ થાય છે, તે અનુભવથીજ સમજવા જેવી છે. ગાડીના ચક્કરમાં તેલ નહિ પૂરવાથી તે ચક્કર કર્ણકટુ સ્વર કહાડવા માંડે છે તેવીજ રીતે આપણું મન પણ એવા પ્રસંગોમાં હરઘડી આપણને ભાંડ્યા કરે છે. કેવળ પ્રેમરૂપી તેલથીજ કર્મચક્ર સુખકર અને સરળ ચાલે છે. એ પ્રેમરૂપી તેલ ન હોય તો માબાપ પોતાનાં છોકરાંમાટે, પતિ-પત્ની એકબીજાં પરસ્પર જે કર્તવ્યો કરી રહ્યાં છે, તેની વ્યવસ્થા કેવી હોત? પ્રેમનો અભાવ હોય એવા કુટુંબના તમાશાથી શું તમે અજાણ્યા છો? કેવળ પ્રેમથીજ આપણો કર્તવ્યમાર્ગ સુખકર થાય છે અને એ પ્રેમનો પ્રવાહ જેટલા પ્રમાણમાં તે સ્વતંત્રપણે ચાલે છે તેટલા પ્રમાણમાં અધિક વિસ્તૃત અને ઉંડો થતો ચાલે છે. અહિંઆં સ્વતંત્રતા એટલે શું તેનો વિચાર કરવો જોઇએ. ઇન્દ્રિયજન્ય સુખોમાટે તેમના ગુલામ થઇને રહેવું, ક્રોધને વશ થવું અને વ્યવહારમાં નિત્ય આવી પડતા હજારો વિકારોને તાબે થઈ રહેવું એજ શું સ્વાતંત્ર્ય છે? ખરેખર હલકી પાયરીના મનુષ્યો સ્વતંત્રતાનો એવોજ અર્થ સમજે છે અને ઇન્દ્રિયજન્ય સુખ મેળવવાના માર્ગમાં કાંઇ અંતરાય આવ્યો એટલે સ્વતંત્રતાનો નાશ થયો સમજીને શોક કરે છે; પરંતુ વાસ્તવિક વિચાર કરતાં એ કાંઇ ખરી સ્વતંત્રતા નથી. આવા પ્રસંગોમાં સહનશીલતા દાખવવી એજ ખરૂં સ્વાતંત્ર્ય છે. બીજાઓને ખાતર પોતાના કામક્રોધાદિ વેગો ઉપર જેની સંપૂર્ણ સત્તા ચાલે છે, તે પરતંત્ર નથી પણ સ્વતંત્ર છે, તે ગુલામ નથી પણ માલિક છે. પતિએ એકાદ કામ પોતાની મરજીમુજબ નથી કર્યું એમ સમજતાં પોતાની સ્વતંત્રતા ગએલી સમજીને સંતાપ કરનારી સ્ત્રી ખરેખરજ પોતાના મનોવિકારની પક્કી દાસી છે. તે સ્ત્રીને ખરી સ્વતંત્રતાનો અનુભવ સ્વપ્નમાં પણ દુર્લભ છે. પોતાની સ્ત્રીને હમેશાં દોષ દેનાર પુરુષની સ્થિતિ પણ વાસ્તવિકરીતે એજ પ્રકારની છે.

પાતિવ્રત્ય અને એક પત્નીવ્રત એ સ્ત્રીપુરુષોનો શ્રેષ્ઠ સદ્‌ગુણ છે. ખરી પતિવ્રતા

સ્ત્રીના પ્રેમનો પ્રભાવ એવો છે, કે પુરુષ ગમે તેટલો બગડેલો હોય તોપણ તેની અમૃતતુલ્ય મધુરવાણીથી તે સન્માર્ગવર્તી થયા વગર રહેજ નહિ. સ્ત્રીના શુદ્ધ અને ક્ષમાશીલ વર્તનથી જેનું હૃદય યત્કિંચિત્ પણ દ્રવતું નથી, એવો પશુતુલ્ય મનુષ્ય જગત્માં ભાગ્યેજ હશે. ખરેખર, જગત્ અદ્યાપિ એટલું બધું બગડેલું નથી. પુરુષ જાત ભ્રષ્ટ અને પશુતુલ્ય થઈ છે, એમ આપણે સર્વત્ર સાંભળીએ છીએ; પરંતુ સ્ત્રીઓના સંબંધી વિચાર કરીશું તો શું તેઓ પણ એ આક્ષેપથી રહિત છે? સ્ત્રીઓ મોંઢેથી બોલે છે, તેટલી જો ખરેખર પવિત્ર હોત તો જગત્માં એક પણ ખરાબ પુરુષ હોત નહિ, એવી મારી પૂર્ણ ખાત્રી છે. જગત્માં એવો એક પણ દુર્ગુણ નથી કે જે પવિત્રતા અને શીયળથી જીતી ન શકાય? પોતાના પતિ સિવાય ઈતર સર્વ પુરુષો તરફ પિતા, બંધુ અને પુત્રની દૃષ્ટિથી જોવાવાળી સ્ત્રીના સન્મુખ ગમે તેવા દુષ્ટ પુરુષના વિચાર બદલાઇ જઇને તેને માતૃભાવથી જોવા માંડે છે. પુરુષોએ પણ એજ પ્રમાણે સ્વપત્ની સિવાય ઈતર સર્વ સ્ત્રીજાતિ પ્રત્યે કેવળ માતૃભાવથી અગર ભગિનિભાવથીજ જોવું જોઇએ; અને ધર્મોપદેશકે તો સર્વ સ્ત્રીઓને માતા સમાન પૂજ્ય માનીને તદ્દનુરૂપજ વર્તન પ્રત્યેક સ્ત્રી સાથે રાખવું જોઇએ.

માતૃત્વ એ સર્વ જગત્માં અત્યંત શ્રેષ્ઠ મનાય છે. કોઇને સ્વાર્થ અને એકલપેટાપણાનો ત્યાગ કરવાનું શીખવું હોય તે માતા પાસેથી શીખી શકાય છે. ઈશ્વરી પ્રેમ સિવાય બીજો કોઈ પણ પ્રેમ માતૃપ્રેમથી અધિક નથી. માતૃપ્રેમની અપેક્ષાએ જગત્માંના બીજા બધા પ્રેમ ખરેખરા ઉતરતી કોટિના છે. પોતાની જાતના સુખ તરફ ન જોતાં પોતાનાં બાળકોના સુખ તરફ લક્ષ આપવું એ માતાનું આદ્યકર્તવ્ય છે. પોતાનાં બાળકોના સુખ તરફ લક્ષ ન આપતાં પોતાનાજ સુખમાં લક્ષ રાખનાર માબાપ પશુકોટિનાંજ સમજવાં. પક્ષીઓનાં બચ્ચાંને પાંખ ફૂટીને જ્યારે તેઓ સ્વરક્ષણને યોગ્ય થાય છે, ત્યારે જેમ બચ્ચાં અને માબાપ એક બીજાની ઓળખાણ ભૂલી જાય છે, તેજ પ્રમાણે મનુષ્યોનાં સંતાન પણ મોટાં અને કમાતાં થયાં એટલે માબાપોએ સ્વાર્થત્યાગનો શીખવેલો ધડો ભૂલી જઇને વૃદ્ધ માબાપો તરફ દુર્લક્ષ કરે તો તેમને પણ નીચજ સમજવાં. આ જગત્માં ઈશ્વરનો પ્રેમ પોતેજ સ્ત્રીનું રૂપ લઇને અવતર્યો છે એવું જે પુરુષને લાગે છે, તે પુરુષને ધન્ય છે! એજ પ્રમાણે પરમેશ્વર પોતેજ પોતાના પતિરૂપે અવતરેલ છે, એવું જે સ્ત્રીને લાગે છે તે સ્ત્રીને પણ ધન્ય છે! અને જે સંતાનોનો એવો નિશ્ચય હોય કે પોતાનાં માતપિતા પરમેશ્વર રૂપ છે, તેમને પણ ધન્ય છે!

આત્મવિકાસનો ખરો માર્ગ મેળવવો હોય તેણે પ્રાપ્તકર્તવ્ય સારી રીતે અને નિશ્ચયપૂર્વક બજાવતાં શીખવું જોઇએ. એમ કરવાથી આત્મશ્રદ્ધાનું અને નિશ્ચયનું બળ વૃદ્ધિ પામીને છેવટે સ્થિતપ્રજ્ઞની સ્થિતિ સહજે પ્રાપ્ત થાય છે. આ વિષે મહા-

ભારતમાં એક કથા છે. એક યુવાન સંન્યાસી જંગલમાં ગયો, અને ત્યાં દીર્ઘકાળ પર્યંત ધ્યાન, પૂજા અને તપ આદરીને લાંબા સમયસુધી યોગાભ્યાસ કર્યો. કેટલાંક વર્ષ તેમ કર્યા પછી એક દિવસ તે એક વૃક્ષની નીચે બેઠો હતો, એટલામાં વૃક્ષ ઉપરથી કેટલાંક સુકાં પાંદડાં તેના મસ્તક ઉપર પડવાથી તેણે વૃક્ષ ઉપર દૃષ્ટિ ફેંકી તો બે પક્ષીઓ વૃક્ષની ટોચ ઉપર લડતાં જોયાં. એ જોઇને તપસ્વીએ તેમના તરફ અત્યંત ક્રોધભરી દૃષ્ટિ ફેંકી, જેથી યોગના બળવડે તેની દૃષ્ટિમાંથી અગ્નિ પ્રકટ થયો, અને બંને પક્ષીઓ બળીને ભસ્મ થઇ ગયાં. સંન્યાસીને પોતાના તપનો આવો પ્રભાવ વધેલો જોઇને અત્યંત આનંદ થયો. થોડા સમય પછી તપસ્વીજી ભિક્ષાને માટે શહેરમાં ગયા અને એક ગૃહસ્થના દ્વાર આગળ "ભિક્ષાંન્નદેહિ" કહીને ઉભા રહ્યા. અંદરથી જવાબ મળ્યો, કે "મહારાજ થોડી વાર ઉભા રહો." તરુણ સંન્યાસી એ ઉત્તર સાંભળીને મનમાં કહેવા લાગ્યો, કે "આ બાઇને મારી શક્તિના પ્રભાવની ખબર નથી." સંન્યાસી આ પ્રમાણે વિચારતા હતા એટલામાં અંદરથી પુનઃ અવાજ આવ્યો કે, "મહારાજ આટલો બધો ગર્વ ન કરો, અહિંઆં કાંઇ પેલાં વનનાં પક્ષી નથી." આ સાંભળી સંન્યાસી ઘણો આશ્ચર્યચકિત થયો, અને લાંબા સમય સુધી ઉભા રહેવું પડયું. એટલામાં અંદરથી પેલી સ્ત્રી આવી કે તુર્તજ સંન્યાસીએ તેના ચરણોમાં મસ્તક મૂક્યું અને વિનતિ કરી કે–"માજી તમે એ બધું કેવી રીતે જાણી લીધું ?" સ્ત્રીએ જવાબ આપ્યો, "બેટા, મને તમારા યોગબોગની ખબર નથી. હું તો માત્ર એક સાધારણ સંસારી સ્ત્રી છું. મારે તમને એટલાજ સારૂ થોભવાનું કહેવું પડયું કે મારા પતિ સહેજ બીમાર છે, તેમની સારવારમાં હું હતી. મેં મારૂં સઘળું જીવન કર્તવ્ય બજાવવામાંજ વ્યતીત કર્યું છે. જ્યારે હું અવિવાહિતા હતી, ત્યારે માતાપિતા પ્રત્યેનાં કર્તવ્યો બજાવતી હતી; અને હમણાં વિવાહિતા છું એટલે મારા પ્રતિપ્રત્યેનાં કર્તવ્યો બજાવું છું. એજ મારો યોગ અને એજ મારૂં તપ છે. એના પ્રતાપથી મને જે કાંઇ થોડું ઘણું બળ પ્રાપ્ત થયું છે તેને લીધેજ તમારી હકીકત જાણી શકી અને તમારા ભલામાટે તે તમને મેં કહી છે; તમારે આ વિષયમાં કાંઇ વિશેષ જાણવાની ઇચ્છા હોય તો અમુક શહેરમાં અમુક જગ્યાએ એક વ્યાધ (કસાઇ) રહે છે, તેની પાસે જાઓ; બજારમાં તેની દુકાન છે." સંન્યાસીને કસાઇનું નામ સાંભળીને ઘૃણા તો આવી; પરંતુ તે સ્ત્રી તરફથી તેને જે અનુભવ અને ભલામણ મળી હતી તેને લીધે તેની જીજ્ઞાસાએ તેને બેસવા દીધો નહિ. તે કસાઇને ગામ ગયો અને બજારમાં તેની દુકાન શોધી કહાડી. દુકાનપર એક શરીરે પુષ્ટ અને હાથમાં મોટો છરો લઇ તેનાથી માંસ કાપી ઘરાકોને આપતો કસાઇ બેઠેલો તેને જણાયો. એને જોઇને સંન્યાસી વિચારવા લાગ્યો, કે "હે પ્રભુ ! શું આ યમદૂત જેવા ખાટકી પાસેથી મને જ્ઞાન મળશે ?" તે આવો વિચાર કરે છે એટલામાંજ પેલા કસાઇએ

તેના તરફ જોયું અને કહ્યું કે, "પેલી સ્ત્રીએ તમને અહિંઆં મોકલ્યા છે ખરૂં ? હું ઘરાકોને પતવી રહું ત્યાંસુધી જરા બેસો." પોતાનું કામ પૂરૂં થઇ ગયું એટલે કસાઇએ દુકાન બંધ કરી અને સંન્યાસીને લઇને પોતાને ઘેર ગયો. સ્વામીને આસન આપ્યા પછી કસાઇએ કહ્યું, કે "બેસો મહારાજ હું આવું છું." કસાઇ અંદર ગયો અને પોતાનાં વૃદ્ધ માતપિતાને નમસ્કાર, સ્નાન તથા ભોજન ઇત્યાદિવડે દરેક રીતે સંતુષ્ટ કરીને સંન્યાસીની પાસે આવ્યો અને હાથ જોડી બોલ્યો, "મહારાજ આપ અત્રે પધાર્યા એ મારાપર મોટો અનુગ્રહ કર્યો. હવે મારે લાયક જે સેવા હોય તે ફરમાવો." સ્વામીજીએ જીવ અને આત્મા સંબંધી કેટલાક કઠિન પ્રશ્નો પૂછ્યા; કસાઇએ એ પ્રશ્નોના જવાબમાં એક મોટું વ્યાખ્યાન સંભળાવ્યું, જે મહાભારતમાં 'વ્યાધગીતા' ના નામથી પ્રસિદ્ધ હોઇને તેમાં વેદાંતનું ઉત્તમ જ્ઞાન સમાયલું છે. કસાઇનું વ્યાખ્યાન સમાપ્ત થયું એટલે સ્વામી તો આશ્ચર્યચકિતજ થઈ ગયા અને કસાઇને કહેવા લાગ્યા, કે "તમારા જેવા મહાન્ જ્ઞાની પુરુષનો જન્મ કસાઇને ઘેર ક્યાંથી થયો હશે?" કસાઇએ જવાબ આપ્યો, "બેટા, કોઈપણ કર્તવ્ય ખરાબ નથી કે અપવિત્ર નથી. પૂર્વકર્માનુસાર મને એ સ્થિતિ પ્રાપ્ત થઈ છે. બાલ્યાવસ્થામાંથીજ હું આ ઉદ્યમ શીખ્યો છું, એમાં નફો કે ટોટો થાય તેનો હું હર્ષશોક કરતો નથી, અને અલિપ્તપણે મારૂં કર્તવ્ય બજાવ્યો જાઉં છું. માતાપિતાની સેવાપણ બને તેટલી કાળજીથી બજાવ્યે જાઉં છું. નથી મને યોગની ખબર કે નથી ત્યાગની. મને જે કાંઈ થોડું ઘણું જ્ઞાન પ્રાપ્ત થયું છે તે મારાં કર્તવ્ય હું અલિપ્તપણે, પરંતુ ઉત્તમ રીતે બજાવું છું તેને લીધેજ આ બધું થયું છે."

હિંદુસ્તાનમાં એક મહાન્ યોગી રહે છે તેમના જેવી યોગ્યતાવાળો બીજો એક પણ મનુષ્ય મારા આયુષ્યમાં મેં જોયો નથી. તે યોગી વિલક્ષણ સ્વભાવનો છે. કોઈ કાંઇ પ્રશ્ન પૂછે તો તેનો ઉત્તર તુરતાતુરત આપતો નથી. કોઇનો ગુરુ થવાની યોગ્યતા પોતાનામાં નથી એમ તેમને ભાસે છે; પરંતુ એકાદ પ્રશ્ન પૂછીને કેટલાક દિવસ વાટ જોતા બેઠા તો એકાદ દિવસ વાતે વાતમાં તમારા પ્રશ્નનો ઉત્તર એવી અદ્દભુતરીતે તેઓ આપી દેશે કે જાણે કોઈ અનનુભૂત જ્ઞાનની પ્રાપ્તિ આપણને થઈ છે, એમ આપણે લાગશે. કર્મનું મુખ્ય રહસ્ય શું, એવો પ્રશ્ન એક દિવસ મેં તેમને પૂછ્યો. કેટલાક દિવસ પછી સ્વામીજી સહજ બોલી ઉઠયા કે, "સાધ્ય અને સાધનોએ મનમાં એકરૂપ થવું જોઇએ." આનો અર્થ એવો છે કે કાર્ય હાથ ધર્યા પછી સાધ્ય સિદ્ધ થતાં પર્યંતના વખતમાં સાધન અને સાધ્ય સિવાય મનમાં કોઈ પણ અન્ય વિષયનો વિચાર કરવો નહિ. પેલા કસાઈ અને બાઈની વાતનું પણ એજ રહસ્ય છે. પ્રાપ્તકર્તવ્ય ઉત્તમ રીતે પાર પાડવાં એજ પરમેશ્વરની પૂજા કરવાનો ઉત્તમ માર્ગ છે. પ્રત્યેક કર્મ તેનું પૂજન અને આજ્ઞાપાલન છે, એવી ભાવના દૃઢ

થઇ એટલે જ્ઞાન આપોઆપજ પ્રાપ્ત થશે. આપણી પ્રાપ્તસ્થિતિ અને સંજોગો અનુસાર જે જે કર્તવ્યો હોય તે નિષ્કામ મનવડે-અલિપ્તપણે પૂર્ણ પાર પાડ્યાં એટલે જ્ઞાનનો ઉદય થવા માંડશે, અને એ જ્ઞાનવડે મોક્ષ આપોઆપજ ખડો થઈ જશે.

જેના હૃદયમાં ફળની ઇચ્છા છે તે મનુષ્યના હાથે કોઇ પણ કાર્ય આનંદપૂર્વક થઈ શકતું નથી. જરા કાંઇ ઉતરતા દરજ્જાનું કામ કરવામાં આવ્યું અથવા કાંઇ અડચણ આવી કે એવા મનુષ્યોનું માથું ફરી જાય છે; જેથી જ્ઞાનના પરમ સાધનરૂપ અનુભવ મળવાની તકો બાજુપર રહી જાય છે. જે પુરુષને ફળાપેક્ષા નથી તેના મનને સર્વ કર્તવ્યો સરખીજ યોગ્યતાનાં લાગે છે, અને તેથી તે પુરુષ પ્રચંડ ઉદ્યોગ કરતો હોવા છતાં પણ એકાદ એકાંત ગુફામાં રહેતો હોય તેવી શાંતિ તેના હૃદયમાં વાસ કરતી હોય છે, અને તેથી તેનાં પ્રત્યેક કર્મ તીક્ષ્ણ હથિયારરૂપ બની જાય છે. આ તીક્ષ્ણ હથિયારોવડે સ્વાર્થ અને ઇંદ્રિયલોલુપતાનો મૂળથી ઉચ્છેદ તેના મનમાંથી થઈ જઇને તે મનુષ્ય મહા અનુભવી અને પરમ જ્ઞાની બની જાય છે. **यस्य सर्वे समारंभाः कामसंकल्पवर्जिताः। ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पंडितं बुधाः।** પંડિતપણાની આવી વ્યાખ્યા કૃષ્ણભગવાને કહી છે. પોતાના જ્ઞાનને માટે અભિમાની રહેવું એ મનુષ્યજાતિનો સામાન્ય સ્વભાવ છે; જેથી ગમે તેવું કર્તવ્ય પ્રાપ્ત થાય છે કે તે હલકા દરજ્જાનું છે એમ આપણને લાગે છે; પરંતુ કર્મની વહેંચણી યોગ્યતા પ્રમાણેજ થએલી છે, એ ત્રિકાલાબાધિત સિદ્ધાંતની આપણને ખબર હોતી નથી, અને હોય છે તોપણ મોટાઇના અભિમાનરૂપી અંધકારને લીધે એ સિદ્ધાંત યાદ રહેતો નથી. આમ થવાથી નિત્યના વ્યાવહારિક કાર્યોમાં પણ હરિફાઇ ઉત્પન્ન થયા કરીને બુદ્ધિ અધિક ભ્રષ્ટ થતી ચાલીને રાગ, દ્વેષ ઈત્યાદિ દુર્ગુણોનાં દ્વાર ખુલ્લાં થાય છે, તેમ થતાંજ ક્ષમાદિ દૈવી ગુણોનો ઝરો સુકાતો ચાલે છે; માટે પ્રાપ્તકર્તવ્યો આનંદ અને કાળજીથી પાર પાડીને આપણે જ્ઞાનવાન થવું જોઇએ અને તેમ થતાં મોક્ષ આપોઆપજ દોડતો આવશે.

कर्मयोग-प्रकरण पांचमुं

પરોપકાર પોતાના કલ્યાણમાટેજ કરવાનો છે

આપણી આધ્યાત્મિક ઉન્નતિમાં કર્મયોગ કેટલો સહાયક છે, તેનો વિચાર કરવા પૂર્વે, 'કર્મ' શબ્દમાં અમો હિંદુઓ જે અનેક ભાવનાઓનો સમાવેશ કરીએ છીએ, તે પૈકીની એક ભાવના હું તમને પ્રથમ કહીશ. પ્રત્યેક ધર્મનાં મુખ્ય ત્રણ અંગ હોય છે. તત્ત્વજ્ઞાન, પુરાણ અથવા દંતકથા અને ત્રીજો આચાર. એમાં "તત્ત્વ-

વિચાર" એ સર્વથી મુખ્ય અંગ છે. " તત્ત્વવિચાર "માં જે જે તત્ત્વો સિદ્ધ થએલાં હોય તેનું કેવી રીતે આચરણ કરવું, તેનો બોધ દંતકથાઓ, જીવનચરિત્રો અને કાલ્પનિક સુંદર વાર્તાઓમાં પ્રત્યક્ષ થાય છે, અને આચાર એ અમૂર્ત તત્ત્વ-વિચારનું મૂર્તસ્વરૂપ છે. સામાન્ય બુદ્ધિનો મનુષ્ય પણ આચારમાર્ગે તત્ત્વવિચારને સરળતાથી સમજી શકે છે.

કર્મ એ શબ્દમાં આવાજ પ્રકારના આચારનો અંતર્ભાવ થાય છે. પ્રત્યેક ધર્મમાં એવા પ્રકારના આચારની આવશ્યકતા છે. આપણી બુદ્ધિ વિચારથી સૂક્ષ્મ થતાં સુધી કેવળ ભાવરૂપ સિદ્ધાંતને સમજવાની શક્તિ તેનામાં હોઇ શકતી નથી. કોઇ પણ સિદ્ધાંત " અમે જલદી સમજી લઇએ છીએ " એવું આપણને મિથ્યાભિ-માનને લીધે ભાસે છે; પરંતુ જ્યારે પ્રત્યક્ષ પ્રસંગ પ્રાપ્ત થાય છે કે આધ્યાત્મિક જેવા ભાવરૂપ સિદ્ધાંત સમજવામાં આપણી બુદ્ધિ કેટલી ધીમી ચાલે છે.

એટલા માટેજ પ્રત્યેક ધર્મમાં વિશિષ્ટ ચિન્હો, મૂર્તિઓ અથવા આકારોનો ઉપ-યોગ કરવામાં આવે છે. એ સંજ્ઞાઓની સહાયતાવડે આપણો માર્ગ ઘણોજ સરળ થઈ જાય છે. સર્વ ધર્મમાં અને કાળમાં આવા પ્રકારનાં વિશિષ્ટ ચિન્હોની યોજના કરવામાં આવેલી છે. વિશેષ તો શું પણ એવાં ચિન્હ સિવાય તત્ત્વવિચાર મનમાં લાવવો પણ અશકય થઇ પડે છે. માત્ર પ્રત્યેક શબ્દજ નહિ પરંતુ દશ્ય જગતમાંનો પ્રત્યેક પદાર્થ પણ ચિન્હરૂપજ છે. અદશ્ય ચૈતન્યરૂપ અધિષ્ઠાન ઉપરજ (ભીંતરૂપ અધિષ્ઠાન—આધાર ઉપર જેમ ચિત્ર ચિત્રાય છે) આ સર્વ દશ્ય સૃષ્ટિ રચાયલી હોવાથી તે અદશ્ય પરમાત્માનાજ દશ્ય ચિન્હરૂપ છે. અસ્તિત્વમાં આવેલી ચિન્હ-સૃષ્ટિ એ કેવળ મનુષ્યકૃતજ છે, અથવા તો એકાદ ધર્મના સર્વ વિદ્વાનોએ એકત્ર થઇને એકમતિથી ઠરાવ કરીને અમુક ચિન્હો નિર્માણ કર્યાં છે, એવું નથી. અનેક સૃષ્ટ પદાર્થોની પેઠે એ ચિન્હોની ઉત્પત્તિ પણ આપો આપજ થઈ છે. જો એમ ન હોય તો અમુક વિશિષ્ટ ચિન્હ જોઇને અનેક વ્યક્તિઓના ચિત્તમાં એકજ પ્રકારની કલ્પના આવવી જોઇએ નહિ, કેટલાંક ચિન્હોનો તો સદાસર્વથા એક સરખોજ ઉપ-યોગ થતો માલુમ પડે છે. ખ્રિસ્તીધર્મનો ઉદય થયો ત્યારથીજ ક્રોસનું ચિન્હ પણ પ્રચારમાં આવેલું હોવાની તમારામાંના ઘણાકોની માન્યતા હશે; પરંતુ ખરી હકીકત તેમ નથી. ખ્રિસ્તીધર્મના જન્મપૂર્વે, મોઝીઝના જન્મ પૂર્વે અને વેદ પણ પ્રચારમાં આવ્યા ન હતા તે પહેલાં પણ એ ચિન્હ અસ્તિત્વમાં હતું; એટલુંજ નહિ પણ મનુષ્યનું નામનિશાન પણ નહોતું તે પહેલાં પણ એ ચિન્હ અસ્તિત્વમાં હતું. ફિની-શિયન અને ઍઝટેક્સ લોકોમાં પણ એ ચિન્હનો ઉપયોગ થતો હોવાનું જણાઈ ચૂક્યું છે, જગતની સર્વ પ્રજાઓમાં એ ક્રોસનું ચિન્હ થોડા પણા ફેરફારથી પ્રચલિત છે. એવીજ રીતે વર્તુળનું ચિન્હ પણ ઘણુંજ પ્રાચીનકાળથી સર્વત્ર પ્રચારમાં હોવાનું

માલુમ પડે છે, અને 卐 આવું સ્વસ્તિકનું ચિન્હ પણ સર્વ કાળથી અને સર્વત્ર માલુમ પડે છે. બૌદ્ધધર્મનો પ્રચાર થયો ત્યારથી સ્વસ્તિકનું ચિન્હ પ્રચારમાં આવ્યું એમ ઘણાકોના સમજવામાં છે; પરંતુ બુદ્ધના જન્મ પહેલાં એ ચિન્હનો સર્વત્ર ઉપયોગ થતો હતો એમ શોધથી માલુમ પડ્યું છે. જૂના બાબિલોન અને મિસરદેશમાં પણ એ ચિન્હ અસ્તિત્વમાં હતું. એ ચિન્હને કોઇ એક વિશિષ્ટ વ્યક્તિએ વિશિષ્ટ કારણપરત્વે પ્રચારમાં આણ્યું હોય એમ સિદ્ધ થતું નથી ત્યારે માનુષી હૃદય અને એ ચિન્હોમાં કાંઇ પણ અદૃશ્ય સંકેત હોવોજ જોઇએ. ભાષાનો પણ એવોજ પ્રકાર છે. અમુક વિદ્વાન્ માણસોએ ભેગા થઈ અમુક પદાર્થને અમુક નામ આપવું એવી રીતનો ઠરાવ કર્યો હોય, એવું કોઇ પણ રીતે માલુમ પડતું નથી. ભાષાની રચના એ પ્રમાણે નિર્માણ થઇ નથી; પરંતુ ભાષાની ઉત્પત્તિ અને વૃદ્ધિ મનુષ્ય જાતિની ઉત્પત્તિ અને વૃદ્ધિની સાથે સાથે આપોઆપજ થઇ છે. શબ્દના સંબંધવિના કલ્પના અને કલ્પનાના સંબંધવિના શબ્દ હોઇ શકેજ નહિ. કલ્પના અને શબ્દનું અવિભક્તપણે સંમેલન થયેલું છે. એમાંથી કોઇ પણ વિભક્ત થઇ શકતું નથી. કલ્પના વ્યક્ત કરવામાટે એ પ્રકારનાં ચિન્હોનો ઉપયોગ કરવામાં આવે છે. એક ધ્વનિચિન્હ અને બીજું વર્ણચિન્હ. જન્મથીજ બહેરા અને મૂંગા માણસોને ધ્વનિચિન્હોનો કાંઇ ઉપયોગ હોતો નથી. મનુષ્યના મનમાં જે જે વિચાર આવે છે તેનું દૃશ્ય ચિત્ર તેના મનઃપટપર તુરતજ પડી જાય છે. આર્ય તત્ત્વજ્ઞાનીઓએ એ ચિત્રને નામ–રૂપ એવી સંજ્ઞા આપી છે. જેવી રીતે ભાષા કોઇ વિશિષ્ટ મનુષ્યોએ નિર્માણ કરી નથી તેવીજ રીતે ચિન્હોને પણ કોઇએ નિર્માણ કર્યાં નથી. ધર્મતત્ત્વોનો પ્રત્યક્ષ આચાર શરૂ થતાંજ વિશિષ્ટ ચિન્હો પણ આપોઆપ પ્રચારમાં આવતાં ગયાં. ધર્મના વિશિષ્ટ આચાર, દેવળો અને મસ્જીદો વિગેરે વિશિષ્ટ જગ્યાઓ નિર્માણ કરવાનું શું કારણ છે, એવા પ્રશ્ન સાંપ્રતકાળમાં અનેક લોકો અને નાનાં બાળકો સુદ્ધાં કરે છે; તોપણ દેવળમાં જઇને મૂર્તિને નમસ્કાર અથવા પ્રાર્થના કરનાર લોકની વર્તણુકમાં, અને તેમ નહિ કરવાના અભિમાનવાળા લોકોની વર્તણુકમાં, સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં કેટલોક ફેરફાર અવશ્ય માલુમ પડે છે. દેવળો અને પૂર્વોક્ત ચિન્હો સંબંધી માનવીહૃદયમાં જે વિશિષ્ટ ભાવના સંલગ્ન હોય છે. તે દેવળમાં જતાંની સાથે અથવા મૂર્તિનાં દર્શન થતાંની સાથેજ જાગૃત થઇને તેનું પરિણામ મનપર થાય છે, અને તેથી કરીને આવા પ્રકારનાં વિશિષ્ટ ચિન્હોનો ત્યાગ કરવો જેમ યોગ્ય નથી; તેમ વગર સમજ્યે માત્ર દેખાદેખીથી ઉપયોગ કરવો એ પણ બહુ લાભકારક નથી. જો એનો વાસ્તવિક અર્થ સમજીને યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો એ પણ કર્મયોગનો એક રૂડો પ્રકાર બની રહે છે. કર્મયોગશાસ્ત્રમાં બીજાં પણ અનેક મહત્ત્વનાં અંગોનો સમાવેશ છે. વિચાર અને ઉચ્ચાર

એ બંનેનો પરસ્પર સંબંધ શું છે, અને ઉચ્ચારનું એટલે કે વિચારના શબ્દસ્વરૂપનું સામર્થ્ય પણ કેટલું છે, તેનો નિશ્ચય કરવો, એ કર્મયોગનું એક અંગ છે. પ્રત્યેક ધર્મમાં શબ્દનું અતિશય મહત્ત્વ માનેલું છે. એટલે સુધી કે "પ્રથમ શબ્દ હતો અને શબ્દમાંથીજ સૃષ્ટિની ઉત્પત્તિ થઇ" એમ કેટલાક તત્ત્વવેત્તાઓએ અનુમાન કરેલું છે. પરમેશ્વરના મનમાં ઉદ્‌ભૂત થયેલો વિચાર શબ્દના રૂપમાં બહાર પડતાંજ તેણે સૃષ્ટિનું રૂપ ધારણ કરી લીધું. પરમેશ્વરના મનમાં પ્રથમ વિચાર ઉદ્‌ભવ્યો; વિચારનું ઇચ્છામાં રૂપાંતર થયું; ઇચ્છાથી શબ્દ ઉત્પન્ન થયો, અને એ શબ્દે સૃષ્ટિનું રૂપ ધારણ કર્યું; એવી રીતે સૃષ્ટિની ઉત્પત્તિ થયેલી હોવાનો કેટલાક તત્ત્વવેત્તાઓનો મત છે.

બળદની ખોચીપર વારંવાર ધુંસરૂં ઘસાવાથી તે જગા કઠિન બની જઇને ત્યાં આવેલા જ્ઞાનતંતુઓ છેક જડ બની જાય છે, તેવી રીતે આપણા જ્ઞાનતંતુઓ પણ ચાલુ વ્યવહારોના ઘર્ષણને લીધે જડ અને સંકુચિત બની જાય છે અને જેમ જેમ વૃદ્ધાવસ્થા વધતી જાય છે તેમ તેમ એ સ્થૂળપણું પણ વૃદ્ધિ પામતું જાય છે. તેજ પ્રમાણે આધુનિક સમયમાં જડવાદ અધિક મોહકરૂપમાં પ્રચલિત થવાથી, આપણી જ્ઞાનદૃષ્ટિપર એક જાતનું ગાઢ આવરણ બંધાઇ ગયું છે; અને તેથી આપણી સમક્ષ બનનારા સાધારણ બનાવોનું રહસ્ય પણ આપણે સમજી શકતા નથી; તથાપિ મનુષ્ય ગમે તેટલો જડ હોય તોપણ કેટલીકવાર એવા ચમત્કારિક પ્રસંગો બની આવે છે કે તેની જીજ્ઞાસા જાગૃત થયા વગર રહેતીજ નથી. એવે પ્રસંગે "આ બનાવ આવો કેવી રીતે બન્યો" એવા વિચાર મનપર વારંવાર આઘાત કરીને નિદ્રિત જીજ્ઞાસાને જાગૃત કરે છે, અને જીજ્ઞાસા જાગૃત થવી એજ જ્ઞાનપ્રાપ્તિના માર્ગનું પ્રથમ ચિન્હ છે. શબ્દ અને સૃષ્ટિની ઉત્પત્તિ વિષેમાં જે વિવેચન કરવામાં આવ્યું છે, તેમાંથી સાત્ત્વિક વિચાર ક્ષણવાર બાજુ મૂકીએ તો રોજના વ્યવહારમાં ચિન્હોવડે બજાવવામાં આવતી કામગીરી ઓછા મહત્ત્વની છે એમ નથી. હમણાં હું તમારી સાથે બોલું છું, તમારાથી થોડે દૂર ઉભો છું; તોપણ મારા ભાષણથી હવામાં ઉત્પન્ન થનારા તરંગો તમારા કાનમાં પ્રવેશ કરીને મન ઉપર કાંઇક પરિણામ ઉત્પન્ન કરે છે. એ પરિણામને અટકાવવાનું કાર્ય તમારી સત્તાની બહાર છે. તમને યત્કિંચિત્ પણ સ્પર્શ ન કરતાં, તમારા મન ઉપર હું આટલે છેટેથી ખળભળાટ ઉત્પન્ન કરી શકું છું, એ શું ચમત્કાર નથી !

એક મનુષ્ય બીજા મનુષ્યને મૂર્ખ કહે છે; એટલામાંજ બીજો મનુષ્ય ગુસ્સે થઇને તેને તમાચો લગાવી દે છે એ શબ્દનું-ચિન્હનુંજ પ્રત્યક્ષ સામર્થ્ય છે. કોઇ સ્ત્રી શોકગ્રસ્ત થઇને રુદન કરે છે, એટલામાંજ એક બીજી સ્ત્રી આવીને તેને મધુર વચનથી આશ્વાસન આપે છે કે તુર્તજ તેનો શોક દૂર થઇ ક્ષણ પૂર્વેજ જે મ્લાન

વદન હતું, તે બદલાઇ જઇ તેની જગ્યાએ મંદ હાસ્ય પ્રકાશી રહે છે. શબ્દનું કેવું સામર્થ્ય છે તેનો અનુભવ આમ અનેકવાર આપણને મળી શકે છે, શું તત્ત્વ-વિચારમાં કે શું સામાન્ય વ્યવહારમાં; પરંતુ ધ્વનિચિન્હનું સામર્થ્ય એક સરખીજ રીતે જોવામાં આવે છે; છતાં કોઇ પણ જાતનો વિચાર કર્યા વગર એ સામર્થ્યનો આપણે રાત્રિ દિવસ ગમે તેમ ઉપયોગ કર્યા કરીએ છીએ, અને એ શકિત સંબંધી કોઇ પણ જાતનો વિશેષ વિચાર કે આશ્ચર્ય આપણને થતું નથી એજ નવાઇ ભરેલું છે. એ સામર્થ્યનો ઉપયોગ બરાબર સમજીને તેનો યોગ્ય ઉપયોગ કરવો, એ પણ કર્મયોગનું એક અંગ છે,

બીજાઓના ભલાને માટે કરાતાં કર્મોને પરોપકારનાં અથવા જનસેવાનાં કામો કહેવામાં આવે છે. પરોપકારનાં કાર્ય કરવામાં આપણે બીજાઓનેજ મદદ કરીએ છીએ એમ બાહ્યદૃષ્ટિથી દેખાય છે, પણ ખરૂં જોતાં તો તેમ કરવામાં આપણે આપણું પોતાનું પણ ભલું કરીએ છીએ, અર્થાત્ બીજાઓનું ભલું કરીને આપણે આપણી જાતનેજ મદદ કરીએ છીએ. આપણે કેવળ લોકોને મદદ કરવામાટેજ કાર્યો કરવાં જોઇએ, અને એજ આપણું લક્ષ્ય હોવું જોઇએ; પરંતુ તત્ત્વદૃષ્ટિથી વિચાર કરીશું તો માલૂમ પડશે કે આપણા વગર જગતનું કાર્ય જરા પણ અટકી પડે તેમ નથી. આપણો જન્મ થતાં પહેલાં પણ જગતનો વ્યવહાર ચાલ્યા કરતો હતો, અને આપણા જન્મ પછી પણ તે ચાલ્યાજ કરશે. એક ખ્રિસ્તિ ઉપદેશકનું ધાર્મિક પ્રવચન એક વખત મારા વાંચવામાં આવ્યું તેમાં લખ્યું હતું, કે “ આ સૃષ્ટિ ઘણીજ સારી છે, કારણ કે તેના પ્રતાપે અન્યને મદદ કરવાની તક આપણને મળે છે. ” સ્થૂળ દૃષ્ટિથી તો આ સૂત્ર ઘણુંજ સુંદર લાગે છે, પણ વાસ્તવિક વિચાર કરીશું તો સૃષ્ટિકર્તાની નિંદા કરવા જેવુંજ તે છે. જગત્ જાણે કે આપણી મદદની વાટજ જોઇ રહ્યું હોય એવો જે ધ્વનિ એ વાકયમાંથી નીકળે છે, તે જગતને અને તેને પરિણામે ઇશ્વરને ઉતારી પાડનારોજ છે. જગત્ શું એટલું બધું પાંગળું છે કે તમારી મદદ વગર તે અટકી બેસે? જગત્ અનંત પ્રકારનાં દુઃખોથી વ્યાપ્ત છે, અને દુઃખીઓનું સંકટ હરવાને માટે આપણે તેમને મદદ કરવી જોઇએ એ વાત ખરી છે; પરંતુ એવી મદદ કરવાને પરિણામે એવા અનેક અનુભવો પછી આપણને સમજાય છેજ કે એથી કરીને વિશેષ હિત તો આપણું પોતાનુંજ થાય છે. હું જ્યારે નાનો હતો, ત્યારે મારી પાસે થોડા સફેદ ઉંદરો હતા. એ ઉંદરોને એક નાની પેટી જેમાં બે ત્રણ નાનાં ચક્કરો ગોઠવેલાં હતા તેમાં રાખવામાં આવતા હતા. એ ઉંદરો ચકકરો ઓળંગીને પેટીની પેલી બાજુપર જવામાટે તે ચક્કરોપર ચ્હડતા કે તુર્તજ તે ચક્કરો ગતિમાન થતાં. અને છેવટે ઉંદરો ચાલી ચાલીને થાકતા તો પણ ત્યાંના ત્યાંજ રહી જતા. દુનિયા અને તેને મદદ કરવાની વાત પણ એના

જેવીજ છે. આવાં કૃત્યોનો વાસ્તવિક ઉપયોગ અને પરિણામ એજ છે કે એથી કરીને તેવાં કાર્ય કરનારનું બળ વધે છે, સુધરે છે અને દૃઢ થાય છે. તત્ત્વદૃષ્ટિથી જગતનું સારૂં અથવા નઠારૂં એવું કાંઇ સ્વરૂપજ નિશ્ચિત નથી. જે જેવી દૃષ્ટિથી અવલોકન કરે છે, તેને તેવા સ્વરૂપમાં તે ભાસે છે, અને એવી રીતે પ્રત્યેક મનુષ્ય પોતપોતાનું નવીન જગત્ નિર્માણ કરે છે. જન્માંધ પુરુષ જગત્ ઠંડુ છે, ઉષ્ણ છે, કઠિન છે અથવા મૃદુ છે; એવા પ્રકારનો જગત્‌ના વિષયમાં અભિપ્રાય આપશે. કબીરજીને કોઇએ પૂછ્યું કે, "ના જાનું તેરા રામ કૈસા હે?" ત્યારે તેમણે કહ્યું હતું કે, "રામ જૈસેકું તૈસા હે" સાધારણ રીતે કોઈ મનુષ્યના સંબંધમાંજ વિચાર કરીશું તો તેનું નિશ્ચિત સ્વરૂપ અમુક છે એમ ઠરાવી શકાશે નહિ. એક કહેશે કે એ લુચ્ચો છે, બીજો કહેશે કે સારો છે. ત્રીજો કહેશે કે ઘણોજ પ્રેમાળ છે, તો ચોથો કહેશે કે દુષ્ટ છે. મતલબ કે તે વ્યક્તિ સંબંધી જેને જેવો અનુભવ હશે તે તેને તેવો સમજશે. વસ્તુતઃ આપણે દરેક મનુષ્ય સુખ-દુઃખ બન્નેના મિશ્રણ રૂપ છીએ; આપણે એટલે કે સુખ-દુઃખને રહેવાનાં ઘરો. મારા આ કથનનો અનુભવ આપણા આયુષ્યમાં હજારો વખત મળ્યો હશે. તરુણ પુરુષો આશાવાદી અને વૃદ્ધ પુરુષો નિરાશાવાદી હોય છે, એ સામાન્ય નિયમ છે. યુવાન પુરુષોને આયુષ્યનો મોટો ભાગ બાકી રહેલો હોવાથી પોતાની ઇચ્છાઓ ભવિષ્યમાં તૃપ્ત થશે એમ આશા હોય છે. વૃદ્ધોનો ઘણોખરો કાળ વહી ગયેલો હોવાથી અતૃપ્ત રહેલી આશાઓ તેમના હૃદયને બાળ્યા કરે છે; પરંતુ એ પ્રમાણે સમજવામાં વૃદ્ધ અને તરુણ બંને ભૂલે છે. મનુષ્ય જે દૃષ્ટિથી વિચાર કરે છે તે દૃષ્ટિને લીધેજ તે પોતાને સુખી અથવા દુઃખી માને છે; પછી ભલે તે વૃદ્ધ હો કે યુવાન હો, કારણ કે "સુખ વા દુઃખ વાસ્તવિક રીતે મનના ભાવ છે;" એ વાત નહિ જાણવાને લીધેજ "અમુક જીવન સુખનું છે" અને "અમુક જીવન દુઃખનું છે," એમ મનથી માની લઇને મનુષ્યો હસે છે વા રડે છે! ઉદાહરણ તરીકેઃ-અગ્નિ એ સ્વતઃ સુખમય પણ નથી તેમજ દુઃખમય પણ નથી. જ્યારે કડકડતી ટાઢ પડે છે; અને તાપવા બેશીએ છીએ ત્યારે કહીએ છીએ, કે "અહાહા, અગ્નિ કેવો સુખદાયક છે!" પણ એટલામાંજ કદાચ એકાદ તણખો ઉડીને દઝાડે છે તો એજ અગ્નિને દોષ દેવાને પણ આપણેજ તૈયાર થઇ જઇએ છીએ; પરંતુ વાસ્તવિક વિચાર કરીશું તો, અગ્નિએ એ પૈકી સુખ અથવા દુઃખ કાંઇ પણ આપણને આપ્યું નથી. ઉભય ભાવના આપણાજ હૃદયમાં હતી તે પ્રસંગ પ્રાપ્ત થવાથી જાગૃત માત્ર થઇ. આપણે અગ્નિનો જે પ્રમાણે સદુપયોગ કે દુરુપયોગ કરીએ તેજ પ્રમાણે તે તે સમયે તે આપણેમાટે સુખદાયક અથવા દુઃખદાયક થઇ પડે છે, અને કશો ઉપયોગ ન કરતાં અલગ રહીએ તો એમાં તો એકે પ્રકારનો અનુભવ નથી થતો. જગત સંબંધી પણ એજ ખરો સિદ્ધાંત છે.

જગત્ એ સ્વતઃ અત્યંત પૂર્ણાવસ્થામાં છે એટલે કે જે કાર્યને માટે જગતની ઉત્પત્તિ થઈ છે, તે કાર્ય પૂર્ણ કરવાનાં સાધનોથી તે ભરપૂર છે; અને તેટલામાટે આપણે પૂર્ણ ખાત્રી રાખવી જોઇએ, કે આપણા સિવાય પણ જગતનો વ્યાપાર સારી પેઠે ચાલીજ શકશે; પરંતુ એ વાત સત્ય છે તેટલીજ આ વાત પણ સત્યજ છે કે કર્મ કર્યા વિના આપણે ક્ષણ પણ રહી શકીએ તેમજ નહિ હોવાથી આપણે કર્મ તો કરવાંજ પડવાનાં. વળી આપણને એક યા બીજા પદાર્થની કે સ્થિતિની પણ આવશ્યકતા રહ્યાજ કરે છે, તો પછી કર્મ કરવાં તે અમુક રીતે અને અમુક પ્રકારનાંજ કરવાં જોઇએ કે જેથી કરીને આપણે અત્યાનંદમય પૂર્ણતાએ પહોંચી શકીએ. એ પ્રકાર અને એ રીત તે એજ છે કે આપણે એ પૂર્ણતા સિવાય બીજી કોઈ પણ કામના ન રાખતાં પૂર્ણ નિષ્કામભાવે અને જેથી કરીને બીજાઓને કાંઇ પણ સુખ પહોંચે એ પ્રકારનાંજ કર્મ કરવાં જોઇએ. અર્થાત્ આપણે સદોદિત પરોપકાર કરવોજ જોઇએ, કારણ કે તેમ કરવું એ આપણા પોતાને માટે જરૂરનું, કલ્યાણપ્રદ અને વાસ્તવિક ઉન્નતિમાટે એ એકલોજ સારામાં સારો ઉપાય આપણા હાથમાં છે.

ઉપર કહ્યું તેવી સમજ આપણા અંતઃકરણમાં ઠસીને જ્યારે પરોપકારબુદ્ધિ સદા જાગ્રત રહ્યા કરે છે, ત્યારે તે બુદ્ધિ આપણામાં એક મહાન્ પ્રચંડ ચાલક શક્તિનું રૂપ ધારણ કરે છે. વળી પરોપકારમાં ખરેખર આપણુંજ હિત થાય છે એ સિદ્ધાંત સમજાયા પછી કોઇ પણ દુઃખી યા ભીખારીને કાંઇ આપવાની ઇચ્છા તમને થાય ત્યારે છાતી કાઢીને ઘણા અભિમાન સાથે "લે અલ્યા ભિખારી" એમ તમારે કહેવું કે માનવું જોઇએ નહિ; પરંતુ અંતરમાં ઉપકારવૃત્તિને જાગ્રત કરવાનો એણે જે પ્રસંગ આપ્યો છે, ત્હેને માટે તેનો આભાર માનીને લાગણીપૂર્વકજ જે કાંઇ દાન આપવું હોય તે શાંતપણે આપવું જોઇએ.

આપણે સમજવું જોઇએ કે દાન લેનાર આપણો ઋણી થતો નથી પણ આપણને આપણા પદાર્થનો સદુપયોગ કરવાની તક આપતો હોવાથી આપણેજ તેના ઋણી બનીએ છીએ. *

ઉપર લખ્યા મુજબની ઉમદા સમજણપૂર્વક પરોપકારનાં કાર્ય કરનારને જે માનસિક ઉન્નતિ અથવા મનોબળ પ્રાપ્ત થાય છે, તે દાન લેનારને પ્રાપ્ત થતાં નથી. વળી એવી રીતે કરાતાં પરોપકારનાં કૃત્યોથી કર્તાની અહંકારવૃત્તિનો નાશ થવા માંડે

* હિંદમાં લાખો સાધુ બ્રાહ્મણો વગેરે દાન લઈને આળસુ બની રહેલા છે. તેમણે દાતાઓ પ્રત્યેના ઉપલા ઉપદેશથી ફુલાવાનું અને વધુ ભીખ માગવા મંડી પડવાનું નથી; પરંતુ ખરા દીન દુઃખી તેમજ ત્યાગીઓની સેવામાંજ વાપરવા યોગ્ય પદાર્થોને પોતાની પાછળ વપરાતા સમજીને લજવાવાનું અને એવા મહાપાપમાંથી છુટા થવાનું છે. મંત્રી. સ. સા.

છે, એટલે મનુષ્યની પૂર્ણત્વ તરફ ગતિ થવા માંડે છે; આટલા માટેજ જે કોઇ પ્રાણી આપણને આપણી ઉદારતાનો પ્રયોગ પોતાના શરીરપર કરવાની તક આપે છે, તેનો આપણે ઘણોજ આભાર માનવો જોઇએ. પ્રત્યેક પરોપકારનું કૃત્ય આપણી ક્ષુદ્રવૃત્તિનો નાશ કરીને આપણને પવિત્ર કરી પૂર્ણાવસ્થા તરફ લઇ જાય છે, તેથી પરોપકાર કરીને ફુલાઇ જવાનું અથવા બડાશ હાંકવાનું જરા પણ કારણ નથી.

તમારી પાસે લાખો અને કરોડોનું ધન હશે તો પણ તમે કરી કરીને શું કરી શકવાના હતા? બહુ તો તમે એકાદ કૉલેજ, બોર્ડીંગહાઉસ, હૉસ્પીટલ, ટાઉન હૉલ કે પછી કોઇ ઑફીસરનું પૂતળું ઉભું કરશો અથવા કોઇ ઉપરી અમલદારને મોટી મીજબાની આપશો; પણ વિશ્વશકિતની દૃષ્ટિમાં એવી લાંબી લચક યાદીની કિંમત કેટલી છે? '**वाडी वीचमें वंगला बनाया, रचा कमलका फूल।**' એ વાત ખરી પણ પાંચજ મિનિટમાં એકાદ પ્રચંડ વાવાઝોડું આવે, અર્થાત્ વિશ્વ-માંની એકાદજ પ્રચંડ શકિત જાગૃત થાય તો શું થાય? એકજ જ્વાળામુખી પ્રકટ થાય તો બસ એ તમારી હૉસ્પીટલો, તમારા ટાઉનહૉલ, તમારાં પ્રચંડ શહેરો, તમારા લાંબાલચ રસ્તા અને તમારી હજારો ઇમારતો વગેરે સર્વને ભસ્મીભૂત કરી મૂકે અને "**दो घडीमें देखना भाइ आखर धूलकी धूल**" માટે પરોપકારનાં કામ કરી અભિમાની બનવું, એના જેવી કોઇ પણ મૂખર્તા નથી, આપણી મદદની વાટ જોઇને દુનિયા બેસી રહી નથી; પરંતુ પરોપકાર કરવાથી આપણી પોતાનીજ ઉન્નતિ થાય છે એ વાત નિત્ય લક્ષમાં રાખી, સદા નિરભિમાનપણે અને આધારવૃત્તિ પૂર્વકજ તે બાબતમાં રત રહેવું જોઇએ. સ્વત્વને ભૂલી જઇને પૂર્ણત્વ પ્રાપ્ત કર-વાનો એજ માર્ગ છે. આપણી દૃષ્ટિએ પડતો પ્રત્યેક ભીખારી આપણી ઉપકાર-બુદ્ધિને જાગૃત કરી ઊલટો આપણનેજ ઋણી બનાવે છે. મારાથી જગત્નું અમુક ભલું થયું અથવા મારાવડેજ અમુક તમુકનું ભલું થયું એ વિચારાજ મૂર્ખ-પણાના છે; એથી કરીને અયોગ્ય અહંકારની વૃદ્ધિ થાય છે, અને જેથી મિથ્યાભિમાનની વૃદ્ધિ થાય તેવા પ્રત્યેક વિચારનું પરિણામ દુઃખજ હોય છે કોઇ મનુષ્યને આપણે કાંઇ આપ્યું અને તેના તરફથી કૃતજ્ઞતાદર્શક શબ્દોની કામના હોવા છતાં તે એક શબ્દમાત્ર પણ બોલ્યો નહિ એટલે આપણી અહંકારવૃત્તિને તુરતજ આઘાત પહોંચે છે અને ક્ષણભર આપણે ઘણાજ દુઃખી થઇએ છીએ. આપણે જે કાંઇ કરીએ છીએ તેનું કાંઇપણ લૌકિક પ્રતિફળ આપણને મળે એવી આશા રાખવી એજ ભૂલ છે. તેણે ઉપકાર કરવાની તક પ્રાપ્ત કરાવી તેનો આભાર માનવો એજ યોગ્ય છે. પરમેશ્વરના પૂજનનો આ એક અતિ ઉત્કૃષ્ટ માર્ગ છે. દાતૃત્વબુદ્ધિરૂપી સૌભાગ્ય સર્વના નશીબમાં હોતું નથી. એવી બુદ્ધિ એ એક પ્રકારનો હક્ક છે. એવો હક્ક આપણને પ્રાપ્ત થયો અને તે અમલમાં આવ્યો તે બદલ

આપણેજ કૃતજ્ઞ થવું જોઇએ. કોઇપણ જાતના "પ્રતિફલની અપેક્ષા ન કરવા જેટલી અલિપ્તતા જાગૃત થઇ એટલે નિરાશાનું દુઃખ થવાની ભીતિ દૂર થઈ સમજવી. આપણે કાંઈ કરીએ અથવા ન કરીએ તોપણ જગત્ સુખદુઃખના અનુભવ લેતું અનંત કાળથી ચાલ્યું આવે છે તેમ ચાલ્યાજ કરશે.

એક ગામમાં એક ઘણોજ ગરીબ માણુસ રહેતો હતો. તેને પૈસા મેળવવાની ઘણીજ તીવ્ર ઇચ્છા હતી. એક વખતે તેણે એવું સાંભળ્યું કે, જો ભૂત—પ્રેતને વશ કરવામાં આવે તો તે પૈસા અથવા જે કાંઇ જોઇએ તે તત્કાળ આણી આપે; જેથી તેને ભૂતને વશ કરવાની ઘણીજ તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થઇ. કોઈ ભૂતને પ્રાપ્ત કરાવી આપે એવા મનુષ્યની શોધમાં તે માણુસ નીકળી પડયો. શોધતાં શોધતાં સિદ્ધિ પ્રાપ્ત કરેલા એક મહાત્મા મળી આવ્યા અને તેમને મદદને માટે ઘણીજ પ્રાર્થના કરી કહ્યું કે, " મહારાજ ! મને એકાદ ભૂત વશ કરી આપો " મહારાજે કહ્યું, "બચ્ચા, તારે ભૂતને વશ કરીને શું કરવું છે ?" પેલાએ કહ્યું કે, "મહારાજ, જે ઇચ્છા થાય તે પાર પાડવાની શક્તિ ભૂતની પાસે હોય છે, માટે મારૂં કામ કરવા સારૂ એકાદ ભૂત પ્રાપ્ત કરાવી આપો." મહાત્માએ કહ્યું કે ગાંડા ! એવો ખોટો નાદ મૂકી દે, નહિ તો દુઃખી થઈશ, માટે શાંત થઇ ઘેર ચાલ્યો જા." બીજે દિવસે પાછો તે માણુસ મહારાજ પાસે આવ્યો અને ઘણું રડવા લાગ્યો અને પ્રાર્થના કરી કે, "મહારાજ એક ભૂત તો મને જરૂર આપો." છેવટે મહારાજને કંટાળો આવ્યો અને કહ્યું કે, "લે આ તાવીજ તારી પાસે રાખજે અને મંત્રનો વારંવાર ઉચ્ચાર કરજે, એટલે એક ભૂત તારી પાસે આવશે, અને તું જે કરવા કહીશ તે તત્કાળ કરી આપશે; પણ યાદ રાખજે કે ભૂતની જાત ઘણી ખરાબ હોય છે. તેને રાત્રિ દિવસ કામ બતાવજે, અને જો કાંઇ કામ બતાવી શકીશ નહિ તો તે તનેજ જીવતો ખાઈ જશે." પેલા માણસે કહ્યું કે "ઓહો ! એમાં શું ! કામ તો મારી પાસે ઘણુંએ છે" એમ કહી મહારાજની રજા લીધી. પછી તે એક જંગલમાં ગયો, અને કેટલાક વખત સુધી પેલા મંત્રનો જપ કરવાથી એક પ્રચંડ ભૂત ત્યાં આવીને ખડો થયો અને કહેવા લાગ્યો કે "મંત્રના બળથી હું તારે વશ થયો છું પરંતુ મને હમેશાં કાંઇપણ કામ બતાવવું પડશે, અને જો એક ક્ષણ માત્ર કામ વગરજ રાખીશ તો, તને જીવતો ખાઈ જઈશ." પેલા મનુષ્યે કહ્યું કે, મારે માટે એક રાજમહેલ બાંધી આપ" ભૂતે કહ્યું કે, "તૈયાર છે, જુઓ પેલો મહેલ તૈયાર થઇ ગયો" પેલા ગરીબ માણુસે કહ્યું કે, "ચાલ મને પૈસા લાવી આપ." ભૂતે કહ્યું કે, "જો આ તારા મોંઢા આગળ આવીને પડયા." ગરીબ માણુસ બોલ્યો કે, "આ સઘળા ગાઢ જંગલને કાપી નાખીને ત્યાં એક મોટું શહેર વસાવી દે" ભૂતે કહ્યું કે, શહેર તૈયાર થઇ ગયું. હવે શું આજ્ઞા છે? ચાલ બતાવ." પેલો

માણસ તો આ બધું જોઇને ગભરાવા લાગ્યો અને મનમાં વિચારવા લાગ્યો, કે આને તો જે પણ "કાર્ય બતાવીએ છીએ તે એક ક્ષણમાત્રમાં કરી નાખે છે, અને હવે તો એને બતાવવા જેવું એક પણ કાર્ય મારા વિચારમાં પણ નથી આવતું?" પેલો ભૂત કહેવા લાગ્યો, મને કાંઈ કામ બતાવ નહિ તો તને ખાઇ ગયો જાણજે. પેલો માણસ તો ઘણો ગભરાવા લાગ્યો અને ઘણોજ વિચાર કર્યો પણ કાંઇ રસ્તો સુઝ્યો નહિ એટલે છેવટે નાઠો અને પેલા મહંતની પાસે જઇને કહેવા લાગ્યો, "ઓ મહારાજ! બાપુજી મને જીવનદાન આપો." મહંતે પૂછ્યું" અરે ભાઇ શું છે?" પેલો મનુષ્ય બોલ્યો "મહારાજ, પેલા ભૂતને હું જે કાંઇ કામ બતાવું છું તે એક ક્ષણમાત્રમાં કરી નાખે છે, અને હવે એને આપવા સારૂ કાંઇ પણ કામ સૂજતું નથી; તેથી મને તે ખાઈ જવા તૈયાર થયો છે." એટલામાંજ પેલો ભૂત ત્યાં આવી પહોંચ્યો અને પેલા મનુષ્યને કહેવા લાગ્યો, તને ખાઇ જાઉં છું." ભૂત એને એ વખતે ખાઇ ગયો હોત, પણ પેલો બીચારો થરથર કંપવા લાગ્યો અને મહંતને પ્રાર્થના કરવા લાગ્યો કે, "ઓ મહારાજ, બાપજી, મને બચાવો, મને બચાવો, હું મરી ચાલ્યો." મહંતે કહ્યું, "તને બચાવાનો એક રસ્તો બતાવું છું. જો બહાર પેલું એક કૂતરૂં ઉભું છે, એ કૂતરાને પકડીને તેની પૂછડી સીધી કરી નાખવાનું" આ ભૂતને કહે.". પેલા માણસે એજ પ્રમાણે ભૂતને આજ્ઞા કરી. ભૂતે કૂતરાની પૂછડી પકડી અને ઘણીજ સાવધ-તાથી ધીમે ધીમે સીધી કરી, પરંતુ જ્યાં તેના પરથી હાથનો દાબ જરાક દૂર થયો ન થયો કે પાછી વાંકીને વાંકીજ! ફરી પાછી ઘણીજ મહેનતથી અને સાવધાનતાથી તેને સીધી કરી; પણ હાથ ખસ્યો કે પૂછડી વાંકીને વાંકી! એવી રીતે ઘણા પ્રયાસો કર્યા પણ તે પૂછડું સીધું થયું નહિ. છેવટે ભૂત કંટાળ્યો અને કહેવા લાગ્યો કે, "મારા જન્મભરમાં આવું કંટાળાભરેલું કામ મેં કર્યું નથી. હું એક જૂનો બ્રહ્મરાક્ષસ છું, અને દરેક કાર્ય કરવામાં કુશળ છું, પણ આવું તો એક પણ કાર્ય મારે કરવાનું આવ્યું નથી; માટે હવે હું તારી સાથે મૈત્રી કરવાને તૈયાર છું. તું મને મુક્ત કર અને હું તને અત્યારસુધી આપેલી સઘળી મિલ્કત બક્ષીસ આપું છું, અને હવે પછી ભવિષ્યમાં કોઇ પણ રીતે તને નુકશાન કરીશ નહિ એવું વચન આપું છું." ભૂતની આ વાતથી પેલો મનુષ્ય ઘણોજ ખુશી થયો અને તેની પ્રાર્થનાનો અત્યંત આનંદપૂર્વક સ્વીકાર કર્યો.

આ જગત્ પણ કૂતરાની પૂછડી જેવું વાંકુ છે. અનેક મનુષ્યો હજારો વર્ષથી તેને સીધું કરવાના પ્રયત્નો કરતા આવ્યા છે; પણ હાથમાંથી જરાક છૂટયું કે પાછું વાંકુંને વાંકુજ! અને એ પ્રમાણેજ હમેશાં ચાલવાનું. માટે પ્રત્યેક મનુષ્યે અલિપ્તપણે કર્મ કરતાં શીખવું જોઇએ અને ધર્મઘેલા બનવું જોઇએ નહિ. જગતમાં ધર્મઘેલાપણું હોત નહિ તો જગતની ઉન્નતિ ઘણી વધારે થઈ હોત. ધર્માંધતાને

લીધે તો લોકોમાં ઉલટા રાગદ્વેષ અને ક્રોધાદિ અવગુણોની વૃદ્ધિ, મારામારી અને કાપાકાપી થાય છે. આપણે જે કાંઇ કરીએ વા ઇચ્છીએ છીએ તેજ ઉત્તમ છે; આપણી પાસે છે તેવું જગત્‌માં કોઇની પાસે છેજ નહિ, અને બીજા મનુષ્યોની પાસે જે કાંઇ છે અથવા તેઓ જે જે કરે છે તે સઘળું ખોટું છે, આમ માન્યા કરવાનું મનુષ્યને સ્વાભાવિક વલણ રહ્યા કરે છે; પરંતુ જ્યારે પણ એવું ધર્મઘેલાપણું જાગે ત્યારે પેલી કૂતરાની વાંકી પૂછડીનું સ્મરણ કરજો. જગત્‌ના નાદમાં લાગીને આપણે ધર્માંધ ન બનતાં અલિપ્તપણે કર્મ કરતા રહેવું એજ આપણું કર્તવ્ય છે. કિંચિત્ પણ ધર્મઘેલાપણું આપણામાં હશે ત્યાંસુધી ખરાં સત્કાર્યો આપણા હાથે કદિ પણ થનાર નથી. જેના ચિત્તમાંથી અહંકાર નષ્ટ થયેલો છે, જેના હૃદયમાં શાંતિએ વાસ કર્યો છે અને ખરો પ્રેમ અને સહાનુભૂતિ જેના હૃદયમાં ઉત્પન્ન થયાં છે, તેજ મનુષ્ય સત્કર્મ કરીને બીજાઓને ઉપયોગી થઈ પડે છે, અને પોતાનું કલ્યાણ પણ સાધી શકે છે. સહાનુભૂતિનો ખરો અર્થ ધર્માંધ મનુષ્ય સમજી શકતો નથી; તેથી જગત્‌નાં દુઃખો હલકાં કરવાનું તેમજ પોતાનું કલ્યાણ પણ તેનાથી થઇ શકતું નથી.

હવે આજના વ્યાખ્યાનના અગત્યના મુદ્દા હું ટુંકાણમાં કહી સંભળાવીશ. જગત્ આપણું ઋણી નથી, પણ આપણે જગત્‌ના ઋણી છીએ; અને જગતને સહાયતા કરવી એનું નામ આપણા પોતાનાજ કલ્યાણને માટે પ્રયત્ન કરવો એવુ છે, એ વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઇએ. બીજો ધ્યાનમાં રાખવા જેવો મુદ્દો એ છે કે જગત્ તમારી કે મારી મદદની વાટ જોઇ બેસી રહ્યું નથી પણ જગત્‌માં પરમેશ્વરનું અસ્તિત્વ હોઇ તેજ તેનો નેતા અને શાસક છે; તે સર્વવ્યાપક, અજરામર, સર્વશક્તિમાન, સતતોદ્યોગી, સર્વજ્ઞ, વિશ્વંભર, અનાદ્યનંત અને સમગ્ર પ્રાણીમાત્રનો રક્ષક છે. જગત્‌નાં સર્વ વ્યક્ત અને અવ્યક્ત રૂપો તેનાંજ હોઇને જ્યારે સમસ્ત જગત્ નિદ્રાવશ થાય છે ત્યારે પણ તે તો જાગતોજ હોય છે. ત્રીજો મુદ્દો એ છે કે આપણે કોઇનો પણ દ્વેષ કરવો નહિ. આ જગત્ જેમ શુભાશુભના મિશ્રણથી ચાલે છે તેમ અનંતકાળસુધી ચાલ્યાજ કરવાનું; છતાં પણ આપણા સ્વભાવનો આંપણી ઉન્નતિમાં ઉપયોગ કરી લેવા સારૂ ગરીબ ગરીબાં તરફ દયાભાવ રાખી બનતી મદદ કરવી અને પાપીઓ ઉપર પણ પ્રીતિભાવ રાખવો એ આપણું કર્તવ્ય છે. જગત્ એ નીતિમત્તાની મોટી કસરતશાળા છે. કસરત કરવાથી જેમ મનુષ્ય શરીરે હૃષ્ટપુષ્ટ થાય છે, તેમ આ જગતરૂપી વ્યાયામશાળામાં કસરત કરીને મનુષ્યે મનને અધ્યાત્મ સામર્થ્યથી અધિકાધિક હૃષ્ટપુષ્ટ અને વિશુદ્ધ કરવાનું છે. ચોથું એ છે કે આપણે એ કોઇપણ કાર્યમાં ધર્મઘેલા-ધર્માંધ થવાનું નથી; કારણ કે ધર્માંધપણું એ સર્વથા પ્રેમથી વિરુદ્ધ છે. ધર્માંધ પુરુષો ઘણી વખત એમ કહે છે કે, " અમે પાપીને ધિક્કારતા નથી પણ પાપને ધિક્કારીએ છીએ; "

પરંતુ પાતક અને પાતકીમાં રહેલા ખરેખરા ભેદને જાણનારો જો કોઇ પણ મનુષ્ય મારી જાણવામાં આવે તો દુનિયાના આ છેડેથી પેલા છેડાસુધી પગે ચાલીને તેના દર્શન માટે હું જવા તૈયાર છું. એવું વચન બોલવું ઘણું સહેલું છે પણ પ્રત્યક્ષ અનુભવ થવો બહુજ દુષ્કર છે. જો પદાર્થનું સત્યસ્વરૂપ અને તેના ગુણ ભેદને સમજવાની શકિત આંપણામાં આવે તો આપણે તેજ ક્ષણે પૂર્ણ સ્થિતિએ પહોંચ્યા એમજ સમજવું. જેમ ક્ષોભ ઓછો થતો જાય, તેમ તેમ આપણે અધિક પ્રેમાળ થતા જઇશું અને આપણાં કર્મો પણ પહેલાંના કરતાં વિશેષ ઉચ્ચ કોટીનાં તેમજ નિષ્કામતા તથા નિર્લેપતાવાળાં થવા માંડશે.

कर्मयोग--प्रकरण छहुं

અનાસકિત એજ અહંકારનાશ

જેવી રીતે આપણાં કર્મોનું પરિણામ આપણને ફળરૂપે મળે છે; તેવીજ રીતે આપણાં કર્મોનું પરિણામ બીજાપર અને બીજાના કર્મનું પરિણામ આપણાપર પણ થાય છે. ઘણી વખત આપણે જોઇએ છીએ, કે કોઈ મનુષ્યે એકવાર દુષ્કર્મ કર્યા પછી તેની બુદ્ધિ દિવસે દિવસે બગડતી જઇને તે અધિક દુષ્કર્મો કરતો જાય છે; અને તેવીજ રીતે શુભ કર્મ કરવાથી બુદ્ધિ શુદ્ધ થઇને દિનપ્રતિદિન અધિકાધિક શુભ કર્મો કરતો જાય છે. એ ઉપરથી સમજાય છે કે કર્મનું પરિણામ કરનારના પોતાના ઉપર થાય છે. જડ પદાર્થોનું અવલોકન કરવાથી પણ એજ વાત સિદ્ધ થાય છે. આપણે કોઈ એક કાર્ય કરતા હોઇએ છીએ ત્યારે આપણું મન અને આપણા તરંગો પણ તેજ કાર્યમાં મગ્ન હોય છે, અને તે લહરીઓનું પરિણામ આપણા જેવાં બીજાં સજાતીય મનોપર પણ થઇને તેમનામાં પણ તેવાજ તરંગોને જાગૃત કરે છે. એક ઓરડામાં એકજ સ્વરનાં બે ત્રણ વાદિત્રો મૂકીને તેમાંથી એકાદને વગાડવામાં આવે, તો તેમાં જે પ્રકારનો અવાજ ઉત્પન્ન થઇને હવામાં જેવા તરંગો ઉત્પન્ન કરે છે, તે તરંગો તેજ ઓરડામાંનાં બીજા વાદિત્રોપર અથડાઇને તેમાંથી પણ તેજ પ્રકારના સજાતીય તરંગો ઉત્પન્ન થાય છે. એજ પ્રમાણે મારા મનમાં જે તરંગો ઉત્પન્ન થાય છે, તેનું પરિણામ મારા જેવાં અન્ય સજાતીય મનોપર થઇને તેમનામાં પણ તેવાજ વિચારો જાગૃત થાય છે. એ વિચારતરંગોની અસર પ્રત્યેક મનપર એકસરખા પ્રમાણમાં નહિ થતાં વધારે ઓછા પ્રમાણમાં થાય છે, તેનું કારણ તે તે મનુષ્યની માનસિક પરિસ્થિતિ હોય છે. બીજાં મનો ઉપર એ કારણને લીધે આપણી માનસિક

લહરીઓનું પરિણામ ઓછું યા વધારે થાય છે પણ તે થવાનું તો ખરૂંજ. મારા મનમાં એકાદ દુષ્ટ કૃત્ય કરવાનો વિચાર ઉદ્‌ભવ્યો, એટલે વિશ્વમાં મારા જેવી કોટિનાં જે જે મન હશે, તે સર્વ મનો ઉપર મારા તરંગોનું પરિણામ થવાનુંજ. તેવીજ રીતે શુભકર્મ કરવાની ઈચ્છાનો આઘાત પણ સમાન સ્થિતિવાળાં મનોપર પણ થવાનોજ. એ આઘાત ઓછો યા વધારે થવાનો આધાર તે તે મનોની પોતાની સ્થિતિ ઉપર રહેલો છે, તેમ એ તરંગોને પ્રથમ ઉત્પન્ન કરનાર મનની સ્થિતિ ઉપર પણ તેનો મોટો આધાર રહેલો છે. દુર્બળ મનથી ઉત્પન્ન થનારા તરંગો દુર્બળ હોઇને તેનું પરિણામ પણ બહુ થોડુંજ હોય છે, તેજ પ્રમાણે જે મન પોતાની ચૈતન્યશક્તિને ઓળખીને અતિ શક્તિમાન થયલું હોય છે, તેમાંથી ઉદ્‌ભવનારા તરંગો બળવાન હોઇને તેનું પરિણામ પણ વધારે ઉંડું અને વિશાળ હોય છે.

જેવી રીતે પ્રકાશનાં કિરણોને અમુક સ્થળે પહોંચવાને માટે લક્ષાવધિ વર્ષો વીતી જાય છે× તેવીજ રીતે તરંગોને પણ સજાતીય સ્થિતિવાળું મન પ્રાપ્ત કરી તેને વિષે પ્રતિ-તરંગ ઉત્પન્ન કરવામાં પણ સેંકડો વર્ષ વીતી જવાનો સંભવ છે; એથી આપણી આસ-પાસનું વાતાવરણ ઉત્તમ અને હલકા બન્ને પ્રકારના તરંગોથી ભરપૂર હોવાનું સંભ-વિત છે. પ્રત્યેક મસ્તિષ્કમાંથી ઉદ્‌ભવતો પ્રત્યેક વિચારતરંગ આ પ્રમાણે લહરીઓ ઉપજાવતો ચોતરફ પ્રસરતો ચાલે છે. અને અનુકૂળ સ્થાન પ્રાપ્ત થતાંજ ત્યાં તે ભરાઇ બેસે છે; કેમકે જે મન જે સમયે જે સ્થિતિ ધરાવતું હોય છે તે મન તે સમયે તેવીજ સ્થિતિવાળા બહારના તરંગોને તત્કાળજ ગ્રહણ કરી લે છે. જેમકે કોઇ મ-નુષ્ય દુષ્કર્મ કરતો હોય તે વેળાએ તેનું મન અમુક પ્રકારની હલકી દશામાં આવેલું હોવાથી તે પોતાને અનુકૂળ દુષ્ટ તરંગો વાતાવરણમાં હોય છે તે ગ્રહણ કરી લે છે અને એજ કારણને લીધે દુષ્ટ મનુષ્ય દિનપ્રતિદિન વધારે કુકર્મોમાં લપટાતો જાય છે; સત્કર્મ કરનારનું પણ એજ પ્રમાણે સમજવું. તે પણ વાતાવરણમાંના શુભ વિચારોને ગ્રહણ કરીને દિનપ્રતિદિન વધારે સત્કર્મો કરતો જાય છે.

ઉપલા વિવેચનથી સમજાયુંજ હશે કે એક વાર દુષ્કર્મ કરવાથી એક તો આ-પણે આપણી આસપાસના દુષ્ટ તરંગોને આપણા મનમાં પ્રવેશ કરવાનાં દ્વાર ખુલ્લાં કરી દઇએ છીએ; અને બીજું એ કે આપણા મનમાંથી બહાર નીકળનારા દુષ્ટ ત-રંગો બીજાઓને અધિક દુષ્ટ કરવાના કારણભૂત થઇ પડે છે. આ બીજું પરિણામ આવવાને કદાચ કોઇ પ્રસંગે સેંકડો વર્ષ પણ વીતી જવાનો સંભવ હોય છે; પણ તેવું પરિણામ કોઇવાર થવાનું એ તો નિશ્ચિતજ છે. આ પ્રમાણે દુષ્ટ કૃત્ય કરવાથી આપણે પોતે દુઃખી થઇએ છીએ અને બીજાઓને પણ દુઃખના ખાડામાં નાખીએ

×આ અને એવા બીજા મહત્ત્વના સિદ્ધાંતો સમજાવનારૂં પુસ્તક વિવિધ ગ્રંથમાળા દ્વારા થોડાજ વખતમાં નિકળનાર છે. મંત્રી. સ. સા.

છીએ. તેજ પ્રમાણે સત્કર્મો કરવાથી આપણે પોતાનું પણ ભલું કરીએ છીએ અને બીજાઓનું પણ ભલું થાય છે.

દરેક મનુષ્યની અંદર જે અનેક પ્રકારની શક્તિ અને યોગ્યતાઓ વ્યક્ત તેમજ અવ્યક્ત અવસ્થામાં રહેલી હોય છે, તે ઉપર કહેલા ધોરણને અનુસરીને બીજાઓનાં શુભ કર્મોની બહારની મદદ મેળવીને જાગૃત તથા અધિક સામર્થ્યવાન થાય છે; અને બીજાઓનાં અશુભ કર્મની મદદથી નિર્બળ થાય છે.

આપણે જે કાંઇ કર્મ કરીએ છીએ તેનું ફળ મળ્યા વગર તે કર્મનો નાશ કોઇ પણ પ્રકારથી થઇ શકતો નથી, એવો કર્મયોગનો મુખ્ય સિદ્ધાંત છે. શુભ કર્મનું શુભ અને અશુભનું અશુભ ફળ આપ્યા સિવાય કર્મનો નાશ કરવાને સમર્થ હોય એવી એક પણ શક્તિ અદ્યાપિસુધી આ બ્રહ્માંડમાં અસ્તિત્વ ધરાવતી નથી.

કર્મના સંબંધમાં બીજો પણ એક અત્યંત સૂક્ષ્મ અને મહત્ત્વનો પ્રશ્ન વિચારવા જેવો એ છે કે આ જગત્‌માં કરાતા કોઇપણ કર્મનાં શુભ અને અશુભ બંને પ્રકારનાં પરિણામ થાય છે; કેમકે કોઇપણ શુભ વા અશુભ કર્મ એવું નથી કે જે સર્વાંશે સારૂં હોય અથવા તો સર્વાંશે ખરાબ હોય. ગમે તેવા સારામાં સારા કાર્યમાં પણ કાંઇપણ ખરાબ અંશ રહેલોજ હશે; અને ગમે તેવા નઠારા કાર્યમાં થોડો સરખો પણ શુભ અંશ રહેલોજ હશે. આ સિદ્ધાંતનું તાત્કાલિક અને પ્રત્યક્ષ ઉદાહરણ જોઇએ તો દાખલાતરીકે હું હમણાં તમારી સામે બોલું છું તે શુભકર્મ કરૂં છું એમ તમારા પૈકી ઘણાને લાગતું હશે, પણ તેનીજ સાથે મારા શ્વાસોચ્છ્‌વાસથી હવામાંનાં હજારો સૂક્ષ્મ જંતુઓ મરણ પામતાં હશે, અને તેથી મારા આ એકજ કર્મથી સારૂં અને ખરાબ એમ પરસ્પર વિરોધી પરિણામો એક સાથે થાય છે. કોઇપણ કૃત્યનું પ્રત્યક્ષ શુભ પરિણામ થતું હોય, જેમકે આપણા ઓળખીતાઓનું ભલું થતું હોય, તો તે કર્મને આપણે સત્કર્મ કહીએ છીએ. મારા ભાષણને તમે સત્કર્મ કહેશો, પણ મારા શ્વાસોચ્છ્‌વાસથી મૃત્યુના મુખમાં જનારાં હજારો સુક્ષ્મ જંતુઓ શું કહેતાં હશે? તમે માત્ર તમારા પોતાના તરફજ દૃષ્ટિ રાખીને મારા કાર્યને શુભ કહો છો અને અનુભવો છો; પરંતુ સૂક્ષ્મ જંતુઓ અને તેમના ઉપર મારી કૃતિથી થતું પરિણામ તમારા જોવામાં આવતું નથી.

એવીજ રીતે કોઇ દુષ્કૃત્યનું સૂક્ષ્મ અવલોકન કરીશું તો તેમાંથી કાંઇને કાંઇ સારૂં પરિણામ પણ ઘડાતું માલૂમ પડશે. મતલબ કે સ્થૂળ દૃષ્ટિથી પૂરેપૂરા શુભ દેખાતા કર્મનું પણ થોડું ઘણું ખરાબ પરિણામ નીપજે છે; અને પૂરેપૂરા ખરાબ દેખાતા દુષ્કર્મનું થોડું ઘણું શુભ પરિણામ નીપજે છે. જે મનુષ્યને પ્રત્યેક કર્મમાં રહેલા આવા મિશ્રણનું અવલોકન કરવાની અને સમજવાની સૂક્ષ્મ દૃષ્ટિ પ્રાપ્ત

થઇ છે તેણેજ કર્મયોગનું ખરૂં રહસ્ય જાણ્યું છે એમ સમજવું.*

આ ઉપરથી સમજવાનું એજ છે કે જો "બીજાઓનું જેથી હિત થાય તેજ શુભકર્મ અને અહિત થાય તે ખરાબ કર્મ" એજ નિયમથી મનુષ્યનાં કર્મોનું તોલ નકરીએ તો કેવળ સુખોત્પાદક અથવા કેવળ દુઃખોત્પાદક એવું કોઇ પણ કર્મ આ જગત્માં હોવું શકયજ નથી. કોઇ પણ જીવજંતુને દુઃખ દીધા વગર આપણે જાગવાની કે શ્વાસ લેવાની ક્રિયા પણ કરી શકતા નથી. અન્નનો એક કોળીઓ આપણે ભક્ષણ કરીએ તે પણ બીજાના મુખમાંથી કાઢી લઇનેજ ખાવા જેવું છે. મતલબ કોઇને કોઈ પ્રાણીના હિતને નુકશાન કરીને અને અનેક જીવોનો નાશ કરીનેજ આપણે આપણા જીવનું રક્ષણ કરી શકીએ છીએ. એ નુકશાન ખમનાર પ્રાણી ભલે મનુષ્ય હોય, પશુપક્ષી હોય અથવા તો અત્યંત સૂક્ષ્મજંતુ હોય; તોપણ આપણાથી તેમને દુઃખ તો પહોંચવાનુંજ અને પ્રસંગે તેઓના પ્રાણનો પણ નાશ થવાનો.

આટલા વિવેચન ઉપરથી સિદ્ધ થાય છે કે કેવળ કર્મોજ કર્યા કરવાથી પૂર્ણતાએ પહોંચવું મનુષ્યમાટે સંભવિત નથી. વિશ્વના અંતપર્યંત આપણે કર્મ કરતા રહીએ તોપણ એ પુણ્યપાપથી મિશ્ર એવાં કર્મોના ચક્રવ્યૂહમાંથી છુટવાનો માર્ગ નથી. ગમે તે પ્રકારનાં અને ગમે તેટલાં કર્મ કરવામાં આવે તોપણ તેનાથી ઉત્પન્ન થતું સુખ અને દુઃખ એટલે અનુક્રમે પુણ્ય અથવા પાપ એની ઉત્પત્તિ થતી અટકાવવાનો માર્ગ મળે તેમ નથી.

ત્યારે હવે પ્રશ્ન ઉદ્ભવે છે કે જો કર્મ કર્યા વિના ક્ષણમાત્ર પણ ન રહી શકે એવો મનુષ્યસ્વભાવ છે તો પછી કર્મોની આ ઘટમાળામાંથી જીવનો છુટકો ક્યારે અને કેવી રીતે થવાનો? અને યુગોના યુગો સુધી એકસરખી રીતે કર્મજ કર્યા કરવાથી આપણને ફાયદો શું? કેટલાકનું એમ કહેવું છે કે એકવાર આ સઘળું જગત્ પૂર્ણત્વને પામી જશે, એટલે કે આ જગત્માં જે કાંઇ દુઃખ, દુષ્ટતા, રોગ, મૃત્યુ ઇત્યાદિ આધિવ્યાધિઓ દેખાય છે તે સઘળાનો નાશ થઇ સર્વ સૃષ્ટિ સુખ અને આનંદમયજ બની જશે. આવો ઉત્તર દેનારા સેંકડો લોકો પ્રત્યેક દેશમાં તમને મળી આવશે અને એ કલ્પના સુખકર પણ લાગે છે. વળી આળસુ અને અજ્ઞાની લોકોને શુભકર્મ કરવાને માટે એ કલ્પના ઉત્તેજન આપીને દુઃખને પ્રસંગે આશ્વાસન દેનારી પણ છે; પરંતુ તે કલ્પનાની સત્યતાવિષે ક્ષણભર વિચાર કરીએ તો આપણને તે કેવળ અસત્ય અને અસંભવનીય માલુમ પડે છે. એક ધાતુના કકડા ઉપર બંને બાજુ છાપ મારવાથી તેને નાણાંની સંજ્ઞા પ્રાપ્ત થાય છે અને તે છાપ એક બાજુથી પણ જો કાઢી નાખવામાં આવે તો તેનું ચલણીપણું નષ્ટ થાય છે; તેવીજ રીતે

* कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान् मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥ श्री. भ. गी.

જગતની ઉત્પત્તિ અને સ્થિતિ એ જો સુખ અને દુઃખરૂપી દ્વંદ્વનાજ અસ્તિત્વ ઉપર આધાર રાખતી હોય તો એ પૈકી એક પણ નષ્ટ થતાં જગતનું અસ્તિત્વજ ક્યાંથી રહી શકે? જો આ જગત્‌માં કેવળ સુખોત્પાદક એવું એક પણ કર્મ બનવું શક્ય ન હોય તો પછી પૂર્ણત્વ એ શબ્દનો અર્થજ શું? પૂર્ણતાની કલ્પનાને માત્ર વંધ્યા-સુતની કહાણી જેવીજ ગણવી પડે. આપણું સર્વ જીવન કેવળ બાહ્ય જગત્ સાથે યુદ્ધ કર્યા કરવાનું છે. પ્રત્યેક ક્ષણે આપણે બાહ્ય જગત્‌માં કોઇને કોઈ સાથે લડતાજ હોઇએ છીએ. એમાં આપણો જય થાય છે ત્યારે આપણી કલ્પના પ્રમાણે આપણને કંઇક સુખ થયા જેવું લાગે છે અને પરાભવ થતાં દેહાંત થાય છે અથવા નવી લઢાઈ શરૂ થવાની હોય છે. આપણા જીવનમાં અત્યંત આવશ્યક એવું અન્ન અને હવા પણ યુદ્ધ કર્યા વગર આપણને પ્રાપ્ત થઇ શકતું નથી; અને એમાંનું એક પણ આપણને પ્રાપ્ત ન થાય તો આપણા આયુષ્યનો અંત આવવાનોજ. જીવન કોઇ પણ એક વસ્તુનું બનેલું નથી, પણ ત્રિગુણના મિશ્રણથી બનેલું છે. એક બાજુએ દેહમાં સમાયલી વસ્તુઓનો સમુચ્ચય અને બીજી બાજુએ બાહ્ય જગત્ એ બંનેના યુદ્ધને જીવન એવી સંજ્ઞા આપવામાં આવે છે. આથી સ્પષ્ટ છે કે એ યુદ્ધના અંતનું નામજ જીવનની સમાપ્તિ.

ત્યારે શું સુખમય સ્થિતિ શક્યજ નથી? ના, એમ અમારૂં કહેવું નથી. જ્યારે ચાલુ જીવનક્રમનો અંત આવીને સુખ અને દુઃખ, પાપ અને પુણ્ય ઇત્યાદિ દ્વંદ્વો નહિ જેવાં થાય છે ત્યારે એ સુખમય સ્થિતિ પ્રાપ્ત થાય છે. આપણે પરોપકાર અર્થે જે કાંઈ કાર્ય કરીએ છીએ તે વસ્તુતઃ આપણને પોતાનેજ કલ્યાણપ્રદ છે; એમ આપણે ઉપર સિદ્ધ કરી ગયા છીએ. જે જે કર્મો આપણે પરોપકારને માટે કરીએ છીએ, તે સઘળાનું પરિણામ આમત્શુદ્ધિ છે. પરોપકારની ઇચ્છા જેમ જેમ વૃદ્ધિંગત થતી જાય છે, તેમ તેમ આપણો અહંકાર ઘટતો ચાલે છે. પરહિતનું ચિંતન થવા માંડે છે તેટલા પ્રમાણમાં સ્વસુખની લાલસા આપોઆપજ કમી થવા લાગે છે; અને તેમ થવા લાગ્યું એટલે આપણા અંતરમાં દૃઢ થઇ બેઠેલો દેહાધ્યાસ ઓછો થવા માંડે છે; અને આવી રીતે આપણા જીવનમાં શીખવા યોગ્ય સર્વથી મહત્ત્વની બાબત "અહંકારની વિસ્મૃતિ"તે આપોઆપજ સિદ્ધ થતી ચાલે છે. જગતની સાથે યુદ્ધ કરીને હું જાતે સુખ પ્રાપ્ત કરીશ, એવી જે આપણી પ્રથમ ભાવના હોય છે તે મૂર્ખપણાની છે એમ કેટલોક અનુભવ થયા પછી આપણને પ્રત્યક્ષ સમજાય છે; અને સુખ એ બહારથી મળી શકે એવી વસ્તુ નથી; સુખ આપણી પાસેજ છે; પરંતુ સ્વાર્થીપણું-અહંકાર-દેહાધ્યાસની વિસ્મૃતિ થયા સિવાય તેની પ્રાપ્તિ થઇ શકતી નથી; એવું જ્ઞાન આપણને થાય છે. પરોપકારાર્થ કરેલાં પ્રત્યેક કર્મ, સહાનુભૂતિના વિચારો અને હરેક પ્રકારનાં સત્કર્મ આપણી અંદર રહેલા અહંકારને

નષ્ટ કરવામાં કારણભૂત થાય છે, અને અહંકાર જેમ જેમ કમી થતો જાય છે તેમ તેમ આપણા દેહાધ્યાસનું ક્ષુદ્રત્વ અધિક સ્પષ્ટરીતે આપણને દેખાતું ચાલે છે. પરોપકારનો એજ ખરેખરો લાભ છે. જ્ઞાન, ભક્તિ અને કર્મ એ ત્રણેએ નિર્દિષ્ટ કરેલા ભિન્ન ભિન્ન માર્ગોને એકત્ર થવાનું આ એકજ મધ્યબિંદુ છે.

અહંકારની સંપૂર્ણપણે વિસ્મૃતિ થઇ એટલે "હું" નષ્ટ થઇને તેની જગ્યાએ "તું" પણું આવે છે. સર્વ પ્રકારનાં દ્વંદ્વ નષ્ટ થયાં; દશ્ય જગત્ નહિ જેવું થયું અને છેવટે જે કાંઈ અવશેષ રહ્યું તે "હું" નહિ પણ "તું" રહ્યું. કર્મયોગના આચરણનું છેવટે એજ પર્યવસાન થવાનું. કર્મયોગનું આચરણ તમે સમજીને કરો અથવા સમજ્યા વગર કરો, પણ જો તે આચરણ કર્મયોગના તત્ત્વને અનુસરીને થાય છે તો તેનું નિશ્ચિત પરિણામ એજ આવવાનું. એવી રીતે નિરાકાર પરમતત્ત્વની સાથે એકતા અનુભવવી એજ સર્વ યોગનું સાધ્ય છે. ઉદરપોષણ અથવા અન્ય સ્વાર્થ સાધવા માટેજ ધર્મોપદેશનો ધંધો કરનારને માટે નિરાકાર પરમેશ્વર અને તેની સાથે ઐકયતાના અનુભવની કલ્પના ભયંકર છે. "પરમેશ્વર સાકાર છે અને ભક્ત તેથીજ ભિન્ન રહેવાનો" એવોજ તેનો ઉપદેશ હોય છે. આપણે કહીશું તેનો ખરો અર્થજ તે સમજશે યા સ્વીકારશે નહિ. એમ કરવું એજ તેના લાભનું તેને લાગે છે. તેની નીતિવિષયક કલ્પના ગમે તેટલી ઉત્તમ હોય તોપણ અહંકારનું વિસ્મરણ કે જે સર્વ નીતિસિદ્ધાંતોનો ઉદ્દેશ છે, તે ઉદ્દેશને તે કદિ પણ સાધ્ય કરી શકનાર નથી. એ અહંકાર–દેહાધ્યાસને સંપૂર્ણ વિસર્યા સિવાય ખરી ભક્તિ બનવી એ શકયજ નથી. પછી તે પ્રેમ મનુષ્યવિષયક હો, પશુપક્ષીવિષયક હો, દેવદૂતવિષયક હો અથવા આત્માવિષયક હો. સર્વ નીતિના સિદ્ધાંતોના આંતરમાં પણ એજ તત્ત્વ ઓતપ્રોત થએલું આપણને માલુમ પડશે.

આ જગતમાં અનેક પ્રકારનાં મનુષ્યો જોવામાં આવે છે. કેટલાક મહાન્ દૈવી પુરુષો હોય છે, જેઓ સંપૂર્ણ ત્યાગી–સંન્યાસી હોય છે; અને સમસ્ત જીવનપર્યંત પારકાનું ભલું કરવું એજ તેમનો સ્વભાવ અને જીવનક્રમ હોય છે. કોઇનું કલ્યાણ કરવામાં પ્રાણનો નાશ થતો હોય તોપણ તે પાછા પડતા નથી. સર્વ મનુષ્યોમાં આવા પુરુષો અતિ ઉચ્ચકોટિના છે. કોઇ દેશમાં એવા ઉચ્ચકોટિના એકસો મનુષ્ય હોય તો પછી તે દેશને અવનતિમાં રહેવું પડતું નથી; પરંતુ માનવજાતિના બલવત્તર દુર્દૈવને લીધે એવા મનુષ્યો જગતમાં ઘણાજ ઓછા મળી આવે છે. હવે બીજી પ્રતિના મનુષ્યો એવા હોય છે કે જેઓ પોતાને કોઇપણ જાતની હાનિ ન પહોંચતાં પરિણામે દ્રવ્ય વા કીર્તિનો લાભ થતો હોય ત્યાંસુધીજ પરોપકાર કરી શકે છે. ત્રીજા પ્રકારના લોક એવા હોય છે કે જેઓ પોતાનાજ સુખની ખાતર જીવે છે અને કર્મ કરે છે અને પ્રસંગ આવતાં બીજાને હાનિ કરીને પણ પોતાના

સુખમાં ખામી આવે નહિ તેની કાળજી રાખે છે. વળી એક ચોથો વર્ગ પણ એક *સંસ્કૃત કવિએ શોધી કહાડયો છે; પરંતુ તે વર્ગને નામ શું આપવું તેની કલ્પના કવિને મળી આવી નહિ. તે લોકો કેવળ શોખની ખાતરજ બીજાઓને પીડા કરે છે. લોકોને ત્રાસ આપવો એજ તેઓ પોતાના જીવનની ઇતિકર્તવ્યતા સમજે છે. પૃથ્વીમાં જેમ પરસ્પર વિરુદ્ધ એવા બે ધ્રુવ છે, તેમ માનવસમાજમાં પણ બે ધ્રુવ છે. પોતાના જીવનની પરવા ન કરતાં પારકાનુંજ ભલું કરવું એ એક ધ્રુવ, અને પોતાના જીવનની દરકાર ન કરતાં બીજાનું અનિષ્ટ કરવું એ બીજો ધ્રુવ. પારકાનું ભલું કરવું એ જેમ પહેલાનો સ્વભાવ છે તેમ અન્યનું અનિષ્ટ કરવું એ બીજાનો સ્વભાવ હોય છે.

"પ્રવૃત્તિ" અને "નિવૃત્તિ" એવા બે શબ્દો સંસ્કૃત ભાષામાં છે. "પ્રવૃત્તિ" એટલે અંદર ખેંચવું અને "નિવૃત્તિ" એટલે બહાર કાઢવું. અંદર ખેંચવું એટલે સદોદિત "હું" અને "મારૂં" એનોજ વિચાર કરવો. જે જે કારણોથી "હું" અને "મારૂં" એ વિચારને પુષ્ટિ મળે છે તે સર્વ કારણો પ્રવૃત્તિનાં છે. એની અંદર દ્રવ્ય, સામર્થ્ય અને કીર્તિ ઇત્યાદિકનો અંતર્ભાવ થાય છે. જ્યારે મનુષ્ય પ્રવૃત્તિમય થાય છે ત્યારે જગત્‌ની સઘળી સંપત્તિ, સત્તા અને કીર્તિ એ સઘળું એક માત્ર "હું"–મારામાંજ આવી જાય એમ ઇચ્છે છે. જગત્‌ની સર્વ સંપત્તિ ઇત્યાદિનું કેંદ્રસ્થાન માત્ર "હું"જ છું એનું નામજ પ્રવૃત્તિ. જગત્‌માં સામાન્ય મનુષ્યોની બુદ્ધિ પ્રવૃત્તિ તરફજ વળેલી રહે છે. એ તરફથી બુદ્ધિ ઓછી થવા લાગે છે, એટલે નિવૃત્તિનો ઉદય થવા માંડે છે, અને તેનો ઉદય થવા લાગતાંજ નીતિ અને ધર્મનો ઉદય અંતઃકરણમાં થવા માંડે છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ બન્ને કર્મોનું પરિણામ છે. સહેતુક કર્મોનું પરિણામ પ્રવૃત્તિ અને અહેતુક એટલે કે નિષ્કામ કર્મોનું પરિણામ નિવૃત્તિ. જગત્‌ના સર્વ ધર્મો અને નીતિશાસ્ત્રનો પાયો નિવૃત્તિજ છે. 'મારૂં' અને 'હું' એ શબ્દની વિસ્મૃતિ થવી, અને પારકાને માટે જીવન અર્પણ કરી દેવું. એ નિવૃત્તિની પરિપકવ દશા છે. આપણા અંતરમાં એવી યોગ્યતા આવી એટલે કર્મ-યોગની છેવટની દશાએ આપણે પહોંચ્યા. સર્વ શુભ કર્મોનું એજ ઉત્તમ ફળ છે. કોઈ મનુષ્યે તત્ત્વવિષયના એક પણ ગ્રંથનો અભ્યાસ કર્યો ન હોય, ઈશ્વર પ્રત્યે બિલકુલ શ્રદ્ધા ન હોય, અને આખા જીવનપર્યંત પ્રાર્થનાનો એક શબ્દ પણ ઉચ્ચાર્યો ન હોય; તથાપિ શુભ કર્મ કરવાથી તેની બુદ્ધિ નિવૃત્તિપરાયણ થઈ

---

* एके सत्पुरुषाः परार्थ घटकाः स्वार्थं परित्यज्य ये;
सामान्यास्तु परार्थमुद्यमभृतः स्वार्थाविरोधेन ये ।
तेऽमी मानुषराक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये;
ये निघ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे ॥ भर्तृहरि.

હોય તો તે કર્મયોગી પુરુષ, એક અત્યંત ધાર્મિક મનુષ્ય ભક્તિવડે જે પદને પ્રાપ્ત કરે છે, અથવા કોઈ મોટો તત્ત્વવેત્તા જ્ઞાનવડે જે સ્થાનને પામે છે તે પરમપદને પ્રાપ્ત કરે છે; એથી તમારા લક્ષ્યમાં આવશે કે જ્ઞાની, કર્મયોગી અને ભક્ત એ સર્વ છેવટે એકજ સ્થાનને પામે છે. જ્યાં "હું" અને "મારૂં" એ શબ્દની વિસ્મૃતિ થાય છે તેજ એ સ્થાન છે. એનું નામજ સંન્યસ્તવૃત્તિ, એવો મનુષ્ય ગમે તે દેશનો, ધર્મનો, પંથનો, અથવા તત્ત્વવિચારનો હોય, પરંતુ તેને માટે સર્વ કોઇના મનમાં અત્યંત આદરવૃત્તિ ઉત્પન્ન થયા વગર રહેતી નથી. એવાને માટે દેશ, પંથ, મત અથવા ધર્મના પ્રશ્નને અવકાશજ નથી. ઍડવિન આર્નોલ્ડે "એશિયાપ્રકાશ" (લાઇટ ઑફ એશિયા) એ નામનું મહાત્મા બુદ્ધનું જે ચરિત્ર લખ્યું છે; તે પુસ્તક વાંચીને કોઇ અત્યંત ચુસ્ત ખ્રિસ્તીના મનમાં પણ બુદ્ધને માટે પૂજ્યભાવ ઉત્પન્ન થયાના અનેક પ્રસંગો સર્વની જાણમાંજ હશે. બુદ્ધ નિરીશ્વરવાદી હતો. તેણે ભક્તિમાર્ગનો કદિપણ ઉપદેશ કર્યો નથી. તેણે કોઈ ખાસ પ્રકારનો તત્ત્વમાર્ગ પણ શોધી કાઢયો નથી; માત્ર કેવળ સંન્યસ્તવૃત્તિનોજ તેણે ઉપદેશ કરેલો છે. બીજાઓને ખાતર આપણું સર્વસ્વ અને પ્રસંગ આવે તો આપણો દેહ પણ અર્પણ કરવો, એજ તેનો ઉપદેશ છે. સર્વ ધર્મોનું, સર્વ પંથનું, સર્વ મતોનું અને સર્વ તત્ત્વદર્શનોનું અંતિમ બોધન એ એકજ છે, એ વાત આગ્રહી મનુષ્યોના લક્ષ્યમાં આવેલી નથી હોતી તેથીજ તેઓ અમુક વિશિષ્ટ મત અથવા ધર્મના આગ્રહી થઇને બેસે છે. ભક્તિમાર્ગની અંતિમ અવસ્થા એટલે સર્વત્ર પરમેશ્વરનું અધિષ્ઠાન જોવું અથવા સર્વ ઇશ્વરમય જોવું એજ છે. ખરા ભક્તના મનમાં "હું" અને "મારૂં" એ શબ્દનો લેશમાત્ર અવકાશ પણ હોતો નથી. ગમે તે સ્થિતિમાં "પરમેશ્વર તારીજ ઇચ્છા, જગત્‌માં મારૂં કાંઇપણ નથી" "જગત્‌માં જે કંઇ છે તે સઘળું તારૂંજ છે," એ નિશ્ચય તેના અંતઃકરણમાં પૂર્ણપણે દૃઢ થયેલો હોય છે; અને એનું નામ પૂર્ણ સંન્યસ્તવૃત્તિ નહિ તો શું? જ્ઞાનની છેવટની અવસ્થામાં પણ એજ સંન્યસ્ત-વૃત્તિ થવાની. જગત્ એ શું છે, હું કોણ છું. અને વિશ્વવ્યાપી ચૈતન્યનું સ્વરૂપ કેવું છે, ઇત્યાદિની શોધ કરતાં કરતાં સર્વ જગત્ કેવળ મૃગજળવત્ છે; જેમ દેખાય છે તેમ વાસ્તવિક રીતે નથી; તે પ્રત્યેક ક્ષણે બદલાય છે જેથી તે અનિશ્ચિત અને માયાનિ-ર્મિત છે એવો તેનો પાકો નિશ્ચય થાય છે. જગત્‌નો આવો નિશ્ચય એકવાર થયો એટલે પછી જગત્‌ના કોઇ પણ પદાર્થની ઇચ્છા બુદ્ધિપૂર્વક કરવાની તેને રહેતી નથી. મનુષ્ય પૂર્ણ ત્યાગી–પૂર્ણ સંન્યાસવૃત્તિવાળો ઉપર જણાવેલો નિશ્ચય થવાથીજ બની શકે છે. આથી સિદ્ધ થાય છે કે કર્મ, ભક્તિ અને જ્ઞાન એ ત્રણે સાધનોનું અંતિમ પરિણામ એકજ છે, જગતમાં જે મોટા ધર્મપ્રવર્તકો થઈ ગયા, તેઓએ ભિન્ન ભિન્ન માર્ગવડે એકજ તત્ત્વનો ઉપદેશ કર્યો છે. 'પરમેશ્વર જગત્‌માં નથી'

એમ તેઓએ કહ્યું છે તેનો અર્થ પણ "જગતના પદાર્થો પાછળ ભટક્યા કરવાથી પરમેશ્વરની પ્રાપ્તિ થવાની નથી" એજ છે. જગતથી પરમેશ્વરનું સ્વરૂપ તદ્દન ભિન્ન છે એમ તેઓનું કહેવું છે. "હું" અને "મારૂં" એનુંજ નામ જગત્ છે. અર્થાત્ નશ્વર શરીરમાં અહંબુદ્ધિ અને એવીજ કોટિના પ્રાણિપદાર્થોમાં મમત્વ બુદ્ધિ અને એ બુદ્ધિને અનુસરીને થનારી પ્રવૃત્તિ એજ જગતનું યાને મનુષ્યના બંધનનું સ્વરૂપ છે; અને એવી અહંતામમતામાંથી સમજણપૂર્વક નિવૃત્તિ થવું એનુંજ નામ મુક્તપણું છે. (**अहंममेति बद्धो हि निरहं ममाति मुक्तता**) સ્વાર્થ એટલે જગત્ યાને બંધન, અને સ્વાર્થત્યાગ એટલે ઈશ્વર યાને મુક્તિ. એવો સ્વાર્થત્યાગી મનુષ્ય સુવર્ણસદનમાં રત્નસિંહાસન ઉપર પડ્યો રહી સર્વ સત્તા વૈભવ ભોગવતો હોવા છતાં પણ તે પૂર્ણ ત્યાગી-સંન્યાસી છે, મુક્ત છે, સર્વ કર્મ કરવા છતાં તે અકર્તા છે અને ભોગ ભોગવવા છતાં અભોક્તા છે. એજ પ્રમાણે પર્ણકુટીમાં રહી અંગ ઉપર માત્ર ફાટલી લંગોટી ધારણ કરનારના અંતરમાંથી પણ જો "હું" અને "મારૂં" એ ભાવના નષ્ટ થયેલી ન હોય તો તે પૂર્ણ સંસારીજ છે. કહ્યું છે કે એક જંગલ બિચ ઘર કિયા, એક ઘરહિમેં વૈરાગ. આપણે ઉપર જાણી ચૂક્યા કે કોઇ પણ કર્મનાં સારૂં અને નઠારૂં એમ બે પ્રકારનાં પરિણામ ઘડાય છે. કેવળ સારૂં અથવા કેવળ નઠારૂં હોય એવું એક પણ કર્મ મનુષ્યથી હોઇ શકનારજ નથી. આમ હોવાથી આપણે કર્મ કેવા પ્રકારનાં કરવાં જોઇએ તે પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે. આ પ્રશ્નનો ઉત્તર આપવાની ભાંજઘડમાં પડીને જગતમાં કેટલાક પંથના ઉપદેશકો અત્યંત બાવરા બની ગયા છે. મનુષ્ય જેમ જેમ વધારે જીવે છે, તેમ તેમ તેને બીજાઓને પોતાને માટે દુભવવાં પડે છે અને કેટલાંક નાનાં નાનાં જંતુઓ ગરીબ પ્રાણીઓ અને વનસ્પતિનો જીવ લેવો પડે છે; માટે આ દેહનો નાશ કરવો, એટલે જગતના સર્વ પાપોનું મૂળ દૂર થશે, એમ તેઓની સમજ હોય છે. જૈનધર્મનો સર્વોત્તમ સિદ્ધાંત એજ છે, અને એ મતનોજ તેઓ ઉપદેશ કરે છે.* એ મત તાર્કિક હોય એમ દેખાય છે; પરંતુ એનો ખરો માર્ગ શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણભગવાને સ્પષ્ટ રીતે વર્ણન કરેલો છે. તે એવી રીતે છે કે જે જે કર્મો તમે સ્વસુખની-ઈંદ્રિય સુખની ઇચ્છાથી કરશો તે તમારે માટે ઊલટાં બાધક થશે,માટે "હું" પણું દૂર કરીને, અને કર્તા કારવતા પરમાત્મા છે એવી જ્ઞાનનિષ્ઠાથી જે કર્મ તમે કરશો તેનું શુભ અથવા અશુભ પરિણામ તમારે ભોગવવું પડશે નહિ. સ્વસુખની ઇચ્છાથી પ્રેરાઇને કરાતા કર્મનું પરિણામ કર્તાને પોતાનેજ ભોગવવું પડશે; અને અહંમમત્વ નહિ હોય તો શુભ અશુભ કર્મનું

* જૈનધર્મના વિદ્વાન્ ઉપદેશકોની એવીજ સમજણ, સિદ્ધાંત અને ઉપદેશ શબ્દશઃ હોવાની વાત ખરી નથી. મંત્રી. સ. સા.

કર્તૃત્વજ તમારી પાસે નથી એટલે ભોગવવાપણું પણ નહિજ રહે. એ કલ્પનાના સમર્થનને માટે ભગવદ્દગીતામાં કહેલું છે કે, "જે મનુષ્ય અહંમમત્વને માટે કર્મ નથી કરતો તે મનુષ્ય યદિ વિશ્વનો નાશ કરે તોપણ તે કશુંજ કરતો નથી;"÷ તેથીજ કર્મયોગ ઉપદેશ કરે છે કે, "સંસારનો ત્યાગ કરશો નહિ. સંસારમાં રહીને શુભ કર્મ કરો અને જે જે અનુભવો મળે તે મેળવો; પરંતુ કર્મ કરવાં તે પોતાનાં સુખની કામનાથી કરવાં નહિ. ઇંદ્રિયોની તૃપ્તિ એ કાંઇ જીવનની કર્તવ્યતા નથી; માટે પ્રથમ "હું", પણું દૂર કરો એટલે સમસ્ત જગત્ તમને તમારૂં જણાશે અને "वसुधैव कुटुंबकम्" એવી વિશાળ ભાવના જાગૃત થશે.

"આપણા ઇંદ્રિય સુખને માટેજ આ જગત્ નિર્માણ થયું છે, એ કલ્પના દૂર કરો."

કેટલાક મૂર્ખ લોકો એમ કહે છે કે–"જગતનાં સર્વ પશુ પક્ષીઓ આપણા ઉપભોગને માટેજ ઈશ્વરે પેદા કરેલાં છે, તેમજ આ સઘળું વિશ્વ પણ મનુષ્યના ઉપભોગનેજ માટે નિર્માણ કરવામાં આવ્યું છે"+ એ સઘળી મૂર્ખતા અને અજ્ઞાનતાજ છે. એમજ હોય તો વાઘ પણ કહેશે કે "પરમેશ્વરે સઘળાં મનુષ્યો અમારા આહારને માટેજ ઉત્પન્ન કર્યાં છે" અને તેઓ પણ પરમેશ્વરને પ્રાર્થના કરવા માંડશે કે "હે પ્રભો ! આ મનુષ્યો કેટલા બધા દુષ્ટ છે, કે તેઓ મારા ભક્ષણને

÷ આ પ્રમાણે અહંમમત્વનો ઉચ્છેદ જેના અંતરમાં થઇ ગયો હોય તે તો ખરેખર મુક્તજ છે; પરંતુ તેવું મુક્તપણું તો ક્યાં રહ્યું; પરંતુ સાચું જીજ્ઞાસુત્વ અથવા તો નીતિપૂર્વક વિષયો મેળવવા–ભોગવવાના લક્ષણરૂપ 'વિષયીપણું' પણ આવ્યું ન હોય, અને અંતર બહારના દેખાવ જૂદા રાખી કનકકાન્તાની ઉપાસના અનીતિપૂર્વક પણ કરવાવાળા પામર કોટિના જીવો માત્ર મોઢેથીજ પોપટની પેઠે બોલીને જગતને છેતરતા ફરે છે કે અમે તો મુક્ત છીએ, અમને કશું લેપન લાગતું નથી; એવાઓના કરતાં તો અહંતામમતાથી નીતિપૂર્વક વિષય ભોગવનારા હજારો દરજ્જે શ્રેષ્ઠ છે અને ગીતા ઇત્યાદિનો ઉપદેશ તેવાઓ માટે તેમજ જીજ્ઞાસુઓમાટેજ છે. ઉચ્ચતાની આકાંક્ષા ધરાવનારને માટે દેહદમન પણ અમુક સમજણ અને ભાવનાપૂર્વક કરવાથી ચિત્તશુદ્ધિમાં સહાયક થતું હોવાથી આર્યધર્મશાસ્ત્રોમાં તેમજ જૈન ગ્રંથોમાં અમુક કોટિવાળાને માટે તેનો ઉપદેશ કરાયલો છે તે પણ યોગ્યજ છે. બંદ્ધકુષ્ટ જેને થાય છે તેનો સ્વભાવ પણ કેવો બગડી જાય છે અને તે ટળતાં મગજ કેવું ઠીક બની જાય છે એ પ્રત્યક્ષ પ્રમાણ દર્શાવે છે કે સ્થૂળની પણ સૂક્ષ્મપર કેટલી બધી અસર છે.

+ અનેક હિંદુઓ **पूजा ते विषयोपभोगरचना निद्रा समाधिस्थितिः।** એ રહસ્યપૂર્ણ સંસ્કૃત વાક્યનો અર્થ પોતાની વિષયલોલુપતાના બચાવમાં એવો કરે છે કે ખુબ વિષયો ભોગવવા એજ પ્રભુની પૂજા છે અને ઉંઘવું એજ સમાધિ છે.

મંત્રી. સ. સા.

માટે મારી સમક્ષ આવીને ઉભા રહેતા નથી અને તારી પવિત્ર આજ્ઞાનો તેઓ ભંગ કરે છે!" એ બિચારાઓ એટલું પણ નથી સમજી શકતા કે જ્યારે જગત્ આપણાજ માટે નિર્માણ થએલું છે, તો આપણે પણ જગત્‌ને માટેજ નિર્માણ થયેલા હોવા જોઇએ.

સર્વ જગત્ મારામાટે નિર્માણ થયું છે, એ દુષ્ટ કલ્પના અધોગતિમાંજ નાખનારી છે. ખરી વાત એ છે કે જગત્ જેટલા અંશે આપણામાટે છે, તેટલાજ અંશે આપણે પણ જગત્‌ને માટે છીએ.

સશાસ્ત્ર કર્મ કરવાં હોય તો પ્રથમ તો આપણે સંગનો-ફળની આસક્તિનો ત્યાગ કરવો જોઇએ. પછી હું કર્તા છું, હું ભોક્તા છું એવી ભાવનાનો ત્યાગ કરો; અને માત્ર સાક્ષીવત્ રહીને કર્મ કરે જાઓ. મારા સદ્‌ગુરૂ કહેતા હતા કે "આપણાં બાળકો પ્રત્યે દાઇની દૃષ્ટિથી જુઓ." દાઈ તમારા બાળકને રમાડે છે, તેની સાથે રમે છે, લાડ લડાવે છે અને પોતાના બાળકના જેટલી મમતાથી તેની સાથે વર્તન કરે છે; પરંતુ જ્યારે તમે એ દાઇને રજા આપો છો કે તેજ ક્ષણે પોતાનો સરસામાન લઇને તથા આપણાં બાળકો પ્રત્યેની સર્વ મમતાનો પરિત્યાગ કરીને પોતાને ઘેર ચાલી જાય છે, અને નિરાંતે પોતાનાં બાળકને અથવા અન્ય સ્થળે પણ દાઈપણું કરવાનું હોય તો તેનાં બાળકોને રમાડવા મંડી જાય છે. તમારે પણ જગત્‌માં એ દાઇની માફક રહેવું જોઇએ, જે કાંઇ વસ્તુઓ તમારી પાસે છે, તે વાસ્તવિક રીતે પરમેશ્વરની છે; અને તમને થોડા વખતને માટે તેની સુવ્યવસ્થા કરવાને માટે આપી છે, એમ સમજવું જોઇએ.

મનુષ્યપ્રાણીના હૃદયમાં ઉચ્ચતા અને સામર્થ્યનીપેઠે, દુર્બળતા પણ ધીરે ધીરે પ્રવેશી શકે તેમ છે. અમુક માણસોનો આધાર મારાજ ઉપર છે, અને હુંજ અમુકનું ભલું કરી શકું છું, એમ માનવું એ પણ એક પ્રકારની દુર્બળતાજ છે. આવી ભાવનાજ આસક્તિનું મૂળ છે; અને એમાંથીજ સર્વ પ્રકારનાં દુઃખો ઉત્પન્ન થાય છે. આપણે આપણા મનને ઉપદેશ કરવો જોઇએ, કે આ વિશ્વમાંની એક પણ વ્યક્તિનો આધાર આપણા ઉપર રહેલો નથી. એક પણ ભિખારી આપણા દાન ઉપર જન્મેલો નથી. એક પણ આત્મા આપણી કૃપા ઉપર બેસી રહેલો નથી. ટુંકમાં એક પણ સચેતન વસ્તુ આપણી સહાયતાવિના બેસી રહી નથી. કરોડો વર્ષથી સૃષ્ટિ આપણાવિના ચાલતી આવી છે અને આપણે નહિ હઇએ ત્યારે પણ ચાલ્યાજ કરશે. તમારા જેવાને ખાતર સૃષ્ટિનો ક્રમ અટકી પડવાનો નથી. પહેલાં કહ્યું તે પ્રમાણે બીજાને મદદ કરવી તે પોતાનેજ મદદ કરવાને ખાતર-પોતાનેજ સુશિક્ષિત બનાવવાને ખાતર છે. શાસ્ત્રો પણ એમજ કહે છે. આપણા જીવનમાં આપણે શીખવાનો મુખ્ય પાઠ એજ છે, અને એ પાઠ બરાબર શીખ્યા એટલે પછી આપણને કદાપિ

દુઃખી થવાનો સંભવ નથી. એ પાઠ પાકો થયા પછી આપણે કોઈ પણ દેશના અને કોઈ પણ ધર્મના સમાજમાં ભળી શકીએ છીએ.

આ વર્ષમાં તમારા કેટલાક મિત્રો મરી ગયા તેથી શું તમારૂં કે જગતનું કામ અટકી બેઠું ? ના, એ તો જેમ ચાલે તેમનું તેમ ચાલ્યે જવાનું; માટે દુનિયાના ભલાને માટે મારેજ અમુક તો કરવાનું છે; એવો ફાંકો મનમાંથી કાઢી નાખો. જગતનું અમુક કામ કરવા માટે હુંજ જન્મ્યો છું, એમ ધારવું એ એક એવી મૂર્ખતા, અહંકાર અથવા સ્વાર્થ છે કે જે માત્ર સ્થૂલ દૃષ્ટિથીજ આપણને સદ્‌ગુણ રૂપે દેખાય છે.

આ જગત્ આપણા અથવા બીજા કોઇના ઉપર જરા પણ આધાર રાખીને બેસી રહ્યું નથી, એમ જ્યારે આપણા મનને અને બુદ્ધિને સંપૂર્ણરીતે સમજાશે, ત્યારેજ આપણાં કર્મોના પરિણામરૂપે ઉત્પન્ન થનારી દુઃખરૂપ પ્રતિક્રિયા અટકી શકશે. જ્યારે કોઈ મનુષ્યને તમે કાંઇ પણ આપો ત્યારે તેનો તેની પાસેથી તો નહિજ પણ ઈશ્વર પાસેથી પણ ચિત્તશુદ્ધિ વિના બીજો બદલો મેળવવાની જરા પણ આશા રાખશો નહિ. એમ કરવાથી સામાની કૃતઘ્નતામાટે શોક કરવાનો અવકાશ રહેશે નહિ; તમારી યોગ્યતા પ્રમાણે તમને અમુક લાગણી થઇ આવી, તે લાગણીને તૃપ્ત કરવામાટે સામાને તેની પાત્રતા પ્રમાણે તમે આપ્યું; અને તે તમારૂં કર્મ તેને યોગ્ય પદાર્થ પ્રાપ્ત કરાવવામાં નિમિત્તભૂત થયું, એમાં તમને ગર્વ કરવાનું કશુંજ કારણ નથી. ઉલટું એમ સમજવાનું કારણ છે કે અનંત સત્તાસામર્થ્યસંપન્ન પરમેશ્વર પોતેજ સર્વનો કર્તાભર્તા હોઈ તેણે પોતાના કામમાં તમને નિમિત્તભૂત બનાવવાની કૃપા કરી છે. જ્યારે તમને એવું અલિપ્તતાનું જ્ઞાન થશે, ત્યારે તમારી દૃષ્ટિમાંથી મારા-તારાનો ભેદ દૂર થઇ જશે. જ્યાંસુધી સ્વાર્થીપણું હોય છે ત્યાંસુધીજ એવો ભેદ હોય છે; પરંતુ એમ સમજાવું ઘણુંજ દુર્લભ છે. એ દુર્લભતા કારણરૂપે કાંઈકોઈ બહારની સત્તાનો અંતરાય નથી. જગતમાં એવી કોઈ પણ શક્તિ નથી કે જે તમારી ઇચ્છાવિરુદ્ધ તમારાપર અમલ ચલાવી શકે. માત્ર તમારો સ્વાર્થ-તમારો અજ્ઞાનજન્ય દેહાધ્યાસ-તમારી વગર સમજણની અયોગ્ય અહંતામમતાજ તમને બંધનરૂપ છે. એના ઉપાય તરીકે આ જગત્‌માં એક માત્ર નિષ્કામતાજ એવી અમોઘ શક્તિ છે કે જેનાવડે સર્વ અજ્ઞાનજન્ય શક્તિઓ અને કર્મોના પરિણામનો તમે પરાજય કરી શકશો. "કામનાનો ત્યાગ કરવો" એ બોલવું જેટલું સહેલું છે તેટલુંજ આચરણમાં મૂકવું કઠિન છે; પરંતુ એ અસિધારાવ્રતપાલન કરવાથી કેવા મહાન્ પદની પ્રાપ્તિ થનાર છે તેની થોડી પણ કલ્પના જેને હોય ત તો એ વ્રતને આનંદની સાથે સ્વીકારવા તત્પર થશેજ. આ વ્રત જેમ જેમ સિદ્ધ થતું જાય છે તેમ તેમ આપણે અધિક સ્વતંત્ર

બનતા જઇએ છીએ; માટે " હું " અને " મારૂં " એ ભાવનાને છોડીને, કેવળ સાક્ષિભાવથી કર્મ કરવાથી તમારા સ્વભાવદ્વારા સતત કર્મો કરાવી રહેલી અજ્ઞાન જન્યશક્તિ (દેહાધ્યાસ યાને અહંતા મમતા)નો એકેએક અવયવ છૂટો પડી જઇને અંતે તેનો નાશ થશેજ.

ઉપર જણાવ્યા જેવી સાચી સ્વતંત્રતા મેળવનારનાં લક્ષણ એ છે કે જગત્માં બનનારા શુભાશુભ બનાવોથી તેની બુદ્ધિ કદિ પણ હર્ષ શોક પામતી નથી. અમુક પદાર્થ આવી મળવાથી તેને હર્ષ થતો નથી અને સર્વસ્વ જાય તોપણ તે શોક પામતો નથી. આખું જગત્ ઉથલપાથલ થઈ જાય તોપણ તેની નિશ્ચયાત્મક સ્થિતિમાં અણુમાત્ર ફરક પડતો નથી.*

હિંદુસ્થાનમાં પૂર્વે વ્યાસ નામના એક મહર્ષિ થઇ ગયા છે. તેઓ વેદાંતસૂત્રના કર્તાતરીકે પ્રસિદ્ધ હોઇને વિશુદ્ધ સાધુવૃત્તિવાળા હતા. એમના પિતાએ પૂર્ણતા મેળવવાને ઘણાજ પ્રયત્નો કર્યા હતા. પણ તેમાં તેઓ નિષ્ફળ નિવડતા હતા. તેમના પિતામહ અને પ્રપિતામહે પણ એવાજ પ્રયત્નો કરવા છતાં તેમને પૂર્ણતા પ્રાપ્ત થઈ ન હતી. વ્યાસ મહર્ષિને પણ ઘણાજ પ્રયત્નો કર્યા છતાં એ સિદ્ધિ પ્રાપ્ત થઇ નહિ; પરંતુ તેમનો પુત્ર " શુક " જન્મથીજ સિદ્ધ નિવડયો. વ્યાસજીએ તેને સર્વ અધ્યાત્મવિદ્યાનો અભ્યાસ કરાવ્યો અને પૂર્ણતા પ્રાપ્ત કરવાનેમાટે જનક રાજાને ત્યાં મોકલ્યો. જનક એક મોટા રાજા હતા અને " વિદેહી " નામથી પ્રસિદ્ધ હતા. " વિદેહી " એટલે જેનો દેહાધ્યાસ સંપૂર્ણપણે નષ્ટ થયો છે એવો મનુષ્ય. રાજા હોવા છતાં પણ જનકનો દેહાધ્યાસ નહિવત્ થએલો હતો અને **अहं ब्रह्मास्मि** એવી ભાવના તેમના મનમાં દૃઢ થએલી હતી. એવા રાજાને ત્યાં વ્યાસજીએ પોતાના પુત્રને મોકલ્યો. રાજા જનક અંતર્જ્ઞાની હોવાથી વ્યાસજીનો પુત્ર શુક તત્ત્વજ્ઞાનના શિક્ષણને માટે આવે છે, એ વાત પ્રથમથીજ તેમણે જાણી હતી; અને તેથી તેની પરીક્ષાને માટે અગાઉથીજ કેટલીક યોજના કરી મૂકી હતી. શુકે રાજદ્વારમાં પ્રવેશ કર્યો ત્યારે દ્વારરક્ષકોએ તેમના તરફ કોઈ પણ રીતે લક્ષ્ય આપ્યું નહિ અને માત્ર એક આસન આપી તે ઉપર બેસવાની પ્રાર્થના કરી. શુકજી તે સ્થાનપર ત્રણ રાત્રિદિવસપર્યંત એકસરખીરીતે બેસી રહ્યા, પરંતુ તેમની સાથે કોઇએ વાતચીત સરખી પણ કરી નહિ; તેમજ તમે કોણ છો ? કયાંથી આવ્યા છો ? એટલો પ્રશ્ન માત્ર પણ પૂછયો નહિ. શુકદેવ એક મોટા તત્ત્વજ્ઞાનીના પુત્ર હોઇને તેમના પિતાને સમસ્ત જગત્ પૂજ્ય માનતું હતું, અને શુકને પોતાને પણ સર્વ કોઇ સન્માનનીય ગણતા હતા; પરંતુ દ્વારરક્ષકોએ તેમની કાંઈ પણ યોગ્ય

* दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः। वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते॥ भ. गी.

સંભાળ લીધી નહિ. ત્રણ દિવસ પછી એકાએક રાજા મુખ્ય પ્રધાન અધિકારીમંડળ સાથે ત્યાં આવીને તેમને ઘણાજ સન્માનપૂર્વક રાજ્યમહાલયમાં લઇ ગયા. તેમના નિવાસમાટે એક ઉત્તમ અને રમણીય સ્થાન કાઢી આપ્યું, તેમના શરીરપર સૌગંધિક પદાર્થોનું મર્દન કરી અભ્યંગ સ્નાન કરાવ્યું અને અનેક પ્રકારનાં મૂલ્યવાન્ વસ્ત્રો પહેરાવ્યાં. એવી રીતે આઠ દિવસ પર્યંત તેમને ઘણાજ વૈભવમાં રાખ્યા, પરંતુ આટલા બધા રાજ્યવૈભવના પુરમાં પણ શુકની શાંત અને ગંભીર મુખમુદ્રામાં લેશમાત્ર પણ ફેરફાર પડયો નહિ. દરવાજાપર ત્રણ દિવસપર્યંત ક્ષુધાતૃષાથી પીડાવા છતાં જેવી મુખમુદ્રા હતી, તેવીજ મુખમુદ્રા વૈભવના સમયે પણ ચાલુ રહી હતી. પછી તેમને રાજ્યસભામાં લઇ જવામાં આવ્યા. જ્યાં રાજા એક ભવ્ય સિંહાસન ઉપર બિરાજેલા હતા અને વાદ્ય, સંગીત, નાચ ઇત્યાદિ નાનાપ્રકારના વ્યાપારો ચાલી રહ્યા હતા. રાજાએ એક દૂધનો છલોછલ ભરેલો પ્યાલો તેમના હાથમાં આપ્યો અને કહ્યું કે "એમાંથી દૂધનો એક છાંટો પણ ન પડે એવી રીતે સાત વખત આ સભામંડપની પ્રદક્ષિણા કરી આવો" શુકજીએ તે પાત્ર લીધું અને તે વાદ્ય તથા સુંદર સ્ત્રીઓના સમૂહ વચ્ચે થઇને રાજાની આજ્ઞા પ્રમાણે એક પણ ટીપું પડવા નહિ દેતાં સાત વખત પ્રદક્ષિણા કરી. શુકનું મન એટલું તો કાબુમાં હતું કે આજ્ઞા કર્યા વિના જગત્‌ના કોઇ પણ પદાર્થમાં આસક્ત થવું નહિ. તે દૂધનું પાત્ર રાજા પાસે લઇને પાછા આવ્યા એટલે રાજાએ કહ્યું કે "તારા પિતાએ તને જે કાંઇ શીખવ્યું છે અથવા તો તું પોતે જે કાંઇ શીખ્યો છું, તેથી અધિક કાંઇ પણ શીખવવાનું મારી પાસે નથી; હું તો માત્ર તેની પુનરાવૃત્તિજ કરી શકીશ. તને સત્ય જ્ઞાન થઇ ચુકયું છે; અને તું પોતેજ પૂર્ણસ્વરૂપ છે, માટે હવે સુખેથી પિતાની પાસે ચાલ્યો જા."

આવી રીતે જે મનુષ્યે પોતાની ઇંદ્રિયો ઉપર સંયમ મેળવ્યો છે, અને અહંપણાનો નાશ કર્યો છે, તે મનુષ્ય ઉપર જગત્‌ની કોઈ પણ વસ્તુ સત્તા ચલાવી શકતી નથી. જે મનુષ્ય પોતાની ઇન્દ્રિયોનો સ્વામી થયો છે તેને દાસ બનાવવાને જગત્‌માં કોઈ પણ વસ્તુ સમર્થ નથી. આવો મનુષ્ય જગત્‌ના અત્યંત પાપમય સ્થાનમાં રહે તોપણ પુણ્યવાન્જ રહેવાનો. જગત્‌સંબંધી સામાન્યતઃ બે પ્રકારના મત માલુમ પડે છે. કેટલાક નિરાશાવાદી છે, અને કહે છે કે 'જગત્ અત્યંત દુષ્ટ છે' 'પાપથી ભરેલું છે' ' અને કદિ પણ સુધરનાર નથી.' કેટલાક આશાવાદી છે અને કહે છે કે "આહાહા જગત્ કેવું સુંદર છે! એની ભવ્યતા અને સૌંદર્ય જોઇને મન આનંદમાં ગરકાવ થઇ જાય છે!" જે મનુષ્ય પોતાની વૃત્તિપર સંયમ મેળવી શકયો નથી, તેને આ જગત્ એવું દુઃખમયજ દેખાવાનું અથવા બહુ તો થોડું સુખમય અને બાકીનું સઘળું દુઃખમયજ ભાસવાનું. જે મનુષ્ય પોતે પોતાની વૃત્તિનો સ્વામી

થયો છે, તેને આ જગત્ છે તેવુંજ લાગવાનું; અને તેમાં વારંવાર ઉત્પન્ન થતા સુખદુઃખના તરંગો તેની શાંતિનો ભંગ કરી શકવાના નહિ. આ જગત્‌ને પ્રત્યક્ષ નરકવાસજ કહેનારા મનુષ્યો, જ્યારે પોતાની ઇંદ્રિયો ઉપર સ્વામિત્વ મેળવે છે ત્યારે તેઓ પણ તેને "પ્રત્યક્ષ સ્વર્ગભૂમિ" કહેવા લાગે છે. આપણે પણ વિશુદ્ધ કર્મ-યોગી થઇને એ સ્થિતિ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરીએ તો અહંતાનો ત્યાગ કરીને કર્મ કરવાનો આરંભ કરી દેવો જોઇએ. આ આરંભ કરવામાં બીજા કોઇ સંયોગોની વાટ જોવી પડે તેમ નથી. ગમે તેવી પરિસ્થિતિમાં આરંભ કર્યો એટલે પરિણામે અલિપ્તપણું પ્રાપ્ત થવાનુંજ. આ પ્રમાણે પૂર્ણ અલિપ્તતા પ્રાપ્ત થઇને અહંકાર વિશુદ્ધ થયો એટલે "દુષ્ટતાથી ભરેલું" જગત્ આપણને "સ્વર્ગમય" ભાસવા માંડશે. જગતમાં વહેતો વાયુ, પણ આનંદમય જણાશે, અને પ્રત્યેક મનુષ્યની મુખમુદ્રા આનંદી દેખાશે. કર્મયોગનું એજ ધ્યેય અને એજ સાધ્ય છે, વર્તમાન જીવનની પૂર્ણાવસ્થા પણ એજ છે.

પ્રાચીન આર્યતત્ત્વવેત્તાઓએ અનેક પ્રકારના યોગ દર્શાવ્યા છે; તેઓના પ્રકાર ભિન્ન ભિન્ન છે, તોપણ સર્વનું ધ્યેય તો એકજ છે કે મનુષ્યને પૂર્ણત્વ પ્રાપ્ત થાય. આપણને એમાંનો જે પણ માર્ગ પસંદ હોય તે માર્ગે આપણે દૃઢતાપૂર્વક આગળ વધવું જોઇએ.

અભ્યાસમાંજ બધું રહસ્ય સમાયલું છે. પ્રત્યેક યોગના અભ્યાસમાં શ્રવણ, મનન અને નિદિધ્યાસનની ખાસ આવશ્યકતા છે. પ્રથમ તો તમારે તે વિષયનું શ્રવણ કરવું અને પછી તેને સારીપેઠે વિચાર કરીને સમજવું જોઇએ; કેટલીક વાતોમાં આપણને સમજ પડતી નથી, પરંતુ તેનું નિત્ય શ્રવણ, ચર્ચા અને મનન કરવાથી ધીમે ધીમે તે આપોઆપ સ્પષ્ટ થઇ જાય છે. સઘળી બાબતો એકીવેળાએ સમજાઇ જતી નથી. પ્રત્યેક વસ્તુનું સ્પષ્ટીકરણ આપણી પોતાની અંદરજ હોય છે. ખરી રીતે બીજાઓ પાસેથી કોઇ કશુંજ શીખી શકતો નથી; પ્રત્યેક પોતે પોતાની પાસે-થીજ શીખે છે. બાહ્ય શિક્ષક તો માત્ર તે બાબતનો સૂચવનારજ બની શકે છે અથવા તો શિષ્યને નિદ્રામાંથી જાગૃત કરે છે કે જે જાગ્રતિને પરિણામે તેનો અંત-રાત્મા પોતાપર છવાઈ રહેલા અજ્ઞાનના પડદાને કહાડી નાખવાનો યત્ન કરી શકે છે.

આવી વસ્તુસ્થિતિ હોવાથી બુદ્ધિને સદૈવ જાગૃત રાખીને બાહ્યેન્દ્રિયદ્વારા પ્રાપ્ત થતી સૂચનાઓનો યોગ્ય ઉપયોગ કરવો એ આપણું કર્તવ્ય હોઇને તે આપણેજ બજાવવું જોઇએ; કારણ કે જ્ઞાન એ બહારથી આવી શકે એવી વસ્તુ નહિ હોઇને તે આપણે આપણા પોતામાંથીજ મેળવવાની હોય છે. શ્રવણ પછી મનન અથવા વિચારશક્તિનો ઉપયોગ સારીપેઠે કરવાથી ખોટા નિશ્ચય પલટાઇ જઇને સત્ય નિશ્ચયરૂપ જ્ઞાન આપોઆપજ આપણામાં સ્ફુરે છે. નવીન પ્રવેશકનું એ જ્ઞાન દૃઢ

થતાં તેમાંથી ઇચ્છાશક્તિનો જન્મ થાય છે અને એ ઇચ્છાશક્તિમાંથી કર્મ કરવાની શક્તિ ઉદ્ભવે છે. આ ક્રિયાશક્તિનો સદુપયોગ કરીને મનુષ્ય નિઃસ્વાર્થ-કર્મયોગના હથીયારરૂપ બને, અને સંપૂર્ણ નિઃસ્વાર્થતા અને અલિપ્તપણાનું ઇષ્ટફળ પ્રાપ્ત કરે ત્યાંસુધી કર્મ કરવાની અખૂટ શક્તિ પ્રત્યેક જ્ઞાનતંતુ, પ્રત્યેક સ્નાયુ અને પ્રત્યેક રોમેરોમમાં કર્મ કર્યા કરે છે. આ ધોરણ-આ નિયમ અને આ પરિણામ કોઇ એક પંથ, મત વા ધર્મ ઉપર અવલંબીને રહેલું નથી. ગમે તો તમે ખ્રિસ્તી હો, બુદ્ધિષ્ટ હો, જ્યૂ હો, વા ગમે તે પંથના હો, તેની હરકત નથી; પરંતુ તમે અહંકારનો, દેહાધ્યાસનો-સ્વાર્થનો ત્યાગ કર્યો છે કે નહિ ? એટલોજ પ્રશ્ન છે. જો તમે નિઃસ્વાર્થી છો, તો તમને કોઇ પણ ધર્મપુસ્તક વાંચ્યા વગર અગર કોઈ પણ પ્રાર્થનામંદિરમાં ગયા વગર પૂર્ણતા અવસ્ય પ્રાપ્ત થવાનીજ. પ્રત્યેક યોગમાર્ગમાં બીજા માર્ગની મદદ લીધા વિનાજ પૂર્ણતા પ્રાપ્ત કરાવવાની શક્તિ રહેલી છે. કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ એ પ્રત્યેક માર્ગે સ્વતંત્રપણે અને નિશ્ચિંતરૂપે મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. 'માત્ર મૂર્ખજનોજ કહે છે કે કર્મ અને જ્ઞાન જૂદાં છે, પંડિતો એમ કહેતા નથી;'* કેમકે પંડિતો જાણે છે કે બહારથી એ માર્ગો ભિન્ન ભિન્ન હોવા છતાં તેમનું અંતિમ પર્યવસાન તો એકજ છે.

कर्मयोग--प्रकरण सातमुं

મુક્તિ

આપણું વર્તમાન જીવનરૂપી જે કાર્યફલ છે, તેના પૂર્વકર્મને પણ આધ્યાત્મિક ભાષામાં " કર્મ " શબ્દથી ઓળખે છે એમ પૂર્વે જણાવ્યુંજ છે. કોઈપણ ક્રિયા, વિચાર યા વ્યાપાર કે જેનું કાંઇ પરિણામ થાય છે તેને "કર્મ" એવું નામ આપેલું છે. જેવી રીતે કારણ અને તેનું કાર્ય એ અનાદિસિદ્ધ નિયમથી બંધાયેલું છે, તેવીજ રીતે કર્મ અને તેનું ફળ, એ પણ તેજ નિયમથી બંધાયલું છે. જ્યાં " કારણ હોય ત્યાં કાર્ય હોવુંજ જોઇએ " એ નિયમ, વિશ્વના આદિકાળથી ચાલ્યો આવે છે એમ અમારા તત્ત્વવેત્તાઓનું કહેવું છે.

આપણી વર્તમાનક્રિયાઓ અને વિચારોમાં આપણી ભૂતકાળની ક્રિયાઓ અને વિચારોની અસર પણ રહેલી હોય છે; અને તેવીજ રીતે વર્તમાનમાં આપણે જે જે ક્રિયાઓ અને વિચાર કરીશું તેની અસર આપણા ભવિષ્યના વિચાર અને કૃતિ ઉપર થાય છે. કર્મનો આ નિયમ કદિ પણ કરી શકતો નથી. હવે નિયમ એ શબ્દનો

* 'सांख्ययोगौ पृथग्बालाः प्रवदंति न पंडिताः ।' भ. गी.

અર્થ શું, તેનો પણ વિચાર અવશ્ય કરવો જોઇએ. કોઇ પણ બાબત જે કારણને લીધે દર વખતે એકસરખીરીતે બન્યા કરે તે કારણને "નિયમ" એવી સંજ્ઞા આપવામાં આવે છે. આપણે પ્રથમ કેટલાંક કાર્ય થએલાં જોઇએ અને તે પછી પણ તેજ પ્રમાણેનાં બીજાં કાર્ય વારંવાર થતાં જોઇએ, ત્યારે તેજ પ્રકારની કાર્યપરંપરા ચાલ્યાજ કરશે એમ આપણને સ્વાભાવિકરીતે સમજાય છે.

હિંદુ તત્ત્વજ્ઞાનીઓમાં જેમને નૈય્યાયિક નામથી ઓળખવામાં આવે છે, તેમણે આ નિયમને વ્યાપ્તિ એવું નામ આપેલું છે. "અમુક એક બાબત બની એટલે તેના કાર્યરૂપે બીજી પણ એક બાબત બનવાનીજ". એવું જે આપણા મનમાં આવે છે, તેનું કારણ આપણો પૂર્વનો અનુભવજ છે એમ નૈય્યાયિકોનું માનવું છે. કોઈ કાર્યપરંપરા પુર્વે આપણે જોયેલી હોય, તેવાજ રૂપમાં આપણા મનમાં સંસ્કાર-રૂપે ગુંથાઈ રહે છે; અને ફરી જ્યારે આપણે તેજ પ્રકારનું કોઇ કાર્ય થતું જોઇએ છીએ ત્યારે તરતજ, પેલા પૂર્વના અનુભવના જેવા વિચારો મનમાં જાગી આવે છે. આવા પ્રસંગે જે વિચાર—અથવા શાસ્ત્રીય ભાષામાં કહીએ તો જે તરંગ આપણા મનમાં ઉપજે છે તે તરંગ પોતાના બીજા સજાતીય તરંગોને માટે જગ્યા કરે છે, અને એવી રીતે પૂર્વની સર્વ કાર્યપરંપરા પુનઃ જેવીને તેવીજ આપણા ચિત્તમાં જાગૃત થઇને તે કાર્યપરંપરાવડે સાંપ્રત કાર્યનું અવલોકન થાય છે; અને તે ઉપરથી "હવે આ કાર્યની પાછળ અમુક બીજું કાર્ય બનવાનું" એવું આપણા મનમાં આવે છે. આ પૂર્વ અનુભવનું નામ નિયમ; એવો નૈય્યાયિકોનો મત છે. ઉપર જણા-વ્યા પ્રમાણેની જે કાર્યપરંપરા આપણા ચિતમાં વ્યાપી રહેલી છે, તેનાજ એક વિશિષ્ટ સ્વરૂપને આપણે કારણ એ શબ્દથી સંબોધીએ છીએ. એજ વ્યાપી રહેનારી સ્થિતિને સંસ્કૃત ભાષામાં વ્યાપ્તિ એવું નામ કહે છે. પૂર્વે અમુક પ્રકારે કાંઈ કાર્ય-પરંપરા બની આવી હતી અને હમણાં પણ તે પરંપરામાંનું એકાદ કાર્ય બનતું જોવામાં આવે તો બાકીનાં કાર્ય પણ પહેલાંની પેઠેજ બનશે, એવી જે કલ્પના આપણા ચિત્તમાં ઉપજે છે, તે કલ્પનાનેજ આપણે નિયમ અથવા કાયદો એવું નામ આપીએ છીએ. આથી એવું સિદ્ધ થાય છે કે, સૃષ્ટિમાં અમુક નિયમ અથવા કાયદા જેવું કાંઇ અસ્તિમાંજ નથી. એટલા માટે "પૃથ્વીના મધ્યબિંદુમાં ગુરુત્વાક-ર્ષણનું સામર્થ્ય હોવું, એ નિયમ અથવા કાયદો છે" એમ કહેવું એ ભૂલ છે. "અમુક એક કાર્યપરંપરા ખાસ એકજ રીતે બને છે' એવો અનુભવ આપણને થયો એટલે આપણે તે રીતિને અથવા પદ્ધતિને નિયમ અથવા કાયદો એમ કહીએ છીએ. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, તે નિયમ અથવા કાયદા સાથે વસ્તુ પોતે બંધાયેલી નથી પણ તે કાયદાની વ્યાપ્તિ માત્ર આપણા ચિત્તમાંજ રહેલી હોય છે. હવે આપણે કોઇ પણ નિયમ અથવા કાયદાને "વિશ્વા વ્યાપી" કહીએ છીએ તેનો

અર્થ પણ સમજવો જોઇએ. આ અર્થ સમજવામાટે પ્રથમ વિશ્વ એટલે શું તેનો અર્થ નિશ્ચિત કરવો જોઇએ. દેશ, કાળ અને નિમિત્ત એ ત્રણ રેખાઓમાં સમસ્ત અસ્તિત્વનો જે ભાગ અંકિત કરી શકાય છે, તે ભાગને આપણે "વિશ્વ" એવું નામ આપીએ છીએ. યૂરોપિયન માનસશાસ્ત્રીઓએ એ ત્રણ રેખાઓને સ્પેસ, ટાઇમ અને કૉઝેશન એ નામ આપેલાં છે. એકંદર અસ્તિત્વ તો અમાપ—અનંત છે. તે પૈકી કાંઇકજ ભાગ—દેશ—કાલ—નિમિત્ત એ ઉપાધિથી બદ્ધ થએલો આપણને ભાસે છે, અને તેટલાજ ભાગને આપણે વિશ્વ એ સંજ્ઞાનથી ઓળખીએ છીએ. ઉપાધિથી સહિત એવું અનંત અસ્તિત્વ તો તેની પેલી પાર પણ અમાપપણે રહેલુંજ છે. આપણે જેને નિયમ અથવા કાયદો કહીએ છીએ, તેનું અસ્તિત્વ વસ્તુતઃ નથી પણ માત્ર આપણા મનમાંજ—માન્યતામાંજ છે, એ આપણે આગળ સિદ્ધ કરી ગયા છીએ; તેવીજ રીતે વિશ્વવ્યાપી નિયમ આપણે જેને કહીએ છીએ તેનું અસ્તિત્વ પણ દેશ—કાલ—નિમિત્ત એ ઉપાધિથી બદ્ધ થએલા આ વિશ્વમાંજ હોવું શકય છે. એ ત્રિપુટિની બહાર રહેલા અનંત અસ્તિત્વમાં એ નિયમ હોવો શકય નથી. જેને આપણે વિશ્વ કહીએ છીએ તે એ અનંત અસ્તિત્વની અપેક્ષાએ માત્ર વ્યષ્ટિરૂપજ છે. વ્યષ્ટિ એટલે કે અનેક પૈકી એક. જેમ ગામ એ સમષ્ટિ છે, તો ઘર એ વ્યષ્ટિ છે. અરણ્ય એ સમષ્ટિ છે તો વૃક્ષ એ વ્યષ્ટિ છે. એવીજ રીતે અનંત અસ્તિત્વરૂપ સમષ્ટિ પૈકી જેટલો ભાગ કોઇ પણ રીતે આપણા મનમાં લાવી શકાય છે—કલ્પી શકાય છે, માત્ર તેટલાજ ભાગને આપણે વિશ્વ કહીએ છીએ; અને તેથી "અનંત અસ્તિત્વ" એ સમષ્ટિરૂપ હોઇને "વિશ્વ" એ વ્યષ્ટિરૂપ છે. મતલબ કે, આપણને જે જે દેખાય છે, જેનો આપણે સ્પર્શ કરી શકીએ છીએ, આપણે જે જે સાંભળીએ છીએ, જે જે વિચારી શકીએ છીએ અને જેની આપણે કલ્પના કરીએ છીએ; તેટલાજ અસ્તિત્વને આપણે "વિશ્વ" એવી સંજ્ઞા આપીએ છીએ અને તેથી કરીને આપણે જેને નિયમ કહીએ છીએ તેની વ્યાપ્તિ પણ એટલા વિશ્વ પૂરતીજ હોવાતું સ્પષ્ટજ છે. એ વિશ્વની પેલી પારના અસ્તિત્વમાં માત્ર કલ્પનાથી પણ જ્યારે આપણું મન પ્રવેશ કરી શકતું નથી, તો પછી ત્યાં આપણે એ નિયમ તો કેવીજ રીતે લાગુ કરી શકવાના ? તે અનંત અસ્તિત્વને તુલાનાદ્વારા સમજવામાટે તેના જેવી બીજી કોઇ વસ્તુજ આપણા મનમાં તૈયાર નથી. "અમુક કારણ અને અમુક તેનું કાર્ય" એનો નિશ્ચય કરવા સારૂ આપણી પાસે કોઈ પણ સાધનજ તૈયાર નથી. જે પણ વસ્તુ નામ અને રૂપને ધારણ કરે છે, તેનેજ નિયમનું—બંધન લાગુ પડે છે. જ્યાં આપણું મનજ પહોંચી શકતું નથી, ત્યાં દેશ—કાલ—નિમિત્ત એ રેષાત્રયીતું અસ્તિત્વ સંભવીજ શકતું નથી; અને જ્યાં એનું અસ્તિત્વ નથી ત્યાં નામરૂપ પણ નથી. આ ઉપરથી એક

વાત આપોઆપજ સિદ્ધ થાય છે કે, મનની અમુક ખાસ સ્થિતિને "સ્વતંત્ર ઇચ્છા" એવું જે નામ આપણે આપીએ છીએ તેનું પણ અસ્તિત્વજ નથી. 'સ્વતંત્ર' અને 'ઇચ્છા' એ બન્ને શબ્દોની સંધિ કરવી, અથવા બન્ને શબ્દોનો એક ઉચ્ચાર કરવો એ "વંધ્યા પુત્ર" ના જેવો અર્થશૂન્ય શબ્દ ઉચ્ચારવા જેવું છે 'સ્વતંત્ર' અને 'ઇચ્છા' એ શબ્દોજ પરસ્પર વિરુદ્ધ અર્થને દર્શાવનારા છે. ઇચ્છાનું અસ્તિત્વ કલ્પના ઉપર અવલંબિત છે; કલ્પના વિશ્વમાં બંધાયેલી છે; અને વિશ્વ એ દેશ–કાળ—નિમિત્તથી બદ્ધ છે. તો પછી આવા બદ્ધ વસ્તુઓના સમૂહથી મુક્ત—સ્વતંત્ર—ઇચ્છા કેવી રીતે બની શકે ? જે પણ વસ્તુનું આપણને જ્ઞાન થયું હોય અથવા થવાનો સંભવ હોય. તેવી પ્રત્યેક વસ્તુ અને તે જ્ઞાન, પૂર્વના નિમિત્તથીજ ઉદ્‌ભવેલાં હોય છે; અને તે પૂર્વ નિમિત્ત પણ સ્વતંત્ર-સ્વતઃસિદ્ધ હોતું નથી. જે વસ્તુ આજે આપણને કાર્યરૂપે દેખાય છે, તેજ વસ્તુ તેના ઉપર કોઇ વસ્તુનો આઘાત થતાં કારણરૂપ થવાનો સંભવ છે. આથી સિદ્ધ થાય છે કે વસ્તુનિર્મિત જ્ઞાન સ્વતંત્ર નથી; પરંતુ વસ્તુના આઘાતને લીધે જે મૂળ વસ્તુએ એ જ્ઞાનનું રૂપ ધારણ કર્યું છે, તે મૂળરૂપ તો સ્વતંત્રજ છે. જ્યારે એ જ્ઞાન દેશ–કાળ–અને કારણની હદથી બહાર જાય છે, ત્યારે તે સ્વતંત્ર થાય છે; એટલે કે પોતાના મૂળરૂપમાં ભળી જાય છે. તે જ્ઞાન મૂળથીજ સ્વતંત્ર છે, પણ દેશ—કાલ—નિમિત્તનું અસ્તિત્વ બદ્ધ થઇને વસ્તુ અને જ્ઞાન એ સ્વરૂપમાં આવે છે, અને દેશ-કાળ-નિમિત્તનું અસ્તિત્વ ઓળંગ્યું એટલે તરતજ તેની પરતંત્રતા નષ્ટ થઇને તે પોતના મૂળ સ્વતંત્રરૂપે બની રહે છે. હવે પાછો આ પ્રશ્ન ઉઠે છે કે આ વિશ્વ ઉપજ્યું છે ક્યાંથી, સ્થિત રહ્યું છે ક્યાં અને તેનું પર્યવસાન ક્યાં થાય છે ? એ પ્રશ્નનો ઉત્તર એવો આપવામાં આવે છે કે, વિશ્વની ઉત્પત્તિ પૂર્ણતામાંથી થઇ, બંધનમાં તેની સ્થિતિ—અસ્તિત્વ છે, અને પૂર્વની પૂર્ણાવસ્થા એજ તેના લયનું સ્થાન છે. એટલા માટે મનુષ્યપ્રાણી પૂર્ણ છે, એમ જ્યારે આપણે કહીએ છીએ, ત્યારે અનંત અસ્તિત્વના એક અત્યંત સૂક્ષ્મ ભાગ વિષેજ બોલીએ છીએ; એ લક્ષ્યમાં રાખવું જોઇએ. આપણું આ શરીર અને મન તો શું પણ આ સઘળું વિશ્વ પણ અનંત અસ્તિત્વનો એક અતિ સૂક્ષ્મ અંશમાત્ર છે. આપણા સર્વ પ્રાણિપદાર્થને લગતા નિયમો, બંધનો, સુખો, દુઃખો અને આશાઓ એ સઘળું ગમે તેટલું વિસ્તૃત હોય અને થાય તોપણ તે બધું આ બિંદુરૂપ વિશ્વની અંદરજ છે. આપણી સર્વ ઉન્નતિ અને અવનતિ એ સૂક્ષ્મ બિંદુમાંજ રહેલી છે. તો પછી આ સર્વ વિશ્વ નિરંતર ચાલ્યા કરશે; આપણાં મન અને શરીર ઉત્પન્ન થયા કરશે અને આ દૃશ્ય જગત્‌ના પ્રતિબિંબરૂપ સ્વર્ગની ઇચ્છા કરવી એ કેટલી બધી મૂર્ખતા છે ! અનેક બંધનો અને મર્યાદાઓમાં ગુંથાયલા તેમજ અનંતરૂપી મહાસાગરના એકાદ અતિ તુચ્છ બિંદુરૂપ વિશ્વનેજ સર્વ-

શ્રેષ્ઠ માની લઈ અનંત-કાળપર્યંત તેનાજ કીટ બની રહેવું અને વારંવાર એનેજ મેળવવાની ઇચ્છા રાખીને ધર્મકર્મ કરવાં એ ખરેખર બાલિશતાજ છે. આવા મનુષ્યોને સાંભળેલી વાતો ઉપરથી સત્ય સુખની અથવા તો દશ્ય સુખની ઇચ્છા થાય છે, તોપણ તેઓ કૂપમંડુકનીપેઠે પોતે જે સ્થળ અને જે સ્થિતિમાં છે તેનાથી ઉચ્ચતર કોઇપણ સ્થળ યા સ્થિતિ હશે કે નહિ તેની કલ્પના સુદ્ધાં પણ કરવાને શક્તિવાન હોતા નથી. જે વસ્તુસ્થિતિ તેઓ અનુભવે છે તેનાથી વિશેષતાવાળી બીજી કોઇ પરિસ્થિતિ હશે કે નહિ તેની કલ્પના તેને સ્વપ્નમાં પણ નથી આવી શકતી, તો પછી પોતાના અનાદિ અનંત સચ્ચિદાનંદમય સ્વરૂપનો ખ્યાલ તો આવેજ ક્યાંથી? અનેક શરીરો અને વસ્તુઓનો વિનાશ થયા કરતો હમેશ જોવા છતાં પણ પોતાની અહંતા મમતામાંની વસ્તુઓને શાશ્વત માનવાની લાલચ છૂટતી નથી. આવાં પ્રાણીઓ બિચારાં આવી અનેકવિધ આશાતૃષ્ણાઓમાં રાત્રિ દિવસ ગોથાં ખાયા કરી તેની તૃપ્તિને માટે દૂરથી દેખવા માત્ર એવું મૃગજળ પીવાને માટે અનેકવિધ દુઃખ અને શ્રમ વેઠીને દોડાયાજ કરે છે. આપણા આ બિંદુ માત્ર વિશ્વની બહાર અનંત અસ્તિત્વ છે, અને તેનામાં આવાં અનંતકોટિ વિશ્વો, અનંત પ્રકારની સુખકર વસ્તુઓ, અનંતકોટિ જીવનનો લોક, અનંત પ્રકારના નિયમ, અનંત રાષ્ટ્રો અને અનંત સંસ્કૃતિ વિકૃતિ વગેરે વગેરે અનંતકોટિ :વસ્તુસ્થિતિઓ અને અનંતકોટિ દેશ, કાળ, અને કારણો ભરપૂરપણે રહેલાં છે; અને એ સઘળું હોવા છતાં પણ તે સર્વની બહાર પણ, તે સર્વથી પર, શુદ્ધ, અને સચ્ચિદાનંદમય અનંત અસ્તિત્વ અબાધ—અમાપપણે રહેલુંજ છે. આ જગત્માંના કેટલાક તારા અને સૂર્યમંડળોનાજ વિચાર અને અંતર એટલાં અમાપ છે કે પુસ્તકોનાં પુસ્તકો ભરીને મીંડાં ચડાવવામાં આવે તોપણ તેનું માપ જડી શકે તેમ નથી; તોપછી એનાથી અનંતગણું મોટું વિશ્વ અને તેનાથી અનંતગણા વિસ્તારવાળું તે અનંત અસ્તિત્વ એના વિસ્તારની તો વાતજ શી? આટલા વિવેચનથી સમજાશે કે, તે અનંત અનુપમ મહતોમહીયાન્ અસ્તિત્વનો આ વિશ્વ એ કેટલો બધો તુચ્છાતિતુચ્છ ભાગ છે અને તેમાં પણ આપણું સૂર્યમંડળ, તેમાં પણ આપણી પૃથ્વી, આપણો દેશ અને તેમાં પણ આપણું ગ્રામ અને ગૃહ એ કેટલું તુચ્છાતિતુચ્છ છે!! જો આપણને ખરેખરી મુક્તિ મેળવવાની ઇચ્છા હોય તો તે આપણને આખું વિશ્વ મળવાથી પણ મળી શકશે નહિ. એને મેળવવામાટે તો આપણે આ દશ્યાદશ્ય વિશ્વથી બહારજ નિકળવું જોઇએ—પર થવું જોઇએ. પૂર્ણ સમતા અથવા ખ્રિસ્તી લોકો જેને જ્ઞાનાતીત શાંતિના નામથી ઓળખે છે તે શાંતિ તો તમને આ જગત્માં, સ્વર્ગમાં, અથવા તો જ્યાં પણ આપણા વિચારો, કલ્પનાશક્તિ અને જ્ઞાનશક્તિ પહોંચી શકે છે તેવા કોઈ પણ સ્થળમાં મળી શકવાની નથી. કારણ કે એ સર્વ સ્થાનો આપણા વિશ્વ-

માંજ મર્યાદિત છે, અને દેશ—કાળ અને કારણવડે બદ્ધ થયેલાં છે. આપણી આ પૃથ્વી, સ્વર્ગ અને બ્રહ્મલોકની પણ બહાર નિરાળાજ પ્રકારનું કોઇ સ્થાન હોઈ શકે, અને તે સ્થાન અધિક સુખકર વસ્તુઓ અને વૈભવોથી પરિપૂર્ણ હોઈ શકે; પરંતુ જ્યાંસુધી તેનું અસ્તિત્વ આ અમાપ વિશ્વની બહાર નથી, ત્યાંસુધી તે સ્થાન પણ દેશ—કાલ અને કારણનું ઉલ્લંઘન કરી શકતું નથી અને ત્યાંસુધી તે વિશ્વના નિયમથી બંધાએલુંજ રહેવાનું. એટલા માટે મુક્તિનો માર્ગ આ વિશ્વથી પર જઇનેજ શોધવોજ જોઇએ. મતલબ કે આ વિશ્વનો જ્યાં છેડો આવે છે–સમાપ્તિ થાય છે ત્યાંથીજ ખરા ધર્મમાર્ગનો આરંભ થાય છે. સર્વ પ્રકારનાં સુખ દુઃખ અને વસ્તુજ્ઞાનનો અહીંઆં લય થાય છે, અને ત્યાંથીજ સત્ય જ્ઞાનનો પ્રારંભ થાય છે.

જ્યાંસુધી દેહાધ્યાસને અને તેવા મિથ્યાભાવવાળા જીવનની અને સુખની ક્ષુદ્ર કલ્પનાઓ અને તૃષ્ણાઓને આપણે દૂર મૂકી નથી, ત્યાંસુધી મુક્તિનો સાચો માર્ગ મળવાનો સ્વપ્ને પણ સંભવ નથી. આથી નિઃસંશયપણે સિદ્ધ થાય છે, કે મનુષ્ય-જીવનનો ખરો હેતુ જે "મુક્તિ" તેને મેળવવામાટે આપણે આ અજ્ઞાનજન્ય અને વિષયતૃષ્ણામય સ્થૂળસૂક્ષ્મશરીરોમાંથી, આ વિશ્વમાંથી, આ મન અને બુદ્ધિ વગેરેમાંથી અને આ સમગ્ર મર્યાદિત અને બંધનયુક્ત વસ્તુસ્થિતિઓમાંથી અહંતામમતારૂપ અધ્યાસને અને અધ્યાસનેલીધે ઉપજેલી આસક્તિઓ તથા કલ્પનાઓને ત્યજી દેવી જોઇએ. આપણે તેમ કરી શકીશું તેજ ક્ષણે આપણે મુક્ત થઇ જઇશું. બંધનમાંથી છૂટવાનો બસ એ એકજ માર્ગ છે, કે દેશ, કાળ અને કારણમય આ વિશ્વની પેલી પાર જવું.

"વિશ્વથી પર થાઓ" એ બોલવું જેટલું સહેલું છે તેટલુંજ કઠન છે. આ કઠિનતા કાંઇ બહારથી કોઇ આપતું નથી. આપણે પોતેજ બીજી ત્રીજી બાબતોમાં મોહી રહીને પૂર્ણ એકનિષ્ઠાથી અને ખરી જિજ્ઞાસાથી તેની પાછળ મંડી પડતા નથી એજ માત્ર નડતર કે કઠિનતા જે કહો તે છે. છતાં દુઃખની વાત છે કે હજારોમાંથી કોઈકજ એ માર્ગે વળે છે અને વળેલામાં કોઇકજ સાધ્ય કરી શકે છે.× એ મુક્તાવસ્થા સાધ્ય કરવાને માટે અમારા ગ્રંથોમાં બે માર્ગ દર્શાવેલા છે. એક 'નેતિ' 'નેતિ' (આ નહિ, આ નહિ,) અને બીજો 'ઇતિ' ઇતિ', (આ, આ.) પહેલો માર્ગ નિષેધ–ત્યાગરૂપ છે, અને બીજો માર્ગ વિધિરૂપ–કર્મરૂપ છે. એમાંનો નિષેધરૂપ માર્ગ ટુંકો છે તેટલોજ કઠિન છે. પુષ્કળ મનોબળ અને પ્રચંડ ઇચ્છાશક્તિ જેને પ્રાપ્ત થયાં હોય તેજ મનુષ્ય એ માર્ગે જઈ શકે છે. મનમાં કોઇ પણ પ્રકારની સુખેચ્છા કે અંતરાય ઉત્પન્ન થતાંજ તે દઢતાથી કહી દેવાનો કે "ખબરદાર દૂર રહે!

× मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्वतः॥

ચાલ્યું જા તારી મને જરૂર નથી;" એવા પુરૂષનું મન અને શરીર તેને અનુકૂળ બનતું જાય છે; પરંતુ એટલી તીવ્ર જિજ્ઞાસા અને શક્તિ ધરાવનાર આ જગતમાં કોઇકજ મળે છે. એટલા માટે અસામાન્ય વ્યક્તિઓને* બાદ કરતાં સર્વ મનુષ્યો બીજા માર્ગનોજ–કર્મ માર્ગનોજ સ્વીકાર કરે છે. તેઓ જગતમાંનાં અનેક બંધનો-નો–અનુભવ અને ઉપયોગ કરીને બંધનમુક્ત થાય છે. એક કાંટાથી બીજો કાંટો કાઢીને છેવટે જેમ બંને કાંટા ફેંકી દેવામાં આવે છે; તેવીજ રીતે એક પ્રકારના બંધનથી બીજા પ્રકારનું બંધન તોડી નાખીને છેવટે તેઓ ઉભયથી મુક્ત થાય છે. આ બીજો માર્ગ પણ વસ્તુતઃ ત્યાગનોજ હોઇને તેનું પર્યવસાન પણ છેવટે 'નેતિ' એ માર્ગમાંજ છે; પરંતુ જેને તીવ્ર જીજ્ઞાસા–મોક્ષની અસામાન્યતા લાગેલી નથી એવા સામાન્ય મનુષ્યોમાટે તે બંધબેસતો છે, કેમકે તે ધીરે ધીરે સાધ્ય થઇ શકે એવો હોઇ કષ્ટપ્રદ થઇ પડતો નથી. મહાન્ પુરુષો પોતાના અનુભવ અને તેના પરિણામ-પૂર્વક અસાર વસ્તુસ્થિતિઓને ગમે તેટલી અસારરૂપે ઉપદેશી ગયા હોય તે વાત આ બીજા વર્ગવાળાઓને બહુ અસર કરતી નથી. તેઓ જગતની એક બીજાથી ચઢી-આતી વસ્તુસ્થિતિઓને જાતે અનુભવી તથા ભોગવીને તે પછીજ તેમાં વિશેષ પ્રમા-ણમાં રહેલી અસારતા, નશ્વરતા અને દુઃખરૂપતાનો નિર્ણય કરી શકે છે. આ પ્રકાર જેમ જેમ આગળ વધતો ચાલે છે તેમ તેમ તે તે વસ્તુસ્થિતિઓ ઉપરથી તેમનું મન ધીમે ધીમે ઉપરામ પામતું જાય છે. આવો આ કર્મમાર્ગ છે. ઉપર જણાવેલો પહેલો " નેતિ " માર્ગ વિવેકપ્રધાન હોઇ તેનું નામ જ્ઞાનયોગ અથવા સાંખ્યયોગ એવું છે. બીજા માર્ગનું નામ કર્મયોગ હોઇને તે અનુભવપ્રધાન છે. જ્ઞાનયોગમાં પૂર્ણ વિવેકપૂર્વક–અગમ બુદ્ધિથી કર્મનો સંન્યાસ–ત્યાગ કરવાનો હોય છે; અને બીજા માર્ગમાં કર્મોનો ત્યાગ કરવાનો નથી. વિશ્વમાં પ્રત્યેક પ્રાણીમાત્રને કોઇને કોઈ પણ કર્મ કરવાનું કર્તવ્ય રહેલુંજ હોય છે. માત્ર જેનું મન આત્મામાંજ સંતુષ્ટ રહેતું હોય અથવા આત્માભ્યાસમાંજ સંલગ્ન રહી શકતું હોય, જેમની બુદ્ધિ આત્માથી નીચલા અનાત્મપ્રદેશમાં આસક્ત થતી નથી, અને આત્મા એજ જેઓનું સર્વસ્વ થઇ રહેતું હોય છે, તેઓને માટેજ માત્ર અન્ય ક્રિયાઓ કર્તવ્યરૂપ હોતી નથી. જે પ્રમાણે ઉંચેથી પડનારો પાણીનો ધોધ નીચા પ્રદેશમાં પડતાંજ પ્રથમ તો ખાડામાં પડી ત્યાં જોસથી ભમરી ખાઇ ચક્રાકાર ફરીને તે પછીજ પ્રવાહના આકારમાં સીધો ગતિમાન થાય છે, તેના જેવીજ મનુષ્યપ્રાણીની સ્થિતિ છે. શરૂઆતની–પામર કે વિષયી દશામાં તે દેશ કાળ અને કારણથી બનેલા આ સંસારરૂપી પ્રવાહમાં તણાઇ વ્યવહારરૂપી ખાડામાં અનેક પ્રકારના વમળચક્રમાં ખૂબ નીચો ઉંચો થાય છે, અથડાય છે અને કુટાય છે. મારો

* બુદ્ધ, ચૈતન્ય, શંકર, રામદાસ, દયાનંદ વિવેકાનંદ, રામતીર્થ ઈ. મહાન્ યતિવરો એવી અસામાન્ય કોટિમાં ગણાય. મંત્રી. સ. સા.

પિતા, મારો ભાઇ, મારૂં ધન, મારૂં ધામ, મારૂં નામ, મારી કીર્તિ ઇત્યાદિ પોકારો કરે છે; અને અંતે તે સર્વનો ખરો સ્વાદ અનુભવ્યા પછી તેમાંથી બહાર નીકળી પોતાના મૂળ સ્વરૂપભૂત સત્ય, પૂર્ણ સુખસ્વાતંત્ર્યના સીધા સાદા દિવ્ય પ્રવાહ તરફ આવે છે. સર્વ જગતની એજ સ્થિતિ છે. જાણે કે અજાણે પણ આપણે સર્વ, આ જગદ્રૂપી સ્વપ્નાવસ્થામાંથી જાગૃત થવાના પ્રયત્ન કરી રહ્યા છીએ. આ સંસારરૂપી ભમરીમાં જે જે અનુભવો આપણને પ્રાપ્ત થાય છે, તે સર્વનો એજ ઉદ્દેશ હોય છે કે, તેઓનો અનુભવ લઇ આપણે તે ભમરીમાંથી છૂટી ખરી સ્થિતિએ પહોંચીએ. આપણે નિત્ય જોઇએ છીએ કે સઘળું વિશ્વ ક્રિયાપરાયણ છે. સઘળાં કાર્ય કરવાનો ઉદ્દેશ શું ? મુક્તિ–સ્વાતંત્ર્ય એજ એ સર્વ કાર્યનો અંતિમ હેતુ હોય છે;–પછી તે જ્ઞાનપૂર્વક હો કે અજ્ઞાનપૂર્વક હો. જગતમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરમાણુથી લઇને મોટામાં મોટા પ્રાણિપર્યંત, સર્વ પ્રાણીમાત્ર મુક્તિનેજ માટે પ્રયત્ન કરી રહ્યાં છે. આ શરીરના બંધનનો છૂટકારો થાય, મનોબંધનનો ત્યાગ થાય, અને આત્માને મુક્તિ મળે એ હેતુથીજ આ સઘળી ધમાલ અને પ્રત્યેક પ્રાણિપદાર્થની ગતિ ચાલ્યા કરે છે. સૂર્ય, ચંદ્ર, પૃથ્વી અને ગ્રહો પણ બંધનમાંથી મુક્ત થવાને માટેજ ભ્રમણ કરી રહ્યા છે. શાસ્ત્રીય જ્ઞાનના અભાવને લીધેજ આ માર્ગમાં પ્રવાસ કરતાં દીર્ઘકાળ આપણને લાગે છે, અને અનેક ઠોકરો ખાવી પડે છે. જો કર્મયોગનું રહસ્ય બરાબર સમજવામાં આવે તો એ સર્વ અંતરાયો દૂર થઇ જાય. " કર્મયોગ " એ કર્મનું રહસ્ય દર્શાવનારૂં શાસ્ત્ર છે. કર્મોદ્વારા આપણી શકિતને કેવી રીતે ખીલવવી અને તે શક્તિનો ઉપયોગ મુકિત તરફ કેવી રીતે કરવો, એ જ્ઞાન આપણને કર્મયોગથીજ પ્રાપ્ત થાય છે. આપણે અનંતકાળસુધી કર્મ કર્યા કરીએ, તોપણ આપણાં કર્મ અશાસ્ત્રીય હોય, તો આપણામાં હોય તે શકિતનો પણ ઉલટો અપવ્યય અને નાશ થઇ જાય છે, અને મુકિતનો માર્ગ દૂર થતો જાય છે. રસાયનશાસ્ત્ર તેમજ પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર દ્વારા પદાર્થોના બરોબર ગુણ અને ઉપયોગ સમજીને આપણે ક્ષુદ્ર જડ પદાર્થો પાસેથી પણ મોટાં મોટાં કાર્ય સાધી શકીએ છીએ, અને અલ્પશક્તિથી જેમ પ્રચંડ કાર્યો સરળતાથી પાર પાડીએ છીએ તેવીજ રીતે કર્મયોગના સશાસ્ત્ર જ્ઞાનવડે ઇચ્છાશક્તિની યોગ્ય સંઘટના કરીને આપણે મુકિત પ્રાપ્ત કરી શકીએ છીએ. આ દુનિયા તો બે ઘડીની બજારમાત્ર છે; આપણે નિરંતર વસવાનું સ્થાન નથી. આ ચાલતી બજાર વચ્ચે કોઇક ઠેકાણે મડાગાંઠ પાડી વળગી પડવાથી કદિ પણ ખરૂં સુખ–સ્વાતંત્ર્ય મળી શકનાર નથી. જો આપણને સ્વાતંત્ર્ય–મુકિતની જરૂરજ છે, તો પછી તેને માટે તો એ દુનિયાની પેલી પારજ શોધ કરવી જોઇશે. દેશ, કાળ અને કારણરૂપ આ જગતના બંધનમાંથી બહાર નિકળવાનો માર્ગ ધીરે ધીરે છતાં દૃઢતાપૂર્વક કાપવો જોઇએ.

એ બંધનમાંથી સત્વર મુક્ત થવા માટે 'નેતિ' 'નેતિ' કહીને જગત્‌ના સર્વ મોહ-પાશ તોડી નાખનારા તીવ્ર જીજ્ઞાસુ પુરુષો તો કોઇકજ હોય છે. સર્પ જેમ કાંચળીનો ત્યાગ કરે તેવી રીતે દસ્યમાત્રની આસક્તિનો ત્યાગ કરી દઈ પરિણામે જગત્‌નાં સર્વ બંધનથી મુક્ત થાય એવા વીરનરો પણ આ જગત્‌માં હોય છે તો ખરાજ; પરંતુ માત્ર કોઇજ એવા હોય છે. બાકીના સર્વ કોઇ સામાન્ય મનુષ્યોને માટે તો કર્મની જાળમાંથી પસાર થઇને જે મુક્તિ મેળવવાની હોય છે, એ મુક્તિપ્રત્યે જવાનો ઉત્તમ માર્ગ, રહસ્ય અને યુક્તિ તે આ કર્મયોગજ દર્શાવે છે.

કર્મયોગ કહે છે કેઃ—"સદોદિત કર્મ કરો, પણ તે અલિપ્તપણે કરો" જગત્‌માંની કોઈ પણ વસ્તુ યા સ્થિતિને બદલા તરીકે–ફળ તરીકે મેળવવાની આસક્તિ તમારે રાખવાની નથી. આ જગત્‌માં જે કાંઇ અંતરાયો, અનેક પ્રકારનાં દુઃખ અને શોક વારંવાર આપણા જોવામાં આવે છે, તે સર્વ આ જગત્‌નું મર્યાદિતપણું–નિર્બ-ળતા–નિઃસારતા–ક્ષણિકતા ઇત્યાદિ દર્શાવવાને માટેજ છે. આ જગત્‌માં પ્રાપ્ત થનારી ગરીબી અને શ્રીમંતાઇ બંને નાશવંત છે. આપણા પોતાના ખરા અસ્તિત્વ સાથે–આપણા સત્યસ્વરૂપ સાથે એ ગરીબાઈ અને શ્રીમંતાઇ ઇત્યાદિ લૌકિક વસ્તુસ્થિ-તિઓનો યત્કિંચિત્ પણ સંબંધ નથી. આપણું નિત્ય–અનંત અસ્તિત્વ એ સર્વ વસ્તુસ્થિતિઓથી બીલકુલ પેલે પાર છે; એટલુંજ નહિ પણ પ્રત્યેક પદાર્થની અને કલ્પનાની પણ પેલે પાર છે. આપણા એ મૂળસ્વરૂપપ્રત્યે જવાનો આપણી અસલ સ્થિતિને પ્રાપ્ત કરવાનો માર્ગ કુશળતાપૂર્વક સદા કર્મ કરવામાં રહેલો છે. એટલા માટે આપણે આ સિદ્ધાંત સદાકાળ લક્ષમાં રાખવાનો છે કે "દુઃખની પ્રાપ્તિ મૂળ કર્મ નથી પરંતુ કર્મ પ્રત્યેની ફળાસક્તિ છે." ફળની આસક્તિથી અને દેહ તથા કર્મમાં અહંતામમતાપૂર્વક કર્મ કરવામાં આવે તોજ તેનાથી ઉદ્દભવ થનારાં સુખ-દુઃખો કર્તાને ભોગવવાંજ પડે છે. કોઈની એક અતિ સુંદર છબીનો નાશ થતો જોઈને આપણને વિશેષ દુઃખ લાગતું નથી; પરંતુ આપણી પોતાનીજ સુંદર છબીનો નાશ કરાતો આપણા જોવામાં આવે તો આપણને કેટલું લાગી આવે ? હવે ખરું જોતાં એમાં છબી તો આપણી અને બીજાની પણ સુંદરજ હતી; પરંતુ એકના નાશથી દુઃખ ન થયું અને બીજીના નાશથી દુઃખ થયું એનું કારણ શું ? કારણમાત્ર એટલુંજ કે પેલી બીજાની છબીની સાથે આપણા મને અહંતામમતારૂપ અધ્યાસ બાંધ્યો ન હતો, અને બીજી છબીની સાથે તે બાંધ્યો હતો. "હું" અને "મારું" એ બે શબ્દમાંજ આખા જગત્‌નાં સમસ્ત દુઃખો રહેલાં છે. આ વસ્તુ 'મારી' છે એવી ભાવના થતાંજ તેમાં આસક્તિ ઉત્પન્ન થાય છે અને આસક્તિ ઉત્પન્ન થઇ એટલે આસક્તિની પ્રજારૂપ દુઃખો પણ આવવાનાંજ.

"હું" અને "મારું" એ ભાવનાપૂર્વક જે પણ કર્મ યા વિચાર કરવામાં આવે

તે કર્મ અગર વિચારના આપણે ગુલામ બની જઈએ છીએ. તત્ક્ષણજ ધણીનું રૂપાન્તર ગુલામમાં થઈ જાય છે. "હું" અને "મારૂં" એ વિચારરૂપી મોજાં ચિત્તમાં ઉત્પન્ન થવા માંડ્યાં એટલે તેની સાથેજ આપણે માટે ગુલામગીરીની શૃંખલા ઘડાતી જાય છે, અને 'હું' અને 'મારૂં' એ અભ્યાસ જેમ જેમ વૃદ્ધિ પામતો જાય છે તેમ તેમ આપણી શૃંખલા અધિકતર જડ અને કષ્ટપ્રદ થતી જાય છે. એટલા માટેજ કર્મયોગ કહે છે કે, આ જગતરૂપી એક મહાન્ અને અતિ સુંદર ચિત્ર જગકર્તાએ ચિતરેલું છે તેના દષ્ટારૂપેજ રહીને તેના દર્શનનો આનંદ લૂંટો, અને તેમાં શીખવા જેવું હોય તે શીખો; પરંતુ તેમાં લેશમાત્ર આસકિત, મમતા કે દીનતા થઈ જાય નહિ તેની ખાસ કાળજી રાખજો. આ જગતમાંની કોઈ પણ વસ્તુ યા સ્થિતિપ્રત્યે "મારી" એવો અસત્ય શબ્દ કદિ પણ વિચારમાં કે ઉચ્ચારમાં લાવશો નહિ. "મારૂં" એ શબ્દ મનમાં કે મુખમાં આવતાંની સાથેજ આપણા માટે દુઃખનું બીજ રોપાય છે. આપણી આસપાસનાં અને બીજા પેઠે સર્વ મનુષ્યોને પ્રભુનાં બાળકોતરીકે સમજીને તથા તેમની પ્રત્યેક કૃતિને બાળલીલાતરીકે જોઈને આનંદ કરો, એ બાળકો અને એ ક્રિયાઓ પ્રત્યે "મારૂં" એવો વિચાર પણ આવવા ન દેતા. 'મારૂં' ઘર, 'મારૂં' શરીર, એમ પણ માનશો કે બોલશો નહિ. 'મમતા' એજ સર્વ દુખ અને સંકટોનું મૂળ છે, વાસ્તવિક જોતાં શરીર તમારૂં નથી, મારૂં પણ નથી, અને કોઈનું પણ નથી. સૃષ્ટિના નિયમાનુસાર હજારો દેહ આવે છે અને જાય છે; અને તેના જવા આવવામાં આપણે માત્ર સાક્ષીભૂતજ છીએ. જો માત્ર એકલા શરીરની યોગ્યતા જોઈએ તો એક ભીંત અથવા ચિત્રથી અધિક નથી. તો પછી આપણે એ માટીના ગોળા સાથે એટલા બધા આસકત શામાટે થવું જોઈએ ? એકાદ ચિત્રકારને બોલાવી કોઈ ચિત્ર કઢાવે છે. તો તે મનુષ્ય ચિત્ર કાઢી આપીને ચાલતો થાય છે, અને પછી એ ચિત્ર સંબંધીની વાત તેના સ્મરણમાં પણ હોતી નથી; પરંતુ તેજ મનુષ્ય જ્યારે 'મારૂં' ચિત્ર છે, એવી ભાવના કરે છે કે, તત્કાળજ એક નવું બંધન ઉત્પન્ન થાય છે, અને એ બંધન ઉત્પન્ન થતાંની સાથેજ તેનાં સહચારી દુઃખો પણ અવસ્ય આવવાનાંજ.

એટલા માટે કર્મયોગ પોકારી પોકારીને કહે છે, 'હું' અને 'મારૂં' એ ખોટી ભાવનાનો–એ ખોટા અભ્યાસનો પ્રથમજ ત્યાગ કરો; અને એ ભાવના ઉપર પૂર્ણ સ્વામિત્વ પ્રાપ્ત થાય, એટલે એને અંતરમાં દઢ કરીને ચિત્તમાં અહંપણાના એક પણ મોજાને ઉત્પન્ન થવા દેશો નહિ. બસ, એટલું સાધ્ય થયું એટલે પછી જગતમાં ગમે ત્યાં વિચરો, ગમે તેટલાં કર્મ કરો એટલે જરા સરખું પાપ પણ તમને લેશમાત્ર સ્પર્શ કરી શકવાનું નથી. જન્મથીજ કમળ પાણીની અંદર રહે છે, પણ પાણી તેને ચોટી શકતું નથી; તેવીજ રીતે જ્યાંસુધી તમારા મન ઉપર તમારૂં સ્વામિત્વ છે ત્યાંસુધી પાપ અને દુઃખ તમને સ્પર્શ કરી શકવાનાં નથી. આનું નામજ

વૈરાગ્ય અને એજ ઉદાસવૃત્તિ. એવી ઉદાસવૃત્તિ વગર કોઇ પણ પ્રકારનો યોગ સાધ્ય થઇ શકતો નથી. એજ સર્વ યોગનો મૂળ પાયો છે, પણ ઉદાસવૃત્તિ એટલે શું એની કલ્પના બરોબર થવી જોઇએ. કોઇ મનુષ્ય ઘરબાર છોડી લંગોટી ધારણ કરી, કંદમૂળનો આહાર કરી અરણ્યવાસ કરે પરંતુ જો અંતરમાં ઉદાસવૃત્તિ-અનાસક્તિ ન આવી હોય, અને પોતાના શરીરનેજ એ સર્વસ્વ માનીને અને તેના હિતનેજ ઇતિ-કર્તવ્યતા માનતો હોય તો તે વિરકત નહિ પણ અનુરકતજ છે. ઉદાસીનતા-અના-સક્તિને બાહ્ય વેશ સાથે કોઇ પણ જાતનો ફરજીયાત સંબંધ નથી, એનો મુખ્ય સંબંધ તો આંતર-મન સાથેજ છે. 'હું' અને 'મારૂં' એ બંધનનો વાસ બાહ્ય દેહમાં ન હોતાં અંતઃકરણમાંજ છે. ખરૂં છે, કે બાહ્ય વસ્તુઓનું જ્ઞાન થવામાં ઇંદ્રિય-દ્વારા દેહ પણ કારણ બને છે, પણ તે વસ્તુઓ સાથે બાંધી લેનારી અહંતામમતા-રૂપી શૃંખલા તો અંતઃકરણમાંજ તૈયાર થાય છે. એટલા માટે 'હું' અને 'મારૂં' એ ભાવના દૂર થઇને બાહ્ય પદાર્થ સાથેનો આપણો અધ્યાસ તૂટયો એટલે પછી અના-સકિત-ઉદાસીનતા-આપોઆપજ પ્રાપ્ત થવાની. એકાદ મનુષ્ય રાજા હોઇને સર્વ પ્રકારના ભોગ ભોગવતો હોય તોપણ ઉદાસીન હોઇ શકે, અને બીજો એકાદ લંગોટી ધારણ કરીને પણ અત્યંત આસકત હોઇ શકે. એટલા માટે કર્મમાર્ગમાં પણ પ્રથમ ઉદાસવૃત્તિ પ્રાપ્ત કરવી અને પછીજ કાર્યપરાયણ થવું જોઇએ. એ ઉદાસીનવૃત્તિ કેવી રીતે પ્રાપ્ત કરવી એ જો કે દુર્લભ છે તોપણ એ માર્ગ કર્મયોગ સારી રીતે દર્શાવે છે.

આસક્તિનો ત્યાગ કરવા માટે કર્મયોગમાં બે માર્ગ દર્શાવેલા છે. એક માર્ગ નિરીશ્વરવાદી લોકોને માટે છે. જેઓને પરમેશ્વરમાં તેમજ બહારની કોઇ પણ પ્રકારની મદદ માટે વિશ્વાસ હોતો નથી; તેવા લોકોએ પોતાની સ્વબુદ્ધિ અનુસાર જે કાર્ય સારૂં અને કરવા જેવું લાગે તે પોતાની ઇચ્છાથીજ કરવું જોઇએ. તેમને માટે તેમની સદસદ્વિવેકબુદ્ધિજ મોટા આધારરૂપ છે. તેમણે મનને ઉદાર રાખી સ્તુતિ-નિંદાની, સુખદુઃખની અને જયાજયની પરવા ન કરતાં પોતાના કાર્યમાં સારી પેઠે જોડાઇ જવું જોઇએ.

પરમેશ્વરમાં વિશ્વાસ હોય તેવાઓને માટે બીજો માર્ગ કહેલો છે, અને તે ઘણો સુગમ છે. એવા મનુષ્યોએ સદૈવ પોતાના કર્તવ્યપરાયણ રહીને સર્વ કાર્ય ઇશ્વરા-ર્પણ કરવાં જોઇએ, અને પ્રભુપ્રીત્યર્થેજ કરીને પ્રભુની કૃપા અથવા સન્નિધિ સિ-વાય અન્ય કશાજ ફળની કામના રાખવી જોઇએ નહિ. તેઓ જે કાંઇ જુએ, સાંભળે, બોલે, વિચાર કરે અને કાંઇ પણ કર્મ કરે, તે સઘળું ઇશ્વરનેજ અર્પણ કરે છે. પોતાને હાથે જે કાંઈ શુભ કર્મ બને છે તેને માટે તેઓ પોતાની જરા પણ સ્તુતિ કરતા નથી; કેમકે કાર્ય પરમેશ્વરતું અને તે તેની કૃપાથી કરાયલું માનીને તેને

માટે સ્તુતિ પણ પ્રભુપ્રત્યે તેઓ યોગ્ય ધારે છે. સર્વ કર્મો પ્રભુનીજ મિલકત હોઇ આપણે તો પ્રભુના નિમિત્તમાત્ર અથવા આજ્ઞાધારક સેવક છીએ એમજ ધારીને અહંકારથી સદા તેમણે દૂરજ રહેવું જોઇએ; અને શુભ કર્મ કરવાની પ્રત્યેક પ્રેરણાને પ્રભુની આજ્ઞા માનવી જોઇએ. તમે જે કાંઇ ઉપાસના કરો છો, જે જે કાંઇ જુઓ છો, અને જે કાંઈ કરો છો તે સઘળું તેનેજ અર્પણ કરીને નિરાસક્તપણે રહો.× પોતાની અંદરજ શાંત થાઓ અને પરમ સુખ તથા શાંતિને અનુભવો. આપણું શરીર, મન, વચન અને પ્રત્યેક કર્મનો પરમેશ્વરમાં સદાને માટે હોમ કરી નાખો. અમૂલ્યમાં અમૂલ્ય બાહ્ય પદાર્થોની આહુતી આપીને હોમ કરવા કરતાં તમારા નાનકડા 'અહંપણાની' આહુતી એવા સંકલ્પ સાથે આપો કે, " રાત્રિદિવસ સંપત્તિનો શોધ કરતાં કરતાં આ જગત્‌માં સર્વ સંપત્તિરૂપ તુંજ મને સમજાયો, માટે મારો આત્મા તારીજ અંદર અર્પણ કરૂં છું; પ્રીતિપાત્રની શોધમાં સર્વ પ્રીતિનું પાત્ર તુંજ મને મળ્યો, માટે મારો આત્મા તારીજ અંદર અર્પણ કરૂં છું." આ મંત્રનો અહર્નિશ જાપ જપો કે, " આ જગત્‌માં મારા માટે કાંઇ પણ નથી, કોઈ પણ વસ્તુ સારી, નબળી યા ગમે તેવી હોય, તેથી મને શું, મને બીજા કશાની પરવા નથી, હું સઘળું તારીજ અંદર અર્પણ કરૂં છું." જ્યાંસુધી એ વિચાર રોમેરોમમાં, પ્રત્યેક નાડીમાં, અને આખા શરીરમાં નખથી તે શિખાપર્યંત વ્યાપી જાય ત્યાંસુધી, એ ભાવના સદાકાળ સેવ્યા કરો. અહંપણાનો હોમ ચાલુ રાખો. પરિણામે એ ભાવના તમારા નખશિખપર્યંત રોમેરોમમાં અને અણુએ અણુમાં વ્યાપી જશે અને તમારા સ્વભાવરૂપજ બની રહેશે. આવી યોગ્યતા આવ્યા પછી જોઇએ તો રણયુદ્ધમાં જઇને પોતાની પ્રચંડ વીર હાકથી મેઘને પણ ધ્રુજાવી દ્યો; પરંતુ તમે શાંત અને મુક્તજ છો એમ તમને સમજાશે.

સામાન્ય વ્યવહારમાં આપણે જેને કર્તવ્ય-કર્મ કહીએ છીએ, તે કર્મો કર્મયોગનાં કર્મોની અપેક્ષાએ હલકી પાયરીનાં છે, તોપણ તે કર્મો આપણે દરરોજ કરવાંજ પડે છે. પરિણામે આપણે જોઈએ છીએ કે આવાં કર્મોપ્રત્યેની વિશેષ કર્તવ્યભાવના દુ:ખનુંજ કારણ થઈ પડે છે. આમ થતાં તે કર્મોનું " કર્તવ્ય " રૂપ મટી જાય છે અને એક પ્રકારના વ્યાધિનું રૂપ ધારણ કરીને તે પ્રતિદિન આપણા ઉપર અધિકાધિક આક્રમણ કરી આપણું સઘળું જીવન નષ્ટપ્રાય બનાવી દે છે. એવી રોગિષ્ટ દશામાં જે કાંઇ કરવાનું ચિત્તમાં આવે છે તે બધું કર્તવ્યરૂપજ ભાસે છે; અને એવા કર્તવ્યભ્રમના ચરખામાં આપણે એક વખત જઇ પડયા એટલે પછી આખા આયુષ્યપર્યંત તેમાંથી છૂટકોજ થવાનો નહિ. ઉનાળાનો મધ્યાન્હ કાળનો

× यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यासि कौंतेय तत्कुरुष्व मदर्पणम् ॥ श्री. भ. गी.

સૂર્ય જેમ વસ્તુને બાળી નાખે છે તેમ એ કર્તવ્યભ્રમ પણ આપણા આખા આયુ-ષ્યની હોળી કરી નાખે છે. સંસારચક્રમાં પૂર્ણ ફસાવા સાથે કર્તવ્યભ્રમને લીધે ગુલામની દશાએ પહોંચેલા આવા પામરો તરફ દૃષ્ટિપાત કરો - જોઇએ ! સવારે ઉઠયા ત્યારથી તેમનાં માની લીધેલાં કર્તવ્યો તેમની પૂઠે એવાં તો લાગી પડે છે કે તેની આડે તે બિચારાઓને સ્નાન કરવાનો કે પ્રાર્થના કરવાનો પણ અવકાશ મળતો નથી. સવારથી તે રાત્રે સૂતાં સુધી એવાં કર્તવ્યનો બોજો તેમના ઉપર લાદેલોજ હોય છે. કામ ઉપરથી ઘેર આવ્યા એટલે કામને લગતા વિચારો તેમનું માથું ખાયા કરે છે અને સ્વપ્નમાં પણ તે " કર્તવ્યપિશાચ " તેમનો કેડો મૂકતો નથી. તેઓને સારી ઉંઘ પણ આવવા પામતી નથી, એટલુંજ નહિ પણ કર્તવ્યના ભ્રમમાં પડેલાં તે પ્રાણીઓ એને એજ ભ્રમ અને શ્રમને લીધે જેમ એકાદ ટ્રામનો ઘોડો દોડતો દોડતો પડી જઇને મોઢામાં લગામ સહિત માર્ગમાંજ મરણને શરણ થાય છે તેવીજ દશા એવા કર્તવ્યના ગુલામોની થાય છે. આજકાલ સામાન્ય વ્યવહારમાં જેને આપણે " કર્તવ્ય " નું નામ આપીએ છીએ તેનો એવોજ પ્રકાર અને પરિણામ ચોતરફ આપણા જોવામાં આવે છે. નિર્વાહ અને સંગ્રહ વગેરેને માટે ધંધાનોકરીમાં અને ખાવાપીવા અને સૂવાબેસવા વગેરેમાં આવો વખત ગાળવો એની કાંઇ કર્તવ્યમાં ગણના ન કરાય. નિષ્કામ અને અનાસક્ત ચિત્તપૂર્વક તથા વિવેકપૂર્વક કેવળ ઇશ્વરપ્રીત્યર્થ ઉન્નતિપ્રદ કર્મ કરવાં એનું નામજ કર્તવ્ય છે. ઇંદ્રિયસુખ, ધનસંગ્રહ વગેરેની કામનાનાજ ગુલામ આખો દિવસ બની રહેવું જોઇએ નહિ. ઇન્દ્રિયો અને મનની તુચ્છ વાસનાઓ તૃપ્ત કરવા માટે વિવેક અને ધર્મરહિત કર્મો કરીને તેને " કર્તવ્ય "નું નામ આપ-વાનું અત્યારે બહુ સહેલું થઇ પડયું છે. ફાવે તેનું અપમાન કરવું, ફાવે તેમ જૂઠ પ્રપંચ વિશ્વાસઘાત કરવાં, અને કોઇ સારો માણસ કાંઇક કહેવા માગે તો બચાવ કરવો કે, " શું કરવું, મારૂં કર્તવ્ય હોવાથી મારે કરવું પડે છે ! " આવી રીતે પોતાની વિષયતૃષ્ણા—ધનતૃષ્ણાનો ખાડો કોઈ ન જાણી શકે તેટલામાટે તેના ઉપર " કર્તવ્ય " નાં શબ્દ પુષ્પ બિછાવી દેવામાં આવે છે. પોતાની ગમે તેવી સ્વાર્થમય પ્રવૃત્તિને દેશહિતનું, મિત્રહિતનું, લોકસેવાનું, વગેરે રૂપ આપી દઇને તેને ઓથે ગમે તેવાં કામ અને સ્વાર્થ છુપાવી દેવામાં આવે છે. "કર્તવ્ય" શબ્દનો આજ અર્થ અત્યારે અનેક ઠેકાણે ઘુસી બેઠેલો જણાય છે !

એવી અને એથી પણ હલકી રીતે અનેક મનુષ્યો સંસારરૂપી કૂવામાં ગોથાં ખાય છે; અને દ્રવ્ય ઇત્યાદિ ઇપ્સિત વસ્તુઓ પ્રાપ્ત કરવાને માટે જીવસટોસટના પ્રયત્ન કરે છે. તેઓ " કર્તવ્ય " નો ખરો અર્થ સમજતા નથી. આવા મનુષ્યોના મનમાં જે જે કામો કરવાનાં આવે છે તે પોતાના સુખસ્વાર્થને લીધેજ ઘણું કરીને આવે છે. અનેક જન્મોના અભ્યાસ અને મહાવરાને લીધે માણસને એમજ સમજાઇ

ગયું હોય છે કે, ઇંદ્રિયજન્ય સુખ એજ સર્વસ્વ છે અને તે મેળવવાને માટે જે કાંઇ કામ કરવાં પડે તે સર્વ "કર્તવ્ય" જ છે.

દાખલાતરીકે એક દેશમાં લગ્ન જેવી કોઈ ક્રિયા કે શબ્દજ નથી એટલે ત્યાં પતિપત્નીના કર્તવ્યની ભાવના પણ હોતી નથી. આવા દેશમાં ગમે તે સ્ત્રીપુરુષ ગમે તેની સાથે અને ગમે તેટલાની સાથે વિષયવ્યવહાર કરીને પરિણામે અનેક વ્યાધિ ભોગવ્યા પછી એક લગ્ન કરવાનું શીખે છે. આ લગ્ન તેઓ પોતપોતાના સુખને માટેજ કરે છે; પરંતુ એવો રિવાજ લાંબો વખત ચાલતાં પછી "પતિ પત્નીનાં કર્તવ્યો" નિર્માણ થવા માંડે છે.

જ્યારે કોઈ પણ વ્યાધિ પ્રખર સ્વરૂપમાં હોય છે ત્યારે તેને આપણે રોગના નામથી ઓળખીએ છીએ, અને જ્યારે તે જીર્ણ થઇ જઇને આપણી દૃષ્ટિમાં ન આવી શકે એવા રૂપમાં આવી જાય છે, ત્યારે તેને વ્યાધિતરીકે માનવાનું ભૂલી જઇને "મારી પ્રકૃતિજ એવી છે" એમ આપણે કહેવા માંડીએ છીએ. અર્થાત પેલા વ્યાધિનેજ પ્રકૃતિનું નામ આપી દઇએ છીએ. તેવીજ રીતે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્તિ એ વાસ્તવિકરીતે એક વ્યાધિજ હોવા છતાં તે વ્યાધિ દીર્ઘકાળપર્યંત આપણા મનમાં રહેવાથી આપણે તે વ્યાધિને "કર્તવ્ય" એવું ભપકાદાર નામ આપીએ છીએ.

જગત્માં જ્યાં ત્યાં બહુધા આવોજ વ્યવહાર પ્રચલિત છે. સામાન્ય વ્યવહારમાં જેને આપણે "કર્તવ્ય" કહીએ છીએ તેનો ઉપયોગ એટલાજ પૂરતો હોય છે કે. તેથી આપણે પશુધર્મસુધી પહોંચતા અટકીને કાંઇ પણ શુદ્ધિમાં રહીએ છીએ. નીચલી કોટિનાં મનુષ્યો કે, જેમની કલ્પનામાં આના કરતાં વધારે ઉચ્ચ પ્રકારનો વિચાર આવી શકતો નથી, તેઓની વધારે અધોગતિ ન થાય એટલા પૂરતાંજ એ "કર્તવ્ય" ઉપયોગી છે, પણ જેઓને કર્મયોગીજ થવાની ઇચ્છા છે, તેઓએ તો કર્તવ્યની એ સામાન્ય કલ્પનાને દૂરથીજ નવ ગજના નમસ્કાર કરવા જોઇએ. તમારા મારા જેવાઓ માટે એવા પ્રકારનાં કર્તવ્ય ઉપયોગી નથી. શરીર અને સંબંધીઓ વગેરેને માટે કરવા જેવું હોય તે બનતા પ્રયત્ને કરો; પણ તે કર્તવ્યના "બાઉ"થી બીને ન કરો. આપણા જેવાઓએ તો કર્તવ્યના નામનો ભૂત ઉભો કરીને કોઇ આપણને અમુક કાર્ય કરવાની ફરજ પાડી શકે, એ વાત સ્વપ્ને પણ ન લાવવી જોઇએ. આપણે+ આ વાત સદા લક્ષમાં રાખવાની છે કે કોઇએ ફરજ પાડવાથી યા કોઇની બીકથી આપણે કોઇ પણ કામ કરીશું તો તેનું પરિણામ આ-સક્તિમાંજ આવશે; માટે કર્તવ્યનો વિચાર દૂર ફેંકી દઇને આપણું સર્વસ્વ ઇશ્વરમાં

+ અહિં જે કહેવામાં આવે છે તે જીજ્ઞાસુની ઉચ્ચ કોટિવાળાઓ માટેજ હોઈ પામર વિષયી માટે નથી એ ખાસ યાદ રાખવું. મંત્રી સ. સા.

અર્પણ કરો. આપણો દેહ, મન અને આપણું સર્વસ્વ ઇશ્વરના ચરણમાં સમર્પણ કરી દ્યો.

આ કર્તવ્ય બજાવવામાં જગતનાં બધાં કર્તવ્યનો સમાવેશ અને સમાપ્તિ થઇ જાય છે, અને પછી એક પણ કર્મ " કર્તવ્ય " તરીકે કરવાની ફરજ રહેતી નથી. આ સંસારરૂપી દાવાનળમાં કર્તવ્યરૂપી પ્રચંડ અગ્નિ પ્રાણીમાત્રને ભસ્મીભૂત કરી રહ્યો છે, ત્યાં આ બ્રહ્માર્પણરૂપી અમૃતપાન કરો, એટલે એજ અગ્નિ તમારે માટે ચંદ્રના જેવો શીતળ થઇ તમને અનુપમેય સુખશાન્તિ આપશે.

દીર્ઘદૃષ્ટિથી જોતાં ક્રિયામાત્રમાં ખરેખરો કર્તા કારવતા તો જૂદો હોઇને આપણે તો માત્ર તેના ઇચ્છાવાહક સેવકજ છીએ. તેની ઇચ્છાનુસાર વર્તવાથી તેને લગતાં લાભહાનિ અથવા ફળ કે શિક્ષા સાથે આપણને કાંઇ પણ સંબંધ રહેતો નથી. જો તમને ફળની ઇચ્છા હોય તો શિક્ષાને માટે પણ તમારે તૈયારજ રહેવું જોઇએ. શિક્ષામાંથી છૂટવાનો માત્ર એકજ માર્ગ છે કે ફળની લેશમાત્ર પણ ઇચ્છા કે ભાવના ઉત્પન્ન થવા દેવી નહિ; કારણ કે શિક્ષા અને ફળ, સુખ અને દુઃખ, લાભ અને હાનિ એ પ્રત્યેક દ્વંદ્વ એકબીજાની સાથે સજ્જડ જોડાયેલાં હોઇને જ્યાં એક હોય ત્યાં બીજું જવાનુંજ. એ યુગલ કદાપિ વિભક્ત થવાનુંજ નહિ. એક બાજુએ સુખ છે તો બીજી બાજુએ દુઃખ છે; એક તરફ જીવિત છે તો બીજી તરફ મૃત્યુ છે. જો તમારે મૃત્યુની પેલી પારજ સદાના સચ્ચિદાનંદમય જીવનમાં જવું હોય તો હાલના અસત્ય–જડ–દુઃખમય જીવનની આસક્તિનો ત્યાગ કરી દેવો જોઇએ. એવી સ્થિતિમાં જ્યારે તમે પ્રવેશ કરશો ત્યારે હાલનું જીવિત અને મૃત્યુ બેઉ એક સરખાં અથવા એકરૂપજ સમજાવા માંડશે. હાલની પેઠે અહંમમત્વમય જીવન ચાલુ રાખવા છતાં તેને ભય કે દુઃખરહિત કેવળ સુખવાળું અને અચળ બનાવી શકાવાની કલ્પના તો નાનાં બાળકોનેજ માટે ઇષ્ટ છે. જેની દૃષ્ટિ સત્ય જ્ઞાનમય થવા માંડે છે તે તો એ કલ્પનાનો સત્વર ત્યાગ કરીને સુખી થાય છે: માટે કોઇ પણ કાર્ય કરવામાં સ્તુતિ અથવા ફળની લેશમાત્ર આસક્તિ રાખશો નહિ.

કોઇ પણ સત્કાર્યનો આરંભ કર્યો એટલે તેનાથી આપણું ગૌરવ વધશે એવો વિચાર આવવા માંડે છે, એકાદ નિરાશ્રિત ફંડમાં થોડા પૈસા આપ્યા કે, આપણું નામ ક્યાં ક્યાં વર્તમાનપત્રોમાં આવ્યું તેની શોધ આપણે પ્રથમજ કરવાના. આવી ફલેચ્છા અને તૃષ્ણાઓના પરિણામે આપણને દુઃખની પ્રાપ્તિ એક નહિ તો બીજી રીતથી થવીજ જોઇએ. જેઓએ જગત્ ઉપર ઘણાજ મહાન ઉપકાર કર્યા છે એવા અનેક ગુપ્ત મહાત્માઓ થઇ ગયા છે પણ તેઓ પોતાનાં નામ કે નિશાનની લેશમાત્ર પણ પરવા નહિ કરતાં જગતને છોડી ગયા છે. એવા અપ્રસિદ્ધ મહાત્માઓની તુલનામાં બુદ્ધ અને ક્રાઇસ્ટ જેવાઓ પણ ઉતરતી પંક્તિના લેખાય. તેમણે

પોતાનાં નામમાત્ર પણ કોઇની જાણમાં આવવા દીધાં નથી. અનંતકાળ દરમ્યાન પ્રત્યેક દેશમાં એવા સેંકડો મહાત્માઓ થઇ ગયા છે, અને પોતાનું ઇષ્ટકાર્ય કરી ચાલ્યા ગયા છે. તેઓએ પોતાના શાંત અને અપ્રકટ જીવનદ્વારા જગતના ઉપર જે અનંત ઉપકારો કર્યા છે, તેમના અતિ મહાન્ વિચારોજ સમય આવતાં બુદ્ધ અને ક્રાઇસ્ટરૂપે જગત્ આગળ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થયા છે. અસામાન્ય મહાત્માઓ પોતાના જ્ઞાનવડે નામ કે કીર્તિ મેળવવાની લેશમાત્ર પણ ઇચ્છા કરતા નથી; એટલુંજ નહિ પણ તેવી ઇચ્છા કરવાનું જરા પણ કારણ કે વ્યાજબીપણુંજ તેમને ભાસતું નથી. તેઓ પોતાના વિચારો જગત્‌ને માટે છોડી દઇ પોતે તો અલિપ્તજ રહે છે. પોતાની સ્તુતિનો એકાદ શબ્દ સાંભળવો અથવા પોતાના નામનો કોઇ ધર્મ અગર પંથ કાઢવો, એવો વિચાર સરખો પણ તેઓને ઉદ્‌ભવતો નથી. ખરા મહાત્માઓની એવી સ્થિતિ હોય છે. જેઓ નિત્ય શાંત હોય છે, અને સત્ય પ્રેમમાંજ અવસાન મેળવે છે, તેઓજ શુદ્ધ સાત્ત્વિકતાની મૂર્તિ છે. હિમાલયની એક ગુહામાં એવા એક યોગી મહાત્માનાં મને દર્શન થયાં હતાં. એવી અદ્‌ભુત મૂર્તિ મારા જોવામાં કદિ પણ આવી નથી. તેનું પોતાપણું–અહંકાર–એટલેસુધી નષ્ટ થઇ ગયું હતું કે, તેના અંતરમાંથી મનુષ્યભાવનાજ નષ્ટ થઇ ગએલી; અને તેને બદલે સર્વથા ઈશ્વરી અંશજ ભરાઇ ગયેલો કહી શકાય. તેના એકાદ હસ્તને કોઇ પશુ આવીને કરડી ખાય તો તે તુર્તજ પોતાનો બીજો હસ્ત તેની આગળ ધરતો; અને 'પરમેશ્વરની ઇચ્છાજ એવી છે' એમ તે બોલતો. જે જે કાંઇ થાય છે તે સઘળું પરમેશ્વરની ઇચ્છાથી થાય છે, એવો તેનો દૃઢ નિશ્ચય થઈ ગયો હતો. તેનાં દર્શન સાધારણરીતે કોઇને પણ થતાં નહિ, તથાપિ તે પ્રેમ અને જ્ઞાનની કેવળ ચિન્મૂર્તિજ હતા.

એવા સાત્ત્વિક પુરુષોથી કંઇક ન્યૂન સત્ત્વવાળા લોકો ચપળ સ્વભાવના હોય છે, જેઓ સાત્ત્વિક પુરુષોની પાસેથી મેળવેલો જ્ઞાનનો ઉપદેશ–પ્રચાર કરવાનું કામ કરે છે. ઉત્તમ કોટિના મનુષ્યો મહાન્ સદ્‌વિચારોને કેવળ શાંત રીતે એકત્ર કરતા રહે છે; ત્યારે આ દ્વિતીય વર્ગના લોકો જેવા કે–બુદ્ધ અને ક્રાઇસ્ટ તે વિચારોનો સ્થળે સ્થળે પ્રચાર કરે છે અને ધર્મનો વિસ્તાર કરે છે. ગૌતમ બુદ્ધના ચરિત્રમાં " હું પચીસમો બુદ્ધ છું " એમ વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રથમના ચોવીસ બુદ્ધ કોણ હતા, તેઓએ શું કહ્યું છે વિગેરે હકીકત આપણી માનવજાતિને ઉપલબ્ધ નથી; તોપણ તેઓનાજ જ્ઞાનના બળવડે જેની જ્ઞાનરૂપી ઇમારતનો પાયો ચણાયો હતો તે પચીસમો બુદ્ધજ માત્ર આપણા જાણવામાં આવ્યો છે. અતિ ઉચ્ચ કોટિના મહાત્માઓ સર્વદા શાંત અને અજ્ઞાતજ હોય છે. વિચારના સત્ય સામર્થ્યને જાણનારા માત્ર તેજ પુરુષો હોય છે. તેઓને પૂર્ણ ખાત્રી થએલી હોય છે કે, જો

તેઓ કદાચ એકાદ ગુહામાં જઇને માત્ર પાંચજ સત્ય વિચારો કરે અને પછી તે સ્થાનનો ત્યાગ કરે, તોપણ પેલા પાંચ વિચારો ચિરંજીવજ રહેવાના. એવા શુદ્ધ સબળ વિચારતરંગો પર્વતની અનેક ગુહાઓ ફોડીને અને અનેક સમુદ્રો ઓળંગીને અખિલ સૃષ્ટિમાં ફરી વળે છે અને એનો અધિકારી જ્યાં પણ હોય ત્યાં તેના હૃદયમાં અને મસ્તિષ્કમાં ઉંડા પ્રવેશી જઇ તેમને જાગૃત કરી દે છે. પછી તે મનુષ્યો એ વિચારોને પોતાની વાણી અને આચરણમાં વ્યક્ત કરે છે. જગતનું કલ્યાણ કરવામાટે જગ્યાએ જગ્યાએ ફરીને જ્ઞાનનો ઉપદેશ કરવામાં વારંવાર વાદવિવાદ પણ થવાનો, અને અનેક પ્રકારના અંતરાય પણ આવવાનાજ. એમ કરવાને માટે પૂરેપૂરા રજોગુણની અપેક્ષા પણ ખરી; અને એમ થવાથી ઉપદેશ કરનારમાં રહેલું રજસ્ ઘસાતું જઇ સત્ત્વ ખીલતું જાય છે. વળી એ ઉપદેશ–મતભેદ–ચર્ચા–અંતરાય ઇત્યાદિના પ્રતાપથી, ઉચ્ચ કક્ષાના મહાત્માઓના મૂંગા વિચારોને ગ્રહણ નહિ કરી શકે એવા હજારો અને લાખો જીવોને પોતાથી મેળવી અને પચાવી શકાય તે જાતનો ઉન્નતિપ્રદ માનસિક ખોરાક મળ્યા કરે છે. જેમકે બે જૂદા જૂદા વિચાર ધરાવનાર માણસો અમસ્થા બેઠા હશે વા ચાલ્યા જતા હશે તો તેની કોઇને ખબર નહિ પડે; પરંતુ તેઓ ચર્ચા અને વાદવિવાદ કરવા મંડી પડયા હશે તો મોટું લોકોનું ટોળું તેમની આસપાસ “ શું છે, શું છે ” કરતું ભેગું થઈ જશે અને બન્નેનું કહેવું જાણવા મથીને તે વાત આખા ગામમાં ફેલાવી દેશે. અતિ ઉચ્ચ કક્ષાના મહાત્માઓ પોતાની શુદ્ધ સાત્ત્વિક અવસ્થાને લીધે છેક એકાંતમાં અને મૂંગા રહેવા છતાં પણ ઉપલા કરતાં બહુ વધુ પ્રમાણમાં અને ઉચ્ચ પ્રકારની લોકસેવા બજાવી શકતા હોવાથી તેમને પોતાને માટે ઉપર પ્રમાણેનું કાર્ય કરવું ઉચિત અને આવશ્યક હોતું નથી. શંકર, બુદ્ધ, ક્રાઇસ્ટ વગેરે જેવા પુરુષો ગમે તેટલા મહાન્ હોય તો પણ ઉપર કહ્યા તેવા અતિ ઉચ્ચ મહાત્માઓ કરતાં તો તેમનો દરજ્જો નીચોજ છે. આપણા હૃદયમાં રજસ્, તમસના– વિકારનો થોડો પણ અંશ હોયા વગર જગત્માં આવીને કામ કરવું એ શક્ય નથી. કોઇ પણ કર્મ એ નામ પાડ્યું એટલે તેના મૂળમાં સાત્વિક આસક્તિ પણ લેશમાત્ર તો હોવાનીજ. અલબત્ત અમુક કક્ષાએ પહોંચ્યા પછી એવી આસક્તિ અને તેનાં પરિણામ બંધનકારક નહિ થતાં એક ખાસ જૂદીજ વ્યવસ્થાથી તે જગત્માં પરઆર્થ વહેંચાઇ જાય છે; પરંતુ તે દશા આવવા અગાઉ તો પૂર્ણ નિરાસક્તિ આવવાને ખાતર સાત્ત્વિક આસક્તિનું પગથીયું પણ ચડવુંજ પડવાનું. કર્મનો એ એક સાધારણ નિયમજ છે; પરંતુ એકાદ ક્ષુદ્ર વા સામાન્ય કાર્ય કરીને તે બદલ મહત્કીર્તિની અપેક્ષા કરવી એ તો કેવળ મૂર્ખતાજ છે. જેની સત્તા–સિવાય એક તણખલું પણ હાલી શકતું નથી અને જે એક તુચ્છમાં તુચ્છ કીડાની પણ પૂર્ણ કાળજી રાખે છે, એવો જે પરમાત્મા તેની

સંમુખ ઉભા રહીને આપણા ક્ષુદ્ર કાર્યનો ઢંઢેરો પીટાવવો એ શું આપણને શોભે છે ? ખરેખર એમ કરવું એ પરમેશ્વરનો ઉપહાસજ કરવા જેવું છે. "જેવી ઈશ્વરેચ્છા" એટલુંજ કહેવાની આપણી યોગ્યતા છે.

સત્વગુણ પ્રધાન અસામાન્ય પુરુષોને જગત્માં પ્રત્યક્ષપણે કાંઇ પણ કાર્ય કરવું પડતું નથી, કારણ કે તેઓમાં આસક્તિનો કિંચિત્ પણ અંશ રહેલો હોતો નથી. તેઓનું અંતર બ્રહ્મમાંજ લીન થયેલું હોય છે, તેઓની સઘળી ઇચ્છાઓ પણ બ્રહ્મમયજ હોય છે અને સદોદિત બ્રહ્મચિંતન એજ તેઓનો ઉદ્યોગ હોય છે; તેઓને કોઈ પણ કર્તવ્ય કરવાનું અવશિષ્ટ હોતું નથી. આવા ઉત્તમ કોટિના પુરુષો સિવાયના અન્ય સર્વ પુરુષોના ભાગ્યમાં જગત્માં જ્ઞાન પ્રચાર વગેરે બાબતનું સ્થૂળ કાર્ય કરવાનું હોય છે; પરંતુ તેમ કરવામાં તેમણે પણ " આપણે મદદ કરીએ છીએ " એવો વિચારમાત્ર પણ ચિત્તમાં આવવા દેવો જોઇએ નહિ; કારણ કે મનુષ્ય પોતે સ્વતંત્ર રીતે કોઈ પણ મદદ કરવાને શક્તિમાન નથી. વળી આ વિશ્વરૂપી વ્યાયામશાળામાં આપણે કોઇને માટે કાંઇ પણ કરીને આપણને પોતાનેજ મદદ કરીએ છીએ. કર્મનું યથાર્થ રહસ્ય એજ છે. એ રહસ્ય ધ્યાનમાં રાખી કર્મ કરે જઇએ, અને કર્મ કરવાનો એવો વિશિષ્ટ હક્ક પરમેશ્વરની કૃપાથીજ આપણને પ્રાપ્ત થયો છે એવી ભાવના દઢીભૂત થાય એટલે કોઇપણ પ્રકારની આસક્તિ મનમાં જન્મ પામશે નહિ. મારા તમારા જેવા લક્ષાવધિ લોકો પોતાની જાતને આ જગત્માં મહાન્ માને છે, પણ મારૂં કે તમારૂં મરણ થયું કે તુર્તજ પાંચ મિનિટમાંજ મને અને તમને જગત્ ભૂલી જાય છે. માત્ર પરમેશ્વરનુંજ જીવન અનંત છે. જો સર્વશક્તિમાન્ પરમેશ્વરની સત્તા-સ્ફૂર્તિ ન હોય તો એક ક્ષણમાત્ર પણ જીવી શકવાને હું કે તમે શક્તિમાન નથી. સર્વ કરતા-કારવતા તો એજ છે. જગત્માંનું સર્વ સામર્થ્ય પણ તેનુંજ છે, અને તે સર્વ દશ્ય અને અદશ્ય શક્તિઓ પણ તેનીજ છે. તેનીજ ઇચ્છાથી-આજ્ઞાથી વાયુ વાય છે, સૂર્ય પ્રકાશે છે, માણસો જીવે છે અને મૃત્યુ આક્રમણ કરે છે. સર્વ પણ તેજ છે અને સર્વાન્તર્યામી પણ તેજ છે. તેની પૂજા કરવી એટલીજ આપણી યોગ્યતા છે. પૂજાનું ફળ તેનેજ અર્પણ કરો. શુભકર્મો કેવળ તેનેજ માટે અને તેનીજ આજ્ઞાથી કરવાના છે એવી ભાવના દઢ કરો એટલે અનાસક્તિ આપોઆપજ તમારામાં ઉત્પન્ન થશે અને આપણને બાંધી રાખનારાં સર્વ બંધનો તુટી જઇને આપણે મુક્ત બની રહીશું કે જે મુક્તિ મેળવવાનું કર્મયોગનું સાધ્ય છે.

कर्मयोग-प्रकरण ८ मुं

કર્મયોગનો આદર્શ

વેદાન્તની આ એક અતિ ઉચ્ચ અને વિશાળ કલ્પના છે કે મનુષ્ય ભિન્ન ભિન્ન માર્ગનું અવલમ્બન કરવા છતાં પણ સર્વનું પ્રાપ્તવ્ય સ્થાન-પહોંચવાનું ઠેકાણું એકજ છે. એ માર્ગ સામાન્યતઃ ચાર પ્રકારના છે. કર્મયોગ, ભક્તિયોગ, રાજયોગ અને જ્ઞાનયોગ. આ વાત દરેકે ધ્યાનમાં રાખવી જોઇએ કે, એ ચાર માર્ગ ભિન્ન ભિન્ન પ્રકારના છે, તોપણ તેઓને પરસ્પર કાંઇ સંબંધ નથી એમ નથી. તેઓના નામમાં જેટલી ભિન્નતા દેખાય છે તેટલી તેના પ્રત્યક્ષ આચારમાં નથી હોતી. એમાં બહારની કંઇક વધારે ભિન્નતા દેખાય તોપણ તત્ત્વતઃ તેઓમાં અત્યંત નિકટનો સંબંધ છે. તેઓ પૈકી જે માર્ગમાં જે સ્થૂળ વ્યવહારની અધિકતા દેખાય છે તે ઉપરથી તે માર્ગને એકાદ વિશિષ્ટ નામ આપવામાં આવ્યું હોય છે પણ તેથી કરીને એ માર્ગમાં ઇતર માર્ગનું કોઇ પણ તત્ત્વ અંતર્ભૂત નથી એમ નથી. કોઈ મનુષ્ય કર્મયોગી હોય એટલે પછી તે જ્ઞાની ન હોય અથવા ન થાય એમ નથી. કોઇ મનુષ્ય ભક્ત હોય છતાં તે રાજયોગી પણ હોઇ અથવા થઈ શકે છે. કોઇ મનુષ્ય જ્ઞાની હોઇને ભક્ત પણ હોય. કોઇમાં એક માર્ગનું સ્વરૂપ વિશેષ દેખાતું હોય, તે ઉપરથી તેને અમુક માર્ગનો આપણે કહીએ છીએ એટલુંજ. એ ચારે માર્ગ આરંભમાં જૂદા દેખાય છે; પરંતુ તેઓનું લક્ષ્ય એકજ હોઇને આગળ જતાં તે માર્ગો એક બીજાની સમીપમાં આવવા માંડે છે, અને છેવટે એકરૂપ અને એકજીવ થઈ જાય છે, તેવીજ રીતે જગતના સર્વ ધર્મ અને પંથોનું પર્યવસાન છેવટે એકજ લક્ષ્યમાં થાય છે.

તે લક્ષ્ય શું છે, તેનો ઉલ્લેખ મેં પૂર્વે કર્યો છેજ. મુક્તિ એજ તે સર્વનું સાધ્ય છે. જગત્માં સર્વ વસ્તુઓ માત્ર મુક્તિનેજ માટે પ્રયત્ન કરી રહી છે. સૂક્ષ્મ પદાર્થથી લઇને તે મનુષ્યપર્યંત અને જડ પદાર્થથી લઇને તે જગત્માંના અતિ ઉચ્ચ એવા જીવાત્મા સર્વનો પ્રયત્ન જાણતાં કે અજાણતાં માત્ર મુક્તિ મેળવવાને માટેજ છે. મુક્તિ મેળવવાના પ્રયત્નોના પરિણામરૂપજ આ સઘળું વિશ્વ છે. જગતમાંનો પ્રત્યેક અણું એક બીજાથી મુક્ત થવાને માટેજ પ્રયત્ન કરી રહ્યો છે; પરંતુ ઇતર પરમાણુઓ તેને અટકાવીને પકડી રાખે છે. આપણી પૃથ્વી પણ સૂર્યના સપાટામાંથી છૂટીને આગળ જવાનો પ્રયત્ન કરી રહી છે, અને ચંદ્ર પણ પૃથ્વીના પાશમાંથી છૂટવાને માટે પ્રત્યેક ક્ષણે પ્રયત્ન કરી રહ્યો છે. વિશ્વની પ્રત્યેક વસ્તુમાં આસપાસનાં બંધનો છોડીને અનંત તત્ત્વમાં જઇ ભળવાનો સ્વભાવ હોય છે. જાણે કે અજાણે પરંતુ કેવળ એજ ઉદ્દેશથી પ્રેરાઇને સત્પુરુષો ઇશ્વરની ભક્તિ કરે છે અને ચોર લોકો ચોરી કરે છે.

બંનેમાં કર્મનો મૂળ હેતુ તો એકજ છે; પરંતુ એ હેતુને સિદ્ધ કરવાનો માર્ગ જેનો અયોગ્ય હોય છે તેને આપણે દુર્જન અથવા પાતકી એવું નામ આપીએ છીએ, અને યોગ્ય માર્ગ લેનારને આપણે સજ્જન અથવા પુણ્યાત્મા કહીએ છીએ. માર્ગ યોગ્ય કે અયોગ્ય હોય પણ હેતુ તો બંનેનો માત્ર મુક્તિનોજ હોય છે. બંને જણુ બંધનોથી કંટાળેલા હોઈ તેમાંથી છૂટવાને મંથન કરી રહ્યા છે. જેને એ બંધનો વિષેનું ખરૂં જ્ઞાન પ્રાપ્ત થયું હોય છે તે તેમાંથી છૂટવાને માટે ઈશ્વરારાધન વગેરે ખરા માર્ગો લે છે; અને " પોતાની પાસે જગતના અમુક પદાર્થો નહિ હોવાથી પોતે બદ્ધ–દુ:ખી છે" એવી અયોગ્ય માન્યતામાં પડીને એવી નિર્ધન સ્થિતિથી કંટાળેલો મનુષ્ય તે વસ્તુઓ મેળવવાને માટે ચોરી વગેરે અયોગ્ય માર્ગ ગ્રહણ કરે છે.

'મારી પાસે અમુક વસ્તુ નથી' એ વિચારજ અહિંઆં બંધન–દુ:ખરૂપ છે, અને તેથી તે વસ્તુ પ્રાપ્ત થાય એટલે તે પાશમાંથી મુક્ત થવાય, એ ભાવનાથીજ ચોર ચોરી કરે છે. આ પ્રમાણે ખરી કે ખોટી સમજણથી ખરે કે ખોટે માર્ગે જગતના સમગ્ર જડ અને ચેતન પદાર્થો મુક્તિનેજ માટે મહેનત કરી રહ્યા છે. એટલું તો ખરૂં કે " આપણે મુક્તિનેજ માટે પ્રયત્ન કરી રહ્યા છીએ " એવું જ્ઞાન કેટલાકને હોય છે અને કેટલાકને બીલકુલ નથી હોતું; અને એજ કારણને લીધે બંનેના માર્ગ જૂદા પડી જઈને અંતિમ પરિણામ પણ વિપરીતજ આવે છે. "આપણી વાસ્તવિક ઇચ્છા શું છે અને તે પૂર્ણ કરવાને માટે કયો માર્ગ યોગ્ય છે " તેનું બરાબર જ્ઞાન જેને થયું છે એવા સાધુ પુરુષો યોગ્ય માર્ગપર આરૂઢ થઈ, છેવટે સદાને માટે અનિર્વાચ્ય ચૈતન્ય અને આનંદની સ્થિતિ પ્રાપ્ત કરે છે. જ્યારે ચોરને પોતાની વાસ્તવિક ઇચ્છા અને તેને પૂરી કરવાના સત્ય ઉપાયનું જ્ઞાન નહિ હોવાથી તે વિપરીત માર્ગનું અવલંબન કરીને ઉલટો વધારે બંધનમાં સપડાય છે. એટલા માટે આપણને શાની જરૂર છે અને તે મેળવવાનો યોગ્ય માર્ગ કયો છે તેનું બરાબર જ્ઞાન મેળવવું એ પ્રત્યેક મનુષ્યને માટે આવશ્યક છે.

જગતમાં ચાલતી સર્વ ધડભાંગ મુક્તિના પ્રદેશ પ્રતિ જવાને માટેજ છે. સર્વ ધર્મો એજ તત્ત્વને સૂચિત કરી રહ્યા છે. પ્રત્યેક ધર્મમાં સૂચિત કરેલાં નીતિતત્ત્વો અને સ્વાર્થત્યાગનું મૂળતત્ત્વ પણ આજ છે. જીવાત્માને અનેક જન્મથી લાગેલો દેહાધ્યાસ દૂર થઈને તે મુક્ત થાય, એટલા માટે દરેક ધર્મનો અવતાર થએલો છે. જે સમયે કોઈ મનુષ્યને આપણે કાંઇ સત્કર્મ કરતા અથવા બીજાનું ભલું કરતા જોઇએ છીએ તે સમયે તેની બુદ્ધિ " હું " અને " મારૂં " એ સંકીર્ણ પ્રદેશને ઓળંગીને કાંઇક આગળ ગયેલી હોય છે એમ આપણને સ્પષ્ટ સમજાય છે. આમ છતાં પરોપકારમાં દેખાઇ આવતો એ સ્વાર્થત્યાગ ગમે તેટલો મોટો હોય તોપણ એજ છેવટનું પગથીયું નથી, એ વાત અવશ્ય ધ્યાનમાં રાખવા જેવી છે. પરહિતને

ખાતર પ્રાણનું દાન આપવામાં પણ ઘણીવાર કીર્તિ મેળવવાનો સ્વાર્થ હોવાનો સંભવ છે; ત્યારે ખરૂં અંતિમ સાધ્ય તો એજ છે કે "હું" અને "મારૂં" એ ભાવનાનો સંપૂર્ણ નાશ થાય. સર્વ ધર્મો અને નીતિશાસ્ત્રોનો એજ વાત સમજાવવા તરફ ઝોક છે. મનુષ્યને એવો પૂર્ણ ત્યાગ કરી શકયા પછી તેની સ્થિતિ કેવા પ્રકારની થતી હશે ? એ પ્રશ્નનો ઉત્તર એ છે કે, એવો મનુષ્ય અમુક નામ અને આકારવાળો મટીને તે વિશ્વવ્યાપી બની જાય છે. સંકીર્ણને બદલે અનંત, અનિત્યને બદલે નિત્ય, દુઃખરૂપને બદલે સુખરૂપ બની જાય છે. વિશ્વમાં જે કાંઇ દૃશ્ય અદૃશ્ય વસ્તુસ્થિતિઓ છે અને કલ્પી શકાય તેમ છે તે સર્વ તે પોતેજ છે. એવો મોટો તે બની જાય છે. "હું" અને "મારૂં" માનવાવાળી તેની ક્ષુદ્ર બુદ્ધિ એકવાર અનંત તત્ત્વમાં ડૂબી એટલે પછી તેનો પત્તો ન લાગતાં અનંતરૂપજ બની જાય છે. સર્વ ધર્મ, સર્વ નીતિશાસ્ત્રો અને સર્વ તત્ત્વશાસ્ત્રો એજ સાધ્યને સાધવાનો ઉપદેશ કરી રહ્યાં છે. એ સ્થિતિનું વર્ણન સાંભળીને દેહાધ્યાસરૂપી પિશાચે પૂર્ણ પછાડી નામેલો કોઇ મનુષ્ય તો ભયભીતજ બની જાય છે; પરંતુ જગત્‌માં ઘણીવાર એવી કોટિનાજ મનુષ્યો નીતિતત્ત્વોનો ઉપદેશ કરતા જણાય છે; પરંતુ એમ કરવામાં પણ અજાણપણે તેઓ એજ સાધ્યનો ઉપદેશ કરતા હોય છે. એવા દેહાધ્યાસવાળા મનુષ્યે એવી એકાદ બાબતમાં સ્વાર્થત્યાગરૂપ નીતિનું પાલન કર્યું, તેથી કાંઇ નીતિની સર્વ સીમાને તે પહોંચી શકતો નથી; એટલુંજ નહિ પણ એવી પૂર્ણ સીમા નક્કી કરવા જેટલી અક્કલ પણ તેનામાં આવવી શકય નથી. નીતિશાસ્ત્રનું પૂર્ણ જ્ઞાન મેળવવું હોય તો પણ વિશ્વરૂપે થતાં સુધી વચમાં કયાંય પણ અટકવું પરવડે તેમ નથી; એટલાજ માટે અમે કહીએ છીએ કે દેહાધ્યાસ ત્યજીને વિશ્વરૂપ થવું એજ છેવટની પાયરી છે. પછી તે પાયરી કોઇ પણ માર્ગે સિદ્ધ કરવામાં આવે તે પ્રશ્ન મહત્ત્વનો નથી. અમારા અને દેહાધ્યાસીઓના નીતિમાર્ગમાં ફરક એટલોજ છે કે તેમનામાં પોતાની વિવેકબુદ્ધિને છેવટસુધી વળગી રહેવાની હિમ્મત હોતી નથી, અને તેમનીજ બુદ્ધિએ તેમને દર્શાવેલા અંતિમ સાધ્યને જાણીને તેમને ભય થાય છે.

જે મુક્તિને માટે સર્વ જગત્ અનેક પ્રકારની ધડભાંગ કરી રહ્યું છે, તે મુક્તિનો માર્ગ દર્શાવવો એજ કર્મયોગનું લક્ષ્ય છે; અને સ્વાર્થને વિસારીને અનાસક્ત મનથી કર્મ કરવાથી મોક્ષ મળે છે એમ કર્મયોગનું કથન છે. એકંદરે વિવેચનનું તાત્પર્ય એજ છે કે સ્વાર્થપ્રેરિત કર્મ આપણને આપણા સાધ્ય મોક્ષથી દૂર લઇ જાય છે અને અનાસક્તપણે કરાયેલું પ્રત્યેક કર્મ આપણને આપણા સાધ્યની નિકટ લઇ જાય છે. આથી કરીને નીતિ અને અનીતિની વ્યાખ્યા તો એજ છે કે, સ્વાર્થપ્રેરિત કર્મ અનીતિવર્ધક છે અને નિસ્વાર્થપણાનું કર્મ નીતિવર્ધક હોય છે. અનીતિવર્ધક અને નીતિવર્ધક કર્મોની વ્યાખ્યા આટલી સરળ છે ખરી; પરંતુ તે કર્મોનું

પ્રત્યક્ષ વ્યાવહારિક સ્વરૂપ નક્કી કરવું એટલું સરળ નથી. કારણ કે મેં પૂર્વે કહ્યા પ્રમાણે જનસમાજ તેને માટે એકમત નહિ હોઇ એનું ભિન્ન ભિન્ન સ્વરૂપ માને છે. વળી અમુક સંજોગોમાં ને અમુક સમાજમાં જે પ્રકારનું કર્મ નિઃસ્વાર્થી ગણાતું હોય તેજ કર્મ બીજા સમાજમાં કે બીજા સંજોગોમાં કેવળ સ્વાર્થી ગણાય છે; માટે અમુક કર્મ સ્વાર્થી અને અમુક નિઃસ્વાર્થી છે એમ નિશ્ચયપૂર્વક કહેવું સંભવિત નથી અને તેથીજ એવાં કર્મોની એક સર્વસામાન્ય વ્યાખ્યા કહેવામાં આવી છે. દેશ, કાળ અને પરિસ્થિતિને અનુસરીને વિહિત કર્મ કયાં અને અવિહિત કર્મ કયાં તે દરેકે પોતાની મેળેજ મુકરર કરવાં જોઇએ. અખિલ જગતનો અંતિમ હેતુ મુકિતજ છે, અને નિઃસ્વાર્થતાવૃત્તિથી કર્તવ્ય કરવાં એજ મોક્ષનો માર્ગ છે. નિઃસ્વાર્થતાપૂર્વકના પ્રત્યેક વિચાર, પ્રત્યેક શબ્દ અને પ્રત્યેક કર્મ આપણને મુકિતની સમીપ લઈ જાય છે, અને એટલાજ માટે તે નીતિવર્ધક કહેવાય છે. પ્રત્યેક ધર્મ અને પ્રત્યેક નીતિશાસ્ત્રના વિવેચનમાંથી નીતિની એજ વ્યાખ્યા ફલિત થતી હોય એમ આપણને વિચાર કરતાં માલુમ પડશે. કોઇ પૂછે કે નીતિ એવીજ શામાટે હોવી જોઇએ અને મનુષ્યોએ એજ પ્રમાણે શામાટે કરવું જોઇએ ? એનો ઉત્તર એજ કે “ પરમેશ્વરની એવી આજ્ઞા છે. ” કેટલાક ગ્રંથમાં પણ નીતિ એ પરમેશ્વરની આજ્ઞા છે એમ પ્રતિપાદન કરેલું છે. નીતિવિષયકવિચારોની ઉત્પત્તિનું મૂળસ્થાન ગમે તે હોય તોપણ તેના અંતરમાં “ નિઃસ્વાર્થ ” એજ તત્ત્વ અંતર્હિત હોય છે. નીતિ અથવા ધર્મદૃષ્ટિથી આ સિદ્ધાંતનું ઉચ્ચપણું આટલું સ્પષ્ટ છે, તોપણ “તું પોતાને વિસરી જા ” એટલું કહેતાં વારમાંજ કેટલાક લોક ગભરાઇને ભયભીત થઇ જાય છે ! આવા ક્ષુદ્ર અહંભાવની સાથે મડાગાંઠ પાડી બેઠેલા મનુષ્યને તમે પૂછશો કે, જે મનુષ્ય પૂર્ણ નિઃસ્વાર્થી છે, જેને પોતાના વિષે જરા પણ વિચાર નથી, જે પોતાને માટે કાંઇ પણ કર્મ કરતો નથી કે પોતાને માટે એક શબ્દ પણ બોલતો નથી, તે મનુષ્યને માટે “પોતે” એ શબ્દ કયાં રહ્યો ? તે જ્યાંસુધી અહંભાવનાથી વિચાર કરે છે, પોતાને માટેજ કૃત્ય કરે છે અને પોતાને માટેજ બોલે છે; ત્યાંસુધીજ તેના મનમાં પોતાપણું–અહંભાવ–હોઇ શકે છે; પરંતુ જયારે તે બીજાઓ માટે, જગત્ વિષે અને સર્વને વિષે વિચાર કરવા લાગ્યો એટલે તેનો અહં–મમભાવ કયાં રહ્યો ? તે તો તેનામાંથી સર્વથા સદાને માટે પ્રયાણુજ કરી ગયો. એટલે કે એક શરીર કે કુટુંબમાંથી વધીને અનેક શરીર અને કુટુંબવાળો બની ગયો. કહ્યું છે કેઃ—

अयं निजः परो वेति, गणना लघुचेतसाम् ।
उदारचरितानांतु, वसुधैव कुटुंबकम् ॥

આવી રીતે ધર્મશાસ્ત્ર અને નીતિતત્ત્વોનું ઐક્ય કર્મયોગમાં થતું હોઇને “નિષ્કામપણે સત્કર્મ કરીને મુક્તિ મેળવો ” એવો તેઓનો ઉપદેશ છે. કર્મયોગીએ કોઈ

પણ એકજ મતપંથના ઉપર વિશ્વાસ રાખવો જોઇએ એમ નથી; કિંબહુના, પરમેશ્વરનું અસ્તિત્વ તેને માન્ય ન હોય તો પણ ચાલી શકે. આત્મા કોણ છે અને પરમાત્મા કોણ છે ઇત્યાદિ પ્રમેયોની ઘડભાંગ કરવા બેસવાનું પણ તેને પ્રયોજન નથી. આ સાડાત્રણ હાથનો દેહ તેજ હું અથવા એ દેહમાં સમાઈ ગયો છું, તેજ હું છું, એ ભૂલ ભાગીને પોતાનું ખરૂં સ્વરૂપ જાણવા-અનુભવવાનો માર્ગજ એવા કર્મયોગીનો નિરાળો હોય છે. એવા કર્મયોગીએ પોતાનો આખો માર્ગ પોતેજ વટાવવો જોઇએ. જીવનની પ્રત્યેક ક્ષણમાં તેણે સ્વાર્થ વિસારવાનો પ્રયત્ન કરવો જોઇએ. જે પ્રમેયો બુદ્ધિની અનેક આંટીઘૂંટીથી અને લાંબા પ્રયાસથી સમજી શકાય છે, તેજ પ્રમેયો કર્મયોગીને કર્મો કરીને પ્રત્યક્ષ અનુભવવાનાં હોય છે. તેને કોઇ પણ પંથ, ધર્મ કે મતની મદદ હોવાનો સંભવ નથી. અનન્ય ભક્તિવડે ભક્તને અથવા અત્યુચ્ચ જ્ઞાનવડે જ્ઞાનીને જે સાક્ષાત્કાર થાય છે તેજ સાક્ષાત્કાર કર્મયોગીને કર્મવડે થાય છે.

હવે એક બીજો પ્રશ્ન આવીને ઉભો રહે છે. કર્મ એટલે શું ? જગતનું હિત કરવું એટલે શું ? આપણા હાથે તે જગતનું શું કલ્યાણ થઇ શકવાનું હતું ? એ પ્રશ્નપરંપરાનો ઉત્તર કેવળ નિરપેક્ષ-પરમાર્થદૃષ્ટિથી આપવામાં આવે તો "નહિ" અને સાપેક્ષદૃષ્ટિથી આપવામાં આવે તો 'હા' એજ આપી શકાય. ખરૂં છે કે આ જગતમાં ગુણ ને અવગુણ, સજ્જનો અને દુર્જનો વગેરે દ્વંદ્વો પ્રથમથીજ ચાલ્યાં આવે છે. અનેક અવતારો, પેગંબરો, મહાત્માઓ અને ઉપદેશકો વગેરે થઇ જવા છતાં પણ જગત્‌માંથી એ વિષમતા દૂર કરી શકાઇ નથી; *માટે જગત્‌ને-એક સરખી ઉચ્ચતાએ પહોંચાડી દેવાના તરંગમાં આપણે પડી જઇએ તો તે બાલિશતાજ છે, કેમકે વિષમતા તો પ્રાણીઓમાં જન્મથીજ હોય છે. આ જગતની ઉત્પત્તિ અને સ્થિતિનું કારણ પણ સત્ત્વ-રજસ્-તમસ્‌ની વિષમતાજ છે. મનુષ્યમાત્રના સ્વભાવ અને બંધારણમાં એક બીજા કરતાં કેટલીક વિષમતા જન્મથીજ નહિ પણ ગર્ભાવસ્થાથીજ ગોઠવાઇ ચૂકેલી હોય છે. અહીંના (અમેરિકાના) ઈંડિયન લોકો હજારો વર્ષથી અહીંનાજ રહીશ છે. તેમના આ દેશમાં તમારા (ગોરા લોકોના) પૂર્વજો ગણીગાંઠી સંખ્યામાં આવ્યા હતા, છતાં તેઓએ અહીં કેટલો બધો આકાશપાતાળ

* પરંતુ આ ઉપરથી એમ નથી સમજવાનું કે એ પેગંબરો વગેરેના અતિ ઉચ્ચ નિઃસ્વાર્થ યત્નો વૃથા ગયા છે, અને તેમના પુરુષાર્થનો લાભ મેળવવા છતાં પણ તેના તેજ લાભ મેળવનારાઓ કશો પણ ફાયદો ન મેળવતાં અત્યારમાં પણ તેવા તે તેવાજ આ જગતમાં છે. ગંગાને સો વર્ષપર હતી તેવીજ કહેવામાં તેના કિનારા તેમજ પ્રવાહ વગેરે તેવાજ પ્રકારનું છે એજ દર્શાવવાની મતલબ હોય છે. બાકી પાણી તો ક્ષણે ક્ષણે કરોડો મણ જાય છે ને તેને ઠેકાણે નવુંજ આવ્યા કરે

જેવો ફેરફાર કરી નાખ્યો ? સર્વ મનુષ્યો સમાન શક્તિવાળાં હોય તો એ ઇંડિયનોજ એટલો બધો ફેરફાર કે સુધારો કરીને શહેરો કેમ બાંધી શક્યા નહિ ? તમારા પૂર્વજોની સાથે આ દેશમાં એક જૂદાજ પ્રકારની મસ્તિષ્કશક્તિ આવી હતી. તેઓના નિરાળાજ પૂર્વ સંસ્કારો તેઓની સાથે અહિં આવ્યા હતા; અને અહિંયાં અનુકૂળ ભૂમિ પ્રાપ્ત થતાંજ, તે સંસ્કારો દશ્ય સ્વરૂપમાં આવ્યા અને ઝુંપડાંઓને બદલે ઇંદ્રભુવનો અને વનોનાં ઉપવનો બની ગયાં. કહેવાની મતલબ એજ છે કે જ્યાંસુધી આ જગત્ ચાલે છે ત્યાંસુધી તેમાંથી વિષમાવસ્થાનો કદિ પણ નાશ થઇ શકે તેમ નથી, અને જગત્‌માં સર્વત્ર સમતા ઉત્પન્ન કરીને જગત્‌ને સુખી કરવાના આપણા પ્રયત્નો માત્ર પ્રલયકાળ સમયેજ સિદ્ધ થઈ શકે તેમ છે !

પરંતુ તે છતાં પણ શુભ કલ્પનાથી પ્રેરિત અનેક પ્રકારનાં મહત્ત્વનાં લોકહિતાવહ કાર્યો જગત્‌માં ચાલ્યા કરે એ પણ ઉપકારજ છે. જગત્‌ની (ત્રિગુણની) સમાન–અદશ્યાવસ્થામાંથી તેને દશ્ય સ્વરૂપમાં આવવાને માટે જેમ વિષમતાની–અસમાનતાની જરૂર છે; તેવીજ રીતે જગતની સ્થિતિને માટે તે વિષમતાને મર્યાદિત રાખવાના પ્રયત્નોની પણ જરૂર છે, અને આવા માર્ગે પ્રયત્ન કરીને મનુષ્ય પોતાના મૂળ સચ્ચિદાનંદસ્વરૂપને પ્રાપ્ત કરી શકે છે. માટે જગતને વધારે વિષમ થતું અટકાવવાના તેમજ પોતાના મૂળસ્વરૂપ તરફ વાળવાના પ્રયત્નોની તેમજ જગત્‌ની સ્થિતિ બદલવા મથનારા અને તે સ્થિતિ કાયમ રાખવા ઇચ્છનારા એવા બંને પ્રકારના મનુષ્યોની જગત્‌માં એકસરખી જરૂર છે. આ બન્ને પૈકી જે એક પ્રકારની ઇચ્છા જેના અંતઃકરણમાં પ્રબળ હોય છે, તદનુરૂપ હેતુ તેના મનમાં ઉત્પન્ન થાય છે, અને તે હેતુને અનુસરીને તે મનુષ્ય કર્મમાં પ્રવૃત્ત થાય છે. જગત્‌નું જ્યાંસુધી અસ્તિત્વ છે, ત્યાંસુધી એ બન્ને પ્રકાર કાયમજ રહેવાના અને બન્ને પ્રકાર કાયમ છે ત્યાં સુધી જગતનું અસ્તિત્વ પણ હોવાનુંજ; એવો એ પરસ્પરાવલંબી સંબંધ છે.

આ સંસારરૂપી મહાન્ ચક્રમાં બીજાં અનેક પ્રકારનાં પેટાચક્રો એવી અટપટી રીતે ગુંથાયલાં છે કે, આપણો હાથ તેના ઉપર પડતાંજ આપણને તેના સપાટામાં

છે. જગત્ અને તેમાં રહેનારા મનુષ્યોનું પણ તેવુંજ છે. એનાં એજ મનુષ્યો ફરીને એના એજ દેશમાં પણ જન્મે ખરાં, પરંતુ આગલા જન્મમાં જેવાં હોય તેવાં ને તેવાંજ નવા જન્મમાં તેઓ નથી હોતાં. આગલા જન્મમાં મેળવેલાં પુણ્યપાપ, ઉપદેશ વગેરેને અનુસરીને તેઓ કાંઇ પણ સત્ત્વવૃદ્ધિને પામેલાં–સુધરેલાંજ હોય છે. જનસેવામાં માંડમાંડ જીવ પરોવી શકતા હોય તેવા માણસોનું ચિત્ત ઉપર જણાવ્યા જેવા વાંચનથી પાછું પડીને સ્વાર્થમાંજ ન ડૂબ્યું રહે એટલા માટે સ્વામી વિવેકાનંદનું ઉપર જણાવેલું કથન માત્ર સંક્ષેપમાંજ આપીને તેને માટે આટલી ટિપ્પણી જરૂરની ધારી છે.

મંત્રી સ. સા.

લઇને તે આપણો દાળોવાટોજ કરી નાખશે. આપણે સર્વ એમ ધારીએ છીએ કે, કરવા ધારેલું અમુક કર્તવ્ય કરી રહીશું, એટલે આપણને વિશ્રાંતિ મળશે; પરંતુ તે કાર્ય અડધું થયું ન થયું એટલામાં તો બીજું કર્તવ્ય તૈયાર થઇને વાટજ જોઈ રહેવાનું ! આપણે બધા એ પ્રચંડ સંસારચક્રના સપાટામાં સપડાયલા છીએ. એમાંથી છૂટવાના માત્ર બેજ માર્ગ છે. પહેલો માર્ગ એ છે કે, એ ચક્ર સાથે બિલકુલ સંબંધજ બંધાવા દેવો નહિ; એટલે સર્વ વાસનાઓનો ત્યાગ એક સાથેજ કરી નાખવો-આ માર્ગ બોલવામાં ઘણોજ સહેલો છે, પરંતુ આચારમાં મૂકવો લગભગ અશક્ય જેવો છે. કરોડો મનુષ્યોમાંથી કોઇ એકમાંજ એવા સાચા ત્યાગી બનવાની યોગ્યતા હોય છે. બીજો માર્ગ એવો છે કે, સંસારમાં રહીને કર્મરહસ્ય શીખવું, અને કર્મયોગનો ઉદ્દેશ એજ શિક્ષણ આપવાનો છે. સંસારના ચક્રની અંદર ને અંદરજ મચ્યા રહેવું; અને અનેક પ્રકારના અનુભવો મેળવીને સંસાર કેવો છે તેનું રહસ્ય જાણવું. આ પ્રમાણે તેનું તત્ત્વ બરાબર સમજાઈ ચૂક્યું એટલે પછી આપોઆપજ તેમાંથી બહાર નીકળવાની વૃત્તિ અને માર્ગ ખુલ્લા થઇ જશે, કેમકે બહાર નિકળવાનો માર્ગ પણ એ સંસારરૂપી ચક્રની અંદર હોય છેજ.

કર્મ એટલે શું ? એ હવે આપણે સમજી ચૂક્યા છીએ. જગતનું અસ્તિત્વજ કર્મ ઉપર અવલંબિત છે એ પણ આપણે સમજી ચૂક્યા છીએ અને જગતને સર્વત્ર એક સરખું બનાવી દેવાની આશા રાખવી એ મૂર્ખતા છે. ઈશ્વરના અસ્તિત્વમાં સાચો વિશ્વાસ ધરાવનાર મનુષ્યને આ વાત પણ સત્વર સમજાઇ જાય છે કે, ઈશ્વર કાંઇ અપૂર્ણ અથવા તો લૂલો કે લંગડો નથી કે, જેથી તેને પોતાના જગત્‌ને બીજાની મદદ ઉપર મૂકી દેવું પડે. માટે જગત્‌ની સેવા કરવામાં " આપણા વિના જગત્ અટકી પડયું છે માટે અમુક કામ આપણે કરીશું તોજ થશે, " એવું મિથ્યાભિમાન જરા પણ રાખવા જેવું નથી. પણ આપણને મોક્ષ મેળવવાની ઇચ્છા થઇ છે. અનેક વસ્તુસ્થિતિઓ અને પરાધીનતાઓમાંથી છૂટીને સચ્ચિદાનંદ પદરૂપ મોક્ષને મેળવવાની મહેચ્છાને પાર પાડવા માંટેજ જગત્‌ની સેવા આપણે કરવાની છે. જેમ કોઈ માણસ ઠાકોરજીને થાળ ધરાવે છે અથવા કોઇ ભકત પોતાનું સ્વત્વ પ્રભુચરણમાં અર્પે છે, તે કાંઇ પ્રભુ ભૂખ્યા છે અથવા પ્રભુમાં ઓછપ છે, તેટલા માટે નહિ પણ એ પ્રમાણે કરવાથી પ્રભુનું સર્વસ્વ પોતાનું બની જવા રૂપ ઘણોજ મોટો અનુપમ લાભ મળવાનો છે તેટલા માટેજ કરે છે. એજ પ્રમાણે પરોપકાર કરવાનો તે પણ પોતાના તનમનધનરૂપ તુચ્છ પદાર્થોનો તે માર્ગે ઉપયોગ કરવાના બદલામાં આપણને મોક્ષરૂપ કોટિગણું ફળ મળે છે તેટલા માટેજ કરવાનો છે. આવા ફળની આકાંક્ષા " ફળાકાંક્ષા " નથી ગણાતી, સંસારના માયિક પદાર્થો અને કીર્તિ વગેરેની લાલસાનેજ કામના—આસક્તિ વગેરે નામ અપાઈ તેવી કામનાનેજ

ત્યજવાનું શાસ્ત્રો અને મહાત્માઓ ઉપદેશે છે. આ પ્રમાણે સામાન્ય જનવર્ગમાટે સ્વાર્થત્યાગ અને પરસેવાનો જે એક માત્ર રસ્તો આ સંસારચક્રથી છૂટીને મોક્ષ મેળવવા માટેનો છે, તે રસ્તે કેવી રીતે જવું અને તેમાં કેવી રીતે આગળ વધવું તથા કયે દરવાજેથી કેવી રીતે એ ચક્રમાંથી નીકળી જવું એને લગતો અનુભવસિદ્ધ માર્ગ દર્શાવવો એ "કર્મયોગ" નું કામ છે. "નિષ્કામકર્મ" એ કર્મયોગનું મુખ્ય રહસ્ય છે અને એ પૂર્ણ નિષ્કામતા પણ આપણી વર્તમાન સ્થિતિ મુજબનાં કર્મો વિવેકબુદ્ધિપૂર્વક કરવાથી મેળવી શકાય છે.

"જગત્‌માં કલ્યાણ કરવાની બહુજ જરૂર છે અને તે કરીને લોકોને મારે સુખી કરવા છે," એવી સમજણ અને અભિમાન શ્રેષ્ઠ કોટિવાળાને તો ઉપલાં કારણોને લીધે જરા પણ ગમેજ નહિ; પરંતુ સામાન્ય યા કનિષ્ટ કોટિવાળા પુરુષોને આળસમાંથી ક્રિયામાં જોડવામાટે તેમજ પૂર્ણ સ્વાર્થપણામાંથી કાંઇ પણ સ્વાર્થત્યાગ તરફ વળવાનો માર્ગ ખુલ્લો કરી આપવા માટે, એવી સમજણ અને અભિમાન તેવા અધિકારીઓમાં જગાડવું અવશ્ય ઉપકારક થઈ પડે છે; પરંતુ એની સાથે આ પણ ખરૂં છે કે, ખરાબ કામો પણ એ મિથ્યાભિમાન અને સમજણના દુરુપયોગને લીધે ઘણાંય થઇ જાય છે. પોતાનો ધર્મ મનાવવા બળાત્કાર કરવો, ખૂન કરવાં, લડાઇઓ લડવી વગેરે અધમ પાપો પણ એવા માણસોના પ્રતાપે જગત્‌માં અનેકવાર અનેક રીતે થયા કરે છે.

મુક્ત થવાની જે લાલસા પ્રત્યેક પ્રાણિપદાર્થમાં સ્વભાવથીજ રહેલી છે; તે ઇચ્છા એવી બળવાન છે કે, પ્રાણીથી સ્વસ્થ બેસી શકાય તેમજ નથી. આમ છે તો પછી કર્મયોગ પૂછે છે કે તમારે માટે કર્મ કરવામાં બહારની શકિત યા મદદની જરૂરજ શામાટે હોવી જોઇએ? સાંસારિક ભ્રમણાઓથી અને કદિ પણ ખૂટે કે પૂરી પડે નહિ એવી લૌકિક કામનાઓથી પર થઇને કર્મ કરો. એ પ્રમાણે કરવાની તીવ્ર ઇચ્છા અને પ્રયત્ન થતાં સર્વ પ્રકારની યોગ્યતા મેળવી શકાશે અને મોક્ષ પણ મળશે એમ કર્મયોગનું કહેવું છે. બની શકે એટલા નિષ્કામભાવપૂર્વક કર્મ કરવાનું શરૂ કર્યું એટલે ક્રમે ક્રમે સ્વાર્થનો અને દેહાધ્યાસનો સમૂળગો લોપ થઇ જઇને "પરાર્થ" એજ જીવનનો દઢ સ્વભાવ બની રહેશે; અને એમજ છે, તો પછી કર્તવ્યપરાયણ થવા અને રહેવા માટે બહારની મદદની ઇચ્છાજ શામાટે કરવી? "અમુક કાર્ય સારૂં અને કરવા જેવું છે" એમ આપણને જણાયું, એટલે તે કરવાની તત્પરતા આપણામાં આવવીજ જોઇએ. આ લોક તો શું પણ સ્વર્ગલોકની ઇચ્છાથી કરાયલું કર્મ પણ બંધનો ઉત્પન્ન કરે છે. સ્વાર્થની કિંચિત્ પણ ઇચ્છા હશે ત્યાંસુધી કરાતું પ્રત્યેક શુભ કર્મ આપણને મુક્તિથી દૂરજ રાખનાર થઇ પડે છે.

કર્મયોગનું હમેશાં એજ રહસ્ય છે કે, પ્રત્યેક કર્મ કરવામાં ફળની આકાંક્ષા

રાખવી નહિ. આ જગત્ જેમ આપણામાટે ઉત્પન્ન થયું નથી તેમ આપણે પણ જગત્ માટે ઉત્પન્ન થયા નથી. સર્વ કોઇ પોતપોતાને માટે ઉત્પન્ન થયું છે અને જે કોઇ જે કાંઇ ઇચ્છી અથવા કરી રહ્યું છે તે પણ પોત પોતપોતાને માટેજ છે. આપણને આ જે બાહ્ય શરીર દેખાય છે તે આપણું વાસ્તવિક સ્વરૂપ નથી; તેજ પ્રમાણે આપણે જે કાંઇ કરીએ છીએ તે પણ વાસ્તવિકરીતે આપણે પોતે કરતા નથી. આપણું ખરૂં સ્વરૂપ તો સ્થૂળ–સૂક્ષ્મ અને કારણ ત્રણે શરીરને સત્તાસ્ફૂર્તિ આપનાર અને એ ત્રણેની અંદર તથા તેની બહાર અને આખા વિશ્વમાં પણ વ્યાપી રહેલો એવો આપણો શુદ્ધાત્મા યાને આપણે પોતેજ છીએ. એ આપણું ખરેખરૂં પોતાપણું–સાચું સ્વરૂપ આપણે પોતે સર્વ દેશ અને કાળમાં વ્યાપક, શાંત, નિર્વિકાર અને સચ્ચિદાનંદમય છે–છીએ, અને તેટલામાટે કોઈ પણ પ્રકારના બંધનમાં રહેવાની આપણે જરૂરજ શી છે ?

અનાસક્ત ચિત્તથી કરેલાં પ્રત્યેક કર્મ નવાં બંધન નહિ વધારતાં મૂળની શૃંખલાની પણ એકેએક કડીને તોડી નાખે છે. અનાસક્ત ચિત્તમાંથી નીકળતો પ્રત્યેક શુભ વિચાર જગતનાં અનેક પ્રાણીઓનાં બંધન તોડવામાં સહાયભૂત થાય છે. (અનેક ઋષિ મુનિઓની અદ્ભુત અમર વાણીનો હજારો વર્ષથી લાખો માણસોના હકમાં જે ઉપકાર થતો આવ્યો છે તે આ વાતની પ્રત્યક્ષ સાબીતી છે.) તોપછી આપણા સ્વજીવનને પૂરેપૂરૂં સદુપયોગી બનાવીને અત્યંત પવિત્ર બનાવે એમાં કહેવુંજ શું ?

અત્યારસુધી કરાયેલું સર્વ વિવેચન અત્યંત સ્પષ્ટ હોવા છતાં તેને ગાંડાના બકવાદ જેવું કહેનારા ગુરુઘંટાલો પણ જગતમાં પડયા છેજ. " કર્મયોગ " એ તો માત્ર મોઢાનીજ વાતો હોઇને કૃતિમાં આવવો અશક્ય છે, એમ કહેનારા અનેક લોકો મેં જોયા છે. " કશી પણ ઇચ્છા સિવાય કોઇ પણ કાર્ય મનુષ્યને હાથે બનવું શક્ય નથી અને તેથી ગીતાએ કરેલો નિષ્કામ કર્મનો ઉપદેશ સર્વથા અવ્યાવહારિક છે " એવું કહેનારા પણ મને અનેક મળ્યા છે; * પરંતુ અનાસક્ત ચિત્તથી કર્મ કરનારાને પરખવાનું યા શોધી કહાડવાનું નહિ બનવાથી તેમના જોવામાં તેવા માણસ નહિ આવ્યા હોય તેથીજ તેઓ એવું કહે છે; એટલુંજ નહિ પણ કેવળ પરોપકારનેજ માટે કર્મ કરવાં એ તો માત્ર ધર્માંધતાજ છે એમ પણ તેઓ માને છે.

* મોક્ષની ઇચ્છાને " કામના " ને બદલે " જીજ્ઞાસા " નું નામ શાસ્ત્રીય ભાષામાં અપાયલું હોઇ સાંસારિક કામનાપરત્વેજ " કામ " શબ્દ યોજાયલો છે. આ વાત ચોકખીરીતે સમજી લેનારને તો આવું કથન સત્યજ લાગશે; પણ કામના કામના વચ્ચેના ભેદ વિચારી સર્વોચ્ચ કામના કે જેના ફળરૂપે તે સચ્ચિદાનંદ પદ મળે એજ કામના સર્વોત્તમ છે, એમ તો તેમને પણ કબૂલ કરવું પડે, એટલે આ બાબતમાં વાસ્તવિક મતભેદ જેવું કશું રહેતું નથી. મંત્રી સ. સા.

આ વિષયની સમાપ્તિ કરવા પહેલાં કર્મયોગને સંપૂર્ણ રીતે આચારમાં મૂકનાર એવા એક મહાત્મા સંબંધી બે શબ્દો બોલીશ. એ મહાપુરુષ ભગવાન્ બુદ્ધ છે. કર્મયોગનો આચાર પ્રત્યક્ષ કરી બતાવનાર એવો પુરુષ આ ભૂતલપર એકજ થઇ ગયો છે. જગત્માં આજપર્યંત જેટલા ધર્મપ્રવર્તકો થઇ ગયા છે, તેઓના ચારિત્ર્યમાં કોઇને કોઈ પ્રકારનો હેતુ પ્રધાન હતો. કેવળ અહેતુક એવું ચારિત્ર્ય તો એકલા બુદ્ધનુંજ છે.+ બુદ્ધ પછી જેટલા ધર્મપ્રવર્તકો થઈ ગયા, તેઓના મુખ્ય બે વિભાગ કરી શકાય. એક તો પોતાને ઈશ્વરનો અવતાર; અને બીજા પોતાને પરમેશ્વરના કેવળ દૂત–કાસદ–ઈશ્વરનો સંદેશ મનુષ્યજાતિને પહોંચાડનાર તરીકે ઓળખાવનારા. આવા પ્રકારના પ્રવર્તકો ગમે તેટલી ઉચ્ચ કોટિના હોય અને તેઓની બુદ્ધિ પણ ગમે તેટલી શ્રેષ્ઠ હોય, તોપણ તેઓનાં કર્મો કેવળ અનાસક્ત ચિત્તથી કરેલાં ન કહેવાય. એક વાદવિવાદના પ્રસંગે ભગવાન્ બુદ્ધે કહ્યું હતું કે–ઈશ્વરના અસ્તિત્વ સંબંધી તમારી ગમે તેવી અને ગમે તેટલી કલ્પનાઓ હોય પણ મને તે જાણવાની ઈચ્છા નથી. માત્ર વાક્પાંડિત્યથી અને વાદવિવાદથી શો લાભ થવાનો છે ? એવી રીતે કાળક્ષેપ કરવા કરતાં સારાં કર્મ કરો અને સારા થાઓ. એટલે જે કાંઈ સત્ય હશે તે તમને પ્રત્યક્ષ જણાઇ આવીને તમે મુક્ત બની રહેશો. તેમનું ચિત્ત એટલું બધું અહેતુક હોવા છતાં પણ તેમણે બજાવેલા કાર્યનો સોમો ભાગ પણ કોઇ તેમના પછી કરી શક્યું નથી. જગતના ઇતિહાસમાં એટલા અનાસક્ત ચિત્તથી એટલું મોટું કાર્ય કરનાર અને નિઃસીમ ત્યાગ કરનાર એક પણ ઉદાહરણ આપણને મળી શકનાર નથી. આખી પૃથ્વીપર આજપર્યંત મનુષ્યજાતિમાં માત્ર એકજ એવો નરરત્ન, તત્ત્વવેત્તા અને હિતચિંતક પુરુષ ઉદય પામ્યો છે. આ મહાન્ તત્ત્વવેત્તા ઉત્તમ પ્રતિના તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરતો હતો, છતાં પણ નીચતમ પ્રાણીને માટે પણ તેના અંતઃકરણમાં દયા વાસ કરી રહી હતી, અને 'હું' અને 'મારૂં' એ શબ્દનો અર્થ પણ તે ભૂલી ગયો હતો. ખરો આદર્શરૂપ અને કેવળ નિઃસ્વાર્થી કર્મયોગી તો એજ હતો. બુદ્ધિ અને અંતઃકરણ એ ઉભયની પરિપક્વ દશા એકત્ર થયેલી હોય તો તે બુદ્ધમાંજ હતી. જીવાત્માનું એથી અધિક ઉજ્વલ રૂપ કોઇ પણ સ્થળે પ્રાપ્ત થનાર નથી. માનવજાતિ કર્તવ્યપરાયણ થાય એટલા માટે એના જેટલો શ્રમ કરનાર બીજો કોઈ થયો નથી. એક વખત એમણે પોતાના શિષ્યોને કહ્યું કે:–" અમુક વાત અમુક જૂના ગ્રંથમાં કહેલી છે, એટલા ઉપરથીજ તેને સત્ય માની લેશો નહિ; તેમ તમારા આપ્ત અમુક

+ મોક્ષની કામનારૂપ હેતુ બુદ્ધ ભગવાન્માં પણ શરૂમાં–ત્યાગ સમયે–હતોજ; પણ આગળ ટિપ્પણીમાં જણાવ્યા પ્રમાણે એવા હેતુને "કામના" ને બદલે "જીજ્ઞાસા" શબ્દથીજ શાસ્ત્રીય ભાષામાં વ્યવહારાતો હોવાની દૃષ્ટિથી આ કથન ઠીક નથી.

મંત્રી સ. સા.

વાત ખરી માને છે એટલાજ ઉપરથી પણ કોઇ વાત ખરી માનશો નહિ. વળી બાળપણથી વડીલોએ અમુક વાત કહેલી હોય એટલાજ ઉપરથી પણ તે વાત સત્ય માનશો નહિ; પરંતુ જે જે વાત તમારા જાણવામાં આવે તે સર્વને પોતાની બુદ્ધિ-રૂપી કસોટી પર કસી જુવો, અને તમને તે ઉત્તમ લાગે તોજ તેને સત્ય માનવી; એવા સત્ય પ્રમાણેજ પ્રત્યક્ષ આચાર કરો, અને અન્યને પણ તેજ સત્ય કહો અને તેમ કરવામાં અન્યને મદદ કરો." જે મનુષ્ય અનાસક્તિથી; નહિ કે પૈસો, કીર્તિ કે અન્ય કોઇ પણ હેતુને માટે માત્ર કેવળ નિઃસ્વાર્થવૃત્તિથી કામ કરે છે તેજ ખરો કર્મયોગી કહેવાય; અને જ્યારે મનુષ્ય એ પ્રમાણે કેવળ અનાસક્ત ચિત્તથી કામ કરી શકે ત્યારે તેને બુદ્ધની પદવી મળવી અશકય નથી. જગત્‌ને નવા રૂપમાં ફેરવી નાખવાનું સામર્થ્ય પણ તેનામાં આવવું અશકય નથી. આવાજ પુરુષો કર્મયોગના આદર્શરૂપ થઇ શકે. " નર કરણી કરે તો નરકા નારાયણ હોય " એમ સત્પુરુષોએ એટલા માટેજ આપણને આશ્વાસન આપેલું છે.

ॐ શાંતિઃ ॐ શાંતિઃ ॐ શાંતિઃ

मननी शक्तिओ

(આ વ્યાખ્યાન લોસ એન્જેલેસ કેલીફોર્નીઆમાં ઈ. સ. ૧૯૦૦ ના ડિસેમ્બરની ૮ મી તારીખે આપેલું હતું.)

કેટલાક યુગો થયાં આખી દુનીઆમાં ચમત્કાર–તરફ શ્રદ્ધા જોવામાં આવે છે. આપણે દરેકે સામાન્ય બનાવોવિષે સાંભળ્યું હશે, અને ઘણાકને તેનો સ્વાનુભવ પણ હશેજ. આ વિષયની શરૂઆત કરતાં હું મારા અનુભવમાં આવેલી કેટલીક બીનાઓ વર્ણવીશ. મેં એક મનુષ્યવિષે એવું સાંભળ્યું હતું કે, જો કોઈ પણ મનુષ્ય તેની પાસે પ્રશ્ન પૂછવાના આશયથી જતો તો તરતજ તે મનુષ્ય તેના પ્રશ્નો સાંભળ્યા વિના તે પ્રશ્નોના સર્વ ઉત્તર બરાબર આપતો, અને એવી પણ ખબર મળી હતી કે તે ભવિષ્યના બનાવો પણ કહી શકતો હતો. મને આશ્ચર્ય લાગવાથી મારા થોડાક મિત્રો સાથે હું તેને મળવા ગયો. અમે દરેકે થોડા પ્રશ્ન મનમાં ગોઠવી કાઢયા હતા અને ભૂલી ન જવાય તે માટે એ પ્રશ્નો કાગળમાં લખીને ગજવામાં રાખ્યા હતા. તે મનુષ્યે અમારામાંથી એકને જોયો કે તરતજ અમારા બધા પ્રશ્નો બોલી ગયો અને તેના ઉત્તરો પણ આપી દીધા. પછી તેણે કાંઇ કાગળ ઉપર લખીને કાગળની ગડી વાળી તેની પાછળ મારી સહી કરાવીને કહ્યું કે, " આના તરફ જોયા વગર તમે તમારા ગજવામાં મૂકી દો; આ તમારો પ્રશ્ન હતો અને આ તેનો ઉત્તર

છે.” એજ પ્રમાણે અમારામાંના પ્રત્યેકને તેણે કહ્યું, પછી તેણે અમારા જીવનમાં ભવિષ્યમાં જે બનાવો બનશે તે કહી બતાવ્યા. તેણે કહ્યું, “હવે તમે તમારી ઇચ્છાનુસાર કોઇ પણ ભાષામાંથી કોઈ પણ શબ્દ અથવા વાકયવિષે વિચાર કરો.” મેં એક લાંબા સંસ્કૃત વાકયનો વિચાર કર્યો કે જે ભાષાથી એ મનુષ્ય તદ્દન અજ્ઞાન હતો. તે બોલ્યો કે, “તમારા ગજવામાંથી પેલો કાગળ કાઢો.” તે જોતાં જણાયું કે તેજ સંસ્કૃત વાકય તેમાં લખેલું હતું. તેણે એ વાકય એક કલાક આગળથી લખ્યું હતું; અને વળી વિશેષમાં તેણે એવો ઉલ્લેખ કર્યો હતો કે મેં જે લખ્યું છે તેજ વાકયનો આ માણસ વિચાર કરશે, તે સત્યજ ઠર્યું. અમારામાંના બીજા એક ગૃહસ્થને પણ એજ પ્રમાણે કોઇ પણ વાકયનો વિચાર કરવાનું જણાવ્યું. તે ગૃહસ્થને પણ તેજ પ્રમાણે કાગળમાં લખીને સહી કરાવીને તે કાગળ ગજવામાં રાખવા આપેલો હતો. તેણે એરેબીક વાકયનો વિચાર કર્યો કે જે ભાષા તે મનુષ્યના જાણવામાં હોવાનો સંભવજ ન હતો. તે કુરાનમાંનો એક ફકરો હતો. મારા મિત્રે તેના કાગળમાં તે લખેલો જોયો. અમારામાંનો બીજો એક વૈદ્ય હતો. તેણે એક જર્મન વૈદકીય પુસ્તકમાંથી એક વાકય વિષે વિચાર કર્યો હતો. તે પણ તેને માટેના કાગળમાં લખેલું જણાયું. પહેલી વખતે હું કદાચ કોઇ પણ રીતે તેનાથી છેતરાયો હઇશ એમ ધારીને કેટલાક દિવસ પછી હું પુનઃ એની પાસે ગયો. આ વખતે પણ મેં મારી સાથે બીજા મિત્રો રાખ્યા હતા. આ પ્રસંગે પણ તે મનુષ્ય તેવોજ ફતેહમંદ નીવડયો. *

* મદ્રાસ ઇલાકાના “કુંભકોનમ” કસ્બાનો જોશી ગોવિંદ ચેટીને લગતી આ હકીકત હોય તો નવાઇ નથી. આ સેવક આજથી પચ્ચીસેક વર્ષપર (પૂર્વાશ્રમમાં) એક મહોમેદન મિત્ર સહિત તેની પાસે ગયેલો ત્યારે ઉપલા કરતાં પણ વધુ હકીકત જોવામાં આવી હતી. મદ્રાસ કે જ્યાંથી એ સ્થળ સોએક માઇલ દૂર હશે, ત્યાંથીજ અમે બંનેએ અમારા પ્રશ્નો એક કાગળપર નોંધી રાખ્યા હતા, તેમજ એક ફારસી કવિતાની લાઇન નક્કી કરી રાખી હતી. એ માણસ મોટા ભવ્ય કપાળવાળો અને આકરા સ્વભાવનો હતો. તે પોતાની મહેનત બદલ ગૃહસ્થાશ્રમીઓ પાસેથી સાધારણરીતે પ્રશ્ન દીઠ રૂ. પાંચ લેતો. પોતાના મકાનની એક એકાંત ઓસરીમાં તે પોતાની સાથે અમને તેમજ એક ગાડીવાનને અમે દ્વિભાષી તરીકે સાથે લઇ ગયેલા તેને પણ લઇ ગયો અને અમને પોતાની સામે બેસાડયા. પછી અમારા પ્રશ્નો વિષે કાંઇ પણ પૂછયા ગાછયા વિના તે કાગળ લખવા મંડી પડયો. વચમાં વચમાં તે આંખો મીંચી દઇ કાંઇક ઉંડો વિચાર કરતો હોય એમ જણાતું. વચમાં કોઈ કોઇવાર કોડીઓની મુઠી અમારી પાસે ભરાવતો અને તેમાં કેટલી કોડી આવી તે ગણી જોતો. કોઇવાર તે “દશથી કમ એવો કોઇ આંકડો બોલો, સોથી કમ એવો કોઇ

બીજા એક પ્રસંગે દક્ષિણના હૈદરાબાદ શહેરમાં હું હતો ત્યાં એક બ્રાહ્મણવિષે મને કહેવામાં આવ્યું કે તે બ્રાહ્મણ અગણિત વસ્તુઓ ઉત્પન્ન કરી શકતો હતો, અને તે કયાંથી કાઢે છે તે કોઇ જાણી શકતું નહિ. તે એક સભ્ય ગૃહસ્થ હતો અને ત્યાં કોઈ વ્યાપારમાં જોડાયલો હતો. એની યુક્તિઓ બતાવવાનું મેં તેને કહ્યું, એવામાં એવું બન્યું કે,–તેને તાવ આવ્યો હતો; અને હિંદુસ્થાનમાં એવી એક સામાન્ય માન્યતા છે કે જો કોઇ પવિત્ર મનુષ્ય પોતાનો હાથ માંદા મનુષ્ય ઉપર મૂકે તો તે સારો થાય છે. તે બ્રાહ્મણ મારી પાસે આવ્યો અને મને કહેવા લાગ્યો કે, મહાત્માજી! જો તમે તમારો હાથ મારા મસ્તક ઉપર મૂકશો તો હું આ તાવમાંથી મુક્ત થઇશ. મેં કહ્યું કે બહુ સારૂં, પણ તમે તમારી યુક્તિઓ બતાવશો? તેણે કબૂલ કર્યું એટલે તેની ઇચ્છા પ્રમાણે મારો હાથ તેના મસ્તક ઉપર મેં મૂકયો અને કેટલાક વખત

આંકડો બોલો," એવું એવું પૂછી લેતો. અર્ધા પોણા કલાકમાં તેણે પોતાનું લખવાનું પૂરૂં કરી તે કાગળો અમને સોંપ્યા અને કહ્યું કે, તમારા પ્રશ્નોના ઉત્તર વગેરે એમાં લખ્યું છે. પછી પેલો દ્વિભાષી કે જેને માત્ર થોડા કલાક અગાઉથીજ અમે સાથે રાખેલો હોઇ આમારી કશી વાતની ખબર તેને પડવા દીધી ન હતી, તેની પાસે તે કાગળીયાં વંચાવી જોયાં. અમારા પ્રશ્નોમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેને લગતા પ્રશ્નો હતા. તેના ઉત્તર એમાં લખેલા હતા અને તે સર્વના જવાબ ખરા નીકળ્યા હતા. ભવિષ્ય–સ્થિતિને લગતા સેવકના પ્રશ્નના ઉત્તરમાં "યોગી–ત્યાગી" એવા શબ્દો હતા. સેવક એ સમયે એ બાબતવિષે બહુ સમજતો નહિ અને એ વર્ગ તરફ અભાવ જેવું પણ ખરૂં; એટલે ઉપલા શબ્દો જાણવામાં આવતાં કેટલાક કલાકસુધી મનમાં બહુજ અફસોસ થયો હતો. એ માણસે અમને જે કાગળો લખી આપ્યા હતા, તેની શરૂમાં અમારૂં દરેકનું નામ તેમજ ગામ પણ લખ્યું હતું. એ તરફ ગામના નામને છેડે મકાર બોલવાનો રિવાજ છે તે પ્રમાણે અમારા ગામના નામને છેડે મકાર જોડેલો હતો. વળી પેલી અમે નક્કી કરી રાખેલી ફારસી કવિતાની લાઇન "કલમ ગુફતન કિ મન શાહે ઝહાનમ" તે પણ એ કાગળમાં લખાઇ ચૂકી હતી. અમારે પુછવા પૈકીનું કેટલુંક એમાં નહોતું પણ લખેલું તે તેણે પૂછ્યા પછી તેના ઉત્તર આપ્યા, પણ તે કાંઇ બરાબર નીકળ્યા નહિ. ચીઠ્ઠીમાં કશુંક લખી તેને નીચે મૂકયા પછી કોઇક ફૂલનું નામ લેવા તેણે કહ્યું, અને અમે નામ લીધું, તો તેજ નામ ચીઠ્ઠીમાં લખાયલું નીકળ્યું. એ માણસ તે સમયેજ પાકી વયનો હતો, એટલે હવે નહિ પણ હોય, પણ તેના ઘરમાં વંશપરંપરાથી એ ધંધો ચાલ્યો આવે છે એમ સાંભળેલું છે. એ કહેતો કે ટપાલરસ્તે પણ કામ બજાવી શકું છું. એનું ઠેકાણું મદ્રાસ ઈલાકામાં કુંભકોનમ સ્ટેશનથી પાંચેક માઇલપર આવેલા ગામ "વલંગમાન" છે. ગામના નામમાં પાકી યાદદાસ્તને અભાવે કદાચ ફેરક પણ હોય **મંત્રી સ. સા.**

પછી તે તેનું વચન વચન પાળવા માટે આવ્યો. તેની પાસે તેની કમર ઉપર ફક્ત એક ચીથરાની પટ્ટી હતી. અમે તેની પાસેથી દરેક વસ્તુ લઈ લીધી, અને મારી પાસે એક ધાબળી હતી તેજ માત્ર ઠંડીના દીવસો હોવાથી તેને ઓઢવા આપી; તેને એક ખુણામાં બેસાડયો. પચીશેક માણુસો એના તરફ દૃષ્ટિ કરી રહ્યાં હતાં. પછી તેણે કહ્યું કે હવે જુઓ ! ઇચ્છામાં આવે તે લખો. અમે બધાએ તે દેશમાં કદિ ન પાકે એવાં ફળોનાં નામ લખ્યાં જેવાં કે દ્રાક્ષની લુમો, નારંગી, વિગેરે વિગેરે. તે કાગળીયાં તેને આપ્યાં કે તરતજ ધાબળી નીચેથી દ્રાક્ષની લુમો તથા નારંગીઓ નીકળવા માંડી, તે એટલી બધી નીકળી કે બધાં ફળોને જોખીએ તો તેનું મનુષ્યનાથી બેવડું વજન થાય. તેણે અમને તે ફળો ખાવા સૂચના કરી પણ કાંઇક જાદુ હોવાનું ધારીને અમે આનાકાની કરી, પછી તે મનુષ્યે પોતેજ ખાવાનું શરૂ કર્યું એટલે અમે બધાએ પણ તે ખાધાં અને તે સારાં હતાં. પછી એણે ગુલાબનાં ફૂલનો ઢગ કાઢીને પોતાનો ખેલ બંધ કર્યો. એ દરેક ફૂલ સંપૂર્ણ ખીલેલું હતું, તેની પાંખડીઓ ઉપર ઝાકળનાં ટીપાં પણ વળગેલાં હતાં અને કોઇ પણ જગ્યાએ છુંદાયલું કે કચરાયલું નહિ હતું. જ્યારે મેં તેને એનો ખુલાસો પૂછયો ત્યારે તેણે જણાવ્યું કે એ સર્વ હાથચાલાકી છે;પરંતુ અમને તો એમાં હાથચાલાકી હોઇ શકે એ વાત તદ્દન અસંભવિતજ લાગી હતી.

મેં આવા ઘણા પ્રકારો જોયેલા છે. હિંદુસ્તાનમાં ફરતાં આવા પ્રકારો જૂદી જૂદી જગ્યાએ તમને સેંકડો મળી આવશે; અને દરેક દેશમાં એવું છેજ. આ દેશમાં પણ તમને આવી ચમત્કારિક બાબતો મળી આવશે. બેશક આવા ચમત્કારોનાં બનાવટી ગપ્પાં પણ પુષ્કળ ચાલે છે.* મારૂં એક માનવું એવું છે કે જ્યારે કોઈ દેશમાં

* જૂનાગઢમાં થોડા સમયપર એક વૃદ્ધ વિદ્વાને ભાગવતની પારાયણો કરાવી, તે ચાલુ હતી તે દરમીયાન એવી વાત સંભળાઇ કે ઘીના ડબા પાંચસો ને અનાજના થેલા પાંચસો વ્યાસ બાપા ઉપર નનામા આવી પડયા. પછી એક મિત્રે તે વિષે ચોકસી કરતાં જણાયું હતું કે થોડાક ઘીના ડબા કોઇએ મદદ દાખલ મોકલ્યા હતા. એ સપ્તાહ વખતે અન્ય પણ અનેક પ્રકારનાં ગપ્પાં સંભળાતાં હતાં. અશિક્ષિત જનવર્ગ બિચારો એવાં ગપ્પા તુરતજ માની લઇ ને આફરીન બની જાય છે ને આખા દેશમાં ફેલાવી દે છે. અમુક કોટિના કોઇ કોઇ માણુસો પણ પોતાને માટે એવી એવી વાતો સાંભળીને ફુલાઇ જાય છે અને એવી એવી વાતોનાં બીજ પોતે કળ વકળથી વાતેવાતમાં વાવી દે છે. કીર્તિનો લોભ ભલભલાઓને પણ અસત્યમાં ખેંચી જાય છે. અમે માનીએ છીએ કે અમુક કોટિનાં માણુસ કુદરતપર સત્તા ચલાવી એવા ચમત્કાર દર્શાવી શકે છે; પણ તેમ કરવાની વાસનાને તો ખુલ્લી રીતે યોગગ્રંથોમાં માયિક અંતરાય–વિઘ્નરૂપે વર્ણવેલી છે. લોકોમાં શ્રદ્ધા ભક્તિ ફેલાવવા માટે એવુંજ કરવું પડતું હોય તો પછી મદારીના ખેલ જેવુંજ થયું ! છતાં કદાચ એવી જરૂર માનવા-

વસ્તી બહુજ ગાઢી થઈ જાય છે ત્યારે તે દેશની આધ્યાત્મિક શક્તિઓ અધોગતિએ પહોંચે છે. ઘણાજ પ્રાચીન કાળમાં હજારો વર્ષો ઉપર હિંદુસ્તાનમાં હાલના કરતાં ઉપર જણાવ્યા જેવા બનાવો વધારે પ્રમાણમાં બનતા હતા. ચમત્કારી દેખાનારી પ્રત્યેક બાબતનું સંશોધન અને પૃથક્કરણ કરીને તેના મૂળભૂત સિદ્ધાંતને પહોંચવાની પદ્ધતિ હિંદુઓમાં પ્રાચીન સમયથીજ હોવાથી આવી બાબતોનું મૂળ શું છે તેની શોધ કરવાનો પુષ્કળ યત્ન તેમણે કર્યો હતો. આ શોધ કરતાં કરતાં અનેક મહત્ત્વના સિદ્ધાંત તેમણે શોધી કહાડયા હતા, અને આવા ચમત્કારોની મૂળપર્યંત શોધ કરીને તેને લગતું એક સર્વાંગપૂર્ણ શાસ્ત્ર તેમણે બનાવ્યું હતું. આવી બાબતો બાહ્ય દૃષ્ટિથી ઘણાકોને ચમત્કારરૂપ ભાસે છે, પરંતુ એમાં કુદરતના નિયમોની બહારનું કશુંજ નથી અને બીજી સ્થૂળ ઘટનાઓની માફકજ એ પણ નિયમબદ્ધ છે એ વાત તેમને પૂરેપૂરી સમજાઈ ચૂકી હતી. મનુષ્યોમાં કાંઇ આવી શક્તિઓ જન્મથી—કુદરતી રીતેજ હોતી નથી, તેનો પદ્ધતિસર શાસ્ત્રીય અભ્યાસજ કરીનેજ તેવી શક્તિઓ મેળવી શકાય છે.

આ શાસ્ત્રને હિંદુઓએ રાજયોગ એવું નામ આપેલું છે. એ શાસ્ત્રનો અભ્યાસ કરનારા હજારો મનુષ્ય હિંદુસ્તાનમાં છે; એટલુંજ નહિ પણ આખા દેશમાં એ શાસ્ત્રની કેટલીક પ્રક્રિયાઓ રોજની ધર્મવિધિના એક ભાગરૂપ થઇ ગઈ છે. આવી અને બીજી પણ અનેક પ્રકારની શક્તિ મનુષ્યના પોતાનાજ અંતઃકરણમાં રહેલી છે એવો આ શાસ્ત્રનો મૂળ સિદ્ધાંત છે,

પ્રત્યેક પ્રાણીમાં પ્રતીત થતું મન, એ વિશ્વવ્યાપી મનનોજ એક ભાગ છે અને તેથી પ્રત્યેક પ્રાણીના મનનો બીજાઓનાં મન સાથે તેમજ મૂળ વિશ્વવ્યાપી મન સાથે હમેશનો સંબંધ છે. આવી રીતે કોઈ પણ મન કોઇ પણ શરીરમાં રહેલું હોય છતાં તેનો સમસ્ત જગત્‌ની સાથે નિકટનો સંબંધ છે.

વિચાર વિનિમયને લગતા એકાદ ચમત્કાર વિષે તમને કાંઈ ખબર છે કે? અહિંયાં એક મનુષ્ય કાંઇક વિચાર કરે છે અને તેજ વિચાર અન્ય સ્થળે રહેલા અન્ય મનુષ્યના મનમાં પણ તાદૃશ થાય છે. આ પ્રમાણે કાંઈ અકસ્માત બનતું નથી; પરંતુ એને લગતો અભ્યાસ કરવો પડે છે. આ અભ્યાસ બે પ્રકારનો હોય છે. એક તો બીજાના મનમાંથી પોતાના મનમાં વિચાર આકર્ષવા સંબંધી, અને બીજો

માંજ આવતી હોય તો જનવર્ગને ખુલ્લી નોટીસ આપી જાહેર રીતે એવા ચમત્કારો દર્શાવી આપવા જોઇએ, કે જેથી કરીને જનસમાજમાં છુપા ગપ ગોળાઓ ફેંકવા કરતાં હજારોગણી શ્રદ્ધાભક્તિ ફેલાઇ જશે; અને લોકોને માટે સારાસારના વિવેકજ્ઞાનની જરૂર મહર્ષિઓ દર્શાવી ગયા છે તે મેળવ્યા વિનાજ કરોડો અજ્ઞાનીઓને ભક્તિમાન બનાવી દેવાશે.

મંત્રી. સ. સા.

પ્રકાર બીજા તરફથી મોકલાતા વિચાર ગ્રહણ કરવા સંબંધી છે. એને પરિણામે એકનો વિચાર જેવા ને તેવાજ રૂપમાં બીજો માણસ ગ્રહણ કરી શકે છે. છેટું ગમે તેટલું હોય તેથી જરા પણ બાધ આવતો નથી. તેમ વચમાં પહાડ, દરિયો, દિવાલ વિગેરેનો અંતરાય હોય તે પણ વિઘ્ન કરી શકતાં નથી.

જો સર્વ પ્રાણીઓનાં નામ ભિન્ન ભિન્ન વસ્તુમાંથીજ બનેલાં હોય અને એક બીજાનાં મન કોઇ પણ પ્રકારનો સંબંધ નજ ધરાવતાં હોય તો ઉપર પ્રમાણે એક મનનો વિચાર બીજાના મનમાં પ્રવેશવાનું કદિ પણ બની શકેજ નહિ. હું હમણાં ભાષણ કરૂં છું અને તમે તે સાંભળો છો. આ ક્રિયામાં પણ વિચારવિનિમયજ છે. આ ક્રિયાનું શાસ્ત્રીય સ્વરૂપ શું છે તે હવે જોઇએ. એકના હાથમાંથી બીજાના હાથમાં કોઇ વસ્તુ અપાય છે તેની પેઠે કાંઇ મારો વિચાર તમારા અંતરમાં જઇ બેસતો નથી. મારો વિચાર પ્રથમ તો મનમાં પેદા થયો પછી મોઢા વાટે તે શબ્દોના રૂપમાં બહાર આવ્યો. મોઢાથી બહાર આવતાંજ બહારના આકાશતત્ત્વમાં તે અવાજની લહેરીઓ ઉત્પન્ન થઇ અને તે તમારા કાનદ્વારા મગજમાં પહોંચી જઇને એકઠી થઇ, અને ત્યારેજ તેને સ્થૂળ વિચારરૂપ પ્રાપ્ત થયું. આ પ્રમાણે મારા વિચાર તમારા મનમાં પ્રવેશ કરવાની ક્રિયાના પેટામાં બીજી બે ક્રિયાઓ થાય છે. પ્રથમ તો વિચારને સ્પંદ-લહરીનું રૂપ પ્રાપ્ત થાય છે અને પછી સ્પંદના રૂપમાંથી પાછું વિચારનું મૂળરૂપ બંધાય છે.

આ પ્રમાણે ભાષણદ્વારા મારા વિચાર તમને સીધી-સરળરીતે પહોંચી શકતા નથી; પરંતુ માનસિક પ્રેરણાદ્વારા જે વિચાર મોકલાય છે તે તો બહુ સરળતાથી પહોંચી જાય છે.

આ ઉપરથી જણાય છે કે યોગી લોકો કહે છે તેમ દરેક જગત્‌નાં સર્વ મનોનો એક બીજા સાથે સંબંધ છે અને તેજ પ્રમાણે સર્વત્ર પરસ્પર સંબંધ હોવાથી પ્રત્યેક મન વિશ્વવ્યાપી છે.

મારૂં મન, તમારૂં મન અને અન્ય સર્વ મનો જેમ સમુદ્રમાં નાનાં નાનાં મોજાંઓ છે તેમ એક વિશ્વવ્યાપી અવિભાજ્ય-અખંડ-મહાન્ મનનાંજ નાનાં નાનાં રૂપો છે. આમ હોવાને લીધેજ એક બીજાના વિચારોનો વિનિમય સરળતાથી થઇ શકે છે.

આપણી આસપાસ હરવખત જે ધડભાંગ ચાલ્યા કરે છે તે તરફ ક્ષણભર ઉંડું લક્ષ્ય આપી જુઓ તો જણાશે કે આપણી આસપાસના જગત્‌નો આપણા ઉપર ચાલૂ અમલ રહ્યા કરે છે. એજ પ્રમાણે આપણી પોતાની શક્તિમાંથી પણ થોડી શક્તિ આપણા શરીરરક્ષણાદિ પાછળ વાપરીને બાકી બધીજ શક્તિનો ઉપયોગ રાત્રિદિવસ બીજાં પ્રાણિપદાર્થો ઉપર અમલ ચલાવવામાં-આપણે કર્યા કરીએ છીએ. આપણું શરીર, આપણું મન, આપણા ગુણ, આપણા અવગુણ, આપણી સારી

અને માઠી ઇચ્છાઓ, વિચારણાઓ, ભાવનાઓ, એ બધાંજ આપણી બહારના જગત્ ઉપર પોતાની અસર એકસરખીરીતે પહોંચાડયા કરે છે, અને તેવીજ રીતે ઉલટ-પક્ષે બીજાની પણ તે તે પ્રકારની દરેક અસરો આપણા ઉપર પણ પડયાજ કરે છે. આ પ્રમાણે આપણી આસપાસ એક બીજા પ્રત્યે અસરોની આપ લે ચાલ્યાજ કરે છે. હવે તેનો પ્રત્યક્ષ દાખલો લઇએ.

એકાદ વિદ્વાન્ કે જેને છટાદાર વક્તા તરીકે તમે ઓળખો છો તે તમારી પાસે આવીને કોઈ વિષયપર ભાષણ કરે છે. તેની ભાષા ઉત્તમ અને વિચારો બહુ સુંદર છે, પરંતુ તેનું તમારાપર કિંચિત્ પણ વજન પડતું નથી. તે ગયો કે બસ તમે પ્રથમ જેવા હતા તેવાને તેવાજ બની જાઓ છો. જાણે કે કોઇ માણસ આવ્યો ન હતો ! એટલામાંજ એક બીજો મનુષ્ય આવે છે અને ચારજ વાક્ય બોલે છે. એના બોલવામાં પહેલાંના જેવી મીઠાશ અને છટા નથી અને વ્યાકરણની પણ અનેક ભૂલો હશે.; છતાં તમારા મન પર ઘણીજ અસર તેની થાય છે ! આવા અનુભવો આપણને અનેકવાર થાય છે; કેમકે કોઇપણ મનુષ્યનું વજન બીજા ઉપર પડવામાં તેના શબ્દો અને વિચારોનો પ્રતાપ તો થોડોજ—બહુ તો ત્રીજા ભાગ જેટલોજ હોય છે, અને ઘણો ખરો પ્રતાપ તો તેનામાં રહેલા મનુષ્યત્વનોજ હોય છે; એટલે કે તે વ્યક્તિમ જે ઓજસ્ કે પ્રતિભા હોય છે તેજ બીજાની ઉપર અસર કરવામાં ઘણો ભાગ બજાવે છે. એકાદ કુટુંબમાં કેટલાક વડીલ હોય છે; કેટલાક વડીલો તરીકે ફતેહમંદ નીવડે છે અને કેટલાક નથી નીવડતા. એમ શા માટે બને છે? આપણી નિષ્ફળતામાં ઘણું કરીને આપણે અન્યનોજ દોષ કાઢીએ છીએ. કોઈ બાબતમાં હું નિષ્ફળ નીવડયો એટલે એમજ કહીશ કે ફલાણા કારણને લીધે તેમ થયું છે. એવે સમયે આપણા પોતાના દોષ કબૂલ કરવાનું આપણને ઠીક લાગતું નથી. આમ દરેક મનુષ્ય પોતાને નિર્દોષ ઠરાવવા મથે છે, અને બધા દોષનું કોઇ બીજી વ્યકિત કે વસ્તુ ઉપર અથવા છેવટે દુર્દૈવ ઉપર આરોપણ કરે છે. જ્યારે કોઇ વડીલ નિષ્ફળ નિવડે ત્યારે તેમણે પોતાનેજ એક પ્રશ્ન પૂછવોજ જોઇએ કે બીજા વડીલો તેમના કુટુંબને સફળતાથી ચલાવી શકે છે અને પોતે તેમ શામાટે નથી કરી શકતો ? મુદ્દામ કારણ એમાં તે વ્યકિતની પોતાનીજ ભૂલ અથવા કાળજીનું- ન્યૂનતા યા વિશેષતાનું હોય છે. અમુક વ્યક્તિની વિશિષ્ટતા અથવા પ્રતિભામાં ફેરફાર હોય છે.

માનવજાતિના મહાન્ નાયકોનાં ચરિત્રો જોઇશું તો આપણને જણાશે કે તેમનામાં વિશેષરૂપે રહેલા મનુષ્યત્વેજ તે મહત્ત્વ તેમને અપાવ્યું હતું. ભૂતકાળના મહાન્ તત્ત્વવેત્તાઓનાં ચરિત્ર જુવો. તેમના રચેલા ગ્રંથોનો સત્ય દૃષ્ટિએ વિચાર કરીએ તો અસલ અને નવીન એવાં વિચારરત્નો તો તેમાં ગણ્યાંગાંઠયાંજ મળી આવશે. કેટલાક મહાત્માઓ કે જેમની કીર્તિ હજી સુધી લોકોમાં ગવાયા કરે છે, તેમના રચેલા ગ્રંથો જોતાં તે

સામાન્ય કોટિનાજ લાગશે અને તેઓ મહાન્ લેખક હોય એમ આપણને જણાશે નહિ, છતાં તેમની હયાતીમાં તેઓ અત્યંત માનપાત્ર હતા એ તો નક્કીજ હોય છે. એ મહત્તાનું કારણ તેમનું વિચારસૌન્દર્ય નહિ પણ વ્યક્તિવિશેષત્વજ હતું એમ આપણને જણાઇ આવે છે. આગળ કહ્યું છે તેમ મનુષ્યનો પ્રભાવ પડવામાં તેની પ્રતિભા બે તૃતીયાંશ અને તેની બુદ્ધિ તથા શબ્દો તો ફક્ત એક તૃતીયાંશજ ભાગ ભજવે છે, અને તેજ પ્રતિભા આપણા શરીરમાં વહ્યા કરે છે. આપણાં કાર્યો તો ફક્ત એ પ્રતિભાનાં પરિણામજ છે. મનુષ્યત્વરૂપી કારણ હોય ત્યાં તેનાં કાર્યો આવવાંજ જોઇએ. કાર્ય કારણની પાછળ પાછળ આવવાને બંધાયલુંજ છે.

આપણી કેળવણી અથવા શિક્ષણનો આદર્શ આવા મનુષ્યત્વની પ્રાપ્તિજ હોવો જોઇએ પણ તેને બદલે આપણે હમેશાં બાહ્ય ટાપટીપ પાછળજ પ્રયત્ન કર્યા કરીએ છીએ. જો અંતરમાં કાંઇ મનુષ્યત્વ હોય નહિ તો પછી બાહ્ય ટાપટીપનો શો ઉપયોગ ? કાંઇજ નહિ. બધા શિક્ષણનો આશય એજ હોય છે કે મનુષ્ય આગળ વધવો જોઇએ. જે મનુષ્ય તેના બીજા જાતિબંધુઓ ઉપર અસર કરી શકે–પ્રભાવ પાડી શકે–તે મનુષ્યશક્તિનો એકત્રિત નમુનો છે; અને જો તેવો મનુષ્ય તૈયાર થાય તો તે જે ધારે તે કરી શકવા સમર્થ હોય છે; તે પોતાની પ્રતિભાવડે ગમે તે કાર્યને વિજયી બનાવે છે.

મનુષ્યત્વનો–પ્રતિભાનો મહિમા એવો છે; પરંતુ એ પ્રતિભા લાવવી કયાંથી? ઓકસીજનનાં પરમાણુ જુવો, હાઇડ્રોજનનાં જુવો કે કાર્બનનાં જુવો; પરંતુ તેમાંથી એ વ્યક્તિવિશિષ્ટત્વ મળવાનું નથી. તમામ પદાર્થશાસ્ત્રોના નિયમ ઉથલાવી જઇએ પરંતુ એ વસ્તુ મળવી અશક્ય છે. "વ્યક્તિવિશેષત્વ" એ કાંઈ ઓરજ વસ્તુ છે.

છતાં પણ હજુ આપણે એને જગતમાં પ્રવર્તતું જોઇએ છીએ. પ્રતિભાવાન્ મનુષ્ય પણ બીજા મનુષ્યોની માફકજ જીવે છે, ચાલે છે, અને કાર્ય કરે છે; પરંતુ પોતાના વ્યક્તિવિશેષત્વને લીધે બીજા મનુષ્યો ઉપર ઓરજ પ્રકારની છાપ પાડી શકે છે. સર્વ મનુષ્યોની પેઠે તે પણ પોતાનું જીવન પૂરૂં કરીને આ સંસારમાંથી ચાલ્યો જાય છે; પરંતુ તેની બુદ્ધિ, ગ્રંથો અને કાર્યો તેની પાછળ સ્મારકચિન્હરૂપે રહી જાય છે. મહાન્ ધર્માચાર્યો અને તત્ત્વવેત્તાઓની સરખામણી કરીશું તો જણાશે કે તત્ત્વજ્ઞાનીએ ઘણાંએ મહાન્ પુસ્તકો લખ્યાં હશે; પરંતુ ભાગ્યેજ કોઇ વ્યક્તિના હૃદય ઉપર તેઓ પોતાની જાતે અસર કરી શકયા હશે. હવે ધર્માચાર્યોનો વિચાર કરીશું તો જણાશે કે તેમના જીવનમાં તેમણે આખા દેશોને દેશો હલાવી મૂકયા હતા. આ બેમાં તફાવત માત્ર પ્રતિભાનોજ હતો. તત્ત્વજ્ઞાનીમાં નહિ જેવી થોડીક પ્રતિભા હોય છે અને ધર્મના ફિરસ્તાઓમાં તે પ્રતિભા અજાયબરીતે ભરેલી હોય છે, પંડિતોની બધી વિશેષતા તેમની બુદ્ધિમાં આવી રહેલી હોય છે. અને તેથી કરીને તેમનો અને

આપણો મેળાપ બુદ્ધિના (બાહ્ય) પ્રદેશમાં થાય છે; તેની પેલી તરફ તેમના હૃદયપ્રદેશસુધી આપણે પહોંચી શકતા નથી. ધાર્મિક મહાત્માઓની વિશેષતા અત્યંત ગંભીર અને ગૂઢ હોવાથી તેમનો મેળાપ એટલે તેમના અંતરાત્માનોજ મેળાપ થઇ પડે છે. પંડિતોના અંતરાત્માનો મેળાપ આપણને કદિ પણ થઇ શકતો નથી, અને તેથીજ તેમના તરફ આપણને બહુ પ્રેમ ઉપજતો નથી. તેઓ આપણા દીલને તલસ્પર્શ કરી શકતા નથી–અને ધાર્મિક પુરુષોનાં દર્શન થતાં આપણું મન તેમના પ્રત્યે અનિવાર્યપણે આકર્ષાઇ જાય છે. મનુષ્યના બંધારણમાં બુદ્ધિ એ ઇંદ્રિયમાત્ર હોઇને તે એક પ્રાકૃત–બનાવટી વસ્તુ, નદીમાં નહેર હોય છે તેમ હોવાથી તે ધીમે ધીમે કાર્ય કરે છે અને યોગ્ય પરિસ્થિતિ મળતાં કયાંક થોડોક ઝાંખો પ્રકાશ પ્રકટાવી શકે છે. બીજી તરફ અંતરાત્મા એ મૂળ વસ્તુ–મધ્યબિંદુ (નહેર નહિ પણ મૂળ નદી) હોવાથી અને ધાર્મિક પુરુષોના સમાગમમાં તે મધ્યબિંદુનું આપણને દર્શન થઇ શકતું હોવાથી તેમનો સમાગમ થતાં તેમના અંતરાત્માનો પ્રકાશ આપણા અંતરાત્માસુધી પહોંચી જઇ તેને જાગૃત કરી દે છે. એક વીજળીનો દીપક જેમ દૂર સુધી પ્રકાશ પહોંચાડી શકે છે, તેમ ધાર્મિક પુરુષોના અંતરાત્માની જ્યોતિ પણ અનેક મનુષ્યો ઉપર અને તેમના ઠેઠ આંતરપ્રદેશસુધી પોતાનો પ્રકાશ પહોંચાડી શકે છે; અને તેમના દર્શનમાત્રથી પણ લક્ષાવધિ મનુષ્યોમાં જાગૃતિ આવી જાય છે.

આ મનુષ્યત્વ–આ પ્રતિભાને જગાડવાના, આંતરશકિતને વિશેષરૂપે ખીલવવાના નિયમો શોધી કહાડવાનું માન યોગશાસ્ત્ર ધરાવે છે, અને તે નિયમો તથા પદ્ધતિઓ તરફ પૂરતું લક્ષ આપવામાં આવે તો પ્રત્યેક મનુષ્ય પોતાની પ્રતિભા વધારી અને બલવત્તર કરી શકે.

આ કંઈ ઉપલક કલ્પના નથી. પરંતુ શુદ્ધ વ્યાવહારિક–અનુભવથી સિદ્ધ થઇ ચૂકેલી બાબત હોઇને કોઈ પણ દેશકાળને લાગુ પડે છે. એવું શિક્ષણ અન્ય સર્વ શિક્ષણોના રહસ્યરૂપ છે. જે એક વિદ્યાને સાધવાથી સર્વ વિદ્યાઓ સધાઈ જાય છે, તે આ વિદ્યા છે; માટે મનુષ્ય ગૃહસ્થ હો કે સંન્યાસી હો, શ્રીમંત હો કે દરિદ્રી હો, લૌકિક કામધંધામાં પડેલો હો કે બીજા વ્યવસાયવાળો અથવા એકાંતવાસી હો, પરંતુ પોતાનું વ્યક્તિવિશેષત્વ—પોતાના અંતરાત્માનું બળ (આ વિદ્યાને સાધીને) ખીલવવું–દ્રઢવવું, એ તેનું સર્વથી વધુ લાભનું—મહત્ત્વનું અને પહેલામાં પહેલું કર્તવ્ય છે. અજ્ઞાનવશ અનેક વસ્તુસ્થિતિઓ પાછળ આસકત ચિત્તથી જન્મોના જન્મ પર્યંત ભટકી કુટાઇને તે માયિક પદાર્થોની માયિકતા–અસત્ય–જડ–દુઃખરૂપતાને અનુભવીને પછી છેવટે પણ આ વિદ્યાને શરણ જવું પડે એમ છે.–તેમ કર્યા વિના સુખાકાંક્ષી જીવને માટે બીજો આરોજ નથી–તો પછી શા માટે સવેળાથીજ આ વિદ્યાનો આશ્રય ન લેવો ?

જડપદાર્થ વિજ્ઞાનશાસ્ત્રે જડ વિશ્વના—દેહ અને બીજા સ્થૂળ પદાર્થોના—જે નિયમ સિદ્ધ કર્યા છે તે ઉપરાંત વિશ્વનું બીજું સૂક્ષ્મ સ્વરૂપ પણ છે. વાસ્તવિકપણે તો "જડ વિશ્વ" અને "સૂક્ષ્મ વિશ્વ" ઇત્યાદિ ભેદ ખોટા અને કેવળ શબ્દભેદજ છે. જે કાંઇ છે તે એકજ છે. સમજવાને માટે આપણા અસ્તિત્વને કોઇ પણ ઉપમા વધુ બંધ બેસતી આવે તેમ હોય તો તે "શંકુ" ની ઉપમા છે.

"શંકુ" એ તેના થડ આગળ બહુ જડ અને જાડો હોઇને છેડાની બાજુ તરફ પાતળો થતો થતો અણી આગળ નાના બિંદુ જેવો બની રહે છે. આપણું અસ્તિત્વ પણ સ્થૂળદેહરૂપી તળીયા આગળ જડતાપ્રધાન હોઇને આગળ સૂક્ષ્મદેહ તરફ પાતળું—સૂક્ષ્મતાવાળું હોઇને છેવટે બિંદુ જેવું અતિ સૂક્ષ્મ છે. એ અતિ સૂક્ષ્મ બિંદુને આપણે કારણશરીર અથવા જીવાત્મા કહીએ છીએ. "પિંડે સો બ્રહ્માંડે" તેની પેઠે આ અતિ વિશાળ વિશ્વની રચના પણ એવીજ છે.

વિશ્વનો દૃષ્ટિગોચર થતો કેવળ જડ ભાગ તે પેલા શંકુના તળીયા જેવો સ્થૂળ છે અને તેના ઉપલા અંશ સૂક્ષ્મ થતા જઇને છેવટે તેની અણી રૂપ જે સૂક્ષ્મ વિશ્વ છે તેને આપણે "ઈશ્વર" નામથી ઓળખીએ છીએ.

આપણને કોઇપણ વસ્તુમાં જે સામર્થ્ય પ્રતીત થાય છે, તે સામર્થ્ય તે વસ્તુના જડ રૂપમાં—સ્થૂળ અંશમાં—નહિ પણ સૂક્ષ્મ અંશમાંજ રહેલું હોય છે. તેનો જડ ભાગ હાલચાલ કરતો જણાય છે તે હિલચાલ કરવાનું સામર્થ્ય તેના પોતામાં નહિ; પરંતુ તેના સૂક્ષ્મ ભાગમાંજ રહેલું હોય છે.

જ્યારે મનુષ્ય મોટો બોજો હાથવડે ઉંડાવે છે ત્યારે એના હાથના માંસપિંડો ઘણા ફૂલે છે અને તેના આખા શરીરમાં વિશેષ હીલચાલ ચાલી રહે છે. આપણને એ વખતે સ્નાયુઓમાં વિશેષ બળ પ્રતીત થાય છે; પરંતુ ખરૂં જોતાં તે સામર્થ્ય તે માંસપિંડોનું નહિ પણ તેની નીચે રહેલા જ્ઞાનતંતુઓનુંજ હોય છે. પાતળા દોરા જેવા તતુંઓમાં આપણે ન દેખીએ એવા રૂપે રહેલું સામર્થ્યજ માંસપિંડોદ્વારા આપણને પ્રત્યક્ષ થાય છે. આમાંના એકાદ જ્ઞાનતંતુને વચ્ચેથી કાપી નાખવામાં આવે તો તેજ ક્ષણે તે માંસપિંડ કામ કરવાને અશકત બની રહે છે. આ ઝીણા જ્ઞાનતંતુઓ જે શક્તિ પૂરી પાડે છે તે પણ તેમના પોતાની નહિ હોઇને એનાથી વધારે સૂક્ષ્મ તંતુઓમાંથીજ લાવે છે, અને તે તંતુઓ વળી તેનાથી પણ વધારે સૂક્ષ્મ વસ્તુમાંથી એ શકિત લાવે છે. એ સૂક્ષ્મથી સૂક્ષ્મ વસ્તુ કે જેને આપણે "વિચાર" કહીએ છીએ તેજ છે. એ "વિચાર" જ શરીરના સર્વ સામર્થ્યનું અધિષ્ઠાન છે. વિચારનુંજ બળ આપણને ઉપર જણાવેલા તંતુઓ અને માંસપિંડો દ્વારા દૃશ્યરૂપે પ્રતીત થાય છે, અને પોતાના મૂળ વિચારના રૂપમાં હોય છે ત્યાંસુધી બીજા કોઇના જોવામાં આવી શકતું નહિ હોવાથીજ માણસોને સ્થૂળ શરીરનીજ

તે શકિત હોવાનો ભ્રમ થાય છે.

સૂક્ષ્મશકિત આપણા જોવામાં નહિ આવવાનું કારણ એજ છે કે, તે શકિતની લહરીઓ—આંદોલનોને આપણી જ્ઞાનેંદ્રિયો ગ્રહણ કરી શકતી નથી, અને તેથી કરીને આપણી સ્થૂળ દૃષ્ટિ તેની પ્રતીતિ પામી શકતી નથી. જો કોઈ વૈજ્ઞાનિક શોધ કે કળાથી શકિતના એ સૂક્ષ્મરૂપનું નિયમન કરતાં આપણને આવડે તો પછી તેના સ્થૂળરૂપનું પણ નિયમન આપણે સહેજે કરી શકીએ એમ છે.

જેમ જળાશયના તળીયામાંથી એક નાનો પરપોટો ઉપર આવે છે તેને આપણે વચમાં આવતો જોઈ શકતા નથી, પણ જ્યારે જળની સપાટી ઉપર આવીને ફૂટી નીકળે છે ત્યારેજ જોઇ શકીએ છીએ; તેજ પ્રમાણે શકિત પણ જ્યાંસુધી અતિ સૂક્ષ્મરૂપમાં હોય છે ત્યાંસુધી તેને આપણે જોઇ શકતા નથી. તે પોતાના અધિષ્ઠાનને—અંતઃકરણને છોડીને સ્થૂળ અવયવો તરફ આવવા માંડે છે ત્યારેજ આપણને તેની પ્રતીતિ થવા માંડે છે.

"વિચાર" પોતે કેવી રીતે નિર્માણ થાય છે, એ વાત આપણા લક્ષમાં આવી શકતી નથી; પરંતુ અંતઃકરણથી આગળ વધીને તે જેમ જેમ સ્થૂળ અંગો તરફ—સ્થૂળ દશામાં દૂર પહોંચી જાય છે ત્યારેજ તે આપણા જોવામાં આવી શકે છે. આપણા વિચારો અને કૃતિ ઉપર આપણો કાબૂ ચાલતો નથી એવી ફરિયાદ આપણે વારંવાર કરીએ છીએ; પરંતુ વિચારો સ્થૂળરૂપમાં આવે તે પહેલાં આપણને જો મૂળમાંથીજ તેનું નિયમન કરતાં આવડે, તો પછી તેના પ્રત્યક્ષ સ્થૂળરૂપ ક્રિયા ઉપર પણ કાબૂ ચલાવતાં આવડી જાય એમાં તો શી નવાઇ! કોઈ પણ સાધનદ્વારા જો આપણને શકિતના સૂક્ષ્મ રૂપનું પૃથક્કરણ કરતાં અને તે શકિતનું સ્વરૂપ જાણતાં તેથી તેના ઉપર કાબૂ ચલાવતાં આવડે તોજ આપણાં મન ઉપર આપણો કાબૂ ચાલી શકે; અને જેને પોતાના મન ઉપર કાબૂ ચલાવતાં આવડ્યો તે મનુષ્ય બીજાઓના મન ઉપર પણ કાબૂ ચલવી શકેજ.અંતર્બાહ્ય પવિત્રતા અને નીતિપરાયણતા ધર્મશાસ્ત્રોએ એટલા બધા દબાણથી શામાટે ઉપદેશી છે તે આ ઉપરથી લક્ષમાં આવી શકે તેમ છે; કેમકે જે મનુષ્ય અંતર્બાહ્ય પવિત્ર અને નીતિમાન હોય છે તે મનુષ્ય સંયમી–મનોનિગ્રહી પણ અવશ્ય હોય છેજ.મનોનિગ્રહ વિના પવિત્રતા અને નીતિમત્તા આવી શકતીજ નથી. મનુષ્યોનાં મન એકજ વિશ્વવ્યાપી મનમાંથીજ ઉદ્ભવેલા તેનાજ અવિચ્છિન્ન અંશોરૂપે હોવાથી જે પ્રાણીને પોતાના—એક મન ઉપર કાબૂ મેળવતાં આવડ્યો, તેને માટે તેજ મનદ્વારા બીજાઓનાં મન ઉપર એટલુંજ નહિ પણ સર્વ મનોના મૂળરૂપ તે વિશ્વવ્યાપી મન ઉપર પણ કાબૂ મેળવવો અશકય નથી. પોતાના મન ઉપર સંયમ મેળવવાની વિદ્યાનું રહસ્ય જેણે એકવાર અનુભવપૂર્વક હસ્તગત કરી લીધું હોય તેને વિશ્વવ્યાપી મન ઉપર પણ અવશ્ય

કાબૂ મેળવતાં આવડેજ.

આ પ્રશ્નની બીજી એક વ્યાવહારિક બાજુ પણ છે. આપણને જે અનેક પ્રકારના શારીરિક દુઃખ ભોગવવાં પડે છે તે પણ મનોનિગ્રહવડે ટાળી શકાય છે. જો શક્તિના સુક્ષ્મરૂપ ઉપર આપણને વિજય મેળવતાં આવડ્યો, તો પછી માનસિક દુઃખો અને શારીક દુઃખો ઉપર પણ કાબૂ આપણે મેળવી શકીએ અર્થાત્ તે દુઃખોને દૂર કરી શકીએજ. સૂક્ષ્મ શક્તિપર કાબૂ જામતાં આપણે આ પ્રમાણે બીજી પણ અનેક રીતે એ શક્તિનો પ્રત્યક્ષ વ્યવહારમાં પણ ઉપયોગ કરી શકીએ છીએ; પરંતુ તે વાત બાજુએ રાખીને આ વિષયનું જે અધિક ઉચ્ચ સ્વરૂપ છે તેના તરફ હવે આપણે વળીશું. હવે હું, તમને બીજી એક બાબત કહું છું અને એ વિષે સાંગોપાંગ ચર્ચા નહિ કરતાં તેના અંતિમ સિદ્ધાંતજ માત્ર તમારા આગળ મૂકું છું.

માનવજાતિની એકાદ શાખાનો વિકાસ તેની બાલ્યાવસ્થામાંથી જેવી રીતે થાય છે તેવીજ રીતે તે જાતિના પ્રત્યેક મનુષ્યનો વિકાસ પણ થાય છે; ફેર માત્ર એટલોજ હોય છે કે સમસ્ત જાતિને તે સ્થિતિમાં આવતાં હજારો વર્ષ થાય છે ત્યારે એક બાળક માત્ર થોડાંજ વર્ષોમાં મોટી ઉમ્મરે પહોંચી જાય છે. એક બાળકને લઇએ તો તે તેની પોતાની માનવજાતિના આરંભકાળના જંગલી મનુષ્ય જેવુંજ છે. તે જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ તે માનવજાતિની પોતાની શાખાની જૂદી જૂદી અવસ્થાઓ અને પદ્ધતિઓમાં થઇને પસાર થાય છે અને છેવટે તે તે શાખાના વર્તમાન સ્વરૂપની પ્રતિમારૂપ બની રહે છે. ફેર એજ કે બાળક પોતાની અવસ્થાઓ જલદીથી ઓળંગતો ચાલે છે, અને માનવજાતિને તેમ કરવામાં હજારો વર્ષ નીકળી જાય છે. આ સિદ્ધાંત બરાબર ધ્યાનમાં રાખવાથીજ હવે પછી હું જે કહેવાનો છું તે તમને બરાબર સમજાશે. કલ્પના કરો કે સર્વ માનવકુળો એકજ શાખારૂપ છે. અથવા સર્વ જીવમાત્ર એકજ શાખારૂપ છે. આ સર્વ પ્રાણીઓરૂપી સમષ્ટિ ખાસ એકજ સાધ્ય પાછળ દોડી જાય છે અને તે સાધ્ય તે બીજું કાંઇજ નહિ પણ " પૂર્ણત્વ " છે. સમગ્ર જગત્ કયા સાધ્ય પાછળ દોડી રહ્યું છે એ વાત જે કેટલાંક મનુષ્યોના લક્ષમાં વહેલી આવી ગઈ હોય છે તે મનુષ્યો બીજાં મનુષ્યોની રાહ જોઇને બેસી રહેતાં નથી. વારંવાર જન્મ લઈ કટકે કટકે–સર્વની સાથે ધીમે ધીમે આગળ વધવાનો તેમને કંટાળો આવ્યો છે. આખી મનુષ્યજાતિ મુક્તાવસ્થાએ પહોંચે ત્યાંસુધી થોભવાને અને તેમની પેઠે રખડી રવડી ગોદા ખાઈ ખાઇને અસારતા અને દુઃખના અનુભવો લઈ લઇનેજ આગળ વધવાનું તેમને પસંદ નથી. આથી કરીને તેવાં મનુષ્યો આગળ વધવાને ધમપછાડ કરી મૂકે છે અને જે છેડું કાપવાને આવા મનુષ્યજાતિને લાખો વર્ષ લાગવાનાં છે તે અંતર તેઓ થોડા વર્ષોના જન્મોમાં વટાવી જાય છે. જો કેટલાંક જંગલી મનુષ્યોને કાંઈ પણ શિક્ષણ વગર

ફક્ત તેમને અન્નવસ્ત્ર અને આશ્રય આપીને કોઈ પણ બેટમાં રાખવામાં આવે; તો કાળે કરીને તેઓ પોતાની સ્થિતિ પોતેજ સુધારવા લાગશે, અને કેટલીક ખાસ પ્રકારની સમાજ રચના તૈયાર કરશે. આવી રીતે તેઓ જંગલી અવસ્થામાંથી કેવળ સ્વબળથીજ સંસ્કારી અવસ્થા પ્રાપ્ત કરશે; પરંતુ જો એમને અન્ય સંસ્કારી જનમાજની કાંઈ ખાસ મદદ મળી જશે તો તેમની ઉન્નતિ વધારે અને સત્વર થશે એમાં સંશય નથી. આપણે ઝાડને પણ મદદ કરીએ તો જલદી ઉછેરી શકીએ છીએ, એ તો આપણા અનુભવની વાત છે. જો તેને કુદરત ઉપરજ છોડી દેવામાં આવે અને ખાતરપાણી વગેરેની ખાસ મદદ ન આપવામાં આવે તોપણ તે ઉછરી તો શકે છેજ, પણ સમય વધારે જોઈએ. આપણા સર્વ પ્રકારના ઉદ્યોગમાં આપણે એજ ધોરણ લાગુ પાડી શકીએ તેમ છે. કૃત્રિમ રીતે વ્યવહારની સર્વ વસ્તુઓની વૃદ્ધિ સત્વર કરવાનો આપણો યત્ન સતત ચાલુ છે. આવી રીતે જે ધોરણથી ઝાડ અને બીજા જડતાપ્રધાન પદાર્થોની ઉન્નતિ સત્વર કરી શકાય છે તેજ ધોરણનો અમલ કરીને મનુષ્યની ઉન્નતિ શામાટે જલદી ન કરી શકીએ ? તેવીજ રીતે માનવજાતિની કોઈ આખી શાખાને માટે પણ કરી શકાય છે. ધર્મોપદેશકો દેશવિદેશમાં-જયાં ત્યાં શામાટે વિચરણ કરે છે ? સમસ્ત માનવજાતિની ઉન્નતિ જલદી થઈ શકે તેટલા માટેજ. ખરેખર ઉન્નતિની ગતિની કોઈ પણ મર્યાદા કે નિયમ નથી. એક મનુષ્યની ઉન્નતિ એક જન્મમાં અમુક હદ સુધીજ થઈ શકે અને તેથી વધુ આગળ તે જઈ શકેજ નહિ એવું નથી. એજ પ્રમાણે એક મનુષ્ય પૂર્ણાવસ્થાને કેટલો વહેલો યા મોડો પહોંચી શકે તેનો પણ નિયમ કોઈએ કરી આપ્યો નથી. જો અનુકૂળ સંયોગો મળી આવે તો માણસ ઘણીજ અજાયબ ત્વરાથી આગળ વધી શકે અને તેજ પ્રમાણે માનવજાતિને અનુકૂળ સહાયતા મળી જાય તો બહુજ ત્વરાથી તે જાતિ આગળ વધી શકે એ નિઃસંશય છે. કોઈ પણ બાબતમાં સહાયતાના અનેક પ્રકારો હોય છે; પરંતુ તેમાં પણ તે બાબતમાં પૂર્ણ જાતિ અનુભવવાળો સિદ્ધ મનુષ્ય નેતારૂપે મળી જવો, એ સર્વથી વધારે અગત્યનું સાધન છે. કોઈ એક ગાઢ અંધારી રાત્રિમાં વિકટ માર્ગે ચાલવાવાળા અનેક મનુષ્યોના સંઘને માટે એકાદ મજબૂત અને પ્રકાશિત ફાનસ અને તેને લઈને આગળ ચાલનાર એક અનુભવી ભોમીયો કેટલાં બધાં ઉપયોગી થઈ પડે છે ? દૈવીપ્રતિભાસંપન્ન ધાર્મિક મહાત્માઓ અને યોગશાસ્ત્ર જેવા ગ્રંથો પણ એવાજ ફાનસ અને ભોમીયાની ગરજ માનવજાતિને માટે પૂરી પાડે છે. લક્ષાવધિ મનુષ્યોને તેમની દુર્ગતિના સમયમાં તેમનો માર્ગ એવા દીપકો અને ભોમીયાઓએ સરળ કરી આપ્યો છે, અને હજી પણ કર્યેજ જાય છે. એવા અસામાન્ય પુરુષો પોતાના તીવ્ર પુરુષાર્થને લઈને એકાદ અથવા થોડાજ જન્મોમાં પૂર્ણત્વને પ્રાપ્ત કરી લેનારાઓમાંનાજ હોય છે. જગતના ઇતિહાસમાં એવા અનેક

અસામાન્ય મહાપુરુષો દરેક કાળમાં થઇ ગયેલા જણાય છે. થોડા વખત પહેલાંજ એક મનુષ્ય એવો થઈ ગયો છે કે સમસ્ત માનવજાતિએ પોતાના હજારો વર્ષના આયુષ્ય દરમિયાન જે ઉન્નતિ પ્રાપ્ત કરી હતી તેટલી ઉન્નતિ તેણે પોતાના ચાલુ એક જન્મમાંજ કરી લીધી હતી; પરંતુ અહિં આ વાત પણ લક્ષ્યમાં રાખવી જોઇએ કે આ પ્રકારની ત્વરિત ઉન્નતિ પણ અમુક નિયમને અનુસરવાથીજ થાય છે. આપણે જો એ નિયમોને જાણી લઇએ અને તેનાં રહસ્યો સમજીને આપણી જરૂરીયાતો સાથે તેને સંયોજી શકીએ તો આપણે પણ બહુજ ત્વરાથી આગળ વધીને આને આજ જન્મમાં પૂર્ણત્વ પ્રાપ્ત કરી શકીએ. આ પ્રકારની ઉન્નતિને શાસ્ત્રીય પરિભાષામાં "સદ્યોમોક્ષ" અથવા સાંખ્યમાર્ગ કિંવા જ્ઞાનમાર્ગ કહે છે.

આપણા જીવનક્રમમાટે આ નિયમોનું શાસ્ત્ર અતિશય ઉચ્ચ રહસ્યવાળું છે. મન તથા તેની શક્તિઓના અભ્યાસનું શાસ્ત્ર તે એજ છે, અને પૂર્ણત્વને મેળવવાને માટે સર્વ કોઇ જે ધડભાગ ચલાવી રહ્યું છે તે પૂર્ણત્વ સત્વર મેળવવાનો બહુજ ટુંકો અને સાચો માર્ગ એ શાસ્ત્ર આપણને બતાવે છે. એ માર્ગનું જ્ઞાન અને અનુસરણ કોઇકજ બજાવી શકે છે. અન્ન વસ્ત્રની, પૈસાની, કે અન્ય વસ્તુની મદદ કરીને બીજાઓની જીવનયાત્રામાં અમુક થોડા ઘણા સમયને માટે સુગમતા કરી આપવી એ બાબત તો માત્ર એ માર્ગના ગાણ અંગરૂપજ છે.

મનુષ્યોમાં રહેલું પૂર્ણત્વ ખીલવવું કે વ્યક્ત કરવું એ આ શાસ્ત્રનો હેતુ અને ઉપયોગ છે. એ શાસ્ત્રના જ્ઞાન અને ઉપયોગ સિવાય માણસને પૂર્ણત્વનો રસ્તો કાપવામાં લક્ષાવધિ વર્ષો લાગે તેમ છે. એટલા લાંબા સમય દરમિયાન તેને કંઈ એક મનુષ્યોના અને વસ્તુસ્થિતિઓના રમકડા રૂપ બનીને રહેવું પડે છે. લાકડાના એકાદ નાનકડા હોડકાની પેઠે તેને આ સંસારસમુદ્રમાંના પ્રત્યેક મોજાની સાથે આમ તેમ ફર્યા કરવું અને પછડાયા કરવું પડે છે. દૈવ અથવા કુદરતના હાથમાં પોતાનો ઉન્નતિક્રમ રહેવા દઇને યુગોના યુગો પર્યંત અથડાયા કરતા પ્રાણીઓને આ શાસ્ત્ર પોકારી પોકારીને કહે છે કે, "ઉઠો જાગૃત થાઓ અને પોતાની ઉન્નતિનું કાર્ય પોતાનાજ હાથમાં લ્યો. આટલો બધો સમય એ કામગીરી—એ અતિ અગત્યનું કર્તવ્ય તમે પ્રકૃતિને સોંપી રાખ્યું હતું, પણ હવે તે પોતાના હાથમાં લ્યો અને એકી સપાટે આ સમગ્ર સંસારસમુદ્રને ઉલ્લંઘી જાઓ."

મનુષ્યોનું જ્ઞાન અને તેની સાથે સાથેજ તેનું સુખ-સામર્થ્ય પણ સમયની સાથે વધતું ચાલે છે; એ વાત માનવજાતિની એકાદ વ્યવસ્થિત શાખાના સંબંધમાં અક્ષરશઃ ખરી છે; પરંતુ તે શાખામાંની દરેકે દરેક વ્યક્તિમાટે તે વાત પૂરેપૂરી નહિ પણ કેટલેક અંશેજ ખરી હોય છે; પરંતુ અહિં એક નિરાળોજ પ્રશ્ન ઉભો

થાય છે કે કયો મનુષ્ય કેટલો ઉન્નત થયો છે તે નક્કી કરવાને માટે તમારી પાસે શું સાધન છે ? આપણે સામાન્ય મનુષ્યો તો અમુક કરતાં વધારે છેટેથી કશુંજ જોઇ શકતા નથી; પરંતુ મેં એક એવા મનુષ્યને જોયો છે કે જે પોતાનાં ચક્ષુ બંધ કરવા છતાં બીજી ઓરડીમાં શું થાય છે તે પણ જોઇ શકે છે. તમે કહેશો કે "એ વાતમાં અમને શ્રદ્ધા નથી;" પરંતુ એ માણસ બીજાને ત્રણજ અઠવાડિયામાં તેવી રીતે જોતા બનાવી શકતો. આવી બાબત શીખવી એ કાંઇ બહુ કઠિન નથી. બીજાના મનમાં શું ચાલે છે, એ જાણવાની કળા તો માત્ર પાંચજ મિનિટમાં સાધ્ય થઇ શકે તેવી અને પ્રત્યક્ષ અનુભવથી સિદ્ધ કરી શકાય તેવી છે.

આ પ્રમાણે જ્યારે આ એક અશકય માનેલી વાત પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થઇ શકે એવી નીકળી તો પછી એવી રીતે કેટલી હદસુધી પ્રગતિ કરી શકાય તેની કંઇ મર્યાદા નિયત કરી શકીશું ? જ્યારે એક મનુષ્ય ઓરડીના એક ખુણામાં બેસીને બીજા મનુષ્યના મનના વિચારો જાણી શકે છે; તો પછી તે પાસેની ઓરડીના માણસના મનના વિચારો કેમ ન વાંચી શકે ? અને તેવીજ રીતે બીજી કોઇ પણ ગમે તેટલે દૂરની જગ્યાના વિચારો પણ કેમ ન જાણી શકે ? એના જવાબમાં આપણે નકાર પણ કેવી રીતે કહી શકીએ અને "અશકય છે" એમ પણ આપણે કેવી રીતે કહી શકીએ ? બહુ તો આપણે એટલુંજ કહી શકીએ કે, "શી રીતે બની શકે તે અમે જાણતા નથી." એકાદ ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રી ગમે તેટલો એ વિષયમાં સમર્થ વિદ્વાન્ હોય તોપણ તેઓ આવી બાબત "અસંભવિત છે" એમ કહી શકે નહિ, પણ તે પોતે "જાણતા નથી" એટલુંજ કહી શકશે. ભૌતિક પદાર્થ શાસ્ત્ર કેવી રીતે ઘડાય છે ? પ્રત્યક્ષ બનતા બનાવોનો સંગ્રહ કરવો, તેના જૂદા જૂદા વર્ગ પાડવા અને પછી તેમાંથી સિદ્ધાંત નક્કી કરવા, આવી પદ્ધતિથી ભૌતિક પદાર્થવિજ્ઞાનનું શાસ્ત્ર નિર્માણ થાય છે અને વધે છે એ વાત ખરી; પરંતુ એ પદ્ધતિના મૂળરૂપ જે પ્રત્યક્ષ દેખાતા બનાવો, તેનેજ ઉપર જણાવ્યું તેમ આપણે આપણી ઓછી શક્તિ વા ન્યૂન જ્ઞાનને લીધે "અશકય"ની કોટીમાં ગણી લઇએ એટલે પછી એ શાસ્ત્ર કેવી રીતે નિર્માણ થઇ શકે ? અમુક વાત જૂઠી છે; બનવી અશકય છે, એમ આપણે પ્રત્યક્ષ બની શકે એવી બાબતોમાટે કહીએ એનો અર્થ ભવિષ્યત પદાર્થશાસ્ત્રનો આપણે મૂળમાંથીજ ઉચ્છેદ કરીએ છીએ, એવો શું નથી થતો ?

મનુષ્યના મનનું સામર્થ્ય અમાપ છે. એક મનુષ્ય કેટલી શક્તિ મેળવી શકે તેની મર્યાદા બાંધી શકાય તેમ નથી. એક ધાર્મિક હિંદુના મનની રચના જૂદાજ પ્રકારની હોય છે. જે વિષયમાં એને સ્વાદ પડે છે, જેમાં તે લીન થાય છે, તે સિવાયની બીજી વસ્તુઓ ઉપર તે ધ્યાન આપતું નથી. તમારા જાણવામાં છે કે હિંદુસ્તાન અનેક પ્રકારનાં શાસ્ત્રોની જન્મભૂમિ છે. ગણિતશાસ્ત્ર પણ હિંદુસ્તાનમાંથી

જ પ્રથમ શરૂ થયું છે. તમે જે જે આજે વન-ટુ-થ્રી ઇત્યાદિ ગણો છો તે નામ પણ સંસ્કૃત નામો ઉપરથીજ પડેલાં છે. બીજગણિતનો પણ ત્યાંથીજ જન્મ થયો છે, અને ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત પણ ન્યૂટનના જન્મ પહેલાં હજારો વર્ષો પૂર્વે હિંદુ લોકોના જાણવામાં હતો. આ ઉપરથી હિંદુઓની માનસિક વિશેષતા તમે જોઈ શકશો. હિંદુસ્તાનના ઇતિહાસનો અમુક સમય એવો હતો કે જે વખતે ત્યાંના આર્યો મનુષ્ય અને તેનું મન એ વિષયની શોધમાંજ ગુંથાઈ ગયા હતા, અને તે વિષય છે પણ અત્યંત આકર્ષક; કારણ કે એ વિષય સિદ્ધ થયો એટલે મનુષ્યના મનની સર્વ આશાઓ પૂર્ણ કરવાનો ટુંકો અને સરળ માર્ગ સિદ્ધ થયો એમ તેઓ સમજતા હતા. તેમની એ સમજણ એવી વિશ્વાસપાત્ર હતી કે બીજા સર્વ વિષય છોડીને તેઓ આજ શાસ્ત્રની શોધ પાછળ મંડયા હતા. મંત્ર, તંત્ર, જાદુ, ચમત્કાર, વિગેરે શક્તિઓ તેમને મન અદ્દભુત ન હતી, પરંતુ પદાર્થવિજ્ઞાનશાસ્ત્રની પેઠેજ તે શાસ્ત્રીય છે, એમ તેમણે સિદ્ધ કર્યું હતું. પરિણામે ઇતર પદાર્થશાસ્ત્રો ઉપરથી આર્યશાખાનું લક્ષ ખસી ગયું અને તેમનું સર્વ લક્ષ માત્ર આ એકજ શાસ્ત્રની વૃદ્ધિ કરવા તરફ લાગ્યું. જૂદી જૂદી જાતના યોગીઓએ જૂદા જૂદા માર્ગે આ શાસ્ત્રના શોધ ચાલુ કર્યા. કેટલાકોએ પ્રકાશનાં કિરણોનો અભ્યાસ શરૂ કર્યો, અને જૂદા જૂદા રંગોના પ્રકાશ શરીરમાં કયા કયા પ્રકારના ફેરફારો કરે છે તે તેમણે શોધી કહાડયું. તેઓ અમુકજ રંગનાં કપડાં પહેરવા લાગ્યા, અમુકજ રંગનાં ફળ ખાવા લાગ્યા અને અમુક રંગ-વાળી જગ્યાએ રહેવા લાગ્યા. કેટલાકોએ કાન બંધ કરીને અને તે પછી ખુલ્લા મૂકીને ધ્વનિનો અભ્યાસ કરવા માંડયો. કેટલાકોએ ગંધનો અભ્યાસ કરવા માંડયો. આવી રીતે જ્ઞાનેંદ્રિયોના દરેક વિષયના અભ્યાસની શરૂઆત કરવામાં આવી.

આ બધા પ્રયોગોનો મુખ્ય હેતુ એજ હતો કે કોઈ પણ રીતે વસ્તુમાત્રના સૂક્ષ્મ રૂપની શોધ કરવી. તેમાંના કેટલાકોએ તો માનસિક વિલક્ષણ સામર્થ્ય ખરેખર પ્રાપ્ત કર્યું હતું. કેટલાક તો હવામાં ઉડીને આકાશગમન કરી શકતા હતા. પશ્ચિમના એક મહાન્ સાક્ષર પાસેથી મેં જે વાત સાંભળી છે તે હું તમને કહું છું. આ વાત સીલોનના ગવર્નરે જાતે જોઈ હતી, અને તેણે તે વાત તેને કહી હતી. એક છોકરીને લાકડીઓના કકડા આડા અવળા ગોઠવી બનાવવામાં આવેલા સ્ટૂલ ઉપર પલાંઠી વળાવીને બેસાડવામાં આવી. થોડીવાર તે તેના ઉપર બેસી રહ્યા પછી એક મનુષ્ય તેની પાછળ જઇને એક પછી એક આડી લાકડીઓ તેની નીચેની બાજુથી બહાર ખેંચતો ગયો. એવી રીતે બધીજ લાકડીઓ ખેંચી કહાડી; પરંતુ તે છોકરી તો તેને તેજ સ્થળે તેવી ને તેવીજ રીતે પલાંઠી મારીને હવામાં અદ્ધર બેસી રહેલી હતી !

ગવર્નરને આ કાંઇ યુક્તિ છે એમ લાગવાથી તેણે પોતાની તલવાર ખેંચીને તે બાલિકાની નીચે ઝડપથી ફેરવી, પણ ત્યાં કાંઈજ ન હતું. ત્યારે એ શું હતું ? એ

કાંઇ જાદુ કે ચમત્કાર નહોતો. આ બનાવ અનેક લોકોએ જોયો હતો એટલે તેને માટે અવિશ્વાસનો પ્રશ્ન રહેતો નથી. એક હિંદુને આવા બનાવથી આશ્ચર્ય થવાનું નહિ; કેમકે એવા અનેક બનાવો તેણે જોયા-જાણ્યા હોય છે. હિંદુઓને જ્યારે કોઇ દુશ્મનો સામે લઢવું પડે છે ત્યારે તેઓ કહે છે કે, અમારો કોઈ યોગી આવી પડશે તો આ બધાને હાંકી મૂકશે. આ માન્યતા સમસ્ત હિંદુજાતિમાં પ્રચલિત છે. હાથ કે હથિયારમાં શી શક્તિ છે? શક્તિ તો ફક્ત આત્મામાંજ છે.

ઉપર જણાવેલી હકીકત અને સિદ્ધાંત જો સત્યજ હોય તો સાબીત થાય છે કે એ શાસ્ત્રનો અભ્યાસ અને પ્રયોગ કરવા જેવું છે; પરંતુ જેમ બીજાં શાસ્ત્રોનો અભ્યાસ કરી પારંગત થવું જેમ કઠિન છે તેમ આ શાસ્ત્રમાટે પ્રયત્નની પરાકાષ્ઠા કરવી પડે છે. તોપણ અન્ય ભૌતિક પદાર્થો અને તેને લગતી વિદ્યાઓ કરતાં તો આ વિદ્યા અને આ શક્તિઓ તેની મહત્તા તરફ જોતાં પ્રમાણમાં બહુ જલદીથી મેળવી શકાય છે. તમને લક્ષ્મી મેળવતાં કેટલાં બધાં વર્ષો લાગે છે તેનો તો વિચાર કરો. લક્ષ્મીવાન્ થવાને માટે તમારે વિદ્યુત્શાસ્ત્રનું જ્ઞાન મેળવવું હોય છે અથવા મોટા એન્જીનીયર થવું હોય છે તો તે માટે કેટલાંક વર્ષસુધી અભ્યાસ કરવો પડે છે, અને પછી જીંદગીનાં બાકીનાં વર્ષોમાં કેટલું બધું કાર્ય કરવું પડે છે? વળી અન્ય સર્વ શાસ્ત્રોમાં જડ વસ્તુઓ સાથે કામ લેવાનું હોય છે; જેમકે ખુરશીને બનાવવી હોય અથવા કોઇ પદાર્થનું પૃથક્કરણ કરવું હોય તો તે પદાર્થ અથવા ખુરશી તમારી પાસેજ પડી રહે છે. જ્યારે આ શાસ્ત્રમાં તો માત્ર પોતાના સદાના સંગી મનની સાથેજ કામ લેવાનું હોય છે, પરંતુ આ મન ઘણુંજ ચંચળ હોવાને લીધે તમે અભ્યાસ કરવા બેસો છો ત્યારે તરતજ તે સટકી જાય છે. હમણાં એક દિશામાં વળેલું હોય અને બીજીજ ક્ષણે તે બીજી દિશામાં ફરી જાય છે. આવા અસ્થિર મનને કાબૂમાં લવાય તોજ કોઇ પણ બાબતનું મનન અને અભ્યાસ બની શકે છે. આવી રીતે આ કઠિન શાસ્ત્રને સાધ્ય કરવા માટે અસ્ખલિત અભ્યાસ-શિક્ષણની આવશ્યકતા છે. લોકો મને પૂછે છે કે હું તેમને અનુભવી દૃષ્ટાંત કેમ બતાવતો નથી? હું ખરૂંજ કહું છું કે અહિંથી ઘેર જઇનેજ તમે કહેશો કે એ તો બધું ખોટુંજ છે; પરંતુ તેનું કારણ એટલુંજ હોય છે કે તેમાં સત્યને જોવાની તમારી ઇચ્છાજ હોતી નથી. આ શાસ્ત્ર વિષે હું થોડુંજ જાણું છું; પણ તેટલું મેળવવાને માટે પણ મેં ત્રીસ વર્ષ પ્રયત્ન કર્યો હતો; અને માત્ર ગયાં છ વર્ષથીજ હું જે કાંઇ થોડુંક જાણું છું તે લોકોને જણાવું છું. એ સખ્ત પ્રયાસના ત્રીશ વર્ષમાં કેટલીક વખત તો ૨૪ કલાકમાં વીસ કલાક કામ કરતો હતો અને કોઈ કોઇ વખત તો ફક્ત એકજ કલાક રાત્રે ઉંઘતો અને કદિ કદિ નિદ્રાનો સંપૂર્ણ ત્યાગ પણ કરવો પડતો. કોઇ કોઇ વખત તો કોઇનો અવાજ અથવા શ્વાસ સુદ્ધાં ન આવી

શકે એવી જગ્યાએ અથવા ગુફામાં રહેવું પડતું; છતાં પણ હું ઘણુંજ થોડું આ વિષયમાં જાણું છું, હું ભાગ્યેજ એ શાસ્ત્રરૂપી વસ્ત્રનો એક છેડો પણ પકડી શક્યો હોઉં, પણ એટલું તો જાણું છું કે એ સત્ય અલૌકિક અને ગહન છે.

હવે જો તમારામાંથી કોઇને એ શાસ્ત્ર શીખવાની ખરી ઇચ્છા હશે તો અન્ય ધંધાઓમાં જેટલો નિશ્ચય કરવાની જરૂર પડે છે તેના કરતાં વિશેષ-દૃઢ નિશ્ચય આ વિષય શીખવાને માટે કરવો પડશે. આ વિષયમાં બહુજ ઉંડું અને સતત ધ્યાન આપવું પડે છે, અને ગુરુને પણ અતિ સખત થવું પડે છે. જો પિતા, માતા, સ્ત્રી, પુત્ર કે કોઈ ગમે તેવું સંબંધી મરણ પામે તોપણ આ કાર્ય બંધ થઇ શકે નહિ, આપણું હૃદય એવા કોઈ બનાવથી ગમે તેટલું ભંગ થઇ ગયું હોય તોપણ આ કાર્યક્ષેત્રમાં લાગુ રહેવુંજ જોઇએ. આ કાર્યનો પ્રકારજ એવો છે કે તેને માટે એવું ધોરણ જરૂરી અને ન્યાયી થઇ પડે છે.

બીજા ધંધાના અભ્યાસ કરતાં આ શાસ્ત્રના અભ્યાસીએ નીતિ—ન્યાયનાં અને આહારવિહારાદિનાં બંધન વધારે પાળવાં પડે છે. આ શાસ્ત્રના અભ્યાસમાં મનુષ્ય પોતાના મનની સ્થિતિ કેવા પ્રકારની રાખી શકે છે તેના ઉપરજ સફળતાનો સર્વ આધાર છે. ભૌતિક અભ્યાસ વા ધંધામાં પણ સર્વ કોઈ ધારેલી સફળતા નહિ મેળવી શકવા છતાં દરેક મનુષ્ય કાંઇ ને કાંઇક પણ મેળવી શકે છેજ. તેમ આ શાસ્ત્રનો અભ્યાસ કરનાર પ્રત્યેક મનુષ્ય પણ થોડો ઘણો પ્રકાશ તો અવશ્ય મેળવી શકે છે અને તેથી આ શાસ્ત્રની સત્યતાની પ્રતીતિ તો અવશ્ય થાય છેજ. વળી બીજો લાભ એ થાય છે કે જેમણે પૂર્ણત્વ મેળવ્યું હોય એવા પુરુષો સાથે તેને મેળાપ અને પરિચય થવાથી તેવા બનવાનો અર્થાત્ પૂર્ણતા મેળવવાનો વિચાર માંડી ન વળાતાં જારીજ રહ્યા કરે છે, અને વહેલે મોડે તે વિચાર પુનઃ ખીલી ઉઠતાં વળી પાછો તે આગળ વધે છે અને એમ કરતાં કરતાં પરિણામે તે પૂર્ણતા પણ મેળવે છેજ. કોઈ પણ અન્ય શાસ્ત્ર કરતાં આ શાસ્ત્રના અભ્યાસમાં સ્વાશ્રય, સંયમ અને બીજા સદ્ગુણોની વધારે આવશ્યકતા છે. વળી આ અભ્યાસમાં સફળ થનારાઓની સંખ્યા ન્યૂન હોય છે; તેટલીજ જાદુગરો, મિથ્યાભિમાનીઓ અને પાખંડીઓની સંખ્યા બીજા ક્ષેત્ર કરતાં આ ક્ષેત્રમાં વધુ હોય છે. કારણ કે જે વેષ અથવા ધંધો લોકોમાં વધુ સત્કાર અને સેવા પ્રાપ્ત કરાવે તેવો હોય છે તે વેષ યા ધંધામાં લુચ્ચા અને ઉઠાઉગીરો વધુ હોય છે, પણ તેટલા કારણથીજ તે ધંધો સારો નથી એમ ન કહી શકાય. આ શાસ્ત્રના અભ્યાસમાં બુદ્ધિ, તિતિક્ષા, અને શ્રમની આવશ્યકતા વધારે છે; પરંતુ એ અભ્યાસનું પૂર્ણતારૂપી ફળ, એ શ્રમ વગેરેની અપેક્ષાએ તેમજ અન્ય તમામ ભૌતિક અભ્યાસો અને સફળતાઓની અપેક્ષાએ અનંતગણું લાભપ્રદ, અલૌકિક, અનુપમ અને સ્થાયી છે, એ વાતનો વિચાર કરનાર અભ્યાસી

પોતાના અભ્યાસને માટે જે કાંઈ કરવું-ત્યજવું પડે તે સર્વ ધૈર્યપૂર્વક કરવાને ચૂકતો નથી. પૂર્ણતા પ્રાપ્ત કરવાના આ શાસ્ત્રની બાબતમાં જેમને વધુ શીખવાની ઇચ્છા હશે તો તે ઇચ્છા માત્ર ભાષણો સાંભળવાથીજ ફળીભૂત નહિ થાય, કારણ કે એ વિષય માત્ર બોલવાથીજ શીખવી શકાય એવો નથી. આ વિષય-આ અભ્યાસ જીવનને-અંતરાત્માને લગતો છે અને અંતરાત્માજ અંતરાત્માને જગાડી-ખીલવી શકે છે.

જો તમારામાંથી કોઇનો આ શાસ્ત્ર શીખવાનો નિશ્ચય હશે તો હું તેમને ઘણી ખુશીથી મદદ કરીશ.

कर्मनुं रहस्य

(લોસ એન્જેલેસ કેલીફોર્નીઆમાં ઈ. સ. ૧૯૦૦ ના જાન્યુઆરીની ૪ થી તારીખે આપેલું વ્યાખ્યાન.)

મારા જીવનમાં હું જે ઉત્તમ પાઠો શીખ્યો છું તેમાંનો એક એ છે કે કર્મનાં સાધનોમાં પણ કર્મના પરિણામ જેટલુંજ ધ્યાન આપવાની જરૂર છે. જેની પાસેથી હું આ શીખ્યો તે એક મહાન્ પુરુષ હતો, અને તેનું સમસ્ત જીવન એ મુખ્યત્વના સક્રિય આદર્શરૂપજ હતું. આ એક અસાધારણ તત્ત્વમાંથી મને હમેશાં ઘણું શીખવાનું મળતું; અને મને જણાય છે કે પ્રત્યેક કર્મના વિજયનું રહસ્ય એજ છે કેઃ- કર્મનાં સાધનોમાં પણ કર્મનાં પરિણામ જેટલુંજ લક્ષ આપવું.

આપણા સ્વભાવમાં એક એવી મોટી ખોડ છે કે આપણે મુખ્યત્વે કરીને સાધ્ય વસ્તુ તરફજ ખ્યાલ રાખ્યા કરીએ છીએ. આપણને એ સાધ્યરૂપ એટલું બધું ચમત્કારિક તથા મોહક લાગે છે કે તેનાં સાધનોમાટે તો વિચાર કરવાનું સ્થાન પણ આપણા મનમાં રહેતું નથી.

આપણા જીવનમાં નિરાશ થવાના પ્રાપ્ત થએલા પ્રસંગોનું સૂક્ષ્મતાથી પૃથક્કરણ કરી જોઇશું તો આપણી સોમાંથી નવ્વાણું ટકા નિષ્ફળતાઓમાં આપણને એજ કારણ માલુમ પડી આવશે કે, આપણે તે બાબતનાં સાધનો તરફ પૂરતું લક્ષ આપેલું ન હતું. માટે પ્રથમ તો સાધનોને પૂર્ણ અને બળવાન બનાવવા તરફજ પૂરતું લક્ષ આપવાની ખાસ જરૂર છે. જો સાધનો પૂરતાં અને સંગીન હોય તો પછી સાધ્ય આપણને પ્રાપ્ત થવુંજ જોઇએ. ફળ કાંઇ એની મેળે આકાશમાંથી-અકસ્માત ખરી પડતું નથી; પરંતુ મૂળમાંથી-કારણમાંથીજ કાર્યની-ફળની-ઉત્પત્તિ છે એ આપણે ભૂલી જઇએ છીએ. જો કારણ-સાધન પૂરતાં અને સબળ નહિ હોય તો પછી ફળ પણ નથીજ. એક વખત અમુક આદર્શ પસંદ કર્યો અને તેનાં સાધનો નક્કી કર્યાં,

અને પછી જો આપણે આદર્શને છોડી દઈશું તોપણ સાધનો પરિપૂર્ણ થતાં આદર્શ-રૂપી ફળ એની મેળે પણ આવવાનુંજ. યોગ્ય સાધન હોય છે ત્યાં ફળને માટે મુશ્કેલી રહેતી નથી; ફળ જરૂર મળવાનુંજ. આપણે કારણોની-સાધનોની સંભાળ રાખીશું તો પછી ફળ-સાધ્ય એની મેળેજ પોતાની કાળજીથી ચાલ્યું આવશેજ. પૂર્ણત્વનો સાક્ષાત્કાર, એજ મનુષ્યનું સાધ્ય છે, અને તેને સાધવાને માટે આપણે તેને લગતાં સાધનો તરફ લક્ષ આપવું એજ માનવજીવનનો ખાસ મંત્ર હોઇ શકે. આપણે ગીતાજીમાંથી પણ એજ વાંચીએ અને શીખીએ છીએ કે આપણે સર્વ શક્તિઓવડે અવિરત કાર્ય કરવું જોઇએ. પછી તે કાર્ય નાનું વા મોટું હોય તેમાં કાંઈ મહત્ત્વ નથી. વળી આપણે અનાસક્તપણેજ કર્તવ્ય કરવું જોઇએ. +

પરંતુ જો આપણું જીવન આપણે તપાસી જોઇશું તો આપણા દુઃખનું મોટું કારણ આપણને એજ જણાશે કે, કાર્યમાં નિષ્ફળતા મળવા છતાં પણ તેના પ્રત્યેની આસક્તિને આપણે ત્યજી શકતા નથી. આપણે જાણીએ છીએ કે એમ કરવાથી આપણને નુકશાન થાય છે, અને વધુ વખત તેજ કાર્યને વળગી રહેવાથી આપણા ઉપર દુઃખજ આવી પડશે; તોપણ આપણે તેમાંથી છુટી શકતા નથી. જેમ મધમાખી મધ ચૂસવા આવી અને તેના પગ મધના પાત્રમાં ચોટી ગયા એટલે પછી તે બહાર નીકળીજ શકતી નથી; તેવુંજ આપણે પણ વારંવાર કર્યા કરીએ છીએ. આપણે આ જગતરૂપી પાત્ર પાસે આવવામાં અંદરનું મધ ખાવાનો હેતુ ધરાવીએ છીએ, પરંતુ પાત્રના કિનારાનેજ આપણા હાથ પગ ચીટકાવી બેસીએ છીએ! આપણે આ જગત્‌માંથી આનંદ મેળવવા ઇચ્છીએ છીએ પણ આવડત નહિ હોવાથી આપણો તમાસો જોઇને બીજાઓજ આનદં મેળવે છે! લેવા આવેલા પણ ઉલટા લેવાઇ ગયા! ભોગવવા આવેલા પણ ઉલટા આપણેજ ભોગવાઇ ગયા! × માલિક થવા આવ્યા પણ ઉલટા ગુલામ થઇ ગયા. કર્મ કરવા આવ્યા પણ કર્મરૂપ થઇ ગયા. દરેક બાબતમાં આવુંજ જણાય છે. આપણે બીજાની શક્તિઓ ઉપર કાબૂ જમાવવા ઇચ્છીએ છીએ પણ ઉલટી બીજાની શકિતઓએજ આપણા ઉપર અમલ જમાવી લીધો છે. આપણને જીવનના સુખનો ઉપભોગ કરવાની ઇચ્છા હોય છે; ઉલટાં તે સુખોજ આપણા જીવનને ખાઇ જાય છે. આપણે કુદરત પાસેથી બધું લેવા ઇચ્છીએ છીએ, પણ કાળ જતાં આપણે જોઇએ છીએ કે કુદરતજ આપણી પાસેથી બધું લઇ લે છે; અને નકામા બનાવીને આપણને બાજુએ હડસેલી મૂકે છે!

+ तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ॥ ગીતા ૩-૧૯.

× भोगा न भोक्ता वयमेव भुक्ताः । ભર્તૃહરિ.

જો આમ બનતું ન હોત તો કેવો આનંદ રહેત ! આપણું જીવન કેવું દેદીપ્યમાન થઈ પડત ! ખેર, ગભરાવું નહિ ! અત્યારસુધીમાં અનેક પ્રકારની ઠોકરો લાગી ચૂકી અને નાનાસુના જય પણ થોડાક મળી ચૂક્યા. કેટલાક સુખદુઃખના પ્રસંગ વીતી ચૂક્યા; પરંતુ હજી પણ ધારીએ તો એકસરખો આનંદ ભોગવી શકીએ તેમ છીએ. પણ તેમ કરવામાં માત્ર સંસારની માયાજાળમાં નહિ ફસાઈ પડવાની સાવચેતી રાખવી જોઇએ.

આપણાં દુઃખોનું મોટું કારણ આસક્તિજ છે. આસક્તિ ઉદ્‌ભવી કે સૃષ્ટિની જાળમાં સપડાયા સમજવા. માટેજ ગીતામાં કહ્યું છે કે સતત્ કર્મ કરો પણ આસક્ત થાઓ નહિ. એકાદ વસ્તુ તમને ગમે તેટલી પ્રિય હોય તોપણ ઇચ્છો તે વેળા તે વસ્તુનો ત્યાગ કરવાની તૈયારી તમારે રાખવી જોઇએ. શું આ લોકમાં કે શું પરલોકમાં પરંતુ દુર્બળ મનુષ્યની કોડી પણ કિંમત નથી. મનની દુર્બળતાજ સર્વ પરાધીનતાનું મૂળ છે.

માનસિક નિર્બળતાજ આપણામાં દરેકપ્રકારનાં શારીરિક અને માનસિક દુઃખોને ઉત્પન્ન કરે છે. દુર્બળતા એ સાક્ષાત મરણરૂપજ છે. આપણી આસપાસના વાતાવરણમાં લક્ષાવધિ રોગિષ્ટ જંતુઓ ભટક્યા કરે છે; પરંતુ જ્યાંસુધી આપણામાં દુર્બળતા ન પેઠી હોય ત્યાંસુધી તે જંતુઓ આપણાપર કાંઇજ ખરાબ અસર કરી શકતાં નથી. આપણું દુર્બળપણુંજ રોગજનક જંતુઓને તેમના નિવાસ તથા પ્રચારને પાત્ર આપણને બનાવે છે.

આપણો આયુષ્યક્રમ એજ સિદ્ધાંતપર અવલંબિત છે કે સુદૃઢતા એજ જીવન અને દુર્બળતા એજ મૃત્યુ; મનોબળ એજ સુખ અને સર્વસ્વ તથા અમરત્વ; અને દુર્બળતા એજ રોગ, દુઃખ અને મૃત્યુ.

આપણું ઉલટાપણું એજ છે કે આસકિતનેજ આપણા સુખના પાયારૂપે આપણે માની બેઠા છીએ. મિત્રો પ્રત્યે અને સંબંધીઓ પ્રત્યે આસકિત, બુદ્ધિ અને ધર્મકર્મ પ્રત્યે પણ આસકિત, પ્રત્યેક વસ્તુ પ્રત્યે આસકિત, આસકિત અને આસકિતજ. બસ આસકિતનેજ આપણે સુખનું દ્વાર માનીને વળગી બેઠા છીએ ! પરતુ પરિણામે મળે છે શું ? દુઃખજ ! માટે જો આપણે ખરા આનંદનીજ પ્રાપ્તિ કરવી હોય તો અનાસકિત વિના એનો બીજો ઉપાયજ નથી. અત્યંત આસકત મનુષ્ય જેટલા ઉત્સાહથી કોઈ કાર્યમાં મંડી પડે છે, તેટલાજ ઉત્સાહથી કોઇ કાર્ય કરવા છતાં પણ યોગ્ય લાગે તે ક્ષણે તે કાર્યથી છૂટા થવાનું સામર્થ્ય આપણામાં હોય તો કોઇ પણ દુઃખ આપણને સ્પર્શ કરે એમ નથી; અને આવો મનુષ્યજ ઇચ્છે તેટલું સુખ પ્રકૃતિ પાસેથી મેળવી શકે છે. અત્યંત મહત્ત્વની અને તેની સાથે અત્યંત કઠિન વાતજ એ છે કે કાર્ય કરવામાં તલ્લીનતાનું બળ પણ પૂરેપૂરૂં જોઇએ અને તેટલુંજ

બળ તે કાર્યમાંથી છૂટા કરનારી આસકિતનું પણ જોઇએ.

કેટલાક મનુષ્યો એવા હોય છે કે તેઓ પૂર્ણ અનાસકત દેખાય છે; પરંતુ તેમનામાં કોઇના ઉપર પ્રેમજ હોતો નથી. તેમનું હૃદય પત્થર જેવુંજ હોય છે. આવા મનુષ્યો જીવનનાં કેટલાંક દુઃખોમાંથી બચી શકે છે. એમ જોઇએ તો ભીંત પણ કોઇના ઉપર આસકિત રાખતી નથી અને તેને દુઃખ પણ કદિ અનુભવવું પડતું નથી; પરંતુ એ મનુષ્ય અને ભીંતનું મહત્ત્વ પણ કેટલું ? આપણે પણ ભીંતના જેવા થઇએ તેના કરતાં તો આસકત થઇને દુઃખી થવું એજ ઉત્તમ છે. કોઇ વસ્તુ અથવા કાર્યમાં અત્યંત પ્રેમ થવો એ પણ એક પ્રકારનું બળજ છે. કોઈ બાબતમાં આપણું લક્ષ્ય એટલું બધું જોડાઇ જાય કે તેની આડે અન્ય કશાનુંજ આપણને ભાન રહે નહિ; અને આપણું સર્વ નાશ થવાની વેળા આવે તોપણ તે બાબતનો ત્યાગ કરવાનો વિચાર આપણા મનમાં આવે નહિ. આમ થવું એ શું બળ વિના બની શકે છે ? એમાં પણ બળનું કામ પડે છે. પોતાને વિસરી જઇને બીજાના સુખ-સંતોષને માટે જે પણ સહન કરવું પડે તે કરવું એ પણ દૈવી ગુણજ છે. એટલા માટે અત્યંત આસકિતમાં પ્રતીત થતું મનોબળ પણ આપણામાં હોવુંજ જોઇએ; પરંતુ આપણે એટલો દૈવીગુણજ આપણામાં પેદા કરીને બેસી રહેવાનું નથી. આપણે કાંઇ દેવજ બનીને અટકવાનું નથી; પરંતુ એથી આગળ વધવાનું છે, અને તેટલા માટે આસકિતના દૈવી સામર્થ્ય ઉપરાંત અનાસકિતનું ઇશ્વરી સામર્થ્ય પણ આપણે મેળવવુંજ જોઇએ. મનુષ્યનું પૂર્ણત્વ એમાંજ છે. કોઇ પ્રેમના વિષય પાછળ આપણા સામર્થ્યનો સર્વ ભંડાર ખાલી કરવા છતાં પણ પૂર્ણત્વને પામેલો મનુષ્ય તે વિષય તરફ અત્યંત ઉદાસીન હોય છે. આ પ્રમાણે આ એવડું કાર્ય તે શી રીતે સાધી શકે છે-એવડી શકિત તે કયાંથી વાપરી શકે છે તેનું રહસ્ય પણ જાણવા જેવું છે.

ભિખારી મનુષ્ય કદિ સુખી હોતો નથી. એને દયા અને ધિક્કારની મિશ્ર લાગણી સાથેજ પઈ-પઇસો મળે છે. એવા માણસની કિંમત દાતાના મનમાં કોડી જેટલી પણ હોતી નથી; અને તેથી તેને ગમે તેટલી ભીખ મળે તોપણ તેના વડે તે સુખી થઈ શકતો નથી.

આપણે પણ ઘણાખરા એવા ભિખારીજ છીએ; કેમકે આપણે જે કાંઈ કરીએ છીએ તેનો બદલો ઇચ્છીએ છીએ. આપણે વૈશ્યવૃત્તિનાજ માણસ છીએ. આપણી જીંદગી સાથે પણ વ્યાપાર, ગુણ સાથે પણ વ્યાપાર અને ધર્મની બાબતમાં પણ વ્યાપાર. અરે ! પ્રેમમાં પણ આપણે વ્યાપારી બની રહ્યા છીએ ! પરંતુ જો તમે વ્યાપાર કરવાજ આ જગતમાં આવ્યા હોય, જો વેચવું અને ખરીદવું એજ તમને કર્તવ્ય ભાસતું હોય તો પછી ખરીદી અને વેચાણના નિયમો પણ બરાબર પાળો. કોઇ વખત તેજીનો સમય આવે છે અને કોઈ વખત મંદીનો સમય પણ આવે છે.

કોઇવાર માલની શિલક વધી પણ જાય છે ને કોઇવાર ઘટી પણ જાય છે; માટે વેપારીએ એ સર્વ તત્ત્વને સમજીને તેને અનુસરતી પોતાના ચિત્તની પણ તૈયારી રાખવીજ જોઇએ. એકાદ આયનામાં આપણને આપણી પોતાનીજ શીકલ જૂદી જૂદી દેખાય છે. આપણે મોઢું ચઢાવીશું તો આરસીમાંનું મોઢું પણ ચઢેલું જણાશે, અને હસતું રાખીશું તો આરસીમાંનું પણ હસતું જણાશે. આપણી પોતાની કૃતિનું આરસીમાં જેવું ને તેવું પ્રતિબિંબ પડે છે. આનું નામજ ક્રયવિક્રય–લેવડ–દેવડ–આપ લે છે. આ જગત્ પણ એક મહાન્ આરસા જેવુંજ છે. જેવું કરો છો તેવા થાઓ છો; અને થાઓ છો તેવુંજ કરો છો. તેવું પામો છો. "કયા ખૂબ સૌદા નક્દ હૈ; ઇસ હાથ દે, ઉસ હાથ લે."

જગતનું કોઇ કર્મ આપણે કંઇ પણ કરીએ અથવા આપીએ તેથી કરીને આપણને બંધનકારક નીવડતું નથી; પરંતુ તેનો બદલો આપણને મળવો જોઇએ, એવું જે આપણે ઇચ્છીએ છીએ તે ઇચ્છા યાને ફળની આસક્તિજ આપણને બંધન કરે છે.

અનેક વખત આપણને પ્રેમના બદલામાં દુઃખ મળે છે, પણ એ દુઃખ કાંઈ પ્રેમ કરવાને લીધે મળતું નથી; પરંતુ તે પ્રેમના બદલામાં સામો પ્રેમ મેળવવાની આપણા મનમાં જે આસક્તિ રહેલી હોય છે તેને લીધેજ મળ્યું હોય છે. જ્યાં આસક્તિ નથી ત્યાં દુઃખજ નથી. ફળાસક્તિજ દુઃખને જન્મ આપનાર છે. ફળાસક્તિ હોય છે ત્યાં દુઃખ આવીજ પડે છે.

ખરી સફળતા અને ખરા સુખનું મુખ્ય રહસ્યજ એ છે કે જે મનુષ્ય બદલાની ઇચ્છા રાખતો નથી અને નિઃસ્વાર્થપણે કર્તવ્ય કરે છે તેજ વધારે સફળ, યશસ્વી અને સુખી થાય છે. વ્યવહારમાં અનેકવાર આ સિદ્ધાંતથી ઉલટાં પરિણામ આપણા જોવામાં આવે છે.

નિઃસ્વાર્થ મનુષ્યોને આ જગત્માં છેતરાતા અથવા દુઃખી થતા આપણે જોઇએ છીએ; તો પછી તેને સફળ, સુખી અને યશસ્વી થએલો કેમ કહી શકાય ? પરંતુ આમ સમજવામાં આપણે બહુજ ભૂલ કરીએ છીએ. એક ચોરને ચોરી કર્યા પછી તાગડધીન્ના ઉડાવતો આપણે જોઇએ છીએ; અને એક સાચાબોલા નવીન દુકાનદારને ઓછી કમાણી કરતો તથા અન્ય અપ્રમાણિક ધંધાદારીઓ તરફથી ઉપહાસ પામતો જોઇએ છીએ; અને એ પરિસ્થિતિ થોડો વખતજ રહેવાની છે એ વાત આપણે સમજી શકતા નથી, એ અણસમજણજ આવી ભૂલો આપણને કરાવે છે. પેલો ચોર છેવટે પકડાય છે અને પેલો દુકાનદાર વધુ ગ્રાહકો, કમાણી તથા કીર્તિ મેળવે છે અને એવાં ફળ એ બેઉની આખી જીંદગી સુધરવા યા બગાડવામાં મોટા કારણરૂપ થઇ પડે છે એ વાત આપણે જરા પણ ભૂલવી જોઇએ નહિ. મહાત્મા ખ્રિસ્તે પરોપકાર અને સત્યમયજ આખું જીવન ગાળ્યું હતું; આમ છતાં તેનું મરણ છાતીમાં

ખીલા ઠોકીને બહુજ ક્રૂર અને નિર્દયરીતે નિપજાવવામાં આવ્યું હતું એ વાત સત્ય છે; પરંતુ એ પરિણામ કાંઇ છેવટનું ન હતું. એ તો તાત્કાળિક પરિણામ હતું. જે કર્મ તત્કાળમાં આનંદ આપી પરિણામે લાંબા કાળસુધી દુઃખ આપનારૂં નિવડે તેનું નામ સુકર્મ નહિ પણ કુકર્મ છે. જે કર્મ તત્કાળમાં કષ્ટ આપવા છતાં પરિણામે સ્થાયી હિતાવહ નિવડે તે કર્મજ સુકર્મ–સાત્ત્વિક કર્મ કહેવાય છે. આપણે જાણીએ છીએજ કે, મહાત્મા ખ્રિસ્તની નિઃસ્વાર્થતાએ પરિણામે કેટલો મોટો વિજય મેળવ્યો છે, અને પ્રાણદંડ વખતનું તેનું દેહકષ્ટ એ વિજયને વિશાળ અને સંગીન બનાવવામાં કેટલું બધું સહાયભૂત થઇ પડયું છે અને થતું રહેશે. તેનો એવી રીતનો દેહનાશ તેના જીવનયશને અને તેની પરોપકારની ભાવનાને જગત્‌માં કેટલી બધી પ્રચલિત કરનારો અને કરોડો બાલ્લજીવોને માટે × આશીર્વાદરૂપ થઈ પડયો છે ! માટે ઉપલા સિદ્ધાંતમાં શંકા લાવવા જેવું કાંઇજ નથી. જે કાંઇ કરવું હોય તે કરો અને આપવું હોય તે આપો; પણ બદલાની કશીજ આકાંક્ષા ન રાખતાં દરેક કર્મ પ્રભુનેજ અર્પણ કરતા રહો. એ બધું પાછું સહસ્રગણું થઇને તમારી પાસે આવશેજ, પણ તેને માટે કામના રાખશો નહિ. જે કાંઈ કર્તવ્ય બજાવવાની તમારામાં શક્તિ હોય તે બજાવીને છૂટા રહો.

આપણું સમસ્ત જીવન દાન આપવા સરજાયલુંજ છે એવું શીખો; આપણા અજ્ઞ અને દીન દુઃખી બંધુઓ તરફ આપણાથી નાના યાને ઉતરતી સ્થિતિવાળાઓ તરફ આપણે જેટલા પણ ઉદાર બનીશું તેનાથી અનેકગણી ઉદારતા ઈશ્વરની આપણે મેળવીશું. અને આપણી ઉદારતા જો નિઃષ્કામતા-

× એથીએ અધિક આદર્શભૂત જીવન રત્નપ્રસૂતા ભારતભૂમિએ પૂરૂં પાડયું છે, એક ગરીબનો પુત્ર તદ્દન સાવ સાદું જીવન ગાળે અને એક ચક્રવર્તી રાજાનો અતિ સુકોમળ કુમાર એકાએક વિરક્તતાનું કષ્ટપ્રદ જીવનસ્વીકારી આ જન્મપર્યંત પાળી બતાવે એમાં કેટલો બધો ફેર છે ? વળી પરાયે હાથે, પરાણે, અને માત્ર અમુક ઘડી સુધીજ યાતના ખમનાર કરતાં વરસોનાં વરસો સુધી, સ્વેચ્છાપૂર્વક, સુખનાં છતાં સાધનોનો ત્યાગ કરી દઇને અનેકવિધ તપકર્મનાં કષ્ટ સહન કર્યા કરનારનું સહનતાનું પ્રમાણ કેટલું બધું વધારે છે તે પણ સમજી શકાય તેવી વાત છે. આ સર્વ અમુક વર્ષોના તપ–કષ્ટ ઉપરથી " સારાપણાનું ફળ કષ્ટ " એમ કહેનાર પણ મૂર્ખજ ગણાય. એ કષ્ટનું પરિણામ તો જુઓ ! પરમ સત્યનો અનુભવ, સંગીન બોધપ્રદ સૂત્રોનું સ્ફુરણ, લાખો મનુષ્યોમાં સ્વાર્થત્યાગ અને મોક્ષપ્રાપ્તિની આકાંક્ષાની જાગૃતિ, પોણા ભાગ ઉપરાંતની દુનીઆ ઉપર અતિ ઉપકારક ઉપદેશોનો પ્રચાર અને હજારો વર્ષ સુધી ફેલાઈ રહેલી તેની અસરો ! મંત્રી. સ. સા.

પૂર્વકની હશે તો તો ઈશ્વરના સર્વ સ્વરૂપ પરમાત્મપદ—મોક્ષ સુદ્ધાં આપણા તરફ ખેંચાઈ આવશે. તમે નહિ આપો તો સર્વશક્તિમાન કુદરત તો તમારી પાસે એક યા બીજી રીતે જબરાઈથી પણ અપાવશેજ; માટે તમે ખુશીથી આપો. છૂટતા પહેલુંજ છોડો. વહેલું મોડું પણ તમારે આપવું–છોડવું તો પડશેજ. તો પછી ડાહ્યા થાઓ. સાચો વ્યાપાર કરતાં શીખો. તમે આ જગતમાં સંગ્રહ કરવાનેજ આવ્યા હો અને તેમ કરવામાંજ બધું સુખ હોવાનું માની બેઠા છો એ બહુજ મોટી અને ભયંકર નુકશાન કરનારી ભૂલ છે. એ ભૂલનેજ અધીન છેવટસુધી રહેવું હોય તો રહી શકશો. સંગ્રહ અને મોજશોખ માટેની દોડાદોડી વેઠયા કરી જૂઠ પ્રપંચનાં પાપ ભલે ભેગાં કર્યા જાઓ; પણ યાદ રાખજો કે એમાંથી લીધેલાં સુખને અને તે સુખનાં ધનધામાદિ સાધનોને કુદરત એક દિવસ તમારી ગળચી પકડીને અપાવી દેશે. તમારે ઈચ્છાપૂર્વક યા અનિચ્છાપૂર્વક પણ તેમ કરવુંજ પડશે. અનિચ્છાપૂર્વક કરવાનું ફળ તો દુ:ખજ છે, તો પછી ઈચ્છાપૂર્વક કરીને સુખના ભાગી શામાટે નથી થતા ?

આ જગતમાં એવો એક પણ મનુષ્ય અત્યારસુધીમાં થયો કે થવાનો નથી કે જેને છેવટે પોતાનું સર્વસ્વ આપી દેવાની ફરજ નહિ પડી હોય; અને આ નિયમની વિરુદ્ધ મનુષ્ય જેટલો પણ પ્રયત્ન કરશે તેટલો તે વધારે દુ:ખી થશે. આપણામાં આપવાની હિંમત હોતી નથી, કુદરતની આ મોટી માગણીને પૂરી પાડવાને આપણે પૂરતા તૈયાર હોતા નથી,—તેથીજ આપણે દુ:ખી રહીએ છીએ. લાકડું આખું બળી ગયું, પણ તેના બદલામાં તમને ઉષ્ણતા મળી. સૂર્ય સમુદ્રમાંથી પાણી શોષણ કરે છે પણ તે વરસાદરૂપે પાછું આપવાને માટેજ. તમે પણ એક આપ–લેના સંચારૂપજ છો, અને તમે જે કંઈ લો છો–મેળવો છો તે બધું પાછું આપવાને માટેજ છે; માટેજ બદલામાં કાંઈ માગશોજ નહિ. જેમ તમે વધારે આપશો તેમ તમારી પાસે વધારે આવશે. જેટલી ત્વરાથી તમે ઓરડીમાંથી હવાને નીકળી જવા દેશો તેટલીજ ત્વરાથી તેમાં બહારની અધિક તાજી—સુખપ્રદ હવા તે જગાએ આવીને ભરાશે. જો તમે એ હવાને અંદરની અંદરજ જાળવી રાખવા માટે બારી બારણાં બંધ કરી દીધાં તો પછી એજ હવા તમારાજ સંસર્ગથી ઝેરી બની જઈને તમારી શું વલે કરી મૂકે છે તે જોઈ લેવી ! તાજી હવા તો મળવી બંધજ થવાની પણ સાથે સૂર્ય ભગવાનનો પ્રાણપૂર્ણ પ્રકાશ પણ બંધ ! નદી જેમ જેમ પોતાનું જલ બીજાઓને—નહેરોને સમુદ્રને આપતી રહે છે તેમ તેમ તે ભરાતીજ જાય છે; માટે સમુદ્રમાં જવાનો માર્ગ બંધ કરશો નહિ. જે ક્ષણે તમે એવું કરશો તેજ ક્ષણે તમે મૃત્યુના પંજામાં જશો એમ સમજી રાખજો; માટે યાચક બનો નહિ, દાતા બનો. દાતા—અનાસક્ત બનવું અતિ કઠિન છે; પરંતુ એનું પરિણામ ઘણુંજ ઉત્તમોત્તમ છે, માટે કઠિનતાથી–બીને હારી બેસવા જેવું નથી. કઠિનતાઓ અને અંતરાયોની રચના શુભ માર્ગની

વચમાં એટલાજ માટે આવે છે કે તેથી તે રસ્તે ચાલનારનું બળ વધે અને વિવિધ પ્રકારની નિર્બળતા સમજાય તથા કપાય. નિષ્કામતાના આવા દેખાતા લાભો પણ અનેક છે. કોઈ એક બગીચાને દૂરથીજ જોયા કરનારની પેઠે અનાસક્તપણાની માત્ર કલ્પનામાંજ રમ્યા કરનારને તેનું ખરૂં સુખસૌંદર્ય સમજાતાંજ નથી.

આપણા બધા પ્રયત્નો નિષ્ફળ નીવડે અને આપણે ચીરાઈ જઈએ અથવા આપણને લોહીલુહાણ થવું પડે, તોપણ આ સર્વ વિઘ્નોમાં આપણે હિંમત હારી નહિ જતાં આપણું હૃદયબળ સાચવી રાખવું અને આ બધાં વિઘ્નોમાં આપણે ઈશ્વરની આજ્ઞાજ જોઈએ. આપણને પ્રતિકાર કરવાની સ્વાભાવિકજ ટેવ હોય છે; જેમકે આઘાત સામે પ્રત્યાઘાત કરવો, શઠની સામે શાઠ્ય કરવું, અસત્યની સામે અસત્યાચરણ કરવું વગેરે; પણ આવો પ્રતિકાર કરવામાં આપણે આપણું સત્ત્વબળ—દૈવી શક્તિને ગુમાવીએ છીએ, અને એવો પ્રતિકાર નહિ કરવામાં તથા સંયમ રાખવામાં અને અનાસક્ત રહેવામાં ઉચ્ચ કોટિની દૈવી શક્તિને આપણે આપણામાં ઉમેરીએ છીએ.

અનાસક્ત થવાનો નિશ્ચય આપણે રોજ રોજ કરીએ છીએ અને છોડી દઈએ છીએ. ભૂતકાળ તરફ નજર નાખતાં જેમના ઉપર આપણને આસક્તિ હતી એવા દરેક મનુષ્યો અને વિષયે આપણને કેવા ગુલામ બનાવી દીધા હતા, અને પરિણામે તેમણે આપણને કેવું દુઃખ દીધું હતું તેનું આપણને સ્મરણ થાય છે. પ્રેમના ભપકાદાર નામ નીચે ગુલામગીરીની સાથેજ તે સમયે આપણે આંખો નચાવી રહ્યા હતા એમ આપણને લાગે છે. આવા વિચારો આવતાંજ આપણે પુનઃ એકવાર નિશ્ચય કરીએ છીએ કે હવે પછી કોઈપણ બાબત ઉપર આસક્તિ થવા દેવી નહિ; પણ વળી પાછા આપણે મોહમાં ફસાઈએ છીએ અને જાળમાં સપડાયલા પક્ષીની પેઠે પછી ગમે તેટલી ધમપછાડ અને ફડફડાટ કરીએ છીએ તોપણ તેમાંથી છૂટકો થતો નથી. આવોજ આપણો સાધારણ જીવનક્રમ છે.

અનાસક્તિના માર્ગમાં નડતી મુશ્કેલીઓ જેવી તેવી નથી; અને તેથીજ આપણામાંના નેવું ટકા મનુષ્યો હિંમત હારી જાય છે; અને આપણે સત્ય, પ્રેમ અને પૂર્ણતામાં શ્રદ્ધા રાખતા બંધ પડીએ છીએ. આપણને એવા ઘણા મનુષ્યો મળી આવે છે કે જે પોતાની શરૂઆતની જીંદગીમાં ક્ષમાવાન, માયાળુ, સાદા અને લુચ્ચાઈ વિનાના હોય છે પણ તેજ મનુષ્યો તેમની વૃદ્ધાવસ્થામાં અસત્યનોજ જાણે અવતાર હોય એવા બની રહે છે. તેમનાં મગજ જાણે કે પ્રપંચથીજ ભરેલાં હોય છે. જો કે તેમનામાં બહારની મીઠાશ અને રીતભાત દેખાય છે, તેઓ ગરમ સ્વભાવના હોતા નથી, તેઓ ગમે તેમ બોલી નાખતા નથી; પરંતુ એજ પ્રમાણે તેમના અંતરમાં હોતું નથી; તેમનાં હૃદયો મરી ગયેલાં હોય છે માટે તેઓ બોલતાં નથી. તેઓ શાપ નથી દેતા, કે ક્રોધ નથી કરતા પણ એના કરતાં તો તેઓ તેમ કરતા હોત તો તેમના હક્કમાં ઘણુંજ સારૂં થાત. તેમના

હૃદય ઉપર કઠિનતાનો પંજો પડેલો હોય છે, અને તેથી તે વધારે કાર્ય કરી શકતું નથી. તે શાપ પણ દઈ શકતું નથી અને આશીર્વાદ પણ આપી શકતું નથી. બસ જાણે માત્ર બોલતું ચાલતું પુતળુંજ !

આ પ્રકાર અત્યંત ત્યાગ કરવા જેવો છે તેથીજ હું કહું છું કે આપણે ઉચ્ચ કોટિની દૈવી શકિતની જરૂર છે. માનુષિકશક્તિ ગમે તેવી ઉચ્ચ હોય તોપણ તે દૈવીશક્તિના જેટલી બળવત્તર નથી; માત્ર ઉચ્ચ દૈવી શક્તિવડેજ આપણે આ વિશ્વપ્રપંચમાંથી બહાર નીકળી શકીએ તેમ છીએ. એ શક્તિ મેળવવા જતાં આપણા હાથપગ ભાગી જાય, આપણા શરીરના ચૂરેચૂરા થઈ જાય, તોપણ આપણું હૃદય તો દિવસે દિવસે મજબૂત થતું જાય.

આ કાર્ય મુશ્કેલ છે ખરૂં પણ સતત અભ્યાસવડે આપણે તે મુશ્કેલીને અવશ્ય ઓળંગી શકીએ છીએ. આ જગતમાં એવી કોઇ પણ વસ્તુસ્થિતિ નથી કે જે સતત અભ્યાસવડે સાધ્ય ન થઈ શકે. વળી આ સિદ્ધાંત પણ આપણે બરાબર લક્ષ્યમાં રાખવો જોઇએ. આપણે તેને પાત્ર ન થયા હોઇએ ત્યાંસુધી કોઈ પણ દુઃખ આવવા છતાં તે આપણને કશુંજ પરિણામી નુકશાન કરી શકનાર નથી.

જ્યાંસુધી આપણું શરીર રોગને માટે લાયક બનતું નથી ત્યાંસુધી તેમાં રોગ પ્રવેશી શકતોજ નથી. દુઃખને માટે આપણે સ્થાન તૈયાર કરી આપીએ એટલે તે તેમાં આવીને વસે તેમાં તેનો દોષ પણ શો ? મરેલું જનાવર પડયું હોય ત્યાં શિયાળવાં અને ગીધ પક્ષીઓ આવવાનાંજ. રોગ એ કાંઈ જંતુઓ ઉપરજ આધાર રાખતો નથી. પણ તેને માટે આપણા શરીરમાં તેને ગ્રહણ કરીને ખીલવવાની પાત્રતા હોય નહિ તો તે જંતુઓ શરીરમાં પેસવા છતાં પણ શરીરમાંનાં બળવાન્ આરોગ્યપ્રદ કુદરતી જંતુઓ તેનું નિકંદન કરી નાખ્યા સિવાય રહેતાં નથી. તમારા પોતાના જીવનનું પૃથક્કરણ કરી જોશો તો જણાશે કે તમે જેટલા જેટલા ખત્તા ખાધા છે તે બધા ખાત્તમાટે તમે પોતે તૈયાર થયેલાજ હતા. તમે અડધી તૈયારી કરી હતી, અને બાકીની બાહ્ય જગતથી પૂર્ણ થઇ ગઈ. આપણું અધઃપતન આ પ્રકારેજ થાય છે: પરંતુ તેની સાથે આ પૃથક્કરણમાંથી આપણને એક આશાનો ધ્વનિ પણ સંભળાતો જણાય છે કે, બાહ્ય જગત્ ઉપર મારી સત્તા નથી પણ જે મારામાં છે તેના ઉપર તો મારી સંપૂર્ણ સત્તા છે. દુઃખને માર્ગ મળવા માટે આપણા તરફની અને બહારની એવી બન્ને તરફની અનુકૂળતા મળવાની જરૂર છે. એ પૈકી આપણા તરફની મદદ આપણા સ્વાધીનમાં છે. જો આપણી બાજુથી આપણે સુરક્ષિત રહ્યા–દુઃખને પેસવાનો માર્ગ ન મળવા દીધો–તો પછી બાહ્ય જગતનાં જંતુઓના ગમે તેટલા હુમલા આવે તેથી કશુંજ થવાનું નથી. આપણી આન્તરસૃષ્ટિ ઉપર–આપણા મન ઉપર આપણે સંયમ રાખી શકીએ તો જગતની કોઈપણસત્તા એવી નથી કે જે આપણ

ઉપર કાબૂ ચલાવી શકે. કાંઈ પણ વિપરીત થયું કે તેના કારણની બહારજ શોધ કરવી અને તેનો વાંક બહારનીજ કોઈ વસ્તુસ્થિતિ ઉપર આરોપવો, એવી આપણને બચપણથીજ ટેવ પડેલી હોય છે. આથીજ આપણી ક્રિયાની શરૂઆત પણ બીજાઓની સુધારણા કરવાના ઇરાદાથી આપણે શરૂ કરીએ છીએ. આપણા પોતાનામાં કાંઈ ખોડ હશે એવો સ્વપ્ને પણ ખ્યાલ આપણને આવતો નથી. જો આપણે દુઃખી હોઇએ તો આપણે કહીએ છીએ કે "આ જગત્ કેટલું બધું દુષ્ટ છે!" "દુનિયા કેવી ખરાબ છે!" પણ શાણાની પુંછડી! જો તું ખરેખરો ડાહ્યો હોય તો એવા ખરાબ જગતમાં રહે છેજ શામાટે? જો આ જગત્માં બધા સેતાનોજ વસે છે તો તું પોતે પણ તેમાંનો એક સેતાનજ હોવો જોઇએ; નહિ તો આ જગત્માં આવવાનું અને પડી રહેવાનું કારણ શું!

જે વસ્તુસ્થિતિ આપણને પ્રાપ્ત થાય છે, તેને આપણે પાત્રજ હોઇએ છીએ. "અમે સારા અને જગત્ ખરાબ" એવું આપણે જ્યારે બોલીએ છીએ ત્યારે પૂરેપૂરૂં અસત્યજ બોલીએ છીએ. એવું બોલીને આપણે જગત્ને ભૂલાવામાં નાખવા ઇચ્છીએ છીએ; પણ ઉલટા આપણેજ—છેતરાઇએ છીએ એ વાત આપણે સમજતા નથી. કહો ત્યારે દુનીઆ દિવાની કે બંદા પોતેજ ચકરમ્!

માટે આપણે દરેકે આ એક અતિ મહત્ત્વનો પાઠ શીખવાનો—કે જ્યારે કાંઇ પણ વિપરીત વાત બને ત્યારે તેનો દોષ બહાર—બીજાઓમાં શોધવો કે આરોપવો નહિ. શૂરવીર બનો અને દુઃખની સામા થાઓ. આપણા પોતાના દોષને શોધી કહાડો અને તમારી પોતાની જાતપરજ સત્તા મેળવો. આ એકજ ખરો માર્ગ—ઉપાય છે.

શું એ શરમ ભરેલું નથી કે એક ક્ષણે આપણે આપણા મનુષ્યત્વ સંબંધી પુષ્કળ વાતો કરીએ છીએ અને આપણે જાણે શરીરભાવે બીજા ઈશ્વરજ હોઇએ તેવા આપણને દર્શાવવા માગીએ છીએ કે, "હું બધું સમજું છું, હું ધારૂં તે કરી શકું છું. હું નિર્દોષ છું, હું નિઃસ્વાર્થી છું, ઈત્યાદિ ઇત્યાદિ;" પણ બીજી પળે એકાદ નાની કાંકરી કોઇએ આપણા તરફ ફેંકી તો આપણને તે તોપના ગોળા કરતાં પણ વધુ દુઃખકારક લાગશે. જગત્માંની એકાદ કાંકરી પણ આવીને આપણી મહત્તાનો ભંગ કરી શકે એટલીજ આપણી મહત્તાની કિંમત! જગત્નો કોઈપણ મૂર્ખ માણસ પણ જેનો નાશ કરી શકે એટલી બધી આપણી મહત્તા! ખરેખર, આપણું મન એટલું બધું નિર્બળ અને મિથ્યાભિમાની કહેવાય કે જે કિંચિત પણ આઘાત થતાં બરબડાટ કરી ઉઠે! આપણી મૂર્ખતા કદિ પણ ઈશ્વરની શાંતિનો ભંગ કરી શકે છે!

જો તમે ખરેખરા નિઃસ્વાર્થ હો તો તમે ઈશ્વર જેવાજ છો. તમને જગત્ની ઈજા અસરજ શી રીતે કરી શકે? ભીંતમાં મારેલી મુક્કી પાછી વળીને મારનાર-

નેજ પીડા આપે છે. તમે સાતમા નરકમાંથી સોંસરા નિકળશો તોપણ જો તમે નિષ્કામ હશો તો કશું દુઃખ થશે નહિ; પરંતુ ખરી વાત બીજીજ છે. તમે કેટલીયે બડાઇ હાંકો, તોપણ જ્યાંસુધી જગત્ તરફથી તમને દુઃખ થવાની તમે ફરિયાદ કરો છો, અને બાહ્ય જગત્ ઉપર દોષ આરોપણ કરો છો ત્યાંસુધી તમારૂં બધું મિથ્યાભિમાનજ છે. ખાલી ચણો ને વાગે ઘણો ! જગત્ તરફથી, બીજાઓ તરફથી આપણને હાનિ પહોંચે છે એવા વિચારથી અને આ દુનિયા પ્રપંચીઓથીજ ભરેલી છે એમ બૂમો પાડવાથી ઉલટા આપણે વધુ ગુન્હેગાર થતા જઇએ છીએ અને આપણા દુઃખને બમણું બનાવતા જઇએ છીએ. અમુક મને હાનિ પહોંચાડે છે, અમુક મને દુઃખ દે છે એવું એવું જે કાંઇ આપણે માનીએ અને બોલીએ છીએ તેથી આપણા દુઃખ રૂપી અગ્નિમાં અસત્યરૂપી ઘૃત ઉમેરવા જેવું થાય છે.

આપણે આપણી પોતાનીજ સંભાળ બરાબર લેવાની છે. જો એટલુંજ આપણે બરાબર બજાવી શકીએ તો બીજું કોઇપણ તમને સુખ કે દુઃખ આપી શકશે નહિ. **सुखस्य दुःखस्य न कोऽपि दाता। परो ददातीति कुबुद्धिरेषा॥ अहं करोमीति वृथाभिमानः। स्वकर्मसूत्रग्रथितो हि लोकः॥** માટે બીજાઓને દોષ દેવાનું પડતું મૂકીને આપણે આપણાંજ સાધન—આપણીજ યોગ્યતાને પૂર્ણ કરવી જોઇએ, એટલે પ્રાપ્ત કરવા જેવું બધુંજ આપણને પ્રાપ્ત થશે. આપણે આપણુંજ ચારિત્ર્ય પવિત્ર કર્યું એટલે જગતને આપોઆપજ સુધરવું પડશે. આપણી જાત ઉપર સંયમ મેળવ્યો એટલે જગત્ ઉપર પણ આપણો સંયમ જામશે. માટે પ્રથમ જગત્ને સુધારવા નહિ દોડતાં પોતાની જાતનેજ સુધારવા માંડો. તમે પોતે પૂર્ણ થયા એટલે જગત્ પણ પૂર્ણ થશે.

